ચોથી શ્રેણી

પુસ્તક ૨૨

સોમવાર, તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૧૮, ૧૯૩૬ શાકે

થી

ગુરૂવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૧, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અનુક્રમણિકા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૯મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૮, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭ | ૨૦૦ |
| વિશ્વ મહિલા દિન નિમીત્તે શુભેચ્છા | ૨૦૦ | ૨૦૧ |
| સરકારી વિધેયક, ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક–૨૦૧૫ | ૨૦૧ | ૨૦૬ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૨૦૬ | ૨૩૮ |
| **તા. ૧૦મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૯, ૧૯૩૬ શાકે (પ્રથમ બેઠક)** | | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા ( બીજો દિવસ) | ૨૩૯ | ૨૮૦ |
| **તા. ૧૦મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૯, ૧૯૩૬ શાકે (બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૧ | ૨૯૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૯૬ | ૩૬૨ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) | ૩૬૩ | ૩૯૦ |
| **તા. ૧૧મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૦, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૯૧ | ૪૦૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૦૪ | ૪૭૪ |
| મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) | ૪૭૫ | ૪૭૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૭૭ | ૪૭૭ |
| અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૭૮ | ૫૦૯ |
| **તા. ૧૨મી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૨૧, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૫૧૦ | ૫૨૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૨૪ | ૫૭૨ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૭૩ | ૫૭૪ |
| તાકીદની જાહેર અગત્યની બાબત નિયમ–૧૧૬ | ૫૭૫ | ૫૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પ્રથમ દિવસ) | ૫૮૧ | ૫૯૩ |
| બિન સરકારી વિધેયક | ૫૯૪ | ૬૧૨ |

# ગુજરાત વિધાનસભા
## સોમવાર, તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
## ફાલ્ગુન ૧૮, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
## અધ્યક્ષશ્રી, ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને

**અધ્યક્ષશ્રી :** ઓર્ડર...ઓર્ડર

પ્રો. વસુબેન ન. ત્રિવેદી (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા દિન નિમિત્તે હું આ ગૃહના મહિલા સભ્યોને શુભેચ્છા પાઠવવા માગું છું.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરી પછી રાખીએ.

## તારાંકિત પ્રશ્નો

### દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની સુવિધા

* ૧૫૫૪૧ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે કે અન્ય સુવિધાના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર આવા કેટલા ઓરડાઓ/વર્ગખંડ બાંધવામાં આવ્યા જેના પરિણામે એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બેસતા બાળકોને જુદા જુદા વર્ગખંડમાં બેસાડી શકાયા, અને

(૩) બાળકોને ભણતરમાં અડચણ ન થાય તે માટે બધા વર્ગના બાળકો અલગ-અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે પુરતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|
| દાહોદ | ૧૪૬ |
| ધાનપુર | ૬૪ |
| ગરબાડા | ૮૩ |

| **તાલુકો** | **શાળાની સંખ્યા** |
|---|---|
| દે. બારીયા | ૩૭ |
| ફતેપુરા | ૭૭ |
| લીમખેડા | ૭૮ |

(૨)

| **તાલુકો** | **વર્ષ ૨૦૧૨-૧૩માં બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા** | **વર્ષ ૨૦૧૩-૧૪માં બાંધવામાં આવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| દાહોદ | ૧૨૦ | ૯૭ |
| દે. બારીયા | ૧૧૧ | ૨૧ |
| ધાનપુર | ૧૦૯ | ૧૩ |
| ફતેપુરા | ૧૨૩ | ૧૯ |
| ગરબાડા | ૫૧ | ૧૯ |
| લીમખેડા | ૧૬૪ | ૪૩ |
| ઝાલોદ | ૩૬૯ | ૫૪ |

(૩) જેમ બને તેમ જલ્દી.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે કે અન્ય સુવિધાના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતા વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે છે, બીજો પ્રશ્ન છે કે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવા કેટલા ઓરડાઓ/વર્ગખંડ બાંધવામાં આવ્યા જેના પરિણામે એક વર્ગખંડમાં એક કરતા વધારે ધોરણમાં બેસતા બાળકોને જુદા જુદા વર્ગખંડમાં બેસાડી શકાય અને બાળકોને ભણતરમાં અડચણ ન થાય તે માટે બધા વર્ગના બાળકો અલગ અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે પુરતા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નો તો છાપેલા છે. આપનો પ્રશ્ન પુછો.

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે જેમ બને તેમ જલદી એવો જવાબ આપ્યો છે તો એ વિશે મંત્રીશ્રી ચોકકસ સમયગાળો આપવા માગે છે કે કેમ? કારણકે મારા આ પ્રશ્નમાં દાહોદ જિલ્લામાં હાલના સમયે પણ ૨૫ ટકા પ્રાથમિક શાળાના ઓરડાઓ એટલા જર્જરીત હાલતમાં છે કે ત્યાં વિદ્યાર્થીઓ કે શિક્ષકો બેસતા જ નથી અને ખુલ્લામાં ઝાડના કે સ્કુલના મકાનના છાંયડામાં બેસે છે તો સરકાર આ ઓરડાઓ કયારે બનાવવા માગે છે અને બીજો મારો પેટા પ્રશ્ન મારા જ મત વિસ્તારનો છે ત્યાં વઘેલા પ્રાથમિક શાળામાં સને ૨૦૧૩માં ત્યાંના જે તે સમયના ડી.ડી.ઓ. શ્રી ડી.કે. પ્રવિણાની સાથે મેં જાતે એ સ્કૂલની મુલાકાત લીધી હતી તો ત્યાં સ્કૂલના બાળકો વરસતા વરસાદમાં ઓગષ્ટ મહિનામાં પલળતા જઇને મધ્યાહન ભોજન લેતા હતા અને એ પ્રશ્ન દાહોદ સંકલનમાં પણ ઉપસ્થિત થયેલો છતાંપણ આજ દિન સુધી એ ઓરડાઓની હાલત એવી જ છે અને આજ દિન સુધી આ ઓરડાઓ બનાવવામાં નથી આવ્યા. મંત્રીશ્રીએ જેમ બને તેમ જલદી એવો જવાબ આપ્યો છે તો આ દોઢ-બે વર્ષથી ઓરડાઓ બન્યા જ નથી, દાહોદ સંકલનમાં પણ આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે તો મંત્રીશ્રી એ વિશે ખુલાસો આપે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ છેલ્લા બે વર્ષમાં ઓરડાઓ બન્યા જ નથી એવો જે અહીં વિષય મુકયો છે એ વાત સાથે રાજય સરકાર સંમત નથી. દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષ, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪માં તાલુકાવાર કુલ ૧૩૧૩ ઓરડાઓ બન્યા છે. જો એમને તાલુકાવાર આંકડાની જરૂર હોય તો એ પણ હું આપી શકું તેમ છું. એમણે વ્યકિતગત રીતે એક શાળાની વાત કરી. એ શાળાની મારી પાસે માહિતી નથી. જો સભ્યશ્રી મારું ઘ્યાન દોરશે તો એમને માહિતી આપવા માટે મારી તૈયારી છે.

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આર.ટી.ઇ. એકટ મુજબ શાળાના ઓરડાઓ માટે કયા ધારાધોરણો હોય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ.ની અમલવારી શરૂ થઇ ત્યારપછી ભારત સરકારના નિયમો મુજબ શિક્ષકો અને શાળાના ઓરડાઓ, એના ધોરણોમાં ફેરફાર થયો અને ધોરણોમાં ફેરફાર થવાને કારણે પણ આ ઓરડાઓની ઘટ પડી છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે આર.ટી.ઇ. એકટ પ્રમાણે ઓરડો અને શાળાનો રેશીયો શું છે? તો ૬૦ વિદ્યાર્થી સુધી બે ઓરડા, ૬૧ થી ૯૦ વિદ્યાર્થી સુધી ત્રણ ઓરડા, ૯૧ થી ૧૨૦ વિદ્યાર્થી સુધી ચાર ઓરડા, ૧૨૧ થી ૨૦૦ વિદ્યાર્થી સુધી પાંચ ઓરડા અને પછીથી પ્રત્યેક ૪૦ વિદ્યાર્થીદીઠ એક ઓરડાનું ધોરણ નકકી કરવામાં આવ્યું છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દાહોદ જિલ્લામાં મારા મત વિસ્તારમાં ધાનપુર, ગરબાડા અને દાહોદમાં કેટલા નવીન ઓરડાઓ બનાવવામાં આવ્યા અને કેટલો એના ઉપર ખર્ચ કરવામાં આવ્યો છે?

અધ્યક્ષશ્રી : નવીન ઓરડાઓની ૩ તાલુકાની માહિતી આવી ગઇ છે. માત્ર ખર્ચની વિગતો હોય તો કહો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨-૧૩ માં અને ૨૦૧૩-૧૪ માં ધાનપુર તાલુકામાં કુલ ૧૨૨ ઓરડાઓ બનાવવામાં આવ્યા અને એની પાછળ ૭ કરોડ ૬૪ લાખનો ખર્ચો કરવામાં આવ્યો. ગરબાડા તાલુકાની અંદર ૭૦ ઓરડાઓ બનાવવામાં આવ્યા અને ૪૮૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ કેટલી આવેલી છે અને તાલુકાવાર પુરતા ઓરડાઓવાળી પ્રાથમિક શાળાઓની સંખ્યા કેટલી? અને તાલુકાવાર ઓરડાની જરૂરિયાત હોય તેવી પ્રાથમિક શાળાની સંખ્યા અને તે શાળામાં કેટલા ઓરડાની ઘટ છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં કુલ ૧૬૩૯ પ્રાથમિક શાળાઓ આવેલી છે અને એમાં ૧૧,૮૦૮ ઓરડાઓની આવશ્યકતા છે. એમાં ૧૧,૪૪૫ ઓરડાઓ હયાત છે. ૬૦૪

ઓરડાની ઘટ છે. માનનીય સભ્યશ્રીએ તાલુકાવાઇઝ મારી પાસે માહિતી માગી છે, હયાત ઓરડાઓની સંખ્યા દાહોદ તાલુકામાં ૧૯૭૪ છે અને ઘટ ૩૫૪ છે. દેવગઢબારિયામાં હયાત અરડાઓ ૧૫૬૪ છે અને ઘટ ૬૩ છે. ધાનપુરમાં ૧૦૪૧ ઓરડાઓ છે અને ઘટ ૧૩૦ ની છે. ફતેપુરામાં ૧૩૫૯ ઓરડાઓ હયાત છે અને ઘટ ૧૧૪ ની છે. ગરબાડામાં ૮૩૮ હયાત ઓરડાઓ છે અને ઘટ ૧૯૦ છે. લીમખેડામાં ૧૯૮૦ ઓરડાઓ હયાત છે અને ઘટ ૧૩૩ છે. સંજેલીમાં હયાત ઓરડાઓ ૫૫૩ છે અને ઘટ ૨૯ ની છે. ઝાલોદમાં ૨૧૩૬ ઓરડા હયાત છે અને ઘટ ૨૨૨ છે. એમ ૧૧૮૦૮ ઓરડાઓમાંથી કુલ ૫૩૫ ઓરડાઓની ઘટ છે એટલે કુલ ૧૦ ટકા ઓરડાઓની ઘટ આખા જિલ્લામાં છે.

**કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ અનાજના જથ્થાનો ઉપાડ**

* ૧૫૨૩૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ અનાજનો પૂર્ણ જથ્થો વિભાગ દ્વારા ઉપાડવામાં આવ્યો ન હતો તે હકીકત સાચી છે, | (૧) કેંદ્રમાંથી ફાળવેલ જથ્થાની સામે જરૂરીયાત મુજબનો જથ્થો ઉપાડેલ છે. |
| (૨) પૂર્ણ જથ્થો ન ઉપાડવાના લીધે વર્ષવાર ભારત સરકારની કુલ કેટલી સબસિડી ગુમાવવી પડી હતી, અને | (૨) ભારત સરકાર દ્વારા નિયત કરેલ ભાવે રાજ્યોને લક્ષિત જાહેર વિતરણ યોજના અંતર્ગત ઘઉં–ચોખાનો જથ્થો ઉપલબ્ધ કરવામાં આવે છે. ફાળવણી સામે ઉપાડ કરવામાં આવે તેની ઉપર ભારત સરકાર દ્વારા કોઈ સબસિડી આપવામાં આવતી નથી. જેથી સબસિડી ગુમાવવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) પૂર્ણ જથ્થો ન ઉપાડવાનાં શાં કારણો હતા, અને તેના માટે કોણ જવાબદાર હતું ? | (૩) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં અંત્યોદય અન્ન યોજના અંતર્ગત લગભગ ૧૦૦ ટકા જથ્થો તેમજ બી.પી.એલ. યોજના અંતર્ગત ૯૮ ટકા જેટલો જથ્થો ઉપાડી લેવામાં આવેલ છે.<br>એ.પી.એલ. યોજના માટે ઘઉં–ચોખાની ફાળવણી સામે જેટલા જથ્થાનું વિતરણ થાય તેટલો જથ્થો ઉપાડવામાં આવે છે કારણ કે ફાળવણી સામે વિતરણ કરતાં વધુ જથ્થો ઉપાડવામાં આવે તો તેના સંગ્રહ અંગેના પ્રશ્નો અને તેનુ વિતરણ ના થાય તો બગડી જવાનો પ્રશ્ન રહે છે. |

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે કેન્દ્રમાંથી ફાળવેલ જથ્થો તે પૂર્ણ ઉપાડતા નથી તો એનાં કારણો શું છે? અને મેં બીજો પ્રશ્ન સબસિડીનો પ્રશ્ન પૂછ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા કેટલી સબસિડી આપવામાં આવે છે? તેના જવાબમાં કહ્યું છે કે, કોઇ સબસિડી આપવામાં આવતી નથી, પરંતુ કેગના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ભારત સરકારે ફાળવેલ અનાજનો પૂર્ણ જથ્થો વિભાગ દ્વારા ઉપાડવામાં ન આવેલ હોવાથી ભારત સરકારની સબસિડી ગુમાવવી પડેલ છે તો આ જવાબની વિસંગતતાના કારણો શું છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જથ્થો કેન્દ્ર સરકાર ફાળવે છે અને એમાં ઉપાડવાનો હોય છે એમાં આપણે બી.પી.એલ. માં ૧૦૦ ટકા ઉપાડીએ છીએ અને અંત્યોદયમાં ૧૦૦ ટકા ઉપાડીએ છીએ. એ.પી.એલ.માં જે પ્રમાણે કૂપન ફાટે અને દુકાનદાર ડિમાન્ડ કરે તે પ્રમાણે જરૂરિયાત ઉભી થાય છે, તે પ્રમાણે જથ્થો માગીને સપ્લાય કરીએ છીએ, વધારે જથ્થો નથી માગતા, કારણ કે કોઇ અનાજ બગડી ન જાય અને જરૂર કરતા વધારે સંગ્રહ ન કરવો પડે. સબસિડીનો માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો છે એમાં અંત્યોદયની અંદર ૨૦૧૪–૧૫ માં ૪૦ કરોડની સબસિડી રાજ્ય સરકાર ભોગવે છે. કેન્દ્ર સરકાર કોઇ સબસિડી આપણને આપતી નથી. ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ. કુટુંબ માટે ૨૦૧૪–૧૫ માં ૧૭૭ કરોડ રૂપિયા સબસિડી ભોગવી છે અને અંત્યોદયમાં ખાંડ માટે ૨૫ કરોડ આયોડાઇન મીઠા

માટે ૮ કરોડ રૂપિયા સબસિડી આપણે ભોગવીએ છીએ. એ પ્રમાણે રાજ્ય સરકારને કોઇ સબસિડી કેન્દ્ર સરકાર આપતી નથી. બીજું સભ્યશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે આપણે જે અનાજ આપીએ છીએ તેની અંદર કેન્દ્રમાંથી અંત્યોદયના જે ઘઉં મળે છે તે ૨ રૂપિયાના ભાવે મળે છે. નિગમનો પડતર ભાવ ૩.૨૨ પૈસા છે. ગ્રાહને આપણે રાજય સરકાર તરફથી ૨(બે) રૂપિયાના ભાવે વિતરણ કરીએ છીએ. એટલે ૧.૨૨ પૈસા સબસિડી રૂપે રાજય સરકાર ભોગવે છે. ચોખાની અંદર ૩ રૂપિયાના ભાવે કેન્દ્ર સરકારમાંથી મળે છે. નિગમનો પડતર ભાવ ૪.૩૦ પૈસા છે. આપણે ૩ રૂપિયાના ભાવથી વિતરણ કરીએ છીએ એટલે તેમાં પણ ૧.૩૦ પૈસા સબસિડી રૂપે રાજય સરકાર ભોગવે છે. તેવી જ રીતે બી.પી.એલ.માં ઘઉં ૪.૧૫ પૈસે કેન્દ્ર સરકાર આપે છે. નિગમનો પડતર ભાવ ૫.૫૪ પૈસા છે. આપણે ૨(બે) રૂપિયે એક કિલો આપીએ છીએ એટલે તેમાં ૩.૫૪ પૈસાની સબસિડી રાજય સરકાર ભોગવે છે. ચોખાની અંદર ૫.૬૫ પૈસાના ભાવે કેન્દ્ર સરકાર આપણને આપે છે. ૭.૧૭ પૈસાએ નિગમમાં પડતર ભાવે આવે છે. ૩.૦૦ રૂપિયે આપણે વિતરણ કરીએ છીએ એટલે તેમાં પણ રાજય સરકાર ૪.૧૭ પૈસા સબસિડી ભોગવે છીએ. આમ આ રીતે રાજય સરકાર સબસિડી ભોગવે છે. કેન્દ્ર સરકાર કોઇ સબસિડી આપતી નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગુજરાતમાં કેન્દ્ર સરકાર દ્વારા અનાજ પૂરું પાડવામાં આવે છે તેના નોર્મ્સ કયા કયા છે. ગુજરાતમાં અનાજનો જથ્થો સંગ્રહ કરવાના કુલ ગોડાઉનો કેટલા છે, તેની કેટલી ક્ષમતા છે અને ભવિષ્યમાં આ ક્ષમતા વધારવા માટે કોઇ આયોજન કરેલ છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા સરવે કરીને રાજય સરકારને જે કવોટા આપેલ છે તે ૨૧.૨૦ લાખ કુટુંબોને આ ઘઉં અને ચોખા ફાળવવાના થાય છે. તેમાં અંત્યોદયના ૮.૦૯ લાખ કુટુંબો આવી જાય છે. રાજય સરકારે વધારે સારું કામ થાય અને વધારે લોકોને અનાજ મળે તેના માટે આયોજન કરી કુટુંબદીઠ ૩૫ કિલોગ્રામ અનાજ આપવા માટે રાજય સરકાર દ્વારા ૭.૭૬ લાખ અંત્યોદય કુટુંબને અનાજ આપીએ છીએ. બી.પી.એલ.ના કુલ ૨૬.૨૩ લાખ કુટુંબો એટલે કુલ ૩૩.૯૯ લાખ કુટુંબોને આપીએ છીએ. કેન્દ્ર સરકાર આપણે ૨૧.૨૦ લાખ કુટુંબોનો જથ્થો ફાળવે છે. તેમાં ઓછા કર્યા સિવાય આ કુટુંબોને અનાજ મળે છે એટલે તે પ્રમાણે આપણે જથ્થો આપીએ છીએ. બીજો પ્રશ્ન ગોડાઉનો અંગેનો છે. તેમણે ગોડાઉનની વાત કરી તેમાં નિગમના ૫૧૯ ગોડાઉન છે. તેની સંગ્રહ ક્ષમતા ૨,૯૩,૩૦૦ મે.ટન છે. રાજય સરકારની માલિકીના ૪૯૬ ગોડાઉન છે અને તેની સંગ્રહ ક્ષમતા ૨,૮૨,૬૫૦ મે.ટન, ભાડેથી રાખવામાં આવેલા ગોડાઉનની સંખ્યા ૨૩ છે તેની સંગ્રહ ક્ષમતા ૧૦૬૫૦ મે.ટન છે. પ્રાઇવેટ ગોડાઉનનું ભાડુ ૧,૫૯,૮૪૫ રૂપિયા માસિક ભાડું આપણે ચૂકવીએ છીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્રની યુ.પી.એ. સરકારે ગરીબોના જીવન નિર્વાહ માટે ખાદ્ય અને અન્ન સુરક્ષા બિલ પસાર કર્યુ હતું. જેનાથી ગરીબોને અનાજનો અધિકાર મળે છે તો તેનો રાજય સરકાર ગુજરાતમાં અમલ કરવા માગે છે કે કેમ? બીજું કે છેલ્લા બે વર્ષમાં સમયસર અનાજ નહીં ઉપાડવાના કારણે કેટલો અનાજનો જથ્થો પલળી ગયો અથવા બગડી ગયો?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો અનાજનો જથ્થો કેન્દ્ર સરકારમાંથી રાજય સરકારમાં આવ્યો છે તેવો કોઇ ગોડાઉનમાં એક પણ કિલોગ્રામનો જથ્થો બગડી ગયો કે સડી ગયો નથી. બીજું કે ફૂડ સિકયોરીટી એકટ કેન્દ્ર સરકારે જે લાગુ કર્યો છે તે રાજય સરકારે સ્વીકારેલ છે. તેની કામગીરી અંગે પેપરમાં આપ જાહેરાત જોતા હશો. ૮-૯ પ્રકારના જુદા જુદા કુટુંબોનું સરવે કરી રહ્યા છીએ. માર્ચ એન્ડ સુધીમાં અમે સરવે કામ પૂરું કરીને તે કામગીરી આગળ લઇ જવાના છીએ.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર જો સબસિડી ન આપે તો રાજય સરકારે સબસિડી આપવા માટે બજેટમાં શી જોગવાઇ કરી છે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા સબસિડી આવતી નથી, પણ ગુજરાત સરકાર દ્વારા જે સબસિડી ભોગવવામાં આવે છે તેમાં વર્ષ ૨૦૧૪-૧૫માં જાન્યુઆરી સુધીમાં

૨૧.૫૮ કરોડ રૂપિયા અંત્યોદય અન્ન યોજના હેઠળ અને ૯૭.૪૧ કરોડ રૂપિયા બી.પી.એલ. હેઠળ સબસિડી ભોગવીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે જથ્થો જરૂરિયાત મુજબ ઉપાડીએ છીએ તો આપણો કુલ જથ્થો કેટલો થાય છે અને આપણે કેટલો ઉપાડીએ છીએ. બીજું કે કેગનો રિપોર્ટ છે તેની અંદર પાન નં.૧૨ ઉપર સ્પષ્ટ લખ્યું છે કે ભારત સરકારે ફાળવેલા જથ્થાનો કુલ જથ્થો વિભાગ દ્વારા ઉપાડવામાં ન આવતાં ભારત સરકારની સબસિડી ગુમાવવી પડી છે. ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪નું બે વર્ષનું જણાવ્યું છે આ કેગનો રિપોર્ટ છે એની અંદર સ્પષ્ટ લખ્યું છે. એટલે અમારે એમ કહેવું છે કે, ગરીબ માણસોને જે અનાજ મળવું જોઇએ એ સમયસર રાજય સરકારે નહીં ઉપાડવાના કારણે આજે ત્યાં આગળ જથ્થો નથી મળતો એવો કેટલો જથ્થો હતો?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો માનનીય સભ્યશ્રીનું ધ્યાન દોરું કે કોઇ પણ જથ્થો રાજય સરકારે એક પણ કિલો ન ઉપાડ્યો હોય એવું બન્યું નથી. સમયસર જ ઉપડીએ છીએ, જરૂરિયાત મુજબનો ઉપાડીએ છીએ. બીજો મુદો હું વાત કરું તો અંત્યોદયમાં ગયા વર્ષમાં ૧,૭૫,૬૩૮ મે.ટન ઘઉંની ફાળવણી કરી હતી એનો ઉપાડ છે ૧,૭૫,૬૩૮ મે.ટન એટલે લગભગ સો એ સો ટકા આપણે ઉપાડ કર્યો છે. ચોખાની અંદર જોઇએ તો ૧,૪૮,૧૫૨ મે.ટન ચોખાની ફાળવણી કરી છે ૧,૪૭,૯૮૭ મે.ટનનો આપણે ઉપાડ કર્યો છે એટલે લગભગ ૯૯ ટકા જેવો ચોખાનો ઉપાડ કર્યો છે. બી.પી.એલ.માં જોઇએ તો ૪,૬૬,૬૨૦ મે.ટન ઘઉંની ફાળવણી કરી છે ૪,૬૬,૬૨૦ મે.ટનનો ઉપાડ થયો છે એટલે સો ટકા આપણે ઉપાડ કર્યો છે. એની સામે ચોખા ૨,૮૮,૦૨૧ મે.ટનની ફાળવણી કરી છે અને ૨,૭૦,૭૩૮ મે.ટનનો ઉપાડ કર્યો છે એટલે ૯૩ ટકા જેટલા ચોખાનો પણ ઉપાડ કર્યો છે. આમ કુલ સરવાળો ટૂંકમાં કહી દઉં ૧૬,૩૭,૮૦૮ મે.ટન ઘઉંની ફાળવણી થઇ એની સામે ઉપાડ ૧૪,૧૭,૬૭૯ મે.ટન એટલે એની ટકાવારી છે લગભગ ૮૬.૫૫ ટકા અને ચોખામાં ૬,૨૪,૫૧૩ મે.ટનની ફાળવણી છે અને ૫,૧૩,૫૪૮ મે.ટનનો ઉપાડ થયો છે એટલે ૪૨ ટકા જેટલી ફાળવણી થઇ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે સંગ્રહ કરવાની શક્તિના અભાવે અને રાજય સરકારની વિતરણ વ્યવસ્થામાં બારકોડેડ રેશન કાર્ડના લીધે છેલ્લા બે વર્ષમાં જે મુશ્કેલી ઉભી થઇ એના લીધે અને રાજય સરકારને શંકા હતી કે આ જથ્થો જો કેન્દ્રમાંથી લેવામાં આવશે તો પલળી જશે એવી શંકાના આધારે કેટલો જથ્થો છેલ્લા બે વર્ષમાં ઉપાડવાનો બાકી રહ્યો?

અધ્યક્ષશ્રી : એમના જવાબમાં આવી જ ગયું છે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ જથ્થો એવો બાકી નથી. અને એ જવાબમાં પણ મેં આપ્યું જ છે. એમનો બીજો જવાબ આપી દઉં કે નાબાર્ડ વેર હાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ યોજના હેઠળ પ્રોજેક્ટ ૨ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૪૦ નવા ગોડાઉનો ઉભા કરવાનું રાજય સરકારે નક્કી કર્યું છે અને ૭૫ ટકા લોન, ૫ ટકા સ્ટેટના અને ૮૮,૫૦૦ મે.ટન નવો સંગ્રહ થાય એના માટેના ગોડાઉનો ઉભા કરવાનું લક્ષ્યાંક નક્કી કર્યું છે. બીજા નિગમના ૩૫ જે ગોડાઉનો છે જે જર્જરીત થઇ ગયા છે એને રિપેરીંગ કરવાનું અને મોટા કરી સંગ્રહ શક્તિ વધારવાનું કામ કર્યું છે અને એમાં પણ ૧૯,૧૦૦ મે.ટન વધારે અનાજ સારી રીતે રહે એવું આયોજન કર્યું છે અને એના પછી નાબાર્ડ વેર હાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ પ્રોજેક્ટ-૩માં બીજા ૮૪ સ્થળો છે જેમાં વર્ષ ૨૦૧૫-૨૦૧૬થી લઇને ૨૦૧૮-૧૯ સુધીમાં એની નવી સંગ્રહ શક્તિ ઉભી કરવા માટે ૧,૬૮,૦૦૦ મે.ટન એટલે કુલ ૩,૮૫,૬૦૦ મે.ટન અનાજ સંગ્રહ થાય એવા ગોડાઉનો આધુનિક બનાવવાનું રાજય સરકારે વિચાર્યું છે.

**તળાજા તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ**

* ૧૫૭૧૯ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની | (૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા |

| | |
|---|---|
| કેટલી અરજીઓ મળી, | રેશનકાર્ડની ૧૫૩૪ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૫૩૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) કોઈ એરજીઓ પડતરમાં નથી. |
| (૪) પડતર રહેવાના કારણો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. શીવાભાઇ જે.ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બારકોડેડ રેશન કાર્ડ યોજના શું છે, અને આ બારકોડેડ રેશન કાર્ડથી શું લાભ થાય છે? ભાવનગર જિલ્લાના તાલુકાવાર આ યોજનામાં કેટલા રેશન કાર્ડ ફાળવવામાં આવ્યા છે? અને ખાસ કરીને મારા તળાજા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં ૧૫૩૪ અરજીઓ આવી એમાંથી જે નિકાલ કરવામાં આવ્યો છે એનો જવાબ આપ્યો છે પરંતુ હકીકતે ૧૫૩૪માંથી કેટલાને રેશન કાર્ડ ફાળવવામાં આવ્યા છે, અને કેટલી અરજીઓ નકારવામાં આવી છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, બારકોડેડ રેશનકાર્ડ એટલે રેશનકાર્ડ ધારકના તમામ સભ્યોની માહિતી જેવુ કે તેનું નામ, ઉમર, ફોટા, ફિંગર પ્રિન્ટ વગેરે માહિતી કોમ્પ્યુટરમાં એકત્રિત કરીને જે કાર્ડ તૈયાર કરવામાં આવે છે તેને યુનિક નંબર આપીએ છીએ અને આ કાર્ડને આપણે બારકોડેડ રેશનકાર્ડ કહીએ છીએ. તેના ફાયદા શું છે તે જણાવું તો, રાજય સરકારને તેનાથી એક તો સાચા લાભાર્થીઓની ઓળખ થાય એ નક્કી કરવા માટેનું આ કામ શરૂ કર્યુ છે. લાભાર્થીઓને મળવાપાત્ર આવશ્યક ચીજ-વસ્તુ બાયોમેટ્રિકને લીધે મૂળ લાભાર્થીને જ મળે એવો આમાં આગ્રહ રાખવામાં આવ્યો છે. ભૂતિયા રેશનકાર્ડ આમાંથી નિયંત્રણ થાય લગભગ ૧૨ લાખ જેટલા ભૂતિયા કાર્ડ આમાંથી નાબૂદ થયા આ યોજનાના કારણે. અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થવાના કારણે લાભાર્થીઓને વિતરણ મુજબનો અનાજનો જથ્થો મળી રહે અને અન્ન સુરક્ષા પ્રદાન થાય એ હેતુ છે. રેશનકાર્ડ ધારક ચૂંટણી નંબર અથવા તો સામાજીક ધંધાકીય વિગત, આવકની વિગત, રહેઠાણની વિગત, આ બધી વિગતોમળી રહે તેના માટેનું પણ આયોજન છે અને ૧૫ વર્ષથી વધારે ઉમરની ઘરમાં કોઇ પણ વ્યકિત હોય તે ગમે તે સભ્યનો બાયોમેટ્રિક અથવા તો ફોટો લઇ લે એ રીતેનું આ સરકારી રેશનકાર્ડ બનાવવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમનો બીજો પ્રશ્ન તાલુકાવાર માહિતી માટેનો છે, એની લાંબી યાદી છે પણ તળાજાની વાત કરી લઉં કે ૧૫૩૪ કુલ નવા રેશનકાર્ડ માટેની અરજીઓ મળી હતી તેની સામે ૧૩૪૯ એ.પી.એલ-૧ કાર્ડ ઇશ્યુ કરવામાં આવ્યા છે. એ.પી.એલ-૨ કાર્ડ ચાર આપવામાં આવ્યા છે. બી.પી.એલ.કાર્ડ ૨૪ આપવામાં આવ્યા છે. અંત્યોદય કાર્ડ ઝીરો છે અને કુલ કાર્ડ ૧૩૭૭ આપવામાં આવ્યા છે. ૧૫૭ અરજીઓ છે તે રદ કરવામાં આવી છે. આખા જિલ્લાની હું વાત કરું તો ૧૩૮૮૬ અરજીઓ મળી હતી તેમાંથી ૯ હજાર જેટલી અરજીઓને કાર્ડ આપવામાં આવ્યા છે. એ.પી.એલ.-૧, એ.પી.એલ-૨માં ૨૪૭૪, બી.પી.એલ.કાર્ડ ૪૮૯, અંત્યોદય કાર્ડ ૮૯ અને કુલ કાર્ડ ૧૨૧૦૨ ઇશ્યુ કરવામાં આવ્યા છે અને ૧૭૮૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ભાવનગર જિલ્લાની અંદર રેશનકાર્ડ અલગ કરવાની કેટલી અરજીઓ મળી છે? અને તેમાંથી કેટલાનો નિકાલ થયો છે? એટલું જ નહીં પણ એ પણ જાણવા માગુ છું કે, નવા રેશનકાર્ડ માટે કયા કયા પુરાવાઓ રજૂ કરવાના હોય છે તેમાં પણ ખાસ કરીને ફરજિયાતપણે કયા પૂરાવાઓ રજૂ કરવાના હોય છે તેનું માર્ગદર્શન અમને આપશો.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ફોર્મ નંબર-૫ અલગ રેશન કાર્ડ માટે થઇને ભરવાનું હોય છે. એમાં ઓનલાઇન સિસ્ટમ છે તેમાંથી કુલ આ જિલ્લાની અંદર ૨૭૯૯૬ અરજીઓ મળી છે તે પૈકી ૨૬૧૭૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ૧૮૨૨ રદ થઇ છે કોઇ અરજી અત્યારે ફાઇલ કે પેન્ડીંગ નથી. અને નવા રેશનકાર્ડ માટેના ૧૩ જેટલા જુદા જુદા પૂરાવાઓ આપવાના હોય છે. હયાત રેશનકાર્ડ હોય તો તે આપવુ અથવા તો બીજા અન્ય જિલ્લામાં રહેવા ગયા હોય તો તે રેશનકાર્ડમાંથી નામ કમી કરાવ્યાનો દાખલો આપવાનો છે, વીજ બિલ છે, ઇન્કમટેક્સનું પાનકાર્ડ, ગ્રામપંચાયત, નગરપાલિકા,

મહાનગરપાલિકાના મિલકતના વેરાનું બિલ, ટેલિફોન બિલ, ડ્રાઈવીંગ લાયસન્સ, ચૂંટણીનું ઓળખકાર્ડ, રાંધણગેસની પાસબુક, પીએનજી લાઇન હોય તો તેનું છેલ્લુ બિલ, ખેડૂતની ખાતાવહી, નરેગાનું જોબકાર્ડ, બેંકની પાસબુક અને કિસાન કાર્ડ છતાં અમે નવો જી.આર.કર્યો છે ૫–૮–૨૦૧૦થી કે આ બધા ના હોય અને ફકત તેનું ચૂંટણી કાર્ડ હોય તો પણ લઇ અને તેની જે મતદાર યાદી જે છેલ્લામાં છેલ્લી ઓન લાઇન થઇ હોય તેમાં ચેક કરીને વધારે પૂરાવા ના હોય છતાં પણ અમે રેશનકાર્ડ આપીએ છીએ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, અંત્યોદય અન્ન યોજના હેઠળ રેશનકાર્ડ આપવાના ધોરણો શું છે ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય યોજના એ આદિમ કુટુંબોને જ આ અંત્યોદય યોજનાના કાર્ડ આપવામાં આવે છે. આમાં બીપીએલ સિવાયનું કોઇપણ કુટુંબ હોય અને બીપીએલ ન હોય છતાં પણ તેમને આપ્યા છે તેમાં કોઇ એચ.આઇ.વી., રકતપિત્ત થયુ હોય તો તેને, ૬૦ વર્ષથી ઉપરની કોઇ વિધવા બિમાર વ્યકિત હોય એકલી સ્ત્રી અથવા પુરુષ રહેતા હોય જીવન નિર્વાહનું કોઇ સાધન તેના ઘરમાં ના હોય કે કોઇ સામાજીક આધાર ના હોય તો તેવા તમામ લોકોને આમાં આવરી લઇને અંત્યોદય કાર્ડ આપવામાં આવે છે. અને આજે મને જણાવતા આનંદ થશે કે કુલ ઓન લાઇન અરજીઓ ૧૩૮૮૬ મળી હતી, તેમાં ૧૧૯૩૪ અરજીઓનો અમે નિકાલ કર્યો છે ભાવનગર જિલ્લામાં. રદ કરવા પાત્ર એકપણ અરજી નથી. રદ કરવામાં આવેલી અરજીઓ ૧૯૫૨ અને એક પણ અરજી ફાઇલમાં પેન્ડીંગ નથી અથવા કોઇ અરજી જવાબ વગર બાકી નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, પહેલા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે ૧૫૩૪ અરજીઓ મળેલ છે અને બીજા પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે ૧૫૩૪ અરજીઓનો નિકાલ કર્યો છે, તો આ ૧૫૩૪ અરજીઓ પૈકી કેટલા અરજદારોને બી.પી.એલ.ના કાર્ડ આપવામાં આવ્યા છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫૩૪ પૈકી ૨૪ જણાને બી.પી.એલ. કાર્ડ આપવામાં આવેલ છે.

### સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં ગેરરીતિની ફરિયાદ

* ૧૬૧૩૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય તેમજ વહીવટી કામગીરીમાં ગેરરીતિ બાબતની ક્યા અધિકારી સામે કેટલી ફરિયાદો મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં નાણાકીય તેમજ વહીવટી કામગીરીમાં ગેરરીતિ બાબતે અધિકારીઓ સામે નીચેની વિગતે ૯ ફરિયાદ મળેલ છે.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | ફરિયાદો ની સંખ્યા |
|---|---|---|
| ૧ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિજયનગર | ૨ |
| ૨ | રેન્જ ફોરેસ્ટ ઓફિસર, વિજયનગર | ૧ |
| ૩ | રેન્જ ફોરેસ્ટ ઓફિસર, મેઘરજ | ૧ |
| ૪ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા | ૨ |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મેઘરજ | ૧ |
| ૬ | ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર, | ૧ |
| ૭ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, ખેડબ્રહ્મા તથા અન્ય | ૧ |
| | **કુલ** | **૯** |

**પ્રશ્ન**

(૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

**જવાબ**

(૨) મળેલ ફરિયાદો અન્વયે કરવામાં આવેલ કાર્યવાહી નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | મળેલ ફરિયાદની વિગત | કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|
| ૧ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, | વિજયનગર તાલુકાના ચિત્રોડા અને અન્ય | તપાસ ચાલુમાં છે. |

| | | | |
|---|---|---|---|
| | વિજયનગર. | ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગેરરીતિ બાબતે. | |
| ૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, વિજયનગર. | વિજયનગર તાલુકાના રાજપુર બાલેટા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગેરરીતિ બાબતે. | તપાસ ચાલુમાં છે. |
| ૩ | રેન્જ ફોરેસ્ટ ઓફિસર, વિજયનગર. | વિજયનગર તાલુકાના જાલેટી ગૃપ ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનાની ગેરરીતિ બાબતે. | તપાસ પૂર્ણ કરી કસૂરવાર સામે પોલીસ ફરિયાદ દાખલ કરેલ છે. |
| ૪ | રેન્જ ફોરેસ્ટ ઓફિસર, મેઘરજ. | મેઘરજ તાલુકાના લાલપુર ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ફોરેસ્ટ ખાતા દ્વારા થયેલ કામગીરીમાં ગેરરીતિ બાબતે. | તપાસ ચાલુમાં છે. |
| ૫ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા. | મોડાસા તાલુકાના જંબુસર અને અન્ય ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગેરરીતિ બાબતે | તપાસ ચાલુમાં છે. |
| ૬ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોડાસા. | મોડાસા તાલુકાના વોલ્વા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગેરરીતિ બાબતે. | તપાસ ચાલુમાં છે. |
| ૭ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, મેઘરજ. | મેઘરજ તાલુકાના તુબલીયા ગ્રામ પંચાયતમાં મનરેગા યોજનામાં ગેરરીતિ બાબતે. | તપાસ ચાલુમાં છે. |
| ૮ | ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર. | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, સાબરકાંઠામાં ચાલતા ભષ્ટ્રાચાર બાબત. | સંબંધિત ભૂતપૂર્વ નાયબ જિલ્લા પ્રોગ્રામ કો.ઓર્ડીનેટરશ્રીને ફરજ પરથી દુર કરવામાં આવેલ છે. |
| ૯ | તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા અન્ય. | ખેડબ્રહ્મા તાલુકામાં મનરેગા યોજના અંતર્ગત અનિયમિત ચૂકવણું થવા બાબત | **–શ્રી સી. એ. નિનામા** તત્કાલીન પ્રોગ્રામ ઓફીસર–વ–આયોજન અધિકારી સહ તા.વિ.અ.શ્રી શ્રી – **શ્રી એમ. એમ. પ્રજાપતિ** ઈન્ચાર્જ પ્રોગ્રામ ઓફીસર **–શ્રી બી. એમ. મોડીયા** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (મનરેગા) **–શ્રી જી. એન. ગરાસીયા** |

| | | | |
|---|---|---|---|
| | | | (અમઈ) મનરેગા<br>**–શ્રી એસ. પી. ગમાર**<br>ટેકનીકલ આસી. (મનરેગા)<br>**–શ્રી એમ. આર. પટેલ**<br>એ.પી.ઓ. (મનરેગા)<br>**–શ્રી દીપક એસ. પટેલ**<br>તત્કાલિન એ.પી.ઓ. (મનરેગા)<br>**–શ્રી વી. ડી. સોલંકી,**<br>મનરેગા<br>**–શ્રી ભાવેશ એસ. સોલંકી**<br>નાયબ હિસાબનીશ<br>**–શ્રી વી. જી. પરમાર**<br>આંકડા સહાયક<br>**–મિસ્ત્રી એન્ડ શાહ**<br>ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ<br>**–શ્રી બી. જે. પટેલ એન્ડ શાહ**<br>ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ<br>**–શ્રી ડી.જી.એસ.એમ. એન્ડ એમ કંપની**<br>ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ<br>**–બ્રહ્માણી એગ્રોટેક વાસણ** સામે તા. ૨૮–૬–૨૦૧૩ના રોજ હિંમતનગર પોલીસ સ્ટેશનમાં પ્રથમ માહિતી ક્રમાંક આઈ–૦૦૧૩ થી ફરિયાદ નોંધવામાં આવેલ છે. |

(૩) જો કાર્યવાહી ન કરવામાં આવી હોય તો તેના શાં કારણો છે અને ક્યારે કાર્યવાહી કરવામાં આવશે ?

(૩) કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોય પ્રશ્ન રહેતો નથી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પ્રશ્નની અંદર પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવો પ્રશ્ન છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં આ પ્રશ્ન એટલા માટે પુછ્યો છે કે, આમાં ૨૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ થયું છે, તો આ જે કર્મચારીઓ કુલ નવ છે એમણે ભ્રષ્ટાચાર નથી કર્યો પણ જે તે વખતના જિલ્લા વિકાસ અધિકારી અને ગ્રામ વિકાસના નિયામકશ્રીએ આ ૨૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો છે, તો આ જેમના ઉપર કેસ કર્યો છે એમાંથી બે અધિકારીઓ તો નિવૃત્ત થઇ ગયા છે અને એક અધિકારી મૃત્યુ પામ્યા છે, તો આ જે તપાસ છે એ મુખ્ય બે અધિકારીઓ સામે કરવા માગો છો કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ તપાસ નવ ફરિયાદોના આધારે જુદી જુદી રીતે ચાલે છે, એમાંથી છ તપાસ આજે ચાલુ છે જ્યાં સુધી આ તપાસ પૂર્ણ ન થાય ત્યાંસુધી કોઇ ઉપર પગલાં

લેવાનો વિષય આવતો નથી, બાકી જે ત્રણ તપાસ પૂરી થઇ છે એમાં વિભાગે બે તપાસની અંદર એફ.આઇ.આર. દાખલ કરી છે, ક્ષતિ જણાઇ એના આધારે એફ.આઇ.આર. દાખલ કરી છે અને એફ.આઇ.આર. દાખલ કર્યા પછી એમની વાત સાચી છે કે બે લોકો નિવૃત્ત થયા છે અને એક વ્યકિતનું મૃત્યુ થયું છે બાકીના જે લોકો છે એમાં સહાયક તરીકે જે બે જણા નોકરી કરતા હતા એમની નોકરીનો અંત લાવ્યા છીએ એટલે કે એમને છુટા કરી દીધા છે. છ લોકો કરાર આધારિત હતા એમને પણ છુટાં કર્યા છે ત્યારબાદ બીજા બે લોકો જે છે એમને ફરજ મોકૂફી પર ઉતારી દીધા છે, એટલે આ રીતે આ તપાસનો વિષય છે. માનનીય સભ્યશ્રી ભ્રષ્ટાચારની અને બીજી બધી બાબત કહી રહ્યા છે એ ભૂતકાળ છે આજની તારીખમાં જે સ્પષ્ટ રીતે તપાસ થઇ રહી છે એમાં મારે કહેવાનું છે કે જે તે વખતે એફ.આઇ.આર. ફાડવામાં આવી ત્યારે કલમ–૪૦૬, ૪૦૯, ૪૨૦ અને ૪૧૪ દાખલ થઇ હતી, અધિકારીઓને તપાસની અંદર વધારે ગેરરીતિ જણાઇ ત્યારપછી એફ.આઇ.આર.ની અંદર કલમો ઉમેરવામાં આવી છે જે કલમ બહુ ગંભિર છે એ કલમો છે ૪૬૫, ૪૬૮, ૪૭૧ અને ૧૨૦/બી આ અધિકારીઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી છે જેમણે ખોટું કર્યું છે એમના ઉપર આ કલમો દાખલ કરવામાં આવેલી છે અને આ કલમો ભારે કલમો છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ૩ તાલુકાઓમાં જે તપાસ ચાલુ છે એમાં મેઘરજ તાલુકામાં એનો એમ.બી. રેકોર્ડ બાળી નાંખવામાં આવેલ છે, એનું કોમ્પ્યુટર ચોરી થઇ ગયેલ છે અને સાહેબ છેલ્લાં બે એક વરસથી તપાસ ચાલુ છે એમ જવાબ આપવામાં આવે છે, જિલ્લા સંકલન સમિતિમાં પણ એમ કહેવામાં આવે છે તો આ તપાસ ક્યાંસુધી પૂર્ણ કરવામાં આવશે અને જે લોકો હંગામી કર્મચારીઓ હતા એ કર્મચારીઓ હજી પણ ત્યાં એ તાલુકા પંચાયતમાં જ હોય છે તો એમની સામે કોઇ કડક પગલાં તમે ભરવા માગો છો કે કેમ? અને આ તપાસ ક્યાંસુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી,સભ્યશ્રીને હું સ્પષ્ટ કહેવા માગું છું કે, આજની તારીખે તમારા જિલ્લાની અંદર જે મનરેગાની કામગીરી થઇ છે એ તમે રેકર્ડ ઉપર જોઇ શકશો. ભૂતકાળમાં કેટલો ખર્ચો થતો હતો અને આજે કઇ રીતે અને કેટલું નિયંત્રણ મૂકેલું છે. કોઇપણ જગ્યાએ છટકબારી રહેવા નથી દીધી. એમનો બીજો જે પ્રશ્ન છે એમાં એ કહેવા માગે છે કે આ લોકો સામે કડક કાર્યવાહી કરવા માગો છો કે કેમ? મેં મારા પહેલાં પ્રશ્નમાં કહ્યું તે પ્રમાણે ૪૬૮, ૪૬૯, ૪૭૧ અને ૧૨૦/બી જે લાગુ કરવામાં આવી છે તે કલમોને જે લોકો સમજતા હોય એમને ખબર હશે કે આ ગુનો દાખલ થાય એટલે એ વ્યકિત સમજી શકે કે આ કલમ દાખલ થાય એ વ્યકિતને હાઇકોર્ટમાં છૂટવું પણ મુશ્કેલ બનવાનું છે. એટલે અમે કોઇ જગ્યાએ છોડવા માગતા જ નથી.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઇ.એમ.એસ. પદ્ધતિથી રકમ ચૂકવવામાં કોઇ વિલંબ થતો હોય એવું કંઇ વહીવટી તંત્રના ધ્યાને આવેલ છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : અત્યારે જે પદ્ધતિથી ચૂકવણું કરવામાં આવે છે એમાં કોઇ જગ્યાએ વિલંબ થાય તો તરત જ ધ્યાન ઉપર આવે છે અને વિલંબ કરવાનું નિવારી શકાય છે. બીજું કે આ પદ્ધતિથી સો ટકા લોકો જોઇ શકે છે કે અહીંયા બિલ મૂકાયું છે કે અહીંયા રકમ ચૂકવાણી છે એની ખબર પડી જાય છે. આમાં રકમ સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થતી હોવાથી સો ટકા મુશ્કેલીઓ હલ થઇ છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : આ જે ગેરરીતિ થઇ છે એમાં જે માટીકામના મજૂરો હોય એણે મજૂરી કરીને પૈસા મેળવયા હશે, એ મજૂરોને કોઇ અન્યાય ન થાય તથા કયા કયા કામોમાં ગેરરીતિ થઇ છે અને કઇ કઇ બાબતોમાં થઇ છે અને કેટલા રૂપિયા ખોટા ચૂકવાઇ ગયા છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મારે માનનીય ગોવાભાઇનું ધ્યાન દોરવું છે કે આવું જો કયાંય પણ હોય તો તરત જ મારું ધ્યાન દોરે. એક પણ મજૂરનું પેમેન્ટ બાકી નથી અને જો હોય તો તેઓ મારું ચોક્કસ ધ્યાન દોરે. આમાં કોઇ શ્રમિકોનો દોષ નથી, જે કંઇ ખોટું થયું છે એ મટિરિયલ પૂરું પાડતી એજન્સીઓ છે ત્યાં થયું છે અને એની સામે તપાસ ચાલુ છે. જયાં જયાં ખોટું જણાયું છે ત્યાં તપાસ ચાલુ છે.

**તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર**

* ૧૫૬૮૯ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૨૦૮.૦૨ હેકટર અને ૩૧૬૯.૪૦ હેકટર મળી કૂલ ૮૩૭૭.૪૨ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | (૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અનુક્રમે રૂ. ૧૬૭૩.૮૩ લાખ અને રૂ. ૯૧૬.૫૩ લાખ મળી કૂલ રૂ. ૨૫૯૦.૩૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી જનકભાઇ મ. કાછડીયા : સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જયાં વનો અને ઉદ્યોગોનો એક સાથે વિકાસ થયો છે અને અલગ અલગ ૧૧ જગ્યાએ સાંસ્કૃતિક વનોનો વિકાસ કરવાનો કોન્સેપ્ટ લઇને વન અને પર્યાવરણ વિભાગ આવ્યું છે એ બદલ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે તાપી જિલ્લામાં કુલ કેટલો વન વિસ્તાર આવેલો છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : તાપી જિલ્લામાં ક્ષેત્રીય વન વિસ્તાર ૯૦૭ ચોરસ કિલોમીટરનો આવેલો છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : તાપી જિલ્લામાં સહભાગી વન વ્યવસ્થા અંતર્ગત આજીવિકા માટે કેવા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : તાપી જિલ્લામાં વસતા આદિવાસીઓને આજીવિકા માટે વન વિભાગે સહભાગી મંડળીઓની વ્યવસ્થા કરી છે. જેમાં ખેડૂતોને વેલાવાળા શાકભાજીનો ઉછેર કરીને એનું વેચાણ કરે છે. જેમાં રીંગણ, મરચા, તુવેર, ચોળી તથા સીતાફળ વગેરે એકત્ર કરીને એનું વેચાણ કામ કરે છે. એ જ રીતે મધને એકત્રિત કરીને એનું વેચાણ કામ કરે છે. વાંસ તથા વાંસની વસ્તુઓ બનાવીને એના રમકડાં બનાવીને એનું વેચાણ કરે છે. મહુડા અને ડોળી એકત્રિત કરીને એને વેચવાનું કામ આ સંસ્થાઓ મારફતે થાય છે. વર્મી કમ્પોઝ તથા પશુપાલન જેવી મહત્વની કામગીરી સુરત જિલ્લામાં આ વન સહભાગી મંડળીઓ કરે છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે ૮૩૭૭.૪૨ હેકટરમાં ૨૫૯૦.૩૬ લાખના ખર્ચે વાવેતર કરવામાં આવેલ છે. આ બે વર્ષ દરમિયાન કુલ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને એમાંથી આજની તારીખે કેટલા વૃક્ષો હયાત છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : સન ૨૦૧૩-૧૪માં કુલ ૭૨૫ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. જેમાં ૪ લાખ ૪૫ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવેલ હતું. એની પાછળ ૨૦૪.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ હતો. જેમાં રોપા દીઠ આશરે ૪૫ રૂપિયાનો ખર્ચ પડે છે. અને ૯૪.૩૮ ટકા રોપાઓ આજે જીવિત છે. ૨૦૧૪-૧૫માં પણ ૩૧૬૯.૪૦ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. ૨૩,૯૭,૦૦૦ રોપાઓ રોપવામાં આવ્યા હતા. તેની પાછળ ૯૧૬.૫૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : જીવંત રોપાઓનો આંકડો છે? ટકાવારીમાં તો આવી ગયું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : જીવંત રોપાઓ ૨૦૧૩-૧૪માં ૨૮,૪૨,૦૦૦ છે અને ૨૦૧૪-૧૫માં ૨૦,૭૮,૦૦૦ રોપાઓ જીવંત છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : હું જાણવા માગું છું કે ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ સરકારી જમીનમાં કેટલા રોપા ઉછેર કર્યા છે અને ગૌચરની જમીનમાં કેટલા રોપા ઉછેર કરવામાં આવ્યા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આનો જવાબ છાપેલો છે. આપણે ક્ષેત્રીય વનીકરણ ટોટલી સરકારી જમીનમાં કરીએ છીએ, ખાનગી જમીનમાં કરતાં નથી.

શ્રીમતી સંગીતાબેન  રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ક્ષેત્રીય વન વિભાગ હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા હેકટરમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે અને કેટલા રોપા જીવંત છે અને તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : જવાબ મોટા ભાગે આવી ગયો છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : સભ્યશ્રીની માગણી છે. આપ અનુમતિ આપો તો મારી પાસે તાલુકાવાર માહિતી છે.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં આપો. અગાઉ જવાબ આવી ગયો છે.

શ્રી પરેશ  ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય મંત્રીશ્રીએ હમણાં  જવાબ આપ્યો કે ૨૦૧૩-૧૪માં ૪,૪૫,૦૦૦ છોડનું વાવેતર કર્યું. ૨૦૧૪-૧૫માં ૨૩,૯૭,૦૦૦ છોડનું વાવેતર કર્યું. ૨૫૯૦.૩૬ લાખ રૂપિયાના ખર્ચે ૨૮,૪૨,૦૦૦ છોડનું વાવેતર રાજય સરકારે કર્યું.  મંત્રીશ્રીએ એ જણાવવાની કૃપા કરી હોત તો આનંદ થાત કે આપણે જે વર્ષોવર્ષ વાવેતર કરી રહ્યા છીએ, એક હેકટરમાં સરેરાશ ૪૦ ચોરસમીટરે એક છોડનું વાવેતર કરીએ તો પણ ૨૫૦ રોપા, આ કોષ્ટકનો હિસાબ કરીએ તો ૧૨૪ રૂપિયે  એક છોડનું વાવેતર થાય છે. મારે સ્પષ્ટ રીતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આપણે આ જે વાવેતર કર્યું તેની પાછળ પ્રતિ છોડ કેટલા રૂપિયાનો ખર્ચ થયો?  કુલ કેટલા છોડ વાવવામાં આવ્યા અને આજની તારીખે કેટલા છોડ જીવંત રીતે ઉછરી રહ્યા છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નનો જવાબ પણ લગભગ આગળના સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં આવી ગયો છે. બચુભાઇ, કોઇ વિશેષ માહિતી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ :  એક રોપાના ઉછેરનો ખર્ચ ૪૦ રૂપિયાની આસપાસ થાય છે અને અત્યાર સુધીમાં આપણે વાવેતર કર્યું તેના મારી પાસે વર્ષવાર આંકડા છે. ૨૦૧૩-૧૪માં ૪૧,૬૪,૦૦૦ અને વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૩,૯૭,૦૦૦ છે. જીવંત રોપાની માહિતી માગી છે તો ૨૦૧૩-૧૪માં ૨૮,૪૨,૦૦૦ એટલે કે ૬૯.૯૭ ટકા રોપા જીવંત છે અને ૨૦૧૪-૧૫માં જીવંત રોપા ૨૦,૭૮,૦૦૦ એટલે કે  ૮૬.૨૦ ટકા રોપા જીવંત છે.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની સુવિધા**

* ૧૬૨૨૦ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) :** તા.૧૧-૭-૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૦૯૧૬ (અગ્રતા-૭૧) ના અનુસંધાને **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૫-૨૦૧૪ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતા વધારે ધોરણના બાળકો બેસાડવામાં આવતી કુલ ૯૨૨ શાળાઓ હતી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર ઉપરોકત પૈકી કેટલી શાળાઓમાં પુરતા ઓરડાની સુવિધા ઊભી કરવામાં આવી છે, અને | (૨) |

| તાલુકો | શાળાની સંખ્યા | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ડીસા | ૧૫ | દીયોદર | ૧૨ |
| અમીરગઢ | ૪ | ધાનેરા | ૧૩ |
| કાંકરેજ | ૧૦ | પાલનપુર | ૯ |
| થરાદ | ૧૪ | ભાભર | ૧૧ |
| દાંતા | ૧૪ | વડગામ | ૬ |

(૩) બાકીની શાળાઓના બધા વર્ગના બાળકો અલગ અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે ક્યાં સુધીમાં જરૂરત મુજબના વર્ગખંડો બાંધવામાં આવનાર છે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ– ૨૦૦૯ હેઠળની જોગવાઇ મુજબ તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે કે અન્ય સુવિધાના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતા વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવતી હોય તેવી શાળાઓની સંખ્યા ૯૨૨ હતી, તે પૈકી તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ૧૨૫ શાળાઓમાં સુવિધા કરવામાં આવી. બાકીની ૭૯૭ શાળામાં સુવિધા ક્યાં સુધીમાં કરવામાં આવશે? મારો બીજો પ્રશ્ન– બનાસકાંઠા જિલ્લામાં નોન ગ્રાન્ટેબલ પ્રાથમિક શાળાઓ જેવા આધુનિક વર્ગખંડો સરકારી પ્રાથમિક શાળાઓમાં કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, આ રાજ્ય સરકાર પ્રાથમિક શાળઓમાં ભણતા બાળકોની પૂરેપૂરી ચિંતા કરે છે. બનાસકાંઠા જિલ્લાની ૫.૭૨ ટકા શાળાઓના ઓરડાઓ બનાવવાના બાકી છે. દેશની અંદર અત્યારે અચ્છે દિન આ ગયે હૈ. શાળાઓમાં ઓરડાઓ બનાવવા માટે અમારી અનેક વખતની વર્ષોની રજૂઆતો હતી. (અંતરાય) માનનીય સભ્યશ્રીઓએ સાંભળવાની તૈયારી રાખવી જોઇએ. દર વર્ષે જરૂરિયાત પ્રમાણે ભારત સરકાર પાસે માગણી કરવામાં આવતી હતી અને આ માગણીમાં ખૂબ મોટો કાપ મૂકવામાં આવતો હતો. હાલમાં એક સંવેદનશીલ સરકાર કેન્દ્રમાં છે, ભારત સરકારમાં છે. ગયા વર્ષની સરખામણીમાં ૪૦ ટકા વધારે રકમ મંજૂર કરવામાં આવી છે. એટલે જેમ બને તેમ જલદી આ ઓરડાઓ બનાવવામાં આવશે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ઓરડાઓ બાંધવામાં આવ્યા છે અને તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે, ડિસા તાલુકાની અંદર ૨૫૫ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૧૬૨૮/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. અમીરગઢ તાલુકાની અંદર ૪૧ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૨૫૭/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. કાંકરજે તાલુકાની અંદર ૧૧૦ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૭૨૨/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. થરાદ તાલુકાની અંદર ૧૯૯ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૧૨૬૯/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. દાંતા તાલુકાની અંદર ૧૫૫ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૧૧૪૦/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. દાંતીવાડા તાલુકાની અંદર ૫૧ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૩૪૦/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. દિયોદર તાલુકાની અંદર ૮૨ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૫૨૯/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ધાનેરા તાલુકાની અંદર ૧૭૭ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૧૨૭૫/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાલનપુર તાલુકાની અંદર ૭૦ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૪૫૭/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. ભાભર તાલુકાની અંદર ૫૯ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૩૯૫/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વડગામ તાલુકાની અંદર ૪૦ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૨૪૨/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. વાવ તાલુકાની અંદર ૭૭ ઓરડા બાંધવામાં આવ્યા અને રૂ.૪૬૬/– લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આમ કુલ વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૧૩૧૬ ઓરડાઓ બાંધવામાં આવ્યા અને તેની પાછળ રૂ.૮૭૨૫.૯૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારો સીધો પ્રશ્ન એ છે કે, બનાસકાંઠા જિલ્લામાં આજે ૯૨૨ ઓરડાની ઘટ છે એમ કહેવામાં આવે છે. જ્યારે બે દિવસ પહેલાં મારા પ્રશ્નના જવાબમાં ૬૧૭ ઓરડાઓની ઘટ છે એમ કહેવામાં આવ્યું હતું. તો આજની તારીખે ખરેખર કેટલા ઓરડાઓની ઘટ છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો જવાબ એકદમ ચોક્કસ જ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, રાઇટ ટુ એજ્યુકેશનની અમલવારી પહેલાં અને પછી બનાસકાંઠા જિલ્લામાં કેટલા ઓરડાઓની ઘટ હતી અને છેલ્લા પાંચ વર્ષમાં આપણે ભારત સરકાર પાસે કેટલા ઓરડાઓ માગ્યા અને કેટલા મંજૂર થયા અને તેની પાછળ કુલ કેટલી રકમની માગણી કરવામાં આવી હતી અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલાં પ્રશ્ન હતો એમાં જણાવ્યું હતું કે, ૨૦૦૯માં રાજ્ય સરકારે રાઇટ ટુ એજ્યુકેશનનો અમલ શરૂ કર્યો. એના કારણે ઓરડાઓની ઘટ પડી. કારણ કે, વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઓરડાઓ એના ધોરણો બદલાયા. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે સવાલ છે કે જયારે રાઇટ ટુ એજયુકેશન આવ્યું ત્યારે ૫૫૮ ઓરડાની ઘટ હતી, પણ આપણું રાઇટ ટુ એજયુકેશન અમલમાં આવ્યું એટલે એકાએક નવા ધોરણો બદલાવાને કારણે ૩૦૪૦ ઓરડાઓની ઘટ ઉભી થઇ એટલે ગુજરાત સરકારે જે મળવાપાત્ર રકમો હતી નિયમ મુજબ એ નિયમ મુજબ ૨૦૧૦માં ભારત સરકાર પાસે ૧૨૦૨ ઓરડાની માગણી કરી કે અમારા ૧૨૦૨ ઓરડા પહેલા વર્ષમાં બનાવવા પડશે એની જગ્યાએ મંજૂર થયા ૭૯૬, ૨૦૧૧–૧૨માં ૧૧૦૦ની માગણી કરી, એમાં ૧૧૦૦ મંજૂર થયા, ૨૦૧૨–૧૩માં ૨૦૦૮ની માગણી કરી, ૧૦૫૪ જ મંજૂર થયા, ૨૦૧૩માં ૪૩૫ની માગણી કરી ૧૧૭ મંજૂર થયા અને ૨૦૧૪–૧૫માં ૮૦૦ની માગણી કરી, ૮૦૦ની સામે માત્ર ૨૮૧ મંજૂર થયા. આ પરિસ્થિતિ છે .(અંતરાય)

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ વિગત જાણવી છે કે જે ઓરડા જર્જરીત થઇ ગયેલા છે, તૂટી ગયેલા છે પણ આપણા ચોપડામાં કન્ડમ મંજૂર ન મળવાથી નથી થયા તેવા બનાસકાંઠા જિલ્લાની અંદર કન્ડમ કરવા માટે મંજૂરી માગી છે એ કેટલા સમયમાં આપશો અને ચાલુ વર્ષના બજેટમાં બનાસકાંઠા માટે કેટલા ઓરડા બનાવવા માટે જોગવાઇ કરી છે? ભારત સરકારમાં માગ્યું હોય તો એ કેટલી માગણી કરી છે? અને આ ચાલુ વર્ષે બનાસકાંઠાને ઘટતા ઓરડા કેટલા આપવા માગો છો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે ઓરડાઓ જર્જરીત થાય એના નિયામાનુસાર અને સમય પ્રમાણે મંજૂરી તો સતત નિરંતર આપતા જ હોઇએ છીએ, નથી આપતા એવું નથી હોતું. એમણે આયોજનની વાત કરી, તો અત્યારે આયોજનનો મારી પાસે આકડો નથી, માનનીય સભ્યશ્રી જો માગશે તો એમને આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને પહોંચાડજો.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહોંચાડી દઇશ.

**મહુવા તાલુકામાં રાહતદરે અનાજનું વિતરણ**

* ૧૫૭૩૧ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુકત મીઠું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં જન્સીવાર રાહતદરે નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૧૩૫૧૬.૬૦ મે. ટન |
| ચોખા | ૪૨૦૪.૬૦ મે.ટન |
| ખાંડ | ૫૮૨.૫૦ મે. ટન |
| આયોડીનયુક્ત મીઠું | ૧૫૯૫.૦૦ મે.ટન |
| ખાદ્યતેલ | ૩૪૦૦૫ પાઉચ (૧ લિટરના) |

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે માર્ચ ૨૦૧૫ની સ્થિતિએ રાજયકક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ

યોજનાવાર કાર્ડ ધારકોની સંખ્યા અને વિતરણ પ્રમાણ ભાવની વિગતો શું છે અને મારો બીજો પ્રશ્ન છે કે મહુવા તાલુકામાં યોજનાવાર ફાળવણી, ઉપાડ, વિતરણ અને ફાળવણી સામે વિતરણની ટકાવારી કેટલી છે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય સભ્યશ્રીને યોજનાવાર કહું તો માર્ચ ૨૦૧૫ની સ્થિતિએ રાજયમાં બીપીએલ કાર્ડ ૨૬.૨૩ લાખ છે, ભાવનગર જિલ્લામાં ૧ લાખ ૧૦ હજાર છે. મહુવા તાલુકામાં ૧૯૧૫૩ છે. વિતરણ પ્રમાણમાં જે ભાવ કહે છે, એમાં ઘઉ જે આપણે આપીએ છીએ રેગ્યુલર એનું વિતરણ ૧૩ કિલોગ્રામ છે, અને ૨ રૂપિયાના ભાવથી બી.પી.એલ.ને આપણે આપીએ છીએ, સ્પેશિયલ ઘઉ પણ ૯ કિલો આપીએ છીએ, ૭ રૂપિયા અને ૭૦ પૈસાના ભાવથી આપીએ છીએ, ચોખા ૩ કિલો આપીએ છીએ એ ૩ રૂપિયાના ભાવથી આપીએ છીએ અને સ્પેશિયલ ચોખા છે એ ૧૦ કિલો આપીએ છીએ અને ૭ રૂપિયા અને ૨૦ પૈસાના ભાવથી આપીએ છીએ, અંત્યોદય યોજના છે એના રાજયમાં ૭ ,૭૬,૦૦૦ કાર્ડ ધારકો છે, ભાવનગર જિલ્લામાં ૨૨૯૮૪ કુલ કાર્ડ છે અને મહુવા તાલુકામાં ૪૦૬૨ છે, વિતરણ ભાવ છે, ઘઉ ૧૯ કિલો આપણે ૨ રૂપિયાના ભાવથી આપીએ છીએ, અને ચોખા આપીએ છીએ ૧૬ કિલો ૩ રૂપિયાના ભાવથી, એપીએલ છે એ કુલ કાર્ડ ૭૮,૧૨,૦૦૦ કાર્ડ આપણે વિતરણ કર્યા છે રાજયમાં, ભાવનગરમાં ૪,૧૬,૦૦૦ છે, મહુવા તાલુકામાં ૭૦૧૨૬ છે, આમાં ઘઉ અઢી કિલો વ્યકિતદીઠ આપીએ છીએ, અને વધુમાં વધુ ૧૦ કિલો એ ૭ રૂપિયા અને ૭૦ પૈસાના ભાવથી આપીએ છીએ અને ચોખા ૬ કિલો ૧૦ રૂપિયા અને ૧૦ પૈસાના ભાવથી આપણે વિતરણ કરીએ છીએ, બીજી ફાળવણીની જે વાત કરી છે જથ્થાની તો બી.પી.એલ.માં ઘઉ છે ૩૨૬૩ મેટ્રીકટનની જરૂરિયાત હતી, એની સામે ૩૦૯૪ મે.ટનની ફાળવણી કરી છે. ગોડાઉનમાંથી ૩૦૨૭ મે.ટન ઉપાડ થયો છે અને ૩૦૨૨ મે.ટન વિતરણ કર્યું છે, એટલે લગભગ ૯૭ ટકા જેટલા ઘઉંનું વિતરણ કરવામાં આવ્યું છે. ચોખા ૯૧૩ મે.ટન ઉપાડવામાં આવ્યા છે, ફાળવણી ૭૫૪ મે.ટન થઈ છે, ગોડાઉનમાંથી ૭૦૨ મે.ટન ઉપાડવામાં આવ્યા છે અને ૭૦૧ મે.ટનનું વિતરણ કરવામં આવ્યું છે. ખાંડ ૫૩૫ મે.ટનની જરૂરિયાત સામે ૫૩૦ મે.ટનની ફાળવણી કરવામાં આવી, ૪૮૬ મે.ટનનો ઉપાડ થયો અને ૪૮૮ મે.ટનનું વિતરણ કરવામાં આવ્યું એટલે કે ૯૨ ટકા ઉપાડ છે. બી.પી.એલ. કે એ.પી.એલ.ને જે મીઠું આપીએ છીએ એમાં ૮૧૪૪ મે.ટનની સામે ૮૩૦૦ મે.ટનની ફાળવણી થઈ છે, ગોડાઉનમાંથી ૧૬૧૬ મે.ટનનો ઉપાડ કરવામાં આવ્યો છે અને ૧૫૭૫ મે.ટનનું વિતરણ એટલે કે ૧૯.૨૦ મે.ટનનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અંત્યોદયમાં અને બી.પી.એલ. અને એ.પી.એલ.માં મારી પાસે માહિતી અંગે પત્રક છે એ ટેબલ ઉપર મૂકી દઈશ.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાહત દરની વસ્તુ એટલે કે આવશ્યક ચીજવસ્તુઓ જે આપવામાં આવે છે એમાં દુકાનના સંચાલકો છે એમને કેટલું કમિશન આપવામાં આવે છે? સહકારી મંડળી અને આદિજાતિ વિસ્તારની સહકારી મંડળીઓને કોઈ ખાસ પ્રકારનું કમિશન આપવામાં આવે છે કે કેમ અને જો હા, તો કેટલું?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી :** મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે જે કમિશન છે એ ઘઉં, ચોખા અને ખાંડ માટે પ્રતિ કિવન્ટલ ૬૦ રૂપિયા આપીએ છીએ. મધ્યાહ્ન ભોજન, આઈ.સી.ડી.એસ. યોજના માટે પ્રતિ કિવન્ટલ ૬૦ રૂપિયા, અનાજ અને દાળ પણ એમાં આવી જાય છે. તેલ માટે પ્રતિ લિટર ૩ રૂપિયા, રિફાઈન્ડ આયોડાઈઝ મીઠા માટે પ્રતિ કિલો ૫૦ પૈસા કમિશન આપીએ છીએ. અંત્યોદય બી.પી.એલ.ના કિસ્સામાં કોમોડિટી વાઈસ ૫૦ પૈસા વળતર આપીએ છીએ. એ.પી.એલ.ના કિસ્સામાં કોમોડિટી વાઈસ રૂપિયો એક આપીએ છીએ અને જે દુકાનદાર પોતે કૂપન કાઢે અને રિસિપ્ટ આપે છે એમને ૫ રૂપિયા એક કૂપનના આપીએ છીએ. કેરોસીન માટે ૫૬ પૈસા આપણે આપીએ છીએ. આ સિવાય ડોર સ્ટેપ ડિલિવરીની આપણે યોજના બનાવી છે. પહેલા દુકાનદાર તાલુકા મથકે વસ્તુ લેવા આવતા હતા એ હવે દુકાનદારને દુકાન સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટ ખર્ચ ૧૦૦ થી ૨૫૦૦ રૂપિયા સુધી થતો હતો એ હવે આપણે દુકાન સુધી માલ પહોંચાડીએ છીએ અને એ ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે. બીજો પ્રશ્ન છે કે દુકાન સંચાલકને જે ૬૦ રૂપિયા ચૂકવાય છે એમાં સહકારી મંડળીઓને વધારાના ૩ રૂપિયા કિવન્ટલ દીઠ આપીએ છીએ અને

આદિજાતિ વિસ્તારની સહકારી મંડળીઓને ૬ રૂપિયા ક્વિન્ટલ દીઠ વધારાનું કમિશન ચૂકવીએ છીએ.

**શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત સરકારે છેલ્લા એક વર્ષમાં ચૂકવેલ સબસિડી તથા આ અંગે અંદાજપત્રીય જોગવાઇઓ જે કરી છે એની વિગતો જણાવશે. બીજો મારો પ્રશ્ન એ છે કે ભાવનગર જિલ્લામાં દુકાનદારો તરફથી ઓછો જથ્થો પૂરો પાડવા અંગે તાલુકાવાર કેટલી ફરિયાદો મળી છે અને તે અંગે શું પગલાં લીધાં?

**શ્રી છત્રસિંહ પૂં. મોરી :** ગુજરાત સરકારે છેલ્લા એક વર્ષમાં જે સબસિડી ચૂકવી છે અને અંદાજપત્રમાં જોગવાઇઓ કરી છે એમાં વર્ષ ૨૦૧૪–૧૫માં અંત્યોદય યોજના હેઠળ ૨૧.૫૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે અને ૨૧.૫૮ કરોડ રૂપિયાની સબસિડી ચૂકવી છે. એવી રીતે બી.પી.એલ. કુટુંબો માટે ૯૭.૪૧ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી અને ૯૭.૪૧ કરોડ એટલે પૂરેપૂરા પૈસાની સબસિડી ચૂકવી છે. અન્નપૂર્ણા યોજના છે એમાં ૨૦૧૪–૧૫માં ૮૦ લાખ રૂપિયાનું આયોજન કર્યું છે અને ૮૦ લાખ રૂપિયાની પૂરેપૂરી સબસિડી ચૂકવી દીધી છે. આયોડાઇઝ મીઠું મળે એના માટે ૬.૪૦ કરોડની જોગવાઇ છે અને ૩.૬૯ કરોડ ચૂકવાયા છે. ખાંડ માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી હતી એની સામે ૧૯.૯૪ કરોડ ચૂકવાયા છે. તેલ માટે ૨૦.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી અને ૧૯.૩૯ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. એમનો બીજો પ્રશ્ન હતો કે ભાવનગર જિલ્લામાં ઓછો જથ્થો મળે છે એવી ફરિયાદો મળી છે? તો અમારી પાસે આવી ૫૩ ફરિયાદો મળી છે એમાંથી ૨ દુકાનો રદ કરવામાં આવી છે. ૧ દુકાન મોકુફ રાખવામાં આવી છે. ૨૩ દુકાનોને ૪૭૨૫૦ દંડ કરેલ છે અને ૧૨ દુકાનદારોને તાકીદ કરી છે. ૧૩ અરજીમાં ક્ષતિ ન જણાતાં એને દફતરે કરવામાં આવી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, જે રાહત દરે અનાજ આપવાનું હોય છે. એ અનાજ લેવા માટે જ્યારે ગરીબ માણસો આવતા હોય ત્યારે બારકોડેડ રેશનકાર્ડના કારણે ફિંગર પ્રીન્ટ મળતી નથી અને એ માટે ૨૦ તારીખ પછી એની છૂટ આપવામાં આવેલ છે પણ મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ સમય મર્યાદા ૨૦ તારીખ પછી છે એની જગ્યાએ જ્યારે ફિંગર ન મળે ત્યારે તાત્કાલિક આપવાની કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાથે સંમત એટલા માટે થાઉં છું કે, એના માટે રાજ્ય સરકારે પગલા પણ લીધા છે. પહેલા બે સર્વર હતા અમે એમાં બીજા છ વધારે કર્યા છે કુલ આઠ સર્વર કર્યા છે. એના કારણે ૩ કરોડ કરતા વધારે રાજ્ય સરકારે ખર્ચ કરીને વધારે કનેક્ટીવિટીની માટેની યોજના છે. છતાં પણ ફિંગર પ્રિન્ટ ના મળે તો ૨૦ દિવસનો જે સમય હતા. ફ્લોર પરથી માનનીય અમારાં મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ પણ આ દિશામાં ચિંતા કરે છે તો ૨૦ દિવસના બદલે ૧૦ દિવસ, ૧૦ તારીખ પછી આને ફિંગર પ્રિન્ટ ના મળે છતાં પણ વિતરણ કરવાની આજે અમે બધા સભ્યશ્રીઓને ખાતરી આપીએ છીએ.

**ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ**

* ૧૫૮૭૩ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૬૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૫૮ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, મહેમદાવાદ તાલુકામાં ૬૦ આવાસ મંજૂર થયા છે એમાંથી ૫૮ આવાસ માત્ર મહિલાઓના નામે મંજૂર

થયા છે એ માટે ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મહેમદાવાદ તાલુકામાં ૨૦૧૪–૧૫માં ડીસેમ્બર–૨૦૧૪ અંતિત ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને પ્રથમ હપતા પેટે અને બીજા હપતા પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સુરેશભાઇએ જે વાત કરી કે, ૫૮ લાભાર્થી મહિલા છે. રાજ્ય સરકાર મહિલાઓને પ્રોત્સાહિત કરવા માટે જે રીતે એક એક કદમ આ રાજ્યના મુખ્યમંત્રી ઉપાડી રહ્યાં છે એ નોંધનીય અને વંદનીય છે. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ મને પૂછ્યું છે કે લાભાર્થી જ્યારે પસંદ કરવામાં આવે ત્યારે ૬૦ લોકોને પ્રથમ હપતો પસંદ કરીએ ત્યારે જ એ પહેલો હપતો લાભાર્થીને ચૂકવવામાં આવતો જ હોય છે તો ૬૦–૬૦ લોકોને પ્રથમ હપતો ચૂકવી દેવામાં આવ્યો ત્યાર પછી જ મંજૂર કરવામાં આવ્યાં છે. બીજી માગણી આવતા ૧૪ લોકોને બીજો હપતો પણ ચૂકવવામાં આવ્યો છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મહેમદાવાદ તાલુકામાં ૬૦ લાભાર્થીઓને જ મકાન ઇન્દિરા આવાસના મંજૂર કરવામાં આવ્યાં છે તો મહેમદાવાદની અંદર બાકીના કેટલા લાભાર્થીઓ ૦ થી ૨૦ની અંદર હજુ બાકી છે? મારો બીજો પ્રશ્ન એ છે કે ઇન્દિરા આવાસનો હપતો મેળવવા માટે તલાટી–કમ–મંત્રીશ્રી અને એસ.ઓ. રિપોર્ટ સમયસર આપતા નથી એવી ફરિયાદો કેટલી મળી છે અને જ્યારે લાભાર્થી ફાઇનલ હપતો લેવા જાય ત્યારે એમની પાસે કંઇકને કંઇક લાંચરૂપે માગવામાં આવે છે. તો આવી ફરિયાદ આપને મળી છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પૂછી રહ્યાં છે કે લાભાર્થીને તલાટી–મંત્રી સમયસર રિપોર્ટ નથી આપતા. અમે તમામ જિલ્લા મથકે ડી.ડી.ઓ. ને એક લાભાર્થીને બીજી વખત તાલુકા પંચાયતે ધકો ખાવો ના પડે એટલા માટે મુખ્યમંત્રીએ મિટિંગની અંદર આ સૂચન કરેલું છે. બીજો સવાલ એ છે કે, આ તાલુકામાં લાભાર્થી હવે કેટલા બાકી છે? તો મારે સભ્યશ્રીને કહેવું છે કે ૦ થી ૧૬માં ફક્ત ૩૬ લાભાર્થી આખા તાલુકામાં બાકી છે અને જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રીએ ૧૭ થી ૨૦ને બી.પી.એલ.માં ગણવા માટેનો નિર્ણય લીધો ત્યાર પછી ૧૭ થી ૨૦ના લાભાર્થી પણ ૨૧૫ જ આ તાલુકામાં છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### સાબરકાંઠા જિલ્લામાં સરકારી આર્ટસ, કોમર્સ, સાયન્સ કોલેજની મંજૂરી

* ૧૫૭૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અને કઈ સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) એકપણ નહી. |
| (૨) કેટલા સમયમાં આ કોલેજ શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૫૮૫૪ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૦૧ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૯૦ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ | (૩) તે પૈકી ૯૦ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની |

ફંડની રકમ આપવામાં આવી ? રકમ આપવામાં આવી.

**છોટાઉદેપુર જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં મંજૂર મહેકમ**

* ૧૩૯૦૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રચાયેલ ધોરણ–૧૧ તેમજ ધોરણ–૧૨ ના વિજ્ઞાન પ્રવાહની શાળાઓનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ સંવર્ગવાર શાળાવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ધોરણ–૧૧ તેમજ ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહની શાળા મંજુર થયેલ નથી. જેથી મંજુર થયેલ મહેકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ ખર્ચ**

* ૧૫૬૪૫ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં દૂધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ કુલ કેટલાં બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે ?

**જવાબ**

(૧)

| તારીખ | તાલુકો | કુલ ખર્ચ |
|---|---|---|
| તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | સંતરામપુર | રૂ.૨૧૬.૪૪ લાખ |
| તા.૨૧–૭–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | ઘોઘંબા | રૂ.૯૫.૦૦ લાખ |
| | **કુલ** | **રૂ.૩૧૧.૪૪ લાખ** |

(૨)

| તારીખ | તાલુકો | સરેરાશ બાળકો |
|---|---|---|
| તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | સંતરામપુર | ૨૭૯૧૬ |
| તા.૨૧–૭–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | ઘોઘંબા | ૨૭૬૯૩ |
| | **કુલ** | **૫૫૬૦૯** |

**તાપી જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૫૮૪૪ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ૧૫૦૦ સ્વસહાય જુથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) ૬૬૬ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે.

(૩) ૧૬૧ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મહેકમ**

* ૧૫૫૧૭ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોનું મંજૂર મહેકમ

**જવાબ**

(૧) ૪૪૬૦.

કેટલું છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) ૫૩ જગ્યાઓ એક વર્ષથી
૧૩ જગ્યાઓ બે વર્ષથી.

(૩) લાંબા સમયથી આ જગ્યાઓ ખાલી રહેવાનાં અને સમયસર ન ભરવાનાં શા કારણો છે, અને

(૩) પ્રાથમિક શિક્ષકોની વય નિવૃત્તિ, સ્વૈચ્છિક નિવૃત્તિ મૃત્યુ તેમજ બદલી થવાના કારણે જગ્યાઓ ખાલી રહેલ છે. તથા વિદ્યાર્થી શિક્ષકનાં ધોરણો બદલાતા, નવી જગ્યાઓ મંજૂર થવાથી, અને તબક્કાવાર ભરતીનું આયોજન હોવાથી તથા અનામત કક્ષાના પુરતા ઉમેદવાર ન મળવાથી.

(૪) આ જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

(૪) આ જગ્યાઓ ભરવા માટે પ્રક્રિયા ચાલુ છે.

## ભારત સરકાર દ્વારા રા.માધ્યમિક શિક્ષા અભિયાન યોજના

* ૧૫૭૩૩ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

તા.૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આર.એમ.એસ.એ.) યોજના અંતર્ગત કેટલી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

એકપણ નહીં.

## ભરૂચ જિલ્લામાં ધોરણ-૧ થી ૮ ના આદિજાતિ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૧૫૬૬૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ ૭૭,૪૪૬
વર્ષ ૨૦૧૪-૧૫ ૮૨,૭૯૯

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ રૂ. ૧૯૩.૬૧ લાખ
વર્ષ ૨૦૧૪-૧૫ રૂ. ૨૩૯.૬૦ લાખ

## મહેસાણા જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૧૫૭૦૮ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩-૨૦૧૪ અને ૨૦૧૪-૨૦૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩-૧૪માં ૫૨૨ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત ૫૪૦ હેકટર મળી કુલ ૧૦૬૨ હેકટર વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં ૧૫૭ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કુલ રૂપિયા ૭૪.૩૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ

* ૧૫૮૭૬ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૮૩૮ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૮૩૮ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

(૩) તે પૈકી ૧૪૮૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

**કચ્છ જિલ્લામાં વૃક્ષોનું ટ્રાન્સપ્લાન્ટ**

* ૧૫૭૦૭ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વૃક્ષને કાપવાના બદલે અદ્યતન ટેકનોલોજીથી આખે આખુ ઉપાડી બીજે રોપી વૃક્ષો બચાવવા અંગેના કોઈ કાર્યક્રમ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા વૃક્ષો ઉપાડી બીજે રોપી બચાવવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૧૬ વૃક્ષો બચાવવામાં આવેલ છે.

(૩) કુલ રૂા. ૧૭,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર**

* ૧૫૬૯૦ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૩૬૦ હેકટર અને ૧૦૫ હેકટર મળી કૂલ ૪૬૫ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અનુક્રમે રૂા. ૨૩.૧૫ લાખ અને રૂા. ૯.૮૫ લાખ મળી કુલ રૂા. ૩૩.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓ માટે ઓરડા**

* ૧૩૯૩૨ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકારશ્રીએ નક્કી કરેલા ધોરણ પ્રમાણે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ માટે કુલ કેટલા ઓરડાઓની આવશ્યકતા છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ જિલ્લામાં કુલ કેટલા ઓરડા ઉપલબ્ધ છે, અને

(૩) જિલ્લામાં બાકી રહેતા ઓરડાઓનું બાંધકામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકો | આવશ્યક ઓરડાની સંખ્યા |
|---|---|
| કડાણા | ૯૫૯ |
| ખાનપુર | ૭૦૨ |
| લુણાવાડા | ૧૫૫૭ |
| સંતરામપુર | ૧૭૩૩ |
| બાલાશિનોર | ૮૭૮ |
| વીરપુર | ૭૩૪ |
| **કુલ** | **૬૫૬૩** |

(૨) ૬૨૦૩.

(૩) જેમ બને તેમ જલ્દી.

અતારાંકિત પ્રશ્નો

**પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદવાનો કંપની સાથે કરાર**

* ૧૫૯૭૭ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદવાનો ૩૭ એમબીપીએસ સ્પીડ માટે કોઈ કંપની સાથે કરાર કે સમજુતી થયેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પંચાયત ઈ–ગ્રામ યોજના હેઠળ કનેકટીવીટી ખરીદવાનો ૩૭ એમબીપીએસ સ્પીડ માટે મેસર્સ ભારતી એરટેલ લી. સાથે કરાર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે અને છેલ્લાં બે વર્ષમાં માસિક અને વાર્ષિક કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) મેસર્સ ભારતી એરટેલ લી. સાથે વર્ષ ૨૦૦૮ માં કરાર કરવામાં આવેલ હતો. જે માટે છેલ્લા બે વર્ષમાં માસિક રૂ.૫૦,૭૦,૧૧૧–લેખે અને વાર્ષિક રૂ.૬,૦૮,૪૧,૩૩૨–ની રકમ ચૂકવવામાં આવે છે. |

**સુરત જિલ્લામાં આદિમ જૂથની પાયાની સુવિધાઓનો પ્રોજેકટ**

* ૧૫૬૫૫ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સુરત જિલ્લામાં આદિમ જૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેકટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) કુલ ૧૧૪૭ લાભાર્થીઓ. |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૨૧૯.૭૬ લાખ. |

**નવસારી જિલ્લામાં આદિમ જૂથની પાયાની સુવિધાઓનો પ્રોજેકટ**

* ૧૫૬૫૩ **શ્રી પિયુષ દિ. દેસાઈ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં નવસારી જિલ્લામાં આદિમ જૂથની છ પાયાની સુવિધાઓના ઉત્કર્ષ માટે કોઈ પ્રોજેકટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૩૭૫૦ લાભાર્થી. |
| (૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) રૂ. ૩૮૯.૦૯ લાખ. |

**ધંધુકા તાલુકામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ**

* ૧૫૭૧૪ **શ્રી લાલજીભાઈ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધૂકા તાલુકામાં અંત્યોદય યોજનામાં છેલ્લા એક વર્ષમાં કેટલું અનાજનું વિતરણ કરવામાં આવ્યું, | (૧) ૮૭૩૩.૧૮ કિવન્ટલ. |
| (૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને | (૨) ઘઉં રૂપિયા ૨.૦૦ પ્રતિ કિગ્રાના ભાવે અને ચોખા રૂપિયા ૩.૦૦ પ્રતિ કિગ્રાના ભાવે. |
| (૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ? | (૩) ૨૪૯૫૪ લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું. |

**શહેરા તાલુકામાં શ્રીમંતોને અપાયેલ બી.પી.એલ. કાર્ડ**

* ૧૫૨૦૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શહેરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પુરવઠા મામલતદારશ્રીએ અને મામલતદારશ્રીએ સરકારશ્રીની નીતિઓથી ઉપરવટ જઈ | (૧) ના જી. નીતિ મુજબ બી.પી.એલ. રેશનકાર્ડ અને એ.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવે છે. |

શ્રીમંતોને બી.પી.એલ. કાર્ડ આપેલ છે અને તદ્દન ગરીબ વર્ગ એ પી.એલ. માં છે તે સાચુ છે, અને

(૨) આ અધિકારીઓ સામે તપાસ કરવા માંગો છો કે કેમ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં બાલાશિનોર તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૫૮૪૮ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લાના બાલાશિનોર તાલુકામાં વર્ષ ૨૦૧૪−૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ૧૬૫ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧−૧૨−૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) ૧૨૧ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) ૬૪ સ્વસહાય જૂથોની રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટાટા કેમિકલ્સની પાઈપ લાઈન તૂટવાથી પાકોને નુકશાન**

* ૧૪૪૮૫ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર ખાતે આવેલ ટાટા કેમિકલ્સ કંપનીની બ્રાઇગ્રટ પાઈપ લાઈન દ્વારા ઝેરી બ્રાઈન્ટ પરિવહન કરતા છેલ્લાં બે વર્ષમાં પાઇપ લાઈન તૂટવાના કોઈ બનાવ બનેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો બ્રાઈટથી ખેતી અને પાકને ભારે નુકસાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૨) આ કિસ્સામાં પાકને ભારે નુકસાન થયેલ નથી. |
| (૩) પાઈપલાઈન ન તૂટે અને પાકને નુકશાન ન થાય તે માટે સરકારે શાં પગલાં લીધાં ? | (૩) ઉધોગ દ્વારા પાઈપલાઈનના કટાઈ ગયેલ ભાગને બદલવામાં આવેલ છે બોર્ડ દ્વારા વખતો વખત મોનીટરીંગ કરવામાં આવે છે આ પાઇપ લાઇનમાં લીકેજ ન થાય તે માટે ઉધોગ દ્વારા તકેદારી માટે સીકયોરીટી મુકવામાં આવે છે. તથા મેન્ટેનન્સ સીડયુલ બનાવી નિયમીત પાઈપ લાઈનનું ચેકીંગ કરવામાં આવે છે. તથા જરૂર જણાયે પ્રિવેન્ટીવ મેંન્ટેનન્સ પણ કરવામાં આવે છે. |

---------

**જામનગર જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

* ૧૫૭૦૯ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩−૧૪ અને ૨૦૧૪−૧૫ માં તા.૩૧−૧૨−૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩−૧૪ અને ૨૦૧૪−૧૫ માં તા.૩૧−૧૨−૨૦૧૪ અંતિત અનુક્રમે ૨૪૨ હેકટર અને ૨૩૦ હેકટર મળી કુલ ૪૭૨ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જામજોધપુર તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી જામજોધપુર તાલુકામાં કુલ ૮૫ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા.૩૧−૧૨−૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) કુલ રૂ. ૫૦.૪૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

## પંચમહાલ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનું નિરીક્ષણ

* ૧૪૧૭૨ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં વ્યાજબી ભાવની દુકાનો યોગ્ય રીતે કામ કરે તે માટે જિલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓએ દર છ મહીને એકવાર દુકાનોનું નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા. જી, પરંતુ તાજેતરમાં સરકારશ્રીએ વાજબી ભાવની દુકાનના નિરીક્ષણ સમયે ૧૦૦% રેશનકાર્ડનું ક્રોસચેકીંગ એટલે કે ગુણવત્તાસભર તપાસ કરવાનું નક્કી કરેલ છે. |
| (૨) જો હા તો પંચમહાલ જિલ્લામાં ઉકત સ્થિતિએ એક વર્ષમાં કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું અને નિરીક્ષણ ન કરવામાં આવ્યું હોય તો તેના કારણો શા છે, અને | (૨) તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં પંચમહાલ જિલ્લામાં આવેલ દુકાનો પૈકી ૧૧૨ દુકાનોની એક વખત અને ૧૩ દુકાનોની બે વખત તપાસ કરવામાં આવી.<br>બાકી રહેલ દુકાનોની હયાત જુના બારકોડેડ રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ, બાયોમેટ્રીક મેળવવા અને ચકાસણીની અગત્યની કામગીરીમાં વ્યસ્તતાને કારણે નિયમોનુસારનું નિરીક્ષણ થઈ શકેલ નથી. |
| (૩) નિરીક્ષણ કરવામાં આવેલ દુકાનોમાં ગેરરીતિઓ, ખામીઓ જણાઈ હોય તો તેની વિગતો શી છે ? | (૩) ગેરરીતિઓ–ખામીઓની વિગત નીચે મુજબ છેઃ–<br>૧. રેશનકાર્ડધારકોને અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો નિયત પ્રમાણ કરતાં ઓછો વિતરણ કરવામાં આવે છે.<br>૨. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વગે કરવામાં આવેલ હોય.<br>૩. હાજર જથ્થામાં વધ–ઘટ.<br>૪. પરમીટ મેળવ્યા બાદ સમયસર જથ્થો ઊપાડવામાં આવેલ નથી.<br>૫. ધંધાના સ્થળે ભાવ–જથ્થાનું બોર્ડ અધતન નિભાવેલ નથી.<br>૬. દુકાનમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શિત કરેલ નથી તથા ફરિયાદ પેટી રાખેલ નથી.<br>૭. વેચાણબીલોમાં કાર્ડધારકોના નામ–સરનામાં,જથ્થો, ભાવ, કિંમતની વિગતો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.<br>૮. હિસાબી રજીસ્ટરો અધતન રાખવામાં આવેલ નથી.<br>૯. અંત્યોદય તેમજ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોના નામની યાદી દુકાનમાં પ્રસિધ્ધ કરેલ નથી. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર

* ૧૫૬૮૫ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં અનુક્રમે ૨૩૬૪ હેકટર અને ૨૬૯૬ હેકટર મળી કુલ ૫૦૬૦ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે ? | (૨) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં અનુક્રમે રૂ. ૮૪૮.૭૨ લાખ અને રૂ. ૭૬૧.૦૩ લાખ મળી કુલ રૂ. ૧૬૦૯.૭૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં માલિકીના ઝાડો કાપવાની પરવાનગી**

* ૧૪૬૬૧ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં માલિકીના ઝાડો કાપવાની પરવાનગી અંગે વન વિભાગ દ્વારા લાભાર્થી ખેડૂતોને જી.આર. પ્રમાણે લાભ દર પાંચ વરસે લાભો આપવા તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઈઓકશન પદ્ધતિ દ્વારા ખેડૂતોને ખોટ ગયેલ હોવાથી સદર ઈઓકશન પદ્ધતિ રદ કરી જાહેર હરાજી પદ્ધતિ લાવવા સરકારનું શું આયોજન છે ? | (૨) આ પધ્ધતિ રદ કરવા હાલ પુરતુ સરકારશ્રીની વિચારણા હેઠળ નથી. |

---------

**અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૫૮૪૬ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ૧૨૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) ૬૬ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) ૭ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ થયેલ કેસો**

* ૧૫૭૨૮ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ ના વર્ષમાં કુલ કેટલા કેસ દાખલ થયા, | (૧) ૧૮૦૮ કેસો. |
| (૨) તે વર્ષમાં કેટલા કેસનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૧૨૮૨ કેસો. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૧૮૦૬ કેસો. |
| (૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે શું વ્યવસ્થા કરેલ છે ? | (૪) (૧) બાકી કેસોનો નિકાલ કરવા માટે સરકારશ્રી કક્ષાએ યોજાતી માસિક રીવ્યુ મીટીંગમાં સમીક્ષા કરાતા કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.<br>(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. |

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમીટીની બેઠક બાબત**

* ૧૫૨૯૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમીટીની કેટલી બેઠકો મળી,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | મળેલ લેન્ડ કમીટીની બેઠકો |
|---|---|---|

| ગાંધીનગર જીલ્લો | | |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૦ |
| ૨ | દહેગામ | ૧ |
| ૩ | કલોલ | ૧ |
| ૪ | માણસા | ૦ |
| | કુલ | ૨ |
| મહેસાણા જીલ્લો | | |
| ૧ | મહેસાણા | ૩ |
| ૨ | કડી | ૩ |
| ૩ | વિજાપુર | ૧ |
| ૪ | વિસનગર | ૨ |
| ૫ | ખેરાલુ | ૨ |
| ૬ | વડનગર | ૧ |
| ૭ | સતલાસણા | ૦ |
| ૮ | ઉંઝા | ૨ |
| ૯ | બેચરાજી | ૨ |
| | કુલ | ૧૬ |

(૨) ઉકત સ્થિતિએ મફતગાળા મેળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી તથા કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|---|
| ગાંધીનગર જીલ્લો | | | | |
| ૧ | ગાંધીનગર | ૦ | ૦ | ૦ |
| ૨ | દહેગામ | ૦ | ૯૬ | ૧૫ |
| ૩ | કલોલ | ૨ | ૨ | ૦ |
| ૪ | માણસા | ૧૪ | ૦ | ૦ |
| | કુલ | ૧૬ | ૯૮ | ૧૫ |
| મહેસાણા જીલ્લો | | | | |
| ૧ | મહેસાણા | ૧૫૯ | ૭૧ | ૮૮ |
| ૨ | કડી | ૩૫૯ | ૧૧૯ | ૯૮ |
| ૩ | વિજાપુર | ૨૪ | ૨૧ | ૩ |
| ૪ | વિસનગર | ૧૧૬ | ૭૦ | ૪૬ |
| ૫ | ખેરાલુ | ૨૪૮ | ૧૮૦ | ૬૮ |
| ૬ | વડનગર | ૧૨૭ | ૮૫ | ૪૨ |
| ૭ | સતલાસણા | ૨૮ | ૦ | ૦ |
| ૮ | ઉંઝા | ૭૮ | ૪૭ | ૩૧ |
| ૯ | બેચરાજી | ૧૦૭ | ૫૯ | ૪૨ |
| | કુલ | ૧૨૪૬ | ૬૫૨ | ૪૧૮ |

(૩) નામંજૂર થવાના કારણો શા છે ?

(૩) લાભાર્થી પાત્રતા ધરાવતા ન હોવાથી.

---------

**કાંકરેજ તાલુકામાં તલાટી–કમ–મંત્રીઓની જગ્યા**

* ૧૫૭૯૪ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં કેટલા તલાટી–કમ–મંત્રીઓની જગ્યા કેટલા સમયથી ખાલી છે,

(૧)

| ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|
| | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |

| | | | |
|---|---|---|---|
| ૩૪ | ૨૧ | ૯ | ૪ |

(૨) કેટલા તલાટીઓ પાસે વધારાનો ચાર્જ છે, અને

(૨) ૧૯ તલાટી–કમ–મંત્રીઓ પાસે વધારાનો ચાર્જ છે.

(૩) તલાટી–કમ–મંત્રીઓની જગ્યાઓ ભરવા સરકારે શાં પગલાં લીધા ?

(૩) ૨૦૧૪માં કાંકરેજ તાલુકામાં ૧૩ તલાટી કમ મંત્રીની જગ્યાઓ ભરવામાં આવેલ હતી. ભરતી કેલેન્ડર મુજબ બાકીની જગ્યાઓ ભરાશે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૫૭૧૭ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે,

(૨) તે પૈકી કેટલા કાર્ડધારકોને કુડકુપન ઉપર અનાજનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કુડ કુપન પર અનાજનું વિતરણ વધારવા સરકારે શાં પ્રયત્નો કર્યા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ૩,૬૭,૩૦૨ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયું છે.

(૨) માહે ડીસેમ્બર–૨૦૦૪ના માસમાં ૧૭૦૪૩૫ કાર્ડ ધારકોને કુડકુપન ઉપર અનાજનું વિતરણ કરવામાં આવ્યું.

(૩) કુડ કુપન પર અનાજનું વિતરણ વધારવા માટે

૧. રાજ્યમાં ૨ સર્વર હતા તેમાં નવા ૬ સર્વરનો ઉમેરો કરી કુલ–૮ સર્વર કાર્યરત કર્યા છે.
૨. મંજુર થતી નવી વાજબી ભાવની દુકાન સંચાલકો/સંસ્થા કોમ્પ્યુટર, પ્રિન્ટર અને ફીંગરપ્રિન્ટ ડીવાઇસ વિગેરે હાર્ડવેર વસાવે તે માટે જોગવાઈ કરેલ છે.
૩. વાજબી ભાવની દુકાન સંચાલકો/સંસ્થાને કોમ્પ્યુટર અને ફીંગરપ્રિન્ટ ડીવાઇસ વિગેરે હાર્ડવેર વસાવે તો જ દુકાનનો પરવાનો રીન્યુ કરવામાં આવશે તેવી જોગવાઈ કરેલ છે.
૪. વિડીઓ કોન્ફરન્સ દ્વારા રાજ્યના તમામ વાજબી ભાવની દુકાનના સંચાલકોને ફિંગરપ્રિન્ટ આધારે જથ્થાનું વિતરણ કરવા માટે કોમ્પ્યુટર, ફિંગરપ્રિન્ટ ડીવાઇસ વગેરે ચલાવવા માટેની તાલીમ આપવામાં આવી.
૫. કુડકુપન ઉપર વધુ વિતરણ થાય તે માટે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ સાથે દર માસે જિલ્લાવાર સમીક્ષા કરવામાં આવે છે.

---------

## અમદાવાદ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિકના ધોરણ–૧૧ અને ૧૨ ના નવા વર્ગો

* ૧૪૨૯૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સરકારી ઉચ્ચતર માધ્યમિકના ધોરણ–૧૧ અને ૧૨ ના કેટલા વર્ગો નવા શરૂ કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે સરકારી કઈ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે, તેમાં સંવર્ગવાર મહેકમ મૂકવામાં આવેલ છે કે

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) દેત્રોજમાં ખાલી જગ્યા ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

કેમ?

**રાજ્યમાં રોઝ–ભૂંડ અને વન્ય પ્રાણીઓ દ્વારા કૃષિ પાકોને નુકશાન**

* ૧૫૯૯૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં રોઝ–ભૂંડ અને વન્ય પ્રાણીઓ દ્વારા કૃષિ પાકોને થતા નુકશાનને અટકાવવા શું આયોજન કરેલ છે ?

**જવાબ**

નીચે મુજબનું આયેજન કરેલ છે.

૧. ખેતરની ફરતે કાંટાળા તારની વાડ તૈયાર કરવાની યોજના હેઠળ ધારા ધોરણ મુજબ વાડ માટે ખેડુતને ૫૦ ટકા સહાય પેટે ચૂકવવામાં આવે છે.
૨. આ હેતુ માટે સરકારે વર્ષ ૨૦૧૪–૧૫ માટે રૂ઼ા. ૭૫૧.૫૦ લાખની જોગવાઈ કરેલ છે.
૩. રાજ્યમાં કુલ ૩૪૭૪ સરપંચોને હોદ્દાની રૂએ માનદ્ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિયુક્ત કરેલ હોઈ તેઓને ખેડુતના પાકને નુકશાન કરતા રોઝનો નિકાલ કરવા સત્તા આપવામાં આવેલ છે.

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાઓમાં નિવાસી શાળા અને આશ્રમશાળામાં શિક્ષકોની ખાલી જગ્યા ભરવા બાબત**

* ૧૩૯૦૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં નિવાસી શાળા અને આશ્રમશાળામાં શિક્ષકોની જગ્યા અને ખાલી હોવા છતાં જાહેરાત બહાર ન પાડવાના કારણો શાં છે, અને

(૨) આ જિલ્લાઓ માટે ક્યારે જાહેરાત બહાર પડાશે ?

**જવાબ**

(૧) જાહેરાત બહાર ન પાડવાના કારણો નીચે મુજબ છેઃ

- આદર્શ નિવાસી શાળાઓના માધ્યમિક વિભાગના ધોરણ–૮ના વર્ગો બંધ થવાથી શિક્ષકોની જરૂરિયાત ન હોવાથી હાલ ભરતી કરવાની રહેતી નથી. ઉચ્ચતર માધ્યમિક વિભાગ (વિજ્ઞાન પ્રવાહ)માં શિક્ષકોની ખાલી જગ્યા ભરવાની પ્રક્રિયા ગતિમાં છે.
- અમુક આશ્રમશાળાઓની ખાલી જગ્યાઓ માટે નામદાર હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે તથા સંસ્થાઓ તરફથી ના વાંધા પ્રમાણપત્રની માંગણી નહી થવાને કારણે જાહેરાત બહાર પાડવામાં આવેલ નથી.

(૨) જેમ બને તેમ જલ્દીથી.

---------

**રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટ માટે ટાસ્ક ફોર્સની રચના**

* ૧૪૨૦૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બાયોમેડીકલ વેસ્ટના પ્રશ્ને ટાસ્કફોર્સની રચના ક્યારે કરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ આ ટાસ્ક ફોર્સ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેવા પ્રકારની ભલામણો કરેલ, અને

**જવાબ**

(૧) તા.૦૪–૦૮–૨૦૧૧ ના રોજ કરવામાં આવી.

(૨) **વર્ષ–૨૦૧૩**

૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે રાજ્યમાં આવેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોસ્પીટલોએ બાયોમેડીકલ વેસ્ટ રૂલ્સ અંતર્ગત બોર્ડનું ઓથોરાઈઝેશન મેળવવું
૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે રાજ્યમાં આવેલ તમામ સરકારી હોસ્પીટલો તથા અન્ય દવાખાનામાં બાયોમેડીકલ

વેસ્ટનું વ્યવસ્થાપન અને હેરફેર બરાબર થાય અને કલર કોડ પ્રમાણે સેગ્રીગેશન થાય તે માટે જિલ્લા મથકે સેમિનારો કરવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ટેકનિકલ સહાય આપે.

૩) આરોગ્ય કમિશ્નરની કચેરી દ્વારા રાજ્યમાં કેટલા દવાખાના આવેલા છે તે ચકાસવા એક પુનઃ મોજણી કરાવવી.

૪) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સરકાર માં ૭૦ જેટલા મોનીટરીંગ સ્ટાફની કરાર પધ્ધતીથી ભરતીની માગણી કરેલ છે. તેમા સરકારશ્રી કક્ષાએ જરૂરી કાર્યવાહી કરવી.

૫) અત્યાર સુધી પશુ દવાખાનાઓ બોર્ડનું ઓથોરાઈજેશન મેળવતા ન હતા. આ બાબતે કૃષિ અને પશુપાલન વિભાગ સાથે પરામર્શમાં રહી આવા પશુ દવાખાનાઓ બોર્ડનું ઓથોરાઈજેશન મેળવે.

**વર્ષ–૨૦૧૪**

(૧) કલેકટર હિંમતનગર દ્વારા જિલ્લા ટાસ્ક ફોર્સની મીટીંગ મળેલ હતી. આ મીટીંગમાં કાયદા ભંગ કરતા હેલ્થકેર એકમો સામે બાયો મેડીકલ્સ રુલ્સ હેઠળ એકશન લેવા પર ભાર મુકયો.

(૨) બાયો મેડીકલ રુલ્સ હેઠળ સઘન મોનીટરીંગ થાય તે જોવું અને ગેર કાયદેસર રીતે બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ થતો જણાય તો તે કમીટીના ધ્યાને તરત લાવવું.

(૩) મળેલ ભલામણ અન્વયે સરકારે શી કાર્યવાહી કરેલ?

(૩) ૧) રાજયમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને કેન્દ્રીય આરોગ્ય કેન્દ્ર દ્વારા બાયોમેડીકલ વેસ્ટ કાયદા હેઠળ બોર્ડના ઓથોરાઈઝેશન લેવામાં આવેલ છે.

૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને ગુજરાત ઈકોલોજી કમીશન જે વન અને પર્યાવરણ વિભાગની એક સંલગ્ન સંસ્થા છે તેઓ દ્વારા બાયોમેડીકલ વેસ્ટ કાયદાના અસરકારક અમલીકરણ માટે રાજકોટ, ભાવનગર, વડોદરા, સુરત ખાતે એક દિવસીય તાલીમ શાળાનું આયોજન કરવામાં આવેલ હતું જેમા આ વિસ્તારમાં આવેલા દવાખાના, હોસ્પીટલોના ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફે ભાગ લીધો હતો.

૩) બોર્ડ દ્વારા બાયોમેડીકલ વેસ્ટ કાયદા અન્વયે અગાઉ ૨૦૦૫–૦૬ મા ઈન્વેનટરી કરવામાં આવેલ હતી. હાલમાં બોર્ડની પ્રાદેશીક કચેરીઓ દ્વારા તેઓના વિસ્તારમાં આવેલ દવાખાનાઓની મુલાકાત લેવામાં આવે છે.

૪) બાયોમેડીકલ વેસ્ટ કાયદો ૧૯૯૮મા આવ્યા બાદ આ કાયદાના પાલન અંગેની કાર્યવાહી માટે અલગથી મહેકમ ન હોઈ, આ અંગે કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

૫) ગુજરાત ઈકોલોજી કમીશન અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે તારીખ ૨૭-૦૧-૨૦૧૫ ના રોજ અધિક મુખ્ય સચિવ શ્રી વન અને પર્યાવરણના અધ્યક્ષ સ્થાને સ્ટેટ લેવલનો એક સેમીનાર યોજાયેલો હતો જેમા ગુજરાત ભરમાંથી ડોકટરોએ અને પેરોમેડીકલ સ્ટાફ તેમજ વેટરનરી ડોકટરોએ હાજરી આપેલ હતી. આ સેમીનારમાં વેટરનરી ડોકટરો દ્વારા પણ BMW કાયદા અન્વયે બોર્ડનું ઓથૉરાઈઝેશન મેળવવા જણાવવામાં આવ્યું.

બાયો મેડીકલ રુલ્સ અન્વયે ગેર કાયદેસર બાયો મેડીકલ વેસ્ટના નિકાલની કોઈ પણ ફરીયાદ મળે તે અંગે તાત્કાલીક કાર્યવાહી કરવામાં આવે છે. બોર્ડ દ્વારા વર્ષ-૨૦૧૪ દરમ્યાન બાયો મેડીકલ રુલ્સના ભંગ કરતા ૧૪૨ હેલ્થ કેર એકમોને હિંમતનગર પ્રાદેશિક કચેરી દ્વારા નોટીસ આપવામાં આવેલ છે. અને ગંભિર રીતે કાયદાનો ભંગ કરતા એક એકમને બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

---------

**બોટાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારવા ફોરમમાં કેસો**

* ૧૫૭૧૨ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બોટાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ના વર્ષમાં કુલ કેટલા નવા કેસો દાખલ થયા,

(૨) કેટલા કેસોનો નિકાલ થયો,

(૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર છે, અને

(૪) બાકી કેસોનો ઝડપી નિકાલ માટે સરકાર તરફથી શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) થી (૪) બોટાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત થયેલ નથી.

તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ડેરી વિકાસ યોજના**

* ૧૫૬૫૨ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનામાં ક્યા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) હા જી.

(૨)

૧) દુધાળા પશુ (ગાય-ભેંસ)
૨) વાસણ કીટ
૩) ટ્રાન્સપોર્ટેશન
૪) પશુ ખાણ-દાણ
૫) તાલીમ
૬) પશુ સારવાર

| | |
|---|---|
| | ૭) વીમો<br>૮) ૫ % ટેકનો મેનેજમેન્ટ ખર્ચ |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ૨૩૪૪. |

---------

**સરકારી પોલીટિકનીક કોલેજોમાં પ્રિન્સિપાલની જગ્યાઓનું મહેકમ**

* ૧૫૭૭૪ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારી પોલીટિકનીક કોલેજોમાં પ્રિન્સિપાલની જગ્યાઓનું મહેકમ રાજ્યમાં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કેટલું મંજૂર થયેલ છે, અને | (૧) ૩૦ (ત્રીસ). |
| (૨) આ પૈકી તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ? | (૨) ૨૭ (સત્તાવીસ). |

---------

**જામનગર જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે ગોડાઉનો**

* ૧૫૭૦૨ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ઘાસ સંગ્રહ માટે કેટલા ઘાસ ગોડાઉનો આવેલા છે, અને | (૧) ૧૮ ગોડાઉનો. |
| (૨) મેળવેલ ઘાસ પૈકી ઉકત સ્થિતિએ કેટલો જથ્થો ગોડાઉનોમાં સંગ્રહાયેલ છે ? | (૨) ૨૮.૩૭ લાખ કિલોગ્રામ. |

---------

**રાજ્યમાં વનબંધુ યોજના હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ**

* ૧૫૬૪૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ-૧ થી ૮ ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૬૩૮૨૨. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૪૫૭.૮૮ લાખ. |

---------

**ખેડા જિલ્લામાં ઈકોટુરીઝમ વિકાસની યોજના**

* ૧૫૬૯૩ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૩) તે પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓની સંખ્યા બાબત**

* ૧૫૨૧૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓની સંખ્યા કેટલી છે તે માટેનું સર્વે ક્યારે કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓનો કોઈ સર્વે કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન નથી. પરંતુ ખેડા જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ નાં વર્ષમાં કાચા મકાનોનો સર્વે કરવામાં આવેલ તેમાં કાચા મકાનોની કુલ સંખ્યા તાલુકાવાર નીચે મુજબ છે.

| **અ.નં.** | **તાલુકો** | **કાચા મકાનની સંખ્યા** |
|---|---|---|
| ૧ | નડીઆદ | ૪૩૦૯ |
| ૨ | મહુધા | ૭૬૨૪ |
| ૩ | માતર | ૨૧૧૪ |
| ૪ | ખેડા | ૮૬૧ |
| ૫ | બાલાસિનોર | ૨૩૬૮ |
| ૬ | કઠલાલ | ૧૦૬૩૯ |
| ૭ | કપડવંજ | ૧૧૫૯૧ |
| ૮ | મહેમદાવાદ | ૫૯૯૦ |
| ૯ | ઠાસરા | ૧૦૯૫૩ |
| ૧૦ | વિરપુર | ૧૩૯૯ |
| | **કુલ** | **૫૭૮૪૮** |

(૨) રાજ્ય સરકારે આ ઝૂંપડપટ્ટી વિસ્તારોને વિકસિત કરવા કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

(૨) કાચા આવાસોને પાકા કરવા માટે સરકારના તા.૧૮–૦૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃઅવસ/૧૦૨૦૧૪/૧૫૮/લ થી સરદાર આવાસ યોજના –૨ અમલમાં મુકવામાં આવેલ છે. સદર યોજનાના અમલમાં આવ્યા બાદ ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ મળેલ છે, મંજૂર કરેલ છે તથા આવાસ શરૂ કરવામાં આવેલ છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓ** | **મંજુર કરેલ અરજીઓ** | **મંજુર કર્યા બાદ શરૂ કરવામાં આવેલ આવાસો** |
|---|---|---|---|---|
| ૧ | નડીઆદ | ૩૫૧૫ | ૨૯૯૩ | ૨૩૯૩ |
| ૨ | મહુધા | ૨૬૩૪ | ૨૩૦૦ | ૫૪૩ |
| ૩ | માતર | ૧૫૩૫ | ૧૪૪૩ | ૬૧૦ |
| ૪ | ખેડા | ૧૧૩૫ | ૧૦૪૭ | ૧૦૪૭ |
| ૫ | બાલાસિનોર | ૨૪૫૫ | ૨૩૩૫ | ૬૮૫ |
| ૬ | કઠલાલ | ૨૭૩૮ | ૨૬૨૫ | ૧૮૧૯ |
| ૭ | કપડવંજ | ૩૯૩૨ | ૩૬૩૨ | ૪૦૫ |
| ૮ | મહેમદાવાદ | ૨૯૨૫ | ૨૫૧૦ | ૫૯૬ |
| ૯ | ઠાસરા | ૪૯૯૮ | ૪૬૨૩ | ૯૯૦ |
| ૧૦ | વિરપુર | ૧૫૨૨ | ૧૩૭૭ | ૩૪૪ |
| | **કુલ** | ૨૭૩૮૯ | ૨૪૮૮૫ | ૯૪૩૨ |

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**મહેસાણા જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મહેકમ**

* ૧૫૮૯૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૨૮૮. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૧૨૨. |
| (૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૬૮ જગ્યાઓ ભરવામાં આવી, અને ૫૪ ખાલી રહી. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

**ભાવનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો**

* ૧૪૪૯૮ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના તાલુકાવાર ગામડાઓમાં સસ્તા અનાજની દુકાનો ખૂબ જ દૂર હોવાથી આમ જનતાને હાડમારીઓ પડે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) રેશનકાર્ડ ધારકો/જનતાને હાડમારી ના પડે તે હેતુથી ૩ કિ. મી. ની ત્રિજયામાં સસ્તા અનાજની દુકાન ઉપલબ્ધ થાય તેવી સરકારની નીતિ અને વ્યવસ્થા છે. |
| (૨) જો હા, તો ગામડાઓમાં બે કી.મી. ના અંતરે સસ્તા અનાજની દુકાનો ખોલવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં ડિપ્લોમાં ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો**

* ૧૫૭૪૬ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૨<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૧૨<br>**કુલ ૧૪** |
| (૨) આ બધીજ કોલેજોની મંજુર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૭૯૫૦. |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૪૨૪૭. |
| (૪) ઉકત સ્થિતિએ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૩૭૦૩. |

---------

**કેરોસીન ટેન્કરોમાં જી. પી. એસ. સિસ્ટમ**

* ૧૫૬૩૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** *તા.૦૪–૦૭–૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૯૪૨૮ (અગ્રતા–૧૪૦) ના અનુસંધાને **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વ્યાજબી ભાવની દુકાનો મારફતે વિતરણ થતા કેરોસીનના ટેન્કરોમાં ગ્લોબલ પોઝીશનીંગ સિસ્ટમ (જી.પી.એસ.) મુકવાની ભારત સરકારની દરખાસ્તનો રાજ્ય સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કર્યો છે અને સર્વીસ પ્રોવાઈડરની પસંદગી અને નિમણૂંક થયેથી તમામ ટેન્કરોમાં આ સિસ્ટમ મૂકવામાં આવનાર હતી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આ સિસ્ટમ મુકવાની કામગીરી કયા તબક્કામાં છે. અને કેટલા ટેન્કરોમાં આ સિસ્ટમ મુકી દેવામાં આવી છે, અને | (૨) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ ગાંધીનગર દ્વારા ડોર સ્ટેપ ડીલીવરી માટેના વાહનોમાં મૂકવામાં આવનાર હેન્ડ હેલ્ડ ટર્મીનલ થમ્બ ઈમ્પ્રેશન સિસ્ટમ સારી છે કે જી.પી.એસ. સિસ્ટમ સારી છે તે બાબતનો અભ્યાસ ચાલુ છે. તે પુર્ણ થયે યોગ્ય નિર્ણય કરવામાં આવશે. |
| (૩) બાકી રહેલા તમામ ટેન્કરોમાં આ સિસ્ટમ કયાં સુધીમાં મુકી દેવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરત જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૧૫૬૬૮ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૬ (છ). |
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૭૪૩. |

---------

## વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રા. શિક્ષકોની ઘટ

* ૧૬૩૪૧ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષકોની વિષયવાર કેટલી ઘટ છે, અને

(૧)

| શિક્ષકની ઘટ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | ધોરણ-૬ થી ૮ | | |
| | | ગણિત-વિજ્ઞાન | ભાષા | સામાજીક વિજ્ઞાન |
| ૧ | વલસાડ | ૦ | ૭ | ૧૨ |
| ૨ | પારડી | ૨ | ૧૧ | ૫ |
| ૩ | ધરમપુર | ૬ | ૮ | ૧૬ |
| ૪ | ઉંમરગામ | ૨૬ | ૧૬ | ૧૬ |
| ૫ | કપરાડા | ૪૫ | ૩૦ | ૧૧ |

(૨) આ ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) ફેબ્રુઆરી-૨૦૧૫માં ગણિત-વિજ્ઞાનના ૨૬ વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી.

---------

## પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

* ૧૫૬૭૯ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૨ (બે) સરકારી ટ્રાય છાત્રાલય. |
| (૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે? | (૨) ૭૮. |

---------

### દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ફાળવેલ કોમ્પ્યુટરની ચોરી

* ૧૪૨૦૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ અને માધ્યમિક શાળાઓમાંથી સરકારે ફાળવેલ કોમ્પ્યુટરોની ચોરીઓ થયેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે શાળાઓમાં કોમ્પ્યુટરોની સુરક્ષા માટે સરકારી કે ખાતાકીય કોઈ આયોજન છે કે કેમ ? | (૨)<br>• જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા શાળાના આચાર્યશ્રીઓને તકેદારી રાખવા જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.<br>• જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓને શાળામાં કોમ્પ્યુટરની સલામતી માટે તકેદારી રાખવા તેમજ ચોરીના કિસ્સાઓમાં થયેલ ફરીયાદ પર ઝડપી તપાસ કરવા માટે જાણ કરવામાં આવેલ છે.<br>• કોમ્પ્યુટર ચોરી થયેથી નજીકના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવે છે.<br>- કોમ્પ્યુટર લેબવાળી શાળાઓમાં ફરજિયાત પણે દરેક શાળા ખાતે ઈન્ટરલોકની વ્યવસ્થા કરવામાં આવી છે.<br>• વેકેશનના સમયગાળા દરમ્યાન શાળામાં કોમ્પ્યુટરની સલામતી માટે જરૂરી વ્યવસ્થા કરવા તમામ શાળાઓને સુચિત કરવામાં આવે છે. |

---------

### નવસારી જિલ્લામાં તાલુકાદીઠ રાજીવ ગાંધી ભવન બાંધવાની મંજૂરી

* ૧૫૫૭૧ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાદીઠ કેટલા રાજીવ ગાંધી ભવન બાંધવાની મંજૂરી છેલ્લા બે વર્ષમાં કેટલી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાદીઠ રાજીવ ગાંધી ભવનો બાંધવાની આપવામાં આવેલ મંજૂરીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂરી આપવામાં આવેલ રાજીવ ગાંધી ભવનની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચીખલી | ૨ |
| ૨ | ગણદેવી | ૨૨ |
| ૩ | જલાલપોર | ૧૨ |
| ૪ | નવસારી | ૦ |
| ૫ | વાંસદા | ૧૩ |

| | | |
|---|---|---|
| | **કુલ** | **૪૯** |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા રાજીવ ગાંધી ભવનો તૈયાર થયા અને કેટલા બાકી છે, અને

(૨) તે અન્વયે વર્ષવાર તૈયાર થયેલ અને બાકી રાજીવ ગાંધી ભવનોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા. ૧-૨-૨૦૧૩થી તા.૩૧-૧-૨૦૧૪ | | | તા. ૧-૨-૨૦૧૪થી તા.૩૧-૧-૨૦૧૫ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પૂર્ણ | બાકી | કુલ | પૂર્ણ | બાકી | કુલ |
| ૧ | ચીખલી | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૦ |
| ૨ | ગણદેવી | ૦ | ૦ | ૦ | ૦ | ૨૨ | ૨૨ |
| ૩ | જલાલપોર | ૦ | ૧૨ | ૧૨ | ૦ | ૦ | ૦ |
| ૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | વાંસદા | ૦ | ૩ | ૩ | ૦ | ૧૦ | ૧૦ |

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૩) તે અન્વયે થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ | | કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૨૦૧૩થી તા. ૩૧-૧-૨૦૧૪ | તા. ૧-૨-૨૦૧૪થી તા. ૩૧-૧-૨૦૧૫ | |
| ૧ | ચીખલી | ૩.૨૯ | ૧૨.૪૬ | ૧૫.૭૫ |
| ૨ | ગણદેવી | ૨૪.૭૩ | ૧.૬૩ | ૨૬.૩૬ |
| ૩ | જલાલપોર | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૪ | નવસારી | ૦૦.૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| ૫ | વાંસદા | ૦૦.૦૦ | ૧૭.૯૩ | ૧૭.૯૩ |
| | **કુલ** | **૨૮.૦૨** | **૩૨.૦૨** | **૬૦.૦૪** |

---------

## અમદાવાદ જિલ્લામાં ધોળકા તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૫૮૪૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વર્ષ-૨૦૧૪-૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકીના તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ૧૦૦ સ્વસહાય જુથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) ૭૨ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે.

(૩) ૪૧ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

---------

## જૂનાગઢ જિલ્લામાં અપાયેલ બાયોમેટ્રીક કાર્ડ

* ૧૫૨૭૪ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ ધારકોને અપાયેલ બાયોમેટ્રીક કાર્ડમાં ફીંગરપ્રિન્ટ મળતી ન આવવાથી કાર્ડધારકોને ભારે મુશ્કેલીઓ પડી રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવી મુશ્કેલીઓ નિવારવા અને કાર્ડધારકોને સમયસર દર મહિને અનાજ મળે તે માટે સરકારે શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મુશ્કેલીઓ નિવારવા અને કાર્ડધારકોને સમયસર દર મહિને અનાજ મળે તે માટે નીચે મુજબની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧. ફીંગર પ્રિન્ટ મેચ ન થાય અથવા કનેકટીવીટી ન મળે તો કાર્ડધારકોને કુડકુપન વગર, બારકોડેડ રેશનકાર્ડ ઉપર જથ્થાનું વેચાણ દર માસની ૨૦મી તારીખ પછી કરવામાં આવે છે.

૨. કનેકટીવીટી મળતી ન હોય તો તેવી વાજબી ભાવની દુકાનને કુડકુપન ઉપર વિતરણ કરવામાંથી મુકિત આપવા જિલ્લા કલેકટરશ્રીઓને સત્તા આપી છે.
૩. રાજ્યમાં આ કામગીરી માટે બે સર્વર હતા. તેમાં નવા બીજા છ સર્વરનો ઉમેરો કરવામાં આવેલ છે. નવા સર્વર ફેબ્રુઆરી–૨૦૧૫ થી કાર્યરત છે.
૪. દર માસે જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓની બેઠકમાં રીવ્યુ/સમીક્ષા કરવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ**

* ૧૫૮૬૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૪૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) તે પૈકી ૩૫૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

---------

**વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ થયેલ કેસો**

* ૧૫૭૨૭ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ના વર્ષમાં કુલ કેટલા કેસ દાખલ થયા, | (૧) ૧૫૩૫ કેસો. |
| (૨) તે વર્ષમાં કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૧૧૦૩ કેસો. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૩૪૫૬ કેસો. |
| (૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે શું વ્યવસ્થા કરેલ છે? | (૪) (૧) બાકી કેસોના નિકાલ કરવા માટે સરકારશ્રી કક્ષાએ યોજાતી માસિક રીવ્યુ મીટીંગમાં સમીક્ષા કરાતા કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.<br>(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્ધારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. |

---------

**વડોદરા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થી માટે નિવાસી શાળાઓ**

* ૧૫૬૬૪ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૧ (એક) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, | (૨) કન્યા–૧ (એક) |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૧૭૭ કન્યાઓ. |

(૪) આ શાળાના બાળકોને શી સવલતો આપવામાં આવે છે?

(૪) રહેવાની, જમવાની, ભણવાની તેમજ ગણવેશ બુટ–મોજા, સાબુ–તેલ, સ્ટેશનરીની સવલતો વિના મૂલ્યે આપવામાં આવે છે.

---------

## મોરબી જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ

* ૧૫૭૨૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) મોરબી જિલ્લામાં નવા રેશનકાર્ડની ૪૩૦૨ અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૪૨૯૨ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) ૧૦ અરજીઓ પડતર છે. |
| (૪) પડતર રહેવાના કારણો? | (૪) અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. અરજીમાં અપૂરતી વિગતો.<br>૨. જરૂરી આધાર–પુરાવા પૂરા પાડવામાં ન આવ્યા હોય. |

---------

## પાટણ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધિ

* ૧૩૯૪૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી પ્રાથમિક શાળાઓમાં પીવાના પાણી, લાઇટ, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જિલ્લામાં પીવાના પાણી, લાઇટ, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ ન હોય તેવી એકપણ શાળા નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા સમયથી રાજ્ય સરકાર આ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગે છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## દાહોદ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળાઓ

* ૧૫૬૬૫ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૪ (ચાર) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, | (૨) કુમાર–૨ (બે)<br>કન્યા–૨ (બે) |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે, અને | (૩) ૨૯૧–વિદ્યાર્થીઓ<br>૨૬૯–વિદ્યાર્થીનીઓ |
| (૪) આ શાળાના બાળકોને શી સવલતો આપવામાં આવે છે? | (૪) રહેવાની જમવાની, ભણવાની તેમજ ગણવેશ બુટ–મોજા, સાબુ–તેલ, સ્ટેશનરીની સવલતો વિના મૂલ્યે આપવામાં આવે છે. |

---------

## ભાવનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મહેકમ

* ૧૫૮૯૭ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર | (૧) ૩૬૦ |

| | |
|---|---|
| જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૧૨૧ |
| (૩) તે પૈકી વર્ષ, ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૭૬ જગ્યાઓ ભરવામાં આવી, અને ૪૫ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ કયારે ભરવાનું આયોજન છે? | (૪) બનતી ત્વરાએ. |

---------

**સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની નિવાસી શાળાઓ**

* ૧૫૬૪૯ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને | (૨) કુમાર-૨ (બે) |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ લાભ લઈ રહ્યા છે? | (૩) ૧૦૧ વિદ્યાર્થીઓ. |

---------

**ભાવનગર જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો**

* ૧૫૬૬૭ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૧ (એક) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૫૫ |

---------

**વાગરા તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ**

* ૧૫૭૧૫ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૧૮૮ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૮૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૫ અરજીઓ પડતર છે. |
| (૪) પડતર રહેવાના કારણો શાં છે? | (૪) અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. અરજીમાં અપૂરતી વિગતો<br>૨. જરૂરી આધાર-પુરાવા પૂરા પાડવામાં ન આવ્યા હોય. |

---------

**સોમનાથ જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડા**

* ૧૫૩૩૪ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર આવેલ પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૧)

| તાલુકો | કુલ પ્રાથમિક શાળાની સંખ્યા | ઘટતા ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ગીરગઢડા | ૬૪ | ૭૦ |
| કોડીનાર | ૯૩ | ૫૩ |
| સુત્રાપાડા | ૯૪ | ૨૧ |
| તાલાળા | ૬૬ | ૪૩ |
| ઉના | ૧૨૭ | ૧૧૭ |
| વેરાવળ | ૧૧૪ | ૬૮ |

(૨) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા, અને

(૨) ૭૬૪

(૩) ઓરડાઓની ઘટ પૂરી કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને કેટલા સમયમાં તે ઘટ પૂરી થશે ?

(૩) વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૧૫ ઓરડાનું બાંધકામ હાથ ધરેલ છે. ઓરડાઓની ઘટ જેમ બને તેમ જલ્દી પૂરી કરવામાં આવશે.

---------

**આણંદ તાલુકામાં નિર્મળ ભારત અભિયાન હેઠળ શૌચાલયો**

* ૧૪૧૨૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ આણંદ તાલુકામાં કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા, અને ઉક્ત સ્થિતિએ કેટલા શૌચાલયો બનાવવાના બાકી છે, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત અભિયાન હેઠળ આણંદ તાલુકામાં ૧૬૫૫ શૌચાલયો બનાવવામાં આવ્યા. ઉક્ત સ્થિતિએ ૧૭૮૨૫ મકાનો શૌચાલય વિહોણા છે.

(૨) વર્ષ-૨૦૧૩ રૂા. ૧૮,૬૩,૦૦૦/- તથા વર્ષ-૨૦૧૪-(તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ) રૂા. ૫૮,૬૧,૦૦૦/- ખર્ચ કરવામાં આવ્યો.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું મંજૂર મહેકમ**

* ૧૬૭૫૦ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીનું મંજૂર મહેકમ કેટલું છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | આણંદ જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|---|
| | **તાલુકાનું નામ** | **મંજુર મહેકમ** | **તાલુકાનું નામ** | **મંજુર મહેકમ** |
| ૧ | આણંદ | ૫૯ | નડીયાદ | ૬૦ |
| ૨ | ઉમરેઠ | ૩૨ | મહુધા | ૩૨ |
| ૩ | બોરસદ | ૭૦ | મહેમદાવાદ | ૪૩ |
| ૪ | આંકલાવ | ૩૦ | ખેડા | ૩૪ |
| ૫ | પેટલાદ | ૬૧ | માતર | ૪૪ |
| ૬ | સોજીત્રા | ૨૬ | કપડવંજ | ૫૭ |
| ૭ | ખંભાત | ૬૮ | કઠલાલ | ૩૩ |
| ૮ | તારાપુર | ૩૬ | ઠાસરા | ૬૬ |
| | **કુલ** | **૩૮૨** | **કુલ** | **૩૬૯** |

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨)

| આણંદ જિલ્લાની ખાલી જગ્યાની વિગતો | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકાનું** | **ખાલી** | **ખાલી જગ્યાનો સમય** |

(૨) જો, હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નળ સરોવર પક્ષી અભયારણ્ય, નળ સરોવર.

(૩)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧. | ૨૦૧૩–૧૪ | ૪૯.૯૭ |
| ૨. | ૨૦૧૪–૧૫ (ડીસેમ્બર, ૨૦૧૪ અંતિત) | ૫૬.૦૨ |
| ૩. | કુલ | ૧૦૫.૯૯ |

---------

## ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૫૭૧૮ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતાં,

**જવાબ**

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઈને પરત મેળવવાની અંતિત તા.૩૦–૯–૨૦૧૦ હતી. ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૨૩૩૩૪૮

ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા. તે પૈકી ૨૨૫૦૧૬ ફોર્મ માન્ય હતાં.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૨૧૧૮૨૬ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) બાકી કેટલા છે, અને

(૩) ૧૩૧૯૦ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

(૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.

૧. સ્થળાંતર થવાના કારણસર.
૨. અવસાનના કારણે.
૩. બાયોમેટ્રીક આપવા ન આવતા હોઈ, અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

---------

**વડોદરા જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કુંવરબાઈનું મામેરૂ યોજનાનો લાભ**

* ૧૫૬૫૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૦૪ |
| ૨૦૧૪-૧૫ | ૪૮ |
| **કુલ** | **૨૫૨** |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) રૂ.૨૫.૨૦ લાખ.

---------

**આણંદ જિલ્લામાં નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

* ૧૫૭૩૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૧) એકપણ નહીં.

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની નિવાસી શાળાઓ**

* ૧૫૬૫૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક સાયન્સ પ્રવાહની કેટલી નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૧) ૧ (એક).

(૨) તે પૈકી કેટલી કુમાર તથા કન્યાની છે, અને

(૨) કુમાર-૧ (એક).

(૩) ઉકત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ લાભ લઈ રહ્યા છે ?

(૩) ૩૯-વિદ્યાર્થીઓ.

---------

**દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું મહેકમ**

* ૧૫૫૪૨ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને

(૧) મંજૂર સંવર્ગવાર મહેકમ.

| તાલુકો | આચાર્ય | મ.શિ. માધ્યમિક | મ.શિ. ઉચ્ચત્તર | ઓડીટર ગ્રુપ-૧ | હેડ કલાર્ક | સીની. કલાર્ક | જુની. કલાર્ક | પટાવાળા/ ચોકીદાર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|

ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

| | | | માધ્યમિક | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| દાહોદ | ૨ | ૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૮ |
| ઝાલોદ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૮ |
| ધાનપુર | ૨ | ૧૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૫ | ૮ | ૩૬ |
| દેવગઢ–બારીયા | ૩ | ૧૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૩ | ૨૦ |
| ફતેપુરા | ૩ | ૯ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ |
| કુલ | ૧૧ | ૪૫ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૧૪ | ૮૯ |

(૨) તે પૈકી તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ, કેટલા સમયથી ખાલી છે, અને

(૨) તાલુકાવાર, સંવર્ગવાર ભરાયેલી અને ખાલી જગ્યાઓની વિગત *પત્રક–૧ અને જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની વિગત *પત્રક–૨ સામેલ છે.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ફીકસ પગારથી ભરાયેલ છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧ જગ્યા શિક્ષણ સહાયક અને માધ્યમિક વિભાગમાં ૧ જગ્યા વહીવટી સહાયકથી ફીકસ પગારથી ભરાયેલ છે.

- મદદનીશ શિક્ષકની ખાલી જગ્યાઓ ભરવા માટે સ્થળ પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયેલ છે.
- ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨ (વહીવટી શાખા) માં બઢતી આપવા બઢતી સમિતિ દ્વારા પસંદગી યાદી શિક્ષણ વિભાગ તરફથી તૈયાર કરવામાં આવેલ છે. એસ.સી.એ. નં.૨૧૭૨/૨૦૧૨ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૪–૧૦–૨૦૧૨ના હુકમથી નામદાર કોર્ટની પરમીશન વિના બઢતીના હુકમો કરવા નહીં તેવો આદેશ થયેલ છે. તા.૧૭–૧૦–૨૦૧૩ ના રોજના ઓરલ ઓર્ડરથી બઢતી માટેનું લીસ્ટ સૌ પ્રથમ નામદાર હાઈકોર્ટમાં રજૂ કરવા અને કોર્ટની પરવાનગી વિના બઢતી નહીં આપવા હુકમ કરવામાં આવેલ છે. જે બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડતર છે. જેમાં નામદાર કોર્ટની પરવાનગી મળ્યેથી અને સીધી ભરતીથી ભરવાની થતી ૨૮૫ જગ્યાઓ માટેનું માગણી પત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવેલ છે. તદ્અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી આખરી પસંદગી માટેની કાર્યવાહી પૂર્ણ થયેથી આયોગ તરફથી ઉમેદવારોના નામોની ભલામણ મળ્યેથી જગ્યાઓ ભરી શકાશે.
- વહીવટી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.
- વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ જરૂરીયાતને આધારે સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ અનુસાર આઉટસોર્સથી ભરવાની રહે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર

* ૧૫૨૩૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં તાલુકાવાર નીચેની વિગતે અનુક્રમે ૧૬.૪૫ લાખ અને ૧૭.૪૬ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | રોપેલ રોપાની સંખ્યા લાખમાં | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ | કુલ |
| **સાબરકાંઠા** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧.૪૪ | ૧.૬૯ | ૩.૧૩ |
| ૨ | ઈડર | ૧.૪૫ | ૧.૬૯ | ૩.૧૪ |
| ૩ | વડાલી | ૦.૫૧ | ૦.૬૨ | ૧.૧૩ |
| ૪ | પ્રાંતિજ | ૧.૩૩ | ૧.૭૦ | ૩.૦૩ |
| ૫ | તલોદ | ૦.૬૭ | ૧.૨૯ | ૧.૯૬ |
| ૬ | ખેડબ્રહ્મા | ૦.૫૨ | ૦.૮૨ | ૧.૩૪ |
| ૭ | પોશીના | ૦.૨૩ | ૦.૧૯ | ૦.૪૨ |
| ૮ | વિજયનગર | ૦.૪૮ | ૧.૮૨ | ૨.૩૦ |
| | **કુલ** | **૬.૬૩** | **૯.૮૨** | **૧૬.૪૫** |
| **અરવલ્લી** | | | | |
| ૧ | મોડાસા | ૧.૯૮ | ૧.૫૭ | ૩.૫૫ |
| ૨ | ધનસુરા | ૦.૬૮ | ૧.૪૭ | ૨.૧૭ |
| ૩ | બાયડ | ૦.૫૯ | ૦.૯૧ | ૧.૫૦ |
| ૪ | માલપુર | ૪.૮૨ | ૧.૬૨ | ૬.૪૪ |
| ૫ | મેઘરજ | ૦.૮૧ | ૧.૦૫ | ૧.૮૬ |
| ૬ | ભિલોડા | ૦.૮૩ | ૧.૧૧ | ૧.૯૪ |
| | **કુલ** | **૯.૭૧** | **૭.૭૫** | **૧૭.૪૬** |
| | **કુલ એકંદરે** | **૧૬.૩૪** | **૧૫.૫૭** | **૩૩.૯૧** |

(૨) આ સામાજિક વનીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૨) નીચેની વિગતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર અનુક્રમે ખર્ચ રૂ.૫૯૨.૬૭ લાખ અને રૂ.૬૩૯.૭૪ લાખ મળી કુલ ખર્ચ રૂ.૧૨૩૨.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | થયેલ ખર્ચની વિગત રૂ. લાખમાં | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** | **કુલ** |
| **સાબરકાંઠા** | | | | |
| ૧ | હિંમતનગર | ૫૧.૪૫ | ૬૪.૨૪ | ૧૧૫.૬૯ |
| ૨ | ઈડર | ૫૧.૮૩ | ૬૪.૮૮ | ૧૧૬.૭૧ |
| ૩ | વડાલી | ૧૮.૧૪ | ૩૯.૩૪ | ૫૭.૪૮ |
| ૪ | પ્રાંતિજ | ૪૭.૮૮ | ૬૨.૬૧ | ૧૧૦.૪૯ |
| ૫ | તલોદ | ૨૩.૮૬ | ૩૭.૬૫ | ૬૧.૫૧ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧૮.૪૭ | ૪૪.૬૭ | ૬૩.૧૪ |
| ૭ | પોશીના | ૭.૮૨ | ૩.૭૬ | ૧૧.૫૮ |
| ૮ | વિજયનગર | ૧૭.૩૧ | ૩૮.૭૬ | ૫૬.૦૭ |
| | **કુલ** | **૨૩૬.૭૬** | **૩૫૫.૯૧** | **૫૯૨.૬૭** |
| **અરવલ્લી** | | | | |
| ૧ | મોડાસા | ૭૧.૪૬ | ૫૧.૭૮ | ૧૨૩.૨૪ |
| ૨ | ધનસુરા | ૨૪.૪૯ | ૬૧.૨૫ | ૮૫.૭૪ |
| ૩ | બાયડ | ૨૧.૨૪ | ૨૭.૧૦ | ૪૮.૩૪ |
| ૪ | માલપુર | ૧૭૫.૦૮ | ૫૫.૨૪ | ૨૩૦.૩૨ |
| ૫ | મેઘરજ | ૨૮.૫૦ | ૩૮.૨૦ | ૬૬.૭૦ |
| ૬ | ભિલોડા | ૨૯.૦૫ | ૫૬.૩૫ | ૮૫.૪૦ |
| | **કુલ** | **૩૪૯.૮૨** | **૨૮૯.૯૨** | **૬૩૯.૭૪** |

(૩) ઉકત બે વર્ષમાં આ યોજના હેઠળ કરેલ રોપાઓનાં વાવેતરમાંથી તાલુકાવાર કેટલા રોપાઓ જીવીંત છે ?

(૩) ઉકત બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે અનુક્રમે ૧૩.૧૪ લાખ અન ૧૨.૬૯ લાખ મળી કુલ ૨૫.૮૩ લાખ રોપાઓ જીવીત છે.

| અ.નં. | તાલુકો | થયેલ ખર્ચની વિગત રૂ. લાખમાં | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ | કુલ |
| **સાબરકાંઠા** | | | | |
| ૧ | હિંમતનગર | ૦.૮૪ | ૧.૩૪ | ૨.૧૮ |
| ૨ | ઈડર | ૧.૨૪ | ૧.૫૮ | ૨.૮૨ |
| ૩ | વડાલી | ૦.૨૬ | ૦.૪૭ | ૦.૭૩ |
| ૪ | પ્રાંતિજ | ૧.૦૧ | ૧.૪૨ | ૨.૪૩ |
| ૫ | તલોદ | ૦.૫૧ | ૧.૧૨ | ૧.૬૩ |
| ૬ | ખેડબ્રહ્મા | ૦.૩૮ | ૦.૬૬ | ૧.૦૪ |
| ૭ | પોશીના | ૦.૧૮ | ૦.૧૫ | ૦.૩૩ |
| ૮ | વિજયનગર | ૦.૩૮ | ૧.૬૦ | ૧.૯૮ |
| | **કુલ** | **૪.૮૦** | **૮.૩૪** | **૧૩.૧૪** |
| **અરવલ્લી** | | | | |
| ૧ | મોડાસા | ૧.૨૪ | ૧.૨૮ | ૨.૫૨ |
| ૨ | ધનસુરા | ૦.૫૦ | ૧.૩૨ | ૧.૮૨ |
| ૩ | બાયડ | ૦.૩૫ | ૦.૭૫ | ૧.૧૦ |
| ૪ | માલપુર | ૨.૭૩ | ૧.૩૮ | ૪.૧૧ |
| ૫ | મેઘરજ | ૦.૭૦ | ૦.૮૪ | ૧.૫૪ |
| ૬ | ભિલોડા | ૦.૬૧ | ૦.૯૯ | ૧.૬૦ |
| | **કુલ** | **૬.૧૩** | **૬.૫૬** | **૧૨.૬૯** |
| | **કુલ એકંદરે** | **૧૦.૯૩** | **૧૪.૯૦** | **૨૫.૮૩** |

---------

### વિજયનગર તાલુકામાં વણજ-બદરખા રસ્તાને મંજૂરી

* ૧૬૧૩૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં વન વિસ્તારમાંથી પસાર થતા વણજ-બદરખા રસ્તાની મંજૂરી ભારત સરકાર તરફથી વન વિભાગને મળેલ છે કે કેમ, | (૧) હા, જી. સૈધાંતિક મંજૂરી મળેલ છે. |
| (૨) જો હા, તો કઈ તારીખથી મંજૂરી મળેલ છે, અને | (૨) તા.૧૪-૭-૨૦૧૪ |
| (૩) મંજૂરી મળ્યા બાદ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) સૈદ્ધાંતિક મંજૂરીની શરતોની પૂર્તતા કરવા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), હિંમતનગરને જણાવવામાં આવેલ છે. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળામાં વર્ગખંડની સુવિધા

* ૧૬૨૨૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં સુવિધાના અભાવે જર્જરિત વર્ગખંડ વાળા શાળાઓમાં બાળકોને બેસાડવામાં આવે છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉપરોકત શાળાઓના જર્જરિત વર્ગખંડને બદલે નવા ઓરડા બાંધવા માટે સરકારનું શું આયોજન છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે સમયસર પૂર્ણ કરવાની તથા મોનેટરીંગ | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

કરવાની જવાબદારી ઉચ્ચકક્ષાએ કોને સોંપવામાં આવેલ છે ?

---------

**વડોદરા જિલ્લામાં સરદાર આવાસ યોજના-૨ ની અરજીઓ**

* ૧૫૮૮૮ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના-૨ હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૩૨૭૫ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૧૯૨ મંજૂર. |
| (૩) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું ? | (૩) ૫૩૬ આવાસો. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં નોનગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ માધ્યમિક શાળા કરવા માટેની દરખાસ્ત**

* ૧૩૯૦૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નોનગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ કેટલી અને કઈ છે, | (૧) ૧૨ શાળાઓ. |

| | |
|---|---|
| ૧ | યુનાઈટેડ પબ્લિક સ્કુલ, મુ.પો.તા.જિ. છોટાઉદેપુર |
| ૨ | વૈષ્ણવદેવી આદિવાસી, માધ્યમિક શાળા, જલોદા, તા.જિ. છોટાઉદેપુર. |
| ૩ | સ્વ.વિ.એન.ચૌહાણ માધ્યમિક શાળા, તા.જિ. છોટાઉદેપુર. |
| ૪ | શ્રી સરસ્વતી આદિવાસી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ભીલપુર, તા.જિ. છોટાઉદેપુર. |
| ૫ | શ્રી વનબંધુ વિદ્યામંદિર ધોળીસામળ,તા. જિ. છોટાઉદેપુર. |
| ૬ | હરિઓમ વિદ્યામંદિર, ભિખાપુરા, તા. પાવીજેતપુર, જિ.છોટાઉદેપુર. |
| ૭ | સમર્થ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, મુ.પો.તા. પાવીજેતપુર, જિ. છોટાઉદેપુર. |
| ૮ | યુવા માધ્યમિક શાળા, મોટીઆમરોલી, તા. પાવીજેતપુર, જિ. છોટાઉદેપુર. |
| ૯ | સત કેવલ વિદ્યામંદિર, રણભુણઘાટી, તા. પાવીજેતપુર, જિ. છોટાઉ ેદપુર. |
| ૧૦ | ડોન બોસ્કો હાઈસ્કુલ, મુ.પો.તા.કવાંટ, જિ.છોટાઉદેપુર. |
| ૧૧ | શ્રી સરસ્વતી વિદ્યામંદિર મોઘલા તા. નસવાડી, જિ. છોટાઉદેપુર. |
| ૧૨ | વિજયઈન્દ્ર વિદ્યામંદિર સાલપુર તા. બોડેલી, જિ. છોટાઉદેપુર. |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ જિલ્લાની કેટલી માધ્યમિક શાળાઓમાંથી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા કરવા માટે દરખાસ્તો આવેલ છે, અને | (૨) ૫ (પાંચ). |
| (૩) આવેલી દરખાસ્તોવાળી શાળાઓને ગ્રાન્ટેડ | (૩) નીતિ વિષયક બાબત છે. |

શાળાઓ કરવા માંગો છો કે કેમ ?

---------

## પંચમહાલ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને કુંવરબાઈનું મામેરુ યોજનાનો લાભ

* ૧૫૬૭૪ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૧) |

| વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૬૩ |
| ૨૦૧૪–૧૫ | ૭૭ |
| **કુલ** | **૨૪૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૪.૦૦ લાખ. |

---------

## જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મનરેગા અંતર્ગત ફાળવેલ રકમ

* ૧૫૫૧૮ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) મનરેગા યોજના અંતર્ગત તા.૧–૮–૨૦૧૨થી સમગ્ર રાજયમાં વેતનના ચૂકવણા તથા તા.૧–૪–૨૦૧૩થી સમગ્ર રાજ્યમાં તમામ પ્રકારના ચૂકવણા ઈ.એફ.એમ.એસ. પધ્ધતિ અંતર્ગત રાજ્યકક્ષાના ભંડોળમાંથી થતા હોય ઉપરોકત સમય દરમ્યાનના ચૂકવણા માટે ગ્રાન્ટ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ પૈકીના તા.૧–૧–૨૦૧૩ થી ૩૧–૩–૨૦૧૩ સમયગાળા દરમ્યાન મટીરીયલ્સ તથા વહીવટી ખર્ચના ચૂકવણા માટે કરવામાં આવેલ ગ્રાન્ટ ફાળવણીની વિગત તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૧–૨૦૧૩ થી તા.૩૧–૩–૨૦૧૩ (રકમ રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૫૭.૫૦ |
| ૨ | જૂનાગઢ | ૮૫.૬૭ |
| ૩ | કેશોદ | ૧૨૯.૭૭ |
| ૪ | કોડીનાર | ૭૭.૪૦ |
| ૫ | માળીયા | ૮૬.૫૯ |
| ૬ | માણાવદર | ૯૧.૧૦ |
| ૭ | માંગરોળ | ૫૬.૦૧ |
| ૮ | મેંદરડા | ૬૧.૮૨ |
| ૯ | પાટણ–વેરાવળ | ૧૯૬.૦૯ |
| ૧૦ | સૂત્રાપાડા | ૮૭.૯૨ |
| ૧૧ | તાલાલા | ૭૨.૦૯ |
| ૧૨ | ઉના | ૯૪.૪૨ |
| ૧૩ | વંથલી | ૭૪.૬૯ |
| ૧૪ | વિસાવદર | ૧૩૩.૩૫ |
| | **કુલ** | **૧૩૦૪.૪૨** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે તાલુકાવાર, વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) ઉપરોકત ખંડ–૧માં જણાવેલ વિગતે તા.૧–૧–૨૦૧૩થી ૩૧–૩–૨૦૧૩ના સમય દરમ્યાન કરેલ ગ્રાન્ટ |

ફાળવણી તથા રાજ્યકક્ષાના ભંડોળમાંથી ઈ.એફ.એમ.એસ. પધ્ધતિ દ્વારા તાલુકાવાર વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ | |
|---|---|---|---|
| | | તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ (રકમ રૂ. લાખમાં) | તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ (રકમ રૂ. લાખમાં) |
| ૧ | ભેંસાણ | ૫૮.૬૬ | ૧૩૪.૭૩ |
| ૨ | જૂનાગઢ | ૧૫૨.૩૮ | ૧૮૯.૯૬ |
| ૩ | કેશોદ | ૧૬૭.૭૦ | ૮૯.૫૬ |
| ૪ | કોડીનાર | ૨૦૩.૩૫ | ૭૨.૩૧ |
| ૫ | માળીયા | ૬૯.૩૬ | ૨૦૬.૩૮ |
| ૬ | માણાવદર | ૧૫૫.૯૮ | ૩૯.૦૨ |
| ૭ | માંગરોળ | ૧૫૮.૩૩ | ૧૧૯.૫૧ |
| ૮ | મેંદરડા | ૧૦૫.૯૫ | ૬૬.૫૬ |
| ૯ | પાટણ-વેરાવળ | ૨૨૬.૮૯ | ૨૫૨.૧૨ |
| ૧૦ | સૂત્રાપાડા | ૭૭.૫૦ | ૧૫૭.૨૧ |
| ૧૧ | તાલાલા | ૩૭.૩૧ | ૭૧૧.૦૧ |
| ૧૨ | ઉના | ૮૫૧.૮૦ | ૩૯૯.૯૪ |
| ૧૩ | વંથલી | ૧૯૧.૮૧ | ૭૧.૯૩ |
| ૧૪ | વિસાવદર | ૨૨૧.૦૮ | ૨૯૧.૪૨ |

(૩) ઉકત વર્ષવાર, તાલુકાવાર મનરેગા યોજનામાં ગેરરીતિઓની કેટલી ફરિયાદો મળી તથા મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉકત વર્ષવાર, તાલુકાવાર મનરેગા યોજનામાં ગેરરીતિઓની મળેલ ફરિયાદોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ ફરિયાદોની વિગત | |
|---|---|---|---|
| | | તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૫ |
| ૧ | ભેંસાણ | ૧ | ૦ |
| ૨ | જૂનાગઢ | ૦ | ૦ |
| ૩ | કેશોદ | ૦ | ૧ |
| ૪ | કોડીનાર | ૦ | ૨ |
| ૫ | માળીયા | ૨ | ૩ |
| ૬ | માણાવદર | ૦ | ૦ |
| ૭ | માંગરોળ | ૦ | ૧ |
| ૮ | મેંદરડા | ૦ | ૩ |
| ૯ | પાટણ-વેરાવળ | ૪ | ૧૧ |
| ૧૦ | સૂત્રાપાડા | ૧ | ૦ |
| ૧૧ | તાલાલા | ૦ | ૫ |
| ૧૨ | ઉના | ૪ | ૭ |
| ૧૩ | વંથલી | ૦ | ૦ |
| ૧૪ | વિસાવદર | ૧ | ૧ |
| | **કુલ** | **૧૩** | **૩૪** |

ઉકત વર્ષવાર મળેલ ફરિયાદો અન્વયે કરેલ કાર્યવાહીની વિગત આ સાથે સામેલ *પરિશિષ્ટ-૧ તથા *પરિશિષ્ટ-૨

મુજબ છે.

(* પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૫૮૫૦ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૪૪૪ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) ૨૪૩ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે.

(૩) ૯૭ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

---------

**ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

* ૧૫૬૭૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) ૧૬૦.

---------

**મહેસાણા જિલ્લામાં પુરવઠા વિભાગના દરોડા**

* ૧૫૭૧૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં પુરવઠા વિભાગે ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા દરોડાઓ પડેલા છે,

(૨) કેટલો જથ્થો રાજ્યસાત કરેલ છે, અને

(૩) કેટલી રકમનો જથ્થો રાજ્યસાત કરેલ છે?

**જવાબ**

(૧) ૧૬૨.

(૨) નીચે મુજબ.

| અ.નં. | ખાદ્યમાલનું નામ | જથ્થો (કિલોમાં) |
|---|---|---|
| ૧ | અનાજ | ૬૧૨૧ |
| ૨ | કઠોળ | ૨૪૬ |
| ૩ | ખાદ્યતેલ | ૨૦૮૯ |
| ૪ | ખાંડ | ૫૬ |

(૩) રૂ. ૧,૬૬,૫૧૯/–.

---------

**વ્યાજબી ભાવની દુકાનોમાંથી સરળતાથી અનાજ મળી રહે તેવી વ્યવસ્થા કરવા બાબત**

* ૧૩૯૩૩ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પ્રવર્તમાન ધારા–ધોરણ પ્રમાણે રાશન મેળવવા માટે ગ્રાહકે ખરાઈ (ઓળખ) માટે ગ્રામ પંચાયત કચેરીએ જવુ પડે છે અને ત્યારબાદ રાશનની દુકાને જવાથી રાશન પ્રાપ્ત થાય છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી. અમુક વિસ્તારોમાં આ પ્રથા અમલમાં છે.

(૨) જો હા, તો સરકાર ગ્રાહકને અનુકૂળતા કરી આપવા નવો સરળ ઉપાય વિચારે છે ખરી?

(૨) આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી મળવાપાત્ર ચીજવસ્તુનો જથ્થો ચોક્કસ લાભાર્થીને મળે તે હેતુથી ફીંગરપ્રિન્ટ આધારિત વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ બને તેવા નીચે મુજબ ઉપાયો કર્યા છે.

૧. ઈ–ગ્રામ ઉપરાંત ફુડ કુપન ઈસ્યુ કરવા અધિકૃત વ્યક્તિ પાસેથી બાયોમેટ્રીક આધારે ફુડ કુપન મેળવી, જે તે દુકાન પરથી જથ્થો મેળવે છે.

૨. જે વાજબી ભાવની દુકાન સંચાલક પોતે કોમ્પ્યુટર, ફીંગરપ્રિન્ટ ડીવાઈઝ વિગેરે ઉપકરણો વસાવ્યા છે તે દુકાન સંચાલકને E-FPS તરીકે Authorized કરવામાં આવેલ છે તે દુકાન ઉપરથી કાર્ડ ધારકને બાયોમેટ્રીક આધારે ફુડકુપન વગર રીસીપ્ટ પર ગ્રાહકને રાશન આપવામાં આવે છે.

૩. બાયોમેટ્રીક આધારે સરળતાથી જથ્થો મળી શકે તે માટે વાજબી ભાવની દુકાન સંચાલકો કોમ્પ્યુટર, ફીંગરપ્રિન્ટ/ડીવાઈસ વસાવે એ માટે સતત પ્રયત્નો કરવામાં આવે છે.

૪. વધુમાં લાભાર્થી જથ્થાથી વંચિત ન રહે તે માટે ફીંગરપ્રિન્ટ મેચ ન થાય અથવા કનેકટીવીટી ન મળે તો કાર્ડધારકોને ફુડકુપન વગર બીલ બનાવી જથ્થાનું વેચાણ દર માસની ૨૦મી તારીખ પછી કરવામાં આવે છે.

૫. કનેકટીવીટી મળતી ન હોય તો તેવી વાજબી ભાવની દુકાનને ફુડકુપન ઉપર વિતરણ કરવાની મુક્તિ આપવા જિલ્લા કલેકટરશ્રીઓને સત્તા આપી છે.

---------

**કેન્દ્ર સરકાર તરફથી આદિજાતિ વિકાસ માટે મળેલ રકમ**

* ૧૫૯૭૬ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી આદિજાતિ વિકાસ માટે કેટલી રકમ મળી,

(૧)

| વર્ષ | (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૩૭૦૮૩.૯૨ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) | ૨૯૩૭૬.૬૦ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ વપરાઈ, અને

(૨)

| વર્ષ | (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩–૧૪ | ૩૭૦૮૩.૯૧ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ) | ૧૫૪૧૨.૯૭ |

(૩) કેટલી રકમ વણવપરાયેલ રહી અને રકમ પૂરી ન વપરાવાના કારણો શા છે?

(૩) વર્ષવાર વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | શૂન્ય |
| ૨૦૧૪-૧૫ (તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ) | પ્રગતિ હેઠળના કામો માટે ૩૧ માર્ચ ૨૦૧૫ સુધીમાં ખર્ચ થવાનો હોઈ બચતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## બારડોલી તાલુકામાં પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારો

* ૧૫૭૩૦ **શ્રી ઈશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો છે,

(૨) તે પૈકી કેટલાને મોડેલ ફેરપ્રાઇઝ શોપ તરીકે જાહેર કરેલ છે, અને

(૩) કેટલી દુકાનો મોડેલ ફેરપ્રાઇઝ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કુલ-૭૬ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો છે.

(૨) તે પૈકી ૨૬ (છવ્વીસ) મોડેલ ફેરપ્રાઇઝ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૩) તાલુકામાં ૫૦ દુકાનો મોડેલ ફેરપ્રાઇઝ શોપ તરીકે જાહેર કરવાની બાકી છે.

---------

## નવસારી તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૫૭૨૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના નવસારી તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં. ૧ ભરાઈને મળેલ હતા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) હયાત જુના રેશનકાર્ડ સામે બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં. ૧ ભરાઈને પરત મેળવવાની અંતિમ તા. ૩૦-૯-૨૦૧૦ હતી. ૩૦-૯-૨૦૧૦ સુધીમાં નવસારી તાલુકામાં (ગ્રામ્ય/શહેર) મળીને કુલ ૫૯૨૩૫ ફોર્મ ભરાયેલ હતા. પરંતુ તે પૈકી ૫૯૦૩૮ માન્ય ફોર્મ હતા.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૪૯૭૫૩ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) ૯૨૮૫ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.

1. સ્થળાંતર થવાના કારણસર.
2. અવસાનના કારણે.
3. બાયોમેટ્રીક આપવા ન આવવા અગરતો અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી

---------

## અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં સ્વસહાય જૂથોને બેંકો દ્વારા કેશકેડિટ આપવા બાબત

* ૧૫૮૬૦ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં વર્ષ-૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડીટ આપવામાં આવી,

(૨) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં

**જવાબ**

(૧) ૪૩ સ્વસહાય જૂથોને કેશક્રેડીટ આપવામાં આવી છે.

(૨) કુલ રૂ. ૨૭.૬૫ લાખ.

આવી, અને

(૩) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું? (૩) રૂ. ૨૭.૬૫ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજુરી**

* ૧૫૬૬૬ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મંજુરી આપવામાં આવી, અને

(૧)

| | **વર્ષ–૨૦૧૩** | | **વર્ષ–૨૦૧૪** | |
|---|---|---|---|---|
| **તાલુકો** | **મા.શા.** | **ઉ.મા.શા.** | **મા.શા.** | **ઉ.મા.શા.** |
| ગોધરા | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૩ |
| કાલોલ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૧ |
| લુણાવાડા | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ખાનપુર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| મોરવા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

(૨) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી? (૨) વર્ષ–૨૦૧૩ અને ૨૦૧૪ના વર્ષમાં કુલ–૧૯ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં સ્વસહાય જૂથોને બેંકો દ્વારા કેશક્રેડિટ આપવા બાબત**

* ૧૫૮૫૯ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડીટ આપવામાં આવી, (૧) ૩૧૬ સ્વસહાય જુથને કેશક્રેડીટ આપવામાં આવી.

(૨) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને (૨) કુલ રૂ. ૨૨૩.૯૯ લાખ.

(૩) તે પૈકી કેટલી રકમનું ઉક્ત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? (૩) રૂ. ૧૮૭.૩૪ લાખ.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પંચાયતનું સંવર્ગવાર મંજૂર**

* ૧૪૪૮૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર પંચાયતનું સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૧)

| **સંવર્ગ** | **મંજૂર મહેકમ** | |
|---|---|---|
| | **જામનગર જિલ્લો** | **દેવભૂમિ દ્વારકા જિલ્લો** |
| વર્ગ–૧ | ૧૫ | ૪ |
| વર્ગ–૨ | ૧૨૮ | ૬૯ |
| વર્ગ–૩ | ૧૪૨૦ | ૮૦૧ |
| વર્ગ–૪ | ૧૨૩ | ૪૭ |
| **કુલ** | **૧૬૮૬** | **૯૨૧** |

(૨) તે અન્વયે જિલ્લાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| **સંવર્ગ** | **જામનગર જિલ્લો** | | **દેવભૂમિ દ્વારકા** | |
|---|---|---|---|---|
| **વર્ગ–૧** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા (ક્ષેત્રિય સ્ટાફ તેમજ ફાળવણી)** | **ખાલી જગ્યા** |
| વર્ગ–૨ | ૯ | ૬ | ૩ | ૧ |
| વર્ગ–૩ | ૬૫ | ૬૩ | ૨૫ | ૪૪ |
| વર્ગ–૪ | ૮૮૭ | ૫૩૩ | ૪૬૧ | ૩૪૦ |
| **કુલ** | **૧૦૭૨** | **૬૧૪** | **૫૨૪** | **૩૯૭** |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે?

(૩) ભરતી કેલેન્ડર મુજબ સત્વરે.

---------

**અમદાવાદ જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું વાવેતર**

* ૧૫૭૦૬ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત અનુક્રમે ૫૧૪.૪૫ હેક્ટર અને ૩૫૧.૦૦ હેક્ટર મળી કૂલ ૮૬૫.૪૫ હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ધોળકા તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ ૧૦૭ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) કૂલ રૂ. ૪૫.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ડાંગ જિલ્લામાં ફોરેસ્ટ વિસ્તારમાં મંજૂર થયેલ ડામર સપાટીના રસ્તાઓ**

* ૧૪૬૬૨ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ફોરેસ્ટ વિસ્તારમાં મંજૂર થયેલ ડામર સપાટીના રસ્તાઓ કેટલા છે, અને | (૧) ૧૩. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા રસ્તાઓ અધૂરા છે, અને કેટલા પૂર્ણ છે? | (૨) તમામ રસ્તાઓ ડામર સપાટીની કામગીરી પૂર્ણ થયેલ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૫૮૫૭ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૨૭ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૯ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) તે પૈકી ૪૦ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

---------

**અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ**

* ૧૫૮૭૨ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૦૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૧૮૩૭ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી | (૩) તે પૈકી ૧૦૩૫ આવાસના બાંધકામની મંજૂરી |

મહિલાઓના નામે આપવામાં આવી છે ? | મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં વૃક્ષોનું ગેરકાયદે છેદન**

* ૧૫૨૯૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લામાં કેટલા વૃક્ષોને કાપવામાં આવ્યા, | (૧) **વર્ષ** — **વૃક્ષોની સંખ્યા**<br>૨૦૧૩ — ૬૭૬૫.<br>૨૦૧૪ — ૩૭૪૫.<br>**કુલ** — **૧૦૫૧૦.** |
| (૨) તે પૈકી ગેરકાયદેસર વૃક્ષો કાપવાના કેટલા કેસો કરવામાં આવ્યા, | (૨) ૩૪ કેસો. |
| (૩) આ કેસોમાં કેટલો દંડ વસુલ કરવામાં આવ્યો, અને | (૩) રૂા. ૯૫,૭૫૦/-. |
| (૪) કાપવામાં આવેલ વૃક્ષોના લાકડાની હરાજી કરી કેટલી રકમની ઉપજ કરવામાં આવી? | (૪) રૂા. ૩૮,૩૫,૨૬૦/-. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મહેકમ**

* ૧૫૮૯૮ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૨૦૦. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૫૮. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૫૩ જગ્યાઓ ભરવામાં આવી, અને ૫ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે? | (૪) બનતી ત્વરાએ. |

---------

**અમરેલી જિલ્લામાં રાજીવગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજૂરી**

* ૧૫૯૯૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજુરી આપવામાં આવી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો બનાવવાની મંજુરી આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર કરેલ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૩ |
| ૨ | બાબરા | ૧૬ |
| ૩ | બગસરા | ૧૦ |
| ૪ | ધારી | ૧૮ |
| ૫ | જાફરાબાદ | ૧૮ |
| ૬ | ખાંભા | ૧૨ |
| ૭ | કુકાવાવ | ૨૨ |
| ૮ | લીલીયા | ૧૨ |
| ૯ | લાઠી | ૧૨ |
| ૧૦ | રાજુલા | ૧૩ |

| | | |
|---|---|---|
| ૧૧ | સાવરકુંડલા | ૧૨ |
| | **કુલ** | **૧૬૮** |

(૨) સદર કેન્દ્રોની યુનિટ કોસ્ટ કેટલી છે,

(૨) સદરહુ કેન્દ્રોની યુનિટ કોસ્ટ પ્રતિ યુનિટ રૂ. ૧૪,૫૫,૬૨૦/-છે.

(૩) યુનિટ દીઠ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૩) યુનિટ દીઠ થયેલ ખર્ચની વિગત આ સાથે સામેલ ***પરિશિષ્ટ-૧** મુજબ છે.

(૪) કેટલા સેવા કેન્દ્રોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને કેટલા સેવા કેન્દ્રોનું કામ પડતર છે અને તેના શાં કારણો છે?

(૪) મંજૂર થયેલ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો પૈકી બાંધકામ પૂર્ણ થયેલ હોય અથવા પડતર હોય તેની વિગત નીચે મુજબ છે.

| મંજૂર થયેલ સેવા કેન્દ્રો | તે પૈકી શરૂ ન થયેલ | તે પૈકી પડતર | તે પૈકી પૂર્ણ થયેલ |
|---|---|---|---|
| ૧૬૮ | ૪૫ | ૧૨૩ | ૦ |

ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો પડતર રહેવાના કારણોમાં જે તે ગામે કેન્દ્ર માટે જમીન ઉપલબ્ધ કરાવવી, સ્થળ પસંદગી બાબતે સ્થાનિક વિવાદો, કેન્દ્રો માટેની જમીનનો સોઈલ બેરીંગ કેપેસીટીના ટેસ્ટીંગ, સ્ટ્રકચરલ ડીઝાઈન મેળવવી, તે અનુસાર પ્લાન એસ્ટીમેન્ટ બનાવવા અને તાંત્રિક તથા વહીવટી મંજૂરી મેળવવી, કેન્દ્ર માટે માલસામાનની ખરીદીની પ્રક્રિયા હાથ ધરવી, માલસામાન ઉપલબ્ધ કરાવવો વગેરે બાબતોની કામગીરી પૂર્ણ કરવામાં સમય પસાર થાય છે.

તદ્ઉપરાંત મનરેગા યોજના હેઠળ હાથ ધરાતાં કામો માટે મજૂરી અને માલસામાન ખર્ચનું પ્રમાણ ૬૦:૪૦ જાળવી રાખવા જોગવાઈ થયેલ છે. ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રના બાંધકામમાં મજૂરી અને માલસામાન ખર્ચનું પ્રમાણ ૧૫:૮૫ થવા જાય છે. તે સંજોગોમાં કેન્દ્રના બાંધકામ પાછળ માલસામાન ખર્ચનું વધારાનું પ્રમાણ સરભર કરવા માટે જે તે ગ્રામ પંચાયતમાં અન્ય બિનકુશળ શ્રમિક ખર્ચ પ્રાધાન્ય વાળા કામો હાથ ધર્યા બાદ કેન્દ્રના બાંધકામનો ખર્ચ કરવાનો થાય છે. તે અપેક્ષા / જોગવાઈને આધીન મંજુરી આપવામાં આવતી હોય છે. પરંતુ કેટલાક સંજોગોમાં ગ્રામ પંચાયત કક્ષાએ પુરતા પ્રમાણમાં બિનકુશળ શ્રમિકો ઉપલબ્ધ ન થતાં આ નિયત પ્રમાણ જાળવવામાં મુશ્કેલી પડતાં જે તે ગ્રામ પંચાયતમાં કેન્દ્રોના કામ પડતર રહેવા પામે છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**છોટા ઉદેપુર પ્રાયોજનના સદરે જમા રકમ**

* ૧૩૯૦૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પ્રાયોજના છોટા ઉદેપુર ગુજરાત પેટર્ન હેઠળ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા પંચાયતના પર્સનલ લેઝર એકાઉન્ટ જિલ્લા વિકાસ અધિકારી સદરે કેટલી રકમો જમા કરાવી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પ્રાયોજના વહીવટદાર, છોટાઉદેપુર મારફત જિલ્લા પંચાયતના અમલીકરણ અધિકારીઓને મંજૂર થયેલ કામો પેટે રૂ.૧૯૬૪.૬૯ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ, ફાળવેલ રકમ જે તે પીએલએમાં જમા કરાવવાની જવાબદારી સંબંધિત અમલીકરણ અધિકારીઓની છે.

(૨) તે પૈકી વર્ષવાર સદરવાર કેટલો ખર્ચ થયો,

(૨) અમલીકરણ અધિકારીશ્રીઓને ફાળવેલ ગ્રાંટ પૈકી

કુલ રૂ.૧૧૫૪.૨૬ લાખનો ખર્ચ થયેલ છે. (પત્રક સામેલ છે.)

(૩) તે પૈકી વર્ષવાર સદરવાર કેટલી રકમ બચત રહી,

(૩) રૂ.૮૧૦.૪૩ લાખ બચત થયેલ છે.
(પત્રક સામેલ છે.)

**પ ત્ર ક**

પ્રાયોજના વહીવટદારશ્રી, છોટાઉદેપુરે પર્સનલ લેઝર એકાઉન્ટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરાના ખાતે ગુજરાત પેટર્નની ફાળવેલ રકમ, ખર્ચ અને બચતની વિગત દર્શાવતું પત્રક

(રૂ.લાખમાં)

| અ. નં. | સદર | ફાળવેલ રકમ | ખર્ચ | બચત | રીમાર્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| તા.૧-૪-૨૦૧૩ થી તા.૩૧-૩-૨૦૧૪ સુધી | | | | | |
| ૧ | ૨૪૦૧-પાક અને કૃષિ | ૫.૪૨ | ૦.૦૦ | ૫.૪૨ | |
| ૨ | ૨૨૩૬-પોષણ | ૬૩.૨૩ | ૬૩.૨૩ | ૦.૦૦ | |
| ૩ | ૩૦૫૪-રસ્તા પુલ | ૬૦૯.૦૭ | ૪૨૧.૦૯ | ૧૮૭.૯૮ | |
| ૪ | ૨૪૦૩-પશુ પાલન | ૭૪.૫૪ | ૬૫.૪૫ | ૯.૦૯ | |
| ૫ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૬ | ૨૭૦૨-નાની સિંચાઈ | ૫૪૦.૨૦ | ૪૬૨.૧૬ | ૭૮.૦૪ | |
| ૭ | ૨૨૧૦-જાહેર આરોગ્ય | ૧૬૬.૬૦ | ૦.૦૦ | ૧૬૬.૬૦ | |
| | **કુલ** | **૧૪૫૯.૦૬** | **૧૦૧૧.૯૩** | **૪૪૭.૧૩** | |
| **તા.૧-૪-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ સુધી** | | | | | |
| ૧ | ૨૪૦૧-પાક અને કૃષિ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | |
| ૨ | ૨૨૩૬-પોષણ | ૪૨.૧૩ | ૪૨.૧૩ | ૦.૦૦ | |
| ૩ | ૩૦૫૪-રસ્તા પુલ | ૧૭૬.૪૫ | ૬૪.૬૭ | ૧૧૧.૭૮ | |
| ૪ | ૨૪૦૩-પશુ પાલન | ૫૮.૦૮ | ૦.૦૦ | ૫૮.૦૮ | |
| ૫ | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ | ૨૮.૧૪ | ૦.૦૦ | ૨૮.૧૪ | |
| ૬ | ૨૭૦૨-નાની સિંચાઈ | ૧૬૫.૩૦ | ૦.૦૦ | ૧૬૫.૩૦ | |
| ૭ | ૨૨૧૦-જાહેર આરોગ્ય | ૩૫.૫૩ | ૩૫.૫૩ | ૦.૦૦ | |
| | **કુલ** | **૫૦૫.૬૩** | **૧૪૨.૩૩** | **૩૬૩.૩૦** | |
| | **કુલ એકંદરે** | **૧૯૬૪.૬૯** | **૧૧૫૪.૨૬** | **૮૧૦.૪૩** | |

(૪) બચત રહેલી કેટલી રકમ પર્સનલ લેઝર એકાઉન્ટ જિલ્લા વિકાસ અધિકારી છોટા ઉદેપુરમાં ક્યારે જમા કરાવવામાં આવશે, અને

(૪) જિલ્લા પંચાયતના પર્સનલ લેઝર એકાઉન્ટ જિલ્લા વિકાસ અધિકારી સદરે ગ્રાંટ ફાળવવામાં આવે છે, જેથી અમલીકરણ અધિકારીઓ દ્વારા નવરચિત જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અધિકારીનું પર્સનલ લેઝર એકાઉન્ટ ખુલેથી તબદીલ કરવામાં આવશે.

(૫) ના કરાવેલ હોય તો તે ના કારણો શાં છે ?

(૫) ખાતું ખોલાવેલ ન હોવાથી.

---------

## ખેડા જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનું નિરીક્ષણ

* ૧૪૨૨૫ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અન્ન નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો યોગ્ય રીતે કામ કરે તે માટે જિલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓએ દર છ મહીને એકવાર દુકાનોનું નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં ઉકત સ્થિતિએ છેલ્લા

**જવાબ**

(૧) હા, જી. પરંતુ તાજેતરમાં સરકારશ્રીએ વ્યાજબી ભાવની દુકાનના નિરીક્ષણ સમયે ૧૦૦ ટકા રેશનકાર્ડનું ક્રોસચેકીંગ એટલે કે ગુણવત્તાસભર તપાસ કરવાનું નક્કી કરેલ છે.

(૨) તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪

એક વર્ષમાં કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું અને નિરીક્ષણ કરવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે,

સુધીમાં ખેડા જિલ્લામાં આવેલ દુકાનો પૈકી ૩૬ દુકાનોની એક વખત, ત્રણ દુકાનોની બે વખત અને એક દુકાનની ચાર વખત તપાસ કરવામાં આવી.

હયાત જુના બારકોડેડ રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ, બાયોમેટ્રીક મેળવવા અને ચકાસણીની અગત્યની કામગીરીમાં વ્યસ્તતાને કારણે નિયમોનુસારનું નિરીક્ષણ થઈ શકેલ નથી.

(૩) નિરીક્ષણ કરવામાં આવેલ દુકાનોમાં ગેરરીતિ કે ખામીઓ જણાઈ હોય તો તેની વિગતો શી છે ?

(૩) ગેરરીતિઓ/ખામીઓની વિગત નીચે મુજબ છે.

૧. રેશનકાર્ડધારકોને અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો નિયત પ્રમાણ કરતાં ઓછો વિતરણ કરવામાં આવે છે.
૨. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વગે કરવામાં આવેલ હોય.
૩. હાજર જથ્થામાં વધ-ઘટ.
૪. પરમીટ મેળવ્યા બાદ સમયસર જથ્થો ઊપાડવામાં આવેલ નથી.
૫. ધંધાના સ્થળે ભાવ-જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.
૬. દુકાનમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શીત કરેલ નથી તથા ફરીયાદ પેટી રાખેલ નથી.
૭. વેચાણબીલોમાં કાર્ડધારકોના નામ-સરનામા, જથ્થો, ભાવ, કિંમતની વિગતો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.
૮. હિસાબી રજીસ્ટરો અદ્યતન રાખવામાં આવેલ નથી.
૯. અંત્યોદય તેમજ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોના નામની યાદી દુકાનમાં પ્રસિધ્ધ કરેલ નથી.

---------

**ભાવનગર જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મહેકમ**

* ૧૫૮૯૩ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૩૬૦. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૧૨૯. |
| (૩) વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૮૪ જગ્યાઓ ભરવામાં આવી, અને ૪૫ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

**વડોદરા જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો**

* ૧૫૬૬૯ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને

(૧) ૧ (એક).

(૨) ઉકત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે ?

(૨) ૧૨૫

---------

## કચ્છના છિંકારા અભયારણ્યમાં કોમર્શિયલ પ્રવૃત્તિ

* ૧૫૭૭૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કચ્છના છિંકારા અભ્યારણ્યની કેટલી ત્રિજ્યામાં કોમર્શિયલ પ્રવૃત્તિ કરી શકાતી નથી, અને

(૧) કચ્છના ચિંકારા (નારાયણ સરોવર) અભયારણ્યની હદથી ત્રણ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં કવોરીંગ અને માઈનીંગ કોમર્શિયલ પ્રવૃત્તિ કરી શકાય નહીં. વધુમાં કેન્દ્ર સરકારના તા.૩૧-૫-૨૦૧૨ના જાહેરનામામાં દર્શાવ્યા મુજબની અન્ય પ્રતિબંધિત કોમર્શિયલ પ્રવૃત્તિ પણ કરી શકાતી નથી.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં આ પ્રતિબંધિત વિસ્તારમાં આવી કોઈ પ્રવૃત્તિ ન ચાલે તે માટે શા પગલાં લીધા?

(૨) સ્થાનિક સ્ટાફ દ્વારા સતત તકેદારી રાખવામાં આવે છે.

---------

## જામનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ

* ૧૫૮૬૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધકામ નક્કી કરવામાં આવ્યું હતું,

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૭૭૫ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૭૮૯ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

(૩) તે પૈકી ૭૨૦ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ઈકોટુરીઝમ વિકાસની યોજના

* ૧૫૬૯૬ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) * બોડેલી તાલુકાના તરગોળ
* છોટાઉદેપુર તાલુકાના કેવડી
* પાવી જેતપુરના ડુંગળવાટ

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) -બોડેલી તાલુકાના તરગોળ ખાતે થયેલ ખર્ચ

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.) |
|---|---|
| ૨૦૧૩ | ૬,૫૧,૩૨૦ |
| ૨૦૧૪ | ૧૧,૪૮,૭૦૬ |
| **કુલ** | **૧૮,૦૦,૦૨૬** |

- અન્ય સ્થળોએ ખર્ચ થયેલ નથી.

---------

**ખેડા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ**

* ૧૫૭૩૬ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલી નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ખેડા જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યા**

* ૧૫૨૧૪ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) તાલુકાવાર ખાલી પડેલ આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | નડીયાદ | ૩૧ |
| ૨ | મહુધા | ૧૭ |
| ૩ | મહેમદાવાદ | ૨૦ |
| ૪ | માતર | ૨૪ |
| ૫ | ખેડા | ૧૩ |
| ૬ | કપડવંજ | ૩૦ |
| ૭ | કઠલાલ | ૧૯ |
| ૮ | ઠાસરા | ૩૪ |
| ૯ | બાલાશિનોર | ૧૫ |
| ૧૦ | વિરપુર | ૧૧ |
| | **કુલ** | **૨૧૪** |

(૨) બનતી ત્વરાએ.

---------

**ભાવનગર જિલ્લામાં પ્રૌઢ શિક્ષણના રાત્રી વર્ગો**

* ૧૪૪૯૯ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ, ભાવનગર જિલ્લામાં, તાલુકાવાર પ્રૌઢ શિક્ષણના કાર્યક્રમ અંતર્ગત રાત્રીના કેટલા વર્ગો ચાલુ છે ?

**જવાબ**

એકપણ નહીં.

---------

**રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ**

* ૧૫૮૮૩ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૮ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૪૬ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

(૩) તે પૈકી ૪૧ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

**રાજ્યમાં આદિવાસી કન્યાઓને ૬૦ કિલો મફત અનાજ આપવાની યોજનાનો લાભ આપવા બાબત**

* ૧૫૬૩૧ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના આદિવાસી વિસ્તારમાં અંદાજી ૫૦ ટકાથી વધુ આદિવાસી કુટુંબો ખેતમજુરી અથવા બાંધકામના કામોમાં મજુરીના હેતુસર રાજ્યના અન્ય બિન આદિવાસી જિલ્લામાં સ્થળાંતરીત થઈ તેની કન્યાઓને પ્રાથમિક શિક્ષણમાં અભ્યાસ કરાવે છે. આ કન્યાઓને આદિજાતિ વિકાસ વિભાગની ગ્રાન્ટથી ચાલતી ૬૦ કિલો મફત અનાજ આપવાની યોજનાનો બિન આદિવાસી વિસ્તારમાં લાભ અપાતો નથી તે ગંભિર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો બિન આદિવાસી વિસ્તારમાં મજુરી કરતા આદિવાસી કુટુંબોની પ્રાથમિક શિક્ષણ મેળવતી તમામ કન્યાઓને આ યોજનાનો લાભ મળે તે માટે સરકારે શા આદેશ કર્યા છે, અને

(૩) તેના અમલની જવાબદારી ઉચ્ચકક્ષાએ કોને સોપવામાં આવી છે?

**જવાબ**

(૧) પ્રવર્તમાન નીતિ અનુસાર રાજ્યના આદિજાતિ જિલ્લાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિના મુલ્યે વાર્ષિક ૬૦ કિલોગ્રામ અનાજ વિતરણ કરવાની યોજના અમલમાં છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**તાપી જિલ્લાના સરદાર આવાસ યોજના–૨ની અરજીઓ**

* ૧૫૮૯૦ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪નીસ્થિતિએછેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના–૨ હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૧૩૭૦૨ અરજીઓ.

(૨) ૧૨૪૭૧ મંજૂર.

(૩) ડિસે. ૧૪ અંતિત કામો શરૂ કરવામાં આવેલ નથી.

---------

**વલસાડ જિલ્લાના ધરમપુર–કપરાડા તાલુકામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ભરતી**

* ૧૬૩૪૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર–અને કપરાડા તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

(૨) તે અન્વયે સંખ્યાના ધોરણે વિષયવાર શિક્ષકોની ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ભરતી કરી?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| ધરમપુર | ૨૬૦ |
| કપરાડા | ૧૯૨ |

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **ધોરણ ૧ થી ૫** | **ધોરણ ૬ થી ૮** |
|---|---|---|---|
| | | | **ગણિત વિજ્ઞાન** |

| | | | |
|---|---|---|---|
| ૨ | કપરાડા | ૧૪૧ | ૨૩ |
| | **કુલ** | **૧૪૧** | **૮૮** |

---------

## દાહોદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનું નિરીક્ષણ

* ૧૪૨૦૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો યોગ્ય રીતે કામ કરે તે માટે જિલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓએ દર છ મહિને એક વાર દુકાનોનું નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. પરંતુ તાજેતરમાં સરકારશ્રીએ વાજબી ભાવની દુકાનના નિરીક્ષણ/તપાસણી સમયે ૧૦૦ ટકા રેશનકાર્ડનું ક્રોસચેકીંગ એટલે કે ગુણવત્તાસભર તપાસ કરવાનું નક્કી કરેલ છે. |
| (૨) જો હા, તો દાહોદ જિલ્લામાં ઉક્ત સ્થિતિએ એક વર્ષમાં કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું અને નિરીક્ષણ ન કરવામાં આવ્યું હોય તો તેના કારણો શા છે, અને | (૨) તા. ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં દાહોદ જિલ્લામાં આવેલ દુકાનો પૈકી ૫૦૭ દુકાનોની એક વખત, ૮૪ દુકાનોની બે વખત, ૯ દુકાનોની ત્રણ વખત અને ૫ દુકાનોની ચાર વખત તપાસ કરવામાં આવી.<br>બાકી રહેલ દુકાનોનું હયાત જુના બારકોડેડ રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ, બાયોમેટ્રીક મેળવવા અને ચકાસણીની અગત્યની કામગીરીમાં વ્યસ્તતાને કારણે નિયમાનુસારનું નિરીક્ષણ થઈ શકેલ નથી. |
| (૩) નિરીક્ષણ કરવામાં આવેલ દુકાનોમાં ગેરરીતિઓ, ખામીઓ જણાઈ હોય તો તેની વિગતો શી છે? | (૩) ગેરરીતિઓ/ખામીઓની વિગત નીચે મુજબ છે.<br>૧. રેશનકાર્ડધારકોને અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો નિયત પ્રમાણ કરતાં ઓછો વિતરણ કરવામાં આવે છે.<br>૨. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો વગે કરવામાં આવેલ હોય.<br>૩. હાજર જથ્થામાં વધ–ઘટ.<br>૪. પરમીટ મેળવ્યા બાદ સમયસર જથ્થો ઊપાડવામાં આવેલ નથી.<br>૫. ધંધાના સ્થળે ભાવ–જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.<br>૬. દુકાનમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શિત કરેલ નથી તથા ફરિયાદ પેટી રાખેલ નથી.<br>૭. વેચાણબીલોમાં કાર્ડધારકોના નામ–સરનામાં, જથ્થો, ભાવ, કિંમતની વિગતો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.<br>૮. હિસાબી રજીસ્ટરો અદ્યતન રાખવામાં આવેલ નથી.<br>૯. અંત્યોદય તેમજ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોના નામની યાદી દુકાનમાં પ્રસિધ્ધ કરેલ નથી. |

---------

**નવસારી જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલયો**

* ૧૫૫૭૨ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય ગ્રામવિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત કેટલા શૌચાલયો છેલ્લા એક વર્ષમાં મંજુર કરવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં છેલ્લા નિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત ૧૪૪૮ વ્યક્તિગત શૌચાલય છેલ્લા એક વર્ષમાં મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા શૌચાલયો તૈયાર થયા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) તે અન્વયે ૪૭૧ શૌચાલયો તૈયાર થયા અને ૯.૪૨ લાખ ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**વિસાવદર, ભેંસાણ તેમજ જુનાગઢ તાલુકાની પ્રાથમિક શાળાના ઓરડા**

* ૧૫૨૭૫ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિસાવદર, ભેંસાણ તેમજ જુનાગઢ તાલુકાની પ્રાથમિક શાળાના ઓરડાઓની સંખ્યા સેટઅપ મુજબ પુરતી નથી, તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ઓરડાઓની સેટઅપ મુજબની ઘટ પુરી કરવાનું શું આયોજન છે, અને કેટલા સમયમાં પૂરી કરવા માંગે છે? | (૨) જેમ બને તેમ જલ્દી. |

---------

**વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નોંધાયેલ કેસો**

* ૧૫૭૨૪ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા. ૩૧–૧૨–૧૪ની અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા કેસ દાખલ થયેલ છે, | (૧) ૧૫૩૫ કેસો. |
| (૨) તે પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૨) ૧૯૩ કેસો. |
| (૩) કેટલા કેસો પડતર રહેલ છે? | (૩) ૩૫૪૬ કેસો. |

---------

**દાહોદ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ**

* ૧૫૭૧૧ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૧૧,૪૨૭ અરજીઓ મળેલ છે. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૧,૪૨૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) કોઈ અરજી પડતર નથી. |
| (૪) પડતર રહેવાના કારણો? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર**

* ૧૫૬૮૭ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૦૨૦ હેકટર અને |

તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

૩૩૦૪ હેકટર મળી કુલ ૮૩૨૪ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવે છે?

(૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અનુક્રમે રૂ. ૧૩૫૮.૭૭ લાખ અને રૂ. ૧૦૬૨.૨૨ લાખ મળી કુલ રૂ. ૨૪૧૦.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સમરસ ગ્રામ પંચાયતો**

* ૧૫૮૮૭ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સતત બીજીવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

**જવાબ**

(૧) કુલ-૧૭ (સત્તર) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ થઈ.

| ક્રમ | તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલ્લભીપુર | ૧ |
| ૨ | ઘોઘા | ૧ |
| ૩ | ઉમરાળા | ૪ |
| ૪ | ગારીયાધાર | ૧ |
| ૫ | પાલીતાણા | ૮ |
| ૬ | શિહોર | ૨ |
| | **કુલ** | **૧૭** |

(૨) તેમાં કેટલી નાણાંકીય સહાય ચૂકવવામાં આવી ?

(૨) કુલ રૂ.૭૬,૫૦,૦૦૦/-

---------

**ગીરના જંગલોમાં સિંહ-દિપડાઓના મૃત્યુ**

* ૧૫૩૩૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીરના જંગલોમાં કેટલા સિંહ દિપડાઓના મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | વિગત | કુલ |
|---|---|---|
| ૧ | સિંહ | ૨૦ |
| ૨ | દિપડા | ૧૪ |
| | **કુલ** | **૩૪** |

(૨) આ મૃત્યુના કારણો શાં છે અને તેને રોકવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) કુદરતી તેમજ આંતરિક ઝઘડાના કારણે, આંતરિક ઝઘડાના કારણે ઈજા પામેલ કે બિમાર અવસ્થામાં મળી આવેલ વન્યપ્રાણીઓને એનીમલ કેર સેન્ટરમાં સારવાર આપવામાં આવે છે. વન્યપ્રાણી પાંજરે આવી શકે તેમ ન હોય તો રેસ્કયુ ટીમ વેટરનરી ઓફીસર સાથે સ્થળ ઉપર જઈ સારવાર કરે છે.

---------

**આણંદ જિલ્લામાં ઘઉં તથા ચોખાનું વિતરણ**

* ૧૫૬૦૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલા ટન ઘઉં તથા ચોખાનું વિતરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૪૯૦૯૫.૨૦ મે.ટન ઘઉં તથા ૨૧૪૩૧.૬૦ મે.ટન ચોખાનું વિતરણ કરવામાં આવ્યું છે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર જગ્યા**

* ૧૬૭૫૨ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ક્યા વર્ષથી શરૂ કરવામાં આવી,

(૨) સદર શાળાઓમાં ઉકત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) એકપણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધકામ

* ૧૫૮૮૧ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ અમરેલી જિલ્લાના બગસરા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?
અતારાંકિતઃ ૩૭૧૨ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૧–૮–૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કેટલી આદર્શ નિવાસી શાળાઓ છે, અને

(૨) તે પૈકી કેટલી શાળાઓમાં પોતાના મકાન નથી ?

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૮–૧૨–૧૪)

(૧) ૦૩ (ત્રણ).

(૨) ત્રણેય શાળાઓના પોતાના મકાનો છે.

--------

**રાજ્યમાં ખાનગી કંપનીઓ દ્વારા પવન ચક્કીથી ઉત્પન્ન કરતી ઉર્જા**

અતારાંકિતઃ ૩૪૦૪ (૨૦–૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ખાનગી કંપનીઓ દ્વારા પવન ચક્કીથી કેટલી ઉર્જા ઉત્પન્ન કરવામાં આવે છે, અને

(૨) જો રાજ્ય સરકાર આ ઉર્જાની ખરીદી કરતી હોય તો ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કઈ ખાનગી કંપની પાસેથી કેટલી ઉર્જા શા ભાવે ખરીદવામાં આવી ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમા વર્ષવાર કઈ ખાનગી કંપનીઓ દ્વારા પવન ચક્કીથી ઉત્પન્ન થતી ઉર્જાની માહિતી સાથેના *પત્રક–અ મુજબ છે.

(૨) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં અલગ અલગ ખાનગી કંપની પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને ભાવની વિગત સાથેના *પત્રક–બ મુજબ છે.

( *પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**રાજ્યમાં આવેલ વીજ મથકો**

અતારાંકિતઃ ૩૮૪૯ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા વીજ મથકો ક્યા સ્થળે આવેલા છે,

(૨) ઉપરોકત સ્થિતિએ આ વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે,

(૩) ઉપરોકત સ્થિતિએ આ વીજ મથકો પૈકી ક્યારથી કેટલા બંધ હાલતમાં છે તેના શાં કારણો છે, અને

(૪) ઉપરોકત સ્થિતિએ કેટલા વીજ મથકો કાર્યરત છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૯–૧૨–૧૪)

(૧) તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં આવેલા વીજ મથકોની વિગત નીચે પ્રમાણે છે.

| નં. | વીજ મથકનું નામ | સ્થળ |
|---|---|---|
| **સરકારી કંપની જીએસઈસીએલના વીજમથકો** | | |
| ૧ | ઉકાઈ થર્મલ વીજમથક | ઉકાઈ ડેમ, જી.તાપી |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજમથક | ગાંધીનગર, જી.ગાંધીનગર |
| ૩ | વણાકબોરી થર્મલ વીજમથક | વણાકબોરી, જી.ખેડા |
| ૪ | સિક્કા થર્મલ વીજમથક | સિક્કા, જી.જામનગર |
| ૫ | કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજમથક | પાનંધ્રો, જી.કચ્છ |
| ૬ | ધુવારણ ગેસ આધારીત વીજમથક | ધુવારણ, જી.આણંદ |
| ૭ | ઉતરાણ ગેસ આધારીત વીજમથક | ઉતરાણ, જી.સુરત |
| ૮ | ઉંકાઈ જળ આધારીત વીજમથક | ઉકાઈ ડેમ, જી.તાપી |
| ૯ | કડાણા જળ આધારીત વીજમથક | કડાણા, જી.પંચમહાલ |
| **રાજ્ય હસ્તકના સ્વતંત્ર વીજમથકો** | | |
| ૧૦ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. | વડોદરા |
| ૧૧ | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન કંપની લી. | હજીરા, જી.સુરત |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ) | માંગરોળ, જી.સુરત |
| ૧૩ | અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | લખપત, જી.કચ્છ |

| નં. | વીજ મથકનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ | પીપાવાવ, તા.રાજુલા |
| **ખાનગી વીજમથકો** | | |
| ૧૫ | ટોરેન્ટ પાવર લિ., | અમદાવાદ |
| ૧૬ | સી.એલ.પી.ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ | ભરૂચ |
| ૧૭ | એસ્સાર પાવર લીમીટેડ | હજીરા, જી.સુરત |
| ૧૮ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ખંભાલીયા, જામનગર |
| ૧૯ | સુજેન મેગા પાવર પ્રોજેકટ | કામરેજ, સુરત |
| ૨૦ | ઉનોસુજેન પાવર પ્રોજેકટ | કામરેજ, સુરત |
| ૨૧ | અદાણી પાવર લીમીટેડ | મુન્દ્રા |
| ૨૨ | કોસ્ટલ ગુજરાત પાવર લીમીટેડ (ટાટા અલ્ટ્રામેગા પાવર પ્રોજેકટ) | મુન્દ્રા |
| **રાજ્યમાં આવેલા કેન્દ્ર હસ્તકના વીજમથકો** | | |
| ૨૩ | કવાસ ગેસ પાવર પ્લાન્ટ | સુરત |
| ૨૪ | ઝાનોર ગેસ પાવર પ્લાન્ટ | ભરૂચ |
| ૨૫ | કાકરાપાર એટમીક પાવર પ્લાન્ટ | કાકરાપાર, જી.તાપી. |
| ૨૬ | સરદાર સરોવર હાયડ્રો પાવર પ્લાન્ટ | કેવડીયા, જી.નર્મદા |
| **રાજ્યમાં આવેલા પરંતુ સેન્ટ્રલ ગ્રીડ સાથે જોડાયેલ ખાનગી વીજમથકો** | | |
| ૨૭ | ડીજેન મેગા પાવર પ્રોજકેટ | દહેજ સેઝ એરીયા, તા.વાગરા, જી.ભરૂચ |

(૨) ઉપરોકત સ્થિતિએ આ વીજ મથકોની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા નીચે મુજબ છે.

| નં. | વીજ મથકનું નામ | સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા | જીયુવીએનએલને મળવાપાત્ર હિસ્સાના પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા |
|---|---|---|---|
| **સરકારી કંપની જીએસઈસીએલના વીજમથકો** | | | |
| ૧ | ઉકાઈ થર્મલ વીજમથક | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૨ | ગાંધીનગર થર્મલ વીજમથક | ૮૭૦ | ૮૭૦ |
| ૩ | વણાકબોરી થર્મલ વીજમથક | ૧૪૭૦ | ૧૪૭૦ |
| ૪ | સિક્કા થર્મલ વીજમથક | ૨૪૦ | ૨૪૦ |
| ૫ | કચ્છ લિગ્નાઈટ થર્મલ વીજમથક | ૨૯૦ | ૨૯૦ |
| ૬ | ધુવારણ ગેસ આધારીત વીજમથક | ૨૧૯.૦૬૭ | ૨૧૯.૦૬૭ |
| ૭ | ઉતરાણ ગેસ આધારીત વીજમથક | ૫૦૯.૫૭૧ | ૫૦૯.૫૭૧ |
| ૮ | ઉકાઈ જળ આધારીત વીજમથક | ૩૦૫ | ૩૦૫ |
| ૯ | કડાણા જળ આધારીત વીજમથક | ૨૪૨ | ૨૪૨ |
| **રાજ્ય હસ્તકના સ્વતંત્ર વીજમથકો** | | | |
| ૧૦ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સ્ટેજ–૧ અને ૨) | ૩૦૯.૯૪ | ૩૦૯.૯૪ |
| ૧૧ | ગુજરાત સ્ટે એનર્જી જનરેશન કંપની લી. (સ્ટેજ–૧ અને ૨) | ૧૫૬ | ૧૫૬ |
| ૧૨ | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. (સુરત લિગ્નાઈટ પાવર પ્લાન્ટ) (સ્ટેજ–૧ અને ૨) | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩ | અકરીમોટા લિગ્નાઈટ પાવર પ્લાન્ટ | ૨૫૦ | ૨૫૦ |
| ૧૪ | જી.પી.પી.સી. પીપાવાવ | ૭૦૨.૮૬ | ૭૦૨.૮૬ |
| **ખાનગી વીજમથકો** | | | |
| ૧૫ | ટોરેન્ટ અમદાવાદ ઈલેકટ્રીસીટી કંપની | ૫૨૨ | ૦ |
| ૧૬ | સી.એલ.પી.ઈન્ડીયા પ્રાઈવેટ લીમીટેડ | ૬૫૫ | ૬૫૫ |
| ૧૭ | એસ્સાર પાવર લીમીટેડ | ૫૧૫ | ૩૦૦ |
| ૧૮ | એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૧૨૦૦ | ૧૦૦૦ |

| નં. | વીજ મથકનું નામ | સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા | જીયુવીએનએલને મળવાપાત્ર હિસ્સાના પ્રમાણે વીજ ઉત્પાદન ક્ષમતા |
|---|---|---|---|
| ૧૯ | સુજેન મેગા પાવર પ્રોજેકટ | ૧૧૪૭.૫ | ૦ |
| ૨૦ | ઉનોસુજેન પાવર પ્રોજેકટ | ૩૮૨.૫ | ૦ |
| ૨૧ | અદાણી પાવર લીમીટેડ | ૪૬૨૦ | ૨૦૦૦ |
| ૨૨ | કોસ્ટલ ગુજરાત પાવર લીમીટેડ (ટાટા અલ્ટ્રામેગા પાવર પ્રોજેકટ) | ૪૧૫૦ | ૧૮૦૫ |
| **રાજ્યમાં આવેલ કેન્દ્ર સરકાર હસ્તકના વીજમથકો** | | | |
| ૨૩ | કવાસ ગેસ પાવર પ્લાન્ટ | ૬૫૬.૨૦ | ૧૮૭ |
| ૨૪ | ઝાનોર ગેસ પાવર પ્લાન્ટ | ૬૫૭.૪૦ | ૨૩૭ |
| ૨૫ | કાકરાપાર એટમીક પાવર પ્લાન્ટ | ૪૪૦ | ૧૨૫ |
| ૨૬ | સરદાર સરોવર હાયડ્રો પાવર પ્લાન્ટ | ૧૪૫૦ | ૨૩૨ |
| **રાજ્યમાં આવેલા સેન્ટ્રલ ગ્રીડ સાથે જોડાયેલ ખાનગી વીજમથકો** | | | |
| ૨૭ | ડીજેન મેગા પાવર પ્રોજેકટ | ૧૧૪૭.૫ | ૦ |

(૩) અને (૪) : તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના તમામ વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ વીજ ઉત્પાદનો સંગ્રહ શક્ય નથી અને માંગને લક્ષમાં રાખીને ઉત્પાદન કરવું પડે છે. આમ, વીજ ઉત્પાદન જે તે સમયના વપરાશ/માંગને આધારિત હોય છે અને આ સ્થિતિ દરેક દિવસે દરેક ક્ષણે બદલાતી રહે છે. સામાન્ય રીતે વીજ મથકોમાંથી ઉત્પાદન મેળવવાનું ચાલુ હોય છે પરંતુ આકસ્મિક રીતે ખોટવાઈ જવું, સમારકામની જરૂરીયાત, બળતણ ઉપલબ્ધ ન હોય તેવા કપરા સંજોગોમાં પ્લાન્ટને બંધ રાખવા પડે છે. ગેસ આધારિત વીજ મથકો માટે ડોમેસ્ટ્રીક ગેસનો પુરવઠો ઉપલબ્ધ ન હોય, મથકો બંધ રહે છે. આ ઉપરાંત નામ. વીજ નિયમન આયોગની **‘‘મેરીટ ઓર્ડર’’**ની માર્ગદર્શિકાને ધ્યાને લઈ તેમજ લો ડીમાન્ડ (low demand) ને કારણે SLDC (સ્ટેટ લોડ ડીસ્પેચ સેન્ટર) ની સૂચના મુજબ, જે તે સમયે વીજ મથકો વીજ ઉત્પાદન માટે ઉપલબ્ધ હોવા છતાં ઉપર્યુકત અનિવાર્ય કારણોસર તત્પુરતા સમય માટે હંગામી ધોરણે બંધ અથવા જે તે સમયની જરૂરીયાત મુજબ અંશતઃ કાર્યરત રાખવા પડે છે.

ઉપરોકત જણાવ્યા પ્રમાણે તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ ક્રમાંક નં.૪ અને ૨૩ ના વીજ એકમોમાંથી સિસ્ટમમાં ડીમાન્ડ ઓછી હોવાને કારણે વીજ ઉત્પાદન મેળવવામાં આવેલ નથી. જ્યારે વીજ એકમ ક્રમાંક નં.૬,૭,૧૧,૧૪,૧૬ અને ૧૭ સસ્તો ગેસ પૂરવઠો ન હોવાથી ઉપલબ્ધ હોવા છતાં બંધ રાખવામાં આવેલ. તદ્ઉપરાંત ક્રમાંક નં.૨૬ પર દર્શાવેલ વીજ પ્રોજેકટ સેન્ટ્રલની ગ્રીડ સાથે જોડાયેલ છે તથા વેસ્ટર્ન રીજીયોનલ લોડ ડીસ્પેચ સેન્ટરના કન્ટ્રોલ એરીયામાં આવે છે, જે ગેસ પુરવઠો ન મળતો હોવાથી બંધ રાખવામાં આવેલ.

--------

**વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ અને તાબા હેઠળની કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૪૧૭ (૨૦–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૩–૧૨–૧૪)

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) સામેલ પત્રક મુજબ અને શક્ય તેટલી જલ્દી.

**પ ત્ર ક**

| હોદ્દો | મંજૂર થયેલી જગાઓ | ભરાયેલ જગાઓ | ખાલી જગાઓ |
|---|---|---|---|
| સચિવશ્રી | ૦૩ | ૦૩ | ૦૦ |

| **હોદ્દો** | **મંજૂર થયેલી જગાઓ** | **ભરાયેલ જગાઓ** | **ખાલી જગાઓ** |
|---|---|---|---|
| સભ્ય સચિવ (કાયદા પંચ) | ૦૧ | ૦૦ | ૦૧ |
| સંયુકત સચિવ (કાયદાકીય બાજુ) | ૦૨ | ૦૦ | ૦૨ |
| નાયબ સચિવ (કાયદાકીય બાજુ) | ૦૭ | ૦૭ | ૦૦ |
| નાયબ સચિવ (કાયદાકીય બાજુ) કાયદા પંચ | ૦૧ | ૦૧ | ૦૦ |
| નાયબ સચિવ (સા.બાજુ) કાયદા પંચ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ઉપસચિવ (વહીવટ) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ઉપસચિવ (કાયદાકીય બાજુ) કાયદા પંચ | ૦૧ | ૦૧ | ૦૦ |
| મદદનીશ ડ્રાફટસમેન | ૦૨ | ૦૨ | -- |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ | ૦૨ | ૦૧ | ૦૧ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૧ કાયદા પંચ | ૦૩ | ૦૧ | ૦૨ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૧ | ૦૨ | ૦૨ | ૦૦ |
| સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૦૭ | ૦૬ | ૦૧ |
| સેકશન અધિકારી (વહીવટ) | ૦૨ | ૦૨ | -- |
| સેકશન અધિકારી, કાયદા પંચ | ૦૨ | ૦૧ | ૦૧ |
| સુપરવાઈઝર | ૦૪ | ૦૩ | ૦૧ |
| ગુજરાતી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૨ | ૦૧ | ૦૧ |
| અંગ્રેજી સ્ટેનો ગ્રેડ-૨ | ૦૩ | ૦૧ | ૦૨ |
| નાયબ સેકશન અધિકારી (કાયદાકીય બાજુ) | ૧૦ | ૦૬ | ૦૪ |
| નાયબ સેકશન અધિકારી (વહીવટ) | ૦૮ | ૦૭ | ૦૧ |
| નાયબ સેકશન અધિકારી, કાયદા પંચ | ૦૩ | ૦૦ | ૦૩ |
| રિસર્ચ ઓફીસર (લો) કાયદા પંચ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ભાષાંતરકાર | ૧૩ | ૦૪ | ૦૯ |
| સામાન્ય ફરજ કારકુન | ૦૧ | ૦૧ | ૦૦ |
| ગુજરાતી ટાઈપીસ્ટ | ૦૪ | ૦૦ | ૦૪ |
| ગુજરાતી ટાઈપીસ્ટ કાયદા પંચ | ૦૧ | ૦૦ | ૦૧ |
| અંગ્રેજી ટાઈપીસ્ટ | ૦૩ | ૦૦ | ૦૩ |
| અંગ્રેજી ટાઈપીસ્ટ કાયદા પંચ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ડ્રાઈવર | ૦૨ | ૦૨ | -- |
| ડ્રાઈવર કાયદા પંચ | ૦૩ | ૦૩ | ૦૦ |
| પટાવાળા | ૨૪ | ૨૪ | -- |
| પટાવાળા (ચોકીદાર સહિત) કાયદા પંચ | ૦૫ | ૦૫ | -- |
| સ્વીપર (હમાલ) કાયદાપંચ | ૦૧ | ૦૧ | ૦૦ |

--------

## સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગ્રાંટની ફાળવણી

અતારાંકિતઃ ૩૨૭૭ (૫-૭-૨૦૧૪) **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કુલ કેટલી ગ્રાન્ટ તાલુકાવાર ફાળવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી અને કેટલી બચત રહી, અને

(૩) બચત થવાના કારણો શાં છે ?

**આદિજાતિ વિકાસ મંત્રીશ્રી :** (૧૧-૧૨-૧૪)

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૨-૧૩ અને વર્ષ ૨૦૧૩-૧૪ માં આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત નીચે મુજબની ગ્રાન્ટ તાલુકાવાર ફાળવી.

(રૂ.લાખમાં)

| તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૪૭૫૩.૪૭ | ૫૧૯૫.૫૯ |
| વિજયનગર | ૩૭૬૬.૯૩ | ૨૬૯૧.૯૮ |
| ભિલોડા | ૬૨૫.૭૦ | ૬૧૦.૮૩ |
| મેઘરજ | ૨૮૨.૦૬ | ૨૭૮.૮૮ |
| ઈડર (પોકેટ સાથે) | ૧૭૮.૫૪ | ૨૬૮.૮૬ |
| વડાલી | ૦.૦૦ | ૨.૮૩ |
| મોડાસા | ૧.૦૦ | ૭.૬૪ |
| માલપુર | ૦.૦૦ | ૨.૪૪ |
| **કુલ** | **૯૬૦૭.૭૦** | **૯૦૫૯.૦૫** |

(૨) તે પૈકી તાલુકાવાર નીચે મુજબની ગ્રાન્ટ વાપરવામાં આવી.

(રૂ.લાખમાં)

| તાલુકો | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૩-૧૪ |
|---|---|---|---|---|
| | વાપરેલ ગ્રાન્ટ | બચત | વાપરેલ ગ્રાન્ટ | બચત |
| ખેડબ્રહ્મા | ૪૬૭૮.૭૨ | ૭૪.૭૫ | ૪૯૧૨.૦૬ | ૨૮૩.૫૩ |
| વિજયનગર | ૩૭૧૯.૪૭ | ૪૭.૪૬ | ૨૬૩૬.૫૨ | ૫૫.૪૬ |
| ભિલોડા | ૫૫૫.૧૩ | ૭૦.૫૭ | ૪૩૬.૩૫ | ૧૭૪.૪૮ |
| મેઘરજ | ૨૩૪.૫૯ | ૪૭.૪૭ | ૨૧૫.૪૬ | ૬૩.૪૨ |
| ઈડર (પોકેટ સાથે) | ૧૭૬.૩૭ | ૨.૧૭ | ૨૫૪.૨૭ | ૧૪.૫૯ |
| વડાલી | ૦ | ૦ | ૨.૮૩ | ૦ |
| મોડાસા | ૧.૦૦ | ૦ | ૬.૬૪ | ૧.૦૦ |
| માલપુર | ૦ | ૦ | ૨.૪૪ | ૦ |
| **કુલ** | **૯૩૬૫.૨૮** | **૨૪૨.૪૨** | **૮૪૬૬.૫૭** | **૫૯૨.૪૮** |

(૩) બચત રહેલ રકમ પ્રગતિ હેઠળ અને શરૂ ન થયેલા કામોના છે. જે હાલ અમલીકરણ અધિકારીશ્રી પાસે છે. જેમ જેમ કામો પૂર્ણ થશે તેમ તેમ ખર્ચ થતો જશે.

--------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૪૬૪ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૩૧૬, ૩૪૬૬, ૩૭૭૫, ૩૭૭૮ | ૦૪ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૩૨૧, ૩૭૫૨, ૩૮૮૦ | ૦૩ |
| ૪ | નાણા વિભાગ | ૩૩૭૬ | ૦૧ |
| ૫ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૩૭૪૪ | ૦૧ |
| ૬ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૧૯૧, ૩૩૩૨, ૩૪૪૫, ૩૭૩૭, ૩૭૩૯, ૩૮૬૪, ૩૮૬૭, ૩૮૬૯ | ૦૮ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૬૩૫, ૩૬૯૧, ૩૬૯૩ | ૦૩ |
| ૮ | ગૃહ વિભાગ | ૩૫૧૭, ૩૫૪૫, ૩૬૨૦, ૩૬૨૧, ૩૭૯૯, ૩૮૦૬, ૩૮૦૮, ૩૮૧૬, ૩૮૧૭, ૩૮૨૨, ૩૮૭૫, ૩૮૭૬, ૩૮૭૭ | ૧૩ |
| ૯ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૬૭૨ | ૦૧ |
| ૧૦ | કાયદા વિભાગ | ૩૮૮૩ | ૦૧ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૪૮૫, ૩૫૯૫ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૭૨૯, ૩૮૮૨ | ૦૨ |
| ૧૩ | મહેસૂલ વિભાગ | ૨૬૮૩, ૩૨૪૪, ૩૭૮૫ | ૦૩ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૬૭૫, ૩૭૧૦, ૩૭૧૨ | ૦૩ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૪૦૪, ૩૮૪૯ | ૦૨ |
| ૧૬ | વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ | ૩૪૧૭ | ૦૧ |
| ૧૭ | આદિજાતિ વિકાસ વિભાગ | ૩૨૭૭ | ૦૧ |
| | | **કુલ** | **૫૦** |

--------

## ચોથી અતારાંકિત યાદી

### માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં એટીવીટી અંતર્ગત આંગણવાડીઓમાં કમ્પાઉન્ડ વોલ માટે મંજૂર ગ્રાન્ટ

અતારાંકિતઃ ૩૩૯૨ (૧૭-૦૯-૨૦૧૪) **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં એટીવીટી અંતર્ગત આંગણવાડીઓમાં કંપાઉન્ડ વોલ બનાવવા માટે ગ્રાન્ટ મંજૂર કરવામાં આવ્યા બાદ બેઠક બોલાવી નામંજૂર કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત તાલુકાઓ પૈકી કયા તાલુકાઓના કયા ગામોમાં આંગણવાડીઓની કંપાઉન્ડ વોલ બનાવવાની હતી, અને

(૩) આ કંપાઉન્ડ વોલ બનાવવાનું કામ નામંજૂર કરવાના કારણો શાં છે અને આ કામો નામંજૂર કરવા માટે સરકાર કક્ષાએથી કોઈ સૂચના મળેલ હતી ?

**આયોજન મંત્રીશ્રી :** (૨૨-૧૨-૨૦૧૪)

(૧) હા

(૨) આ સાથે તાલુકાવાર પત્રકો સામેલ છે.

(૩) એટીવીટી યોજનાના માર્ગદર્શક સૂચના અંગેના તા. ૬-૨-૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૫૨૦૧૧-૪૧૮-યમાં આંગણવાડીના કમ્પાઉન્ડ વોલના કામોનો સમાવેશ કરવામાં આવેલ નથી. જેથી મંજૂર કરવામાં આવેલ નથી. કામો નામંજૂર કરવા માટે સરકાર કક્ષાએથી કોઈ સૂચના આપવામાં આવેલ ન હતી.

**પત્રક**

**માંડલ તાલુકો**

| ક્રમ | ગામનું નામ | કામનું નામ |
|---|---|---|
| ૧ | માંડલ | માંડલ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૩ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૨ | માંડલ | માંડલ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૪ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૩ | માંડલ | માંડલ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧૦ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૪ | રખીયાણા | રખીયાણા ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૫ | સીતાપુર | સીતાપુર ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૩ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૬ | સીતાપુર | સીતાપુર ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૫ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૭ | કાચરોલ | કાચરોલ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૮ | સીણજ | સીણજ ગામે આંગણવાડી કેન્દ્ર માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૯ | કાનપુરા | કાનપુરા (સી) ગામે આંગણવાડી કેન્દ્ર માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૦ | ટ્રેન્ટ | ટ્રેન્ટ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૧ | ટ્રેન્ટ | ટ્રેન્ટ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૩ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૨ | વિંછણ | વિંછણ ગામે આંગણવાડી કેન્દ્ર માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૩ | માનપુરા | માનપુરા ગામે આંગણવાડી કેન્દ્ર માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૪ | સોલાગામ | સોલાગામ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |

±õÇÚí-730-1

| ક્રમ | ગામનું નામ | કામનું નામ |
|---|---|---|
| ૧૫ | ડઢાણા | ડઢાણા ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૬ | ઉકરડી | ઉકરડી ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |

## દેત્રોજ તાલુકો

| ક્રમ | ગામનું નામ | કામનું નામ |
|---|---|---|
| ૧ | ડાંગરવા | ડાંગરવા ગામે ચાલીસ ઘર ઠાકોરવાસ પાસેની આંગણવાડી કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૨ | દેત્રોજ | દેત્રોજ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૬ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૩ | દેત્રોજ | દેત્રોજ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૭ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૪ | મોટા કરણપુરા | મોટા કરણપુરા ગામે નિશાળની બાજુમાં આંગણવાડીની કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૫ | નાના કરણપુરા | નાના કરણપુરા ગામે નિશાળની બાજુમાં આંગણવાડીની કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૬ | કાંઝ | કાંઝ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૩ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૭ | કુકવાવ | કુકવાવ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૮ | કુકવાવ | કુકવાવ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૯ | બાંન્ટાઇ | બાંન્ટાઇ ગામે આંગણવાડી કેન્દ્ર નં. ૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૦ | મોટી રાંન્તાઇ | મોટી રાંન્તાઇ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૧ | નાની રાંન્તાઇ | નાની રાંન્તાઇ ગામે આંગણવાડી કેન્દ્રમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૨ | દેકાવાડા | દેકાવાડા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૩ | બોસ્કા | બોસ્કા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૪ | જશપુરા | જશપુરા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૫ | સંગપુરા | સંગપુરા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૬ | ઘેલડા | ઘેલડા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૭ | ગીતાપુર | ગીતાપુર ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૮ | ભગાપુરા | ભગાપુરા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૯ | ડાંગરવા | ચાલીસ ઘર ઠાકોરવાસ પાસેની આંગણવાડીમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |

## વિરમગામ તાલુકો

| ક્રમ | ગામનું નામ | કામનું નામ |
|---|---|---|
| ૧ | વિરમગામ | વિરમગામ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૭ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૨ | વિરમગામ | વિરમગામ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧૦ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૩ | વિરમગામ | વિરમગામ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧૫ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૪ | વિરમગામ | વિરમગામ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૩૫ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૫ | મેલજ | મેલજ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૬ | કમીજલા | કમીજલા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૭ | વણી | વણી ગામે આંગણવાડી કેન્દ્ર નં.૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૮ | ડુમાણા | ડુમાણા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૯ | વાંસવા | વાંસવા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૦ | વાંસવા | વાંસવા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૩ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૧ | અભેસંગપુરા | અભેસંગપુરા ગામે આંગણવાડી કેન્દ્રમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૨ | કાલીયાણા | કાલીયાણા ગામે આંગણવાડી કેન્દ્ર નં.૧ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૩ | ઉખલોડ | ઉખલોડ ગામે આંગણવાડી કેન્દ્ર નં.૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૪ | મોટી કુમાદ | મોટી કુમાદ ગામે આંગણવાડી કેન્દ્રમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૫ | નિલકી | નિલકી ગામે આંગણવાડી કેન્દ્રમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૬ | શાહપુર | શાહપુર ગામે આંગણવાડી કેન્દ્ર નં.૨ માં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |
| ૧૭ | ગૌરૈયા | ગૌરૈયા ગામે આંગણવાડી કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ |

--------

**રાજ્યની સાયન્સ ડે–કેર સ્કુલો બંધ કરાવવા બાબત**

અતારાંકિતઃ ૩૩૪૮ (૨૧–૧૦–૨૦૧૪) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં સાયન્સ ડે–કેર સ્કુલો બંધ કરાવવાનો સરકાર દ્વારા આદેશ કરાવ્યો છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગતો શી છે,

(૩) આદેશ પછી કેટલી શાળાઓ બંધ થઇ,

(૪) આદેશનું પાલન ન કરનાર કેટલી શાળાઓ સામે શી કાર્યવાહી કરી, અને

(૫) આદેશનું કડક રીતે પાલન કરવા સરકારશ્રી દ્વારા શું આયોજન કરાયું છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૦–૧૨–૨૦૧૪)

(૧) ના–જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં લાઇટની સુવિધા વગરની પ્રાથમિક શાળાઓ**

અતારાંકિતઃ ૩૪૨૮ (૧૭–૧૦–૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળામાં લાઇટની સુવિધા નથી, અને

(૨) આ શાળાઓમાં ક્યાં સુધીમાં લાઇટ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૧–૧૨–૨૦૧૪)

(૧) પત્રક મુજબ.

(૨) જેમ બને તેમ જલ્દી.

**પત્રક**

| **અ.નં.** | **જિલ્લો** | **લાઇટની સુવિધા ન હોય તેવી શાળાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧૭ |
| ૨ | જામનગર | ૬ |
| ૩ | જુનાગઢ | ૬ |
| ૪ | કચ્છ | ૧૮ |
| ૫ | નર્મદા | ૮ |
| ૬ | પોરબંદર | ૧૨ |
| ૭ | રાજકોટ | ૫ |
| ૮ | સુરેન્દ્રનગર | ૨ |
| ૯ | વડોદરા | ૧૧ |
| ૧૦ | વલસાડ | ૧ |
| ૧૧ | તાપી | ૧ |

- નવ રચિત જિલ્લાઓની માહિતીનો ઉપર દર્શાવેલ જિલ્લાઓમાં સમાવેશ કરેલ છે.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

--------

**રાજ્યની પ્રાથમિક શાળાઓમાંના મકાનો/ઓરડાઓની ઘટ**

અતારાંકિતઃ ૩૪૨૯ (૨૦-૧૦-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં પાકા ઓરડાઓ/મકાન નથી કે ઘટ છે,

(૨) પાકા ઓરડા/મકાન ન હોવાથી વિદ્યાર્થીઓને કાચા ઓરડા/મકાનમાં બેસાડવામાં આવતા હોય તેની સંખ્યા જિલ્લાવાર કેટલી છે, અને

(૩) તમામ શાળાઓમાં પાકા ઓરડા/મકાનો ક્યાં સુધીમાં બનાવવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૧-૧૨-૨૦૧૪)

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) તબક્કાવાર જેમ બને તેમ જલ્દી.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લો | પાકા ઓરડા/મકાન ન ધરાવતી શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨ |
| ૨ | દાહોદ | ૧ |
| ૩ | જૂનાગઢ | ૧ |
| ૪ | કચ્છ | ૮ |
| ૫ | નર્મદા | ૩ |
| ૬ | પોરબંદર | ૯ |
| ૭ | સુરેન્દ્રનગર | ૧ |
| ૮ | વડોદરા | ૪ |
| ૯ | તાપી | ૧ |

**નોંધઃ-** ઉપરોક્ત જિલ્લાની માહિતીમાં નવા ઉમેરાયેલ જિલ્લાની માહિતી સામેલ છે.

**પત્રક-૨**

| ક્રમ | જિલ્લો | ઓરડાની ઘટ ધરાવતી શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૧ |
| ૨ | અમરેલી | ૨૩૭ |
| ૩ | આણંદ | ૧૬૪ |
| ૪ | બનાસકાંઠા | ૪૫૧ |
| ૫ | ભરૂચ | ૧૨૯ |
| ૬ | ભાવનગર | ૪૧૯ |
| ૭ | દાહોદ | ૬૪૬ |
| ૮ | ડાંગ | ૬૨ |
| ૯ | ગાંધીનગર | ૧૪૪ |
| ૧૦ | જામનગર | ૭૦૭ |
| ૧૧ | જૂનાગઢ | ૪૧૨ |
| ૧૨ | ખેડા | ૧૯૬ |
| ૧૩ | કચ્છ | ૭૮૮ |

| ક્રમ | જિલ્લો | ઓરડાની ઘટ ધરાવતી શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧૪ | મહેસાણા | ૧૯૦ |
| ૧૫ | નર્મદા | ૩૭૭ |
| ૧૬ | નવસારી | ૧૩ |
| ૧૭ | પંચમહાલ | ૬૪૭ |
| ૧૮ | પાટણ | ૨૧૧ |
| ૧૯ | પોરબંદર | ૭૭ |
| ૨૦ | રાજકોટ | ૪૦૭ |
| ૨૧ | સાબરકાંઠા | ૭૩૯ |
| ૨૨ | સુરત | ૭૧ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૩૩૫ |
| ૨૪ | વડોદરા | ૪૦૭ |
| ૨૫ | વલસાડ | ૧૬૩ |
| ૨૬ | તાપી | ૧૪૫ |

**નોંધઃ–** ઉપરોક્ત જિલ્લાની માહિતીમાં નવા ઉમેરાયેલ જિલ્લાની માહિતી સામેલ છે.

--------

**રાજ્યમાં શૌચાલય વગરની પ્રાથમિક શાળાઓ**

અતારાંકિતઃ ૩૪૩૦ (૨૦–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા નથી અને કેટલી શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા નથી, અને

(૨) આ તમામ શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા અને અલગ–અલગ શૌચાલયની વ્યવસ્થા ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૩૧–૧૨–૨૦૧૪)

(૧) પત્રક–૧ તથા પત્રક–૨ મુજબ.
(૨) જેમ બને તેમ જલ્દી.

**પત્રક–૧**

| ક્રમ | જિલ્લો | શૌચાલયની સુવિધા ન હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧ |
| ૨ | કચ્છ | ૫ |
| ૩ | પોરબંદર | ૧૨ |
| ૪ | તાપી | ૧ |

- **નોંધઃ–** નવ રચિત જિલ્લાઓની માહિતીનો ઉપર દર્શાવેલ જિલ્લાઓમાં સમાવેશ કરેલ છે.

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લો | શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૧ |
| ૨ | કચ્છ | ૪૦ |
| ૩ | પોરબંદર | ૧૪ |
| ૪ | તાપી | ૧ |
| ૫ | મહેસાણા | ૧ |

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* **નોંધઃ–** નવ રચિત જિલ્લાઓની માહિતીનો ઉપર દર્શાવેલ જિલ્લાઓમાં સમાવેશ કરેલ છે.

––––––––

**રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના ભોજનની નબળી ગુણવત્તાની મળેલ ફરીયાદો**

અતારાંકિતઃ ૩૪૩૫ (૧૭–૧૦–૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૭–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં જિલ્લાવાર મધ્યાહન ભોજન યોજનામાં ભોજનની નબળી ગુણવત્તા કે ભેળસેળ અંગે કેટલી ફરીયાદો મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને બાળકોને અપાતા ભોજન યોગ્ય ગુણવત્તાનુ ન હોવા કે ભેળસેળવાળું પીરસનાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) બાળકોને ગુણવત્તાયુક્ત ભોજન મળે તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬–૧૨–૨૦૧૪)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં નીચે મુજબ ફરીયાદો મળી.

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨ |
| ૨ | બનાસકાંઠા | ૨ |
| ૩ | વલસાડ | ૪ |
| ૪ | નવસારી | ૭ |
| ૫ | અમદાવાદ મહાનગરપાલિકા | ૨ |
| | **કુલ** | **૧૭** |

(૨) મળેલ ફરીયાદો અન્વયે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી.

| ક્રમ | જિલ્લાનું નામ | કરેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|
| ૧ | ભરૂચ | ગામ રતનપોર અને ભીલવાડા, તાલુકો ઝગડીયાની બે શાળામાં વર્ષારૂતુમાં વરસાદ પડતા બાજુમાં ખેતર હોઇ, ભોજન પીરસવાના સમયે થાળી કે બાલ્ટીમાં જીવડુ ઉડીને પડેલ હતુ. આ રસોઇ બાળકોને પીરસ્યા વગર ફેંકી દેવામાં આવેલ છે. |
| ૨ | બનાસકાંઠા | ગામ જલોયા, તાલુકા વાવ અને ગામ ઇકબાલગઢ, તાલુકા અમીરગઢની બે શાળાના બે કેન્દ્રો ઉપર તપાસ કરતા ફરીયાદોનું સમર્થન મળેલ નથી. |
| ૩ | વલસાડ | સંસ્થા દ્વારા પીરસવામાં આવતા ભોજન અંગે ફરિયાદ મળેલ છે, જે બાબતે કોન્ટ્રાક્ટર સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૪ | નવસારી | તપાસ કરાવી સંસ્થાને તકેદારી રાખવા સુચના આપવામાં આવેલ છે. |
| ૫ | અમદાવાદ મહાનગરપાલિકા | સંસ્થા દ્વારા વપરાતા કપાસીયા તેલના બે નમુના લેબમાં સબ સ્ટાન્ડર્ડ થયેલા છે. તેલ ઉત્પાદક કંપની સામે આવશ્યક ચીજ વસ્તુધારા–૧૯૫૫ હેઠળ પગલાં લેવા જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણાને જણાવેલ છે. |

(૩) બાળકોને ગુણવત્તાયુક્ત ભોજન મળે તે માટે રાજ્ય સરકારે નીચે મુજબ આયોજન કરેલ છે.

૧. શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો તેમજ શિક્ષકો દ્વારા રસોઇ ચાખવામાં આવે તેવી સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. સ્વચ્છતા અંગે વધુ તકેદારી રાખવા જણાવેલ છે.

૩. તપાસણી અધિકારીઓ દ્વારા આ બાબતે ખાસ ચકાસણી કરવા સુચનાઓ આપેલ છે.

––––––––

**સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર નિષ્ણાંત શિક્ષકની ભરતી**

અતારાંકિતઃ ૩૬૦૫ (૨૧–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા અને કેટલી શાળાઓમાં કોમ્પ્યુટર આપવાના બાકી છે,

(૨) ઉક્ત સ્થિતિએ જે શાળાઓમાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા છે, તેવી કેટલી શાળામાં કોમ્પ્યુટર વિષયના નિષ્ણાત શિક્ષક છે અને કેટલી શાળામાં કોમ્પ્યુટર વિષયના નિષ્ણાત શિક્ષક નથી, અને

(૩) જે શાળામાં કોમ્પ્યુટર વિષયના નિષ્ણાત શિક્ષક ન હોય તે શાળામાં ક્યાં સુધીમાં કોમ્પ્યુટર વિષયના નિષ્ણાત શિક્ષકની ભરતી કરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬–૧૨–૨૦૧૪)

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર આપવામાં આવ્યા નથી. ૩૬૪ શાળાઓમાં કોમ્પ્યુટર આપવાના બાકી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર વિષયના શિક્ષકનું મહેકમ મંજુર થયેલ ન હોવાથી ભરતી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

### રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં અપૂરતો ખોરાક

અતારાંકિતઃ ૩૬૦૭ (૦૧–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર મધ્યાહન ભોજન યોજનામાં અપૂરતો ખોરાક, ઉતરતી અને હલકી ગુણવત્તાવાળા ભોજનની કેટલી ફરીયાદો મળી, અને

(૨) જવાબદારો સામે શાં પગલાંઓ લેવામાં આવ્યા ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬–૧૨–૨૦૧૪)

(૧) છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં નીચે મુજબ ફરીયાદો મળી.

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨ |
| ૨ | બનાસકાંઠા | ૨ |
| ૩ | વલસાડ | ૪ |
| ૪ | નવસારી | ૭ |
| ૫ | અમદાવાદ મહાનગરપાલિકા | ૨ |
| | **કુલ** | **૧૭** |

(૨) જવાબદારો સામે નીચે મુજબ પગલાંઓ લેવામાં આવ્યા.

| ક્રમ | જિલ્લાનું નામ | કરેલ કાર્યવાહીની વિગતો |
|---|---|---|
| ૧ | ભરૂચ | ગામ રતનપોર અને ભીલવાડા, તાલુકો ઝગડીયાની બે શાળામાં વર્ષાૠતુમાં વરસાદ પડતા બાજુમાં ખેતર હોઇ, ભોજન પીરસવાના સમયે થાળી કે બાલ્ટીમાં જીવડુ ઉડીને પડેલ હતુ. આ રસોઇ બાળકોને પીરસ્યા વગર ફેંકી દેવામાં આવેલ છે. |
| ૨ | બનાસકાંઠા | ગામ જલોયા, તાલુકા વાવ અને ગામ ઇકબાલગઢ, તાલુકા અમીરગઢની બે શાળાના બે કેન્દ્રો ઉપર તપાસ કરતા ફરીયાદોનું સમર્થન મળેલ નથી. |
| ૩ | વલસાડ | સંસ્થા દ્વારા પીરસવામાં આવતા ભોજન અંગે ફરિયાદ મળેલ છે, જે બાબતે કોન્ટ્રાક્ટર સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

| | | |
|---|---|---|
| ૪ | નવસારી | તપાસ કરાવી સંસ્થાને તકેદારી રાખવા સુચના આપવામાં આવેલ છે. |
| ૫ | અમદાવાદ મહાનગરપાલિકા | સંસ્થા દ્વારા વપરાતા કપાસીયા તેલના બે નમુના લેબમાં સબ સ્ટાન્ડર્ડ થયેલા છે. તેલ ઉત્પાદક કંપની સામે આવશ્યક ચીજ વસ્તુધારા-૧૯૫૫ હેઠળ પગલાં લેવા જિલ્લા પુરવઠા અધિકારી મહેસાણાને જણાવેલ છે. |

--------

**મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન યોજનાને સંબંધિત ફરીયાદો**

અતારાંકિતઃ ૩૭૫૧ (૧૭-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર મધ્યાહન ભોજન યોજનામાં કેટલી શાળાઓમાં અપુરતો ખોરાક, ઉતરતી કે હલકી ગુણવત્તાવાળા ખોરાક/ભોજનની ફરીયાદો મળી, અને

(૨) તે પૈકી જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૨૬-૧૨-૨૦૧૪)

(૧) કોઇ ફરીયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યની વ્યાજબી ભાવની દુકાનો પરથી વિતરણ કરાતી વસ્તુઓ અંગે મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૩૪૪૬ (૧૫-૧૦-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૭-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનો પરથી વિતરણ થતાં કેરોસીન અને અનાજનો જથ્થો ઓછો કે અપુરતો, ભેળસેળવાળો મળતો હોવા બાબત અને કાળાબજાર કરાતો હોવા બાબતની ફરિયાદો રાજ્ય સરકારને કેટલી મળી, અને

(૨) રાજ્યમાં નાગરિકોને કેરોસીન અને અનાજ પુરતા અને ગુણવત્તાયુક્ત મળે તે માટેનું શું આયોજન છે ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૯-૧૨-૨૦૧૪)

(૧) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ.

(૨) (અ) રાજ્યમાં નાગરિકોને અનાજ પુરતાં પ્રમાણમાં અને ગુણવત્તાયુક્ત મળે તે બાબતે અનાજના જથ્થાની ચકાસણી બાબતે નીચે મુજબની કાર્યવાહી હાથ ધરાય છે.

૧. એફ.સી.આઇ. ના ટેકનીકલ અને નિગમના ઇસ્પેક્ટર દ્વારા સંયુક્ત રીતે એફ.સી.આઇ. ના જથ્થાનું સેમ્પલીંગ કરી ગુણવત્તાયુક્ત જથ્થો જ ઉપાડવામાં આવે છે.

૨. ગોડાઉનમાં મુકેલ અનાજનાં જથ્થાની ચકાસણી નિયમિત અને આકસ્મિક રીતે પણ કરવામાં આવે છે.

૩. ગોડાઉનનાં સંગ્રહિત જથ્થાની જાળવણી માટે ''ફ્યુમીગેશન'' કરવામાં આવે છે.

૪. ગોડાઉનમાં જથ્થો પડતર ન રહે તે હેતુથી ફીફા (ફર્સ્ટ ઇને ફર્સ્ટ આઉટ) પદ્ધતિથી જથ્થાની ડીલીવરી કરવામાં આવે છે.

(બ) કેરોસીનનો જથ્થો પુરતા પ્રમાણમાં મળે તે માટે કેન્દ્ર સરકાર તરફથી મળતી કેરોસીનની ફાળવણીને અનુલક્ષીને તમામ જિલ્લાઓને જરૂરીયાતના ૯૪ ટકા પ્રમાણે સપ્રમાણ ફાળવણી કરવામાં આવે છે.

(ક) રાજ્ય સરકાર દ્વારા દુકાનદારોને અનાજ કેરોસીનનો જથ્થો ''ડોરસ્ટેપ ડીલીવરી'' થી પહોંચાડવામાં આવે છે અને ડીલીવરી સમયે વિલેજ વીજીલન્સ કમિટીના બે સભ્યોની સહી પણ લેવામાં આવે છે.

(ડ) દર માસે અનાજ કેરોસીનના વિતરણ ભાવ અંગે વર્તમાનપત્રોમાં પેઇડ જાહેરાત આપવામાં આવે છે. તેમજ રજીસ્ટર્ડ રેશનકાર્ડ ધારકોને દુકાન પર ડીલીવરી કર્યા અંગેની – 'એસ.એમ.એસ.' થી પણ જાણ કરવામાં આવે છે.

**પત્રક–૧**

| અ. નં. | જિલ્લાનુ નામ | પ્રથમ વર્ષ તા.૧–૮–૦૯ થી તા.૩૧–૭–૧૦ | બીજુ વર્ષ તા.૧–૮–૧૦ થી તા.૩૧–૭–૧૧ | ત્રીજુ વર્ષ તા.૧–૮–૧૧ થી તા.૩૧–૭–૧૨ | ચોથુ વર્ષ તા.૧–૮–૧૨ થી તા.૩૧–૭–૧૩ | પાંચમુ વર્ષ તા.૧–૮–૧૩ થી તા.૩૧–૭–૧૪ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૨૩ | ૪૯ | ૧૫ | ૩૧ | ૧૩૫ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૧૧ | ૦૭ | ૦૫ | ૧૯ | ૧૮ | ૬૦ |
| ૩ | અમરેલી | ૪૫ | ૨૫ | ૪૧ | ૩૮ | ૩૧ | ૧૮૦ |
| ૪ | આણંદ | ૩૨૩ | ૪૭૩ | ૨૯૬ | ૨૮૭ | ૧૯૫ | ૧૫૭૪ |
| ૫ | બનાસકાંઠા | ૩૦૪ | ૬૧૬ | ૧૭૬ | ૮૬ | ૧૦૫ | ૧૨૮૭ |
| ૬ | ભાવનગર | ૧૨૮ | ૮૦ | ૫૮ | ૭૫ | ૬૫ | ૪૦૬ |
| ૭ | ભરૂચ | ૪૧ | ૩૨ | ૩૭ | ૨૨ | ૨૬ | ૧૫૮ |
| ૮ | દાહોદ | ૬૦ | ૫૪ | ૫૭ | ૫૧ | ૫૬ | ૨૭૮ |
| ૯ | ડાંગ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ગાંધીનગર | ૦૨ | ૦૮ | ૦૨ | ૦૬ | ૧૭ | ૩૫ |
| ૧૧ | જામનગર | ૦૮ | ૦૩ | ૧૧ | ૨૮ | ૨૪ | ૭૪ |
| ૧૨ | જુનાગઢ | ૧૩ | ૦૫ | ૦૭ | ૧૬ | ૧૫ | ૫૬ |
| ૧૩ | ખેડા | ૪૭ | ૧૫ | ૦૮ | ૧૫ | ૪૦ | ૧૨૫ |
| ૧૪ | કચ્છ | ૦૮ | ૦૬ | ૦૮ | ૧૪ | ૨૪ | ૬૦ |
| ૧૫ | મહેસાણા | ૨૦૩ | ૯૩ | ૩૦૨ | ૧૧૭ | ૧૭૬ | ૮૯૧ |
| ૧૬ | નવસારી | ૦૬ | ૦૬ | ૦૮ | ૧૨ | ૦૮ | ૪૦ |
| ૧૭ | નર્મદા | ૩૧ | ૨૭ | ૧૧૫ | ૬૫ | ૮૬ | ૩૨૪ |
| ૧૮ | પંચમહાલ | ૮૦ | ૮૪ | ૫૦ | ૩૭ | ૨૯ | ૨૮૦ |
| ૧૯ | પાટણ | ૭૬ | ૧૦૨ | ૬૩ | ૮૮ | ૬૩ | ૩૯૨ |
| ૨૦ | પોરબંદર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮ | ૦૯ | ૧૭ |
| ૨૧ | રાજકોટ | ૦૮ | ૦૫ | ૦૮ | ૦૧ | ૦૭ | ૨૯ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૦૯ | ૨૨૯ | ૧૦૦ | ૫૨ | ૨૬ | ૭૧૬ |
| ૨૩ | સુરત | ૫૯ | ૫૯ | ૫૩ | ૬૦ | ૧૦૧ | ૩૩૨ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૨૧ | ૨૫ | ૨૯ | ૦૮ | ૧૯ | ૧૦૨ |
| ૨૫ | વડોદરા | ૪૦ | ૨૭ | ૪૭ | ૫૩ | ૩૨ | ૧૯૯ |
| ૨૬ | વલસાડ | ૪૬ | ૪૪ | ૬૧ | ૧૩ | ૨૭ | ૧૯૧ |
| ૨૭ | તાપી | ૮૮ | ૮૧ | ૯૮ | ૬૫ | ૩૯ | ૩૭૧ |
| ૨૮ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦૬ | ૦૬ |
| ૨૯ | મોરબી | ૦ | ૦ | ૦૧ | ૦૨ | ૦૫ | ૦૮ |
| ૩૦ | છોટાઉદેપુર | ૦૭ | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૩ | ૧૯ |
| ૩૧ | દેવભુમિ–દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૧૬ |
| ૩૨ | ગીર સોમનાથ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૪ | ૧૩ |
| ૩૩ | બોટાદ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૬ | ૦૬ | ૨૨ |
| ૩૪ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦૨ | ૦૨ |
| | **કુલ** | **૧૯૮૭** | **૨૧૩૭** | **૧૬૯૭** | **૧૨૬૬** | **૧૩૧૧** | **૮૩૯૮** |

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

--------

**રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો સામે મળેલ ફરિયાદો**

અતારાંકિતઃ ૩૪૪૯ (૧૫–૧૦–૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વ્યાજબી ભાવની દુકાનો સામે આર્થિક ગેરરીતિ, નાણાકિય ગોટાળા, દુકોનો સમયસર ન ખોલવી અધુરો/અપુરતો કે ઓછો પુરવઠો આપવો, અનાજ સગેવગે કરવા બાબતની કેટલી ફરિયાદ મળી,'' અને

(૨) મળેલ ફરિયાદો પૈકી વર્ષવાર, જિલ્લાવાર કેટલા જવાબદાર દુકાનદારો સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૯–૧૨–૨૦૧૪)

(૧) પત્રક–૧ સામેલ છે.

(૨) પત્રક–૨ થી ૬ સામેલ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-----

**મહેસાણા જિલ્લામાં રાંધણ ગેસનો દૂર ઉપયોગ**

અતારાંકિતઃ ૩૪૪૫ (૨૧–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં રાંધણગેસના દુર ઉપયોગ માટે કુલ કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) કેટલા ગેસ સીલીન્ડરો જપ્ત કર્યા અને કેટલા ઇસમો સામે કાનુની કાર્યવાહી કરી, અને

(૩) આવા રાંધણગેસના બાટલાના દુર ઉપયોગમાં કઇ કઇ એજન્સીઓ સંડોવાયેલ છે અને સામે સરકારે શાં પગલાં લીધાં ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :** (૨૯–૧૨–૨૦૧૪)

(૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાંધણગેસના દુર ઉપયોગ માટે પાડેલ દરોડાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | દરોડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૦ |
| ૨ | ખેરાલુ | ૧૪ |
| ૩ | વિસનગર | ૧૦ |
| ૪ | વિજાપુર | ૧૩ |
| ૫ | વડનગર | ૫ |
| ૬ | કડી | ૪ |
| ૭ | સતલાસણા | ૬ |
| ૮ | બેચરાજી | ૬ |
| ૯ | ઊંઝા | ૪ |
| | **કુલઃ** | **૯૨** |

(૨) ઉપર્યુક્ત ૯૨ દરોડાઓ પૈકી ૯૦ દરોડાઓમાં જણાયેલ ગેરરીતિઓ અન્વયે ૪૯૨ ગેસ સીલીન્ડરો કબજે લેવામાં આવ્યા અને ૯૦ ઇસમો સામે કાર્યવાહી કરીને અને તે પૈકી ૧૩૮ ગેસ સીલીન્ડરો રાજ્યસાત કરવામાં આવ્યા અને એક ઇસમ સામે કોર્ટ કેસ કરવામાં આવ્યો.

(૩) આવા રાંધણ ગેસના બાટલાના દૂર ઉપયોગમાં સંડોવાયેલ ૮ ગેસ એજન્સીઓ સામે લીધેલ પગલાંની વિગતો દર્શવાતુ પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક–૧**

| અ.નં. | સંડોવાયેલ ગેસ એજન્સીનું નામ સરનામું | તાલુકાનું નામ | ક/એ હેઠળ પગલાં | | | | ખાતારાહે પગલાં |
|---|---|---|---|---|---|---|---|
| | | | કબજે લીધેલ ગેસ સીલીન્ડર | | રાજ્યસાત કરેલ ગેસ સીલીન્ડર | | |
| | | | સંખ્યા | કિંમત રૂ. | સંખ્યા | કિંમત રૂ. | પરવાના અનામત રાજ્યસાત |
| ૧ | અંબિકા ગેસ એજન્સી, ખેરાલુ | ખેરાલુ | ૩ | ૧૦૮૯ | ૩ | ૧૦૮૯ | ૨૫૦૦ |
| ૨ | જલદીપ ગેસ એજન્સી, ગોઝારીયા | મહેસાણા | ૫૦ | ૨૦૭૨૨ | ૧૦ | ૪૧૪૪ | ૩૭૫૦ |
| ૩ | ધરતી ગેસ એજન્સી, વિજાપુર | વિજાપુર | ૩૨ | ૫૧૬૦૦ | ૫ | ૧૨૯૦૦ | ૧૨૫૦ |
| ૪ | ધરતી ગેસ એજન્સી, કુકરવાડા | વિજાપુર | ૧૫ | ૧૪૦૮૫ | ૨ | ૧૪૦૯ | ૦ |
| ૫ | શિવમ ગેસ એજન્સી, કડી | કડી | ૧૦ | ૪૧૪૭ | ૫ | ૨૦૭૫ | ૬૨૫ |
| ૬ | યશ ગેસ સર્વિસ, બેચરાજી | બેચરાજી | ૭ | ૭૯૩૧ | ૧ | ૭૯૩ | ૦ |
| ૭ | રાહુલ ગેસ એજન્સી, ઊંઝા | ઊંઝા | ૧૦ | ૧૧૩૩૦ | ૧ | ૫૬૭ | ૦ |
| ૮ | અંકિત ગેસ સર્વિસ, ઊંઝા | ઊંઝા | ૭ | ૧૩૪૫૮ | ૧ | ૧૩૪૭ | ૦ |
| | | **કુલઃ** | **૧૩૪** | **૧૨૪૩૭૨** | **૨૮** | **૨૪૩૨૪** | **૮૧૨૫** |

-----------

**રાજુલા રેલ્વે ટ્રેક પર ટ્રેનની અડફેટે સિંહ બાળનું મોત**

અતારાંકિતઃ ૩૨૯૬ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજુલા રેલવે ટ્રેક પર ગુડઝ ટ્રેનની અડફેટે આવી જતાં એક સિંહ બાળનું તારીખઃ ૧૧–૫–૨૦૧૪ના રોજ મોત થયું હતુ તે હકીકત સાચી છે,

(૨) જો હા તો આ ગુનાહિતો સામે વન વિભાગે શી કાનુની કાર્યવાહી કરી છે, અને

(૩) આ ઘટનાનું પુરનાવર્તન ન થાય તે માટે શાં પગલાં લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૧૭–૧૨–૨૦૧૪)

(૧) હા જી.

(૨) રેલવે અકસ્માતમાં સિંહ બાળનું મૃત્યુ થયેલ હોય, વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ ૨ (૧૬), ૯ અને ૫૧ મુજબ ગુન્હો નોંધવામાં આવેલ છે.

(૩) રેલવે ટ્રેક પર બંને સાઈડમાં ચેઈનલીંક ફેન્સીંગ કરવા માટે સરકારશ્રી તરફથી તાજેતરમાં ૯૯૯ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. જે અંગેની જરૂરી સહમતી માટે તથા વરિષ્ઠ કક્ષાએથી પણ આયોજન અને કાર્યવાહીની ચર્ચા વિચારણા કરવા હેતુ રેલવે તંત્ર અને વન વિભાગ ના ઉચ્ચ અધિકારીશ્રીઓની એક બેઠક તા. ૨૧–૧૦–૨૦૧૪ ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, ગાંધીનગરના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવેલ હતી. જેમાં વિવિધ પગલાં લેવા અંગેના નિર્ણય લેવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં રક્ષિત મગરોના ટેગીંગ બાબત**

અતારાંકિતઃ ૩૫૯૮ (૨૧–૧૦–૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા રક્ષિત મગરોના ટેગીંગ કરવામાં આવ્યા,

(૨) ઉક્ત કામગીરી વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ના ગુન્હામાં સંડોવાઈ હોય એવી કોઈ સંસ્થા/વ્યક્તિને સોંપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ના ગુન્હામાં સંડોવણી થયેલ સંસ્થા/વ્યક્તિઓને ઉક્ત કામગીરી સોંપવાના શાં કારણો છે ?

**વન મંત્રીશ્રી :** (૩૦–૧૨–૨૦૧૪)

(૧) એક પણ નહીં.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રોજમદારોના વેતનમાં વધારો કરવા અંગે**

અતારાંકિતઃ ૩૫૯૯ (૨૧–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વન અને રોપ ઉછેર કેન્દ્રમાં કામ કરતાં રોજમદારોને કેટલું વેતન ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત વેતનમાં છેલ્લા પાંચ વર્ષમાં કેટલો વધારો કરવામાં આવ્યો, અને

(૩) રોજમદારોને ચુકવવામાં આવતું વેતન બેન્ક ખાતામાં જમા કરીને આપવામાં આવે છે કે કેમ તથા જો ના, તો રોજમદારોને વેતન બેન્ક મારફત આપવા માગે છે કે કેમ ?

**વન મંત્રીશ્રી :** (૧૭–૧૨–૨૦૧૪)

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ વન અને રોપ ઉછેર કેન્દ્રમાં કામ કરતાં રોજમદારોને લઘુતમ વેતન દર મુજબ
રૂ. ૨૨૬.૮૦ના દૈનિક દરથી વેતન ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત વેતન દર માં છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ વધારો થયેલ છે.

| લઘુતમ વેતન દરના અમલની તારીખ | અમલમાં આવેલ દર રૂપિયામાં | થયેલ વધારો રૂપિયામાં |
|---|---|---|
| ૧–૪–૨૦૦૯ | ૧૪૧.૦૦ | ૩૨.૩૦ |
| ૧–૧૦–૨૦૦૯ | ૧૪૧.૬૦ | ૦.૬૦ |
| ૧–૪–૨૦૧૦ | ૧૫૪.૨૦ | ૧૨.૬૦ |
| ૧–૧૦–૨૦૧૦ | ૧૬૦.૪૦ | ૬.૨૦ |
| ૧–૪–૨૦૧૧ | ૧૭૧.૪૦ | ૧૧.૦૦ |
| ૧–૧૦–૨૦૧૧ | ૧૭૩.૨૦ | ૧.૮૦ |
| ૧–૪–૨૦૧૨ | ૧૮૩.૮૦ | ૧૦.૬૦ |
| ૧–૧૦–૨૦૧૨ | ૧૯૧.૪૦ | ૭.૬૦ |
| ૧–૪–૨૦૧૩ | ૨૦૨.૪૦ | ૧૧.૦૦ |
| ૧–૧૦–૨૦૧૩ | ૨૧૩.૨૦ | ૧૦.૮૦ |
| ૧–૪–૨૦૧૪ | ૨૨૬.૮૦ | ૧૩.૬૦ |

(૩) વન વિભાગમાં નિયમિત કામ કરતા રોજમદારોને વેતન બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે.

-----------

**વિસાવદર–ધારી રોડ પર યુરીયાવાળું પાણી પીવાથી સિંહનું મોત**

અતારાંકિતઃ ૩૬૪૬ (૨૧–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં વિસાવદર–ધારી રોડ પર જુલાઈ–૨૦૧૩માં મૃત હાલતમાં મળી આવેલ સિંહના પોસ્ટ મોર્ટમ રીપોર્ટમાં યુરીયાવાળું પાણી પીવડાવવાથી મૃત્યુ થયાના સમાચાર પ્રસિધ્ધ થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ વિસ્તારમાં ખેડૂતો સિંહોને મારી નાંખવા કુંડીમાં યુરીયાવાળું પાણી ભેળવી દે છે તે ગંભિર હકીકત સાચી છે,

(૩) આ કિસ્સામાં સિંહના મોત માટે જવાબદાર સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) સિંહોના નિપજાવવામાં આવતા મોત અટકાવવા વન વિભાગે શી કાર્યવાહી હાથ ધરી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૭-૧૨-૨૦૧૪)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ કિસ્સામાં સિંહનો મૃતદેહ મળ્યાની જાણ થતા, વન વિભાગનો સ્ટાફ સ્થળ પર ગયેલ હતો. સિંહના આંતરિક અંગો કોહવાઈ ગયેલ હોવાથી તેના વિશેરા મેળવી ફૉરેન્સીક સાયન્સ લેબૉરેટરી, જૂનાગઢ ખાતે મોકલવામાં આવેલ. જયાં વિશેરામાં ઝેરની હાજરી માલુમ પડેલ ન હતી.

(૪) વન વિભાગના તાબા હેઠળના જંગલ ભાગ કે રેવન્યુ વિસ્તારમાં જ્યારે સિંહ કે અન્ય વન્યજીવ બિમાર અવસ્થામાં માલુમ પડે ત્યારે તાત્કાલિક તેનું લૉકેશન મેળવી, પાંજરુ મુકી તેને પકડવાની કાર્યવાહી કરવામાં આવે છે. ત્યારબાદ નજીકના એનીમલ કેર સેન્ટર ખાતે લઈ જવામાં આવે છે.

-----------

### મહેસાણા જિલ્લામાં ગેરકાયદેસર ચાલતી સો મિલો બાબત

અતારાંકિતઃ ૩૭૪૦ (૦૧-૧૨-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી ગેરકાયદેસર સો મિલો ચાલે છે, અને

(૨) તેને બંધ કરી દેવા શાં પગલા લેવાયા છે ?

**વન મંત્રીશ્રી :** (૧૨-૧૨-૨૦૧૪)

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કોઇ ગેરકાયદેસર સો મિલો ચાલતી નથી.

(૨) કોઇ સો મિલ ગેરકાયદેસર ચાલતી ન હોય પગલાં લેવાના થતા નથી.

---------

### રાજ્યના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાંથી પકડાયેલ આદમખોર દીપડાઓને રાખવાની વ્યવસ્થા

અતારાંકિતઃ ૩૮૬૬ (૨૦-૧૦-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં આવી ચડેલા આદમખોર કેટલા દીપડાઓને તા.૩૦ જુન-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પકડીને સક્કરબાગ ઝૂ માં કેદીની અવસ્થામાં મુકવામાં આવ્યા છે,

(૨) કેદીની અવસ્થામાં મુકવામાં આવેલા દીપડાઓને ઝૂ ઓથોરીટી ઓફ ઇન્ડીયાની ગાઇડ લાઇન્સ અનુસાર રહેઠાણની પુરતી જગ્યા ફાળવવામાં આવી છે કે કેમ,

(૩) જો ના, તો તેના શાં કારણો છે, અને

(૪) ગાઇડ લાઇન્સ અનુસારની વ્યવસ્થા ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવનાર છે ?

**વન મંત્રીશ્રી :** (૧૭-૧૨-૨૦૧૪)

(૧) ૨૩ (ત્રેવિસ).

(૨) હા, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### જૂનાગઢ નજીકના ઇવનગર ગામ પાસે બાળસિંહની હત્યા

અતારાંકિતઃ ૩૯૦૧ (૨૧-૧૦-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ નજીકના ઇવનગર ગામ પાસેના કૃષિ યુનિવર્સિટીના ખેતરમાંથી તા.૨૩-૯-૨૦૧૪ ના રોજ દોઢ વર્ષની ઉપરનો સિંહબાળ મૃત્યુ પામેલી હાલતમાં મળી આવ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બાળ સિંહની હત્યા શા માટે કરવામાં આવી હતી તથા તે માટેના આરોપીઓ કોણ છે,

(૩) આ આરોપીઓ સામે ક્યા કાયદા અન્વયે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૪) બાળસિંહોના અકાળે અને અકુદરતી થઇ રહેલા મોતથી રક્ષણ આપવા વન વિભાગે શી સઘન વ્યવસ્થા ગોઠવી છે અને તેની જવાબદારી કોને સોંપી છે ?

**વન મંત્રીશ્રી :** (૧૭–૧૨–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) સિંહ બાળ કુદરતી મૃત્યુ થયેલ હાલતમાં મળી આવેલ હોય આરોપીઓ બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાળસિંહનું અકાળે મૃત્યુ ન થાય તે માટે જ્યારે પણ બાળસિંહ તેની માતાથી વિખુટુ પડી ગયું હોવાનું ધ્યાન પર આવે ત્યારે તેની માતાની શોધ કરી, તેની માતા સાથે મીલન કરાવવામાં આવે છે. તેમજ કોઇ સિંહ બાળ કોઇપણ રીતે ઘાયલ થાય અથવા કોઇપણ બિમારીનો ભોગ બનેલું જણાય તો તાત્કાલિક તેને રેસ્ક્યુ કરી સારવાર કેન્દ્રમાં સારવાર આપી, વેટરનરી ડોક્ટરનો અભિપ્રાય લઇ તેના કુટુંબ સાથે પરત છોડી મુકવામાં આવે છે અને સિંહોની સુરક્ષા યોજના અંતર્ગત સને ૨૦૦૭–૦૮ થી ૨૦૧૩–૧૪ સુધીમાં કુલ ૩૨૨૫ પેરાપેટ વોલ સુરક્ષિત કરેલ છે અને આ બાબતે તાબાના ફોરેસ્ટર તથા ફોરેસ્ટર ગાર્ડને આવા બનાવો ન બનવા પામે તે માટે સઘન પેટ્રોલીંગ કરવાની જવાબદારી સોંપવામાં આવેલ છે.

--------

**અમદાવાદ શહેરમાં મહિલાઓના દાગીના લૂંટતી કટર ગેંગ**

અતારાંકિતઃ ૩૩૦૮ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૪–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મહિલાઓના દાગીના લૂંટી લેતી કટર ગેંગ સક્રિય છે તે હકીકત સાચી છે,

(૨) આ ગુનાહિત કટર ગેંગ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગુન્હા કર્યા છે,

(૩) આ ગુનાહિત ગેંગને પોલીસ ઉક્ત સ્થિતિએ પકડી શકી નથી તે હકીકત સાચી છે કે કેમ, અને

(૪) આ ગેંગને ઝડપી લેવા શું આયોજન કર્યું છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨–૧૨–૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં જિલ્લાવાર ભાગેડુ જાહેર કરેલ વ્યક્તિઓ**

અતારાંકિતઃ ૩૫૧૨ (૦૯–૧૦–૨૦૧૪) **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા.૩૧–૦૭–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોલીસ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કેટલી વ્યક્તિઓને ભાગેડુ જાહેર કરાઇ ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૨–૧૨–૨૦૧૪)

સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | ભાગેડુ જાહેર કરાયેલ વ્યક્તિઓની સંખ્યા |
|---|---|---|

| અ.નં. | જિલ્લાનું નામ | ભાગેડુ જાહેર કરાયેલ વ્યક્તિઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૨૬૫ |
| ૨ | ખેડા | ૩૨૨ |
| ૩ | આણંદ | ૪૪૩ |
| ૪ | ગાંધીનગર | ૧૨૦ |
| ૫ | સાબરકાંઠા | ૨૨ |
| ૬ | અરવલ્લી | ૮૧ |
| ૭ | મહેસાણા | ૩૫૬ |
| ૮ | જામનગર | ૨૩૦ |
| ૯ | દેવભૂમિ દ્વારકા | ૧૦૨ |
| ૧૦ | રાજકોટ ગ્રામ્ય | ૧૯૭ |
| ૧૧ | મોરબી | ૧૦૭ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૪૯૮ |
| ૧૩ | બનાસકાંઠા | ૨૨૬ |
| ૧૪ | કચ્છ | ૦ |
| ૧૫ | પાટણ | ૬૫૭ |
| ૧૬ | અમરેલી | ૧૭૩ |
| ૧૭ | ભાવનગર | ૦ |
| ૧૮ | બોટાદ | ૭૩ |
| ૧૯ | જૂનાગઢ | ૧ |
| ૨૦ | ગીર સોમનાથ | ૦ |
| ૨૧ | પોરબંદર | ૭૪ |
| ૨૨ | વડોદરા ગ્રામ્ય | ૧૫૬ |
| ૨૩ | છોટા ઉદેપુર | ૫૯ |
| ૨૪ | ભરૂચ | ૩૨૭ |
| ૨૫ | નર્મદા | ૧૦ |
| ૨૬ | ગોધરા | ૩૬૫ |
| ૨૭ | મહીસાગર | ૪૨૨ |
| ૨૮ | દાહોદ | ૧૩૭ |
| ૨૯ | સુરત ગ્રામ્ય | ૧૨૨ |
| ૩૦ | તાપી | ૬૦ |
| ૩૧ | વલસાડ | ૦ |
| ૩૨ | નવસારી | ૪૪૬ |
| ૩૩ | ડાંગ–આહવા | ૨૫ |

--------

**રાજ્યની જેલોમાંથી મળી આવેલ પ્રતિબંધિત વસ્તુઓ**

અતારાંકિતઃ ૩૫૨૩ (૦૪–૧૦–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કઇ કઇ જેલોમાંથી પ્રતિબંધિત, કેટલી, કેવા પ્રકારની વસ્તુઓ/પદાર્થો કે ગેરપ્રવૃત્તિઓ થતી મળી, અને

(૨) જેલમાં થતી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૨૩–૧૨–૨૦૧૪)

(૧) સામેલ પત્રક મુજબ.

તા. ૯ મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૨) જેલના મુખ્ય પ્રવેશદ્વાર ઉપર બે ઝડતી અમલદાર દ્વારા જેલમાં પ્રવેશતા અને બહાર જતા તમામ કર્મચારીઓ અને વ્યક્તિઓની ઝડતી કરવામાં આવે છે તેમજ અવાર–નવાર આધુનિક ઉપકરણો દ્વારા ચેકિંગ કરવામાં આવે છે. તેમજ અવાર–નવાર ઝડતી સ્કવોર્ડ દ્વારા અચાનક ઝડતીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જે કેદી પાસેથી પ્રતિબંધિત વસ્તુઓ મળી આવે તે કેદી વિરુદ્ધ પ્રિઝન્સ એક્ટની કલમ ૪૨, ૪૫ હેઠળ પોલીસ ફરિયાદ તેમજ જેલ મેન્યુઅલની જોગવાઇ મુજબ જેલ શિક્ષા કરવામાં આવેલ છે. જ્યારે જવાબદાર અધિકારી/કર્મચારી સામે ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પત્રક**

| ક્રમ | જેલનું નામ | વર્ષ | મળી આવેલ ચીજવસ્તુઓ/પદાર્થોની વિગત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૨૦૧૦ | ૧૪ મોબાઇલ ફોન, ૫ સીમકાર્ડ તથા ચલણીનાણું, નેઇલકટર, કાતર, રેઝર વિગેરે. |
| | | ૨૦૧૧ | ૦૩ મોબાઇલ ફોન તથા ચલણીનાણું, ગુટકા, સોપારી, સેવીંગક્રિમ, રેઝર, ચમચા, નેઇલકટર, કાતર વિગેરે. |
| | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૨૦૧૨ | ૦૪ મોબાઇલ ફોન તથા ચલણીનાણું, ગુટકા, સોપારી, સેવીંગક્રિમ, રેઝર, ચમચા, નેઇલકટર, કાતર વિગેરે. |
| | | ૨૦૧૩ | ૧૧ મોબાઇલ ફોન, ૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, ગુટકા, સોપારી, સેવિંગક્રિમ, રેઝર, ચમચા, નેઇલકટર, કાતર વિગેરે. |
| | | ૨૦૧૪ | ૧૧ મોબાઇલ ફોન, ૮ સીમકાર્ડ તથા ચલણીનાણું, ગુટકા, સોપારી, સેવીંગક્રિમ, રેઝર, ચમચા, નેઇલકટર, કાતર, વિગેરે. |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૨૦૧૦ | ૨૬ મોબાઇલ ફોન તથા ૬ સીમકાર્ડ. |
| | | ૨૦૧૧ | ૪૨ મોબાઇલ ફોન તથા ૨૧ સીમકાર્ડ. |
| | | ૨૦૧૨ | ૬૦ મોબાઇલ ફોન, ૧૮ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, ગુટકા, સીગારેટ, ચા વિગેરે. |
| | | ૨૦૧૩ | ૨૬ મોબાઇલ ફોન, ૧૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ, વિગેરે. |
| | | ૨૦૧૪ | ૧૬ મોબાઇલ ફોન, ૧૬ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ વિગેરે. |
| ૩ | રાજકોટ મધ્યસ્થ જેલ | ૨૦૧૦ | — |
| | | ૨૦૧૧ | ૩ મોબાઇલ ફોન, ૨ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ વિગેરે. |
| | | ૨૦૧૨ | ૧૧ મોબાઇલ ફોન, ૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ વિગેરે. |
| | | ૨૦૧૩ | ૧૭ મોબાઇલ ફોન, ૧૬ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ વિગેરે. |
| | | ૨૦૧૪ | ૪૨ મોબાઇલ ફોન, ૦૫ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ વિગેરે. |
| ૪ | લાજપોર મધ્યસ્થ જેલ | ૨૦૧૦ | ૦૨ મોબાઇલ ફોન, ૦૧ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૧ | ૦૨ મોબાઇલ ફોન, ૦૧ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૨ | ૦૬ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૩ | ૨૪ મોબાઇલ ફોન, ૦૮ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૪ | ૧૪ મોબાઇલ ફોન, ૦૬ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| ૫ | પોરબંદર ખાસ જેલ | ૨૦૧૦ | — |

| ક્રમ | જેલનું નામ | વર્ષ | મળી આવેલ ચીજવસ્તુઓ/પદાર્થોની વિગત |
|---|---|---|---|
| | | ૨૦૧૧ | — |
| | | ૨૦૧૨ | ૧ મોબાઇલ ફોન તથા ૦૧ સીમકાર્ડ |
| | | ૨૦૧૩ | — |
| | | ૨૦૧૪ | — |
| ૬ | પાલારા ખાસ જેલ | ૨૦૧૦ | ૦૪ મોબાઇલ ફોન, ૦૪ સીમકાર્ડ તથા બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૧ | ૦૪ મોબાઇલ ફોન, ૦૨ સીમકાર્ડ તથા બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૨ | બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૩ મોબાઇલ ફોન, ૧૦ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, વિગેરે. |
| | | ૨૦૧૪ | ૦૨ મોબાઇલ ફોન, ૦૧ સીમકાર્ડ તથા બીડી, તમાકુ, મસાલા અને કાપણું. |
| ૭ | મહેસાણા જિલ્લા જેલ | ૨૦૧૦ | ૦૨ મોબાઇલ ફોન તથા ચલણીનાણું. |
| | | ૨૦૧૧ | ૦૧ મોબાઇલ ફોન તથા ૦૧ સીમકાર્ડ. |
| | મહેસાણા જિલ્લા જેલ | ૨૦૧૨ | ચલણીનાણું. |
| | | ૨૦૧૩ | ચલણીનાણું. |
| | | ૨૦૧૪ | ૦૧ મોબાઇલ ફોન. |
| ૮ | પાલનપુર જિલ્લા જેલ | ૨૦૧૦ | નાનો અરીસો, હેરડાઇ તથા બ્લેડનો ટુકડો. |
| | | ૨૦૧૧ | — |
| | | ૨૦૧૨ | ૦૧ સીમકાર્ડ, રેઝર, બ્લેડ, બીડી, તમાકુ તેમજ ચલણીનાણું. |
| | | ૨૦૧૩ | — |
| | | ૨૦૧૪ | ચલણીનાણું. |
| ૯ | નડીયાદ  જિલ્લા જેલ | ૨૦૧૦ | ૦૨ મોબાઇલ ફોન અને ૦૧ સીમકાર્ડ. |
| | | ૨૦૧૧ | — |
| | | ૨૦૧૨ | — |
| | | ૨૦૧૩ | — |
| | | ૨૦૧૪ | — |
| ૧૦ | ભાવગનર જિલ્લા જેલ | ૨૦૧૦ | ૦૧ મોબાઇલ ફોન, બ્લેડ અને નાની કાતર. |
| | | ૨૦૧૧ | તમાકુ, બીડી, ગુટકા અને સીગારેટ. |
| | | ૨૦૧૨ | ૦૨ મોબાઇલ ફોન તથા મસાલા, બીડી, તમાકુ, સોપારી વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૬ મોબાઇલ ફોન, ૦૫ સીમકાર્ડ તથા બીડી, તમાકુ, સોપારી, નાની કાતર, વિગેરે. |
| | | ૨૦૧૪ | ૦૬ મોબાઇલ ફોન અને ૦૭ સીમકાર્ડ, સીગારેટ, તમાકુ, બીડી, કાર્ડરીડર, સોપારી વિગેરે. |
| ૧૧ | જામનગર જિલ્લા જેલ | ૨૦૧૦ | ૦૧ મોબાઇલ ફોન તથા ચલણીનાણું, બીડી, તમાકુ ગુટકા, સીગારેટ, બ્રશ, અરીસો, નેઇલકટર, રેઝર, વિડીયો ગેમ, આઇપોડ, કાતર, વિગેરે. |
| | | ૨૦૧૧ | ૦૬ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, રેઝર, કાતર, બ્લેડ, બેટરી, ગંજીપાના, હેન્ડ ફ્રી, મસાલા, ચા, સોપારી, બીડી, અરીસો વિગેરે. |
| | | ૨૦૧૨ | ૦૩ મોબાઇલ ફોન, ૦૨ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, રેઝર, કાતર, ગુટકા, સોપારી, લાઇટર વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૫ મોબાઇલ ફોન, ૦૭ સીમકાર્ડ તથા ચલણીનાણું, પેનડ્રાઇવ, બીડી, તમાકુ, સીગારેટ, મોબાઇલ બેટરી, ચાર્જર, કાતર, નેઇલકટર, સ્ટીલનું કાપણું વિગેરે. |
| | | ૨૦૧૪ | ૦૮ મોબાઇલ ફોન, ૦૫ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, કાતર, સોપારી, મસાલા, પેનડ્રાઇવ, સીગારેટ, રેઝર, ગુટકા વિગેરે. |
| ૧૨ | જુનાગઢ જિલ્લા જેલ | ૨૦૧૦ | ૦૫ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ તેમજ બીડી, તમાકુ, રેઝર, નેઇલકટર, હેરડાઇ, ગંજીપત્તા, કાતર, બેટરી વિગેરે. |
| | | ૨૦૧૧ | ૦૪ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ તેમજ બીડી, તમાકુ, રેઝર, નેઇલકટર, હેરડાઇ, |

| ક્રમ | જેલનું નામ | વર્ષ | મળી આવેલ ચીજવસ્તુઓ/પદાર્થોની વિગત |
|---|---|---|---|
| | | | ગંજીપત્તા, કાતર, બેટરી, કાપણું પેનડ્રાઇવ, સીડી, ઇયરફોન વિગેરે. |
| | | ૨૦૧૨ | ૦૧ મોબાઇલ ફોન તથા ચલણીનાણું, બીડી, તમાકુ, સોપારી, અરીસો, લાઇટર વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૧ મોબાઇલ ફોન તથા ચલણીનાણું, બીડી, તમાકુ, સીગારેટ, રેઝર, બ્લેડ, કાતર, સેવીંગક્રિમ વિગેરે. |
| | | ૨૦૧૪ | ૧૪ મોબાઇલ ફોન, ૦૨ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, નાની છરી, ચાર્જર, સીગારેટ, ફટાકડો, સફેદ કલરનું પ્રવાહી, રેઝર, બ્લેડ, કાતર, સેવીંગક્રિમ વિગેરે. |
| ૧૩ | અમરેલી જિલ્લા જેલ | ૨૦૧૦ | — |
| | | ૨૦૧૧ | — |
| | | ૨૦૧૨ | ૧૧ મોબાઇલ ફોન તથા બીડી, તમાકુ, સોપારી વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૬ મોબાઇલ ફોન તથા બીડી, તમાકુ, સીગારેટ વિગેરે. |
| | | ૨૦૧૪ | ૦૫ મોબાઇલ ફોન તથા બીડી, તમાકુ, સીગારેટ વિગેરે. |
| ૧૪ | સુરેન્દ્રનગર સબ જેલ | ૨૦૧૦ | — |
| | | ૨૦૧૧ | બીડી, સોપારી, ચલણીનાણું વિગેરે. |
| | | ૨૦૧૨ | બીડી, સોપારી વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૧ મોબાઇલ ફોન, બીડી, સોપારી, ચલણીનાણું વિગેરે. |
| | | ૨૦૧૪ | બીડી, તમાકુ, ચલણીનાણું વિગેરે. |
| ૧૫ | ગોંડલ સબ જેલ | ૨૦૧૦ | ગુટકા તેમજ ચલણીનાણું. |
| | | ૨૦૧૧ | બીડી, તમાકુ વિગેરે. |
| | | ૨૦૧૨ | ૦૪ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ, બીડી તેમજ ચલણીનાણું વિગેરે. |
| | | ૨૦૧૩ | બીડી, સોપારી વિગેરે. |
| | | ૨૦૧૪ | ૧૩ મોબાઇલ ફોન, ૦૩ સીમકાર્ડ તથા ચલણીનાણું, બીડી, તમાકુ, મસાલા, ગંજીપાના, ટાંકણું, ચાર્જર, રેઝર વિગેરે. |
| ૧૬ | ભરૂચ સબ જેલ | ૨૦૧૦ | પાનમસાલા |
| | | ૨૦૧૧ | ૦૧ મોબાઇલ ફોન, તમાકુ, પાનમસાલા, હેરડાઇ, રેઝર વિગેરે. |
| | | ૨૦૧૨ | ૦૬ મોબાઇલ ફોન, ૦૬ સીમકાર્ડ, તમાકુ, બીડી, ગુટકા, દુર્ગંધવાળું પ્રવાહી વિગેરે. |
| | | ૨૦૧૩ | ૦૨ મોબાઇલ ફોન, તમાકુ, સીગારેટ, ગુટકા, કાતર વિગેરે. |
| | | ૨૦૧૪ | ૦૬ મોબાઇલ ફોન, ૦૧ સીમકાર્ડ, તમાકુ, સીગીરેટ, ગુટકા, કાતર |
| ૧૭ | ગોધરા સબ જેલ | ૨૦૧૦ | ગુટકા તથા ચલણીનાણું. |
| | | ૨૦૧૧ | તમાકુ, મસાલા વિગેરે. |
| | | ૨૦૧૨ | — |
| | | ૨૦૧૩ | ચલણીનાણું. |
ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે ૮મી માર્ચ, ૨૦૧૫ના રોજ ઉજવાતા મહિલા દિન નિમિત્તે હું રાજ્યની અને દેશની તમામ મહિલાઓને શુભેચ્છાઓ પાઠવું છું.

મને ગર્વ છે કે, હું જે પક્ષની ધારા સભ્ય છું તે પક્ષે દેશને પ્રથમ મહિલા વડાપ્રધાન, દેશના પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ અને લોકસભાના પહેલા મહિલા સ્પીકર આપ્યા. ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી અને એ.આઇ.સી.સી.ના પ્રમુખશ્રી પણ આજે મહિલા છે ત્યારે આજ રોજ ગુજરાતના મુખ્યમંત્રી પણ જ્યારે મહિલા છે ત્યારે મને કહેતા ખૂબ જ ગર્વ અને આનંદ થાય છે. માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને જે પ્રમાણે મહિલાઓ માટેની વિવિધ યોજનાઓ બનાવી છે એના માટે હું એમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું પણ દુઃખની વાત એ છે કે કાલે મહિલા દિન હોવા છતાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : આજે ખાલી શુભેચ્છાઓ જ આપો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલઃ મારા મત વિસ્તાર એવા સિતાપુર ગામે એક મહિલાની લાશ મળી આવી. છ વર્ષની બાળકીના ગુપ્તાંગમાં બેરહેમીથી સળીયો ઘુસાડી દીધો એવા બનાવો બને છે. સોળ વર્ષની દલિત વિદ્યાર્થીની આઇ.ટી. માં ભણતી મુખ્યમંત્રીશ્રીના જિલ્લાની ખેરવા ગામે આવેલી ગણપત વિદ્યાલયની ગરીબ વિદ્યાર્થીની પર બળાત્કાર થયો. સાબરકાંઠાની એક સાડા ત્રણ વર્ષની બાળકીની કોલોસ્ટોમી ધરી એ પણ સિરિયસ છે. આમ વારંવાર આ બધી જે ઘટનાઓ બને છે અને દારુની બદીના લીધે પુરુષો મૃત્યુ પામવાને લીધે વિધવાઓની પણ જે પ્રમાણે સંખ્યા વધે છે આમ જોવા જતા રાજયમાં મહિલાઓની સલામતી જળવાય અને શિક્ષણ અને આરોગ્ય માટે આ સરકાર ખાસ તકેદારીના પગલાં લે એવો હું અનુરોધ કરુંછું.

અધ્યક્ષશ્રી : ગૃહના તમામ ભાઇઓ વતી માનનીય મુખ્યમંત્રીશ્રી, ગૃહની તમામ બહેનો અને તમામ ગુજરાતની બહેનોને ખૂબ ખૂબ શુભકામનાઓ. નેકસ્ટ. પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ કહો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. ઍરેટાના સંદર્ભમાં અનેક નિર્ણયો છે. એક લેન્ડમાર્ક નિર્ણય માનનીય સ્પીકર અશોકભાઇ ભટ્ટનો ૨ માર્ચ, ૨૦૧૦નો છે. આજે મને મારા પીજીયન બોકસમાં રાજયપાલશ્રીના પ્રવચનની અંગ્રેજી પ્રતમાં સુધારો શુદ્ધિપત્રક પ્રાપ્ત થયું છે. માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન થયું. લેખિત પુસ્તિકાઓ વહેંચાઇ ગઇ, પ્રવચન પરની ચર્ચાઓ પૂરી થઇ ગઇ, આભાર પ્રસ્તાવ પરની વાતો પૂરી થઇ, મતદાન થઇ ગયું એ પછી ઍરેટા આજે અમને પ્રાપ્ત થાય છે. માનનીય સ્વર્ગસ્થ સ્પીકર અશોકભાઇ ભટ્ટનો ૨ માર્ચ, ૨૦૧૦નો જે આદેશ છે એમાં સ્પષ્ટ છે શુદ્ધિ પત્રક કયારે રજૂ કરવું જોઇએ. શકય એટલું વહેલું. કમ સે કમ હાઉસમાં એના ઉપરની ચર્ચા આવે એના પહેલા આ બધી જ બાબતોનો ભંગ થયો છે અને એટલા માટે આપનો આ સંદર્ભમાં આદેશાત્મક નિર્ણય આવે એવી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : શુદ્ધિપત્રક કયારે મુકાયું એ તમામ બાબતો હું વિગતો જોઇને પછી એનો નિર્ણય આપીશ. અત્યારે આ નિર્ણય પેન્ડીંગ રાખીએ છીએ.

સરકારી વિધેયક

**સન ૨૦૧૫નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૫

**સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજયના એકત્રિ ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર કરવા બાબત વિધેયક.**

શ્રી સૌરભભાઇ પટેલ **(નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, *રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫નું ગુજરાત (પુરક) વિનિયોગ વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫ નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે પુરક વિનિયોગ વિધેયકની ચર્ચા હાથ ધરવાની છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપેલ છે. આજે ગૃહની બેઠકનો સમય બપોરે ૧૨–૦૦ વાગ્યાથી સાંજે ૫–૧૫ સુધીનો છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ– ૨૩૮ (૩) અન્વયે એક કલાક પહેલા એટલે કે સાંજના ૪–૧૫ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક પરની સમગ્ર ચર્ચા સમાપ્ત કરી બધી બાબતો સભાગૃહના મત ઉપર મુકવાની થાય. પરંતુ આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૫–૧૬ના વર્ષના અંદાજપત્ર પરની પહેલા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ–૨૩૯ હેઠળ મને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છુટછાટ મુકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે બપોરે ૧–૩૦ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું. પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે જે ચાર સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે એ દરેક સભ્યશ્રીને ચર્ચા માટે ૪–૪ મિનિટનો સમય ફાળવું છું. તદઅનુસાર આ મુદ્દાઓ ઉપરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત ઉપર મુકવામાં આવશે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી (કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયક ઉપરના સુધારા એમાં પૂરક માગણી નં.૩૦ ઉપરનો મારો સુધારો એમાં સરકારી કર્મચારીના પડતર પ્રશ્નો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય મંત્રીશ્રી અને સરકારનું ધ્યાન દોરવા માગું છું કે રાજ્ય સરકાર સાથે કર્મચારીઓની વિવિધ માગણીઓ અંગે લાંબા સમયથી વાટાઘાટો થઇ રહી છે. મંત્રીશ્રીઓ તથા પેટા કમિટીઓની યુનિયનો સાથે ચર્ચાઓ થઇ. રાજ્યના મુખ્ય સચિવશ્રી સાથે ચર્ચા થઇ. સરકાર આજદિન સુધી આમાં નિર્ણય લેવામાં અશક્ત રહી છે, તો સત્વરે નિર્ણય લે અને લાભ આપે તેમજ સરકારે પોતાની *(xxx) કરવી હોય તો કરોડો રૂપિયા મેળાઓ માટે ખર્ચવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ કાઢી નાખીએ છીએ. ગૃહને ઉચિત નથી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : વર્ષોથી સરકાર કર્મચારીઓની ભરતીની વાતો કરે છે, માગણીઓની વાતો કરે છે. જેના માટે કર્મચારીઓ લડતા હોય છે, પરંતુ કોઇપણ મેટર સરકાર સામે યુનિયન લડે છે, તે મેટર હાઇકોર્ટમાં જાય છે. અને હાઇકોર્ટ નિર્ણય આપે ત્યારે સરકાર સુપ્રિમ કોર્ટ સુધી જાય છે. સરકારી કર્મચારીઓના હક્ક, હિસ્સાની વાત છે, એના માટે સરકાર કાયમને માટે ઉણપ બતાવે છે તો સરકારને મારી વિનંતી છે કે યુનિયનની માગણીઓ સત્વરે પૂરી કરે.

---

* વિધેયક સન ૨૦૧૫ના માર્ચ મહિનાથી ૪થી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે)

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાથી દૂર કરવામાં આવ્યા.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં ગૃહ વિભાગમાં તમામ જગ્યાઓ મોટા ભાગની કોન્સ્ટેબલ હોય, પી.એસ.આઇ. હોય, પી.આઇ. હોય બધી જગ્યાઓ ખાલી છે. એની જગ્યાએ દરેક વિસ્તારમાં હોમગાર્ડના જવાનોને રાખવામાં આવે છે તે હોમ ગાર્ડના જવાનોને ૨૯ દિવસ માટે રાખીને તેને રોજના ૨૦૪ રૂપિયા વેતન આપવામાં આવે છે. ખરેખર ૨૦૪ રૂપિયા આખા દિવસ હોમગાર્ડના જવાનો કઇ રીતે કામ કરે. હોમગાર્ડના જવાનોનું ખરેખર વેતન ૩૦૦ થી ૪૦૦ રૂપિયા કરવું જોઇએ. જે તે હોમગાર્ડના જવાનો ત્યાં આગળ સારી રીતે કામગીરી કરે અને એના હિસાબે ટ્રાફિક વ્યવસ્થા ચાલે અને લૂંટફાટ, ધાડ, ચોરી વગેરે થાય છે તો તેવી જગ્યાએ કોન્સ્ટેબલ પૂરેપૂરા હાજર રહી શકતા નથી. આવી જગ્યાઓ ઉપર હોમગાર્ડના જવાનો હોય તો ખરેખર હોમગાર્ડના જવાનો માટે મારી ખાસ વિનંતી છે કે તેમનું વેતન વધારવું જોઇએ અને તેઓ વ્યવસ્થિત રીતે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પૂરેપૂરો સહકાર આપે તે રીતે કરે. બીજું આ સરકારમાં જે પોલીસ ખાતામાં અણબનાવો બને છે. જ્યારે લૂંટફાટ, જાહેરમાં બાળાઓ, મહિલાઓ, બાળકોના અત્યાચાર થાય છે. પ્રશ્નમાં પણ સરકારે વિચાર કરી, ખરેખર આવું આયોજન કરી હોમગાર્ડ તથા કોન્સ્ટેબલની જે કઇ ભરતી કરવાની થાય તે સરકારશ્રીએ કરવી જોઇએ. તમે નહીં માનો કે ગૃહ વિભાગમાં ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. તો વહેલામાં વહેલી તકે એ જગ્યાઓ ભરી પ્રજાનું હિત અને પ્રજાનું રક્ષણ થાય તે માટે સરકારે કાર્યવાહી કરવી જોઇએ. ખરેખર દરેક તાલુકા અને જિલ્લાઓમાં, ગામડાંમાં નારી અદાલતો ઠીક છે તો મહિલાઓની વાત કરી. મહિલાઓની પોલીસ સ્ટેશનમાં ભરતી કરીશું, પણ મહિલાઓની ભરતી કરવામાં આવતી નથી. સરકારશ્રી ખોટા ખોટા વચનો આપીને કહે છે કે મહિલાઓનું આમ કરીશું. તમે વિચાર કરો ધોળે દિવસે જાહેરમા બળાત્કાર થાય, જાહેરામાં મહિલાઓને ઉપાડી જાય એને પકડી તેના ઉપર કાર્યવાહી કરતી નથી. તમે જુઓ કાલનો પેપરનો કિસ્સો કે જાહેરમાં પોલીસ કોન્સ્ટેબલ ડાન્સ કરી ફાયરીંગ કરે છે. આ સરકારના જે નીતિ નિયમો છે તે નિયમોનું પોલીસ જ ભંગ કરતી હોય તો સામાન્ય પ્રજા શું ન કરે? મારી તો ખાસ વિનંતી છે કે આખા રાજયમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી થાય, જાહેરમાં બળાત્કાર થાય અને જાહેરમાં જવેલરી લૂંટવામાં આવે છે તે બધુ બંધ કરવા કાયદો અને વ્યવસ્થાનું પૂરેપૂરું પાલન કરે તેવી મારી ખાસ વિનંતી છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક વિનિયોગ વિધેયકની પૂરક માગણી નં.૭૯ ખર્ચના પૂરક પાના નં.૮૦ ઉપર જે કુદરતી આફતોના સમયે રાહતના સંદર્ભની ખર્ચ કરવાની મંજૂરીની બાબત પૂરક વિનિયોગમાં લઇને સરકાર આવી છે ત્યારે કુદરતી આફતોમાં એક સમય હતો કે જયારે પાંચ વર્ષમાંથી ત્રણ વર્ષ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત એ અછતનો સામનો કરતા હતા. ધરતીકંપ પછી કોઇન્સીડન્ટ કહીએ કે કોઇ પરિવર્તન કહીએ, કુદરતી સંજોગો બદલાયા અને જે પાંચ વર્ષમાં ત્રણ વર્ષ મોટી અછતનો સામનો ગુજરાતના મોટા ભાગના વિસ્તારોમાં થતો હતો તેના બદલે સારા વરસાદની પરંપરા આપણે ત્યાં રહી. આપણે ઇશ્વરના આભારી છીએ કે એ પરંપરા રહી. પરંતુ કચ્છના કેટલાક તાલુકાઓ અછતની પરિસ્થિતિનો સતત ભોગ બનતા રહ્યા છે. તેમાં ખાસ કરીને લખપત, અબડાસા, બન્ની, પાર્ટ ઓફ નખત્રાણા અને રાપર આ વિસ્તારોમાં સતત દુષ્કાળ જેવી પરિસ્થિતિ રહી છે. આ વર્ષે કેટલાક વિસ્તારોમાં અછત અને અર્ધઅછત જાહેર કરવી પડી છે. ભૂતકાળમાં મોટાભાગનું ગુજરાત અછતગ્રસ્ત હોય છતાં આપણે ઘાસની તંગી ન્હોતા પડવા દેતા. દક્ષિણ ભારતમાંથી ઘાસના મોટા બંડલો લાવી લાવીને ઘાસનું ગામેગામ વિતરણ થતું હતું. આજે પરિસ્થિતિ શું થઇ છે? માત્ર મુઠ્ઠીભર જેટલા વિસ્તારમાં અછત છે. આખા ગુજરાતમાં અછત નથી. ઘાસ પૂરેપૂરું લાવી શકીએ, એકે એક ગામ આપણે ઘાસનો ડેપો કરી શકીએ તેવી પરિસ્થિતિ છે. પરંતુ આપણી નિષ્ઠા અને પ્રમાણિકતા સામે પ્રશ્નાર્થ ઉભો થાય છે. આજે રાજકારણથી પર ઉઠીને આ ગૃહમાં બેઠેલા કોઇપણ માનનીય સભ્યશ્રીને હું વિનંતી કરું છું કે આપ જઇને તે અછતગ્રસ્ત લખપત અને અબડાસા વિસ્તારના પશુ પાલકોને પૂછજો તો ખરા કે તમને ઘાસની શું પરિસ્થિતિ છે? અહીં મોટી વાત થાય છે કે આટલા લાખ કિલો ઘાસ, આટલું ઘાસ, હું દર્દ સાથે કહું છું કે ત્યાં પશુપાલકને અઠવાડિયામાં એક જ દિવસ ઘાસના ડેપો પર જવાનું છે. ગામડાંનો માણસ હોય તેને વાર પણ યાદ ન હોય અને જયારે ત્યાં જાય ત્યારે કહેવામાં આવે કે આજે ઘાસ ખલાસ છે. આવતા અઠવાડિયે આવજો. ઘાસના ડેપો પર સંચાલક નથી.

અરે, ભૂતકાળમાં મસ્ટર ઉપર આપણે માણસો મૂકતા હતા કે ત્યાં ઘાસ લેવા આવનારો માણસ તેને પાછું ન જવું પડે. સરકારી કર્મચારી નહીં. ગામના માણસને રોજી મળશે, મસ્ટર ઉપરનો માણસ મૂકો. ચોવીસ કલાક ત્યાં કાર્ડ લઇને આવનારો માણસ અને તે કોઇ નકામો માણસ નથી. તેના ઢોરનું કાર્ડ લઇને આવે છે. ઘાસ લેવા આવનારો માણસ છે તેને પરત ન જવું પડે તેવી વ્યવસ્થા આ સરકાર ગોઠવે તેવી મારા તરફથી આપના મારફતે હ્રદયપૂર્વક વિનંતી કરું છું. ચાર જ પશું હોય તેનું કાર્ડ મળે. પશુપાલક અને ખેડૂત કયાં જશે? આપ સરવે કરાવી લો કે તારા ઘરમાં પંદર ઢોર છે તો તને પંદર પશુનું કાર્ડ મળશે. માત્ર થોડા જ વિસ્તારમાં આવી વ્યવસ્થા કરવાની છે. ફૉરેસ્ટના ડેપો પરના ઘાસ ત્રણ વર્ષ થાય એટલે સડી ગયું છે તેમ કરીને હરાજીમાં વેચી મારીએ છીએ, અને તેમાં ગોટાળા થાય છે તેના બદલે એ ઘાસ અછતગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચશે તો તે પશુઓના માલિકોના આશીર્વાદ મળશે. એટલા માટે સરકારને વિનંતી કરીશ કે દરરોજ ત્યાંથી ઘાસ લેવાય તેવી વ્યવસ્થા કરે, ઘાસ ડેપો પર સરકારી કર્મચારી નહીં મસ્ટર પરનો ચોવીસ કલાકનો માણસ મૂકો અને ગામડાંનો માણસ ઘાસ લેવા જાય તેને પૂરતું ઘાસ અને ચાર કે પાંચ પશુ નહીં પણ જેટલા પશુ હોય તે પ્રમાણે કાર્ડ તે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે એ શબ્દો સાથે વિર્મુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૩૦, ૨૦૧૩. માનનીય મુખ્યમંત્રીશ્રી બાબતમાં તમામ માનનીય ધારાસભ્યશ્રીઓ જયારે ટપાલ લખતા હોય, માણસ નીચે મામલતદારથી માંડીને પ્રાન્ત ઓફિસરથી માંડીને, કલેકટરથી માંડીને, સંકલન સમિતિથી માંડીને દરેક જગ્યાએ એની રજૂઆત કરતો હોય છે, એના વિસ્તારના અનેક જાતના પ્રશ્નો હોય છે અને તમામ પ્રશ્નો માટે નીચેથી માંડીને માનનીય મંત્રીશ્રીઓ સુધી જયારે જાય અને એનું કામ ન થાય ત્યારે ચોક્કસપણે માનનીય મુખ્યમંત્રીશ્રીને ટપાલ લખતા હોય છે. માનનીય મુખ્યમંત્રીશ્રી કદાચ અધિકારીશ્રીઓને ઘટતું કરવાની સૂચના આપે તો પણ આ તંત્રની અંદર કોઇ કામ થતું નથી. મારો જાત અનુભવ છે મેં અત્યાર સુધીમાં ૨૨ લેટરો લખ્યા છે અને એ બધાની અંદર એવું થાય કે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ધારાસભ્ય ક્યારે જાય? મારું કામ નીચેથી માંડીને ઉપર સુધી નથી થતું તો ચોક્કસપણે મારે ત્યાં આગળ જઇને રજૂઆત કરવી જોઇએ અને રજૂઆત થશે, હું મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરીશ તો મારું ઘટતું કામ થઇ જશે. પ્રાણ પ્રશ્નોની રજૂઆત હોય છે, પ્રાણ પ્રશ્નો એવા છે કે અમારા વિસ્તારાની અંદર જયારે પાણીના પ્રશ્નો ઉભા થાય, ચાર ચાર નહેરો હોય, ચાર ચાર યોજનાઓ હોય અને એકેય યોજનાઓમાં કામ ન થતું હોય અને સરકારને આપણે દરખાસ્ત કરતા હોઇએ છીએ કે અહીંયા આગળ આ વિસ્તારના પ્રશ્નો એવા છે કે, કદાચ પાણીની વ્યવસ્થા નહીં થાય તો ૧૦ વર્ષમાં આ વિસ્તારમાંથી પાણી વગર લોકોને હિજરત કરવી પડે એવી સ્થિતિનું નિર્માણ થશે. તો એની રજૂઆત થતી હોય તો અમને ચોક્કસ થાય કે આ વિસ્તારમાં સરવે થશે અને અમારી માગણી છે એના જવાબો આવશે એ પરિસ્થિતિનું ઝડપથી નિર્માણ થાય તો ચોક્કસ આનંદ થાય.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની વાતો થાય, સમગ્ર રાજયમાં અનેક યુવાન મિત્રો બેકાર હોય એ બાબતમાં આપણે જી.આઇ.ડી.સી.ની રજૂઆત કરતા હોઇએ અને સરકાર તાત્કાલિક ધોરણે કદાચ જી.આઇ.ડી.સી. મંજૂર પણ કરી દે અને માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના હોવા છતાં તંત્રએ જે જવાબદારી લઇને કામ ઉપાડવું જોઇએ એ ઉપાડે નહીં અને એમ કહેવામાં આવે કે આમાં તો સુપ્રિમ કોર્ટનો ચૂકાદો છે અને એના કારણે આપણને જમીન નથી મળતી એમ કરીને તંત્ર ૬ મહિના, ૧૨ મહિના, ૨ વર્ષ એ કામ ખેંચાતું રહેતું હોય છે. મારા એકલાના પ્રશ્નો નહીં મારા ઘણાં બધા મિત્રો વાત કરતા હોય છે અને કહેતા હોય છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે તો છેલ્લી ઘડીએ માણસ જતો હોય છે ત્યારે એને આશાનું કિરણ હોય કે આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી પાસે મારી રજૂઆત કરીશ તો મારું કામ થઇ જશે એવી સ્થિતિમાં પણ જયારે કામ ન થતું હોય ત્યારે એને બહું નિરાશા થતી હોય છે. આવા અનેક ધારાસભ્યશ્રીઓના અને અમારા વિસ્તારના પ્રશ્નો જયારે અમે કહેતા હોઇએ છીએ ત્યારે અમારી વિનંતી એ છે કે, આ અમારા પ્રશ્નોનો જલદીમાં જલદી ઉકેલ થાય એવી વિનંતી છે.

શ્રી સૌરભભાઇ પટેલ (નાણા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જીતુભાઇએ સરકારી કર્મચારીઓના પ્રશ્ન વિશે ચિંતા વ્યક્ત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ટીમ ગુજરાતના આ બધા

સાથીઓ છે અને એમના કારણે આપણે રાજયોનો વિકાસ કરી રહ્યા છીએ. એટલે સરકારી કર્મચારીઓના કોઇ પણ પ્રશ્ન હોય એમાં આ સરકારે જોડે બેસીને એમના ઉકેલ લાવવા માટે ચોક્કસ પ્રયત્ન કર્યા છે અને કરતી રહેશે. એક પોઝિટિવ એટિટ્યુડ સાથે આ પ્રશ્ન કેવી રીતે હલ થાય એના માટે પ્રયત્ન કરતા હોઇએ છીએ. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એક હાઇ લેવલની કમિટી રચી છે આ કમિટીએ એ લોકો સાથે ઘણી મિટિંગો કર્યા પછી ઘણાં બધા પ્રશ્નોનો નિકાલ પણ કર્યો છે. દાખલા તરીકે ફિક્સ પે પગાર હતો એમાં ૪૫૦૦ આપતા હતા એના આજે ૭૧૦૦ આપીએ છીએ, જોડે બેસીને જ નક્કી કર્યું છે. લાગણીને માન આપીને એમના જે દસ હજાર હતા એના તેર હજાર સાતસો રૂપિયા કર્યા છે, એટલે સ્વાભાવિક રીતે એ ધ્યાનમાં રાખ્યું છે, એમના પ્રમોશન વિશેના પ્રશ્ન હોય, એમના એન્યુઅલ પરફોર્મન્સનું અપ્રેઇઝલ કેવી રીતે થતું હોય એની અંદર પરફોર્મન્સ બેઇઝ કેવી રીતે ક્રાઇટ એરિયા મૂકવામાં આવે, જે ખાલી જગ્યાઓ છે એના માટે આ સરકારે રિક્રુટમેન્ટ કેલેન્ડર બનાવ્યું, અને એ દસ વરસના કેલેન્ડરમાં લોકોના પ્રમોશન પણ કેવી રીતે સચવાઇ રહે, એ લોકોના સ્ટ્રક્ચરની અંદર કેવી રીતે ઇમ્પ્રુવમેન્ટ થાય, આ બધી જ ચિંતા આ સરકારે કરી છે, ઓફિસ આસિસ્ટન્ટ માટે ડાયરેક્ટ રિક્રુટમેન્ટની કલાસ-૩ની ૨૦૦ જગ્યાઓની મંજૂરી આપી. એ લોકોના ઘણા બધા એલાઉન્સીસમાં પણ આપણે વધારો કર્યો છે. સિનિયર અધિકારીઓને આપણે એબ્રોડ ટ્રેઇનીંગ માટે પણ મોકલતા આવ્યા છીએ, એટલે જ્યાં જ્યાં જરૂર પડશે ત્યાં આ ટીમ ગુજરાતના સભ્યોને વિશ્વાસમાં લઇને સરકાર એમના પ્રશ્નોનો ચોક્કસપણે નિકાલ કરવાની કોશિષ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કરમશીભાઇએ હોમગાર્ડની વાત કરી, ૨૦૧૨ સુધી ૮૦ રૂપિયા મળતા હતા, આજે આપણે ૨૦૦ રૂપિયા કર્યા છે, ૨૦૦ની સાથે સાથે આજે જ્યાં પણ એમની જરૂરિયાત પડે ત્યાં એનો ચોક્કસ ઉપયોગ કરીએ છીએ, ઓન એન્ડ એવરેજ દરરોજના અગિયાર હજાર લોકોનો આ હોમગાર્ડઝમાં જુદા જુદા ક્ષેત્રની અંદર આપણે ઉપયોગ કરતા આવ્યા છીએ. સાથે સાથે એમના ઘણા એલાઉન્સીસમાં પણ વધારો કર્યો છે, એ પણ એમને લાભ મળશે. જરૂર પડશે, યોગ્ય લાગશે તો આવતા દિવસોમાં સરકાર વિચારણા કરીને એમાં સુધારો કરવાની વાત આવશે તો સરકાર ચોક્કસ વિચારશે.

માનનીય શક્તિસિંહજીએ જે કચ્છ વિસ્તારની વાત કરી એમાં આજે ૩૫૩ ગામડાઓમાં આપણે ૬ તાલુકાઓમાં સેમી સ્કેરસીટી લાગુ કરેલી છે, ચાર કિલો ઘાસ દરરોજ એક પશુદીઠ આપણે આપીએ છીએ અને એક વાત સાચી છે કે, વરસોથી આપણે ઢોરોની સંખ્યા મર્યાદિત રાખી છે, પાંચ ઢોર માટે બે રૂપિયે કિલો તરીકે આપણે દરરોજ આપીએ છીએ. આજે ૮૫ ડેપો ખોલ્યા છે અને મારી માહિતી પ્રમાણે અઠવાડિયે એક વાર નહીં પણ અઠવાડિયામાં ત્રણ દિવસ આપવામાં આવે છે. પણ આ બાબતમાં હું ચોક્કસ તપાસ કરી લઇશ અને કલેકટર સાથે પણ વાત કરી લઇશ અને ચોક્કસ જોઇ લઇશું. એ લોકોનું એવું કહેવું છે કે અમે ૩ દિવસ આપીએ છીએ. અત્યાર સુધીમાં ૪૮ લાખ કિલો ઘાસનું વિતરણ કર્યું છે, આજે અછત કમિશનરશ્રીને પણ આપણે ત્યાં મોકલ્યા છે. કારણકે આપણી પ્રાયોરિટી છે કે આ વખતે કોઇપણ તકલીફ ના પડે. કારણકે હજી ઘણા મહિનાઓ છે, જરૂર પડશે તો વધારે સ્ટોક ત્યાં સરકાર મોકલી આપશે અને જ્યાં જ્યાં જરૂર પડશે ત્યાં તાલુકાની અંદર પાછું રિવ્યુ પણ કરી લઇશું. આ જે તાલુકા કહ્યા છે કે જ્યાં રેગ્યુલર અછત થાય છે તો ત્યાં વધારે સ્ટોક કેવી રીતે થઇ શકે અને ડેપોની અંદર કાયમ માટે કેવી રીતે રખાય એ પણ જોઇ લઇશું.

બીજું અમારા સૌના બલવંતસિંહજીએ મુખ્યમંત્રીશ્રીને ધારાસભ્યશ્રીએ લખેલા કાગળના જવાબ વિશે વાત કરી. એના માટે એમણે ચિંતા વ્યક્ત કરી છે, આમ તો પંદર દિવસની અંદર જવાબ મળવો જોઇએ અને બને ત્યાંસુધી પંદર દિવસમાં જવાબ આપીએ પણ છીએ પણ ઘણી વખત કોઇક પ્રશ્ન અઘરો હોય અને માહિતી છેક નીચેથી મંગાવવી પડે તેમ હોય અને અમલીકરણ થવામાં પણ સમય લાગે તેમ હોય, કોઇ નીતિ વિષયક નિર્ણય પણ હોય તો આવા સંજોગોની અંદર સમય વધારે લાગતો હોય છે, પણ સભ્યશ્રીઓના જે કોઇ પ્રશ્ન મુખ્યમંત્રીશ્રીને લખાશે એનું ચોક્કસ ધ્યાન આપવામાં આવશે અને બને એટલા પ્રશ્નોનો જલ્દી ઉકેલ લાવવામાં આવે એના માટે સરકાર પ્રયત્ન કરશે.

૫૮૧૮ કરોડની કુલ ડિમાન્ડ લાવ્યા હતા એમાં ખેડૂત વિશેના વધારે હતા. એમાં વ્યાજ હતું એ ૪૦૩ કરોડ રૂપિયા હતું, એરીયર્સ સબસિડી હતી એ ૪૨૯ કરોડ, ૫૦ ટકા વીજળી જે આપણે ખેડૂતોને આપીએ એમાં ૭૭૩ કરોડ હતા, ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના ડેઇલી વેઇજર્સ હતા એનો કોર્ટ કેસ હતો એના ૧૨૨ કરોડ હતા, રસ્તા ૭૫ કરોડ, અને પેટા પરામાં ટ્રાયબલ વિસ્તારમાં વીજળીકરણના ૯૧ કરોડ હતા, પછી સબસિડી ડિઝલના ફિશરમેનના આશરે ૪૭ કરોડ હતા. આ બધી એમાઉન્ટ આમ તો બજેટની અંદર સમાવેશ થઇ શકે એવું ના હતુ કારણ કે બજેટ આવ્યા પછી સંજોગોના કારણે થયુ છે. એટલે આ પ્રમાણેનું હતુ એટલે મારી વિનંતી છે કે આને મંજૂર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫નું ગુજરાત(પૂરક)વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ ૨ અને કલમ ૩ અનુસૂચિ કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫નું ગુજરાત(પૂરક)વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫નું ગુજરાત(પૂરક)વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયકને પસાર કરવામાં આવે છે.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ)

**<#D**/અન્ય/**D#>**

અધ્યક્ષશ્રીની જાહેરાત

**<#D**/અન્ય/**D#>**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ જાણે છે કે અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા કોઇ સિદ્ધાંતના પ્રશ્ન ઉપર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષય અગર તો સેવાની અગત્યતા અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણેના કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીશ્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય પરંતુ ખાતાઓની ઝીણી ઝીણી વહીવટી વિગતો કે સ્થાનિક પ્રશ્નોની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચા વખતે નહીં પરંતુ અનુદાનની માગણીઓ ઉપરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબત ધ્યાનમાં રાખશે તો પુનરોકિત થશે નહીં અને ચર્ચા ઉપયોગી થઇ શકશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ સત્રમાં આપણે મળી રહ્યાં છીએ. માનનીય રાજયપાલશ્રીના ભાષણથી સત્રની શરૂઆત થાય અને અનુદાનની માગણીઓથી તેની સમાપ્તિ થાય એવા બજેટ સત્રમાં રાજયપાલશ્રીના અભિભાષણમાં સરકારનો જવાબ જયારે હું સાંભળતો હતો ત્યારે મને એમ કે કદાચ કોઇ સિનિયર મંત્રી જવાબ આપશે. અત્યાર સુધીની પરંપરા હતી કે રાજયના મુખ્યમંત્રી ગવર્નર સાહેબના પ્રવચનનો જવાબ આપે તો જ ભાષણની ગરિમા રહે. પરંપરા અનુસાર કદાચ સરકારના કારણો હશે પરંતુ કમસે કમ કેબિનેટ રેન્કના કોઇ સિનિયર મંત્રી જવાબ આપે તો ગવર્નર સાહેબનું પણ માન રહે એવુ મારું માનવું છે. અહીંયા હું ભાષણ સાંભળતો હતો. ચેમ્બરમાં હતો ખબર પડી કે આ સમાપ્તિ છે, દોડતો આવીને મેં ભાષણ સાભળ્યું એમાં માનનીય મંત્રીશ્રી જે ઉલ્લેખ કરતા હતા પંડિત દિન દયાળજી ઉપાધ્યાયનો, એમણે જોયા હશે કે નહીં, એમના સાહિત્યને વાચ્યું હશે કે નહીં એની મને ખબર નથી. અને ખાલી જેણે લખીને આપ્યું હોય કમસેકમ કોઇપણ વિષય આપણે....

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, પંડીત દિનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવ દર્શન ઉપર કોઇપણ સભ્યને ચર્ચા કરવી હોય તો અમારી તૈયારી છે, અમારી સૂઝ, અમારી જાણકારી ઉપર કોઇ સભ્યશ્રી શંકા ઉઠાવતા હોય તો પંડિત દિનદયાળના માનવ દર્શન ઉપર કોઇપણ સભ્યશ્રીને ચર્ચા કરવી હોય તો અમારી તૈયારી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કમસેકમ આખા વિષયને સમજીને જો જવાબ આપ્યો હોત તો કદાચ સારું હોત કે એમનો એકાત્મ માનવવાદ શું હતો એ સમજશો તો કમસેકમ તમારા આત્મા માટે પણ સારું રહેશે.

અહીંયા આજે બજેટની ચર્ચાની શરૂઆત થાય છે, પ્રજાની આશા આકાંક્ષાઓ રાજયનું બજેટ પૂરી કરશે. કેન્દ્રનું બજેટ હોય તો એમાં પણ નાગરિકને એમ થાય કે અમારી આશા અને અપેક્ષાઓ અને અમારા પ્રશ્નો કદાચ ભારત સરકારનું બજેટ પૂરી કરશે. પરંતુ મને કહેવા દો સાહેબ આ જે બજેટ રાજય સરકારનું છે જેમાં સૌનો સાથ અને સૌનો વિકાસ એ ખાલી શબ્દ છે, આ એક મંત્ર ઇલેકશન ઓરિએન્ટલ તમામ વિકાસની વાતનો અને એમાં ખાલી શાબ્દિક મતલબ આ સૌનો સાથ સૌનો વિકાસ એવું નહીં, લગભગ આ સરકારે ૨૦ જેટલી આવી યોજનાઓના શબ્દો એ પછી અમૃતમ યોજના, દૂધ સંજીવની યોજના, નિરાધાર વિધવા આર્થિક સહાય, આજે સાહેબ વિધવાઓને સહાય કે પેન્શન મળતું હોય તેવી મારી માહિતી નથી, ઘણી બધી ફરિયાદો આવે છે. આવી ૨૦ કરતાં વધારે યોજનાઓ છે એ બધી યોજનાઓનું બધા સૂત્રોનું મોનિટરીંગ સરકાર કરતી હશે કે કેમ એમાં મને શંકા છે. જે રીતે શાબ્દિક રીતે ગુજરાતની વિકાસ યાત્રા દેશ અને દુનિયા માટે સિમાચિહ્ન હું માનું છું કે આત્મશ્લાઘા એટલી બધી નહીં હોવી જોઇએ કે પ્રજાને તો ભલે ગૂમરાહ કરતાં હોઇએ પરંતુ આપણી જાતને પણ ગૂમરાહ કરીએ છીએ.

આજે આ બજેટમાં જો આખું વાચીએ તો એક નિષ્ફળતાઓનો દસ્તાવેજ સરકાર રજૂ કરતી હોય તેવું લાગે છે. સાહેબ એક નાગરિક તરીકે માણસ તરીકે સરકાર પાસે અપેક્ષા હોય, જે અપેક્ષામાં એક પણ માણસ હરતો ફરતો, આપણે હોઇએ કે સામાન્ય માણસ હોય, કોમન મેન હોય કે પ્રધાન સેવક હોય, આ બધાને પોતાને લાગે કે આ બજેટ મારા માટે, મારા પરિવાર માટે રોજી-રોટી કપડાં, મકાન, શિક્ષણ, આરોગ્ય, પરિવહન, સલામતિ, પારદર્શકતા, આર.ટી.આઇ., ખેતીવાડી, સિંચાઇ, પાણી, વીજળી આ બધા રોજના પ્રશ્નો છે. રોજના પ્રશ્નો જે સરકારના હાથમાં છે. સરકારને માણસ મા-બાપ માનતો હોય છે એને એમ લાગે કે આ સરકાર મારો પ્રશ્ન પૂરો કરશે એમાંનો એક પણ પ્રશ્ન આ મેં કીધા એ અને બીજા જે કંઇ હોય એમાં ગુજરાત એકમાં પણ નંબર વન નથી, કદાચ દસ, બાર કે ૧૫મો નંબર દેશમાં હશે. બાકી એકમાં પણ નંબર વન તમે નથી. માટે નંબર વનની જાહેરોતો કારણ વગર પ્રજાના પૈસાની બરબાદી થાય છે, જાહેરાતોમાં નંબર વન, નંબર વન, સૌનો સાથ સૌનો વિકાસ, કયાંય આમાં સૌના વિકાસ જેવું લાગતું હોય તો એમણે આંકડામાં બતાવવું જોઇએ કે આ રીતે અમે વિકાસ કર્યો.

હમણાં શિક્ષણની વાત થઇ, શિક્ષણમાં સવારે પ્રશ્નોત્તરીમાં પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણા વરસોથી લગભગ એક વર્ષ બાદ કરતાં છેલ્લા ૨૦ વર્ષથી તમે શાસનમાં છો. ૨૦ વર્ષથી જે સરકાર ગુજરાતમાં રાજય કરે છે જે પાર્ટી, તેમના રાજમાં આજે પણ જિલ્લાના જિલ્લાઓમાં ભેગા બાળકો બેસાડવામાં આવે. હજી પણ જવાબ 'જેમ બને તેમ જલ્દી' જેની કોઇ વ્યાખ્યા જ નહીં. તો કમસેકમ જે વિકાસનો પાયો, શિક્ષણ. માનવીના વિકાસનો પાયો એનું બચપણ, એનું બાળપણ. આ બાળપણમાં શિક્ષણ લેવાવાળું બાળક જો ઘેટા-બકરાંની માફક એક જ ઓરડામાં બધા બેસીને ભણવાના હોય, ખુલ્લામાં વરસાદમાં બેસવાના હોય તો હું માનું છું ત્યાં સુધી ગુજરાતના નાગરિકનું, ગુજરાતના જાહેર જીવનનું બહુ મોટું અપમાન થઇ રહ્યું છે. આ તો પ્રાથમિક શિક્ષણ. માધ્યમિક શિક્ષણમાં પણ, પ્રાથમિક પછી માધ્યમિકમાં કયાં જવું? એક બાળકનો વાલી જે પ્રાઇમરી ભણાવે છે તેને હવે અંગ્રેજીમાં જવું હોય તો ફરજિયાત નોન ગ્રાન્ટેડ સ્કૂલમાં તેણે પ્રવેશ લેવો પડે છે. જે તેને પોસાતું નથી. પોસાતું નથી એટલે બાળકો ઉઠી જાય છે. પહેલાં ધોરણમાં ૨૦ લાખ બાળકોએ જો પ્રવેશ મેળવ્યો હોય તો બારમા ધોરણ સુધીમાં પણ ૨૦ લાખના બહુ બહુ તો ઘટીને ૧૮ લાખ હોવા જોઇએ. તેના બદલે પરાણે ૮-૯ લાખ બાળકો ૧૨મા ધોરણમાં પરીક્ષા આપે છે. આ ૧૦

લાખ બાળકો કયાં જાય છે? આ જે બાળકો અધવચ્ચે ઉઠી જાય છે તેનો પણ સરકાર વિચાર કરે તો ગુજરાતનું ભલું થશે. આવું જ ઉચ્ચતર શિક્ષણ અને કોલેજીસ, પ્રિન્સિપાલો નથી. યુનિવર્સિટીઓ રાજકારણના અખાડા બની ગયા છે. યુનિવર્સિટીઓમાં પૂરો સ્ટાફ નથી. પ્રિન્સિપાલ નહીં, સ્ટાફના પૂરા ટીચર નહીં, જે રાજયનું ભવિષ્ય શિક્ષણ સાથે સંકળાયેલું હોય અને જે સરકાર સૌનો સાથ સૌનો વિકાસમાં અમે નંબર વન છીએ એમ કહેતી હોય ત્યારે એટલી ખરાબ રીતે આખા દેશની તુલનામાં ગુજરાતનાં શિક્ષણની હાલત થઇ છે છેલ્લા ૧૫–૨૦ વર્ષથી, તેનો પણ તમારા ભાષણમાં જવાબમાં ઉલ્લેખ કરશો તો અમને આનંદ થશે.

માણસ માટે બીજી મહત્વની વસ્તુ છે આરોગ્ય. સ્વાભાવિક છે, માણસ બિમાર પડે. પરિવારમાં ચિંતા હોય. આરોગ્ય ક્ષેત્રમાં વર્ષો પહેલાં જેટલી હોસ્પિટલો હતી, મારા ખ્યાલથી મોટા શહેરોમાં ૮૫ હતી. આજે એટલી જ છે. શહેરીકરણ વધતું જાય છે. બીજાં શહેરોમાં ૧૮૫ હતી. અત્યારે કદાચ ૧૮૬, એકાદ વધી હશે. પ્રાઇવેટ દવાખાના રોજ–રોજ વધ્યા કરે છે. કોઇ પણ તાલુકા મથક એવું નહીં હોય જયાં પ્રાઇવેટ હોસ્પિટલ ડેવલપ ન થઇ હોય. જેમાં માણસોએ ચીરાવાનું જ હોય. જો સરકાર આરોગ્યની આવી જ ચિંતા કરવાની હોય તો હું માનું છું ત્યાં સુધી ગુજરાતના નાગરિકના આરોગ્ય સાથે આપણે ચેડાં કરી રહ્યા છીએ. તેની પૂરી ચિંતા તમારે કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે સાથે રોજી–રોટીની વાત છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં રેકોર્ડ બેકારો, ૯ લાખ કરતા વધારે તો પોલીસ ખાતામાં સવારે ભરતી થવા માટે દોડવા માટે આવે છે. ૮૦૦ લોકોની સંખ્યામાં ૮ લાખ લોકો જો દોડવા આવતા હોય, બાકી તો બીજાં અનેક એવા હશે. દર વર્ષે આપણે વાઇબ્રન્ટ કરી કરીને આટલા લોકોને નોકરી મળશે, આટલા લાખ લોકોને નોકરી મળશે, કોને છેતરીએ છીએ આપણે? આપણે આપણી જાતને છેતરીએ છીએ અને પેલો જુવાન માણસ જેને સરકાર પાસે અપેક્ષા છે કે આ સરકાર મારી આશા પૂરી કરશે. મને રોજી આપશે, રોટી આપશે, તેના નિઃસાસા આપણે લઇએ છીએ. તમારું નોકરીઓ આપવાનું કોઇ પ્લાનીંગ હોય તો મને બતાવશો તો મને આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે ખેતીવાડી અને ઈરીગેશન. છેલ્લા ત્રણ વખતથી નર્મદા યોજનામાં ૯૦૦૦ કરોડ, વળી પાછા ૯,૦૦૦ કરોડ, વળી પાછા ૯૦૦૦ કરોડ. નર્મદા આગળ નથી વધતી. તમે પણ આગળ નથી વધતા. ક્યાંય કુગાવામાં થોડા રૂપિયા ઉમેરીને પણ જો બજેટનો આંકડો વધાર્યો હોત તો સારું હતું. જે કારણ વગરની જાહેરાતો, બંધના દરવાજા મૂક્યા, દરવાજા મૂક્યા, સારી વાત છે દરવાજા મૂક્યા એ. જે દરવાજાને અને પાણીને અત્યારે હાલ સંબંધ નથી. જેને સંબંધ છે આટલી હાઇટ ઉપર પાણી દૂર સુધી ખેડૂતના ખેતરમાં મળવું જોઇએ. તરસ્યાને પીવા માટે પાણી મળવું જોઇએ તેનું કોઇ આયોજન નહીં, આ વર્ષે આટલું પૂરું કર્યું. ૨૦૧૦માં પૂરું થશે, ૨૦૧૨માં, ૨૦૧૬માં, ૨૦૨૦માં. જે ગતિએ તમે અત્યારે નર્મદાની સબકેનાલ બનાવી રહ્યા છો, મારા ખ્યાલથી ૨૦ વર્ષે પણ નર્મદા પૂરી થશે કે નહીં એનો મને પ્રશ્ન છે અને દરવાજા મૂક્યા, દરવાજા મૂક્યા, દરવાજા મૂક્યાનો ઉપયોગ આજે નથી. વીજળી વધારે પેદા થાય છે એનો વધારે ઉપયોગ ગુજરાતને નથી. કારણ વગરની *(xxx) વાતો, જેનો પ્રજાને કોઇ સંબંધ નથી. સાચી વાત કરીશું તો પ્રજા પણ સમજશે કે આ તકલીફ છે, એના કારણે નર્મદા આગળ વધતી નથી. તમારે જે કોઇ તકલીફ હોય એનું વિશ્લેષણ કરવું જોઇએ. તરસ્યા ખેતરોને પાણી મળે એના માટે પણ તમારે વિચાર કરવો જોઇએ. સિંચાઇ અને ખેતી સંકળાયેલી છે. વિદર્ભમાં ખેડૂતો આપઘાત કરતા હતા, કોંગ્રેસની સરકારમાં ખેડૂતો આપઘાત કરે તો ગુજરાતમાં કહે કે જુઓ વિદર્ભના ખેડૂતો આપઘાત કરે છે. એના કરતાંય આજે ભાજપના રાજમાં આજે વિદર્ભના ખેડૂતો આપઘાત કરે છે એના કરતાં આપણા ગુજરાતના ખેડૂતોના આપઘાતની સંખ્યા વધી છે કેમ? ખેતી ઉપર જીવતો માણસ જે મહેનત કરીને જીવે છે, એની મૂડી રોકી હોય એનું રિટર્ન મળવું જોઇએ, એ ન મળે એટલે એને સીધા આપઘાત સિવાય બીજો કોઇ રસ્તો રહેતો નથી. કપાસની હમણાં હાલત જોઇ. હમણાં, હમણાં માવઠું થયું. સરકારમાં થોડીક પણ માનવતા હોત તો તમારે એડહોક થોડુંક જાહેર કરવું

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

જોઇતું હતું. પ્રેક્ટીકલી ૧૫ ટકા અને ૫૦ ટકા. આમાં ખેડૂતને ૧૫–૫૦ ટકાનો હિસાબ ન હોય, ખેતી અને ખેડૂતો માટે તમને લાગણી હોવી જોઇએ. કે જેથી કરીને તેમના આશીર્વાદ તમને મળે. અત્યાર સુધીમાં આમાંનું કશું થયું નથી. સરવે કરાવશું, સરવે કરાવશું, લોકો ભૂલી જશે. એવી જ રીતે પાણી માટે સૌની યોજના છે. રાજકારણમાં મત લેવા માટે મતદારોને લાંબા સમય સુધી છેતરી શકાતા નથી. સૌની યોજના હોવા છતાં ગયા વખતે સૌરાષ્ટ્રમાં કેમ દસ દસ દિવસે પાણી મળતું હતું? રાજકોટમાં કેમ બેડા યુદ્ધ થાય અને મારામારી થાય અને પોલીસ આવીને બહેનોને મારે. પાણી માટે રાજકોટ જેવા મોટા શહેરમાં આ પ્રોબ્લેમ હોય તો આજે ૨૦ વર્ષના તમારા શાસનમાં બે–પાંચ કિ.મી. દૂરથી બહેનો માથા ઉપર બેડામાં પાણી લાવે છે. આનો થોડો પણ તમે વિચાર કરો, કારણ વગરની સૌનો વિકાસ અને સૌની વાતો, આ બહેનોનો વિકાસ નથી થયો. સૌરાષ્ટ્રના ઘણા શહેરોને આજે પીવાના પાણીના પ્રોબ્લેમ છે. ગયા વખતે આઠ–આઠ દિવસ લાગેલા હતા. એના સિવાય બાકીની જે કોઇ વીજળી વધારે છે, આપોને ખેડૂતોને. કોઇપણ પ્રાઇવેટ પાર્ટી પાસે એમ.ઓ.યુ. કર્યું છે, પી.પી.પી. કર્યું છે. અહીં ગુજરાતમાં દવા બનાવવાની ફેક્ટરીઓ ઘણી છે. આપણે દવામાં સરપ્લસ છીએ. મને દવા મફત મળવાની છે? અહીં માની લો કે, ઇસબગુલ અને જીરું આપણે ત્યાં પાકે છે, કોઇ રાજ્યમાં નહીં પાકતું હોય, એમાં આપણે સરપ્લસ છીએ. સરકાર વીજળી માટે કેવી રીતે *(xxx), બધે વાતો કરે છે. ગુજરાતના ખાનગી ઉત્પાદકોને બખાં, એમને મજા, એમને પ્રોફિટ, એમની વીજળી ગુજરાત સરકાર મોંઘા ભાવે ખરીદે છે. આ મારો આક્ષેપ છે. તમે જીઇબીને ખતમ કરી નાખ્યું. ૩૨ ટકા પ્રોડક્શન એવા મશિનો છે. જે મશિનો વર્ષોથી આપણા ત્યાં છે. આ મશિનોમાં યોજનાબદ્ધ રીતે જીઇબીનું પ્રોડક્શન ઓછું થાય અને બાકીના ખાનગી ઉત્પાદકોનું પ્રોડક્શન વધુ થાય એના માટેનું પ્લાનીંગ, આયોજન કહેવાય એ આ સરકાર કરી રહી છે. આ ૩૨ ટકા પ્રોડક્શનમાં, એનો એ સ્ટાફ છે એને પગાર આપો છો. કોલસો જે લાવતા હોય એ લાવીને આ જો તમે ૩૨ ટકાના પ્રોડક્શનમાં મશિનો ૮૦ ટકા ચલાવો, ૭૦ ટકા ચલાવો. તમને દોઢ રૂપિયે વીજળી પડશે. આપોને ખેડૂતોને. તમારે પાંચ–છ રૂપિયે વીજળી ખરીદવી છે. આપો મોટા ઉદ્યોગપતિઓને, આપો ઇન્ડસ્ટ્રીઝને. લગભગ છ લાખ કરતાં વધારે ખેડૂતો વેઇટીંગ લિસ્ટમાં છે. એમને સબસિડી ન આપવી પડે, એટલા માટે લાખ આપ્યા, પચાસ હજાર આપ્યા, એમ જણાવો છો. દર વર્ષે ખેડૂતોની સંખ્યા વધતી જાય છે એ ઓછી થવી જોઇએ એ થતી નથી. માટે સરકારને મારી વિનંતી છે કે, મહેરબાની કરીને ૩૨ ટકાની તમારી કેપેસીટી ૭૦થી ૮૦ ટકા ઉપર લઇ જાઓ. એનો એ સ્ટાફ, એનું એ મશિન ફક્ત રો–મટિરિયલ નાંખવાનું છે. કમસેકમ ખેડૂતને દોઢ રૂપિયે વીજળી આપશો તો તેમના આશીર્વાદ તમને મળશે. સરકારમાં પારદર્શકતા નથી. *(xxx) દૂર ગામડાઓમાં ગરીબ માણસોની આ ફરિયાદો છે. તો પારદર્શકતા ક્યાં? આર.ટી.આઇ.માં ઢગલા પડેલા છે, પૂરતો સ્ટાફ નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxx). પૂરાવા વગરનો આવો સીધો આક્ષેપ કરવાનો? મારે આપનું માર્ગદર્શન જોઇએ છે. આક્ષેપ કરવાનો વિરોધપક્ષને અધિકાર છે, ના, ના, પણ આ તો સીધો આક્ષેપ કર્યો છે.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારી ઓફર છે, તમે નામ સાથે, કામ સાથે જે કોઇ વિગત હોય તે કહો.

અધ્યક્ષશ્રી : આપણે આક્ષેપો કરવા હોય તો પૂરાવા આપીએ છીએ, પહેલા એને જાણ કરીએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આખા ગુજરાતમાં ઠેર ઠેર જયાં જઇએ ત્યાં ફરિયાદો આવે છે સાહેબ કે ૭–૧૨ના ઉતારા નથી મળતા. એ પણ તમને પૂરું કરીશું, આ સરકાર જેટલી પ્રસિદ્ધિ ભૂખી છે, મેળાવડાઓ, ગરીબ કલ્યાણ મેળા, કયા ગરીબનું કલ્યાણ થયું? એસ.ટી. બસો બંધ કરીને, વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા જતા હોય, પેસેન્જરો રોડ ઉપર ઉભા હોય, કોઇ જાહેરાત નહીં કે આ એસ.ટી. આજે આવશે કે

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

નહીં. કરોડો રૂપિયાનું ભાડુ બાકી રાખીને ગુજરાતની એસ.ટી.ઓ આમથી આમ, આ ડિવીઝનની આ ડિવીઝનમાં, આ ડિવીઝનની આ ડિવીઝનમાં, અને ગરીબોને ભેગા કરવા માટે સરકારી તંત્રનો દુરુપયોગ થાય છે, કલેક્ટર, ડી.વાય.એસ.પી, ડેપ્યુટી કલેક્ટર, પી.એસ.આઇ. બધાને કહેવાનું કે લોકોને લઇ આવો, અને એ લોકો સરકાર પાસેથી વળતર માગે છે અને કરપ્શનના માધ્યમથી એ વળતર પાછુ આવે છે. એમને ખબર છે કે આ સરકારે અમારો ઉપયોગ કર્યો છે, જાહેર જીવનમાં આપણે હોઇએ તો સરકારી તંત્રનો પોલીટીકલ આવી રીતે ઉપયોગ ના થાય, *(xxxx), પોતાની પ્રસિદ્ધિ માટે એટલો તો વિચાર તમારે કરવો જોઇએ અને એટલા માટે હું વાઇબ્રન્ટ અને એવી બધી બાબતોમાં પડવા નથી માગતો પરંતુ બજેટમાં જે અપેક્ષા હોય કે અમારા માટે પ્રોજેક્ટ હોય, ઘણા વખતથી બે પ્રોજેક્ટ એક મહાત્મા મંદિર અને સરદારનું સ્ટેચ્યુ, સ્ટેચ્યુ ઓફ યુનિટિ, આજે મને કોઇક સમજાવે, સરદાર સાહેબની હાઇટ એક પૂતળાથી ઉંચી થવાની છે? તમે ૫ કિલોમિટર ઉંચા બનાવો સરદારને, તમે સો કિલોમિટર સરદારને ઉંચા બનાવો તો પણ સરદાર સાહેબની હાઇટ સુધી તમે નહીં પહોંચી શકો, એક સીધાસાદા ખેડૂતપુત્ર માણસ, એનું બેન્કમાં બેલેન્સ નહીં, *(xxxx), શેના માટે, કઇ ઉપયોગીતા માટે? સરદાર સાહેબની હાઇટ આવા સ્ટેચ્યુથી, કરોડો રૂપિયા, અને એ પણ આદિવાસી ખેડૂતોના નિઃસાસા લઇને સરદાર સાહેબ હોત તો ના પાડત કે આ રહેવા દો. આજે મહાત્મા મંદિર જયાં મહાત્માજીના નામે મંદિર છે, આ ગાંધીજી અને સરદાર સાહેબનો ઉપયોગ ભારતીય જનતા પાર્ટી પબ્લિકની ભાવનાઓ માટે કરે છે, સરદાર સાહેબનું અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટનું નામ સરદાર વલ્લભભાઇ પટેલ આપ્યું ત્યારે આપ બધા કાળા કપડા લઇને એ એરપોર્ટનો વિરોધ કરવા આવ્યા હતા, (અંતરાય) હું હાજર હતો, આજના મુખ્યમંત્રી કાળું કપડું લઇને આવ્યા હતા, હું હાજર હતો, દેવગોડા પી. એમ. તરીકે હાજર હતા, હું હાજર હતો અમદાવાદ એરપોર્ટને સરદાર પટેલનું નામ આપવાનો વિરોધ કર્યો હતો. આ મહાત્મા મંદિર, મહાત્માજી અહિંસાના પૂજારી, ગુજરાતમાં મહાત્મા મંદિરનો એ મીઠાનો ડુંગર, જો એ સાચા મીઠાનો બનાવ્યો હોત તો પણ એ સસ્તો પડત, શું કન્સેપ્ટ છે, શેના માટે છે, કઇ ઉપયોગિતા છે, કોણ ઉપયોગ કરશે આનો, મને લાગે છે કે *(xxxx), મહાત્માના નામે મહાત્મા મંદિર બાંધ્યું? તમે મહાત્મા નામ બદલી કાઢો, અને મહાત્મા હોય તો પૂરું ગાંધીજીનું નામ ઉમેરો, પ્રમાણિક હોય તો મહાત્માની સમજણ આપો કે કયા મહાત્મા, ભવિષ્યમાં કયા મહાત્મા ભગવાન જાણે, (અંતરાય) મહાત્મા મોહનલાલ કરમચંદ ગાંધી એ ઉમેરો તમે, મહાત્મા મોહનલાલ કરમચંદ ગાંધી, (અંતરાય) એક બાજુ મહાત્મા મંદિર અને બીજી બાજુ મહાત્માનો મીઠાનો ડુંગર અને એ મહાત્મા મંદિરની વચમાં થઇને રોજ એટલા બધા દારૂના કેન જાય છે, ગાંધીનગર કેપીટલમાં થઇને દારૂ જાય, એ મહાત્મા, અહિંસાના પૂજારી, એ મહાત્મા મંદિર પાસે કપાયેલી ગાયોના માંસ લઇને ભા.જ.પ.ના નિશાન સાથે ટેમ્પા પકડાય છે, આ ગાંધીના ગુજરાતમાં અહિંસાના પૂજારીને ત્યાં, જયાં દારૂ બંધી છે જયાં ગૌહત્યા બંધી છે અને ગુજરાત મૉડેલ ઉપર ભારતવાળા કરવા માગે છે મહેરબાની કરીને ઉપર ના પાડજો, ગુજરાતનું મોડલ ગૌહત્યાનું ન સ્વીકારે. અહીં ગાયો કપાય છે, ખાસ કરીને જુવાન ગાયો કપાય છે પણ કોઇ તંત્ર નથી. ભારતીય જનતા પાર્ટીના સિમ્બોલ વાળા વાહનમાં જીવતી ગાયો બાંધીને લઇ જવાય છે. પોલીસવાળા સિમ્બોલ જુએ એટલે કહે કે સાહેબ જાઓ. આવું જ સૌનો સાથ અને સૌના વિકાસમાં છે. ગુજરાત સરકાર વેટ ઉપર કમાય છે. પેટ્રોલ, ડિઝલ અને ફર્ટીલાઇઝર, એમાં પેટ્રોલ અને ડિઝલમાં સૌથી વધારે વેટ છે. ઇન્ટરનેશનલ ક્રૂડના ભાવ ઘટ્યા તો આપણને આશા હતી કે ગુજરાતમાં ભાવ ઘટશે, દેશમાં ભાવ ઘટશે પણ ન ઘટ્યા. દિલ્હીવાળાએ હિસાબ આપી દીધો કે શાના કારણે ન ઘટ્યા. અહીં વેટ સૌથી વધારે છે. કમ સે કમ ગુજરાત સરકારે ગુજરાતના નાગરિકો, મધ્યમવર્ગ છે એના પણ અચ્છા દિવસો આવે એના માટે વેટ ઓછો કરવો જોઇતો હતો. વેટની આવકમાંથી આ બધી મજા થાય છે. વેટની બહુ મોટી આવક છે એનો યોગ્ય ઉપયોગ થાય તો વધારે સારું. એટલું જ નહીં, સર્વિસ ટેક્સમાં ત્યાં આશા અને અપેક્ષાઓ હતી એ ૧૨ ના ૧૪ ટકા થયા અને ૨ ટકા કદાચ લેવી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

સ્વચ્છતાની આવે તો નવાઇ નહીં હોય. જ્યારે યુ.પી.એ. સરકારનું બજેટ આવે ત્યારે અત્યારના ત્યાંના નાણામંત્રી એમ કહે કે મધ્યમવર્ગનો વિચાર કરો. આજે આ દિલ્હીવાળા નાણામંત્રીશ્રી કહે કે મધ્યમવર્ગને ટેકન ફોર ગ્રાન્ટેડ, ફૂટી લો પોત–પોતાનું ફૂટવું હોય તે. વારો આવશે ત્યારે મધ્યમવર્ગ તમારું ફૂટી લેશે એમ હું માનું છું. છેલ્લે આ ગુજરાત વિકાસનું મોડલ, મને એમાં જે રીતે ૪૨ ટકા ફાઇનાન્સ કમિશને આપણને આપ્યા અને *(xxxx) એટલી હદ સુધી કે રાજ્યોને પણ વિકાસ પ્રક્રિયાના પોતાના આગવા આયોજનો માટે સત્તાધિકાર આપવાનો કો–ઓપરેટીવ ફેડરલિઝમનો નવતર અભિગમ અપનાવ્યો છે. આ શું છે એ જો ૧૪મા ફાયનાન્સ કમિશનનો તમે પૂરો અભ્યાસ કરશો તો તમને આ બધું ભ્રમ લાગશે. આ બધું ભ્રમ છે. આ ડેવલપમેન્ટમાં તમે જે ૨૦૧૩–૨૦૧૪, બજેટ એસ્ટીમેટ ૨૦૧૪–૧૫ અને રિવાઇઝ એસ્ટીમેટ ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ એ બધામાં સેન્ટ્રલ ગ્રાન્ટસ, સેન્ટ્રલ ટેક્સીસ, સેલ્સ ટેક્સ, અધર ટેક્સીસ, પબ્લિક ડેબ્ટ, અને એમાં ટોટલ છે એમાં ડેવલપમેન્ટ એક્સપેન્ડીચર, એનો અર્થ કે વિકાસ માટેનો ખર્ચ એ વિકાસ માટેનો ખર્ચ બજેટ એસ્ટીમેટ ૨૦૧૪–૧૫માં એમણે ૯૩ હજાર કરોડ રૂપિયા વિકાસ ખર્ચ માટે નક્કી કરેલા હતા. ૨૦૧૪–૧૫માં રિવાઇઝ એસ્ટીમેટમાં આ જ ફિગર ૬૨ હજાર કરોડ રૂપિયા આવ્યા તો પેલા ૩૧ કરોડ હજાર ક્યાં ગયા? થોડા સમય પહેલાં જો તમે ૯૩ હજાર કરોડનું એસ્ટીમેટ મૂકતા હોય અને રિવાઇઝ એસ્ટીમેટમાં તમે જો ૬૨ હજાર પર આવી જતા હોય તો something is wrong with the system. આ આંકડામાં કોઇ જોશે કે નહીં એની કદાચ તમને ખબર નહીં હોય. એટલું જ નહીં પણ જે રેવન્યુ રિસિપ્ટ છે એમાં બજેટ એસ્ટીમેટ ૨૦૧૪–૧૫, એમાં એક લાખ કરોડ કરતાં વધારે, એ જ રિવાઇઝ એસ્ટીમેટ ૯૮ હજાર થઇ જાય. એનો અર્થ કે લગભગ ૫ હજાર કરોડ રૂપિયા એમાં પણ ઓછા. આ ૩૧ હજાર માઇનસ ૫ હજાર, તો ૨૬ હજાર કરોડ ક્યાં ગયા? કોણ લઇ ગયું? કોણ ઉપાડી ગયું એનો હિસાબ–કિતાબ આપજો જ્યારે ભાષણ કરવા આવો ત્યારે. કારણ કે આ બહુ સહેલી વસ્તુ નથી. આંકડા તો બધા હોઇ શકે પણ વિકાસનો ભ્રમ ઉભો કરવામાં આવે છે. આટલા કરોડ રૂપિયા અમે વાપરી નાખીશું, તો બતાવો ને કે આમાં તમે બહુ થોડા વખતમાં રિવાઇઝ એસ્ટીમેટ કેમ બદલી નાખ્યું? એકલા ગુજરાતને તમે ૨ લાખ કરોડના દેવામાં ધકેલી રહ્યા છો. નવું બાળક ૩૩ હજાર રૂપિયા દેવા સાથે ગુજરાતમાં જન્મશે. નવું જન્મનારું બાળક ૬ કરોડમાં ૩૩ હજાર કરોડ રૂપિયા દેવું લઇને જન્મે છે. આ પ્રમાણે જી.ડી.પી.ના ૩ ટકાથી વધારે દેવું નહીં થવું જોઇએ એમાં ગુજરાતની પ્રજા રાજ્ય સરકારના દેવા માટે ૮ થી ૯ ટકા વ્યાજ આપે છે. તમે ટાટાને ૦૦.૧ ટકાએ લોન આપો છો. ટાટા એ ગુજરાતનો ગરીબ માણસ છે. ગરીબ નાગરિક છે. કઇ વાહ વાહ માટે, કઇ નેનો માટે, કોને નેનો સસ્તી મળી? ક્યાં નેનો બને છે? નેનોની તમારી વાહ વાહ માટે એક કરોડ રૂપિયાનું વ્યાજ મફત ૦.૦૧ ટકા અને ગુજરાતનો નાગરિક તમે કરેલું દેવુ નાણાકીય શિસ્તના અભાવે લગભગ ૮ થી ૯ ટકા વ્યાજ ભરે તો ટાટા પાસેથી ૧૦ ટકા વ્યાજ લઇએને તો એને ૮–૯ ટકા નહીં ભરવા પડે? અને લગભગ રોજના કરોડો રૂપિયા આપણા વ્યાજમાં જાય છે અને આ ૪૨ ટકાવાળું જે છે એ હકીકતમાં ૪૨નો મેળ નથી પડતો 14th Commission છે આ recomodection transferની છે એમાં sharing capital ૪૨ ટકા કહો છો, ૩૨માંથી ૪૨ લઇ ગયા. ૧૪–૧૫, ૧૫–૧૬, ૧૯–૨૦ આ આંકડામાં ગ્રાન્ટ જે છે એ other expected grants ગ્રાન્ટ જે આવવાની એ બધું થઇને ૨૦૧૪–૧૫માં aggregate transfer તમારી ૬૧, ૬૨, થવાની ૨૦૧૪–૧૫ માં revised estimates માં same ૬૨–૭૩ ૨૦૧૫–૧૬ માં ૬૩ ૨૦૧૯–૨૦માં ૬૩ માનનીય અધ્યક્ષશ્રી, આ જ આંકડો ૨૦૧૨–૧૩માં નાણાકીય કમિશને ૬૩ કે ૬૪ ટકા રૂપિયા એ ૨૦૧૨–૧૩માં મળતાં હતાં. આજે તમે ૬૩ અને ૬૨ એને તમે જો ૪૨ ટકાના હિસાબે ગણતાં હો તો જે ૧૪ ટકા other expected grants ભારત સરકાર આપે કે ના આપે. આ બધી unconditional grantsના હિસાબે ૪૨ ટકાના બદલે આપણને ૬૩ મળતી હતી તે હું માનું છું ત્યાં સુધી જો આ સરકાર આમાં disaster અને એમાં રૂપિયા નહીં આપે તો હું માનું છું કે ૪૨ થી પણ નીચે તમારો વારો આવશે તો કદાચ નવાઇ નહીં હોય અને સરકાર સબસિડી ઓછી કરવાના મતની છે. સબસિડી એ રીતે કે તમે જે 14th Finance

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

Commission એમાં ફૂડ, ફર્ટીલાઇઝર, પેટ્રોલ, ડિઝલ વગેરે ૨ લાખ હજાર કરોડ રૂપિયા ૨૦૧૪–૧૫ માં ૨૦૧૫–૧૬માં ૨ લાખ ૪૮ same figure થોડી ઓછી. ૨૦૧૯–૨૦માં ૨ લાખ ૪૨ એના કરતા માયનસ ૭ ટકા. ભારત સરકારની સબસિડી ગામડાંના ગરીબ ખેડૂતને ખાતર ઉપર, પેટ્રોલ–ડિઝલ ઉપર અને અનાજ ઉપર મળતી હતી. સરકારની દાનત ખરાબ છે કે લોકો ભલે ભૂખે મરે, ભલે મોંઘું પેટ્રોલ ખરીદે, મોંઘું ફર્ટીલાઇઝર વાપરે પણ ૭ ટકા ઓછી સબસિડી આપવી છે, અને આમ લાંબાગાળે કદાચ આ સબસિડી બંધ થશે તો નવાઇ નહીં હોય. એ શબ્દો સાથે ગુજરાત સરકાર જે આ બજેટમાં કીધું છે એનું અર્થઘટન કરીને અમે જે કાંઇ વાત કરી હોય એનો વિગતથી સારી રીતે જવાબ આપશે તો હું આભારી થઇશ. ધન્યવાદ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા સમગ્ર હાઉસને ભ્રમિત કરવા માટે જે શબ્દની જાળ પાથરતાં હતાં એ સાંભળવાની અમને મજા આવતી હતી. પરંતુ તેઓ એક નજર દિલ્હીના બજેટ ઉપર રાખતાં હતાં અને બીજી બાજુ બોલતાં હતાં ગુજરાતને. ગુજરાતનું અમારાં નાણામંત્રી સૌરભભાઇ પટેલનાં ૨૦૧૫–૧૬ના અંદાજપત્રની ચર્ચા આજે આવી છે. એમાં હું એમના બજેટને આવકારવા અને અભિનંદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, **'સૌનો સાથ અને સૌનો વિકાસ'** એ શબ્દ ઉપર વિપક્ષના નેતાને ખૂબ એલર્જી છે. એ સિવાય પણ અમારા જે શબ્દો છે શોર્ટકટ લોકોને સમજ પડે એવી ભાષામાં વાત કરીએ છીએ એના ઉપર એમને ખૂબ એલર્જી છે. એમણે ખૂબ બધું કહ્યું. એમણે તો એટલે સુધી, મારે બોલવું નહોતું. મારી જોડે બહુ મર્યાદિત સમય છે. નર્મદા યોજના અંગે ટીકા કરી કે ૯૦૦૦ કરોડ રૂપિયા દર વર્ષે મૂકે છે. ૯૦૦૦ કરોડ બીજા વર્ષે. ત્રીજા વર્ષે ૯૦૦૦ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીનું ધ્યાન દોરું કે, ૧૯૬૧માં શરૂ કરેલી આ નર્મદા યોજના જેનું ખાતમુહૂર્ત જવાહરલાલ નહેરુએ કર્યુ હતું. એ યોજનાને ૧૯૭૯માં તમે શરૂ નહોતા કરી શક્યા? તમે ડિઝાઇન નહોતા શરૂ કરી શક્યા? એ ૧૭ વર્ષનો જવાબ આપો. તમે આ વિલંબ થયો છે, આ વિલંબ થયો છે એના મૂળ પાયામાં તમે છો. કોંગ્રેસનાં શાસનમાં કેવી રીતે વિલંબ કરે છે અને કેવી રીતે કામ કરતું હતું એની ટિકા–ટિપ્પણમાં જો પડશે તો મારા એકે એક સભ્યો આનો જવાબ આપી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાશ્રીએ કહ્યું કે, અહીંયા શહેરી વિકાસની અને એવી ઘણી બધી યોજનાઓ, એમને મારે એકાદ, મારી પાસે દસ મિનિટ છે, દસ મિનિટમાં સમજાવવા માટે એકાદ વિષય પુરતો છે. હું શહેરમાં રહું છું. શહેરી વિકાસની અંદર શહેરના વિસ્તારમાં લગભગ ૪૨.૫૮ ટકા લોકો રહે છે. ૬ કરોડ અને ૪ લાખ લોકો છે એમાંથી ૨.૫૭ કરોડ લોકો શહેરમાં રહે છે. ૨.૫૭ કરોડ લોકોની વ્યવસ્થા કરવા માટેની જવાબદારી તમે જ્યારે સરકારમાં હતા ત્યારે હતી કે નહી? કે અમે આવ્યા પછી જ અમારે આ બધું શહેરી વિસ્તારોનું કામ કરવાનું હતું? ગ્રામિણ વિસ્તારોની વાત હું કરતો નથી. હું પંચાયત મંત્રી રહ્યો છું એટલે એ વાત પણ હું કરી શકું એમ છું પણ મારે શહેરી વિસ્તારની વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું શાસન જ્યારે ૧૯૯૫માં આવ્યું, તે પહેલાં ૨૦૦૧ થી હું વાત કરું તો ૨૦૦૧માં અમારું જે બજેટ હતું, આપના વખતમાં વચ્ચે આવી ગયા, ૨૦૦૧માં ૧૨૭ કરોડ બજેટ હતું. શહેરી વિકાસ કરવા માટે ૨ કરોડ લોકો જેમાં આજે રહે છે એવા વિસ્તારોનું બજેટ ૧૨૭ કરોડ હતું. અમારા વખતમાં તમે જે મૂકતા મૂકતા આવ્યા અને ૧૨૭ કરોડે પહોંચ્યા હતા અને ત્યાર પછી અમે ટેક ઓવર કર્યું. ૧૨૭ કરોડમાં બે કરોડની વસતિનો શું વિકાસ થાય? મને લાગે છે કે, એનો ગુણાકાર કરી જુઓ તો, તમે જે આંકડા આપતા હતા એના કરતાં કેટલી ખરાબ દશા છે. માણસને પીવાના પાણીની વાત નહીં, ગટરનો સવાલ નહીં, ગંદકી દૂર કરવાની વ્યવસ્થા હતી નહીં. એક એક શહેરમાં, હું જે શહેરમાંથી આવું છું એ સુરતમાં મેલેરિયા સિવાય મેં કાંઇ જોયું નહતું, ગંદકી સિવાય મેં જોયું નહતું, પ્લેગ ફાટી નીકળે એવી સ્થિતિ કોંગ્રેસે અમોને આપી હતી અને એની અંદર માણસ મરવા ખાતર જીવતો હતો. આવી સ્થિતિમાં મુકીને ગયેલા, અમારા ભાગમાં ૧૨૭ આવ્યું. ૧૨૭ કરોડ હતું બજેટ અને એમાંતો એમના વખતમાં તો ૫૦ કરોડ નહીં હોય આખા વર્ષનું બજેટ, શહેરનો વિકાસ કરવા માટે ૫૦ કરોડ નહીં હોય. ૨૦૧૪–૧૫નું અમારું બજેટ ૬,૯૫૮ કરોડ શહેરી વિસ્તાર માટે છે. અને આ વર્ષે મારે સૌરભભાઇને, અમારા નાણામંત્રીને અને મુખ્યમંત્રીશ્રીને

અભિનંદન આપવા છે કે, ૧૦,૨૬૯ કરોડ રૂપિયા અમારું બજેટ છે. શહેરને તૈયાર કરવું હોય તો આયોજન કરવું પડે. અને તમે એમ કહો શહેરમાં શું થયું ? આ પેસાનું શું કરવાનું છે? આ પૈસાને ઓગાળીને પી નથી જવાના. એમાંથી રસ્તાઓ બનાવવાના છે, એમાંથી ગટર યોજનાઓ બનાવવાની છે, એમાં પાણીની વ્યવસ્થાઓ કરવાની છે, શાળાઓ બાંધવાની છે, એની અંદર તમે આવીને જુઓ.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતની અંદર આંગણવાડીની હું વાત કરું, પહેલાં અમારા નેતા શંકરસિંહજી હતા, ત્યારે મને એક શોખ થયો કે, લાવો હું પણ એક આંગણવાડી ચલાવું, કોંગ્રેસના વખતમાં, તો એક આંગણવાડી કરવાનો વિચાર કર્યો. સાહેબ મેં પૂછ્યું શાસકમાં ત્યાં અધિકારીઓને કે, મારે એક આંગણવાડી બનાવવી છે. તો કહે કે, આંગણવાડી માટે તમે ભાડે મકાન લઇ આવો. તો ભાડું કેટલું? પાંચ રૂપિયા મને આપવા તૈયાર થયા. પાંચ રૂપિયામાં સુરતમાં એક મકાન લઇને આંગણવાડી શરૂ કરો, મને કહે કે, એમ ન કરો તો અમે તમને પતરા આપીએ. પતરા મને લોખંડના આપ્યા અને ઉપર પતરા નાખ્યા અને અંદર બાળકો ભર્યા, ઉનાળાની ૪૮ ડિગ્રી ટેમ્પરેચરમાં બાળકો જેમ કાંદા શેકાઇ જાય એમ શેકાઇ જતા મેં જોયા છે. તમારી આ આંગણવાડીઓની વાત કરું તો આ ગુજરાતમાં કોઇ જગ્યાએ આંગણવાડીઓ નહતી. આજે તમે શહેરી વિસ્તારમાં અમારી જોડે આવો, આજે સ્કુલોની અંદર સુંદર આંગણવાડીઓ છે, સુંદર શાળાઓ છે, કોલેજો જેવી પ્રાથમિક શાળાઓ છે, શિક્ષકો છે, અમારી જોડે આવીને રસ્તાઓ તમે જુઓ, ફ્લાય ઓવરબ્રિજીસ તમે જુઓ, પાણીની વ્યવસ્થા જુઓ. લોકોને ૧૦૦ લીટર પણ પાણી નહતું મળતું. અમે લોકો ૨૫૦ લીટર સુધી પાણી આપી શકીએ છીએ. વ્યવસ્થાઓ જુઓ, ગુજરાતના તમામ શહેરોની વ્યવસ્થા ગોઠવાઇ ગઇ છે. હું તો અહીંયા શહેરી વિસ્તારની વાત કરું છું માનનીય અધ્યક્ષશ્રી, વિકાસની રૂપરેખાની આપણે વાત કરીએ તો, અમને વિચાર આવ્યો કે, ગુજરાતને પચાસ વર્ષ પૂરા થયા છે. સ્વર્ણિમ જયંતિ ઉજવવી જોઇએ. તો અમારા એ વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ અને અમારા મંત્રીઓએ શહેરી વિકાસ વર્ષ તરીકે ૨૦૦૫ને ઉજવવાનું નકકી કર્યું. ઉજવવું એટલે શું કે એનો વિકાસ કરવા માટે બજેટ આપવું. કેટલું બજેટ આપ્યું? પાંચ વર્ષ માટે ૨૦૦૯-૧૦માં સાત હજાર કરોડ રૂપિયા સ્વર્ણિમ વર્ષ ઉજવવા માટે આપ્યા. ૨૦૧૨-૧૩માં પાંચ વર્ષ માટે ૧૫૦૦૦ કરોડ બીજા આપ્યા. આ શહેરી વિસ્તારનું ડેવલપમેન્ટ કરવા માટે જયારે અમે આ લાઇન ઉપર જતા હોઇએ ત્યારે નહીં કર્યું એના ઉપર તમે અવાજ કરો છો. અમે એનો જવાબ આપી શકીએ તેમ છીએ પરંતુ મારા મિત્રો જયારે વિષય પર બોલશે ત્યારે ચોકકસ એનો જવાબ આપશે. અમે એવો વિચાર કર્યો કે શહેરી વિસ્તાર નહીં, સમગ્ર ગુજરાત નહીં, આખો દેશ. અમારા પ્રાઇમ મિનિસ્ટરે એમ કહ્યું કે આખો દેશ સ્વચ્છ હોવો જોઇએ. ગાંધી બાપુનું સૂત્ર હતું સ્વચ્છતા અભિયાન, તો એને અમે હાથમાં લઇને ગાંધીજીના નામે અમે એમ કહ્યું કે બાપુ આપણા છે, સૌના છે તો આપણે એમનું સ્વચ્છતા અભિયાન ચલાવવું જોઇએ. અને સ્વચ્છતા અભિયાન માટે અમે કામ શરૂ કર્યું. ૨૦૧૯ની સાલમાં ૧૫૦ મી જન્મજયંતિ ઉજવવા માટે, તે પહેલા આજથી શરૂ કરેલું પાંચ વર્ષની અંદર સમગ્ર દેશને બીજાની સરખામણીમાં સ્વચ્છ દેશ બની જાય એવી જાતની વ્યવસ્થા કરવા માટેનું આખું મિશન ચાલે છે. જનભાગીદારી, લોકોની ભાગીદારી, તમામ લોકો કામે લાગે એ રીતે આપણે આ કામ કરવાનો વિચાર કર્યો છે. ગુજરાતને તો અમે કરીને રહીશું. આ બાબતમાં હું આપ સૌનું ધ્યાન દોરું છું કે ગુજરાતમાં જે રીતે વિકાસ થયો છે. વિકાસ થઇ રહ્યો છે એની ટીકા કરવાને કોઇ અવકાશ નથી અને એના માટે અમે જયાં આગળ તમારી સાથે આવ્યા, સામે આવ્યા છીએ ત્યાં લોકોએ અમને પસંદ કર્યા છે એ એનું માપ છે, એ માપ તમારે હંમેશા ડાયરીમાં લખી રાખવું જોઇએ. ધન્યવાદ.

શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં લઘુમતિ વિકાસ પર જયારે મારે કહેવાનું છે ત્યારે કહીશ કે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ માટે ગુજરાતની સાડા છ કરોડની જનતાએ સમગ્ર ગુજરાતની અંદર અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય કે લઘુમતિ જાતિ હોય કોઇપણ જ્ઞાતિ માટે આનંદીબેન આ વખતે બજેટની અંદર લઘુમતિ વિકાસને માટે જે લઇને આવ્યા છે તે ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે. સામાજિક વ્યવસ્થા અને સમતોલનની વ્યવસ્થા માટે આજે વિભાગો પાડવામાં આવ્યા છે છતાં પણ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર લઘુમતિ વિકાસ માટે વર્ષે કરોડો રૂપિયા આપી અને રાજયની તમામ પ્રજાને ન્યાય કરી રહી છે એવો એક પારદર્શક વહીવટ

ચલાવી રહી છે ત્યારે સરકાર ખૂબ ખૂબ અભિનંદન આપવાને પાત્ર છે. આ સરકાર વોટની રાજનીતિ નહીં પણ કામની અને વિકાસની રાજનીતિ પર જયારે ચાલી રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર વર્ષોથી ગુજરાતમાં ''સૌનો સાથ, સૌનો વિકાસ''નો મંત્ર ચરિતાર્થ કરવામાં સફળ થઇ છે. મને જણાવતા આનંદ થાય છે કે આ ગુજરાતની ગતિશીલ સરકાર જાતિ, ધર્મ આધારિત નહીં પણ માનવ હિત તથા જનસમુદાયને ધ્યાનમાં રાખી અને ગરીબ મેળા, રવિ કૃષિ મેળા, લઘુમતિ સમાજનો આર્થિક વિકાસ હોય, શૈક્ષણિક વિકાસ હોય કે પછી સ્વાસ્થ્યનો વિકાસ હોય, મા અમૃતમ કાર્ડ યોજના હોય કે માનનીય મુખ્યમંત્રી મેડિકલ સહાય હોય. આમાં દરેક સહાયો લઘુમતિ સમાજના દરેક કોમ્યુનિટીની અંદર આપવામાં આવી રહી છે એના માટે સરકારને અને વિપક્ષના મિત્રોને કહીશ, હમણા વિપક્ષના નેતા બોલ્યા કે સૌનો સાથ, સૌનો વિકાસ આના ઉપરથી સાબિત થાય છે કે આ ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રી આનંદીબેનની સરકાર રાજયની તમામ સાડા છ કરોડની જનતાને નાનામાં નાનો લાભ આપવામાં સંપૂર્ણ રીતે આગળ વધી રહી છે. લઘુમતિ સમાજના લોકોને વિવિધ સહાય પૂરી પાડી સર્વ જ્ઞાતિ માટે એક સમાનતા રાખી માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ એક કુશળ વહીવટદાર તરીકે સાબિત થય છે ત્યારે સમગ્ર દેશની જનતા એમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. મને જણાવતા આનંદ થાય છે કે પૂર્વ એસ.એસ.સી.ના લઘુમતિ સમાજના વિદ્યાર્થીઓ માટે સરકાર પાંચથી આઠ ધોરણના કુમારને ૨૫૦ રૂપિયા જેવી વાર્ષિક સહાય. ૨૦૦૯-૧૦ માં ૪૦૦ રૂપિયા જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. કન્યાઓ માટે ૧ થી ૫ ધોરણમાં ભણતી હોય તેવી દીકરીઓને ૨૫૦ રૂપિયા અને ધોરણ-૬ થી ૧૦ માં અભ્યાસ કરતી કન્યાઓને રૂપિયા ૭૫૦ જેટલી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આટલાં વર્ષોમાં ૨૪,૪૯,૫૮૫ જેટલા વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. ગણવેશ સહાય યોજનામાં પણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા લઘુમતિ વિદ્યાર્થીને રૂપિયા ૩૦૦ ની વાર્ષિક સહાય આપવામાં આવે છે. ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમમાં ભણતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં વાર્ષિક ૩૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે. ધોરણ-૧૨ માં ૬૦૦ જેટલી માતબર રકમની સહાય આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૭૬,૯૩૪ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે. તેવી રીતે ટેકનિકલ વ્યવસાયના અભ્યાસની અંદર શિષ્યવૃત્તિમાં સરકારી આઇ.ટી.આઇ. અભ્યાસક્રમ માટે માસિક રૂપિયા ૪૦૦ જેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. કુટિર ઉદ્યોગ અને સ્વરોજગારીને નાણાકીય સહાય ધિરાણ કોસ્ટમાં લગભગ ૩૩.૩૩ ટકા જેટલી વધુમાં વધુ ૩ જાતની સહાય આપવામાં આવે છે. મહિલાઓને શિક્ષણ વિકાસમાં સરકારશ્રી દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લઘુમતિ સમાજ માટે રૂપિયા ૨૫૦ જેટલું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. લઘુમતિ મહિલાઓના આર્થિક વિકાસ માટે સીવણના મશીન ખરીદવા માટે ૧૫૦૦ રૂપિયા જેટલી માતબર રકમ આપવામાં આવે છે. લઘુમતિના વિદ્યાર્થીઓને મેરિટ કમ શિષ્યવૃત્તિની યોજના હેઠળ પણ લઘુમતિના વિદ્યાર્થીઓને વાર્ષિક ૨૦,૦૦૦ ની મર્યાદામાં શિક્ષણ ફી સ્કીલ ડેવલપમેન્ટ માટે રૂપિયા ૫૦૦૦ હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૧૦,૦૦૦ જેવો નીભાવ ખર્ચ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૭,૮૬૩ વિદ્યાર્થીઓએ આનો લાભ લીધો છે. લઘુમતિના વિકાસ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂપિયા ૩૦૦૦ થી ૧૦૦૦૦ સુધીની મર્યાદામાં આપવામાં આવે છે. શિક્ષણ ફી માટે ૨૩૦૦ થી ૧૨૦૦૦ રૂપિયા સુધીનો વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવે છે. સીધા પાના પક્કડ લઇને કામ કરતા લઘુમતિના મારા ભાઇ-બહેનો માટે કૌશલ્ય વર્ધન જેવા કેન્દ્રો ચરિતાર્થ કરે છે કે આ રાજ્ય સરકાર દરેકે દરેક સમુદાય માટે આગળ વધી રહી છે. મને જણાવતા આનંદ થાય છે કે અલ્પ સંખ્યક સમુદાય માટે અત્યાર સુધીમાં ૫૩૫૨.૦૩ લાખ ચૂકવવામાં આવ્યા છે. તેમજ લઘુમતિ કોમના કુલ ૧૩,૬૩૬ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અલ્પસંખ્યક સમુદાયો માટે શૈક્ષણિક ધિરાણ યોજનામાં અત્યાર સુધીમાં ૩૫૯.૨૫ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી છે. અલ્પ સંખ્યક સમુદાય માટે માઇક્રો મેટ્રિક યોજના અંતર્ગત ધિરાણમાં ૮૮.૫૦ લાખ ચૂકવવામાં આવ્યા છે. અલ્પસંખ્યક સમુદાય માટે સંખ ધિરાણમાં ૩૯૮.૨૯ લાખ ચૂકવવામાં આવ્યા છે. એવી જ રીતે ઉચ્ચ શૈક્ષણિક ધિરાણ યોજનામાં વ્યવસાયલક્ષી સ્નાતક, અનુસ્નાતક અભ્યાસ ક્રમો માટે વાર્ષિક ૨ લાખ અને વધુમાં વધુ ૧૦ લાખના ૫ વર્ષના અભ્યાસક્રમ માટે વિદેશ જતા બાળકોને ૨૦ લાખ જેટલી માતબર રકમ આપી સરકાર અને ચરિતાર્થ કરી રહી છે કે અમારા માટે, ગુજરાતની

૬.૫ કરોડની જનતા જે કોઈપણ કોમની હોય, અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિ હોય કે લઘુમતિ કોમના હોય એને માટે સરકાર અન્યાય કરતી નથી. અત્યાર સુધીમાં માત્રને માત્ર વોટની રાજનીતિ હતી. એ વોટની રાજનીતિ નહીં, પણ વિકાસની રાજનીતિ સાથે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આગળ વધી રહી છે એવું ચરિતાર્થ કરી રહી છે. માઇક્રો ક્રેડિટ યોજનાની અંદર પણ સ્વૈચ્છિક સંસ્થાઓ માટે ધંધાના વિકાસ માટે લોન આપવામાં આવી રહી છે. વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે સરકાર કયાંય પાછી પાની કરતી નથી. યુવક યુવતિઓને સ્વરોજગાર માટે ૧૦૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ આપીને વધુમાં વધુ ૬ માસ માટે આપવાની જોગવાઇ છે. જે યોજનાઓ ચલાવતી સામાજિક સંસ્થાઓ છે તેના તાલીમાર્થીને મહિને હજાર રૂપિયા જેવું સ્ટાઇપેન્ડ આપવામાં આવી રહ્યું છે. આવી રીતે ભારતીય જનતા પાર્ટીની સરકાર દરેક જ્ઞાતિ માટે લઘુમતિ વિકાસ માટે વર્ષે કરોડો રૂપિયા આપી અને સૌનો સાથ અને સૌના વિકાસના શબ્દને ચરિતાર્થ કરવા આગળ વધી રહી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬ ના બજેટની ચર્ચા ચાલી રહી છે, તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. આજની તારીખમાં ૧ લાખ ૬૫ હજાર કરોડનું દેવું કરીને બેઠેલી આ સરકારે જ્યારે વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરી છે. ત્યારે હું માનું છું કે બજેટ એટલે ગુજરાતની તિજોરી, આ ગુજરાતની તિજોરીમાં પૈસા કયાંથી આવે છે, કેવી રીતે આવે છે? હું એવું માનું છું કે આ તિજોરીની અંદર પ્રજાના ટેક્સના પૈસા હોય છે, ખેડૂતના જમીન મહેસૂલના પૈસા હોય, તેમ અનેક રીતે ટેકસના પૈસા આ તિજોરીમાં ભેગા થાય છે. આ ભેગા થયેલા પૈસા જે સરકાર બેઠી હોય તે સરકારની આ પૈસા વહેંચવાની વ્યવસ્થા કરવાની જવાબદારી હોય છે. ગરીબ માણસનો પણ પૈસા તિજોરીમાં આવતા હોય છે. ખેડૂતના પણ પૈસા આવતા હોય છે. ખેડૂત જયારે મુશ્કેલીમાં હોય ત્યારે, પ્રજા જયારે મુશ્કેલીમાં હોય ત્યારે ગુજરાત સરકારની ફરજ થાય છે કે તેને મદદ કરવી જોઇએ. ખેડૂત કોઇ દહાડે ભીખ ન માંગે, લાંબો હાથ ન કરે પણ તેનું કંઇ ન ચાલે ત્યારે નાછૂટકે તમારી સામે વાત કરવા આવતો હોય તો તે વાત પણ નહીં સાંભળવાની? કપાસના ભાવની બાબતમાં ખેડૂતોએ સૌરાષ્ટ્રમાં આપઘાત કર્યા. રજુઆત કરવા ગયા તો પોલીસની લાઠીઓ ખાવી પડી. તેમ છતાં ભાવ ના વધ્યો તે ના જ વધ્યો. સામે બેઠેલા બધાય ખેડૂતના દીકરા છે. સૌરાષ્ટ્રવાળા બધા જાણે છે કે ખેડૂતોનો ભાવ ન વધાર્યો. મને હજુ યાદ છે કે શંકરસિંહ બાપુ બેઠા હતા તે વખતે કપાસના ટેકાના ભાવ આપ્યા હતા. અત્યારે પણ બધા યાદ કરે છે. કેમ બોલતા નથી? કમોસમી વરસાદ થયો, એકે એક પાક નિષ્ફળ ગયો છે. ખેતરમાં જઇએ તો આપણી આંખમાં આંસુ આવે છે. તેની અંદર રજુઆત થઇ તો માનનીય મંત્રીશ્રી કહે છે કે ૫૦ ટકા નુકસાન થયું હશે તો અમે વિચારીશું. આટલી કફોડી પરિસ્થિતિની અંદર તમે ખેડૂતને મદદ ના કરી શકો? મુંબઇની અંદર કંઇક થાય અને ત્યાં તમે મદદ કરવા જાઓ. ઘરનો છોકરો ઘંટી ચાટે અને બીજાને મદદ કરવા દોડી જતા હો છો તો ગુજરાત માટે કેમ બોલતા નથી. ગુજરાતની તિજોરીનો પૈસો વાપરવાનો હકક ગુજરાતની જનતાને છે. અગાઉના વર્ષોમાં એક રાજય એ એક ઉદ્યોગપતિને લાત મારીને કાઢી મૂકયો ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી લાલ જાજમ પાથરીને ગુજરાતમાં લઇ આવ્યા. નેનોની અંદર કરોડો અને અબજોની જમીન મફતના ભાવે, પાણીના ભાવે આપી દીધી છે. મફતમાં લાઇટ અને પાણી આપ્યું. કરોડો રૂપિયા વગર વ્યાજના ગુજરાતની જનતાના આપ્યા. મને લાગે છે તે વખતે કદાચ એમના મનમાં એવું હશે કે ઉદ્યોગ આવશે તો ગુજરાતનો વિકાસ થશે, ઉદ્યોગ આવશે તો શિક્ષિત બેરોજગારોને રોજગારી મળશે, દર વખતે બજેટમાં કહેવામાં આવે કે એક લાખ વિદ્યાર્થીઓને અમે રોજીરોટી અને નોકરી આપવાના છીએ. નેનોની પરિસ્થિતિ અત્યારે શું છે? નેનો અત્યારે બંધ થઇ ગઇ છે. સરકારને વિનંતી કરું છું કે તેને આપેલી જમીન પાછી લઇ લો. તે જમીન ખેડૂતોને વહેંચી દો. તેની પાસેથી પાછી લઇ લેવી જોઇએ. જમીન વિહોણો ખેડૂત ખેતી કરવા માટે ફાંફા મારે છે પણ તેની પાસે જમીન નથી. તેવી હજારો એકર આ સરકારે મફતના ભાવમાં ઉદ્યોગપતિઓને આપી દીધી છે. ગુજરાતની તિજોરીના પૈસા ઉદ્યોગપતિને આપવાના અને ખેડૂતને પૈસા જોઇતા હોય ત્યારે ૧૨-૧૩ ટકાએ પૈસા બેન્કમાંથી લેવાના.

આ ગુજરાતની અંદર આ સરકાર જયારથી ચાલે છે ત્યારે વાતો બહુ મોટી મોટી કરે છે. હું એટલા માટે કહું છું, આજે બહેનોએ મુખ્યમંત્રીને અભિનંદન આપ્યા. હું પણ માનું છું કે અભિનંદન આપવા જોઇએ. અહીં બહેનોની વાત કરવામાં આવી ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી બહેન છે ત્યારે કહેવું પડે અને તે જે કામ કરી રહ્યા છે તેમાં મારો મુદ્દો ખાસ લે તો તેમને હું અભિનંદન આપીશ. ગુજરાતમાં અત્યારે જો તપાસ કરો તો વધારેમાં વધારે બહેનો વિધવા થતી જાય છે. ૩૫–૪૦ વર્ષે બહેનો વિધવા બને છે. કેમ વિધવા બને છે? ગામડામાં મેં જોયેલું છે કે ૩૦–૩૫ વર્ષે તે યુવાન દારૂની અંદર ખલાસ થઇ જતો હોય છે. વિધવા બહેનોની સંખ્યા વધતી જાય છે. મુખ્યમંત્રીને વિનંતી કરીશ કે તમે બીજા મુદ્દા ઉપાડયા છે તો આ મુદ્દો ઉપાડીને ગુજરાતની અંદર દારૂબંધીનો કડક અમલ કરો. આટલો બધો દારૂ આવે છે કયાંથી? કઇ એક પોસ્ટ પરથી આવે છે, કેવી રીતે આવે છે? કોઇ સાચવનારું નથી, કોઇની જવાબદારી નથી? હું કહું છું ત્યાં સુધી મારા તાલુકા અને મારા જિલ્લાની વાત કરું તો ધોળે દ્હાડે અડ્ડા ચાલે છે. કોઇ કહેનાર નથી. કયાં હપ્તા જાય છે. અમે ઘણી વખત અધિકારીઓને ફરિયાદ કરીએ છીએ ત્યારે તે બોલતો હોય છે કે અમારે તો ઉપર મોકલવા પડે છે. ઉપર એટલે કયાં? અમારે શું સમજવાનું કે ઉપર એટલે કયાં મોકલવો પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ દારુનું વ્યસન દહાડે દહાડે વધતું જાય છે તો દરુબંધીની ઝૂંબેશ ઉપાડવામાં આવે તો ગુજરાતની અંદર એક મોટું પરિવર્તન આવી શકે એમ છે કેમ કે નહીં તો ગામડું દહાડે દહાડે ખતમ થતું જાય છે.

ભ્રષ્ટાચારની વાત થઇ ત્યારે માનનીય ભૂપેન્દ્રસિંહ ઉભા થઇ ગયા હતા અને કહેવા લાગ્યા કે ભ્રષ્ટાચાર ક્યાં છે? માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચારની વાત કરું તો કલ્પના બહારનો ભ્રષ્ટાચાર છે ગુજરાતમાં. માંમલતદાર ઓફિસમાં ગયા છો? ટી.ડી.ઓ.ઓફિસમાં ગયા છો? તલાટીની ભરતીઓ થઇ એમાં ભ્રષ્ટાચાર થયો એમાં શું થયું? કોને શિક્ષા થઇ? શું કર્યું એને માટે? અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની મેટ્રો ટ્રેનનું શું થયું? ક્યાં ગયો પ્રોજેક્ટ તમારો? એ પ્રોજેકટ તમે બનાવ્યો એમાં કેટલો ખર્ચ કર્યો, કેટલો ભ્રષ્ટાચાર થયો? કેમ બોલતા નથી અત્યારે તમે મેટ્રો ટ્રેન બાબતમાં? ગુજરાતમાં ભ્રષ્ટાચારે હદ વટાવી દીધી છે. મામલતદાર ઓફિસમાસં ૭/૧૨નો દાખલો લેવાનો હોય તો પૈસા વગર એ કામ થતું નથી. અમે ખેડૂત તરીકે અમારા બાપ–દાદાની જમીનમાં જો વારસાઇ કરાવવી હોય તો રૂપિયા ૧૦ હજાર અને ૧૫ હજાર આપ્યા સિવાય અમારી કોઇ એન્ટ્રી પાસ થતી નથી. ભ્રષ્ટાચારે માઝા મૂકી દીધી છે ગુજરાતમાં એ આ મિત્રોને કદાચ ન દેખાય પણ કામ માટે જે જતા હોય એને ખબર પડે. કહેવત છે ને કે સુવાવડ થઇ હોય એને ખબર પડે કે એની શી વેદના છે. તમે મામલતદાર કે ટી.ડી.ઓ.ની ઓફિસમાં જાવ તો ખરા તો તમને ખબર પડે કે ભ્રષ્ટાચારની હદ વટી ગઇ છે ત્યારે એ બાબતમાં સરકારે કડક પગલાં લઇને કામ કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની મેં વાત કરી એમ શિક્ષિત બેરોજગારની વાત કરું તો દર વર્ષે બજેટમાં એમ કહેવામાં આવે છે કે અમે એક લાખ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે એક લાખ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવાની વાત કરે છે ત્યારે એ તદન ખોટો અને બનાવટી આંકડો છે એમ હું માનું છું. રોજગારી માટે ભરતી મેળા કરવામાં આવે છે અને ભરતી મેળામાં એપ્રેન્ટીસ, ટ્રેઇની તરીકે ઉમેદવારને સર્ટિફિકેટ આપીને કહે કે જાવ ફલાણી જગ્યાએ તમને એપ્રેન્ટીસ તરીકે લઇ લેશે, જાવ તમને ટ્રેઇની તરીકે લઇ લેશે, અને એ રીતે દર વર્ષે એક લાખને રોજગારી મળી ગઇ છે એવો આંકડો બતાવે છે. રોજગાર કચેરીમાં આજની તારીખમાં કેટલા શિક્ષિત બેકારો નોંધાયેલા છે? ૯ થી ૧૦ લાખ શિક્ષિત બેરોજગરોની સંખ્યા નોંધાયેલી છે અને લોકો રોજગારી મળવાની રાહ જોઇ જોઇને થાકી ગયા છે. બી.એ., બી.એડ., એમ.એ., એમ.એડ. થયેલા લોકો બેરોજગાર છે. મારે ન કહેવું જોઇએ પણ હું પણ એક ચેકમેન તરીકે છું અમારે ત્યાં લેબર કોન્ટ્રેકટની અંદર એમ.એ. અને બી.એડ. થયેલા છોકરાઓ કામ કરવા આવે છે. એનુ ભવિષ્ય કેવું હોય છે, એનું સ્વપ્ન કેવું હોય છે? એના માતા પિતાએ વિચાર કર્યો હોય છે કે મારો છોકરો ભણ્યો છે તો એને સારી નોકરી મળશે પણ એનું સ્વપ્નું તૂટી જાય છે અને યુવાન ભાંગતો જાય છે, ખતમ થતો જાય છે. સરકારે એ બાબતમાં ચોક્કસ કાંઇક વિચાર કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગાયોની વાત થઇ, ગાયોના ભક્તો બહુ છે. સંઘ હોય, બીજું હોય ત્રીજું હોય એ સૌ ચૂંટણીઓ આવે ત્યારે ગાયોને બચાવવાની બહુ મોટી મોટી વાતો કરે છે પણ માનનીય અધ્યક્ષશ્રી,

પેપરમાં આપણે જોઇએ તો અઠવાડિયામાં બે દિવસ તો એવા હોય છે કે આટલું માંસ પકડાયું, આટલી ગાયો કતલ થઇ, આટલા જાનવરો પકડાયા, આટલી જગ્યાએથી આટલા લોકોને પોલીસે પકડ્યા, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં આટલી ગાયો કપાય છે તો પોલસ ખાતાને નહીં દેખાતું હોય? હું તો એવું માનું છું કે આની અંદર પણ કોઇને કોઇ ભળેલા હશે એને કારણે આ બધું થતું હોય છે. જો ગાયોને આપણે પવિત્ર ગણતા હોઇએ ત્યારે મને યાદ છે કે *(xxx)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. તેઓ જે આક્ષેપ કરે છે કે *(xxx). એમની પાસે આધાર પૂરાવા હોય તો રજૂ કરે નહીં તો આ શબ્દો સભાગૃહના રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય રામસિંહભાઇ, આપણે કોઇ આક્ષેપ કરતા હોઇએ તો અગાઉથી જાણ કરવી જોઇએ અને એના આધાર પૂરાવા રજૂ કરવા જોઇએ નહીં તો આ રેકર્ડ ઉપરથી દૂર થશે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં કઠલાલની ચૂંટણી વખતે કહ્યું છે પણ મેં કોઇનું નામ નથી દીધું.

અધ્યક્ષશ્રી : કઠલાલ એટલે સ્પેસિફિક વિસ્તારનું કહીએ છીએ એટલા માટે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આખું ગુજરાત જાણે છે, આખું ગુજરાત જાણે છે પણ મેં કોઇનું નામ નથી દીધું. તમે એક બાજુ ગાયોની વાત કરો છો, ગાય ભક્તિની વાત કરો છો, એક બાજુ કટિંગ થઇ રહ્યું છે, એક બાજુ જાનવરો જાય છે અને બીજેપીનું પાછળ બોર્ડ મારેલું હોય એવા વાહનમાં અંદર માંસ જતું હોય છે તો પણ તમે કહો છો કે ના ગાયો અમે કપાવા દેતા નથી. કેવી વાત તમે કરો છો? અરે, *(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે સભાગૃહ વિરામ બાદ ૩.૧૫ વાગ્યે ફરી મળશે.

**(વિ રા મ  બપોરના ૨.૩૦ થી ૩.૧૫)**

ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય બાલકૃષ્ણભાઇ પટેલ,

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ (ડભોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આ ગૃહની અંદર વિકાસલક્ષી, સર્વલક્ષી અને ગતિશીલ ગુજરાતનું પ્રતિબિંબ બતાવતું બજેટ લઇને આવ્યા છે ત્યારે હું એમને લાખ લાખ અભિનંદન આપું છું અને શુભેચ્છા પાઠવું છું. ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી સન ૨૦૦૨ સુધીમાં આગળ કેટલીય સરકારો આવી અને ગઇ અને છતાં પણ ક્યારેય સમાજ સુરક્ષા માટે કોઇએ ચિંતા કરી નહોતી. આપણા સર્વેના લોકલાડીલા નેતા અને આપણા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સન ૨૦૦૨માં બજેટની શરૂઆત કરી તેમાં સમાજ સુરક્ષા માટે ખૂબ સારી રીતે ચિંતા કરી હતી અને ૨૦૦૨ની અંદર સમાજ સુરક્ષા માટે ૫૫ કરોડ ૭૩ લાખનું બજેટ રજૂ કર્યું હતું અને આજે જ્યારે આનંદીબહેન મુખ્યમંત્રીશ્રીના સમયમાં ૨૦૧૫-૧૬ ની સાલના બજેટમાં ૫૧૯ કરોડની સમાજ સુરક્ષા માટે ચિંતા કરીને ખૂબ સુંદર રીતે બજેટ લાવ્યા છે. માનનીય વડાપ્રધાનશ્રીએ ''સૌનો સાથ અને સૌનો વિકાસ''નું જ્યારે સૂત્ર આપ્યું ત્યારે પૂરા ભારતભરની અંદર ગુજરાતના વિકાસનું એક સ્થાન લઇને અને ગુજરાતને ગ્રોથ એન્જિન ગણીને વિકાસનો ભાગ ગણી સૌએ આ સુત્ર અપનાવ્યું અને ભારતભરની અંદર સૌના સાથ અને સૌના વિકાસની અંદર અનેક રાજ્યોને કોંગ્રેસ મુક્ત રાજ્ય બનાવી અને ભારતીય

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

જનતા પાર્ટીની કેન્દ્ર સરકારમાં સંપૂર્ણ બહુમતી સાથે કેટલાય વરસો બાદ સરકાર બની અને આપણા લોકલાડીના નેતા નરેન્દ્રભાઇ મોદી સાહેબ વડાપ્રધાન બન્યા અને આપણા સૌના અને ગુજરાતના અચ્છે દિન આ ગયે. મિત્રો ઘણી વખત કહે છે કે આદિવાસી, વિકલાંગ, નિરાધારો, કચડાયેલા વર્ગની ક્યારેય કોઇએ ચિંતા કરી નહોતી, જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે ૫૫.૭૩ કરોડની શુભ શરૂઆત કરીને ૫૧૯ કરોડ રૂપિયાનો વિકાસલક્ષી કાર્યક્રમ આપ્યો છે ત્યારે એમને લાખ લાખ અભિનંદન આપું છું. ગુજરાત સરકારે ૧૩ વરસની અંદર દસગણો વધારો કરીને ગુજરાતને ગતિશીલ ગુજરાત બનાવ્યું છે. આપણા લોકલાડીલા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગતિશીલ ગુજરાત બનાવી અને ગતિશીલ ગુજરાતના એકસો દિવસ આપ્યા અને એમાં આદિવાસી, ગરીબ અને ખેડૂતોનો વિકાસલક્ષી કાર્યક્રમ રજૂ કર્યો અને એમાં ખૂબ સુંદર રીતે કામ થયું છે. ઘણી બધી એન્ટ્રીઓ બાકી હતી, ઘણા બધા પ્રશ્નો હતા એ ગતિશીલ ગુજરાતના એકસો દિવસની અંદર પૂરા કર્યા છે. ગામડાંના પ્રશ્નો હલ થયા છે. આપ સૌ મિત્રોને પણ ખબર છે કે ગતિશીલ ગુજરાતની અંદર અને સૌના સાથ અને સૌના વિકાસની અંદર સામેના મિત્રોને દશા અને દિશાનો ખ્યાલ આવી ગયો છે કે કેવી દશા અને દિશા થાય અને ઘણા રાજ્યોએ પણ એ બતાવી આપ્યું છે.

બાળ કલ્યાણમાં પાલક માતા–પિતા માટે ૫૦૦ રૂપિયાથી વધારીને એક હજાર રૂપિયા કર્યા છે, બારકોડ સહાય ગુજરાતમાં પ્રથમ વખત ચાલુ કરેલ છે, વિકલાંગ બાળકો, વૃદ્ધાઓને સહાય કરતી સંસ્થાઓને ૪૫૦ રૂપિયા આપતા હતા તેના અત્યારે એક હજાર રૂપિયા આપવામાં આવે છે. એચ.આઇ.વી. પોઝીટીવ બાળકો માટે બાળગૃહ અને શિષ્યવૃત્તિમાં ૧૬,૦૦૦ રૂપિયા સુધીનો વધારો કર્યો છે. વિકલાંગને મફત મુસાફરી સાથે એક વ્યક્તિ એમની સાથે રહી શકે અને એમની સાથે મફત મુસાફરી કરી શકે એવી પણ જોગવાઇ કરવામાં આવી છે. સંત સુરદાસની શિષ્યવૃત્તિના એકસોથી વધારીને ચારસો રૂપિયા કરવામાં આવેલ છે. વિકલાંગો માટેની શિષ્યવૃત્તિ એક હજારથી વધારીને પાંચ હજાર રૂપિયા કરવામાં આવેલ છે. આવાસ યોજનામાં વિધવાઓને ૪૭,૨૦૦ રૂપિયા જેવી સહાય આપવામાં આવે છે. વૃદ્ધ સહાય ૪૦૦ અને ૮૦ વરસ ઉપરનાને ૭૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે. આમ સમાજલક્ષી અનેક કાર્યક્રમો આપી અને ગરીબ અને આદિવાસીની ચિંતા આ સરકારે વારંવાર કરેલ છે. સાથી મિત્રો વારંવાર પોકારે છે પણ એ મિત્રોને ખ્યાલ નથી કે ગરીબ કલ્યાણ મેળાની અંદર સીધેસીધો લાભ સરકારશ્રીએ લાભાર્થીઓને આપીને વચેટિયાઓને નાબૂદ કર્યા, અને આ ગરીબ કલ્યાણ મેળાઓની અંદર સ્વયં, દરેક લાભાર્થીને રકમ હાથોહાથ મળવાથી ખૂબ સુંદર રીતે લાભાર્થીઓએ આ ગરીબ કલ્યાણ મેળાનો લાભ લીધો છે ગરીબોને જે મુશ્કેલી હતી તે દૂર થઇ છે. બી.પી.એલ. અને અંત્યોદય પરિવારને રેશનકાર્ડની મુશ્કેલી હતી, રેશનકાર્ડ વેચાઇ જતા હતા, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આ રેશનકાર્ડ બારકોડ કર્યા પછી પોતાનું અનાજ પોતે જાતે ઉપાડી શકે એટલા માટે પણ ફિંગરપ્રિન્ટ લાવી બારકોડના કાર્ડ અપનાવી અને એનો સીધો લાભ પોતાને મળે એ રીતે પણ આ સમાજની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મા અમૃતમ યોજના હોય કે મા વાત્સલ્ય યોજના હોય મુખ્યમંત્રીશ્રીએ આ યોજના આપીને ગરીબ અને મધ્યમ પરિવારના સુખદુઃખની ચિંતા કરી છે. મેડિકલના વિષય હોય અને જયારે મેડિકલ ટ્રીટમેન્ટ લેવા માટે સામાન્ય પરિવારને ખૂબ મુશ્કેલી પડતી હોય છે ત્યારે આવી મુશ્કેલી ના પડે એટલા માટે તેમણે મા અમૃતમ યોજના અને જયારે આનંદીબહેન પટેલ મુખ્યમંત્રીશ્રી થયા એટલે મા વાત્સલ્ય યોજના આપી અને ખરેખર મહિલાઓ માટે ખૂબ સુંદર રીતે આરોગ્યની ચિંતા કરી છે. શાળા પ્રવેશોત્સવમાં મિત્રો કહેતા હતા, પણ શાળા પ્રવેશોત્સવ મહોત્સવ જો એમના વખતે કર્યો હોત તો આ ડ્રોપઆઉટ રેશિયો ૩૦ ટકા ના હોત. શાળા પ્રવેશોત્સવ મહોત્સવની કન્યા કેળવણીની શુભ શરૂઆત કર્યા પછી ડ્રોપ આઉટ જે ૩૦ ટકા હતો તે આજે ૨ ટકા થયો છે. મિત્રો એ જ આપણને બતાવે છે કે ખરેખર શાળા પ્રવેશોત્સવ મહોત્સવની અંદર બાળકોને સહાય આપવામાં આવે છે, પુસ્તક સહાય આપવામાં આવે છે, શિષ્યવૃત્તિ આપવામાં આવે છે અને યુનિફોર્મ, સાયકલો અને વધુ અભ્યાસ માટે તેમને લોન અને સહાય પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૮ની સેવાની અંદર અનેક મનુષ્યોના દેહ બચાવ્યા છે આ સમાજની ચિંતા આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અસંગઠિત શ્રમયોગીઓની પ્રથમ વખત તેમણે ચિંતા કરી છે સરકારે જો આ ચિંતા ના કરી હોત તો કેવું થાત એ આપણે સમજી શકીએ છીએ. અત્યારના મિત્રોને ખબર નથી કે બીપીએલના પરિવારોને ૧૫ હજારનું આવાસ આપતા હતા આજે ૭૦ હજારનું આવાસ આપવામાં આવે છે. આદિવાસી અને ગરીબ વર્ગની, મધ્યમ વર્ગના સમાજની કયારેય કોઇ સરકારે ચિંતા કરી નથી ગરીબોની અને ખેડૂતો માટેની જે બૂમો પાડે છે તો ખરેખર જયારે કૃષિ મહોત્સવ કરી અને ખેડૂતોને જે યોગદાન આપ્યુ છે, ખેડૂતોને જે ખેતી કરતા શીખવાડ્યા છે અને નર્મદા યોજનાના લીધે ખેડૂતોની જે સદ્ધરતા થઇ છે તે હીરો હોન્ડા અને મારૂતિ કારના વેચાણ ઉપરથી ખબર પડે છે અને ખેડૂતોની આર્થિક સદ્ધરતા કેવી છે તે પણ આપણને ખ્યાલ આવે છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ (કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં આદરણીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને અમારા નાણામંત્રી માનનીય સૌરભભાઇ પટેલ સાહેબે વર્ષ ૨૦૧૫-૧૬નું જે અંદાજપત્ર રજૂ કર્યુ છે તેમાં હું વન વિષે વાત કરીશ. " **વન વિના વસંત નહીં, વન વિના વરસાદ નહીં."** માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ, આ વિભાગ માટે પ્લાન અને નોનપ્લાન હેઠળ સરકારે અને અમારા નાણામંત્રીશ્રીએ ચાલુ વર્ષે ૧૧૨૬ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. વન વિસ્તારમાં વૃક્ષોના વાવેતર દ્વારા ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે ૧૯૮.૪૫ કરોડની જોગવાઇ કરી છે. સામાજીક વનીકરણ હોય કે વૃક્ષારોપણ હોય એમાં ૧૪૦ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. પર્યાવરણની જાળવણી અને પુનઃપ્રાપ્ત ઉર્જાના ઉપયોગ માટે ઉત્તરોત્તર પ્રગતિ સાધવાના હેતુ માટે પ્લાન અને નોનપ્લાન માટે ૮૦ કરોડની જોગવાઇ અમારા નાણામંત્રીશ્રીએ કરી છે. સરકાર જયારે વનની ચિંતા કરે છે ત્યારે અનેક નવા વનો આ સરકારે ગુજરાતની અંદર બનાવ્યા છે. પુનિત વન હોય, તીર્થ વન હોય, પાવાગઢમાં વિરાસત વન હોય, અંબાજીમાં સાંસ્કૃતિક વન હોય કે નારી શકિતના વનો હોય આવા અનેક વનો આ ગુજરાતની અંદર અમારા વનમંત્રીશ્રી અને અમારી સરકારે બનાવ્યા છે. આ પૃથ્વી ઉપર આપણને બધાયને ખબર હશે કે ૩ લાખ ૮૦ હજાર જેટલી વૃક્ષોની જાતિઓ છે. અમારા પંચમહાલમાં પણ વન વિસ્તાર આવેલો છે, આદિવાસી વિસ્તાર છે ત્યારે પર્યાવરણ ક્ષેત્રે નવા કાર્યક્રમો માટે હવાની ગુણવત્તા સતત માપવા માટે સ્ટેશનો સ્થાપવા, મોટી નદીઓ માટે રીવર કન્સ્ટ્રકશન એકશન પ્લાન માટે અને ઔદ્યોગિક વિસ્તારોમાં પિલ્લર પ્રોજેકટના ઉત્તેજન માટે ૩૦ કરોડની જોગવાઇ કરી છે.ગુજરાતના ગૌરવસમા સિંહો અને ઘુડખરના સ્વરક્ષણ માટે રેલવે લાઇનની બંને બાજુએ તારની વાડ કરવા માટે ૧૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ આ સરકારે કરી છે.

આ ધરતી ઉપર વૃક્ષો, ફળ,ફૂલ, ઔષધી, લાકડું, છાયડો અને શાંતિ આપે છે ત્યારે આ સૃષ્ટિના જીવોને જીવવા માટે ત્રણ વસ્તુઓ જેવી કે હવા, પાણી અને ખોરાક. ખોરાક વગર માણસ મહિનાઓ સુધી જીવી શકે છે, પાણી વગર માણસ અનેક દિવસો જીવી શકે છે જયારે હવા વગર માણસ એક મિનિટ પણ જીવી શકતો નથી. હવા એ પ્રાણવાયુ છે જે આપણે સ્વાચ્છોસ્વાસમાં લઇએ છીએ અને પછી આપણે ઉચ્છવાસમાં અંગારવાયુ બહાર કાઢીએ છીએ, એ અંગારવાયુ કોઇ લેતું હોય તો એ વૃક્ષો લે છે. વૃક્ષો એ અંગારવાયુ લઇને આપણને પ્રાણવાયુ આપે છે એટલે વૃક્ષો આપણને નવું જીવન આપે છે તેથી આપણા સૌની એને સાચવવાની જવાબદારી છે અને સાથે સાથે વધારેમાં વધારે વૃક્ષો વાવીએ એવી આપ સૌને વિનંતી કરું છું. આપણે સૌ સાથે મળીને પર્યાવરણનું જતન કરીએ. વૃક્ષ છે એ સંત અને મહાત્માનું સ્વરૂપ છે. આપણે ગમે તેટલા થાકેલા હોય, પ્રાણી કે પક્ષી હોય એને વૃક્ષ જ આશરો આપે છે. આપણે ગમે તેટલા થાકેલા હોય વૃક્ષ નીચે બેસીએ તો સંતોષ અને આનંદ થશે. તેથી આપણે સૌ સાથે મળીને વૃક્ષોનું જતન કરીએ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ અહીંયા ઘણી બધી વાતો કરી છે પરંતુ વન માટે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ તથા ગુજરાતનો સુંદર વિકાસ થાય એના માટે પ્રયત્ન કરીએ. ઘણી બધી વાતો અહીંયા જુદા જુદા સભ્યશ્રીઓએ કરી છે. માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપીને વિરમું છું.

ડો. નીમાબેન બી. આચાર્ય (ભુજ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો વિશ્વ મહિલા દિનનો આજે બીજો દિવસ છે. ગઇકાલે પહેલો દિવસ હતો ત્યારે વનની ભેટ ગુજરાતને મળી છે ત્યારે આપણા મહિલા મુખ્યમંત્રીશ્રીને આપણા સૌના વતિ સેલ્યુટ કરીએ છીએ. એ એટલા માટે કે જે રીતે ૧૦૮ની સફળતા મળી અને લાખો જિંદગી આપણે બચાવી શકયા છીએ એ રીતે આજના સમયમાં મહિલા સુરક્ષા એ સૌથી મોટો વિષય બધી જગ્યાએ બન્યો છે ત્યારે આ ૧૮૧ નંબર પર ડાયલ કરવાથી થોડીજ મિનિટમાં વાહન ત્યાં પહોંચી જાય. કોઇપણ મહિલા ડાયલ કરે એટલે આવી જાય. એ વાહનમાં ત્રણ મહિલા પોલીસ હોય, એક નર્સ હોય અને એક ડ્રાઇવર હોય એ રીતે પાંચના સ્ટાફવાળી વાન પહોંચી જાય. આ ૧૮૧ નંબરની વાન કોઇપણ મહિલાને કોઇ પણ અંતરીયાળ વિસ્તારમાં તકલીફ હોય તો એને તરત જ મદદ પહોંચાડી શકાય એ માટે આ સરકારે સૌથી અગત્યનું કદમ ઉઠાવ્યું છે એ માટે સૌ પ્રથમ હું આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

આપણા નાણા મંત્રી શ્રી સૌરભાઇ પટેલ બજેટ લઇને આવ્યા છે એ નીચરલી ૮૦ હજાર કરોડનું બજેટ છે. ખાસ કરીને ઉદ્યોગ માટે એમાં ૩૬૨૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. ઉદ્યોગોની વાત મારે એટલા માટે કરવી છે કે કચ્છે જે અનુભવ્યું છે અને ત્યાં ઉદ્યોગોનો વિકાસ થયો છે એ નમૂનારૂપ છે. એને આપણે બધા સામે મૂકીએ તો ખબર પડે. આજથી ૪૦ વર્ષ પહેલા કચ્છમાં કોઇ ઉદ્યોગગૃહ ઉદ્યોગ નાખવા તૈયાર નહોતું. કચ્છમાં કહેવામાં આવતું કે ત્યાં જો ઉદ્યોગ આવે તો જ એનો વિકાસ થાય. (અંતરાય) એ લોકો નહોતા કરતાં, હું તે વખતે મુખ્યમંત્રી નહોતી નહીં તો કરી દેત. અહીંયા કામ થાય છે એ જોઇને હું આવી છું. તમે મને બોલવા દો. જે રીતે કચ્છનો ઔદ્યોગિક વિકાસ થયો છે એ નમૂનારૂપ છે. કચ્છની અંદર ઉદ્યોગો આવવા તૈયાર નહોતા. કચ્છના લોકોને ખબર હશે દેશ અને વિદેશમાં રહેતા કચ્છીઓ કહેતા હતા. એ લોકોને ખૂબ કહેતા કે કચ્છનો વિકાસ કરવો હોય તો તમે ઉદ્યોગો લાવો. પણ કોઇ જ તક નહોતી. ૧૦૦૦ રૂપિયે એકર જમીન કોઇ લેવા તૈયાર નહોતું અને આજે હું જોઉં છું કે સામી પાટલીએથી, કચ્છનો જે ઔદ્યોગિક વિકાસ થયો છે, ગુજરાતનો જે ઔદ્યોગિક વિકાસ થયો છે તે સહન થતો નથી. એટલે અહીં ક્રિટીસીઝમ જ હોય છે. આખો દિવસ જમીન આપી દીધી, ઉદ્યોગોને પૈસા આપી દીધા. અરે ભાઇ, ઉદ્યોગપતિઓ ત્યાં માતા નથી. ગુજરાતનો વિકાસ થયો છે, કચ્છનો વિકાસ થયો છે અને અમે તેના સાક્ષી છીએ. હું આપને કહીશ કે તમે કચ્છ આવો, ઉદ્યોગો શું કહેવાય એ આવીને જૂઓ તો ખબર પડે કે ઔદ્યોગિક વિકાસની શું વેલ્યુ છે. તમારા દંડકશ્રીને પૂછો ને કે કચ્છના ઉદ્યોગોમાં એમનો વિકાસ થયો છે પણ સાથે સાથે જે વિસ્તારનો વિકાસ થયો છે તેમાં એ પણ એક નિમિત્ત બનેલા છે અને તેમને ખ્યાલ છે કે કેટલા લોકોને તેમણે રોજગારી આપી છે. કચ્છમાં વેલ્સપન, ગોકૂલ ઇન્ડસ્ટ્રીઝ, એ.એમ. ડબલ્યુ. કે જયાં મોટી મોટી ટ્રકો અને મોટા ટ્રાન્સપોર્ટના વ્હીકલ્સ બને છે. સ્ટીલ પ્લાન્ટ, સૌની યોજના જે અત્યારે સૌરાષ્ટ્રમાં થઇ રહી છે તેની મોટી મોટી પાઇપોનું ઉત્પાદન કચ્છમાં થાય છે. એ અમારા માટે ગૌરવની વાત છે કે કચ્છમાં ગાર્મેન્ટની એક નાનકડી ઇન્ડસ્ટ્રી પણ નહોતી અને આજે આખા દેશના લોકો એ જોવા આવે એવો ઔદ્યોગિક વિકાસ કચ્છનો થયો છે. જે રીતે વાઇબ્રન્ટ ગુજરાતની અહીં ક્રિટીસીઝમ થાય છે તેની પણ મારે વાત કરવી છે. સાત–સાત વર્ષથી ઉદ્યોગમંત્રી તરીકે સૌરભભાઇએ વાઇબ્રન્ટ ગુજરાતને મેઇક ઇન ઇન્ડિયાનો પ્રોજેકટ જે દીર્ઘદષ્ટિથી બનાવેલો તે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇનું જે સ્વપ્ન છે તેના માટે પૂરી ઓપર્ચ્યુનિટી અને તેનું પૂરું બેકગ્રાઉન્ડ અહીંયા ગુજરાતમાં પૂરું પડીને આજે ગુજરાતને દેશના નકશામાં નહીં પણ વિશ્વના નકશામાં મેઇક ઇન ઇન્ડિયામાં પ્રથમ હરોળમાં મૂકી દીધું છે. હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આપણાં ઉદ્યોગમંત્રી અને માનનીય નાણામંત્રીને કે જે રીતે તેમણે સફળતાપૂર્વક વાઇબ્રન્ટ ગુજરાત કરીને દિવસે દિવસે પ્રગતિ કરીને ઉદ્યોગોમાં ૫૬૨ કરોડનું એમ.એસ.એમ.ઇ.ની અંદર નાના અને સ્મોલ ઉદ્યોગોને જે રીતે પ્રોત્સાહિત કર્યા છે, કચ્છ માટે તો ઉદ્યોગ એ હું એમ કહી શકું કે આદર્શરૂપ અને નમૂનારૂપ છે. ૫૬૨ કરોડનું એમ.એસ.એમ.ઇ. સેકટરમાં જે મૂકયું છે કે નાના ઉદ્યોગોને પ્રોત્સાહન મળે અને ખૂબ મોટા પ્રમાણમાં લોકોને સ્વરોજગારી પ્રાપ્ત થાય એ રીતની આમાં દ્દષ્ટિ રહેલી છે. ૨૯૦ કરોડનું કુટિર અને ગ્રામોદ્યોગનું પણ બજેટ ફાળવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે કહીશ કે અહીંયા જે રીતે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટરની અંદર તાલીમ આપવામાં આવે છે, જે રીતે પ્રાધાન્ય આપીને લોકોને ઉદ્યોગોને અનુરૂપ છે એ જાતની તાલીમ આપીને, એ જાતનું ટેક્નિકલ શિક્ષણ આપીને ઉદ્યોગોમાં આપણાં જ ગુજરાતના લોકોને નોકરી મળે એ જાતની વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેના માટે પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે મારે નર્મદાની વાત કરવી છે. અહીં જે કહેતા હતા કે નર્મદાની અંદર ૯૦૦૦ કરોડ આપ્યા અને આમ કર્યું અને આમ ન કર્યું. મારે એટલું જ કહેવું છે કે નર્મદા એ ગુજરાતની જીવાદોરી છે પણ કચ્છને માટે તો આજે ચાર તાલુકામાં દુષ્કાળ હોવા છતાં પણ અમને પાણીની મુશ્કેલી નથી પડી. એ આ નર્મદાને આભારી છે અને સાચા અર્થમાં કચ્છમાં નર્મદા જીવાદોરી બની છે ત્યારે કચ્છને માટે સિંચાઇમાં ૪૬૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અને તેમાં સારંગ જળાશયનું પણ આયોજન છે અને બન્ની જળાશયને અને ટપ્પર ડેમને પણ ત્વરિત કરવામાં આવે એવી પણ મારી અહીં વિનંતી છે. અંતમાં હું આ બજેટને ખૂબ આવકારું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ (સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬નું જે અંદાજપત્ર લઇને મંત્રીશ્રી આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટ લઇને આવ્યા છે તેમાં અલગ અલગ સદરવાઇઝ જોગવાઇઓ થવી જોઇએ એ જોગવાઇઓમાં હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે જળ સંપત્તિ અને કલ્પસર વિભાગમાં ૪૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. એમાં આદિવાસી વિસ્તાર માટે રૂ.૫૭૧/- કરોડની જોગવાઇ કરી છે. એમાં ટકાવારીનું ધોરણ જોઇએ તો માત્ર ૧૦ ટકા જ આદિવાસી વિસ્તાર માટે જોગવાઇ થઇ છે. તો હું માનું છું કે, આ ગુજરાતના આદિવાસી વિસ્તારને જ્યારે રૂ.૪૦,૦૦૦/- કરોડના પેકેજની વાત કરતા હોય અને આમાં માત્ર ૧૦ ટકાની જોગવાઇ કરી છે તો માનનીય સૌરભભાઇને વિનંતી કરું છું કે, અમારા વિસ્તારમાં સિંચાઇ માટે આ જોગવાઇ છે એમાં વધારો થાય. હું પણ ખેડૂત છું. ખેડૂતોના પ્રશ્નો માટે અલગ અલગ તાલુકાઓમાં આંદોલનો કરવામાં આવ્યા. પણ સરકારે માત્ર ખાલી ટોકન રૂપે રૂ.૧૧૦૦/- કરોડની જાહેરાત કરી. આટલા પૈસામાં ખેડૂતોને શું મળવાનું છે? હું મારી વાત કરું તો ફક્ત બે ટકા વ્યાજ માફ કરતા હોય એટલી જ આ રકમ છે અને એમ કરીને ખેડૂતોની મશ્કરી સમાન આ જાહેરાત છે. ખેડૂતોના પણ દિવસો આવવાના છે. તમારા આ દિવસો કાયમ માટે રહેવાના નથી. ખેડૂત મિત્રોને પણ કહું છું કે, અગાઉની સરકારે જે પેકેજ જાહેર કર્યા હતા, એની રકમની ખેડૂતોને ખબર નહોતી કે એનાથી એમના ખાતામાં કેટલા પૈસા જમા થશે? આ રકમથી તો માત્ર બે ટકા વ્યાજની રકમની જ ચૂકવણી થવાની છે અને સરકાર દ્વારા મોટી મોટી જાહેરાતો કરવામાં આવે છે. આ પેકેજ ખેડૂતો માટે મશ્કરી સમાન છે. એ જ રીતે અગાઉ ઘણી બધી વાતો થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ સંબંધે વાતો થઇ છે. શિક્ષણ સદરમાં જે ફાળવણી થઇ છે એનાથી તો ખાલી પ્રવેશોત્સવ જેવા *(xxx)કરવામાં આવે છે એના માટે જ આ રકમની ફાળવણી થઇ હોય એવું લાગે છે.

ઉપાધ્યક્ષશ્રી : (xxx) શબ્દ હું દૂર કરું છું.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો નથી, એમની ઘણી બધી જગ્યાઓ ખાલી છે. શિક્ષકોની જગ્યાઓ ભરવા માટે પૈસા ફાળવવામાં આવતા નથી. આવા ઉત્સવો કરવા માટે જ પૈસા ફાળવવામાં આવે છે. ગામડાના છેવાડાના માણસોના બાળકો અત્યાર સુધી નહોતા ભણતા? શું આવા પ્રવેશોત્સવથી જ બાળકો ભણે છે? આવા પ્રવેશોત્સવના ખોટા ખર્ચા બંધ કરીને શિક્ષકોની ઘટ છે એ પૂરી કરવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિચારું છું કે, આદિવાસી ખેડૂતભાઇઓ હોય, ખેત મજૂર હોય એને આગ અકસ્માતથી મકાનો બળી જાય છે. એને એક માણસ દીઠ કેશ ડોલ્સ ફક્ત રૂ.૧૫/- જ આપવામાં આવે છે, ત્યારે આ રકમમાં વધારો થવો જોઇએ. એક દિવસનું લઘુતમ વેતન રૂ.૨૦૩/- હોય ત્યારે કમસેકમ આ

---

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા..

રકમમાં વધારો થવો જોઇએ. આગ અકસ્માતમાં આ મકાન બળી જાય ત્યારે એ અરજી કરે છે. એ બી.પી.એલ.નો લાભાર્થી હોતો નથી તેથી એના મકાનની સગવડ થતી નથી.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી (કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સૌરભભાઇએ બજેટ રજૂ કર્યું છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું આ ગતિશીલ ગુજરાત આખા દેશમાં નંબર વનનું બિરુદ ધરાવે છે અને નંબર વન સાંભળવા માટે જેનો નંબર નથી આવતો તેઓ હાજર રહેતા નથી. મારે કહેવું છે કે, કુદરતે પણ ગુજરાતને ભૌગોલિક રીતે ખૂબ સારી સરહદ આપી છે. ૧૬૦૦ કિ.મી. જેટલો લાંબો દરિયા કિનારો આપ્યો છે. તેના લીધે ગુજરાતે તેના ઉપર ૪૪ જેટલા બંદરો બનાવ્યા છે. કંડલા મહાબંદર છે એ ભારત સરકારના કંડલા પોર્ટ ટ્રસ્ટ હસ્તક છે. તેમજ દીવ અને દમણ એ નાના બંદરો છે જે કેન્દ્રશાસિત છે. આમ કુલ ૪૪ બંદરો ગુજરાતમાં આવેલ છે તેમાંથી ૩ બંદરો કેન્દ્રશાસિત અને બાકીના ૪૧ બંદરો ગુજરાત સરકાર હસ્તક છે. આમ આ ૪૧ બંદરો પૈકીના ૧૧ બંદરો મધ્યમકક્ષાના તેમજ ૪ બંદરો ખાનગી બંદરો છે તેમજ ૨૬ નાના બંદરો તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. ગુજરાત અધિનિયમ ક્રમાંક– ૩૦/૧૯૮૧ અન્વયે મધ્યમ તથા નાના બંદરોનો વહીવટ, સંચાલન અને નિયંત્રણ ગુજરાત મેરીટાઇમ બોર્ડ હસ્તક મુકાયેલ છે. તદ્ઉપરાંત ભાવનગર નજીક અલંગ, સોસીયા અને સચાણા ખાતેનાં શીપ બ્રેકીંગ યાર્ડની કામગીરી પણ ગુજરાત મેરીટાઇમ બોર્ડના નિયંત્રણ હેઠળ છે. આમ આપણું આ ગુજરાત દેશમાં બંદરો અને વહાણવટા તેમજ ટ્રાફીક હેરાફેરીમાં પ્રથમ નંબરે કેમ છે તે મારે આ સન્માનનીય સભાગૃહના સભ્યોને જણાવવું છે. આપણા ભારત દેશની અંદર કુલ ૧૮૫ જેટલા નાના અને મધ્યમ કક્ષાનાં બંદરો આવેલા છે આમ આ ૧૮૫ બંદરોમાંથી ૪૧ બંદરો એકલા ગુજરાતમાં આવેલ છે એટલે કે ભારતનાં કુલ બંદરોમાના ૨૩ ટકા બંદરો એકલા ગુજરાતમાં આવેલા છે અને એના હિસાબે આ રાજયનાં બંદરો પરથી વર્ષ ૨૦૧૩–૨૦૧૪ દરમ્યાન ૩૦૯૯.૪૬ લાખ ટન ટ્રાફિકની અવરજવર થયેલ છે અને વર્ષ ૨૦૧૪–૧૫માં આ ટ્રાફિકની અવરજવરનો અંદાજ ૩૩૫૫.૫૮ લાખ ટન થવાનો છે. આમ આ ગુજરાતમાં વર્ષ ૨૦૦૨–૦૩માં ટ્રાફિકની હેરાફેરી ૮૪૧.૨૪ લાખ ટન હતી તે આજે ૧૨ વર્ષે ઉત્તરોત્તર ૭.૭૦ ટકા વધારો થઇ આજે ૨૦૧૪–૧૫માં ૩૩૫૫.૫૮ લાખ ટન થયેલ છે જેથી ગુજરાત આ ક્ષેત્રમાં પણ નંબર વન છે. આમ આ ગતિશીલ ગુજરાતની અંદર હવે આવતા ૨૦૧૫–૧૬ના વર્ષમાં ટ્રાફિકનાં પરિવહનનો લક્ષ્યાંક ૩૫૧૯.૫૦ લાખ ટન થાય તેવો અંદાજ છે. વર્ષ ૨૦૧૩–૧૪માં ૨૧ મિલિયન ટન કાર્ગો વહનની ક્ષમતાનો ઉમેરો થયો છે અને રાજય હસ્તકના બંદરોની કુલ કાર્ગો વહન કરવાની ક્ષમતા ૩૮૭ મિલિયન ટન પ્રતિ વર્ષ થયેલ છે. આમ વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન રાજયનાં લઘુ બંદરો ઉપરથી ૩૧૦ મિલિયન ટન કાર્ગોનું પરિવહન થયેલ છે. જે દેશના તમામ બંદરો ઉપરથી થયેલ પરિવહનનાં ૩૨ ટકા છે અને દેશનાં તમામ નાના –લઘુ બંદરોની હેરફેર થયેલ કાર્ગોનાં ૭૪ ટકા જેટલો છે. આવી રીતે આ સતત ઉત્તરોતર વધારો થવાને હિસાબે આ ગુજરાત બંદરો અને વહાણવટા ક્ષેત્રે પણ નંબર વન છે. આમ આ ગુજરાતનાં હાલનાં આ ગતિશીલ ગુજરાતને વધુ ગતિશીલ બનાવવા માટે આ ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં અને નાણામંત્રીશ્રી માનનીય સૌરભભાઇ પટેલના અંદાજપત્રની અંદર આ વર્ષે ૨૦૧૫–૧૬ના બંદર અને વાહન વ્યવહાર માટે પ્લાન અને નોન પ્લાન સદરે રુ. ૧૨૫૨.૩૮ કરોડની જોગવવાઇઓ કરવામાં આવેલ છે. આ ગુજરાત સરકારે પોર્ટ લેન્ડ ડેવલપમેન્ટની નીતિ સફળતાપૂર્વક અમલમાં મૂકેલ છે તેને આગળ ધપાવતાં છારા બંદર અને દહેજ બંદરમાં પી.પી.પી. (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) ધોરણે રૂ. ૩૨૦૦ કરોડનું રોકાણ થવાની અપેક્ષા છે. આવી રીતે આ ગુજરાતનાં સર્વાંગી વિકાસ માટે સૂચિત જાપાન ઇન્ટરનેશનલ કો–ઓપરેશન એજન્સી પ્રોજેકટ હેઠળ અલંગ સોસીયા શીપ રીયાસકલીંગ યાર્ડનું આધુનિકરણ પર્યાવરણીની સુધારણા તેમજ કામદારોનાં કલ્યાણલક્ષી કાર્યક્રમો માટે જોગવાઇ રૂ. ૧૪.૭૬ કરોડની કરવામાં આવેલ છે. આપણા આ ગુજરાતમાં વર્ષ ૨૦૧૫–૧૬ માટેની વાર્ષિક વિકાસ યોજનાનું કદ રૂ. ૭૯૨૯૫.૧૧ કરોડ નિયત કરવામાં આવ્યું છે જેની સદરવાર ફાળવણી નીચે મુજબ છે. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ માટે રૂ. ૪૬૬૦.૧૧ કરોડ, ગ્રામિણ વિકાસ માટે રૂ. ૨૩૩૮.૭૪ કરોડ, ખાસ વિસ્તાર કાર્યક્રમ માટે ૨૧૬.૮૪ કરોડ, સિંચાઇ અને પૂર

નિયંત્રણ માટે ૧૩૯૩૭.૧૯ કરોડ, ઉર્જા ક્ષેત્ર માટે રૂ. ૬૬૩૦.૦૨ કરોડ, ઉદ્યોગ અને ખનિજ માટે રૂ. ૨૭૬૬.૬૮ કરોડ /FN#>પરિવહન માટે ૬૫૬૮.૨૮ કરોડ, સંદેશા વ્યવહાર માટે રૂપિયા ૧૦૦૦.૪૩ કરોડ, વિજ્ઞાન પ્રૌદ્યોગિકી અને પર્યાવરણ માટે રૂપિયા ૫૫૭.૫૩ કરોડ, સામાન્ય આર્થિક સેવાઓ માટે રૂપિયા ૨૧૧૭.૧૫ કરોડ, સામાજિક સેવાઓ માટે રૂપિયા ૩૮૪૮૪.૧૫ કરોડ અને સામાન્ય સેવાઓ માટે ૧૧૭.૯૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ, કુલ મળી રૂપિયા ૭૯,૨૯૫.૧૧ કરોડનું આ બજેટ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લાવ્યા છે તેને મારું સમર્થન આપું છું. કોંગ્રેસના મિત્રો જ્યારે વાત કરતા હોય કે નંબર વન કેવી રીતે છે? અમને પબ્લિકે નંબર વન આપ્યો છે અને ભગવાને પણ નંબર વન આપ્યો છે. એક શેર કહીશ કે, ‘‘મુદ્દઇ લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ? વો હી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ.’’

**શ્રી મોતીલાલ પૂ. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ સાહેબના માર્ગદર્શન નીચે નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર ૧ કરોડ ૩૯ લાખ ૧૩૯ હજાર કરોડનું કદ ધરાવતું અને ૨૦૧૫-૧૬નું ૭૯,૨૯૫ હજાર કરોડનું આયોજન લઇને આવ્યા છે ત્યારે હું એમને અભિનંદન આપું છું અને મારું સમર્થન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારમાં જ્યારે જ્યારે અંદાજપત્ર સત્ર મળતું હોય ત્યારે લોકોમાં કર અને કાયદાનો ભય રહેતો હતો. હંમેશા પ્રજા ચિંતામાં રહેતી હતી કે આ સરકાર કેવા કાળા કાયદા લાવશે જે આપણા ઉપર જૂલમકારી સાબિત થશે. કર કેવા આવશે જેના પરિણામો આપણે ભોગવવા પડશે. આમાં આ લોકો હંમેશા ચિંતામાં રહેતા પણ અત્યારે કર અને કાયદાથી ભયમુક્ત આ ગુજરાતની પ્રજા છેલ્લા કેટલાય વર્ષોથી સુખી અને સમૃદ્ધ છે. ગરીબ, નિરાધાર અને વંચિતો એમના ઉપર ઘણી બધી આપત્તિઓ આવતી હોય છે અને કહેવત છે કે આપત્તિ દૂર કરવી હોય તો કોઇ દોરા-ધાગા બંધાવે, કોઇ ગુરૂ મહારાજ પાસે જાય કે ભગવાનના શરણે જાય અને કહે કે મારી આપત્તિ દૂર થાય. પણ આપણે સૌ જાણીએ છીએ કે આપત્તિ દૂર કરવા માટે નાણાની જરૂર પડે તો ઘણી બધી આપત્તિઓ અને તકલીફો દૂર થાય. નાણાની જરૂર પડે તો કોઇ શેઠિયા પાસે અમારો આદિવાસી નાણા લેવા જાય અને એની આપત્તિ દૂર કરવી હોય તો એના ઘર-બાર અને જમીન ગીરવે મૂકાઇ જાય અને જિંદગીમાં આગળ આવી શકે નહીં. આ ગુજરાતની અંદર છેલ્લા વર્ષોમાં ૧૬,૫૩૮ જેટલા અમારા આદિવાસી ભાઇઓને ખૂબ મોટી ગંભિર બિમારીની આપત્તિ આવી. વિચાર કરો કે એવી આપત્તિ કે જેનેદૂર કરવા માટે ખૂબ નાણાની જરૂર પડે. કીડનીની બિમારી હોય, હાર્ટની બિમારી હોય અને ગરીબ માણસ પૈસા ક્યાંથી લાવે? એની ચિંતા આ સરકારે કરીને ૩૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને મારા ગરીબ આદિવાસીઓને ‘માં અમૃતમ્’ અને ‘માં વાત્સલ્ય’ કાર્ડ મારફતે બિમારીમાંથી મુક્ત કર્યા અને આજે સમાજમાં પોતાનું સુખી જીવન જીવી શકે છે. આ વખતે પણ ૨૦૧૫-૧૬માં ૧૨૦ કરોડ રૂપિયાની યોજના લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગરીબ વિસ્તારમાંથી ઘણા બધા અમારા આદિવાસી ભાઇઓ શહેરમાં મજૂરી અર્થે આવતા હોય છે અને શહેરના દીકરાઓ સ્કૂલમાં ટાઇ, શૂટ, કોટ પહેરીને જતા હોય, સારી સ્કૂલમાં ભણતા હોય ત્યારે મારા આદિવાસી ભાઇના મનમાં પણ થાય કે મારો દીકરો પણ આવી સ્કૂલમાં ભણે તો કેટલું સારું? આ સરકારે એની પણ ચિંતા કરીને એકલવ્ય મોડલ સ્કૂલ, લો લિટરસી ગર્લ્સ સ્કૂલ અને મોડેલ શાળા અને ટેલેન્ટ સ્કૂલ જેવી સ્કૂલોમાં ૧૮,૧૮૨ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ માટે નાણાકીય વ્યવસ્થા કરીને હાઇ લેવલ સ્કૂલમાં આ સરકાર ભણાવે છે. એની સાથો સાથ (અંતરાય) જો તમારી સરકારે સાયન્સ ભણાવ્યું હોત તો આજે આખા ગુજરાતમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો નથી મળતા અને એ શિક્ષકો એમ જ જમીનમાંથી નથી તૈયાર થતા. એમણે સાયન્સ લાઇનમાં ભણવું પડે અને સાયન્સ લાઇન ભણે તો એ શિક્ષકો આજે આદિવાસી વિસ્તારમાં મળે. તમે નથી ભણાવ્યાં એટલે આજે અમને મુશ્કેલી છે. આવનારા પાંચ વર્ષ પછી તમે ગામડાઓની અંદર જો જો કે ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના શિક્ષકો કેટલા મળે છે? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ, સાયન્સ, ટેકનોલોજીની વાત થાય છે. જરા શાંતિ રાખો.

શ્રી મોતીલાલ પૂ. વસાવા : બધું આદિવાસી બજેટ છે. ૧૯૭૭-૭૮ થી કોંગ્રેસ સરકાર આદિજાતિ પેટાવિસ્તાર યોજના લાવી હતી અને ક્યાં સુધી? ૧૯૯૫ સુધી. ૧૯૯૫ સુધીમાં આદિવાસી વિસ્તારના બજેટના ક્યાંય આંકડા નહીં. આ વખતે વનબંધુ કલ્યાણ યોજના છે એની સાથે આજે અમારા આદિવાસી વિસ્તારની અંદર શિક્ષણ, આરોગ્ય સુવિધા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાની એક વાત એક-બે મિનિટમાં પૂરી કરીશ. કોઇ મોટા ઘરવાળાની વહુ આપણાં ઘરમાં લાવીએ તો સાહેબ, એવું હોય કે એ પિયરમાં ક્યારે જવાની છે અને ક્યારે આવવાની છે? આપણે એને પૂછીએ નહીં. સાહેબ, આ કોંગ્રેસના રાજમાં લાઇટ ક્યારે જાય અને ક્યારે આવે એ આપણને ખબર પડે નહીં એવી પરિસ્થિતિ હતી. ૧૯૯૦-૯૫માં જ્યારે અમે ધારાસભ્ય હતા. સાહેબ, એક તાલુકાની અંદર અમે ખેતીના કનેકશન માટે ૧૨ અરજી કરતા હતા ૧૨ અરજીમાંથી અમને ૫ ના કનેકશન મળતાં હતાં. આ છેલ્લા ૨૦૧૧-૧૨થી ૨૦૧૫ સુધી ૭૬૩૪૭ આદિવાસીઓને લાઇટના કનેકશન મળ્યાં છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ (ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મુખ્યમંત્રીશ્રી અને સૌરભભાઇ પટેલ ઉદ્યોગમંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યાં છે એમાં મારો સૂર પુરાવું છું અને ભૂસ્તર, ખાણ-ખનિજ વિભાગમાંથી ભૂસ્તર વિભાગમાં ૧૦૭ કરોડ નું જે આયોજન કરવામાં આવ્યું છે એ બદલ માનનીય મુખ્યમંત્રી અને ઉદ્યોગમંત્રી સૌરભભાઇનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીલક્ષી આ પ્રવૃત્તિને વિકસાવવા માટે પૃથ્વીના પેટાળમાં રહેલા ખનીજો, રેર-અર્થ વગેરેના સંશોધન માટે નવા શરૂ થનાર ગુજરાત એક્ષપ્લોરેશન પ્રોજેકટ પેટે જોગવાઇ રૂ. ૨૦ કરોડ. જીઓ-કેમિકલ મેપિંગ અંતર્ગત ખનિજ વિસ્તારને ઓળખી કાઢવા તેમજ મેપિંગ કરવા માટે જોગવાઇ રૂ.૨૮ કરોડ. ખાણ વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઇ રૂ. ૨૭ કરોડ જેવી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. ગૌણ-ખનિજ લીઝ મંજૂર કરવાની સત્તા જિલ્લા કલેકટરશ્રીને આપવામાં આવેલી છે. જે મુખ્ય ખનીજો લીઝ મંજૂર કરવાની તથા સંશોધન કરવાની તથા પરવાના મંજૂર કરવાની સત્તા સરકારશ્રી પાસે રાખવામાં આવેલી છે. ૨૦૧૩-૧૪ દરમ્યાન માર્ચ ૨૦૧૪ ના અંતિત ૧૧૬૫ માઇનીંગ લીઝ, ૬૯૭૭ ક્વોરી લીઝ મળી કુલ ૮૧૪૨ લીઝ અસ્તિત્વ ધરાવે છે અને માર્ચ ૨૦૧૪ અંતે રૂ. ૮૦૩ કરોડની મહેસૂલી આવકની વસુલાત થયેલ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તેમજ ઉદ્યોગ મંત્રીશ્રી સૌરભભાઇ પટેલનો અનુભવ તેમજ દીર્ઘદષ્ટિનું આ ફળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંબાજી ખાતે ઇન્ટરનેશનલ સ્ટોન રીસર્ચ સેન્ટર સ્થાપવામાં આવનાર છે જેમાં વિશ્વના પ્રખ્યાત સ્થાપત્યકારો અને શિલ્પીઓ દ્વારા તાલીમ આપવામાં આવશે. આ કામગીરી દ્વારા ગુજરાતના હસ્તકલાના કારીગર, શિલ્પી તથા સ્થાપત્યકારોની રોજગારીમાં વધારો થશે. અવિકસિત ખાણકામ વિસ્તારોમાં રસ્તાઓ, વીજળી જેવી આંતરમાળખાકીય સવલતોને પૂરી પાડી વિકાસ કરવાની ખનિજ નીતિના લેવલે નિર્ણયને અનુરૂપ ખાતા દ્વારા ખાણ વિસ્તારોના આંતરમાળખાકીય સુવિધા અંતર્ગત કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે જે ઇ-ગવર્નન્સ અત્રેના તાબાની જિલ્લા કચેરી ખાતે તમામ જિલ્લાને માઇનિંગ લીઝ ક્વોરી લીઝની રોયલ્ટી ભરવા માટે ઇ-પેમેન્ટની સવલત ચાલુ કરવામાં આવેલ છે. એ પારદર્શક કામગીરીનો વહીવટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને સી.સી.સી.પ્લસ માટેની તાલીમ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ખાતાના વર્ગ-૩ના કર્મચારીઓને સામાન્ય વહીવટ, હિસાબી, ખનિજ વહીવટ, કોમ્પ્યુટર વગેરે જેવી ખાતાઓની લગતી કામગીરી અંગે તાલીમ સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા દ્વારા આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સ્થાનિક સુરત જિલ્લાની વાત કરીએ ત્યારે ડુમ્મસ-મગદલ્લા, સુલતાનાબાદ, રૂંઢ, ગવીયાર, આભવા, વેસુ, ખજોદ, જેવા ગામોની અંદર તેમજ સમગ્ર કાંઠા વિસ્તારમાં તાપી નદીમાં ટ્રેડીશનલ રીતે પાણીમાં ડુબકી મારીને તગારા વાટે રેતી કાઢવાની ટ્રેડીશનલ પદ્ધતિ મુજબ સહકારી મંડળીઓને લીઝ ફાળવેલ છે. જેના દ્વારા સ્થાનિક ૧૫ થી ૨૦ હજાર લોકોને સીધી અને આડકતરી

રીતે રોજગારી પ્રાપ્ત થયેલ છે. મજુર દ્વારા હોડીમાં અને હોડી દ્વારા ટ્રકમાં રેતી પરિવહન કામગીરી હાથ ધરવામાં આવે છે અને રેતી ચોરી અટકેલ છે અને એના નાણા સીધા સરકારમાં જમા થાય છે જે ભ્રષ્ટાચાર મુક્ત કામગીરી થાય છે.

એજ રીતે નવસારી જિલ્લાના ગણદેવી તાલુકા અને કાંઠા વિસ્તારના લોકોને ટ્રેડીશનલ રીતે રેતીની લીઝ ફાળવેલ છે અને ત્યાં પણ નવી રોજગારીનું નિર્માણ કરેલ છે. જે બદલ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ઉદ્યોગ મંત્રી શ્રી સૌરભભાઇ પટેલનો સ્થાનિક લોકોને રોજગારી આપવા બદલ હું સમગ્ર કાંઠા વિસ્તારના લોકો વતી હ્રદય પૂર્વક તેમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં સ્થાનિક રેતી રોયલ્ટી ગ્રાન્ટમાંથી હજીરા ગામને રૂપિયા ૩૦ લાખ અને સુવાલી ગામને રૂપિયા ૪૦ લાખની ગ્રાન્ટ ઉપલબ્ધ થયેલ છે અને ગ્રામ પંચાયત દ્વારા વિકાસના કામોને જરૂરી નાણા ભંડોળ પ્રાપ્ત થયેલ છે. જેના લીધે આ ગામોનો વિકાસ થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાની વાત કરીએ તો રેતી-કાંકરીની ગ્રાન્ટની વિગતો જણાવતા કુલે રૂપિયા ૩૬ લાખ ૨૫ હજારની માતબર રકમની ગ્રાન્ટ સુરત જિલ્લામાં રેતી લીઝની અંદર છે એના લીધે આખા સુરત જિલ્લાનો વિકાસ થઇ રહેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત આ ગ્રાન્ટો દ્વારા ફાળવવામાં આવેલ રકમોમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોમાં પચાસ-પચાસ ટકા આપવામાં આવેલ છે. એના લીધે પણ ગામોનો વિકાસ થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા અને માનનીય પ્રધાનમંત્રીના આશીર્વાદ સાથે પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત દ્વારા પ્રવાસી ભારતીય દિવસની યશસ્વી ઉજવણી તથા વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમનું સફળ સંચાલન થકી ગુજરાત સરકારની વ્યવસ્થાપન મેનેજમેન્ટ ક્ષમતાની આગવી ઓળખ સમગ્ર વિશ્વને કરાવી છે, જે ખૂબ જ સરાહનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકાભિમુખ વહીવટની દિશામાં આગવી પહેલ સમાન ગતિશીલ ગુજરાત તેમજ લોકસંવાદ સેતુ સફળતાપૂર્વક અમલમાં મુકાયેલ છે. જે અન્વયે ગુજરાતના પ્રજાજનોની અરજીઓ, વિનંતીઓ તેમજ રજૂઆતોની ઘણી બધી માગણીઓનો સ્વીકાર સહ સફળતાપૂર્વક સમસ્યાઓનો નિકાલ થાય છે. જે લોક સંવાદ સેતુ કાર્યક્રમની સફળતાની ગાથા છે.

શ્રી અશ્વિન કોટવાલ **(**ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ પરની સામાન્ય ચર્ચા પર હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એજ કહેવું છે કે, કોંગ્રેસની સરકારે આદિવાસીઓની જમીન કોઇ વેચી નહીં શકે, આદિવાસી લૂંટાય નહીં એ માટે ૭૩-એએની કલમ લગાવી. પણ આ ભા.જ.પ.ની સરકારે એ કલમનો દુરુપયોગ કર્યો. જ્યારે આદિવાસીની જમીનની ૭૩-એએ કલમ કાઢવાની વાત હું ક્યારેય પણ નથી કરતો. એ માટે ભારતના વડાપ્રધાન સાથે પણ મિટિંગ કરી, ગુજરાતના મુખ્યમંત્રી સાથે પણ વાતો કરી પણ આ ભા.જ.પ.ની સરકારે આદિવાસીઓને અન્યાય કરતા મારી વાત ત્યાં પણ સાંભળી નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૩-એએ કાઢવાની વાત હું નથી કરતો પણ કોઇ આદિવાસી પોતાની કમાઇની આવક ઉપરથી અમદાવાદ હોય, ગાંધીનગર હોય, હિંમતનગર હોય કે વડોદરા હોય ત્યાં કોઇ એન.એ. થયેલ જમીન ઉપર પોતાનો પ્લોટ ખરીદે છે અને પ્લોટ ખરીદીને તેના ઉપર એ મકાન બનાવે છે જે મિલકત ઉપર ૭૩-એએ નહીં લાગવી જોઇએ, એવી મારી આ સરકારને વિનંતી છે. વિનંતી એટલા માટે છે કે, આ જે પરિપત્રનું ખોટું અર્થઘટન કર્યું છે. સરકારે પરિપત્ર કરવા કોઇ જી.આર. બનાવ્યો નથી. પણ મારી વિનંતી છે કે સરકાર આદિવાસીનો વિકાસ કરવા માગતી હોય તો જે આદિવાસી વ્યકિત મિલકત ખરીદતી હોય એને ૭૩-એએ ન લાગવી જોઇએ એવી મારી વાત હું આપ બધાને કહેવા માગું છું. બીજી વાત પણ કહેવા માગેં છું કે બધા કહેતા હોય કે અમે મહારાષ્ટ્ર પેટર્નનો અમલ કર્યો. મહારાષ્ટ્ર પેટર્નનો અમલ કયા વખતે થયો છે એ બધા જાણે છે. પણ મારે એ કહેવું છે કે મહારાષ્ટ્ર પેટનર્નનો ઉપયોગ કર્યો એની સાથે ને સાથે તમે જો ગુજરાતની અંદર આદિવાસીઓનો વિકાસ કરવા માગતા હોય તો ઝારખંડ પેટર્ન પણ દાખલ કરવી જોઇએ.

ગુજરાતની અંદર બક્ષી સમાજ પણ આવેલો છે. દલિત સમાજ પણ આવેલો છે, આદિવાસી સમાજ પણ આવેલો છે. પણ મને એમ લાગે છે કે આ સત્તર વર્ષની અંદર કોઇ દલિત સમાજ કે બક્ષીપંચ સમાજ કે આદિવાસી સમાજે બજેટ રજૂ કર્યું હોત તો આ ગુજરાતની પ્રજા રાજી થાત અને થોડીક વાત કહેવાની થાત. આ સરકાર એમ માને છે, ભારતીય જનતા પાર્ટી એમ માને છે કે નાણા ખાતુ અમુક સમાજના જ માણસ સંભાળી શકે, આદિવાસી સમાજ ન સંભાળી શકે, દલિત સમાજ ન સંભાળી શકે, બક્ષીપંચ ન સંભાળી શકે એવી માનસિકતા સાથે જો આ ગુજરાતનો વિકાસ કરવા માગતા હોય તો એવી માનસિકતા દૂર કરવી પડશે. જે કરાર આધારિત માણસો લેવામાં આવે છે. કરાર આધારિતની અંદર બક્ષીપંચ સમાજને નુકસાન થાય છે, દલિત સમાજને નુકસાન થાય છે. આદિવાસી સમાજને નુકસાન થાય છે. ડો. બાબાસાહેબ આંબેડકરનો સિદ્ધાંત હતો જેમણે બંધારણ ઘડયું છે એ પ્રમાણે જે કરાર આધારિત છે એની અંદર પણ આ બધા સમાજોનો સમાવેશ થવો જોઇએ. આપને એક બીજી પણ વાત કરવી છે. એક બધા સમાજને લગતો પ્રશ્ન છે કે આ ગુજરાતની અંદર ૫૦ ટકા વસતિ બક્ષીપંચ સમાજની છે. તમે ૨૬ વિભાગો ચાલુ કર્યા છે પણ ૨૭ મો બક્ષીપંચ સમાજનો વિભાગ ચાલુ કરવા માગો છો કે કેમ? બક્ષી સમાજનો પણ વિભાગ ચાલુ કરવો જોઇએ એટલે તાત્કાલીક સરકારે જે ૨૬ વિભાગો જાહેર કર્યા છે એમાં જેઠાભાઇ અને એ બધા આવી જતા હોય એટલે ૨૭મો બક્ષીપંચનો વિભાગ પણ ચાલુ કરવો જોઇએ. બીજી આદિવાસીની ૭૩-એએ નો ઉપયોગ કેવી રીતે થાય છે એની વાત કરું. સુરતની અંદર હાઇકોર્ટે કહેવું પડયું કે આદિવાસીની જમીન વેચાઇ ગઇ છે. સસ્તા ભાવે કરોડની જમીન લાખ રૂપિયામાં જતી રહી છે. સુરત હોય, અંબાજી હોય કે બીજી કોઇ પણ જગ્યા હોય, આદિવાસીની જમીન છેતરામણીથી કોઇએ લઇ લીધી હોય તો એની તપાસ કરી અને મૂળ માલિકને પાછી આપવી જોઇએ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬નું જે અંદાજપત્ર આ વિધાનગૃહમાં આવ્યું છે એ માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલના વિઝનને સ્પષ્ટ કરે છે. આ વિઝન ડોકયુમેન્ટ છે. મારે કાયદો અને ન્યાયતંત્રના વિષયને ન્યાય આપવાનો છે. બંધારણ એ લોકશાહીનું એક મહત્વનું અંગ છે. એ બંધારણે જે ત્રણ મહત્વના અને મજબૂત પાયા મુકયા છે એમાં એક મજબૂત પાયો છે ન્યાયતંત્ર. ન્યાયતંત્રને મજબૂત રાખવું એ દરેક સરકારની ફરજ છે. કૂવામાં પાણી હોય તો હવાડામાં આવે, ખીસામાં પૈસા હોય તો એ કોઇને આપી શકાય. આપણે ત્યાં કહેવત છે કે નાણા વગરનો, હું નથી કહેતો પરંતુ નાણે સૌરભલાલ. અમારે ત્યાં નાણા ભરપુર છે, અમારો ખજાનો ભરપુર છે અને એટલે અમે આ ગુજરાતના દરેક વિભાગને જે જરૂરી અંદાજ છે એ અમે આપી શકીએ છીએ. ન્યાયતંત્રને મજબૂત કરવા માટે એક જજ જોઇએ. એની પાસે બેઠેલો એક બોર્ડ કલાર્ક જોઇએ, એક સ્ટેનો જોઇએ, એક ટાઇપીસ્ટ જોઇએ, એક કોલઆઉટ કરવાવાળો પટાવાળો જોઇએ. નકલ કરનાર નકલ કારકુન જોઇએ. આ વિવિધ વિભાગ એ જીવતા ૧૨, ૧૩ માણસોથી એક અદાલત ચાલે છે. એમાં સરકારી વકીલ તો ખરા. અને જે રીતે કોર્ટ છે એ રીતે કોર્ટ માટેનું ઇન્ફ્રાસ્ટ્રકચર છે. એ ઇન્ફ્રાસ્ટ્રકચર જોવામાં આવે તો એની અંદર કોર્ટ બિલ્ડિંગ જોઇએ, કોર્ટ રૂમ જોઇએ, કોમ્પ્યુટર જોઇએ, પ્રિન્ટર જોઇએ, ઝેરોક્સ મશીન જોઇએ, ફેક્સ મશીન જોઇએ, ઇન્ટરકોમ, ટેલિફોન જોઇએ, જજનું રહેઠાણ જોઇએ આ તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું કરવા માટે આ અંદાજપત્રની અંદર ૧૬૩૯.૩૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ખરેખર લોકશાહીમાં ભાજપ માને છે. માટે ન્યાયતંત્રને મજબુત કરવા માગે છે, તેથી આટલું મોટું બજેટ ફાળવવામાં આવ્યું છે. કેસોના ઝડપી નિકાલ માટે, સસ્તા ન્યાય માટે અને ઘરઆંગણે ન્યાય માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કટિબદ્ધ છે. કાયદા પ્રધાનશ્રીએ તમામ તાલુકાઓમાં કોર્ટો આપેલી છે. તમામ તાલુકાની કોર્ટોને ઇન્ફ્રાસ્ટ્રકચર આપવા માટે, પીવાના પાણી માટે આરોની સુવિધા સહિત વોટર કૂલર સહિત તમામ વસ્તુઓ આપવા માટે ખૂબ મોટુ બજેટ ફાળવ્યુ છે. એટલું જ નહીં, પરંતુ સી.બી.આઇ. ની ૫ નવી અદાલતો આ રાજ્યમાં મૂકી છે. જેથી જૂના ભ્રષ્ટાચારીઓ હશે તેમના કેસોનો નિકાલ ઝડપી થાય. ફેમિલી કોર્ટ એ આજની તાતી જરૂરિયાત છે. એવી કુલ ૧૫ ફેમિલી કોર્ટ ગુજરાતની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચર સહિત આપવા જઇ રહ્યા છીએ. વાહન અકસ્માતના ઘણા કેસો પેન્ડિંગ છે. તેને ઝડપી ન્યાય આપવા માટે ૧૦ વાહન અદાલતો મૂકી. આપના માધ્યમથી તમામ સભાગૃહના સભ્યોને

જણાવવા માગું છું કે આજકાલ ચેકોના કેસો વધ્યા છે એના નિવારણ માટે ૧૦૦ અદાલતો આપવા માટેના ખર્ચની જોગવાઇ કરી છે. હું વડોદરાની વાત કરું તો કામ પૂર્ણ થવા ઉપર છે વાહન વ્યવહાર મંત્રીશ્રીને વિનંતી કરીશ કે એક દિવસ લકઝરી બસ રાખીને તમામ ધારાસભ્યોને વડોદરાની અદાલત જોવા જે બતાવવા માટે અચૂક લઇ આવે. ભાજપની સરકારે આટલાં વર્ષોમાં નથી થયું એ કરી બતાવ્યું છે. વડોદરાની અંદર આદિવાસી વિસ્તારમાં જેતપુર પાવીની અંદર વધારાની એક જગ્યા જી.એન.એફ.સી. અને સિવિલ કોર્ટની ઉભી કરેલ છે. સાવલીમાં એક જિલ્લા ન્યાયાધીશ, વધારાની જિલ્લા ન્યાયાધીશની આખી એક અદાલત મંજૂર કરેલ છે. સ્મોલ કોઝ કોર્ટ માટેનું તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર આપવામાં આવેલ છે. ઔદ્યોગિક અદાલત માટે, લેબર કોર્ટ માટે, જજના રહેઠાણ માટે સ્ટેનોગ્રાફરથી માંડીને જુનિયર કલાર્કથી માંડીને તમામ ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું કરી રહ્યા છીએ. અભિવાદન લઇ શકાય તેવી વાત છે. ન્યાય તંત્રમાં અને ન્યાયમાં ભાજપનો અતૂટ વિશ્વાસ છે, એટલા માટે સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત સૌથી મોખરે છે. તમામ તાલુકાઓમાં અદાલતો સ્થાપવા માટે મોખરે છે. એટલું જ નહીં પરંતુ ગુજરાતના જ્યુડિશ્યરી એકેડમીના આધુનીકરણ માટે ૫૪.૭૪ કરોડ રૂપિયા, નવી બિલ્ડિંગ માટે રહેઠાણ માટે ૧૦૧ કરોડ રૂપિયા કુલ મળીને ૪૮૧ કરોડ રૂપિયા બાંધકામ માટે આ વખતે ખાસ જોગવાઇ કરેલ છે. આથી જ ગુજરાતમાં ન્યાય તંત્ર મજબૂત છે. આથી લોકશાહી મજબૂત છે, આથી શાંતિ છે. એ જ કારણને લીધે સમગ્ર ગુજરાતની અંદર ન્યાયપ્રીય લોકો છે અને એ લોકોને સૌએ વધાવવા જોઇએ. ધન્યવાદ.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ (સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યક્ષસ્થાનેથી માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ ૨૦૧૫–૧૬ નું ગુજરાતનું ગતિશીલ ગુજરાત માટેનું વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે, તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને તે બજેટને હું આવકારું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઘણાબધા વિષયો ઉપર ઘણીબધી વાતો થઇ. તેની સાથે મારી પાસે પાણી પુરવઠા વિભાગની ચર્ચા માટે, સામાન્ય ચર્ચા માટે જે વિષય સોંપ્યો છે તે વિષય ઉપર મારે મારી સંમતિ આપવાની છે. ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર તરીકે અલગ અલગ પ્રકારમાં તેનો વિસ્તાર પથરાયેલો છે. ગુજરાતની અંદર ૧૬૦૦ કીલોમીટર જેટલો દરિયાઇ કિનારો, કચ્છનું રણ તેની સાથે સાથે આદિવાસી વિસ્તાર જે અરવલ્લીના ડુંગરો વાળો છે તેવા વિસ્તારમાં પથરાયેલું ગુજરાત રાજય છે. વર્ષો પહેલાં વરસાદની અનિયમિતતા અને અપૂરતા વરસાદને કારણે ગુજરાતની એક અછતવાળા રાજય તરીકે ૨૦૦૦ પહેલાં દેશમાં ગણના થતી હતી. તે પછી એટલે કે ૨૦૦૧ પછી ગુજરાતમાં સત્તાનું પરિવર્તન આવ્યું અને ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના અધ્યક્ષ સ્થાને ગુજરાતની અંદર વિકાસનો વેગ, સૌનો સાથ સૌનો વિકાસ એ સૂત્ર ઉપર ગુજરાતનો ખૂબ વિકાસ થયો. તેની સાથે સાથે ગુજરાતની જનતા પાણી માટે અવાર નવાર એક જગ્યાએથી બીજી જગ્યાએ, અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં તેના પશુધન સાથે હેરાફેરી કરતી હતી. તે વખતે જે તે સમયે ગુજરાતની અંદર જયારે કોંગ્રેસનું શાસન હતું ત્યારે સારાય ગુજરાતમાં લગભગ ૪૦૫૪ જેટલા ગામડાઓમાં ટેન્કરો દ્વારા પાણી આપવામાં આવતું હતું. તે વિષય ઉપર ખૂબ ચિંતીત થઇ માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ખૂબ ઉંડાણપૂર્વક આયોજન કરી ગુજરાતની જનતાને પાણીનો હાશકારો મળે તેના માટેના ખૂબ મોટા આયોજન કર્યા. અત્યારે હાલ ગુજરાતની અંદર તેના પછીના દસ વર્ષમાં ૧૫૪ જેટલા નાના મોટા ગામડાં અને વિસ્તારમાં ટેન્કરથી પાણી આપવામાં આવે છે. ગુજરાતની અંદર તે વખતે રાજય સરકારે ગુજરાતમાં કાયમ માટે પાણીનો ઉકેલ આવે અને ભૂગર્ભ જળ યોજના ઉપર આધાર રાખવો ન પડે તેના માટે ઘણા બધા બોર્ડની રચના કરી. તેની અંદર સૌથી પહેલાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની રચના કરી. તે પછી વોટર ઇન્ફ્રાસ્ટ્રચર બોર્ડની રચના કરવામાં આવી. તે પછી વોટર એન્ડ સેનીટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઇઝેશનની પણ રચના કરી. ગુજરાતમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ પીવાના પાણીની વિવિધ પ્રકારની યોજનાઓથી હેન્ડપંપ, મીની પાઇપલાઇન, વ્યક્તિગત પાણી પુરવઠા યોજના, જુથ પાણી પુરવઠા યોજનાનું નિર્માણ કરી આખા ગુજરાતમાં પાણીની વ્યવસ્થા સારી રીતે થાય તે રીતનું નિર્માણ કર્યુ. તે પછી નર્મદા ડેમ અથવા તો બીજા બધા અનેક ડેમોમાંથી જે કેનાલો નીકળે છે તે કેનાલોમાંથી બલ્ક પાઇપ લાઇનનું આયોજન કરી આખાય

ગુજરાતમાં વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે. તે પ્રમાણે લોકભાગીદારી આધારિત આંતરિક અને ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાનું અમલીકરણ વોટર અને સેનીટેશન મેનેજમેન્ટ એટલે કે વાસ્મો દ્વારા સફળતાથી આયોજન કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં ગુજરાતની અંદર પાણી પુરવઠાની ગ્રીડ દ્વારા પાણીના મોટા જથ્થાનું અલગ અલગ જિલ્લામાં વહન થાય તેના માટે ૨૬૯૨ કીલોમીટર જેટલી બલ્ક પાઇપલાઇનનું આયોજન કરવામાં આવેલ છે. તે બલ્ક પાઇપલાઇન છે તેની અંદર ફોર વ્હીલ જેવી ગાડી, મારૂતિ ગાડી તેમાંથી પસાર થઇ શકે તેવું  આયોજન કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે ૧,૨૦,૭૬૯ કિ.મી. જેટલી બીજી ઘણી નાની મોટી પાઇપલાઇનનું ગુજરાતની અંદર આયોજન કરી આખાય ગુજરાતમાં પાણીની અછતને દૂર કરવાનું આયોજન કર્યું છે.

શ્રી  વલ્લભભાઇ ગો. કાકડીયા (ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને પહેલા મહિલા મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વમાં અમારા બાહોશ નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આ ફૂલ ગુલાબી બજેટ લઇને આવ્યા છે એ બદલ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં જે ૭૯,૨૯૫ કરોડનું બજેટ છે એમાં ખાસકરીને આ બજેટમાં સામાજિક સેવા માટે ૩૮,૪૮૪ કરોડ ફાળવવામાં આવ્યા છે એ ટોટલ બજેટના ૪૮.૫૦ ટકા થાય છે એ સામાજિક સેવામાં વપરાવાના છે એ બદલ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સામાન્ય સેવા પીવાનું પાણી હોય, પ્રાથમિક આરોગ્ય, શિક્ષણ, માણસોને રહેવા માટેના આવાસો, સ્વચ્છતા, રોજગાર અને અનુસૂચિત જાતિ, જનજાતિ અને શૈક્ષણિક પછાત મહિલાઓ અને બાળકોના વિકાસ માટેનું આ બજેટ છે. આ રીતે સેવા ક્ષેત્રમાં વધારે નાણા ફાળવવા બદલ નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં મોટા ઉદ્યોગોની સાથે સાથે નાના ઉદ્યોગો અને કુટિર ઉદ્યોગોનો પણ વિકાસ થયેલ છે. આવા કુટિર ઉદ્યોગમાં કામ કરતા ભાઇ-બહેનોને રાજય સરકારની જુદી જુદી યોજનામાં બેન્કો તરફથી લોન અને રાજય સરકારની સબસિડી સહાય આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર એક શ્રમજીવી વિસ્તાર છે, એક સમય એવો હતો કે આ વિસ્તારમાં મિલો ધમધમતી હતી અને લોકો રોજગારી મેળવતા હતા પણ મીલો બંધ થયા પછી આ વિસ્તારમાં હીરા ઉદ્યોગમાં લોકો રોજગારી મેળવતા થયા અને આજે એમ્બ્રોડરી અને ગાર્મેન્ટમાં ભાઇઓ તથા બહેનો ખૂબ જ મોટા પ્રમાણમાં કામગીરી કરીને રોજગારી મેળવી રહ્યા છે. આ રાજય સરકારની એવી ઘણી યોજનાઓ છે કે જે નાના માણસોને સહાયરૂપ થઇ શકે છે. એવી એક યોજનાની વાત કરું તો બાજપેયી બેન્કેબલ યોજના, મારા વિસ્તારમાં હું એક બેન્ક સાથે સંકળાયેલો છું, એક બેન્કમાંથી ૬૭૬૧ બહેનોને ધિરાણ આપેલું છે અને એમાં રાજય સરકાર તરફથી ૧.૫૦ કરોડની સબસિડી આ બહેનોને મળેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને નાણામંત્રીશ્રી સૌરભભાઇએ સામેથી બોલાવીને કહ્યું કે, વલ્લભભાઇ, આ તમારા વિસ્તારમાં ૬-૭ હજાર બહેનોને તમે લોન આપી છે તો આ બધી બહેનોને મારે એક એક લાખ રૂપિયા આપવા છે અને એમાં વ્યાજ સહાય ૭ ટકા આપવા માનનીય નાણામંત્રીશ્રી કહ્યું હતું એ બદલ પણ નાણામંત્રીશ્રીને આવી બહેનો માટે ઉપયોગી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, આ બહેનો જે રીતે ઉદ્યોગમાં કામ કરે છે તે ૬૭૬૧ બહેનોને જ્યારે અમે ધિરાણ આપ્યું છેલ્લાં ચાર વરસમાં ત્યારે એમ થતું હતું કે આ બહેનો રેગ્યુલર હપ્તા ભરશે કે નહીં? પરંતુ ગૌરવ સાથે કહેવું પડે છે કે, એકપણ બહેનનો કોઇપણ દિવસ એક હપ્તો બાકી નથી રહેતો.  રેગ્યુલર હપ્તા મળે છે. ઉદ્યોગોમાં પણ આવી રીતે બહેનો વધારે આગળ આવે અને એમાં રાજ્ય સરકારની જે જુદી જુદી યોજનાઓ છે એ યોજનાઓનો રાજ્ય સરકાર તરફથી જે લાભ મળી રહ્યો છે એ બદલ મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.    બહેનો કામ કરતી હોય એવી ઘણી બધી યોજનાઓ છે. હસ્તકલા, હાથશાળમાં પણ બહેનો કામ કરતી હોય છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું. આજે આ ગતિશીલ ગુજરાતની જ્યારે વાત કરવા માગું છું ત્યારે આ વરસના અંતે રાજ્યમાં જે નવું બાળક પેદા થશે તે રાજ્યમાં ૩૩,૦૦૦ રૂપિયાનું દેવું લઇને જન્મવાનું છે ત્યારે આ ગુજરાતની ભા.જ.પ. સરકાર વાયબ્રન્ટના નામે મોટા મોટા ખર્ચ કરી રહી છે તેના કારણે ગુજરાત દેવાના ડુંગર નીચે દબાઇ ગયું છે. આ રાજ્યનું દેવું એક લાખ પાંસઠ હજાર કરોડનું થઇ ગયું છે. આપણા વડાપ્રધાન મોદી સાહેબ ગુજરાત સરકારના વિકાસ મોડેલની જોરજોરથી વાતો કરી રહ્યા છે પરંતુ આ વિકાસનું મોડેલ એ "ઝાંઝવાના નીર" જેવું દેખાઇ રહ્યું છે. મારા મત વિસ્તારની વાત કરવા માગું છું ત્યારે મારા મત વિસ્તારમાં તાલુકામાં છેલ્લાં સત્તર અઢાર વરસથી જ્યારથી તાલુકો અસ્તિત્વમાં આવ્યો ત્યારથી આજદિન સુધી કાયમી ટી.ડી.ઓ. મૂકવામાં આવ્યા નથી. એટલે આ શરમજનક વાત છે. આવા ગતિશીલ ગુજરાતમાં એક આદિવાસી વિસ્તારમાં અને એક છેવાડાનો તાલુકો હોવા છતાં આજે પૂરતો સ્ટાફ નથી મળતો. શિક્ષણની વાત કરવામાં આવે ત્યારે અમારા મોતીભાઇ કહેતા હતા કે અમારા આદિવાસી છોકરાંઓને આમ ભણાવી દીધા, તેમ ભણાવી દીધા, પણ મોતીભાઇ આપ તો સરકારના મંત્રીશ્રી હતા અને બીજીવાર તમને મંત્રી બનવા ના મળ્યું એટલે તમારે વખાણ કરવા પડે છે. આજે આદિવાસી વિસ્તારમાં બે ભાગ પડે છે, જે આદિવાસી પટેલ હોય એને સારું શિક્ષણ મળે છે અને મારો દાહોદ જિલ્લો જે આદિવાસી જિલ્લો છે. રાજસ્થાનની સરહદે આવેલો છે, મધ્યપ્રદેશની સરહદે આવેલો છે, અમે અસલ આદિવાસી કહેવાઇએ છીએ ત્યારે મારા દાહોદ જિલ્લામાં આજે હોળીનો તહેવાર ગયેલો છે ત્યારે અમારા આદિવાસી ભાઇઓ બહેનો બહારના જિલ્લામાં મજૂરી કરવા નીકળી પડે છે ત્યારે અમારા આદિવાસીઓની ચિંતા કરવા વાળી અમારી કોંગ્રેસની સરકાર હતી ત્યારે અમે છોકરાઓ ભણાવ્યા છે અને આપ બધા ભણ્યા છો ત્યારે હું કહેવા માગું છું કે આપ પણ કોંગ્રેસની સરકારમાં ભણ્યા છો, એવી જ રીતે આ તમે ૧૭ વરસમાં નથી ભણી રહ્યા, ૧૭ વરસના રાજકારણમાં તમારો અભ્યાસ પૂરો નથી થયો, જ્યારે અમારી કોંગ્રેસની સરકારે ઘણું કર્યું છે. આજે આ સરકારને કહેવા માગું છું કે, અમે આ સરકારમાં અગાઉ બધું કરી નાંખ્યું છે જ્યારે અમારે ત્યાં છેલ્લાં સત્તર વરસથી પાણીનો પ્રશ્ન છે, આ ગૃહમાં હું છેલ્લાં સાત વરસથી બોલું છું ત્યારે મારો આ પાણીનો પ્રશ્ન હલ થતો નથી. આજે મંત્રીશ્રીએ લેટર લખ્યો, આપના પ્રભારી મંત્રીશ્રી મિટીંગમાં આવ્યા ત્યારે પણ આ પ્રશ્ન હલ ન થયો એટલે વિધાનસભા ગૃહમાં મારે પ્રશ્ન રજૂ કરવાનો થયો છે અને મેં કહ્યું કે મારો આ પ્રશ્ન હલ કરો તો પણ આપના અધિકારીઓનું કોઇનું પેટનું પાણી પણ નથી હલતું. આજે હું જાતે એક સ્ત્રી ધારાસભ્ય તરીકે એક આદિવાસી વિસ્તારમાંથી આવું છું ત્યારે હું ટેન્કરથી પાણી નંખાવું છું. મારા આદિવાસી વિસ્તારની ચિંતા કરીને આજે અહીંયા ગૃહમાં બોલવા ઉભી થઇ છું ત્યારે માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, મારું જે ઠક્કરબાપા સરોવર તળાવ અને દાહોદમાં અમે વર્ષોથી પાણી આપીએ છીએ પાણી અમારુ, જમીન અમારી, પત્થર અમારા તો પણ હજુ તમે કડાણાનું પાણી દાહોદને આપ્યું છે. મારો પ્રશ્ન એ છે કે, મને ઠક્કરબાપા સરોવરનું પાણી ગરબાડા તાલુકાને મળે એવી મારી અપેક્ષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ શિક્ષણમાં મારો એ પ્રશ્ન છે કે ગરબાડા તાલુકો કોંગ્રેસનો હોવાને નાતે બધા દાહોદ જિલ્લામાં કોલેજ આપી પણ મારો આદિવાસી એક જિલ્લો તમે છોડી દીધો. મારે દુઃખ સાથે કહેવું પડે છે, માનનીય મંત્રીશ્રીને મેં લેટર પણ લખ્યો છે, અમારા માનનીય મંત્રીશ્રીને પણ લેટર લખ્યો છે કે મારો એક દાહોદ જિલ્લો, એક આદિવાસી વિસ્તાર કે જયાં મારી પાંચસો પાંચસો છોકરીઓ ભણે છે. અમારી છોકરીઓને ધોરણ–૧૨ પછી કોઇ શિક્ષણ મળતું નથી એક આદિવાસી વિસ્તારની છોકરીઓ વંચિત રહે છે એ માટે મને દુઃખ થાય છે. આજે આ ગૃહમાં બોલતાં મને દુઃખ થાય છે. બીજુ અમારા દાહોદ જિલ્લામાં પાણીની વાત તો કરી પણ દાહોદ જિલ્લામાં એટલો બધો દારૂ પણ મળે છે. હમણાં હોળી–ધૂળેટીનો તહેવાર ગયો ત્યારે હું વાત કરવા માગુ છું કે અમારા દાહોદ જિલ્લામાં દારૂના લીધે કૂપોષણ થાય છે. ૩૦૨૩ કરોડનો દારૂ સરકારમાં પકડાયો તો દારૂ કેટલો વેંચાયો હશે ? મારા ગરબાડા તાલુકામાં સાત વર્ષથી એકના એક પી.એસ.આઇ.સર્વિસ કરે છે તો એમને કેટલો બધો પ્રેમ લાગી ગયો.

શ્રી ભુષણ અ. ભટ્ટ (જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, દુઃખ સાથે સેવાનું સુખ આપવુ એ આ સરકારની નેમ છે. માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેને સો સો સલામ સાથે હું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિના સહકાર નહીં ઉદ્ધાર ના મંત્રએ ગુજરાતના વિકાસને ગતિશીલ ગુજરાતનું ગ્રોથ એન્જિન બનાવ્યુ છે. અને એટલા જ માટે મારે કહેવુ પડે કે ભૂતકાળની વાત કરીએ તો એક પ્રધાનમંત્રીશ્રીએ જાહેરમાં એવુ કહ્યું હતુ કે વિકાસ માટે જે રૂપિયો મોકલવામાં આવે તે પ્રજા સુધી પહોંચતા પંદર પૈસા થઇ જાય. અને પાછલા દશકાની વાત કરીએ ત્યારે દિલ્હીથી વિકાસ માટે જે રૂપિયો ગુજરાત આવવાનો હોય તે •(xxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

<#D/અન્ય/D#>

ગૃહમાં પુરાવો આપવા અંગે

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડ છે કે, તેમની પાસે (xxx) એવો પુરાવો હોય તો એ ગૃહમાં આપે અથવા રેકર્ડ ઉપરથી તે દૂર કરો.

અધ્યક્ષશ્રી : હવે ચર્ચા કરીશું તો બલવંતસિંહભાઇ, આ પક્ષે કે આ પક્ષે એક એવું વાતાવરણ ઉભું થાય છે (અંતરાય) પ્લીઝ..

શ્રી ભુષણ અ. ભટ્ટ : ગુજરાતના વિકાસને અન્યાય કરવામાં તમે કશું બાકી રાખ્યું નથી અને તેનો જવાબ ગુજરાતની પ્રજાએ નહીં દેશની પ્રજાએ તમને આપી પણ દીધો. (અંતરાય )

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇ લઇશ અને જો કાઢવા લાયક શબ્દો હશે તો નીકળી જશે, પ્લીઝ. (અંતરાય) એવા શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે પ્લીઝ, આપ બેસી જાવ.

શ્રી ભુષણ અ. ભટ્ટ : તમે ભ્રષ્ટાચારની વાતો કરો છો કૌભાંડોની વાતો કરો છો પરંતુ તમારી કેબિનેટના તમારા શાસનમાં અડધી કેબિનેટ જેલમાં ગઇ હતી. પરંતુ અમારા ૧૫ વર્ષના શાસનમાં એક પણ મંત્રી જેલમાં નથી ગયા. તમે ભ્રષ્ટાચારની વાત કયા મોંઢે કરો છો?

શ્રી કનુભાઇ મો. દેસાઇ (પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યશસ્વી પૂર્વ મુખ્યપ્રધાન અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતમાંથી દિલ્હી ગયા ત્યારે ગુજરાતનો વિકાસ માનનીય નરેન્દ્રભાઇની ગતિથી ચાલશે કે નહીં એ પ્રશ્ન હતો પરંતુ ત્યારપછી આવેલા અમારા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગતિશીલ ગુજરાત અને લોકસંવાદ સેતુ એવા બે અભિનવ પ્રયોગો આપીને જે રીતે ગુજરાતને ગૌરવવંતુ બનાવ્યું અને ગુજરાતને માનનીય નરેન્દ્રભાઇ હતા એના કરતાં સવાયા વિકાસની સ્પીડથી આગળ ચલાવે છે ત્યારે મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે લોકસભામાં સમગ્ર ગુજરાત કોંગ્રેસ મુકત થયું છે. આપણે અહીંયા જે કંઇ ચર્ચા કરીએ છીએ એ બધા લોકો સાંભળે છે. આ બજેટમાં એટલી સારી અને સુંદર વ્યવસ્થા કરી છે અને જે આયોજન કર્યું છે એનાથી ગુજરાતના સમગ્ર વિકાસને વેગ મળશે અને જયારે માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સન ૨૦૧૫–૧૬નું સુંદર બજેટ લઇને આવ્યા છે એને હું આવકારું છું અને એને સમર્થન આપું છું.

આ સરકારે વિવિધ સમાજ અને વિવિધ વર્ગોના વિકાસ માટે અનેક યોજનાઓ કરી છે. દા.ત. વનબંધુ કલ્યાણ યોજના, સાગર ખેડૂ યોજના, ખેડૂત સમાજ માટેની યોજનાઓ, સૌનો સાથ સૌનો વિકાસ એવા અભિગમથી ચાલતી આ સરકાર, એ જ રીતે મત્સ્યોદ્યોગના વિકાસ અને સંવર્ધનને વેગ મળે એના માટે નીચે મુજબની વિશિષ્ટ જોગવાઇ કરવામાં આવેલ છે.

મત્સ્યોદ્યોગ પ્લાન હેઠળ ૧૧૬ કરોડ ૯૭ લાખની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં માછીમાર ભાઇઓ આંતરરાષ્ટ્રીય સીમામાં ગૂંચવાય જાય છે, આપણી સીમા ઓળંગી જાય ત્યારે પાકિસ્તાન સરકાર આપણા માછીમારોને પકડી લે છે. એવું ન બને એટલા માટે આ બજેટમાં સુંદર આયોજન કરવામાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

આવેલ છે. એમાં બે હજાર બોટોમાં જી.પી.એસ. સિસ્ટમ ગોઠવવા માટે ચાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. એના માટે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇને અભિનંદન પાઠવું છું કેમ કે હું કાંઠા વિસ્તારમાંથી આવું છું અમારો સમગ્ર વલસાડ જિલ્લો આ બધી પરિસ્થિતિથી વાકેફ છે. જયારે બોટો દરિયામાં જાય ત્યારે ઉપર આભ હોય અને નીચે પાણી હોય ત્યારે માછીમારભાઇઓ આ બધી પીડાથી ગ્રસ્ત હોય ત્યારે સરકારે આવી મદદ કરી છે એ અભિનંદનનેપાત્ર છે.

પોરબંદર અને વેરાવળ ખાતે મત્સ્યોદ્યોગ કેન્દ્ર ખાતે આર.સી.સી પ્રિ કાસ્ટ પ્લોટીંગ જેટીની સુવિધા ઉપલબ્ધ કરાવી છે એ માછીમાર ભાઇઓ માટે આશીર્વાદરૂપ છે. ભારત સરકાર અને રાજય સરકારના સંયુકત પ્રયાસોથી અને માનનીય નરેન્દ્રભાઇએ શાસન સંભાળ્યું ત્યારે તરત જ પકિસ્તાન સરકારે આપણા ગુજરાતના ૩૬૦ જેટલા માછીમાર ભાઇને મુકત કર્યા છે જે માદરે વતનમાં પાછા આવ્યા છે ત્યારે એના કુટુંબીજનોમાં એક લાગણીનો અહેસાશ થતો હશે

સાગરલક્ષી પ્રોજેકટ રાજયના દરિયાકાંઠાની બહેનોના વિકાસ માટે, જૂથ મહિલા સભ્યોને આજીવિકા માટે સેન્ટ્રલ સોલ્ટ મરીન કેમિકલ્સ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટયુટ હેઠળ આયોજીત થયેલ ગુજરાત મત્સયોદ્યોગ નીચે સન ૨૦૦૧–૦૨માં ૬૨૫ કરોડ રૂપિયાની નિકાસ કરતું હતું જે આજે સન ૨૦૧૩–૧૪ના વર્ષમાં ૩૬૫૮ કરોડ રૂપિયાની થયેલ છે. માછીમારીએ જતાં આપણા માછીમારભાઇઓને ઓળખકાર્ડ પ્રાપ્ત થાય એ માટે બાયોમેટ્રિક કાર્ડ આપવામાં આવેલ છે તેમજ એની બોટનું પણ રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. આ બધી પ્રક્રિયા સમગ્ર દેશમાં ગુજરાતમાં સૌ પ્રથમ વાર થઇ છે. આપણાં માછીમાર ભાઇઓ રોજી–રોટી માટે જયારે દરિયામાં જાય અને દરિયામાં તોફાન કે જળ સીમા ઉલ્લંઘનથી તેમને જેલમાં જવું પડે કે લાપત્તા થાય ત્યારે તેમનું કુટુંબ નિરાધાર ન બને તે માટે તેમને રોજના રૂપિયા ૧૫૦ નું ભથ્થું ચૂકવવામાં આવે છે અને ૨૦૧૫–૧૬ના બજેટમાં આ માટે ૨૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. દરિયાકાંઠા વિસ્તારમાં રહેતા બોટ વિહોણા અને નાના માછીમારો છે તેમના માટે સરકાર એકદમ ચિંતિત છે અને તેમને માછીમારીના સાધનો ખરીદવા માટે વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૫૦ લાખની ચૂકવણી કરવામાં આવશે. દરિયામાં જતા માછીમારો માટે લાઇફ સેવિંગ્ઝ કીટ્સ એ પણ વધુ અગત્યની વસ્તુ છે. તેના માટે દરેક માછીમારને ૨૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં રૂ. ૪૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માછીમારી એવો વ્યવસાય છે કે જેમાં રીસ્ક ડગલે ને પગલે રહેલું છે. દરેક માછીમાર ભાઇ જે સક્રિય રીતે માછીમારીના વ્યવસાય સાથે સંકળાયેલ છે તેમને રૂ. ૨,૦૦,૦૦૦ના વીમા કવચનો લાભ આપવામાં આવ્યો છે. ૨૦૧૫–૧૬ના વર્ષમાં આ માટે રૂ. ૭૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ સરકારમાં દરેકે દરેક પાસાઓને ધ્યાનમાં લઇને તેના માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને તે માટે નાણામંત્રી શ્રી સૌરભભાઇને હું ખાસ અભિનંદન આપું છું અને સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગતિશીલ મુખ્યમંત્રી, રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને સરકારના અનેક વિભાગોના અનુભવી, સંગઠનથી માંડીને પ્રજાકીય, સેવાકીય અનેક કામોમાં સંકળાયેલા અમારા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન પટેલના નેતૃત્વમાં અમારા નાણામંત્રી માનનીય સૌરભભાઇ પટેલે વર્ષ ૨૦૧૫–૧૬નું જે બજેટ રજૂ કર્યું છે તેને હું સમર્થન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો વિકાસ, ગુજરાતની પ્રગતિ ગુજરાતનો સર્વાંગી વિકાસ, ગુજરાતના દરેક ક્ષેત્રનો વિકાસ, ગુજરાતની દરેક જ્ઞાતિ, જાતિ, સમાજ, ધર્મના લોકોનો વિકાસ, દરેક વય જૂથના લોકોનો વિકાસ એ અમારા ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની એક પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતા છે, કટિબદ્ધતા છે અને પ્રજાને અમારું વચન છે. તેના કારણે જ પ્રજાનો પ્રેમ, પ્રજાનો વિશ્વાસ ભારતીય જનતા પક્ષ ઉપર સતતને સતત વધતો જાય છે. ૧૯૯૫થી ગુજરાતની સરકારે ભારતીય જનતા પક્ષને...(અંતરાય)

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય મંત્રીશ્રી એવું કહે છે કે અમારું ગુજરાત. એટલે હું કહું છું કે આપણું ગુજરાત.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બહેન, તમે આપણું બોલ્યા હોત તો તો અમારે કંઇ કરવાનું હતું જ નહીં. આ તમે નથી બોલતા એનો પ્રશ્ન છે. આભાર તમારો. આપણું ગુજરાત બોલતા થયા. ભવિષ્યમાં આપણું ભારત પણ બોલતા થશો.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાનો પ્રેમ, વિશ્વાસ એ હંમેશા સતત અમે જીતતા રહ્યા છીએ. અમે કોઇ એક વખત ચૂંટાયેલી સરકાર નથી. પહેલી વખત ચૂંટાયેલી સરકાર નથી. અમારી સરકાર માનનીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રેકોર્ડબ્રેક સમય સુધી, સતત ત્રણ ચૂંટણીઓ (અંતરાય) કેશુભાઇ તો હતા જ. ૧૯૯૫ બોલ્યો. કેશુભાઇ પણ અમારા મુખ્યમંત્રી હતા અને તેમના નેતૃત્વમાં અમે બધાએ કામ કર્યું છે. નરેન્દ્રભાઇના નેતૃત્વમાં (અંતરાય) દશા કરનાર અહીં બેઠાં છે. તમે બોલશો તો પછી હમણાં બલવંતસિંહ જેવા ઉભા થવાનું..(અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોમેન્ટ ન કરીએ. પુંજાભાઇ. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હમણાં ઉભા થવાનું બહાનું શોધો છો.

અધ્યક્ષશ્રી : નહીં નહીં, બેઠાં બેઠાં કોઇ સભ્યશ્રી ટીકા–ટિપ્પણી ન કરે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ પણ કહીશ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાનો પ્રેમ અને વિશ્વાસ અમારી પાર્ટીએ અને અમારી સરકારે જે જીત્યો અને તેનું પ્રતિબિંબ આખા ગુજરાતમાં લોકસભાની તમામ ૨૬ સીટ જીતાડીને ભારતીય જનતા પક્ષને પ્રજાએ જે સમર્થન આપ્યું છે એ સમર્થનના આધારે અમે બધું કામ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જાતજાતની વિધાનસભાની બુકો લઇને માનનીય સભ્યશ્રીઓ આવે છે. કેગનો અહેવાલ બતાવે છે, વિધાનસભાના નિયમો બતાવે છે, બીજા રૂલ્સ બતાવે છે. પણ મારી તો બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે, માનનીય સૌરભભાઇએ ખૂબ સારી બજેટના પ્રવચનની પુસ્તિકા બનાવી છે. મુખ પૃષ્ઠ ઉપર વિઠ્ઠલભાઇ પટેલ ભવનનો ફોટો છે તેના ઉપર પૂજ્ય મહાત્મા ગાંધીજીની સુંદર પ્રતિમાનો ફોટો છે અને આ પ્રવચનની પુસ્તિકા ફક્ત ૨૮ પાનાની છે. એને આપ જો વાંચી લો તો હું ચોક્કસ કહીશ કે વાલીયો વાલ્મિકી બન્યો એમ ભારતીય જનતા પક્ષની આ સરકારના શુભેચ્છક બનશો. હું એમને એમ નથી કહેતો. એમાં ગુજરાતના વિકાસની રૂપરેખા આપેલી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ''માનનીય સભ્યશ્રીઓ તમે બધા'' એવા સંબોધન સાથે વાલીયાને વાલ્મિકી બનવાનું કહ્યું. વાલીયો લૂંટારો હતો અને વાલ્મિકી બન્યો.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

શ્રી પરેશ ધાનાણી : અમે કોઇ વાલીયાની જેમ લૂંટારા નથી એટલે આ શબ્દો છે એ દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : શ્રી નીતિનભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઇ રાજકીય ટિપ્પણી કરવાની નથી. મારે નાણાકીય બાબતો ઉપર આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવાનું છે. બજેટ એ નાણાકીય બાબત છે અને જે સાદી રીતે આપણી પોતાની આવક હોય એ આવકને ધ્યાનમાં રાખીને આપણે પરિવારનું બજેટ બનાવીએ છીએ. એ જ પ્રમાણે રાજ્યની આવકને ધ્યાનમાં રાખીને માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇએ અને એમના સાથીઓએ આ બજેટ બનાવ્યું છે. આ બજેટમાં કુલ રકમ છે એના ઉપર કેટલાક માનનીય સભ્યોએ ઓછું ધ્યાન આપ્યું છે. રૂ.૧,૩૯,૧૩૯/– કરોડ આપણી ગુજરાતની પ્રજા માટે એક વર્ષની અંદર અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આ બજેટ દ્વારા વાપરવાના છે. આ બજેટમાં પૂરાંત પણ રૂ.૧૨૪.૯૫ કરોડની છે. સ્વાભાવિક છે કે, દરેક બજેટને આગલા વર્ષ સાથે સરખાવવામાં આવે છે. ૨૦૧૪–૧૫ના જે સુધારેલા અંદાજો હતા એના કરતાં ૮.૧૭ ટકા વધારે રકમ એટલે કે, રૂ.૧,૩૭,૬૬૭/– કરોડ આ બજેટમાં મૂકયા. એનાથી આપણી મહેસૂલી આવક પણ વધી છે. અન્ય આવકો પણ વધી છે. અન્ય આવકો પણ વધી છે. દરેક રાજ્ય પોતે સમૃદ્ધ, સક્ષમ અને સ્વાવલંબી ક્યારે કહેવાય? જ્યારે પોતાના રાજ્યની આવક, પોતાના કરવેરાની અને અન્ય આવકો મજબૂત હોય ત્યારે એ રાજ્ય મજબૂત કહેવાય. ૨૦૧૫–

૧૬ના વર્ષ માટે આપણા રાજ્યની કરની આવક રૂ.૬૮૪૧૬/– કરોડનો આપણે અંદાજ કર્યો છે અને રૂ.૧૧,૦૦૦/– કરોડ જેટલી રકમ બિન કરની આકારી છે. રાજ્યનો ૨૦૧૪–૧૫નો જે અંદાજ હતો એની અંદર ૧૧ ટકા વધુ રકમ આ વખતે આપણે વાપરવાના છીએ. આયોજનની ગ્રાન્ટો ફાળવી છે, જે વિકેન્દ્રીત આયોજન આપણે કરીએ છીએ તેના નીચે રૂ.૧૩૧૦૦/– કરોડનું આયોજન છે. આપણે સાધનો દ્વારા રૂ.૭૯૨૯૫/– કરોડની કામગીરી કરવાના છીએ. આ રાજ્યની સરકાર દ્વારા આ વર્ષે ગુજરાતની પ્રજા માટે જે વિકાસનો ખર્ચ કરવાના છીએ એ રૂ.૯૬,૯૪૪/– કરોડ જેટલો ઉંચો થવાનો છે. એટલે આપણે વિચારીએ કે, રાજ્ય સરકારના બધા જ વિભાગોની કામગીરી પાછળ ખૂબ મોટી રકમ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇએ ફાળવી છે. આપણે બધા કહીએ છીએ કે, રસ્તાઓ બને, મકાનો બને પણ સામાજીક સેવાઓ શિક્ષણ, પીવાનું પાણી, આરોગ્ય જેવી સુવિધાઓ મજબૂત ન બનાવીએ તો ખાલી મકાનો અને રસ્તાઓ ઉપયોગમાં આવતા નથી. નિશાળના રૂમો હોય પણ વિદ્યાર્થીઓ ન હોય, કોલેજ હોય પણ વિદ્યાર્થીઓ ન હોય તો કોલેજનું કોઇ મહત્વ નથી. એ વાત સાચી છે અને એટલા માટે જ અમે સામાજિક ક્ષેત્ર માટે જે રકમ ફાળવી છે એ કુલ બજેટના સાડી અડતાલીસ ટકા રકમ સામાજિક ક્ષેત્ર માટે આ સરકારે ફાળવી છે. સામાજિક ક્ષેત્રની મોટા ભાગની રકમ એ ગરીબો માટે, આદિવાસી ભાઇઓ માટે, દલિત સમાજ માટે, બક્ષીપંચ માટે અને વિદ્યાર્થીઓ માટે આપણી સરકાર દ્વારા આપણે ફાળવતા હોઇએ છીએ, છેલ્લે ગયા વર્ષના બજેટના કુલ અંદાજપત્રમાં ૧૦ ટકાનો વધારો, આયોજન ખર્ચમાં ૧૧ ટકાનો વધારો અને વિકાસલક્ષી ખર્ચમાં ૮ ટકાનો વધારો આ સરકાર દ્વારા અમારા નાણામંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યો છે, મારી પાસે સ્વાભાવિક છે દરેક મંત્રીશ્રીઓ પાસે ધારાસભ્યશ્રીઓની રજૂઆત આવે કે અમારા વિસ્તારમાં રસ્તા બનાવી આપો, કોલેજો બનાવી આપો, સ્કૂલો બનાવી આપો, હોસ્પિટલો બનાવી આપો, સ્વાભાવિક છે બધા જ ૧૮૨ ધારાસભ્યો એ પ્રજાના પ્રતિનિધિ છે, એમની સ્વાભાવિક ઇચ્છા હોય કે એમના વિસ્તારમાં બધી કામગીરી થાય, અહીંયા હમણાં ચંદ્રિકાબહેને કહ્યું કે અમારે ત્યાં કોલેજ કરી આપો, સ્વાભાવિક છે એમની લાગણી હોય પણ બજેટ હોવું એ આવશ્યક છે અને બજેટની ફાળવણી અમારી સરકાર દ્વારા જે કરવામાં આવી છે અને એના કારણે આ સરકાર કામ કરી રહી છે. ગરીબો માટેની વાત બહુ જૂના વખતથી ચાલે છે, સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધી જયારે વડાપ્રધાન હતા ત્યારે એમણે વીસ મુદ્દા અમલીકરણ કાર્યક્રમ નામનો વીસ મુદ્દાનો કાર્યક્રમ સમગ્ર દેશ માટે જાહેર કરેલો, અને વીસ મુદ્દા એવા નકકી કરેલા કે બધા જ મુદ્દા ફકત અને ફકત ગરીબો, આદિવાસીઓ, દલિતો અને વંચિતોના વિકાસથી એમના લગતી કામગીરીથી જોડાયેલા હતા. દર વર્ષે આખા દેશની અંદર ભારત સરકાર દ્વારા બધા જ રાજયોમાં વીસ મુદ્દાનો કાર્યક્રમનું અમલીકરણ કેવું થયું, એનો કેવો અમલ કરવામાં આવે છે, એની ફાળવેલી ગ્રાન્ટનો કેવી રીતે, પ્રજાકીય રીતે સદઉપયોગ કરવામાં આવે છે એ ભારત સરકાર દર વર્ષે રીવ્યુ કરતી હોય છે. મારે કોંગ્રેસના મિત્રોને ખાસ કહેવું છે કે આ સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીજીએ જાહેર કરેલા વીસ મુદ્દા અમલીકરણ કાર્યક્રમમાં ૨૦૦૬ થી શરુ કરી ૨૦૧૫ સુધી અમારી ભારતીય જનતા પક્ષની માનનીય નરેન્દ્રભાઇની સરકાર અને અત્યારે માનનીય આનંદીબહેનની સરકારે સમગ્ર દેશની અંદર પહેલો નંબર મેળવેલો છે. આ ભારત સરકારના રેકર્ડ ઉપર છે, તમારે જોઇશે તો ભારત સરકારનું અધિકૃત દસ્તાવેજ–સાહિત્ય પણ હું આપને આપીશ, આ વાત હું અમારા ગૌરવ માટે નથી કહેતો આ આપણા સૌ ગુજરાતીઓનું ગૌરવ છે. આપણે ગુજરાતીઓ ઇચ્છીએ છીએ કે સુખી માણસ વધુ સુખી થાય, ભણેલો માણસ વધુ ભણે જે પ્રગતિશીલ છે એ વધુ પ્રગતિ કરે, ઉદ્યોગ, ધંધા, વ્યવસાય, રોજગારી બધું જ વધે, ગરીબને પણ પાયામાં રાખવો પડે, દરિદ્ર નારાયણની સેવા એ અમારા ભારતીય જનતા પક્ષમાં મોટાનો મોટો સિદ્ધાંત છે અને એટલા માટે જો સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીજીએ આપેલા કાર્યક્રમને અમે અમલમાં ન મૂકયો હોત તો અમને કોઇ વાંધો નહોતો, કેન્દ્ર સરકાર અમને કંઇ નુકસાન કરી શકવાની નહોતી, અમારો નંબર દસમો આવત, પંદરમો આવત, પણ એમ નહીં ગરીબો માટેનું કામ છે, સાચું કામ છે, ગરીબોના ઘર માટે છે, ગરીબોના બાળકોના અભ્યાસ માટે છે, ગરીબોની વ્યવસ્થા માટે છે, ગરીબોની રોજગારી માટે છે. એ વીસ મુદ્દાનો કાર્યક્રમ ભારત સરકારના આંકડા શાસ્ત્રના કાર્યક્રમના અમલીકરણ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ વર્ષ ૨૦૧૩–૧૪ના માર્ચ અંતિત પ્રગતિ અહેવાલ મુજબ વીસ મુદ્દાનો

કાર્યક્રમ અમલીકરણમાં ગુજરાત રાજ્યે ૨૦૦૬થી ૯૬.૪૯ ટકા સિદ્ધ હાંસલ કરી દેશમાં પ્રથમ નંબર સતત હાંસલ કર્યો છે. આ અમારું કામ છે ગરીબોની કાળજી રાખવાનું, પછાત વર્ગની કાળજી રાખવાનું કામ અમારું છે. અહીંયા આદિવાસીની વાત થાય, દલિતોની વાત થાય, ચંદ્રિકાબહેને સારું કહ્યું અમે કહીએ તો કોઇક એમ કહે કે તમે આદિવાસી સમાજમાં ભાગલા પડાવો છો, ચંદ્રિકાબહેને એમ કહ્યું કે અમૂક વિસ્તારના આદિવાસીઓ ખૂબ ભણી ગણીને આગળ આવ્યા અને મારા દાહોદ જિલ્લાના આદિવાસીઓ રહી ગયા. અમે તો પંદર વર્ષથી છીએ. ગુજરાત ૧૯૬૦માં અલગ પડ્યું અને એ પહેલા મુંબઇ રાજ્ય હતું. તમારી જ કોંગ્રેસની સરકારો હતી. શા માટે દાહોદ જિલ્લાના ગરીબોનો, આદિવાસીઓનો તમે વિકાસ ન કર્યો? શા માટે એમને સ્કૂલો, કોલેજો, પીવાના પાણીની વ્યવસ્થા ના આપી? એટલે અમે આપીએ છીએ. અમે આપવાના છીએ. (અંતરાય) શૈલેષભાઇ, ઉશ્કેરણી ન કરો. એમને કોઇને બોલવાની જગ્યા નહીં રાખું. બધા શાંતિ રાખો. માનનીય અશ્વિનભાઇ જગ્યા ઉપર નથી પણ બીજે બેઠા છે. એમણે કહ્યું કે, એ દિલથી બોલી ગયા કે આદિવાસી નાણામંત્રી બનાવવામાં આવતા નથી. અન્ય સમાજના બનાવવામાં આવે છે. બીજાને આવડત નથી. આ અમારો ભારતીય જનતા પક્ષ છે. ગુજરાતમાં સૌથી વધુ નાણામંત્રી રહેવાનો ઐતિહાસિક રેકોર્ડ છે એ નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા અમારા હતા અને બક્ષીપંચના હતા. વજુભાઇ વાળા સાહેબ ગુજરાતમાં સૌથી વધુ ૧૯ વખત બજેટ રજૂ કરનારા અને બક્ષીપંચના નેતા હતા અને અત્યારે ગવર્નર બન્યા એ તમે કોઇ કરી શક્યા છો? મારી તો કોંગ્રેસના મિત્રોને વિનંતી છે કે કોઇ આદિવાસીને, કોઇ દલિતને કોંગ્રેસે નાણામંત્રી બનાવ્યા હોય તો ઉભા થઇને કહે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** શૈલેષભાઇ, પ્લીઝ બેસી જાઓ. (અંતરાય)

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** હું નાણામંત્રીની વાત કરું છું, મુખ્યમંત્રીની વાત નથી. અત્યારે ફક્ત નાણામંત્રીની વાત ચાલે છે.

**અધ્યક્ષશ્રી :** સમગ્ર દેશની ચર્ચા કરી છે અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે એ સ્વભાવિક વાત છે.

**શ્રી નીતિનભાઇ ર. પટેલ :** માનનીય વિપક્ષના નેતાશ્રી એમ કહેતા હતા કે મારો જવાબ સિનિયર મંત્રીએ આપવો જોઇએ. અમે એ વાત સ્વીકારી લીધી અને અમે સિનિયર મંત્રી જવાબ આપીએ છીએ. મને દુઃખ છે કે જવાબ સાંભળવા માટે માનનીય વિપક્ષના નેતાશ્રી અહીંયા ઉપસ્થિત નથી. આ રીતે જવાબ માગવા તૈયાર છે પણ જવાબ સાંભળવા તૈયારી નથી. માનનીય વિપક્ષના નેતાશ્રીએ બધી ઉભડક કહેવાય એવી ઉભડક વાતો કરી. કોઇ મુદ્દામાં મને કોઇ ગંભિરતા ન લાગી, કોઇ અભ્યાસ ન લાગ્યો, કોઇ છણાવટ ન લાગી. કહેવાય એવી એકેય વાત કરી નહીં. (અંતરાય) મહાત્મા મંદિરની વાત કરી. મહાત્મા મંદિર ખરેખર આપણા ગુજરાતનું એક પ્રતિષ્ઠાભર્યું સ્થાન છે. મહાત્મા ગાંધીજીના નામ સાથે જ જોડાયેલ છે પણ કેટલાક મિત્રો પૂજ્ય મહાત્મા ગાંધીજીને એકલા ગાંધીજી તરીકે જોવા માગે છે. મેં પરમ દિવસે કહ્યું હતું કે, મોહનદાસ કરમચંદ ગાંધી નહીં, એમને તો બીજા કોઇ ગાંધીનું નામ જોઇએ છે એટલે ગાંધી ગાંધી કરે છે. મારી સૌ મિત્રોને અને આપને પણ વિનંતી છે કે, (અંતરાય) બલદેવસિંહજી, આપ અમેરિકા ફરી આવ્યા છો. અમેરિકામાં ગુજરાતને જોયું અને તમારા મિત્રોનો ફોન આવતો હતો કે બલદેવજી એવું કહે છે કે, બધા કરતાં ગુજરાત એકલું જ આવું છે. નરેન્દ્રભાઇ આવ્યા અને એમણે આ બધું કર્યું એવું અમેરિકામાં કહેતા હતા. (અંતરાય) કેટલી સરળતાથી આજે બેઠા છે? નહીં તો બલદેવજી આ રીતે બેસી શકે જ નહીં. પણ અમેરિકા જઇ આવ્યા, દુનિયાનો વિકાસ જોયો, દુનિયાની પ્રગતિ જોઇ અને હવે બલદેવજીને ચોક્કસ લાગે છે કે ગુજરાતને આગળ વધવું હોય તો ભારતીય જનતા પક્ષની સરકાર જ જોઇએ. (અંતરાય) મારી આપને વિનંતી છે કે વિધાનસભાના બધા જ માનનીય સભ્યશ્રીઓનો એક સેમિનાર આપ મહાત્મા મંદિરમાં આયોજિત કરો. અમે તો અવાર નવાર બધાને આમંત્રણ આપીએ છીએ. અનેક પ્રકારના સેમિનારો ત્યાં થયા પણ અમારા સભ્યશ્રીઓ દુનિયાભરની વાતો કરે છે. કોઇ અમેરિકા જઇ આવે, જર્મની જઇ આવે, બલવંતસિંહ તો આખી દુનિયા ફરી આવ્યા હશે. પણ આપણાં જ ગાંધીનગરમાં આવેલું આપણું વિશ્વ પ્રસિદ્ધ એવું મહાત્મા મંદિર, દાંડી કુટિર. ત્યાં મહાત્મા મંદિરની અંદર પૂજ્ય મહાત્મા ગાંધીજીનું પ્રદર્શન દાંડી કુટિર આખા ભારતમાં અવલ નંબર આવે એવું પ્રદર્શન હમણાંજ પ્રવાસી ભારતીય દિન નિમિત્તે, વાયબ્રન્ટ નિમિત્તે માનનીય વડાપ્રધાનશ્રી

નરેન્દ્રભાઇ મોદીએ જેનું ઉદ્ઘાટન કર્યું ત્યાં આગળ મહાત્મા ગાંધીજીના બાળપણથી માંડી આઝાદી સુધીનો ઇતિહાસ, થ્રીડી ટેકનોલોજીથી બિલકુલ કોમેન્ટ્રી સાથે આબેહૂબ જોવા જાણવા મળે એવું સુંદર પ્રદર્શન છે. બધું મહાત્મા ગાંધીજીના નામે જ છે. તમને બધાને જોવા આવવા માટે મારી નમ્ર વિનંતી છે. મારું આપને આમંત્રણ છે. બધું જ જુઓ છો તો મહાત્મા મંદિર, દાંડી–કુટિર ચોક્કસ જુઓ તો તમે એને મીઠાનો ઢગલો કહીને એની આબરૂ અને એની પ્રતિષ્ઠા, ગાંધીજીની નામના ઓછી નહીં કરો. કદાચ બીજા પરદેશના છાપામાં આવે ને કે આ ગાંધીજીના મીઠાના સત્યાગ્રહને કોઇએ એમ કહ્યું કે આ તો મીઠાનો ઢગલો છે તો આપણી બધાની જાય. કોઇની ના જાય એટલા માટે હું કહું છું કે આવીને ભાઇ તમે અભ્યાસ કરો અને મારું આમંત્રણ છે. ત્યાં જોવા આવવા માટે ધારાસભ્ય તરીકે આપનો હક છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા મંદિર એકલું વાયબ્રન્ટ ગુજરાત નહીં. કેટલા પ્રકારના સેમિનારો ત્યાં થાય છે. ભારતનું મોટામાં મોટું ખેડૂત સંમેલન ત્યાં થયું. ભારતનું મોટામાં મોટું મહિલા સંમેલન ત્યાં થયું. ડોકટરોનું સંમેલન થયું. યુવક સંમેલનો થયા. વિશિષ્ઠ પ્રકારના ટેકનોલોજી, સાયન્સની સાથે સંકળાયેલા નિષ્ણાંતો સાથે ત્યાં આગળ પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામજી આવી ગયા છે. ભારતના ગણમાન્ય નેતાઓ આવ્યાં છે. દુનિયાભરના ગણમાન્ય નેતાઓ આવ્યાં છે. બધાજ એને વખાણે છે. આ કોઇ પક્ષ માટેનું નથી. આ ગુજરાતની મિલકત છે. ગુજરાતની પ્રતિષ્ઠા છે. ગુજરાતનું ગૌરવ છે અને મારું તો તમને આમંત્રણ છે. કોંગ્રેસની કોઇ કારોબારી રાખવી હોય તો મહાત્મા મંદિરમાં રાખજો. અમારાં સૌરભભાઇને કહીશ કે ત્યાં મંજૂરી અને બધી વ્યવસ્થા આપણે અપાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ નર્મદા યોજનાની વાત કરી કે– તમે દરવાજા મૂકવાની વાત કરો એમાં શું મોટી વાત થઇ ગઇ? આપણે ગૌરવ કર્યું. અમારા વિજયભાઇ રૂપાણીએ અને બીજા મંત્રીશ્રીઓએ અને હોદેદારોએ ગણાવેલું કે આટલા આટલામાં ગુજરાત ભારતમાં ફર્સ્ટ છે. એશિયામાં ફર્સ્ટ છે વગેરે વગેરે તો માનનીય વિપક્ષના નેતાએ કહ્યું કે જીરૂમાં પહેલો નંબર અમારે શું કરવાનું? અરે, ભાઇ ગુજરાતનો ધંધો વધે. ગુજરાતની રોજગારી વધે. આ તો સારું છે કે કોઇ પડોશનો છોકરો ધોરણ–૧૨ ના બોર્ડમાં પહેલો નંબર આવે તો તમે એમ કહો કે એમાં મારે શું? આનંદ થવો જોઇએ કે આપણા પાડોશીનો છોકરો. આપણી સ્કૂલનો છોકરો, આપણા ગામનો છોકરો બારમા ધોરણમાં પહેલો આવ્યો. એમ ગુજરાતનું ગૌરવ થવું જોઇએ કે ભાઇ, જીરૂમાં પહેલો નંબર, વરિયાળીમાં પહેલો નંબર, પ્લાસ્ટિકમાં પહેલો નંબર, કેમિકલમાં પહેલો નંબર, અનેક પ્રકારની આઇટમો અને ડાયમંડમાં પહેલો નંબર તો ગૌરવ થવું જોઇએ. (અંતરાય) હા, સ્વાઇન ફ્લૂમાં પહેલો. તમે ખૂશ થઇ જાવ બસ.

બીજું, સરદાર પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીની વિશ્વની ઉંચામાં ઉંચી પ્રતિમા આપણે બનાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે– એમાં શું ફાયદો થવાનો? બળદેવજી જઇને આવ્યાં છે મને ખાતરી છે. હ્યદય ઉપર હાથ મૂકીને અહીંયા જ કહે કે સ્ટેચ્યુ ઓફ લીબર્ટી ન્યૂયોર્કમાં જોવા ગયા હતા કે નહીં? (અંતરાય) તમે ના ગયા તો ક્યાં ફર્યા? આ તપાસ કરાવવી પડશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ અને નીતિનભાઇ રોજ સંપર્કમાં રહેતા લાગે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, મારા મિત્ર છે, મારા પડોશી છે. મારા તાલુકાના છે.

અધ્યક્ષશ્રી : આપના મિત્રની આપે ચિંતા કરવી જ જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, અમેરિકા ગયા એટલે ચિંતા કરવી પડે. સાહેબ, પેરીસ જાય અને એફિલ ટાવર ના જુએ એવી આ વાત છે. તાજમહાલ કોણે બનાવ્યો? કેમ બનાવ્યો આપણે જાણીએ છીએ. આજે પણ એ આખા દેશનું ગૌરવ છે. અદ્વિતિય છે. લાખો પરદેશીઓ આવે છે તો ગુજરાત પણ પૂજ્ય સરદાર વલ્લભભાઇની વિશ્વની ઉંચામાં ઉંચી પ્રતિમા બનાવે. **સ્ટેચ્યુ ઓફ યુનિટી** અખંડ ભારતના ઘડવૈયા, દેશની એકતા કરનાર એવા પુરુષ માટે આટલું મોટું તમારે તો ઉપરથી એમ કહેવું જોઇએ કે, શ્રી નરેન્દ્રભાઇએ જે કામ કર્યું એને અમારું સમર્થન છે, શ્રીમતી આનંદીબેને ખાત મુહૂર્ત કર્યું, અમારું સમર્થન છે અને અમને પણ અમારા લાયક કાંઇક કામ હોય તો તમે કહેજો. પણ અમે એના માટે બીજા રાજ્યોમાં જતા હતા ત્યારે તમે

લોખંડનો ભંગાર, લોખંડનો ભંગાર કરી, આખી યોજનાને એ રીતે કલંકિત કરી. પણ ગુજરાતની અને ભારતની પ્રજાએ એ કલંક તમારા માથે લગાવી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે દેશને પ્રતિષ્ઠા અપાવવા માગીએ છીએ. આખી દુનિયાના લોકો જોવા આવે. ત્યાં અમે હમણાં સીક્સ લેન હાઇ–વે મંજૂર કર્યો, ત્યાં બીજી વ્યવસ્થાઓ કરીએ છીએ. આજે બહુચરાજીનું મંદિર હોય, અમારા માનનીય બલવંતસિંહ આજે સિદ્ધપુરમાં અમારા માનનીય જયનારાયણભાઇએ જે વ્યવસ્થાઓ કરી, માનનીય પ્રદિપસિંહે જે કર્યું તે લોકો સિદ્ધપુરમાં જોવા આવે છે. અંબાજીમાં આપણા માનનીય શ્રી નરેન્દ્રભાઇએ જે આખી યાત્રાની પરિક્રમાનું આયોજન કર્યું. બધા જ દેવી–દેવતાઓને અહીંયા લાવ્યા અને જે રીતે કર્યું છે. તો હજારો–લાખ્ખો યાત્રાળુઓ આવતા થયા. ગરીબોને ધંધો મળે, હોટેલવાળાને, ચ્હા–પાણીવાળા, રિક્ષાવાળા બધાને ધંધો મળે. આ ટુરીઝમ એ કોઇ હરવા–ફરવાનું એકલું નથી. ટુરીઝમનો અમારા માટે મૂળભુત હેતુ રાજ્યમાં રોજગારી વધે, લોકોને ધંધો મળે, જેની જે કક્ષા હોય એ પ્રમાણે આગળ વધે એ માટે અમે કરીએ છીએ અને તમે એમ કહો કે, સરદાર પટેલની આવી પ્રતિમા કરીને શું લેવાનું ? માનનીય અધ્યક્ષશ્રી, મારે ના કહેવું જોઇએ પણ તમારા નાના નાના નેતાઓ જેને એમના છોકરા પણ યાદ નથી કરતા એમના દિલ્હીમાં તમે મ્યુઝિમો બનાવી દીધા છે, કોઇ જોવાય જતું નથી, કોઇ યાદ પણ કરતું નથી. એ વખતે તમને નહતું દેખાયું. પણ તમારો વાંક નથી બલવંતસિંહ ભાઇ, તમારો વાંક નથી. સરદાર વલ્લભભાઇને તો હંમેશા આજીવન કોંગ્રેસે અન્યાય કર્યો છે અને એ અન્યાય તમારી પાર્ટી અત્યારે પણ ચાલુ રાખી રહી છે એનું અમને દુ:ખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરી. આજે જ એક પ્રશ્ન હતો. મેં એમાંથી માહિતી મેળવી. ભારત સરકારના લેટેસ્ટ આંકડા છે. ઇન્ફ્રાસ્ટ્રકચરની અંદર સમગ્ર દેશમાં ગુજરાત શાળાઓની અંદર પાંચમા નંબરે છે. ટિચર્સની ભરતીમાં છઠ્ઠા નંબરે છે. એવી રીતે અપર પ્રાયમરીમાં જોઇએ તો અપર પ્રાયમરીના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે ગુજરાત બીજા નંબરે છે અને ટિચર્સમાં સાતમા નંબરે છે. અને જે રાજ્યો આગળ છે એ પણ નાના નાના પોંડિચેરી હોય, દિલ્હી હોય, સિક્કીમ હોય તેવા રાજયો છે. પણ મોટા ચાર–પાંચ કરોડની વસતિ ધરાવતા રાજ્યોની દ્દષ્ટિએ જોઇએ તો ગુજરાત આજે પણ શિક્ષણના રૂમો બનાવવામાં, શાળાકીય પ્રવત્તિઓમાં, કોમ્પ્યુટર આપવામાં અને બધી જ સ્માર્ટ કાર્ડ કરવામાં બધી જ રીતે પહેલો નંબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની વાત અહીંયા માનનીય વિપક્ષના નેતાશ્રીએ કરી કે, ખેડૂતોને વીજળી બાબતની એમણે વાત કરી. ગુજરાતમાં ખેડૂતોને જે અમે કનેકશનો આપીએ છીએ. ગયા વર્ષે અમારા ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઇએ કહ્યું હતું કે, એક લાખ કનેકશનો ૨૦૧૪–૧૫માં આપીશુ, ૮૬ હજાર કનેકશનો આપી દીધા અને આ વર્ષે એક લાખ કનેકશનો નવા આપવાના છે. હા, ૮૬ હજાર તો ડિસેમ્બર સુધી અને આ વર્ષ પૂરું થાય એટલે ટાર્ગેટ પૂરો થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન એમના મનમાં બહુ થાય છે, વિપક્ષના મિત્રો હંમેશા એમ કહે છે કે, વીજળીના કનેકશનો કેમ વધતા જાય છે ? અમે "સુજલામ–સુફલામ" યોજના કરી, નર્મદા યોજનાની કેનાલોના કામ આગળ વધાર્યા, સૌરાષ્ટ્રમાં "સૌની યોજના" જે સૌરાષ્ટ્ર હંમેશા દુષ્કાળગ્રસ્ત રહેતું હતું ત્યાં આગળ અમારા સિંચાઇ મંત્રી અને અમારા એ વખતના માનનીય મુખ્યમંત્રીએ "સૌની યોજના" સૌરાષ્ટ્રને આપી, ઉત્તર ગુજરાતને "સુજલામ–સુફલામ યોજના" આપી, "ઉકાઇ યોજના" આપી, પાનમ યોજનાનું સ્ટ્રેન્ધનીંગ કર્યું, આદિવાસી વિસ્તારોમાં લીફટીંગ કરીને ગરીબોને , ખેડૂતોને પાણી મળે એ કામ કર્યું. ડ્રીપ ઇરીગેશનનું કામ અમે વધારીએ છીએ, તમારા વખતમાં ડ્રીપ ઇરીગેશનની કોઇ ટેકનોલોજી નહતી એટલે તમે સ્વાભાવિક કાંઇ ન કર્યું હોય પણ પાણી બચાવવું, વીજળી બચાવવી, ઓછા પાણીએ, ઓછી વીજળીએ વધુ ઉત્પાદન મેળવવું એ કામ અમારી સરકાર કરી રહી છે, ત્યારે આ કામ અમે આગળ વધારીએ છીએ. હમણાં બે હજાર કરોડ રૂપિયા મુખ્યમંત્રી આનંદીબહેને ખેડૂતોને ઢાળિયા સુધી પાણી લઇ ખેતરમાં લઇ જવું પડે, જમીન બગડતી હતી, ખેડૂતોને થોડો વાંધો હતો. ખેડૂતને થોડો વાંધો હતો. ૨૦૦૦ કરોડ રાજય સરકારે ફાળવ્યા અને ખેડૂતોના ખેતરમાં પાઇપલાઇનથી પાણી આપવાનું કામ અમારી સરકારે ચાલુ કર્યું અને ત્રણ મહિનાની અંદર ૨૦૦૦ કરોડ રૂપિયાનું આ કામ અમે પૂર્ણ કરવાના છીએ. આરોગ્ય વિભાગ, માર્ગ અને

મકાન વિભાગની વાત અત્યારે હું નહીં કરું કારણકે મારો વિભાગ છે. બજેટની અમારી જયારે માગણી આવશે ત્યારે ચોકકસ એની ચર્ચા કરીશ. શહેરી વિકાસ વિભાગનો જવાબ પણ મુખ્યમંત્રીશ્રી વતી મારે આપવાનો છે એટલે એની પણ ચર્ચા હું આજે નહીં કરું ઉર્જામાં તો સૌરભભાઇએ બધા જવાબો આપ્યા છે. હજુ પણ આપશે. આજે ગુજરાતની અંદર ગરીબો માટેની જે કામગીરી છે વીમા યોજનાની, તમને બધા માનનીય સભ્યશ્રીઓને જાણીને આનંદ થશે કે છ કરોડ ગુજરાતીઓમાંથી જુદી જુદી રીતે ૩૪૮ લાખ ગુજરાતીઓને આ ભારતીય જનતા પક્ષની માનનીય આનંદીબેન પટેલની સરકારે વીમા યોજના હેઠળ આવરી લીધા છે અને ઓછામાં ઓછા પચાસ હજાર કોઇનું અકસ્માતે મૃત્યુ થાય તો ૫૦ હજારથી શરૂ કરી અને કોઇ પોલીસ કર્મી ચાલુ ડયૂટી ઉપર અવસાન પામે તો ૧૫ લાખ રૂપિયા સુધીની સહાય આ વીમા નીધિમાંથી આ ગુજરાત સરકાર આપે છે એટલે ગરીબો માટે અમારું કામ અમે બરાબર કરી રહયા છીએ. વિપક્ષના નેતાશ્રીએ વિધવા સહાયની વાત કરી એમાં કોઇ ડીટેઇલ વાત નહોતી. જનરલ વાત હતી છતાં હું એમની વાતને કહું કે ૨૦૧૨–૧૩માં ૧૨૪૪૦૫ વિધવા બહેનોને ૧૩૪ કરોડની સહાય આપવામાં આવી. ૨૦૧૩–૧૪માં ૧૨૯૫૯૩ વિધવા બહેનોને ૧૬૪ કરોડની સહાય આપવામાં આવી. આ વર્ષે ૧૫ જાન્યુઆરી સુધીમાં ૧૩૯૨૪૮ વિધવા બહેનોને ૧૩૧ કરોડની સહાય એમના ઘેર બેઠા પહોંચી જાય એ રીતે અમારી સરકારે આયોજન કર્યું છે અને અમારી સરકાર પારદર્શકતાથી, પ્રમાણિકતાથી, ગરીબ લક્ષી, ખેડૂતલક્ષી, યુવાલક્ષી કામ કરી રહી હોય ત્યારે મહિલાઓ માટે પણ અમારી સરકારે અનેક યોજનાઓ કરી છે જેનો ઉલ્લેખ માનનીય વસુબેને એમના પ્રવચન દરમિયાન અને ગઇકાલના મહિલા દિન નિમિત્તે અગાઉ પણ કરેલો છે. રાજકારણમાં હોય વિપક્ષ તરીકે બોલવું પડે એમાં અમે સંમત છીએ. અમે પણ વિપક્ષમાં ૧૯૯૦થી ૧૯૯૫ સુધી સામે બેસતા હતા પણ જે રચનાત્મક સુચનો કે મારા વિસ્તારમાં આ નથી તો તમે લાભ આપો અમારું આ કામ અહીંયા અટકયું છે તો આ કરી આપો. કેન્દ્ર સરકારની બહુ વાતો કરતા હતા . માનનીય નાનુભાઇએ સવારે જ કહ્યું કે યુ.પી.એ. સરકાર હતી અને અમને તો ખબર જ છે કે અન્યાય નહીં, ઘોર અન્યાય કર્યા સિવાય યુ.પી.એ.ની સરકારે ગુજરાત પ્રત્યે એમનું રાજ રહ્યું ત્યાં સુધી કોઇ ગુજરાતને ન્યાય આપ્યો નથી. માનીનીય વિપક્ષના નેતાએ એમ કહ્યું કે નર્મદાના દરવાજા લગાવો એમાં શું ફાયદો થાય? ગામડાંની એક બહેન હોય, નાનુ ઘર હોય, ઘરમાં ૫૦૦ લીટરની ટાંકી હોય અને ઘરમાં વસતિ વધે, છોકરા પરણાવે, વહુ આવે તો એ સાસુ એમના પતિને કહે કે આપણું ઘર મોટું થયું ૫૦૦ લીટરની નહીં, હજાર લીટરની ટાંકી લાવો પણ અમારા વિપક્ષના નેતાશ્રી એમ કહે છે કે દરવાજા બેસાડીને શું લાભ? (અંતરાય) નહેરોનું જ કહું છું બલવંતસિંહ, તમે કહો છો મારા સિદ્ધપુરમાં પાણી આપો, સુજલામ સુફલામમાં પાણી આપો, નર્મદામાં પાણી છોડો, ૨૩ નદીઓમાં પાણી આપીએ. છાપામાં ફોટા આવે નર્મદા ડેમ ઓવર ફલો થયો. ઘણા લોકો ખુશ થાય. લોકો ફરવા જાય પણ જે લોકો સમજી શકે છે. અને અમે જે જવાબદારીમાં છીએ. અમને એનાથી આનંદ નહોતો થતો કેમ કે એકબાજુ ગુજરાત પાણીની જરૂરિયાતવાળું છે.એકબાજુ પીવાનું પાણી, ખેતીનું પાણી, પશુપાલનનું પાણી, ઉદ્યોગ માટેનું પાણી આપણે ઇચ્છતા હોઇએ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતમાં પાણી આપવાની જરૂરિયાત હોય અને એવા સમયે નર્મદાનું પાણી ઓરવફલો થઇ ભરૂચના દરિયામાં જતું રહે. ટીવીમાં આવે, છાપામાં ફોટા આવે અને લોકો ખુશ થાય. અમારા માટે ખુશ થવાનું નહોતું. અમારી મજબુરી હતી. અમારી મજબુરી એ હતી, અમારી મજબુરી એટલે આખા ગુજરાતની મજબુરી એ હતી કે કેન્દ્રમાં એવી સરકાર હતી જે નર્મદા બંધની ઉંચાઇ વધારવાની ફાઇલ ૬–૭ વર્ષથી એવી દબાવીને બેસી ગયેલા કે દરવાજા મુકવાની, એના પીલર મુકવાની, એના બાંધકામ ચાલુ કરવાની મંજૂરી નહોતી આપતી, પણ ભગવાન છે અમારો ગુજરાતનો. નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન થયા. તમે ૭ વર્ષમાં દબાઇ રાખેલું કામ નરેન્દ્રભાઇએ ૧૭ દિવસમાં મંજૂર કરી દીધું અને અમારા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ ત્યાં પહોંચી ગયા. અત્યારે દરવાજા ઉભા કરવાનું કામ ચાલી રહ્યું છે. મારે રાજકીય રીતે અવલોકન નથી કરવું.(અંતરાય) આ કયાં રાજકીય છે? કામ નથી ચાલતું? ચલો જોવા. ૭ વર્ષ મંજૂરી નહોતી મળી તમે જાણો છો. નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા ને ૧૭ દિવસમાં આપી બધા જાણો છો. આ બધાં જ કામ (અંતરાય) અધ્યક્ષશ્રીનું કામ અધ્યક્ષશ્રીને કરવા દો ને. ના કરાય. હું પ્રવચન કરું છું. તમારે ના કરાય.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી

મને ડિસ્ટર્બ ન કરે. તેમને બેસાડી દો.(અંતરાય) બધા હોંશિયાર જ છે. અમારા વઘાસિયાભાઇએ કહ્યું હતું કે બધા સમથિંગ ન સમજશો. બધા હોંશિયાર જ છે. કોઇ એમ સમજતું હોય કે હું કહું એ જ થાય એ જમાના ગયા. તમારા જમાના ગયા. લોકશાહી છે. ૧૨૫ કરોડ ભારતીયો સરખા છે. સૌનો સાથ સૌનો વિકાસ એ અમારું સૂત્ર છે. માટે આ બજેટની આજની સૌરભભાઇની માગણીને ટેકો આપું છું. અસ્તુ. •(xxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સૂત્રોચ્ચાર અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એક કરતા વધારે(અંતરાય)

અધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે તે કહો? ઓર્ડર..ઓર્ડર.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એક કરતા વધારે નિર્ણયો છે. આપ સારી રીતે જાણો છો. કોઇ જુનિયર સભ્ય બોલે તો વાંધો નથી. સિનિયર મંત્રી પોતાની વાત ગૃહમાં કર્યા પછી કોઇ સૂત્રોચ્ચાર કરીને નથી બેસી શકતા આવા અનેક નિર્ણયો છે. માનનીય નીતિનભાઇ એ કોઇ જુનિયર સભ્ય નથી. સિનિયર ૨ નંબરના મંત્રી છે. નંબર ૨ છે. ૨ નંબરના મંત્રી હોય, સિનિયર હોય એટલે એમની પાસેથી અપેક્ષા હોય કે જે સંસદીય પ્રણાલિકાનું પાલન થાય. આપ રેકોર્ડ ચકાસી લેજો.

અધ્યક્ષશ્રી : રેકર્ડ ચકાસીને એવું હશે તો દૂર કરી દઇશું. હું જોઇ લઇશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મેં તો ફકત (xxx) કહ્યું છે. મે કોઇ (xxx) નથી કહ્યું.

અધ્યક્ષશ્રી : એ હું જોઇ લઇશ. એને વિવાદ ન બનાવો.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૪ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા. ૧૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૦મી માર્ચ,૨૦૧૫**
**ફાલ્ગુન ૧૯, ૧૯૩૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું**
**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

ઉપાધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્ય વ્યવસ્થાની કરોડરજ્જુ એ એનું અર્થતંત્ર છે અને લોકશાહી વ્યવસ્થામાં આ કરોડરજ્જુ એટલે કે અર્થતંત્ર. જેની પાસે ખૂબ છે એની પાસેથી લે અને સૌથી વધારે જરૂરિયાત છે એને સૌથી વધારે આપે. આ ઉત્તમ અર્થતંત્ર અને ઉત્તમ રાજ્ય વ્યવસ્થા કહેવાય. હું માત્ર આક્ષેપો કરવા નહીં, પણ કેટલા ક આંકડાઓ સાથે આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ પક્ષના માનનીય સભ્યશ્રી હોય કે આ પક્ષના માનનીય સભ્યશ્રી હોય. આખરે જનતાના પ્રતિનિધિ તરીકે આપણે આવીએ છીએ અને નાણાકીય સર્વોપરી અંકુશ એ આ વિધાનસભા ગૃહનો છે, ત્યારે આ સરકાર બજેટ લાવે છે એમાં ગરીબ, ગ્રામીણ, ખેડૂતો એને કેટલું નુકસાન કરે છે. ઉદ્યોગોનો વિરોધી નથી, પણ આમના ભોગે ઉદ્યોગોને આપીએ છીએ એનો જરૂર વિરોધી છું. અને આંકડાઓ સાથે વાત કરવા માગું છું. આપ જ્યારે વિધાનસભા ગૃહ સમક્ષ બજેટ લઇને આવો, એટલે આપ આપનું પ્લાનિંગ લઇને આવો છો, આપ વાત લઇને આવ છો કે આ વર્ષ દરમ્યાન મારી આટલી આવક છે, હું આ જગ્યાએ પૈસા વાપરીશ અને મારી ખાધ રહેશે કે પુરાંત રહેશે. હોઇ શકે કયારેક થોડું ઘણું આમ તેમ સ્વાભાવિક છે, પણ એક આંકડાની માયાજાળ હોય અને જેમાં બજેટ આપ રજૂ કરો, વર્ષના અંતે સુધારેલું બજેટ આપો, એની પછીના વર્ષે ખરેખર આપ શું કરો છો એના આંકડાઓ આવે. દર વર્ષે આપ બજેટ લાવો અને શું કહો મારું બજેટ પુરાંતવાળું બજેટ છે. બેલેન્સ રાખવાનો છું. પુરાંતવાળું બજેટ છે. મારે આ વિધાનસભા ગૃહનું આપના મારફત ધ્યાન દોરવાનું કે છાપામાં મોટી હેડલાઇનો આવે. નાણા મંત્રીશ્રીનું પુરાંતવાળું બજેટ અને ખરેખર હિસાબો આવે ત્યારે શું થાય. ૨૦૦૮-૦૯ માં આપની ફિસ્કલ ડેફિસિટ એટલે કે ખરેખર નાણાકીય ખાધ ૧૦,૪૧૮ કરોડ, ૨૦૦૯-૧૦ માં ૧૫,૧૫૩ કરોડ રૂપિયાની આપની ફિસ્કલ ડેફિસિટ, ૨૦૧૦-૧૧ માં ૧૫,૦૭૪ કરોડ રૂપિયાની ફિસ્કલ ડેફિસિટ, ૨૦૧૨-૧૩ માં ૧૬,૪૯૨ કરોડ રૂપિયાની ફિસ્કલ ડેફિસિટ એટલે કે ખાધ રહી છે. આપના ૫ વર્ષના આંકડા આપ્યા. આ બધા આંકડાઓ જોઇએ તો ૨૦૦૮-૦૯ થી ૨૦૧૨-૧૩ સુધીમાં એક પણ વર્ષ એવું નથી કે ૧૦,૦૦૦ કરોડ કરતા વધારે ફિસ્કલ ડેફિસિટ એટલે ખાધ આપની ન રહી હોય! આ કયા પ્રકારનું બજેટ? આવા આંકડાઓ આપીએ? એક લોકશાહી માટેની આઝાદીની લડત. આપણે વાત કરી, મહાત્મા ગાંધીજીએ કહ્યું કે સાચા હિન્દુસ્તાની ગામડાંમાં વસે છે. પહેલાની બધી જ સરકારો, ગ્રામીણ વિકાસને પ્રાધાન્ય આપતી સામાજિક સેવા એટલે કે આપણા દેશના, આપણા રાજ્યના આપણા ભાઇ જે આર્થિક રીતે તકલીફમાં છે, સામાજિક રીતે તકલીફમાં છે, એને સૌથી વધારે નાણા મળે. ત્રીજી વસ્તુ આ દેશ ઉદ્યોગપ્રધાન દેશ નથી. આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે, એટલે જય જવાન, જય કિસાનની વાત સાથે ખેડૂતોની ચિંતા કરી. આ સરકાર આ ત્રણેય સેક્ટર માટે શું કરે છે એના મારી પાસે આંકડાઓ છે. આપ આયોજન કરીને પંચવર્ષીય આયોજન લઇને આયોજન પંચ પાસે જાઓ છો. આપ વાર્ષિક આયોજન નક્કી કરો છો. આ સરકારે શું કર્યું? કૃષિ અને કૃષિ આધારિત સેવાઓ માટે ૨૦૧૩-૧૪ અને ૨૦૧૨-૧૩નો વાર્ષિક આઉટલે હતો તેના કરતાં ૪૦૦ કરોડ પર (બાવન) લાખ રૂપિયા કૃષિ માટે ઓછા વાપર્યા, કાતર ચાલી. તે જ રીતે ગ્રામીણ વિકાસ માટે ૨૦૧૨-૧૩માં ૫૦૭ કરોડ ૧૮ લાખ રૂપિયા કાપી લીધા. ગ્રામીણ વિકાસના પૈસા પર કાતર ચાલી. ૨૦૧૩-૧૪માં ગ્રામીણ વિકાસ માટે આપના વાર્ષિક પ્લાન કરતાં ૯૨૧ કરોડ ૮૯ લાખ રૂપિયા આપે કાપી લીધા અને ત્યાં પણ આપની કાતર ચાલી. સામાજિક સેવાઓ કે જે જરૂરિયાતમંદ માટે છે. કાલે મારા મિત્ર મોતીભાઇ અહીં બોલતા હતા. આ ગૃહના આ પાટલીએ બેસતા હોય કે પેલી પાટલીએ બેસતા હોય તે માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આપ આ વાર્ષિક આઉટલે પ્લાનના આંકડાઓ જોજો. શું કરે છે સરકાર, એક સામાન્ય માણસ માટેની આપણે સૌ ચિંતા કરીએ તો સામાજિક સેવાઓ

માટે ૨૦૧૨-૧૩માં ૭૫૮ કરોડ ૮૯ લાખ રૂપિયા સામાજિક સેવામાંથી આપે કાપી લીધા છે. ૨૦૧૩-૧૪માં ૩૯૨૭ કરોડ ૦૬ લાખ રૂપિયા આપે સામાજિક સેવાઓમાં ઓછા વાપર્યા છે. તે સાથે આ પૈસા કાપીને આપે ક્યાં વાપર્યા? ઉદ્યોગો માટે ૨૦૧૨-૧૩માં ૭૦૦ કરોડ ૮૨ લાખ રૂપિયા વધારે વાપર્યા. ૨૦૧૩-૧૪માં ૬૨૮ કરોડ ૩૯ લાખ રૂપિયા આપે ઉદ્યોગો માટે વધારે વાપર્યા છે. આપ વાપરો તેનો વાંધો નથી. આપ ગામડાંના વિકાસના પૈસા કાપો છો, આપ ખેડૂતના આઉટલે પ્લાનમાંથી પૈસા કાપો છો. આપ સામાજિક સેવાઓના પૈસા કાપી લો છો અને પછી તેને આપો છો. માણસ કહે છે કે *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇને હું સંબોધીને નથી કહેતો છતાં દૂર કરો આપ.

ઉપાધ્યક્ષશ્રી : ભાવાર્થ એ જ થાય છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કહેવતના ભાગરૂપે કહેલી વાતને ન માનું તો પણ કહેવાય છે કે માના દીકરાનો માના ખોળા પર અને માના ધાવણ પર પહેલો અધિકાર હોય છે બીજા કોઇનો હોતો નથી. જગતનો તાત ખેડૂત છે તેના આ અધિકારને છીનવીને આપ કોને આપવા માગો છો? આ સરકાર યુવાનોને નોકરી, રોજગારીમાં વધારો કરે અને ૧૦ વર્ષમાં પંદર લાખ સરકારી નોકરીઓ ભરવાના છીએ. પબ્લિક પ્લેટફોર્મમાં આવેલો આંકડો છે. સરકાર તરફથી ડીનાઇ નથી આવ્યું હજી સુધી. વર્ષે અઢાર હજાર નિવૃત્ત થવાના હોય અને દસ વર્ષે તમે પંદર લાખની ભરતી કરવાના હોવ તો વધે નહીં. નિવૃત્તિના સામે વર્ષે ત્રણ હજારની ખાધ આવે. આજની જે પરિસ્થિતિ છે, મારો ગઇકાલનો ૪૪ નંબરનો પ્રશ્ન માનનીય નાણામંત્રીશ્રી જોઇ લે. મેં પૂછ્યું હતું કે આ રાજયની પોલિટેકનીક કોલેજોમાં કેટલા પ્રિન્સિપાલોનું મહેકમ છે અને કેટલી જગ્યાઓ ભરેલી છે? આ સરકારનો લેખિત જવાબ છે મારા ગઇ કાલના ૪૪ નંબરના પ્રશ્નમાં. ૩૦ પ્રિન્સિપાલોનું મહેકમ છે અને ૨૭ પોલિટેકનીકના પ્રિન્સિપાલોની જગ્યાઓ ખાલી છે. ૩૦ માંથી ૨૭ ખાલી છે. મેડિકલ કોલેજોમાં આ સ્થિતિ, આરોગ્ય કેન્દ્રોમાં આ સ્થિતિ, શાળામાં જયાં આપ પ્રવેશોત્સવ કરો છો ત્યાં આપ ભરતી ઉત્સવ કરતા નથી. ત્યાં શિક્ષકો ખાલી, ટેકનિકલના ખાલી, એન્જિનિયરીંગના ખાલી, પરિણામે આપણો ટેલેન્ટેડ બાળક ભણવા જાય છે પણ તેને ભણાવનારો માણસ જ નહીં હોય તો આપણે કઇ પરિસ્થિતિમાં લઇ જઇશું? ગઇકાલે અમારા રાઘવજીભાઇ પટેલના એક અતારાંકિત પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે આપે એન્જિનિયરીંગ અને ફાર્મસીમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૪૦ હજાર રૂપિયાથી લઇને ૭૦ હજાર રૂપિયા સુધીનો ફીનો વધારો કરી નાંખ્યો છે. આ ત્રણ વર્ષમાં મધ્યમ વર્ગનો બાળક ભણવા જાય એની ફીમાં આટલો વધારો કરશો તો આ રાજયનો બાળક ક્યાં ભણવા જશે, અને કઇ પરિસ્થિતિનું નિર્માણ થશે? આપણે જગ્યાઓ ખાલી છે તો આ રાજયમાં આપણે વિચારી શકીએ જે બીજા રાજયોએ વિચાર્યું છે કે, આપણી શારીરિક ઉંમર વધી છે, શારીરિક આયુષ્ય વધ્યું છે ત્યારે સરકારી કર્મચારીને ૫૮ વર્ષના બદલે ૬૦ વર્ષ સુધી સર્વિસમાં ચાલુ રાખો જેથી તમને એક અનુભવી માણસ મળશે. જો તમને બીજી ભરતી કરવામાં જે પબ્લિક સર્વિસ કમિશન છે એ મહિનાઓ સુધી રીઝલ્ટ ન આપી શકતું હોય, એની આન્સર-કી-ઓ ખોવાય જતી હોય અને ભરતીઓ ન થતી હોય તો કમસે કમ આ નિર્ણય કરો. હાઇકોર્ટના જજોની ઉંમર કે સુપ્રિમ કોર્ટના જજોની ઉંમર કે બીજા રાજયોની પરિસ્થિતિ જોઇને સરકારી કર્મચારીને એમાં પાછી કાપકૂપ નહીં કરતા કે પ્રોવિડન્ટ ફંડ નહીંને ફલાણું નહીંને ઢીકણું નહીં, એક અનુભવી છે એને બધા જ લાભો સાથે ૬૦ વર્ષ સરકારી કર્મચારી કામ કરી શકે એવી વ્યવસ્થા ગોઠવો.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓમાં જે શિક્ષક પગાર લે છે એ શિક્ષકને ટ્યુશન કરવાની છૂટ નથી. માનનીય મંત્રીશ્રીને પૂરાવા સાથે લોકોએ મહેનત કરીને આપ્યું છે કે ડે-સ્કૂલો આપે બંધ કરી તો હવે નો-ટ્યુશનના નામે સ્કૂલો પોતે જ શિક્ષણ માટે બોલાવે ત્યાં જ પૈસા લે અને છાપામાં જાહેરાત આપે કે મારે ત્યાં ટ્યુશનમાં આવજો અને હું ફલાણી ફલાણી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરું છું અને છતાં આ સરકારને ધ્યાને નથી આવતું કે આ પ્રવૃતિ ટ્યૂશનની બંધ કરવી જોઇએ કે જેથી ગરીબ બાળકનું શોષણ ન થાય. એસ.એસ.સી.માં આપે ૩૦ માર્કસ શિક્ષકના હાથમાં આપી દીધા એટલે ટ્યુશનમાં ન જાય એ ગમે તેટલો હોંશિયાર હોય ઇન્ટરનલ ૩૦ માર્કસના બદલે એને ૨ માર્કસ મળે અને ઠોઠમાં ઠોઠ ભણવા જાય એને ૩૦માંથી

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

૨૯ માર્કસ મળે અને આવા દાખલાઓ સાથે આપને એક અરજી મોકલાવી હતી એની નકલ મને મોકલાયેલ છે એમાંથી હું આ વાત કરું છું એમાં વિદ્યાર્થીના નામ સહિતની વિગતો આપને આપી છે. પાટણમાં ઇન્ટરનલ માર્કસના કારણે એક દીકરી ઉપર બળાત્કાર થયો અને પી.ટી.સી.માંથી આપણે ઇન્ટરનલ માર્કસ બંધ કર્યા તો ૧૦માં ધોરણમાં એ દીકરીઓનું શોષણ નહીં થાય એની ચિંતા શું આપણે નથી કરવાની, તો કોણ એની ચિંતા કરશે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખંડ સમયના પ્રાધ્યાપકોની વાત કરવી છે. એમણે લોહીથી સહીઓ કરીને આ સરકારના મુખ્યમંત્રી જે બહેન છે, આ ખંડ સમયના પ્રાધ્યાપકોમાં પણ ઘણી બધી બહેનો છે એમણે લોહીથી સહીઓ કરીને મુખ્યમંત્રીને આવેદન પત્ર આપ્યું છે. (અંતરાય) એમને નહીં મુખ્યમંત્રીને આપ્યું છે નીતિનભાઇ, ભૂપેન્દ્રસિંહ સામે આંગળી કરો નહીં, એમને આપ્યું છે. (અંતરાય) પણ તમે આંગળીઓ આમ, આમ કરો તો નજર તો જવાની જ. અને તમારી આંગળી બેય બાજુ છે મને ખબર છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે લોહી સાથેની સહીઓ સાથેનું એ આવેદનપત્ર આપ્યું એ ખંડ સમયના પ્રાધ્યાપકોને આપણી પાસે ખાલી જગ્યાઓ છે ત્યાં કાયમી સમાવો.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે આ સરકારમાં બે નંબરનું સ્થાન ધરાવતા મંત્રીશ્રી નીતિનભાઇ નર્મદા ઉપર બોલતા હતા, મારી વિનંતી છે, હું અહીંયા બેઠો છું અને કહું છું એમ નહીં, નર્મદા વિભાગના મંત્રી તરીકે ત્યાંથી જવાબો આપ્યા છે અને બોલ્યો છું પણ ખરો. સ્વ. બાબુભાઇ જશભાઇ પટેલ નર્મદા વિભાગના મંત્રી તરીકે બોલ્યા છે, આ વિધાનસભાનું રેકોર્ડ છે ક્યારેક જઇને જોજો કે કેટલી સત્યના રણકાર સાથે જવાબ નર્મદાની બાબતમાં કેમ અપાય? ગઇ કાલે ખૂબ ઉંચા ઉંચા અવાજથી વાત કરતા હતા માનનીય નીતિનભાઇ, હા હું આપને દાવાપૂર્વક કહું છું કે, નર્મદાના દરવાજા ચડાવવાનો નિર્ણય સુપ્રિમ કોર્ટના કહેવા પ્રમાણે એ નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીના હાથમાં છે કોઇ સરકારના હાથમાં નથી, એ નિર્ણય કરતી હોય છે. એ અમારી સરકાર હતી જ્યાં મેં પ્રયત્નો કર્યા હતા અને છતાં ક્યારેય એમ નહોતું કહ્યું કે મધ્યપ્રદેશની સરકાર જેમણે (અંતરાય) ચચરશે તમને ચચરશે, માનનીય અધ્યક્ષશ્રી, આ કામ શેના કારણે અટકતું હતું? આ કામ એટલા માટે અટકતું હતું કારણ કે મધ્યપ્રદેશે રિહેબિલીટેશનનું કામ નહોતું કર્યું અને મારી પાસે જે સભ્યશ્રીઓ બોલતા હોય એમને વિનંતી છે કે, નર્મદાની બાબતમાં આપણે સૌએ સાચું સ્વીકારવું જોઇએ. નર્મદા વિભાગમાં જો મિનિટ્સ ના હોય તો એ મિનિટ્સની મારી પાસે કોપી છે, મે મધ્યપ્રદેશનું રિહેબિલીટેશનનું કામ બાકી છે અને આ સંજોગોમાં એ મિનિટ્સમાં લખાયું હતું અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીને અમે વિનંતી કરી હતી કે એ પ્રોજેકટ ઇફેક્ટેડ પર્સનને જમીન ત્યાં જોઇએ તો આપો આ મિનિટ્સનો ભાગ છે આ કોઇ મારી વાત નથી અને એ મિનિટ્સનો ભાગ ટાંકીને એ વખતના મુખ્યમંત્રીશ્રીને મેં કાગળ પણ લખ્યો હતો, નર્મદાને લાગેવળગે છે ત્યાંસુધી આ પ્રકારની વાત આપણે કરીએ એ કોઇ સંજોગોમાં આપણા સૌના માટે વાજબી નથી. મારે એ વાત કરવી છે કે મારા નેતા સાચી વાત કરતા હતા કે, દરવાજા તમે બંધ નહીં કરો તો પણ તમને નવ એકર મિલિયન ફીટ પાણી જોઇએ એ એટલા માટે મળે છે કારણકે તવાબ, બાગડી, ઓમકારેશ્વર, નર્મદાસાગર અને ઇન્દિરાસાગર પાંચ ડેમો ઉપર છે જે વીજળી પેદા કરે છે એનું પાણી આપણા ડેમમાં આવે છે અને એ પાણી ગુજરાતને મળી શકે તેમ છે પણ આપણે શું કરીએ છીએ, આપણે ટોટલ ૧૭.૯૨ લાખ હેકટર માટે પિયત કરી શકીએ તેમ છીએ કોણ નડતું હતું તમને? દરવાજાની વાત કરીએ, કેનાલ બનાવતા તમને કોણ નડતું હતું કે તમે બાવીસ વરસ સત્તામાં રહ્યા પછી નર્મદાની કેનાલ ન બનાવી એના માટે જવાબદાર કોણ? ૧૭.૯૨ લાખ હેકટર પિયત થઇ શકે એના બદલે નર્મદામાંથી આજે કેટલું પાણી પિયત થાય છે ? માત્ર ૨.૦૯ લાખ હેકટર જ પાણી પિયત થાય છે. એક મિનિટ મારી બચાવીને હું મારી વાત પૂરી કરીને વિરમું છું.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા આ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનના નેતૃત્વ હેઠળ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે અંદાજપત્ર લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ બજેટ એક વિઝનરી છે, ગુજરાત રાજ્ય એક સ્વનિર્ભર સ્ટેટ છે. આ બધાયનો જો જવાબ આપું તો આ સ્ટેટની ડિપેન્ડન્સી એટલે કે આપણું રાજય કેન્દ્ર સરકાર પર આધાર નથી રાખતું એટલે કે પોતે સ્વનિર્ભર સ્ટેટ છે, આપણા સ્ટેટની ડિપેન્ડન્સી જેને કહેવાય એ માત્ર ૧૬ થી ૧૮ ટકા છે, આ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એ ખૂબ વિઝનરી છે, બે દિવસથી ગઇકાલથી

લઇને અત્યારસુધીમાં એક પણ વિઝનરી સ્ટેપ માનનીય વિરોધપક્ષના કોઇપણ સભ્યશ્રીએ આજદિન સુધી અત્યારસુધી સૂચવ્યા નથી, એ વાત ભૂતકાળની કરે છે, ગઇકાલથી ચાલુ કરીને આજદિન સુધી આપણે સાંભળતા આવ્યા છીએ પણ આવનાર વિઝનની કોઇ વાત આપણને સાંભળવા મળેલ નથી. ગઇકાલે દેવાની વાત કરતા હતા કે રાજ્યમાં જે બાળક જન્મે છે એ આટલા હજારના દેવા સાથે જન્મે છે. તો એ બાબતે કહુ કે એક રૂપિયાનું પણ દેવું જો આ સરકારને લેવું હોય તો રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાને પુછવું પડે છે અને કેટલું દેવું લેવું એ કેન્દ્ર સરકાર અને આર.બી.આઇ. નક્કી કરે છે. છેલ્લાં દસ વરસની અંદર મેન્યુફેક્ચરીંગ સેકટરની અંદર આ રાજ્યએ ૨૨૦ ટકા ગ્રોથ કર્યો છે અને છેલ્લાં દસ વરસની અંદર, એગ્રીકલ્ચર જી.ડી.પી. જેને કહી શકાય એ ગ્રોથ રેટ ડબલ આંકડાની અંદર રહ્યો છે. ગુજરાતના વિકાસમાં ત્રણ મુખ્ય આધારસ્તંભ છે એગ્રીકલ્ચરલ ગ્રોથ, ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ અને સોશિયલ સેકટર. આ રાજ્યએ એવો વહીવટ કર્યો છે કે આ ત્રણે ત્રણ પેરેલલ ચાલે છે ત્યારે આજે આ રાજ્ય ગ્રોથ એન્જિન કહેવાયું છે, એને મોડેલ સ્ટેટ એમને એમ નથી કહેવાયું કારણકે આ ત્રણે ત્રણ પેરામિટર્સ સાથે કામ કર્યા છે ત્યારે આ સ્ટેટ એક રોલ મોડેલ તરીકે ગણાયું છે જેને કહેવાય કે ગ્રોથ એન્જિન છે. મારે મેઇક ઇન ઇન્ડિયાની વાત કરવી છે. આ બજેટની અંદર એનો પણ ઉલ્લેખ થયો છે અને આપણું સ્ટેટ એક સૌથી મોડેલ સ્ટેટ છે. તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વિઝન જોયું છે. દેશ આઝાદ થયો ત્યારે પંડિત જવાહરલાલ નહેરૂજી તે દેશના વડાપ્રધાન બન્યા. ત્યાર બાદ ઇંદિરા ગાંધી, ત્યાર બાદ રાજીવ ગાંધી, ત્યાર બાદ નરસિંહરાવ, ત્યાર બાદ ડો.મનમોહનસિંહ દેશ આઝાદ થયો ત્યારથી પ્રથમ ત્રીસ વર્ષ સુધી આપ જોશો તો આ દેશનો જી.ડી.પી.સાડા ત્રણ ટકાથી વધ્યો નહીં. અંગ્રેજો જે જૂની નીતિ મૂકી ગયા એ જ નીતિના આધારે કામ કર્યુ, નવુ કશું વિચાર્યુ નહીં, નવુ કશું વિઝન નહીં, નવી કોઇ નીતિ નહીં. અને આજે જે ભોગવી રહ્યા છીએ તે નીતિના આધારે ભોગવી રહ્યાં છીએ એમાં કશુંય ખોટું નથી. મારે ગુજરાતનું એકઝામ્પલ આ કૃષિમાં ટાંકવુ છે. આજે તમે જોશો તો દેશની ૭૫ ટકા ખેતી તે જૂની પદ્ધતિના આધારે છે. દશ વર્ષની અંદર તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાને આ રાજયની અંદર કૃષિ મહોત્સવ કરીને જે જૂની પદ્ધતિ હતી તેમાં નવી ટેકનોલોજી, સાયન્ટીફીક ખેતી કરીને આજે આ રાજય કયાં છે ? સૌથી મોટુ જો કોઇ ઉદાહરણ કૃષિની અંદર પૂરું પાડ્યુ હોય આ દેશની અંદર તો એ ગુજરાતે પૂરું પાડ્યું છે. અને ત્યારે છેલ્લા સળંગ એક દાયકાથી કહી શકાય કે ડબલ ડિજીટ ગ્રોથ રેઇટ કૃષિમાં હાંસલ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું દૂધની વાત કરું, આ દેશની અંદર ૧૫ કરોડ જેટલી ગાય-ભેંસો છે, એમ કહેવાય કે દૂધાળા ઢોર છે. અને એક વર્ષની એક ઢોરની દૂધની એવરેજ જોઇએ આ દેશની અંદર તો માત્ર ૩૦૦ થી ૪૦૦ લિટર છે. હું એક નાનો દેશ ઇઝરાયલની વાત કરું એ એકઝામ્પ્લ એટલા માટે જાણવા જેવુ છે કે ઇઝરાયલની અંદર એક ઢોર એ પર ઇયર સાતથી આઠ હજાર લિટર દૂધ આપે છે. આ રાજયની અંદર માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ જ વિઝન જોયુ. કંઇક નવુ એડપ્ટ કરવું પડશે. આવતીકાલના ભવિષ્યને આપણે જવાબ શું આપીશું ? અને દૂધની અંદર આપણે ક્રાંતિ કરી વ્હાઇટ રિવેલ્યુશન લાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દેશ અને દુનિયાની અંદર સૌથી મોટો પ્રશ્ન છે કે યુરેનિયમ ખલાસ થઇ રહ્યું છે. અને જેનાથી આપણે વીજળી પેદા કરી રહ્યાં છીએ તેમાં નવી ટેકનોલાજી, કંઇક નવુ વિચારવુ પડશે, નવા સંશોધનો કરવા પડશે કે જેથી કરીને આપણે દેશને આગળ લઇ જઇ શકીએ. આ રાજયે જે સોલર પોલીસી ડિકલેર કરી, વિન્ડ પોલીસી ડિકલેર કરી અને સોલાર, વિન્ડ અને ટાઇડલ એનર્જીની અંદર સ્તુતિય પ્રયાસ કર્યા છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ દેશને નહીં દુનિયાને એકઝામ્પલ પૂરું પાડયુ છે.

પાણીની વાત કરું તો ગલ્ફ કન્ટ્રીઝની અંદર આજે એક પણ નદી નથી છતાં તે ચોવીસ કલાક પાણી આપે છે તો આ કેવું આયોજન? એમાંથી પણ આપણે કંઇક શીખવાનુ છે. આ રાજયની અંદર પણ અનેક પ્રાવધાન કરવામાં આવ્યા છે, અનેક પ્રોવિઝન કરવામાં આવ્યા છે. આપણે પાછળ નથી રહેવાનું આપણે આ જોઇને કેવી રીતે આગળ આવીએ, કેવી ટેકનોલોજી સાથે આપણે આગળ વધીએ એ જોવાનું છે. ટેકનોલોજી આધારિત કોઇ પણ કામ અશકય નથી. અનેક ટેકનોલોજીનો ઉપયોગ કરીને બધાની જરૂરિયાતો સંતોષાય. આજે એક જાપાનનું એકઝામ્પલ આપું, હું એક મિનિટ વધારે લઇશ. જાપાન આજે હાઇડ્રોજન ફ્યુઅલ સેલથી ગાડી ચલાવતો થયો છે. આ શું છે? ક્રાંતિકારી પગલું છે. આવનારા દિવસોની અંદર ઓઇલ જે આપણે ઇમ્પોર્ટ કરીએ છીએ અને આપણું જે રિઝર્વ છે, આપણા જે પૈસા એની અંદર જાય છે, માનનીય અધ્યક્ષશ્રી, આ ટેકનોલોજી પણ

આપણે શીખવાની જરૂર છે અને લાવવાની જરૂર છે. માનનીય અધ્યક્ષશ્રી, મેઇક ઇન ઇન્ડિયાની વાત કરી ત્યારે આ દેશની અંદર ભારતે એલ્જીબ્રા, કેલ્કયુલેશન, રોકેટ જેવા સંશોધન આ દેશની અંદર થયા હતા. મારે કહેવું પડે કે ૧૭૫૦ની અંદર તામિલનાડુના એક ગામની અંદર આ રોકેટનું સંશોધન એક ભારતીયે કર્યું હતું. અને તે વખતના બ્રિટીશરોએ તે ટેકનોલોજી લઇ ગયા અને તેમના નામે ચડાવી દીધી. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે, ગુજરાત એક આઇડીયલ પ્લેટફોર્મ છે. તમામ ચીજો આ ગુજરાતની અંદર છે. એજયુકેશન છે, ઇન્ડસ્ટ્રી છે, એગ્રીકલ્ચર છે બધી જ પ્રકારની સુવિધા હોય ત્યારે મેઇક ઇન ઇન્ડિયાનું જે પ્રોવિઝન કર્યું છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે, એક વિઝનરી સ્ટેપ છે.

માનનીય અધ્યક્ષશ્રી, " વિકાસ સર્વજન હિતાય હોય, વિકાસ સર્વજન સુખાય હોય " અને વિકાસ છેવાડાના માનવી સુધી પહોંચવો જોઇએ આ સરકારનું આ હિત છે. અને આ બજેટમાં જે કંઇ પ્રોવિઝન કરવામાં આવ્યું છે તેમાં પ્રજા કેન્દ્ર સ્થાને છે. અને આ વિકાસમાં નાગરિકો માટેની જીવન જરૂરિયાતની વસ્તુઓ તેમને મળી રહે, ગુણવત્તા સભર મળે, સમયસર મળે તેના માટે જાહેર વિતરણની વ્યવસ્થા સારામાં સારી કરવામાં આવી છે.

બજેટમાં અન્ન અને નાગરિક પુરવઠાની બાબતો છે તેની અંદર ૩૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગઇકાલે માનનીય મંત્રીશ્રી છત્રસિંહભાઇએ ખૂબ સારા જવાબો પ્રશ્નોત્તરી દરમિયાન આપ્યા છે એમાં મારે નથી જવું. ગરીબોની બેલી આ સરકાર, ગરીબો માટે ખડે પગે રહીને કામ કરવાની નેમ છે. ગાંધીનગરની સરકારની તિજોરીના નાણા એ કંઇ સરકારના નાણાં નથી. આ ૬ કરોડની જનતાના નાણાં છે. અને તેના ઉપર બધો અધિકાર ગરીબોનો છે. અને ગરીબોની વાત કરતા હતા ત્યારે મારે કહેવું જોઇએ કે આ અભિગમ સાથે આ સરકાર કામ કરી રહી છે. અને એ ગરીબોના હક્કો કોઇ લૂટી જાય તે આ સરકાર જરા પણ સાંખી લે એમ નથી. આગળ જતા આ બજેટમાં જોઇ શકીએ છીએ કે આ બજેટ ડેવલપમેન્ટ વીથ જસ્ટીસ છે. આમાં જે કંઇ પ્રાવધાન કરવામાં આવ્યા છે તે ગ્રોથ વીથ ઇકવીટી છે. અને તમે જોશો તો ટેકનોલોજી વીથ હ્યુમન રીસોર્સ આ ત્રણે ચીજો લઇને જયારે આ નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ આવ્યા છે ત્યારે હું એમને સમર્થન આપું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે તેને આવકારવા માટે, તેને અનુમોદન આપવા માટે અને તેના વિષે મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. આ વખતના બજેટમાં જે જોગવાઇઓ અને ફાળવણી કરી છે એમાં સામાજિક સેવાના ક્ષેત્રમાં ૩૮૪૮૪.૧૫ કરોડની જોગવાઇ એટલે કે કુલ જોગવાઇના ૪૮.૫૩ ટકા આ ફાળવણી કરી છે. મને કયારેક એમ થાય છે કે અમે જ બધું કર્યું છે પણ શું કર્યું છે તેનો મારે થોડો દાખલો આપવો છે. હમણાં માનનીય શકિતસિંહભાઇ કહેતા હતા કે નર્મદાના દરવાજા ચડાવવાનો આધાર નર્મદા ઓથોરીટીએ સુપ્રીમ કોર્ટના કહેવા પ્રમાણે કરવાનું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, સાત સાત વર્ષથી પ્રયત્નો કરવા છતાં પણ જે ડેમના દરવાજાની મંજૂરી મળતી નહોતી એ આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ સતારૂઢ થયાના ૧૭ દિવસમાં મંજૂરી આપી, તો આ તો એ વખતે હતુ જ મારા સાહેબો. આનાથી આગળ વધીને મારે બીજું કહેવું છે કે અત્યારે કયાંક કયાંક શાળાના ઓરડાઓ અને શિક્ષકોની વાત સામેથી આવે છે. હું દાવા સાથે કહેવા માગું છું કે કદાચ એમના શાસનમાં આજ સુધી શિક્ષકો ન ભરાયા હોય એટલા શિક્ષકો આ શાસનમાં માત્ર આ સમયગાળા દરમિયાન ૧,૯૭,૬૧૪ ની ભરતી થઇ છે, મુખ્ય શિક્ષકો તો કયારેય ભર્યા જ નહોતા એ મુખ્ય શિક્ષકોની પણ ૨૦૨૧ ની ભરતી કરી છે. ૨૦૧૩-૧૪ સુધીમાં જે રૂમોનું બાંધકામ કર્યું તે પણ જોઇએ તો ૧,૦૪,૦૦૦ કરતા વધારે વર્ગખંડોનું બાંધકામ થયું છે. ભૂતકાળમાં કર્યું હતું તો તત્કાલીન અમારા મુખ્ય મંત્રી અને અત્યારના વડાપ્રધાને અને અત્યારના અમારા ગતિશીલ ગુજરાતના મુખ્ય મંત્રી આનંદી બહેને આ બધું તોડી નાખ્યું હતું? હું એમ કહેવા માગું છું કે મિત્રો કર્યું છે તેનો સ્વીકાર કરો તમે પણ કર્યું છે નથી કર્યું એમ નહીં, પણ જે ગતિએ વિકાસ વધી રહ્યો છે તે વિકાસની તેજ ગતિ છે અને એમાં જો કહું કે આવાસોના બાંધકામમાં સરદાર આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના, ડો. આંબેડકર આવાસ યોજના, અને ઇન્દિરા આવાસ યોજના, ઇન્દિરા આવાસ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે ૭૫ ટકા કેન્દ્ર સરકાર અને ૨૫ ટકા રાજય સરકારના હોય છે. અને એ યોજનામાં અત્યાર સુધી જે કામ થયું છે એ જોઇએ તો આજ સુધીમાં ૧૨,૦૨,૯૮૩ ગરીબો માટેના આવાસ ડિસેમ્બર ૨૦૧૪ અંતિત પૂરા કર્યા છે. આજે ૧૨,૨૦,૯૮૩ આવાસોમાંથી સન ૨૦૦૧ સુધીમાં ૧,૯૭,૬૧૪ આવાસો જ બાંધ્યા

હતા. જયારે સન ૨૦૦૧ થી સન ૨૦૧૩-૧૪ સુધીમાં બીજા ૧૦,૦૫,૩૬૯ બાંધીને રેકોર્ડ બ્રેક કર્યો એવું કહું તો ખોટું નથી. આ જે કર્યું એનો તો તમે સ્વીકાર કરો. આ આવાસોમાંથી ૭,૦૭૧૦૨ આવાસો માત્ર મહિલાઓના નામે કર્યા છે. એટલે કે ૫૯.૬૬ ટકા જેટલા થવા જાય છે.

ગરીબ કલ્યાણ મેળા, કૃષિ મહોત્સવ, ગામડાંના વિકાસ માટે થઇને ગરીબ લાભાર્થીઓને મદદ કરવા માટે બીજી અનેક યોજનાઓ શરૂ કરી છે. ગરીબ કલ્યાણ મેળા કરીને વચેટીયાઓને નાબૂદ કરવામાં આવ્યા. પહેલા શું થતું હતું કે આવા ગરીબ લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓનો લાભ મળતો નહોતો, પગનાં તળીયા ઘસાઇ જાય, જૂતા ઘસાઇ જાય તો પણ લાભ લઇ શકતા નહોતા. આવા બધા લાભાર્થીઓને એક છત નીચે ભેગા કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી હોય કે મંત્રીશ્રીઓ હોય કે ધારાસભ્યશ્રીઓ હોય તેઓએ પત્રકારોની હાજરીમાં બધાને ભેગા કરીને આ યોજનાના લાભાર્થીઓને લાભ આપવાનું કામ કર્યું છે. ગરીબ કલ્યાણ મેળાના અત્યાર સુધીમાં કુલ સાત તબક્કા કરવામાં આવ્યા છે. અમને એમ હતું કે ચૂંટણીનો સમય છે એટલે એક કરીને પૂરું કરી દેશે. પરંતુ આ દેશના પ્રજાવત્સલ વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી અને અત્યારના ગતિશીલ ગુજરાતના પ્રણેતા એવા અમારા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ખૂબ ધગશથી કામ કરીને એવા સાત તબક્કાના ગરીબ કલ્યાણ મેળાના માધ્યમ દ્વારા ૧૨૨૫ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૮૯.૪૮ લાખ લાભાર્થીઓને લાભ આપીને ૧૩૩૮૮ લાખ રૂપિયાનો લાભ આપવામાં આવ્યો છે. આ કામ જેવું તેવું નથી કર્યું. ગરીબ કલ્યાણ મેળા કેમ કરો છો. ગરીબોને જુદી જુદી યોજનાઓનો લાભ આપીને મદદ કરવાનું કામ કરવામાં આવે છે. એ ભાઇઓને લાવવા લઇ જવા માટે કયારેક બસો બંધ રહી હોય, પરંતુ ગુજરાતની સમગ્ર પ્રજાને કહીશ કે આજે દુનિયાના ઈતિહાસમાં કોઇ સરકારે લાભાર્થીઓને લાભ આપવા માટે સરકારી ખર્ચે એને પોતાના વાહનમાં લાવ્યા હોય અને ઘરે પાછા મૂકયા હોય તેવું જો કોઇ સરકારે કામ કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આવા તો બીજા અનેક કામો કર્યા છે. ગ્રામ વિકાસ અને પંચાયતી રાજમાં સરદાર આવાસ યોજના હોય, સરદાર આવાસ યોજના-૨ હોય, ગરીબ કલ્યાણ મેળા, સમરસ ગ્રામ પંચાયત, સ્વચ્છ ગ્રામ, તીર્થ ગ્રામ, પાવન ગામ, પંચવટી, સીડ મની, ગ્રામસભા, સમરસ ગ્રામ પંચાયત, મિશન મંગલમ, ઈન્દિરા આવાસ યોજના, સંકલિત જળસ્ત્રાવ, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન આવા તો અનેક કામો, અને સાહેબ સરદાર આવાસ યોજના જે ૧૯૯૭ થી ચાલુ છે, સરદાર પટેલના નામે યોજના ચાલુ છે અને એમાં ૦ થી ૧૬ સુધીનો એક પણ લાભાર્થી સમગ્ર ગુજરાતમાં બાકી ન રહે, હું સાહેબ દાવા સાથે કહું છું કે સમગ્ર દેશમાં એવું કોઇ રાજય નહીં હોય કે સો ટકા બી.પી.એલ. લાભાર્થીને આવાસ વગર ન રાખવાનું કોઇએ આહવાન કર્યું હોય. મારા મિત્રોને યાદ કરાવવું છે કે ૧૯૯૭ પહેલા આપણે વરસે રામસિંહભાઇ, તાલુકામાં કેટલા આવાસોની ફાળવણી થતી હતી જેટલા છે એટલા કરો અને એટલા માટે એટલા આવાસો ફાળવીને આ રાજય સરકારે ૦ થી ૧૬ સુધીના પૂરા કર્યા અને ૦ થી ૨૦ સુધીના બી.પી.એલ. લાભાર્થીઓના આવાસો પણ પૂરા કર્યાં છે. બી.પી.એલ. યાદીમાં કોઇ કારણસર રામસિંહભાઇ રહી ગયા હોય, જયારે માનનીય સૌરભભાઇ આંકડા આપતા હતા ત્યારે મિત્રો વાત કરતા હતા બધા જ આવાસો પૂરા કર્યા અને સરદાર આવાસ-૨ માં ૨૧ થી ૨૮ સુધીના જેને ઘરનું ઘર છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૧૫-૧૬ના વર્ષ માટેનું ૧,૩૯,૧૩૯ કરોડ રૂપિયાનું બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. જેમાં વાર્ષિક યોજનાનું કદ ૭૯૨૯૫ કરોડ ૧૧ લાખનું કર્યું છે.

સરકારની મુખ્ય આવક વેટ છે જે લગભગ ૪૯,૮૦૦ કરોડ, પ્લસ વેટ સિવાયની અન્ય આવક થઇને ટોટલ ૬૮,૪૧૬ કરોડને ૪૬ લાખ છે. દર વર્ષે આ સરકાર લગભગ ચાર થી પાંચ હજાર કરોડની વેટની વધારે આવક લે છે ભૂતકાળમાં કોંગ્રેસની સરકાર હતી. કયારેય કદાચ આટલો વધારો... આ તમે જે વધારો કર્યો છે ને એ વધારાની આવક છે એટલી ટોટલ આવક નહીં હોય. દર વર્ષે વેટમાં વધારો. પ્રજાની કેડ ભાંગી ગઇ છે. મને તો એમ હતું કે દિલ્હીમાં કેજરીવાલે વીજળીમાં ૫૦ ટકા રાહતની જાહેરાત કરી. સૌરભભાઇ, આપ તો ૫૮૦૦ કરોડ વધારે વેરો તેમાં વસૂલ કરો છો. ખેડૂતોને તો બચાવો સાહેબ. ખાતરમાં વેટ ૫ ટકા તો કમસેકમ ઓછો કરો. પેટ્રોલ-ડીઝલની કિંમતો ઘટી. આંતરરાષ્ટ્રીય લેવલે ઘટી તેમાં મને એમ હતું કે તમે વેટમાં રાહત આપશો. તમે જે ૨૫ ટકા વેટ અને પ્લસ એડિશનલ સેસ જે પ્રજા પાસેથી પૈસા લો છો તેમાં ઘટાડો કરશો એમ હતું. તમે શું કર્યું?

તેમાં કશું ન કર્યું. તમારા જે આગળ ઉપર ગયા છે તેમણે બે વખત એક્સાઇઝ વધારી અને ૪૫,૦૦૦ કરોડ રૂપિયા સરકારે તેમાંથી આવક ઉભી કરી લીધી. એમ હતું કે પ્રજાને ફાયદો કરી આપ્યો હોત તો ગુજરાતની પ્રજા ખુશ થાત. આ સરકાર નાણાનો સોર્સ ઉભો કરવા માટે ૨૪,૮૫૧ કરોડ ૫૯ લાખ રૂપિયા દેવું કરે છે. આમ તો દેવું કરવા માટે ઘણી વખત એ લોકો છપ્પનની છાતી જોઇએ તેમ કહેતા હોય છે. મારે એમ કહેવું છે કે આ જે દેવું કરે છે તેમાંથી તો ૨૨,૨૩૯ કરોડ ૨૧ લાખ તો તેના વ્યાજ પેટે જાય છે. તેમાંથી વ્યાજ અને થોડું મુદ્દલ. મોટા ભાગના પૈસા તો આપણે વ્યાજમાં જ કાઢીએ છીએ. તેમાંથી આપણે કંઇ વધુ વિકાસ માટે મેળવી શકતા નથી. પ્રજા પાસેથી તાલુકા કક્ષાએ જે પૈસા લેવાય છે, ૮-અ ના, ૭/૧૨ના, આવકનો દાખલો, જાતિનો દાખલો. આવી નાની બાબતો સરકાર આ વખતે ફ્રી કરી દેશે તેમ હતું. સૌરભભાઇ, તમે તો તેમાં પણ પાછી પાની નહીં કરી. તેમાં પણ આ પૈસા વસૂલવાનું ચાલુ રાખ્યું. તેમાં તો કમસેકમ રાહત આપો.

માનનીય અધ્યક્ષશ્રી, આટલું બધું કરભારણ છે. છેલ્લા ૧૫ વર્ષથી અમે જોઇ રહ્યા છીએ. તમારો આયોજનબદ્ધ પ્રોગ્રામ અને આયોજનબદ્ધ કાર્યક્રમ અને  એમ કહો છો કે આંતરમાળખાકીય સેવાઓ અમેરિકા જેવી, વિશ્વ કક્ષા જેવી છે. અમારા ગામડાંમાં તમે જૂઓ. પીવાના પાણીની મુશ્કેલી છે. રસ્તાઓની તકલીફ છે. ત્યાં ઘણી બધી દવાખાનાઓની હાલત ખરાબ છે. તમે મોટી મોટી જાહેરાતો કરો છો. સર્વાંગી વિકાસ, સમતુલિત વિકાસ, સૌનો સાથ સૌનો વિકાસ, ગતિશીલ ગુજરાત. મળે છે શું સાહેબ? દર વખતે હું જોઉં છું. વિધાનસભામાં છેલ્લા ૧૫ વર્ષથી સાંભળું છું કે ઉત્તર ગુજરાત માટે આટલા પૈસા. ઉત્તર ગુજરાતમાં આદિવાસી તાલુકો ક્યાંય યાદ આવે છે? આદિવાસી તાલુકામાં સિંચાઇની સગવડ સરકારે કઇ જગ્યાએ કરી? એક પણ પૈસો મૂકતી નથી અને જે પણ પૈસા મૂકે છે એ કાં તો કેનાલોની સાફસૂફી માટે હશે, કાં તો નવી કેનાલો, કાં તો કોઇ વિસ્થાપિત હોય તેમના માટેના પૈસા હોય છે. ખરેખર જે ઈરિગેશન આદિવાસીઓને મળવું જોઇએ તેના માટે કોઇ સગવડ હોતી નથી. સરકાર એમ કહે છે કે અમે તો આદિવાસીઓ માટે લાંબા ગાળાનું આયોજન કરીએ છીએ. લાંબા ગાળાનું કે ટૂંકા ગાળાનું, છેલ્લા ૧૫ વર્ષમાં કોઇ આયોજન જોવા મળતું નથી. ગામડાંમાં રસ્તાઓના સરકારે પ્લાન અને નોનપ્લાન બે ભાગ કરી નાખ્યા. પ્લાન રસ્તાઓ કરવાના અને નોનપ્લાન રસ્તાઓ નહીં કરવાના. આ પ્લાન કે નોનપ્લાન એ ગામડાંની પ્રજાને ખબર નથી. કોંગ્રેસની સરકાર હતી. તેમાં પ્લાન કે નોનપ્લાન નથી જોયું. તેમણે જોયું કે ગામડાંની જરૂરિયાત છે, રસ્તો કરી આપો. કોંગ્રેસનું શાસન હતું ત્યારે ૭૪,૧૧૭ કિલોમીટરના રસ્તાઓ કર્યા હતા. આજે તમે કમસેકમ તેને રીસરફેસ તો કરો. એ પણ તમે નથી કરી શકતા. કોંગ્રેસે ઘણું બધું કર્યું છે. પ્રાથમિક શાળાઓ કરાવી. હાઇસ્કૂલો કરાવી, કોલેજો કરાવી. એન્જિનિયરીંગ-મેડિકલ કોલેજો કરાવી. તમારા બધાની ભણવા માટેની ચિંતા પણ કરી છે. આજે તમે શું કરો છો? મોટા ડેમો બનાવ્યા. તમે શું કર્યું? તેમાં બોરીબંધ બાંધ્યા. એ બધી માટી પાછી ડેમોમાં ગઇ અને માટી ભરાઇ ગઇ. ડેમ છીછરા થઇ ગયા. હવે તેનું ડીસિલ્ટીંગ કરવાનું કામ કરો. મારી તો એ વિનંતી છે કે તેના કરતા કંઇક કોંક્રીટ કામ કર્યું હોત, તેમાં  પૈસા વાપર્યા હોત તો અમે ખુશ થાત. પણ  આ તો ટોટલી વેસ્ટ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા છ વર્ષથી હાઇસ્કૂલોમાં શિક્ષકોની ભરતી બંધ છે. કેમ બંધ છે એ ખબર પડતી નથી. દર વર્ષે શિક્ષકો નિવૃત્ત થાય છે, એક આર.એસ.એસ.ના શિક્ષક હતા. ઇડર તાલુકાના વડાલી ગામના શિક્ષક હતા. તે એમ કહેતા હતા કે અમારે ત્યાં આઉટ ગોઇંગ છે. ઇનકમિંગ નથી. શિક્ષણ જેવી બાબતમાં તમે એટલું તો ધ્યાન આપો કે કયા કારણોસર તમે શિક્ષકો ભરતા નથી. શિક્ષણ જેવી પાયાની બાબતમાં બેધ્યાન રહ્યા છે, આ રાજ્યની પ્રજા ઉપર આ ઘણું મોટું નુકસાન છે, આપણા યુવાધનને મોટું નુકસાન છે, આ બાળકોને નુકસાન છે. તમે આના માટે ખ્યાલ રાખો. આ રાજ્યના વહીવટી તંત્રમાં ૫૦ ટકા જગ્યાઓ ખાલી છે. એક એક અધિકારીઓ પાસે બે-ત્રણ જગ્યાઓના ચાર્જ છે. આના માટે કોઇ પ્લાનીંગ નથી. માનનીય શક્તિસિંહે હમણાં કહ્યું કે,  ૧૮૦૦૦ કર્મચારીઓ નિવૃત્ત થાય છે. તો કમસેકમ આ જગ્યાઓ ભરો તો ખરા. આપ યુવાધન માટે પ્લાનીંગ કરો. મને એમ હતું કે તમે કોઇ ચોક્કસ પ્લાનીંગ કરશો. આજે ૨૦ લાખ શિક્ષિત બેરોજગારો છે. એમને માટે કોઇ પ્લાનીંગ કરીને તેમને નોકરી મળે તેવું કરશો. જાહેરાતો કરો છો. અમે સૌથી વધુ નોકરીઓ આપી એમ કહો છો. ભરતીની જાહેરાત આવે છે ત્યારે છોકરાઓ ખૂબ દોડે છે. પણ આ છોકરાઓ માટે તમે શું કર્યું? ગરબા મહોત્સવ, નવરાત્રી મહોત્સવ, પતંગ મહોત્સવ, મૅરેથોન દોડ, અલ્યા પણ એને આના બદલે કાયમી આવકનું સાધન ઉભું થાય એવું તો કોઇ પ્લાનીંગ કરો. છોકરાઓ માટે કોઇ પ્લાનીંગ કરતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ નર્મદાની વાત કરતા હતા. ૧૨૧.૯૨ મીટર હાઇટ થઇ ગઇ. હવે સબ માઇનોર કેનાલ કરવાની છે. જમીન સંપાદન કરવાની હતી એટલે તમે નવી નીતિ અપનાવી– સહભાગી સિંચાઇ ભાવના. ખેડૂતોની જમીન સંપાદન કરો છો તો જમીન સંપાદન કરીને વળતર આપવું પડે. એટલે સહભાગી સિંચાઇ ભાવના શરૂ કર્યું. આમ કરવાથી લોકોને જે સિંચાઇથી પાણી મળવું જોઇએ એ મળતું નથી. આમને આમ તમારી યોજનાઓ છે એ એમને એમ પડી રહે છે અને ખેડૂતોને પાણી મળી શકતું નથી. મારે તો સૌરભભાઇને ખાસ કહેવું છે. આ ગુજરાતમાં રૂ.૧૬૦૦૦/– કરોડનો વેટ હજુ વસૂલવાનો બાકી છે. તેમાં પાંચ વર્ષ ઉપરનો ઘણો બાકી છે. મારે તો તમને એમ કહેવું છે કે, આટલો બધો વેટ વસૂલવાનો બાકી છે તો કેમ વસૂલાત કરતા નથી? આવો જે બિન વિવાદી વેટ છે એ રૂ.૩૬૩૬/– કરોડ છે. એ કેમ ઉઘરાવતા નથી? એમાં તમને શું મુશ્કેલી છે? કોઇની સામે રહેમનજર હોઇ શકે. આપણા કોઇક ભટનાગર હોઇ શકે. પણ આ લોકો જે બિન વિવાદી કર વાળા માણસો છે એમની પાસેનો વેટ શા માટે ઉઘરાવતા નથી? આ તો તમે થોડુંક ધ્યાન રાખીને વેટ ઉઘરાવો તો વધારાનો ભાર પડે છે એ નહીં પડે. આ ગુજરાતમાં ઓ.બી.સી.ની વસતિ ૫૦ ટકા કરતાં વધારે છે. આ વસતિ માટે કેટલું આયોજન કર્યું છે? રૂ.૮૮૯/– કરોડ, આ તો મશ્કરી છે. જે રાજ્યમાં ૫૦ ટકા કરતાં વધુ વસતિ હોય, અત્યારે તો એની માંગ છે કે, તમારે આખો અલગ વિભાગ ચાલુ કરવો જોઇએ. એટલી બધી વસતિ છે. તો એના માટે આટલું મશ્કરી સમાન બજેટ તમે મૂક્યું છે. મારી વિનંતી છે કે, તમે આ વર્ષમાં નહીં કરી શક્યા તો આગામી વર્ષમાં તમે આખો વિભાગ ચાલુ કરો અને એના માટે જોગવાઇ કરો અને બજેટમાં વધારો કરો. તો મને લાગે છે કે, કાંઇક ફાયદો થશે. મારે તો એમ કહેવું છે કે, ગઇકાલે નીતિનભાઇ કહેતા હતા કે, પછાત વિસ્તારોની વિકાસની કાળજી અમારે લેવાની છે. પછાત વિસ્તારોના વિકાસની વાત આપ કરો છો. પણ આદિવાસી વિસ્તારમાં ટોટલ બજેટ છે એમાં દર વર્ષે તમે જાહેરાત કરો છો એમાં કાંઇ જ નથી. એનાથી ગામડામાં કોઇ વિકાસ થયો નથી. એની એ જ પરિસ્થિતિ છે. આ પૈસા ક્યાં જાય છે એનું અમારે ઓડિટ કરવું પડશે એમ લાગે છે. કારણ કે, તમે રૂ.૧૫૦૦૦/– કરોડની વાત કરી, પછી રૂ. ૪૦૦૦૦/– કરોડની વાત કરી. તો શા માટે આ વિકાસ થતો નથી. અમારા ગામડાઓ ૫૮૮૪ છે. આ ગામડાઓમાં તમે જો ધાર્યું હોત તો વિકાસ કરી શક્યા હોત. એક એક ગામડામાં ત્રણ ત્રણ કરોડ રૂપિયાની ફાળવણી થાત અને ત્રણ કરોડ રૂપિયામાં વિકાસનું કોઇ કામ બાકી ન રહેત. આ તમે જાહેરાતો પાછળ ખૂબ ખર્ચ કરો છો. ''સૌનોસાથ સૌનો વિકાસ'' ખાલી જાહેરાત નહીં, વચન પાલન. આવી જાહેરાતો પાછળ પૈસા નહીં બગાડો.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજ્ય સરકારના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગૃહમાં બજેટ લઇને આવ્યા છે. આખા રાજ્યના લોકોની સુખ, સમૃદ્ધિમાં વધારો થાય તેના માટે અનેક ક્રાંતિકારી યોજનાઓ આ રાજ્ય સરકારે શરૂ કરી છે. આવી યોજનાઓ માટે બજેટેડ જોગવાઇઓ કરવામાં આવી છે અને ગૃહનું સમર્થન લેવા માટે આપણે ચર્ચા–વિચારણા કરી રહ્યા છીએ. આખા રાજયમાં અનેક પ્રકારના અનેક વિભાગોના અંદાજીત ખર્ચાને આનુસંગિક જયારે આપણે ગૃહમાં ચર્ચા કરી રહ્યા હોઇએ ત્યારે રાજય સરકારે ઉંડાણના વિસ્તારની અંદર જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓની સુખ સમૃદ્ધિમાં વધારો થાય, આખા દેશમાં રાજય જયારે પ્રગતિ કરી રહ્યું હોય, અનેક ક્ષેત્રમાં નંબર–વન આ ગતિશીલ ગુજરાત બની રહ્યું છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે, હમણા જ આપણે ચર્ચા કરતા હતા એ પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ અંત્યોદયના વિકાસ માટેની જે વાત કરી હતી ભારતીય જનતા પાર્ટીના સિદ્ધાંતો અનુસાર ઉંડાણમાં રહેલો જે પછાત છે એને હાથ પકડીને આગળ લઇ જવા માટે આપણે સૌ ચર્ચા વિચારણા કરી, યોજનાઓ થકી આપણે લોકોની સુખ સમૃદ્ધિમાં વધારો થાય એના માટે ભેગા મળીને જયારે પ્રયત્નો કરવાના છીએ ત્યારે રાજયની ઘણી યોજનાઓ છે આદિવાસી વિસ્તારમાં, જંગલ વિસ્તારમાં વન વિભાગ દ્વારા અનેક ક્રાંતિકારી યોજનાઓ અમલમાં આવી છે, નવી મૂકાઇ છે, આદિવાસી વિસ્તારની અને ખાસ કરીને આ વન વિભાગની યોજનાઓ થકી લોકોની સાથે મળીને વનનો ઉછેર થાય એના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. આ વન વિભાગને પહેલા જંગલ ખાતુ કહેવાતું, આ વન વિભાગને જે પ્રકારે જંગલના કર્મચારીઓ અને સ્થાનિક લોકો કાયમ માટે વન સંરક્ષણ બાબતે કાયદાઓમાં એવી જોગવાઇ હતી આદિવાસી જંગલમાં જઇને તેની મજૂરી માટે આ જંગલનો ઉપયોગ કરતો હતો, વર્ષોથી આદિવાસી પોતે જંગલનું રક્ષણ કરતો હતો અને ભોગવટો કરતો હતો, પણ અંગ્રેજોના જમાનામાં અંગ્રેજોનો કાળો કાયદો કહીએ છીએ એવો કાળો કાયદા આવવાથી આ

વિસ્તારની પ્રજાની સાથે, જંગલ વિસ્તારના લોકો સાથે સતત સંઘર્ષ થતો હતો અને લોકો ડરતા હતા. એ જંગલ વિભાગનો જયારે કોઇ ફોરેસ્ટર, બીટગાર્ડ કે રેંજર આવે તો એની સામે લોકો જઇ શકતા નહોતા. આવા પ્રકારનું વર્ષો પહેલા વાતાવરણ હતું ત્યારે આ વન વિભાગે જંગલમાં વસતા આદિવાસીઓ જેને આપણે વનબંધુઓ કહીએ છીએ, ઘણા લોકોને તો આ વનબંધુ કહીએ એમાં પણ તકલીફ થતી હોય છે, વનના બંધુઓ, જે જંગલમાં રહેતા, વન સાથે રહેતા કુદરત પ્રેમી લોકો જે વન સાથે પ્રેમ દાખવે, વિભાગના લોકો સાથે પ્રેમ દાખવે એક મેળાપીપણામાંથી આ વનની વ્યવસ્થામાં કેવી રીતે વૃદ્ધિ થાય પર્યાવરણના નુકસાન થકી જયારે આખી દુનિયા ચિંતા કરી રહી છે ત્યારે આ વનની સાચવણી થાય એના માટે સેમિનાર થકી, લોકોના અને આ વિભાગના સહકારથી લોકોને આગળ લઇ જવાનો પ્રયત્ન થઇ રહ્યો છે એ ખૂબ આવકારદાયક છે, બહુ વર્ષો પહેલા આ વિસ્તારના લોકોને હજી સુધી ઘણી એવી વ્યવસ્થાઓ નહોતી પહોંચી શકી આજે આ વન વિભાગે સહભાગી વન વ્યવસ્થા ઉભી કરી એમાંથી જે કંઇ ઉપજ મળે એ એની કમીટીને મળે, ગામડાઓમાં શહેરોના લોકો પણ જયારે જંગલ વિસ્તારની અંદર વનના પ્રવાસ માટે જતા હોય ત્યારે એવા પ્રકારની ઇકો ટુરિઝમની વ્યવસ્થા પણ આ વન વિભાગે કરી છે. ખૂબ વર્ષો પહેલા આવા આદિવાસીઓને પાણી, શિક્ષણ કે રસ્તાની પણ સુવિધા નહોતી મળતી, હાલમાં આ સરકાર એ લઇ આવવા જઇ રહી છે અને હાલમાં આ વિસ્તારમાં જે ગામડાં, જે વનવસાહતી ગામો, ફોરેસ્ટ વિલેજ હતા એને પણ આ સરકારે જયારે મહેસૂલી ગામો થકી વિકાસ કરવાનું નકકી કર્યુ છે અને આદિવાસી લોકોને પોતાનો અધિકાર મળી રહે ખૂબ આગળ વધે અને ચલો વહાં દીપ જલાયે વહાં જહાં અભી ભી અંધેરા હૈ એ ઉકિતને સાર્થક કરી પંડિત દીનદયાળના અંત્યોદયના વિકાસ માટે છેવાડાના માનવીને કેવી રીતે આ રાજયના વિકાસના પ્રવાહમાં લઇ જવો એના માટેના ખૂબ સારા પ્રયત્નો સરકારે કર્યા છે. વનમાં પેદા થતી ચીજવસ્તુઓ મધ, ગુંદર કે ઝાડ–પાંદડા હોય એના અધિકારોની ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ મારફતે વ્યવસ્થા કરવામાં આવી છે. આદિવાસી લોકોને વન થકી રોજગારી મળે એના માટે સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે. આ બજેટમાં આપણે ખરેખર કોઇ કાપ દરખાસ્ત ન મૂકતાં વિરોધની એક સ્વસ્થ પ્રણાલી હોય છતાં પણ જયારે વન અને પર્યાવરણની આપણે વાત કરતા હોઇએ, પર્યાવરણ દુનિયા માટે ખૂબ ચિંતાનો વિષય છે અને પર્યાવરણની કેવી રીતે જાળવણી થાય, પર્યાવરણથી ગુજરાતના લોકોના આરોગ્યને નુકસાન ન થાય એના માટે વિભાગ ખૂબ સારી કામગીરી કરે છે અને આ કામગીરીને આગળ ધપાવવા માટે આપણે બધાએ સાથ અને સહકાર આપીને પોતાની કાપ દરખાસ્તો રજૂ ન કરવી જોઇએ. સરકાર પણ લોકો પ્રત્યે સંવેદનશીલતાથી પ્રયત્નો કરે છે એને ખરેખર વખાણવા જોઇએ. આ ગૃહમાં રાજકીય પાર્ટીઓ બેઠી હોય ત્યારે નીતિ વિષયક બાબતોની ચર્ચા કરીને કોઇ વિરોધ હોય તો કહી શકાય પણ એકદમ જયારે *(xxx) થતી હોય, સરકારના પ્રયત્નો હોય એને પોઝિટિવલી આવકારવા જોઇએ. મારી બધા મિત્રોને વિનંતી છે કે આ બજેટને પોતાનું સમર્થન આપે.

**ઉપાધ્યક્ષશ્રી :** (xxx) એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રીમતિ નિમિષાબેન મ. સુથાર(મોરવાહડફ) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકલાડીલા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વર્ષ ૨૦૧૫–૧૬નું બજેટ લઇને આવ્યા છે અને પ્રવાસન અને પવિત્ર યાત્રાધામ ક્ષેત્રે ૮૫૦ કરોડની બજેટ જોગવાઇ કરી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિવાસીઓનો રોજગાર અને પ્રવાસીઓનો આનંદ વધ્યો છે. પ્રવાસન ક્ષેત્રના વિકાસથી પ્રકૃત્તિ અને સંસ્કૃતિનો સંબંધ વધ્યો છે. પ્રવાસન આનંદનો પર્યાય છે, પરંતુ એ માનવીને માત્ર આનંદ નહીં પણ એના જ્ઞાનમાં પણ વધારો કરે છે. પ્રવાસન માનવીને ઇતિહાસ, સંસ્કૃતિ અને પ્રકૃત્તિની સાથે જોડે છે. ગુજરાત તેજ ગતિએ વિકાસ કરતું રાજ્ય છે. આપણે ત્યાં પ્રવાસન માટે માત્ર ચોક્કસ દેશોમાંથી લોકો આવે છે અને ગુજરાતના મહેમાન બને છે એમ નથી પણ આખી દુનિયાભરમાંથી અલગ અલગ ખૂણેથી, અલગ અલગ રાજ્યોમાંથી, અલગ અલગ જિલ્લાઓમાંથી લોકો ગુજરાતમાં પ્રવાસે આવે છે. આ પહેલાં પણ પ્રવાસે આવતા હતા પણ એની ગણી–ગાંઠી સંખ્યા જોવા મળતી હતી. ૨૦૦૬ને પ્રવાસન વર્ષ જાહેર કર્યા બાદ ગુજરાતે

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

પ્રવાસન ક્ષેત્રે હરણફાળ ભરી છે. ૨૦૧૩માં રાજ્યમાં આવતા પ્રવાસીઓની સંખ્યા ૨૫૪.૯ લાખની હતી. ૨૦૧૩-૧૪માં એ વધીને ૨૮૭.૮૮ લાખની થઇ છે. પ્રવાસનના સર્વાંગી વિકાસ માટે અને દેશ વિદેશમાં રાજ્યના પ્રવાસનનો પ્રચાર અને પ્રસાર કરવા માટે ફિલ્મ જગતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યા પછી ગુજરાતમાં 'ખૂશ્બુ ગુજરાત કી', 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા', અને પછી 'કુછ દિન તો ગુજારીયે ગુજરાત મેં' જેવી એડ લઇને ફિલ્મનું પ્રસારણ કરવાના કારણે ગુજરાતની દેશ-વિદેશમાં આજે બોલબાલા થઇ રહી છે. ગુજરાત પ્રવાસન ક્ષેત્રે આજે પ્રસિદ્ધ થઇ રહ્યું છે. મારે કહેવું છે કે આવો કોઇ આઇડિયા સામેના મિત્રોને આવ્યો હતો ખરો? નહીં. ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા વધવાની સાથે પ્રવાસન થકી સ્થાનિક કક્ષાએ રોજગારી અને સ્થાનિક કક્ષાએ સુવિધા મળી રહે તે હેતુથી વિવિધ ટુરિઝમ ડેસ્ટીનેશન ડેવલપ કરવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ધાર્મિક પ્રવાસનના વિકાસ માટે વિખ્યાત નર્મદા સંગમ સ્થાન, ચાણોદ, કરનારી, બેટદ્વારકા, કંથલપુર, મહાકાલી વડ, અને મારા પંચમહાલ જિલ્લાનું પાવાગઢ-મહાકાલી માતાનું મંદિર આવા સર્વાંગી વિકાસની સુવિધા માટે આ બજેટમાં ૧૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગુજરાતમાં ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારે કોસ્ટલ ટુરિઝમના વિકાસની વિપુલ તકોના વિકાસમાં જામનગરનો નરારા બીચ હોય, સમુદ્રી જળચર પ્રાણીઓ માટે જાણીતો પિરોટન ટાપુ હોય, જુનાગઢનો ચોરવાડ બીચ હોય, ગીર-સોમનાથનો વેરાવળ બીચ હોય અને કચ્છના માંડવી બીચ ખાતે સર્વાંગી વિકાસ માટે બજેટમાં આ વર્ષે ૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પ્રવાસન વિભાગ હવે પ્રવાસન ક્ષેત્રે નવીનતા આપવાનું સફળ કાર્ય કરી રહ્યું છે. રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે ૨૦ નવેમ્બર ૨૦૧૪ ના રોજ હોમ સ્ટે પોલીસી અમલમાં મૂકી છે. પ્રવાસન વિભાગની આ હોમ સ્ટે પોલીસી વિદેશથી આવતા અથવા તો અન્ય રાજ્યના જિલ્લામાંથી આવતા પ્રવાસીઓને પ્રવાસન માટે વધુ સરળ અને આનંદદાયી નીવડે એ માટે આ પોલીસી બનાવવામાં આવી છે. હોમ સ્ટે પોલીસીથી પ્રવાસી પોતાના પ્રવાસ દરમ્યાન જે મોંઘીદાટ હોટલોમાં જાય છે એના બદલે હોમ સ્ટે પોલીસી દ્વારા જે કોઇ રાજ્યના નાગરિકો પોતાના ઘરે પ્રવાસીઓને રોકાણ કરવા માટે આપશે તેના બદલામાં નાગરિકોને કમાવવાની તક મળશે. હોમ સ્ટે પોલીસીથી સ્થાનિક નાગરિકોને પણ ગુજરાત પ્રવાસ દ્વારા લોકોને ઘરે બેઠા કમાવાની તક આપવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, માત્ર પ્રવાસીઓનો સર્વાંગી વિકાસ જ સર્વાંગી વિકાસ ના ગણતા પ્રવાસ વિભાગના માધ્યમથી મારા આદિવાસીભાઇઓને રોજગારી મળી રહે અને ગ્રામીણ કક્ષાએ તે સ્વાવલંબી બને તે માટે હોમ સ્ટે પોલીસી લાવવાથી એને ખૂબ ફાયદો થાય છે. હમણાં માનનીય જોષીયારાભાઇ કહેતા હતા કે આદિવાસીઓ માટે કોઇ પ્લાનિંગ નથી કરતા, આ સરકાર કંઇ કરતી નથી, મારે એમને કહેવું છે કે આ હોમ સ્ટે પોલીસીથી આદિવાસીભાઇઓ પોતાના વિસ્તારમાં જે પ્રવાસીઓ આવે છે એમને પોતાના ઘરમાં પ્રવાસીઓને રોકશે ત્યારે પોતાના ઘરનો રોટલો, અડદની દાળ હોય, લસણની ચટણી હોય આવો જે સાત્વીક ખોરાક પ્રવાસીઓને આપશે અને ગુજરાતનું જે કલ્ચર છે, જે ભાવભીનું એમનું આમંત્રણ છે મહેમાનોનું અતિથી દેવો ભવ..

ઉપાધ્યક્ષશ્રી : નિમિષાબેન, અડદની દાળ હોય, લસણની ચટણી એ બધું હવે આગળ નહીં બોલતા, નહીં તો બધાના મોઢામાં એ આવશે.

શ્રીમતી નીમિષાબેન સુથાર : અતિથિ દેવો ભવ કહીએ છીએ, એ લાગણી પ્રવાસીઓ અનુભવે એવું કામ આદિવાસીભાઇઓ કરે અને એની રોજગારીના ક્ષેત્રની તમામ તક ખુલે અને પોતે સ્વાવલંબી બને એવું આદિવાસીભાઇઓ માટે આ હોમ સ્ટેની પોલીસી ગુજરાત સરકારે કરી છે. સાપુતારા જેવા પહાડી વિસ્તારમાં પણ પ્રવાસીઓ આવે છે અને ત્યાં હોમ સ્ટેની પોલીસી વડે અમારા આદિવાસીભાઇઓના ઘરે રહે છે. ત્યાંની જે પરંપરા, સંસ્કૃતિ અને પહેરવેશ છે એ વિષે પ્રવાસીઓ જાણે છે અને એની સાથે રહીને પોતાની જે સંસ્કૃત્તિ છે અને ગુજરાતની જે સંસ્કૃત્તિ છે એનું આદાન-પ્રદાન થાય છે. આ ઉપરાંત આદિવાસી વિસ્તારમાં પુરતું માર્ગદર્શન મળે એ માટે પણ આદિવાસીભાઇઓને ગાઇડ આપે અને ગાઇડન્સ આપીને તે સ્થાનિક પ્રવાસીઓ છે એને પોતાની જે સંસ્કૃતિ છે એની જાણકારી આપે એ માટે ગાઇડ બનાવવા માટે સ્થાનિક આદિવાસીભાઇઓને તાલીમ આપવામાં આવે છે. જેથી પ્રવાસીઓને યોગ્ય સગવડ અને સ્થાનિક લોકોને રોજગારી મળી રહે તે હેતુથી હોમ સ્ટે પોલીસી મહત્વની ગણી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, ઇકો ટુરિઝમ ક્ષેત્રે પણ પ્રવાસન વિભાગે ખૂબજ સારું કામ કર્યું છે. આપણાં જંગલો આપણી પ્રાકૃત્તિક સંપત્તિ છે તેનું જતન કરવું જોઇએ. પ્રવાસીઓ ઇકો ટુરિઝમનો વધુ ને વધુ પ્રવાસ કરીને એને જુએ, જાણે અને પ્રાકૃત્તિક જ્ઞાનમાં પણ વધારો થાય તે હેતુથી ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા ઇકો ટુરિઝમનું કાર્ય કરી રહ્યું છે. ઇકો ટુરિઝમ ક્ષેત્રે પ્રવાસન વિભાગ અગ્રેસર રહીને કામગીરી કરી રહી છે. એમાંય સરદાર સરોવર ડેમ હોય, પોળોના જંગલ હોય, બોટનિક ગાર્ડન હોય, નૈસર્ગિક પ્રવાસન સ્થળો વધુ વિકસે અને એનો વિકાસ કરી રહ્યાં છે. આ ઉપરાંત સાપુતારા ખાતે દર વર્ષે પેરાગ્લાયડિંગ અને માઉન્ટરિંગ ફેસ્ટિવલ યોજાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્નમાનીય ગૃહમાં જે બજેટ રજૂ કર્યું છે ૭૯,૨૯૫.૧૧ કરોડનુ, અને આ બજેટમાં સદરવાર ફાળવણીમાં વિશેષ પ્રાધાન્ય સામાજીક સેવાઓના સદરને આપવામાં આવેલ છે અને માનનીય સભ્યશ્રીઓએ લગભગ વારંવાર આ બાબતનો આ ગૃહમાં ઉલ્લેખ કર્યો છે. ત્યારે માનનીય નાણામંત્રીશ્રીનું હું ધ્યાન દોરવા માગુ છું કે, વર્તમાન વર્ષની અંદર એટલે વર્ષ ૨૦૧૪-૧૫માં જે આયોજન બજેટ હતું, તમે ફેરફારવાળું બજેટ લઇને આવ્યા, એ બજેટ ૭૧,૫૦૦ કરોડનું હતું અને એ ફેરફાર રજૂ કર્યો રાજ્યના વિકાસ માટે, પ્લાન બજેટ ૭૧,૫૦૦ કરોડની જાહેરાત આપે અગાઉ કરી હતી. જેથી રાજ્યના વિકાસમાં પ્રગતિ આવે, વિકાસની પ્રક્રિયા ઝડપી બને, રાજ્યના તમામ વિસ્તારોનો સર્વાંગી વિકાસ થાય, લોકોને વિકાસના ફાયદા મળે પરંતુ ૨૦૧૪-૧૫નું વર્ષ જ્યારે આગામી ૩૧મી માર્ચે પૂરું થશે ત્યારે રાજ્યના આયોજન હેઠળ સંબંધિત ખર્ચના જે આંકડાઓ છે એ પ્રમાણે જોવા જઇએ તો આયોજન ખર્ચના સુધારેલ અંદાજના આંકડાઓ ઉપરથી ફલિત થાય છે કે, આ વર્ષે ૨૦૧૪-૧૫ના વર્ષમાં રાજ્યનું આયોજન ખર્ચ ૬૧,૬૧૦ કરોડ જેટલું રહેશે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, ૯,૮૮૯.૯૯ કરોડ જેટલી રકમ વણ વપરાયેલી રહેવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અંદર મોટી મોટી જાહેરાતો આપણે વારંવાર કરીએ છીએ, આંકડાઓ મોટા બનાવવામાં આવે. ગુજરાતની પ્રજાને કહેવામાં આવે છે કે, અમે સામાજીક સેવાઓ માટે, વંચિતોના વિકાસ માટે, ગરીબોના વિકાસ માટે આટલી જોગવાઇ કરી છે. બજેટમાં જોગવાઇ કર્યા પછી વર્ષ પૂરું થાય ત્યારે આ નાણા પૂરેપૂરા વપરાય છે ખરા ?

માનનીય અધ્યક્ષશ્રી, હું ભૂતકાળની વાત કરવા માગું છું, અગાઉના વર્ષોની અંદર પણ બજેટની અંદર મોટી મોટી જોગવાઇ કરવામાં આવી, વર્ષના અંતે પૂરો ખર્ચ થતો નથી. સમાજીક વિકાસની પ્રક્રિયાને ગતિની અસરકારકતા ઉપર વણ વપરાયેલી રકમ પડતર રહેવાના કારણે વિકાસ ઉપર સીધી અસર થાય છે. વર્ષ ૨૦૧૩-૧૪ના વર્ષનું રાજ્યનું કુલ આયોજન બજેટ ૫૯,૦૦૦ કરોડમાંથી રાજ્યની સામાજીક સેવાઓ માટે ૨૮,૮૩૧.૭૬ કરોડની જોગવાઇ કરાઇ હતી. પરંતુ ટકાવારી પ્રમાણે ખર્ચ માત્ર ને માત્ર ૪૨ ટકા રકમ થતી હતી. પરંતુ સમાજીક સેવાઓ પાછળ ખર્ચ, માનનીય નાણામંત્રીશ્રીને હું કહેવા માગુ છું કે, ૨૦,૯૦૪.૨૮ કરોડ થયો હતો, જે ટકાવારી પ્રમાણે કુલ આયોજનનું બજેટ માત્ર ને માત્ર ૩૯ ટકા જ તમે ગરીબો અને સમાજીક સેવાઓ પાછળ ખર્ચ કર્યો હતો. ત્યારે સરકાર પાસે વ્યવસ્થા છે. સરકારે તો ઘણી જગ્યાએ અગાઉ ભૂતકાળમાં કીધું હતું કે, અમારા કર્મયોગી, આ કહેવાતા કર્મયોગી બજેટની ફાળવણી કર્યા પછી વાપરી શા માટે નથી શકતા ? જે લોકો નથી વાપરી શકયા, જે વિભાગ નથી વાપરી શકયો એની સામે તમે શું પગલા લો છો ? વાતો આપણે કરીએ છીએ ગરીબોના માટે. ગઇ કાલે અહીંયા માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ બહું સારી વાતો કરતા હતા, સરદારના નામે વાત કરતા હતા, ગાંધીના નામે વાત કરતા હતા. ગાંધીના સંસ્કારો, સરદારના સંસ્કારો. માનનીય અધ્યક્ષશ્રી, વાત ગાંધીના નામે કરવાની, વાત સરદારના નામે કરવાની અને વાતો અને વિચારો આર.એસ.એસ.ની વિચારધારા પ્રમાણે અમલ કરવાનો ? મહાત્મા ગાંધીના નામે વાત કરવી, આપણે જાણીએ છીએ કે, કોણે *(xxxx) (અંતરાય)

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપના શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) પ્રદિપસિંહ, શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કર્યા છે.(અંતરાય) એટલે એની ચર્ચા ન હોય, હવે પછી આવા શબ્દોનો ઉચ્ચાર ન થાય એની કાળજી રાખજો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મને ડિસ્ટર્બ કરવામાં આવે છે. મારો સમય વેડફવામાં આવે છે. (અંતરાય) (xxx). સરદારના નામે વાત કરવામાં (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો રેકોર્ડ પરથી દૂર કર્યા છે. હવે બધા બેસી જાવ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, શબ્દો પાછા ખેંચ્યા પછી તમે આ રીતે બોલી શકો નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ઓ.કે. સરદારના નામે કાલે વાત કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી : આપ બધા બોલો છો. વિજયભાઇ, આપ એક બોલો તો હું સાંભળી શકું. બધા બોલો છો એટલે શબ્દો અહીં સુધી પહોંચતા નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : રેકર્ડ ઉપરથી દુર કર્યા હવે વાત પૂરી થઇ.

ઉપાધ્યક્ષશ્રી : ના, રેકોર્ડ પરથી દૂર કર્યા પછી આપે એવા શબ્દો વાપર્યા કે (xxx) એટલા માટે આવા શબ્દો કોઇ દિવસ બોલાય નહીં અને આપે આ શબ્દો પાછા ખેંચવા જોઇએ. આપ જે છેલ્લા શબ્દો બોલ્યા છો એ પાછા ખેંચી લો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો પાછા ખેંચું છું. ગઇકાલે આ ગૃહની અંદર સરદારના નામે વાત કરવામાં આવી, સરદારને અન્યાય કરવામાં આવ્યો, સરદારને અન્યાય કરવામાં આવ્યો એનો ખુલાસો કરવા માટે સરદાર નથી. અમને ગૌરવ છે એ સરદાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે સેવાઓ આપી ચુકયા છે. એ સરદારને અન્યાય કર્યો એની વાતો કરે છે. નિતિનભાઇ, તમે અત્યારે જે લોકોને અન્યાય કરો છો એનું શું? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પુંજાભાઇ, આપ નિતિનભાઇને સંબોધીને ન બોલો. (અંતરાય) બેય સરખા થઇ જાય પછી. આપનું પ્રવચન ચાલુ છે. આપની મિનિટ બગડે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સરકાર સરદારને અન્યાય કરવાની વાતો કરે છે ત્યારે અમારા પક્ષના ઉછીના લઇને તમે એને હોદ્દા આપો છો અને તમારાને અન્યાય કરો છો એનું શું? એ માટે ખુલાસો કરશે તો ગમશે. અમારા ઉછીના લઇને બેઠા છે અને આ અમારા મહેન્દ્રભાઇ મશરૂ ૧૯૯૦થી અહિંયા બેઠા છે. સંવાદ સેતુની વાત કરવામાં આવી આ બજેટની અંદર. સંવાદ સેતુને લાગેવળગે છે ત્યાં સુધી મંત્રીશ્રી કાં તાલુકા કક્ષાએ જાય, જાહેરાતો કરવામાં આવે, પ્રજાના પ્રશ્નોનો ઉકેલ કરવામાં આવે. માત્ર ને માત્ર સંવાદ સેતુ એ નાટક કરવા પુરતું જ મર્યાદિત છે. તાલુકા સંવાદ સેતુની અંદર જે પ્રશ્નો પૂછવામાં આવે છે મામલતદાર દ્વારા, પ્રાંત અધિકારી દ્વારા એવા પ્રશ્નો પૂછવા માટે દબાણ કરવામાં આવે છે કે સરકારની વાહ વાહ થાય. ઉનાની અંદર સંવાદ સેતુના કાર્યક્રમની અંદર હું હાજર હતો. ગોવિંદભાઇ મંત્રીશ્રી ત્યાં હાજર હતા. એની હાજરીમાં પ્રશ્નોનો ઉકેલ કરવામાં આવ્યો મારી પાસે પ્રોસીડીંગ છે ઓન ડોકયુમેન્ટ પુરાવા સાથેની વાત કરું છું. મંત્રીશ્રીએ ત્યાં સુચના આપ્યા પછી આજની તારીખે એનો અમલ નથી થઇ શકયો અને સંવાદ સેતુની આપણે વાતો કરીએ છીએ.

શ્રી રોહિતભાઇ પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી અને આ ગૃહના સભ્યશ્રીઓ. કોઇપણ પ્રાંત કે દેશનો વિકાસ એ ઉદ્યોગોના વિકાસ પર આધારિત છે એમ કહું તો કદાચ અતિશયોકિત નહીં ગણાય અને ઉદ્યોગ એ રોજગારીનો સૌથી મોટો સોર્સ છે અને ઉદ્યોગ એ સરકારની આવકનો પણ સૌથી મોટો સોર્સ છે અને એ કારણે કોઇપણ રાજય કે દેશનો વિકાસ એ ઔદ્યોગિક વિકાસ પર આધારિત છે. જયારે વિકાસની વાત કરીએ ત્યારે ઉદ્યોગોના અર્થમાં ફકત લિમિટેડ મિનિંગ નથી રહેતો કે જયાં મેન્યુફેકચરીંગ એકટીવીટી ચાલતી હોય. પણ સર્વિસ ઇન્ડસ્ટ્રિઝ, કન્સ્ટ્રકશન ઇન્ડસ્ટ્રિઝ અને ઉત્પાદન ઇન્ડસ્ટ્રિઝ આ બધી ઇન્ડસ્ટ્રિઝ નો આમાં સમાવેશ થાય છે. જ્યારે ઔદ્યોગિક વિકાસની વાત હોય, ત્યારે એ જાણવું બહુ જરૂરી છે કે ઉદ્યોગો માટે સૌથી વધારે મહત્વની બાબત કઇ છે, કે જેનાથી વિકાસ સાંધી શકાય. ઉદ્યોગોનો વિકાસ સૌથી વધુ આધાર રાખે છે.

•આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર માનનીય સભ્યશ્રીએ પાછા ખેંચ્યા.

Consistent, adequate and better quality of power and fuel supply, comfortable Motorable road network skilled and knowledgeable manpower, enough water supply, good raw material and market. આમાંથી સરકારે જે જવાબદારી નિભાવવાની હોય છે, તે સરકાર સારી રીતે ન નીભાવે તો ઔદ્યોગીકરણ થતું નથી અને આપણે આપણા ગુજરાતનો જી.ડી.પી. ૨૦૦૦ પહેલાનો જોઇએ તો ઘણી વખત નેગેટિવ પણ છે અને સીંગલ ડિજિટથી આગળ ગયો નથી. મને કહેતા ખૂબ આનંદ અને ગૌરવ થાય છે કે ગુજરાતનો વિકાસ એ ઉદ્યોગના વિકાસની સાથે સંકળાયેલો છે અને સૌથી વધારે જો તેની સામે બેધ્યાનપણું રખાયું હોય તો તે પણ ઉદ્યોગોનો વિકાસ છે, તે વાત સૌથી વધારે જાણી હોય, સમજી હોય, વિચારી હોય, પચાવી હોય તો તેના આધારે ગુજરાતના વિકાસનું સ્વપ્નું જોયું હોય અને સાકાર કરવાનો બુદ્ધિપૂર્વક અથાગ પ્રયત્ન જો કોઇએ કર્યો હોય તો માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યો છે, તે પહેલા કોઇએ નથી કર્યો અને તે કારણે માનનીય મોદી સાહેબને આ ગુજરાતની જનતા વતી જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. માનનીય મોદી સાહેબના સ્વપ્નને સાકાર કરવા એમણે ૧૫ વર્ષનો પરિશ્રમ કર્યો છે અને એને વધુ ઝડપે આગળ વધરવા, દોડાવવા માટે ગતિશીલ ગુજરાતનો મંત્ર લઇને આવેલા આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ અને એમાં સોનામાં સુગંધ ભળે તેમ વિકાસલક્ષી બજેટ તૈયાર કરવામાં જેમણે સિંહફાળો આપ્યો છે, કુનેહ દાખવી છે એવા માનનીય ફાઇનાન્સ મિનિસ્ટરને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હવે જ્યારે વાત કરીએ છીએ ક્વોલિટી ઓફ પાવર એન્ડ ફ્યુઅલ. તો ક્વોલિટી ઓફ પાવર ૨૦૦૧ પહેલાની વાત કરું તો ફ્રીકવન્સી ૪૮ ની આસપાસમાં લેવી. 50 cycle per second એટલે ૪૮ ની ફ્રીકવન્સી માં મોટર ધીમે ચાલે અને લોસ વધે, મેન અવર એટલો વપરાય પણ પ્રોડકશન ન મળે. આ પરિસ્થિતિમાં આપણો પાવર હતો અને ૧૯૭૧ થી ૨૦૦૦ સુધી આવી પરિસ્થિતિ રહી હતી. ૩૦-૩૦ વર્ષના ગાળા દરમ્યાન કોઇ સુધારો નહોતો. આ મારો જાત અનુભવ છે. ગઇકાલે જ જ્યારે મારી ફેક્ટરીમાં આ ફ્રીકવન્સી મપાવી તો તે ૪૯.૯ છે. એ જ રીતે સીંગલ ફેઝમાં ૨૦૦ વોલ્ટથી આગળ મળે નહીં, ઓછો મળે અને મોટરો બળી જાય. આ પરિસ્થિતિ ૩૦ વર્ષ સુધી આપણે અનુભવી છે. ગઇકાલે વોલ્ટેજ મપાવ્યા. ૨૫૦ વોલ્ટેજ પૂરા. થ્રી ફેઝમાં ૪૪૦ વોલ્ટ પૂરા આવે છે. આટલા લોડ ઉપરાંત. આ એચીવમેન્ટના કારણે આજે ગુજરાતમાં ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ થયો છે. એની સાથે જોબ ઓપ્રોચ્યુનિટી ઘણી બધી વધી છે. મને કહેતા આનંદ થાય છે કે આ વખતના બજેટમાં પાછલા ૩ વર્ષના એવરેજ બજેટ કરતા ૩૦ ટકા કરતા વધારે આયોજન ઇલેક્ટ્રીક પાવર પ્રોડકશન માટે કરેલું છે. છેલ્લા દાયકામાં ગુજરાત ૧૦,૦૬૦ મેગાવોટ આપણે પોતાનો પાવર વધારાનો પેદા કર્યો છે. જેના કારણે અત્યારે ઘરે ઘરે, ઉદ્યોગોને પાવર મળ્યો છે, પણ જે ખેડૂતો રાત દિવસ પાવરની ચાતક પક્ષીની જેમ જોઇ રહેતો હતો અને પાવર નહોતો મળતો તે ખેડૂતને મળતો થયો છે. મારા વખતમાં મને યાદ છે કે એક દિવસનું સ્ટેગનિંગ ૧૯૭૨-૭૩ માં હતું તે ૧૯૯૯ માં ૩-૩ દિવસ સુધી વધ્યું. સાંજે છ વાગ્યા પછી પાવર ન મળે, ના સેકન્ડ શીપ ચલાવી શકો કે ના તમે ઓવરટાઇમ કરાવી શકો. સરકાર રેવન્યુ ગુમાવે, જોબ ઓપોર્ચ્યુનિટી ઓછી થાય અને બીજી બાજુ ઉદ્યોગો પોતાનું પ્રોડકશન ગુમાવે આવી કારમી પરિસ્થિતિમાંથી ઉદ્યોગો પસાર થયેલા છે. આ ઉદ્યોગોને સારામાં સારું અને વિકાસલક્ષી વાતાવરણ કોઇએ આપ્યું હોય તો માનનીય મોદી સાહેબની સરકારથી શરૂ થઇને આજસુધી આનંદીબેનની સરકાર તે આપવા પ્રયત્ન કરી રહી છે અને તે આગળ થશે તેમાં મને કોઇ શંકા નથી. ૨૫ હજાર કિલોમિટર ટ્રાન્સમીશન લાઇનનું પ્રોવિઝન આ વર્ષમાં છે. આટલા વર્ષોમાં તો ઘણાબધા ટ્રાન્સમીશન લાઇનમાં સુધારા થયા. મને ખબર છે કે કોઇ કામ લઇને બેઠા હોય, કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી હોય, બે કલાકનું કામ કર્યુ હોય અને સડનલી પાવર જતો રહે એટલે તે બે કલાકનું કામ નકામું થઇ જાય. આવા અનુભવો તો અનેક કર્યા. કેટલી મોટરો બળી ગઇ, કેટલી ટ્યુબલાઇટો બળી ગઇ, કેટલા બલ્બ બળી ગયા. આવો ખરાબ કવોલિટીનો જે પાવર હતો તેની જગ્યાએ આજે કન્સીસ્ટન્ટ બેટર કવોલિટી ઓફ પાવર વી આર ગેટીંગ ધેટ ઇઝ ડયુ ટુ ઓન્લી નરેન્દ્રભાઇ મોદી અને માનનીય સૌરભભાઇ પટેલને તેનો જશ આપું છું. આજે સામાન્ય માહિતી આપું તો છેલ્લા દાયકામાં ૧૫૦૬૦ મેગાવૉટ આપણે પેદા કર્યા તથા ૫૦૦ મેગાવૉટનું આ બજેટમાં પ્રોવિઝન છે. ૨૫ હજાર સર્કિટ કિલોમિટર ફકત આ વર્ષમાં પ્રોવિઝન કર્યુ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી રોહિત પટેલ: સાહેબ થોડોક વધુ સમય આપો પ્લીઝ. ૨૦૦૧માં ફક્ત ૧૮૦૧૦ ફેક્ટરી હતી અને પર ફેક્ટરી ૭૪૮એમ્પ્લોઇમેન્ટ હતું તે અત્યારે વધીને ૨૬૦૮૯ ફેક્ટરીઓ ગુજરાતમાં થઇ છે અને પર ફેક્ટરી ૧૩૮૪ એમ્પ્લોઇમેન્ટ છે આ એક અભૂતપૂર્વ એચીવમેન્ટ છે. ફક્ત પંદર વર્ષના ગાળામાં થયું છે જે પચાસ વર્ષના ગાળામાં ન્હોતું થયું.

રોડ ઇન્ફ્રાસ્ટ્રકચર માટે મારે કહેવું જોઇએ કે જયારે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ માનનીય જેફરસનને કોઇએ એમ કહ્યું કે  અમેરિકા વિકસીત છે એટલે તેના રોડ રસ્તા સારા છે. તો જવાબમાં એટલું જ કહ્યું કે ના અમેરિકાએ પેટે પાટા બાંધીને રોડ રસ્તા સારા કર્યા માટે એ વિકસીત છે.  એ મંત્ર કોઇએ સારી રીતે પચાવ્યો હોય તો તે નરેન્દ્રભાઇ મોદીએ પચાવ્યો છે અને તેમણે તે વસ્તુ ચાલુ કરી જેથી સારો વિકાસ થઇ શક્યો છે.

શ્રીમતી   ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મહિલા અને બાળ કલ્યાણ વિશે મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે બાળકો અને મહિલાઓના વિકાસ માટે અથાગ પ્રયાસો કરી તેમના ઉત્થાન માટે સતત ચિંતા કરી છે. આપણા દેશના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી જયારે રાજયના મુખ્યમંત્રી તરીકે સતત બાર વર્ષ સુધી રહ્યા તે સમય દરમ્યાન પણ મહિલા અને બાળકો માટે ખૂબ ચિંતા કરી અને અનેક યોજનાઓ મહિલાઓ અને બાળકો માટે આ સરકાર દ્વારા બનાવવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ મહિલાઓના વિકાસની વણથંભી યાત્રાને આજે આગળ ધપાવવાનું કામ કરી રહ્યા છે. જે સમાજમાં મહિલા અને બાળકોનો ૫૦ ટકા હિસ્સો હોય છતાં અગાઉની સરકારે કયારેય તેમના વિકાસની ચિંતા ન્હોતી કરી. આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આપણા દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી અને આપણા આજના  મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે મહિલા અને બાળ વિકાસ વિભાગ અલગથી શરૂ કર્યો. મહિલા અને બાળકોના વિકાસ માટે અનેકવિધ યોજનાઓ બનાવવામાં આવી. આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીના હંમેશાં પ્રયત્નો રહ્યા છે કે મહિલાઓ સશક્ત થાય. મહિલાઓ પગભર થાય અને સમાજમાં સ્વમાનભેર જીવી શકે તેના માટેના હંમેશાં પ્રયત્નો કર્યા છે. મહિલા સશક્તિકરણ માટે અનેકવિધ યોજના રાજય સરકાર દ્વારા કરવામાં આવી છે. બાળકોમાં કુપોષણ દૂર થાય તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી જે કાર્યક્રમોમાં જાય છે ત્યાં  અનેક લોકો તેમનું મોંઘી ભેટ સોગાદ અને ફૂલના બુકેથી સ્વાગત કરતા હોય છે. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવું કહ્યું કે, આ ફૂલોના બૂકે કે મોંઘી ભેટ સોગાદોથી મારું સ્વાગત નહીં કરો પરંતુ તમે બાળકોમાંથી કૂપોષણ દૂર થાય એના માટે મને ફ્રૂટ, અનાજ, કઠોળ અને સૂકો મેવો જેવી વસ્તુઓ આપવામાં આવે તો આ સમાજના લોકોએ સ્વીકાર્યું  અને જ્યાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ હોય છે ત્યાં એનું સ્વાગત કરવામાં આવે છે ત્યાં તેમને ફ્રૂટ, કઠોળ અને સૂકા મેવા જેવી વસ્તુઓ આજે આપવામાં આવે છે અને આ બધી જ વસ્તુઓ ત્યાંને ત્યાંજ આંગણવાડીની બહેનોને આપવામાં આવે છે અને આ રીતે એ બાળકોને કૂપોષણમાંથી બહાર લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ પ્રકારની હિંસાથી પિડીત મહિલા તેમજ પોતાના વિકાસ માટે જરૂરી માર્ગદર્શન મેળવવા માગતી મહિલાઓને તમામ માહિતી એક જ જગ્યાએથી મળી રહે તે માટે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ૧૮૧ નંબરની, ‘‘અભયમ’’ મહિલા હેલ્પલાઇન શરૂ કરવામાં આવેલ છે, આ સુવિધામાં માર્ગદર્શનથી લઇને સંકટગ્રસ્ત મહિલાને તાત્કાલિક સહાય પહોંચાડવા માટે રેસ્ક્યુ વાનની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને ચાલુ વર્ષે આ યોજના સમગ્ર રાજયમાં અમલી બને તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૮મી માર્ચ આંતર રાષ્ટ્રીય મહિલા દિવસે તેનું લોકાર્પણ પણ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મીશન મંગલમ દ્વારા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ સખી મંડળોને વધુ સશક્ત બનાવવા માટેના પ્રયાસો પણ સરકારે કર્યા છે, આ અભિયાનમાં સખી મંડળમાં જોડાયેલ ગ્રામિણ મહિલાઓ તેમજ ગરીબી રેખા નીચેના કુટુંબોની મહલાઓ અને યુવતિઓની વ્યવસાયિક ક્ષમતાઓનો વિકાસ કરી આર્થિક ઉપાર્જન પ્રવૃત્તિ સાથે જોડવામાં આવે છે જેના માટે સખી મંડળની મહિલાઓને જાગૃત કરી કૌશલ્ય વિકાસની તાલીમ અપાવી એમની વ્યવસાયિક ક્ષમતાઓનો વિકાસ કરવામાં આવે છે. સાથે જ બેન્ક પાસેથી નાણાકીય સવલતો અપાવી અને વેચાણ માટે બજાર સાથે જોડવામાં આવે છે. આ જૂથોને ગ્રામ્ય કલસ્ટર તાલુકા અને જિલ્લા સ્તરે ફેડરેશન બનાવીને તેઓનું સામાજિક અને

આર્થિક સશક્તિકરણ પણ કરવામાં આવે છે. મહિલાઓ, યુવતિઓ અને કિશોરીઓ અનઇચ્છીત વ્યવહારના કિસ્સામાં પોતાનું સ્વરક્ષણ અને સામનો કરી શકે તે માટે રાજયના કુલ ૨૫ જિલ્લાઓમાં ૨૫ મહિલા સ્વરક્ષણ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આમ મહિલા સ્વરક્ષણ કેન્દ્રોમાં બે માસના નિયત અભ્યાસક્રમ મુજબ જૂડો, કરાટે જેવી તાલિમ પણ આપવામાં આવે છે. સરકાર દ્વારા રાજય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર ખેલાડીને ૪૮૦૦ અને દ્વિતિય સ્થાન મેળવનાર ખેલાડીને ૩૬૦૦ તથા ત્રિતિય સ્થાન મેળવનાર ખેલાડીને ૨૪૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીને ૪૮૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ પણ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, નારી દ્વારા, નારી માટે, નારીવાદી અભિગમ સાથે નારીઓને ન્યાય આપવા માટે ગુજરાતમાં નારી અદાલતોની શરૂઆત કરાઇ છે. નારી અદાલતોમાં સમાજની આગેવાન બહેનો પોતાની કોઠાસૂઝથી ગ્રામ્યસ્તરની સમસ્યાગ્રસ્ત અને હિંસ્સાનો ભોગ બનેલ બહેનોને વિનામૂલ્યે ન્યાય આપવાનું કામ કરે છે. રાજય મહિલા આયોગ દ્વારા નવી નારી અદાલતો શરૂ કરવાનું કામ પણ થઇ રહ્યું છે. રાજયમાં હાલ ૧૦૨ નારી અદાલતો કાર્યરત છે. ગામડામાં અને અંતરિયાળ વિસ્તારમાં રહેતી અને અભ્યાસ માટે શહેરમાં આવતી મહિલાઓને રહેવા માટે રાજય સરકાર દ્વારા હોસ્ટેલ પણ શરૂ કરવામાં આવેલ છે જેમાં રહેવા અને જમવાની સારી સગવડ વાજબી દરે મળે તેવી સુવિધા પણ આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ દ્વારા મહિલા લક્ષી ફરિયાદો અને ગુનાઓની ચકાસણી કરવામાં આવે છે અને દેખરેખ પણ રાખવામાં આવે છે. મહિલાઓ પ્રત્યેના ભેદભાવો, અત્યાચારો દૂર કરવા માટેની વિવિધ રણનીતિની ભલામણ રાજય મહિલા આયોગ દ્વારા કરવામાં આવે છે. જાહેર જીવનમાં પણ મહિલા પુરુષની સમોવડી બની રહે તેવા આશયથી રાજય સરકારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓ માટે ૫૦ ટકા અનામતની જોગવાઇ કરેલી છે. પોલીસ ભરતીમાં પણ મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જાહેરાત માનનીય મુખ્યમંત્રી આનંદીબેને કરી છે. રાજયમાં મહિલા પોલીસ બેન્ડ ઉભું કરવાનું પણ રાજય સરકારનું આયોજન છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ ૨૦૧૫-૧૬નું જે બજેટ લઇને આવ્યા છે એના વિશે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. રાજ્યના બજેટથી રાજ્યની ઇચ્છા શક્તિ હોય તો સમગ્ર રાજ્યનો સંતુલિત પ્રાદેશિક વિકાસ શક્ય બને છે, પણ છેલ્લાં વીસ વરસથી સતત કામ કરતી સરકારને પર્યાપ્ત સમય મળ્યો છે તેમ છતાં ગુજરાતનો સંતુલિત પ્રાદેશિક વિકાસ શક્ય બનાવી શકી નથી એ એક દુ:ખદ ઘટના છે, વિકાસનું કેન્દ્રીકરણ માત્રને માત્ર છ સાત જિલ્લાઓની અંદર થયું છે, આદિવાસીઓ વિશેની વાત કરવામાં આવતી હોય, એ વિસ્તારના વિકાસની વાત કરવામાં આવતી હોય તો એનો એકજ દાખલો પર્યાપ્ત છે કે આઇ.જી. પટેલ કમિશનનો રિપોર્ટ હતો અને ત્યાર પછી ૨૦૦૫માં ડો. કૌલગી કમિટીનો જે રિપોર્ટ છે એ બન્નેની વચ્ચે સત્તર-અઢાર વરસના સમયગાળા દરમિયાન આ રાજ્યના કુલ તાલુકાઓ પૈકી ૩૩ વિકાસશીલ તાલુકાઓ, ઘેટમિન્સ કે આ ઓછાં વિકસીત તાલુકાઓ કે પછાત વિસ્તારો એના એ જ ક્રમમાં ચાલુ રહ્યા છે, એનો મતલબ જ એ થયો કે આટલા વરસો પછી પણ વિકાસશીલ તાલુકાઓમાંથી આ તાલુકાઓની બાદબાકી થઇ નથી, ફરીથી મારી સરકારશ્રીને વિનંતી છે કે ૨૦૦૫ થી ૨૦૧૫-૧૬ના વરસમાં અથવા તો તે પછીના વરસમાં એક આવી કમિટી નીમી અને આનો અભ્યાસ કરાવે તો સાચી સ્થિતિનો ખ્યાલ આવે, જે બજેટ રજૂ થાય છે એ ખર્ચ અંગેનું આઉટપુટ વ્યક્ત કરે છે એનાથી આઉટકમ્સનો ખ્યાલ આવતો નથી, આઉટ કમ્સનો ખ્યાલ આવે તો રાજ્યની પરિસ્થિતિ સાચી શું છે તેનો ખ્યાલ આવી શકે અને માનવ વિકાસ કેટલો થયો છે, વંચિતોને કેટલો લાભ થયો છે કયા ક્ષેત્રમાં કેટલી પ્રગતિ થઇ છે અને કેવા વર્ગોને આનો લાભ થયો છે એનો સાચો ખ્યાલ એના આધારે આવી શકે. ચૌદમાં નાણાં પંચે પણ આ અંગે સરકારોનું ઘ્યાન દોર્યું છે સરકાર એ કામગીરી પણ કરે એવી અપેક્ષા રાખું છું. રાજ્યના કુલ બજેટમાં વેચાણવેરાનો હિસ્સો ૩૫.૭૯ ટકા છે, કેન્દ્રની સહાય અને કરવેરાનો ૨૧.૪૫ ટકા અને જાહેર દેવાનો હિસ્સો ૧૭.૮૬ ટકા વેટની આવક એ મોટામાં મોટી આવક છે, વેટની આવકમાં પેટ્રોલ ડીઝલ, રાસાયણિક ખાતરો, એમાં થોડોક ફેરફાર કર્યો હોત તો સામાન્ય પ્રજાને, સામાન્ય ખેડૂતને એક નાના અને સિમાંત ખેડૂતને અને મધ્યમ વર્ગને થોડોક ફાયદો મળી શક્યો હોત. પણ એ કામ સરકારશ્રીએ નથી કર્યું. રાજ્ય સરકાર દ્વારા છેલ્લા વરસો દરમિયાન અંદાજપત્ર જોગવાઇઓ અન્વયે કરવામાં આવેલ ખર્ચમાંથી કેટલીક સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી અને તેનાથી લોકોના જીવનધોરણમાં સુધારા જરૂર થયા હશે પણ જેટલા થવા જોઇએ તેટલા સુધારા આનાથી નથી થયા એ એક સાચી હકીકત છે. બીજી એક

વાત કરું કે રાજ્ય સરકાર દેવું કરીને મૂડી ઉભી કરવાની જે વાત કરે છેપ, છેલ્લાં દસ વરસમાં દસ ટકાના દરે રાજ્યનું દેવું વધતું જાય છે, ઉત્તરોત્તર રાજ્યનું દેવું વધતું જતું હોવાના કારણે આજે સરેરાશ માથાદીઠ દેવુ ગુજરાતની પ્રજાને માથે ૩૦ હજાર રૂપિયા જેટલુ છે અને આવનારા વર્ષોમાં તે વધશે તેમા શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું કે પ્રતિવર્ષ દેવાના વ્યાજ અને મુદ્દલ પેટે ૨૨–૨૩ હજાર કરોડ રૂપિયા જેટલુ ખર્ચ કરવામાં આવે છે. દેવાના ડુંગર આ રીતે ઉભા કરવાથી રાજયનો ઝડપી વિકાસ થઇ જશે એમ માનવાની કોઇ જરૂર નથી. કરકસર અથવા ત્રેવડ એ ત્રીજો ભાઇ છે અને તે કામ પણ સરકારે કરવુ જોઇએ. બિન ઉત્પાદક ખર્ચાઓ નહીં કરવા જોઇએ. એક જમાનામા એવુ કહેવાતુ કે ઉત્તમ ખેતી અને મોટો ખેડૂત હોય તો એનો સમાજની અંદર દબદબો રહેતો. આજે એ સ્થિતિ નથી ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી એ સમગ્ર દેશમાં ઇવન ગુજરાતમાં એક સૂત્ર હતુ. આજે ખેડૂતોને ખેતી કરવામાં રસ નથી. કોઇ પણ યુવાન માણસ કે યુવાનો અને યુવતિઓ અમારી આ કમનસીબી છે, અમે આ અનુભવી રહ્યાં છીએ કે ખેતીનું કામ કરવા માટે ઢોર ઉછેર, પશુપાલન માટે તેને કોઇ ઇન્ટરેસ્ટ નથી. આવા યુવાનોને લગ્ન કરવામાં પણ તકલીફ થાય છે. પહેલાં એમ કહેવાતું કે ચોર ખાય, ઢોર ખાય અને મોર ખાય અને વધે તો ખેડૂતના ઘરમાં આવે. આજે એમાં બેનો ઉમેરો થયો છે ચોર ખાય, ઢોર ખાય, મોર ખાય, ભૂંડ ખાય અને નીલગાય ખાય અને એમાંય સરકાર જો શાણી હોય તો ખેડૂત પાસે બાકી કશું નહીં રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગામડામાં ફરવા જઇએ છીએ તો સાડીઓ બાંધેલી જોવા મળે, કોઇ દોરા બાંધેલા જોવા મળે અને તેનું એક માત્ર કારણ કે ખેતીમાં જે ભૂંડ અને નીલ ગાયનો જે ત્રાસ છે કે જેથી ખેડૂતો ખેતી ભૂલી જશે આના માટે વિશેષ જોગવાઇ કરવાની જરૂર છે. સિમાંત અને નાના ખેડૂતો માટે વિશેષ જોગવાઇ કરવામાં આવે તો તે લોકો પોતાના ગામમાં નાની મોટી ખેતી કરી અને જીવન ગુજારો ચલાવી શકે. આજે રોજગારી આપવાની ગમે તે વાત કરતા હોઇએ પણ ખેતી એ વધુમાં વધુ રોજગારી આપે છે. ખેતી અને ઉદ્યોગ એ કોઇ પણ રાજયના વિકાસના બે પર્યાય છે એ પર્યાયની બાદબાકી કરી અને વિકાસ શકય બનતો નથી. આ બન્ને એકબીજાના પર્યાય છે ત્યારે એ સંજોગોમાં હું તો એવુ ઇચ્છું કે રાજય સરકાર ઉદ્યોગનો જે દરજ્જો આપે છે તે જ દરજ્જો ખેતીને આપે.

શ્રી પંકજભાઇ અ. મહેતા(રાપર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનું વર્ષ ૨૦૧૫–૧૬નું બજેટ લઇને નાણામંત્રીશ્રી જે ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વર્ષ ૨૦૧૫–૧૬ના અંદાજપત્રની જે જોગવાઇઓ કરવામાં આવી છે તેનાથી પ્રસ્થાપિત થાય છે કે, આ સરકારની પ્રજાલક્ષી અને પ્રજાના કલ્યાણની નીતિઓ તેની અંદર પ્રતિબિંબિત થાય છે. ગતિશીલ ગુજરાતના વિકાસ રથના સારથી અને મહિલા શકિતના પ્રતિક એવા આદરણીયશ્રી માનનીય મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં આદરણીય ઉર્જાવાન ઉર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલ જે ઉર્જાક્ષેત્રના બજેટની અંદર જે ૬૬૦૦ કરોડની માતબર જોગવાઇઓ લઇને આવ્યા છે તેમના માટે તેને લાખ લાખ અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે સામેના પક્ષના મિત્રોની સરકાર હતી ત્યારે આખા ગુજરાતનું બજેટ આ ૬૬૦૦ કરોડનું હતુ ત્યારે અત્યારે માત્ર એક વિભાગનું બજેટ ૬૬૦૦ કરોડનું લઇને આવ્યાં છે ત્યારે તેના માટે હું ફરી ફરીને અભિનંદન આપું છું. સમગ્ર રાજયની અંદર આ બજેટની અંદર, ઉર્જા ક્ષેત્રની અંદર ગુણવત્તાયુકત વીજળી મળે, ખેડૂતોને સિંચાઇમાં વપરાતી વીજળી માટે ૪૪૭૦ કરોડ જેવી માતબર રાહતો આપવામાં આવે અને કિસાન હિત ઉર્જા શકિત માટે ૧૫૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમની એમાં જોગવાઇ કરવામાં આવી છે. ૨૫ સી.એન.જી. સ્ટેશનો પ્રસ્થાપીત કરવાની જોગવાઇ કરવામાં આવી છે. અને આવનારા વર્ષની અંદર ૧ લાખ કૃષિ વીજ જોડાણો આપવા માટે ૧૧૫૮ કરોડ રૂપિયાની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે તે અભિનંદનને પાત્ર છે. ગુજરાત જયારે દેશના વિકાસના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયું છે ત્યારે એ પાંચ શકિતમાંની એક શકિત એટલે ઉર્જા શકિત, અને આ ઉર્જા શકિતની આરાધના કરવામાં ગુજરાત અગ્રીમ રાજય બન્યું છે. ગુજરાત રાજયે દોઢ દાયકામાં વીજ ક્ષેત્રે અભૂતપૂર્વ વિકાસ કર્યો છે તેનો આનંદ અને ગૌરવ છે. ગુજરાત આજે ઉર્જા ક્ષેત્રે સરપ્લસ સ્ટેટ બન્યું છે. કોઇ પણ જાતના વીજ કાપ કે લોડ શેડીંગ મુકત રાજય આખા દેશમાં એક માત્ર ગુજરાત બન્યું છે એ આનંદની વાત છે. જયોતી ગ્રામ યોજના થકી સમગ્ર ગુજરાતમાં ગામડે ગામડે ૨૪ કલાક વીજળી

પહોંચાડવાનું કાર્ય આ દેશના બીજા રાજયો જોવા આવે તે પ્રકારનું નમુનારૂપ કાર્ય આ ગુજરાતની ધરતી ઉપર થયું છે. વીજ ઉત્પાદન ક્ષેત્રે ગુજરાત દેશમાં બીજા ક્રમે છે. સન ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં ૪૨ વર્ષની અંદર વીજ ઉત્પદન ક્ષમતા ૮૬૫૭ મેગાવોટ હતી જે છેલ્લા ૧૩ વર્ષમાં વધીને ૧૮૨૭૦ મેગાવોટ એટલે કે બમણાથી પણ વધારે થઇ છે. સૂર્ય ઉર્જા ક્ષેત્રે દેશનો સૌ પ્રથમ કેનાલ હેડ સોલાર પ્રોજેકટ કડી તાલુકાના ચંદ્રાસણ ખાતે કાર્યરત થયો છે. જે દેશની અંદરથી અનેક લોકોને જોવા આવવું પડે તે પ્રકારનો છે. તેના દ્વારા ૮૫૭ મેગાવોટ વીજ ઉત્પાદન આપણે મેળવી શકયા છીએ. પવન ઉર્જા ક્ષેત્રે ૧૯૬૦ થી ૨૦૦૧ સુધીમાં વીજ ઉત્પાદન ક્ષમતા ૧૦૯ મેગાવોટ હતી. ૨૦૦૨ થી ૨૦૧૫ ના સમય ગાળા દરમિયાન ૨૯૮૨ મેગાવોટ જેટલો તેમાં વધારો થયો. ૪૨ વર્ષમાં થયેલ કામ સામે ફકત ૧૪ વર્ષમાં અંદાજિત ૨૫ ગણા જેટલો વધારો આમાં પણ થયો છે. આજે ગુજરાતમાં વીજ પ્રવાહન લાઇનોની લંબાઇ દેશમાં બીજા ક્રમાંકે છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર સતા પર આવી તે પહેલાના ૪૨ વર્ષમાં ૭૦૯ સબ સ્ટેશનો કાર્યરત હતા જયારે અત્યારે ૧૩૫૦ સબ સ્ટેશનો કાર્યરત છે. જે છેલ્લા ૧૪ વર્ષમાં લગભગ બમણા જેટલા થયા છે. અગાઉના વર્ષોમાં સરેરાશ ૧૭ હજાર ખેડૂતોને જ માત્ર નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપી શકાતા હતા. છેલ્લા વર્ષોમાં ૧ વર્ષમાં ૧ લાખ જેટલા ખેડૂતોને નવા કૃષિ વિષયક જોડાણો આપણે આપી શકીએ છીએ અને આવનારા વર્ષમાં પણ આ સરકારે ૧ લાખ નવા વીજ જોડાણો આપવા માટેનો સંકલ્પ અને તેના માટેની જોગવાઇઓ કરી છે. ખેડૂતોના વીજ બિલમાં ૫૦ ટકાની રાહત આપીને વર્ષે ૩૦૦૦ કરોડ જેટલી સબસિડીનું ભારણ ઉઠાવી અને સરકાર ખેડૂતોના હિતમાં કામ કરે છે. ૧૪ વર્ષથી ખેડૂતોના વીજ બિલમાં કોઇ જ વધારો આ ભાજપની સરકારે થવા દીધો નથી. આ સરકારે છેવાડાના માનવીની પણ ચિંતા કરી છે. ઝૂંપડપટ્ટી યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારોના ગરીબો માટે ૫૦ અને શહેરી વિસ્તારના ગરીબો માટે રૂ. ૧૦૦ ના ટોકન દરે લગભગ ૬ લાખથી વધુ વીજ જોડાણ આપી આ સરકારે આ રાજયના ગરીબમાં ગરીબ માનવીની પણ ચિંતા કરી છે. વિવિધ વીજ કંપનીઓની કચેરીઓનું વિભાજન અને વિવાદની જગ્યાએ સમાધાનનો રસ્તો, વિવાદ નહીં પણ સંવાદ અને સમાધાનના માધ્યમથી છેલ્લા દસ વર્ષમાં ૧૨૦૦૦ થી વધુ લોક અદાલતોનું આયોજન કરી ૪,૪૦,૦૦૦ જેટલા કેસોનું આના દ્વારા સમાધાન કરવામાં આવ્યું છે. વિરોધપક્ષના નેતાશ્રી અને મારા કેટલાક સભ્યશ્રીઓને ગઇ કાલથી હું સાંભળી રહ્યો છું. નર્મદાની ચિંતા કરી રહ્યા હતા. નર્મદાના દરવાજાની વાત પણ કરતા હતા, આ સરકારે નર્મદાના દરવાજાની બાબતમાં સફળતા મેળવી તે એમનાથી પચતુ ન હોય તે પ્રકારની વાત કરી રહ્યા હતા, પણ નર્મદાની ચિંતા કોઇને હોય તો એ છેવાડાના જિલ્લાના કચ્છના લોકોને હોય, કચ્છને શું તકલીફ પડી હોય તે કચ્છના લોકોને ખબર હોય, મારે કહેવું છે કે આર.એસ.એસ.ના સંસ્કારથી સંસ્કારીત એવા વિરોધપક્ષના નેતા ગઇ કાલે નર્મદાની અને કચ્છની ચિંતા કરતા હતા. જયારે તેઓ મુખ્ય મંત્રી હતા ત્યારે કચ્છની અંદર કેબીનેટની બેઠક યોજવામાં આવી હતી અને ત્યારે એમની સરકારની અંદર કચ્છના જ નાણા મંત્રી હોવા છતાં નર્મદા યોજના માટે એક પણ રાતી પાઇ કયારેય ફાળવી નહોતી. કયારેય એક પૈસો પણ ફાળવ્યો નથી. આજે કચ્છની અંદર પાઇપ લાઇન દ્વારા પાણી વહેવડાવવામાં આવી રહ્યું છે અને આવનાર સમયમાં કચ્છની ધરતી ઉપર નહેરો દ્વારા પાણી પહોંચાડીશું.

અમારા મિત્ર કચ્છની અંદર અછતની સ્થિતિના નામે રોજેરોજ વાતો કરી રહ્યા છે. એમને એ નથી દેખાતું કે આ સરકારે સમય મર્યાદમાં ઇતિહાસમાં ન થયું હોય એટલી વહેલી અછત જાહેર કરીને કચ્છના ઢોરવાડાઓને અને કચ્છમાં ચાલતી સંસ્થાઓને પશુ દીઠ ૨૫ રૂપિયાની સબસિડી આપવાની જાહેરાત કરી દીધી છે અને એ પ્રમાણે ચૂકવવામાં આવે છે એ એમને દેખાતું નથી.

આ બજેટની સાથે સાથે આ વિભાગને એટલા માટે અભિનંદન આપવા છે કે સમગ્ર દેશની અંદર ગુજરાત સરકારના આ વિભાગને અત્યાર સુધીમાં લગભગ ૬૬ જેટલા એવોર્ડો મળ્યા છે એના માટે હું ઉર્જા વિભાગને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. ગુજરાત સરકારે સન ૨૦૧૩માં વિવિધ પાવર પોલિસી બનાવીને ઉર્જા તથા બિન પરંપરાગત ઉર્જાના પાવર પ્રોજેકટોને પ્રોત્સાહન મળે એ માટે અનેક જાહેરાતો કરી છે.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના સાનિધ્યમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ અંદાજપત્ર લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપવા માટે ઉભો થયો છું.

ગુજરાતના જે તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના શાસનમાં દરેક ક્ષેત્રે ખૂબ જ સારી કામગીરી થઇ છે એના લીધે ગુજરાતે દેશની અંદર પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે એ બદલ હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

ભૂતકાળમાં આ ગુજરાત પીવાના પાણીની બાબતમાં ખૂબ જ અસરગ્રસ્ત રાજય હતું. અનિયમિત અને અપૂરતો વરસાદ, ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયા કિનારો તેમજ પૂર્વપટ્ટીનો આદિવાસી વિસ્તાર તથા ડૂંગરાળ વિસ્તારના કારણે આ રાજયમાં કાયમી અછતની સ્થિતિ રહેતી હતી. કોંગ્રેસના શાસનમાં પાણી માટે બહેનો વચ્ચે બેડાયુદ્ધ થતા હતા. ડંકી અને ટેન્કરો દ્વારા શાસન ચલાવવામાં આવતું હતું. ભૂતકાળની અંદર ગામમાં એક ટેન્કર મોકલીને એની જગ્યાએ પાંચ–પાંચ ટેન્કરો ઉધારાતા હતા એવા દાખલા પણ અમે જોયા છે. રેલ્વે દ્વારા શહેરોને પાણી પહોંચાડવાનો બાલીશ પ્રયાસ પણ થયો હતો. સન ૨૦૦૧ પહેલા આશરે પાંચ હજાર જેટલા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે ટેન્કર રાજય ખતમ કરીને એના માટે નક્કર પગલાં લઇને પાઇપ લાઇન દ્વારા ગામડાં અને શહેરોને પાણી પહોંચાડવાનો પ્રયત્ન થઇ રહ્યો છે અને પાણી પહોંચી રહ્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીની સંવેદનશીલતા અને દુરંદેશી આયોજન દ્વારા આ સરકાર આગળ વધી રહી છે. છેલ્લા કેટલાય વર્ષોથી અછત વેળાએ પીવાના પાણીની અછતથી મુકત કરવાનું કામ આ સરકારે કર્યું છે. સન ૨૦૦૧ પહેલા આશરે ૫૫૦૦ જેટલા ગામોમાં ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવતું હતું. સન ૨૦૧૪માં કચ્છની અંદર અછતના કારણે આશરે ૨૫૦ જેટલા ગામોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

સુજલામ સુફલામ યોજના હેઠળ સૌરાષ્ટ્ર અને કચ્છમાં વિવિધ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૨૫૦૦ એમ.એલ.ડી. પાણી ૧ લાખ ૨૦ હજાર કિલોમીટર લાંબા પાઇપ લાઇન નેટવર્ક દ્વારા પૂરું પાડવામાં આવી રહ્યું છે જે આ સરકારની અભૂતપૂર્વ સિદ્ધિ છે. કારણ કે આખી દુનિયાની ફરતે બે વખત પ્રદક્ષિણા કરીએ એના કરતાં પણ લાંબી પાઇપ લાઇન નાખવામાં આવી છે. એ જ રીતે ઢાંકી ખાતે એશિયાનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન બનાવીને નેવાના પાણી મોભે ચડાવવાનું કામ આ સરકારે કર્યું છે એના થકી ૪૦૦ કલોમીટર દુર આવેલા છેવાડાના ગામો સુધી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે.

ઉત્તર ગુજરાતમાં ફ્લોરાઇડ યુકત તથા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ક્ષારયુકત પાણી પીવામાં આવતું હતું એના લીધે માણસોમાં અનેક રોગો થતા હતા પરંતુ આ સરકારે શુદ્ધ પાણી પૂરું પાડીને ત્યાની પ્રજાને ફલોરાઇડ અને ક્ષારયુકત પાણીમાંથી મુકિત અપાવી છે એ બદલ હું એમને અભિનંદન આપું છું. અને પુલના ક્ષેત્રની કામગીરીને સમગ્ર રાષ્ટ્રમાં એક મોડલ તરીકે અપનાવવામાં આવી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નદી એ આજે વહેતી થઇ નથી. સૈકાઓથી નર્મદા નદી વહી રહી છે. એમ કહેવાય છે કે અન્ય નદીમાં નહાવાથી પૂણ્ય મળે છે જયારે અમારી આ નર્મદા મૈયાના માત્ર દર્શનથી આપણને એટલું પૂણ્ય મળે છે ત્યારે આજ દિન સુધીમાં લાખો કયૂસેક પાણી દરિયાની અંદર વહી ગયું છે. જો ભૂતકાળની સરકારોમાં દરવાજાની મંજૂરી આપવામાં આવી હોત તો એ દરવાજા બનવાને કારણે આજે આપણે છેવાડાના વિસ્તાર સુધી પીવાના પાણી ગામડાંમાં પહોંચાડી શક્યા હોત, પરંતુ ભૂતકાળમાં રાજયમાં અને કેન્દ્રમાં કોંગ્રસની સરકાર હોવાના કારણે ગુજરાત પ્રત્યે ઓરમાયું વર્તન રાખીને આ મંજૂરી ન આપવાના કારણે આજે આપણે આ આપદા વેઠી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની વાત કરું તો દરિયા કાંઠાનો વિસ્તાર હોવાના કારણે નર્મદાનો સંગમ મારા વિસ્તારમાં થઇ રહ્યો છે. જો સાત વર્ષ પહેલાં આ દરવાજાની મંજૂરી આપવામાં આવી હોત, જયારે ચોમાસું આવે ત્યારે દરેક લોકોની ચિંતા હોય, નર્મદામાં રેલ આવશે આપણાં ઢોર તણાઇ જશે, આપણી જમીનો તણાઇ જશે અને ગત વર્ષે અમારું ધંધુરા ગામ છે એ ધંધુરા ગામના ૫૦ ટકા ઘરો એ નર્મદામાં ગરકાવ થઇ ગયા છે. હજારો એકર જમીન એ નર્મદામાં ગરકાવ થઇ ગઇ છે. ભૂતકાળની સરકારમાં જો આ પગલાં લેવાયા હોત, દરવાજા મૂકવાની મંજૂરી આપી હોત તો અમારી હજારો એકર ફળદ્રુપ જમીનનો નાશ ન થયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે કહેતા આનંદ થાય છે કે આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શાસનની ધુરા સંભાળી. હમણાં જ જોષીયારાજી છપ્પનની છાતી, છપ્પનની છાતી કહેતા હતા, ત્યારે મારે કહેવું છે કે નરેન્દ્રભાઇએ ગાદી સંભાળ્યાના ૧૭માં દિવસે આ દરવાજાની મંજૂરી આપી, એટલું જ નહીં, ૧૭મા દિવસે કામગીરી પણ શરૂ કરવામાં આવી. હું મારા વિસ્તારની પણ વાત કરું. મારો વિસ્તાર પણ દરિયાકાંઠાનો વિસ્તાર છે. અમારા કંતેજાર, કતપોર, સમલીવા ગામોની અંદર પીવાના પાણીની તકલીફ પડતી. કૂવાની અંદર જે સીપેજના પાણી આવે તે બહેનો રાતે ૧૨-૦૦ વાગ્યાથી સવાર સુધીમાં ભરે. એકદમ ડહોળું પાણી, ખરાબ પાણી પીવા માટે ભરતા હતા ત્યારે અમારા અંકલેશ્વરમાં ત્રણ એવી યોજનાઓ જે ગરથલ યોજના છે તેના દ્વારા ૧૮ જેટલા ગામોને પીવાના પાણીની શરૂઆત થઇ રહી છે. બોરીજડા ગામ છે તેની અંદર ૩૪ જેટલા ગામોને એ યોજનામાંથી પાણી મળી રહ્યું છે. ઉધરાની જે યોજના છે તેના ખાતે પણ ૩૪ જેટલા ગામો મળીને કુલ ૧૦૫ ગામ પૈકી ૩૬ જેટલા ગામોને પાઇપલાઇન દ્વારા પીવાનું શુદ્ધ પાણી મળી રહ્યું છે. તેની સાથે સાથે એશિયામાં પહેલો એવો તાલુકો છે કે જે આજથી સાત વર્ષ પહેલાં હાંસોટ તાલુકામાં ૪૬ ગામ છે તેમાં પીવાના શુદ્ધ પાણી માટે આર.ઓ. પ્લાન્ટ દ્વારા પાણી અપાઇ રહ્યું છે કે જે ભૂતકાળની સરકારમાં જોવા જઇએ તો પીવાના પાણી માટે જે તકલીફ હતી ત્યારે આજે કામગીરી થઇ રહી છે.

આ રાજયની વાત કરીએ તો ગ્રામ્ય વિસ્તારમાં નાના કસબાઓ, ફળિયાઓ, પરાઓ સુધી જે ૯૨૬૪ કિલોમિટર પાઇપ યોજનાઓ અને ૨,૩૪,૬૬૬ હેન્ડપંપ બેસાડી છેવાડાના માનવી સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે જે પૈકી ૮,૭૮૧ કિલોમિટર પાઇપ યોજનાઓ તેમજ ૧,૬૨,૭૮૦ હેન્ડપંપ આદિવાસી વિસ્તારમાં બનાવી સરકારે છૂટાછવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં પણ સતત વધારો કર્યો છે. જે રીતે રાજયમાં પીવાના પાણી માટે દીર્ઘદષ્ટિપૂર્વકના લાંબા ગાળાના આયોજન રૂપે સરદાર સરોવર કેનાલ આધારિત વિતરણ વ્યવસ્થા, વિવિધ જળાશયો, બારમાસી નદીઓ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનાઓ થકી રાજયમાં પાણી પુરવઠા અંગે વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં ગુજરાતમાં ખેડૂત અને મજૂર જેના આધારિત લગભગ ૭૦ ટકા લોકોને રોજગારી અને પ્રોત્સાહન મળે છે તો તેને જે મળવાપાત્ર તેનો હક્ક છે તે મળવા પાત્ર હક્ક કે હિસ્સો તેમને આપવામાં આવ્યો નથી એવું ચોખ્ખું દેખાય છે. સાથે સાથે જે દેવાની વાત છે. ૧૯૯૮માં લગભગ ૧૪૦૦૦ કરોડ દેવું હતું. ૩૧ માર્ચે લગભગ ૨ લાખ કરોડ દેવું થશે. તો એની પણ ચિંતા કરવી જરૂરી છે. બજેટમાં જે જોગવાઇ કરી છે એની અમુક રકમ તો વ્યાજમાં જ જતી રહેશે. એ પણ ચિંતા માગે છે. સાથોસાથ હું મારા મત વિસ્તારની વાત કરું છું. ડીસામાં ખૂબ જ કુદરતની દયાથી બટાટાનું અણમોલ ઉત્પાદન થયું છે. પણ કિલોના રૂ.૩.૫૦ ભાવ આવે છે. આજે પાણીની બોટલનો ભાવ રૂ.૨૦/- છે. ધરતી પુત્ર ખેડૂતને એક કિલોના રૂ.૩.૫૦ મળે છે. એક વિઘામાં રૂ.૪૦થી ૪૨૦૦૦/- નો ખર્ચ થાય છે. આજે એનું વળતર રૂ.૨૮થી ૩૦૦૦૦/- આવે છે. એક વિઘાએ રૂ.૧૦થી ૧૨૦૦૦/-નો આજની તારીખે લોસ પડે છે. કુદરતે આપ્યું છે પણ ખેડૂત જે ધરતી પુત્ર છે એ સરકાર ઉપર આશા રાખે છે. એની કેપેસિટિથી ડબલ, ૫૨ હજાર હેક્ટરમાં બટાટાનું વાવેતર થયું છે. સાત કરોડ મણ બટાટાનું ઉત્પાદન થયું છે. એના સંગ્રહની એટલી કેપેસિટી નથી. ખેડૂત એનો સંગ્રહ કરી શકે એમ નથી. આથી ખેડૂત આત્મહત્યા ન કરે અને એનો પરિવાર પાયમાલ ન થઇ જાય, એનો પરિવાર બરબાદ ન થઇ જાય એટલા માટે સરકારે કમસેકમ રૂ.૧૦/-ના ભાવે બટાટા ખરીદવા જોઇએ. અને ખેડૂતોને બચાવવા જોઇએ. આજે પાણીના રૂ.૨૦/- છે. આમાં વધારે જોગવાઇ કરવી હોય તો પણ અમે બધા વિરોધપક્ષો આમાં સંમત થઇશું અને ખેડૂતોને બચાવીએ. એવી પણ મારી આ તબક્કે સાહેબશ્રીને વિનંતી છે. સાથેસાથ પાણી પુરવઠાની વાત કરું છું, મારા વિસ્તારની વાત કરું છું. ડિસા નગરપાલિકાની અંદર દસ કરોડ રૂપિયા પાણી યોજના માટે આપ્યા હતા. દસ કરોડની યોજના બની ગઇ. ટાંકા, સમ્પ, બોર, પાઇપ લાઇનો ઘરે ઘરે થઇ ગઇ. માનનીય નીતિનભાઇ આપ ગ્રાસ રૂટથી વાકેફ છો. એટલે થોડુંક ધ્યાન રાખજો. ત્રણ વર્ષથી બોર બનેલા છે, ટાંકા, સમ્પ જોડાણ આપી દીધા છે. મોટર બેસાડી દીધી છે બોરમાં ત્રણ વર્ષથી વીજળીનું જોડાણ આપતા નથી. એ લોકોએ શું ગુન્હો કર્યો

છે? આઇસોલેટ વિસ્તારને ભેગો કર્યો એના માટે આ યોજના આપી, બજેટમાં ખર્ચાઇ ગયા, અહીંયાં આટલો પાણીનો ખર્ચો થઇ ગયો, અહીંયાં વાહ–વાહ થઇ ગઇ. પરંતુ આજે ત્રણ વર્ષથી ડીસા શહેર પાણી વગર વલખાં મારે છે. બધું તૈયાર છે, ખાલી જોડાણ આપતા નથી. જોડાણ માટે તૈયારી થાય છે, છતાં એમ.ડી. એમ કહે છે કે, ઉપરથી ના કહે છે, સરકારમાંથી ના કહે છે. નગરપાલિકાએ એવો સરકારનો શું ગુન્હો કર્યો છે? ડીસા નગરપાલિકાનો એવો શું ગુન્હો છે કે, પાણી હોવા છતાં, સુવિધા હોવા છતાં એને પાણીથી વંચિત રાખો છો? કોઇક ગુન્હો હોય તો કહો કે, સરકાર સાથે આ ગુન્હો છે. તમારે કોઇ દુશ્મની હોય તો કહો કે, આ દુશ્મની છે તો એનું અમે સમાધાન કરીએ. પણ લોકોને પાણીથી વંચિત ન રાખો એવી મારી વિનંતી છે. નાણામંત્રી સાહેબને કદાચ ખ્યાલ નહીં હોય. નીતિનભાઇ આપ જાણો છો. આઇસોલેટ વિસ્તાર ભેગો થાય તો એની શું દશા થાય એનું ધ્યાન રાખીને એને આજની તારીખે જોડાણ નથી મળ્યું તો એના માટે ખાસકરીને મારી વિનંતી છે. અમારે તો ડાર્ક ઝોન ઉઠી ગયો. બિન રેગ્યુલર હપ્તા આપતા જ હતા. જે સમાધાન કર્યું હતું એમાં આપની નગરપાલિકાએ હપ્તા ન ભર્યા એમાં લોકોનો શું દોષ? એમાં પાણી માગવાવાળાનો શું દોષ છે? છતાંપણ નગરપાલિકાએ કમિટમેન્ટ આપ્યું કે ભરવાપાત્ર છે એ ભરીશું. હમણાં છાપામાં આવ્યું હતું કે, માફ કરી દીધા છે. અમારું વ્યાજ જ બાકી હતું એ માફ થઇ ગયું છે છતાં હજુ જોડાણ આપવામાં આવ્યું નથી. આપ જો જો. સાથેસાથે ડાર્ક ઝોન ઉઠી ગયો. ખેતીની વાત કરું તો. એમાં જાહેરાત કરી કે, તત્કાલ અને બીજી બે ત્રણ યોજનામાં જોડાણની માગણી કરાવી. એની અંદર જે બોર કરે એને ફર્સ્ટ પ્રાયોરીટી આપવી. બોર કરવા માટે ઓછામાં ઓછા ૧૫ દિવસ રીંગ ચાલે ત્યારે એક બોર થાય. આખોય જિલ્લો ડાર્ક ઝોન હતો. આખા જિલ્લામાં ૩–૪ રીંગ હતી. એક રીંગથી ૧૫ દિવસે એક બોર થાય. તો ૩૦ દિવસ કે ૬૦ દિવસમાં બોર ન થયા, એમના કનેક્શનો રદ કરી દીધા, સામાન્યમાં નાખી દીધા. ઘણા બધા ખેડૂતો છે કે, જેના બોર બનેલા છે. શ્રી નીતિનભાઇ બે મિનિટ ધ્યાન રાખજો. આ વાસ્તવિકતાની વાત કરું છું. જે બોર બની ગયા છે, એ રદ કરી દીધા છે. તમે બે જણા શ્રી રમણભાઇ ધ્યાન રાખજો, જરૂરી છે. ખેડૂતે બોર બનાવી દીધો. દસ–દસ–પંદર લાખ રૂપિયા ખર્ચ્યા, દેવું કરી દીધું. અત્યારે જોડાણ નથી મળતું. છ, આઠ મહિના બોર પડ્યો રહેશે તો બોર ફેઇલ થઇ જશે. એ કુટુંબ બરબાદ થઇ જશે. માત્ર એટલું જ કે ૬૦ દિવસમાં તમે બોર ન બનાવ્યો, આટલી જ એની ભૂલ. ૬૦ દિવસમાં રીંગ ક્યાંથી લાવવી? ડાર્કઝોન ઉઠ્યો છે અને આખા જિલ્લામાં ચાર–પાંચ રીંગો છે તો એનાથી સમય લાગવાનો છે, કોઇ સાંભળતું નથી. તો એના માટે ખાસ કરીને મારી વિનંતી છે કે જે બોર બની ગયા છે એને ખાસ કેસમાં મદદ કરો. આગળ પશુઓની પણ વાત થઇ, દુધની વાત થઇ કે દુધમાં કમાય છે, એક ભેંસ સારી હોય તો સવારે ચાર લીટર અને સાંજે ચાર લીટર દુધ આપે છે. ૩૦ રૂપિયા ભાવ છે, ૨૪૦ રૂપિયા એને આવે, એને ખાવા માટે, જે ભેંસ રાખે છે, નીતિનભાઇને ખબર હશે કે ભેંસ શું છે, એને રોજના પાંચ પૂળા જોઇએ, પાંચ કિલો ખાણ જોઇએ, એને મજૂરી જોઇએ, આના માટે રોજના ૩૫૦ રૂપિયા ખર્ચો થાય છે. જો એની મજૂરી ગણવા જઇએ ઘરની તો આજના પ્રમાણે સો રૂપિયા એક ભેંસે નુકસાન થાય છે તો એને માટે પણ વિચારવું જોઇએ. બીજી સબસિડીઓ કરતા લીટર ઉપર પાંચ રૂપિયા સરકારશ્રી સબસિડી આપે કે જેથી પશુપાલક જીવતો રહી શકે. કચ્છની અંદર થોડા તાલુકા અછતગ્રસ્ત જાહેર કરેલ છે એમાં પાંચ જ ઢોરોને ઘાસ આપવામાં આવે છે

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષ મહોદય, અંદાજપત્રની ચર્ચામાં હું મારા મહેસૂલ વિભાગના મંતવ્યો રજૂ કરું છું. ગુજરાત સરકારના મહેસૂલ સુધારાણાઓના આ સુવર્ણ દાયકાઓની અંદર ગુજરાતના દરેક ગામ, ટાઉન પ્લેસ અને શહેરમાં મહેસૂલને લગતા અને એને અડચણરૂપ પ્રશ્નો રાજ્ય સરકારે અતિ મહત્વના નિર્ણયો લઇ અને આ જૂના કાયદાઓમાં ફેરફાર કરી અને હજારો ખેડૂતોને ફાયદો કર્યો છે. સુધારાના સમયે અનેક પ્રશ્નો લોકો દ્વારા અને ખેડૂતો દ્વારા જયારે મળતા હતા ત્યારે આ સંવેદનશીલ સરકારે દસ વર્ષની અંદર મહેસૂલના અનેક સુધારાઓથી લોકોને સુખાકારી અને એમના હકકો આપ્યા છે. ટૂકડા ધારામાં મહત્વના ફેરફાર કરી, એક સમય એવો હતો કે ખેડૂતે ટૂકડા કરી બાજુના જ ખેડૂતને જ વેચવી પડતી હતી એની એ મજબૂરી હતી, બીજાને વેચી શકતા ન હતા. આ સરકારે અતિમહત્વનો ફેરફાર કરી અને ખરીદ વેચાણ કરી શકે છે બીજો ખેડૂત લઇ શકે છે, આવા મહત્વના સુધારા દ્વારા એક સામાન્ય અને નાના ખેડૂત વર્ગને ફાયદો કર્યો છે. ખેડૂત પ્રમાણપત્રની જોગવાઇમાં ખેડૂતલક્ષી ફેરફાર કરવામાં આવ્યા છે. એક સમય એવો હતો કે સંપાદનમાં ગયેલી જગ્યાને માટે ૬૦ દિવસમાં એની અરજી કરવી પડતી હતી, છ મહિનાની અંદર બીજી જગ્યોએ જગ્યા

ખરીદી લેવી પડતી હતી, આ પ્રસંગે જો એ ન ખરીદી શકે તો એ ખેડૂત કાયમી ખાતેદાર મટી જતો હતો. તો આમાં ફેરફાર લાવી અરજી કરવાની કોઇ જરૂરિયાત નહોતી એને, છ મહિનાના બે વર્ષ સુધીનો સમયગાળો આપી અને એ ખેડૂતને ફાયદાકારક એક નિર્ણય લીધો છે. સૌરાષ્ટ્રમાં વીડીની જમીન અંગે નીતિ વિષયક નિર્ણય લેવાયો, ખેડાણ અને વેચાણમાં ઓફીસે જઇને ખેડૂત ધકકા ખાતા હતા, ખેડાણ માટેની મંજૂરી અને વેચાણ માટેની મંજૂરી આ બંન્ને મંજૂરીથી ત્રસ્ત થયેલ હતા અને આ વાત જયારે સરકાર પાસે આવી અને પ્રશ્ન આવ્યો ત્યારે હવે ખેડાણની પરમીશન જ નહીં અને વેચાણમાં પ્રથમ વખત જ પરમીશન લેવી પડે એવું સરળીકરણ કરી અને ખેડૂતને ફાયદા કરવા માટેનો એક પ્રયાસ કર્યો છે. રાજયના તમામ ખાતેદારોને ૭/૧૨ તથા ૮-અ દર વર્ષે વિનામૂલ્યે મળી રહે એ માટે માતરથી શરૂ કરવામાં આવ્યું છે અને દર વર્ષે ખેડૂતોને આ પ્રમાણપત્ર મળી રહે અને દર વર્ષે ૧.૭૫ કરોડ જેટલા ગામ નમૂનાઓ પણ વિનામૂલ્યે ફાળવવાનો એક નિર્ણય કરવામાં આવ્યો છે. ૧૯૪૭થી આજદિન સુધી સરદાર નગર ટાઉનશીપ હિજરત વાસીઓની જે મિલકત..

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે, સભાગૃહ વિરામ સમય બાદ ૧૧-૦૦ કલાકે મળશે. માનનીય પ્રફુલભાઇનું પ્રવચન ચાલુ રહેશે.

વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦

**(વિરામ બાદ)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પ્રફુલ્લભાઇ પાનસેરિયા (ક્રમશઃ) :** માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૪૭થી આજ સુધી સરદારનગર ટાઉનશીપ જેઓ હિજરત કરીને ગયા હતા તેમના મિલકતના જે પ્રશ્નો હતા અને તેમાં ખૂબ માનસિક યાતનાઓ આ લોકોએ ભોગવી હતી. આજે કહેતા આનંદ થાય છે કે એ પ્રશ્નોના સોલ્યુશન માટે રાજ્ય સરકારે કલેકટર, અધિક કલેકટર અને મામલતદાર વગેરે મહેકમની નિયુક્તિ કરી અને કાયમી સોલ્યુશન થાય અને એમને એમનો હક્ક મળે એ માટે મહેસૂલ વિભાગમાં ખૂબ પોઝિટીવ પ્રયાસો કર્યા છે. એ જ રીતે નવી શરતની જમીનના પ્રિમિયમમાં પારદર્શિતા લાવ્યા છે. એક સમય એવો હતો કે એમાં ખૂબ આંટીઘૂંટી હતી અને ૩-૪ વર્ષે પણ પ્રશ્નોનું નિરાકરણ થતું ન હતું અને પ્રિમિયમ ભરી શકાતું ન હતું. એના પણ નિયમો બનાવી અને જંત્રીના દરે પ્રિમિયમ નક્કી કરી અને ચોક્કસ રકમ સુધીની કલેકટરને સત્તા આપવામાં આવી છે અને વધારાની રકમ હોય તો રાજ્ય સરકાર કક્ષાએ તાત્કાલિક કરી શકાય છે. ગણોતિયા ખરીદ કિંમત સમયમર્યાદામાં ન ભરતાં ૧૯૮૬ સુધીની કટ ઓફ ડેટ હતી. ૩૧ હજાર જેટલા આ ખાતેદારોની આંખોમાં લાચારી હતી. લટકતી તલવાર હતી. પ્રશ્નનું કોઇ સોલ્યુશન ન હતું અને એ બાબતની કોઇને સંવેદના પણ ન હતી. પરિવર્તનનો આ સુવર્ણ કાળ આવ્યો અને રાજ્ય સરકારે ગંભીરતાથી લઇ અને આ ગણોતિયાઓ માટે તા. ૩૧-૧૨-૧૯૮૬ની જે કટ ઓફ ડેટ હતી એ લંબાવીને તા. ૩૧-૮-૨૦૧૫ સુધી કરી અને આના કારણે તમામ ૩૧ હજાર ગણોતિયા ખાતેદારો હતા એમને પૂર્ણ ન્યાય મળશે. મહેસૂલ વિભાગમાં જે ક્રાંતિ લાવ્યા છે એ ગુજરાત ભારતનું નંબર વન સ્ટેટ છે. બીજા રાજ્યો આ બાબતમાં વિચારી ન શકે એવું ગુજરાત સરકારે અમલીકરણ કર્યું છે. અનેક આંટીઘૂંટીના પ્રશ્નો હોય, જમીન માપણી હોય એમાં ગણોત કાયદાનું સરળીકરણ કરીને અને કેટલા ભાગમાં મંજૂરી લેવાની હતી એમાં ત્રણ વર્ષ સુધી ખેડૂત કામ ન કરે તો સરકારની તરફે જગ્યા જતી હતી. આ ભાગલાની મંજૂરીની કોઇ હવે આવશ્યકતા નથી. ત્રણ વર્ષ સુધી પડતર જમીન હોય એનો પણ એને માલિકી હક્ક મળી રહે અને કલમ-૬૫ની જોગવાઇઓ રદ કરવામાં આવી છે એના કારણે ખૂબ સારી સવલતો લોકોને મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મહિલા મુખ્યમંત્રી પુરા ભારતમાં મહિલા સશક્તિકરણની એક નવી દિશા લાવ્યા, ગુજરાતને ગતિશીલ બનાવવામાં એમના ભગીરથ અને અથાગ પ્રયત્નો છે.

**ઉપાધ્યક્ષશ્રી :** આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પ્રવિણભાઇ.

**શ્રી પ્રવિણભાઇ મો. માંકડિયા(ધોરાજી) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સન ૨૦૧૫-૧૬નું બજેટ લાવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ રાજયના વહીવટી વિભાગોનું એક મહત્વનું અંગ છે કે જેના દ્વારા સમગ્ર રાજ્યનો વહીવટ ચાલતો હોય છે. આપણું ગુજરાત છેલ્લા ૧૫ વર્ષથી વિકાસલક્ષી રાજ્ય બન્યું છે. સમગ્ર ભારતમાં અન્ય રાજ્યોની સરખામણીમાં વિકાસની સાથે ગ્રોથ એન્જિન હોય તો એ ગુજરાત છે.

ગુજરાતને વિશ્વના નકશામાં સ્થાન આપ્યું હોય તો તે વર્તમાન ભારતના ચાણક્ય અને દીર્ઘદષ્ટા વડાપ્રધાન અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આભારી છે અને આ વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવનાર ગતિશીલ ગુજરાતના પ્રણેતા આપણા સૌના લાડીલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ટીમ ગુજરાતને ખૂબ ખૂબ અભિનંદન. વિરોધ પક્ષના લોકો કહે છે કે ભાઇ, રાજ્ય ઉપર ૧,૬૫,૦૦૦/- કરોડનું દેવું છે પણ મિત્રો દેવું તો જે છે એ વિકાસના કામો માટે છે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે તો રિઝર્વ બેંકમાંથી આજની તારીખ સુધીમાં એક પણ વખત ઓવર ડ્રાફ્ટ લીધો નથી. જ્યારે ભૂતકાળમાં આપની સરકારોએ જલસા અને મોજ-મજા કરીને રિઝર્વ બેંકમાંથી તમે ઓવર ડ્રાફ્ટ લેતાં હતાં. આ સરકારે આજ સુધીમાં એક પણ વખત ઓવર ડ્રાફ્ટ નથી લીધો એ રાજ્યની નાણાકીય સધ્ધરતા બતાવે છે. ભ્રષ્ટાચારની વાતો કરનારા સામેના વિરોધ પક્ષના લોકોને કહીએ કે ભૂતકાળની અંદર એક કોન્સ્ટેબલની ભરતી કરવી હોય કે એક શિક્ષકને બદલવો હોય કે શિક્ષકની ભરતી કરવી હોય તો કેટલા રૂપિયા બોલાતાં હતાં? આજે ડોકટર સાહેબ જોવો ૬૦૦ જેટલા પી.એસ.આઇ.ની ભરતી થઇ છે એની પારદર્શકતા છે. એ પારદર્શકતામાં એક દાખલો બતાવો પી.એસ.આઇ. કે શિક્ષકની ભરતીમાં કયાંય પણ ભ્રષ્ટાચાર થયો હોય એવો એક પણ દાખલો બતાવો. બાકી આપને ત્યાં તો ભ્રષ્ટાચારની ગંગા ચાલતી હતી જોષીયારા સાહેબ એ તમે જુઓ. ગ્રામ્ય વિસ્તારથી શરૂ કરીને શહેરી વિસ્તારના વિકાસ માટે આ રાજ્ય સરકારે કરોડો રૂપિયાનું આયોજન કરેલ છે. વહિવટી પ્રક્રિયા સરળ બનાવવા માટે ઇ-ધરા, ઓન લાઇન કોમ્પ્યુટર સિસ્ટમ દ્વારા ગુડ ગવર્નન્સ ઊભું કરવામાં આવેલ છે અને ગ્રામ્ય વિકાસ માટે થઇને શકિતસિંહભાઇ અને જોષીયારા સાહેબ કહેતા હતા કે ગામડાના વિકાસ માટે કાંઇ નથી આપ્યું. અરે, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો છેલ્લા ૩ વર્ષથી કાર્યરત છે અને દર વર્ષે એમાં કરોડો રૂપિયાનું બજેટ ફાળવવામાં આવે છે. આ વર્ષે ૨૦૧૫-૧૬ના બજેટની અંદર ૪૪૨ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. જોષીયારા સાહેબ જરા બજેટની બુક જુઓ તો કેટલા કામો થયા છે અને ભવિષ્યમાં કેટલા કામનું આયોજન છે. માત્ર વાતો ના કરો અહીં તો કામ કરીએ છીએ. બાકી આપને તો વાતો કરવાનું છે. રાજ્ય સરકારે પાયાના સ્તરે વિકેન્દ્રિત આયોજનને મજબુત બનાવવા તાલુકા સરકારનો એક નવો અભિગમ અપનાવેલ છે. આપણો તાલુકો વિકાસ યોજના નામની નવી યોજના વર્ષ ૨૦૧૧-૧૨ થી અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના દ્વારા રાજ્ય સરકાર ગ્રામ્ય કક્ષાએ પાયાની સુવિધાઓ જેવી કે ગ્રામ્ય આંતરિક રસ્તાઓ, ગટર વ્યવસ્થા, ઘન કચરાના નિકાલ માટેની યોજના, પીવાના પાણીની યોજના જેવી સુવિધા પૂરી પાડવા માગે છે. આ યોજનાનું અમલીકરણ તાલુકા કક્ષાએથી હાથ ધરવાનું રહે છે. આ યોજના માટે વર્ષ ૨૦૧૩-૧૪ અંદાજપત્રમાં ૪૦૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમની જોગવાઇ કરવામાં આવેલ. આ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫માં ૪૪૨ કરોડની રકમ ફાળવવામાં આવેલ. આ વર્ષે ૪૪૦ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે. ભૂતકાળમાં ક્યારેય ગ્રામ્યવિસ્તારની અંદર મોજણીનું કામ થયેલ નથી. આ સરકાર દ્વારા આ અભિગમ અપનાવીને દરેક જિલ્લામાં ગ્રામ્ય કક્ષા સુધી મોજણી કરવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા ઊજવવામાં આવી રહેલ સ્વર્ણિમ જયંતિ વર્ષની ઊજવણીના ઉપલક્ષ્યમાં માઇક્રો લેવલના આયોજન સંદર્ભે સરકારશ્રીને જરૂરી માહિતી ઉપલબ્ધ થાય તે હેતુથી રાજ્યના તમામ ગામોની સવલતો અંગે મોજણી, વિલેજ પ્રોફાઇલના ભાગરૂપે કરવામાં આવેલ છે. આયોજનના નૂતન અભિગમમાં જુદી જુદી યોજનાઓના અમલીકરણના પરિણામે ગામમાં ઉપલબ્ધ સવલતોને ધ્યાનમાં લઇ જુદી જુદી સવલતો અંગેની અદ્યતન માહિતી ગામવાર, તાલુકાવાર, જિલ્લાવાર અને સમગ્ર રાજ્યની માહિતી મેળવી શકાય એ રીતે તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. સદર મોજણીમાં ગ્રામ્ય કક્ષાની સુવિધાઓ જેવી કે, આરોગ્ય લક્ષી, કૃષિ લક્ષી, શિક્ષણ લક્ષી, પશુપાલન સબંધી, ઉદ્યોગો અને રોજગાર તેમજ પીવાના પાણી જેવી પાયાની જરૂરિયાતનો સમાવેશ કરવામાં આવેલ છે. આ અંગે તા.૧-૫-૨૦૧૩ થી તા.૧-૪-૨૦૧૪ની સ્થિતિએ સવલતો અંગેની માહિતિને અદ્યતન કરવામાં આવેલ ડેટા એન્ટ્રીના મોડ્યુલમાં જરૂરી સુધારા વધારા કરી અને તે મુજબની માહિતી એકત્ર કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા પ્રજાના સર્વાંગી વિકાસ માટે તેમજ માનવ વિકાસના અભિગમને સુનિશ્ચિત દિશામાં પ્રોત્સાહન મળે તે ઉદેશ્યથી વર્ષ ૧૯૯૯માં માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળ સામાજીક આંતર માળખાકીય વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ. ત્યારબાદ માનવ વિકાસ સૂચકાંકમાં

વૃદ્ધિ કરવાના ઉદેશ્યથી (અંતરાય) સામાન્ય વહીવટ વિભાગ આયોજન પ્રભાગ હેઠળ સ્વાયત સંસ્થા તરીકે ગુજરાત સામાજીક આંતર માળખાકીય વિકાસ સોસાયટીની રચના કરવામાં આવેલ છે.

સાહેબ, કેન્દ્ર સરકારનો "વીસ મુદ્દા કાર્યક્રમ" એ રાષ્ટ્રીય કાર્યક્રમ છે. જેમાં ગરીબી નાબૂદી, ઉત્પાદકતા વધારવી, આવકની અસમાનતા ઘટાડવી તથા સામાજીક અને આર્થિક અસમાનતાને દૂર કરવી એટલે લોકોનું જીવન ધોરણ ઉંચું લાવવું, રાષ્ટ્રની વચનબદ્ધતાને પ્રતિપાદિત કરવાની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા પુનઃગઠીત "વીસ મુદ્દા કાર્યક્રમ" ૨૦૦૬ને ૧લી એપ્રિલ ૨૦૦૭થી અમલમાં મૂકવામાં આવેલ. ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના અહેવાલ મુજબ "વીસ મુદ્દા કાર્યક્રમ"ની વિનિમય માટે પસંદ કરવામાં આવેલ. બાબતોના અમલીકરણમાં રાજ્યે વર્ષ ૨૦૦૧-૦૨ થી ૨૦૦૬-૦૭ દરમિયાન સો ટકા સિદ્ધિ સાથે પ્રથમ ક્રમ જાળવી રાખેલ છે. આમાં દરેક ક્ષેત્રે ગુજરાતનો પ્રથમ નંબર છે, પણ એ આપણા આ સામેના મિત્રોને દેખાતું નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડો.તેજશ્રીબેન.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં હું મારા વિચારો વ્યકત કરું છું.

**સત્યને તોડી મરોડી ખૂબ માણી છે મઝા,**
**પણ ખોટમાં ગયો વેપાર આખર,**
**મોત આવી આંગણે બેઠું, નિરાંતે વાત કરતું,**
**જિંદગી વિતેલી બેઠી સંભાળાવે સાર, જિંદગી થઇ અસાર.**

માનનીય અધ્યક્ષશ્રી, "વંચિતોનો વિકાસ", "સૌનો સાથ,સૌનો વિકાસ", "अच्छे दिन आने वाले हैं", એવા રુપકડા સૂત્રોની વાતો તો તમે ખૂબ કરી. પણ જો આ બજેટમાં તમે સામાન્ય માણસને લગતા એટલે કે, પેટ્રોલ-ડીઝલ પર ૨૫ ટકા જેટલો જે વેટ લેવામાં આવે છે, પાઇપ લાઇન ગેસમાં જે ૧૫ ટકાનો વેટ લેવામાં આવે છે અને ગુજરાતમાં જ ફક્ત લેવાતો રાસાયણિક ખાતર પરનો વેટ જો ઘટાડવામાં આવે અને ખેડૂતોને રાહત આપવામાં આવી હોત તો અમને અને કોમન મેનને વધુ આનંદ થાત.

જામનગર પાસે એસ્સાર ઓઇલ કંપની પાસેથી સુપ્રિમ કોર્ટના આદેશાનુસાર ૧,૨૯૬/- કરોડ વસુલવાના બાકી નીકળે છે. કેબલ ઓપરેટરો પાસેથી ૯ કરોડ ૫ લાખનો મનોરંજન કર વસૂલવાના બાકી છે. વિવિધ હોટલો પાસેથી ૭ કરોડ ૯૮ લાખ વસૂલવાના બાકી છે. વીસ જેટલી સિમેન્ટ કંપનીઓ પાસેથી એક-એક કરોડ કરતાં વધારે એટલે કે, કરોડો રૂપિયાનો વેરો વસૂલવાનો બાકી છે. ત્યારે મારે કહેવું છે કે, શું આવી કંપનીઓના માલિકો એ બી.પી.એલ. યાદીમાં તો નથી આવતા ને ? આ બધા વેરા વસુલવામાં આવે અને ગરીબ લોકોને જો રાહત આપવામાં આવે તો આ બજેટ સાર્થક ગણાય.

માનનીય અધ્યક્ષશ્રી, બાર કોડેડ રેશન કાર્ડની વાતો તો બહુ કરે છે સામેના ધારાસભ્યો, પણ ફિંગર પ્રિન્ટ લાવી અને લોકોને અનાજ વહેલું મળે એના બદલે હવે લોકોને ધક્કા થાય છે અને અંગુઠા મેચ થતા નથી. કરી કરી અને નિસાસા નાખી અને ઘરડા લોકો અને મહિલાઓ પાછા જાય છે. ત્યારે મારે એ કહેવું છે કે, વાજબી ભાવની દુકાનો પરથી વિતરણ કરેલી વસ્તુઓ અંગે પાંચ વર્ષમાં ૧૬,૭૯૬ ફરિયાદો મળી છે. જ્યારે વાજબી ભાવની દુકાનો સામે ૧,૦૭૧ ફરિયાદો મળી છે એમાં અપૂરતું અનાજ, ઓછો પુરવઠો કે ભેળસેળવાળો માલ, નાણાકીય ગોટાળા, અનાજ સગેવગે કરવા, એની કાળાબજારી કરવી આવી-આવી કેટલીય ફરિયાદોનો સમાવેશ થાય છે. આમ રામના નામે મત મેળવી સત્તા તો મેળવી શકાય પરંતુ આવા ગરીબોને શુદ્ધ અને પૂરતું અનાજ મળે અને ગરીબોની આંતરડી ઠરે ત્યારે જ સાચા અર્થમાં રામરાજ્ય કહેવાય.

આપણે મહાત્માજીના નામે મંદિર તો બનાવ્યું, સ્વચ્છતા સાથે આપણે ગાંધી બાપુને તો જોડ્યા, મહાત્માના નામે દેશ વિદેશમાં પ્રસિદ્ધિ પણ મળી પરંતુ જે *(xxx) પોલીસ તંત્રના આધુનિકરણ અને મોર્ડનાઇઝેશન પોલીસ ફોર્સ જેવા રૂપકડા નામો આપવામાં આવે છે પરંતુ કમનસીબી એ છે કે છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૭૬ જેટલા આરોપીઓ ન પકડાવાને કારણે ભાગેડુ જાહેર કરવામાં આવ્યા. આજે જુદી જુદી જેલોમાંથી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દુર કરવામાં આવ્યા.

મોબાઇલ, સિમકાર્ડ, સિગરેટ, બીડી, ગુટખા, કાતર, ચલણી નોટો વગેરે વસ્તુઓનો પગપેસારો આપણે અટકાવી શકતા નથી અને જેલમાં બેઠા બેઠા મોબાઇલ અને સિમકાર્ડથી જે ક્રાઇમ થાય છે એ ખૂબ જ ગંભીર બાબત છે અને આ કેદીઓને ૩૪૩૭ લાખ રૂપિયાના ઇંડા અને દૂધ ખવડાવો પછી તો જેલમાં ૨૦૦ ફુટની સુરંગ જ ખોદાયને? રાજય સરકાર વીજળી સરપ્લસ હોવાની વાતો કરે છે. એવી સૂચના આપવામાં આવે છે કે ખાનગી ઉત્પાદક મથક બંધ થશે અથવા તો ખામી સર્જાશે ત્યારે જ સરકારી પ્લાન્ટ ચાલુ કરવામાં આવશે. એના બદલે સરકારી પ્લાન્ટ ૨૪ કલાક ચાલુ રાખવો જોઇએ અને જરૂર પડે તો જ ખાનગી વીજ કંપનીઓ જોડેથી વીજળી લેવી જોઇએ. જો આમ થાય તો જ સાચા અર્થમાં ખેડૂતો અને પ્રજાને સસ્તી વીજળી મળી શકે છે. રાજય સરકાર આઠ કલાક વીજળી આપે છે એનો સમયગાળો દર અઠવાડિયે બદલાતો રહે છે. એક અઠવાડિયું દિવસે વીજળી અને એક અઠવાડિયું રાત્રે વીજળી. એમાં રાત્રે વીજળી આપે છે ત્યારે મહિલાઓને તો મુશ્કેલી પડે છે પણ ખેડૂતો જે રાત્રે ખેતરમાં જાય છે બોર ચલાવવા માટે એમને ખૂબ મુશ્કેલી પડે છે. રાત્રે સાપ કરડવાના, સ્નેક બાઇટના ખુબ બનાવો બને છે. મારા મત વિસ્તારમાં પણ એન્ટીસ્નેકવિનમ મળતું નથી ત્યારે આદિવાસી વિસ્તાર અને જંગલોમાં તો શું થતું હશે? (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે બહેન પ્રવચન કરતા હતા એટલે હું વચ્ચે બોલવા નહોતો માગતો પરંતુ એમણે એમના ભાષણની અંદર (xxx) એ પ્રમાણેના ઉલ્લેખો કર્યા છે. આવી કોઇ પ્રતિમા મુકી નથી.

ઉપાધ્યક્ષશ્રી : ગુજરાત સરકારે એવી કોઇ પ્રતિમા મુકી નથી. આ શબ્દો હું રેકોર્ડ પરથી દુર કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : બીજી બાજુ ખેડૂતોની પડતર અરજીઓની સંખ્યા આજની તારીખમાં ૪૮૨૦૦૦ થઇ ગઇ છે. માનનીય મંત્રીશ્રી તો વારંવાર કહે છે કે અમે દર વર્ષે કનેકશનો આપીએ છીએ છતાંય આટલા બધા ખેડૂતોની પડતર અરજી કેમ રહે છે? વાઇબ્રન્ટના નામે તમે ચાર્ટર પ્લેન, કરોડો રૂપિયાની તસ્વીરો પડાવી, હજારો લીટર દારુ પીવાયો.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લાવ્યા છે એને આવકારું છું. કોંગ્રેસ સરકારના વર્ષોના વહીવટમાં ચૌદે દિશાએ ઉંડા ઉંડા ગરીબી હટાવો વગેરેના ઉંડા ઉંડા ખાડા પડેલા તેને પુરવા ભા.જ.પ. શાસનને ૨૦ વર્ષ થયા. હવે ઇમારત ઉભી કરવા માગીએ છીએ. બજેટમાં અનેક ક્ષેત્રે ક્રાંતિકારી રકમનું ખર્ચ કરીને ગુજરાતે સમગ્ર દેશ અને દુનિયામાં નવી ઓળખ આ બજેટ થકી થશે એવો મને ચોકકસ વિશ્વાસ છે અને આખું વિશ્વ હવે ગુજરાતને ૨૦૧૫ થી ૨૦૨૦ના દાયકામાં જોશે. આપણા રાજયમાં બધું જ છે. સાધનો છે, સગવડો છે, અનેક પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. શિક્ષણક્ષેત્રે, આરોગ્યક્ષેત્રે, ખેતીવાડીક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે, વીજળીક્ષેત્રે, પાણીક્ષેત્રે, પુરવઠાક્ષેત્રે, રસ્તા, લાઇટ, ગટર વગેરે ન ભૂતો ન ભવિષ્યતિ એવા ક્રાંતિકારી કામ આ સરકારમાં થયા છે ત્યારે મારે એમ કહેવું છે કે એમાં કાયદો અને વ્યવસ્થાનો મોટો સિંહફાળો છે. જો કાયદો અને વ્યવસ્થા ન હોય તો ઘણું બધું નિષ્ફળ જતું હોય છે. આખા હિન્દુસ્તાનમાં આપણા ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાનું પાલન સારી રીતે કરીએ છીએ, નંબર-૧ના ક્રમે છીએ એનું જીવતું જાગતું ઉદાહરણ જુઓ, પ્રમાણપત્ર જુઓ કે માપદંડ જુઓ. સૌથી પહેલા મારે એ કહેવું છે કે માત્ર આખા હિન્દુસ્તાનમાં સૌથી સલામત શહેર જો હોય તો એ સુરત મહાનગર છે. અને કેન્દ્ર સરકારે નંબર-૧ એવોર્ડ એમને આપેલ છે. આપણા ગુજરાતના ગુજરાતીઓનું ગૌરવ છે. આ પદ ગુજરાતને ગૌરવ અપાવે છે, એટલું જ નહીં ગુજરાત સરકારને છેલ્લાં એક-બે દાયકામાં અનેક એવોર્ડો, અનેક ક્રાંતિકારી પગલાં ભરવાનાં કારણે પ્રાપ્ત થયા છે. તેવી જ રીતે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા વગેરે મહાનગરોમાં ભૂતકાળની કેન્દ્ર સરકારે એવોર્ડ જાહેર કર્યા હતા. કિલન સિટી, નર્સરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભારતીય સિટી સિસ્ટમ, સ્માર્ટ સિટી, અન્ડર કેટેગરી ઓફ ઇકોનોમી એન્ડ ક્રાઇમ એન્ડ સેફ્ટી બાબતનો એવોર્ડ, વિન્ડ પાવર એન્ડ વોટર સપ્લાય સિસ્ટમ માટેનો એવોર્ડ, શહેરોમાં આંતરમાળખાકીય સુવિધા, પર્યાવરણ માટે હરિયાળી વિકસાવવી, સફાઇ, સ્વસ્થતા માટે સ્વચ્છ ભારત સિટી એવોર્ડ, ઇન્ડિયન એવોર્ડ ફોર એકસલન્સ સસ્ટેનેબલ કિલન એન્ડ ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રકચર માટેના એવોર્ડ, એવા અનેક એવોર્ડ ગુજરાતે મેળવ્યા છે. એના મૂળ પાયામાં જો જોઇએ તો આ કાયદો અને વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતમાં છે, એના કારણે આ થયું છે.

સમગ્ર દેશ અને દુનિયામાંથી ઉદ્યોગ, વેપાર, ધંધા કરવા માટે અને રહેવા માટે ગુજરાતની ભૂમિ ઉપર લોકો આવે છે. ૧૯૬૧ માં ૨ કરોડ જેટલી વસતિ, ૧૯૮૧ માં ૩.૫ કરોડ જેટલી વસતિ અને ૨૦૦૧ માં ૫ કરોડ જેટલી વસતિ મારે એ કહેવું છે કે છેલ્લા એક–બે દાયકામાં ૫૦ લાખથી વધુ લોકો દેશ, વિદેશમાંથી ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવવા અહીંયા રહેવા આવ્યા છે. અહી કરોડો કરોડો રૂપિયાના વેપાર, ધંધા, ઉદ્યોગો માટે ઇન્વેસ્ટમેન્ટ કરે છે અને ગુજરાતને રહેવા તરીકે પસંદ કર્યુ છે. એના મૂળમાં જોઇએ તો કાયદો અને વ્યવસ્થાનું જીવતું જાગતું ઉદાહરણ છે. કાયદો અને વ્યવસ્થાના કારણે ઔદ્યોગિક શાંતિ, કરોડો કરોડો નાગરિકોની ધાર્મિક આસ્થા, નવરાત્રિ, ગણેશ ઉત્સવ, રથયાત્રા અનેક તહેવારોમાં સંપૂર્ણ શાંતિપૂર્વક ઉજવણી અને ગામડાંમાં લો એન્ડ ઓર્ડર કાયમ, શહેરી વિસ્તાર ૪૩ ટકા ધરાવતું હોય ત્યારે અસામાજિક તત્વો જેલમાં હોય આ આપણી સરકારની નેમ છે. આપણી સરકારમાં ગુંડારાજ મુકત ગુજરાત છે. આપણી સરકારમાં કર્ફ્યુ મુકત ગુજરાત છે. આપણી સરકારમાં સુરક્ષિત સીમા રહે. પાકિસ્તાન જેવા પડોશી રાજ્ય હોય, રણપ્રદેશ હોય, ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો હોય લોકોના જાનમાલનું રક્ષણ અને સુરક્ષાની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ ગુજરાત છે અને એના કારણે ક્રાઇમ રેટ અન્ય રાજ્યની તુલનામાં ખૂબ ઓછો છે. આતંકવાદ સામેની લડાઇમાં સરકાર ઝીરો ટોલરન્સ સાથે બેઠી છે. આતંકવાદ અને આતંકવાદીઓ ઉપર સહેજ પણ દયા નથી. ટીટ ફોર ટેટની નીતિના કારણે ગુજરાત સરકાર કાર્યરત છે. સમગ્ર હિન્દુસ્તાનના અનેક શહેરોમાં સિરિયલ બોમ્બ બ્લાસ્ટ થયા. આતંકી હુમલા થયા, પરંતુ મારે એ કહેવું છે કે કોંગ્રેસ સરકાર કયારેય ગુનેગારને પકડી શકી નથી. અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ થયા, સુરતમાં પણ સિરિયલ બોમ્બ મુકાયા હતા. કમનસીબે અને અમારા સદનસીબે બોમ્બ ન ફૂટ્યા, પરંતુ જે તે વખતે આપણા રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ૧૦૦ દિવસમાં ગુનેગારને જેલમાં પૂર્યા. આ કાયદો અને વ્યવસ્થાનું ઉત્તમ ઉદાહરણ છે. એ.ટી.એસ. હોય કે જાંબાજ કમાન્ડો હોય એ તમામને માટે આ વખતના બજેટમાં એને સજ્જ કરવા માટેની ખૂબ મોટી જોગવાઇ કરી છે. આપણા ગુજરાત રાજયમાં રણ પ્રદેશ, વિશાળ દરિયાકિનારો, પાકિસ્તાન જેવા નાપાક ઇરાદો ધરાવતો દેશ તેને અડીને આપણી સીમા છે, ત્યારે મરીન એકેડેમી, ફિશરમેન વોચ ગ્રુપ કાર્યરત છે. આપણે ડબલ એન્જિનનું હેલીકોપ્ટર ૧૦૦ કરોડના ખર્ચે ખરીદવાની આ બજેટમાં જોગવાઇ કરી છે, ત્યારે સીમા ઉપર, રણ ઉપર અનેક દરિયાકિનારા ઉપર આપણે આ દેખરેખ રાખવાના છીએ. મારે એમ કહેવું છે કે ગરીબની આંતરડીની વાત કરે છે. મારે એ કહેવું છે કે આના કારણે ૧૦૦ કરોડના લોકોનું જાનમાલનું રક્ષણ એના અસ્તિત્વનું રક્ષણ આ ગુજરાત સરકાર કરે છે. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ક્રાઇમને લગતા, સાઇબર ક્રાઇમને લગતા ગુનાઓ ઉકેલવા સમગ્ર હિન્દુસ્તાનમાં સૌથી અમૂલ્ય અને આધુનિક નં.૧ સાયન્સ લેબોરેટરી ગુજરાત પાસે છે. ગુનાઓ ઉકેલવા, ચકાસણી કરવા, સી.બી.આઇ., રો, પોલીસ આખા દેશમાંથી ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો ઉપયોગ આપણા ગુજરાતમાં થઇ રહ્યો છે. જે આપણા માટે ગૌરવની બાબત છે. કાયદો અને વ્યવસ્થાના પાલનની બાબતમાં ગુજરાત નં.૧ છે. મારે સામેવાળાને કહેવું છે કે અત્યાર સુધીમાં તમે વાત કરી, પરંતુ ગુજરાતની બહાર નીકળો, અન્ય પ્રાંત જુઓ, દેશ અને દુનિયા જુઓ ત્યારે તમને ગુજરાત યાદ આવશે. અહીંયાના કાયદો અને વ્યવસ્થાની યાદ આવશે. અહીંયાની કિલનનેસની વાત યાદ આવશે. અહીંયાના શહેરના વિકાસની વાતો યાદ આવશે. અહીંયાના રસ્તા, ગટર,પાણી, સફાઇ, આરોગ્યની વાતો, અને આપણને ખરેખર એમ થશે નહીં મારું ગુજરાત નં.૧ છે. આ બાબતનો અહેસાસ તેમને થશે. માત્ર મારે આટલી જ વાત નથી કરવી. ૧૬૦૦ કિલોમિટરનો દરિયાઇ કિનારો છે. આ દરિયા કિનારાનું રક્ષણ અને ખાસ કરીને પાકિસ્તાનના નાપાક ઇરાદો ધરાવતા છોકો છાશવારે આપણી સીમામાં આવે ત્યારે મને કહેવા દો કે આપણું રાજય હતું, આપણા રાજયના કારણે આ માછીમારોનું રક્ષણ આપણે કરી રહ્યા છીએ. મારે એ પણ કહેવું છે કે જયારથી કેન્દ્રની અંદર આપણું શાસન આવ્યું, માનનીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકાર બની ત્યારે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું અને આપણા તમામ માછીમારોને વિના શરતે તાબડતોબ મુકત કર્યા આ આપણી નૈતિક તાકાત છે. આપણી ઝીરો ટોલરન્સની નીતિ છે. જે ક્રાઇમ છે, જે આતંકવાદ છે તેના પર જે પકડ છે તેના કારણે આજે ભારતીય જનતા પાર્ટીનું નેતૃત્વ દેશ અને દુનિયા વખાણે છે. ત્યારે મારે આ બજેટમાં લાખ લાખ ધન્યવાદ સૌરભભાઇને આપવા પડે કે એમણે સુરક્ષાની બધી જ ચિંતા કરી છે અને બજેટમાં હેલીકોપ્ટરથી લઇને અનેક ક્ષેત્રે ખૂબ મોટી જોગવાઇ કરી છે. સૌરભભાઇને લાખ લાખ અભિનંદન. આભાર.

શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ એ દેશની કરોડરજ્જુ છે. કૃષિ આપણા રાજય અને દેશનો મુખ્ય વ્યવસાય છે. દિવસે દિવસે કૃષિની માંગ વધી રહી છે. જયારે માંગ વધી રહી છે ત્યારે દિવસે દિવસે ખેતીની જમીન ઘટતી જાય છે, ઓછા વિસ્તારમાં ઓછા ખર્ચે વધુ અને સારું ખેત ઉત્પાદન કરવું તે આપણી જવાબદારી બને છે. ગુજરાતમાં ખેતીની વાત કરીએ તો તેમાં ૬૫ ટકા ખેડૂતો ખેતી કરી રહ્યા છે. તેની સાથે સાથે ૫૪ ટકા મજૂર ખેતી ઉપર નિર્ભર રહ્યો છે. એક વર્ષમાં એક જમીનમાં બે થી ત્રણવાર સારી ખેતી થાય અને વધુ ઉત્પાદન થાય તે સમયની માંગ છે. ત્યારે મારે કહેવું જોઇએ કે વૈજ્ઞાનિક ઢબે વ્યવસાયિક ખેતી કરવી જોઇએ. ગુજરાતની અંદર મગફળી, દિવેલા અને કપાસના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. દેશમાં મગફળીનું ઉત્પાદન ૩૦ ટકા છે. દેશમાં કુલ દિવેલાનું ઉત્પાદન પૈકી માત્ર ગુજરાતમાં ૮૦ ટકા ઉત્પાદન થઇ રહ્યું છે ત્યારે વિશ્વની અંદર દિવેલા ઉત્પાદનમાં ગુજરાત પ્રથમ નંબરે છે. કપાસની અંદર ૨૦૧૩-૧૪માં ૬ લાખથી વધારે ગાંસડીનું ઉત્પાદન છે. ગુજરાતની અંદર કપાસનું સારામાં સારું વાવેતર થયું છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાવેતર વિસ્તારમાં ખાદ્ય પાકની વાત કરું તો.. સાહેબ મારો ટાઇમ બગાડે છે. સાહેબ મને મારો ટાઇમ આપવો પડશે.

ઉપાધ્યક્ષશ્રી : આપનો વિષય બોલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, જયારે હું બોલતી હતી...

ઉપાધ્યક્ષશ્રી : નહીં નહીં આપનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો વિષય બોલો. શું છે?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે હું સરકાર શબ્દ નથી બોલી. તમે રેકર્ડમાં જોઇ લેજો.

ઉપાધ્યક્ષશ્રી : નહીં નહીં આપ બેસી જાઓ. બાબુલાલ આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાદ્ય પાકોની વાત કરું તો ૨૦૦૨-૦૩ની અંદર

ઉપાધ્યક્ષશ્રી : હાલ કોઇ સભ્યને કાઉન્ટર રીપ્લાય આપવાની પરમીશન નહીં આપી શકું બેસી જાઓ આપ.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાકોની વાત કરું તો ૨૦૦૨-૦૩ની અંદર ૩૬ લાખ ટન હતું. ૨૦૧૩-૧૪ માં આ વર્ષે મને કહેતાં આનંદ થાય છે કે ૯૫ લાખ ૮૨ હજાર મે.ટન એટલે કે ત્રણગણું થયું છે. ધાન્ય પાકની વાત કરીએ તો ચોખા, જુવાર, ઘઉં, બાજરી વિગેરેમાં ૨૦૦૨-૦૩માં ૪ લાખ ૩૬ હજાર મે.ટન ઉત્પાદન હતું. મને કહેતાં આનંદ થાય છે કે ૨૦૧૩-૧૪ની અંદર ૧૫ લાખ મે.ટન ઉત્પાદન વધીને ત્રણગણું થયું છે. ઘઉંમાં વર્ષ ૨૦૦૨-૦૩ની અંદર ૮ લાખ ૫૭ હજાર મે.ટન ઉત્પાદન હતું. આ વર્ષે છ થી સાત ગણું ઉત્પાદન એટલે કે ૪૭ લાખ ૯૪ હજાર મે.ટન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મગફળીની વાત કરીએ તો ૨૦૦૨-૨૦૦૩ની અંદર વાર્ષિક ૧૦ લાખ મે.ટનનું ઉત્પાદન હતું આજે ૫૪,૪૫,૦૦૦ મે.ટનનું ઉત્પાદન છે એનો અર્થ એ થયો કે ૫ ગણું ઉત્પાદન છેલ્લા દસ વર્ષમાં આપણે વધારી શક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૫૩૯ કિલો પ્રતિ હેકટરે ૨૦૦૩માં જે ઉત્પાદન થતું હતું આજે કહેતા આનંદ થાય છે કે એક હેકટરે ૩૨૫૦ કિલોનું ઉત્પાદન કરીએ છીએ. મારો કહેવાનો ભાવાર્થ એ છે કે મિત્રો જમીન ઓછી થઇ, વસતિ વધી છતાં આ શક્ય બન્યું છે ત્યારે મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે, એમના જમાનામાં જમીન વધારે હતી વસતિ ઓછી હતી ત્યારે એ બહારથી આયાત કરતા હતા. ખાંડ લાવતા હતા, ઘઉં લાવતા હતા, તેલ લાવતા હતા. મિત્રો જમીન ખૂબ હતી વસતિ ઓછી હતી છતાં વિદેશમાંથી આયાત કરવાની જરૂરિયાત પડતી હતી. મારે એ પણ કહેવુ જોઇએ કે એમને વિદેશ કોઠે પડી ગયું છે એટલે જ તો ૧૨૫ કરોડની વસતિમાં એમને પ્રમુખ પણ નથી મળતા •(xxx) (અંતરાય)

ઉપાધ્યશક્ષશ્રી : માનનીય બાબુભાઇ, બજેટ પર આવો. આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવ્યા.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતની ચિંતા જો કોઇએ કરી હોય તો આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કોંગ્રેસને કહેવું જોઇએ કે એમને કોઇ સૂઝબૂઝ ન હતી. જેમાં કોઇ ખર્ચ ન હતો એવી ખેત તલાવડી, સીમ તલાવડી, બોરીબંધ, ચેક ડેમ એવું કાંઇ ન કર્યું. સાહેબ, આ ચેક ડેમ અમે બનાવ્યા તો લાભ શું થયો? ૧૫ થી ૨૦ ફૂટ જેટલા પાણી ના તળ ઉંચા આવ્યા. મારે એ કહેવું છે કે એમને ખબર ન હતી કે આ સરકાર એ ખેડૂતો માટે દેવું કરે છે અને દેવું કોણ કરે? સાહેબ, દેવું માણસ પોતાના પરિવાર માટે કરે, પરિવારના દીકરાને ભણાવવો હોય, પરિવાર માટે મકાન બનાવવું હોય તો માણસ એને માટે દેવું કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સરકાર માટે પ્રજા એનો પરિવાર છે. મારે એ પણ કહેવું છે આ દેવાની વાત કરે છે ત્યારે દેવું કોણ કરે? બાપુને કહેવું છે કે, દેવું કોણ કરે વ્યવહારી હોય એને દેવું થાય. દેવું કોને મળે? કોંગ્રેસ દેવું ક્યાં કરી શકી? એક ભાઇબંધ મને કહેતો હતો કે કોંગ્રેસ દેવું ન કરી શકે વ્યવહારી હોય એને જ દેવું મળે. કોંગ્રેસનો નિયમ હતો લીયા ઉસકા દીયા તો ઉસમે નફા કયા કીયા? પછી તો કોણ લોન આપે? આ ભારતીય જનતા પાર્ટી નિયમવાળી પાર્ટી છે અને જે કહ્યું છે એ કરે અને જે કરે છે એની જ વાત આપણે મૂકીએ છીએ. મારે બીજી વાત પણ કરવી છે કે ખેડૂતોની ચિંતા જો કોઇએ કરી હોય તો આપણા મુખ્યમંત્રી આનંદીબેને કરી છે. ખેડૂતો માટે ગોડાઉન, ખેડૂતો માટે એ.પી.એમ.સી.માટે ગોડાઉન, ખેતરમાં ગોડાઉન માટે ૯૦ ટકા સબસિડી, સેવા સહકારી મંડળીઓ માટે ગોડાઉન બનાવવા ૯૦ ટકા સબસિડી આ ખેડૂતોની ચિંતા જો કોઇએ કરી હોય તો ખેડૂત પુત્રી આનંદીબેન પટેલે કરી છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૫-૧૬નું જે બજેટ લઇને આવ્યા છે એ બજેટમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે નીતિનભાઇ પટેલ સાહેબ, કોંગ્રેસની સરકાર અને ભારતના માજી વડાપ્રધાન સ્વ.ઇન્દિરા ગાંધીના દેશમાં ગરીબી નાબૂદી માટેના ૨૦ મુદાના કાર્યક્રમની પ્રસંશા કરેલી. મારે નીતિનભાઇ સાહેબને અભિનંદન આપવા છે અને એ વખતે ગુજરાત સરકારે આ રાજયમાં ૨૦ મુદા અમલીકરણ સમિતિના અધ્યક્ષને કેબિનેટ મંત્રીનો દરજ્જો આપી અને ગરીબોના કાર્યક્રમો એ વ્યવસ્થિત થાય છે કે કેમ, એનું અમલીકરણ સરળતાથી થાય છે કે કેમ? એ માટે જિલ્લે જિલ્લે મિટિંગો કરી અને આ કાર્યક્રમને સફળ બનાવ્યો. એ વખતે બજેટમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની માગણીઓ પર જોગવાઇઓ ઓછી થતી હતી, પણ બધી જ બાબતોમાં આવા વર્ગને પ્રાધાન્ય આપવામાં આવતું હતું અને યોજનામાં એમને ભાગીદાર બનાવવામાં આવતા હતા, યુ.પી.એ. સરકારે આ દેશમાં એક ઐતિહાસિક રોજગાર ગેરંટીનો કાયદો આપ્યો અને દેશમાં ૬૦૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવી અને આ દેશને રોજગાર ગેરંટી કાયદો આપ્યો. આ કાયદા અંતર્ગત આ રોજગાર ગેરંટી યોજનાનું અમલીકરણ એ જે તે રાજ્ય સરકારના વિષયની બાબત છે

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે ૨૦૧૨-૧૩માં કુલ ૫૭૩ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું. આ યોજનાકીય બજેટની સાથે સાથે એના વહીવટી ખર્ચ માટે ૬ ટકા મુજબ ૩૪ કરોડ રૂપિયા થાય, પરંતુ ગ્રામ વિકાસ ખાતા મારફતે પંદર કરોડ રૂપિયા વધારે ખર્ચીને ૬ ટકાના બદલે ૧૨ ટકા વહીવટી ખર્ચ કર્યો અને એ જ રીતે ૨૦૧૩-૧૪માં કુલ ૪૪૯ કરોડના બજેટના ૬ ટકા લેખે ૨૭ કરોડ થાય પરંતુ ૪૨ કરોડ વહીવટી ખર્ચો એ જ રીતે ૨૦૧૪-૧૫માં ૪૧૧ કરોડ એના ૬ ટકા લેખે વહીવટી ખર્ચ ૨૪.૫૦ કરોડ થાય તેના બદલે ટોટલ ૩૫.૫૦ કરોડ કર્યો, આ રીતે જે વહીવટી ખર્ચ સરકારમાં ભરતીઓ માટે વાપરવાનો હોય. કેન્દ્ર સરકારે આ યોજનાની સાથે સાથે ૪૫ દિવસથી વધારે સમયની કરાર આધારિત જગ્યા હોય તો એમાં અનામત નીતિનો અમલ કરવો પડે. એ માટે એસ.સી. એસ.ટી., બક્ષીપંચની ટકાવારીનો અમલ કરવો પડે. ગ્રામ વિકાસ કમિશનર હસ્તકની એક બીજી સંસ્થા છે લાઇવલીહુડ કોરપોરેશન એમાં જ્યારે જગ્યાઓની જાહેરાત આવે ત્યારે અનામત નીતિનો અમલ કરવાનો થાય. જ્યારે મનરેગામાં તાજેતરમાં જાહેરાત કરવામાં આવી એ વખતે પણ આ અનામત નીતિનો અમલ કરેલો નથી, આ ડી.આર.ડી.એ. જે જિલ્લા કક્ષાએ કેન્દ્ર સરકારની સામાજિક સેવાઓના વહીવટી અમલીકરણની એજન્સી છે, જિલ્લાના ડી.ડી.ઓ. એના ચેરમેન હોય છે એ ડી.ડી.ઓ. માં કેન્દ્ર શાસિત પ્રદેશ જેવો આ વિભાગ હોય તેમ કોઇપણ જાતની ખર્ચની મર્યાદા વગર એ લોકો આમાં ખર્ચ કરતા હોય છે. સરકારના કોઇપણ વિભાગમાં બે લાખ રૂપિયાથી ઉપરની ખરીદી હોય ત્યારે એના ટેન્ડરો બહાર પાડવામાં આવે

છે ત્યારે લાખ્ખો રૂપિયાના ખર્ચા ડી.ડી.ઓ. અહીંયા એની રીતે કરતા હોય છે. તાજેતરમાં સાબરકાંઠા, અરવલ્લી અને દાહોદ જિલ્લામાં મનરેગામાં મોટામાં મોટો ભ્રષ્ટાચાર થયો અને એમાં પણ સાબરકાંઠા જિલ્લામાં ૨૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો, દાહોદમાં એકસો કરોડનો ભ્રષ્ટાચાર થયો. ડી.આર.ડી.એની સમિતિના ડી.ડી.ઓ. ચેરમેન હોય છે ત્યારે દાહોદના ડી.ડી.ઓ. ના સામે ભ્રષ્ટાચારનો આક્ષેપો થયા તેમની સામે તપાસ કરવાની થઇ ત્યારે એમની બદલી કરીને અને ગ્રામ વિકાસમાં એડિશનલ કમિશનર, મનરેગા તરીકે મૂકવામાં આવ્યા. આ જિલ્લા વિકાસ અધિકારીઓનું કૌભાંડ ક્યારે બહાર આવ્યું કે સાબરકાંઠામાં એક કોન્ટ્રાક્ટરને પૈસા ચૂકવવા માટે મનરેગામાં ગ્રાન્ટ નહોતી એટલે ડી.ડી.ઓ. એ કોન્ટ્રાક્ટરને પેમેન્ટ કરવાનો ઓર્ડર કર્યો કે ઇન્દિરા આવાસની યોજનાના ગરીબ માણસોના મકાનના પૈસા પડ્યા છે એમાંથી તમે બે કરોડ રૂપિયા ટ્રાન્સફર કરી અને આ કોન્ટ્રાક્ટરને આ રકમ ચૂકવી આપો. આ મનરેગાના જે કૌભાંડો છે એની સેન્ટ્રલ વિજિલન્સ કમિટિ મારફતે તપાસ થવી જોઇએ અને માનનીય નાણા મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ ડિપાર્ટમેન્ટ જેમાં મોટું ફંડ આવે છે એમાં ઓડિટનું થોડુંક ધ્યાન રાખવામાં આવે કારણકે આવી સંસ્થાઓમાં સી.એ.જી.નું ઓડિટ થતું નથી. અને ચાર્ટડ એકાઉન્ટન્ટો મારફતે ઓડિટ થાય છે અને જે લોકલ કર્મચારીઓ, કદાચ બધાને નવાઇ લાગશે કે સાબરકાંઠામાં જયારે કૌભાંડ ચાલતુ હતું ત્યારે કોન્ટ્રાકટરે એકી સાથે છ સ્કોર્પીઓ છોડાવેલી. અને બનાસકાંઠામાં પેલો મારૂતિનો ડિલર કહે કે ભાઇ મનરેગા યોજના બંધ ગઇ છે, અમારા વર્ક આસીસ્ટન્ટો દર મહિને એક મારૂતિ ગાડી લેતા હતા. એટલે ગરીબલક્ષી યોજનાઓમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે, અને આ યોજનાઓમાં આજે રાજય સરકારના પરિપત્રોનું ચૂસ્તપણે અમલ થાય એ જોવા મારી આપ સૌને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી અહીંયા બેઠા છે અને શિક્ષણ મંત્રી શિક્ષણના એક જીવ પણ છે. શિક્ષણની કિંમત શું હોય તે સારી રીતે જાણ છે.

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજય તેની વિકાસ કૂચમાં વંચિતો માટે કંઇ પણ કાર્ય કરે અને તે પણ સક્ષમ કાર્ય હોય અને તેના માટે નક્કર પગલાં લેતી હોય એ વિકાસની સાચી બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેલના ડબ્બા કે સસ્તુ અનાજ આપીને ગરીબી દૂર કરવાની વાત હોય તેનાથી વિકાસ ના થાય. પણ જો ખરેખર સાચો વંચિતોનો વિકાસ કરવો હોય તો એનો સર્વાંગી વિકાસ થવો જોઇએ. એના વિકાસની અંદર એની શૈક્ષણિક બાબત હોય, આર્થિક બાબત હોય, તેના આરોગ્યની બાબત હોય, તેના રહેઠાણની બાબત હોય આ બધીજ બાબતો માટે જો તેનું ધ્યાન રાખવામાં આવે તો સાચો વિકાસ કહેવાય. ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને આ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી વિકાસ માટે વંચિતો માટે જે તેમનું સ્વપ્ન છે તે સ્વપ્નને સાકાર કરવા માટે રાજયના નાણામંત્રી જે ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પૂરાવવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપતિના આભાર પ્રસ્તાવ ઉપર જયારે દેશના લોકલાડિલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ વંચિતો માટે વાત કરી રહ્યા હતા તેને ધ્યાનથી સાંભળતો હતો. તેમણે વાત કરી કે આ રાષ્ટ્રની અંદર વંચિત, નિરાધાર, શોષિત, પીડિત જો એક પણ વ્યકિત હોય તો એ રાષ્ટ્રને વિકસીત રાષ્ટ્ર કયારેય ના કહી શકાય. એક પણ રાજય જો વિકાસથી વંચિત હોય તો એ વિકસિત રાષ્ટ્ર કયારેય ના બની શકે. રાજયના નાણામંત્રીશ્રીએ છેવાડાના માનવી સુધી પહોંચવાનો જે પ્રયાસ કર્યો છે તેને હું બિરદાવુ છું. પછાત વર્ગ માટે આ અંદાજપત્રની અંદર ૨૨૬૩ કરોડની જે ફાળવણી કરી છે તેને હું આવકારુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના શૈક્ષણિક રીતે પછાત અનુસૂચિત જાતિના કલ્યાણ માટેના મંત્રીશ્રી રમણભાઇ વોરાના લક્ષ્યને પૂર્ણ કરવા માટે ગત વર્ષની સરખામણીમાં બજેટની જે ફાળવણી કરી છે તેને પણ હું આવકારુ છું. સર્વાંગી વિકાસની વાત હોય, શૈક્ષણિક વિકાસની વાત હોય ત્યારે શૈક્ષણિકની અંદર તમામ વર્ગના વિદ્યાર્થીઓ ધોરણ એકથી લઇને તે પાયલોટ બને, એન્જીનીયર બને, ડોકટર બને, વકીલ બને ત્યાંસુધીના તેના શિક્ષણની પૂરેપૂરી તકેદારી લેવાતી હોય, શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સ્ટાઇપેન્ડની યોજનાઓ હોય, એના માટે લોનની વ્યવસ્થા હોય, રહેવા માટે છાત્રાલયની વ્યવસ્થા, સારી કક્ષાના છાત્રાલયની વ્યવસ્થા, સારી સ્કૂલોની વ્યવસ્થા હોય એને જો ધ્યેયપૂર્ણ કરવા માટે, વંચિતો માટે જો આ ધ્યાન ઉપર રાખવામાં આવે તો એ ખરેખર સુંદર કાર્ય થઇ શકતું હોય છે અને તેનું જે ઉદાહરણ છે તે ગુજરાતની ટીમે જે વિકાસ કર્યો છે તે ગતિશીલ

ગુજરાતની અંદર તે સીમાચિન્હરૂપ છે અને તેના માટે સંપૂર્ણ ગુજરાતની ટીમ આભારી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરું તો ગત વર્ષોમાં જે સ્ટાઇપેન્ડ આપવામાં આવતું હતું તેની અંદર પણ વધારો કરવામાં આવ્યો, ૧ થી ૪ ધોરણ માટે ૨૫૦ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી, ૮ થી ૧૦ ધોરણમાં ૪૦૦ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી. અતિ પછાત હોસ્ટેલમાં રહેનારા વિદ્યાર્થીઓ માટે ૨૫૦૦ થી ૩૦૦૦ ની અને બેસ્ટ સ્કોલર માટે ૨૫૦ થી ૧૦૦૦ ની વ્યવસ્થા, ઉચ્ચતર માધ્યમિક માટે ૪૭૫ થી ૮૦૦ સુધીની વ્યવસ્થા, કન્યાઓને પોષ્ટ એસ.એસ.સી. પછી ૬૫૦ રૂપિયાથી વધારીને ૨૮૦૦ સુધીની શીષ્યવૃતિ, છાત્રાલયમાં રહી અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૧૬૦૦ થી ૭૫૦૦ સુધીની વ્યવસ્થા અને ગણવેશની વ્યવસ્થા, પહેલાના વખતમાં જયારે ડિસેમ્બર મહિનામાં ગણવેશ આપવામાં આવતો હતો તેની જગ્યાએ આ ગતિશીલ સરકારે શાળા ખુલે તેની સાથે જ વિદ્યાર્થીઓને ગણવેશ પ્રાપ્ત થાય તેના માટે પણ વ્યવસ્થા કરી છે જે ખરેખર પ્રસંશનીય છે. સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ, આઇ.ટી.આઇ. કે આશ્રમશાળા હોય, દરેક જગ્યાએ લોકોને સહાય પૂરી પડે, સેલ્ફ ફાઇનાન્સમાં ભણવું હોય તો ૫૦ હજાર સુધીની વ્યવસ્થા સરકાર કરે છે. આઇ.ટી.આઇ. માટે ૪૦૦ રૂપિયાની વ્યવસ્થા કરે છે. આશ્રમશાળા, ગ્રાન્ટ-ઇન-એઇડ ૨૩૫૬૫ વિદ્યાર્થીઓને મફત સુવિધા પૂરી પાડવામાં આવે છે. ૯માં ધોરણની વિદ્યાર્થીનીઓને સાયકલ પણ પૂરી પાડવામાં આવે છે. તેના અભ્યાસમાં ઉત્તરોતર પ્રગતિ થાય તેના માટેની વ્યવસ્થા પણ સરકાર કરે છે. વિદેશમાં અભ્યાસ કરવા માટે પહેલાના વખતમાં જે સહાય આપવામાં આવતી હતી એની અંદર વધારો કરી અને ૧૫ લાખ રૂપિયા સુધીની સહાય ૪ ટકાના સરળ વ્યાજે એમને આપવામાં આવે છે. મેડિકલ, એન્જિનિયરના વિદ્યાર્થીઓને પણ પાઇલોટ બને તેના માટે ૨૫ લાખ રૂપિયા સુધીની ૪ ટકાની લોનની વ્યવસ્થા પણ સરકારે કરેલી છે. એમ.ફીલ કરતા હોય, પી.એચ.ડી. કરતા હોય કે પછી બીજો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા હોય, આઇ.પી.એસ. કે આઇ.એ.એસ.ની ટ્રેઇનિંગ માટે પણ સહાય પ્રાપ્ત થાય તેવી જોગવાઇ છે અને સરકાર તેના માટે કાર્યરત છે. એનાથી આગળ વાત કરું તો આરોગ્ય ક્ષેત્રની વાત છે, ગરીબોને, મધ્યમ વર્ગને આરોગ્યની સહાય મફત આપવામાં આવે છે. અને ખાસ કરીને હું નીતિનભાઇનો અને મુખ્ય મંત્રીશ્રીનો પણ આભાર માનું છું કે ગરીબો માટે તો કાર્ય થાય છે. પણ પછાત વર્ગનો જે મધ્યમ વર્ગ છે, નથી ગરીબ અને નથી અમીર, તેના માટે પણ આ વખતે જે જોગવાઇ સરકાર તરફથી કરવામાં આવી છે તેમાં ૧ લાખ ૨૦ હજારની મર્યાદાની અંદર મફત સહાય, અને એ સહાયનો સૌથી વધુ લાભ જો કોઇને મળતો હોય તો પછાત વર્ગના લોકોને મળે છે. હું આ બજેટને આવકારું છું.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫-૧૬ના આ બજેટની સામાન્ય ચર્ચામાં ભાગ લેવા માટે હું ઉપસ્થિત થયો છું. ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે પ્રગતિ, વિકાસ જયાં હોય ત્યાં જ પ્રગતિ થાય અને તેના માટે આ તબકકે એક શ્લોક કહેવાનું મન થાય છે કે ''કર્મ કીયે જા, ફલ કી ઇચ્છા મત કર તું એ ઇન્સાન, જૈસા કર્મ કરેગા વૈસા ફલ દેગા ભગવાન'', અને તેના હિસાબે સતત આ ગુજરાત રાજયને ફળના હિસાબે જ આ પક્ષમાં બેસવા મળે છે, અને ફળના હિસાબે આ પક્ષના લોકોને સામા પક્ષમાં બેસવું પડે છે તે કહેવાનું મન થાય છે. ૧૬૦૦ કિલોમિટરનો આ દરિયા કાંઠો અને આ દરિયાકાંઠાની અંદર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની જે યોજનાઓ આવી છે તે યોજનાને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. હું અભિનંદન આપું છું આદરણીય શ્રી રમણભાઇ વોરાને કે આવી યોજનાઓ બહાર પાડી. પછાત વર્ગ માટે જો કોઇએ વિચાર્યુ હોય તો ગુજરાત રાજયની આ સરકારે વિચાર્યુ છે, આદરણીય આનંદીબહેન પેટલના માર્ગદર્શન હેઠળ આ સરકાર જે કામ કરી રહી છે તેવું ને તેવું કામ કરતી રહે તેવી અમારી ઇચ્છા છે. અનેક યોજનાઓ સરકારશ્રીએ જે અમલમાં મુકી છે તેની હું વાત કરીશ. વિચરતી અને વિમુકત જાતિના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણીક ફી સહાય યોજના બાબતે વાત કરીશ. વિચરતી અને વિમુકત જાતિને સેલ્ફ ફાઇનાન્સ માટે, લો કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રૂપિયા બે લાખની આવક મર્યાદા ધ્યાને લઇ અને ૫૦ હજારની મર્યાદામાં શિક્ષણ ફી સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે તે સરાહનીય બાબત છે. જે વિદ્યાર્થીઓ સ્કોલર હોય અને ધોરણ-૧૨માં ૫૦ ટકા કરતાં વધારે માર્કસ લાવ્યા હોય તેઓને વિદેશ જઇને પગભર ઉભા રહી શકે એ માટે એમની ભવિષ્યની ચિંતા આ રાજય સરકારે કરી છે એ પણ ખૂબ જ સહારનીય છે. વિદેશ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓને ૫૦ લાખ જેવી માતબર રકમ લોન તરીકે અને એ પણ ૪ ટકાના મામૂલી વ્યાજે આપવામાં આવે છે જે ખૂબ જ સારી બાબત છે.

અમારા વિસ્તારમાં આદરણીય શુકલભાઇ છે એમનો પુત્ર ચાઇનામાં અને કોળી સમાજનો એક દીકરો જે વડલીનો છે એ એમ.બી.બી.એસ. કરે છે. જે અમારી સાથે ઇન્ટરનેટ ઉપર ફોન કરતા હોય ત્યારે અભિનંદન આપે છે કે એ જયારે ડોકટર બનીને આવશે ત્યારે આ સરકારનું કયારેય ઋણ નહીં ભૂલી શકે.

ધોરણ-૧૨ હોય કે ધોરણ ૧૦ હોય, બોર્ડમાં પ્રથમથી ત્રીજા ક્રમે આવતા હોય એ પ્રથમ આવનાર દસમાં ધોરણમાં ૩૧ હજાર અને ૧૨માં ધોરણમાં ૩૧ હજાર અને બીજા નંબરમાં ૨૧ હજારનું ઇનામ આપવામાં આવે છે.

કોમર્શીયલ પાઇલોટ લાઇસન્સ અને તાલીમ માટે લોન આપવામાં આવે છે એ પણ સરાહનીય બાબત છે. બક્ષીપંચની એક દીકરી પાઇલોટ બનીને ઉંચા ઉંચા ઉડાન ભરી રહી છે એ આપણે ભૂલવું ન જોઇએ. અનેક યોજનાઓ સરકાર દ્વારા અમલમાં મૂકી છે. હમણાં શ્રી કિશોરસિંહભાઇએ વાત કરી એમાં મારો સૂર પૂરાવું છું. પ્રાથમિક શાળાથી માડીને પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય અમલમાં છે. શૈક્ષણિક યોજનાઓ હેઠળ અભ્યાસક્રમ અનુસાર જુદા જુદા દરે શિષ્યવૃતિ ચૂકવવામાં આવે છે. એ ઉપરાંત (અંતરાય) અમારા વિસ્તારમાં રહેવા માટે જમવા માટે તથા અભ્યાસ માટે વિનામૂલ્યે સુવિધાવાળી આશ્રમશાળાઓ સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે. અમારા જિલ્લામાં નીચેના સ્થળો ઉપર ત્રણ આશ્રમશાળાઓ આવેલી છે એમાં ૧ થી ૮માં વિદ્યાર્થીઓની આવક અને ટકાવારીને ધ્યાને લઇને પ્રવેશ આપવામાં આવે છે. ત્રણ આશ્રમશાળા જેમાં ચાંચ, સાવરકુંડલા અને ભાડલા ખાતે કરવામાં આવેલ છે. ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને રહેવા અને જમવાની વિનામૂલ્યે સગવડ આપવામાં આવે છે એવા અમારા જિલ્લામાં આઠ છાત્રાલયો ચાલે છે એમાંથી ત્રણ મારા વિસ્તારમાં ચાલે છે. જયારે આવા કુમાર છાત્રાલયો ચાલતા હોય ત્યારે નાનું એવું સૂચન અને વિનંતી માનનીય મુખ્યમંત્રીશ્રીને કરવી છે. કન્યા છાત્રાલયની ઘટ છે એટલે એ આપવામાં આવે તેવી અમારી માગણી છે. અનેક યોજનાઓ મારફતે વાર્ષિક આવકના ધોરણે પ્રવેશ અપાય છે. જિલ્લામાં ત્રણ આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે. અગરિયાઓ છે જે દરિયાકાંઠે રહેતા હોય છે એના બાળકનું ભવિષ્ય ન બગડે, એ લોકો બહારગામ મજૂરી માટે જતાં હોય ત્યારે એના બાળકોને પહેલા સાથે લઇ જતાં પરંતુ અત્યારે નિવાસી શાળા બનવાને કારણે એ લોકો ત્યાં ભણાવે છે.

આવી જ રીતે ધોરણ ૧૧, ૧૨ અને કોલેજ કક્ષાના વિદ્યાર્થીઓ માટે જિલ્લામાં ચાર છાત્રાલયો આવેલા છે. આર્થિક ઉત્કર્ષ અને આરોગ્ય, ગૃહનિર્માણ યોજનાઓ આ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. ઘણી બધી યોજનાઓ સરકારશ્રીએ અમલમાં મૂકી છે એ સરાહનીય છે અને એના માટે ઘણી બધી શુભેચ્છા પાઠવું છું.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને એન.આઇ.આઇ.ટી, નીટ, ગુજકેટની પરીક્ષા પૂર્ણ થાય એ માટે સહાય આપવામાં આવે છે. આવી ઘણી બધી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. યુપીએસસીની ભરતી પરીક્ષાના દરેક તબક્કે પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકો યુપીએસસી.ની પરીક્ષા પાસ કરે તો વિદ્યાર્થીને ૬૦ હજારની સહાય આપવામાં આવે છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર એવું ઇચ્છે છે કે આખા રાજયમાં વિકાસ, વિકાસ, વિકાસ થઇ ગયો. સૌરાષ્ટ્રથી ડાંગ સુધી તમે જૂઓ, સૌરાષ્ટ્રમાં જે રીતે પાણીની અછત ખેડૂતો ભોગવી રહ્યા હતા તે જ રીતે અમારા તાપી જિલ્લામાં પણ એ જ પરિસ્થિતિ છે. હું નાણામંત્રી સૌરભભાઇની બજેટની બૂકલેટ વાંચતો હતો. અમારા જિલ્લામાં અમારા વિસ્તારમાં પાણીની સુવિધા માટે ખેડૂતોને સિંચાઇ કરવા માટે કંઇક સારું લઇને આવ્યા હશે, પરંતુ બજેટમાં કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. ગત વર્ષે પણ મેં પ્રશ્ન પૂછ્યો હતો કે સોનગઢ અને વ્યારા તાલુકાના જે ઉપરવાસના ગામડાંઓ છે એ ગામડાં બિનપિયતવાળા છે. જે રીતે સૌરાષ્ટ્રમાં પંપીંગ સ્ટેશન ઉભું કરીને નર્મદા કેનાલમાંથી પાણી આપવામાં આવ્યું છે તે રીતે અમારા જિલ્લામાં પણ આપવામાં આવે તો જે ખેડૂતો સિંચાઇથી વંચિત છે એ સિંચાઇ કરતા થાય. નહીં તો સોનગઢ તાલુકાના લગભગ ૩૨ ગામડાં અને વ્યારા તાલુકાના ૪૦ ગામડાં માટે ફકત ૨૨ કિલોમીટર પાઇપલાઇન કરીને પાણી આપવામાં આવે તો ખેડૂતોનો ઉદ્ધાર થાય, પરંતુ એ દિશામાં પણ કંઇ કર્યું નથી. આ સિંચાઇ કરવાથી ખેડૂતોનો ઉદ્ધાર કરવાની વાત સરકાર કરે છે કે

અમે ખેડૂતોનો આ ઉદ્ધાર કરી નાખ્યો, અમે ખેડૂતોનો તે ઉદ્ધાર કરી નાખ્યો. ખરી રીતે જોતાં આ બજેટમાં જે રીતે જોગવાઇઓ થવી જોઇએ તે થઇ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે બીજી વાત કરું તો હોસ્પિટલ. ગત વર્ષે મેં રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કહ્યું હતું કે તાપી જિલ્લો બનાવ્યા પછી તાપી જિલ્લામાં જનરલ હોસ્પિટલ બનાવવામાં આવી. એ જનરલ હોસ્પિટલ બનાવ્યા પછી તેમાં ડોક્ટરો અને સિટી સ્કેન મશીન જેવા યાંત્રિક સાધનો ઉપલબ્ધ હોવા જોઇએ. જે કોઇ પેશન્ટ હોય તેને સુરત ખસેડવામાં આવે. અત્યારે સ્વાઇન ફ્લુ અને લેપ્ટોપાયરસીના ઘણા બધા કેસ આપણાં રાજયમાં થઇ રહ્યા છે. તેવા દર્દીઓને બચાવવા માટેની આપણી સૌની જવાબદારી છે પરંતુ ખૂબ સારી હોસ્પિટલ અત્યારે તાપી જિલ્લામાં ઉપલબ્ધ છે. તેમાં સિટીસ્કેન મશીન ઉપલબ્ધ કરાવવામાં આવેલ નથી. આવનારા દિવસોમાં સત્વરે ઉપલબ્ધ થાય એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ જાખરીથી સાવરખડી રસ્તાઓની જે વાત કરે છે. સામેના પક્ષવાળા ઘણા બધા મિત્રોએ કહ્યું કે અમે તો કોંગ્રેસની સરકારમાં જે ખાડા હતા એ બધા પૂરા કરીને બસ ચાલુ કરી દીધી છે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, ગાયકવાડ સ્ટેટમાં અમારા બે રસ્તા હતા. એક જાખરીથી સાવરખડી અને બીજો વ્યારાથી સરાકેવડી. આ રસ્તા માટે ૨૦૦૫માં માનનીય મંત્રીશ્રી મંગુભાઇ સાહેબને મેં વિનંતી કરી હતી કે આ રસ્તો બનાવવા માટે આપ શું કરવા માગો છો, તો કહે કે પર્યાવરણ વિભાગને લાગે વળગે છે. માનનીય મંત્રીશ્રીની જવાબદારી બને છે ત્યારે તેમણે ફક્ત દોઢ કિલોમીટર બનાવ્યો. હજુ પણ સાડા ત્રણ કિલોમીટર બાકી છે એ પણ સત્વરે થાય એવી મારી માનનીય મંગુભાઇ સાહેબને ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ગાયકવાડ સ્ટેટમાં બસ ચાલતી હતી. આજે તો એ બસ પણ બંધ થઇ ગઇ છે એવી હાલત છે. ત્યારે મારી ખાસ મંગુભાઇ સાહેબને વિનંતી છે કે એ વિભાગના મંત્રી પણ છે. તેથી તેમની વિશેષ જવાબદારી બને છે એટલે આ રસ્તો થાય એવી ખાસ વિનંતી છે. સાથે માનનીય નીતિનભાઇ સાહેબનો પણ આભાર માની લઉં કે મને સાંજે જ ટપાલ મળી કે બે box culvert ના પુલો હતા એ આપ્યા એટલે એમનો થોડો આભાર માની લઉં. પરંતુ સાથોસાથ બીજાં પણ..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૨૦૧૫-૧૬નું ગુજરાતની પ્રજા માટેનું સુઆયોજીત અને ફૂલ ગુલાબી બજેટ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આર.એન્ડ બી. વિભાગ હસ્તક પાટનગર યોજના ભવન છે એની કામગીરી ગાંધીનગર પૂરતી મર્યાદિત છે. પાટનગર યોજના ભવન દ્વારા છેલ્લા એક દાયકામાં પાટનગર ગાંધીનગરને રાષ્ટ્રીય કક્ષાનું પાટનગર બનાવવા માટે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કટિબદ્ધતા દાખવી અને દેશમાં અને દુનિયામાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે નામના મેળવી છે એ બદલ આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. પૂજ્ય મહાત્મા ગાંધીના વિચારોને સાકાર કરતું મહાત્મા મંદિર ગાંધીનગરમાં બન્યું એના કારણે ગાંધીનગરની એક આગવી ઓળખ ઉભી થઇ છે. હું પોલિટીકલ વાત કરવા માગતો નથી. મારા વિરોધપક્ષના સાથી મિત્રો ઘણી વખત •(xxx). આ ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં હોય તો આ મહાત્માના કારણે છે. દેશ અને દુનિયામાં એક જ મહાત્મા હતા અને એ મહાત્મા ગાંધીજી હતા, બીજા કોઇ મહાત્મા હતા જ નહીં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રેકર્ડ જોઇને દૂર કરવામાં આવશે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : એટલે મહાત્માનું નામ આપવામાં આવ્યું છે એ ખૂબ વિચારણા અને ખૂબ મંથન કર્યા પછી આપવામાં આવ્યું છે. મહાત્મા મંદિરની આજુબાજુ જોઇએ તો સાઇકલ ટ્રેક, બેઠક વ્યવસ્થા, પ્લે એરિયા, ફૂટપાથ વગેરે સુઆયોજીત રીતે બનાવવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં થયેલા કામો જોઇએ તો બે વસ્તુઓ નમૂનેદાર છે. સાથોસાથ ગાંધીનગરમાં આવેલ માર્ગો જોઇએ તો છ માર્ગીય રોડ હોય, ચાર માર્ગીય રોડ હોય, સેક્ટરનો આંતરીક માર્ગ હોય. આ બધા જ માર્ગોને કિ.મી.ની દૃષ્ટ્રીએ જોઇએ તો કુલ ૫૧૩ કિ.મી.ના રસ્તાઓ ગાંધીનગરમાં આવેલા છે. આ રસ્તાઓનું સુઆયોજીત પ્લાનીંગ છે. અમુક વર્ષો પછી એના રિપેરીંગની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કામગીરી પાટનગર યોજના દ્વારા ખૂબ સરસ રીતે કરવામાં આવે છે. ગાંધીનગરની સ્ટ્રિટ લાઇટ, વરસાદી પાણીના નિકાલની આંતરમાળખાકીય સુવિધાનું પણ આ સરકારે ખૂબ ધ્યાન રાખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જાણીએ છીએ કે, ગાંધીનગરમાં પીવાના પાણી માટે નર્મદાનું પાણી વપરાય છે અને એ પાણી બગીચામાં ન વપરાય અને એનો દુરુપયોગ ન થાય એના માટે આપણે પાણી વાપર્યું હોય અને ગટરમાં ગયું હોય એનું રિસાઇકલીંગ કરીને, સુએજમાંથી શુદ્ધ કર્યા બાદ ગાંધીનગરના બગીચામાં આ પાણી આપવામાં આવે છે. આ સરકારની કરકસરનો નમૂનો છે. એટલે વિકાસની નીતિ બનતી હોય છે એ ખોટી ખોટી છે એવું નથી. ખૂબ આયોજનપૂર્વક સરકાર કામગીરી કરી રહી છે. ભૂતકાળમાં પાટનગર માટે બજેટમાં જોગવાઇઓ થતી હતી એ મેં જોઇ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી પાટનગર યોજનાના કામ માટે ઉત્તરોત્તર નાણાની ફાળવણી વધતી રહી છે એ બદલ પણ હું આ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું. ગાંધીનગર શહેરમાં કર્મયોગી ભાઇ–બહેનો વસતા હોય છે એના માટે રહેણાંક માટેની સુંદર વ્યવસ્થા આ સરકારે કરી છે. એમના માટેના મકાનો હોય, એમના બાળકો માટે બાગ–બગીચાની વ્યવસ્થા હોય, એમના બાળકોને ભણવા માટે સુંદર શાળાઓ અને કોલેજો હોય એના માટે સરકાર સતત ચિંતિત છે, એની એક–બે વાત કરું છું. આ વખતે બજેટ સદર ૪૨૧૭માં રહેણાંકના મકાન માટે સી ટાઇપના ૩૦૦ ક્વાર્ટર અને બી ટાઇપના ૫૦૦ ક્વાર્ટરની દરખાસ્ત કરવામાં આવી છે. અને એ જ પ્રમાણે સેકટર–૧૬ અને સેકટર–૩૦ના જે જૂના મકાનો, જર્જરીત થયેલા મકાનો હતા તેના કારણે મારા કર્મયોગી ભાઇઓને કોઇ નુકસાન ના થાય, એમના પરિવારોને કોઇ નુકસાન ન થાય એના માટે સરકારે તપાસ કર્યા બાદ જે મકાનો જર્જરીત હતા એને ઉતારી લઇ અને એની જગ્યાએ નવા મકાનો, સુંદર સાત માળના ટાવર, એની અંદર સુંદર મજાની લીફ્ટ પણ હશે એવા મકાનોનું આયોજન કરીને આ સરકારે બજેટમાં જોગવાઇ કરેલી છે. હું જણાવું તો સેકટર–૧૩માં જ કક્ષાના ૨૫૮ મકાન, સેકટર–૨૯માં જ કક્ષાના ૨૪ કવાર્ટર્સ અને સેકટર–૩૦માં ૬૪ કવાર્ટર્સ ઉતારવાના છે અને એ જ પ્રમાણે સેકટર–૨૯ અને સેકટર–૩૦માં બહુમાળી બિલ્ડીંગો આ જ પ્રમાણે સરકાર બનાવવા જઇ રહી છે.

.डॉ निर्मलाबेन सु वाघवानी(नरोडा) : माननीय मुख्यमंत्री श्रीमती आनंदीबेन पटेल के नेतृत्व में वित्तमंत्री श्री सौरभभाई पटेल वर्ष 2015–16 का गतिशील गुजरात का विकासलक्षी जन उपयोगी, संतुलित बजट लाए हैं उनके लिये मैं बहुत बहुत बधाई देती हूं।

माननीय अध्यक्षश्री मै विपक्ष के साथियों से खास करके श्रीमती तेजश्री बेन को कहना चाहूगी कि

बुरा मत सुनो, बुरा मत देखो, बुरा मत कहो
बुरी है बुराई, मेरे विपक्ष के साथियों।

बहन, सभागह में ऐसी बातें ना करें कि सभाग्रह की महिलाओं का मान– सम्मान कम हो

माननीय अध्यक्षश्री, सूचना और प्रसारण विभाग का मुख्य कार्य सरकार और प्रजा के बीच एक पुल, एक सेतु बनने का है। राज्य सरकार की प्रजालक्षी जनकल्याणकारी योजनाएॅ, विकासलक्षी कार्यक्रम, लोक जागृति और लोक कर्तव्य की सूचनाएॅ, पारदर्शी प्रशासन और सरकार की महत्वूपर्ण उपलब्धियों की जानकारी राज्य के सुदूर इलाकों मे रहनेवाली जनता तक पहुंचाने का कार्य ये विभाग करता है।

रोबीन मारगन ने कहा है कि नालेज इस पावर, सीमलरली इनफरमेशन इस पॉवर

माननीय अध्यक्षश्री, इस कार्य को करने के लिये इस विभाग व्दारा समाचार पत्र, सूचना पुस्तिकाओं, पोस्टर, होर्डिंग्स, रेडियो, टी वी और विडियो पिल्म का उपयोग किया जाता है। इसके अलावा सोशियल मीडिया – फेसबुक, टिवीटर, ब्लाग और यू टियुब का उपयोग किया जाता है। जनता की रुचि को ध्यान में रखते हुए मनोरंजक कार्यक्रम जैसे कि नाटक, शेरी नाटक, नृत्य –नाटिका, कठपुतली, कथा –कीर्तन, लोक संगीत, लोक नृत्य, भवाई आदि का आयोजन किया जाता है।

माननीय अध्यक्षश्री, इनफारमेशन का क्या महत्व है, कितना पॉवर है और इसका क्या असर जनमानस पर पडता है इसका जीवंत उदाहरण, मैं एक घटना के रुप में, आपके माध्यम से इस सदन को बताना चाहॅगी।

माननीय अध्यक्षश्री, कुछ रोज पहले देहगाम के नजदीक एक गॉव से एक व्यक्ति अपनी पत्नी और बेटी के साथ मेरे हास्पीटिल में परामर्श के लिये आया। उसने बताया कि नरोडा पाटीया के नजदीक लगे हुए एक होर्डिंग, जिसमें माननीय मुख्यमंत्री श्रीमती आनंदी बेन पटेल एक लडकी को पढा रही है, उस होर्डिंग्स को देखकर छोटी बच्ची ने पूछा– पप्पा आ बेन कोण छे, उस व्यक्ति ने अपनी बेटी को बताया आ आपणा मुख्यमंत्री छे, पहेला शिक्षिका हता अने एमनो नानपण आपणा जेवा नानकडा गामडा मां गुजुर्य छे, ये सुनकर वह छोटी सी बिटिया बोली पप्पा म्हारे पण मोटा थइने शिक्षिका अने मुख्यमंत्री बनवु छे।

माननीय अध्यक्षश्री, एक साधारण सा दिखनेवाला  होर्डिंग्स जानकारी के साथ साथ कितनी बडी प्रेरणा दे सकता है, कितना उत्साहित कर सकता है, इसका जीता जागता उदाहरण ये घटना है।

माननीय अध्यक्षश्री, विपक्ष का हमेशा आरोप रहता है कि मेलों और उत्सवों में पैसा बरबाद किया जाता है, परंतु माननीय अध्यक्षश्री, कॉग्रेस के 50 साल से भी ज्यादा समय के शासन में पालिसी पेरिलेसिस हो गया था औरे जनतांत्रिक व्यवस्था वेन्टीलेटर पर पहुच गई थी, ऐसे में इन कार्यक्रमों ने जनता में एक नई उर्जा का संचार किया है और व्यवस्था में संजीवनी बूटी की तरह नये प्राण फूकने का कार्य किया है।

इसका सबसे बडा उदाहरण प्रधानमंत्री जन धन योजना है। देश में आजादी के बाद हरित क्रांति और श्वेत क्रांति जैसी ही ये जन धन क्रांति है,जिसके अंतर्गत 11 करोड से भी ज्यादा बैंक खाते केम्पस के व्दारा पूरे देश में छ: महीने से भी कम समय में खुले है और यह बैंकिंग के क्षेत्र में, भारत ही नहीं पूरे विश्व में एक अभूतपूर्व और अतुलनीय घटना है।

माननीय अध्यक्षी,

बच्चों के लिये शाला प्रवेशोत्सव, गुणोत्सव, शाला आरोग्य काय्रर्क्रम,

युवाओं के लिये रोजगार मेला, खेल महाकुंभ,

महिलाओ के लिये महिला सशक्तिकरण पखवाडियों,
गरीबो के लिये गरीब कल्याण मेला,
श्रमिकों के लिये श्रम योगी कल्याण मेला
किसानों के लिये कृषि महोत्सव
देश की एकता के लिये रन फार युनिटी
सिजनल उत्सव जैसे ग्रीष्मोत्सव, और सापुतारा मानसून फेस्टीवल, और
राज्य की पूरी जनता में उमंग उत्साह भर दे ऐसे पतंग एवं नवरात्रि महोत्सव
जैसे 35 कार्यक्रमों की जानकारी जन जन तक पहुचाने का भगीरथ कार्य यह विभाग करता है।

माननीय अध्यक्षश्री गरीब कल्याण मेला की वजह से पारदिर्शता बढी है। परन्तु कुछ लोगों का नुकसान हुआ है , हॉ वचेटिया, बेरोजगार हुए हैं । और कांग्रेस के समय का वचेटिया राज खत्म हुआ है।

माननीय अध्यक्षश्री इलेकटानिक्स और प्रिन्ट मीडिया लोकहित के लिये सच्ची और सचोट जानकारी लोगों तक पहुंचाने के लिये खूब निष्ठापूर्वक महत्वपूर्ण भूमिका निभाते है, इसके लिये मैं पत्रकार मित्रों, खासकर महिला पत्रकारों को विशेष रुप से अभिनंदन देना चाहती हूं जो भूकम्प, बाढ, दंगों, और टेरीरीजिम जैसी विषम और चेलेजिंग परिस्थितियों में स्थल पर पहॅुचकर जनता तक हकीकत पहुंचाने का काम करते है।

माननीय अध्यक्षश्री पत्रकार मित्रों की इस भावना को सम्मानित करने के लिये सरकार ने पत्रकार जुथ बीमा योजना का आयोजन किया है और प्रीमीयम की रकम सरकार व्दारा चुकाये जाते है।

माननीय अध्यक्षश्री प्रिन्ट मीडिया का सबसे बडा फायदा यह है कि
यह एक परमेनेन्ट रिकार्ड होता है
फयुचर रेफेरेंस में इसका उपयोग कर सकते है
सुविधा अनुसार समय पर पढ सकते है
पढने में इलेक्टिसिटी कर जरुरत नहीं होती है।

**શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) :** માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બેઠો બેઠો સાંભળું છું, શાસક પક્ષના મારા મિત્રો જે કાંઇ બોલે છે એ સરકારના સરસ વખાણ કરે છે. એમાં ફુલ-ગુલાબી બજેટ હોય, વંચિતોનો વિકાસ હોય, એ શબ્દો અમારે શીખવા પડશે. આવા શબ્દો ક્યાંથી લાવો છો? આ બધી વાતો હોય છે પણ મિત્રો આપણે બધા આપણા વિસ્તારમાંથી ચૂંટાઇને આવીએ છીએ. લોકો આપણને મતો આપે છે અને મત આપીને અપેક્ષા પણ રાખતા હોય છે કે હું જે ધારાસભ્યને પ્રતિનિધિ તરીકે ચૂંટીને ગૃહમાં મોકલું છું ત્યારે અમારે ત્યાં જે કાંઇ જરૂર હોય અથવા કંઇક ખૂટતું હોય, સરકાર ખાલી વાહ વાહ કરે અને નથી થયું તો એને પણ ઉજાગર કરે. શાસક પક્ષમાં માત્ર રમણલાલ પાટકર એક એવા સભ્ય છે કે એમના રાજ્યપાલશ્રીના પ્રવચનમાં એ રસ્તા વિશે બોલ્યા હતા અને નીતિનભાઇને કહ્યું હતું કે અમારા ગામડામાં રસ્તાઓની જરૂર છે. એ એકલા બોલેલા એમ આપણે પણ બોલવું જોઇએ. ટિકીટ તો

આપવાના જ છે. તમારામાં સામર્થ્ય હશે, તાકાત હશે, લોકો વચ્ચે કામ કરતા હોય તો ટિકીટ તો આપશે જ. એમાં કાંઇ ડરવાની જરૂર હોતી નથી. માનનીય સૌરભભાઇ, બજેટ કુલ–ગુલાબી હોય તો છાપાઓ દ્વારા આપણને જાણવા મળે છે. શેર બજાર દ્વારા જાણવા મળે છે, અત્યારે રીઅલ એસ્ટેટનું શું છે, આ બધી પરિસ્થિતિમાં ચર્ચા વિચારણા કરીને ખ્યાલ આવી જાય કે બજેટ કેવું છે. તમે, હું, આપણે બધા મોટાભાગના ખેડૂત અને ખેતી આધારિત જીવન જીવતા, એની સાથે સંકળાયેલા છીએ. કેટલાક ૭૦ ટકા એવા હશે કે ખેતી સાથે સીધા સંકળાયેલા ખેડૂત પુત્ર હશે. કેટલાક બાબુકાકા જેવા ૨૦૦–૩૦૦ વીઘા જમીન રાખીને શહેરમાં રહેતા હશે. આ ૨૦૦–૩૦૦ વીઘા જમીન રાખવા વાળા શાથી આટલી જમીનો ખેડૂતોની જતી રહે છે? એનો ગૃહે કંઇ અભ્યાસ કર્યો? અભ્યાસ કરવો જોઇએ. વર્ષ દરમિયાન નાના અને સીમાંત ખેડૂતોએ પોતાની કેટલી જમીન વેચી દીધી? શા માટે વેચી દીધી? શું થયું કે આટલી બધી જમીન વેચાય છે? એ જમીનો વેચાવાનું કારણ કે મહેસૂલી કાયદામાં સરકારે એટલું સરળીકરણ કરી નાખ્યું છે કે ખેડૂતોને તકલીફ પડે કે તરત જ વેચી દે. આને માફિયાઓ, જમીન રાખવાવાળા, દલાલો બિચારા ખેડૂતો કાયદાથી અજ્ઞાત હોય એટલે દિવસે ને દિવસે ખેતી ઘટતી જાય છે આપની વાત સાચી. ખેતીના વ્યવસાય સાથે કામ કરવાવાળા માણસો પણ ઘટતા જાય છે એ વાત સાચી. આપણે ખેતીની ચિંતા કરવી જોઇએ. કોઇ પણ ઉદ્યોગપતિ હશે. ગમે તે ધંધો કરશે એ ઉદ્યોગપતિને ત્યાં ડાગર પાકવાની નથી, બાજરી પાકવાની નથી, કપાસ પાકવાનો નથી. શાકભાજી, વેલા, કારેલા, તરબૂચ કે જે કાંઇ તમારે જોઇએ છે એ ફળફળાદી ખાવા માટે એ કોઇ ઉદ્યોગપતિ પકવવાનો નથી. આ માત્ર અને માત્ર ફક્ત ખેડૂત કરી શકશે. એટલે માનનીય સૌરભભાઇ તમે ઉદ્યોગપતિ હોય પણ તમને એક વિનંતી કરું કે આ બજેટ લાવો છો ને તો બજેટની સાથે તમે એક નક્કી કરો કે હવે પછી ખેડૂતનું પણ હું બજેટ કરીશ. મારા બજેટની અંદર હું ટેકાના ભાવ જાહેર કરીશ. જા તું ડાંગર વાવજે. તને ડાંગરની જે પડતર કિંમત છે તેનાથી નફો થાય તેવું ખેડૂતો માટે વિચારીશ. તારી બાજરી માટે વિચારીશ. શાકભાજી માટે વિચારીશ. આજે ખેડૂતની શી દશા થાય છે? ખેડૂતને બિચારાને શું થાય? એક વખત કોઇ કારણોસર ડૂંગળીના ભાવ આવ્યાં તો બધાજ ખેડૂતોએ એક સાથે ડૂંગળી કરી. એક વખત બાજરીનો ભાવ આવ્યો તો બાજરી કરી. એક વખત બટાકાનો ભાવ આવ્યો તો બધા બટાકા કરે. તમારી જોડે ચોક્કસ એવી નીતિ હોય, ખેડૂત માટે ઘડેલી કે અમુક વિસ્તાર ધારોકે – ઉત્તર ગુજરાતમાં સારા બટાકા પાકે છે તો તમારે મધ્ય ગુજરાતવાળા ખેડૂતોને ના પાડવાની કે ભાઇ તમારે બટાકા પકવવાના નથી ઉત્તર ગુજરાતવાળા પકવશે. સૌરાષ્ટ્રમાં મગફળી પાકે છે તો બીજે તમારે પકવવાની નથી સૌરાષ્ટ્રવાળા મગફળી પકવે છે. માંગ અને પુરવઠો આ બંનેની સમતુલા રહેવી જોઇએ. પુરવઠો વધે તો માંગ ઘટે અને માંગ ઘટે તો પુરવઠો વધે આના કારણે આજે ખેડૂતો બિચારા બેહાલ થતાં જાય છે. ખેડૂતોને સાચુ માર્ગદર્શન આપવા માટે, ખેતી વિષયક જાણકારી માટે ખેત નિષ્ણાંત રાખો છો. કૃષિ યુનિવર્સિટીઓ તમારી પાસે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૨૦૧૫–૧૬નું અંદાજપત્ર લઇને આવ્યાં છે એમાં હું મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો જ્યારે વિકાસ થવાનો હોય તેની શરૂઆત ગામડાથી થતી હોય છે અને ગામડાની અંદર જ્યારે એકતા હોય ત્યારે જ વિકાસ થાય. અગાઉની સરકારમાં તમે જોયું હોય તો ભાગલા કરો અને રાજ કરો. આ નીતિથી ગુજરાતની અંદર તમે જુઓ તો ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં બે કોમને લડાવીને, બે લોકોના ભાગલા પાડીને આ પંચાયતોની અંદર રાજ કરતા આવેલા. સમગ્ર ગુજરાતની અંદર ૨૦૦૧થી સમરસ ગ્રામ પંચાયતની શરૂઆત થઇ. માર્ચ ૨૦૧૪ સુધીમાં ૧૧૦૮૩ સમરસ ગ્રામ પંચાયત પૈકી ૩૯૨ ગ્રામ પંચાયત મહિલા ગ્રામ પંચાયતો બની છે. આ સમરસ થવાથી પાંચ હજાર સુધીની વસ્તીવાળી સમરસ ગ્રામ પંચાયતને બે લાખ સુધીની સહાય આ સરકાર આપે છે. સાથે સાથે મહિલા ગ્રામ પંચાયતને એમાં વધારો કરીને ત્રણ લાખ સુધીની સહાય આ સરકાર આપે છે. બીજીવાર ગ્રામ પંચાયત જ્યારે સમરસ થાય છે ત્યારે એમાં ૨૫ ટકાનો વધારો કરી આ સરકાર પુરસ્કારરૂપે એમને સહાય આપે છે. આ ગામડાની વાતો કરીએ. અત્યારે ગુજરાતની અંદર ઘણાં બધા રસ્તાઓ નોન–પ્લાનવાળા છે તો અમારી સુરત જિલ્લા પંચાયતની વાત કરું તો અહીંયા અમારા ગૃહના સભ્ય અને બાંધકામ સમિતિના ચેરમેન રાજાભાઇ છેલ્લા બે વર્ષની અંદર સરકારના ૭૦ ટકા અને લોકફાળાના ૩૦ ટકા કરીને અમારા સુરત જિલ્લાની અંદર આવા નોન–પ્લાનના રસ્તાઓ ઘણા બધા મંજૂર કરીને બનાવ્યાં છે. સરકાર આવી સ્કીમ લાવીને આ નોન–પ્લાન રસ્તાઓનો વિકાસ અમારા સુરત જિલ્લામાં

અનેક જગ્યાએ થયો છે. શહેરની અંદર આમાં ૩૦ ટકા લોકફાળો કરો તો બધો વિકાસ થાય. એકલો સરકાર ઉપર બધો આધાર નહીં રાખો. આપણે એની અંદર લોકફાળો કાઢીએ. સરકાર જ બધું કરે એ મિત્રો નહીં ચાલે. શહેરોની અંદર વાતો કરીએ તો મહાનગરપાલિકાની અંદર વૃદ્ધોને બેસવા માટે વૃદ્ધવાટિકા બનાવતી હોય છે. જ્યારે ગામડાની અંદર આપણે થોતા હોય તો વૃદ્ધો માટે કોઇ સગવડ હોતી નથી પણ ૨૦૦૪થી ગામડાંની અંદર વૃદ્ધ વાટિકાઓ બનાવીને "પંચવટી"ની શરૂઆત આ સરકારે કરી છે અને આજે તમે ગામડાની અંદર જુઓ તો આરામથી બધા વૃદ્ધો પોતાનો સમય આ પંચવટીમાં પસાર કરી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ સભાનું આયોજન લોકોના પ્રશ્નો, ગામના પ્રશ્નોના નિરાકરણ માટે તા.૧૧-૧૦-૨૦૦૦થી લોકનાયક શ્રી જયપ્રકાશ નારાયણના જન્મ જયંતિ નિમિત્તે ગુજરાતમાં ગ્રામ સભાનો આરંભ થયો અને દર વર્ષે ગ્રામ સભા મળતી હોય છે અને એની અંદર લગભગ ઘણા બધા પ્રશ્નોનો નિકાલ થાય છે. અત્યાર સુધીમાં ૯૬.૮૦ ટકાનો આ પ્રશ્નોનો નિકાલ થયો છે.

ગુજરાતની અંદર તાલુકા સ્વાગત ઓન લાઇન, જિલ્લા ઓન લાઇન અને ખાસ કરીને લોક સંવાદ સેતુ યોજીને ઘણા બધા પ્રશ્નોનું નિવારણ કર્યું છે. આદરણીય ગૃહના માનનીય સભ્યશ્રી પૂંજાભાઇ કહેતા હતા અને ગૃહને બતાવતા હતા કે, આ લોકસંવાદમાં આ મારો પ્રશ્ન બાકી રહી ગયો છે. તો અમે એમ કહીએ છીએ કે, તમે એમ કહો કે, ૧૦૦ પ્રશ્નો અમે રજૂ કર્યા એમાંથી તો ૮૦ પ્રશ્નોનો નિકાલ થયો. જે ૮૦ ટકા પ્રશ્નોનો નિકાલ થયો તો તમારે કહેવું જોઇએ કે, ૮૦ ટકા પ્રશ્નોનો નિકાલ થયો છે, ૨૦ ટકા જ પ્રશ્નો બાકી રહ્યા છે. તમે નિકાલ થયો એ કહેતા નથી પણ બાકી રહ્યા એને તમે ગૃહમાં રજૂ કરો છો. મિત્રો સાચી હકીકત તમે રજૂ કરો કે આ આંકડા ૮૦ ટકા પ્રશ્નોનો અમારો નિકાલ થયો છે.

મિત્રો, લોકો સુધી જઇને આજે સરકાર લોકોના પ્રશ્નો સાંભળે છે. આપના સમયની સરકારમાં જ્યારે વચેટિયાઓ જઇને ગામની અંદર બધું ઉઘરાણું કરીને ગામની અંદર લોકોના જે મકાનો થતા હતા એમાં એ કમિશન ખાઇને મકાનો આપતા હતા. (અંતરાય)

ગુજરાતની અંદર આ સરકારે ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને લગભગ ૨૦૧૩-૧૪ સુધીમાં ૧,૨૨૫ ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને ૯૧ લાખ લાભાર્થીઓને ૧૩,૩૮૮ કરોડની સહાય આપી છે. ગતિશીલ ગુજરાતની અંદર આજે ઇ-ગ્રામ લાવીને ૭/૧૨ની નકલ, ૮ -અ નો ઉતારો, લોકોને આજે ગ્રામ પંચાયતેથી જ મળી રહે છે. સાથે સાથે મોબાઇલની અંદર પણ હવે તો સુવિધા આ સરકારે આપી છે. તમે મોબાઇલ ઓન કરો તો તમારી જમીન અત્યારે કઇ સ્થિતિમાં છે એ પણ તમને મોબાઇલ પરથી ખબર પડે છે. મિત્રો, અગાઉના જમાનામાં આપણે જોતા હતા કે, કોઇની એન્ટ્રી, અહીંયા સભ્યશ્રી કરમશીભાઇ બેઠા છે એ તલાટી છે એમને અનુભવ હશે કે, અગાઉના જમાનામાં એવી એન્ટ્રી હતી કે, સહીનો ખડિયો ઢોળાઇ જતો હતો અને એન્ટ્રી નાબૂદ થઇ જતી હતી. આ બધા કિસ્સાઓ પણ બન્યા છે. પણ હવે પછી આ બધા કિસ્સાઓમાંથી મુક્ત કરવા માટે આ સરકાર એકદમ પારદર્શક વહીવટ માટે ઇ-ગ્રામ યોજના લાવી છે. આજે આપ મોબાઇલ પરથી પણ આપની એન્ટ્રી જોઇ શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, સખી મંડળ માટે પણ યોજના છે. ૨૦૦૭થી સખી મંડળની રચના કરી. આજે ૨ લાખ ૨૧ હજાર સખી મંડળને સહાય આપી છે. આપણા માનનીય વડાપ્રધાનશ્રીએ સ્વચ્છ ગામની ભારતની જાહેરાત ૧૫મી ઓગસ્ટે લાલ કિલ્લા પરથી કરી ત્યારે અમારા સાંસદે અમારા ઓલપાડ તાલુકાનું એક ઐતિહાસિક ગામ છે, એ સિદ્ધનાથ મહાદેવનું મંદિર, જે આજે આખા ગુજરાતમાં જાણીતું છે, મંદિરનું કામ આજે એમણે દત્તક લઇ, ખૂબ સરસ કામગીરી ત્યાં ચાલી રહી છે અને ત્યાં આગળ આજે એક નમૂના રૂપ ગ્રામ પંચાયત અને ત્યાં સમરસ ગ્રામ પંચાયત બનવા જઇ રહી છે અને સાથે સાથે સ્વચ્છ ગામને લઇને આજે ત્યાંના આજુબાજુના લોકો ત્યાં આગળ જોવા આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે શ્રી નરેન્દ્રભાઇ જ્યારે "સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ" લઇને ચાલ્યા છે ત્યારે અહીંયા આ ગૃહના તમામ સભ્યશ્રીઓને પણ વિનંતી છે કે, આપ પણ આ યોજનામાં આગળ ચાલી ને આપણું ગુજરાત, આપણું ભારત અને આપણું ગામ સ્વચ્છ રાખીને આપણે એમાં આગળ વધીએ.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી શંકરભાઇ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર આ વિધાનસભા સમક્ષ માનનીય વિઝનરી નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું, માત્ર સમર્થન કરું છું તેટલું જ નહીં તેને બિરદાવું છું, અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક સક્ષમ નેતૃત્વ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વની અંદર ગુજરાતે માત્ર બજેટ એટલે એક વર્ષનો અંદાજ એટલા પૂરતું નહીં પરંતુ કનેકટીવ થીંકીંગ દ્વારા રાજયની આજે જે ગતિ ચાલે છે તેને ઔર તેજ ગતિથી આગળ લઇ જવા માટેનું જે સ્વપ્ન જોયું છે એ સ્વપ્નને પૂર્ણ કરવાનું પ્રતિબિંબ આ બજેટની અંદર દેખાઇ રહ્યું છે. બજેટનું અંદાજપત્ર કેટલું છે તો ૧૩૯૧૩૯. વર્ષ ૧૯૯૫ પહેલાનું બજેટ હું વિચાર કરું તો લગભગ પાંચ હજાર કરોડથી આજુબાજુ ઉપર થઇ શકતુ ન હતુ. એ કયાં પાંચ હજાર કરોડ અને આજે કયાં એક લાખ ઓગણચાલીસ હજાર કરોડ. આ એના કદના કારણે જ ડેવલપમેન્ટની દિશા કઇ છે એ અહીંયા દેખાઇ આવે છે. દર વર્ષે અમે પ્રગતિ બજેટના ડેવલપમેન્ટ, એના વપરાશની અંદર એ તો કરી પરંતુ દર વર્ષે ગત વર્ષ કરતાં પણ માત્ર અગાઉની સરકારે નહીં પણ ગયા વર્ષે જે ડેવલપમેન્ટ કર્યું હોય, ગયા વર્ષનું જે કદ હોય, ગયા વર્ષની જે ફાઇનાન્સીયલ ડિસિપ્લીન હોય એ બધાની અંદર ક્રમશઃ અમે વધારો કર્યો છે. અને આ વર્ષે ગત વર્ષ કરતા ૧૦ ટકા જેટલો બજેટની અંદર વધારો સૂચવ્યો છે. અંદાજપત્રની અંદર ૭૩૦૮ કરોડની મહેસૂલી પુરાંત દર્શાવે છે. આ ઘટના પહેલી વખત આજે નથી થઇ. સતત છેલ્લા પાંચ વર્ષથી પુરાંતવાળું બજેટ આપવાનો રેકોર્ડ છે. આ બાબતમાં વિપક્ષના મિત્રોએ જો અભિનંદન આપ્યા હોત તો મને લાગતું હતું કે ગુજરાતની પ્રજાનો પણ ઉત્સાહ વધત. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૧૦૯૨૯૫ ની મહેસૂલી આવક અંદાજવામાં આવી છે. એની અંદર પણ ગત વર્ષ કરતા ૧૦ ટકાનો સુધારો સુચવાયો છે. બજેટ તો ફાળવાયું પણ સૌથી આકર્ષક કહી શકાય તેવી બાબત અને સૌને ગમે તેવી બાબત એ છે કે ૪૮ ટકા કરતા વધારે ખર્ચ એ સામાજિક સેવાઓના સદરે થાય છે. જેની અંદર ગરીબ, આદિવાસી, બક્ષીપંચ, ખેડૂત અને સામાન્ય વર્ગને એની સુવિધા, એ શિક્ષણનું માધ્યમ હોય, એગ્રીકલ્ચરનું માધ્યમ હોય, આરોગ્યનું માધ્યમ હોય ત્યાંથી તેને એનો લાભ મળવાનો છે. ટેકસની બાબતમાં રાજય સરકારે કોઇ ટેકસ વધારવાની જગ્યાએ એ જ સ્થિતિની અંદર રાખ્યું અને ઘટાડો શેમાં કર્યો તો ઇસબગુલની ભૂકીની અંદર. ખેડૂતના ખેતરમાં મોટાભાગે ઇસબગુલ પાકતું હોય છે. વેટ પાંચ ટકા હતો એ સંપૂર્ણ વેરામાંથી, ગુજરાતના ખેડૂતો માટે, ગુજરાતની અંદર એનું પ્રોડકશન વધે, વેપાર વધે એટલા માટે માફ કર્યો. મધ્યમ વર્ગની પાંચ લાખ બહેનો લગભગ મોટાભાગે જે ધંધા સાથે જોડાયેલી છે. એ ઇમીટિશન જવેલરીના વ્યવસાયની અંદર પાંચ ટકા જે ટેકસ હતો એ ઘટાડીને એક ટકો કર્યો, એટલે આમાં ખેડૂત, ગરીબ, મહિલાઓને લાભ આપવાની વાત આ બજેટની અંદર દેખાઇ છે. આરોગ્યની અંદર ૭૮૨૧ કરોડનું અંદાજવામાં આવ્યું છે. કૃષિ સંલગ્ન પ્રવૃત્તિ માટે ૪૬૬૦ કરોડ, ગ્રામિણ વિકાસ માટે ૨૨૩૮ કરોડ, સિંચાઇ માટે ૧૩૯૩૭ કરોડ અને બાકીની સામાજિક સેવાઓ કુલ મિલાવીને કરીએ તો ૩૮૪૮૪ કરોડ એટલે કુલ મિલાવીને આંકડો મારીએ તો ૫૯૩૧૯ કરોડનું આ જે વર્ગની અંદર ત્યાં વિપક્ષના કેટલાક મિત્રો વાત કરતા હતા તો આ જેને જરૂરિયાત સૌથી વધારે છે તેને આપવા માટેનો પ્રયાસ થયો છે. ગામડું, ગરીબ,ખેડૂત, ભૂતકાળની એમના સરકારના સમયની અંદર ટોટલી બજેટ આજે ખેડૂતોના સિંચાઇ માટેની ૧,૩૯,૦૩૭ કરોડની વાત કરી. કૃષિની સંલગ્ન સેવાઓની ૪૬૬૦ કરોડની વાત કરી. તો આખું બજેટ જ આ પ્રમાણે નહોતું અને પર્સન્ટાઇલવાઇઝ જોઇએ તો ૫,૦૦૦ કરોડનું બજેટ હોય તો પણ એની અંદરથી પર્સન્ટેઝ કાઢ્યા હોય તો પણ ધ્યાનમાં આવે કે તે સમયે કેવી ખરાબ સ્થિતિ હતી. ગામડાના ખેડૂતોની, દલિતોની, આદિવાસીઓની કે જેની અત્યારે ચિંતા કરવામાં આવે છે, એના માટેની શું ચિંતા એ વખતે કરવામાં આવી હશે. આ કામ અમસ્તા નથી થતું હોતું. એના માટે જબરજસ્ત પુરુષાર્થ કરવો પડે અને બજેટ વપરાયા વગર રહી ગયું એવી વાત કરતા હોય કયાંક એવી વાત કરતા હોય. બજેટમાં જોગવાઇ કરી, પણ આ હેડે ન કરી આવા પ્રશ્નો કરવામાં આવે છે. બજેટની જોગવાઇ કરવામાં આવી છે.(અંતરાય) બાપુ આપનો વિષય નથી, એના માટે તમને ફરી મોકો મળે ત્યારે કરજો ને. પછી મારે હોસ્પિટલવાળું કહેવું પડે. મારે એ બાબતનું ધ્યાન દોરવું છે કે આખી સરકાર વાઇબ્રન્સી સાથે નીચે પટાવાળાથી લઇને માનનીય મુખ્યમંત્રી સુધી આખી સરકાર કામે લાગી છે. એનું પરિણામ દેખાઇ રહ્યું છે અને આ કામ માત્ર અહીથી આદેશ મૂકે એટલા પૂરતું નહીં, જેના સેનાપતિ એ પ્રમાણેનું કામ કરતા હોય તો આખી સેના એ પ્રમાણેનું

કામ કરતી હોય છે. કર્મચારી, અધિકારીથી લઇને આખું મંત્રી મંડળ, અમારી આખી ટીમ, માનનીય મુખ્યમંત્રીશ્રી જે પ્રમાણે કામ કરે છે, પુરુષાર્થ કરે છે. મૌન તપસ્વી સાધક બનકર હિમગિરિ સા ચુપચાપ ચલે. માત્રને માત્ર મારું ગુજરાત, મારું ગુજરાત મારા ગુજરાતના હિત માટે કરીને રાતદિવસ પુરુષાર્થ કરી રહ્યા છે. એમના પુરુષાર્થ માટે બે શબ્દ જો સારા વિપક્ષની અંદરથી બોલાયા હોત તો હું માનું છું કે રાજયની પ્રજાના હિતમાં કામ કરવા માટેનો ઓર જુસ્સો મળી શક્યો હોત. છેલ્લા એક વર્ષનો સમય હજુ તો આ સરકારને થયો નથી અને એ સમય દરમ્યાન ૩૨૦ જેટલા સરકારી અને ખાનગી કાર્યક્રમમાં પ્રત્યક્ષ રીતે મુખ્યમંત્રીશ્રીએ પોતે ભાગ લીધો છે. અહીનું કામ તો કરવાનું છતા વધારે પ્રજા હિતમાં લોક શિક્ષણનું કામ આ બધાનું કામ ત્યાંથી થાય અને અહીયા મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયની અંદર લોકોનો મળવા માટેનો આંકડો જે આવ્યો છે તે, અત્યાર સુધીમાં એક વર્ષનો સમયગાળો નથી થયો, ત્યાં ૪૦,૦૦૦ કરતા વધારે મુલાકાતીઓને પ્રત્યક્ષ રીતે મળીને એની વાત સાંભળીને એને મદદરૂપ થવાનું કામ થયું છે. વર્ષોથી કેન્દ્ર સરકારની અંદર પ્રશ્નો પડયા હતા, જેનો ઉકેલ કેન્દ્ર સરકામાં આવતો ન હતો. ગુજરાતની સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ, માનનીય અમારા મંત્રીમંડળના સભ્યશ્રીઓએ એક સાથે પુરુષાર્થ કરી ત્યાં અનુકૂળ સરકાર આવી, ગુજરાતનું હિત વિચારવા વાળી સરકાર આવી ગુજરાતના પ્રજાની ચિંતા કરવાવાળી સરકાર આવી ત્યારે ૧૭ જેટલા પેન્ડિંગ પ્રશ્નોનો વર્ષોથી ઉકેલ નહોતો એનો ઉકેલ લાવવાનું કામ આ ગણતરીના સમયની અંદર થયું છે. મુખ્યમંત્રીશ્રીએ પોતે ૫૫૦૦૦ કિ.મી.નો પ્રવાસ મુખ્યમંત્રીશ્રી બન્યા પછી કર્યો. હું એટલા માટે આ વાત કરું છું કે એકેએક કામનું પરિણામ કેટલા પ્રમાણમાં મળતું હોય છે. કૃષિ મહોત્સવ અમે એક જ સીઝનનો કરતા હતા. આ વખતે રવિ કૃષિ મહોત્સવનું પ્લાનિંગ કર્યુ. આજે ખેડૂતોની વાત કરતા હતા ને. ખેડૂતોના નામે માત્ર મત લેવા હોય ત્યારે વાત થાય. બાકી તો ખેડૂતો કોઇ અધિકાર માગવા આવે, ખેડૂતો એમના હક્કનું માગવા આવે તો એમના હક્કનું મળતું નહોતું. એમને શું મળતું હતું? બંદૂકની ગોળી અને લાઠીઓ મળતી હતી. હું સાબરકાંઠાની વાત કરું તો એની અંદર યુવાનો, નવલોહિયા કેટલાય યુવાનો, ખેડૂતના દીકરાઓ, એની ખાંભીઓ આજે પણ સાબરકાંઠા જિલ્લામાં જોષીયારાજી આજે પણ જોવા મળી આવે છે.

અધ્યક્ષશ્રી : જોષીયારાજી બેઠા બેઠા કોમેન્ટ ન કરીએ. આપને તક મળે તો પ્રવચન કરજો. પ્લીઝ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : અમે ખેડૂતોને બંદૂકની ગોળીઓ નહીં, ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે સરકારની યોજનાઓ ઘર સુધી પહોંચે એના માટેના અમે કાર્યક્રમો કર્યા છે. ૨ લાખ ૪૭ હજાર ૯૭૪ જેટલા કૃષિકારોને લાભ આપવા માટે ૯૭.૭૨ કરોડ રૂપિયા આ વર્ષના રવિ કૃષિ મહોત્સવમાં આપ્યા છે. ખેડૂતને સામે ચાલીને તેને લાભ મળે એટલા માટે, અમારે ત્યાં ખેડૂતોમાં એવી પરંપરા રહેલી છે કે ખેડૂતના કોઇ ભાઇને વર્ષ મોળું આવ્યું હોય, વર્ષ મોળું એટલે તેનો જે પાક હોય તેમાં કોઇ મુશ્કેલી આવી હોય તો તેના બાકીના જે ભાઇઓ હોય તે તેને મદદ કરતા હોય છે, આને સાંઢોળ કહેતા. મારે આજે ગૌરવ સાથે કહેવું છે કે આ રાજય સરકારે ખેડૂતોને તેના પાકની અંદર કંઇ મુશ્કેલી લાગી હોય તો આ વર્ષની અંદર તેને મદદ કરવા માટે અને ખેડૂતની સાથે સરકાર બેઠી છે એટલા માટે ૧૧૦૦ કરોડ રૂપિયાનું પેકેજ ખેડૂતોના હિત માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને આ રાજય સરકારે આપ્યું છે. જેની અંદર કૃષિ લોનમાં ૫૦ ટકા જેટલી વ્યાજમાં સબસિડી અને વીજ બીલ આપવામાં આવે તેમાં કહ્યું કે તમારું વીજ બીલ મોટો પમ્પ હોય તો હજાર રૂપિયા આવતું હોય તો તેમાંથી ૨૫ હજાર રૂપિયા રાજય સરકાર ભરશે. તમારે ભરવાની જરૂર નથી. તમે ખેતીમાં કામ કરો. તે ખર્ચ સરકાર ઉપાડશે. ખેડૂતો પ્રત્યેની આ લાગણીના કારણે આ પ્રમાણેના નિર્ણયો થઇ શકતા હોય છે. નર્મદાના દરવાજાના કામની વાત થઇ ત્યારે આ ઓથોરિટીએ કર્યુ અને બીજી વાતો ચર્ચામાં આવી. મારે વિપક્ષના સિનિયર આગેવાન માનનીય શ્રી શક્તિસિંહભાઇ આમ તો વિદ્વાન છે અને અમારા સિનિયર મંત્રી નીતિનભાઇ પટેલ સાહેબ કહેતા હોય છે કે ભાઇ હોંશિયાર છે તેવું તેમના માટે કહેતા હોય છે. પરંતુ મારે તે બાબત તેમના ધ્યાન ઉપર મૂકવી છે કે નર્મદા ઓથોરિટી અલગ પ્રકારે છે તેવી વાત ચાલતી હતી તો નર્મદા ઓથોરિટીના ચેરમેન દેશના પ્રધાનમંત્રી છે તેનું ધ્યાન કદાચ તેમના ધ્યાન ઉપર નહીં આવ્યું હોય અને તે વખતે કેમ ન થયું અને આ વખતે કેમ થઇ શક્યું તેનો જવાબ ઓટોમેટીક મળી શકે. ચેરમેન એટલે શું હોય તે પણ માનનીય સિનિયર સભ્યશ્રી સમજતા હશે. આટલા વર્ષો સુધી કેમ ન થયું અને સત્તર દિવસની અંદર શા માટે થઇ શક્યું? તો ગુજરાતનું હિત આજે ત્યાં બેઠેલા વડાપ્રધાનશ્રી પોતે સમજયા અને તેમના હ્યદયની અંદર વસેલું છે એટલા માટે કરીને નિર્ણય આવી શકયો. આ

ગરીબોની ચિંતા કરવાવાળી સરકાર છે. રાજય સરકારે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ. સાતમા ચરણમાં ગ્રામીણ ક્ષેત્રના ૧૧૫ જેટલા અને શહેરી વિસ્તારના ૧૨ એમ કુલ મળીને ૧૨૭ જેટલા ગરીબ કલ્યાણ મેળાની અંદર ૧૦.૨૭ લાખ લાભાર્થીઓને ૧૩૮૭ કરોડની સહાય ગરીબ, વંચિત, દલિત, આદિવાસી, બક્ષીપંચનો જે આપણો ભાઇ ગરીબ છે તેના હિત માટે આ રાજય સરકારે આપ્યા છે. સરદાર આવાસ યોજના અંતર્ગત ફેસ–૨ની અંદર ૧ લાખ ૯૩ હજાર લાભાર્થીઓને સરદાર આવાસ યોજનાનો લાભ આપ્યો. આ ઉલ્લેખ એટલા માટે કરવો પડયો કે અગાઉના વકતવ્યો વખતે માનનીય સભ્યશ્રીઓએ એવી વાત કરતા હતા કે બજેટમાં જોગવાઇ તો કરો છો પરંતુ લાભ કયાં મળે છે? ત્યારે મારે ધ્યાન પર મૂકવું છે કે શહેરી ગરીબો માટે ૬ લાખ ૬૫ હજાર આવાસોના નિર્માણનું આયોજન કર્યુ તેમાંથી ૨ લાખ ૨૨ હજાર જેટલા આવાસો પૂર્ણ કરવામાં આવ્યા. ઘર ઘર સુધી ટોઇલેટ માટેનું અભિયાન, સ્વચ્છતા અભિયાન કે જે મહાત્મા ગાંધીનું સ્વપ્ન હતું તે સ્વપ્ન દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી પૂર્ણ કરવા જઇ રહ્યા છે. તે અંતર્ગત ૨ લાખ ૭૬ હજાર ૯૪૫ જેટલા મંજૂર કર્યા અને અત્યાર સુધીમાં ૨ લાખ કરતાં વધારે કામ પૂર્ણ કરી દીધા છે. આ કામ ત્યાંથી નિર્ણય કર્યો, ઇચ્છાશકિત વ્યકત કરી અને આજે પરિણામ દેખાઇ રહ્યું છે. ગ્રામીણ ક્ષેત્રની અંદર પણ વ્યકિતગત શૌચાલયો ૩ લાખ ૨૦ હજાર ૮૧૪ જેટલા પૂર્ણ થયા છે. પ્રજા લોકાભિમુક વહીવટ દેખાય એટલા માટે લોકસંવાદ કાર્યક્રમોનું આયોજન રાજય સરકારે કર્યુ છે. અહીંયા માનનીય સભ્યશ્રીઓ વાત કરતા હતા, માનનીય પુંજાભાઇ અત્યારે હાજર નથી અને માનનીય શકિતસિંહભાઇ પણ અત્યારે હાજર નથી. પથ્થરો છોડીને ભાગી જવું એ આપણે જાણીએ જ છીએ. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે એ બાબતનું ધ્યાન આપના માધ્યમથી આ વિધાનસભા ગૃહનું રાજયની પ્રજા સુધી પહોંચે એ માટે દોરવું છે કે, ૨૪૭ જેટલા લોકસંવાદ કાર્યક્રમો કર્યા અને આ કાર્યક્રમો માત્ર ત્યાં બેસીને નક્કી કરે એવું નહીં, ૧૫ દિવસ પહેલા સ્થાનિક અખબારોની અંદર એની જાણકારી આપવામાં આવે કે આ તાલુકાની અંદર આ તારીખે આ મંત્રીશ્રી આવશે તો પ્રજામાંથી કોઇને પ્રશ્ન હોય તો અહીંયા અત્યારે તમે પ્રાન્ત ઓફિસની અંદર જઇને લખાવો. ખાનગીમાં નહીં જાહેરમાં અને એ પછી જે પ્રશ્ન આવે એનો ઉકેલ ત્યાં આગળ સ્થળ ઉપર કરવામાં આવે. કેટલા પ્રશ્નો આવ્યા? ૧૩૫૨૩ જેટલા અરજદારોના ૧૫૨૩૪ પ્રશ્નો આવ્યા અને ૧૩૨૯૬ જેટલા પ્રશ્નો સ્થળ પર જ ઉકેલવામાં આવ્યા અને અત્યારનો જે આંકડો મળ્યો છે અને અત્યારે જે માહિતી મળી છે એ પ્રમાણે ૮૭ ટકા જેટલા પ્રશ્નોનો ઉકેલ આવ્યો એ બતાવે છે કે, પ્રજાના સામાન્ય માણસ જે ગામડામાં બેઠો છે તો સરકાર સુધી એને આવવાની જગ્યાએ સરકાર એને દ્વારે જઇ એના તાલુકામાં એના પ્રશ્નોનો ઉકેલ કરે એવું કામ આ રાજય સરકારે પૂર્ણ કર્યું છે લોકસંવાદ કાર્યક્રમના માધ્યમથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પોતાની ઇચ્છાશકિતની અંદર વિઝન બતાવ્યું છે. આવનારી તાકાત, આવનારો સમય એ મહિલાઓની ૫૦ ટકા જનસંખ્યાને જો વિકાસની યાત્રામાં જોડવામાં ન આવે તો કોઇ પણ દેશ કે કોઇ પણ રાજય કે કોઇ સમાજ આગળ ન વધી શકે એના માટે ૩૩ ટકા જેટલી મહિલાઓની પોલીસની ભરતીમાં અનામતની જોગવાઇ કરી, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પણ ઐતિહાસિક નિર્ણય કરીને ૫૦ ટકા મહિલાઓના આરક્ષણની જોગવાઇ કરી. ફ્યુચરમાં વ્યકિત બિમાર ન પડે એ માટે અને બિમાર પડતા પહેલા જ એની અવેરનેશ ઉભી થાય એ માટે એક હેલ્થ યુનિવર્સિટીની સ્થાપના કરવા આ વખતના બજેટમાં જોગવાઇ કરવા આ સત્રમાં લાવવા માટેનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે કીડની પ્રત્યારોપણના કામમાં પણ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કામમાં ગુજરાતની કીડની ઇન્સ્ટીટ્યુટ ખા દેશની અંદર જ નહીં પણ એશિયાની અંદર એક ઉદાહરણરૂપ છે તો એની એક અલગ યુનિવર્સિટી બનાવવાનું પણ કામ આ રાજય સરકારે કર્યું છે. એટલે સંશસોધન પણ થશે અને સંશોધનની સાથે સાથે ત્યાં કામ પણ થાય. આ બે ઘટનાઓ આવનારા સમયમાં હેલ્થની દુનિયામાં બિમાર પડે ત્યારે જ નહીં પણ બિમાર પડ્યા પહેલા અવેરનેશ આવે એ માટે હેલ્થ યુનિવર્સિટી એની અંદર નાના નાના સીલેબસ કેર કઇ બાબતની લેવી અને એક આખા મોટા અભિયાન દ્વારા ગુજરાત આખા દેશને આ દિશામાં રાહ ચીંધશે. આ બાબત એટલા માટે મૂકી મેં કે એક એક ઘટના માત્ર ટૂકડો ટૂકડો નથી, એક એક ઘટના કલેકિટવ થિંકીંગ કરીને ગુજરાત આવતી કાલે ક્યાં પહોંચશે તેનું દર્શન અહીંયા થઇ રહ્યું છે. મારે એ બાબત પણ અત્યારે ધ્યાન ઉપર મૂકવી હતી કે અહીંયા ચર્ચા મોટા ભાગે શિક્ષણની ભરતીની થઇ. માનનીય શકિતસિંહભાઇ કહેતા હતા સરકારી નોકરીઓમાં એક સાથે ગેપ પડી ગઇ અને પછી ભરવા માટેનું પ્લાનિંગ તમે હવે કર્યું છે અથવા જે કર્યું છે એ અપૂરતું છે આ પ્રમાણેની એમણે વાત કરી. માનનીય

અધ્યક્ષશ્રી, એક બાબત એમની સાચી છે કે, ભરતીની જરૂરિયાત ક્યારે ઉભી થશે એનો અંદાજ આવે કે આ ૫૬ વર્ષે કે આ ૬૦ વર્ષે કે કેટલા વર્ષે એને રીટાયર થવાનું છે એ જ્યારે ભરતી થઇ હશે ત્યારથી ધ્યાનમાં આવે અને કેવી જરૂરિયાત છે એનો પણ અંદાજ આવતો હોય છે. પરંતુ આ એક વર્ષે માત્ર પાંચ વર્ષમાં કે દસ વર્ષમાં આ ભરતી થઇ અને પાંચ દસ વર્ષની અંદર જ બધા રીટાયર થઇ જાય છે એવું નથી. જ્યારે પણ ભરતી થઇ હોય ત્યારે પ્લાનિંગ એ ટાઇમે કરવાની જરૂર હતી કે પચાસ વરસે કે પંચાવન વરસે જ્યારે નિવૃત્ત થશે, ૫૮ વરસે અથવા તો હજી તમારે વધારવાનું હોય તો જ્યારે ભરતી થઇ હોય ત્યારે એક કાર્યક્રમ બનાવવાની જરૂર હતી કે કયા સમય દરમિયાન આની નવેસરથી ભરતી કરવી, એનું એક શિડ્યુલ બનાવવાનું હતું. ૧૯૯૫ની અંદર અમારી સરકાર આવી, ત્યારે શિક્ષકોની ઘટ એટલા મોટા પ્રમાણમાં કે એક થી ચાર ધોરણની સ્કૂલ હોય અને શિક્ષક એક હોય, પૂર્વ દિશામાં ફરે એટલે પહેલું ધોરણ, પશ્ચિમ દિશામાં ફરે એટલે બીજું ધોરણ, ડાબી અને જમણી બાજુમાં આમ ખુરશી ફેરવે એટલે ત્રીજા ધોરણવાળાને ભણાવે અને આમ ફેરવે એટલે ચોથા ધોરણવાળાને ભણાવે. ૧૯૯૫ થી ૨૦૧૪-૧૫ સુધીમાં ઘટનો એવડો મોટો લોટ હતો કે રાજ્ય સરકારે દોઢ લાખ કરતાં વધારે પ્રાથમિક શિક્ષકોની ભરતી કરવી પડી, એટલે આવડી મોટી ગેપ જે વારસાની અંદર મળેલી હોય એને પુરા કરતાં થોડોક સમય લાગે, પરંતુ અમારી ઇચ્છાશકિત છે અમારે આ કામ કરવું છે અને એની અંદર આપ સૌનો સહયોગ હશે તો ૧૦૦ ટકા આપણે આ સિદ્ધિ સુધી પહોંચી શકીશું. બીજી વાત એ છે કે અમે સુધારો કર્યો છે શિક્ષકોની ભરતી, બદલી અને એમની નિમણૂંક એ અગાઉના સમયમાં એક પ્રકારની ફેક્ટરી જેવું હતું. મારે એ બાબત પણ ધ્યાન પર મૂકવી છે કે, શિક્ષકોની ભરતી થતી હોય ત્યારે ગુણવત્તાના આધાર ઉપર નિર્ણય ના થતાં ત્યારે નિર્ણય થતાં હતા કે કોણ લાગવગવાળો, કોણ પૈસા આપવાવાળો એના આધારે. પણ આ રાજ્ય સરકારે પારદર્શકતા ઉભી કરીને..

અધ્યક્ષશ્રી : બેઠાં બેઠાં કોઇ કોમેન્ટ ના કરે પ્લીઝ, શાંતિ રાખો, પછી આ તલાટીઓનો ભૂતકાળ યાદ કરાવશે એટલે હમણાં રહેવા દો. બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે બેઠા બેઠા કોઇ કોમેન્ટ ના કરે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વ્યક્તિગત કોઇ બાબતમાં પડવા નથી માંગતો એટલા માટે હું એ વિષયની વાત નહીં કરું એનો ઇતિહાસ પહેલાં શું થતું હતું. રાજ્ય સરકારે નિર્ણય કર્યો કે એક બોર્ડની અંદર કઇ કઇ જગ્યાઓ ખાલી છે એ જાહેરમાં ખુલ્લામાં મૂકવામાં આવે, કયા શિક્ષકે ક્યાં આગળ નોકરી કરવી એ એમની ગુણવત્તાના આધારે, એની મેરિટના આધારે નિર્ણય થાય, ભરતીની અંદર આ પ્રમાણેનો ઐતિહાસિક નિર્ણય કરવાનું કામ આ રાજ્ય સરકારે કર્યું છે. અમને વારસામાં ડ્રોપ આઉટ રેટ કેટલો મળ્યો હતો? ચાળીસ ટકા જેટલા વિદ્યાર્થીઓ ઉઠી જતા એટલે કે ચાળીસ ટકા ડ્રોપ આઉટ રેટ પ્રાયમરી એજ્યુકેશનની અંદર હોય એ રાજ્ય ક્યાંથી આગળ વધી શકે. અમે આ માટે પુરુષાર્થ કરતાં કરતાં મહેનત કરતાં કરતાં લગભગ બે ટકા જેટલે લઇ આવ્યા છીએ. આને બિરદાવવાની જરૂર હતી આ અમે કલેક્ટીવ પ્રયાસ કર્યો એનું પરિણામ આજે આપણને દેખાઇ રહ્યું છે. રાજ્યની અંદર અગાઉ યુનિવર્સિટીઓ કેટલી હતી? તો અમને નવ યુનિવર્સિટીઓ વારસામાં મળી હતી. આખા ગુજરાતની અંદરથી નવ. અમે ગણતરીના વરસોની અંદર બાંસઠ જેટલી યુનિવર્સિટી સુધી અમે પહોંચ્યા છીએ, કદાચ વિપક્ષના મિત્રોએ આ બાબત પર ધ્યાન આપ્યું હોત તો ચોક્કસ આ બાબતને બિરદાવી શકત. નર્મદાની વાત કરી. નર્મદા એ માત્ર મત લેવા માટેની એક બેન્ક હોય એ પ્રમાણે વિચાર કરવામાં આવતો હતો, નર્મદા એ ખેડૂતોની જીવાદોરી, નર્મદા એ ગુજરાતની જીવાદોરી, નર્મદા એ ગુજરાતનો પ્રાણ પ્રશ્ન. પરંતુ એ નર્મદાજી આવે ક્યાંથી? ન ડેમના દરવાજાનું કામ આગળ વધે, ન એની ઉંચાઇનું કામ વધે, ન એની કેનાલો થાય, નર્મદાનું પાણી હેલિકોપ્ટરમાંથી બારોબાર ન આવે, તો કેનાલોનું કામ પૂર્ણ કરવાનું હોય પણ ન એના માટે નાણાકીય જોગવાઇ થાય કે ન એનું કામ ચાલુ થાય કે પૂર્ણ થાય. આ રાજ્ય સરકારે તારીખ ૩૧-૧-૨૦૧૫ સુધીમાં ૨૬૩૫૯.૭૪ કિલોમીટર નર્મદાની કેનાલનું કામ પૂર્ણ કર્યુ છે આ કોઇ નાની ઘટના નથી. માનનીય શકિતસિંહભાઇ કચ્છની ચિંતા કરતા હતા, ત્યાંના ધારાસભ્યશ્રી છે એટલે મારે કહેવુ છે કે આ દેશમાં ૮૫ કિલોમીટર જેટલું કચ્છની અંદર જે નર્મદાની કેનાલનું કામ આજે લગભગ પૂર્ણ થવા આવ્યું છે. એમાંથી અગાઉની કોંગ્રેસની સરકારના ટાઇમે એક પાવડો ભરીને માટી તેની અંદરથી કાઢવામાં આવી હતી ? આ કામ રાજય સરકારે ચાલુ કર્યુ અત્યારે પૂર્ણ કરવામાં આવ્યું. અત્યારે કચ્છ બ્રાન્ચ કેનાલની અંદર પણ નર્મદાનું પાણી વહેવડાવવાનું કામ રાજય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સુજલામ સુફલામ્ યોજના, તેનો વિચાર ઉત્તર ગુજરાતની સૂકી ધરતી કે જયાં નર્મદાનું પાણી પહોંચતું ના હોય અને ત્યાં વધારાનું વરસાદી પાણી પહોંચતું કરીને ત્યાંના ખેડૂતોને ધરતીની અંદર પાણી ઉતારી અને તે પાક લઇ શકે અને બીજુ એક પેરેલલ નદી ટાઇપનું ઉભુ કરવાનું રાજય સરકારે સ્વપ્ન જોયું ત્યારે ટીકા થતી હતી કે આવુ થઇ નહીં શકે. અને સુજલામ સુફલામની જગ્યાએ અલગ શબ્દ તે વખતે વાપરવામાં આવતા હતા. રાજય સરકારે ત્યારે એક બાજુ નર્મદાની કેનાલ, બીજી બાજુ સુજલામ સુફલામ અને ત્રીજુ કામ અત્યારે હાલ જે હાથ ઉપર લીધુ છે સૌની યોજનાનું સૌરાષ્ટ્રની અંદર. એ ત્રણે ત્રણ યોજનાઓ ગુજરાતના ખેડૂતો માટે એક આખું આમૂલ પરિવર્તન કૃષિના વ્યવસાયની અંદર લાવવા માટે એના પરિણામો મળી રહ્યાં છે. સુજલામ સુફલામની અંદર ૩૩૦ કિલોમીટર જેટલુ પાણી વહેવડાવવામાં આવ્યું. ૨૫૬ જેટલા તળાવો ભરવામાં આવ્યા. એવુ જ અત્યારે હાલ જે નર્મદાની કેનાલોનુ નેટવર્ક અને માઇનોર સબ માઇનોરનું કામ તાત્કાલિક થઇ જાય એટલા માટે ખુલ્લી કેનાલથી કરવાનુ હતુ તેની જગ્યાએ પાઇપ લાઇનો નાંખીને દરેક ખેડૂતના ખેતર સુધી કામ જાય અને આ ઉનાળાના ચાર મહિનાની અંદર જેટલું પ્લાનિંગ બન્યુ છે તે કામ પૂર્ણ કરવાનું પણ રાજય સરકારે આયોજન કરી લીધુ છે. મુખ્યમંત્રીશ્રી પોતે આનું વ્યકિતગત મોનીટરીંગ ગુજરાતના ખેડૂતો માટે અત્યારે કરી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજના માટે ૧૪૦૦ કરોડનો ખર્ચો થયો. સૌરાષ્ટ્રની આ ધરતી માટે આશીર્વાદરૂપ કામ આ સૌની યોજનાને કારણે થશે. જે પ્રમાણે સુજલામ સુફલામ્ યોજનાનું કામ આગળ વધ્યું અને ઉત્તર ગુજરાતના ખેડુતોની જે સ્થિતિ હતી તેમાં આમૂલ પરિવર્તન આવ્યું છે, બદલાવ આવ્યો છે. બદલાવ કેવો મારા મત વિસ્તાર એટલે સરહદી વિસ્તાર. જયાં કયારેય એપીએમસીની અંદર સો કરોડની આવક ત્યાં આગળ બનતી ના હતી. આજે સાહેબ ગૌરવ સાથે કહું કે નર્મદાની કેનાલના કારણે એક મત વિસ્તારની આવક ૫૦૦ કરોડ કરતા પણ વધારે આ વર્ષની હશે હું ત્યાંના ધારાસભ્ય તરીકે કહું છું. જયાં સો કરોડ કયારેય ના આવતા તેની જગ્યાએ ૫૦૦ કરોડ એની એગ્રીકલ્ચર ઇન્કમ એક વિસ્તારની હું કહી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખેડૂતની પાસે ૫૦ હજારની લોન લેવા માટે આવવું પડે એ ખેડૂત પાંચ લાખ રૂપિયા પોતે ડિપોઝીટ મૂકે એવી સ્થિતિ થઇ છે. હું એક બેન્કનો ચેરમેન છું. એની ટોટલ ડિપોઝીટ હું ચેરમેન તરીકે આવ્યો ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, ૨૩૦ કરોડ હતી. ડિપોઝીટ એ લોકોની ઇકોનોમી દર્શાવતી હોય છે. આ ૨૩૦ કરોડની ડિપોઝીટની જગ્યાએ આ દસ વર્ષના સમયગાળામાં ૨૩૦ કરોડમાંથી ૧ હજાર કરોડ રૂપિયા થઇ છે. આ બનાસકાંઠાની વાત કરું છું. એ ખેડૂતોના પૈસા છે અને એમની ઇન્કમ વધી એટલે ત્યાં આગળ તેમની ડિપોઝીટ વધી એટલે આજે જે સ્થિતિ ખેડૂતો માટે, ગરીબ લોકો માટે જે ચિંતા કરવામાં આવી તેના કારણે આ પ્રમાણેના પરિણામો આપણને દેખાઇ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઓલ અવર સ્ટેટનો એગ્રીકલ્ચર ગ્રોથ અને આમ પણ સાહેબ એગ્રીકલ્ચર ગ્રોથ ઇઝ રીયલ ગ્રોથ. બાકીના ડેવલપમેન્ટ હોય પરંતુ મૂળ પ્રોડકશન જો કોઇ જગ્યાએ થતું હોય તો એગ્રીકલ્ચરની અંદરથી થતું હોય છે. આ બધા પ્રયત્નો, ચેક ડેમની વાત હોય, સુજલામ સુફલામની વાત હોય, બોરી બંધની વાત હોય, વરસાદી પાણીને રોકવાની વાત હોય, પેરેલલ જે પ્રમાણે નર્મદા યોજનાનું કામ, એનું પાણી એનાથી પણ વધારે પાણીનો જથ્થો રોકીને રાજય સરકારે ચેકડેમ બોરી બંધના કારણે માઇક્રો લેવલ ઉપર પાણી રોકવાનું કામ કર્યું અને એનો સિંચાઇમાં ઉપયોગ કર્યો એટલે આજે કેટલાક વર્ષથી દસ ટકા કરતા લગભગ ડબલ આંકડાની અંદર એગ્રીકલ્ચર ગ્રોથ આ ગુજરાતનો અત્યારે જળવાઇ રહ્યો છે. રાજયમાં બાકી જગ્યાએ આ સ્થિતિ નથી, અને આટલેથી આપણે સંતોષ નથી માનતા, આપણે નકકી કર્યું છે કે ગુજરાત એ સૌથી આગળ તો હોય, પરંતુ ગુજરાત ડેવલપમેન્ટની દિશામાં એક નવી ઉંચાઇએ આગળ જવા માટે બીજા બધા માટે પ્રેરણારૂપ બને તેની કલ્પના રાજય સરકારે રાખી છે તેનું પરિણામ અહીંયા આપણને દેખાઇ રહ્યું છે. વિરોધપક્ષના ઘણા મિત્રોએ ક્રીટીસાઇઝ કર્યું તેમાં હું નથી પડવા માગતો, પરંતુ એક ઉલ્લેખ માનનીય પુંજાભાઇએ આર.એસ.એસ.ના સંસ્કારોનો કર્યો, આર.એસ.એસ.ના સંસ્કારો એટલે શું? આર.એસ.એસ.ના સંસ્કારો એટલે દેશ ભકિતના સંસ્કારો, આર.એસ.એસ.ના સંસ્કારો એટલે રાષ્ટ્રને સૌથી પહેલા માનવા વાળા સંસ્કારો, અને આર.એસ.એસ.ના કાર્યકરતા હોવું અને આર.એસ.એસ.ના સંસ્કારો વાળું હોવું અને દેશ ભકત હોવું તેનું અમને ગૌરવ છે. અને દેશને સૌથી વધારે જરૂર દેશ ભકતોની છે. કયારેય ક્રીટીસાઇઝ બાકી બાબતોનું કરીએ, પરંતુ કોઇ

સંસ્કારોની બાબતમાં ક્રીટીસાઇઝ કરીએ તે બાબત મને લાગે છે કે ઠીક નથી. મારે બીજી બાબત પણ કહેવી છે, આદરણીય તેજસ્વી બહેને એક વિષયનીવાત કરી હતી, સુરક્ષાની બાબતે, સુરક્ષાની દ્રષ્ટીથી ગુજરાત આજે એના આંકડાઓ ઉપરથી અંદાજ આવશે કે ગુજરાત એ કોઇને પણ લાગે કે અહીંયા જઇને આપણે ધંધો વ્યવસાય કરીએ તો અહીં આપણી સલામતી છે એવું રાજય બની રહ્યું છે. આમાં ગુજરાતની પ્રજાની સંસ્કારીતા અને રાજય સરકારના પ્રયત્નો આ બધું મળીને એક સારું પરિણામ દેખાઇ રહ્યું છે. પરંતુ આ જ ગુજરાતની અંદર એવી પરિસ્થિતિ હતી કે અમદાવાદમાં જવું હોય તો ડર લાગતો, કે આજે તો કરફયુ નહીં હોય ને, આજે આ ગુજરાત મહાત્મા ગાંધીના નામે ઓળખાય છે. જે ગુજરાતમાં કયારેક વડોદરા રાજુ રીસાલદારના નામે ઓળખાતું, અમદાવાદ કયારેક અબ્દુલ લતીફના નામે ઓળખાતું, કયારેક કચ્છ ઇભલા શેઠના નામે ઓળખાતું, મારે આ બાબતનો ઉલ્લેખ એટલા માટે કરવો પડે છે કે બહેનશ્રીએ જયારે  મહિલાઓની સુરક્ષાની વાત કરી ત્યારે એ તાંદુરી કાંડ, મહિલા કોંગ્રેસી નેતાની હત્યા કઇ રીતે થઇ? તાંદુરીમાં કોણે કરી, તવાની અંદર એક મહિલાને શેકી દેવાનું કામ થયું ત્યારે કોની સરકાર હતી? મારે એ બાબત પણ ધ્યાન ઉપર મુકવી પડે કે, આ સરહદની સુરક્ષા ખુલ્લી પડી હતી આંતરા દિવસે સમાચાર એવા મળતા કે આજે આર.ડી.એકસ. પકડાયો, આજે એકે-૫૬ રાયફલ પકડાઇ, સરહદ ઉપરથી પાકિસ્તાનમાંથી અવર જવરની ઘટના રોજે રોજ બનતી હતી, આજે ગૌરવ સાથે કહી શકાય કે કોઇના બાપની હિંમત નથી કે પાકિસ્તાનની સરહદથી ગુજરાતની ધરતી ઉપર આવી અને ગુજરાતમાં અરાજકતા કરી શકે. ગુજરાતની પ્રજાએ જે સરકારને ચૂંટીને મોકલી છે એ સરકારનો વીલ પાવર છે. આ વીલ પાવર વાળી ગવર્નમેન્ટ છે અને એના પરિણામે આજે પોલીસનું મોરલ પણ અપ થયું છે. રાત દિવસ પુરુષાર્થ કરવા વાળા કર્મયોગીઓને આજના તબકકે આપણે અભિનંદન આપીએ. અને જે આ બજેટ છે એ પ્રજાલક્ષી ગુજરાતનું વિકાસ લક્ષી બજેટ છે  ત્યારે તેને ખૂબ ખૂબ સમર્થન આપું છું.

**સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૯ કલાકે પુરું થતા, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બીજી બેઠક માટે બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

## બીજી બેઠક

## સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળ્યું

## અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

**આણંદ જિલ્લામાં ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્સન યોજના હેઠળ સહાય**

* ૧૫૬૦૮ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્સન યોજના મેળવવા છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઈ, કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | આણંદ (શહેર) | ૧૭૬ | ૧૭૦ | – |
| ૨ | આણંદ (ગ્રામ્ય) | ૯૧૦ | ૪૩૪ | – |
| ૩ | ઉમરેઠ | ૩૪૫ | ૩૧૬ | – |
| ૪ | બોરસદ | ૧૨૧૪ | ૧૦૪૦ | – |
| ૫ | આંકલાવ | ૭૫૬ | ૭૨૪ | – |
| ૬ | પેટલાદ | ૧૯૮૮ | ૧૩૨૭ | – |
| ૭ | સોજીત્રા | ૧૧૯ | ૮૧ | – |
| ૮ | ખંભાત | ૮૧૭ | ૮૦૩ | – |
| ૯ | તારાપુર | ૨૧૦ | ૧૯૭ | – |
| | **કુલ** | **૬૫૩૫** | **૫૦૯૨** | **શૂન્ય** |

શ્રી નિરંજન પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આણંદ જિલ્લાની અંદર જે ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્સન યોજના આપવામાં આવે છે એમાં કયારે કેવી રીતે અને કેટલી મંજૂર થઇ એ હું પૂછવા માગતો નથી. પરંતુ સરકારશ્રીને એટલું પૂછવું છે કે જેમ સરકારી કર્મચારીઓને એક જ તારીખે પગાર મળે છે, જેવી રીતે ધારાસભ્યશ્રીના ખાતામાં પહેલી તારીખે પગાર મળે છે એમ આ લોકોના બેંક ખાતામાં એકજ તારીખે બધાને મળી જાય તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ અને એ કયારથી એ કરવા માગો છો કારણ કે અત્યારે એ લોકોને બહુ જ અનિયમિત મળે છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : અત્યાર સુધી એમને પેન્સન મનીઓર્ડર દ્વારા આપવામાં આવતુ હતું પરંતુ હવે લાભાર્થીઓને જનધન યોજના હેઠળ બધાના બેંકમાં ખાતા ખુલ્લી ગયા હોવાથી આગામી દિવસોમાં બેંક ખાતામાં સમયસર જમા થાય એ અંગે રાજય સરકાર વિચાર કરશે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : આ પેન્સન યોજના કયારથી અમલમાં આવી અને એની સહાય મેળવવા માટેના પાત્રતાના ધોરણો શું છે, અને આ યોજના હેઠળ કેટલી સહાય મળે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : કેન્દ્રિય પુરસ્કૃત આ યોજનાની શરૂઆત ૧૯૯૫ થી કરવામાં આવી હતી. ૬૦ વર્ષથી વધારે ઉંમરના વૃદ્ધ લોકો કે જેનો બી.પી.એલ. ની યાદીમાં સમાવેશ થતો હોય એને આનો લાભ મળે છે. ૬૦ વર્ષથી ૬૯ વર્ષના જે લોકો હોય એને કેન્દ્ર સરકાર તરફથી ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે જયારે રાજય સરકાર તરફથી ૨૦૦ રૂપિયા આપવામાં આવે છે આમ કુલ ૪૦૦ રૂપિયા લાભાર્થીને આપવામાં આવે છે.

શ્રી અમિત અ. ચાવડા : આમાં સરકારની સૂચના છે કે કોઇપણ વૃદ્ધની અરજી આવે તો એને નાગરિક સુવિધા કેન્દ્રની અંદર ઓન લાઇન એન્ટ્રી લઇને એનો સમય મર્યાદામાં નિકાલ કરવાની સૂચના આપવામાં આવેલી છે. પરંતુ બહુ સ્પષ્ટપણે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે એક પણ જગ્યાએ અમારા જિલ્લા પૂરતો તો સમય મર્યાદામાં નિકાલ થતો નથી. અમે સ્થાનિક સંકલન સમિતિમાં પણ વારંવાર રજૂઆત કરી છે કે ઓન લાઇન એન્ટ્રી થવી જોઇએ જેથી કરીને કયા દિવસે અરજી આવી એની માહિતી મળે અને એનું ટ્રેકીંગ થાય એનો યોગ્ય સમય મર્યાદામાં નિકાલ થાય એ માટેની ચોક્કસ સૂચના અને મોનિટરીંગ કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. પહેલા યોજનાની સહાય નિયમિત મળતી નહોતી, હું જયારે વાત કરું છું ત્યારે આજે એક પણ અરજી એવી નથી કે અમે ચૂકવ્યા ન હોય,

એના માટેની પૂરતી ખાતરી આપવામાં આવે છે. બીજી આપની વાત સાચી કે અમે ઓન લાઇન કોમ્પ્યુટર પદ્ધતિ દાખલ કરી રહ્યા છીએ જે બેંક ખાતામાં જમા આપવાના છે તે સમય મર્યાદામાં મળે એની પૂરતી કાળજી લેવામાં આવશે.

શ્રી કેસરીસિંહ જે.સોલંકી : કેન્દ્ર સરકારની પેન્સન યોજના છે એમાં પતિ–પત્ની બંને લાભ મેળવવાપાત્ર છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : ૮૦ વર્ષથી ઉપરના જે લોકો હોય એ બધાને આ યોજનાનો લાભ મળે છે. ૬૦ થી ૬૯ ઉમરના છે એમાં કેન્દ્ર સરકાર ૨૦૦ રૂપિયા અને રાજય સરકાર ૨૦૦ રૂપિયા સહાય આપે છે. એ જ રીતે ૮૦ વર્ષથી ઉપરના હોય એને આ યોજનાનો લાભ મળે છે. પતિ–પત્ની બંને ૬૦ ઉપરના હોય તો પણ આ યોજનાનો લાભ મેળવવાપાત્ર છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્સન યોજના હેઠળ એક વ્યકિતને કેટલું પેન્સન આપવામાં આવે છે, અત્યારે જે આપવામાં આવે છે એમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે એમાં તારાપુર તાલુકામાં ૨૧૦ અરજીઓ મળેલ એમાંથી ૧૯૭ અરજીઓ મંજૂર થયેલ છે. જયારે ૧૩ અરજીઓ પડતર છે. તો એનું શું થયું, એ નામંજૂર થઇ કે શું થયું અને એનો નિકલ કયારે કરવા માગો છો ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, તારાપુર તાલુકામાં તેમણે જેમ કહ્યું તેમ ૧૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તેમાંથી બે લાભાર્થીનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ નથી. સાત લાભાર્થીઓ ૦ થી ૧૬ ના બી.પી.એલ. સ્કોરમાં આવતા નથી અને આઠ લાભાર્થીઓની ઉંમર ૬૦ વર્ષ કરતા નીચે છે. એટલા માટે તેને લાભ મળ્યો નથી.

અધ્યક્ષશ્રી : કેટલી રકમ, તેનો જવાબ અગાઉ આપી દીધો છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : પેન્સન કેટલું ચૂકવાય છે અને એ પેન્સનમાં વધારો કરવા માગો છો કે કેમ? આ બીજો પ્રશ્ન છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : આ યોજના બે તબક્કાની યોજના છે. ૬૦ થી ૭૯ માં રાજય સરકારના ૨૦૦ રૂપિયા અને કેન્દ્ર સરકારના ૨૦૦ રૂપિયા એટલે કુલ ૪૦૦ રૂપિયા મળે છે. ૮૦ વર્ષથી વધારે ઉંમર હોય તેને કેન્દ્ર સરકાર તરફથી ૫૦૦ રૂપિયા મળે છે અને રાજય સરકાર તરફથી ૨૦૦ રૂપિયા મળે છે એમ કુલ ૭૦૦ રૂપિયા મળે છે અને આ વખતના બજેટમાં વધારાની કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આજના કલિયુગમાં મા–બાપની સારસંભાળ લેવાવાળા લોકો રહ્યા નથી. તેમને વૃદ્ધાશ્રમ સુધી મૂકી આવતા હોય છે. તો હું એ કહેવા માગું છું કે ૮૦ વર્ષથી વધારે ઉંમરના લોકોનું પેન્સન બમણું થાય છે એ વૃદ્ધ લોકો સુધી પહોંચતું નથી. તો સહાનુભૂતિપૂર્વક સરકાર આ બાબત યોગ્ય પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : તેમની વાત સાથે રાજય સરકાર પણ સહમત છે. તમારો મૂળ જે પ્રશ્ન છે એમાં અગાઉ પણ કહ્યું છે કે સમયસર મળે તેના માટેની જોગવાઇ જરૂરથી રાજય સરકાર કરશે.

**સુરત જિલ્લા ખાતે ફેમિલી કોર્ટના ન્યાયિક અધિકારીઓ માટેના મકાનનું બાંધકામ**

* ૧૪૯૯૬ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લા ખાતે ફેમિલી કોર્ટના ન્યાયિક અધિકારીના રહેણાંકના મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૨૮,૬૯,૮૦૦/- |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સુરત ખાતે ફેમિલી કોર્ટના જજ માટે કવાર્ટર બનાવવાની આવશ્યકતા કેમ ઉભી થઇ? સુરત

ખાતે હાલ કેટલી ફેમિલી કોર્ટ કાર્યરત છે? સમગ્ર રાજયમાં આ મુજબ ફેમિલીકોર્ટ બનાવવાનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનીય અધ્યક્ષશ્રી, સુરત ખાતે હાલ પ્રિન્સીપલ ફેમિલી જજ અને જજ ફેમિલી કોર્ટ એમ બે પ્રકારની કોર્ટ ચાલે છે. આ રાજય સરકારે જુદી જુદી જગ્યાએ જજોની નિમણૂંક કરી છે જેથી તેમના માધ્યમથી એમને ઝડપથી ન્યાય મળે. જયારે જજની નિમણૂંક થતી હોય છે ત્યારે તેમને રહેવા માટેની સુવિધા ઉપલબ્ધ થાય તેના માટે કવાર્ટર્સની પણ આવશ્યકતા છે. ફેમિલી કોર્ટના જજ હોય છે એ પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ જજ કક્ષાના હોય છે. તેના કારણે તેમના માટે અલાયદી પ્રકારની વ્યવસ્થા કરવાની આવશ્યકતા છે. એટલા માટે રાજય સરકારે આ વ્યવસ્થા ઉભી કરી. તેમણે બીજો પ્રશ્ન પૂછ્યો કે સમગ્ર રાજયમાં ફેમિલી કોર્ટ બનાવવા માટેનું કોઇ આયોજન છે? ગુજરાત સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જયારે આવ્યા ત્યારે તેમણે મહિલાઓના પ્રશ્નો, મહિલાઓની વેદના પ્રત્યે સંવેદના કેળવીને જે મહિલા તેના ૨૨–૨૩ વર્ષે જયારે કોર્ટમાં છૂટાછેડાનો કેસ ચાલે, ૧૦ વર્ષ સુધી કેસ ચાલે. તેની આખી જુવાની ખલાસ થઇ જાય. તેનો પહેરવા–ઓઢવાનો સમય હોય એ આખો ખતમ થઇ ગયો હોય અને કોર્ટનો ચૂકાદો ન મળે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવી મહિલાઓના ફેમિલી કોર્ટના ઇસ્યુમાં જાતે રસ લઇને સમગ્ર રાજયમાં ૩૩ કોર્ટો મંજૂર કરી હતી. બીજી ૨૦ બીજા તબક્કામાં મંજૂર કરી અને ત્રીજા તબક્કામાં ચાલુ બજેટમાં ૧૫ કોર્ટ મંજૂર કરીને સમગ્ર રાજયમાં ૬૮ જેટલી ફેમિલી કોર્ટો આ રાજય સરકારે મહિલાઓના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તેના માટે કરી છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના કેસો માટે જે ફેમિલી કોર્ટો ઉભી કરેલ છે તેમાં મહિલાઓને કોઇ વિશેષ સવલત મળી રહે તે માટે અને ખાસ કરીને વર્કીંગ વુમન માટે કોઇ વિશેષ વિચારણા આ સરકાર કરી રહી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહિલાઓના પ્રશ્નો પ્રત્યે સમાજે પણ સંવેદના કેળવવાની આવશ્યકતા છે. જે મહિલાને ૨૧,૨૨,૨૩ વર્ષે છૂટાછેડાનો ભોગ બનવું પડતું હોય ત્યારે સ્વાભાવિક છે કે એ પોતાના કુટુંબ ઉપર ન પડતાં પોતે પણ સ્વરોજગારીના માધ્યમથી અથવા નોકરી કરીને કંઇક કમાઇ શકે તેના માટે આવી બહેનો નાની–મોટી રોજગારી કરતી હોય છે. એટલે કોર્ટનો સમય છે એ કોર્ટના સમયમાં નિયમિત આવવાનું થાય. તો એની રોજગારીને અસર ઉભી થાય એટલા માટે આ વખતે રાજ્ય સરકારે ખાસકરીને વર્કીંગ વુમનની ચિંતા કરીને નામદાર હાઇકોર્ટના પરામર્શમાં ચાલુ વર્ષે ગુજરાતમાં મોર્નીંગ અને ઇવનીંગ ફેમીલી કોર્ટનો નવતર અભિગમ અપનાવીને મહિલાઓના પ્રશ્નોમાં સચેતતા દાખવી છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી એમ ફેમીલી કોર્ટોના ન્યાયીક અધિકારીઓ માટે રહેણાંકના મકાનો બનાવવાની વાત છે. રાજ્યમાં ઘણા બધા ન્યાયાધીશોની જગ્યાઓ મોટા પ્રમાણમાં ખાલી છે ત્યારે આ ન્યાયીક અધિકારીઓ માટે રહેવાના મકાનો બનશે પણ કોર્ટોમાં જજીજની જગ્યાઓ પૂરતી ભરાશે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટની અંદર પણ રાજ્ય સરકાર તરફથી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટથી માંડીને અનેક નવી કોર્ટોની સ્થાપના કરવાનું નામદાર હાઇકોર્ટને જણાવવામાં આવ્યું છે. ૭૦૦ જેટલી સ્વર્ણીમ કોર્ટોની સ્થાપના કરીને એમાં આ રાજ્ય સરકારે લોકોને સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે એના માટે વ્યવસ્થા કરી છે. માનનીય સભ્યશ્રી પોતે વકીલના વ્યવસાય સાથે સંકળાયેલ છે ત્યારે નામદાર હાઇકોર્ટ દ્વારા આ ભરતી પ્રક્રિયાની અંદર રાજ્ય સરકાર પાસે જ્યારે અને જેટલા જજોની ભરતી કરવા માટેની મારી પાસે રજૂઆત કરવામાં આવશે તો એમાં રાજ્ય સરકાર તેને મંજૂરી આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

## દાહોદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૫૫૪૪ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા. |

બેરોજગારો નોંધાયેલ છે,

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૩૪૪૧ | ૨૧૯ |
| ૨ | લીમખેડા | ૨૪૨૬ | ૧૩ |
| ૩ | ધાનપુર | ૧૨૪૪ | ૩ |
| ૪ | ગરબાડા | ૧૮૨૨ | ૧૫ |
| ૫ | ઝાલોદ | ૨૬૪૧ | ૩૮ |
| ૬ | ફતેપુરા | ૨૩૯૨ | ૧૦ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૨૪૬ | ૬૪ |
| ૮ | સંજેલી | ૪૭૦ | ૩૬ |
| | **કુલ** | **૧૫૬૮૨** | **૩૯૮** |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૬૭૭ | ૧૬૯ |
| ૨ | લીમખેડા | ૯૭૪ | ૯ |
| ૩ | ધાનપુર | ૪૬૬ | ૨ |
| ૪ | ગરબાડા | ૮૮૮ | ૮ |
| ૫ | ઝાલોદ | ૧૦૦૩ | ૧૫ |
| ૬ | ફતેપુરા | ૬૭૬ | ૬ |
| ૭ | દેવગઢ બારીયા | ૬૯૬ | ૪૪ |
| ૮ | સંજેલી | ૯ | ૧૫ |
| | **કુલ** | **૭૩૮૯** | **૨૬૮** |

(૩) નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી ?

(૩) રોજગારી પુરી પાડવામાં આવેલ યુવાનોની સંખ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૧૪૪ | ૫૫૮ |
| ૨ | લીમખેડા | ૩૮૪ | ૩૭૪ |
| ૩ | ધાનપુર | ૧૪૧ | ૧૫૧ |
| ૪ | ગરબાડા | ૧૭૮ | ૨૧૨ |
| ૫ | ઝાલોદ | ૩૪૦ | ૨૦૬ |
| ૬ | ફતેપુરા | ૧૪૪ | ૨૩૬ |
| ૭ | દેવગઢ બારીયા | ૧૫૭ | ૨૧૧ |
| ૮ | સંજેલી | ૪ | ૨ |
| | **કુલ** | **૨૪૯૨** | **૧૯૫૦** |

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર અને જિલ્લાવાર બેરોજગારો અને રોજગારીનું પરિશિષ્ટ આપેલ છે. એમાં મારો પ્રશ્ન એ છે કે, કુલ ૧૫૬૮૨ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. તો તેમાં ધોરણ ૧૨ પાસ કેટલા છે? ગ્રેજ્યુએટ કેટલા છે? અને પોસ્ટ ગ્રેજ્યુએટ કેટલા છે? શિક્ષિત બેરોજગારોને બેરોજગારી ભથ્થુ આપવાનું સરકારશ્રીનું આયોજન છે કે કેમ? મારો બીજો પ્રશ્ન- ૨૪૯૨ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે તો એમાં કોન્ટ્રાક્ટ ઉપર કેટલા છે? હંગામી ધોરણ ઉપર કેટલા છે અને લાંબા ગાળા માટે કેટલાને રોજગારી આપવામાં આવી છે? ૨૪૯૨ પૈકી સરકારી, અર્ધ સરકારી અને ખાનગી સંસ્થાઓમાં કેટલાને રોજગારી આપવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નના જવાબમાં તાલુકાવાઇઝ અને જિલ્લાવાઇઝ વિગત આપેલી છે. માનનીય સભ્યશ્રીએ કેટલા ધોરણ આમાં ભણેલા છે? એમ પૂછ્યું છે તો એમાં અર્ધ શિક્ષિત અને શિક્ષિતની બે વ્યાખ્યા છે. ધોરણ-૯ સુધી ભણેલા હોય એ અર્ધ શિક્ષિતમાં આવે, ધોરણ-૧૦ પાસ અને તેની વધુ ભણેલા હોય તે શિક્ષિત બેરોજગારમાં આવતા હોય છે. આમાં શિક્ષિત બેરોજગારોના ફિગર આપેલા છે. શિક્ષિત અને અર્ધ શિક્ષિતોના આંકડા આપેલા છે. એમાંથી જે નોંધાયેલા છે એમાંના ૪૪૪૨ લોકોને છેલ્લા બે વર્ષમાં રોજગારી આપવામાં આવી છે.

શ્રીમતી નિમીષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ભરતી મેળા કરવામાં આવ્યા છે અને તેમાં કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર રોજગારી આપવા માટે રોજગાર વિભાગ મારફત ૩૬ જેટલા ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે અને એની અંદર ૧૫૨૦ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં બેરોજગાર યુવાનોને સરકારી નોકરી કેટલી આપી અને બિન સરકારી નોકરી કેટલી આપી? દાહોદ જિલ્લામાં જી.આઇ.ડી.સી.માં ઘણી બધી કંપનીઓ આવેલી છે એમાં ક્યા યુવાનોને રોજગારી આપવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર જે રોજગારી આપવામાં આવી છે એમાં ગુજરાત ફૂડ પ્રોડકટ કંપની, કોસ્મો મેઇન પાવર પ્રાઇવેટ લીમીટિડ કંપની, વોડાફોન કંપની, પી.સી.એસ. વોડાફોન કંપની, એલ.આઇ.સી. ઓફ ઇન્ડિયા લીમીટેડ કંપની, બાસ સ્કોલલેટ કંપની, સનશાઇન એન્ટરપ્રાઇઝ કંપની, વસંત મસાલા પ્રાઇવેટ લીમીટિડ કંપની જેવી ઘણીબધી કંપનીઓમાં કામ આપ્યું છે પરંતુ જે લોકોએ ૫૦ થી વધારે રોજગારી આપી છે એવી આવી મુખ્ય મુખ્ય કંપનીઓના નામ મેં સભ્યશ્રીને જાણ અર્થે મૂક્યા છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તાઃ ૧–૧–૨૦૧૩ થી તાઃ૩૧–૧૨–૧૪ સુધી શિક્ષિત અને અશિક્ષિત કેટલી રોજગારી આપી અને બીજો પ્રશ્ન છે કે દાહોદ જિલ્લામાં સેકટરવાઇઝ અને જાતિવાઇઝ કેટલા બેરોજગારોને રોજી આપી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં તાઃ ૧–૧–૨૦૧૩ થી તાઃ૩૧–૧૨–૧૪ સુધીમાં શિક્ષિત અને અશિક્ષિત બેરોજગારી માટે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે. ૨૪૯૨ શિક્ષિત બેરોજગાર લોકોને રોજગારી આપવામાં આવી, અશિક્ષિતમાં ૧૯૫૦ લોકોને રોજગારી આપવામાં આવી આમ કુલ ૪૪૪૨ લોકોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર જે રીતે બેરોજગારોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે તો જે ભરતી મેળા કર્યા એ ભરતી મેળાની અંદર આઇ.ટી.આઇ. કરેલાને એપ્રેન્ટીસ તરીકે કેટલા મોકલ્યા? ટ્રેઇની તરીકે કેટલા લીધા અને કાયમી કેટલા લીધા?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરીમાં નોંધાયેલા હોય એ બેરોજગારોને રોજી આપવાનું કામ અમારો વિભાગ કરી રહ્યો છે અને એ મારફતે રોજગારી આપવામાં આવતી હોય છે. આઇ.ટી.આઇ. કરેલા હોય કે બીજા લોકો સીધેસીધા કંપનીઓમાં જતા હોય એની માહિતી રોજગાર કચેરીમાં હોતી નથી, પરંતુ જયારે દાહોદ જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે રોજગારી આપવામાં આ ગુજરાત રાજયનો રોજગાર વિભાગ કામ કરી રહ્યો છે ત્યારે સન્માનનીય સભાગૃહને મારે એક વાત જણાવવાની છે, કે ૨૦૧૨ની અંદર ભારત સરકારે રોજગારી આપવાના આકડાઓ રજૂ કર્યા છે એની અંદર અનુસૂચિત જનજાતિ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશની અંદર પ્રથમ ક્રમાંકે આવેલું છે. એ હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર મૂકુ છું.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, જે બેરોજગાર યુવાનો નોંધાયા છે એમાંથી સરકારી નોકરી કેટલાને આપી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ માહિતી મારી પાસે હાલ નથી. મારી પાસે શિક્ષિત અને અર્ધશિક્ષિતની માહિતી હતી જે મેં આપી છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરીઓ જાહેરાતથી અપાય છે, એ ઓપન ટુ ઓલ હોય છે જયારે આ જે આંકડા આપ્યા છે એ એમ્પલોમેન્ટ એકસચેંન્જમાં નોંધાયેલા નામોના ફીગર્સ આપવામાં આવે છે એટલે સરકારી માટે અલગ પ્રશ્ન કર્યો હોત તો અમે માહિતી કઢાવીને આપી શકયા હોત એટલે આને રીલેવન્ટ નથી.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળ્યો નથી.

અધ્યક્ષશ્રી : જવાબ માટે મંત્રીશ્રીને એમના અધિકારો મળેલા છે કે કયા પ્રકારનો જવાબ આપવો, આપને સંતોષ ના હોય તો વિધાનસભાના નિયમો પ્રમાણે (અંતરાય) અન્ય ઉપાયો છે, અત્યારે ચર્ચા ના કરીએ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે સભ્યોની ચિંતા છે ખાસ કરીને આદિવાસી વિસ્તારનો આ પ્રશ્ન છે એના માટેની છે. શિક્ષિત બેરોજગારો ૧૫૬૮૨, છેલ્લા ૨ વર્ષમાં ૭૩૮૯ વધ્યા છે, એની સામે નોકરી આપણે માત્ર ૨૪૯૨ને આપી છે એટલે ૪૮૯૭નો વધારો થયો છે. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી બરાબર જવાબ આપતા હતા, કેબિનેટ મંત્રીશ્રીએ ગૂંચવાડો ઉભો કર્યો, ત્યારે હું જાણવા માગું છું કે જે પરિસ્થિતિ છે એમાં એમ્પલોયમેન્ટ એકસચેન્જમાંથી કેટલીક સરકારી કચેરીઓમાં ઓપન જાહેરાતના બદલે એમ્પલોયમેન્ટ કચેરીમાંથી એક ભરતી કરવાની હોય તો એના છ ગણા વધારે નામો માગીને સરકારી નોકરી અપાયેલ છે અને એ સરકારી નોકરી અપાય એ ઉપરાંત એમ્પલોયમેન્ટ એકસચેંજમાં નોંધાયા હોય, ઓપન ઇન્ટર્વ્યુમાં સિલેકટ થાય તો પણ એનું એમ્પલોયમેન્ટ એકસચેંજમાંથી નામ કમી થાય, નોંધાયેલા છે એનો રેકોર્ડ આપણા પાસે રહે જ. અને એ સંજોગોમાં કારણ કે મોટા ભાગના જે જવાબો આવે છે એમાં એમ્પલોયમેન્ટ એકસચેંજમાં લખાયેલો ખાસ કરીને આદિવાસી વિસ્તાર છે. કોઇ પાર્ટ ટાઇમ કે આઉટ સોર્સ નોકરી આપીને આપણે નોકરી મળી ગઇ એવું ગણીએ છીએ. સરકાર ગંભીરતાથી આદિવાસી વિસ્તારને ધ્યાને લઇ આટલી બધી સંખ્યા વધી છે, એના એક વર્ષના આંકડા જોઇએ તો ૫ હજારની સંખ્યા વધી ગઇ છે. આદિવાસી વિસ્તારના બેરોજગારોને કાયમી સરકારી નોકરી મળે એ માટે વિચારણા કરવા માગો છો કે કેમ?

**શ્રી વિજયકુમાર ર. રૂપાણી :** માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહે જે વાત કરી કે આ જે ફિગર ચાર હજારથી વધુ લોકોને દાહોદમાં નોકરી આપી છે એ મોટાભાગની કાયમી નોકરી છે. ત્યાં એ વિસ્તારમાં એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જમાં જે જે ફેક્ટરીવાળા, પ્રાઇવેટ લોકો અથવા અર્ધ સરકારી સંસ્થાઓ માગણી કરે એ મુજબ અમે નામો આપીએ છીએ. અમે ભરતી મેળાઓ કરીએ એમાંથી પણ નોકરી આપવામાં આવે છે. આ બધી નોકરીઓ સ્થાયી નોકરી છે. સરકાર દ્વારા નોકરીની વાત થાય છે, હજુ પણ મારો જવાબ છે કે એ ઓપન ઇન્ટર્વ્યુમાં એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જની કોઇ ભૂમિકા હોતી નથી.

**જુનાગઢ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૫૨૭૮ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર જૂનાગઢ જિલ્લામાં બેરોજગાર નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૧૦૫૪ |
| ૨ | મેંદરડા | ૧૨૯૫ |
| ૩ | માળીયા હાટીના | ૨૩૫૦ |
| ૪ | માંગરોળ | ૩૫૯૦ |
| ૫ | કેશોદ | ૩૮૨૫ |
| ૬ | માણાવદર | ૨૭૧૨ |
| ૭ | વંથલી | ૨૧૬૮ |
| ૮ | ભેસાણ | ૮૩૦ |
| ૯ | વિસાવદર | ૧૬૦૩ |
| | **કુલ** | **૨૯૪૨૭** |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ રોજગારી |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૭૬૦ |
| ૨ | મેંદરડા | ૧૫૦ |
| ૩ | માળીયા હાટીના | ૧૪૫ |
| ૪ | માંગરોળ | ૪૦૨ |

| | | |
|---|---|---|
| ૫ | કેશોદ | ૧૪૩ |
| ૬ | માણાવદર | ૧૬૦ |
| ૭ | વંથલી | ૧૫૨ |
| ૮ | ભેસાણ | ૧૦૬ |
| ૯ | વિસાવદર | ૨૩૭ |
| | **કુલ** | **૨૨૫૫** |

**શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની વાત છે ત્યારે અમારો જુનાગઢ જિલ્લો રોજગારીની દ્રષ્ટિએ ખૂબ પાછળ છે. ત્યાં એવા કોઇ મોટા ઉદ્યોગો નથી, ત્યાં રિલાયન્સ કે અંબાણી જેવા ભાઇઓ નથી. મારો પ્રશ્ન એ છે કે જુનાગઢ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારોની સંખ્યા કેટલી છે અને છેલ્લા એક વર્ષમાં કેટલાને રોજગારી આપવામાં આવી, તો એના જવાબમાં એવું મળ્યું છે કે કુલ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા ૨૯,૪૨૭ છે અને તેમાંથી માત્ર ૨૨૫૫ ને રોજગારી મળી છે. આ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે એ પૈકી બાકી રહેતા ૨૭,૧૭૨ બેરોજગારોને ક્યારે અને કેવી રીતે રોજગારી આપવા માગો છો જેથી તેમને ખબર પડે કે અમે વેઇટીંગમાં ક્યાં છીએ અને નહીં તો બીજો ધંધો કરવા ચડી જાય. આખા ગુજરાતમાં બેરોજગારી જ છે, તપાસ તો કરો.

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** ૨૯,૪૨૭ આજ સુધીમાં રોજગાર કચેરીમાં નોંધાયેલાનો ફિગર છે. ૨૨૫૫ લોકોને રોજગારી આપી એ અંગે સ્પષ્ટ જણાવવાનું કે એમને નિમણૂંક છેલ્લા એક વર્ષમાં આપવામાં આવી છે, અત્યાર સુધી નોંધાયેલામાંથી નહીં.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ જવાબમાં ૨૨૫૫ લોકોને રોજગારી આપવામાં આવી છે. મારે જાણવું છે કે આ ૨૨૫૫ પૈકી કાયમી નોકરી કેટલાને આપવામાં આવી અને હમણાં શક્તિસિંહે સવાલ ઉભો કર્યો હતો એ જ સવાલને દોહરાવું છું કે આ પૈકી સરકારી નોકરી કેટલા લોકોને આપવામાં આવી અને ૨૯,૪૨૭ પૈકી શિક્ષિત અને અર્ધ શિક્ષિત કેટલા છે?

**શ્રી દિલીપકુમાર વી. ઠાકોર :** એમણે કહ્યું એમાં અમારા મંત્રીશ્રીએ અગાઉ પણ જવાબ આપી દીધો છે અને એમ્પ્લોયમેન્ટ કચેરીમાં કઇ રીતે નોકરી મળે છે એ જવાબને હું વળગી રહું છું. પુંજાભાઇએ સ્પષ્ટ માહિતી માગી છે કે આમાં અર્ધ શિક્ષિત કેટલા અને શિક્ષિત કેટલા? જુનાગઢ જિલ્લામાં નોંધાયેલા બેરોજગારોમાં જાતિવાર બેરોજગારોની માહિતી પણ મારી પાસે છે. શિક્ષિત ૧૯૫૦ લોકો છે અને અર્ધ શિક્ષિત ૩૦૫ લોકો એમ કુલ ૨૨૫૫ લોકોને રોજગારી આપવામાં આવી છે.

**ડો. નીમાબેન બી. આચાર્ય :** માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે રીતે ગુજરાત એ મીની ભારત બન્યું છે અને ઔદ્યોગિક ક્ષેત્રે જે હરણફાળ ભરી છે એના પરિણામે જે રીતે સમગ્ર દેશમાંથી લોકો અહીંયા આવે છે.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. પછી મારા માટે ધર્મ સંકટ થાય છે. સભ્યો લાંબા પ્રશ્નો પૂછે, મંત્રીશ્રી લાંબા જવાબો આપે (અંતરાય) સીધા પ્રશ્ન પર આવો.

ડો. નીમાબેન બી. આચાર્ય : સીધી મારા પ્રશ્ન પર આવું છું. દેશમાં રોજગારીમાં સમગ્રભારતમાં ગુજરાત કયા સ્થાને છે અને કેટલા લોકોને આજ સુધી કઇ રીતે રોજગારી આપવામાં આવી અને કેટલા ટકા? એ હું જાણવા માગુ છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સવાલ કર્યો છે. મને આખા સન્માનનીય ગૃહના સભ્યોને જણાવતા આનંદ થાય છે કે આખા ભારતમાં ૩,૪૮,૫૦૦ની રોજગારીની તકો ઊભી કરવામાં આવી છે. (અંતરાય) સાંભળો. એમાં એકલા ગુજરાતમાં ૨,૭૧,૬૦૦લોકોને રોજગારી આપવામાં આવી છે. ૭૮% રોજગારી ખાલી ગુજરાતમાં ઊભી થઇ છે. એમાં પણ મહિલાઓને ૭૫% એકલા ગુજરાતે આપી છે. અનુસૂચિત જાતિને ૬૪% અને જનજાતિમાં ૭૯% ગુજરાતે આપી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગુજરાતમાં પુષ્કળ લોકોને રોજગારી આપી છે અને અભિનંદન પણ આપ્યાં. હું માનું છું કે– શ્રમ અને રોજગાર કચેરીના આધારે આજે પણ રાજ્યની અંદર ૭,૧૪,૦૦૦ જેટલા લોકો બેરોજગાર છે એટલે ગતિશીલ ગુજરાત આ બેકારીનું ગ્રોથ એન્જિન બન્યું છે એવું મને પોતાને લાગે છે ત્યારે મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું કે, ૨૨૫૫ લોકોને રોજગારી મળી. મારે મંત્રીશ્રી

પાસેથી એટલું જાણવું છે કે જે શિક્ષિત બેરોજગારો નોંધાયા હતા. એમાં સ્નાતક કેટલા, અનુસ્નાતક કેટલા અને ઇજનેર કેટલા? અને ઇજનેર અનુસ્નાતક કેટલા અને એમાંથી કેટલા લોકોને નોકરી મળી? એ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ આનો જવાબ અપાયેલો છે. પરંતુ કીધું છે કે, અર્ધશિક્ષિત અને શિક્ષિત આની ડેફીનેસનમાં દસમું ધોરણ જ છે. અનએપ્લોયમેન્ટ એક્ષચેન્જમાં દસમાં ઉપર બારમું, કોલેજ કે જે કાંઇ હોય એની એક કેટેગરી છે. દસમાંથી નીચે બીજી કેટેગરી છે. એના ફિગર મંત્રીશ્રીએ અગાઉના જવાબમાં આપેલા છે. સવાલ એ છે કે એમણે આખા ભારતની વાત કરી છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આખા ભારતના ફિગરમાં બે–ત્રણ વસ્તુની માનનીય સભાગૃહને જાણ કરવી છે કે આજે જે રીતે અનએપ્લોયમેન્ટનો ફિગર છે એમાં ગુજરાતમાં ફકત ૧.૭% છે. ૭ લાખ ગુજરાતીઓ અનએપ્લોયમેન્ટ આખા ભારતમાં સૌથી વધુ(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હોય મંત્રીશ્રી પાસે જેટલી માહિતી હોય એટલી એમને મળે. બાકી એમના જવાબથી સંતોષ ના હોય તો આપણે અન્ય કાર્યવાહી કરી શકીએ છીએ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : એમણે પૂછ્યું છે ૭ લાખ લોકોના સંદર્ભમાં. એમણે પૂછ્યું છે એનો જવાબ આપું છું. (અંતરાય) એટલે માત્ર ૧.૭% આખા ભારતમાં સાડા ચાર કરોડ લોકો જ્યારે નોંધાયેલા હોય ત્યારે ૭ લાખ એટલે ૧.૭% અનએપ્લોયમેન્ટમાં નોંધાયેલા લોકો છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ. પ્રશ્ન ક્રમાંક – ૫ માનનીય કાંતિભાઇ (અંતરાય) પ્રશ્ન ક્રમાંક ૫ (અંતરાય) માનનીય કાંતિ ભાઇ (અંતરાય) અત્યારે પોઇન્ટ ઓફ ઓર્ડર નહિ. પ્રશ્નોતરી પછી ચર્ચીએ છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય મંત્રીશ્રી તૈયારી કરીને ના આવ્યાં હોય બેકારોના જીવન–મરણનો સવાલ છે આપ પ્રોટેકશન સભ્યોને આપો. (અંતરાય) •(xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહિ, કોઇને પ્રોટેકશન આપવાનો સવાલ નથી. માનનીય સભ્યશ્રી અને માનનીય મંત્રીશ્રી અધ્યક્ષ માટે બંને સરખા જ હોય છે અને મંત્રીશ્રીઓને પણ નિયમથી અધિકાર મળેલા છે કે એમણે કઇ પ્રકારે જવાબ આપવા જોઇએ અને નિયમથી સભ્યશ્રીઓને પણ અધિકાર મળ્યા છે કે એમના જવાબથી સંતોષ ના હોય તો આપ અન્ય કાર્યવાહી કરી શકો છો. (અંતરાય) માનનીય ખરાડીજી. અત્યારે ચર્ચા ના કરીએ પ્લીઝ. શંકરસિંહજી પ્લીઝ. (અંતરાય) માનનીય કાંતીભાઇ ખરાડી.

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૫૩૬૭ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્થાનિક શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા કેટલા ઇન્ટરવ્યુ કોલ લેટર આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલી નિમણૂંકો આપવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | લાયકાત | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | શિક્ષિત | ૫૫૨૮૧ | ૫૯૮૦૩ |
| ૨ | અર્ધ શિક્ષિત | ૨૧૯ | ૦ |
| | **કુલ** | **૫૫૫૦૦** | **૫૯૮૦૩** |

(૨)

| ક્રમ | લાયકાત | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | શિક્ષિત | ૪૦૮૮ | ૫૨૧૮ |
| ૨ | અર્ધ શિક્ષિત | ૧ | ૦ |
| | **કુલ** | **૪૦૮૯** | **૫૨૧૮** |

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર(બેઠા બેઠા) : માનનીય અધ્યક્ષશ્રી, બેકારીનું ગ્રોથ એન્જિન છે એટલે જવાબ આપતા મંત્રીશ્રી ગભરાય છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેઠા બેઠા કોમેન્ટ ના કરો (અંતરાય) માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા કોમેન્ટ ના કરીએ પ્લીઝ. શૈલેષભાઇ, આપના સભ્યશ્રીનો પ્રશ્ન ચાલે છે. અત્યારે કોઇ ચર્ચા નહિ પ્લીઝ. ભાઇ, કાંતિભાઇ

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

તમે પ્રશ્ન પૂછો. (અંતરાય ) પછી આપનો જે પ્રશ્ન હોય એ સાંભળીશું, અત્યારે નહીં. (અંતરાય)

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, બનાસકાંઠામાં ૫૫,૫૦૦ ઇન્ટર્વ્યૂ કોલ આપવામાં આવ્યા, એની સામે ફક્ત ૪,૦૦૦ નિમણૂંકો આપી, આમાં બહું જ મોટો તફાવત છે. ચર્ચાઓ થાય ઉત્તર ગુજરાતની અને પચાસ હજાર નિમણૂંકો નથી આપી, એના કારણો શું છે ? એટલું મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે લોકો બેરોજગાર હોય એમને રોજગારીના ઇન્ટર્વ્યૂ કોલ આપવામાં આવતા હોઇ, ઇન્ટર્વ્યૂ કોલ આપ્યા પછી પણ જો એની લાયકાત ન ધરાવતા હોય તો એને નોકરી ના મળે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવા માગુ છું કે, આપણે એકવીસમી સદીમાં છીએ કે સત્તરમી સદીમાં છીએ ? જ્યારે કોમ્પ્યુટરથી આપણે નોંધાવતા હોઇએ ત્યારે આપના સોફ્ટવેરમાં તરત જ ખ્યાલ આવે કે, શિક્ષિત કયા કયા ક્ષેત્રોમાં કેટલા કેટલા લોકો ભણેલા છે. સરકાર શા માટે છુપાવવા માગે છે ? કેટલા એન્જીનિયરો બેકાર છે, કેટલા સ્નાતકો બેકાર છે એ કોમ્પ્યુટરની અંદર સીધી સિસ્ટમ છે, આપીએ ત્યારે, તો સરકાર આ બાબતે જે કોમ્પ્યુટરનો ફિગર છે એની અંદર બતાવે છે કે, ૮૦ ટકાથી વધારે બનાસકાંઠાના લોકો બધા ગ્રેજ્યુએટથી ઉપર બેકાર છે, તો સરકાર આ ગ્રેજ્યુએટ લોકોનું શું કરવા માગે છે, એ લોકોને રોજગારી આપવા માગે છે કે નહીં ? માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એવી છે કે, એકબાજુ આપણે આખા ભારતની વાત કરતા હોઇએ અને બીજીબાજુ યુવાન મિત્રો, પચાસ હજાર લોકો બેરોજગાર હોય તો(અંતરાય) એના સાચા આંકડા આપવા માગો છે કે કેમ ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે શિક્ષિત લોકો, ભણેલા લોકો હોય એને જે ઇન્ટર્વ્યૂ કોલ મળતા હોય ત્યારે એની લાયકાતના આધારે નોકરી મળતી હોય પરંતુ રોજગાર વિભાગ પણ ઓછું ભણેલા હોય, અર્ધશિક્ષિત બેરોજગારો જે નોંધાયેલા હોય એમના માટે પણ ભરતી મેળાઓ કરે છે, કંપનીઓ સાથે મળીને એક મંચ ઉપર ભેગા કરીને એમને રોજગારી આપવાનું કામ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્નમાનીય સભાગૃહને જણાવવું છે કે, બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૪૨ જેટલા ભરતી મેળાઓ કરીને ૫,૨૧૮ લોકોને રોજગારી આપવાનું કામ રોજગાર વિભાગ મારફતે કરવામાં આવ્યું છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧-૧-૨૦૧૨ થી ૩૧-૧૨-૨૦૧૩ સુધી કેટલા ઇન્ટર્વ્યૂ કોલ આપવામાં આવ્યા અને આ ઇન્ટર્વ્યૂ કોલમાંથી કેટલા લોકોને જાતિવાર નિમણૂંકો આપવામાં આવી અને એમાં હંગામી છે કે કાયમી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ટર્વ્યૂ કોલ કેટલા આપવામાં આવ્યા એ આગળ મારા જવાબમાં મેં જવાબ આપેલો જ છે પરંતુ માનનીય સભ્યશ્રીએ જણાવ્યું છે કે, આ જે શિક્ષિત અને અર્ધશિક્ષિત લોકોની અંદર જ્ઞાતિવાર એમણે માગ્યું તો અનુસૂચિત જાતિના ૭૩૭ને ખાનગીમાં નિમણૂંકો આપવામાં આવી, અનુસૂચિત જનજાતિના ૨૧૬ ઉમેદવારોને નિમણૂંકો આપવામાં આવી, બક્ષીપંચ સમાજના ૧,૬૫૫ લોકોને નિમણૂંકો આપવામાં આવી અને અન્ય ૧,૪૮૧ લોકોને નિમણૂંકો આપવામાં આપીને ૪,૦૮૯ લોકોને રોજગારીની તકો આપવામાં આવી છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે, ૫૯,૮૦૩ અરજીઓ ૨૦૧૪માં આવી છે, એમાં ૫,૧૨૮ને આપી છે. અર્ધશિક્ષિતને એક જ નોકરી આપેલી છે. તો મારે એ જાણવું છે કે, એમાં સરકારે કેટલા નામો મંગાવ્યા ? ઘણી વખત સીધા નામો મંગાવીને નોકરી આપવામાં આવે છે. સરકારી કેટલા ઇન્ટર્વ્યૂ આવ્યા અને કઇ કઇ કંપનીમાં આ લોકોને રોજગારી આપવામાં આવી છે અને એમાં બહેનો કેટલી અને ભાઇઓ કેટલા છે ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઇન્ટર્વ્યૂ કોલ આપવામાં આવ્યા એમાં એની લાયકાતના ધોરણે ઇન્ટર્વ્યૂ કોલ આવતા હોય છે.

અધ્યક્ષશ્રી : બહેનો અને ભાઇઓની કોઇ માહિતી છે અત્યારે ભાઇ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : સભ્યશ્રીને મોકલી આપીશું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીને મોકલી આપજો.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માહિતી છે એ હું આપી દઉં. બનાસકાંઠા જિલ્લાની અંદર તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ દરમિયાન આપવામાં આવેલ ઈન્ટર્વ્યૂ કોલ પૈકી માનનીય ગોવાભાઇએ પુછયું કે કેટલાને નિમણૂક આપવામાં આવી એ પૈકી શિક્ષિત પુરુષોમાં ૪૬૫૪ લોકો, બહેનોમાં ૫૬૪ લોકોને આપવામાં આવી. એમણે જ્ઞાતિવાર પુછયું છે ત્યારે અનુસૂચિત જાતિના ૮૭૪ લોકો, અનુસૂચિત જનજાતિના ૪૪૩ લોકો, બક્ષીપંચના ૨૨૯૧ લોકો અને અન્ય ૧૬૧૦ લોકોને આપવામાં આવી.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૪માં જાતિવાર કેટલાને નિમણૂક આપવામાં આવી અને કાયમી કે હંગામી? બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી આપવા માટે શું પ્રયત્નો કરવામાં આવ્યા?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જાતિવાર બ્રેકઅપ મેં આપી દીધો છે. (અંતરાય) પરંતુ બેરોજગારોને એક મંચ ઉપર ભેગા કરીને રોજગાર વિભાગ મારફત, રોજગાર કચેરી મારફત નોકરીદાતાઓના સંપર્કથી એકમોનો સર્વે કરી ખાલી જગ્યાઓ મેળવવામાં આવતી હોય છે. ખાનગી ક્ષેત્રના ઔદ્યોગિક એકમોમાં ખાલી પડેલી જગ્યાઓની માહિતી મેળવીને એ લોકોને પણ જોબફેરનું આયોજન કરીને એ કંપનીઓની અંદર રોજગારી આપવાનું વિભાગ મારફત કામ કરવામાં આવી રહ્યું છે. વિવિધ દૈનિક પત્રોમાં જાહેર પ્રસિદ્ધિ આપીને પણ ઉમેદવારોને રોજગાર વિભાગ મારફત માહિતગાર કરવામાં આવતા હોય છે. નોકરીદાતા તરફથી પણ આવતી માગણીઓને ભલામણોની યાદીમાં સામેલ કરીને આવા લોકોને રોજગારી આપવા માટે રોજગાર વિભાગ મારફત કામ કરવામાં આવે છે.

**સુરત જિલ્લામાં કીટનું વિતરણ**

* ૧૬૦૫૧ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ યોજાયેલ શ્રમયોગી કલ્યાણ મેળામાં સુરત જિલ્લામાં કુલ કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું? | ૨૦૩૫. |

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું મહિલા મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા માગું છું. શ્રમયોગી કલ્યાણ મેળામાં ૨૦૩૫ કીટનું વિતરણ થયું. એનો કુલ ખર્ચ કેટલો થયો અને બીજો પ્રશ્ન મારો એ છે કે શ્રમયોગીને સરકારી યોજનાની માહિતી માટે કોઇ સરળ સુવિધા કે અન્ય કોઇ હેલ્પલાઇન છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત ખાતે શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન તા. ૨૫-૧૨-૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. સુરતના શ્રમયોગી કલ્યાણ મેળામાં ૨૦૩૫ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. એની પાછળ અલગ અલગ કીટોની અંદર રસોઇ કામના સાધનોની, સિલાઇ મશીનના સાધનોની ૧૨૫૦ કીટ આપવામાં આવી. એની અંદર ૬૪૫૭૫૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો હતો. રસોઇ કામના સાધનોની ૫૦ કીટનું શ્રમયોગીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. એની અંદર ૧૬૮૫૦૦/- રૂપિયાનો ખર્ચ થયો હતો. સેફ્ટી કીટ, શ્રમયોગીઓ કામ કરતા હોય ત્યારે કામ કરતા કરતા એમને કોઇ ઈજાઓ ન પહોંચે એવી ૫૦૦ સેફ્ટી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આની અંદર ૭૫૦૦૦/-નો ખર્ચ કરવામાં આવ્યો હતો. ૯ કીટો, પારિતોષિક કીટો જેને કહેવામાં આવે, જેને પ્રોત્સાહિત કરવા માટે આપણે સર્ટીફીકેટ આપીએ છીએ એની સાથે સાથે આપણે રોકડ સહાય આપીએ છીએ એવી ૯ કીટો આપવામાં આવી હતી એની પાછળ ૧૦૦૦૦૦નો ખર્ચ કરવામાં આવ્યો હતો. પ્રસંશાપત્ર ૧૦ લોકોને સારું કામ કરવા બદલ અને બીજી રીતે એને પ્રસંશાપત્ર આપીએ એની અંદર ૨૦,૦૦૦/- રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. શિક્ષણ સહાય, શ્રમયોગીઓને ભણવા માટે જે સહાય કરવામાં આવે છે એની અંદર ૨૦૬ લોકોને શિક્ષણ સહાય માટેની કીટ આપવામાં આવી હતી એની અંદર ૧૭,૦૬,૭૦૦ રૂપિયા જેવો ખર્ચ કરવામાં આવ્યો હતો. વિકલાંગ પારિતોષિક ચાર લોકોને આપવામાં આવ્યા હતા. એની પાછળ પણ બે લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ શ્રમયોગીઓનું આકસ્મિક મૃત્યુ થાય, સમાજ સુરક્ષા યોજના હેઠળ ૬ શ્રમયોગીઓને લાભ આપવામાં આવ્યો હતો એમાં ૬ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ કુલ મળીને સુરતના આ શ્રમયોગી કલ્યાણ મેળાની અંદર ૨૦૩૫ કીટ અને ૯૧,૪૭,૭૦૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો. માનનીય સભ્યશ્રીએ બીજી પણ માહિતી મારી પાસે માગી છે.

અધ્યક્ષશ્રી : ખૂબ લાંબો જવાબ હોય તો ટેબલ ઉપર મુકો અથવા તો સભ્યશ્રીને પહોંચાડી દેજો.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શ્રમયોગીઓને સર્વાંગી વિકાસ માટે કઇ કઇ યોજનાનો લાભ મળે છે અને સુરત જિલ્લામાં કેટલા શ્રમયોગીઓની નોંધણી થયેલ છે.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સુરતની અંદર જે શ્રમયોગી કલ્યાણ મેળા કરવામાં આવ્યા છે એમાં સુરતની અંદર ૩૩૦૭૭ શ્રમયોગી કલ્યાણ મેળામાં નોંધણી કરવામાં આવી છે. આજે શ્રમયોગીઓની સમગ્ર દેશની અંદર ગુજરાત રાજયે પહેલીવાર આવા મજૂરી કરતા લોકો માટે, ગરીબ લોકો માટે શ્રમયોગી કલ્યાણ મેળાના માધ્યમથી ગરીબોને મદદ કરવા માટે ગુજરાત સરકારે સમગ્ર દેશમાં પહેલીવાર આગળ વધી રહી છે, ત્યારે શ્રમયોગીની નોંધણી થવાની છે, લાભ મળવાના છે. જે કીટ ધારણ કરશે તેને મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો લાભ મળશે. બાંધકામ શ્રમયોગીઓને વ્યવસાયિક સ્વાસ્થ્ય સહાય યોજનાનો લાભ મળવાનો. ગ્રામીણ શ્રમયોગીઓને સ્વાસ્થ્ય સહાય યોજનાનો પણ લાભ મળવાનો. અકસ્માત જુથ વીમા યોજનાનો લાભ મળવાનો, મીઠા ઉદ્યોગના શ્રમયોગીઓને વિવિધ સહાય યોજનાનો લાભ મળવાનો. બાંધકામ શ્રમયોગીઓને વિવિધ યોજનાનો લાભ મળવાનો. બાંધકામ શ્રમયોગીઓના બાળકોને શિષ્યવૃત્તિ, હોસ્ટેલની સુવિધા મળે તેના માટેના લાભ મળવાના. કૌશલ્ય વિકાસની તાલમી આપી શકાય તેના લાભ મળવાના. વ્યવસાય કરવો હોય તો વ્યવસાયિક સાધન સહાય યોજનાનો લાભ મળવાનો. સરકારની પ્રવર્તમાન તમામ યોજનાનો લાભ આ શ્રમયોગીઓને આપવા માટે ગુજરાત સરકાર આગળ વધી રહી છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું. ૨૦૩૫ કીટોનું વિતરણ થયું. મોટા ભાગે આ પ્રકારની કીટોમાં સમગ્ર ગુજરાતમાં મંત્રીશ્રી તપાસ કરાવશે કે કેમ? કીટ માટે એલીજેબલ માણસ પસંદ કરવાના ધોરણો શું છે? નામ નક્કી કરાવવા માટે ગ્રામસેવકો બીજા, ત્રીજા લોકો એની પાસેથી ચોક્કસ પ્રકારની અપેક્ષાઓ રાખી વસૂલી કરતા હોય છે. આ ન થાય તેના માટે શું કરવા માગે છો? આપણી સંસ્કૃતિ છે કે જમણો આપે અને ડાબાને ખબર ન પડે. આજસુધી બધી સરકારો ઘરે બેઠા સહાય પહોંચાડતી હતી. હવે આ મેળાના નામે ખોટા ખર્ચા થાય અને પ્રજાના પૈસા ખર્ચાય. માણસ આવે અને હું ગરીબ છું આ બંધ કરીને ઘરે બેઠા લાભાર્થીઓને વસ્તુ મળે અને મેળાઓના આયોજન દ્વારા ત્રાસ બંધ થાય તેવું સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : ગુજરાત રાજયની અંદર ડાબો જમણો ભેગા મળીને અત્યાર સુધીમાં ઘણાં બધાં કામો થયા છે. ભૂતકાળની અંદર પણ ઘણું બધું કામ થયું છે. આ રાજ્ય સરકારે જે લાભાર્થીઓને લાભ મળવાપાત્ર હોય, તેને ડાબો જમણો ઘરે જતા કયાંક વચ્ચે મળી ન જાય એટલા માટે આવા મેળાનું આયોજન કરીને જાહેર જનતા વચ્ચે આપવા માગીએ છીએ.

શ્રી કિશોર શિ. કાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શ્રમયોગી એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જાય તો નોંધણી કરાવી શકે છે કે કેમ? શ્રમયોગીને વીમાની કેટલી રકમનું કેટલું પ્રિમિયમ સરકારશ્રી ભરે છે અને શ્રમયોગીઓને કોઇ રકમ ભરવાની થાય છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આ શ્રમયોગીઓની વ્યાખ્યા એવી છે કે આજે અહીંયા કામ કરતા હોય અને કાલે કોઇ બીજા જિલ્લામાં જતા હોય છે. શ્રમયોગી ગુજરાતમાં ગમે ત્યાં કામ કરતા હોય, ગમે તે જિલ્લામાં સ્થળાંતર થતું હોય તેમ છતા ગમે તે જિલ્લામાં શ્રમયોગીની નોંધણી કરાવી શકે છે. શ્રમયોગીઓની અકસ્માત વીમા યોજના છે, તે વીમા યોજનાનું તમામે તમામ પ્રિમિયમ રાજ્ય સરકાર પોતાના ખર્ચે ભરે છે.

**એસ.ટી. બસોના ભાડામાં ઘટાડો**

* ૧૫૩૫૫ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજયમાં ડીઝલ અને પેટ્રોલના ભાવમાં ઘટાડો થતા રાજ્ય માર્ગ પરીવહન નિગમ (એસ.ટી.) દ્વારા એસ.ટી. ના બસોમાં ભાડા ઘટાડો કરવા માટેની દરખાસ્ત એસ.ટી. નિગમ તરફથી સરકારને છેલ્લા બે માસમાં ક્યારે મળી, અને | (૧) તા. ૨૯–૧–૨૦૧૫ના રોજ. |

| | |
|---|---|
| (૨) મળેલ દરખાસ્તો અન્વયે સરકારે શો નિર્ણય કર્યો ? | (૨) દરખાસ્ત મુજબ ભાડા ઘટાડો કરવો કે કેમ તે બાબત હાલ વિચારણા હેઠળ છે. |

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન પૂછ્યો છે કે એસ.ટી. ભાડામાં સુધારા વધારા કરવા માગો છો કે કેમ? દરખાસ્ત મળી છે કે કેમ? ત્યારે મને જવાબ એવો આપવામાં આવે છે કે હાલ દરખાસ્ત મળી છે, પણ વિચારણા હેઠળ છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલો સમય લાગશે, છ મહિના, સાત મહિના લાગશે તે મારે મંત્રીશ્રી પાસે જાણવું છે. છેલ્લા નવ મહિનાથી પેટ્રોલ ડીઝલના ભાવ ઘટ્યા છે. ત્યારે આજે મુસાફરો રાહ જોઇને બેઠા છે કે એસ.ટી. ભાડામાં કંઇક ઓછું થાય. આ ભાડુ ઘટાડવા સરકાર ઇચ્છે છે કે કેમ?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો સવાલ છે કે આવી દરખાસ્ત કરવામાં આવેલી? તો તેનો જવાબ સ્પષ્ટ આપેલો છે કે દરખાસ્ત કરવામાં આવેલી છે. સરકાર આ બાબતમાં શું કરવા માગે છે તો તે વિચારણા હેઠળ છે તે બંન્ને જવાબ આપેલા છે. પરંતુ વિસ્તૃત જવાબ આપું છું કે, ગુજરાતમાં જયારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી એસ.ટી.ને નફાની કે વેપાર માટેની કંપની ગણી નથી. એસ.ટી.એ સામાજિક જવાબદારીની સેવા સાથેનું કામ કર્યુ છે. ગુજરાતના ૯૭ ટકા ગામડાંમાં આપણી એસ.ટી. દોડે છે. દરરોજ લગભગ ૨૫ લાખથી વધુ મુસાફરો આ એસ.ટી.નો લાભ લે છે. આ ધુળેટીના દિવસે હાઇએસ્ટ ૬૫ લાખ લોકોએ આ એસ.ટી.ની સેવાનો લાભ ગુજરાતમાં લીધો છે. જવાબ આપું છું. ઉતાવળા થાઓ નહીં શક્તિસિંહ, જવાબ સાંભળો, સાંભળવાની ટેવ તો રાખો. સવાલ એ છે કે એમણે ભાડા ઘટાડવા બાબતમાં જે વાત કરી છે, જે રીતે સરકારમાં વાત ચાલી તેનો અર્થ એ થયો કે ભાવ સતત પેટ્રોલ ડીઝલના ઘટતા હતા. ઇન્ટરનેશનલ માર્કેટમાં ક્રુડનો ભાવ હોય તેના આધારે દિલ્હીની સરકાર પેટ્રોલ ડીઝલનો ભાવ નિશ્ચિત કરતી હોય છે. પેટ્રોલ ડીઝલના ભાવને અને ગુજરાત સરકારને કોઇ સંબંધ નથી. પરંતુ સાંભળો તો ખરા, સાંભળો તો ખરા. તે ભાવ સતત ઘટતા હતા તેવા વખતે દરખાસ્ત કરવામાં આવી હતી. પરંતુ ૪૫ ડોલરવાળું ક્રુડ આજે ૬૦ ડોલર થયેલ છે. ભાવ પાછા વધી રહ્યા છે. ૧૪૦ તો તમારા વખતનો ભાવ હતો તો પણ આ વધ્યું છે. તેના કારણે પરિસ્થિતિ બની છે.

અધ્યક્ષશ્રી : વિજયભાઇ આપ ટૂંકમાં જવાબ આપો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, તે ૧૪૦ની વાત કરે છે. ત્યારે યુ.પી.એ. સરકાર હતી. સવાલ એ છે કે એસ.ટી. ૨૦૦ કરોડ રૂપિયાની દરવર્ષે ખોટ કરે છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીનો આગ્રહ છે કે સરકાર પૈસા આપશે. એસ.ટી.માં ગરીબ માણસો આવ જા કરે છે માટે એસ.ટી.માં ગુજરાતની પ્રજાને તકલીફ ન પડે તેટલા માટે આપણે આગળ વધ્યા છીએ. આ ભાવો સ્ટેબલ થાય, ડોલર સ્ટેબલ થાય, ક્રુડ સ્ટેબલ થાય ત્યાર પછી વિચારણા કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : વિજયભાઇ, સભ્યશ્રીનો એક જ પ્રશ્ન છે કે કેટલા સમયમાં ઘટાડવા માગો છો? ટૂંકમાં જવાબ આપો.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલના ઇન્ટરનેશનલ ભાવ સ્ટેબલ થયા પછી સરકાર વિચારશે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી :માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પેટ્રોલ ડીઝલના જે ભાવ છે અને તે જે રીતે ફલકચ્યુએટ થાય છે તેમાં શેર બજાર જેવું એસ.ટી. ભાડામાં થઇ શકતું નથી. ગુજરાત રાજયના પાડોશી રાજય છે તેની સરખામણીમાં એસ.ટી. ભાડાના દર શું છે તે હું જાણવા માગું છું.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ એ એકેય રાજયમાં હજી સુધી આજ સુધીમાં કોઇએ ભાવ ઘટાડયા નથી. તેના કમ્પેરેટીવમાં આપણા ભાવ બધાથી નીચા છે. લોકલ ૭૦ રૂપિયા, એકસપ્રેસમાં ૬૯ રૂપિયા, ગુર્જરીમાં ૭૨ રૂપિયા, એ.સી. ૧૨૧ રૂપિયા વોલ્વોમાં ૧૭૪ રૂપિયા. તેની સામે ૧૯૦, કયાંક ૧૯૩, ૨૬૨ છે. ૬૯ની સામે ૭૫ છે, ૧૦૪ રૂપિયા આ પ્રકારના ભાવ છે. ગુજરાત રાજયના ભાવ આજે પણ નીચા છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા છ મહિનામાં પેટ્રોલ ડીઝલના ભાવ ઘટવાથી એસ.ટી.માં ભાડા ન ઘટાડે તો કંઇ નહીં પણ તેનાથી સરકારને કેટલી આવક થઇ. છેલ્લા છ મહિનામાં જે આવક હતી તેનાથી કેટલી વધુ મેળવી તમે?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : તે માહિતી મોકલાવીશું. અત્યારે મારી પાસે નથી. આ પ્રશ્ન સાથે સુસંગત નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ૩ માં પણ મારી આંગળી ઉંચી હતી. અત્યારે પણ મારી આંગળી ઉંચી છે.

અધ્યક્ષશ્રી : તે બધી ચર્ચા ના કરો. આપનો પ્રશ્ન પૂછો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વલ્લભભાઇ અને જીતુભાઇની હાઇટને લીધે હું ઢંકાઇ ગયો હોય તેવું લાગે છે એટલે મને રક્ષણ આપવા વિનંતી. હું પાછળ છું. માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે, એસ.ટી.બસમાં મુસાફરી સંબંધે હાલમાં રાહત દરે તથા મફત સુવિધાઓ કઇ કઇ આપવામાં આવે છે?

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીના રાહત દરમાં ૮૨ ટકા કન્સેશન ગુજરાત સરકાર આપે છે, અંધ વ્યક્તિઓને ૧૦૦ ટકા આપણે મફત મુસાફરી કરાવીએ છીએ અને સાથે સહાયકને પણ ૧૦૦ ટકા મફત મુસાફરી કરાવીએ છીએ, માનનીય ધારાસભ્યો, સંસદસભ્યો અને ત્રણ સહાયકોને પણ આપણે ૧૦૦ ટકા મફત મુસાફરી કરાવીએ છીએ, સ્વાતંત્ર્ય સેનાનીને પણ ૧૦૦ ટકા સહાય આપીએ છીએ, પત્રકારો રેડીયો–ટીવીના પ્રતિનિધિઓને પણ ૧૦૦ ટકા સહાય એટલે કે આપણે મફત મુસાફરીની સવલત આપીએ છીએ. કેન્સરના દર્દીને ૫૦ ટકા રાહત અને બહેરા–મુંગા–વિકલાંગ આ બધાને પણ ૧૦૦ ટકા મફત મુસાફરીની સવલત આપીએ છીએ.

**વલસાડ જિલ્લામાં વાસમો યોજના પાછળ ખર્ચ**

* ૧૬૩૪૪ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વાસમો સંચાલીત યોજનાઓમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૧) રૂા. ૩૪૮૨.૫૩ લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કઈ યોજનાઓ ચાલુ છે અને કેટલી બંધ છે? | (૨) કુલ ૪૦૮ યોજનાઓ ચાલુ છે. જેની વિગત ***પરિશિષ્ટ–૧** પર સામેલ છે અને ૩૧ યોજનાઓ બંધ છે. જેની વિગત ***પરિશિષ્ટ–૨** પર સામેલ છે. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં ખાસ કરીને કપરાડા વિસ્તારમાં વાસમો યોજના સફળ નથી કારણ કે ત્યાં પાણીનો સોર્સ નથી તો મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, જે અસ્ટ્રોલ પાણી પૂરવઠા યોજના છે એને સત્વરે મંજૂરી આપવા માગો છો? કારણ કે ત્યાં પાણીનો કોઇ બીજો સોર્સ નથી અને મીનીમમ પાણી ૨૦૦–૩૦૦ ફૂટ નીચે મળે છે અને એ પણ છેલ્લા ત્રણ મહિનામાં પાણી મળતું નથી તો જે અસ્ટ્રોલ યોજના મધુવન ડેમ આધારિત પાણી પૂરવઠા યોજના છે એને દાખલ કરવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે માગણી છે કે, કપરાડા તાલુકાના ૮૨ ગામો માટે અસ્ટ્રોલ જૂથ પાણી પૂરવઠા યોજના દાખલ કરવી જોઇએ અને માનનીય ધારાસભ્યશ્રી દ્વારા એની માગણી પણ કરવામાં આવી છે, પરંતુ આ કપરાડા તાલુકાનો સમગ્ર વિસ્તાર જંગલ તેમજ પહાડી વિસ્તાર છે અને ચોમાસા દરમ્યાન આ વિસ્તારમાં ૨૫ એમ.એમ.થી વધુ વરસાદ થતો હોય પરંતુ તાલુકાનો વિસ્તાર પથ્થરવાળો અને ઢોળાવવાળો હોવાથી નીચાણવાળા વિસ્તારમાં થઇ પાણી નદીઓ દ્વારા વહી જાય છે. આની દરખાસ્ત પણ આવેલી છે. દમણગંગા યોજના વર્તુળ વલસાડને મધુવન ડેમમાંથી પાણી આરક્ષિત રાખવા માટે દરખાસ્ત કરવામાં આવેલી છે અને યોજનાની પ્રાથમિક અંદાજીત કિંમત ૨૧૭.૬૭ કરોડ રૂપિયા જેવી થાય છે. આ યોજનાની તાંત્રિક ચકાસણી કરી અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં કુલ કેટલા હેન્ડપંપ આવેલા છે, અને તે પૈકી કુલ કેટલા હેન્ડપંપ કાર્યરત છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાની અંદર કુલ ૧૯૫૧૪ હેન્ડપંપો આવેલા છે અને આ હેન્ડપંપોમાંથી અત્યારે ૧૯૪૧૧ હેન્ડપંપ કાર્યરત છે. એટલે ટોટલ હેન્ડપંપના ૯૯.૪૭ ટકા હેન્ડપંપો આજે વલસાડ જિલ્લામાં કાર્યરત છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં વાસમો યોજના પ્રમાણે કેટલી યોજના મંજૂર કરવામાં આવી છે, અને તે પૈકી કેટલી પૂર્ણ કરવામાં આવેલી છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ૫૭૮૨.૩૩ લાખની કુલ ૫૨૮ યોજનાઓ મંજૂર કરવામાં આવેલી છે. આ યોજનાની અંદર જિલ્લામાં ૪૩૯ યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલી છે, ૮૭ યોજનાઓ અત્યારે પ્રગતિ હેઠળ છે અને ૨ યોજનાઓ અન્ય યોજનામાં સમાવેશ કરવાના કારણે રદ કરવામાં આવી છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, મારા મત વિસ્તાર પારડી તાલુકામાં વાસમો યોજના હેઠળ કેટલી યોજના મંજૂર કરવામાં આવી છે, કેટલી યોજના પૂર્ણ કરવામાં આવેલી છે, અને એની પાછળ કેટલો ખર્ચ થયેલો છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના મત વિસ્તાર પારડીમાં કુલ ૪૧ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે આ ૪૧ યોજનામાંથી ૩૫ યોજનાઓ પૂર્ણ કરવામાં આવી છે, ૬ યોજના પ્રગતિ હેઠળ છે અને ૩૦ યોજના અત્યારે કાર્યરત છે અને ૫ યોજના અત્યારે બંધ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માગુ છું કે, મધુવન ડેમમાં ૨૭૦ એમ.સી.એમ. જેટલું પાણી છે એમાંથી લગભગ દર વર્ષે ૧૬૦ એમ.સી.એમ. પાણી વપરાય છે. એક દરખાસ્ત ઈરીગેશન વિભાગની અંદર પડેલી છે કે એ પાણી એમાંથી મળશે કે કેમ? એના કારણે યોજના ડિલે થઇ છે તો એ સત્વરે થાય એવી મારી આપને વિનંતી છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જવાબ આપ્યો એ પ્રમાણે તાંત્રિક ચકાસણી કરી અને પછી એનો યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

**અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના પુજારીઓના પગાર પેટે ખર્ચ**

* ૧૬૨૧૮ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા સંચાલિત બનાસકાંઠા જિલ્લાના શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી મંદિરની સને ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૧૪ની આવક કેટલી થઇ હતી, | (૧) શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીની આવક નીચે મુજબ છે,<br>સને ૨૦૧૨-૧૩ની ઓડીટેડ આવક રૂપિયા ૪૮,૮૪,૭૯,૬૮૨.૩૮ પૈસા અને સને ૨૦૧૩-૧૪ની ઓડીટેડ આવક રૂપિયા ૪૪,૨૭,૩૮,૭૬૮.૫૬ પૈસા |
| (૨) ઉક્ત વર્ષોમાં આવક પૈકી કેટલી આવક પુજારીઓને પગાર અને તેના હિસ્સા પેટે ચુકવવામાં આવી તથા કેટલી રકમ વિકાસલક્ષી કામોમાં ખર્ચ કરવામાં આવી, | (૨) સને ૨૦૧૨-૧૩માં રૂપિયા ૨૯,૬૫,૬૬૨.૭૫ પૈસા અને સને ૨૦૧૩-૧૪માં રૂપિયા ૨૦,૨૪,૫૭૯.૭૫ પૈસા પૂજારીઓને પગાર અને તેના હિસ્સા પેટે ચૂકવવામાં આવેલ છે.<br>વિકાસલક્ષી કામોમાં સને ૨૦૧૨-૧૩માં રૂપિયા ૨૯,૪૮,૮૫,૩૧૦/- અને સને ૨૦૧૩-૧૪માં રૂપિયા ૨૩,૧૬,૧૯,૭૧૭/-નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) આ મંદિરની આવકનો મોટો હિસ્સો પુજારીઓના પગાર અને તેના હિસ્સા પેટે ચુકવવામાં આવે છે તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૩) મંદિરની આવકનો મોટો હિસ્સો પુજારીઓને ચુકવવામાં આવતો નથી.<br>પરંતુ ફક્ત માતાજીની ગાદી ઉપરની થતી ભેટની આવકમાંથી રાજભોગના રસોડા વિગેરેનો ખર્ચ બાદ કરતા ચોખ્ખી રહેતી બાકી રકમના ૨૫ ટકા મુજબ થતી રકમ પુજારીઓને વેતન/હિસ્સા તરીકે કાયદા વિભાગના તા. ૧૩-૬-૧૯૯૬ના ઠરાવ ક્રમાંકઃઅમમ/૧૯-૯૬-ભાગ-૪/૨૮૧/ઇ અને સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક ૫વસ-૫૧૨૦૦૨-૬૭૩-૨૫ (ક) -અ, તા. ૧૭-૯-૨૦૦૪ મુજબ ચુકવવામાં આવે છે. |

(૪) જો હા, તો તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આ બાબતના નિરાકરણ માટે સરકારે શાં પગલાં ભર્યા છે? (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી મહેશકુમાર અ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વરસ ૨૦૧૨–૧૩ અને વરસ ૨૦૧૩–૧૪ની ઓડિટેડ દાન આવકમાંથી વિકાસલક્ષી કામો માટે કરવામાં આવેલ ખર્ચની વિગત આપવામાં આવે અને કયા કયા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, વિકાસલક્ષી કામોમાં ખર્ચ કર્યા પછી બચત રહેતી રકમનો વર્ષ વાર શું ઉપયોગ કરવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પુછ્યા પ્રમાણે ગુજરાત સરકાર દ્વારા, એના જુદા જુદા વિભાગો દ્વારા વિશ્વ પ્રસિદ્ધ માં અંબાજીના શક્તિપીઠના વિકાસ કામો અનેક રીતે હાથ પર લીધા છે. સરકારના જુદા જુદા વિભાગો દ્વારા કુલ ૭૯૪ કામો ૬૧.૬૮ કરોડના ખર્ચે અને સરકારના તાબા હેઠળના અંબાજી ટ્રસ્ટ દ્વારા કુલ ૧૯ કામો ૧૮૦ કરોડ રૂપિયાના ખર્ચે એમ અત્યાર સુધીમાં રાજ્ય સરકાર દ્વારા કુલ ૮૧૩ કામો ટ્રસ્ટ સાથે ૨૪૩.૭૮ કરોડના ખર્ચે માં અંબાજીના વિકાસ અર્થે રાખવામાં આવ્યા છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંબાજી દેવસ્થાન આદિવાસી વિસ્તારમાં આવેલું છે, જીલ્લામાં અને દાંતામાં આદિવાસી વિસ્તારના બાળકો અશિક્ષિત છે, મારે મંત્રીશ્રીને પુછવું છે કે તિરૂપતિ દેવસ્થાન શિક્ષણની બાબતમાં જે રસ લઇને વિકાસ કરે છે, એ ધોરણે દાંતા તાલુકાના અંબાજી દેવસ્થાન મારફતે આદિવાસીઓનો વિકાસ કરવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અંબાજી દાંતા તાલુકાના આદિવાસી વિસ્તારના મુખ્ય સ્થાન ઉપર આવેલું છે. ત્યાં સંસ્કૃત વિદ્યાલય ચાલે છે અને એના માધ્યમથી પ્રશિક્ષિત કરવા માટેનો કાર્યક્રમ હાથ પર લીધો છે. અંબાજી ખાતે ૧૦૦ બેડની હોસ્પિટલ પણ આગામી દિવસોમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આદિવાસીઓની સારવાર માટે કરવાનો નિર્ધાર કર્યો છે. આ અંબાજી અને એની આસપાસના લોકોના વિકાસ માટે ૨૫૦ કરોડ રૂપિયા રાજ્ય સરકાર અને ટ્રસ્ટ દ્વારા ખર્ચ કરવામાં આવેલ છે. આજે ૨ કરોડ અને ૩૦ લાખ દર્શનાર્થીઓ અંબાજીમાં દર્શન કરવા માટે આવે છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વિશ્વભરની અંદર એકાવન શક્તિપીઠના દર્શન જે સ્થાન ઉપર થાય છે, દેશમાં અને વિદેશમાં કોઇ જગ્યાએ જવું નથી પડતું એકજ સ્થાન ઉપર આટલા બધા સરસ દર્શન માતાજીના એકાવન શક્તિપીઠના થાય છે એ સ્થાન ઉપર આવતા યાત્રાળુઓને હોસ્પિટલ સિવાયની અન્ય કઇ કઇ સવલતો આપવામાં આવે છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,મને જણાવતા આનંદ થાય છે કે, આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે અંબાજીના પવિત્ર યાત્રાધામ ખાતે ૫૧ શક્તિપીઠના લોકાર્પણનો કાર્યક્રમ કર્યો હતો, ૬૧ કરોડ રૂપિયાના ખર્ચે આ ૫૧ શક્તિપીઠ એક જ જન્મમાં એકજ સમયે અને તમામ શક્તિપીઠનો એકસાથે દર્શન કરવાનો લહાવો આપણને મળે છે. આ દર્શનાર્થી–યાત્રાળુઓ માટે એના છાંયડા સાથે દર્શનની વ્યવસ્થા, રેલીંગ, પીવાનું પાણી, અપંગ, અશક્ત અને વૃદ્ધ માટે વ્હીલચેરની સુવિધા, ભોજન તથા આવાસની વ્યવસ્થા, મંદિર સંકુલ તથા ગબ્બર ખાતે શાસ્ત્રોક્ત ધાર્મિક વિધિ માટે યજ્ઞકુંડની વ્યવસ્થા, માનસરોવર ખાતે ચૌલક્રિયાની સુવિધા, પગરખાં કેન્દ્ર એલ.ઇ.ડી. શક્તિદ્વાર, વાઇ–ફાઇ સિસ્ટમ, રિઝર્વેશન સેન્ટર એમ ત્યાંના વિશ્વભરમાંથી આવતા યાત્રાળુઓને તમામ પ્રકારની સુવિધા મળે એ માટે ટ્રસ્ટ અને સરકાર દ્વારા સંયુક્ત પ્રયાસો હાથ પર લેવામાં આવેલ છે.

**અધ્યક્ષશ્રી :** પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### બોટાદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૫૦૦૩ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના બોટાદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા. ૨૯–૧૦–૨૦૧૪ના રોજ રૂ. ૩૧,૧૭,૦૩,૦૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

### આણંદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય

* ૧૬૦૩૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૫૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૫.૬૦ લાખ. |

---------

### ડભોઈ તાલુકામાં મંજૂર ગામની આંતરિક પેયજળ યોજનાઓ

* ૧૬૦૬૯ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી, અને | (૧) ૧૭ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ।. ૭૦.૧૭ લાખ. |

---------

### અમદાવાદ શહેરમાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

* ૧૪૫૮૨ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો છે,

(૧)

| ક્રમ | તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં નોંધાયેલ બેરોજગારો | |
|---|---|---|
| ૧ | શિક્ષિત | ૬૨૭૨૪ |
| ૨ | અર્ધશિક્ષિત | ૬૧૬૦ |
| | **કુલ** | **૬૮૮૮૪** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨)

| ક્રમ | તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા | |
|---|---|---|
| ૧ | શિક્ષિત | ૩૦૬૫૧ |
| ૨ | અર્ધશિક્ષિત | ૨૦૦૯ |
| | **કુલ** | **૩૨૬૬૦** |

(૩) નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી ?

(૩)

| ક્રમ | નોંધાયેલ બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં યુવાનોને પુરી પાડવામાં આવેલ રોજગારી | |
|---|---|---|
| ૧ | શિક્ષિત | ૫૬૭૭૬ |
| ૨ | અર્ધશિક્ષિત | ૭૮૫૩ |
| | **કુલ** | **૬૪૬૨૯** |

---------

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૨૩ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૭૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૧૧૫. |

---------

**વાંકાનેર તાલુકામાં સ્વયંભુ જડેશ્વર મહાદેવ અને માટેલ ખોડીયાર માતાજીના મંદિરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

* ૧૪૫૯૮ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના સ્વયંભુ જડેશ્વર મહાદેવનું અને માટેલ ખોડીયાર માતાજીના મંદિરને પ્રવાસ સ્થળ તરીકે વિકસાવવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકામાં સ્વયંભુ જડેશ્વર મહાદેવના મંદિર અને માટેલ ખોડીયાર માતાજીના મંદિરને વિકાસ યોજના અંતર્ગત લાભ લેવા વિભાગના તા. ૨૮–૧૦–૨૦૧૦ના ઠરાવ અનુસાર વિગતવાર દરખાસ્ત ઉપલબ્ધ કરવા કલેકટરશ્રીને જણાવેલ છે. આ ઉપરાંત આ વિભાગના તા. ૨–૧–૨૦૧૫ના ઠરાવથી દેવસ્થાનોમાં વિકાસ કામો કરવા માટે કલેકટરશ્રીઓને સત્તા અપાયેલ છે. |
| (૨) ત્યાં કઈ કઈ સુવિધા કેટલા સમયમાં આપવા માંગે છે ? | (૨) કલેકટરશ્રી તરફથી દરખાસ્ત મળ્યે જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મંજૂર અરજીઓ**

* ૧૬૦૧૯ **શ્રી પુનમભાઈ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટમોચન યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ હતી, | (૧) ૨૩૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૦૯. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૯૪. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મંજૂર જુથ પાણી પુરવઠાની યોજના**

* ૧૪૨૫૭ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની કેટલી જુથ પાણી પુરવઠાની યોજના મંજૂર | (૧) અને (૨) નીચેની વિગતે |

| અનુ. | જુથ યોજનાનું નામ | મંજૂરીની રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|---|

કરવામાં આવી, તે અન્વયે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કેટલી યોજના ઉક્ત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવી અને કેટલી રકમનો ખર્ચ થયો ?

| | | **(રૂ. લાખ)** | |
|---|---|---|---|
| ૧ | પાનમ ડેમ (કોઠા) જુથ પાણી પુરવઠા યોજના જી. પંચમહાલ | ૧૦૭૦.૮૪ | ૮૫૪.૮૨ |
| ૨ | હારેડા જુથ પાણી પુરવઠા યોજના જી. પંચમહાલ | ૧૧૬૦૧.૪૯ | ૦.૨૫ |
| | **કુલ** | **૧૨૬૭૨.૩૩** | **૮૫૫.૦૭** |

ઉક્ત સ્થિતિએ યોજનાઓ હજી પુર્ણ થયેલ નથી. પાનમ ડેમ (કોઠા) યોજનાના મહત્તમ કામો પુર્ણ કરેલ છે અને માહે–૩–૨૦૧૫ સુધીમાં યોજના કાર્યાન્વિત કરવાનું આયોજન છે. જ્યારે હારેડા યોજના ટેન્ડરની પ્રક્રિયા હેઠળ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં સરકારી છાત્રાલયો**

* ૧૬૦૪૭ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૨. |
| (૨) આ છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૨૬૦. |
| (૩) વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ આપેલ છે, અને | (૩) ૨૫૫. |
| (૪) છાત્રાલયમાં શું સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો, તથા બુકબેંક, સામાયિકો વગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

---------

**નર્મદા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૬૧૧૮ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૯. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૧૯૭. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૯૭. |

---------

**બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૧૦૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારડોલી એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઇ, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારડોલી એ.આર.ટી. ઓ. કચેરીને રૂા. ૪૧.૪૯ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો–ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ની સરખામણીએ આવકમાં રૂા. ૯.૧૮ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

છે ?

---------

**અમરેલી જિલ્લામાં હેન્ડપંપોનું રીપેરીંગ**

* ૧૬૦૭૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા હેન્ડપંપ રીપેર કરવામાં આવ્યા, અને | (૧) ૨૭૦૦ હેન્ડપંપ. |
| (૨) આ હેન્ડપંપો રીપેર કરવા માટે જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલી ટીમો કાર્યરત છે? | (૨) ૪ (ચાર) ટીમ. |

---------

**પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૬૦૪૩ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૩૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૩૮. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી પણ સાયકલ આપવામાં આવે છે. |

---------

**વડોદરા આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૦૯૯ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) સને ૨૦૧૪ના વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા આર.ટી.ઓ. કચેરીને રૂપિયા ૧૯૮.૨૭ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં રૂ.૧૧.૧૩ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલો નથી. |

---------

**સુરત આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૧૦૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) રૂપિયા ૨૭૯.૨૩ કરોડની આવક થઇ. |
| (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ની સરખામણીમાં આવકમાં રૂપિયા ૩૩.૭૮ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

તા.૧૦મી માર્ચ,૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ

* ૧૬૦૧૪ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૧૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૯૧. |

---------

### અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન

* ૧૬૦૬૩ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લા રોજગાર કચેરી દ્વારા છેલ્લા એક વર્ષમાં કેટલી સ્વરોજગાર શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૫૩. |
| (૨) આ શિબિરોમાં કેટલા ઉમેદવારો હાજર હતા ? | (૨) ૫૫૦૧. |

---------

### આમોદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૪૯૯૯ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના આમોદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૩૦–૧૦–૨૦૧૪ના રોજ રૂ.૫,૦૫,૦૦,૦૦૦/ ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરુ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

### મહુધા તાલુકાના મીનાવાડાને પ્રવાસ ધામમાં સમાવેશ કરવા બાબત

* ૧૪૭૨૬ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહુધા તાલુકાના મીનાવાડાને પ્રવાસ ધામમાં સમાવેશ કરવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહુધા તાલુકાના મીનાવાડાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા કોઈ રજૂઆત મળેલ ન હોઈ, આ સ્થળને સમાવેશ કરવાનું કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય

* ૧૬૦૪૧ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૧૯. |

અને

| | |
|---|---|
| (૩) કુલ કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૧૯ અરજીઓમાં રૂ.૨૫૫.૦૦ લાખ લોન ચૂકવવામાં આવી. |

---------

**અંબાજી દેવસ્થાનમાં ટ્રસ્ટીઓ**

* ૧૫૯૪૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટમાં નોંધાયેલ પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટર મુજબ કેટલાં ટ્રસ્ટીઓના નામ છે, | (૧) ૨૯. |
| (૨) આ ટ્રસ્ટીઓમાં કેટલા ટ્રસ્ટીઓ હયાત છે, અને | (૨) વિભાગના તા. ૬–૬–૨૦૦૩ના ઠરાવથી સમિતીની પુનઃગઠિત રચના થતાં આઠ તથા વિભાગના તા.૨૪–૧૧–૨૦૧૪ના ઠરાવથી હોદ્દાની રૂએ તાલુકા પંચાયત પ્રમુખશ્રી, દાંતાને સભ્યશ્રી તરીકે નિમણૂંક આપતાં કુલ–૯ ટ્રસ્ટીઓ કાર્યરત છે. |
| (૩) આ પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટરમાં છેલ્લા ક્યારે ફેરફાર કરવામાં આવેલ ? | (૩) આ પબ્લિક ટ્રસ્ટ રજિસ્ટરમાં તા. ૩–૩–૨૦૧૫ના રોજ છેલ્લે ફેરફાર કરવામાં આવેલ છે. |

---------

**વાપી ખાતેના હયાત કોર્ટ બિલ્ડીંગના વિસ્તરણનું કામ**

* ૧૫૦૦૨ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગના વિસ્તરણના કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૨૯–૧૦–૨૦૧૪ના રોજ રૂ.૫,૦૬,૪૫,૯૦૦/ ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ**

* ૧૬૭૩૧ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પીવાનું પાણી આપવા કઈ જગ્યાએ ૧૦ કરોડથી ઉપરની મોટી યોજનાઓ છેલ્લા બે વર્ષમાં ચાલુ કરવામાં આવી, અને | (૧) એકપણ નહીં. |
| (૨) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કઈ કઈ જગ્યાની યોજના માટે કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૧૦૨ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક |

વર્ષમાં ભાવનગર આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | વર્ષમાં ભાવનગર આર.ટી.ઓ. કચેરીને રૂપિયા ૬૩.૭૪ કરોડની આવક થઈ.

(૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ની સરખામણીમાં આવકમાં રૂ.૭.૦૭ કરોડનો વધારો થયો.

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી.

---------

**રાજકોટ જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ**

* ૧૬૦૭૮ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા વિભાગ હસ્તકના કેટલા હેન્ડપંપ કાર્યરત છે, અને | (૧) નીચે મુજબ.

| તાલુકો | કાર્યરત હેન્ડપંપની સંખ્યા |
|---|---|
| રાજકોટ | ૬૪૭ |
| ગોંડલ | ૭૦૩ |
| કોટડાસાંગાણી | ૩૩૯ |
| પડધરી | ૩૮૬ |
| જસદણ | ૫૫૨ |
| વિંછીયા | ૪૯૩ |
| જેતપુર | ૩૦૨ |
| જામકંડોરણા | ૪૪૪ |
| ધોરાજી | ૨૫૭ |
| લોધિકા | ૨૧૫ |
| ઉપલેટા | ૪૦૮ |
| **કુલ** | **૪૭૪૬** |

(૨) આ હેન્ડપંપના રીપેરીંગ માટે ઉકત સ્થિતિએ કેટલી ટીમો કાર્યરત છે? | (૨) બે ટીમ.

---------

**મહીસાગર જિલ્લામાં નવા હેન્ડપંપ**

* ૧૪૩૦૪ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના છ તાલુકાઓમાં પીવાના પાણી માટે કરવામાં આવેલા કેટલા હયાત બોર ઓછી ઉંડાઈ ધરાવતા હોવાને કારણે સુકાઈ ગયેલા છે, | (૧) એકપણ નહીં.

(૨) આવા જૂના બોર/હેન્ડપંપની નજીક જ્યાં જરૂરીયાત છે, ત્યાં નવા હેન્ડપંપ કરવાનું આયોજન છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો કેટલા સમયમાં સરકાર દ્વારા આ કાર્ય કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય**

* ૧૬૦૧૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | (૧) ૩૭.

| | |
|---|---|
| હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર - ૩૧<br>નામંજૂર - ૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧,૧૦,૦૦૦/-. |

---------

## ઔદ્યોગિક શ્રમયોગીઓને સલામતીની તાલીમ

* ૧૬૦૪૯ **શ્રી દિનેશભાઈ બા. પટેલ(પાદરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઔદ્યોગિક શ્રમયોગીઓને સલામતીની તાલીમ આપવા માટે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યાં, | (૧) ૪૩૮. |
| (૨) આ કાર્યક્રમોમાં કુલ કેટલા ઔદ્યોગિક શ્રમયોગીઓને તાલીમ આપવામાં આવી, અને | (૨) ૧૮,૯૧૬. |
| (૩) આ કાર્યક્રમોમાં શી તાલીમ આપવામાં આવી ? | (૩) આ કાર્યક્રમોમાં કારખાના ધારા, ૧૯૪૮ હેઠળ નીચે મુજબના સલામતીના વિવિધ વિષયો અંગેની તાલીમ આપવામાં આવેલ છે.<br>➢ હેઝાર્ડસ કેમીકલ હેન્ડલીંગ<br>➢ કેમીકલ ઈમર્જન્સી પ્રિપેર્ડનેશ<br>➢ ફાયર ફાયટીંગ<br>➢ એકસીડન્ટ પ્રિવેન્સન ટેકનીક<br>➢ સેફ મટીરીયલ હેન્ડલીંગ<br>➢ પ્રાથમિક સારવાર<br>➢ લીફટીંગ ટેકલ્સ<br>➢ સ્વ-સુરક્ષાનાં સાધનોનાં વપરાશ<br>➢ લોડીંગ-અનલોડીંગ<br>➢ કન્ફાઈન્ડ વેસલ એન્ટ્રી<br>➢ સ્કેફ્ફોલ્ડ સેફટી તથા અન્ય. |

---------

## ડીસાથી વાવ, થરાદને નર્મદાનું પાણી આપવા બાબત

* ૧૫૭૮૭ **શ્રી ગોવાભાઈ રબારી(ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ ડીસા થી વાવ, થરાદને નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) ડીસાથી વાવ, થરાદને નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવાની કોઈ યોજના હાથ ધરેલ નથી. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૬૦૮૩ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ આર.ટી.ઓ. કચેરીને રૂપિયા ૩૩૯.૨૦ કરોડની આવક થઈ. |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે પૈકી વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આવકમાં રૂપિયા ૧૦.૩૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

છે ?

---------

**અમરેલી આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૦૯૫ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ,

(૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને

(૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અમરેલી આર.ટી.ઓ. કચેરીને તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૫૫.૩૨ કરોડની આવક થઈ.

(૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૧૨.૪૦ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી.

---------

**અરવલ્લી જિલ્લાની આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૫૯૨૯ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી ક્યારે શરૂ કરવામાં આવી, અને

(૨) તેમાં ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ ભરાયેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી શરૂ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અરવલ્લી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૬૦૨૪ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અરવલ્લી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૩૯.

(૨) ૩૩૯.

(૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી પણ સાયકલ આપવામાં આવે છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામોનો વિકાસ**

* ૧૪૪૮૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ક્યા યાત્રાધામના વિકાસ માટે છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ હતી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

**જવાબ**

(૧) અને (૨) તારીખ ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામના વિકાસના કામ, ફાળવણી કરવામાં આવેલ રકમ, કરવામાં આવેલ ખર્ચ અને વણવપરાયેલ રકમની વિગત નીચે દર્શાવેલ છે.

(રૂપિયા લાખમાં)

| **વિકાસના કામનું નામ** | **ફાળવણી કરવામાં આવેલ રકમ** | **કરવામાં આવેલ ખર્ચ** | **વણવપરાયેલ રકમ** |
|---|---|---|---|
| **જામનગર જિલ્લો** | | | |
| સિક્કા ખાતે રસ્તા ઉપરની સુવિધા | ૧૬૫.૦૦ | ૩૬.૦૦ | ૧૨૯.૦૦ |

| | | | |
|---|---|---|---|
| પીરોટન ખાતે પ્રવાસન સવલતો તેમજ સિક્કાને જોડતા રસ્તાની સુવિધા | ૧૫૦.૦૦ | શૂન્ય | ૧૫૦.૦૦ |
| **દેવભૂમિ દ્વારકા જિલ્લો** | | | |
| દ્વારકા ખાતે ગોમતી નદી ઉપર સુદામા સેતુ પુલના બાંધકામનું કામ | ૩૮૫.૦૦ | શૂન્ય | ૩૮૫.૦૦ |
| નાગેશ્વર મંદિર | ૪૫૯.૦૦ | ૨૪૫.૭૨ | ૨૧૩.૨૮ |
| ભડકેશ્વર મહાદેવ અને સન સેટ પોઇન્ટ | ૮૦૦.૦૦ | શૂન્ય | ૮૦૦.૦૦ |
| નરારા બીચ | ૧૫૦.૦૦ | શૂન્ય | ૧૫૦.૦૦ |
| બેટદ્વારકાનો વિકાસ | ૨૫૦૦.૦૦ | ૯.૬૮ | ૨૪૯૦.૩૨ |

(૩) જો રકમ પૂરી ન વપરાઇ હોય તો તેના કારણો શા છે?

(૩) રકમ પૂરી વપરાઇ ન હોય તેના કારણોની વિગત નીચે દર્શાવેલ છે.

૧. સિક્કા ખાતે રસ્તા ઉપરની સુવિધા તા.૦૧–૦૧–૨૦૧૪ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો પરંતુ પાયાના ખોદકામ દરમ્યાન પાણી નીકળતાં ડિઝાઇન બદલવાની જરૂરિયાત હતી તથા બિલ્ડીંગ લે આઉટમાં ઇલેક્ટ્રીક પોલ નડતર રૂપ હોઇ તે ખસેડવાની કામગીરી કરવામાં આવી હતી.

૨. પીરોટન ખાતે પ્રવાસન સવલતો તેમજ સિક્કાને જોડતા રસ્તાની સુવિધા
તા.૧૯–૧૨–૨૦૧૪ના ઠરાવથી ગ્રાન્ટ કલેકટરશ્રીને ફાળવવા હુકમ કરેલ છે.

૩. દ્વારકા ખાતે ગોમતી નદી ઉપર સુદામા સેતુ પુલના બાંધકામનું કામ–
સરકારશ્રી અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. વચ્ચે ૫૦–૫૦ ટકાની ભાગીદારીથી કામગીરી હાથ ધરેલ છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ. કંપનીએ રૂપિયા ૦૪.૦૦ કરોડનો ખર્ચ કરેલ છે. તેઓશ્રી સરકારશ્રીના ફાળાની રકમની માંગણી કર્યેથી નિયમાનુસાર રકમ ચૂકવવામાં આવશે.

૪. નાગેશ્વર મંદિર–
તા.૨૨–૦૧–૨૦૧૪ ના રોજ કામગીરીનો વર્ક ઓર્ડર આપેલ છે. ચાલુ કામગીરી દરમ્યાન સ્થાનિક ટ્રસ્ટ દ્વારા કામગીરીમાં રૂકાવટ કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં શરૂઆતમાં ફ્લોરીંગની કામગીરી શરૂ કરવામાં વિરોધ થયો હતો મંદિર પરિસરમાં ટોઇલેટ બ્લોક દૂર કરી અન્ય જગ્યાએ ખસેડવાની જરૂરિયાત ઉભી થઇ હતી, મુખ્ય પ્રવેશ દ્વારની જગ્યાને અન્ય જગ્યાએ ખસેડવાની જરૂરિયાત ઉભી થઇ હતી. મંદિર પરિસરના આગળના ભાગમાં દબાણો હટાવવાની કામગીરી કરવામાં

હતી.

૫. ભડકેશ્વર મહાદેવ અને સન સેટ પોઇન્ટ–
તા.૦૩–૦૨–૨૦૧૫ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તા.૨૦–૦૨–૨૦૧૫ના રોજ શિલાન્યાસ કરવામાં આવેલ છે.

૬. નરારાબીચ–
તા.૧૯–૧૨–૨૦૧૪ના ઠરાવથી ગ્રાન્ટ કલેકટરશ્રીને ફાળવવા હુકમ કરેલ છે.

૭. બેટ દ્વારકા–
અગાઉ બે વખત ટેન્ડર બહાર પાડવામાં આવેલ હતાં પ્રથમ વખત એક ટેન્ડર ઉંચા ભાવે આવેલ હતું. બીજી વખત બે ટેન્ડર ઉંચા ભાવે આવેલ હતાં ત્યારબાદ તા.૧૯–૧૨–૨૦૧૪ના ઠરાવથી રૂપિયા ૧૫/– કરોડની ગ્રાન્ટ ફાળવવા હુકમ કરેલ છે. આ પ્રોજેક્ટ આયોજન હેઠળ છે.

---------

**કાંકરેજ તાલુકા અને થરામાં આવેલ છાત્રાલયો**

* ૧૫૭૯૬ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કાંકરેજ તાલુકા અને થરામાં કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો સામજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના છે, અને | (૧) કાંકરેજ તાલુકામાં ૦૬ કુમાર છાત્રાલયો છે તે પૈકી થરામાં ૦૨ કુમાર છાત્રાલયો છે. એકપણ કન્યા છાત્રાલય નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ છાત્રાલયોમાં કેટલા વિદ્યાર્થીઓ રહી અભ્યાસ કરે છે ? | (૨) ૨૯૪. |

---------

**પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૨૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૫૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૨૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૧૮૫. |

---------

**રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને સવલતો**

* ૧૪૯૮૮ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરને સરકારી નીતી મુજબ તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ગવર્નન્સ માટે શી સવલતો આપવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરને સરકારી નીતી મુજબ તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈ–ગવર્નન્સ માટે લેપટોપ, પ્રિન્ટર્સ, લૉ સંબંધિત સોફ્ટવેર તેમજ કાયદાના પુસ્તકોની સવલતો આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ માટે કુલ કેટલું ખર્ચ થયેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ માટે કુલ રૂા.૨,૦૨,૪૯,૭૨૭/– (અંકે રૂપિયા બે કરોડ બે લાખ ઓગણપચાસ હજાર સાતસો સત્તાવીસ પુરા)નો ખર્ચ થયેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૫ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૦૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૮. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪.૦૦ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ચાઈલ્ડ લેબર એક્ટ હેઠળ મુક્ત થયેલ બાળકો**

* ૧૬૦૫૯ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબુદી) એક્ટ–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૧૯. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા ? | (૨) ૧૬. |

---------

**આભડછેટ અંગે મળેલ સેપ્ટનો અહેવાલ**

* ૧૫૯૭૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આભડછેટ અંગેનો સેપ્ટનો અહેવાલ રાજ્ય સરકારને મળેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા તો ક્યારે મળેલ છે, અને | (૨) તા. ૧૭–૪–૨૦૧૩ના રોજ મળેલ છે. |
| (૩) મળેલ અહેવાલ અન્વયે રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં ક્યારે શાં પગલાં લીધાં ? | (૩) અહેવાલ દ્વારા કરવામાં આવેલ ભલામણો હાલ વિચારણાધિન છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૧૮ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૬૧૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૦૭. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૧૩૩. |

---------

**મહેસાણા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૭૦૯૪ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારોની સંખ્યા નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૯૬૬ |
| ૨ | વિસનગર | ૬૧૦૬ |
| ૩ | ઉંઝા | ૪૩૬૮ |

| | | |
|---|---|---|
| ૪ | વડનગર | ૩૦૦૯ |
| ૫ | વિજાપુર | ૫૭૮૯ |
| ૬ | બેચરાજી | ૧૭૮૮ |
| ૭ | ખેરાલુ | ૧૯૯૦ |
| ૮ | કડી | ૪૨૭૦ |
| ૯ | સતલાસણા | ૧૫૩૨ |
| ૧૦ | જોટાણા | ૨૩૪૨ |
| | **કુલ** | **૩૯૧૬૦** |

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી અપાઈ?

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | અપાયેલ રોજગારી |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૨૨૫૭ |
| ૨ | વિસનગર | ૯૫૭ |
| ૩ | ઉંઝા | ૩૭૧ |
| ૪ | વડનગર | ૫૫૬ |
| ૫ | વિજાપુર | ૪૨૪ |
| ૬ | બેચરાજી | ૨૧૭ |
| ૭ | ખેરાલુ | ૨૯૩ |
| ૮ | કડી | ૨૮૮૨ |
| ૯ | સતલાસણા | ૧૫૫ |
| ૧૦ | જોટાણા | ૨૦૬ |
| | **કુલ** | **૮૩૧૮** |

---------

**કલોલ તાલુકામાં મજૂર કાયદાઓના ભંગના કિસ્સા**

* ૧૬૭૨૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કલોલ તાલુકાના મહિલા કામદારોને કામે રાખતા કેટલા અને કયા ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવી,

(૨) આ એકમોમાંથી કેટલા એકમોમાં મજૂર કાયદાઓનો ભંગ કરવા અંગેની ગેરરીતિઓ પકડાઈ અને ગેરરીતિ સંદર્ભે શા પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ મહિલા કામદારોના આરોગ્યની ચકાસણી કેટલા સમયે અને કોના દ્વારા કરવામાં આવે છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કલોલ તાલુકાનાં મહિલા કામદારોને કામે રાખતા કુલ ૧૦૭ ઔદ્યોગિક એકમોની તપાસ કરવામાં આવેલ છે. જેની યાદી ***પરિશિષ્ટ-૧** થી સામેલ છે.

(૨) આ એકમોમાંથી ૩૯ એકમોમાં મજૂર કાયદાઓનો ભંગ કરવા અંગેની ગેરરીતિઓ પકડાઈ. જે એકમોમાં મજૂર કાયદાઓનો ભંગ માલુમ પડેલ છે ત્યાં જે તે ઔદ્યોગિક એકમો સામે ફોજદારી કેસો દાખલ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ મહિલા કામદારોના આરોગ્યની ચકાસણી ૨૭ ઔદ્યોગિક એકમોમાં વર્ષમાં એક વાર તથા ૩ ઔદ્યોગિક એકમોમાં વર્ષમાં બે વાર ફેક્ટરી મેડીકલ ઓફીસર દ્વારા કરવામાં આવે છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોરબી જિલ્લામાં હેન્ડપંપોનું રિપેરીંગ**

* ૧૬૦૭૭ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર પાણી પુરવઠા વિભાગ હસ્તકના કેટલા હેન્ડપંપ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | કાર્યરત હેન્ડપંપની સંખ્યા |
|---|---|
| મોરબી | ૧૯૭ |
| વાંકાનેર | ૩૩૬ |
| ટંકારા | ૨૦૧ |
| માળીયા | ૧૦ |

| | |
|---|---|
| હળવદ | ૪૬ |
| **કુલ** | **૭૯૦** |

| | |
|---|---|
| (૨) આ હેન્ડપંપના રિપેરીંગ માટે ઉક્ત સ્થિતિએ કેટલી ટીમો કાર્યરત છે? | (૨) એક ટીમ. |

---------

## વાપી ખાતે નવિન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૫૦૦૧ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) અગાઉ તા. ૩૧–૦૫–૨૦૦૮ના રોજ રૂ. ૧,૦૯,૦૯,૯૦૦/-ની વહીવટી મંજૂરી અને તા. ૨૮–૦૨–૨૦૧૨ના રોજ રૂ. ૮,૧૪,૮૩,૫૦૦/-ની સુધારેલ વહીવટી મંજૂરી તેમજ તા. ૭–૦૬–૨૦૧૪ના રોજ રૂ. ૧૧,૨૮,૫૧,૦૦૦/-ની સુધારેલ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) કામ પૂર્ણ થયેલ છે. |

---------

## દેવગઢ બારીયા ખાતેના કોર્ટ બિલ્ડીંગમાં વધારાનું બાંધકામ

* ૧૪૯૯૫ **શ્રી વીછીયાભાઈ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના દેવગઢબારીયા ખાતે કોર્ટ બિલ્ડીંગના વધારાના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૧૨–૧૨–૨૦૧૪ના રોજ રૂ.૧,૮૬,૧૩,૦૦૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં યાત્રાધામોનો વિકાસ

* ૧૫૨૪૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના કયા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના શામળાજી ખાતે આવેલ શામળાજી મંદિર અને દેવની મોરીનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૨) સમાવેશ કરેલ સ્થળો માટે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલા રૂપિયા વિકાસ માટે ફાળવવામાં આવ્યા, અને | (૨) શામળાજી મંદિર ખાતે છેલ્લાં બે વર્ષમાં પેકેજ–૧ માટે રૂપિયા ૧૨,૮૦,૧૨,૦૪૬.૦૦/- અને પેકેજ–૨ માટે રૂપિયા ૩,૧૮,૩૦,૯૧૩.૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે. જ્યારે દેવની મોરી કે જ્યાં ભગવાન બુધ્ધના અવશેષો મળી આવ્યા છે તે પ્રોજેક્ટ અંતર્ગત રૂપિયા ૧૦/- કરોડ ફાળવવામાં આવ્યા છે. |
| (૩) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી કેટલા અને | (૩) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી કુલ ચાર |

કયા સ્થળોનો યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવાની અરજીઓ ઉક્ત સ્થિતિએ પડતર છે?

અરજીઓ મળેલ છે.

(૧) લક્ષ્મીનારાયણ અને જૈન મંદિર, મુ. દેરોલ, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.

(૨) મોટનેશ્વર મહાદેવ મંદિર, મુ. મટોડા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા.

(૩) સપ્તેશ્વર મહાદેવ મંદિર, મુ. આરસોડીયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા

(૪) સંત દેવાયત પંડિતની સમાધિ અને રામદેવજી મહારાજ ધામ, મું. બાજકોટ, તા. મોડાસા, જિ. અરવલ્લી.

આ વિભાગના તા.૨૮-૧૦-૨૦૧૦ના ઠરાવ અન્વયે ખાનગી ટ્રસ્ટ સંચાલીત દેવસ્થાનોને નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે ખાનગી ટ્રસ્ટને દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે ટ્રસ્ટ તરફથી દરખાસ્ત મળ્યેથી નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. તેમજ આ વિભાગના તા. ૨-૧-૨૦૧૫ના ઠરાવથી દેવસ્થાનોમાં વિકાસ કામો કરવા માટે કલેકટરશ્રીઓને સત્તા અપાયેલ છે. પ્રસ્તૃત ઠરાવ અન્વયે કલેકટરશ્રીએ જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.

---------

**રાજકોટ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૪૨ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૩૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૦. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૫.૦૦ લાખ. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ ફાળવેલ બેઠકો**

* ૧૬૭૫૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં કઈ સંસ્થાઓ/કંપનીઓને એપ્રેન્ટીસ એક્ટ હેઠળ કેટલી બેઠકો ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં **૦૭ કંપનીઓને ૪૦ બેઠકો** અને **ખેડા જિલ્લામાં ૧૩** કંપનીઓને **૩૬ બેઠકો** નીચે મુજબ ફાળવવામાં આવી.

| જીલ્લો | | કંપની/એકમો | ફાળવેલ બેઠકો |
|---|---|---|---|
| **આણંદ** | ૧ | એમ.જી.વી.સી.એલ., બોરસદ | ૨૮ |
| | ૨ | ગાયત્રી એન્જીનીયરીંગ વર્કસ જી.આઈ.ડી.સી., વી. યુ. નગર. | ૧ |
| | ૩ | નીઓ કાફે. ૧૦૨/૨, વીર સેફાયર, આણંદ. | ૨ |
| | ૪ | શ્રેયા એન્જિનિયરીંગ વર્ક, વી. યુ. નગર જી. આણંદ. | ૨ |
| | ૫ | રેલીશ એગ્રો ફૂડ (ઈ.) પ્રા. લી. સામરખા, જી. આણંદ. | ૨ |
| | ૬ | ટાઈટન કંપની લી.વી.વી. નગર રોડ, આણંદ. | ૨ |
| | ૭ | રોયલ રાઈડિન્ટીટી પ્રા.લી. ફેઝ-૪. | ૩ |

| | | | |
|---|---|---|---|
| | | વી.યુ. નગર, જી. આણંદ. | |
| **ખેડા** | ૧ | ઉમીયા ટ્રેક્ટર, કઠલાલ જી. ખેડા | ૧ |
| | ૨ | શાંતિ શર્ટીંગ પ્રા.લી. ને .હા. નં. ૮ બારેજા, કનેરા રોડ, જી. ખેડા. | ૪ |
| | ૩ | સેનેટરી પોલીટેક્ષ પ્રા.લી. બારેજા, જી. ખેડા. | ૨ |
| | ૪ | ભગવતી વુવન પ્રા. લી. મુ. બીડજ. | ૨ |
| | ૫ | શ્રીમ પેકેજીંગ પ્રોડકટસ પ્રા.લી. માતર, જી. ખેડા. | ૧ |
| | ૬ | પિયુશ પેલેસ પ્રા.લી., ગોબલેજ. | ૩ |
| | ૭ | રીદ્ધી સીદ્ધી રીસાયકલ પ્રા.લી. મુ. વસનબુજર્ગ, જી. ખેડા. | ૭ |
| | ૮ | જે. પી. વણાકબોરી સીમેન્ટ ગ્રાઈન્ડીંગ યુનીટ ગામ-સાંગોલ, પો. સોનીપુર, જી. ખેડા | ૨ |
| | ૯ | નડીયાદ પીપ્લકો-ઓપ. બેંક લી. નડીયાદ, જી. ખેડા. | ૧ |
| | ૧૦ | હોરીઝોન હોસ્પીટાલીટી, પિજ રોડ, નડીયાદ જી. ખેડા. | ૪ |
| | ૧૧ | ડી. સ્કેવર એફ. એન્ડ બી પેટલાદ રોડ, નડિયાદ, જી. ખેડા. | ૪ |
| | ૧૨ | એ.ડી.એફ. ફૂડ લી. જી.આઈ.ડી.સી. નડીયાદ, જી. ખેડા | ૨ |
| | ૧૩ | એ. જે. એસ. એન્ટરપ્રાઈસ, કોલેજ રોડ, નડીયાદ, જી. ખેડા. | ૩ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી બેઠકો ભરવામાં આવી, અને

(૨) તે પૈકી આણંદ જીલ્લામાં **૨૮ બેઠકો** અને ખેડા જીલ્લામાં **૦૯ બેઠકો** ભરવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ સંસ્થા/કંપની દીઠ કેટલો સ્ટાફ આપવામાં આવે છે?

(૩) આણંદ તથા ખેડા જિલ્લા માટે એકસ-ઓફીસીઓ તરીકે આઈ.ટી.આઈ. આચાર્ય અને આસી. એપ્રેન્ટીસશીપ એડવાઈઝર તરીકે **૦૨ કર્મચારી** આપવામાં આવેલ છે.

---------

**ભરૂચ જિલ્લા ખાતે નવિન ફેમિલી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૪૯૯૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લા ખાતે નવિન ફેમિલી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) તા.૧૨-૧૨-૨૦૧૪ના રોજ રૂ.૪,૪૫,૯૯,૮૦૦/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૬૧૨૩ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને

(૧) ૩૦૮૧૪૨

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૨) ૩૦૮૧૪૨ વિદ્યાર્થીઓને રૂ. ૯,૨૪,૪૨,૬૦૦/-ની સહાય ચૂકવવામાં આવી.

---------

**અમદાવાદ જિલ્લામાં લઘુતમ વેતન ધારાનો ભંગ**

* ૧૫૩૧૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુતમ વેતન ધારા અને બાળ મજૂર ધારા ભંગના કેટલા કિસ્સા નોંધાયા, અને

(૨) લઘુતમ વેતન કરતાં ઓછું વેતન આપનાર અને બાળ મજૂરને કામે રાખનાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લઘુતમ વેતન ધારા હેઠળ ભંગના કિસ્સા** | **બાળ મજૂર ધારા હેઠળ ભંગના કિસ્સા** |
|---|---|---|
| ૨૦૧૩ | ૨૮૭૪ | ૦૧ |
| ૨૦૧૪ | ૨૧૭૫ | ૦૪ |
| | ૫૦૪૯ | ૦૫ |

(૨)

| **વર્ષ** | **લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન આપનાર ઈસમો** | | **બાળ મજૂરને કામે રાખવા બદલ કરેલ કોર્ટ કેસની સંખ્યા** | |
|---|---|---|---|---|
| | સંસ્થા | કરેલ કોર્ટ કેસની સંખ્યા | જુવેનાઈલ જસ્ટીસ એકટ હેઠળ કરેલ પોલીસ ફરીયાદ | બાળ મજૂર ધારા હેઠળ કરેલ કોર્ટ કેસની સંખ્યા |
| ૨૦૧૩ | ૧૮ | ૪૨ | ૨૮ | ૦૧ |
| ૨૦૧૪ | ૧૯ | ૩૯ | ૧૨ | ૦૪ |
| **કુલ** | **૩૭** | **૮૧** | **૪૦** | **૦૫** |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મંજૂર યોજનાઓ**

* ૧૬૧૩૧ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામિણ પેય જળ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૩૪ યોજનાઓ. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરી, | (૨) ૦૫ યોજનાઓ. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલી બાકી રહી છે તે ક્યારે પૂરી થનાર છે, અને | (૩) ૨૯ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. જે ક્રમશઃ ૩/૨૦૧૫ થી ૧૨/૨૦૧૫ સુધીમાં સંબંધિત પાણી સમિતિ મારફત પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) બાકી રહેવાના શાં કારણો છે ? | (૪) આ યોજનાઓ પાણી સમિતિ તથા ગામલોકોની સક્રિયતા ઓછી હોવાને કારણે બાકી રહેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય**

* ૧૬૦૧૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર – ૪૪.<br>નામંજૂર – શૂન્ય. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૨,૩૧,૦૦૦/–. |

---------

**પંચમહાલ જિલ્લામાં શ્રમજીવી કલ્યાણ મેળામાં ચૂકવેલ સહાય**

* ૧૪૧૭૫ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ચાર માસમાં તાલુકાવાર કેટલા શ્રમજીવીઓને શ્રમજીવી કલ્યાણ મેળામાં કેટલી રકમના લાભો આપવામાં આવ્યા ?

**જવાબ**

| | **તાલુકા** | **શ્રમયોગીઓની સંખ્યા** | **લાભની રકમ રૂપિયામાં** |
|---|---|---|---|
| ૧ | ખાનપુર | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૨ | સંતરામપુર | ૧૦૫ | ૧,૪૦,૦૦૦/– |
| ૩ | ઝાલોદ | ૧૦૧ | ૪૫,૦૦૦/– |
| ૪ | હાલોલ | ૨૦૪ | ૧,૬૦,૦૦૦/– |
| ૫ | શહેરા | ૦૮ | ૧૬,૦૦,૦૦૦/– |
| ૬ | ગોધરા | ૦૬ | ૧,૬૪,૦૦૦/– |
| ૭ | કાલોલ | ૦૨ | ૧,૨૦,૦૦૦/– |
| ૮ | મોરવા (હ) | ૦૧ | ૨૦,૦૦૦/– |
| ૯ | ઘોઘમ્બા | ૦૦ | ૦૦ |
| ૧૦ | જાંબુઘોડા | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૪૨૮** | **૨૩,૪૯,૦૦૦/–** |

---------

## નવસારી જિલ્લામાં મંજૂર બોર હેન્ડપંપો

* ૧૬૦૭૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લાના ટ્રાયબલ એરીયામાં કેટલા બોર અને હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬૦૦ બોર હેન્ડપંપ. |
| (૨) તે પૈકી કેટલા બોર અને હેન્ડપંપ શારવામાં આવ્યા, અને | (૨) ૩૧૩ બોર. |
| (૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## ભિલોડા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના કવાટર્સનું બાંધકામ

* ૧૪૯૯૪ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના કવાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૧,૭૦,૦૦,૦૦૦/–. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

## ભાવનગર જિલ્લાના ઉંચા કોટડા દેવસ્થાનનો યાત્રાધામ તરીકે વિકાસ

* ૧૪૬૨૨ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉંચા કોટડા દેવસ્થાનને યાત્રાધામ તરીકે વિકસાવવા માટેની કેટલી દરખાસ્તો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ઉંચા કોટડા દેવસ્થાનને યાત્રાધામ તરીકે વિકસાવવા છેલ્લા બે વર્ષમાં કોઈ જ દરખાસ્ત મળેલ નથી. |
| (૨) મળેલ દરખાસ્તો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં અપાતા બલ્કવોટરમાં વધારો**

* ૧૬૦૭૪ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લામાં પાઇપલાઇનથી બલ્ક વોટરમાં વધારો કરવા માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ક્યા પ્રકારના કામો ધરવામાં આવી રહેલ છે ? | ખિરાઈ હેડવર્કસ ખાતે હયાત પંપો બદલવાના, ભચાઉથી વર્ષામેડી હયાત પાઈપલાઈનને સમાંતર નવીન પાઈપલાઈન નાંખવાના તેમજ ભચાઉ ખાતે નવીન સંપ, પર્પીંગ સ્ટેશન તથા પપીંગ મશીનરીના કામો હાથ ધરવામાં આવેલ છે. |

---------

**વિદ્યાર્થીઓને ટેબલેટ આપવાની યોજના**

* ૧૬૧૦૯ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના વિજ્ઞાન પ્રવાહના ધોરણ–૧૨ ના વિદ્યાર્થીઓ માટેની ટેબ્લેટ આપવાની યોજના અમલમાં મૂકેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, હકીકત સાચી છે. |
| (૨) આ યોજના ક્યારથી અમલમાં મૂકેલ છે, અને | (૨) વર્ષ ૨૦૧૪–૧૫ થી. |
| (૩) જો હા, તો યોજનાની વિગતો શી છે ? | (૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ધોરણ–૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ટકાથી પાસ થનાર વિદ્યાર્થીને આગળ અભ્યાસ માટે વિદ્યાર્થી દીઠ રૂ.૬૦૦૦/– ની કિંમતનું ટેબ્લેટ આપવાનું ઠરાવેલ છે. |

---------

**રાજકોટ જિલ્લામાં મુકત થયેલ બાળશ્રમયોગીઓ**

* ૧૬૦૬૮ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા બાળ મજૂરોને મુકત કરાવવામાં આવ્યાં, અને | (૧) ૩૧. |
| (૨) આ બાળ મજૂરો રાખનાર ઈસમો સામે શાં પગલા લેવામાં આવ્યાં ? | (૨) કુલ ૨૪ કેસો દાખલ કરવામાં આવ્યા. |

---------

**ગળતેશ્વર તાલુકાના સેવાલીયા ગામને પીવાનું પાણી**

* ૧૫૯૬૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગળતેશ્વર તાલુકાના સેવાલીયા ગામને પીવાના પાણી માટે પાણી પુરવઠા ની કઈ યોજનાઓ કાર્યરત છે, અને<br>(૨) જો કોઈ યોજનાઓ ન હોય તો સરકાર દ્વારા આ ગામને પીવાના પાણી માટેની કયા પ્રકારની સુવિધાઓ ક્યારથી આપવાનું આયોજન છે ? | (૧) અને (૨)<br>તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સેવાલીયા ગામે વ્યક્તિગત પાણી પુરવઠા યોજના પાતાળકુવા આધારિત કાર્યરત છે.<br>વધારાના પાણીના જથ્થા માટેની વ્યકિતગત સુધારણા પાઈપ યોજના માહે–૦૩–૨૦૧૫ સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૧૩ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૦૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩૫૬. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૧૩૭ |

---------

**અમદાવાદ (પૂર્વ) એ. આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૧૦૧ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ (પૂર્વ) એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ. | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ (પૂર્વ) એ.આર.ટી.ઓ. કચેરીને રૂપિયા ૬૪.૩૯ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ-૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ-૨૦૧૩ની સરખામણીમાં આવકમાં રૂપિયા ૫.૩૭ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં શેડ્યુઅલ કાસ્ટ સબ પ્લાન યોજના અંતર્ગત મળેલ મીટીંગો**

* ૧૬૯૪૫ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં શેડ્યુઅલ કાસ્ટ સબ પ્લાન યોજનાના અમલીકરણ અંગે મોનીટરીંગ અને રીવ્યુ માટેની જિલ્લા કક્ષાની મીટીંગ કેટલી વખત મળી, | (૧) ૮ (આઠ) વખત. |
| (૨) જો મીટીંગ ન મળી હોય તો તેના શા કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મીટીંગો નિયમિત મળે તે માટે ઉક્ત સ્થિતિએ શું આયોજન છે ? | (૩) જિલ્લા કક્ષાએ ત્રિમાસિક સમીક્ષા જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ અમલીકરણ અધિકારીઓ સાથે કરવામાં આવે છે. |

---------

**સુરત જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ**

* ૧૬૦૪૫ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કુમારો માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) ૧. |
| (૨) તેમાં શી સુવિધાઓ આપવામાં આવે છે? | (૨) વિદ્યાર્થીઓને અભ્યાસ, રહેવાની, જમવાની, બે જોડી ગણવેશ, બુટ-મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. |

---------

**સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૨ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું | (૧) ૫૭. |

મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને — (૨) ૫૭.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? — (૩) રૂ. ૫.૭૦ લાખ.

---------

**રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ કરેલ ખર્ચ**

* ૧૪૧૦૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે છોટાઉદેપુર જિલ્લાના ટ્રાયબલ તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી,

(૨) આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ શરૂ થઈ, કેટલી યોજનાઓ ઉક્ત સ્થિતિએ બાકી છે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) તાલુકાવાર નીચેની વિગતે

| તાલુકા | મંજુર યોજના | ખર્ચ રૂા. લાખમાં | શરૂ થયેલ યોજના | બાકીની યોજના (પ્રગતિ) |
|---|---|---|---|---|
| બોડેલી | ૧૧ | ૩.૫૦ | ૦ | ૧૧ |
| સંખેડા | ૨૧ | ૧૩.૮૮ | ૬ | ૧૫ |
| જેતપુર પાવી | ૨૫ | ૫.૪૫ | ૦ | ૨૫ |
| છોટા ઉદેપુર | ૩૯ | ૨૯.૧૯ | ૬ | ૩૦ |
| ક્વાંટ | ૨૦ | ૫.૦૩ | ૦ | ૨૦ |
| નસવાડી | ૨૧ | ૨.૩૬ | ૦ | ૨૧ |
| **કુલ** | **૧૩૭** | **૫૯.૪૧** | **૧૨** | **૧૨૨** |

છોટાઉદેપુર તાલુકામાં ૩ યોજના ડ્રોપ થયેલ છે.

---------

**જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૬૦૪૪ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ માટે કેટલી અરજીઓ મળી, — (૧) ૬૦૬.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને — (૨) ૫૯૫.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી પણ સાયકલ આપવામાં આવે છે.

---------

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મૃત્યુ પામેલ ખેતમજુરો**

* ૧૫૫૨૨ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા ખેત મજૂરો નોંધાયા,

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ખેત મજૂર નોંધાયા.

| | તાલુકા | નોંધાયેલ ખેત મજુર |
|---|---|---|
| ૧ | જુનાગઢ | ૧૪,૦૭૭ |
| ૨ | માંગરોળ | ૧૩,૪૯૮ |
| ૩ | કેશોદ | ૧૩,૫૦૨ |
| ૪ | વિસાવદર | ૧૩,૧૮૦ |

| | | |
|---|---|---|
| ૫ | માણાવદર | ૯,૧૭૮ |
| ૬ | વંથલી | ૧૧,૧૨૧ |
| ૭ | ભેંસાણ | ૭,૦૩૨ |
| ૮ | મેંદરડા | ૮,૯૯૬ |
| ૯ | માળીયા | ૧૬,૫૦૦ |
| | **કુલ** | **૧,૦૭,૦૮૪** |

ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ખેત મજૂર નોંધાયા

| | **તાલુકા** | **નોંધાયેલ ખેત મજુર** |
|---|---|---|
| ૧ | ઉના | ૨૭,૭૩૫ |
| ૨ | તાલાળા | ૧૬,૫૬૭ |
| ૩ | કોડીનાર | ૧૨,૯૨૨ |
| ૪ | વેરાવળ | ૧૫,૯૭૧ |
| ૫ | સુત્રાપાડા | ૭,૧૫૦ |
| | **કુલ** | **૮૦,૩૪૫** |

(૨) તે પૈકી તાલુકાવાર વર્ષવાર કેટલા અકસ્માતથી મૃત્યુ પામેલ છે, અને

(૨) જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર મૃત્યુ પામેલ ખેત મજૂરની સંખ્યા નીચે મુજબ છે.

| | **તાલુકા** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ | ૦૫ | ૦૪ |
| ૨ | માંગરોળ | ૧૦ | ૧૨ |
| ૩ | કેશોદ | ૦૩ | ૦૨ |
| ૪ | વિસાવદર | ૦૨ | ૦૨ |
| ૫ | માણાવદર | ૦૫ | ૦૨ |
| ૬ | વંથલી | ૦૫ | ૦૨ |
| ૭ | ભેંસાણ | ૦૩ | ૦૧ |
| ૮ | મેંદરડા | ૦૪ | ૦૩ |
| ૯ | માળીયા | ૦૩ | ૦૪ |
| | **કુલ** | **૪૦** | **૩૨** |

ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર મૃત્યુ પામેલ ખેત મજૂરની સંખ્યા નીચે મુજબ છે.

| | **તાલુકા** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫** |
|---|---|---|---|
| ૧ | ઉના | ૧૩ | ૧૧ |
| ૨ | કોડીનાર | ૦૨ | ૦૨ |
| ૩ | તાલાળા | ૦૬ | ૦૧ |
| ૪ | વેરાવળ | ૦૦ | ૦૨ |
| ૫ | સુત્રાપાડા | ૦૨ | ૦૧ |
| | **કુલ** | **૨૩** | **૧૭** |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલાને સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| **જિલ્લાનું નામ** | **ખેતમજુરની સંખ્યા** | **સહાયની રકમ રૂ઼ા.** |
|---|---|---|
| જુનાગઢ | ૧૬ | ૧૬,૦૦,૦૦૦/- |
| ગીર સોમનાથ | ૧૨ | ૧૨,૦૦,૦૦૦/- |

---------

## અમરેલી જિલ્લાના ગામોનું મહી પરીએજ યોજનામાં જોડાણ

* ૧૫૯૯૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી અને કુંકાવાવ-વડીયા તાલુકાના કુલ કેટલા અને કયા ગામોનું

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી તાલુકાના ૭૦ ગામો અને કુંકાવાવ-વડીયા તાલુકાના ૪૫

પીવાના પાણી માટે મહી પરીએજ યોજનામાં જોડાણ કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કુલ કેટલા અને કયા ગામોમાં મહી પરીએજથી પહોંચાડવામાં આવતુ પાણી સંગ્રહ કરવા માટે સ્થાનિક પુરતી વ્યવસ્થા નથી,

(૩) તે પૈકી પાણી સંગ્રહની ઘટ ધરાવતા કયા-કયા ગામોને જરૂરિયાત મુજબના ભુગર્ભ સંપ બનાવી આપવા સરકારશ્રીનું ઉક્ત સ્થિતિએ શું આયોજન છે, અને

(૪) ઉક્ત બાબતે તે પૈકી કુલ કેટલા અને કયા ગામની છેલ્લા બે વર્ષની પડતર દરખાસ્તોને કેટલી રકમના ખર્ચે સૈધાંતિક-તાંત્રિક અને વહીવટી મંજુરી અને આ કામોને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

ગામોનો પીવાના પાણી માટે મહી પરીએજ યોજનામાં જોડાણ કરવામાં આવેલ છે. (ગામોની યાદી *પરિશિષ્ટ-૧ મુજબ)

(૨) અને (૩)

તે પૈકી *પરિશિષ્ટ-૨ મુજબ અમરેલી તાલુકાના ૧૦ ગામો અને કુંકાવાવ-વડીયા તાલુકાના ૧૬ ગામોમાં મહી પરીએજથી પહોંચાડવામાં આવતું પાણીના સંગ્રહ કરવા માટે સ્થાનિક પુરતી વ્યવસ્થા નથી. આ ગામોને જરૂરિયાત મુજબના ભુગર્ભ સંપ બનાવી આપવા ટેન્ડર મંજુર થયેલ છે વર્ક ઓર્ડર આપી કામો શરૂ કરવામાં આવનાર છે.

(૪) ઉક્ત બાબતે હવે કોઈ ગામોની દરખાસ્ત પડતર નથી. આમ છતાં માંગણી આવ્યે જરૂરિયાત મુજબ આયોજનમાં સમાવેશ કરવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મહેસાણા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૧૭ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૫૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૩૪. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૬૫. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં પીવાના પાણીની અછત**

* ૧૫૩૩૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની અછત છે, અને | (૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર હાલ કોઈ ગામોમાં પીવાના પાણીની અછત નથી. |
| (૨) ઉકત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાને લઈ આ ગામોને નિયમિત પીવાનું પાણી મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે અને વધારાનું પીવાનું પાણી ક્યા સોર્સથી મેળવવાનું આયોજન છે ? | (૨) આગામી ઉનાળામાં જરૂરીયાત ઉભી થયે મહી-નર્મદા આધારીત એનસી-૨૪ તથા એનસી-૨૫ પાઇપ લાઈન દ્વારા ગીર સોમનાથ જિલ્લાનાં તાલુકાઓનાં જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામોને પીવાનું પાણી પુરું પાડવાનું આયોજન કરવામાં આવેલ છે તથા જે ગામોએ પીવાના પાણીની જરૂરીયાત ઉભી થશે ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા કરી પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે. |

---------

**વડોદરા ખાતે બેરોજગારોને રોજગારી**

* ૧૬૦૬૫ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, વડોદરા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૩૮૨૭૩. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૨૫૨૪૫. |

---------

**કાલોલ તાલુકામાં પી.એમ.-૩ બી જૂથ યોજનાની કામગીરી**

* ૧૬૦૭૩ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા કેનાલ આધારીત પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાની પી.એમ–૩ બી જૂથ યોજનાની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે,

(૨) આ યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે,

(૩) ઉકત સ્થિતિએ કેટલા ગામોને પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે, અને

(૪) આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) ૬૭ ગામો.

(૩) ૬૭ ગામો.

(૪) નીચેની વિગતે.

| **અનુ.નં.** | **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૭૯.૦૩ |
| ૨ | ૨૦૧૪ | ૨૩૦.૦૪ |
| | **કુલ** | **૪૦૯.૦૭** |

---------

## પુર્ણેશ્વર મંદીરનો વિકાસ

* ૧૫૭૭૭ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના પુર્ણેશ્વર મંદીરના વિકાસ અને અન્ય કામો માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ,

(૨) ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ મંદીરના આયોજન અને વિકાસ માટે લીધેલા પગલાંની વિગતો શી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આગામી સમયમાં શા પગલા લેવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અને (૨) કચ્છ જિલ્લાના પુર્ણેશ્વર મંદીરના વિકાસ માટે કચ્છ લડાયક મંચ, મુંબઇ તરફથી રજૂઆત મળી છે. ખાનગી ટ્રસ્ટ સંચાલિત દેવસ્થાનોને નાણાકીય સહાય આપવા બાબતના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮–૧૦–૨૦૧૦ ના ઠરાવની જોગવાઇઓ મુજબ ટ્રસ્ટ તરફથી દરખાસ્ત રજૂ કરાવવા તારીખ ૧૭–૧૧–૨૦૧૩ અને તા.૧૭–૫–૨૦૧૪ના પત્રોથી કલેક્ટરશ્રી કચ્છને જણાવેલ છે. ટ્રસ્ટ તરફથી વિધિસરની દરખાસ્ત મળ્યાબાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

(૩) ટ્રસ્ટ તરફથી વિધિસરની દરખાસ્ત મળેથી કાર્યવાહી કરવામાં આવશે.

---------

## સુરત આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ

* ૧૬૦૮૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત આર.ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ, ખાલી અને ભરાયેલ જગ્યાનું મહેકમ નીચે પ્રમાણે છે.

| **અ. નં.** | **સંવર્ગનું નામ** | **મંજૂર થયેલ મહેકમ** | **ખાલી જગ્યા** | **ભરાયેલ જગ્યા** |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ–૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ–૨ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક વર્ગ–૨ | ૧૦ | ૦૬ | ૦૪ |
| ૪ | મોટર વાહન પ્રોસીક્યુટર વર્ગ–૨ | ૦૧ | ૦૧ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | હિસાબી અધિકારી વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭ | અંગત મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ-૩ | ૧૭ | ૧૨ | ૦૫ |
| ૯ | જનસંપર્ક અધિકારી વર્ગ-૩ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ-૩ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૧૧ | સીનીયર કારકુન/સબ એકા. વર્ગ-૩ | ૧૧ | ૦૪ | ૦૭ |
| ૧૨ | જુની.કારકુન વર્ગ-૩ | ૪૩ | ૧૭ | ૨૬ |
| ૧૩ | કલાર્ક કમ ટાઈપીસ્ટ વર્ગ-૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૪ | હિસાબનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૫ | સર્કલ ઓફીસર વર્ગ-૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૬ | સબ ઓડીટર | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૧૭ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૮ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૯ | ડ્રાયવર | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૨૦ | પટાવાળા વર્ગ-૪ | ૦૯ | ૦૨ | ૦૭ |
| | **કુલ** | **૧૧૫** | **૫૦** | **૬૫** |

---------

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૬૦૮૭ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ, ખાલી અને ભરાયેલ જગ્યાનું મહેકમ નીચે પ્રમાણે છે.

| અ. નં. | સંવર્ગનું નામ | મંજૂર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ-૧ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ-૨ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક વર્ગ-૨ | ૧૫ | ૦૯ | ૦૬ |
| ૪ | મોટર વાહન પ્રોસીક્યુટર વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | વહીવટી અધિકારી વર્ગ-૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | મામલતદાર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૭ | હિસાબી અધિકારી | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૮ | સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ-૩ | ૧૮ | ૧૩ | ૦૫ |
| ૯ | જનસંપર્ક અધિકારી વર્ગ-૩ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૧૦ | હેડકલાર્ક વર્ગ-૩ | ૧૧ | ૦૦ | ૧૧ |
| ૧૧ | સીનીયર કારકુન/સબ એકા. | ૨૩ | ૦૩ | ૨૦ |
| ૧૨ | જુની.કારકુન વર્ગ-૩ | ૧૧૦ | ૫૭ | ૫૩ |
| ૧૩ | કલાર્ક કમ ટાઈપીસ્ટ વર્ગ-૩ | ૦૬ | ૦૨ | ૦૪ |
| ૧૪ | ટાઈપીસ્ટ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૫ | સ્ટેનો ગ્રેડ-૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૬ | હિસાબનીશ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૧૭ | સર્કલ ઓફીસર વર્ગ-૩ | ૦૩ | ૦૩ | ૦૦ |
| ૧૮ | સબ ઓડીટર | ૦૬ | ૦૧ | ૦૫ |
| ૧૯ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨૦ | આંકડા મદદનીશ | ૦૩ | ૦૨ | ૦૧ |
| ૨૧ | ડ્રાયવર | ૦૨ | ૦૨ | ૦૦ |
| ૨૨ | નાયક | ૦૪ | ૦૩ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | પટાવાળા વર્ગ-૪ | ૨૦ | ૦૫ | ૧૫ |
| ૨૪ | ચોકીદાર | ૦૧ | ૦૧ | ૦૦ |
| | **કુલ** | **૨૩૯** | **૧૦૯** | **૧૩૦** |

---------

**ભરૂચ જિલ્લા ખાતે ફેમીલી કોર્ટની શરૂઆત**

* ૧૫૦૦૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લા ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં રાજ્ય સરકાર દ્વારા ફેમીલી કોર્ટ શરૂ કરવામા આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારથી શરૂ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧-૯-૨૦૧૪ થી.

---------

**નવી બસો ખરીદવા એસ.ટી. નિગમને ફાળવેલ રકમ**

* ૧૫૩૬૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) ને નવી બસો ખરીદવા વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે વર્ષવાર કેટલી નવી બસો ખરીદ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | રૂ.૨૯૦.૦૦/- કરોડ |
| વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | -- |
| તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | -- |

(૨)

| વર્ષ | ખરીદવામાં આવેલ નવી બસોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૨-૧૩ | -- |
| ૨૦૧૩-૧૪ | -- |
| ૨૦૧૪-૧૫ | ૬૮૪ |

---------

**જૂનાગઢ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ**

* ૧૬૦૪૬ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિની કુમારો માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને

(૨) તેમાં શું સુવિધાઓ આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૧

(૨) વિદ્યાર્થીઓને અભ્યાસ, રહેવાની, જમવાની, બે જોડી ગણવેશ, બુટ-મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે.

---------

**અંબાજી ટ્રસ્ટ દ્વારા આર.ટી.આઇ. અરજીઓનો નિકાલ**

* ૧૫૨૧૫ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી દેવસ્થાન મંદિર ટ્રસ્ટ એ જાહેર ટ્રસ્ટ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નામદાર હાઈકોર્ટના આદેશ અનુસાર માહિતી અધિકાર કાયદા-૨૦૦૫ અન્વયે જાહેર ટ્રસ્ટની તમામ મિલ્કતો અને આવકોની માહિતી આપવી જરૂરી છે તે હકીકત સાચી છે, | (૨) હા, જી |
| (૩) જો હા, તો આ ટ્રસ્ટ અંગેની ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માહિતી અધિકાર કાયદા અન્વયે કેટલી અરજીઓ મળી, | (૩) ૪૭ |
| (૪) તે પૈકી કેટલી અરજીઓની માહિતી આપવામાં આવી, અને | (૪) ૪૭ |
| (૫) જો માહિતી ન આપી હોય તેના કારણો કયા છે? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પાટા ડુંગરી જળાશયનું પાણી ગરબાડા તાલુકાના ગામોને આપવા બાબત**

* ૧૪૧૯૭ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ શહેરને કડાણા ડેમમાંથી પાણી આપવામાં આવે છે તે પાણી અગાઉ પાટા ડુંગરી જળાશયમાંથી અપાતું હતું તે વાત સાચી છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તારને કડાણા ડેમમાંથી પાણી આપવામાં આવે છે. જ્યારે બાકીના વિસ્તારને પાટાડુંગરી જળાશયમાંથી અપાય છે. |
| (૨) જો હા, તો આ પાટા ડુંગરીનું પાણી ગરબાડા તાલુકાના પૂર્વ વિસ્તારના ગામોને પમ્પીંગ કરી આપવાનું સરકારનું આયોજન છે કે કેમ? | (૨) હાલ આયોજન નથી. |

---------

**રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સની કાર્યક્ષમતા સુદ્રઢ બનાવવા અમલમાં મૂકેલ યોજના**

* ૧૪૯૯૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સની કાર્યક્ષમતા સુદ્રઢ બનાવવા તેમજ ન્યાયિક વહીવટમાં સુધારણા કરવા તેઓને તાલીમ આપવા સંદર્ભે વર્ષ ૨૦૧૪-૧૫માં<br>તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ કોઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) ભારત સરકારના તેરમા નાણાપંચની ભલામણમાં ૨૦૧૦ થી ૨૦૧૫ના વર્ષ માટે કરવામાં આવેલી જોગવાઈના સંદર્ભમાં રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સની કાર્યક્ષમતા સુદ્રઢ બનાવવા તેમજ ન્યાયિક વહીવટમાં સુધારણા કરવા તેઓને તાલીમ આપવાની યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો, આ યોજનાની વિગતો શી છે ? | (૨) આ યોજના અંતર્ગત રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને<br>(એ) પ્રક્રિયાત્મક કાનૂન જેમાં કોડ ઓફ ક્રિમિનલ પ્રોસીજર અને ભારતીય પુરાવાનો કાયદાનો સમાવેશ થાય છે.<br>(બી) વિષયાત્મક કાયદાઓ જેવા કે આઈપીસી અને અન્ય પીનલ જોગવાઈ કરતા કાયદાઓ,<br>(સી) ફોરેન્સિક સાયન્સના વિષયોની તાલીમ આપવામાં આવે છે.<br>(ડી) કાર્ય શિબિર:- આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સને તાલીમ ઉપરાંત, વર્કશોપ/કાર્યશિબિર યોજીને પ્રોસિક્યુશન અંગેની ક્ષમતા વધારવામાં આવે છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

*૧૬૦૩૭ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૦૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪.૫૦ લાખ. |

---------

## સુરત આર.ટી.ઓ. કચેરીમાં આવક

* ૧૬૦૯૭ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત આર.ટી.ઓ. કચેરીની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) સુરત આર.ટી.ઓ. કચેરીની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૨૭૯.૨૩ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૩૩.૭૮ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

## જામનગર જિલ્લાના ગામોને પીવાનું પાણી આપવા બાબત

* ૧૫૬૩૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ જામનગર જિલ્લાના જામનગર, જોડીયા, ધ્રોલ અને કાલાવડ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં અપુરતો અને અનિયમિત વરસાદ થવાથી આગામી ઉનાળામાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલીઓ ઉભી થઈ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સમસ્યાના ઉકેલ માટે કઈ યોજના દ્વારા કયા ગામોને પાણી પુરૂ પાડવાનું શું આયોજન છે, અને | (૨) સંભવિત તંગીવાળા ૯૧ ગામોએ જીલ્લા પાણી સમિતિ દ્વારા મંજુર કર્યા મુજબ પાઈપ લાઈન, નવીન બોર, પમ્પીંગ મશીનરી તથા ટેન્કર દ્વારા પાણી પૂરૂ પાડવાનું આયોજન છે. ગામવાર વિગત **પરિશિષ્ટ** મુજબ છે. |
| (૩) ઉચ્ચકક્ષાએ કયા અધિકારીને આ જવાબદારી સોંપાઈ છે? | (૩) મુખ્ય ઈજનેરશ્રી, ઝોન–૫, જુનાગઢને જવાબદારી સોંપાઈ છે. |

### પરિશિષ્ટ

| **(અ) જૂથ યોજના દ્વારા** | | | | |
|---|---|---|---|---|
| **તાલુકો : જામનગર** | | | **તાલુકો : જોડીયા** | **તાલુકો : કાલાવડ** |
| ૧ | ગોરધનપર | (૬) લાવડીયા | (૯) ભાદરા | (૧૪) નાની–માટલી |
| ૨ | બેરાજા | (૭) દડીયા | (૧૦) અંણદા | (૧૫) સિંદુરીપરા |
| ૩ | વાગડીયા | (૮) ગાગવા | (૧૧) ફાટસર | (૧૬) રાજસ્થલી |
| ૪ | વાણીયાગામ | | (૧૨) પડાણા | |
| ૫ | નારણપર | | (૧૩) બોડકા | |
| **(બ) સ્વતંત્ર યોજના દ્વારા** | | | | |
| | **તાલુકો : જામનગર** | **તાલુકો : જોડીયા** | | |
| ૧ | મીયાત્રા | (૧૪) રાજપર | (૨૬) મોટા ઈંટાળા | (૩૮) ખાનકોટડા |
| ૨ | ખંભાલીડા નાનાવાસ | (૧૫) ધુળકોટ | (૨૭) સુધાધુના | (૩૯) મેવાસા હરીપર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | નાઘેડી | (૧૬) બાદનપર (જો) | (૨૮) ધરમપુર | (૪૦) જાલસણર |
| ૪ | બાડા | (૧૭) હડીયાણા | (૨૯) હમાપર | (૪૧) ચેલાબેડી |
| ૫ | ખીમરાણા | (૧૮) કેશીયા | (૩૦) ખારવા | (૪૨) ગલપાદર |
| ૬ | મોડા | (૧૯) પીઠડ | **તાલુકો : કાલાવડ** | (૪૩) સતીયા |
| ૭ | હર્ષદપુર | (૨૦) જીરાગઢ | (૩૧) નાની વાવડી | (૪૪) નીકાવા |
| ૮ | નાઘુના | (૨૧) જોડીયા | (૩૨) વીરવાવ | (૪૫) ખરેડી |
| ૯ | મોટી ભલસાણ | **તાલુકો : ધ્રોલ** | (૩૩) ધાંઘલીયા-પી | (૪૬) નાના વડાલા |
| ૧૦ | ચંદ્રાગા | (૨૨) માણેકપર | (૩૪) લબુકીયા ભડુકીયા | (૪૭) સરવાણીયા |
| ૧૧ | લાખાણી મોટાવાસ | (૨૩) ગઢડા | (૩૫) ફગાસ | (૪૮) જામવાડી |
| ૧૨ | મોડપર | (૨૪) રાજપર | (૩૬) માછરડા | (૪૯) નવાગામ |
| ૧૩ | મતવા | (૨૫) રોઝીયા | (૩૭) ભંગડા | (૫૦) ધુનધોરાજી |
| | | | | (૫૧) હરીપર (મેવાસા) |
| **(ક) ટેન્કર દ્વારા** | | | | |
| | **તાલુકો : જામનગર** | | **તાલુકો : ધ્રોલ** | **તાલુકો : કાલાવડ** |
| ૧ | મારીયાપરા | (૮) ખારાબેરાજા | (૧૫) ડાંગરા | (૨૧) મોરીદડ |
| ૨ | ચેલા | (૯) ઢંઢા | (૧૬) ખેંગારકા | (૨૨) પીઠડીયા |
| ૩ | ગાગવાધાર | (૧૦) પસાયા | (૧૭) ખાખરા | (૨૩) મોટી-નાગાઝર |
| ૪ | ચેલા-૨ | (૧૧) ગાગવા | (૧૮) કાતડા | (૨૪) ડાંગરવાડા |
| ૫ | દરેડ | (૧૨) લાખાબાવડ | (૧૯) ખીજડીયા-રવાણી | |
| ૬ | કંસુમરા | (૧૩) મોરકંડા | (૨૦) હજામચોરા | |
| ૭ | ખોજાબેરાજા | (૧૪) સપડા | | |

---------

**જૂનાગઢ જિલ્લામાં હેન્ડ પંપો**

* ૧૬૦૭૦ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા હેન્ડપમ્પ છે, | (૧) ૩૩૧૯ હેન્ડપમ્પ. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કાર્યરત છે, અને | (૨) ૨૮૬૪ હેન્ડપંપ. |
| (૩) હેન્ડપમ્પ રીપેરીંગની કેટલી ટીમો કાર્યરત છે? | (૩) બે ટીમો. |

---------

**મહેસાણા ખાતે બેરોજગારોને રોજગારી**

* ૧૬૦૬૭ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, મહેસાણા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૩૯૮૫૭ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી? | (૨) ૮૩૦૦. |

---------

**કવાંટ અને નસવાડી તાલુકામાં પાણી-પુરવઠાની યોજનાઓ**

* ૧૫૫૮૩ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ અને નસવાડી તાલુકામાં કેટલી રકમની પાણી–પુરવઠાની યોજના મંજૂર થયેલ છે, ક્યારથી મંજૂર થયેલ છે,

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કવાંટ અને નસવાડી તાલુકામાં રૂ।.૧૭૦૬૪.૭૩ લાખની યોજનાઓ મંજૂર થયેલ છે.

| અનુ. | જુથ યોજનાનું નામ | અંદાજીત રકમ (રૂ. લાખમાં) | મંજુરીની વિગત |
|---|---|---|---|
| ૧ | હાફેશ્વર તા. કવાંટ | ૧૨૧૨૨.૫૩ | તા.૨૪–૦૮–૨૦૦૯ |
| ૨ | નસવાડી તા. નસવાડી | ૪૯૪૨.૨૦ | તા.૧૪–૧૧–૨૦૧૧ |

(૨) ઉક્ત યોજનાઓ પૂર્ણ કરવાની મુદત કઈ હતી,

(૨)

- હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજના તા. ૧૯–૬–૨૦૧૩
- નસવાડી જુથ પાણી પુરવઠા યોજના તા. ૨–૨–૨૦૧૪

(૩) ઉક્ત સ્થિતિએ આ બે તાલુકાઓની યોજનાઓ કયા તબક્કે છે,

(૪) ઉકત યોજનાઓ કેટલા સમયમાં કાર્યરત થશે, અને

(૩) અને (૪) (૧) હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજનાની ૬૫ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ યોજનાના બાકી રહેતા કામોના ટેન્ડરો મંજુર થયેથી ૧૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
(૨) નસવાડી જુથ પાણી પુરવઠા યોજનાની ૮૬ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. હાલમાં પ્રગતિના કામો માહે ૬/૨૦૧૫ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૫) ઉક્ત યોજનાઓનું કાર્ય નિર્ધારીત સમય કરતાં મોડું થવાના કારણો શાં છે?

(૫) **હાફેશ્વર જુથ પાણી પુરવઠા યોજના**

- એજન્સી દ્વારા ઘણી ધીમી કામગીરીને લીધે એજન્સીને ટર્મીનેટ કરવામાં આવેલ, રાઈઝીંગ મેઈનની પથરેખા બદલવાના કારણે, યોજનાનો ઘણો બધો વિસ્તાર કોતરોમાં આવેલ હોય માલ સામાનના પરીવહનમાં અને ચોમાસાની સિઝનમાં કામગીરીમાં વિલંબ થવાના કારણે તથા સ્થાનિક લોકોના અપુરતા સહયોગના કારણે કામગીરીમાં વિલંબ થયેલ છે.

**નસવાડી જુથ પાણી પુરવઠા યોજના**

- કેનાલ ઓફટેક સ્ટ્રકચર અને કેનાલ ક્રોસીંગની મંજૂરીમાં તેમજ યોજનાના વિવિધ કામો માટે જમીન સંપાદનની કામગીરીમાં વિલંબ થવાને કારણે વિલંબ થયેલ છે.

---------

### ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય

* ૧૬૦૨૦ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૨૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૨૯. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૮,૨૫,૧૧૧/-(અંકે રૂપિયા આઠ લાખ પચીસ હજાર એકસો અગિયાર પુરા) |

---------

### અમરેલી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૬૦૬૪ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૨૧૩૧૨ |

| | |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૩૪૫૩ |

---------

**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય કુંટુબ સહાય યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૧૬ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુંટુબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૩૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૩૦ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરી ? | (૩) ૯ |

---------

**વડોદરા શહેરમાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો**

* ૧૬૦૨૬ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૨ |
| (૨) આ છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૧૮ |
| (૩) વર્ષ ૨૦૧૪–૧૫માં ઉકત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને તેમાં પ્રવેશ આપેલ છે, અને | (૩) ૧૧૧ |
| (૪) છાત્રાલયમાં શી સુવિધાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમત–ગમતના સાધનો, તથા બુકબેંક સામાયિકો વગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. |

---------

**ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય**

* ૧૬૦૪૮ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ અનુસૂચિત જાતિના લોકોની કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૫૭ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૫.૭૦ લાખ. |

---------

**ભાવનગર જિલ્લામાં કીટનું વિતરણ**

* ૧૬૦૫૦ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૨૫–૧૨–૨૦૧૪ના રોજ યોજાયેલ શ્રમયોગી કલ્યાણ મેળામાં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યું ? | ૬૦૦ |

---------

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૦૯૮ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરીની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂ.૩૩૯.૨૦ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ–૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં આવકમાં રૂ.૧૦.૩૫ કરોડનો વધારો થયો. |
| (૩) જો આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

**વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સહાય**

* ૧૪૧૩૧ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ સંકટમોચન યોજના અંતર્ગત મળી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી, અને

**જવાબ**

(૧) અને (૨) :

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધી | |
|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | ઉમરગામ | ૪૦ | ૩૬ |
| ૨ | કપરાડા | ૩૬ | ૩૬ |
| ૩ | ધરમપુર | ૮૭ | ૬૧ |
| ૪ | પારડી | ૧૬૫ | ૧૩૬ |
| ૫ | વાપી | ૨૦ | ૫ |
| ૬ | વલસાડ | ૩૯૨ | ૨૯૨ |

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૬૨,૪૦,૦૦૦/–

---------

**ગાંધીનગર જિલ્લામાં ચાઈલ્ડ લેબર એકટ હેઠળ મુકત થયેલ બાળકો**

* ૧૬૦૫૭ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) એકટ–૧૯૮૬ હેઠળ સને ૨૦૧૪ માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૩ |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૦૮ |

---------

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૯ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૭ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૪ |
| (૩) કુલ કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૦૪ અરજીઓમાં રૂ.૬૦.૦૦ લાખ લોન ચૂકવવામાં |

આવી.

---------

**વાઘોડીયા તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજનાઓ**

* ૧૬૦૮૨ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે વડોદરા જિલ્લાના વાઘોડીયા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૧ યોજનાઓ. |
| (૨) મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત રકમ કેટલી છે ? | (૨) રૂ.૧૦૨.૧૨ લાખ. |

---------

**દાહોદ જિલ્લામાં પાણી પુરવઠાની યોજનાઓ**

* ૧૫૬૨૦ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વજલધારા અને સેકટર રીફોર્મ કાર્યક્રમ દ્વારા કુલ કેટલી પાણી પુરવઠા યોજનાઓ શરૂ કરવામાં આવી, | (૧) ૯૧ યોજનાઓ. |
| (૨) તે કાર્યક્રમો અન્વયે કેટલા ગામોને ઉકત સ્થિતિએ પાણી મળે છે, અને | (૨) પૂર્ણ થયેલ ૬ યોજના દ્વારા ૬ ગામના ફળીયાને પાણી મળે છે. |
| (૩) બાકી રહેતા ગામોને કેટલા સમયમાં પાણી આપવાનું આયોજન છે ? | (૩) બાકી રહેતી ૮૫ યોજનાઓ પ્રગતિ હેઠળ છે જે ક્રમશઃ જુલાઈ–૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરી પાણી આપવાનું આયોજન છે. |

---------

**ખેડા જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ સહાય**

* ૧૪૩૨૨ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મફત તબીબી સહાય યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી, | (૧) અને (૨) : *પત્રક સામેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ વર્ષવાર આ સહાય માટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | |
| **એચબી–૮૫૬–૧૧** ન્વયે બાકી રહેતા લાભાર્થીઓને સહાય ક્યારે ચૂકવવામા આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમરેલી જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૬ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૦૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૦૫ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨.૫૦ લાખ. |

---------

**ગરબાડા ખાતેના હયાત કોર્ટ બિલ્ડીંગમાં વધારાનું બાંધકામ**

* ૧૪૯૯૭ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ગરબાડા ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગમાં વધારાના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૨૬–૧૧–૨૦૧૪ના રોજ રૂ.૧,૮૬,૧૩,૦૦૦/ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**રાજપીપળા એ.આર.ટી.ઓ. કચેરીમાં આવક**

* ૧૬૧૨૪ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજપીપળા એ.આર.ટી.ઓ. કચેરીને કેટલી આવક થઈ, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજપીપળા એ.આર.ટી.ઓ. કચેરીને રૂપિયા ૭.૩૩ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ની સરખામણીમાં આવકમાં રૂપિયા ૦.૩૬ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

**વિભાગ દ્વારા ફાળવેલ બજેટ પૈકી કરેલ ખર્ચ**

* ૧૪૩૦૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિ, લઘુમતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે કુલ કેટલું બજેટ ફાળવવામાં આવ્યું ? | કુલ રૂ.૨૬૩૯.૫૮ કરોડ. |

---------

**રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સનું મહેકમ**

* ૧૪૯૮૯ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર (વર્ગ–૨)નું તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલું મંજૂર થયેલ મહેકમ છે, | (૧) રાજ્યમાં ફરજ બજાવતા આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર (વર્ગ–૨)નું તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુલ મંજૂર થયેલ મહેકમ ૮૮૦નું છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી ખાલી છે, અને | (૨) તે પૈકી ૩૨૧ જગ્યાઓ ભરાયેલ છે, ૫૫૯ જગ્યાઓ ખાલી છે, અને |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ? | (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ભરતીની પ્રક્રીયા ગતિમાં છે. |

---------

**વડોદરા જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૬૦૨૯ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) **યુગલ** ૨૩ — **સંસ્થા** ૦૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) **યુગલ** **સંસ્થા**
૧૭ ૦૧

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| **કેટેગરી** | **ચૂકવેલ સહાય રૂ.** |
|---|---|
| યુગલ | ૧,૪૦,૦૦૦/- |
| સંસ્થા | ૪૮,૦૦૦/- |
| **કુલ** | **૧,૮૮,૦૦૦/-** |

---------

**બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કાયદાઓનો ભંગ**

* ૧૪૯૨૪ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા તાલુકાના ક્યા ઔદ્યોગિક એકમોમાં લઘુત્તમ વેતન ધારા અને પ્રવર્તમાન શ્રમિક કાયદાઓના ભંગ સંબંધે તપાસ કરવામાં આવી,

(૨) તપાસ દરમ્યાન ક્યા ઔદ્યોગિક એકમો કસુરવાર જણાયા, અને

(૩) કસુરવાર એકમો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **૨૦૧૩** | **૨૦૧૪** |
|---|---|---|
| પાલનપુર | ૬૪ | ૪૬ |
| ધાનેરા | ૦૩ | ૦૧ |
| વડગામ | ૦૬ | ૧૩ |
| અમીરગઢ | ૦૬ | ૦૦ |
| દાંતા | ૦૨ | ૧૨ |
| ડીસા | ૧૪ | ૧૬ |
| દીયોદર | ૦૦ | ૧૨ |
| કાંકરેજ | ૦૦ | ૦૪ |
| **કુલ** | **૯૫** | **૧૦૪** |

તપાસ કરેલ ઔદ્યોગિક એકમોનું વર્ષવાર અનુક્રમે *પત્રક-એ અને *બી સામેલ રાખેલ છે.

(૨) આ સાથે સામેલ *પત્રક-એ અને *બી માં વિગતો દર્શાવેલ છે.

(૩) આ સાથે સામેલ *પત્રક-એ અને *બી માં વિગતો દર્શાવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોરબી જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૨૮ **શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૦૨

(૨) ૦૨

(૩) રૂ.૧.૦૦ લાખ.

---------

**મહેસાણા જિલ્લામાં શીડ્યુલ્ડ કાસ્ટ સબ પ્લાન યોજના અંતર્ગત મળેલ મીટીંગો**

* ૧૭૧૧૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં શીડ્યુલ્ડ કાસ્ટ સબ પ્લાન યોજનાના અમલીકરણ અંગે મોનીટરીંગ અને રીવ્યુ માટેની જિલ્લા કક્ષાની મીટીંગ કેટલી વખત મળી,

(૨) જો મીટીંગ ન મળી હોય તો તેના શા કારણો છે, અને

**જવાબ**

(૧) ૮ (આઠ) વખત.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મીટીંગો નિયમિત મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન છે ?

(૩) જિલ્લા કક્ષાએ ત્રિમાસિક સમીક્ષા જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને તમામ અમલીકરણ અધિકારીઓ સાથે કરવામાં આવે છે.

---------

**રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સનો કૌશલ્ય વિકાસ**

**<#M** * ૧૫૬૦૯ / **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સના કૌશલ્ય વિકાસ માટે છેલ્લા એક વર્ષમાં કઇ કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને કાયદાની તાલીમ અને આધુનિક પ્રોદ્યોગિકી અંગેની તાલીમ આપવામાં આવેલ છે. ઉપયોગી અને અદ્યતન સંસાધનોથી સજ્જ કરવામાં આવ્યા છે. |
| (૨) તેની વિગતો શી છે ? | (૨) આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને ‘‘ધી લોઝ’’ સોફ્ટવેર સહિતનાં લેપટોપ આપવામાં આવ્યા છે. પ્રિન્ટર્સ તથા કાયદાના પુસ્તકો આપવામાં આવ્યા છે. વિવિધ કાયદા અને આધુનિક પ્રોદ્યોગિકી અંગેની તાલીમ આપવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય**

* ૧૬૦૪૦ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૨. |
| (૩) કુલ કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૦૨ અરજીઓમાં રૂ.૩૦.૦૦ લાખ લોન ચૂકવવામાં આવી. |

---------

**દાહોદ જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની જૂથ પાણી પુરવઠાની યોજના**

* ૧૫૫૪૫ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની કેટલી જૂથ પાણી પુરવઠાની યોજના મંજૂર કરવામાં આવી, તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) આ સમયગાળામાં દાહોદ જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની જૂથ પાણી પુરવઠાની યોજના મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ કરવામાં આવી, અને કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પીવાના પાણીની અછત**

* ૧૫૨૮૦ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલાં ગામોમાં પીવાના પાણીની અછત છે, | (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાનાં કોઇપણ ગામોમાં પીવાના પાણીની અછત નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાને લઇ આ ગામોને નિયમિત પાણી મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે, અને<br>(૩) આ પાણી ક્યા સ્ત્રોતમાંથી આપવાનું આયોજન | (૨) અને (૩)<br>ઉનાળામાં પીવાનાં પાણીની મુશ્કેલી ઉભી થયે ભેંસાણ ઓફટેઇક આધારીત મહી–નર્મદા પાઇપ લાઇન દ્બારા પીવાનું પાણી પુરુ પાડવાનું આયોજન કરવામાં આવેલ છે. |

છે?

---------

**બનાસકાંઠા જિલ્લામાં બાળમજુર ધારાનો ભંગ**

* ૧૫૩૬૯ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લઘુત્તમ વેતન ધારા અને બાળમજુર ધારા ભંગના કેટલા કિસ્સા નોંધાયા, અને

એચબી–૮૫૬–૧૨

(૨) લઘુત્તમ વેતન કરતાં ઓછું વેતન આપનાર અને બાળ મજુરને કામે રાખનાર ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) નોંધાયેલ ભંગના કિસ્સાઓ નીચે મુજબ છે.

| વર્ષ | લઘુત્તમ વેતન ધારા ભંગ | બાળ મજુર ધારા ભંગ |
|---|---|---|
| ૨૦૧૩ | ૧૬૮ | ૧૭ |
| ૨૦૧૪ | ૮૫ | ૧૧ |

(૨) (અ) ૨૦૧૩ માં જે ઇસમો/સંસ્થાઓએ ઓછું વેતન ચુકવેલ તેવી ૩૬ સંસ્થાઓને તપાસ નોંધ આપવામાં આવેલ છે તેમજ સંસ્થાઓ પાસેથી સમજાવટથી કુલ ૧૪૬ કામદારોને તફાવત પેટે કુલ રૂ.૧૦,૫૦,૩૨૯/– ચુકવવામાં આવેલ છે.

(બ) ૨૦૧૪ માં જે ઇસમો/સંસ્થાઓએ ઓછું વેતન ચુકવેલ તેવી ૧૨ સંસ્થાઓને તપાસનોંધ આપવામાં આવેલ છે તેમજ સંસ્થાઓ પાસેથી સમજાવટથી કુલ ૧૦૧ કામદારોને તફાવત પેટે કુલ રૂ.૪,૯૭,૪૩૮/– ચુકવવામાં આવેલ છે.

(ક) બાળમજુરને કામે રાખનાર ઇસમો/સંસ્થા સામે જુવેનાઇલ જસ્ટીસ એક્ટ–૨૦૦૫ હેઠળ ૨૦૧૩ માં ૧૭ તેમજ ૨૦૧૪ માં ૧૧ પોલીસ ફરીયાદ કરવામાં આવી.

---------

**વલસાડ જિલ્લામાં મૃતક શ્રમિકો પાછળ ચૂકવેલ વળતર**

* ૧૬૩૪૫ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના જી.આઇ.ડી.સી. વિસ્તારમાં કાર્યરત બોઇલર સાથે કામ કરતી કઇ કંપનીમાં કેટલા અકસ્માતો થયાં,

(૨) તે અન્વયે વાપી–સરેગામ ઉમરગામ–પારડી ઇન્ડસ્ટ્રીઝમાં કેટલા શ્રમિકોના મૃત્યુ થયા, જે અન્વયે કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું, અને

(૩) વળતર ન ચુકવાયું હોય તો તેના કારણો શાં છે અને જવાબદારો સામે સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલા લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં જી.આઇ.ડી.સી. વિસ્તારમાં કાર્યરત ૨૨ કંપનીમાં કુલ ૨૩ પ્રાણઘાતક અકસ્માતો થયા.

(૨) તે અન્વયે ૨૩ શ્રમિકોના મૃત્યુ થયેલ છે. જે અન્વયે કુલ રૂ.૪૪,૫૪,૪૮૩/– નું રહેમરાહે વળતર ચૂકવવામાં આવેલ છે, જ્યારે કામદાર વળતર અધિનિયમ હેઠળ રૂ.૩૩,૨૧,૬૫૪/– નું વળતર ચુકવવામાં આવેલ છે.

(૩) જે કિસ્સામાં વળતર ચુકવાયું નથી તેના કારણો નીચે મુજબ છે.

(અ) વીમા કંપની અને કામદાર રાજ્ય વીમા નિગમ પાસે કેસો પડતર છે.

(બ) વળતરનો દાવો મંજુર થયેલ છે, પરંતુ વારસદાર નક્કી થતા નથી.

આ અંગે કાયદેસરની કાર્યવાહી ચાલુ હોઇ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### બનાસકાંઠા જિલ્લામાં વૃધ્ધ પેન્સન યોજના હેઠળ સહાય

* ૧૬૨૧૯ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્સન યોજના તથા નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ મંજૂર કરવામાં આવેલ છે અને કેટલી સહાય ચૂકવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે ? તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્સન યોજના તથા નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ.

| ક્રમ | તાલુકાનું નામ | ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્સન યોજના હેઠળ મળેલ અરજીઓ | | નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ | | બંને યોજનાઓની કુલ મળેલ અરજીઓ |
|---|---|---|---|---|---|---|
| | | સને ૨૦૧૨–૧૩ | સને ૨૦૧૩–૧૪ | સને ૨૦૧૨–૧૩ | સને ૨૦૧૩–૧૪ | |
| ૧ | પાલનપુર | ૮૩૮ | ૭૨૦ | ૧૦૩ | ૧૦૮ | ૧૭૬૯ |
| ૨ | વડગામ | ૬૭૮ | ૧૪૭૦ | ૩૯ | ૨૪ | ૨૨૧૧ |
| ૩ | ડીસા | ૧૧૦૦ | ૧૭૭૪ | ૨૩ | ૧૯ | ૨૯૧૬ |
| ૪ | કાંકરેજ | ૫૦૫ | ૧૦૧૯ | ૯ | ૨૬ | ૧૫૫૯ |
| ૫ | દાંતા | ૨૬૦ | ૧૩૨૫ | ૧૨ | ૮૧ | ૧૬૭૮ |
| ૬ | અમીરગઢ | ૩૭ | ૬૬૪ | ૨ | ૫૭ | ૭૬૦ |
| ૭ | ધાનેરા | ૪૧૦ | ૯૦૦ | ૨૧ | ૧૫ | ૧૩૪૬ |
| ૮ | દાંતીવાડા | ૯૨ | ૧૨૮ | ૦ | ૫ | ૨૨૫ |
| ૯ | થરાદ | ૬૫ | ૭૯૪ | ૬ | ૧૨ | ૮૭૭ |
| ૧૦ | વાવ | ૧૦૫ | ૪૬૬ | ૧ | ૯ | ૫૮૧ |
| ૧૧ | દિયોદર | ૫૨ | ૩૩૦ | ૨ | ૨ | ૩૮૬ |
| ૧૨ | ભાભર | ૭૬૨ | ૧૩૧૨ | ૦ | ૦ | ૨૦૭૪ |
| ૧૩ | લાખણી | ૦ | ૨૧૧ | ૦ | ૦ | ૨૧૧ |
| ૧૪ | સુઇગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૯૦૪** | **૧૧૧૧૩** | **૨૧૮** | **૩૫૮** | **૧૬૫૯૩** |

(૨) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્સન યોજના હેઠળ કુલ ૧૧૯૪૪ અરજીઓ મંજૂર કરી રૂ.૫,૭૩,૩૧,૨૦૦/– ની સહાય ચૂકવેલ છે.

નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ ૩૯૮ અરજીઓ મંજૂર કરી રૂ.૧૩,૧૨,૮૦૦/– ની સહાય ચૂકવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કોઇ અરજી પડતર નથી.

---------

### ભાવનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય

* ૧૬૧૨૧ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લોકોની અરજીઓ મળી,

(૨) તે પૈકી કટેલા લોકોની અરજીઓ મંજુર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૫૬૦.

(૨) ૫૪૬.

(૩) રૂ.૫૪.૬૦ લાખ.

---------

### આણંદ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૬૧૨૦ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ૮૮૪૫.

(૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને (૨) ૮૮૪૫.

(૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? (૩) ૮૮૪૫.

---------

**કચ્છ જિલ્લામાં ચાઈલ્ડ લેબર એકટ હેઠળ મુક્ત થયેલ બાળકો**

* ૧૬૦૫૬ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ચાઈલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) એક્ટ–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૩. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૧૪. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૪ **શ્રી પુનમભાઈ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૦૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને | (૨) ૦૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૩.૦૦ લાખ. |

---------

**મહીસાગર જિલ્લામાં હેન્ડપંપ માટે બોરનું સારકામ**

* ૧૪૨૫૮ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવા હેન્ડપંપ બનાવવા માટે બોર બનાવવામાં આવ્યા,

(૨) આ સારકામ થયેલ બોર પૈકી કેટલા બોરના સારકામ સફળ થયા, અને

(૩) સફળ થયેલ બોરના સારકામ પૈકી કેટલા હેન્ડપંપ શરૂ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧), (૨) અને (૩) નીચે મુજબ.

| તાલુકો | હેન્ડપંપના બોર | સફળ બોર | શરૂ કરવામાં આવેલ હેન્ડપંપ |
|---|---|---|---|
| લુણાવાડા | ૩૭૪ | ૩૫૭ | ૩૫૭ |
| ખાનપુર | ૨૫૧ | ૨૩૫ | ૨૩૫ |
| સંતરામપુર | ૨૦૭ | ૧૯૪ | ૧૯૪ |
| કડાણા | ૨૦૪ | ૧૮૯ | ૧૮૯ |
| બાલાસિનોર | ૭૪ | ૬૫ | ૬૫ |
| વિરપુર | ૧૫૬ | ૧૫૧ | ૧૫૧ |
| કુલ | ૧૨૬૬ | ૧૧૯૧ | ૧૧૯૧ |

તમામ સફળ થયેલ બોર પર હેન્ડપંપ શરૂ કરવામાં આવ્યા છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૬૧૧૯ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની | (૧) ૩૦૦૪. |

| | |
|---|---|
| સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૨૮૫૫. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૨૦૮૪. |

---------

## તાપી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૬૧૧૫ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૭. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૮૪. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૮૪. |

---------

## પાટણ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૬૧૧૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૪૯૬૭. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૪૯૬૭. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૪૭૧૫. |

---------

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સહાયમાં વધારો

* ૧૬૧૦૬ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના લોકોને પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ નવુ મકાન બાંધવાની સહાયમાં વધારો કરેલ છે તે હકીકત સાચી છે,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ સહાયમાં કેટલો વધારો કરવામાં આવેલ છે ? | (૨) રૂ.૪૫૦૦૦/- થી વધારીને રૂ.૭૦,૦૦૦/- |

---------

## જામનગર આર. ટી. ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ

* ૧૬૧૦૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર આર. ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર આર. ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ, ખાલી અને ભરાયેલ જગ્યાનું મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી | ૦૧ | ૦ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| | વર્ગ–૧ | | | |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ–૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક વર્ગ–૨ | ૦૮ | ૦૫ | ૦૩ |
| ૪ | સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ–૩ | ૧૨ | ૦૯ | ૦૩ |
| ૫ | જનસંપર્ક અધિકારી વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૬ | હેડકલાર્ક વર્ગ–૩ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૭ | સીનયર કારકુન/સબ એકા. વર્ગ–૩ | ૦૭ | ૦૦ | ૦૭ |
| ૮ | જુન. કારકુન વર્ગ–૩ | ૨૧ | ૧૩ | ૦૮ |
| ૯ | ટાઈપીસ્ટ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૦ | હિસાબનીશ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૧ | સર્કલ ઓફીસર વર્ગ–૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૨ | નાયક વર્ગ–૪ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૩ | પટાવાળા વર્ગ–૪ | ૦૪ | ૦૧ | ૦૩ |
| | **કુલ** | **૬૨** | **૩૧** | **૩૧** |

---------

**ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૮ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી અને | (૨) ૧૯. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૯.૫૦ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૬૧૦૮ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વિકસતિ જાતિના કેટલા લોકોની અરજીઓ મળી, | (૧) ૭૦૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૬૯૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૬૯.૬૦ લાખ. |

---------

**ક્રિમીલેયર સર્ટીફીકેટ મેળવવા માટે થતી મુશ્કેલીઓ**

* ૧૫૯૪૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના બાળકોના | (૧) પાત્રતા ધરાવતા બાળકો (વિદ્યાર્થીઓ)ને આવા પ્રમાણપત્રો સમય મર્યાદામાં મળી રહે છે. |

ક્રિમીલેયર સર્ટીફીકેટ તેમજ આવકના દાખલા મેળવવા માટે પડતી મુશ્કેલીઓથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ દાખલાઓ ગ્રામ્ય કક્ષાએથી મળે તે માટે સરકારે કોઈ આયોજન કર્યું છે કે કેમ?

(૨) પાત્રતા ધરાવતા બાળકો (વિદ્યાર્થીઓ)ને આવા પ્રમાણપત્રો સમય મર્યાદામાં મળી રહેતા હોઈ હાલ કોઈ આયોજન નથી.

---------

**વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૦૧૨ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૩૯

(૨) ૩૮

(૩) રૂ. ૭૨,૧૦૦/– (અંકે રૂપિયા બોંતેર હજાર એકસો પુરા)

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૬૭૩૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની રોજગાર કચેરી ખાતે કેટલા શિક્ષિત બેરોજગારોની નોંધણી કરવામાં આવી,

(૨) એમાંથી કેટલા શિક્ષિત બેરોજગારોના નામો નોકરી માટે સૂચવવામાં આવ્યા,

(૩) ઉક્ત નામોમાંથી કેટલા શિક્ષિત બેરોજગારોને નોકરીઓ આપવામાં આવી, અને

(૪) ઉપર મુજબ સૂચવેલ કેટલા બેરોજગારોને વાહન ભથ્થું અથવા ભાડું આપવામાં આવ્યુ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **સમયગાળો** | |
|---|---|---|---|
| | | **૧–૨–૨૦૧૩ થી ૩૧–૧–૨૦૧૪** | **૧–૨–૨૦૧૪ થી ૩૧–૧–૨૦૧૫** |
| ૧ | સાબરકાંઠા | ૭૪૧૯ | ૫૪૦૯ |

(૨)

| | | | |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૩૧૬૭ | ૨૪૦૮ |
| ૨ | અરવલ્લી | ૨૧૮૮ | ૩૯૩૪ |

(૩)

| | | | |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૧૬૪૪ | ૮૯૨ |
| ૨ | અરવલ્લી | ૧૧૩૫ | ૧૧૫૨ |

(૪)

| | | | |
|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૦ | ૫૦૩ બેરોજગારોને એસ.ટી. ભાડા કૂપન આપવામાં આવી. |
| ૨ | અરવલ્લી | ૦ | ૦ |

---------

**વીરપુર તાલુકામાં મંજુર નવી કોર્ટ**

* ૧૪૩૦૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં સિવિલ કોર્ટ મંજુર

**જવાબ**

(૧) ના જી.

કરવામાં આવી છે, હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કોર્ટ કયારે મંજુર કરી અને કયારથી કાર્યરત કરી છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો કાર્યરત ન કરી હોય તો કોર્ટ કયારથી શરૂ કરવાનું આયોજન છે?

(૩) ખેડા જિલ્લાના વીરપુર ખાતે સીવીલ જજની કોર્ટ તા.૩૦-૫-૨૦૧૧ ઠરાવ ક્રમાંકઃસીસીએ/૧૦૨૦૧૧/૮૦૬(બી)/ડ થી ન્યાયાધીશ સહિત સહાયક મહેકમની જગ્યાઓ મંજુર કરેલ છે.

ગુજરાત સિવિલ કોર્ટ એક્ટ, ૨૦૦૫ની કલમ ૬(૧) અનુસાર નામદાર વડી અદાલત સાથે પરામર્શ કર્યા બાદ જ સિવિલ જજની કોર્ટની સ્થાપના કરવામા આવે છે. જેથી વડી અદાલત તરફથી કોર્ટ કાર્યરત કરવાની દરખાસ્ત મળ્યેથી કોર્ટ કાર્યરત કરવામાં આવશે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બોરબ્લાસ્ટીંગથી રીચાર્જ**

* ૧૬૦૭૬ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા બોરબ્લાસ્ટીંગ કરી રીચાર્જ કરવા માટે આયોજન હતું, અને | (૧) ૧૨ ગામોના કુલ ૧૫ તળાવ/નદીના તળમાં કુલ ૪૫૦ બોરનું શારકામ કરી બ્લાસ્ટીંગ કરી રીચાર્જ કરવા માટેનું આયોજન હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરેલ છે? | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તે પૈકી ૧ ગામ ૨ તળાવમાં કુલ ૬૦ બોર શારીને તેમાં બ્લાસ્ટીંગ કરવાના કામો પુર્ણ કરવામાં આવેલ છે, હાલ તમામ કામો પૂર્ણ કરેલ છે. |

---------

**ડીસા તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના હેઠળ મળતુ પાણી**

* ૧૫૭૮૮ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ડીસા તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના અન્વયે ચોખ્ખુ પીવાનું પાણી મળતું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો પીવાનું પાણી શુધ્ધ પાણી મળે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ શી વ્યવસ્થા કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અરવલ્લી જિલ્લામાં એસ. કે ફોર યોજના**

* ૧૫૯૩૦ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં પાણી પુરવઠા દ્વારા એસ.કે ફોર યોજના કયા તબક્કામાં છે, અને | (૧) અને (૨)<br>એસ. કે ફોર યોજના પ્રગતિ હેઠળ છે. જે અંતર્ગત છેલ્લા બે વર્ષમાં રૂ।. ૧૦૪૫.૧૦ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો, અને આ યોજના કયાં સુધીમાં પૂર્ણ થશે? | એસ. કે. ફોર ભાગ-૧ યોજના માહે ૯/૨૦૧૫ સુધીમાં અને એસ. કે. ફોર ભાગ-૨ યોજના માહે ૯/૨૦૧૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૬૦૨૭ **ર્ડા. નિર્મલાબેન સુ. વાઘવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોને સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) **યુગલ**: ૨૦૨ **સંસ્થા**: ૦૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) **યુગલ**: ૨૦૨ **સંસ્થા**: ૦૭ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) **યુગલ**: ૧૩.૭૦ લાખ **સંસ્થા**: ૨.૭૪ લાખ |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામોમાં ટેન્કરથી પાણી આપવા બાબત**

* ૧૪૪૯૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પીવાનું પાણી ટેન્કરથી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આગામી ઉનાળાને ધ્યાનમાં રાખી અને લોકોને પૂરતુ પાણી મળી રહેલા તે માટે સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ.

| અ.નં. | જિલ્લો | તાલુકો | ટેન્કરથી પાણી અપાતા ગામો |
|---|---|---|---|
| ૧ | જામનગર | જામનગર | ૩ |
| ૨ | જામનગર | લાલપુર | ૨ |
| ૩ | દેવભૂમિ દ્વારકા | કલ્યાણપુર | ૨ |

(૨)

- જામનગર જિલ્લાના તમામ ગામોને નર્મદા પાઈપ લાઈનથી સાંકળી લેવામાં આવેલ છે. જામનગર જિલ્લામાં છેવાડાનાં ગામોમાં પુરતુ પાણી આપવા માટે વધારાના ૧૬ બુસ્ટીંગ સ્ટેશન તેમજ પાઈપ લાઈનની કામગીરી હાથ ધરેલ છે. આગામી ઉનાળાને ધ્યાનમાં રાખીને ઉનાળામાં પીવાના પાણીની તંગી ઉભી થાય તેવા ગામો માટે જરૂરીયાત પ્રમાણે પીવાના પાણીની તંગી નિવારક જરૂરીયાત મુજબનાં કામો પૂર્ણ કરી પાણી પુરવઠો પુરો પાડવાનું આયોજન છે.
- દેવભૂમિ દ્વારકાના ૨૬૬ ગામો પૈકી ૨૩૭ ગામોને નર્મદા પાઈપ લાઈનથી સાંકળી લેવામાં આવે છે. જયારે ૨૯ નેશ વિસ્તારમાં હેન્ડપંપ દ્વારા પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીવાના પાણી માટે વધારાના ૯ બુસ્ટીંગ સ્ટેશન તેમજ જરૂરી પાઈપ લાઈનની કામગીરી હાથ ધરેલ છે.

---------

**ભાવનગર આર.ટી.ઓ કચેરીમાં આવક**

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૬૦૯૬ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર આર.ટી.ઓ કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, | (૧) ભાવનગર આર.ટી.ઓ કચેરીને તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રૂા. ૬૩.૭૪ કરોડની આવક થઈ. |
| (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં કેટલો વધારો/ઘટાડો થયો, અને | (૨) તે અન્વયે વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં આવકમાં રૂપિયા ૭.૦૭ કરોડનો વધારો થયો. |
| (૩) જો, આવકમાં ઘટાડો થયો હોય તો તેના કારણો શા છે? | (૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી. |

---------

**અમદાવાદ જિલ્લામાં શિક્ષીત અને અર્ધશિક્ષીત બેરોજગારો**

* ૧૫૯૮૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં નોંધાયેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૬૨૭૨૪ | ૬૧૬૦ |
| ૨ | દશક્રોઈ | ૮૩૯૦ | ૯૬૬ |
| ૩ | ધોળકા | ૧૮૪૨ | ૧૮૪ |
| ૪ | બાવળા | ૯૩૭ | ૧૯૪ |
| ૫ | ધંધુકા | ૧૭૨૬ | ૧૭૪ |
| ૬ | સાણંદ | ૨૦૩૬ | ૨૮૩ |
| ૭ | વિરમગામ | ૧૩૬૧ | ૧૭૬ |
| ૮ | માંડલ | ૮૦૧ | ૧૧૫ |
| ૯ | દેત્રોજ | ૫૭૬ | ૧૦૫ |
| | **કુલ** | **૮૦૩૯૩** | **૮૩૫૭** |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૩૦૬૫૧ | ૨૦૦૯ |
| ૨ | દશક્રોઈ | ૨૨૩૧ | ૧૭૦ |
| ૩ | ધોળકા | ૪૫૬ | ૨૮ |
| ૪ | બાવળા | ૧૮૩ | ૧૫ |
| ૫ | ધંધુકા | ૩૧૭ | ૧૯ |
| ૬ | સાણંદ | ૩૫૭ | ૫૬ |
| ૭ | વિરમગામ | ૨૭૭ | ૨૫ |
| ૮ | માંડલ | ૧૫૦ | ૭ |
| ૯ | દેત્રોજ | ૧૪૯ | ૩૭ |
| | **કુલ** | **૩૪૭૭૧** | **૨૩૬૬** |

(૩) નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી ?

(૩) નોંધાયેલ બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં રોજગારી અપાયેલ યુવાનોની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૫૬૭૭૬ | ૭૮૫૩ |
| ૨ | દશક્રોઈ | ૬૩૨૪ | ૮૯૮ |
| ૩ | ધોળકા | ૧૬૬૦ | ૨૭૨ |
| ૪ | બાવળા | ૧૦૦૦ | ૧૮૫ |
| ૫ | ધંધુકા | ૧૦૫૯ | ૧૪૨ |
| ૬ | સાણંદ | ૧૪૦૨ | ૧૮૫ |
| ૭ | વિરમગામ | ૯૮૩ | ૧૩૨ |

| | | | |
|---|---|---|---|
| ૮ | માંડલ | ૫૦૩ | ૮૬ |
| ૯ | દેત્રોજ | ૪૪૭ | ૭૫ |
| | **કુલ** | **૭૦૧૫૪** | **૯૮૨૮** |

---------

**કલોલ તાલુકામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

* ૧૬૭૨૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૧–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કલોલ તાલુકામાં અનુસૂચિત જાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી, | (૧) ૩૯,૮૪૨ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫,૮૨,૯૮,૭૦૪/– રકમની સહાય ચૂકવવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી રહેવાના કારણો ક્યાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વલસાડ ખાતે બેરોજગારોને રોજગારી**

* ૧૬૦૬૬ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જિલ્લા રોજગાર કચેરી, વલસાડ ખાતે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને | (૧) ૧૯૦૯૮. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી ? | (૨) ૧૭૫૪૭. |

---------

**દાહોદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૩ **શ્રી વીછીયાભાઈ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૨૩. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨.૩૦ લાખ. |

---------

**ગાંધીનગર જિલ્લા એ.આર.ટી.ઓ. અને આર.ટી.ઓ. ની ખાલી જગ્યા**

* ૧૫૨૪૮ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં કુલ કેટલી જીલ્લાવાર એ.આર.ટી.ઓ. તથા આર.ટી.ઓ. ની જગ્યા ખાલી અથવા ચાર્જમાં ચાલે છે, | (૧) ગુજરાત રાજ્યમાં એ.આર.ટી.ઓ. ની કુલ જિલ્લાવાર એ.આર.ટી.ઓ. તથા આર.ટી.ઓ.ની જગ્યા ખાલી અથવા ચાર્જમાં ચાલે છે તેની વિગતો નીચે મુજબ છે. |

| કચેરીનું (જિલ્લા)નામ | એઆરટીઓ | | આરટીઓ | |
|---|---|---|---|---|
| | ખાલી | ચાર્જ આપેલ છે કે | ખાલી | ચાર્જ આપેલ છે કે |

| | | કેમ | | કેમ |
|---|---|---|---|---|
| વાહન વ્યવહાર કમિશ્નર કચેરી, ગાંધીનગર મુખ્ય કચેરી | ૦૧ | હા | ૦૧ | ના |
| અમદાવાદ | ૦૨ | ના | -- | -- |
| મહેસાણા | -- | -- | ૦૧ | હા |
| રાજકોટ | -- | -- | ૦૧ | હા |
| ભાવનગર | -- | -- | ૦૧ | હા |
| સુરત | ૦૨ | ના | -- | -- |
| વડોદરા | -- | -- | ૦૧ | હા |
| નડિયાદ | -- | -- | ૦૧ | હા |
| પાલનપુર | ૦૧ | ના | ૦૧ | હા |
| હિંમતનગર | -- | -- | ૦૧ | હા |
| જામનગર | ૦૧ | ના | -- | -- |
| જુનાગઢ | -- | -- | ૦૧ | હા |
| ભુજ | ૦૧ | ના | -- | -- |
| વલસાડ | -- | -- | ૦૧ | હા |
| ગોધરા | -- | -- | ૦૧ | હા |
| ગાંધીનગર | ૦૧ | હા | -- | -- |
| બારડોલી | ૦૧ | હા | -- | -- |
| દાહોદ | ૦૧ | ના | -- | -- |
| આણંદ | ૦૧ | હા | -- | -- |
| વ્યારા | ૦૧ | હા | -- | -- |
| સુરત (પાલ) | ૦૧ | ના | -- | -- |
| વડોદરા દરજીપુરા | ૦૧ | ના | -- | -- |
| બાવળા | ૦૧ | ના | -- | -- |
| ભિલાડ | ૦૧ | હા | -- | -- |
| મહિસાગર | ૦૧ | હા | -- | -- |
| દેવભૂમિ દ્વારકા | ૦૧ | હા | -- | -- |
| ગીરસોમનાથ | ૦૧ | હા | -- | -- |
| બોટાદ | ૦૧ | હા | -- | -- |
| મોરબી | ૦૧ | હા | -- | -- |
| છોટાઉદેપુર | ૦૧ | હા | -- | -- |
| અરવલ્લી | ૦૧ | હા | -- | -- |
| ડાંગ-આહવા | ૦૧ | હા | -- | -- |
| **કુલ** | **૨૫** | **--** | **૧૧** | **--** |

(૨) ગાંધીનગર જિલ્લા એ.આર.ટી.ઓ. અને આર.ટી.ઓ.ની જગ્યા કેટલા સમયથી ખાલી અથવા ચાર્જમાં ચાલે છે, અને

(૨) ગાંધીનગર એ.આર.ટી.ઓ. કચેરી હોઇ આરટીઓની જગ્યા નથી. એ.આર.ટી.ઓ. તા. ૩૧-૦૧-૧૪ ના રોજ વય નિવૃત્ત થતા તા. ૦૧-૦૨-૧૪ થી ખાલી છે. આ જગ્યા નો ચાર્જ તા. ૦૧-૦૨-૧૪ થી મોટર વાહન નિરીક્ષક વર્ગ-૨ને સોંપેલ છે.

(૩) જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા શાં પગલાં ભરેલ છે?

(૩) (૧) એ.આર.ટી.ઓ. ની ૧૬ જગ્યાઓ સીધી ભરતીથી ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.
(૨) આર.ટી.ઓ.ની ફીડર કેડરમાં બઢતીપાત્ર ઉમેદવારો ઉપલબ્ધ નથી જેથી બઢતી આપી શકાય તેમ નથી.આથી ખાલી જગ્યાઓ જી.એ.એસ. સંવર્ગના નાયબ કલેકટર કક્ષાના અધિકારીઓ દ્વારા પ્રતિનિયુકિતથી ભરવાની કાર્યવાહી ચાલુમાં છે.

---------

**રાજકોટ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૬૧૦૭ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લોકોની અરજીઓ મળી, — (૧) ૨૪૮.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને — (૨) ૨૩૧.

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? — (૩) રૂ. ૨૩.૧૦ લાખ.

---------

**ભરૂચ જિલ્લામાં મંજૂર હેન્ડ પંપો**

* ૧૬૦૭૨ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલા હેન્ડપંપો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપના કામ ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયા, અને

(૩) બાકી હેન્ડપંપના કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) નીચેની વિગતે

| તાલુકો | મંજૂર કરેલ હેન્ડપંપ | પૂર્ણ કરેલ હેન્ડપંપ |
|---|---|---|
| આમોદ | ૩ | ૩ |
| ભરૂચ | ૩ | ૩ |
| અંકલેશ્વર | ૨૧ | ૦ |
| વાલીયા | ૫૧ | ૩૨ |
| ઝઘડીયા | ૫૬ | ૨૮ |
| જંબુસર | ૪૪ | ૩૧ |
| નેત્રંગ | ૪૭ | ૫ |
| **કુલ** | **૨૨૫** | **૧૦૨** |

બાકી હેન્ડપંપના કામો માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સહાય**

* ૧૫૩૧૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| વર્ષવાર મળેલ અરજીઓ | | તા.૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૪ સુધી મળેલ કુલ અરજીઓ |
|---|---|---|
| તા. ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | તા. ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વૃધ્ધ સહાય આપવામાં આવી, અને

(૨)

| વર્ષવાર મંજૂર અરજીઓ તથા ચૂકવેલ સહાય | | |
|---|---|---|
| વર્ષ | મંજૂર અરજીઓ | ચૂકવેલ સહાય રૂ. |
| તા.૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૧૧૦૨ | રૂ. ૨૨૨૫૦૦૦ |
| તા. ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૧૧૧૫ | રૂ. ૧૧૬૫૦૦૦ |
| **કુલ** | **૨૨૧૭** | **રૂ. ૩૩૯૦૦૦૦** |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને આ અરજીઓ નામંજૂર કરવાના કારણાં શાં છે?

(૩) નામંજૂર – ૩૮૧
નામંજૂરીના કારણો નીચે મુજબ છે.
૧. નિયત આવક કરતાં આવક વધુ હોવાથી.
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. ઉંમર ઓછી હોવાથી.
૪. જરૂરી પુરાવાઓ ન હોવાથી.

---------

**અમદાવાદ જિલ્લામાં ચાઇલ્ડ લેબર એક્ટ હેઠળ મુક્ત થયેલ બાળકો**

* ૧૬૦૬૦ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) એક્ટ–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૨. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુક્ત કરાવવામાં આવ્યા ? | (૨) ૨૨. |

---------

**નવસારી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૬૧૧૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૯૭. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૧૧૭૩. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૮૫૨. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ચાઈલ્ડ લેબર એકટ હેઠળ મુકત થયેલ બાળકો**

* ૧૬૦૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં ચાઇલ્ડ લેબર (નિયમન અને નાબૂદી) એકટ–૧૯૮૬ હેઠળ સને–૨૦૧૪માં કેટલી રેડ પાડવામાં આવી, અને | (૧) ૨૦. |
| (૨) તે રેડ દરમ્યાન કેટલા બાળકોને મુકત કરાવવામાં આવ્યા ? | (૨) ૦૮. |

---------

**રાજયમાં મદદનીશ અને સંયુકત ચેરીટી કમિશનરની ખાલી જગ્યાઓ**

* ૧૪૬૨૩ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી મદદનીશ અને કેટલી સંયુકત ચેરીટી કમિશનરની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં મદદનીશ ચેરીટી કમિશનરશ્રીની ૧ જગ્યા તા.૧–૬–૨૦૧૪થી તથા સંયુક્ત ચેરીટી કમિશનરશ્રીની ૧ જગ્યા તા.૧૫–૭–૨૦૧૪થી ખાલી છે. |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ? | (૨) મદદનીશ ચેરીટી કમિશનરશ્રીની જગ્યા ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી ઉમેદવાર ઉપલબ્ધ થયેથી તથા સંયુક્ત ચેરીટી કમિશનરશ્રીની જગ્યા પર બઢતી અંગેની કાર્યવાહી પૂર્ણ થયેથી ભરી શકાશે. |

---------

**વડોદરા જિલ્લામાં કુંવરભાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૬૦૩૦ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૧૪૫. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪.૫૦ લાખ. |

---------

**મહીસાગર જિલ્લામાં કીટ્સની વ્હેંચણી**

* ૧૬૧૨૨ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહીસાગર જિલ્લામાં વિકસતી જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટ્સની વહેંચણી કરવામાં આવી ? | ૫૫૦. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં મોટરટ્રક વાહનમાં ઓવરલોડ માલ ભર્યાના નોંધાયેલ ગુન્હાઓ**

* ૧૪૧૦૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રેતી ખનીજવહન કરવાના ઈ.રોયલ્ટી પાસે પાવતી આધારે છોટાઉદેપુર જિલ્લામાં કુલ કેટલા મોટરટ્રક વાહનમાં ઓવરલોડ રેતી ખનીજ માલ ભરવાની અને ઓવરલોડ વહન કરવાની કુલ કેટલી ટ્રીપો પકડવામાં આવી, | (૧) કુલ ૧૭૭ ટ્રીપ પકડવામાં આવી. |
| (૨) મોટરટ્રક વહનમાં ઓવરલોડ રેતી ખનીજ માલ ભરનાર તથા ઓવરલોડ ખનીજ વહન કરનાર સામે શાં પગલા ભરવામાં આવ્યાં, અને (૩) કેટલા ઓવરલોડ ગુન્હામાં કેટલા રૂપિયાનો દંડ ઉક્ત સ્થિતિએ વસુલ કરવામાં આવ્યો ? | (૨) અને (૩) કુલ ૧૫૫ વાહનોના મોટર વ્હીકલ્સ એકટ–૧૯૮૮ની કલમ–૫૩ મુજબ રજીસ્ટ્રેશન મોકુફ કરવામાં આવ્યા તથા ૨૨ વાહનો પેટે રૂ.૨,૭૪,૫૦૦/–ની માંડવાળ ફી (દંડ) વસુલ કરવામાં આવી. |

---------

**અમરેલી જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓ અને છાત્રાલયો**

* ૧૫૯૯૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી આશ્રમશાળાઓ અને છાત્રાલયો કાર્યરત છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | સરકારી છાત્રાલયની સંખ્યા | ગ્રા.ઈ.એ. છાત્રાલયોની સંખ્યા | આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૩ | ૭ | ૦ |
| ૨ | સાવરકુંડલા | ૧ | ૮ | ૨ |
| ૩ | ધારી | ૦ | ૨ | ૦ |
| ૪ | રાજુલા | ૧ | ૩ | ૧ |
| ૫ | બાબરા | ૦ | ૧ | ૦ |
| ૬ | લાઠી | ૦ | ૧ | ૦ |
| ૭ | લીલીયા | ૦ | ૦ | ૦ |
| ૮ | કુંકાવાવ | ૦ | ૪ | ૧ |
| ૯ | ખાંભા | ૦ | ૧ | ૦ |
| ૧૦ | જાફરાબાદ | ૧ | ૦ | ૦ |
| ૧૧ | બગસરા | ૧ | ૧ | ૦ |
| | **કુલ** | **૭** | **૨૮** | **૪** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિચરતી જાતિ અને અનુસૂચિત જાતિ વિદ્યાર્થીઓ માટે કેટલી નવીન આશ્રમશાળાઓ અને છાત્રાલયો શરૂ કરવામાં આવી, અને | (૨) અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળા અને છાત્રાલય શરૂ કરાયેલ નથી. વિચરતી જાતિના વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળા અને છાત્રાલય શરૂ કરાયેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ જાતિઓ માટે નવિન આશ્રમશાળા અને છાત્રાલય શરૂ કરવા સરકારનું શું આયોજન છે ? | (૩) ઉક્ત સ્થિતિએ વિચરતી જાતિ માટે નવિન આશ્રમશાળા કે છાત્રાલય કરવાનું કોઈ આયોજન નથી જ્યારે અનુસૂચિત જાતિ માટે નવીન આશ્રમશાળા શરૂ કરવા કોઈ આયોજન નથી. અને ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો માટે તાજેતરમાં દૈનિક પેપરમાં જાહેરાત આપવામાં આવેલ છે. જે અંગેની કાર્યવાહી કરવાની કામગીરી ચાલુમાં છે. |

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**મહેસાણા આર. ટી. ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ**

* ૧૬૦૮૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા આર. ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) કેટલી ભરાયેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા આર. ટી. ઓ. કચેરીનું સંવર્ગવાર મંજૂર થયેલ, ખાલી અને ભરાયેલ જગ્યાનું મહેકમ નીચે પ્રમાણે છે.

| અ.નં. | સંવર્ગનું નામ | મંજુર થયેલ મહેકમ | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ–૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી વર્ગ–૨ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | મોટર વાહન નિરીક્ષક વર્ગ–૨ | ૦૪ | ૦૨ | ૦૨ |
| ૪ | મોટર વાહન પ્રોસીકયુટર, વર્ગ–૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | વહીવટી અધિકારી વર્ગ–૨ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ–૩ | ૦૭ | ૦૫ | ૦૨ |
| ૭ | જનસંપર્ક અધિકારી વર્ગ–૩ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૮ | હેડ કલાર્ક વર્ગ–૩ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૯ | સીનીયર કારકુન/ સબ એકા. | ૦૭ | ૦૦ | ૦૭ |
| ૧૦ | જુન. કારકુન વર્ગ–૩ | ૨૫ | ૧૦ | ૧૫ |
| ૧૧ | ટાઇપીસ્ટ વર્ગ–૩ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૨ | હિસાબનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૩ | સર્કલ ઓફીસર વર્ગ–૩ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૧૪ | સબ ઓડિટર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૫ | સંશોધન મદદનીશ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૬ | આંકડા મદદનીશ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૭ | ડ્રાયવર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૮ | નાયક | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૧૯ | પટાવાળા વર્ગ–૪ | ૦૬ | ૦૦ | ૦૬ |
| ૨૦ | વોચમેન | ૦૨ | ૦૦ | ૦૨ |
| | **કુલ** | **૬૯** | **૨૪** | **૪૫** |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં કુમાર/કન્યા છાત્રાલયો**

* ૧૫૩૩૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર બક્ષીપંચના કુમાર છાત્રાલયો કેટલા છે અને કન્યા છાત્રાલયો કેટલા છે, અને

(૧) ગીર સોમનાથ જિલ્લાના તાલુકાવાર કુમાર/કન્યા છાત્રાલયની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | સરકારી છાત્રાલય | | | ગ્રા.ઈ.એ. છાત્રાલ | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| વેરાવળ | ૧ | ૧ | ૨ | ૪ | ૧ | ૫ | ૫ | ૨ | ૭ |
| સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૩ | ૦ | ૩ |
| કોડીનાર | ૦ | ૦ | ૦ | ૧ | ૨ | ૩ | ૧ | ૨ | ૩ |
| ઉના | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૩ | ૩ | ૨ | ૫ |
| તાલાલા | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | ૪ | ૦ | ૪ |
| ગીરગઢડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૨** | **૨** | **૪** | **૧૪** | **૪** | **૧૮** | **૧૬** | **૬** | **૨૨** |

(૨) આ છાત્રાલયોમાં વસ્તીના ધોરણે છાત્રાલયમાં વધારો કરવા સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે ?

(૨) હાલ કોઈ આયોજન કરેલ નથી.

---------

## કચ્છના જીર્ણોધર મંદીરનો વિકાસ

* ૧૫૭૭૮ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં આવેલ જીર્ણોધર મંદીરના વિકાસ અને આનુષાંગિક બાબતો માટે તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરેલ છે,

(૨) ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાબતે આગામી સમયમાં શા પગલાં લેવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં આવેલ જીર્ણોધર (ધીણોધર) મંદીરના વિકાસ અને આનુષાંગિક બાબતો માટે તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂપિયા ૩૩,૬૪,૯૩૭/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત બાબતે ધીણોધર ખાતે નીચે મુજબના પગલા લેવામાં આવેલ છે.

(૧) પીવાના પાણીનો ટાંકો બાંધવાનું કામ

(૨) કંપાઉન્ડ રસ્તાના પેવર બ્લોકનું કામ

(૩) પીવાના પાણીની સુવિધા, સમ્પહાઉસ, પમ્પીંગ મશીનરી તથા વિજળીકરણની કામગીરી.

(૪) અરલથી ધીણોધર સુધીની પાણીની પાઇપ લાઇનનું કામ.

(૩) આ વિભાગના તા.૦૨-૦૧-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક ટીડીસી-૧૨-૨૦૧૪-૭૪૧૯૭૯-સ અન્વયે દરેક જીલ્લામાં ઐતિહાસિક, ધાર્મિક, પુરાતત્વની દ્રષ્ટીએ મહત્વ ધરાવતા તેમજ પ્રવાસીઓ અને યાત્રાળુઓ વધારે સંખ્યામાં આવતા હોય તેવા અતિ મહત્વના પ્રવાસન અને યાત્રાધામના સ્થળોના વિકાસ માટે દરેક જીલ્લાને દર વર્ષે વધુમાં વધુ ત્રણ (૩) સ્થળોના પ્રોજેક્ટ માટે મહત્તમ રૂપિયા ૧૦/- કરોડ સુધીની ગ્રાન્ટ સબંધિત કલેકટરશ્રીને આપવાની જોગવાઈ કરી છે. આ અન્વયે કાર્યવાહી કલેકટરશ્રીએ કરવાની રહે છે.

---------

## અંકલેશ્વર તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજનાઓ

* ૧૬૦૮૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજુર કરેલ ઉક્ત યોજનાઓની કુલ અંદાજિત રકમ કેટલી છે ?

**જવાબ**

(૧) ૧૨ યોજનાઓ.

(૨) રૂ. ૧૮૧.૦૦ લાખ.

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**અમદાવાદના વટવા કેમિકલ્સ ઝોનમાં ઈન્સપેક્શન**

* ૧૫૩૬૩ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ડાયરેક્ટર, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થની કચેરી દ્વારા છેલ્લા બે વર્ષમાં અમદાવાદના વટવાના કેમિકલ ઝોનમાં વર્ષવાર કેટલી વખત ઈન્સપેક્શન કરવામાં આવ્યું, અને

(૨) આ ઈન્સપેક્શન દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ જણાઈ અને તેમની સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | કરેલ ઈન્સપેક્શનની સંખ્યા |
|---|---|
| તા.૦૧–૦૨–૨૦૧૩ થી તા.૩૧–૦૧–૨૦૧૪ | ૫૭૮ |
| તા.૦૧–૦૨–૨૦૧૪ થી તા.૩૧–૦૧–૨૦૧૫ | ૫૫૬ |

(૨) આ ઈન્સપેક્શન દરમ્યાન કારખાના ધારા, ૧૯૪૮ તથા તે હેઠળના નિયમોની વિવિધ જોગવાઈઓના ભંગ બદલ **૧૪૩** કેસો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે.

---------

**ખેડા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સહાય**

* ૧૫૨૧૬ **શ્રી ગૌતમભાઈ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧.૧.૧૩ થી તા.૩૧.૧૨.૧૪ સુધી | |
|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | નડિયાદ ગ્રામ્ય | ૧૧૭ | ૭૯ |
| ૨ | નડિયાદ શહેર | ૧૩૬ | ૧૦૮ |
| ૩ | મહુધા | ૩૩ | ૨૯ |
| ૪ | વસો | ૫૮ | ૩૩ |
| ૫ | ખેડા | ૪૬ | ૨૫ |
| ૬ | માતર | ૫૬ | ૩૬ |
| ૭ | મહેમદાવાદ | ૪૮ | ૧૨ |
| ૮ | કઠલાલ | ૧૦૫ | ૯૦ |
| ૯ | કપડવંજ | ૧૨૮ | ૮૧ |
| ૧૦ | ઠાસરા | ૧૦૦ | ૬૧ |
| ૧૧ | ગલતેશ્વર | ૩૦ | ૨૮ |

(૩) મંજૂર પૈકી કેટલી અરજીઓમાં કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

(૩) મંજૂર ૫૮૨ અરજીઓમાં રૂ.૧૬,૧૭,૦૦૦/– ની સહાય ચૂકવેલ છે.

---------

**ગરબાડા તાલુકાના ગામોને જુથ પાણી પુરવઠા યોજના અન્વયે પાણી પુરૂ પાડવા બાબત**

* ૧૪૧૯૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ બોરીયાલા–ગાંગરડા–જાંબુઆ–સીમળીયા ગામોને પાટા ડુંગરી જળાશયમાંથી જુથ પાણી પુરવઠા યોજના અન્વયે પાણી પુરૂ પાડવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરી અમલમાં મુકવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હાલમાં આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન**

* ૧૬૦૬૨ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૯૦. |
| (૨) આ ભરતી મેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી ? | (૨) ૧૦૯૮૫. |

---------

**પંચમહાલ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૬૧૧૨ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૦૮૭૯૧. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૨૦૮૭૯૧ વિદ્યાર્થીઓને રૂ.૬,૨૬,૩૭,૩૦૦/– ની સહાય ચૂકવવામાં આવી. |

---------

**સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિના લાભ બાબત**

* ૧૫૬૩૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા.૨૪–૭–૧૪ રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૮૨૫ (અગ્રતા–૫) ના અનુસંધાને **માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા વધારવાની બાબત વિચારણા હેઠળ હતી, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે વિચારણા બાદ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ શો નિર્ણય કરેલ છે, અને | (૨) ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૪૭૦૦૦/– અને શહેરી વિસ્તાર માટે રૂ.૬૮૦૦૦/– વાર્ષિક આવક મર્યાદા રાખવાનો નિર્ણય કરેલ છે. |
| (૩) તેનો અમલ કરી તમામ વિદ્યાર્થીઓને લાભ ક્યારથી આપવાનું આયોજન છે ? | (૩) વર્ષ ૨૦૧૪–૧૫ થી. |

---------

**મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૬૧૧૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૯૭,૯૪૭. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૯૭,૯૪૭ વિદ્યાર્થીઓને રૂ.૫,૯૩,૮૪,૧૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**નસવાડી ખાતે કોર્ટ મકાનનું બાંધકામ**

* ૧૫૫૮૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે કોર્ટનું મકાન તેમજ કર્મચારીઓના રહેણાંકના મકાનોનું બાંધકામ માટે વર્ષ ૨૦૧૩-૧૪ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧)<br>**કોર્ટ મકાન**<br>હા, જી. | <br>**રહેણાંક મકાન**<br>ના, જી. |
| (૨) જો હા, હોય તો કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, | (૨)<br>રૂ.૫,૦૦,૫૦,૦૦૦/-. | <br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ માટે કોઇ ઈજારેદાર નક્કી કરેલ છે કે કેમ, | (૩)<br>ના, જી. | <br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૪)<br>વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. | <br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) ઉક્ત બાબતે મંજૂરી મળ્યા બાદ કાર્ય મોડુ થવાના કારણો શા છે ? | (૫)<br>વહીવટી મંજૂરી મળ્યા બાદ વહીવટી પ્રક્રિયામાં જરૂરી સમય જતો હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | <br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વડોદરા (દરજીપુરા) એ.આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ

* ૧૬૧૦૪ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા ખાતે વડોદરા (દરજીપુરા) એ.આર.ટી.ઓ. કચેરીનું નવિનીકરણ અને બાંધકામ ક્યારે કરવામાં આવ્યું, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા ખાતે વડોદરા (દરજીપુરા) એ.આર.ટી.ઓ. કચેરીનાં મકાનનું બાંધકામ તા.૩-૧૦-૧૨ થી શરૂ કરી તા.૦૮-૫-૨૦૧૪ ના રોજ પુર્ણ કરવામાં આવ્યું, નવિનીકરણની કામગીરી તા.૧-૬-૧૪ થી શરૂ કરવામાં આવેલ અને તા.૨૫-૧૨-૧૪ સુધીમાં પૂર્ણ થયેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મકાન બાંધકામ માટે રૂ.૯,૪૪,૯૭,૪૫૯/- અને નવિનીકરણ માટે રૂ.૧,૯૩,૦૦,૦૦૦/- એમ મળી કુલ રૂ.૧૧,૩૭,૯૭,૪૫૯/- નો ખર્ચ થવા પામેલ છે. |
| (૩) તેમાં નાગરિકો માટે કઇ સુવિધાઓ આપવામાં આવેલ છે ? | (૩) નાગરિકો માટે નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે.<br>• લાયસન્સ બાબતના તમામ કામકાજ ઓનલાઇન એપોઇન્ટમેન્ટથી જાહેર જનતા ઇચ્છે તે તારીખે સમયે પોતાનું કામકાજ કરાવી શકે છે.<br>• લાયસન્સ તેમજ અન્ય કામકાજ માટે ઉભા રહી કામકાજને બદલે બ્લ્યુ હાઇબેક ચેરમાં બેસાડી ફોટો ડીજીટલ સીગ્નેચર તથા થમ્બ ઇમ્પ્રેશન સુવિધા છે.<br>• પાકા લાયસન્સ માટે ઓટોમેટીક ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક પર ટેસ્ટ લેવામાં આવતો હોઇ કોઇ ફરીયાદોને અવકાશ નથી.<br>• વાહન અને તેને લગતા તમામ કામકાજ કોમ્પ્યુટરાઇઝડ થયેલ છે. આથી નાણાં સ્વીકારવા સહિત અન્ય તમામ કામગીરીમાં સરળીકરણ તથા |

ઝડપી થાય છે.

- નવી કચેરી થવાથી હવા ઉજાસ મોકળાશ તેમજ શાખાઓ નજીક–નજીક હોઇ, આમ જનતાને હાલાકી ઓછી થયેલ છે.
- જાહેર જનતાને બેસવાની વ્યવસ્થા માટે ખુરશીઓ તથા અલગ વેઈટીંગ રૂમ પણ બનાવેલ છે. મહિલાઓ તથા સીનીયર સીટીઝનોને પણ રાહત મળેલ છે.

---------

**રાજ્યના શહેરોમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના**

* ૧૬૯૨૫ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બિન–નિવાસી ગુજરાતીઓને મદદરૂપ થવા માટે રાજ્યના કેટલાક શહેરોમાં એન.આર.જી. સેન્ટરોની સ્થાપના કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા અને ક્યા શહેરોમાં આ સેન્ટરોની સ્થાપના કરવામાં આવી, અને

(૩) આ સેન્ટરો પરથી કઇ માહિતી મળી શકે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૬ શહેરો
અમદાવાદ, વડોદરા, આણંદ, સુરત, રાજકોટ અને મહેસાણા.

(૩) નીચે મુજબની માહિતી મળી શકે છે.

(૧) ગુજરાત રાજ્ય બિન–નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાનની પ્રવૃતિઓ–યોજનાઓ સંબંધિત જાણકારી.

(૨) ''ગુજરાત કાર્ડ'' સંબંધિત માહિતી અને તેની અરજીનો સ્વીકાર.

(૩) પ્રવાસ, હોટેલ એકોમોડેશનની માહિતી અને ગુજરાતના પ્રવાસન સ્થળોના રોડમેપ.

(૪) પરિવહન સેવા અને તેના રૂટની માહિતી.

(૫) એન.આર.જી. ના પ્રશ્નો–સમસ્યાઓ જેવી કે પાસપોર્ટ, વીઝા, નેટીવીટી સર્ટિફિકેટ, રીયલ એસ્ટેટ, ઉદ્યોગો, જન્મ પ્રમાણપત્ર, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ સંબંધે માહિતી અને માર્ગદર્શન.

(૬) વિદેશી ચલણના એક્સચેન્જ અંગેની માહિતી.

(૭) તબીબી સેવાઓની માહિતી.

---------

**વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય**

* ૧૪૧૩૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧) કુલ ૮૯૪ અરજીઓ આવી, તેની તાલુકાવાર સંખ્યા આ મુજબ છે.

| નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વલસાડ | ૩૬૯ |
| ૨ | પારડી | ૨૩૩ |
| ૩ | ધરમપુર | ૧૫૪ |
| ૪ | કપરાડા | ૭૦ |

| | | |
|---|---|---|
| ૫ | ઉમરગામ | ૬૮ |
| | કુલઃ– | ૮૯૪ |

(૨) તે અન્વયે કેટલી મંજૂર કરી, કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૨) ૮૮૬ અરજીઓ મંજૂર કરી અને રૂા. ૯,૨૧,૫૦૦/– (અંકે રૂપિયા નવ લાખ એકવીસ હજાર પાંચસો પુરા)ની સહાય ચૂકવવામાં આવી.

---------

**ગાંધીનગર ખાતે પ્રવાસી ભારતીય દિવસનો કાર્યક્રમ**

* ૧૬૯૨૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર ખાતે જાન્યુઆરી–૨૦૧૫માં પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો રાજ્ય સરકારની શું ભૂમિકા હતી, અને

(૩) આ કાર્યક્રમનો હેતુ–વિશિષ્ટતાઓ શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય સરકારની 'પાર્ટનર સ્ટેટ' તરીકે ભૂમિકા હતી.

(૩) **હેતુઃ–**

આ કાર્યક્રમ યોજવા પાછળનો હેતુ વિદેશમાં વસતા વિશાળ ભારતીય ડાયસ્પોરાને ભારત સાથે જોડવા માટે અને એક સામાન્ય મંચ પર તેમના જ્ઞાન, કુશળતા, અનુભવ અને કૌશલ્યને લાવવા અને તે રીતે દેશના વિકાસમાં યોગદાન મેળવવા માટેનો છે,

**વિશિષ્ટતાઓઃ–**

(૧) મહાત્મા ગાંધીજીને પ્રવાસી તરીકે ભારત પરત ફર્યાને ૧૦૦ વર્ષ થયા તેની ઐતિહાસિક યાદગીરી રૂપે ગાંધીજીની જન્મભૂમિ ગુજરાતમાં કાર્યક્રમની ઉજવણી.

(૨) ઐતિહાસિક સંખ્યામાં ૭૩ જેટલા દેશોના ડેલીગેટ્સની હાજરી, ૯ રાજ્યોના માન. મુખ્યમંત્રીશ્રીઓ હાજર રહ્યા, યુથ પીબીડીમાં ઐતિહાસિક હાજરી.

(૩) કાર્યક્રમના સફળ આયોજન અને સંચાલન માટે ભારત સરકાર, ભારત સરકારની ઈવેન્ટ મેનેજર પાર્ટનર FICCI અને રાજ્ય સરકાર દ્વારા રચાયેલી કમિટીઓ અને મહાત્મા મંદિરના સંચાલકો સાથે સુદૃઢ અને અસરકારક સંકલન.

(૪) 'પાર્ટનર સ્ટેટ' તરીકે MOIA ને સહયોગ માટે ૧૪ ઉચ્ચકક્ષાની સમિતિની રચના, બેઠકો સંબંધી કામગીરી.

(૫) 'યુથ પીબીડી' માટે શિક્ષણ વિભાગના પરામર્શમાં ૪ નામાંકિત યુનિવર્સિટીની વીઝીટ/સાંસ્કૃતિક કાર્યક્રમ.

(૬) ગુજરાત સ્ટેટ સેશનમાં રેકોર્ડબ્રેક હાજરી.

(૭) પ્રદર્શન–ગાંધીજી આધારિત થીમ પર ભવ્ય પ્રદર્શન જેમાં હજારોની સંખ્યામાં મુલાકાત અને હજારોની સંખ્યામાં ફોટોકલીક. સ્થળ પર ''ગુજરાત કાર્ડ'' તૈયાર કરીને "Live–Gujarat Card" આપવાનો સફળ પ્રયોગ.

(૮) પ્રદર્શનની માન. વડાપ્રધાનશ્રી, માન. વિદેશ મંત્રીશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રી તથા અન્ય રાજ્યોના માન. મુખ્યમંત્રીશ્રીઓ/માન. મંત્રીશ્રીઓ દ્વારા

મુલાકાત.

(૯) 'ગુજરાત' પર ટૂંકી ફિલ્મ બતાવવામાં આવી.

(૧૦) મહાત્મા મંદિર ખાતે પુસ્તક પ્રદર્શન.

(૧૧) અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતી સમાજના અગ્રણીઓની હાજરી.

(૧૨) વિદેશથી અને અન્ય રાજ્યોમાંથી પધારેલા બિન નિવાસી ભારતીયો/ગુજરાતીઓ સમક્ષ કાંકરીયા લેક અને સાબરમતી રીવર ફ્રંટ, અમદાવાદ ખાતે રાજ્યની સંસ્કૃતિની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા તેમજ ગાંધીજીના જીવન પર આધારિત નાટકની પ્રસ્તૃતિ કરવામાં આવી.

---------

**દાહોદ તાલુકાના ગામોને પીવાનું પાણી આપવા બાબત**

* ૧૫૬૨૨ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ દાહોદ તાલુકાના રેટીયા–ડોકી–ડુંગરા–ખરોડ–છાપરી–ઉસરવાણ–દેલસર–બોરવાણી–ખજૂરી ગામોને પીવાના પાણી માટે કોઈ સુવિધાઓ નથી, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) દાહોદ તાલુકાના રેટીયા–ડોકી–ડુંગરા–ખરોડ–છાપરી–ઉસરવાણ–દેલસર–બોરવાણી–ખજૂરી ગામોને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) જો હા, તો આ ગામોને પીવાનું પાણી નિયમિત મળી રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**દાહોદ જિલ્લામાં બોર હેન્ડપંપ**

* ૧૬૦૭૧ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ટ્રાયબલ એરીયામાં કેટલા બોર હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૨૪૩૩ બોર હેન્ડપંપ. |
| (૨) તે પૈકી કેટલા બોર હેન્ડપંપ ઉક્ત સ્થિતિએ શારવામાં આવ્યા, તથા કેટલા બોર હેન્ડપંપ શારવાના બાકી છે, અને | (૨) ૨૦૪૯ શારવામાં આવ્યા અને ૩૮૪નું શારકામ બાકી છે. |
| (૩) બાકી રહેલા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) બાકી રહેલ તા.૩૧–૦૩–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**સુરત જિલ્લામાં બાળ મજૂર અધિનિયમ હેઠળ કાર્યવાહી**

* ૧૬૦૬૧ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| બાળ શ્રમયોગીઓને કામ કરતા અટકાવવા માટે સુરત જિલ્લામાં બાળ મજૂર (નિયમન અને નાબૂદી) અધિનિયમ–૧૯૮૬ હેઠળ સન ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં શી કાર્યવાહી કરવામાં આવી? | ૨૦ રેડ પાડવામાં આવી, અને ૧૪૧ બાળકોને મુક્ત કરવામાં આવ્યા, બાળશ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ ૧૯૮૬ની જોગવાઇના ભંગ બદલ ૦૧ કેસ માન. ફ્સ્ટ કલાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. તેમજ ૪૨ સંસ્થા સામે એફ.આઈ.આર. જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ દાખલ કરવામાં આવેલ છે. |

---------

**ધાનેરા અને દાંતીવાડા તાલુકાના પીવાના પાણીથી વંચિત ગામો**

* ૧૪૯૨૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં કયા ગામો પીવાના પાણીના પુરવઠાથી વંચિત છે, અને

(૧) એક પણ નહી.

(૨) તે ગામોને પાણી પુરવઠો પુરો પાડવા ઉક્ત સ્થિતિએ શું આયોજન હાથ ધરાયેલ છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં આવાસોનું બાકી બાંધકામ**

* ૧૭૧૧૪ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ મંજુર અરજીઓ પૈકી કેટલા આવાસો બાંધવાના બાકી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

પંડિત દીન દયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ આવાસો બાંધવામાં આવતા નથી પરંતુ આવાસ બાંધવા માટે પાત્રતા ધરાવતા ઇસમોને નાણાકીય સહાય આપવામાં આવે છે, લાભાર્થીઓ દ્વારા બાંધવામાં આવેલ આવાસો તથા બાંધવાના બાકી આવાસોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | બાંધવામાં આવેલ આવાસોની સંખ્યા | પ્રગતિના આવાસોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વિજાપુર | ૧૧ | ૫ | ૬ |
| ૨ | વિસનગર | ૧ | ૦ | ૧ |
| ૩ | મહેસાણા | ૧૪ | ૨ | ૧૨ |
| ૪ | ખેરાલુ | ૨૫ | ૭ | ૧૮ |
| ૫ | વડનગર | ૨૧ | ૨ | ૧૯ |
| ૬ | સતલાસણા | ૦ | ૦ | ૦ |
| ૭ | કડી | ૧ | ૦ | ૧ |
| ૮ | બેચરાજી | ૮૭ | ૨૪ | ૬૩ |
| ૯ | ઉંઝા | ૪ | ૦ | ૪ |
| | **કુલ** | **૧૬૪** | **૪૦** | **૧૨૪** |

(૩) બાંધવા આ બાકી આવાસો કયાં સુધીમાં બાંધવામાં આવશે?

(૩) આવાસોનું બાંધકામ લાભાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વિસાવદર તાલુકામાં સત્તાધાર, ભેંસાણ તાલુકામાં પરબવાવડી અને બીલખામાં ચેલૈયાની જગ્યાને પ્રવાસનધામ તરીકેની કાર્યવાહી**

* ૧૫૨૭૩ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં સત્તાધારની જગ્યા, ભેંસાણ તાલુકામાં પરબ વાવડીની જગ્યા, અને બીલખામાં શેઠ સગાળશા (ચેલૈયાની) જગ્યાને, પ્રવાસનધામ તરીકે વિકસાવવા માટેની કાર્યવાહી કયા તબક્કે છે?

**જવાબ**

તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં સત્તાધારની જગ્યા, ભેંસાણ તાલુકામાં પરબ વાવડીની જગ્યા અને બીલખામાં શેઠ સગાળશા (ચેલૈયાની) જગ્યાને, પ્રવાસનધામ તરીકે વિકસાવવા વિભાગના તા.૨૮-૧૦-૨૦૧૦ના ઠરાવ અનુસાર ટ્રસ્ટ તરફથી વિગતવાર દરખાસ્ત ઉપલબ્ધ થયેથી કાર્યવાહી કરવાની રહે છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સહાય**

* ૧૫૩૭૦ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| વર્ષવાર મળેલ અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી |
|---|---|---|
| તા.૧-૧-૧૩ | તા.૧-૧-૧૪ | તા. ૩૧-૧૨-૧૪ |

| થી તા.૩૧-૧૨-૧૩ | થી તા.૩૧-૧૨-૧૪ | સુધી મળેલ કુલ અરજીઓ |
|---|---|---|
| ૩૨૬ | ૨૬૩ | ૫૮૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી વૃધ્ધ સહાય આપવામાં આવી, અને

(૨)

| વર્ષવાર મંજૂર અરજીઓ તથા ચૂકવેલ સહાય | | |
|---|---|---|
| વર્ષ | મંજૂર અરજીઓ | ચૂકવેલ સહાય રૂા. |
| તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ | ૨૧૨ | રૂા. ૫૦૮૮૦૦ |
| તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ | ૧૬૨ | રૂા. ૫૧૮૪૦૦ |
| કુલઃ- | **૩૭૪** | રૂા. **૧૦૨૭૨૦૦** |

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી તથા અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નામંજૂર - ૧૫૫
નામંજૂરીના કારણો નીચે મુજબ છે.

૧. નિયત આવક કરતાં આવક વધુ હોવાથી
૨. અવસાન થવાના કારણે
૩. પુખ્ત વયનો પુત્ર હોવાથી
૪. ઉંમર ઓછી હોવાથી
૫. સ્થળ ઉપર રહેતા ન હોવાથી

---------

**વલસાડ જિલ્લામાં બંધ પાણી પુરવઠાની યોજનાઓ**

* ૧૬૩૪૬ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં નાની અને મધ્યકક્ષાની પાણી પુરવઠાની કેટલી યોજનાઓ કાર્યરત છે, અને કઈ બંધ છે, અને | (૧) વલસાડ જિલ્લાના ૪૩૩ ગામમાં ૨૨૭૭ યોજનાઓ કાર્યરત અને ૧૩૯ યોજનાઓ બંધ છે. |
| (૨) આ બંધ યોજનાઓ કયારે શરૂ કરવામાં આવશે? | (૨) તબક્કાવાર સપ્ટેમ્બર ૨૦૧૫ સુધીમાં ચાલુ કરવાનું આયોજન છે. હાલ બંધ પડેલ યોજનાના ગામોમાં વૈકલ્પિક સોર્સમાંથી પુરતું પાણી મેળવે છે. |

---------

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ટેક્સી પરમીટ અન્વયે નોંધાયેલ વાહનો**

* ૧૪૨૫૯ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ટેક્સી પરમીટ અન્વયે કેટલાં વાહનો નોંધાયેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં ટેક્સી પરમીટ અન્વયે ૫૧૮ વાહનો નોંધાયેલ છે. મહિસાગર જિલ્લામાં કચેરી શરૂ થયેલ ન હોઇ માહિતી શૂન્ય છે. |
| (૨) નોંધાયેલ વાહનો સીવાય ટેક્સી તરીકે ઉપયોગ થતાં વાહનો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર પકડવામાં આવ્યાં ? | (૨) ઉક્ત સ્થિતિએ નોંધાયેલ વાહનો સિવાય ટેક્ષી તરીકે ઉપયોગમાં લેવામાં આવેલ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નીચે મુજબના વાહનો પકડવામાં આવેલ છે. |

| વર્ષ | પકડવામાં આવેલ વાહનોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૩ | ૧૪ |
| ૨૦૧૪ | ૨૮ |

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**વલસાડ જિલ્લામાં બોર હેન્ડપંપનું સારકામ**

* ૧૬૦૮૦ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં ટ્રાયબલ એરીયામાં કેટલા બોર અને હેન્ડપંપ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૬૦૦ બોર હેન્ડપંપ. |
| (૨) તે પૈકી કેટલા બોર અને હેન્ડપંપ શારવામાં આવ્યા, અને | (૨) ૫૮૨ બોર શારવામાં આવ્યા. |
| (૩) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) માર્ચ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**મહિસાગર જિલ્લામાં શિષ્યવૃત્તિ યોજનાઓ અન્વયે સહાય**

* ૧૪૩૦૬ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રી.એસ.એસ.સી. અને પોસ્ટ એસ.એસ.સી. શિષ્યવૃત્તિની યોજના અન્વયે મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી.

**જવાબ**

(૧) રકમ (રૂ. લાખમાં)

| અ.નં. | તાલુકાનું નામ | પ્રી.મેટ્રીક | પોસ્ટ મેટ્રીક | કુલ |
|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧૮૩.૬૨ | ૧૦૬.૬૪ | ૨૯૦.૨૬ |
| ૨ | ખાનપુર | ૪૦.૧૯ | ૮.૦૬ | ૪૮.૨૫ |
| ૩ | સંતરામપુર | ૪૩.૯૭ | ૧૮.૧૫ | ૬૨.૧૨ |
| ૪ | કડાણા | ૧૩.૭૧ | ૧૧.૦૭ | ૨૪.૭૮ |
| ૫ | બાલાસિનોર | ૧૫૧.૭૪ | ૧૬૧.૫૯ | ૩૧૩.૩૩ |
| ૬ | વિરપુર | ૮૫.૫૦ | ૮૫.૪૨ | ૧૭૦.૯૨ |
| | **કુલ** | **૫૧૮.૭૩** | **૩૯૦.૯૩** | **૯૦૯.૬૬** |

(૨) કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી અને વર્ષવાર કેટલી ચૂકવવાની બાકી છે, અને

(૨) રૂ઼ા. ૯૦૯.૬૬ લાખની શિષ્યવૃત્તિ ચુકવવામાં આવી છે. વર્ષ ૨૦૧૩-૧૪ની કોઇ ચુકવવાની બાકી નથી.

વર્ષ ૨૦૧૪-૧૫ની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ ચુકવવાની બાકી નથી. જ્યારે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિના કુલ ૯૪૦ વિદ્યાર્થીઓની રૂ઼ા. ૧૦૫.૫૬ લાખ ચુકવવાની બાકી હતી જેની આ માસના અંત સુધી ચૂકવણી કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૪-૧૫ની વિકસતી જાતિ ના વિદ્યાર્થીઓને ૬૦૧.૮૮ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી, કોઇ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની બાકી નથી.

(૩) ઉક્ત યોજનાઓ અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકારની વર્ષવાર કેટલી ગ્રાન્ટ હતી?

(૩) વર્ષ ૨૦૧૩-૧૪ માં કેન્દ્ર સરકારની ગ્રાન્ટ રૂ઼ા. ૮૫.૮૯ લાખ અને રાજ્ય સરકારની રૂ઼ા. ૮૫.૯૦ લાખની છે. અને વર્ષ ૨૦૧૪-૧૫માં કેન્દ્ર સરકારની ગ્રાન્ટ રૂ઼ા. ૩૨૧.૬૪ લાખ અને રાજ્ય સરકારની રૂ઼ા. ૪૧૬.૨૩ લાખની છે.

---------

**બાયડ અને માલપુર તાલુકાના ગામોને પીવાનું પાણી આપવા બાબત**

* ૧૫૨૪૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણી માટે કઇ યોજના અમલમાં છે,

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણી માટે નીચે મુજબ યોજના અમલમાં છે.

| અનું. | તાલુકો | જુથ યોજનાનું નામ | વ્યક્તિગત |
|---|---|---|---|

| | | | યોજના |
|---|---|---|---|
| ૧ | બાયડ | ગાબડ સાઠંબા જુથ પા.પુ. યોજના | ૭૫ |
| | | આમોદરા જુથ પા.પુ. યોજના | |
| | | બાયડ–માલપુર જુથ પા.પુ. યોજના | |
| | | એસકે–૧ જુથ પા.પુ. યોજના | |
| ૨ | ધનસુરા | બાયડ–માલપુર જુથ પા.પુ. યોજના | ૨૭ |
| | | માજુમ જુથ પા.પુ. યોજના | |
| ૩ | માલપુર | બાયડ–માલપુર જુથ પા.પુ. યોજના | ૯૧ |
| ૪ | ભિલોડા | મેશ્વો જુથ પા.પુ. યોજના | ૧૦૦ |
| | | હાથમતી જુથ પા.પુ. યોજના | |
| | | લુસડીયા જુથ પા.પુ. યોજના | |
| | | એસ.કે.–૧ જુથ પા.પુ. યોજના | |
| ૫ | મોડાસા | માજુમ જુથ પા.પુ. યોજના | ૮૩ |
| ૬ | મેઘરજ | – | ૧૨૮ |
| | કુલ | ૧૮૫ ગામો માટેની ૮ જુથ પાણી પુરવઠા યોજનાઓ | ૫૦૪ |

(૨) આ યોજનાથી બાયડ અને માલપુર તાલુકાના ક્યા ગામોને પીવાના પાણીનો કાયમી લાભ મળે છે, અને

(૨) *પરિશિષ્ટ મુજબ.

(૩) વંચિત ગામોને પીવાના પાણીનો લાભ આપવા માટે સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કરેલ છે?

(૩) કોઇ ગામ પીવાના પાણીના લાભથી વંચિત નથી. જળસલામતિના આયોજન તરીકે નર્મદા મુખ્ય નહેર આધારિત જિલ્લાના વાત્રક અને માજુમ જળાશય આધારીત એસ.કે.–૨ અને એસ.કે.–૩ પ્રાદેશિક પાણી પુરવઠા યોજનાઓનું આયોજન કરેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૫૩૧૩ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં રોજગાર વિનિમય કચેરી દ્વારા સ્થાનિક શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા કેટલા ઇન્ટરવ્યુ કોલ લેટર આપવામાં આવ્યા, અને

(૧)

| ક્રમ | લાયકાત | વર્ષ: ૨૦૧૩ | વર્ષ: ૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | શિક્ષિત | ૭૬૧૬૦ | ૭૦૯૮૧ |
| ૨ | અર્ધ શિક્ષિત | ૫૨૧૮ | ૨૯૮૮ |
| | **કુલ** | **૮૧૩૭૮** | **૭૩૯૬૯** |

(૨) તે પૈકી કેટલી નિમણૂંકો આપવામાં આવી ?

(૨)

| ક્રમ | લાયકાત | વર્ષ: ૨૦૧૩ | વર્ષ: ૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | શિક્ષિત | ૧૦૨૬૪ | ૧૨૬૨૪ |
| ૨ | અર્ધ શિક્ષિત | ૧૬૭૪ | ૪૦૭ |
| | **કુલ** | **૧૧૯૩૮** | **૧૩૦૩૧** |

---------

## ભાવનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

* ૧૬૪૧૪ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ધોરણ ૧ થી ૧૦ ના કેટલાં વિદ્યાર્થીઓને કેટલી શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી,

(૧) ૨૭૬૩૪૬ વિદ્યાર્થીઓને રૂ. ૯૯૮.૭૮ લાખની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી.

(૨) શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓને આપવામાં આવી નથી, તેવી તાલુકાવાર કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ મળી, અને

(૨) એકપણ નહિં.

(૩) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## સોલર મિની પાઇપ યોજના હેઠળ આવરી લીધેલ ગામો

* ૧૪૧૦૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં સુર્યશક્તિ સંચાલિત સોલર મિની પાઇપ યોજનામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કયા ગામો પસંદ કરવામાં આવ્યા,

(૨) આ યોજના ક્યા ગામોમાં શરૂ કરવામાં આવી,

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

**જવાબ**

(૧), (૨), અને (૩) નીચે મુજબ

| ક્રમ | તાલુકો | પસંદ કરવામાં આવેલ ગામનું નામ | થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | કવાંટ | મોટીઝાડૂલી | ૧૪.૪૫ |
| ૨ | કવાંટ | ભૂંડમારીયા | ૬.૨૨ |
| ૩ | કવાંટ | છોડવાની | ૭.૨૧ |
| ૪ | કવાંટ | કોટબી | ૭.૨૧ |
| ૫ | કવાંટ | અંબાડુંગર | ૧૩.૩૧ |
| ૬ | કવાંટ | હાફેશ્વર | ૧૨.૭૮ |
| ૭ | કવાંટ | સૈડી વાસણ | ૬.૯૫ |
| ૮ | નસવાડી | સીંધીપાની | ૬.૨૨ |
| ૯ | નસવાડી | તળાવ | ૧૪.૪૫ |
| ૧૦ | નસવાડી | હરખોડ | ૧૩.૪૩ |
| ૧૧ | નસવાડી | ખોખરા (લા) | ૬.૫૩ |
| ૧૨ | નસવાડી | ડબ્બા | ૬.૭૬ |
| ૧૩ | નસવાડી | આમટા | ૭.૧૪ |
| ૧૪ | નસવાડી | કટીયાબાર | ૧૨.૭૧ |
| | **કુલ** | | **૧૩૫.૩૭** |

ઉપરોક્ત તમામ ૧૪ ગામોએ સોલર મિની પાઇપ યોજના શરૂ કરવામાં આવી.

(૪) બાકી ગામો પાછળ ઉક્ત બાબતે કેટલા ખર્ચનો અંદાજ છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## અમરેલી જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૫૯૯૭ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં લઘુ, મધ્યમ અને મોટી કક્ષાના કુલ કેટલા ઔદ્યોગિક એકમો નોંધાયેલા છે.

(૨) ઉપરોક્ત એકમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્થાનિક બેરોજગારોને કાયમી અને હંગામી ધોરણે અધિકારી, કર્મચારી, શ્રમિક અને રોજમદાર તરીકે રોજગારી આપવામાં આવી,

**જવાબ**

(૧) સી.એન.વી. એક્ટ હેઠળ રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઔદ્યોગિક એકમો-૦૮.

(૨) રોજગાર કચેરી દ્વારા આ એકમો પાસેથી મેળવવામાં આવતી માહિતી અનુસાર છેલ્લા બે વર્ષમાં સ્થાનિક બેરોજગારોને આપવામાં આવેલ રોજગારીની વિગત.

| સમયગાળો | અધિકારી/કર્મચારી (સુપરવાઇઝરીકક્ષા) | શ્રમિકો/રોજમદાર (કામદાર કક્ષા) |
|---|---|---|
| ડીસે.૨૦૧૩ની | ૮૯૧ | ૧૦૫૨ |

| | | |
|---|---|---|
| સ્થિતિ | | |
| ડીસે.૨૦૧૪ની સ્થિતિ | ૭૯૪ | ૧૧૫૨ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ ક્યા એકમોએ સ્થાનિક બેરોજગારોને સરકારી રોજગાર આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૩) શૂન્ય.

(૪) ઉક્ત સ્થિતિએ સ્થાનિક રોજગાર વિનિમયની કચેરી દ્વારા સરકારી નીતિનું ઉલ્લંઘન કરનારા એકમો સામે શાં પગલાં ભરવામાં આવ્યા ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૫૩૩૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો વાર્ષિક ખર્ચ કેટલો થાય છે,

(૧) રૂ. ૧,૩૧,૮૯૭/–

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોને રોજગારીની તકો અપાઇ, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારીની તકો અપાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૩૪૪૮ |
| ૨ | સુત્રાપાળા | ૩૨૮ |
| ૩ | કોડીનાર | ૭૦૪ |
| ૪ | ઉના | ૪૬૯ |
| ૫ | તાલાળા | ૫૪૬ |
| | **કુલ** | **૫૪૯૫** |

(૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બેરોજગારો નોંધાયેલ છે?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૪૩૨૩ |
| ૨ | સુત્રાપાળા | ૧૪૦૮ |
| ૩ | કોડીનાર | ૨૦૧૯ |
| ૪ | ઉના | ૨૧૫૬ |
| ૫ | તાલાળા | ૧૯૧૩ |
| | **કુલ** | **૧૧૮૧૯** |

---------

**સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર–કચ્છ વોટર ગ્રીડ યોજના બાબત**

* ૧૫૭૭૯ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ ‘‘સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર–કચ્છ વોટર ગ્રીડ’’ યોજના અંતર્ગત ઢાંકીથી નેશનલ હાઇવે નં. ૮ સુધી પાઇપ લાઇન નાખવાનો કોન્ટ્રેક્ટ અપાયેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામના કોન્ટ્રેક્ટને પૂર્ણ કરવાની મુદત ૧ વર્ષની હતી અને તેને બે વર્ષનો મુદત વધારો શા માટે આપવામાં આવ્યો ?

(૨) સ્વર્ણિમ ગુજરાત સૌરાષ્ટ્ર વોટર કચ્છ ગ્રીડ યોજનાના અમલીકરણ દરમ્યાન રેલ્વે વિભાગ તરફથી મંજુરી મેળવવામાં થયેલ વિલંબ, કામ દરમ્યાન ખેડૂતો દ્વારા વિરોધ/વાંધાઓ ઉપરાંત કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતાં, ગેસ/ઓઇલ પાઇપલાઇન ક્રોસીંગની મંજુરીમાં વિલંબ, પંપીંગ સ્ટેશનના આલેખન તેમજ જમીન સંપાદનમાં ઉપસ્થિત થયેલ પ્રશ્નને કારણે સમયમર્યાદામાં વધારો આપેલ છે.

---------

**ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૬૧૧૩ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૫૪૦૮૭. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૫૪૦૮૭ વિદ્યાર્થીઓને કુલ રૂ.૧,૬૨,૨૬,૧૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ**

* ૧૫૨૧૭ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજના અન્વયે ખેડા જિલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) મહેમદાવાદ તાલુકામાં ૨૦ યોજનાઓ તથા ખેડા તાલુકામાં ૦૫ યોજનાઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં એકશન પ્લાન હેઠળ કેટલા નવા હેન્ડપંપ બનાવવામાં આવ્યા, અને | (૨) મહેમદાવાદ તાલુકામાં ૧૨ હેન્ડપંપ તથા ખેડા તાલુકામાં ૪ હેન્ડપંપ બનાવવામાં આવેલ છે. |
| (૩) મંજૂર કરેલ ઉક્ત બંને યોજનાઓની કુલ અંદાજિત કિંમત કેટલી છે ? | (૩) |

| **અનં.** | **યોજનાનું નામ** | **અંદાજીત કિંમત રૂ.લાખમાં** |
|---|---|---|
| ૧ | રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજના | ૬૨૧.૮૩ |
| ૨ | હેન્ડપંપ | ૧૬.૫૬ |
| | **કુલ** | **૬૩૮.૩૯** |

---------

**દાહોદ ચેકપોસ્ટ પરથી વસૂલ કરેલ દંડની રકમ**

* ૧૪૧૯૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ ચેકપોસ્ટ પર કેટલા વાહનો પાસેથી કેટલી રકમનો દંડ વર્ષવાર વસૂલવામાં આવ્યો ? | દાહોદ ચેકપોસ્ટ પર છેલ્લા બે વર્ષ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ નીચે મુજબ દંડ વર્ષવાર વસૂલ કરવામાં આવેલ છે. |

| **વર્ષ** | **કરેલ કેસ** | **વસૂલ કરેલ માંડવાળ ફી (દંડ) (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| ૨૦૧૩ | ૧૮૦૦૦ | ૩.૩૬ |
| ૨૦૧૪ | ૧૫૭૬૦ | ૪.૭૯ |

---------

**અન્ય રાજ્યોમાં ગુજરાત સમાજ ભવન**

* ૧૬૯૨૭ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગુજરાતીઓની વસ્તી ધરાવતા અન્ય રાજ્યોમાં ગુજરાતી | (૧) હા, જી. |

સમાજ ભવન બાંધવા માટે રાજ્ય સરકારની સહાયની યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા રાજ્યોમાં ગુજરાતી સમાજ ભવન બાંધવા કેટલા ગુજરાતી સમાજોને સહાય આપવામાં આવી ?

(૨)

| રાજ્ય | ગુજરાતી સમાજની સંખ્યા |
|---|---|
| મધ્યપ્રદેશ | બે |
| આસામ | એક |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં આવેલ છાત્રાલયો**

* ૧૫૫૮૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટેના છાત્રાલયો કેટલા અને ક્યા સ્થળે આવેલ છે,

(૨) દરેક છાત્રાલય દીઠ કેટલા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ઉક્ત સ્થિતિએ અભ્યાસ કરે છે, અને

(૩) છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની વસ્તીના પ્રમાણમાં નવા છાત્રાલયો મંજૂર કરી શરૂ કરવાનું આયોજન છે કે કેમ, જો હા, તો ક્યારથી શરૂ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) એકપણ નહિં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલમાં કોઇ આયોજન નથી.

---------

**વલસાડ જિલ્લાની આઇ.ટી.આઇ. માં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ**

* ૧૫૯૧૧ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ક્યા ટ્રેડના કેટલા વ્યાખ્યાતાઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ***પત્રક-૧** મુજબ.

(૨) વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૧૪૯૨૬ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઓ. કચેરીમાં કેટલી રકમની આવક થઇ,

(૨) આ આવકમાં વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં વધારો થયો હોય તો કેટલો વધારો થયો, અને

(૩) જો ઘટાડો થયો હોય તો કેટલો ઘટાડો થયો અને ઘટાડો થવાના શાં કારણો છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર.ટી.ઓ. કચેરીમાં આવક નીચે મુજબ થઇ.

| વર્ષ | થયેલ આવક (રૂપિયા કરોડમાં) |
|---|---|
| ૨૦૧૩ | ૮૧.૩૭ |
| ૨૦૧૪ | ૧૧૧.૪૯ |
| **કુલ** | **૧૯૨.૮૬** |

(૨) આ આવકમાં વર્ષ ૨૦૧૩ ના પ્રમાણમાં રૂપિયા ૩૦.૧૨ કરોડનો વધારો થયો.

(૩) આવકમાં ઘટાડો થવા પામેલ નથી.

તા.૧૦મી માર્ચ,૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

**લાંચમાં પકડાયેલ રાજ્યના આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ.**

* ૧૭૧૧૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૬–૨–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા આર.ટી.ઓ. અને એ.આર.ટી.ઓ. લાંચના છટકામાં પકડાયા, અને | (૧) કોઇ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અથવા શી કાર્યવાહી કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અધ્યક્ષશ્રીની જાહેરાત

વિધાનસભામાં પાણીના અન્ડર ગ્રાઉન્ડ સંપની સફાઇ બાબતે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, આજના ગુજરાત સમાચારમાં વિધાનસભા અંડર ગ્રાઉન્ડ સમ્પમાં મરેલા કૂતરા અને પક્ષીઓથી પીવાનું પાણી ગંદુ આવે છે તે બાબતના સમાચાર પ્રસિદ્ધ થયા છે. આ બાબતને મેં ખૂબ ગંભીરતાથી લઇને માર્ગ અને મકાન વિભાગના સંબંધિત અધિકારીઓને સ્થળ તપાસ કરી અને તેનો અહેવાલ મને રજૂ કરવા જણાવ્યું હતું.

આ બાબતે વિભાગ તરફથી મળેલ અહેવાલ જોતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે, વિધાનસભાના અન્ડર ગ્રાઉન્ડ સમ્પ ઉપર લોખંડના ભારે વજનના બે મજબૂત ઢાંકણા શરૂઆતથી જ મૂકવામાં આવેલ છે. જે બન્ને સ્થળ તપાસ દરમિયાન બંધ હાલતમાં હતા. પીવાના ગંદા પાણી બાબતે સમ્પ ઉપરના ઢાંકણા ખોલીને ભૂગર્ભ ટાંકીની તપાસ કરતા તે અંદરથી સાફ કરેલ જણાયેલ છે.

વિધાનસભા સંકુલમાં શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે શરૂઆતથી વિધાનસભા બિલ્ડીંગના ચોથા માળે ધાબા ઉપર આર.ઓ.પ્લાન્ટ કાર્યરત છે. આ પ્લાન્ટમાંથી શુદ્ધ થયેલ પાણી ટાંકીઓ મારફત સંકુલમાં કુલર મારફતે પીવાના ઉપયોગમાં લેવામાં આવે છે. વિધાનસભાના ધાબા ઉપરના આર.ઓ.પ્લાન્ટની ટાંકી તેમજ અન્ય ટાંકીઓની પણ નિયમિત સફાઇ કરવામાં આવે છે. વિધાનસભાના વર્તમાન બજેટ સત્ર શરૂ થતા પહેલા સંકુલમાં પાણી પુરવઠો પૂરો પાડતી ભૂગર્ભ ટાંકી તેમજ ઓવરહેડ ટાંકીઓ મારફત પૂરા પડાતા પીવાના પાણીનો લેબોરેટરી ટેસ્ટ પણ કરવામાં આવેલ છે. આ બાબતે અગાઉ મને ફરિયાદ મળી ત્યારે મેં આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લઇને પાણીનો લેબોરેટરી ટેસ્ટ રિપોર્ટ કરાવ્યો હતો. આ રિપોર્ટમાં પાણીની ગુણવત્તા નિયત માપદંડ મુજબની અને પીવાલાયક જણાઇ આવે છે. આમ વર્તમાનપત્રમાં આ બાબતે પ્રસિદ્ધ થયેલ સમાચારો સત્યથી વેગળા જણાય છે.

માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

મારે એક જાહેરાત કરવાની છે ગઇ કાલ તારીખ ૯મી માર્ચ ૨૦૧૫ ના રોજ પ્રશ્નોત્તરી પૂર્ણ થયા પછી માનનીય સભ્યશ્રી શકતિસિંહ ગોહિલે રાજયપાલશ્રીના સંબોધનની અંગ્રેજી આવૃત્તિમાં થયેલ મુદ્રણદોષનું શુદ્ધિપત્રક તેઓને તે દિવસે એટલે કે, તા. ૯મી માર્ચના રોજ પ્રાપ્ત થયું હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે, આ શુદ્ધિપત્રક રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા અને મતદાન પૂર્ણ થયા પછી તેઓને મળ્યું છે. આ સંબંધમાં પૂર્વ અધ્યક્ષશ્રી અશોકભાઇ ભટ્ટે આપેલા એક નિર્ણયનો ઉલ્લેખ કરીને તેઓએ જણાવ્યું હતું કે, શુદ્ધિપત્રક જે બાબતને લગતું હોય તે બાબત સભાગૃહમાં ચર્ચામાં આવે તે પહેલાં સભ્યશ્રીને મળી જવું જોઇએ. પ્રસ્તુત કિસ્સામાં આ બાબતનો ભંગ થયો હોઇ તે સંબંધમાં તેઓએ મારા નિર્ણયનો આગ્રહ રાખ્યો હતો. આ અંગે રેકર્ડ જોયા પછી મારો નિર્ણય આપવાનું મેં તત્સમયે જણાવ્યું હતું.

આ અંગેનું રેકર્ડ હું જોઇ ગયો છું તે જોતાં મને જણાયું છે કે, રાજયપાલશ્રીના પ્રવચનની અંગ્રેજી આવૃત્તિમાં પૃષ્ઠ–૧૯ પરના પ્રથમ ફકરાની છઠ્ઠી લીટીમાં **" A 375 mw** ને બદલે **" A 75 mw "** છપાયેલ છે. તે અંગે વિભાગ તરફથી તા. ૩જી માર્ચના રોજ એટલે કે, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના ત્રીજા અને છેલ્લા દિવસે આ અંગેની દિલગીરી વ્યકત કરતો પત્ર મને મળ્યો હતો. રાજયપાલશ્રીના પ્રવચન પછી

ત્રણ દિવસ બાદ તેના પર ચર્ચા થવાની હતી એટલે આ ગાળા દરમિયાન જો કોઇ મુદ્રણદોષ હોય તો તે સુધારવા માટે વિભાગ પાસે સમય હતો. તેમ છતાં આમ થવા પામ્યું છે તે હકીકત છે. આથી ભવિષ્યમાં આ બાબતનું પુનરાવર્તન ન થાય તે બાબતની કાળજી રાખવા માટે હું સૂચના આપુ છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ૧૧૬ની નોટીસ આપી હતી જે દાખલ કરવામાં આવી નથી.....

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદીનભાઇ, એની ચર્ચા અહીં નહીં થઇ શકે, તમે મારી ઓફિસમાં આવીને મને મળજો, દાખલ નહીં થવાના કારણો તમને મળી જશે. પણ અહીં ચર્ચા નહીં કરી શકાય.

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ખાસ કરીને ગુજરાતનું બજેટ છેલ્લા બે ત્રણ દિવસથી જે રીતે હું સાંભળી રહ્યો છું, જે રીતે માનનીય મંત્રીશ્રીઓ જવાબ આપે છે એ ઉપર જોતા એવું લાગી રહ્યું છે કે આ ગુજરાતના બજેટની અંદર જે ખરેખર સત્ય કહેવું જોઇએ અને અભિનંદન આપવા જોઇએ એ આજે જરાય દેખાતું નથી. હમણાં જ માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા, મારે એ વાત યાદ દેવડાવવી છે કે ૨૦૧૪-૧૫ ની અંદર જે આયોજન લઇને આવ્યા હતા, તેમાં વિકાસનું જે બજેટ હતું તે ૭૧૩૩૧ કરોડ રૂપિયા બતાવવામાં આવ્યું હતું. અને વર્ષના અંતે એની અંદર ૬૧૯૧ કરોડ રૂપિયા જેટલો ઘટાડો કરવામાં આવ્યો. જે ખર્ચ ખરેખર ઓછું કરવાનું હોય એની અંદર જે ખર્ચ કરવાનો હતો એ ૬૦૬૬૯ કરોડ રૂપિયા હતો એની જગ્યાએ આ સરકારે ખર્ચમાં વધારો કરીને ૬૭૧૮૫ કરોડ રૂપિયાનો ખર્ચમાં વધારો કર્યો છે. આ જ સ્પષ્ટ બતાવે છે કે ગુજરાત સરકારના •(xxx).

અધ્યક્ષશ્રી : (xxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એક વાત ચોકકસ પણે લાગે કે ગુજરાત નંબર વન થાય તો એક ગુજરાતી તરીકે મને પણ ગૌરવ થાય કે ગુજરાત નંબર વન થાય, પણ એમાં પારદર્શક આંકડા જોઇએ તો માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે સ્પષ્ટપણે આનો ખુલાસો કરે, છેલ્લા દસ વર્ષમાં આ રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન એટલે જી.ડી.પી. છે તે ૨૦૦૫-૦૬ ની અંદર ૨૦.૩ હતો, અને આજે દસ વર્ષમાં ગુજરાતે જો મોટો વિકાસ કર્યો હોય તો આજે ઘટીને ૧૨.૧ થયો છે. એટલે ગુજરાતમાં ૮ પોઇન્ટ જી.ડી.પી. ઘટયો છે. તો આ ગુજરાત આગળ જઇ રહ્યું છે કે પાછળ જઇ રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાય છે. મારે એ કહેવું છે કે ઉદ્યોગોની મોટી મોટી વાતો થાય છે, એના માટે વાયબ્રન્ટથી માંડીને અનેક લોકો, સમગ્ર ભારત અને વિશ્વમાંથી લોકોને બોલાવવામાં આવે અને વાત એ કરવામાં આવે કે ગુજરાત ઔદ્યોગીક ક્ષેત્રે નંબર વન થાય, હું એમના જ આંકડાઓ કહું છું કે એમાં જે રાજયનું ઘરગથ્થુ ઉત્પાદન, ઔદ્યોગીક ક્ષેત્રમાં છે એમાં ૨૦૦૪-૦૫ માં ૩૬.૫૦ હતું, અને ૨૦૧૩-૧૪ માં ૩૪.૧૫ થયું છે. એટલે ૨.૩૫ ટકાનો ઘટાડો થયો, આટલા બધા ખર્ચા કરીને આજે ગુજરાત ઘટાડો કરી રહ્યું છે એવી સ્થિતિ થઇ રહી છે. આપણને એમ થાય કે સમગ્ર ભારતની અંદર જોઇએ તો દરેક રાજયની અંદર ગ્રામ્ય વસતિ રહેતી હોય, ગામડાંના લોકો રહેતા હોય, ગુજરાતમાં ૭૦ ટકા લોકો ગામડાંમાં રહેતા હોય અને એની અંદર બીજા બધા રાજયોમાં માથા દીઠ કેટલા પૈસા આપવામાં આવે છે તે જોઇએ તો પંજાબમાં ૨૩૪૫ રૂપિયા એક વ્યકિતદીઠ આપવામાં આવે છે. હરિયાણામાં ૧૧૪૬ રૂપિયા આપવામાં આવે છે. અને કેરળની અંદર ૨૬૬૯ રૂપિયા આપવામાં આવે છે. અને ગુજરાત જેને આપણે નંબર વન કહીએ છીએ, એ ગામડાંના ૭૦ ટકા લોકોને માત્ર ૧૫૩૬ રૂપિયા આપે છે. એ વાસ્તવિકતા બતાવે છે કે ગુજરાત આજે કઇ ગતીમાં જઇ રહ્યું છે તે સ્પષ્ટપણે દેખાય છે. કરવેરા નખાય છે એમાં દર વર્ષે ૧૬ થી ૧૭ ટકાના દરે વધારતા જઇએ છીએ. સન ૨૦૦૪-૦૫ થી માંડીને અત્યાર સુધીમાં ૨૦૬૬૫ કરોડ રૂપિયા એ જમાનામાં હતા આજે એ કર વધીને ૧,૦૯,૨૯૫ કરોડ રૂપિયા થયો છે. એટલે કે ગુજરાત સરકારે ગુજરાતની ૬.૫ કરોડની જનતા ઉપર ૪૪૦ ટકાનો કર વધાર્યો છે. છતાં એમ કહેવામાં આવે છે કે અમારુ બજેટ છે એ હંમેશા પૂરાંત વાળુ આવે છે. જયારે કેગનો રિપોર્ટ એમ કહે છે કે તમે દિવસે દિવસે ખાદ્ય વધારતા જશો તો જે ખાદ્ય સન ૨૦૧૩માં ૧૬૪૯૨

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કરોડ રૂપિયા હતી એ કદાચ સન ૨૦૧૭-૧૮માં ૩૨૨૦૬ કરોડ થઇ જશે એવી કેગે ગુજરાત સરકારને સૂચના આપી છે તેમ છતાં આમાં સરકાર વધારો કરતી રહી છે.

ખાસ કરીને મારે વ્યાજની ચૂકવણીની વાત કરવી છે. વર્ષો વર્ષ સરકારનું વ્યાજ વધતું જાય છે અને ડબલ થઇ ગયું છે. ૧૫ ટકા કે ૧૬ ટકા જે રાજયનું વ્યાજ જતું હોય એ કેવી રીતે વિકાસ કરી શકે?

કરની સ્થિતિની વાત કરીએ તો એક જમાનામાં રાજય સરકારની વેટની આવક ૮૩૦૦ કરોડ રૂપિયા હતી એ આજે વધીને ૪૯૮૦૦ એટલે કે ૫૦ હજાર કરોડ રૂપિયે પહોંચી ગઇ છે. આ રીતે સરકારની આવકમાં વધારો થયો છે પરંતુ પ્રજાને આપવાની બાબત હોય તો એમાં મને કહેતા દુઃખ થાય છે કે ખેડૂતોને કૃષિ વિભાગ હેઠળ સબસિડી આપવામાં આવતી હતી એ સન ૨૦૦૭માં ૪૦૮ કરોડ હતી એ આજે ઘટાડીને ૧૨૯ કરોડ રૂપિયા કરી દીધી છે. એકબાજુ સરકાર ખેડૂતો માટેની વાત કરે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે બંદરો માટે પહેલા ૩૬૨ કરોડ રૂપિયા આપવામાં આવતા હતા એ આજે વધારીને ૭૧૪ કરોડ રૂપિયા આપવા લાગ્યા છો. એટલે મોટા ભાગની યોજનામાં સરકારે વધારો કરવો જોઇએ એના બદલે ઘટાડે છે. આ સરકાર એમ કહેતી હોય કે અમે બજેટમાં ધરમૂળથી ફેરફાર કરવા માગીએ છીએ પરંતુ આવાસ યોજનામાં ૧૮૬ કરોડનો ઘટાડો કરવામાં આવ્યો છે એ જ રીતે શહેરી વિકાસમાં ૪૪૦ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. એ જ રીતે ગ્રામ્ય રોજગાર યોજનામાં ૩૦૨ કરોડ રૂપિયાનો ઘટાડો કર્યો છે. એકબાજુ સરકારની આવક વધતી જાય છે જયારે બીજી બાજુ અમુક યોજનાઓમાં ઘટાડો કરતી જાય છે. મારે આ સરકારને કહેવું છે કે સરકાર એકબાજુ પારદર્શકતાની વાતો કરે છે ત્યારે મારે પૂછવું છે કે કેગની વેબ સાઇટ ઉપર બતાવે છે કે સન ૨૦૦૧ થી સન ૨૦૧૪ સુધી વિભાગ ૧ થી ૨૬ એમાં ૮૯૨૮ કરોડ રૂપિયાનો સરકાર જવાબ આપી શકતી નથી. આ ૮૯૨૮ કરોડ રૂપિયા કયાં વાપર્યા , કેગ ૧૪ વર્ષથી ઉઘરાણી કરે છે પરંતુ સરકાર આ બાબતનો જવાબ આપી શકતી નથી. નર્મદાના પૈસા હોય કે ઉર્જાના પૈસા હોય, પેટ્રોલના પૈસા હોય કે બંદરોના હોય કે સામાજિક ન્યાય અને અધિકારીતા હોય એનો સરકારે સ્પષ્ટપણે જવાબ આપવો જોઇએ.

કેન્દ્ર સરકાર માટે અહીંયા ઘણી બધી વાતો કરવામાં આવી છે. હમણાં કહેતા હતા કે ૧૭ દિવસમાં નર્મદા યોજનાના દરવાજા મંજૂર કરી દીધા. મારે આ સરકારને વિનંતી કરવાની છે કે કેન્દ્ર સાથેના ગુજરાતના જે હિતો હોય, માનનીય સભ્યશ્રીઓ આ અંગે અહીંયા બોલતા હતા. તો મારે એમ કહેવું છે કે નર્મદા યોજનાને તમે રાષ્ટ્રીય યોજના જાહેર કરો તો મને એમ લાગે કે તમે બરાબર કામ કરી રહ્યા છો. મારે એમ કહેવું છે કે જો તમે ૧૭ દિવસની અંદર દરવાજા લાવવાની વાત કરતા હો તો તમે એમ કહેતા હતા કે અમદાવાદતે વેસ્ટર્નન રેલવેનું વડું મથક બનાવીશું. મારે આજે કહેવું છે કે ૯-૯ મહિના થયા, રેલવેનું બજેટ પણ ગયું. આપણે તેને વડું મથક બનાવી શક્યા ખરા? મારે પૂછવું છે કે બહુ ચાલતું હોય તો તેને વડું મથક બનાવે. મારે ખાસ એ વાત કરવી છે કે અહીં પાવરની જયારે વાત થાય ત્યારે સૌરભભાઇ સાહેબ એમ કહેતા કે કોલસો નજીકથી આવે તો અમને આટલા કરોડ રૂપિયા ફાયદો થાય. આ સરકાર આવ્યાને ૯ મહિના થયા, કોલસા નજીકની ખાણમાંથી લાવે અને ગુજરાતને ફાયદો થાય એવું કંઇક કામ કરે તો હું પણ તમને અભિનંદન આપીશ કે ચોક્કસપણે તમે કંઇક કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરકાંઠાની યોજનાની વાત થાય. કોઇ પર્સનલ બજેટની આપ વાત કરતા હતા, રેલ્વે અને ધોરીમાર્ગોના ફંડ આપવાની વાત કરતા હતા. મારે પૂછવું છે કે આવી કોઇ યોજના આ બજેટમાં આપણે લાવી શક્યા ખરા? ભૂતકાળમાં કોંગ્રેસના રાજમાં યુ.પી.એ.ની સરકારમાં ભારતમાં સૌથી વધુમાં વધુ પૈસા આપ્યા હોય તો ગુજરાત સરકારને આપ્યા છે અને ૯ મહિનામાં વધુમાં વધુ નુકસાન થયું હોય તો ગુજરાત સરકારમાં આજે થઇ રહ્યું છે એવી સ્થિતિ છે. મારે ખાસ એ વાત કરવી છે કે સરકારની જે યોજનાઓ આજે ચાલતી હોય, નર્મદા માટે મારે ફીગર વારેઘડીએ એટલા માટે કહેવા છે કે નર્મદા યોજનાની અંદર છેલ્લા પાંચ વર્ષમાં સરકાર જયારે સ્પષ્ટ કરતી હોય કે કેટલા કેટલા પૈસા વાપર્યા. આ સરકારના આંકડા છે અને સરકારનો વાર્ષિક કાર્યક્રમ છે, નર્મદાની વેબસાઇટ ઉપરથી મેં આ આંકડા લીધા છે. નીતિનભાઇ સાહેબ પૂછે નહીં એટલા માટે કહું છું. ૨૦૧૧-૧૨માં ૫૨ ટકા પૈસા વાપર્યા હતા. ૨૦૧૨-૧૩માં માત્ર ૭૦ ટકા, ૨૦૧૩-૧૪માં માત્ર ૫૧ ટકા પૈસા વાપર્યા હતા અને ૨૦૧૪-૧૫માં માત્ર ૫૭ ટકા પૈસા નર્મદા યોજનામાં વપરાયા છે. આ સરકારના આંકડા છે. તમે નર્મદા માટેની ચિંતા કરતા હો તો ખરેખર મને પણ એમ થાય કે નર્મદાની વાસ્તવિક ચિંતા આપ કરી રહ્યા છો. તેમાં જે વ્યાજ જાય છે તે આજની તારીખમાં ૨૫થી ૩૦ ટકા પૈસા વ્યાજમાં જતા રહે છે. કોઇ ગમે તે કહેતું હોય, ૨૦૦૮માં

ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં એમ કહ્યું હતું કે અમે નર્મદા યોજના પૂરી કરવાના છીએ. આજે સાત વર્ષ સુધી ગુજરાતના લોકોને, ખેડૂતોને નુકસાન કર્યું છે એ સૌથી મોટું નુકસાન કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એટલા માટે કહું છું કે કદાચ નહેરોના કામ ઝડપી કર્યા હોત અને નર્મદા યોજના મળી હોત તો શંકરભાઇ કહેતા હતા કે મારા વિસ્તારની અંદર ૧૦૦ કરોડમાંથી ૫૦૦ કરોડ થયા. એમ ગુજરાતની અંદર ૭ વર્ષમાં ગુજરાતના તમામ લોકો સુખી-સંપન્ન થયા હોત એવી સ્થિતિ થઇ ગઇ હોત.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણને કલ્પસર યોજના માટે એમ કહેવાનું મન થાય કે કાગળ ઉપર દર વખતે બજેટ ફાળવાય છે અને કહેવામાં આવે છે કે અમે નર્મદા જેવી એક મોટી યોજના કરવાના છીએ. ૨૦૧૧-૧૨થી માત્ર ૪૬ કરોડ રૂપિયા ફાળવ્યા હતા તેમાંથી ૧૦ ટકા પૈસા વાપર્યા છે. ૨૦૧૪-૧૫માં ૫૩ કરોડમાંથી માત્ર ૧૨ કરોડ રૂપિયા વાપર્યા છે. આપણે દર વખતે બજેટમાં વાત કરીએ છીએ. એ યોજના માટે મોટી મોટી જાહેરાત કરીએ છીએ પણ આજે પણ કલ્પસર યોજના માટે કશો જ વિકાસ આપણે કરતા નથી. તો આ બાબતે પણ સરકારે જાગૃત રહીને તેમાં કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિના કલ્યાણની જે યોજના આવે છે તેનું જે ફંડ છે તે પણ આજે વપરાતું નથી. ખાસ કરીને લઘુમતિ સમાજના. હું જે વિસ્તારમાંથી આવું છું, ૧૧૦ કરોડ રૂપિયા હતા તેમાંથી માત્ર ૧૯ કરોડ રૂપિયા વાપર્યા છે. એ સ્પષ્ટ બતાવે છે કે સરકાર લઘુમતિ સમાજ માટે કઇ પરિસ્થિતિથી જૂએ છે. જે બજેટ છે એ પણ આપણે વાપરી શકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા મતવિસ્તાર માટે કહેવું છે કે આ સરકારમાં સરસ્વતી નદી માટે કરોડો રૂપિયા ખર્ચ કરીને આપણે અનેક લોકોને ભેગા કર્યા. ત્યાં આગળ મોટા મોટા ફંક્શનો કર્યા. આજે સાત-આઠ વર્ષ થયા, સરસ્વતી નદીમાં પાણી નથી. મારે પૂછવું છે કે, આપણે સરસ્વતી નદીને મા તરીકે બોલાવીએ છીએ અને એમ કહીએ છીએ કે, એમાં ગંગા, જમના અને સરસ્વતી મળવાની હતી. ત્યાં આજે લોકો ક્રિકેટ રમે એવી સ્થિતિ છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન પટેલના નેતૃત્વ નીચે માનનીય નાણામંત્રી સૌરભભાઇ પટેલ બજેટ લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સોશિયો ઇકોનોમીના ૨૦૧૨-૧૩ના સરવેની અંદર ગુજરાતમાં માથાદીઠ આવક રૂ.૯૩,૦૪૩/- હતી, ૨૦૧૩-૧૪માં રૂ.૧,૦૬,૮૩૧/- થઇ છે. એટલે કે ૧૪.૦૮ ટકાનો વધારો થયો છે. હમણાં માનનીય બલવંતસિંહ કહેતા હતા કે, વૃદ્ધિ દર ઘટી ગયો છે. તો પછી માથાદીઠ આવકમાં ૧૪.૦૮ ટકાનો વધારો કેવી રીતે થયો? આ પણ ઓફિશિયલ ફિગર છે. ફકત વિકાસ જરૂરી નથી એની સાથોસાથ સામાજીક ન્યાય પણ એટલો જ જરૂરી છે. મુખ્યમંત્રીશ્રી મહિલા હોવાના કારણે ખૂબ સંવેદનશીલ છે અને સામાજીક ન્યાયની અંદર બજેટની સારી એવી ફાળવણી કરી છે. આજે આપણા ગુજરાતની અંદર વનબંધુ યોજના દાખલ કરી છે. ૨૦૦૭ની અંદર આ યોજના દાખલ કરી ત્યારે રૂ.૧૫,૦૦૦/- કરોડની ફાળવણી કરેલી. એની અંદર પાંચ વર્ષમાં રૂ.૧૫,૦૦૦/-ની સામે રૂ.૧૭,૫૦૦/- કરોડનો ખર્ચ થયો છે. મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૧૨થી ૨૦૧૯ માટે રાજ્ય સરકારે રૂ.૪૦,૦૦૦/- કરોડની ફાળવણી કરવાનું આયોજન કર્યું છે. સમગ્ર દેશની અંદર ગુજરાત જ એક માત્ર એવું રાજ્ય છે કે, જેણે પોતે વનબંધુ કાર્યક્રમ અંતર્ગત ૧૦ જેટલા મુદ્દા છે એના ઉપર ભાર મૂકીને ૫ લાખ આદિવાસી કુટુંબોને રોજગારી મળે, એની આવક છે એ બમણી થાય, ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે, ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય એના માટે આયોજન કર્યું છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે, સમગ્ર ગુજરાતની અંદર કોઇપણ આદિવાસી તાલુકો એવો નથી કે જ્યાં આગળ આઇ.ટી.આઇ. આવેલ ન હોય. ઉચ્ચ શિક્ષણની અંદર ૭ જેટલી નર્સીંગ કોલેજ આવેલ છે અને હોમીયોપેથી કોલેજો બની છે, બધાને પાણી મળે સાથોસાથ સૌને આરોગ્યની સુવિધા મળે, સૌને ઘર મળે, સિંચાઇની સુવિધા મળે, બારમાસી રસ્તાઓની સુવિધા મળે એના માટેનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૪ જેટલી સામાજીક સેવાઓમાં વૃદ્ધિ થાય, આર્થિક વિકાસ વેગવંતો બને એ માટેની કાર્યવાહી કરવામાં આવી છે.

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્ય સરકાર તરફથી અનુસૂચિત જાતિ માટે ૨૦૧૫-૧૬ની અંદર રૂ.૭૯૭/- કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એમાં રૂ.૬૯૮/- કરોડ ચાલુ યોજનાઓ માટે છે અને રૂ.૯૯/- કરોડ નવી યોજનાઓ માટે આપવામાં આવેલ છે. અગાઉ ઘણા બધા વક્તાઓએ વાત કરી. આખા બજેટનો અભ્યાસ કરીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે, ૪૮.૫૩ ટકા રકમ સામાજીક ન્યાય માટે ફાળવવામાં આવી છે. આ ક્ષેત્રમાં અગાઉની સરકારોએ ધ્યાન આપ્યું નથી અને એટલા માટે ૪૮ ટકા જેટલી રકમ સામાજીક ન્યાય માટે આપવામાં આવી રહી છે. શિક્ષણમાં પ્લાન, નોન પ્લાન માટે રૂ.૨૨,૭૮૭/- કરોડની ફાળવણી કરી છે. મને લાગે છે કે, સૌથી વધુમાં વધુ રકમ ૨૦૧૫-૧૬ના વર્ષમાં શિક્ષણ માટે ફાળવવામાં આવી છે. એવી જ રીતે આરોગ્ય માટે પણ ૭૮૨૧ કરોડની રકમ પ્લાન અને નોનપ્લાન સદરે ફાળવવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારની અંદર જે વિકાસના તાલુકા છે એ તાલુકાની અંદર દૂધ સંજીવની યોજના દાખલ કરવામાં આવી છે. આ સરકાર ગરીબો માટે, વંચિતો માટે કામ કરી રહી છે. નિરાધાર વિધવા પેન્સન નીચે ૧,૨૫,૦૦૦ વિધવા બહેનો માટે ૧૭૭ કરોડની ફાળવણી આગામી વર્ષના બજેટમાં સૂચવવામાં આવી છે. એવી રીતે વૃદ્ધ પેન્સન માટે ૫,૫૫,૦૦૦ વૃદ્ધોને માટે ૨૮૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જે વિકલાંગ ભાઇઓ છે એના માટેની જે પેન્સન યોજના છે એમાં ૫૦,૦૦૦ લાભાર્થીઓ માટે ૨૮ કરોડની જોગવાઇની ફાળવણી કરવામાં આવી છે. મને કહેતા આનંદ થાય છે કે પહેલી વખત રાજ્યની અંદર અસંગઠિત કામદારો છે એના માટે પેન્સન યોજના અંતર્ગત એક હજાર રૂપિયા લાભાર્થી પોતે ફાળો આપશે, એક હજાર રૂપિયા ભારત સરકાર આપશે અને રાજ્ય સરકાર ૧૫૦૦ રુપિયા પોતાનો ફાળો આપશે. આ યોજના નીચે એક લાખ જેટલી આંગણવાડીની બહેનો, પાંચ લાખ જેટલા શ્રમજીવીઓ, કુટિર ઉદ્યોગમાં નોંધાયેલા કારીગરો તેમજ ત્રણ લાખ જેટલી આપણી જે સ્વસહાય જૂથની મહિલાઓ છે એના માટે આ જોગવાઇ કરવામાં આવી છે. જાહેર વિતરણ વ્યવસ્થાની અંદર ૨૬.૨૪ લાખ જેટલા બી.પી.એલ. તથા ૭.૭૭ લાખ જેટલા અંત્યોદય કુટુંબો માટે ૨૧૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આજે ઘણા મિત્રો એમ કહે છે કે આદિવાસી વિસ્તારની અંદર ભારત સરકારે જે ફોરેસ્ટ રાઇટ એકટ બનાવેલો એની કામગીરી થઇ નથી. ફોરેસ્ટ રાઇટ એકટ નીચે ૭૩૦૨૯ એસ.ટી. કુટુંબોને ૧૦.૯૭ લાખ એકર જમીનની માન્યતા આપવામાં આવેલી છે. આજે રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ઓ.બી.સી., એસ.સી. અને ટ્રાયબલ વિભાગ મારફતે ૧ લાખ ૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે મફત રહેવા જમવા માટે વ્યવસ્થા કરવામાં આવેલી છે. ઓબીસી માટે પણ ૮૮૯ કરોડનું બજેટ અને એસ.સી. માટે ૭૯૯ કરોડનું બજેટ સૂચવવામાં આવ્યું છે.

રાજ્ય સરકારે મહિલાઓના કલ્યાણ માટે પણ ધ્યાન આપ્યું છે. આજે રાજયની અંદર ૧૩૨ સ્કીમો એવી છે કે જેના દ્વારા મહિલાઓને ૨૦૭૫ કરોડનો સીધો લાભ મળનાર છે, આ ઉપરાંત ૪૬૧ જેટલી સ્કીમોની અંદર અન્ય લોકો સાથે મહિલાઓને લાભ મળવાના છે. શહેરી વિસ્તારના જે ગરીબો છે એમના માટે શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના દાખલ કરવામાં આવી છે. રાજ્ય સરકારે નકકી કર્યુ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલિટીમાં જે કોઇ મહેસૂલી આવક થાય એના ૨૦ ટકા રકમ શહેરી ગરીબો માટે રાખવાનું નકકી કર્યુ છે. આજે ૨૦૧૨ થી ૨૦૧૭ માટે ૨૫ હજાર કરોડ રૂપિયા શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના માટે ફાળવવાનું અને અત્યાર સુધીમાં ૩૨ લાખ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. સામાજિક ન્યાયના ક્ષેત્રમાં ગરીબ કલ્યાણ મેળા છે એ સીમાચિન્હ પગલું છે. રાજયની અંદર વચેટીયાઓ નાબૂદ થાય અને સીધો લાભ લોકોને મળે એના માટે છ તબકકાની અંદર ૧૨૨૫ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન થયું. ૧૩૩૮૯ કરોડ રૂપિયાની સહાય ૮૯ લાખ લોકોને ઉપલબ્ધ કરવામાં આવી છે અને ચાલુ વર્ષે સાતમા તબકકાની અંદર ૧૧૭ મેળામાં ૧૦ લાખ લાભાર્થીઓને ૧૩૮૩ કરોડની સહાય આપવામાં આવી છે. આવા ક્ષેત્ર જે છે શહેરી ગરીબો હોય કે ગ્રામિણ ગરીબો હોય એના માટે આવાસની યોજના ખૂબ મહત્વની છે. મને કહેતા આનંદ થાય છે કે સરદાર આવાસ યોજના જેની અંદર એક નયો પૈસો પણ ભારત સરકારનો નથી આ રાજ્ય સરકારની યોજના છે, એ રાજ્ય સરકારની યોજના સો ટકાના ખર્ચે ૭ લાખ ૯૫ હજાર આવાસો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે જે પૈકી ૭૩૨૭૬ અનુસૂચિત જાતિના અને ૨,૭૦,૨૪૭ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકારે સરદાર આવાસ ફેઝ-૨ની અંદર ૨૧ થી ૨૮ના જે એ.પી.એલ. હોય એના માટે પણ ૧,૩૭,૦૦૦ મકાનો આવાસ માટે મંજૂર કર્યા છે. ૪૭ કરોડનો ખર્ચ કર્યો છે અને વર્ષ ૨૦૧૫-૧૬માં ૬૧૬ કરોડની ફાળવણી

આ ગ્રામીણ આવાસો, સરદાર આવાસો માટે કરવામાં આવી છે. એ જ રીતે ઇન્દિરા આવાસમાં રાજ્ય સરકાર જે પોતાનો હિસ્સો આપવાની છે એના માટે ૨૫૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી ગરીબો માટે પણ આવાસ યોજના ખૂબ મહત્વની છે અને મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના નીચે ૪.૬૦ લાખ મકાનોનું આયોજન કરવામાં આવ્યું છે. આમાંથી ૨ લાખ મકાનો પૂર્ણ થઇ ગયા છે, ૧ લાખ મકાનો અત્યારે પ્રગતિમાં છે અને ૨૦૧૫-૧૬માં ૨ લાખ મકાનો માટે ૧૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સ્લમ રીહેબિલિટેશન યોજના નીચે પી.પી.પી.ના ધોરણે ૫૦ હજાર જેટલા મકાનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મુખ્યમંત્રીશ્રી સ્કોલરશીપ યોજના માટે એક હજાર કરોડનું કોર્પસ ફંડ ઉભું કરવાનું છે એના માટે ૨૦૧૫-૧૬માં ૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ હોય, અનુસૂચિત જનજાતિ હોય, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ હોય અને આર્થિક રીતે પછાત લોકો હોય એ તમામ કુટુંબો માટે રાજ્ય સરકારે ઉત્તરોત્તર વધારો કર્યો છે. એ માટે માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ અને આપણા લોકપ્રિય સૌરભભાઇ પટેલને લાખ લાખ અભિનંદન આપું છું.

**શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર (પશ્ચિમ) :** માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારના ઉર્જાવાન નાણામંત્રી આદરણીયશ્રી સૌરભભાઇ પટેલ સને ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના પહેલાં માનનીય ગણપતભાઇ અધ્યક્ષપદ શોભાવતા હતા ત્યારે સભ્યશ્રી પિયુષભાઇએ વાત કરી કે અમે આગળ એમને નડીએ છીએ. એનું પ્રોટેકશન માગ્યું ત્યારે કહેવું છે કે હમણાં શક્તિસિંહ આગળ બેસે છે. માનસિંહભાઇની જગ્યાએ એમનું સ્થાન હતું એ કેવી રીતે લીધું, કેવી રીતે ગયું મારે એમાં પડવું નથી. પણ આપ અમને પાછળ જવાનું કહેશો તો ખુશીથી પાછળ બેસીશું. કારણ કે સભ્યશ્રીને પ્રશ્ન ન થાય. કારણ કે સીધું દેખાય છે કે પૂજ્ય આદરણીય બાપુ બોલતા હતા ત્યારે વિપક્ષના લોકો ઓછી પાટલી થપથપાવતા હતા અને શક્તિસિંહ બોલે ત્યારે વધારે પાટલી થપથપાવે એટલે સમજી શકાય આગળ પાછળ બેસવાનું. આ બજેટમાં ઘણા બધા કામો એ સમગ્ર ગુજરાત અને મારા જિલ્લાના આદરણીય નાણામંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે અક ખૂબ જ મોટું અને ચિરકાળ સુધી યાદ રહે એવું મારા જિલ્લાનું એક કામ લઇને આવ્યા છે. ભાવનગર વાયા ધોલેરા-અમદાવાદના શોર્ટ રૂટને ફોર ટ્રેક કરવાનું આયોજન નાણામંત્રીશ્રી લાવ્યા છે ત્યારે આ વિસ્તારના લોકો, જુનાગઢ અને અમરેલીનો કેટલોક ભાગ અહીંથી ચાલે ત્યારે લોકોની ખૂબ લાગણી હતી અને અવાર નવાર અમે માનનીય મુખ્યમંત્રીશ્રી, વાહન વ્યવહાર મંત્રીશ્રી નીતિનભાઇ અને નાણામંત્રીશ્રી સૌરભભાઇને રજૂઆત કરી અને એમણે આમાં સમાવેશ કર્યો છે. હું ભાવનગરની જનતા વતી માનનીય મુખ્યમંત્રીશ્રી, વાહનવ્યવહાર મંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાયાનું શિક્ષણ એવા પ્રાથમિક શિક્ષણ વિશે મારે થોડું કહેવું છે. આ બજેટમાં માત્ર પ્રાથમિક શિક્ષણ માટે ૩૦૦૫ કરોડ રૂપિયા અને કુલ શિક્ષણનું બજેટ રૂપિયા ૨૨,૭૮૭ કરોડનું લઇને આવ્યા છે ત્યારે મારે ધ્યાન દોરવું છે કે ક્યાં કોંગ્રેસનું એક વખતનું સમગ્ર ગુજરાતનું માંડ ૪ હજાર કરોડ રૂપિયાનું બજેટ અને માત્ર પ્રાથમિક શિક્ષણમાં ૩૦૦૫ કરોડ રૂપિયાનું બજેટ આ સરકાર લઇને આવી છે ત્યારે આ બધું કરવું હોય તો પાયામાંથી વિચાર કરવો પડે. મતોની રાજનીતિથી ઉપર ઉઠવું પડે. ભારતીય જનતા પાર્ટીના જે તે વખતના મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ, આનંદીબેન અને આ સરકારે વિચાર કર્યો અને ભૂપેન્દ્રસિંહે એમાં એમનું નેતૃત્વ પૂરું પાડ્યું. આને પૂર્ણ સફળતા મળી કહેવાય. ફરી વખત કહીશ આને પૂર્ણ સફળતા મળી કહેવાય. આ સરકારને હું દિલથી નવાજું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બજેટની અનેક બાબતો અહીંયાથી થઇ છે ત્યારે વિપક્ષના સભ્યો અનેક ટીકાઓ કરે છે ત્યારે મારે કહેવું છે કે મગજ અને છત્રી બંને ખુલ્લાં હોય તો જ કામ લાગે. બંધ હોય તો એ કામ ના લાગે. એટલે એમને બંધ જ રાખવું હોય તો ગુજરાતનું જે એમના શાસનમાં થયું છે એ કરવા માગતા હોય તો ભાજપના શાસનમાં ક્યારેય થવાનું નથી. કારણ કે, ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. પછાત વર્ગો હોય એમાં ૧૧૩ કરોડ રૂપિયા, ગરીબ વર્ગના બાળકોને ખાનગી પ્રાથમિક શાળામાં વિનામૂલ્યે શિક્ષણ મળે તે હેતુથી બાળકદીઠ વર્ષે ૧૦,૦૦૦ સુધીની સહાયનું ધોરણ, ૪૩,૦૦૦ બાળકોને ગણવેશ, બૂટ, સ્કુલબેગ અને આનુષાંગિક સવલત

માટે વિદ્યાર્થીદીઠ ૩૦૦૦ રૂપિયાની સહાય પેટે ૫૨.૮૨ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં લાવ્યાં છે ત્યારે હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સર્વશિક્ષા અભિયાનમાં ૧૫૦૫ કરોડ રૂપિયાથી પણ વધારે વર્ગખંડો શરૂ કરવા, પીવાનું પાણી, ટોયલેટ બ્લોક અને કમ્પાઉન્ડ વોલના બાંધકામ માટે સમારકામની જોગવાઇ માટે ૮૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ આ બજેટમાં કરી છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વારંવાર વાત થતી હોય છે કે, અહીંયા આ ખાલી છે, અહીંયા તે ખાલી છે તેવી વાતો કરો છો ત્યારે મારે વિપક્ષના લોકોને કહેવું છે કે સરકારી શાળામાં હું પણ ભણ્યો છું. અહીંથી ઘણાં બધા લોકો કોંગ્રેસના શાસનમાં સરકારી શાળામાં જ ભણ્યાં હશે ત્યારે પાંચ કે છ વર્ગો હોય. અહીંથી અમારા આદરણીય મંત્રીશ્રી શંકરભાઇએ સાચી વાત કરી છે કે– બે–ત્રણ શિક્ષકો હોય, એકને વાંચવા આપે, એકને લખવા આપે, એકને રમવા આપે, એકને રજા આપે આ સ્થિતિની અંદર એના શાસનમાં આ બધું ચાલ્યું છે ત્યારે મારે કહેવું છે કે, વરસાદ આવે ત્યારે રજા આપી દેવાની, સીધું નળિયામાંથી પાણી જ પડતું હોય. પાકા મકાનો, જરૂરિયાત મુજબના ઓરડાઓ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે, આનંદીબેનની સરકારે, નરેન્દ્રભાઇની સરકારે, ભુપેન્દ્રસિંહે પૂરા પાડ્યાં છે ત્યારે હું એમને અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, ઓન રેકર્ડ મારે એક અહીંયા વાત કરવી છે કે, પૂજ્ય મોરારીબાપુ પ્રખર રામાયમણી પક્ષાપક્ષીથી ઉપર એવા મહાન વિશ્વવંત સંતે આજથી સાત–આઠ વર્ષ પહેલા ટાણા ગામની અંદર શિહોર તાલુકાનું મારા જિલ્લાનું ગામ છે. એક સ્કુલના કાર્યક્રમમાં અમે બંને ભેગા થયા હતા. સાર્વજનિક રીતે એમણે જાહેરમાં કરેલી વાત છે. એમણે ત્યારે કહ્યું હતું કે, ગુજરાતની શાળાઓ બીજા રાજ્યોની કોલેજોથી પણ ઉપર છે આવી સ્થિતિ આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ સ્તરે બાળક ભણતું હોય તો એનું માનસિક સ્તર કેવું હશે? એને ઉંચું આવવાનું પણ એ વખતના શાસકોએ તો શું એમનું તરભાણું મતોથી ભરાય છે એટલે બસ. એમણે તો આગળ વિચારવાનું હતું નહિ. પછી અહીંથી સલાહો આપે છે ત્યારે મને કહેવાનું મન થાય (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : જીતુભાઇ, જગ્યા ખાલી રાખો ભલે બધાને ખબર ના પડે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : •(xxx) એવો ઠાઠ થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કંપેરીઝન પણ થોડી કરવી છે. અહીંયા અવાર નવાર વાતો કરે છે ત્યારે મારે કહેવું છે કે ૧૯૬૧થી (અંતરાય) કાંઇ વાંધો નહિ, માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઇ કાઢી નાંખજો.

ઉપાધ્યક્ષશ્રી : તમારા બિનસંસદીય શબ્દો રેકર્ડ પરથી દૂર થશે. (અંતરાય) શૈલેષભાઇ બેસો આપ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૧ થી ૨૦૦૧ કમ્પાઉન્ડ વોલની પ્રાથમિક શાળાની સ્થિતિ માત્ર ૧૦,૨૯૨ જ્યારે ૨૦૦૧થી ૨૦૧૪ની અંદર માનનીય શૈલેષભાઇ, સાંભળો ૨૯૦૧૦ તમારા ત્રણ દાયકા અને ભારતીય જનતા પાર્ટીનો એક દાયકો પ્રાથમિક શિક્ષણમાં આ અનેરું કામ છે, આને કહેવાય **'સૌનો સાથ સૌનો વિકાસ'** પીવાનું પાણી ના હોય વિદ્યાર્થીઓ માટે ૧૯૬૧ થી ૨૦૦૧ એટલે ૧૯૯૫થી અમારી સરકાર અને એમના રાજપાના શાસનને બાદ કરતા ૧૯૬૧ થી ૨૦૦૧ની અંદર માત્ર શુદ્ધ પીવાનું પાણી ૧૦,૧૮૪ શાળાઓમાં હતું અને એની સામે ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીમાં ૩૩,૬૨૪ શાળાઓને શુદ્ધ પીવાનું પાણી એ ભારતીય જનતા પાર્ટી આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શરમથી માથુ ઝૂકી જાય એવી પરિસ્થિતી, પાયાના શિક્ષણમાં કોંગ્રેસના શાસનમાં થઇ છે. ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં શાળાઓમાં શૌચાલયો ન હોય. આ પાટલીએ બેઠા હતા, આ પાટલીએ બેઠા હતા, અમે આ કર્યું, અમે આ કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, હું તો પાટલી ગોતું છું કે, એ પાટલીએ કેવા બેઠા કે હજી વીસ વર્ષ સુધી, ત્રીસ વર્ષ સુધી એ બહાર જ રહ્યા છે. એ પાટલી મળે તો જોવું છે કે, એમણે શું કર્યું છે? ત્યારે ૨૦૦૧થી ૨૦૧૪માં ૮૬,૭૬૯ શાળાઓમાં બહેનો અને બાળકો, વિદ્યાર્થીઓની અલગ શૌચાલયની વ્યવસ્તથા કરી છે ત્યારે અહીંથી વિરોધપક્ષના નેતા કહેતા હતા કે, સૌનો સાથ સૌનો વિકાસ. માનનીય અધ્યક્ષશ્રી, બરાક ઓબામાએ જ્યારે શ્રી નરેન્દ્રભાઇને વીઝા ન આપ્યા ત્યારે એ રાજી થતા હતા, અમેરિકાએ આવું કર્યું. અને એજ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ કહ્યું કે, સૌનો સાથ, સૌનો વિકાસ...

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મોહનસિંહ રાઠવા.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૫-૧૬નું બજેટ ૭૯,૨૯૫ કરોડ અને ૧૧ લાખનું લઇને આવ્યા છે તેમાં મારા વિચારો હું રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ૧લી મે, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રમાંથી અલગ પડીને ગુજરાતનું રાજ્ય બન્યું. અત્યાર સુધી ગુજરાતમાં અનેક મુખ્યમંત્રીઓ થઇ ગયા. ગુજરાત રાજ્યમાં જે કોઇ વિકાસ આજ સુધી થયો છે તે જે જે કોઇ સરકારો ગુજરાતમાં આવી એ તમામ સરકારોએ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, તે વખતની પરિસ્થતિ, ૧૯૬૦ની પરિસ્થિતિનો વિચાર કરીએ તો ૧ કરોડ અને ૬૦ લાખ જેવી ગુજરાતની વસતિ હતી. તે વખતે આના, બે આના, ત્રણ આના, ચાર આના. એમાં એ ચ્હા મળતી હતી એક આનામાં, એક રૂપિયામાં ડિઝલ મળે, દોઢ રૂપિયામાં પેટ્રોલ મળે, ૮૦ રૂપિયે એક તોલો સોનું મળે, એવી પરિસ્થિતિમાં ગુજરાત સરકારના પ્રથમ મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા, ડો.જીવરાજભાઇ મહેતા, શ્રી હિતેન્દ્રભાઇ દેસાઇ એવા અનેક માજી મુખ્યમંત્રીશ્રીઓ થઇ ગયા અને તે વખતે ગુજરાત માટે આપણે આજે એમ કહીએ, અહીંયા પણ એમ કહેવામાં આવ્યું છે કે, કિસાનની ઉન્નતી એ રાજ્યની પ્રગતિ. એ કિસાનની ઉન્નતિમાં રાજ્યની પ્રગતિમાં પહેલાંમાં પહેલા ઉકાઇ ડેમની શરૂઆત થઇ, ૧૯૬૦માં એનો પાયો નખાયો અને એનું ઉદ્ઘાટન થયું હતું અને બે તાલુકાના ૪૦૦ જેટલા ગામો ઉકાઇ ડેમમાં ડૂબાણમાં ગયા અને એ ઉકાઇનો બંધ બંધાવવાથી આખો સુરત અને વલસાડ જિલ્લાનાં અનેક ગામોના ખેડૂતોની ખેતીમાં ક્રાંતિ થઇ અને એના કારણે ખેડૂતો અદ્યતન પદ્ધતિની ખેતી કરવા લાગ્યા. એવી જ રીતે દમણ-ગંગા, દમણગંગાનો બંધ પણ જે તે વખતે એમના પછીના મુખ્યમંત્રીઓના સમયમાં જ બંધાયો. એ પૂરો થયા બાદ કેટલાક ડેમો જે બનાવવામાં આવ્યા એ ડેમોમાં ઉકાઇ, દમણ-ગંગા, કરજણ, રામી, સુખી સિંચાઇ યોજના, દેવ સિંચાઇ યોજના, માછળનાળા સિંચાઇ યોજના, પાનમ ડેમ, કડાણા, ધરોઇ, હડફ, કબુતરી, વનજ, હાથમતી, ઇન્દ્રાશી, મેશ્વો, વૈઠી, માઝુમ, મહિ, ગુહાઇ, વાત્રક આ તમામ બંધો ૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થયા પછી ગુજરાતમાં જે તે વખતની સરકારોએ બાંધેલા અને આ પૂર્વ પટ્ટીના લગભગ ૪૩ તાલુકાના ૫૮૮૪ જેટલા ગામના જેમની જમીન ગઇ એ તમામ આદિવાસી ખેડૂતો હતા. આદિવાસી ખેડૂતોની આ જમીનો જે જે ડેમો બંધાયા તેમાં ગઇ અને તેમને વળતર બિલકુલ ઓછું મળ્યું. છતાંપણ એક રાજયના હિત માટે, ખેડૂતોની પ્રગતિ માટે આદિવાસી વિસ્તારના ખેડૂતોએ પોતાની જમીનો આવા સિંચાઇ યોજનાના બંધોમાં આપીને તે વખતે લગભગ ૧૭૧ જેટલા બંધો તે વખતની સરકારમાં ગુજરાતમાં બંધાયા અને ૨૨-૨૩ ટકા સિંચાઇ આ ગુજરાતમાં વધી. એટલે આજે માની લો કે નર્મદા યોજનાનો બંધ એ ૧૯૬૧માં માનનીય જવાહરલાલ નહેરૂજીના હસ્તે એનું ખાતમૂહૂર્ત કરવામાં આવેલું. પરંતુ એ બંધ બાંધવા માટે પણ સ્વર્ગસ્થ અમરસિંહભાઇ ચૌધરી, સ્વ. ચિમનભાઇ પટેલ, સ્વ. માધવસિંહ સોલંકી એ ત્રણેય મુખ્યમંત્રીએ ભેગા થઇને આ કોઇપણ ભોગે (અંતરાય) બાબુભાઇ જશભાઇ પટેલ, સાહેબ એમ તો આપણે આ બેઠા છીએ એ પણ બાબુભાઇ જશભાઇ પટેલની જ દેન છે. આ ગાંધીનગર બન્યું એ પણ બાબુભાઇ જશભાઇ પટેલની જ દેન છે એટલે બાબુભાઇ જશભાઇ પટેલ અને બધા લોકો ભેગા મળીને આ જે સરદાર સરોવર બંધનો પાયો નખાયો તે વખતે કેટલાક લોકો આ બંધ નહીં બંધાવા માટે બાબા આમ્ટે અને એ બધા લોકોએ આનો વિરોધ કરેલો. એની સામે અમે ૩૩ દિવસ સુધી આંદોલન ફેર કુવામાં કરેલું. એ મેઘા પાટકર અને ડો. બાબા આમ્ટેના વિરોધની સામે છોટાઉદેપુર તાલુકાના ફેરકુવા ગામે સતત ૩૩ દિવસ સુધી ખાધા પીધા વગર અમે પણ આંદોલન કરેલું. અને તેને કારણે ફકત ૮૫ મીટરનો આ બંધ સ્વ. ચિમનભાઇ, અમરસિંહભાઇ, આ બધાને કારણે બંધાયો અને તે વખતે મેઇન કેનાલ, વિશાખા, પ્રશાખા અને વાયા વિરમગામ સુધી આ ડેમ પૂરો કરેલો. એટલે મને ઘણી વખત એમ થાય છે કે તે વખતે અમને કોઇ પ્રવેશ મહોત્સવ કે બીજા મહોત્સવ કાંઇ હતું જ નહીં છતાંપણ અમે ગમે તેમ કરીને શિક્ષણ પ્રાપ્ત કર્યું. જે વિસ્તારમાં કોલેજો નહોતી તે વિસ્તાર પાવી જેતપુર, છોટાઉદેપુર, ડભોઇ, દેવગઢબારીયા હોય આ તમામ તાલુકાઓમાં કોલેજોની સ્થાપના તે વખતે જી.એસ.એફ.સી. અને બીજા અનેક જુદાજુદા ઉદ્યોગો પણ ગુજરાતમાં સ્થપાયા અને તેના કારણે ગુજરાત આજે નંદનવન બન્યુ છે. માની લો કે અનેક માનનીય નાણામંત્રીશ્રીઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીઓ જે દર વખતે નવા નવા બજેટ લાવે છે પણ અમારા વખતે આવો કોઇ વેટ નહોતો. ખાતર ઉપર વેટ, ડિઝલ ઉપર વેટ, પેટ્રોલ ઉપર

વેટ, વેપારીઓ કોઇપણ ધંધો કરે તેના ઉપર વેટ એટલે વેટની કિંમત જો ગણીએ તો ૪૯૮૦૦ કરોડ જેવી વેટની આવક દર વર્ષે થાય છે અને બીજી વેટ સિવાયની વધારાની જે અન્ય આવક છે એ ૧૮૬૧૬, ૪૬ લાખ રૂપિયા જેવી થાય છે એટલે અમારા વખતે વીજળી ઉપર વેટ નહોતો. રાસાયણિક ખાતર ઉપર વેટ નહોતો. ડીઝલ, પેટ્રોલ ઉપર વેટ નહોતો. ગુજરાતના વેપારીઓ ઉપર વેટ નહોતો. અત્યારે કુલ મળીને ૬૮૪૧૬.૪૬ લાખ રૂપિયાની કુલ આવક થાય છે. અમને એમ કહેવાય છે કે આદિવાસીઓનો સર્વાંગી વિકાસ, ૧૧ મી પંચવર્ષીય યોજના જે ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન પંદર હજાર કરોડને બદલે ૧૭,૮૭૦ કરોડ રૂપિયા વાપર્યા. ૪૦,૦૦૦ કરોડ ૨૦૧૨ થી ૨૦૧૭ ની પંચવર્ષીય યોજનામાં ૨૭,૦૦૦ કરોડ રૂપિયા વાપર્યા. એમ ૪૪,૮૭૦ કરોડ રૂપિયા, લગભગ ૫,૮૮૪ ગામો અને ૪૩ તાલુકામાં વપરાયા. તો ખરેખર એક ગામ પાછળ ૪ કરોડ ૮૦ લાખ રૂપિયા જેવો ખર્ચ થાય છે. એ રકમ આદિવાસી વિસ્તારના ૪૩ તાલુકાના ગામો પાછળ વપરાયા કે કેમ? તે વખતના બજેટ માની લો કે ૧૯૬૦ થી ૨૦૦૨ નું વાર્ષિક ૬,૬૫૦ કરોડનું હતું. આ વખતે બજેટ ઘણું મોટું છે. પરંતુ જે બજેટની રકમ વાપરવી જોઇએ તે વપરાતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કિશોરભાઇ કાનાણી.

શ્રી કિશોર શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ વર્ષ ૨૦૧૫-૧૬ નું અંદાજપત્ર આ ગૃહમાં રજૂ કર્યુ છે અને આ અંદાજપત્રની ચર્ચા આ ગૃહમાં અને આ ગૃહની બહાર થઇ રહી છે. કોઇએ અંદાજપત્રને વિકાસલક્ષી કહ્યું, કોઇએ સર્વલક્ષી કહ્યું, કોઇએ ખેડૂતલક્ષી તો કોઇએ ખેડૂત વિરોધી કહ્યું, કોઇએ અંદાજપત્રને આશા અપેક્ષા ઉપર પાણી ફેરવનારું કહ્યું તો કોઇએ દિશા દ્રષ્ટી વગરનું કહ્યું છે. પરંતુ આ અંદાજપત્રનું પ્રતિબિંબ મારી દ્રષ્ટીએ હું જોઉં તો નાણામંત્રીશ્રીના પ્રવચનની ફક્ત દોઢ લીટીમાં આ પ્રતિબિંબ દેખાય છે. નાણામંત્રીશ્રીએ એના પ્રવચનમાં વાત કરી છે કે વિકાસ છેવટે સમાજના દરેક વ્યકિતના સુખાકારી અને કલ્યાણ માટે હોય છે. અને તે વિચાર લઇને અમારી સરકારે દરેક નિર્ણયને કેન્દ્રસ્થાને રાખ્યો છે. આ અંદાજપત્રમાં તમામ ક્ષેત્રનું કેન્દ્ર બિંદુ એ વિકાસ છે. આ બજેટના વખાણ હું ભારતીય જનતા પાર્ટીની સરકાર છે, નાણા મંત્રી ભારતીય જનતા પાર્ટીના છે અને હું ચૂંટાયેલો ધારાસભ્ય ભારતીય જનતા પાર્ટીનો છું એટલે કરું છું એવું નથી. પરંતુ કોઇ વ્યક્તિ વિકાસને સ્વીકારે કે ન સ્વીકારે, કોઇ વ્યકિતને પોતાના વ્યકિતત્વને આનો અહેસાસ, અનુભવ થયો હોય કે ન થયો હોય, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલ વિકાસની વાત, કરેલો વિકાસ, એનો ગુજરાતની જનતાને અહેસાસ થયો છે અને અનુભૂતિ કરી છે, અનુભવ કર્યો છે. અને લોકોને થયેલ વિકાસનો અહેસાસ અને અનુભવની વાત હું કરવા માગું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર જે બોલે છે તે કરી બતાવે છે. પછી ચૂંટણીમાં આપેલ વચન હોય કે અંદાજપત્રમાં કરેલી વાત. ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણીમાં શહેરમાં રહેતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે પાકા મકાન મળે તેની વાત કરી હતી અને વચનો પાળવા માટે ભારતીય જનતા પાર્ટી અને તેની સરકારે પ્રમાણિકપણે પૂરા પ્રયત્ન કર્યા છે અને એના ભાગરૂપે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વ્યાજબી ભાવે મકાનો મળે તેવા ઉમદા હેતુથી નાણા મંત્રીશ્રીએ, મુખ્યમંત્રીશ્રી ગૃહ યોજના હેઠળ ૧૧૦૦ કરોડની જોગવાઇ કરી. આગામી વર્ષમાં ૨ લાખ નવા મકાનો બનાવવાનું આયોજન કર્યુ છે. અમારા સુરતમાં એક પોશ વિસ્તાર પાલ છે. આ પાલ એવો પોશ વિસ્તાર છે, ત્યાં આગળ વી.આઇ.પી. રોડ છે. આ વિસ્તારનો એક વી.આઇ.પી. રોડ છે. ત્યાં જો માણસને મકાન કરવું હોય, નાનામાં નાનું મકાન લેવું હોય તો પણ એક કરોડ રૂપિયા જોઇએ. આ પોશ વિસ્તારની અંદર આ વી.આઇ.પી. રોડ ઉપર સરકારની એલ.આઇ.જી.ની યોજનાની અંદર મકાનો બન્યા છે. આ મકાનો તૈયાર પણ થયા છે અને તેનો ડ્રો પણ થઇ ગયો છે. સુરતની અંદર હીરાની મજુરી કરતા રત્ન કલાકાર ભાઇઓએ અથવા તો બીજા કોઇપણ ઉદ્યોગમાં કામ કરતા કામદારોએ આ એલ.આઇ.જી. યોજના અંતર્ગત ફોર્મ ભર્યા છે. આ એલ.આઇ.જી. યોજનાની અંદર મજૂરીકામ કરતા કામદારો, ભાડાના મકાનમાં રહેતા કામદારોને જયારે આ મકાનો મળ્યા, સાત લાખ રૂપિયાની અંદર મજુરીકામ કરતો કામદાર એક કરોડના ઘરના માલિક બન્યો છે. એક કરોડના ઘરનો માલિક બન્યો છે. સાત લાખ રૂપિયામાં એક કરોડના ઘરનો માલિક બન્યો છે. મજુરીકામ કરતો કામદાર, ભાડાના મકાનમાં રહેતો કામદાર રાતોરાત કરોડપતિ તો થઇ ગયો છે પણ વી.આઇ.પી. પણ બની ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા ત્યાં પ્રભુતા. સ્વચ્છ ભારતનું સ્વપ્ન મહાત્માં ગાંધીજીનું હતું. આ સ્વપ્નપૂરું કરવા માટે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ સંકલ્પ કર્યો છે. તેના ભાગરૂપે નાના બાળકો સ્વચ્છતાનો પાઠ ભણે, બાળકો સ્વચ્છતા અભિયાનમાં જોડાય, સ્વચ્છતા એ બાળકના જીવનનો મંત્ર બને, સ્વચ્છતા એ બાળકનાં સંસ્કાર બને તેના માટે ૫.૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ નાણા મંત્રીશ્રીએ આ બજેટમાં કરી છે. રાજયની ૩૨૭૭૨ પ્રાથમિક શાળાઓને સ્વચ્છતા જાળવવા માટે આજસુધી ૪૮૦૦ રૂપિયા વાર્ષિક મળતા હતા તેમાં વધારો કરી ૨૧૬૦૦ રૂપિયા પ્રતિવર્ષ કરવાનો નિર્ણય આ સરકારે લઇ ૭૦.૭૮ કરોડની જોગવાઇ નાણામંત્રીશ્રીએ કરી છે.

શ્રી શંભુજી એ. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વ નીચે નાણામંત્રી સૌરભભાઇ પટેલ ૨૦૧૫-૧૬નું જે બજેટ લઇને આવ્યા છે તેમાં કૃષિ વિશે ફાળવેલ બજેટ ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર એકબીજાનું પર્યાય અંગ છે. કૃષિ અને સિંચાઇ પણ એકબીજાનું પર્યાય અંગ છે ત્યારે જો કૃષિનો વિકાસ કરવો હોય તો સહકારી પ્રવૃત્તિને વેગ આપવો પડશે. કૃષિનો વિકાસ કરવો હશે તો સિંચાઇની યોજનાઓ કરવી પડશે. કૃષિ અને સહકાર વિભાગ માટે પ્લાન અને નોનપ્લાન હેઠળ કુલ જોગવાઇ ૪૮૭૮.૨૦ કરોડની કરવામાં આવી છે. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ કુલ જોગવાઇ ૬૦૧ કરોડની કરવામાં આવી છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર તે ખેડૂતોની સરકાર છે. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૦૫માં કૃષિ મહોત્સવનું આયોજન કર્યુ. ૨૦૦૫ થી સતત દસ વર્ષ સુધી કૃષિ મહોત્સવનું આયોજન થયેલ છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. માનનીય શંભુજી આપનું પ્રવચન ચાલુ રહેશે. આપની પાસે હજુ પાંચ મિનિટ છે.

(વિરામ ૪.૩૦ થી ૫.૦૦)

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી શંભુજી એ. ઠાકોર : (ક્રમશઃ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ મહોત્સવની વાત કરતો હતો તે વખતના માનનીય મુખ્યમંત્રી અને હાલના પી.એમ. આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ કૃષિ મહોત્સવ શરૂ કરેલો. પહેલા ખેડૂતો અખાત્રીજના દિવસથી નવા વર્ષની ખેતીનું મુહૂર્ત કરતા હતા એ ખેડૂતોને યાદગીરી અપાવવા માટે આ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું. દસ વર્ષ સુધી સતત ૪૫ ડિગ્રી તાપમાનમાં માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડીને મંત્રીશ્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યો અને સરકારના આઇ.એ.એસ. અધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકો આટલી ગરમીમાં ગામડે ગામડે જઇ અને ખેડૂતોને માર્ગદર્શન આપતા હતા અને આને લીધે ૨૦૦૦ અને ૨૦૦૧ની કૃષિની આવક ૧૬૦૦૦ કરોડ રૂપિયા હતી એ વધીને ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૧,૬૦,૦૦૦ કરોડ રૂપિયા થઇ છે. એનું જો કોઇ મુખ્ય કારણ હોય તો એ કૃષિ મહોત્સવ અને કૃષિ મહોત્સવમાં ખેડૂતોને મળેલ વૈજ્ઞાનિક પદ્ધતિ અને એ પદ્ધતિ મુજબ ખેડૂતોએ ખેતી કરી એને લીધે આ ખેડૂતોની કૃષિની આવક વધી છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કૃષિની વાત છે ત્યારે હું મારા ગાંધીનગર તાલુકાના મગોડી, લાટ, શ્રીપુરા કમ્પા અને ચંદ્રાલા ગામની કૃષિની વાત કરું તો નેટહાઉસ, ગ્રીનહાઉસ, ટપક સિંચાઇ, સૂક્ષ્મ પદ્ધતિથી આ ખેડૂતો જે પાક લે છે એ પાક જોવા માટે સમગ્ર ગુજરાતમાંથી અને ભારતમાંથી આ શ્રીપુરા કમ્પા અને ચંદ્રાલા નરસિંહ કાકાનું ગામ છે ત્યાં કૃષિ જોવા આવે છે. આવા અમારા કૃષિના વૈજ્ઞાનિકોનું ખેડૂતોને માર્ગદર્શન મળ્યું છે અને એને કારણે આ રીતે પાક લેતા થયા છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નેશનલ મિશન ફોર સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અંતર્ગત કૃષિ ઉત્પાદકતાનું સાતત્ય જાળવવા અને કુદરતી જળ સ્ત્રોતનું રક્ષણ અને જાળવણી વગેરે માટે આ બજેટમાં કુલ જોગવાઇ ૨૭૦ કરોડની કરી છે. ખેડૂતોના અનાજ, કઠોળ, કપાસ, શેરડી જેવા પાકોમાં ખેડૂતોને સહાય કરવા માટે એન.એફ.એસ.એમ. યોજના હેઠળ ૩૯.૫૪ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે ખેડૂતોને કપાસનો ખૂબ જ સારો પાક થયો અને કપાસના ભાવો ગગડ્યા અને ખેડૂતોએ કપાસના ભાવ માટે આંદોલન કર્યું અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અત્યાર સુધી કોઇ સરકારે ન આપ્યું હોય એવું ૧૧૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આ ખેડૂતો માટે જાહેર કર્યું છે. ખેડૂતોને નવા ટ્રેક્ટરની ખરીદીમાં સહાય આપવા માટેની ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ આ બજેટમાં

કરવામાં આવી છે. કૃષિ મહોત્સવના આયોજનને વધુ વેગ આપવા ખેડૂતોને કૃષિ પ્રદર્શન કમ વેચાણમાં સહાયિત દરે બિયારણ, ખાતરો અને જંતુનાશકો આપવા માટે કુલ ૫૫ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. કૃષિ મહોત્સવના ખૂબ ઉત્સાહને જોઇને આ વખતે ડિસેમ્બરથી રવિ કૃષિ મહોત્સવનું પણ આયોજન આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આજે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે એ બજેટને હું મારું સમર્થન કરું છું અને માનનીય નાણામંત્રીશ્રીને આ બજેટ લઇને આવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન આપુ છું.

શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ ગૃહમાં વરસ ૨૦૧૫-૧૬નું જે બજેટ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું, માનનીય નાણા મંત્રીશ્રી સાથે ભૂતકાળમાં અમરેલી જિલ્લાના પ્રભારી તરીકે કામ કરવાની મને તક મળેલી એમને વ્યક્તિગત રીતે હું ઓળખું છું, બહુ સારા વિચારો ધરાવે છે. પણ મને લાગે છે કે, આ ૨૦૧૫-૧૬ના બજેટમાં કલમ ભલે માનનીય નાણામંત્રીશ્રીની ચાલી હોય પણ સ્ક્રીપ્ટમાં નંબર વનની આંતરિક હરિફાઇનો પડછાયો પડતો હોય એવું લાગી રહ્યું છે, રાજ્યમાં આજકાલ સરકારી આંકડાઓની વિશ્વસનીયતા ઘટતી જાય છે અને એમાંય ભારતીય જનતા પાર્ટીની કરણી અને કથનીમાં સ્પષ્ટ તફાવત હોય એવું લાગે છે, ભારતીય જનતા પાર્ટીની સરકાર લોકોને રાતના અંધારામાં અચ્છે દિનના સ્વપ્ના દેખાડવામાં સમર્થ થઇ પરંતુ માત્ર નવ મહિનાના સમયગાળામાં લોકો એને જાણી ગયા છે કે રાતના અંધારામાં નિંદરમાં જોયેલું સ્વપ્નું સવારે સુરજની પહેલી જ કિરણે જેવી આંખ ખુલે એટલે એ સ્વપ્નું તૂટી જતું હોય છે.

રાજ્યના બજેટની અંદર જે પ્લાન જોગવાઇ છે એમાં પ્રતિ વર્ષ વધારો કરવામાં આવે અને એ જોગવાઇ મુજબનો બજેટ પ્લાનમાં વધારો કર્યો હોય એ ખર્ચની અંદર પ્રતિવર્ષ ઘટાડો થઇ જાય, વરસ-૨૦૧૪-૧૫ની અંદર ૩૧,૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી પરંતુ સુધારેલા અંદાજ મુજબ ૬૧૬૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ થશે કે કેમ એના ઉપર પણ સવાલ છે, ચાલુ વરસે ૯૮૮૯ કરોડ રૂપિયાની બચત રહે એવી પરિસ્થિતિ નિર્માણ પામી છે, એમાંય પહેલી ફેબ્રુઆરી, ૨૦૧૫ના આંકડાઓમાં જો મારી ભૂલ ના થતી હોય તો કુલ બજેટ ફાળવણીના માત્ર ૫૧.૧ ટકા જ ખર્ચ બુક થયો હતો અને એમાં પણ કૃષિમાં ૪૦.૦૫ ટકા, શિક્ષણમાં ૪૦.૪૯ ટકા, પંચાયત અને ગ્રામ નિર્માણમાં ૪૦.૧૮ ટકા, શહેરી વિકાસમાં ૪૫.૨૬ ટકા, મહિલા અને બાળ કલ્યાણમાં માત્ર ૪૪.૯૦ ટકા. ચાલુ સાલે ૨૦૧૫-૧૬નું બજેટ ૭૯૨૯૫.૧૧ કરોડ રૂપિયાનું નાણામંત્રીશ્રીએ રજૂ કર્યું છે. મારે માનનીય નાણામંત્રીશ્રીને ફરી પાછું પૂછવું છે કે, તમે બજેટના પ્લાનમાં તો વધારો કર્યો, પણ પરંપરાગત રીતે ખર્ચમાં ઘટાડો કરીને ચાલુ વરસે પણ માત્ર આ કાગળ ઉપર આપ ફાળવણી કરશો, એ રૂપિયા જમીન ઉપર ઉતરશે તો ખરાને? સામાન્ય માણસનું જીવનધોરણ ઉંચું આવશે એના માટે એ રૂપિયાનો ખર્ચ થશે કે કેમ? રાજ્યના વિકાસ મોડેલની દેશભરમાં જાહેરાત કરી, પરંતુ અહીં વિકાસ માત્ર કાને સંભળાય છે, આંખો એને શોધી રહી છે, હ્યદયને અહેસાસ નથી અને હવે લોકોના મનનો ભ્રમ પણ ભાંગી ગયો છે માટે હવે તો ગુજરાત રાજ્યની અંદર લોકો પોતાના બાળકનું નામ વિકાસ રાખતા પણ શરમાય છે. આ આંકડાઓની સાથે માનનીય સૌરભભાઇને મારે પુછવું છે કે, ચૂંટણી પહેલાં આવા જ વિકાસના દાવાઓ સાથે સૌની યોજનાનું રાજકોટમાં ખાતમુર્હૂત કરવામાં આવ્યું, વિજયભાઇ, આપશ્રીના ગામમાં, અમારા સૌરાષ્ટ્રના પાટનગરમાં, સાહેબ આજે એક વરસ વીતી ગયું આ સૌની યોજના માત્ર દિવાસ્વપ્ન બનીને રહી છે, આજે અમારો સૌરાષ્ટ્રનો ખેડૂત પુછે છે, અમારા સૌરાષ્ટ્રના તમામ ખેડૂતો વાનાણી સાહેબને પુછે છે, તમામ ડેમની અંદર પાણા ઉડે છે, પાણીની રાહમાં મારો સૌરાષ્ટ્રનો ખેડૂત પરસેવો રેડે છે પણ ચિંતાતુર છે, આ ડેમની અંદર આજે પાણા ઉડે છે, ૧૨૫ જેટલા ડેમમાં પાણી ભરવાનું તમે દિવા સ્વપ્ન દેખાડ્યું હતું એ હકીકત ક્યારે બનશે એ તો તમે આ રાજ્યની પ્રજાને જણાવો. માનનીય અધ્યક્ષશ્રી, કલ્પસર યોજનાનું ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૬માં ગુજરાતની પ્રજાને સ્વપ્ન દેખાડયુ. ૧૯૯૬ થી ચાલુ કરીને આ ૨૦૧૫-૧૬ના વર્ષમાં પહોંચ્યા, વીસ વર્ષ થયા માત્ર કલ્પસરના ગીત ગાયે રાખ્યા નાનુભાઇ તમારા માદરે વતનની અંદર આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી તળિયામાં નાળિયેર નાખી ગયા હતા. અમને એમ થયુ કે અહીંયા કલ્પસરનો પાયો નંખાશે. હવે ખબર પડી કે પ્રધાનમંત્રી સાહેબે તળિયામાં નાળિયેર નાંખ્યુ તેના ભેગી કલ્પસર યોજનાની પણ દરિયામાં પધરામણી કરી દીધી હતી. કલ્પસર

યોજના કાગળ ઉપર રહી અને વીસ વર્ષે હવે સરકારે તેનું એલાઇમેન્ટ બદલ્યુ. સીધી રીતે સરકારે કલ્પસર યોજનાને રદ કરી દીધી.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના. અહીંયા નર્મદા યોજનાની વાત થાય, આ ગુજરાતનું ગૌરવવંતુ વિધાનસભા ગૃહે નર્મદા યોજના એ ગુજરાતનું ગૌરવ છે એ રીતે સ્વીકાર્યુ. નર્મદા યોજનામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે જેટલા મીટર ઉંચાઇ વધારી તેનાથી ચાર ગણી વધુ ઉંડાઇનો તો પાયો અમે પૂર્યો છે. આ નર્મદા યોજનામાં કોંગ્રેસ પક્ષે નર્મદાના ગઢની રચના કરવા માટે બધા ગુજરાતીઓને આમંત્રણ આપ્યુ. નર્મદામાં રાજકારણ ના કર્યુ. નર્મદા યોજના બની તો તેનો જશ અમે ગુજરાતની ગરવી જનતાને આપ્યો. અને આ ભારતીય જનતા પાર્ટીની સરકાર, જે નર્મદાનો ગઢ ચણ્યો હતો તેમાં સાહેબ હજુ કાંગરા પણ પૂરા રચી નથી રહી અને તેનો જશ ભાજપની સરકાર લઇ રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનો દિકરો છું. સારા દિવસ આવશે તેની વાત થતી હતી. આજે ગુજરાતમાં ખેડૂત ખાતરની યુરિયાની બે થેલી માટે ભીખ માંગતો હોય, શું કામ ? ભાજપની સરકારે ૧૭ લાખ મે.ટન ખાતરની આયાત ઘટાડી પરિણામે ખાતર ના મળ્યું. ખેડૂતના ખેતરની અંદર કૃષિ ઉત્પાદનો ઘટયા. ઘઉં ૨૧ ટકા, જુવાર ૫૨ ટકા, બાજરી ૨૧ ટકા, મગફળી ૩૮ ટકા ઉત્પાદન ઘટયુ અને તેમાંય ઓછાં ઉત્પાદને પોષણક્ષમ ભાવ. ચૂંટણી પહેલાં કપાસના ૧૫૦૦ મળવા જોઇએ તેની તમે બધાય માગણી કરતા હતા સાહેબ અત્યારે મારો સૌરાષ્ટ્રનો ખેડૂત કપાસ માટે થઇને આત્મહત્યા કરે અને આ ભારતીય જનતા પાર્ટીની સરકારના પેટનું પાણી પણ ના હલે. ૨૦૧૨ના પાક વીમા માટે થઇને આજે પણ સૌરાષ્ટ્રના ખેડૂતો નામદાર કોર્ટમાં લડી રહ્યાં છે. આ સરકાર ખેડૂતોની દરકાર નથી કરતી. રોજ ભૂંડનો ત્રાસ અને જયારે કહીએ ત્યારે કહે અમે સરપંચોને, ખેડૂતોને બંધૂક હાથમાં પકડાવી છે. હું સાહેબ વારંવાર કહું છું કે આ ભૂંડ ખેડૂતની પરસેવાની કમાણીને ધૂળ ભેગી કરી દે છે. જો ખેડૂતના દીકરાને બંધૂક ચલાવતા આવડતી હોય તો રોડ ઉપર ઉભાં રહીને લૂંટ ના કરે, ખેતી શું કામ કરે ?

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ઉત્પાદનો ઉપર વેરા લેવાનું ભાજપની સરકારે ચાલુ કર્યુ છે. છેલ્લા બે વર્ષમાં માત્ર કપાસના વેચાણમાં વેટની આવકમાં ૬૦૬ કરોડ રૂપિયા વસૂલ કર્યા. આજે ખેડૂતને વીજળી જોઇતી હોય, ભૂતકાળમાં એ ગ્રાફ ૧૦૦ એ ૩૫ ટકા ખેતરમાં વીજળી જતી હતી જયારે આજે ૨૨ ટકાએ આવીને ઉભો રહ્યો. વીજ દર વધ્યો, કનેકશનો માટે ખેડૂત રાહ જુએ અને એમાંય તત્કાલ યોજનામાં લાખો રૂપિયાના કવોટેશન આવે.

ઉપાધ્યક્ષશ્રી : એક મિનિટ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ બે મિનિટ સોળે પૂરું થાય છે. આ રાજયની અંદર ભાંગેલા તૂટેલા રસ્તાઓ નીતિનભાઇ સાહેબ અહીંયા નથી. એમાંય ખાસ કરીને બે જિલ્લાઓને જોડતા રસ્તાઓના કોઇ માઇ–બાપ નથી. અને આ ભાંગેલા તૂટેલા રસ્તાઓના કારણે જયંતિભાઇ તૂટેલી ફૂટેલી બસોમાં ગામડાંનાં લોકોને પ્રવાસ કરવો પડે, બસ વધારવાની જાહેરાત થાય, બસના રૂટ કાપવામાં આવે તો પણ બસભાડાની અંદર ઘટાડો કરવાની રાજય સરકાર કોઇ દરકાર નથી લેતી. મારો નવયુવાન આજે રોજગારીના માટે દર દર ભટકે છે. સરકાર રોજગાર વિનિમય કચેરીમાંથી માત્ર કોલ લેટર સાથે રોજગારનું સર્ટીફિકેટ આપી દે. રોજગાર ના મળે. પરિણામે ૧લી એપ્રિલથી.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં હું મારું અનુમોદન આપવાની અનુમતી લઉં છું. મહિલા અને બાળ વિકાસ માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂપિયા ૨૨૦૫ કરોડની જોગવાઇ કરી હતી જેમાં ૧૦૬૦ ટકાનો વધારો કર્યો છે. મહિલા અને બાળ વિકાસ માટે જયારે હું વાત કરું છું ત્યારે મને ગર્વ થાય છે કે ગુજરાતનું ગૌરવ, ગુજરાતની પ્રગતિના પથદર્શક અને ગુજરાતના ભવ્ય અને દિવ્ય નિર્માણમાં અગ્રેસર એવા ગુજરાતના પ્રથમ મહિલા મુખ્ય મંત્રીશ્રી આનંદી બહેન પટેલ અમારા માટે હંમેશા પ્રેરણાદાયી રહ્યા છે. આપણે સૌ એમની કામગીરીથી માહિતગાર છીએ. હું જે રાજકીય પાર્ટીમાંથી આવી છું એ ભારતીય જનતા પાર્ટી દેશની સૌથી મોટી રાજકીય પાર્ટી છે જેના પોતાના સંગઠનમાં પણ મહિલા અનામત ૩૩ ટકા આપેલી છે. ગુજરાત રાજયનું શાસન જયારે પ્રથમવાર એક મહિલા મુખ્ય મંત્રીએ સંભાળ્યું છે ત્યારે રાજયમાં સ્ત્રી સશકિતકરણને એક નવો વેગ મળ્યો છે. રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પણ મહિલાઓનું અનામતનું પ્રમાણ ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવામાં આવ્યું છે એ મહિલાઓ માટે મોટી ગૌરવની વાત છે. મને જણાવતા દુઃખ થાય છે કે બહેન શ્રી તેજશ્રી બહેન દર વખતે બોલવા

ઉભા થાય ત્યારે અમને બધાને એવું થાય કે એક ડોકટર મહિલા બોલશે તો ચોકકસ કંઇક સારું બોલશે, પરંતુ તેઓ સ્ત્રી દાક્ષીણ્ય ચૂકી જઇ મહિલા વચ્ચે પણ ન બોલી શકાય તેવા શબ્દો, તેવા વાકયો, આ આદરણીય સભાગૃહમાં બોલે છે. માનનીય અધ્યક્ષશ્રી, અમો પણ સંકોચ અનુભવીએ એવા શબ્દો વાપરે છે, કોઇ પણ વાતને સારા શબ્દોમાં મુકવી તે મહિલાની ગરીમા છે તે બહેનશ્રી ભૂલી જાય છે. સરકારી નોકરીઓમાં પણ મહિલાઓની અનામતનું પ્રમાણ ૩૦ ટકા થી વધારી ૩૩ ટકા કરવામાં આવ્યું છે. સાથે સાથે પ્રસૂતા સ્ત્રીઓના સ્વાસ્થ્ય માટે ચિંતિત અમારી સરકારે સરકારી મહિલા કર્મચારીઓને મળવાપાત્ર ૩ માસની પ્રસૂતિ રજાઓમાં વધારો કરીને છ માસની રજાઓ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. સાથે સાથે સખી મંડળને બેંકો દ્વારા આપવમાં આવતી પાંચ લાખની લોનની, લેખમાં સ્ટેમ્પ ડયુટીમાં પૂરે પૂરી માફી આપવામાં આવી છે. અમારી સરકારે રાજયની મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે વાર્ષિક એક રૂપિયાના ટોકન દરે ૫૦૦ ચોરસ વાર જમીન ૧૫ વર્ષના ભાડા પેટે ફાળવવાની જોગવાઇ કરી છે. ગતિશીલ ગુજરાતની અમારી સરકાર આવા મોટા મહિલાઓ માટેના નિર્ણય લઇ શકે છે એટલે જ આજે ગુજરાતમાં શાંતિ, સલામતી અને સુરક્ષા છે. માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદી બહેનના ગતિશીલ ગુજરાત અંતર્ગત મહિલાઓમાં સશકિતકરણ, પોષણયુકત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન, કુપોષણ મુકત ગુજરાત, સ્વસ્થ ગુજરાત, સુરક્ષા સેતુ અને હસ્તકલા જેવી અનેક સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. મને કહેતા આનંદ થાય છે કે હું જે રાજયમાં જન્મી છું એ રાજય દેશની આર્થિક રાજધાની મુંબઇ ભલે હોય, પણ મહિલા અને બાળ વિકાસની રાજધાની તો ફકત અને ફકત ગુજરાત રાજય છે. કારણ કે મહિલા ગુજરાતમાં જેટલી સુરક્ષિત છે એટલી કોઇ પણ રાજયમાં સુરક્ષિત નથી. પણ અમને હવે આશા છે કે માનનીય નરેન્દ્રભાઇ જયારથી દેશના વડા પ્રધાન બન્યા છે ત્યારથી બધા જ રાજયોમાં સુરક્ષા, સલામતી અને શાંતિ રહેશે તેવું વાતાવરણ મોદી સાહેબ કરી રહ્યા છે. બહેનશ્રી આનંદી બહેન એક નારી હોવાના કારણે મહિલાઓની પીડા, કઠીનાઇ સમજી શકે છે. જે અંતર્ગત વિવિધ પ્રકારની કઠીનાઇથી અને હિંસાથી પિડીત મહિલાઓ માટે આશિર્વાદ રૂપ ૧૮૧ નંબરની અભયમ હેલ્પ લાઇન શરૂ કરી છે. જેમાં મહિલાઓને કાનૂની સમસ્યા રહેલી હોય તો એની સહાય અને સુવિધા મળી રહેશે. હમણાં જ આઠમી માર્ચે વિશ્વ મહિલા દિવસના દિવસે ગુજરાત રાજયમાં જિલ્લા પ્રમાણે ૩૭ રેસ્કયુ વેનનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા વિવિધ લક્ષી મહિલા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. આ વિભાગ દ્વારા મહિલાઓની સાથે સાથે બાળકોની પણ ચિંતા કરી છે. એમાં વિશેષ કરીને આંગણવાડીના બાળકોની વધુમાં વધુ ચિંતા કરવામાં આવી છે. આંગણવાડીના બાળકોનું સારી રીતે લાલન પાલન સહિત સંસ્કારિતાનું સિંચન કરવામાં આવે છે. એમાં સૌથી વધારે યોગદાન આંગણવાડી કાર્યકર બહેનોનું હોય છે તેમ કહેતા મને આનંદ થાય છે. સાથે સાથે જુદી જુદી એન.જી.ઓ. મારફતે બાળકોની કાળજી લેવામાં આવે છે. મારા વિસ્તારમાં અમે સૌ બહેનો બાળકોને સુખડીનું વિતરણ કરીએ છીએ. હું જયારે પણ આંગણવાડીની મુલકાતે જઉં છું ત્યારે બાળકોને માટે ફળ, ફ્રુટ અને સુખડી લઇને જવ છું અને કોઇ સારો વાર કે તહેવાર હોય ત્યારે એમને પ્રાણી સંગ્રાહલયની મુલાકાતે પણ લઇ જાવ છું ત્યારે એમના ચહેરા ઉપર સ્મિત અને હાસ્ય હોય છે એનો શ્રેય શ્રીમતી આનંદીબહેન પટેલને જાય છે કારણ કે એમના માર્ગદર્શનથી અમને આવી પ્રેરણા મળી રહી છે.

એ જ રીતે દૂધ સંજીવની યોજના અંતર્ગત આંગણવાડીના બાળકોને દૂધ આપવામાં આવે છે. જે બાળકો કૂપોષણથી પીડાતા હોય એમને બાલમ સુખમ યોજના હેઠળ કૂપોષણ દૂર કરવામાં આવે છે. એમને પોષણયુકત ચોકલેટ આપવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ નીચે માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ રાજયના સર્વાંગી વિકાસ માટે ૭૯,૨૯૫. ૧૧ કરોડ નું બજેટ લઇને આવ્યા છે એ બજેટ રાજયના સર્વાંગી વિકાસ માટે લાવ્યા છે ત્યારે હું એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

મારે આજના પ્રવચનમાં કોઇ ટીકા ટિપ્પણ કરવી ન હતી પરંતુ મારા મિત્ર પરેશભાઇ, હમણાં વાત કરી રહ્યા હતા કે ભારતીય જનતા પાર્ટીની કરણી અને કથનીમાં ફેર છે. રાજયનો વિકાસ કાને સંભળાય છે પરંતુ આંખે દેખાતો નથી. ત્યારે માનનીય પરેશભાઇ અને વિરોધપક્ષના સભ્યશ્રીઓને એટલું જ કહેવાનું કે આપની આંખે દેખાતું નથી પરંતુ સમગ્ર રાજયની પ્રજાને ગુજરાતનો વિકાસ આંખે દેખાણો છે અને જેના

પરિણામે તમને ૧૯૯૫ થી સામી પાટલી ઉપર બેસવાનો વારો આવ્યો છે. એક પછી એક ચૂંટણીના પરિણામો તમે જોતા જાવ ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ મૂકયો છે અને એ વિશ્વાસ સંપાદન કર્યો એનું પરિણામ ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં આવ્યું છે. આ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાજયને સ્થિર શાસન આપીને ગુજરાતને વિકાસનું ગ્રોથ એન્જિન બનાવ્યું છે અને જેના પરિણામે સમગ્ર દેશની પ્રજાએ ભારતીય જનતા પાર્ટી ઉપર વિશ્વાસ મૂકયો છે ત્યારે મારે વિરોધપક્ષના મિત્રોને કહેવું છે કે સત્ય હોય એ સ્વીકારવા માટેની તૈયારી બતાવવી જોઇએ અને તો જ લોકો તમને સ્વીકારવા માટે તૈયાર થશે. પરંતુ આજ સ્થિતિ જાળવી રાખશો તો હજી ૨૫ વર્ષ સુધી સામી પાટલીએ બેસવું પડશે. તમે ૧૯૯૦ થી સામી પાટલી ઉપર બેઠા છો અને હજી બીજા કેટલા વરસ સુધી બેસવું પડશે એતો સમય જ કહેશે. (અંતરાય) તમે બધાએ ઇટાલીના ચશ્મા પહેર્યા હોય પછી થાય શું?

આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે ૭૮૨૧.૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. ત્યારે આરોગ્ય વિભાગ રાજયની પ્રજાને આરોગ્ય વિષયક સારવાર મળે એટલા માટે રાજયની અંદર ૮૧૨૧ જેટલા પેટા કેન્દ્રોની શરૂઆત કરી. ૧૩૦૦ જેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨૧ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે અને તેના દ્વારા રાજયની પ્રજાને આરોગ્ય વિષયક સારવાર આપવામાં આવે છે. જિલ્લા કક્ષાની મોટી હોસ્પિટલો દ્વારા જિલ્લાની પ્રજાને અને સમગ્ર જિલ્લાની નાના નાના ગ્રામ્ય વિસ્તારની પ્રજાને આરોગ્ય વિષયક સારવાર મળે તેના માટે ખૂબ સારી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. પ્રજાલક્ષી સેવામાં એક વિશિષ્ટ પહેલ એવી 'માં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના ' અને 'માં મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના'. 'માં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના 'બી.પી.એલ. લાભાર્થી માટે સમગ્ર રાજયમાં ખૂબ આશીર્વાદરૂપ યોજના નીવડી છે. રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ આવતાંની સાથે 'માં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના 'ની અંદર માત્ર બી.પી.એલ. લાભાર્થીઓને લાભ મળતો હતો, પણ પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ નિર્ણય કર્યો વાત્સલ્ય યોજના. વાત્સલ્ય યોજનામાં રાજયના ૧,૨૦,૦૦૦થી ઓછી ઇન્કમ ધરાવતા તમામ પરિવારને વાત્સલ્ય યોજનાનો લાભ મળે એ પ્રકારની સમગ્ર રાજયની પ્રજા માટે આશીર્વાદરૂપ યોજના લાવ્યા છે ત્યારે એ યોજના સારી રીતે સફળ થાય તેના માટે બજેટમાં ૧૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આગામી વર્ષમાં નાગરિકોને નિયત કરેલ લેબોરેટરી ટેસ્ટ અને અન્ય મેડિકલ ટેસ્ટ સુવિધા વિના મૂલ્યે દરેક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ થાય તેના માટેનું પણ રાજય સરકારે આયોજન કર્યું છે. અંતરિયાળ ગામો સુધી આરોગ્ય કેન્દ્રોનો વ્યાપ વધારવા સરકારે નવા ૧૦૩૫ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્રો શરૂ કરવા માટે ૩૮.૧૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરીને આયોજન કરવામાં આવ્યું છે. પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામની સાથે સાથે મહેકમ માટે પણ ૧૯૯.૩૪ કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક સામુહિક આરોગ્ય કેન્દ્રની અંદર ડેન્ટલ યુનિટ અને ફિઝીયોથેરપીની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પણ ૨૨.૫૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. નાગરિકોને જન્મ–મરણની નોંધણીની સગવડતા ઓન લાઇન થાય, ઘેર બેઠાં જન્મ–મરણનો દાખલો ઉપલબ્ધ થઇ શકે તેના માટે ૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. લોકપ્રિય સેવા ૧૦૮ ઇમરજન્સી સેવા છે, તે સેવા માટે સમગ્ર રાજયની પ્રજાને માત્ર ૧૦૮ રીંગ કરીએ અને તરત જ ઇમરજન્સી સેવા ઉપલબ્ધ થાય એવી સેવા ઉપલબ્ધ કરવા માટે રાજયમાં ૧૧૦ જેટલી નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે ૧૬.૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની જુદી જુદી હોસ્પિટલો ખાતે સારવાર, લેબોરેટરી અને રેડિયોલોજીના આધુનિક ઉપકરણો વસાવવા માટે ૨૩૧.૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. જેના પરિણામે રાજયના આરોગ્ય વિભાગમાં નાનામાં નાના પરિવારને સારામાં સારી આરોગ્ય વિષયક સારવાર મળી રહે તે માટે રાજય સરકારે ખૂબ મોટો પરિશ્રમ કર્યો છે. રાજયની ૧૦ હોસ્પિટલ ખાતે હિમોડાયાલિસિસ યુનિટ શરૂ કરવા માટે માળખાગત સુવિધા ઉભી કરવા માટે દોઢ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. દાહોદ જનરલ હોસ્પિટલના નવા બાંધકામ માટે પણ અઢી કરોડ રૂપિયાની જોગવાઇ ઉપલબ્ધ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોડાસા ખાતે સરકાર સંચાલિત હોસ્પિટલ શરૂ કરવા ૩.૨/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજયની અંદર સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાધનપુરને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ

કરવા માટે રૂ.૨/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દવા વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ અને સારી રીતે થઇ શકે તેના માટે વડોદરા, ભુજ, હિંમતનગર, રાજકોટ, વલસાડ અને ભરુચ ખાતે દવાના ડેપોનું બાંધકામ કરવા માટે રૂ.૫.૭૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગની વાત કરીએ તો વિપક્ષના મારા અંગત સાથી મિત્ર છે, તેઓ દક્ષિણ ગુજરાતના પ્રવાસમાં મારી સાથે જોડાયેલ હતા. દક્ષિણ ગુજરાતમાં ઘણી બધી હોસ્પિટલો અને આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ એ પોતે ઉદ્યોગપતિ છે. તેઓ ખૂબ જાગૃત અને બાહોશ પણ છે. અગાઉ નીતિનભાઇ નાણામંત્રી હતા ત્યારે એમણે બજેટ બનાવ્યું હતું. તેઓ રૂ.૭૯,૨૯૫.૧૧ કરોડનું બજેટ લઇને આવ્યા છે. રાજ્ય સરકારનું દેવું રૂપિયા એક લાખ ચોર્યાસી હજાર કરોડ જેટલું છે. આ બજેટ બનાવતાં એમને ખૂબ જ દુઃખ થતું હશે પણ એમને બજેટ બનાવવું જ પડે અને ગુજરાતનો વિકાસ કરવો પડે. હમણાં મોહનસિંહભાઇએ સરસ વાત કરી. કોંગ્રેસની સરકાર હતી ત્યારે આવો વેટ અને વેરા લેવામાં આવતા નહોતા. આજે વેટની રૂ.૪૯,૦૦૦/– કરોડ જેટલી આવક થાય છે. મહેસૂલમાં રૂ.૨૫૦૦/– કરોડ, સ્ટેમ્પ ડ્યૂટી અને નોંધણીમાં રૂ.૫૯૦૦/– કરોડ મળવાના છે. વાહન ઉપરનો કર રૂ.૩૦૦૦/– કરોડ જેટલો મળવાનો છે અને વીજળીના વેરાથી રૂ.૫૮૦૦/– કરોડની અંદાજીત આવક થવાની છે. આ રીતે કેન્દ્ર સરકાર પણ કરમાં મદદ કરવાની છે. આ રીતે આ સરકાર આ વર્ષે રૂ.૨૨થી ૨૩,૦૦૦/– કરોડનું વ્યાજ ભરવાની છે અને રૂ.૮૮,૦૦૦/– કરોડનું બજેટ રજૂ કર્યું છે. અહીંયાં આપણે જોઇશું તો આમાં સામાજીક સેવા, સિંચાઇ, નાની, મધ્યમ અને મોટી સિંચાઇ યોજનાઓ છે. ફક્ત નર્મદા યોજના માટે રૂ.૯,૦૦૦/- કરોડની ફાળવણી કરી છે અને જળસંપત્તિ માટે રૂ.૪૩૦૦/– કરોડની જોગવાઇ કરી છે. રાજ્યમાં કોંગ્રેસની સરકારે કડાણા જેવા ડેમો બનાવ્યા છે અને એની કેનાલો છે એની સુવિધા માટે પણ બજેટ ફાળવ્યું છે. મધ્યમ કદની સિંચાઇ યોજનાઓ માટે પણ કામ હાથ ધરી સિંચાઇની ક્ષમતાનો પૂરેપૂરો લાભ ખેડૂતોને મળે એના માટે કહ્યું છે. મારો મત વિસ્તાર કપડવંજ, બાલાસિનોર અને કઠલાલમાં આવેલ છે. એમને સિંચાઇનો લાભ મળતો નથી. એક બાજુ નર્મદા યોજના છે અને બીજી બાજુ સુજલામ–સુફલામ કેનાલ પસાર થાય છે. મેં બે દિવસ પહેલાં જ માનનીય મંત્રીશ્રીને પત્ર લખ્યો હતો અને એમણે પણ મને કહ્યું હતું કે, ફાઇલ મૂકેલી છે, આપની રજૂઆત છે એ સિચવશ્રીને મોકલી આપી છે. એવી જ રીતે માર્ગ અને મકાન હસ્તકના રસ્તાઓ માટે રૂ.૮,૦૦૦/– કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. એમાં પ્લાન અને નોન પ્લાનના રસ્તાની વાત કરી છે. આજે આપણે જોઇશું તો બજેટની અંદર ગામડાંના કનેક્ટીવ રસ્તાઓ છે, એક–બે કિ.મી.ના રસ્તાઓ છે. આ રસ્તાઓમાં થોડુંક જ અંતર ઘટે છે. આપણે છેવાડાના માણસોની વાત કરીએ છીએ. આજે આ ગામડાંમાં સીમ વિસ્તારમાં લોકો વસે છે મોટા ફળીયા અને ગામ પણ બની ગયા છે અને એમને રસ્તા ઉપર આવવું હોય તો કલાક–બે કલાક જાય ત્યારે એ મુખ્ય રસ્તા ઉપર બસમાં કે બીજે બેસતા હોય છે એટલે આવા કનેકટીવીટી રસ્તા અથવા તો નોનપ્લાન રસ્તા, અહીંયા સરકારે વાત કરી છે કે પ્લાન–નોનપ્લાન રસ્તા માટે ૮ હજાર કરોડ ફાળવ્યા છે પણ એને મોઘમ વાત કરી છે. સ્પષ્ટ વાત નથી કરી કે આ નોનપ્લાન રસ્તા પણ કરીશું. અગાઉ કોંગ્રેસની સરકારે આવા નોન–પ્લાન રસ્તા કર્યા છે. ૨૦–૨૦ વર્ષ થઇ ગયા આજે એ ગામડાંના રસ્તાઓના જે ખેડૂતો છે અથવા તો સ્કૂલે જતા વિદ્યાર્થીઓ છે એમને મુખ્ય રસ્તા પર જતા કલાક–બે કલાકનો સમય લાગે છે એટલે અહીંયા માનનીય મંત્રીશ્રીએ આ જે નોન–પ્લાન રસ્તાઓ છે એ નોન–પ્લાન રસ્તાઓ આ વખતે લે. મેં અહિંયા પ્રશ્નોતરીમાં ગયા સત્રમાં મેં માર્ગ અને મકાનનો પ્રશ્ન પૂછ્યો હતો અને એમાં મારા મતવિસ્તારના ૩૬૫ કિલોમિટર જેટલા નોનપ્લાન રસ્તા બાકી છે. આવા રસ્તાઓ જો થાય તો ચોકકસ આ સરકાર કહે કે ચલો અમે નંબર વન છીએ અથવા તો અમારી સરકાર વાઇબ્રન્ટ સરકાર છે, તો હું ચોકકસ એમને અભિનંદન આપીશ પણ આવા જે કિલોમિટર, બે કિલોમિટરના રસ્તાઓ છે એ રસ્તાઓ થવા જોઇએ અને આ રસ્તાઓ થાય તો ચોકકસ છેવાડાનો માણસ, ખેડૂત છે, આજે કોઇ અહીં સુધી આવીને રજૂઆત કરવાનો નથી. અહીં બેઠેલા તમામ ધારાસભ્યના મત વિસ્તારની અંદર આવા રસ્તાઓ હશે જ તો ચોકકસ આવા નોનપ્લાન રસ્તાઓ થાય એવી મારી માગણી છે અને માનનીય મંત્રીશ્રી આવા રસ્તાઓ માટે ધ્યાન આપે. અગાઉ મેં એમને વાત કરેલી. સરકારે નિયમ બનાવ્યો છે કે સાત વર્ષ જૂના કોઇપણ રસ્તાઓ હોય એવા રસ્તાઓને રીકાર્પેટ કરવા, ગયા વખતે મેં પ્રશ્ન પૂછ્યો હતો ૧૯ જેટલા રસ્તાઓ જે ૭ વર્ષ જૂના થઇ ગયેલા, સરકારે નિયમ બનાવ્યો

છે, માનનીય મંત્રીશ્રીએ અમને બોલાવ્યા હતા અને કહે કે માનસિંહભાઇ, આમાં ચાર જ રસ્તાની ટીક તમે કરો. ખરેખર આ યોગ્ય ના કહેવાય. અહીંયા અમે અમારા વિસ્તારના પ્રતિનિધિ તરીકે અમારા વિસ્તારના વિકાસની વાત રજૂ કરતા હોય ત્યારે માનનીય મંત્રીશ્રીએ એમનું મન ખુલ્લું રાખવું જોઇએ પણ મેં જોયું છે કે કેટલાકને દસ કરોડના જોબ નંબર આપ્યા હોય અને કોઇકને વહાલા દવલાની નીતિ રાખીને ૨૫-૫૦ કરોડના રસ્તાઓના જોબ નંબર આપ્યા છે એટલે માનનીય મંત્રીશ્રી મન ખુલ્લું રાખે અને વિકાસની વાત કરતા હોય, બજેટ આ રીતે રજૂ કરતા હોય તો ગામડાંને લક્ષમાં રાખીને, છેવાડાના માણસને લક્ષમાં રાખીને ખેડૂતને લક્ષમાં રાખીને આવા રસ્તાઓ કરવા જોઇએ. શિક્ષણની કેટલીક વાત કરીશ. શિક્ષણમાં પણ આ બજેટમાં ઘણીબધી ગ્રાન્ટ અથવા તો એનું બજેટ ખૂબ મોટું હોય છે. કેન્દ્ર સરકાર પણ સર્વ શિક્ષા અભિયાન દ્વારા એ શાળાના ઓરડા હોય કે શાળાની જે કંઇ વ્યવસ્થા કે સુવિધાઓ કરવાની હોય એ બધી કેન્દ્ર સરકાર સર્વ શિક્ષા અભિયાન દ્વારા કરે છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને આ ગૃહના નેતા ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીના નેતૃત્વમાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ગુજરાતના સર્વાંગી વિકાસ માટે જે બજેટ લઇને આવ્યા છે એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું. નર્મદા, ડેરી વિકાસ અને પશુપાલનના વિભાગ ઉપર મારા વિચારો હું રજૂ કરું છું. ગુજરાતની સૌથી મોટી શકિત, ગુજરાતની સૌથી મોટી પ્રગતિ અને ગુજરાતની જીવાદોરી એટલે સરદાર સરોવર યોજના, અને આ સરદાર સરોવર યોજના માટે અંદાજપત્રની અંદર નવ હજાર કરોડનું આયોજન કર્યુ છે તે ખરેખર નાણામંત્રીને અભિનંદન આપવા જેવું છે. બે હજાર કરોડ રૂપિયા પાઇપલાઇનથી પાણી આપવા માટે, ખેડૂતોની જમીન ના બગડે અને સીધું પાઇપ લાઇનથી પાણી મળે એના માટે આ સરકારે આયોજન કર્યુ છે. આયોજનની સાથેસાથે ફકત ત્રણ માસની અંદર જ આ કામ પૂરું કરવાનું અને એના દ્વારા પાંચ લાખ હેકટર જમીનને સિંચાઇ ઉપલબ્ધ થવાની છે. ખરેખર ધન્ય છે નર્મદા મૈયાને, ધન્ય છે અમારા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન મૈયાને. સરદાર પટેલનું નામ પડે અને તમામ હિન્દુસ્તાનીને એક ભારત માટે ગૌરવ થાય અને એમાં પણ અમો પટેલો અને પ્રત્યેક ગુજરાતીની છાતી ગજ ગજ ફૂલે. આ ઓજસ્વી નામથી શરૂ થયેલ યોજના કોના કારણે વિલંબમાં પડી હતી એ આપણે સૌ જાણીએ છીએ. ખરેખર કોંગ્રેસે એમના શાસનમાં જો ડેમ ઉપર દરવાજા મૂકવાની મંજૂરી આપી હોત તો કદાચ હમણાં આપણી લોકસભાની ચૂંટણીઓ ગઇ એમાં કદાચ બે-ચાર સીટો એમને વધારે મળતી. પરંતુ એ કામ નરેન્દ્રભાઇ આપણા વડાપ્રધાન થયા અને એમની જન્મ તારીખનો આંકડાનો ટોટલ મારીએ તો ૧૭ થાય છે એટલે ૧૭ દિવસમાં ડેમ માટે મંજૂરી આપી દીધી. ખરેખર ગુજરાતના સપૂત એવા નરેન્દ્રભાઇ મોદીને આખા ગુજરાતે ધન્યવાદ આપવા જોઇએ. આ યોજના માત્ર ગુજરાતની જ નહીં, સમગ્ર દેશની આન, બાન અને શાન છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે આ તમામ અવરોધો દૂર કરીને પ્રત્યેક ગુજરાતીને મનોવાંચ્છિત ફળ મળે એવી આ ધર્મ યોજના ફળિભૂત કરી છે. આ યોજનાથી ૯૪૯૦ ગામડાંઓ અને ૧૭૩ શહેરોને ઘર વપરાશનું અમૃતજળ મળવાનું છે. આ યોજનાથી ઉત્પન્ન થનાર વીજળી ૧૬ ટકા ગુજરાતને, ૨૭ ટકા મહારાષ્ટ્રને અને ૫૭ ટકા મધ્યપ્રદેશને મળવાની છે. આ યોજના ગુજરાતમાં થઇ અને તેના કારણે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને સમૃદ્ધ બનાવનારી આ યોજના છે ત્યારે આ કોંગ્રેસના મિત્રોને કહીએ કે આને કહેવાય 'સબ કા સાથ, સબ કા વિકાસ'. આ સન્માનનીય સભાગૃહનું મારે ધ્યાન દોરવું છે કે આ યોજનાથી વીજળી જે ઉત્પન્ન થવાની છે તેનાથી રાષ્ટ્રને ૧૩૯૨૮ કરોડની આવક થવાની છે. જેનાથી ફરીવાર ગાંધીજી, સરદાર, મોદીજી અને આનંદીબેનને, આપણા આ ગુજરાતને રાષ્ટ્ર સીમાચિન્હ લાભ થવાનો છે. ખરેખર ગુજરાતની આ યોજના ઇતિહાસની અંદર સુવર્ણ અક્ષરે લખાશે. આ યોજના જો ખરેખર ૩૫ વર્ષ પહેલાં કોંગ્રેસે પૂરી કરી હોત તો આપણા સાદા ગણિતથી ૪ લાખ ૮૭ હજાર ૭૮૦ કરોડ રૂપિયાની આવક થઇ હોત. પણ આ આવક આપણા રાષ્ટ્રે ગુમાવી છે. એ કોના કારણે એ પણ આપણે સર્વે જાણીએ છીએ. મોદીજી અને આ સરકારનુ વિઝન જુઓ, કેનાલ ઉપર ટોપ બનાવીને સોલાર પ્લાન્ટ અમારા વડોદરામાં પૂર્ણ કરેલ છે અને સાણંદ ખાતે પણ આ પ્લાન્ટ સ્થપાયેલ છે. ગરૂડેશ્વર વીયર રૂપિયા ૩૦૦ કરોડનો બનાવીને પાણી સંગ્રહ કરીને તેનો પૂરેપૂરો ઉપયોગ કરીને વીજ ઉત્પાદન પણ આપણે શરૂ કરેલ છે. ખરેખર આ કામ માટે સલામ મારવા જેવું છે. સરદાર સરોવર યોજનાના બંધની ૧૨૧.૯૨ મિટરની ઉંચાઇનું કામ આપણે પૂર્ણ કરેલ છે તેમજ ડેમને ૧૩૮.૬૮ મિટરની ઉંચાઇએ પહોંચાડવા માટે ગેટ મૂકવાનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ માટે આ બજેટમાં ૨૧૬.૯૨ કરોડની જોગવાઇ કરેલ છે. ખેતીમાં પિયત વિસ્તારમાં

સબ માઇનોર કેનાલની કામગીરી વધુ ઝડપી બનાવવા માટે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વગર સહભાગી સિંચાઇ ભાવના સાથે રચાયેલી નવી નીતિ મુજબ સબ માઇનોરના કામો શરૂ થઇ ગયેલા છે. જેના માટે આગામી વર્ષમાં ૧૨૧.૧૪ કરોડનું આયોજન આ બજેટમાં કરેલ છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વમાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યાં છે એમાં મારાં વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના માર્ગ અને મકાનના બજેટમાં આશરે ૮૨૭૯ લાખની જે જોગવાઇ કરી છે એમાં અલગ અલગ વિસ્તારના જે રસ્તા લીધા છે એના માટે મારે વાત કરવી છે. જોગવાઇ કરી છે એથી પણ વિશેષ ૨૦ ટકા કામ થાય એ ભારતીય જનતા પાર્ટીની સરકારની નેમ છે. અગાઉની સરકારમાં બજેટ તો આવતા, રામસિંહભાઇ બજેટ કઇ રીતે આવતા? જિલ્લાવાઇઝ જે ગેંગ હોય, ટેન્ડર બહાર પડે. ટેન્ડર બહાર પડ્યાં પછી ટેન્ડર ભેગા કરે અને ૧ રૂપિયાનું કામ ૧ રૂપિયો અને ૬૦ પૈસામાં જાય. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યાં પછી ઓન લાઇન ટેન્ડર, પાંચ વર્ષની ગેરંટી અને ૧૫ ટકા ડાઉન જાય. જે બજેટમાં જોગવાઇ કરી એનાથી દોઢું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે, એના હિસાબે લગભગ ૧૯૯૦થી તમે સામે બેઠાં છો. મારા મિત્ર પરેશભાઇ કહેતા હતાં કે પાયા અમે પૂર્યા, પાયામાં તમે શું નાંખ્યું? સિમેન્ટ કે ઇ કાંઇ નાંખ્યું જ નથી. (અંતરાય) એ પાયા પૂરવામાં અગાઉની સરકાર વખતે તમે શું કરતા? ચૂંટણી આવતી. ડામરના બેરલ મોકલે. કપચી નાંખે અને પછી ચૂંટણી પતે એટલે લઇ જાય. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારે ખાતમુહૂર્ત કરે ત્યારે જ એનો ટાઇમ હોય એ ટાઇમે અર્પણ વિધિ કરે. આ ભારતના વડાપ્રધાન અને અગાઉના આપણાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ એ નક્કી કર્યું કે ૨૦૦૬માં ગુજરાતના યાત્રાધામોને ડેવલપ કરવાની વાત કરી. જે ૨૩ જિલ્લામાં માતાજીના મંદિર હોય એમને પણ રસ્તા આપ્યાં. અગાઉની સરકારને, કોંગ્રેસના ભાઇઓને યાદ કરો કે કોઇ દિવસ મંદિર યાદ કર્યા? પગે લાગવા ગયા છો? ચૂંટણી આવે અને અમદાવાદમાં તોફાન કરાવો અને મતોનું વિભાજન કરો. ભાઇ, ૪૦-૫૦ ટકા ઓટોમેટિક મત મળે અને સરકાર ચલાવી છે. **'સૌનો સાથ સૌનો વિકાસ'** મુરબ્બી નરેન્દ્રભાઇ જ બોલી શકે. નરેન્દ્રભાઇની સરકારમાં સૌને સાથે બેસાડીને આ વિધાનસભામાં તમામ પક્ષના ધારાસભ્યોને, માજી ધારાસભ્યોને અહીંયા બેસાડીને મંતવ્ય રજૂ કરવા માટે આ નરેન્દ્રભાઇએ તક આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલને આપણે પણ યાદ કરવા જોઇએ. સરકારમાં જે સ્ટેચ્યુ બનાવ્યું એના માટે રસ્તો બનાવવા માટે આશરે ૪૬૮ કરોડની જોગવાઇ કરી છે. જે આપણે બધા ૧૯૯૫માં ચૂંટાયા ત્યારે હું અહીંયા સપથ વિધિમાં આવતો ત્યારે મોરબીથી રાજકોટ આવવું હોય ત્યારે વ્હોરા જ્ઞાતિના ૯ ભાઇઓ એક સાથે ઓફ થઇ ગયા હતા ત્યારે હું સપથવિધિમાં મોડો પડ્યો હતો અને બધાને દવાખાનામાં દાખલ કર્યા હતા. અમારાં સૌરાષ્ટ્રના તમામ ભાઇઓ અહીંયા આવતા હોય તો ઘરે ઉપાધી હોય ગાંધીનગર કે અમદાવાદ પહોંચતા એક્સીડન્ટ તો નહીં થાય ને? પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યાં પછી રસ્તાની જે સુવિધા કરી એ અગાઉની સરકારે કોઇ'દિ વિચારી નથી. અમે અગાઉ ૧૯૯૫ માં ચૂંટાણા ત્યારે ગામડે જઇએ ત્યારે રસ્તા નહિ, બાવળના કારણે બે બે વર્ષે ગાડીઓ બદલાવી પડે. આ સરકારે એકે એક ગામને રસ્તા પૂરા પાડ્યા છે. રસ્તા તો ઠીક સાથો સાથ ૨૫૦ની વસતિ હોય એને પણ રસ્તા આપવાની આ ભારતીય જનતા પાર્ટીની સરકારે સિદ્ધિ મેળવી છે. જે રસ્તા અઢી મીટરના હતા એ સાડાત્રણ મીટરના કર્યા. સાડાત્રણ મીટરના હતા એ સાડાપાંચ મીટરના કર્યા. સાડાપાંચ મીટરના હતા એ ૧૧ મીટરના કર્યા અને ૧૧ મીટરના હતા એ ફોરલેઇન કર્યા. રામસિંહભાઇ આપશ્રી સાચું બોલો. ૨૦-૨૫ વર્ષ પહેલા બોલતા હતા ત્યારે મિડિયા નહોતું. અહીંયા મિડિયા જુએ છે. રસ્તા જુએ છે. માણસો આવે છે. છતાં પણ ખોટું બોલવામાં કઇ શરમ નથી અને દાંત કાઢતાં કાઢતાં ખોટું બોલે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે લક્ષ લઇને આવી છે એ લક્ષમાં તમારે બધાયે ટેકો આપવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં મકાનની જો વાત કરું તો અત્યારે જિલ્લા મથકે સેવા સદન બનાવ્યાં છે. તમે ફાઇવ સ્ટાર હોટલોમાં જાવ એવી ઓફિસો હોય છે. તાલુકા મથકે સેવા સદન બનાવ્યાં. એ પણ તમે જુઓ. મારે માનો કે મારાં જિલ્લામાં મુરબ્બી નરેન્દ્રભાઇએ સાત જિલ્લા આપ્યાં. સાત જિલ્લા

આપ્યા પછી ૬ મહિનામાં સાતે સાત જિલ્લામાં જિલ્લા સેવા સદનનું ખાતમુહૂર્ત કરીને એના કામ ચાલુ થઇ ગયા. આ સરકારની સિદ્ધિને તમારે બધાએ ટેકો આપવો જ પડે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માર્ગ અને મકાનની વાત છે, અગાઉની સરકારમાં સરકીટ હાઉસો હતા, ત્યાં પડ્યા રહે, આરામ કરે, મફત જમે, રસોડા બંધ થઇ ગયા. અત્યારે અમે જઇએ ને, સરકીટ હાઉસમાં રસોડા કેમ બંધ થઇ ગયા ? તો કહે, અગાઉની સરકારે બીલ જ નથી આપ્યા, મફતની મઝા કરતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી, એમાંય હું યાદ કરું મારા મુરબ્બી શ્રી સવજીભાઇ કોરાટને કે, સરકીટ હાઉસમાં સફાયો કર્યો હોય તો એ સવજીભાઇ કોરાટે કર્યો, અને તે પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી સરકીટ હાઉસમાં કોઇ પણ ખોટા કામ નથી થતા એની હું ખાતરી આપું છું. મને કહેતા દુ:ખ થાય, અહીંયા બોલે, અહીંયા વાતો કરે કે, આ રસ્તા આમ છે, આ રસ્તા આમ છે. તમે તમારા વિસ્તારના પ્રવાસ કરો છો, રસ્તા સારા છે, સાચું બોલો. જો ૨૬ માંથી ૨૬ ગઇ અને આ જે ૫૭ છો ને એટલા પણ નહીં રહે. જોગવાઇ કરવી મહત્વની છે, અગાઉની સરકાર પણ બજેટમાં પૈસા ફાળવતી હતી. બજેટની જોગવાઇ....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી પુનમભાઇ.

શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અધ્યક્ષશ્રી, બહેન શ્રીમતી આનંદીબેનના વડપણ હેઠળની આ સરકારના નાણા મંત્રી શ્રી સૌરભભાઇ જે બજેટ લઇને આવ્યા છે એને મારા પૂર્ણ સમર્થન સાથે મીઠા ઉદ્યોગનો વિષય લઇને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વની અંદર માનવજાત માટે મીઠું એક અનિવાર્ય વસ્તુ છે. વિશ્વનું મીઠાનું ઉત્પાદન છે એમાં ચીન અને અમેરિકા પછી ભારત ત્રીજા નંબરે આવે છે. ભારતની અંદર પણ ગુજરાતનો હિસ્સો ૭૭ ટકા છે અને આપણા રાજ્યની અંદર નવથી વધુ જિલ્લાઓમાં મીઠાનું ઉત્પાદન થાય છે. એક લાખ લોકો સીધી કે આડકતરી રોજગારી મેળવે છે. મીઠા ઉદ્યોગ સાથે સંકળાયેલા અગરિયાઓ તથા મીઠાના કામદારોની સામાજીક, શૈક્ષણિક તથા આરોગ્યલક્ષી સ્થિતિ સુધારવા રાજ્ય સરકારે અનેકવિધ પગલાઓ લીધા છે, અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગરિયાઓના બાળકો માટે બાલવાડી, આંગણવાડી, યુનિફોર્મ, કોમ્પ્યુટર તથા શૈક્ષણિક કીટ આ સરકાર આપે છે. અગરિયા કુટુંબોને કામના સ્થળે મોબાઇલ મેડિકલ વાન તથા દવાઓનું વિના મૂલ્યે વિતરણ આ રાજ્ય સરકાર કરે છે. અગરિયા પરિવારો માટે રહેઠાણ અને કામના સ્થળે ટેન્કરો દ્વારા વિના મૂલ્યે પીવાના પાણીની સુવિધા પણ આ રાજ્ય સરકાર કરે છે. મીઠા ઉત્પાદક જિલ્લાઓમાં અગરિયાઓ માટે નમક મજદૂર આવાસ યોજના સરકારે અમલમાં મુકી છે એના અંતર્ગત ત્રણ હજારથી વધુ મકાનો બનાવી વિના મૂલ્યે આ સરકારે આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીને અને નાણા મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન સાથે ધન્યવાદ આપું છું કે, મારા પાટડી વિસ્તારની અંદર રણ કાંઠાના જે ગામો છે એ ગામોની અંદર ચાલુ બજેટની અંદર કોલેજને મંજૂરી આપી છે ત્યારે અગરિયાઓના બાળકોના ભણતર માટે પણ એક મોટી તક ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસની તત્કાલિન યુ.પી.એ.ની સરકારે આ મીઠા ઉદ્યોગ અને અગરિયાઓ સાથે ભારોભાર અન્યાય કર્યો હતો, ઓરમાયું વર્તન રાખ્યું હતું. એક–બે બાબતો એવી છે કે, રણની અંદર પાઇપ લાઇનથી અગરિયાઓને પાણી આપવાની સરકારની યોજના હતી પણ કેન્દ્રના વન અને પર્યાવરણ વિભાગે મંજૂરી ન આપી. કારણ એવું બતાવ્યું કે, ઘુડખર અભ્યારણ છે અને એના કારણે વન્ય પ્રાણીઓને નુકસાન થાય. પીવાના પાણીની પાઇપ લાઇન જમીનમાંથી જાય અને એમાં ઘુડખરને કોઇ નુકસાન ન થાય આ સામાન્ય બુદ્ધિવાળો માણસ પણ સમજી શકે પણ એ સમયની કેન્દ્ર સરકારે મંજૂરી નહીં આપી, આ યોજના ખોરંભે પડી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી બાબત એવી છે કે, જે સોલ્ટ સેસ કહેવાય એટલે કે, મીઠા ઉપરનો કર, એ કેન્દ્ર સરકાર ઉઘરાવે છે. દસ વર્ષના આંકડા બોલે છે કે, એમાંથી જે રકમ ઉભી થાય એ અગરિયાઓ માટે, વિવિધ સગવડો માટે વાપરવાની હોય છે. મારે દુઃખ સાથ કહેવું પડે છે કે જે રકમ કેન્દ્ર સરકાર લઇ જાય છે એ વખતે એમાંથી ૧૦ ટકા પણ ઉપયોગ એ વખતની કોંગ્રેસ સરકારે અગરિયાઓ માટે કર્યો નથી. છેલ્લે ૨૦૧૩–૧૪ના વર્ષની અંદર અઢીથી ત્રણ કરોડ રૂપિયા મીઠાના કરની સામે ૩૦ લાખ રૂપિયા પણ વાપર્યા નહોતા.

લોકસભાની જે છેલ્લી ચૂંટણી થઇ એમાં માનનીય રાહુલ ગાંધીએ ગુજરાતથી જ એમનું ચૂંટણી અભિયાન શરૂ કર્યું. એ અભિયાનની શરૂઆત જ એમણે મારા પાટડીથી કરી. પાટડીની અંદર પણ એમણે જે શરૂઆત કરી અગરિયાઓનું સંમેલન કરીને પણ અગરિયાઓ તો વાટ જોઇને જ બેઠા હતા. રાહુલ ગાંધી આવ્યા અગરિયાઓએ પ્રશ્નોની ઝડી વરસાવી અને મને આનંદ એ વાતનો છે કે અગરિયાઓએ એક બની, નેક બની એવી લપડાક મારી કે તમામ અગરિયાઓના જે ગામો છે રણકાંઠાના એ તમામે તમામે ભા.જ.પ.ને ૭૦ થી ૮૦ ટકા મતો આપ્યા. માનનીય અધ્યક્ષશ્રી, આજે કોંગ્રેસની આશાનું કિરણ રાહુલ ગાંધી છે. તપ કરવા ગયા છે આવ્યા કે ન આવ્યા એની મને ખબર નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન ગઇ ૨૮ મી જાન્યુઆરીએ પાટડી આવ્યા હતા. ભુગર્ભ પાઇપલાઇનથી પાણી આપવાની યોજનાનો શુભારંભ હતો. બહેને એ વખતે પાઇપલાઇનના શુભારંભ પછી અગરિયા સમાજના પ્રતિનિધિ મંડળ સાથે મુલાકાત કરી અને બહેને સંપૂર્ણ દિલાસો આપ્યો, ખાતરી આપી અગરિયાભાઇઓને કે તમારી જે પણ તકલીફ હશે એ માનનીય મુખ્યમંત્રી તરફથી હું ખાતરી આપું છું કે એ પ્રશ્નો ચોકકસપણે હલ થશે. સિંહને કાંટો વાગે એટલે સિંહ ઘાયલ થાય. સિંહ સત્તા ન છોડે સિંહ ઘાયલ થાય અને દિલ્હીની ચૂંટણી પછી કોંગ્રેસે જે વાતાવરણ બનાવવાનો પ્રયત્ન કર્યો. સિંહને કાંટો વાગ્યો એટલે શિયાળ, ઘેટા, બકરા બધા એવા ગેલમાં આવી ગયા કે હવે તો શાસન આપણું આવી ગયું પણ સિંહ એ સિંહ છે અને ઘેટુ એ ઘેટુ છે. દિલ્હીની ચૂંટણી માં પણ ૬૩ સીટો ઉપર કોંગ્રેસની ડિપોઝીટ જપ્ત થઇ છે. કોંગ્રેસનું ખાતું પણ ખુલ્યું નથી. ભા.જ.પ.ને તો ત્રણ સીટો તો મળી પણ ગઇ વિધાનસભાની ચૂંટણી વખતે જે મત મળ્યા હતા એમાં ખાલી એક ટકાનો જ ઘટાડો થયો છે. ત્યારે એક કહેવત છે બાંકણ બચ્ચા લાખ, લાખે બિચારા, સિંહણ બચ્ચુ એક, એકે હજારા. એટલે નરેન્દ્રભાઇનો જે સૂર્યોદય થયો છે એ કયાંય અસ્ત થવાનો નથી. દિલ્હીમાં પણ ભા.જ.પ.નું શાસન, ગુજરાતમાં પણ ભા.જ.પ.નું શાસન રહેવાનું છે. તમે શાંતિથી રાહુલ ગાંધી તરફ નજર રાખીને બેસી રહો એ શું કરે છે એટલું જ ખાલી જોયા કરો. બાકી તમારે રટણ જ કરવાનું છે. બીજું કશું કરવાનું નથી. માનનીય નાણામંત્રી જે બજેટ લઇને આવ્યા છે એને મારું હ્રદયપૂર્વક સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજુ કરું છું. બનાસકાંઠા જિલ્લો, રાજયની અંદર શૈક્ષણિક, આર્થિક અને સામાજિક રીતે પછાત જિલ્લો છે એવી વાત ગયા વખતના બજેટમાં સરકારશ્રીએ સ્વીકારેલી અને એમ વાત કરેલી કે રાજયનો સમતુલીત વિકાસ કરવામાં આવશે અને કોઇ જિલ્લાને અન્યાય નહીં થાય. મારે આપના મારફત સરકારશ્રીનું અને નાણામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે. જિલ્લાની અંદર ઉદ્યોગો નથી ફકત લોકોની જીવાદોરી બનાસ ડેરી છે. ગુજરાતની અંદર શ્વેત ક્રાંતિ લાવવામાં આપનો કોઇ ફાળો નથી. સ્વ.ઇન્દિરાજીએ જે તે વખતે વડાપ્રધાન હતા અને પાર્લામેન્ટની અંદર ઠરાવ પસાર કરીને ડો. વર્ગીસ કુરિયનને સ્વતંત્ર રીતે કામ કરવાની સત્તા આપેલી અને એમણે ગુજરાતની અંદર શ્વેતક્રાંતિ લાવી. બનાસકાંઠા જિલ્લામાં ગલબાભાઇ અને નાનજીભાઇનું અને માનસીભાઇનું ભલું થજો. એમણે મહેસાણામાં અને બનાસકાંઠામાં ડેરીની સ્થાપના કરી. આપનો કોઇનો આમાં હિસ્સો નથી. દાંતીવાડાની અંદર કોંગ્રેસની સરકારે જે તે વખતે કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરી. આગળ વાત કરવી છે કે સિંચાઇની અંદર દાંતીવાડા ડેમ, લોકેશ્વર ડેમ, સીપુ ડેમ નાની સિંચાઇ યોજનાઓ કોંગ્રેસની સરકારે કરી. દિવસે દિવસે વરસાદ ઓછો થતો ગયો અને દાંતીવાડા ડેમ ઉપર ઉપરવાસમાં શરૂઆતમાં રાજસ્થાન સરકારે ડેમ બાંધ્યો. સીપુ નદીની ઉપર માઉન્ટ આબુથી સીપુ વચ્ચે રાજસ્થાન સરકારે ડેમ બાંધ્યો. જેના કારણે બંને ડેમમાં પાણીનો આવરો નહિવત રહ્યો. જિલ્લાની અંદર નર્મદા યોજનાનો લાભ સિંચાઇ માટે ફક્ત ને ફક્ત ભાભર, સુઇ અને વાવ તાલુકાને મળવાનો છે. બાકીના ૧૦ થી ૧૧ તાલુકા કોરાધાકોર છે. ખેડૂતોનો ફકત ખેતી ઉપર જીવન નિર્વાહનો આધાર છે. જિલ્લાની અંદર મોટાભાગની વસતિ બક્ષીપંચ, હરિજન અને આદિવાસીની અને બાકીની પછાત કોમની વસતિ છે. શિક્ષણનું પ્રમાણ નહિવત છે. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની સ્થાપના તો કરી, પણ એનો વિકાસ કરવો જોઇતો હતો એના બદલે આ વખતે જે હોલ્ટીકલ્ચર કોલેજ હતી તે ઉપાડીને લઇ ગયા. અમારા બનાસકાંઠામાંથી મહેસાણા લઇ ગયા. એના બદલે મહેસાણામાં નવી કોલેજ શરૂ કરી હોત અને બનાસકાંઠામાં આ હોલ્ટીકલ્ચર કોલેજ ચાલુ રાખી હોત તો ન્યાય સરખો ગણાત. આવી રીતે દરેક બાબતમાં થયું છે. મેડિકલ કોલેજની પણ માગણી કરેલ હતી. તે મેડિકલ કોલેજ પણ ન આપી. સિંચાઇની સગવડ માટે વારંવાર

રજૂઆત કરવા છતા સરકારશ્રી બનાસકાંઠા જિલ્લાની અંદર ખેડૂતોના ભલા માટે કોઇ પગલું લે તેવું લાગતું નથી. અમારી તીવ્ર માગણી છે અને સરકારશ્રીને વિનંતી છે કે ઇઝરાયલ પદ્ધતિથી નવેસરથી બનાસકાંઠા જિલ્લાને વધારેમાં વધારે નર્મદાનું પાણી કેવી રીતે મળે એનો સરવે કરાવો અને વિશ્વમાં છેલ્લામાં છેલ્લી અદ્યતન ટેકનોલોજી છે એનો ઉપયોગ કરી બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના પાણીથી વધારે જમીન સિંચાઇમાં કેવી રીતે આવરી લેવામાં આવે તેની સરકારશ્રી વિચારણા કરી અમલ કરે તેવી મારી સતત માગણી સરકારશ્રી પાસે રહી છે.(અંતરાય) બનાસકાંઠામાં ૩ તાલુકા છે. કઇ નથી. દાખલા સાથે આપું. આપ રજેરજ જાણો છો. સત્યથી વેગળી વાત કરો છો. આપ ઇશ્વરને ઉપર રાખી, છાતી ઉપર હાથ મૂકીને વાત કરો. આપ સિનિયર નં.૨ મંત્રી છો. આપ બોલો ઇશ્વર બોલે તેમ જૂના જમાનામાં રાજા માનતા. આપે સત્યથી વેગળી...

અધ્યક્ષશ્રી : આપ નીતિનભાઇની સામે જોઇને પ્રવચન ન કરો.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : નિતીનભાઇ બોલે છે. મારે આપની સામે જોઇને વાત કરવી છે. આપની મારફત વિનંતી કરવાની છે કે જેવી રીતે મહેસાણા જિલ્લાનું ભલું ઇચ્છો છો તે પ્રમાણે બનાસકાંઠા જિલ્લાનું ભલું થાય તેવી રીતે તમામ પગલાં લો. અને જિલ્લાની અંદર ગ્રાન્ટેડ શાળા, એક પણ ગ્રાન્ટેડ શાળા આ સરકાર આવ્યા પછી ૨૦ વર્ષમાં આપવી જોઇએ, તે બીજા જિલ્લાની સરખામણીમાં નથી આપી. ભૂતકાળમાં ગ્રાન્ટેડ શાળાઓ ઓછી હતી. સરકારે આપી. એના પછી વારંવાર માગણી મૂકી છતા આપી નથી. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં ખેતીના વિકાસની વાત કરે. ખાલી જગ્યા માટે બધાએ રજૂઆત કરી. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની અંદર જે કોલેજ છે, એની અંદર સ્ટાફ નથી. સ્ટાફ ભર્યા હોત તો અમે સંતોષ માનત, પણ જે કરવું જોઇતું હતું તે નથી થયું.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત રાજયનું જે બજેટ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજુ કરું છું. રાજય સરકાર પંચાયત વિભાગને જે રીતે બજેટ આપ્યું છે અને રજુ કર્યુ છે તે રીતે ગામડાંનો વિકાસ કેવી રીતે થાય, ગામડું કોને કહેવાય તેની ચિંતા આ રાજય સરકારે કરી છે. ગામડાંમાં ઘર ઘર ટોઇલેટ બનાવવાનું આયોજન આ રાજય સરકારે શરૂ કર્યુ છે. રાજય સરકારે ગરીબ, મધ્યમ વર્ગ, નાના ખેડૂતો, એસ.સી., એસ.ટી., અને ઓ.બી.સી. લોકોના ઘરમાં ટોઇલેટ બનાવવાનું આયોજન કરીને આ ગુજરાતના ગામડાંને સ્વચ્છ રાખવાનું આયોજન કર્યુ છે. સામેના લોકો વાતો કરતા હતા કે ગામડું અને વિકાસ, ગ્યાસુદ્દીન શેખે પોતાના પ્રવચનમાં કહ્યું હતું કે લઘુમતી સમાજને આ રાજય સરકારે શું આપ્યું છે? કચ્છની અંદર ધોરડો ગામ છે. ભૂજથી ધોરડો ૪૦ થી ૫૦ કિલોમિટર અંતરે આવેલ છે. ત્યાં પંદર થી વીસ ગ્રામ પંચાયતો આવેલી છે. આ ગ્રામ પંચાયતોના તમામ સરપંચો મુસ્લિમ સમાજના છે. આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રીને તે બધી ખબર હતી, તેનો સરવે કરેલ હતો છતાં સૌનો સાથ અને સૌનો વિકાસ નજર સમક્ષ રાખીને માનનીય નરેન્દ્રભાઇએ આ ધોરડોમાં રણના વિકાસ માટેનું આયોજન કર્યુ. ધોરડોની અંદર રાજય સરકાર એક રિસોર્ટ ગ્રામ પંચાયતના માધ્યમથી બનાવે છે. આ રિસોર્ટ બન્યા પછી ઘણા ઉદ્યોગપતિઓની, ઘણી સંસ્થાઓની આ રિસોર્ટ ઉપર નજર હતી. ગામડાંને વિકાસ તરફ લઇ જવાની જે યોજના હતી એટલે નરેન્દ્રભાઇએ કહ્યું કે આ રિસોર્ટ ગ્રામ પંચાયતને અર્પણ કરી દો. આજે મીયાંહુસેન આ રિસોર્ટ ચલાવે છે. હમણાં જ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ત્યાં રણોત્સવમાં આવ્યા હતા. તે ગ્રામ પંચાયતની અંદર દસ લાખ રૂપિયાનો એક હોલ બનાવ્યો છે તમે જુઓ તો ખ્યાલ આવે. ગ્યાસુદીનભાઇ બોલતા હતા કે આ સરકારે લઘુમતી સમાજને અન્યાય કર્યો છે. આ સરકારે ગાંધી બાપુને બહુ અન્યાય કર્યો છે. આ સરકારે સરદાર વલ્લભભાઇ પટેલને પણ બહુ અન્યાય કર્યો છે. આ કોંગ્રેસની સરકારે આંબેડકરને પણ અન્યાય કર્યો છે. આ કોંગ્રેસની સરકારે શ્યામજી કૃષ્ણવર્માને પણ બહુ અન્યાય કર્યો છે. મહાત્માજીની હત્યાથી તેમનો આત્મા સતત ભારતમાં ભ્રમણ કરતો રહ્યો અને એવા વ્યક્તિને શોધી કાઢો કે જે આ ગુજરાતનું અને આ દેશનું ભલુ કરે. આ મહાત્માજીની આત્મા નરેન્દ્રભાઇની આત્મામાં ગઇ એટલે આજે મહાત્મા મંદિર એનું નરેન્દ્રભાઇએ સપનું જોયું હતું. છતાં તમે વિરોધ કરો છો. ગામડાંનો સરપંચ, પંચાયતનો સરપંચ એમ કહે છે કે હું પાણી લઇને જાઉં છું, માટી લઇને જાઉં છું. આ મહાત્મા મંદિર બને છે તેમાં અમારા ગામડાંનું પાણી હોય અને માટી હોય છતાં આપ લોકો આ મહાત્મા મંદિરનો વિરોધ કરો છો. આ મહાત્મા મંદિર બને છે એમાં પણ અમારા ગામડાંનું પાણી હોય અમારા ગામડાંની માટી હોય છતાં પણ આપ લોકો આનો વિરોધ કરો છો. સરદાર વલ્લભભાઇ પટેલના સ્ટેચ્યુ માટે ગામડાંમાં અને

વિશ્વમાં જે ગુજરાતીઓ રહે છે એ ખેડૂતો, એ કિસાનો ગામડાંમાંથી ગ્રામ પંચાયતમાંથી લોખંડનો ટૂકડો લઇને આપે છે અને કહે છે કે આ પ્રતિમામાં અમારી પણ આહૂતિ હોવી જોઇએ. ગામનો ખેડૂત પોતાનો લોખંડનો ટૂકડો લઇને આપીને એ આ પ્રતિમામાં સહભાગી બનવા માગે છે. રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ૧૮૨ મિટરની પ્રતિમા બનાવવાનો સંકલ્પ કરીને જે સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ ફોર યુનિટીનું નિર્માણ થયું છે એનો ખરેખર આપે વિરોધ કરવો જ ન જોઇએ. કોંગ્રેસના લોકો જે સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમાનો વિરોધ કરે છે એનો વિરોધ કરવો જ ન જોઇએ. સરદાર વલ્લભભાઇ પટેલને સાચી શ્રદ્ધાંજલિ અને એમના આત્માને સાચી શાંતિ હવે મળશે કેમ કે ૧૮૨ મિટર ઉંચી પ્રતિમાં નર્મદાના ડેમ ઉપર બનવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે શ્યામજી કૃષ્ણા વર્મા, જીનીવામાં એની અસ્થિઓ રાહ જોઇને બેઠી હતી કે એવો વીર પુરુષ કોણ કયારે થશે કે જે આ અસ્થિઓને લઇને મને તારશે અને મારા આત્માને શાંતિ આપશે? નરેન્દ્રભાઇ મોદીએ આયોજન કર્યું, દીકરો થઇને જીનીવામાંથી શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિઓ લઇ આવ્યા અને કચ્છના માંડવી જેવા વિસ્તારમાં એમણે આખું ઇન્ડિયા હાઉસ બનાવ્યું છે.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત (બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી એવું કહેતા હતા કે, ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે, ગુજરાતનો વિકાસ એટલે ભારતનો વિકાસ. આજે ગતિશીલ ગુજરાતનું બજેટ એ પ્રગતિશીલ ભારતની નિશાની લઇને આપણા મુખ્યમંત્રી આનંદીબેનના નેતૃત્વ હેઠળ માનનીય સૌરભભાઇ પટેલ લઇને આવ્યા છે એમાં કાયદા વિભાગ અને ન્યાયતંત્ર માટે હું માનુ છું કે ૨૦૦૧માં આ વિભાગમાં જે ફાળવણી કરવામાં આવેલી એ ૧૦૮ કરોડની કરવામાં આવેલી જયારે આજની તારીખમાં ૧૬૪૯.૩૫ કરોડની ફાળવણી કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિ અનાદિ કાળથી સત્તયુગ હોય, દ્વાપર યુગ હોય, ત્રેતા યુગ હોય કે કલિયુગ હોય, રામ રાજયની વાત કરીએ છીએ, કૃષ્ણના રાજયની વાત કરીએ છીએ, કલિયુગમાં મૌર્ય સામ્રાજયના રાજયની વાત કરીએ છીએ, ચાણક્યની વાતો થાય છે, ગુપ્તવંશના રાજયની વાત થાય છે, મોગલવંશના રાજયની વાત થાય છે અને અંગ્રેજોના શાસનકાળની વાત થાય છે. આપણે આઝાદી પછી અંગ્રેજોની શાસન પ્રણાલિ સ્વીકારી અને એ પ્રમાણે આઝાદી પછી જે જૂના કાયદાઓ હતા અંગ્રેજોના એ અને નવા કાયદાઓ આપણે બનાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, સમયાન્તરે એ કાયદાઓમાં ઘણાં બધા કાયદાઓ નલ એન્ડ વોઇડ થઇ ગયા પણ એ કાયદા તરીકે અસ્તિત્વમાં હતા. જેમ કે હું વાત કરું કે, ૧૯૬૦માં ગુજરાત રાજયની સ્થાપના થઇ પણ ૧૯૯૫ કે ૨૦૦૧ સુધી મુંબઇ રાજયના નામથી જ બધા કાયદાઓ ચાલતા હતા. પણ હું કાયદા મંત્રીશ્રી અને આપણા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીને અભિનંદન આપવા માગુ છું કે, એમણે મુંબઇ રાજયના કાયદાઓનું અસ્તિત્વ મીટાવીને ગુજરાત રાજયના કાયદાઓની રચના કરી. માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં પણ કેન્દ્ર સરકારે કેટલાક કાયદાઓ જે નલ એન્ડ વોઇડ છે કોઇ એની જરૂર નથી એવા તમામ કાયદાઓ રદ કરવા માટે જવાબદારી સોંપી છે અને ધીરે ધીરે લોકસભામાં એ રદ કરવાનું અથવા નવા કાયદા બનાવવાનું કામ થાય છે. આપણે પણ અહીંયા કાયદા પંચની રચના કરીને જે કાયદાઓ અસ્તિત્વમાં નથી એના માટે એ કરી રહ્યા છીએ. અને જરૂર પડે એવા નવા કાયદાઓ પણ આપણે બનાવી રહ્યા છીએ. (અંતરાય) એ કર્ણાવતી કરવું એ કાયદો નથી. તમારે તો એવું બોલવાનું જ નહીં, હું મારા મિત્રોને પણ કહું છું કે, હંમેશા વાત કરતા હોય છે કે એમના વિદેશી પ્રમુખ છે. પણ કોંગ્રેસની સ્થાપના તો વિદેશીએ જ કરેલીને! એટલે એમનું કલ્ચર તો એવું જ રહેવાનું એમાં આપણે બહું ચિંતા કરવા જેવી નથી. કોંગ્રેસની સ્થાપના વિદેશીએ જ કરેલી તમને ખબર નહીં હોય ઇતિહાસ વાંચો તમારો એટલે તમને ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાઓ લોકોની સુખાકારી માટે, શાંતિ અને સલામતી માટે બનાવવામાં આવે છે. અને એ કાયદાઓ લોકશાહીના સ્તંભ છે, આ કાયદાઓ કેન્દ્રની લોકસભા અને રાજ્યસભા અને દરેક રાજયની વિધાનસભામાં બનતા હોય છે, આ કાયદાઓના અમલ કરવા માટે વ્યવસ્થા તંત્ર છે, વ્યવસ્થા તંત્ર એ કાયદાઓનો અમલ કરતું હોય છે અને એ અમલ કરવા માટે પોલીસ ઉપરાંત બીજા ખાતાઓ પણ હોય છે એ પણ કાયદાઓનો અમલ કરતા હોય છે, એની સામે કોઇને પણ ફરિયાદ હોય કે કોઇ તકલીફ આવી હોય કે એને એવું લાગે કે મને અન્યાય થયો છે એના માટે આપણા હિંદુસ્તાનમાં ફોર-ટાયર જ્યુડિશિયરીની સિસ્ટમ છે,

ન્યાયતંત્રમાં તાલુકા કોર્ટ, ડિસ્ટ્રિકટ કોર્ટ, ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટ એટલે વ્યક્તિ પોતાના ન્યાય માટે આ ચાર સ્ટેજ ઉપર લડી શકે છે, અને આપણો કાયદા વિભાગ એના માટેની તમામ વ્યવસ્થા ગોઠવે છે. આ વખતે ફંડની જોગવાઇ કાયદો અને વ્યવસ્થા માટે કરવામાં આવી છે એ ૪૬૦૫.૯૧ કરોડની કરવામાં આવી છે,

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી ૨૦૧૫–૧૬નું બજેટ લઇને આવ્યા છે તેમાં હું મારા કેટલાક વિચારો રજૂ કરું છું. આરોગ્ય અને શિક્ષણ એ સમાજની પાયાની સેવાઓની જરૂરિયાતવાળો વિભાગ છે અને આ બન્ને વિભાગોમાં જરાપણ ઉણપ હોય તો આખા સમાજને નુકસાનકર્તા છે, આપણે આરોગ્ય ક્ષેત્રની વાત કરીએ તો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવીએ છીએ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવીએ છીએ, પણ આ બધા દવાખાનાની અંદર ડોકટરો હોતા નથી, ડોકટરોની નિમણૂંકો થતી નથી અને ડોકટરો મળતા પણ નથી, તો આપણે આ મુળભૂત જે સેવાનું ક્ષેત્ર છે જે બેઝીક સર્વિસ સેકટર છે એમાં આપણે ઉણા ઉતર્યા છીએ એમ કહેવામાં જરાપણ શંકાને સ્થાન નથી, ડોકટરોમાં બે વિભાગ પડી જાય છે, ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર. શહેરી વિસ્તારમાં તો હજી પણ કયાંક સરકારી દવાખાનાઓમાં ડોકટરો મળે છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં તો ડોકટરો છે જ નહિ અને માત્રને માત્ર ત્યાં તાળા લાગેલા હોય છે અને ક્યારેક કમ્પાઉન્ડર હોય છે અથવા તો ક્યારેક નર્સ બહેન એકલા જ હાજર હોય છે. આમાં સરકાર ગંભીરપણે વિચાર કરે, ડોકટરો તો આપણા ગુજરાતમાં છે જ, ગુજરાતમાં ડોકટરો બને પણ છે પણ એ ડોકટરો સરકારની સેવામાં કેમ નથી આવતા એના માટે સરકારે ગંભીરપણે વિચાર કરવો જોઇએ. જે ડોકટરો સાત–સાત, આઠ–આઠ કે દસ દસ વરસ અભ્યાસ કરે છે, મહેનત કરે છે એ ડોકટરોને આપણે પૂરતો પગાર નથી આપતા, એના કારણે જ આ ડોકટરો નથી આવતા, એટલા માટે સરકારે આમાં વિચાર કરવો જોઇએ અને આપણે બીજા રાજ્યોની સરખામણીમાં આ ડોકટરોને કેટલો પગાર આપીએ છીએ એનો પણ વિચાર કરવો જોઇએ. સરકારની પાસે આની પૂરતી માહિતી છે, બીજા રાજ્યો કરતાં આપણે ઘણો ઓછો પગાર આપીએ છીએ. બીજા રાજ્યોની સરખામણીમાં આપણે આપણા સરકારી ડોકટરોને પગાર આપીએ તો આપણને સરકારી દવાખાનામાં પૂરતા ડોકટરો મળે અને સામાન્ય માણસ સરકારી દવાખાનામાં જવાના બદલે જે ખાનગી દવાખાનામાં જાય છે અને ખર્ચાઓ થાય છે અને જે સહન ના કરી શકે એટલા ખર્ચા થાય છે એ ખર્ચામાંથી સામાન્ય માણસને આપણે ઉગારી શકીએ. મારે સરકારને એટલી વિનંતી કરવાની કે આ એક પાયાની જરૂરિયાતવાળું સેકટર છે અને એમાં સરકારને ખર્ચ થાય તો પણ એમને વધારે પગાર આપીને ડોકટરોને આપણે રોકવા જોઇએ. કેટલાક રાજ્યોનો મને અનુભવ છે કે ત્યાં આજે પણ સરકારી દવાખાનામાં જવાનું દર્દીઓ પહેલું પસંદ કરે છે અને સરકારી દવાખાનામાં કદાચ એમને સલાહ આપે કે તમારે આ પ્રાઇવેટ દવાખાનામાં જવામાં વાંધો નથી તો જ એ ત્યાં જાય છે બાકી પહેલાં તેઓ સરકારી દવાખાનામાં જાય એવા રાજ્યો પણ આપણા આ ભારત દેશમાં છે. તો આપણે આ ગુજરાતમાં આ પરિસ્થિતિનું નિર્માણ કેમ નથી કરી શકતા એ એક વિચારવાનો મુદ્દો છે અને આ સરકાર આ બાબતમાં ગંભીરપણે વિચાર કરે એના માટે હું વિનંતી કરું છું.

શિક્ષણ ક્ષેત્રે પણ મારે એક વાત કરવી છે, અત્યારે શિક્ષણક્ષેત્રમાં પ્રાયમરીમાં ધોરણ–૮ લઇ ગયા, માધ્યમિકમાંથી ધોરણ–૮ પ્રાયમરીમાં લઇ ગયા છે, પ્રાયમરીમાં લઇ ગયા એનો તો વાંધો નથી. પણ ધોરણ આઠ જે પ્રાયમરીમાં ગયુ છે તેને ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજી ભણાવનારા પૂરેપૂરા શિક્ષકો નથી અને તેના કારણે આ બાળકોનું શિક્ષણ બગડે છે. કોંગ્રેસની સરકારનો એક દાખલો આપુ જયારે આ પી.ટી.સી.શિક્ષકોનો અભાવ હતો, અછત હતી ત્યારે એક ડિસીઝન લીધું હતું કે ગમે ત્યાંથી એ વિષયના શિક્ષકો, નિષ્ણાત શિક્ષકો હોય તેને એપોઇન્ટમેન્ટ આપો અને પાછળથી તેને તબક્કાવાર તાલીમ આપીને ટ્રેઇન કરવામાં આવશે એવો નિર્ણય લીધો હતો. આ સરકાર પણ આવો નિર્ણય લે અને ગણિત,વિજ્ઞાન અને અંગ્રેજીના જે જાણકાર, અભ્યાસુ શિક્ષકો મળી શકે તેમ હોય તેની નિમણૂક કરીને જયાં શિક્ષકોની ઘટ છે તેને પૂરવા માટે યોગ્ય વ્યવસ્થા કરે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મનરેગાની એક વાત કરી લઉં. મનરેગા છે એટલે તેનું નામ MNREGA એ જ રીતનો બીજો આઇ.ટી.આઇ.નો કાયદો છે, ફૂડ સિકયોરીટીનો એક છે. આવા બે–ત્રણ કાયદા જે યુ.પી.એ.ની સરકાર વખતે બનેલા છે વિશ્વમાં આવા કોઇ કાયદાઓ બનેલા નથી જેવા યુ.પી.એ.ની સરકારે કાયદાઓ

બનાવ્યાં છે. મનરેગાનો કાયદો એવો છે કે, કોઇ પણ વિસ્તારમાં, કોઇ પણ માણસ એમ કહે કે મારે મજૂરી કરવી છે તો તેના માટે સો દિવસની રોજગારી આપવા માટે સરકાર બંધાયેલી છે. આ એક સારામાં સારો કાયદો છે કે કોઇપણ રોજગાર ઇચ્છુક વ્યકિતને કોઇપણ જાતના ક્રાઇટેરિયા વગર રોજગારી આપવાની સારામાં સારી તક છે. અને એમાં અત્યારે જે વહીવટ ચાલી રહ્યો છે તે વહીવટને જોઇને ખરેખર મને દુઃખ થાય છે. મનરેગાનો કાયદો બહુ નાનો છે, તેની યોજના બની છે તે પણ બહુ નાની છે, તેના નિયમો જે બન્યા છે તે પણ નાના છે. પણ તેમાં જે જોગવાઇઓ છે તે જોગવાઇઓમાં કયાંય મળ્યું નથી પણ તેમ છતાંય અત્યારે મનરેગાના અમલમાં જે ગેરરીતિઓ થઇ રહી છે, જે ગેરરીતિઓ કરવામાં આવે છે તે ખૂબજ નોંધપાત્ર છે. સરકારમાં જે વહીવટકર્તા છે જે અડમિનિસ્ટ્રેશન ચલાવી રહ્યાં છે તેના માટે આ લાલબત્તી સમાન છે. અને મનરેગાના કાયદામાં જે કંઇ ગેરરીતિઓ થતી હોય તે ડામી શકાય તેમ છે. પણ મનરેગાનાં અમલની અંદર અધિકારીઓ જે સંકળાયેલા હોય, તંત્ર જે સંકળાયેલું હોય તે કેમ પગલાં નથી લેતું તે એક વિચારવાનો મુદ્દો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસમાં કોઇપણ વ્યકિત ફરિયાદ કરવા જાય તો એના માટે એક સાદા કાગળમાં અરજી આપો એવો આગ્રહ રાખવામાં આવે છે. સાદા કાગળમાં અરજી આપવાનુ કારણ આપણે જો કોઇને પૂછીએ તો પોલીસ અધિકારીઓ એમ કહે કે અમને ઉપરથી સૂચના છે કે ક્રાઇમ રેઇટ ઘટાડવા માટે માત્ર અને માત્ર સાદા કાગળ ઉપર અરજી લેવી એફ.આઇ.આર.બને એટલી ઓછી નોંધવી. માનનીય અધ્યક્ષશ્રી, આ પણ એક વિચારવા જેવું છે આનું કારણ એમ પણ હોઇ શકે કે પોલીસ દળની અંદર.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણી ગરવી ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના સફળ અને સબળ નેતૃત્વમાં ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના જેઓ માસ્ટર છે એવા આપણાં નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યાં છે તેમના સમર્થનમાં અને તેના અનુમોદન માટે બે વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિ વિશે વાત કરીએ તો સૌથી જીવન જરૂરિયાતની વસ્તુ અને સૌથી અગત્યનો જે પ્રભાગ કહી શકાય આ બજેટમાં એવો જળસંપત્તિ પ્રભાગ વિશે કહું તો જળ માટે તો આપણે વર્ષોથી સૂત્ર છે કે **"" જળ એ જ જીવન ""** જન્મથી માંડી અને જીવન પર્યંત, મૃત્યુ સુધી ફકત જરૂરી નહીં પણ અનિવાર્ય ઘટક છે એ જળ છે, તેનું મહત્વ આપણે પેઢી દર પેઢી જાળવતાં આવ્યા છીએ અને માનતા આવ્યા છીએ. દુનિયાની સૌથી મોંઘી સંપત્તિ જો કોઇ હોય, સૌથી અમૂલ્ય સંપત્તિ હોય તો એ જળસંપત્તિ કહી શકાય. અને અત્યારે એવુ પણ કહેવાય છે કે, હવે જો દુનિયામાં ત્રીજુ વિશ્વયુદ્ધ થશે તો એ પાણી માટેનું વિશ્વયુદ્ધ હશે એ પણ સો ટકા યથાર્થ છે. હવે અગત્યની વાત કરું તો છેલ્લા ૧૭ વર્ષને બાદ કરતા આ જે આપણી અમૂલ્ય સંપત્તિ છે, પાછળનાં જો ૧૭ વર્ષ પહેલાંની વાત કરીએ ગુજરાતની સ્થાપના પછીના તો આગળની સરકારોમાં પાણી બચાવવા માટેના, જળ સંચય માટેના, જળ સંવર્ધન માટેના, તેના સંરક્ષણ માટેના પ્રયત્નો તો ન થયા, તેની ગંભીરતા પણ ન લેવાઇ, પણ જળ વેડફવાનું જે કામ કર્યું છે તેના કારણે આપણી પાસે કરોડો રૂપિયા બેંક બેલેન્સ હોય અને ફકત ચેક થી ઉપાડયા જ કરીએ અને સામે જમા ન કરીએ અને જે દશા થાય એ આપણી જળ સંપતિની દશા થઇ હતી. છેલ્લા ૧૭ વર્ષથી આપણા માનનીય પૂર્વ મુખ્ય મંત્રી અને હાલના વડા પ્રધાન, એમણે જે પંચ શકિત પૈકી જળ શકિત અને જન શકિત બન્નેને ભાગીદાર બનાવી અને જળ સંચય અને જળ સિંચનના જે બહુ સરસ મજાના લોક ભાગીદારીથી કામો કર્યા તેના લીધે અત્યારે ભૂગર્ભ જળસ્તર જે પહેલા ૩૦૦ થી ૧૦૦૦ ફૂટે પહોંચ્યા હતા તે પાછા નવ થી દસ મિટર જેવો એમાં વધારો કરી શકયા છીએ. પાણી ખેંચવાનું જ અગાઉ કામ કર્યું હતું.

હવે બજેટની વાત કરું તો ૧૯૬૦નું આ જળ સંપતિ પ્રભાગનું ટોટલ બજેટ ૭ કરોડ હતું, બે જ આંકડા આપીશ ૨૦૧૪-૧૫ માં એનું બજેટ ૩૫૭૦ કરોડ અને આ વર્ષનું ૪૩૦૦ કરોડનું થયું છે. આગળના ૪૦ વર્ષનો સળંગ આંકડો ૬૩૨૧ કરોડનો છે. અને છેલ્લા ૧૪ વર્ષમાં ૨૦૦૦૦ કરોડ કરતા પણ વધારે, એટલે જળ સંપતિ પ્રભાગમાં ૩ ગણાથી પણ વધારે બજેટનો વધારો કરવામાં આવ્યો છે. જુદા જુદા વિભાગોમાં જો બજેટની ફાળવણી જોઇએ તો સરદાર સરોવર યોજના માટે હમણા વાત થઇ કે ૯૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે એ સૂચવે છે કે ગુજરાત સરકાર ભાજપની અત્યારની સરકાર આના માટે કેટલી ચિંતા અને ચિંતન કરે છે. ૭ વર્ષથી જે ગેઇટ મૂકવા માટેનો મંજૂરીનો ગેઇટ બંધ હતો, મંજૂરીનો ગેઇટ હતો તેની ચાવી ખોવાઇ ગઇ હતી ૭

વર્ષથી, એ માનનીય નરેન્દ્રભાઇ કેન્દ્રમાં પહોંચ્યા પછી ૧૭ દિવસમાં ચાવી મળી ગઇ અને ગેઇટ મૂકવા માટેની મંજૂરી માટેનો ગેઇટ પણ ખુલી ગયો તે પણ નોંધ લેવા જેવી વસ્તુ છે. અને એ પણ સરકારની પ્રમાણીકતા બતાવે છે. હવે સબ માઇનોરની કામગીરી માં પણ ઘણું કહેવામાં આવ્યું કે પાઇપ લાઇન મારફતે પાણી, જમીનનું વળતરના પૈસા ન આપવા પડે એટલે સબ માઇનોર પાઇપ લાઇન દ્વારા કરવામાં આવે છે. હકીકતમાં ખેડૂતોની જ માગણી એવી હતી કે અમારી જમીન ન બગડે અને સબ માઇનોર કેનાલમાં વિવાદ ન થાય, જમીન અધિગ્રહણમાં જે ટાઇમ બગડતો એ ટાઇમ પણ બચે અને ટાઇમસર કામગીરી પૂરી થાય અને પાંચ લાખ હેક્ટર પિયત વિસ્તારમાં આ પાઇપ લાઇન નાખી શકાય એના માટેની જોગવાઇ ૨૧૫૧ કરોડ ની કરી છે તે અભિનંદનને પાત્ર છે. સૌ ની યોજનાની વાત કરું તો આ યોજના સૌરાષ્ટ્ર માટે સૌથી અગત્યની યોજના છે. ૧ લાખ મિલીયન એકર ફૂટ પાણી જે દરિયામાં વહી જાય છે તેને આપણે પાઇપ લાઇન દ્વારા ૧૧૨૬ કિલો મીટરની પાઇપ લાઇન દ્વારા ૧૧ જિલ્લામાં વિવિધ ૧૧૫ જેટલા જળાશયો અને ડેમોમાં આ પુરનું પાણી પહોંચી શકે તેના માટેનું આયોજન કરેલ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, બજેટને સમર્થન આપવા માટે ઉભો થયો છું. આ બજેટમાં મને હ્યુમન ફેઇસ દેખાય છે. આ બજેટ સંવેદના સભર બજેટ છે, અને સમતોલ, સર્વાંગી વિકાસમાં પૂરક બજેટ છે. હું બજેટની વાત કરું તે પહેલા માહિતીના અભાવે સામેથી જે રજૂઆતો થઇ છે તેનું થોડુંક કરેકશન મારે કરવું છે. આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ ગઇ કાલે વિધવા સહાયની વાત કરી હતી. મળતી નથી એવું કહ્યું હતું. આઇ સ્ટેન્ડ ટુ કરેકટ, મારે માહિતી આપીને એમાં સુધારો કરવો છે. ૨૦૧૨–૧૩ માં ૧,૨૪,૪૦૫ વિધવાઓને ૧૩ લાખ ૫૦૧ વિધવા સહાય આપવામાં આવી. એવી રીતે સન ૨૦૧૩–૧૪માં ૧,૦૦,૫૯૩ બહેનોને તેમજ સન ૨૦૧૪–૧૫માં ૧,૩૯,૨૪૮ વિધવા બહેનોને સહાય આપવામાં આવી છે.

બીજી અગત્યની બાબત માનનીય શંકરસિંહભાઇએ કરી હતી. સરદાર સાહેબનું સ્ટેચ્યુ મૂકયું ત્યારે ભારતીય જનતા પાર્ટીએ એનો વિરોધ કર્યો હતો. બાપુએ કહ્યું કે તે વખતે હું ત્યાં હાજર હતો. વિરોધ સરદાર સાહેબના સ્ટેચ્યુનો નહોતો, સરદાર સાહેબ સાથે જોડાયેલા નામનો પણ નહોતો, પરંતુ જયારે સરદાર સાહેબના નામ સાથે એરપોર્ટને જોડો છો ત્યારે તમે સ્ટેચ્યુ આટલું દુર ન મૂકો, એ એરપોર્ટની અંદર મૂકો તેવા આશય સાથે હું સ્પષ્ટતા કરી રહ્યો છું. સરદાર સાહેબનો વિરોધ અમે કર્યો નહોતો.

માનનીય શકિતસિંહભાઇએ કહ્યું કે ફાર્મસી અને એન્જિનિયરીંગ સ્વ નિર્ભર અભ્યાસક્રમની ફીમાં વધારો કરવામાં આવે છે. રાજય સરકાર ફી વધારતી નથી. એના માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. હાઇકોર્ટના નિવૃત્ત જસ્ટીસના વડપણ હેઠળની કમિટી હોય છે, અને એમાં એક પૂર્વ કુલપતિ હોય છે, કમિશ્નર ટેકનિકલ એજયુકેશન હોય છે. સ્વનિર્ભર સંસ્થાના પ્રતિનિધ હોય છે, એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોય છે. આ બધા સાથે મળીને બધી સંસ્થાઓને વ્યકિતગત સાંભળ્યા પછી નિર્ણય કરે છે. એટલે રાજય સરકાર ફીમાં વધારો કરે છે એ વાત ખોટી છે.

માનનીય પરેશભાઇએ સૌની યોજનામાં અત્યાર સુધીમાં કંઇ ખર્ચ થયો નથી એવી વાત કરી છે. મારી પાસે આંકડા છે. સન ૨૦૧૪–૧૫ ના વર્ષમાં ૧૭૦૦ કરોડ રૂપિયા વાપર્યા છે. અને આ સન ૨૦૧૫–૧૬ના બજેટમાં ૩ હજાર કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. આવતા ત્રણ વર્ષમાં કોઇએ પણ વિચાર્યું નહિ હોય એ પ્રમાણે સૌરાષ્ટ્રના તમામ ડેમોમાં યોજનાના સ્વરૂપ પ્રમાણે જ પાણીથી ભરી દેવામાં આવશે.

આ બજેટમાં સોસીયલ સેકટરને ખૂબ જ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે અને એ જ ઉપાય છે. સોસીયલ સેકટર એ ઉપાય છે. આઝાદી પછીથી કેન્દ્ર સરકારમાં અને રાજય સરકારોમાં કોંગ્રેસનું એકચક્રી શાસન ૪૦ થી ૫૦ વર્ષ સુધી રહ્યું. તે વખતે વસતિ ઓછી હતી, સ્ત્રોત્ર ખૂબ જ હતા, પ્રજા અને પ્રેસનો વિરોધ ઓછો હતો અને વિરોધપક્ષ પણ નહોતો એવા સંજોગોમાં કામ કરવાની એટલી બધી તક હતી છતાં માળખાકીય સુવિધા કે પાયાની સુવિધા પૂરી કરવામાં ૪૦–૫૦ વર્ષનો સમય મળ્યો છતાં થયું નહિ અને ઉપાય જે કંઇ થયા એ થીગડ થાગડ થયા. માનનીય નરેન્દ્રભાઇએ આ દેશમાં પહેલીવાર ઉપાય કર્યો, પહેલા સમસ્યાનું નિદાન કર્યું. પછી ઉપાય કર્યો અને પછી અમલ કર્યો. તે વખતે દસ હજાર ગામોમાં પીવાના પાણીની સમસ્યા હતી, સિંચાઇના પાણીની વ્યવસ્થા નહોતી, રસ્તાઓ સાંકડા હતા, શાળા, શિક્ષકો

વગેરેની અછત હતી. ગામડાં આરોગ્યની સુવિધા વગરના હતા. રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી વગર ૪૦ થી ૫૦ વર્ષ રહ્યા. આજે પણ જયાં તમારું શાસન છે ત્યાં વીજળી આવે છે એ સમાચાર છે. હેં, વીજળી આવી? આજે ગુજરાતમાં એક મિનિટ પણ જતી નથી. આ રીતે કાયમી ઉકેલના સ્વરૂપે માનનીય નાણા મંત્રીશ્રી આ બજેટ લઇને આવ્યા છે. મારે કહેવું છે કે જયારથી નરેન્દ્રભાઇએ શાસનની ધુરા સંભાળી ત્યારથી થીગડાં નથી માર્યા પણ કાયમી ઉકેલના સ્વરૂપમાં તેમનું પહેલું બજેટ જૂઓ, આજનું બજેટ જૂઓ એ બધી સમસ્યાઓના ઉકેલની દિશામાં દરેકે દરેક બજેટમાં રસ્તા, પાણી, આરોગ્ય, શિક્ષણ, વીજળી પંચશક્તિના માધ્યમથી તેના ઉપાય કર્યા અને પરિણામે આજે કદાચ તમે ન માનો તો દરેક વિભાગના બધા જ કામ માટે રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય એવોર્ડ એ સિંચાઇમાં, પાણી પુરવઠામાં, વીજળીમાં, એ વહીવટમાં દરેક બાબતમાં..

અધ્યક્ષશ્રી : પુનમભાઇ, બેઠાં બેઠાં આપણે કોઇ કોમેન્ટ નહીં કરીએ. સમગ્ર દિવસની ચર્ચામાં ભૂપેન્દ્રસિંહજીએ કયારેય કોઇ સભ્યને કોમેન્ટ નથી કરી. એટલે તેમના પ્રત્યે એટલો આદર તો રાખો. પ્લીઝ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એટલે દરેકે દરેક કામગીરીમાં, હું મારી સરકારની વાત કરું તો ચોક્કસ સાચી વાત છે, પણ તટસ્થ એજન્સી. એમને પીવાના પાણીની વ્યવસ્થા, ૧૮ હજાર ગામડાંમાં વીજળીની વ્યવસ્થા, ૧૮ હજાર ગામડાંમાં આરોગ્યની વ્યવસ્થા, જયાં રસ્તા સીંગલ હતા ત્યાં ડબલ થયા, ડબલ હતા ત્યાં ફોરલેન થયા, સીકસ લેન થાય છે. આપ બધા જોઇ રહ્યા છો. આ વ્યવસ્થા કરવાની અંદર આખા દેશના રાજયોને કેન્દ્ર સરકાર તરફથી અપાતી મદદ, રાજય સરકારનું બજેટ અને પરિણામે જે વપરાય છે તેનું જે પરિણામ આવે છે તેનું મૂલ્યાંકન કરે છે. તેમાં માત્ર રાષ્ટ્રીય સંસ્થાઓ નહીં પણ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ આ રાજય સરકારને લેખિત પ્રમાણપત્ર અને પારિતોષિક આપ્યા છે. એ તમને ન દેખાય તો ભગવાન તમારું સારું કરે. હું વારંવાર કહું છું કે સમતોલ અને સર્વાંગી વિકાસ. તેના માટે નરેન્દ્રભાઇએ ઉત્સવ, આપ બધા તેને તાયફા કહો છો. તમને આજ દિન સુધી માત્ર વિરોધ સૂઝ્યો, તેના કારણે અમે ઘર ઘર સુધી પહોંચી ગયા. તમને ખબર પણ ન પડી અને આજ દિન સુધી ખબર નથી પડતી એ અમારા માટે બહુ લાભ છે. પ્રવેશ મહોત્સવ. તમે તેને તાયફો કહ્યો. પેલા ગામડાંના માણસને એમ થયું કે આ મુખ્યમંત્રી, મંત્રી, કલેકટર, આ ડી.ડી.ઓ. કોઇ ભાજપની કે મતની વાત તો કરતા નથી. મારા દીકરા કે દીકરી માટે, હું ન ભણ્યો, હું ન ભણી પણ મારા દીકરા કે દીકરી માટે આ મુખ્યમંત્રી આવે છે. હવે તો મત આને જ અપાય. તમે વિરોધ કર્યો. તમને સમજણ જ ન પડી આજ દિન સુધી. આજે ભાષણમાં પણ તમને એ ધ્યાનમાં નથી આવતું અને તમે તેનો વિરોધ કરતા હતા. ફાયદો શું થયો? જયારે આ યોજના શરૂ કરી પ્રવેશ મહોત્સવ યોજના, એ વખતે સમાજના માત્ર ૭૫ ટકા બાળકોનું નામાંકન થતું હતું. રેકર્ડ ઉપર છે. શંકરભાઇ કહેતા હતા કે ૭૫ ટકા બાળકો શાળાએ જતા હતા. તેમાં પણ ૧થી ૭ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરે એ પહેલાં ૩૭ ટકા બાળકો ઉઠી જતા હતા. ચિંતાનો વિષય હતો. ૧થી ૫ ધોરણનો અભ્યાસ પૂર્ણ કરે એ પહેલાં ૨૦ ટકા બાળકો ઉઠી જતા હતા. ધોમધખતા ૪૨-૪૪ ડિગ્રી તાપમાં, પ્રમાણિકતાથી કહું કે આ રાજયનું અમારે ભલું કરવું છે. આ રાજયના અભણ લોકોને ભણાવવા છે. ૧૮ હજાર ગામડાંમાં સમતોલ, સર્વાંગી વિકાસ. માત્ર શહેરી વિકાસને ધ્યાનમાં રાખીને નહીં, પણ ૧૮ હજાર ગામડાં એટલે બધાં જ ગામડાં આવી જાય. તેમાં સૌથી પછાત હોય ત્યાં મુખ્યમંત્રી જાય, ત્યાં મંત્રી જાય અને આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. શા માટે જાય? કલ્પના તો કરો. રાજયના ભલા માટે. નરેન્દ્રભાઇએ ફરજ પાડી કે આ રાજયનું ઋણ તમારા માથે છે. જાવ તમે. મને કહેતા આનંદ થાય છે. કોઇક દિવસ જાવને, તમારી બાજુમાં અમારી બેન- યંગ કલેકટર બેઠી હોય અને ભાષણ કરે ને તો સાંભળજો, કે જેવી રીતે હું ભણી, મારા માં-બાપે ભણાવી. મારા માં-બાપ શાકભાજીનો વેપાર કરતા હતા, પણ મને ભણાવી એટલે હું કલેકટર, મામલતદાર, અહીંયા એસ.પી. થઇ છું. પેલાને ઇન્સ્પીરિશન થાય કે આ કલેકટર બેન, એસ.પી. બેન વાત કરે છે. એનું પરિણામ શું આવ્યું? બાર-બાર વર્ષ સુધી ૪૪ ડિગ્રી તાપમાનમાં જાય છે. મારા લાંબા જાહેર જીવનમાં, અને હું સત્તા પક્ષમાં રહ્યો છું, અમારા કોઇ કાર્યક્રમ સરકારના આટલા સફળ થતા નથી. હું ભાજપના કાર્યકર તરીકે જાઉં તો અડધું ગામ પણ ભેગું ન થાય અને જયારે શાળા પ્રવેશોત્સવ માટે જઇએ ત્યારે લોકોની ૧૦૦ ટકા હાજરી હોય છે. એનું પરિણામ શું આવ્યું? પહેલાં ૨૫ ટકા બાળકો કેમ જતા નથી? કારણ કે, એના મા-બાપ બસ સ્ટેશન શોધે છે, રેલ્વે સ્ટેશન શોધે છે, ખેતર શોધે છે, મજૂરી શોધે છે. એવા લોકોને માટે આ સરકારે યોજનાઓ કરી છે.

૧૨ વર્ષ પછી શું થયું? જે સમાજના ૭૫ ટકા બાળકો શાળાએ જતા હતા. આજે ગૌરવ સાથે કહું કે, એમાં તમારા બાળકો પણ આવી ગયા, સમગ્ર સમાજના બાળકો આવી ગયા. આજે ૯૯ ટકા નામાંકન થાય છે. અને બાપુ એ પણ કહેતા હતા કે, બારમા ધોરણમાં કેટલા ટકા લોકો ભણે છે? ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો જેને આંતરરાષ્ટ્રીય ભાષામાં જી.ઇ.આર. કહેવાય છે. ધોરણ–૧૨ સુધી અને એનાથી આગળના અભ્યાસમાં રાષ્ટ્રીય રેશિયો ૧૮ ટકા છે, ગુજરાતનો રેશિયો ૨૦ ટકા છે. આવતા દિવસોમાં આ જી.ઇ.આર.ને ૩૦ ટકા સુધી લઇ જવાનો અમારો પ્રયત્ન છે. ૭૫ ટકાના આજે ૯૯ ટકા નામાંકન થાય છે, ૩૭ ટકાના એ ૭ ટકા થયા. વાંચો તો ખરા. આમાં કોઇ જશ લેવાનો નથી. ગુજરાતનું ભલું કર્યું છે. ૨૦ ટકાના ૨ ટકા થઇ ગયા. એટલા માટે મારી સરકાર, મેં અને માનનીય આનંદીબેને આ વખતે સમાજને સૂત્ર આપ્યું છે– ૧૦૦ ટકા નામાંકન. કોઇ ભાજપ, કોંગ્રેસ નહીં, બધા જ અને ઝીરો ટકા ડ્રોપ આઉટ રેશિયાનું સૂત્ર આપ્યું છે. ધોરણ ૯ સુધી, દસ સુધી, અગિયાર સુધી, બાર સુધી. પહેલા ધોરણમાં બાળક દાખલ થાય એ પછી એને ભણવું હોય ત્યાં સુધી ભણે, રાજ્ય સરકાર સાથે છે. તમે એને તાયફા કહો છો.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવ સરકાર અખાત્રીજના દિવસે શરૂ કરે છે અને પેલા ખેડૂતને ખબર નથી. ખેડૂત કેવી રીતે ખેતી કરતો હતો? આપણે બધા ખેડૂતના દિકરા છીએ. તે કેટલું ખાતર નાંખ્યું? સરપંચે કેટલું નાંખ્યું? એક થેલી નાંખ્યું છે, તું એનાથી કમ નથી, બે થેલી નાંખ. આ રીતે ખેડૂત ખેતી કરતો હતો. ઉનાળાના ૪૨ ડિગ્રી તાપમાનમાં અમારા એક લાખ કર્મચારીઓ, આખી સરકાર એ ખેડૂતના દ્વારે જઇને એને માર્ગદર્શન, માહિતી અને મદદ આ ત્રણેય આપે છે. આજે હું દાવા સાથે કહું છું. આખા દેશના ખેડૂતોમાં તમે જાઓ અને ગામડાંઓમાં જઇને પૂછો, વોટ ઇઝ ઓર્ગેનિક ફાર્મીંગ? નહીં કહે. વોટ ઇઝ વેલ્યૂ એડિશન? નહીં કહે, વોટ ઇઝ ગ્રીન હાઉસ? નહીં કહે. આ કૃષિ મહોત્સવના પરિણામે આજે ૧૮૦૦૦ ગામડાંઓમાં જઇને પૂછીએ છીએ તો કહે છે કે, અમને ખબર છે. દેશ, વિદેશના લોકો આવીને આ અમારો કાર્યક્રમ જુએ છે અને એનું પરિણામ આવ્યું છે અને તમારી સરકાર હતી ત્યારે એનું પ્રમાણપત્ર આપ્યું છે. કૃષિની આવક રૂ.૯૦૦૦/– કરોડ હતી એ આજે રૂ.૧/– લાખ કરોડ કરતાં વધી છે. શ્રી શક્તિસિંહની વાત સાચી છે કે આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે. એટલા માટે તો આ કરીએ છીએ. એ પ્રવેશ મહોત્સવ હોય કે કૃષિ મહોત્સવ હોય એ બધા એને કોઇ નામ બદલીને પછી પોતાના રાજ્યમાં શરૂઆત કરી છે. તમે એને તાયફા કહો છો? નવરાત્રી મહોત્સવ– કેટલા બધા લોકોને રોજી મળે છે. હું વારંવાર કહું છું કે, તમને સમજણ નથી પડી એ અમારા લાભમાં છે. તમે પ્રવેશ મહોત્સવનો વિરોધ કર્યો એટલે ગામડાંના લોકો અમને કહે કે, તમારા ૨૦૦ વોટ વધી ગયા. આ અમારો વિરોધ કરે છે, ગામડાંનો વિરોધ કરે છે, ભાજપનો વિરોધ નથી કરતા. પ્રવેશ મહોત્સવનો વિરોધ કરીને આ ગુજરાતનો, ખેડૂતનો, સામાન્ય પ્રજાનો વિરોધ કરે છે. આપણે નવરાત્રિ મહોત્સવ વર્ષોથી ઉજવતા આવ્યા છીએ. કોઇને સૂજયું નહીં કે આનું એવું માર્કેટીંગ કરીએ કે જેમાં કાપડીયો કમાય, દરજી કમાય, ખાણીપીણીવાળા કમાય, માઇકવાળા કમાય, સ્ટેજવાળા કમાય, ગાયક કમાય, દાંડીયાવાળા કમાય, આજે મિત્રો બધા જ લોકો અને દેશવિદેશના લોકોને અહિંયા મોટી સંખ્યામાં લોકો, બરોબર તમે સમજો, નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ જુઓ તમે, દેશ વિદેશના લોકો અહીંયા આવે તો એ ટેકસીમાં બેસે, એ રીક્ષામાં બેસે અને એનું વર્ણન નરેન્દ્રભાઇ એ ‘‘ધ લોંગેસ્ટ હોલી ફેસ્ટીવલ ઓફ ધ વલ્ડ’’ એટલે દુનિયાભરના લોકો આવે અને અહીંયા આવીને રોકાય, અહીંની હોટલોમાં રોકાય, અહીં ખાય–પીવે તો અહીંની ઇકોનોમી, અહીંની ઇકોનોમી કેવી તો આ બધા ઉત્સવોના આધારે ઇકોનોમી એટલી વધી ગઇ, હોટલ ઉદ્યોગ કેટલો આ દસ દિવસ સુધી, પતંગ ઉત્સવ, તમને કયાંય ધ્યાન જ ના ગયું, તમને સમજણ જ ના પડી અને નરેન્દ્રભાઇએ જે રીતે માઇલેજ લીધા, પતંગ ઉત્સવનો અમારા ઉપર આક્ષેપ, અમે પ્રો હિન્દુ છીએ, અમે મુસ્લિમ વિરોધી છીએ, પતંગ બનાવનાર એ ૯૮ ટકા મુસ્લિમ ભાઇઓ–બહેનો છે. જે તે વખતે પતંગ ઉત્સવ આવ્યો એ પહેલા એ જે તે વખતે દિવાળી ઉપર શરૂ કરે, જાન્યુઆરીમાં પૂરું થઇ જાય, આટલા ૩–૪ મહીના પછી એમની કમાણી અટકી જાય પછી એમને બીજો ધંધો કરવો પડતો હતો. નરેન્દ્રભાઇએ એનું માર્કેટીંગ કર્યુ અને આજે પતંગ ઉત્સવ થયો, પરેશભાઇ, આજે ૩૩ થી ૪૦ કરોડના ટર્ન ઓવરમાંથી ૫૦૦ કરોડ રૂપિયા સુધીનું ટર્ન ઓવર ગયું જેના અમે વિરોધી છીએ એવા લોકોના ખિસ્સામાં, એટલા માટે તમને ૨૦૧૨ કે ૨૦૧૪ના મુસલમાનના મત ન મળ્યા એનું રાઝ ખુલ્લું કરું છું. એટલા માટે તમને ન મળ્યા કે પેલો મુસલમાન પત્નીની સાથે ઘરે બેસીને વાત કરતા હોય કે પેલા શાસનમાં આપણે સિક્કા મારી

મારીને તૂટી ગયા અને આપણને ધંધો ના મળ્યો, છાશવારે કરફ્યુ, છાશવારે કરફ્યુ, આ તો બાર વર્ષમાં એક પણ કરફ્યુ નહીં અને ચોવીસ કલાક, ત્રણસોને પાંસઠ દિવસ આપણને રોજીરોટી મળી, ગરીબ કલ્યાણ મેળા માટે શકિતસિંહભાઇ કહેતા હતા કે ડાબો હાથ અને જમણો હાથ, પહેલા થતા હતા પણ એમાં વચેટીયા વચ્ચે આવી જતા હતા. આ અમારી કોઇ નવી યોજના નથી. તમારા વખતની આ યોજના છે, અમે માત્ર એમાં સંશોધન કર્યુ કે આટલા બધા પૈસા કેન્દ્ર સરકારના, આટલા બધા પૈસા રાજય સરકારના જાય છે તો પછી પેલો ત્યાંનો ત્યાં કેમ છે તો એમાં કંઇ સંશોધન કરો અને એટલા માટે આખી સરકારને કામે લગાડી દીધી અને આખી સરકારે ઘરે ઘરે જઇને પૂછયું બી.પી.એલ. લાભાર્થી માટે, જેમ પ્રવેશ વખતે શિક્ષકો પૂછે કે ઘરમાં કેટલા બાળકો છે, કેટલી ઉંમર છે, નામ લખાવો. ઘરે ઘરે ગયા. અમને ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨ અને ૨૦૧૪માં ફરી વખત રીપીટ કરતા હોય તો લોકશાહીમાં પરિણામ છે એ માપદંડ છે. તમારા પ્રમાણપત્ર માપદંડ નથી. પ્રજાનું પરિણામ એ અમારા માટે માપદંડ છે અને એના કારણે પેલો ગરીબ માણસ એ વિચારે કે મારા નામે સહી કરીને લઇ જતા હતા, મારા સુધી પહોંચતું નહોતું, હું તો એના એ જ ઝૂંપડામાં છું. મારા દાદા પણ એ જ ઝૂંપડામાં હતા. મારા બાપા એ ઝૂંપડામાં હતા, હું ઝૂંપડામાં છું, મારા બાળકનો જન્મ થયો એ પણ ઝૂંપડામાં. મારા બે બાળકો છે એક જ ઝૂંપડામાં રહે છે. એમ ને એમ આપણે કોંગ્રેસ કોંગ્રેસ કરીને તો મરી ગયા, આ સરકાર એવી આવી કે આ સરકારે અમને અલગ પ્લોટ આપ્યા અને ૧ થી ૧૬માં આજે રાજયમાં એક પણ ૧ થી ૧૬ના લાભાર્થીમાં એક લાભાર્થી બી.પી.એલ. હોય એને અમે પ્લોટ ન આપ્યો હોય એવો એક પણ લાભાર્થી બાકી નથી. જો બાકી હોય તો વિગત આપજો, હવે એના ઉપર મકાન બાંધવાના પૈસા, પછી એને અમે કીટ આપીએ અને કોઇને ડાબા હાથ જમણા હાથ નહીં દુનિયાભરના કેમેરા, દસ હજાર, વીસ હજાર લોકોની વચ્ચે એને હાથોહાથ કોઇ મંત્રી, મુખ્યમંત્રી આપેને એટલે એને એમ થાય કે મારું તો જીવન ધન્ય બની ગયું, પહેલા તો કોઇ અમને આપતા નહોતા, અને આ મને હાથોહાથ આપે છે અને સાચા અર્થમાં ગરીબ કલ્યાણ મેળા એ કલ્યાણ મેળા સાબિત થયા.

માનનીય અધ્યક્ષશ્રી, સાચા અર્થમાં તમે સરવે કરાવો. ગુજરાતનું જીવન ધોરણ માટે મારી ચેલેન્જ છે. એ ૧૮ હજાર ગામડાંનું ગણાય. અમારી જ્યોતિગ્રામ યોજના આવી. ઇન્ટરનેશનલ લોકોએ આનો સરવે કરાવ્યો છે. તમને ખબર નથી પડતી એ અમારા માટે બહુ સારું છે. પહેલાં સંધ્યાકાળ થાય એટલે મારો પાન, બીડી, સોડા, હું લુહાર, સુથાર, દરજી, મારો ધંધો બંધ થઇ જાય, મારું ઘણું બધું બંધ થઇ જાય. હવે લગ્નની સિઝન હોય, દિવાળી હોય, હોળી–ધૂળેટી હોય, મારો ધંધો દરજી તરીકેનો લગ્ન સિઝનમાં આવે, આખી રાત બેસીને કરી શકું છું. પાન બીડીનો મારો ધંધો હોય અને મારા ગામમાં પાંચ જાનો આવી છે. ૧૦ વર્ષ પહેલા સાત વાગ્યે ધંધો બંધ કરી દેતો હતો. આજે સામાન્ય માણસ માટે આના કારણે શું થયું એની તમને ખબર નથી. વિશ્વની સંસ્થાએ, ગામડાંમાં સાઇકલ હતી એની જગ્યાએ મોટર સાઇકલ થઇ ગઇ. આ જીવન ધોરણ. એમના મકાનો, ફોર વ્હીલર, આ એમનું જીવન ધોરણ માત્ર ને માત્ર કૃષિ મહોત્સવ અને વાયબ્રન્ટ ગુજરાતને કારણે ઉંચું આવ્યું છે. વાયબ્રન્ટ ગુજરાતનું મહત્વ તમે ઓછું નહીં આંકતા. આ વખતે ૨૦૧૫માં કેવા કેવા લોકો આવ્યા? તમારા શાસનમાં દિલ્હીમાં પણ એક પણ દિવસ માટે હું જેમના નામ વાંચીશ એમાનાં ૧૫ ટકા લોકો પણ ન હતા. ગુજરાત જેવા નાના પ્રદેશમાં ૧૬ દેશના કોઇના પ્રધાનમંત્રી, અમેરિકાના જહોન કેરી, સંયુક્ત સચિવ, વર્લ્ડ બેન્ક, રાષ્ટ્ર સંઘ, સીંગાપુર, જાપાન, તમે ગુજરાતી તરીકે તો ગૌરવ લો કે આવા વિશ્વ કક્ષાના અને દેશના પણ બધા જ લોકો ત્રણ દિવસ માટે ગુજરાતમાં રહે એ ગુજરાતી તરીકે અમને ગૌરવ છે. જે લોકો એન.આર.આઇ. તરીકે, એન.આર.જી. તરીકે બે–પાંચ–પંદર વર્ષ પહેલાં ગયા અને પાછા આવ્યા અને આ જોઇને કહે કે આ મહાત્મ મંદિરનું અમને ગૌરવ થાય છે કે અમે ત્યાં છીએ પણ અમારું ગુજરાત વિશ્વ કક્ષાની હરણફાળમાં આવી શકે એવું આ મહાત્મા મંદિર છે. માત્ર ટીકા કરવા માટે મહાત્મા મંદિરની ટીકા તો ન કરો. અમારે તમને સમજાવવું પડે કે મહાત્મા મંદિર એટલે મહાત્મા ગાંધીજીના નામથી બંધાયું છે. આખા દેશમાં કોંગ્રેસે શાસન કર્યું, ગાંધીજીના નામે, સરદાર સાહેબના નામે પણ ક્યાંય મહાત્મા મંદિર ન બનાવ્યું. દેશમાં ન હોય એવું આ મહાત્મા મંદિર છે. અમારા મંત્રીશ્રી નીતિનભાઇએ સાચી વાત કરી હતી, ગંભીરતાપૂર્વક તમને આમંત્રણ આપું છું, ટીકા કરતાં પહેલાં એક વખત મહાત્મા મંદિર જોવા આવો. દુનિયાભરના લોકો આવીને પ્રમાણપત્રો આપે છે. અમારે તમારા પ્રમાણપત્રની કોઇ જરૂર નથી. (અંતરાય) એમને આપણે માનભેર લઇ જવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે બાબા સાહેબની ૧૨૫મી જન્મજયંતિ આવે છે. હું આનંદીબેન અને સૌરભભાઇને હ્રદયપૂર્વકના અભિનંદર આપું છું કે આ મહામાનવની જન્મજયંતિને વાજતે–ગાજતે આપણે ઉજવીશું. ગામડે ગામડે તમે પણ સામેલ થાઓ, આનો વિરોધ ન કરો. બાબા સાહેબ આખા દેશના હતા. માત્ર દલિતોના નહીં, આખા દેશના હતા. એમના જન્મદિનની આપણે સૌ મળીને વાજતે–ગાજતે ઉજવણી કરીએ. એટલા માટે આ વખતે ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. તમે વિદેશ જાઓ છો તો ઝાકમઝોળ અને કેવા સ્થળો? પણ તમે અહીંયા રિવર ફ્રન્ટ, કાંકરિયા ઉપર જાઓ તો તમને લાગશે, રિવરફ્રન્ટ જાઓ અને ત્યાં નર્મદાનું વહેતું પાણી અને નજારો જુઓ તો તમને એમ લાગે કે You are in Japan, You are in France. You are in Europe, You are in France. થેંક્સ ટુ નરેન્દ્ર મોદી. આવો આ તમારું ગુજરાત છે. અમારાં એકલાનું નથી ભાઇ. તેજશ્રીબેન કહેતાં હતાંને કે આપણું ગુજરાત. બેન અભિનંદન તમને. આવો આપણાં રિવર ફ્રન્ટમાં આવો. તમે એકવાર જોશો ને મનમાં તો કહેશોને કે અરે, યાર ખરેખર નરેન્દ્રભાઇ ખૂબ સારું કામ કરીને ગયા છે. નરેન્દ્રભાઇ સાથે લઇને નથી ગયા. એકવાર આવીને જુઓ. અંદરો અંદર એ વખતે કદાચ કોઇ તમને ના ઓળખતા હોય એવા કોઇ પ્રદેશના માણસ હોય ખરેખર નરેન્દ્રભાઇએ, ભાજપની સરકારે નાછુટકે હા, વાત તો સાચી છે એમ તમારે કહેવું જ પડે અને કહી દીધું હશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની જરૂરિયાતને પૂરી કરવી એ પણ એક દીર્ઘદ્રષ્ટિ છે, ફોરસાઇટ છે, નરેન્દ્રભાઇની ફોરસાઇટ કે આખા વિશ્વની જરૂરિયાત છે અને આખા દેશમાં જ્યારે મનમોહનસિંહ હતા ત્યારે તો દિલ્હી–મુંબઇ કોરીડોર અને સરના વિકાસ માટેની યોજના કરી હતી. આખા દેશમાં ૧૦૦ નવા શહેરો સ્થાપવા માટેની યોજના કરી તમારા શાસનની અંદર કરી, પણ એમાં સૌથી વધારે ઝડપી કામ રેવન્યુનું, ઇન્ફ્રાસ્ટ્રકચરનું એ બધુંજ કામ ધોલેરામાં કરવામાં આવ્યું છે અને ત્યાં નરેન્દ્રભાઇ ગયાને તરત જ એમણે દેશના ૧૦૦માંથી ગુજરાતને પહેલો નંબર એ ધોલેરા સરને આપ્યો. હું સૌરભભાઇને અને બેનને અભિનંદન આપું છું કે ૩૦ કરોડ રૂપિયા એમાં ફાળવ્યાં અને નરેન્દ્રભાઇએ એના માટે ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, **સ્ટેચ્યુ ઓફ યુનિટી** આખા વિશ્વમાં દરેક જગ્યાએ જઇએને તો આપણે ભાવનાથી જોડાયેલા છીએ. આપણો ક્રિકેટર, આપણો કોઇ લીડર, આપણો કોઇ સાંસ્કૃત્તિક આગેવાન જેને જોયો જ નથી એને પસંદ કરેને તો આપણે એનું ગૌરવ અનુભવીએ છીએ. ભારત જીતે. આપણને ક્રિકેટ આવડતું નથી પણ ભારત જીતે તો આપણને ગૌરવનો અનુભવ થાય છે. આ એક ભાવના છે. એટલે આ ભાવનાને ધ્યાનમાં રાખીને આખા વિશ્વના લોકો પોતાના પૂર્વજની યાદગીરી માટે આ માણસે આખી જિંદગી સુધી આ સમાજ માટે કામ કર્યું અને આ સમાજ જો એને યાદ નહિ કરે તો આ દેશની ભાવિ પેઢી કહેશે કે Who is ગાંધીજી, Who is સરદાર સાહેબ, Who is શ્યામજી કૃષ્ણવર્મા? આ ભૂલાઇ ના જાય એટલા માટે અને ગૌરવથી ૫–૫૦ લોકો વચ્ચે ભારતીય અને ગુજરાતી બેઠો હોય આખા વિશ્વની અંદર તો જ્યારે ચર્ચા ચાલે ત્યારે કહે કે, તમારા દેશનું સ્ટેચ્યુ કેવડું છે? ત્યારે ગુજરાતી તરીકે એમ કહે કે, આખા વિશ્વની અંદર અમારાં સરદાર સાહેબનું સ્ટેચ્યુ સૌથી ઊંચું છે. આમાં તો તમે વિરોધ કરો છો એ ગુજરાતની પ્રજાને પસંદ નથી. અમેરિકા કે ઇંગ્લેન્ડ કે વિશ્વની અંદર આ ભાષણથી મારાં મિત્રો મને ઠપકો આપશે કે તમે તો બધું એમને કહી દીધું. આનું પેપર ફોડી નાંખ્યું. ખરેખર તમારા પ્રત્યે નફરત થાય છે કે ખરેખર તમે સરદાર સાહેબના સ્ટેચ્યુનો વિરોધ કરો છો? તમે મહાત્મા મંદિરનો વિરોધ કરો છો? અને એ અમારાં લાભમાં છે. તમે સ્ટેચ્યુનો વિરોધ કરો ગામડે ગામડે બસો બસો અમારા મતો વધી ગયા. સ્ટેચ્યુનો વિરોધ કરો, મહાત્મા મંદિરનો વિરોધ કરો, અમારાં ઉત્સવોનો વિરોધ કરો, રણોત્સવનો વિરોધ કરો. હમણાં જ રમેશભાઇ કહેતાં હતાં કે રણોત્સવના કારણે આજે તમે કોઇ કચ્છમાં જાવ તો ખરા? ૧૦ વર્ષ પહેલાનું કચ્છ અને આજનું કચ્છ. પરિવર્તન થઇ ગયું અને ગુજરાતની મોટી સફળતા મનરેગા. (સમય સૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, મનરેગામાં અહીંયા આપણને સૌથી ઓછા મજૂર મળે છે એનું એકજ કારણ ગુજરાતની સમૃદ્ધિ છે અને સમૃદ્ધિની પાછળ ૨૦૦૧થી આજ સુધીના બજેટ અને નરેન્દ્રભાઇએ મનરેગા વિષે સરસ વાત પાર્લામેન્ટની અંદર કહી હતી એ મને યાદી આવી ગઇ કે– એવી અફવા હતી કે આ નવી સરકાર છે એ મનરેગા બંધ કરી દેશે. નરેન્દ્રભાઇએ કીધું કે હું નવો છું એટલે બીજી ભૂલ કરું, આમ છે તેમ છે પણ તમને બધાને

મારી રાજકીય સૂઝબુઝ ઉપર તો વિશ્વાસ છે ને હું આને મોન્યુમેન્ટ બનાવીને યાદ રાખીશ કે તમારી ૬૫ વર્ષની નિષ્ફળતાની આ મનરેગા એ પ્રતિમા છે. હું આ બજેટને સંપૂર્ણ સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આજનું સભાગૃહનું કામકાજ પૂરું થાય છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૭–૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૫ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

# ગુજરાત વિધાનસભા
## બુધવાર તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
## ફાલ્ગુન ૨૦, ૧૦૩૬ શાકે

## સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને

તારાંકિત પ્રશ્નો

<#D /અન્ય/D #>

**રાજકોટ જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી**

* ૧૬૪૩૧ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૧૮ લાભાર્થી રૂ. ૭,૩૮,૮૦૯. |

શ્રી પ્રવિણભાઇ માકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજકોટ જિલ્લામાં ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ તાલુકાવાર વેલાવાળા શાકભાજીના પાકોમાં ટ્રીલીઝ મંડપમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવેલ છે અને આ ઘટકમાં કોને સહાય મળવાપાત્ર છે?

શ્રી જશાભાઇ ભા.બારડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ૨૦૧૪-૧૫ના વર્ષમાં ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ તાલુકાવાઇઝ માહિતી અંગે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તેમાં રાજકોટ તાલુકામાં ૩ લાભાર્થીને ૨ લાખ ૩૮ હજાર અને ૬૦ રૂપિયાની સહાય ચુકવવામાં આવી છે. જામકંડોરણા તાલુકામાં ૫૪ હજાર ૮૦૦ રૂપિયાની સહાય ચુકવી છે. જેતપુર તાલુકામાં ૭ લાભાર્થીને ૨ લાખ ૩૯ હજાર ૫૪૯ રૂપિયા સહાય ચુકવી છે. ગોંડલ તાલુકામાં ૨૦ હજારની સહાય ચુકવી છે. વાંકાનેરમાં ૧ લાખ ૦૬ હજાર ૪૦૦ રૂપિયાની સહાય ચુકવી છે. પડધરીમાં ૮૦ હજારની સહાય ચુકવી છે. કુલ ૧૮ લાભાર્થીને ૭ લાખ ૩૮ હજાર ૮૦૯ રૂપિયાની સહાય ચુકવી છે. બીજો પ્રશ્ન કે રાજયમાં વેલાવાળા શાકભાજી પાકોના વાવેતરમાં નવું ટ્રેલીઝ મંડપ કરેલ હોય તે ગુજરાત રાજયના તમામ ખેડૂતોને આનો લાભ આપવામાં આવે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લાની અંદર વેલાવાળા શાકભાજીના ટ્રેલીઝ મંડપ માટે કેટલા વિસ્તારમાંથી અરજી આવી અને કેટલા ખેડૂતોને સહાય ચુકવવામાં આવી.

શ્રી જશાભાઇ ભા.બારડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં કુલ ૧૯ અરજીઓ આવી છે. કાચા મંડપ માટે ત્રણ અરજી આવી છે તે ત્રણ અરજી મંજૂર કરવામાં આવી છે. અર્ધપાકા મંડપમાં ૯ અરજી આવી છે તે ૯ અરજી મંજૂર કરી છે. પાકા મંડપ માટે ૭ અરજી આવી છે તેમાં એક અરજી નામંજૂર કરી છે. વેલાવાળા શાકભાજીમાં સહાયની યોજના છે તેમાં એક અરજી જે નામંજૂર કરી છે તેમાં લાભાર્થીએ બીજા જ વર્ષે માગણી કરી એટલે નામંજૂર કરી છે. કાચા મંડપ હોય તેને ત્રણ વર્ષ સુધી માંગણી કરી શકે નહીં. અર્ધપાકા હોય તે પાંચ વર્ષ સુધી માગણી ન કરી શકે અને પાકા મંડપવાળા ખેડૂત હોય તે આઠ વર્ષ સુધી માગણી ન કરી શકે એટલે એક અરજી નામંજૂર કરી છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં કઇ કઇ યોજના અંતર્ગત વેલાવાળા શાકભાજીના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટે સહાય આપવામાં આવે છે અને આ સહાયના ધોરણો શું હોય છે**?**

શ્રી જશાભાઇ ભા.બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના કેન્દ્ર સરકારની નથી. માત્રને માત્ર રાજય સરકારની આ યોજના છે. નાના અને સીમાંત ખેડૂતથી માંડી મજુરી સાથે સંકળાયેલા તમામ સીમાંત ખેડૂતો છે તેને આવરીને આખી યોજના રાજય સરકારે બનાવી છે. એચઆરપી-૨ સામાન્ય ખેડૂત હોય તેને સહાય મળે છે. એચઆરપી-૩ અનુસૂચિત જનજાતિને સહાય મળે છે. એચઆરપી-૪ અનુસૂચિત જાતિના ખેડૂતને લાભ મળે છે. તેમજ દેવીપૂજક સમાજને પણ સહાય મળે છે. આમ કાચા મંડપ જે છે તે કાચા મંડપમાં પર(બાવન) હજારની ૫૦ ટકા સબસિડી સામાન્ય ખેડૂતને આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને ૭૫ ટકા મુજબ સહાય ચુકવવામાં આવે છે. દેવીપૂજક લાભાર્થીને ૯૦ ટકા મહત્તમ સહાય ચુકવવામાં આવે છે. આમ અર્ધપાકા મંડપ છે તેની સહાયનું ધોરણ ૮૦ હજાર રૂપિયા છે. એમાં સામાન્ય ખેડૂતને તેમાંથી ૫૦ ટકા, ૭૫ ટકા અનુસૂચિત જાતિ અને જનજાતિને અને દેવીપૂજક લાભાર્થીને ૯૦ ટકા સહાય આપવામાં આવે છે. એમ પાકા મંડપમાં ૧.૬૦ લાખ એક હેક્ટરે સહાયનું ધોરણ છે એમાં સામાન્ય ખેડૂતને ૫૦ ટકા અને અનુસૂચિત જનજાતિને ૭૫ ટકા, દેવીપૂજક લાભાર્થીને ૯૦ ટકા સહાય આપવામાં આવે છે અને આ ખેડૂતની જમીનની જે મર્યાદા છે એ ૨ હેકટર જમીન સુધીની છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વેલાવાળા શાકભાજી વાવેતરમાં ટેકા મંડપમાં ખેડૂતોને ફરીથી સહાય ચૂકવવામાં આવે છે કે નહીં?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને વાત કરવી છે કે આ રાજય સરકારની યોજના છે એમાં કાચા મંડપમાં જે લાભાર્થી ખેડૂતે લાભ લીધો હોય એને ૩ વર્ષ પછી ફરી પાછા લાભાર્થી તરીકે અરજી કરી શકે છે અને અર્ધ કાચા મંડપ છે એમાં ૫ વર્ષનો નિયમ છે અને બિલકૂલ પાકા મંડપની સહાયનો જેણે લાભ લીધો હોય એ ૮ વર્ષ પછી જ એનો ફરીવાર લાભ લઇ શકે છે.

**સંખેડા તાલુકામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૬૫૫૦ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન વડોદરા જિલ્લાના સંખેડા તાલુકામાં યોજવામાં આવેલ પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ? | ૮૦૯. |

શ્રીમતી મનિષા રા. વકીલઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્ધારા જાણવા માગું છું કે, રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમ્યાન વડોદરા જિલ્લામાં સંખેડા તાલુકામાં આવેલા પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પના આયોજનથી પશુ પાલકોને કયા કયા લાભ થયા છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રવિ કૃષિ મહોત્સવ ઉજવવામાં આવે છે તેના દ્ધારા પશુપાલકોને પોતાના પશુઓની ગામબેઠા જાતિ આરોગ્ય સારવાર વિનામૂલ્ય પૂરી પાડવામાં આવે છે. પશુ વ્યંધત્વ સારવાર કેમ્પમાં પશુઓ ગરમીમાં સમયસર આવતા ન હોય, વારંવાર ઉથલા મારતા હોય, ગર્ભાશયના રોગો અને અંતઃસ્ત્રાવની ખામી ધરાવતા પશુઓની જાતિય આરોગ્ય સારવાર કેમ્પ કરી સમયસર સારવાર કરી રોગમૂકત કરવામાં આવે છે. કેમ્પમાં સારવાર આપવાથી પશુ જાતિ યોગ્ય રીતે તંદૂરસ્ત થતા સમયસર ગાભણ થાય છે. પશુ વ્યંધત્વ સારવાર કેમ્પ દરમ્યાન પશુપાલકો સાથે પશુપાલન અંગે ચર્ચા કરવામાં આવે છે, પશુઓને ગરમીમાં લાવવા માટે સારવાર તેમજ દવાઓનું વિતરણ કરવામાં આવે છે, નબળા પશુઓને કૃમિનાશક દવાઓ અને ચાંચડ વગેરેની દવાઓ મફત આપવામાં આવે છે, નબળા પશુઓને મિનરલ પાવડર મફત આપવામાં આવે છે, પ્રાથમિક સારવાર, કૃત્રિમ બિજદાન તથા ખસીકરણ પણ મફત કરવામાં આવે છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પશુ વ્યંધત્વ સારવાર કેમ્પ એટલે શું, અને તેના નિવારણ માટે કયા કયા પ્રકારની સારવાર કરવામાં આવે છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પશુ વ્યંધત્વ સારવાર કેમ્પમાં જે પશુઓ સમયસર ઋતુકાળમાં આવતા નથી, પુખ્ત ઉંમર થયા પછી પણ વેતરે આવતા નથી, કૃત્રિમ બિજદાનથી અથવા કુદરતી સેવાઓ આપ્યા પછી પણ ગર્ભાશયના રોગોને કારણે અંતઃસ્ત્રાવની ખામીને લીધે તેમજ મિનરલ તથા વિટામીનની ખામીઓને કારણે ગર્ભધારણ કરી શકતા નથી, એવા સંજોગોમાં પશુપાલકોને આર્થિક નુકસાન

વેઠવું પડે છે એવા પશુઓમાં જાતિય રોગોના નિદાન અને સારવાર કરવામાં આવે છે જેને પશુ વ્યંધત્વ સારવાર કહેવામાં આવે છે. આની અંદર ચેપીરોગ હોય તો એને એન્ટીબાયોટીક દવાઓ આપવામાં આવે છે, ઘણી વાર અંતઃસ્ત્રાવની ઉણપને લીધે જો વ્યંધત્વ હોય તો એની સારવાર આપવામાં આવે છે, પશુઓને ખનિજ તત્વોની ઉણપ હોય તો મિનરલ પાવડર વગેરે આપવામાં આવે છે અને નબળા પશુઓને ચાંચડ વગેરેની દવા આપવામાં આવે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા તાલુકામાં આ પ્રકારનો કેમ્પ કરવામાં આવ્યો અને એમાં ૮૦૯ પશુઓની સારવાર કરી એમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? મારો બીજો પ્રશ્ન એવો છે કે, સંખેડા તાલુકામાં પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર સરધઇમાં અને માંજરોલમાં છેલ્લા ૧૫ વર્ષથી ડોકટરોની જગ્યા ખાલી છે, આ બંને પ્રાથમિક પશુ સારવાર આરોગ્ય કેન્દ્ર છે. તો કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવા માગો છો?

શ્રી બાબુભાઇ બોખીરીયા :માનનીય અધ્યક્ષશ્રી, આમાં એક કેમ્પ કરવામાં પંદર હજારનો ખર્ચ થાય છે, બીજો પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો જે મહેકમ માટેનો છે કે ડોકટરો નથી, એમાં અમારો જે પ્રોગ્રામ છે એ પ્રોગ્રામ મુજબ વહેલી તકે ભરી આપવામાં આવશે, આના સિવાય પણ રાજ્ય સરકારે આ વખતે માનનીય નાણા મંત્રીશ્રીએ જે નવી જાહેરાત કરી છે કે અમે દસ ગામ વચ્ચે એક વેટરનરી ઓફિસર મૂકવાના છીએ એની અંદર પણ જે વિસ્તારની અંદર આ ડોકટરોની કમી હશે ત્યાં પ્રાયોરિટી આપીને વહેલીતકે આ ડોકટરોની ભરતી કરવામાં આવશે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લાના સંખેડા તાલુકામાં કઇ કઇ સંસ્થાઓ દ્વારા પશુઓની જાતીય સારવાર કરવામાં આવે છે?

શ્રી બાબુભાઇ બોખીરીયા :માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર ત્રણ સંસ્થાઓ દ્વારા સારવાર કરવામાં આવે છે, એક તો સંખેડા તાલુકા ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના નીચે એની કચેરી દ્વારા, જિલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાના દ્વારા અને વડોદરા ડેરી મારફતે પશુઓની વંધત્યવ સારવાર કરવામાં આવે છે.

**નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ**

* ૧૬૧૮૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કામ કેટલા કિ.મી.નું બાકી છે, | (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નર્મદા યોજનાની મુખ્ય નેહરનું સંપૂર્ણ ૪૫૮.૩૨ કી.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે અને કોઇ લંબાઇ બાકી નથી. શાખા નહેરની કુલ ૨૫૮૫ કી.મી. લંબાઇ પૈકી ૨૩૭૦.૬૫ કી.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે અને ૨૧૪.૩૫ કી.મી. લંબાઇમાં બાકી છે. વિશાખા નહેરોમાં કુલ ૫૧૧૨ કી.મી. પૈકી ૩૫૨૧.૨૮ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે અને ૧૫૯૦.૭૨ કી.મી. લંબાઇમાં બાકી છે. પ્રશાખા નહેરોમાં કુલ ૧૮૪૧૩ કી.મી. પૈકી ૯૭૫૬.૨૫ કી.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે અને ૮૬૫૬.૭૫ કી.મી. લંબાઇમાં બાકી છે.<br>પ્રપ્રશાખા નહેરોની કુલ ૪૮૦૫૮ કી.મી.લંબાઈ પૈકી ૧૦૨૫૩.૨૪ કિ.મી. લંબાઈ પૂર્ણ થયેલ છે અને ૩૭૮૦૪.૭૬ કી.મી. લંબાઇમાં કામ બાકી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું કેટલી લંબાઇનું કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું શાખા (બ્રાન્ચ), વિશાખા (ડિસ્ટ્રીબ્યુટરી) તથા પ્રશાખા (માઈનોર)નું વર્ષ : ૨૦૧૩-૧૪ દરમ્યાન ૨૭૧૭.૯૦ કી.મી. તેમજ પ્રપ્રશાખા (સબ માઈનોર)નું ૨૨.૭૪ કી.મી. લંબાઇમાં અને વર્ષ : ૨૦૧૪-૧૫ દરમ્યાન જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં કેનાલ નેટવર્કનું શાખા (બ્રાન્ચ), વિશાખા (ડિસ્ટ્રીબ્યુટરી) તથા પ્રશાખા (માઈનોર)નું ૧૫૦૨.૧૫ કી.મી. તેમજ પ્રપ્રશાખા (સબમાઈનોર)નું ૩૬.૩૨ કી.મી. લંબાઇમાં પૂર્ણ થયેલ છે. |

(૩) સમગ્ર કેનાલ નેટવર્કનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) નહેર માળખાનાં માઈનોર (પ્રશાખા) નહેર સુધીના કામો જમીન સંપાદન, જંગલ અને અભ્યારણમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સ જેવા કે, રેલ્વે, રસ્તાઓ, ગેસ /ઓઈલ પાઈપ લાઈન ટેલીફોન/ઈલેકટ્રીક લાઈન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

સબમાઈનોર (પ્રપ્રશાખા) નહેરોના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઈ, તબક્કાવાર પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ તથા ફાળો મળ્યા બાદ ત્રણ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ સરકારની વાતો ઘણી બધી થાય છે પરંતુ ગોકળગાયની ગતિએ આ સરકાર ચાલતી હોય એવું મને આપવામાં આવેલ જવાબમાંથી સ્પષ્ટ થાય છે.

અધ્યક્ષશ્રી :પુંજાભાઇ, માનનીય તમામ સભ્યશ્રીઓને મહેરબાની કરીને વિનંતી છે કે, પ્રશ્નોત્તરીમાં આવી ચર્ચા ન કરો, પછી બન્ને બાજુએથી ઉભું થાય છે, શકિતસિંહજી મને ખ્યાલ છે, હું પુંજાભાઇ જોડે વાત કરું છું પ્લીઝ, પછી બન્ને બાજુથી આ જ પ્રકારના પ્રશ્નો આ જ પ્રકારના જવાબો આવે છે, અધ્યક્ષ માટે સભાગૃહ ચલાવવું ધર્મ સંકટ ઉભું ના કરો. આપ સીધો પ્રશ્ન પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મુખ્ય કેનાલ અને વિશાખાઓના જે આંકડાઓ આપ્યા છે એ હું બોલતો નથી, જવાબમાં છે, વીસ વરસ આપની સરકારને થયા છે છતાં આટલા કિલોમિટરનું નેટવર્ક બાકી છે અને તેના કારણે ખેડૂતોને પાણી મળતું નથી, ત્રીજા સવાલના જવાબમાં જણાવ્યું છે કે, જંગલની જમીન સંપાદન, જંગલ અને અભ્યારણ્યમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલિટી ક્રોસીંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ઓઇલ પાઇપ લાઇન, ટેલીફોન/ઇલેકટ્રીક લાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ, આ સંબંધિત વિભાગોની મંજૂરી લેવા માટે તમારા તરફથી ક્યારે ક્યારે કાર્યવાહી કરવામાં આવી, આજની તારીખે શું સ્થિતિ છે એ હું જાણવા માગું છું અને છેલ્લે જે લખ્યું છે સબ માઇનોર નહેરોના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તો આ ખેડૂતની ભાગીદારીવાળો પ્રશ્નનો મૂળ પ્લાનમાં સમાવેશ હતો કે નહોતો કે પાછળથી કરવામાં આવેલ છે, જો પાછળથી કરવામાં આવેલ હોય તો આ નિર્ણય કોના • (xxx) એ હું જાણવા માગું છું.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ એ રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે નિર્ણય કરવામાં આવ્યો છે એમાં ખેડૂતોના ખેતરોની અંદર પાણી પહોંચાડવા માટે પાઇપલાઇન વાપરવાની છે, પાઇપલાઇનથી પાણી જાય જ નહિ માનનીય મંત્રીશ્રી, એટલા માટે હું જાણવા માગું છું કે, આ લોકભાગીદારીવાળો જે મુદ્દો છે એ પડતો મૂકી અને સરકાર કેનાલોના નેટવર્કનું કામ કરવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ કોઇ લે-મેનના ભેજાની વાત નથી, ટેકનીકલ ભેજાની વાત છે અને અનુભવ આધારિત આ વાત છે, તેમ છતાં ઓપન ચેનલ અને અન્ડરગ્રાઉન્ડ બન્ને વિકલ્પો અમે ખુલ્લા રાખ્યા છે અને અન્ડરગ્રાઉન્ડમાં અત્યારસુધીમાં અનુભવ સારા થયા છે, જમીન સંપાદન કરવાની જરૂર રહેતી નથી અને ખેડૂત ૧૦ ટકા આપે અને ૯૦ ટકા નિગમ ભોગવે એ રીતે હોય છે અને અત્યારસુધીમાં લગભગ ૫૭ તાલુકામાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ માટે ૨,૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરેલ છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલઃ માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે ખૂબ જ ગંભીરતાથી બે બાબતો જાણવા માગું છું કે ૪૮૨૬૪ કિલોમિટરનું નહેરનું કામ બાકી છે, આપણે એક ટાઇમટેબલ બનાવ્યું હતું, ટાઇમટેબલ મુજબ નહેરોના કામ પૂર્ણ કરવાનું અને દરેક સરકારની નેમ સાથે આગળ વધવાનું હતું, એ ટાઇમ ટેબલ મુજબ ૯૫ સુધીનુ જે કામ હતુ, જેમા મુખ્ય નહેરોમાં ૯૦ ટકા કામ એ સરકારો ૯૦ ટકા સુધી પહોંચી. હું સમજી શકુ છું ૨-૫ ટકા આમ તેમ થાય. કેલેન્ડરનો સમય પૂરો થઇ ગયો છતાં ૪૮૨૬૪ કિ.મી.નુ કામ બાકી છે. આપણી જ પ્રક્રિયામાં કયાંય નાનુ મોટું હોય તમે ટાઇમ લિમિટ મહિનો બે મહિના આમ તેમ કરો પણ એક

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યાં.

ચોક્કસ ટાઇમ લિમિટ આપો કે આ ૪૮૨૬૪ કિ.મી.બાકી નહેર બાવીસ વર્ષથી આપ સત્તામાં છો તો આ કયારે પૂર્ણ થશે એક. અને માનનીય મંત્રીશ્રી કૃષિના જાણકાર ગામડાંમાંથી મારી જેમ આવનારા વ્યકિત છે ત્યારે આપના મારફત એમને એ કહેવા માગું છું કે આ ટેકનિકલ ભેજુ છે તે ખેડૂત વિરોધી ચાલેલું આ ટેકનિકલ ભેજુ છે. ઓરીજનલી જયારે યોજના બની ત્યારે નિષ્ણાતોએ બનાવેલી યોજનામાં ખેડૂતોના માથે આ કાંઇ નાખવાનુ નહોતું માટે પ્ર–શાખાઓમાં કે ખેતર સુધી પહોંચે ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારી સરકાર રાખે. ખેડૂતોની ઉપર આ ટેકનિકલ ધોરણો દ્વારા જે ભાર નાખવામાં આવે છે તેમાંથી દૂર થઇને ઓરજીનલ યોજના મુજબ સરકાર ચાલવા માગે છે કે કેમ ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે બંધ અંગેનો કેસ સુપ્રીમ કોર્ટમાં ચાલતો હતો ત્યારે પણ રાજય સરકારે એક પણ દિવસ નહેરોના કામમાં વિલંબ કર્યા સિવાય આજદિન સુધી હું જવાબદારીપૂર્વક બોલુ છું કે એક પણ દિવસ, પછી તેમાં જમીન સંપાદનમાં કે કોઇ લીટીગેશન થયું હોય તો, જે તે વખતે કેન્દ્ર સરકારમાં મંજૂરી લેવાની બાકી હોય તો, રેલ્વે હોય તો, આ બધા કારણસર જ મોડું થયું છે રાજય સરકારના કારણે મોડું થયું નથી. અત્યાર સુધીમાં મુખ્ય નહેરનું કામ સંપૂર્ણ પૂરું થયું છે શાખા નહેરનું ૨૫૨૫ માંથી હવે માત્ર અને માત્ર ૨૦૬ જ બાકી રહ્યું છે. આ બધુ જ કામ આજે પણ જવાબદારીપૂર્વક કહું છું કે એક પણ દિવસના વિલંબ સિવાય, બધાજ કામ, શાખા, પ્ર–શાખા, પ્ર.પ્ર શાખાના કામો સમયસર પૂરાં કરીશું. અને આપે જે વાત કરી કે એમાં ટેકનિકલ ભેજુ છે, ખેડૂતોને પૂછીને, ખેડૂતોના અનુભવના આધારે આ નિર્ણય લીધો છે, ખેડૂતો વચ્ચે ગયા છીએ, ખેડૂતો સાથે મિટીંગ કરી છે, ખેડૂતોના અભિપ્રાય લીધા છે અને આ કામગીરીના કારણે રાજય સરકારની સમયસરની કામગીરીના કારણે અમે ૨૦૦૮માં રાજસ્થાનમાં પીવાનું પાણી પહોંચાડી શકયા છીએ.

શ્રી કેશુભાઇ હિ. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, તાઃ૩૧–૧–૨૦૧૫ સુધીમાં નર્મદા યોજના પાછળ કેટલો ખર્ચ થયો છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ખર્ચ ૪૭૨૦૨.૪૪, કેપીટલ ખર્ચ ૩૧૯૪૨ જે પૈકી ડેમ અને આનુસંગિક કાર્ય યુનિટ–૧માં ૫૨૭૭.૬૫, મુખ્ય નહેર યુનિટ–૨માં ૬૪૨૩.૫૭, જળ વિદ્યુત મથક યુનિટ–૩માં ૩૨૮૧, શાખા, વિ.શાખા, પ્ર–શાખા અને પ્ર.પ્ર.શાખામાં ૧૬૯૬૦.૧ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, બનાસકાંઠાની અંદર વાવ અને ભાભર તાલુકો અને પાટણમાં સાંતલપુર–રાધનપુર આ ચાર તાલુકા નર્મદા પિયતમાં સો ટકા સિંચાઇ કમાન્ડમાં આવે છે. ત્યાં બ્રાન્ચ કેનાલો હજુ પણ બની નથી. જે બની છે તે ટેસ્ટ કરતા તૂટી ગઇ છે. તો એ ખેડૂતોને સો ટકા કમાન્ડ આપીને જે તે વખતે ૨૦૦૮માં પૂરેપૂરી સિંચાઇ થશે એવી ત્યાં જાહેરાત કરી કરી. હજુ સુધી દસ ટકા પણ તેના ઢાળીયા અને બ્રાન્ચ કેનાલો બનાવવાની છે તે બની નથી. ખેડૂતોએ સંમતિ આપેલી છે એમને સંપાદનનો સવાલ નથી, જંત્રી મુજબ સંમતિ આપેલી છે કેનાલ બનાવો. વર્ષોથી તેઓ તાકીને બેઠા છે અને હજુ એમને એમ છે તો એ કયારે પૂરું કરવામાં આવશે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ મારા જવાબના સમર્થનમાં ગોવાભાઇ બોલ્યા છે. કે મોડું થયું છે તેનો ઉપાય અમે આ કર્યો છે અન્ડર ગ્રાઉન્ડમાં એટલે વહેલામાં વહેલી તકે અમે આ કામ પૂરું કરીશું.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ માઇનોર કેનાલ બનાવવામાં આવે છે તેમાં ગઇ ૮મી તારીખે મોરબી તાલુકાના જેતપર ગામે મારા હાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું ત્યારે ૫૦૦ ખેડૂતો ત્યાં હાજર હતા. સૌરાષ્ટ્રની જમીન એવી છે કે જો તેને પાણી મળે તો ખાર ઉભરાય છે, આ માઇનોર કેનાલ કરવાથી ખાર નહીં ઉભરાય અને તેથી જેમણે ભેજું દોડાવ્યું છે તેમને અભિનંદન આપું છું. આ યોજના ઝડપથી પૂરી થાય અને વધુમાં વધુ ખેડૂતોને તેનો લાભ મળે તે માટે આ ૯૦–૧૦ ની યોજના માટે એન.જી.ઓ. નકકી થઇ છે તેના બદલે સહકારી ક્ષેત્રને કામ સોંપવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માફરત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે

કુલ ૭૪૬૨૬ કિલોમિટરમાંથી આજે ૪૮૨૬૬.૫૮ કિલો મિટરની કેનાલો બાકી છે. નર્મદા ડેમનું ક્રેશ લેવલ છે તે ૧૨૨.૮ મીટરની ઉંચાઇ આપણે પ્રાપ્ત કરી છે અને તેમાં જે પાણીનો જથ્થો ઉપલબ્ધ છે તેનાથી રાજયની ૧૮ લાખ ૪૫ હજાર હેકટરને સિંચાઇનું પાણી આપવાનું હતું, હવે જયારે ક્રેશ લેવલે પાણી ઉપલબ્ધ છે તે પાણીથી, જો નહેરો થઇ ગઇ હોત તો સો ટકા સિંચાઇ વિસ્તારને પાણી આપી શકયા હોત કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : એટલા માટે તો આ નવી યોજના બનાવી છે અને આ નવી યોજનામાં ખેડૂતોની સંમતિ સાથે પાઇલોટ પ્રોજેકટ હાથ ઉપર લીધો છે અને ૩ મહિનામાં જ આ કામ પૂરું કરવાનું સરકારે નકકી કર્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મને સ્પષ્ટ જવાબ નથી મળ્યો, આ ૧૨૨.૮ મિટર જે ઉંચાઇ છે તે ઉંચાઇમાં જે પાણીનો જથ્થો ઉપલબ્ધ છે એ જથ્થાથી જો કેનાલનું નેટવર્ક પુરૂં થઇ ગયું હોત તો ૧૮ લાખ ૪૫ હજાર હેકટરને સિંચાઇ પૂરી પાડવાની જોગવાઇ હતી તે સિંચાઇ પૂરી પાડી શકાઇ હોત કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : પૂરી પાડી શકાઇ હોત, એ નથી થઇ શકયું એટલા માટે તો આ યોજના કરી છે.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે અહીં ખેડૂતોની ભાગીદારીની વાત છે, તમારા વખતના મંત્રીઓની ભાગીદારીની વાત નથી. સામા પક્ષના લોકો માત્ર યોજનાની વાતો કરે છે જયારે હકીકતમાં માનનીય આનંદીબહેનની સરકાર આ યોજનાને ધરતી પર ઉતારી છે ત્યારે હું અભિનંદન આપું છું. સાથે સાથે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છે કે ખેડૂતોના ખેતર સુધી આ માઇનોર સુધીનું નહેરનું બાંધકામ પૂરું થયું છે તેનું વિગતવાર આયોજન છે કે કેમ અને હોય તો શું છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : હું જણાવી ગયો છું, આ સબ માઇનોરમાં અન્ડરગ્રાઉન્ડ પાઇપ અમે બનાવવાના છીએ એ અન્ડર ગ્રાઇન્ડ પાઇમાં એક ચેક બનાવવાના છીએ અને સબ માઇનોરથી અન્ડર ગ્રાઉન્ડ પાઇપો દ્વારા ઢાળીયા મારફત આ અન્ડરગ્રાઉન્ડ પાણી જશે એમાં ૪૦ થી ૫૦ હેકટરમાં ખેડૂતોને લાભ મળશે. અને અત્યાર સુધીમાં ૧૫ જિલ્લામાં ૫૪ તાલુકામાં ૩૮ અમલીકરણ એજન્સીઓ દ્વારા આ કામ શરૂ કરવામાં આવ્યું છે અને પાંચ લાખ હેકટરમાં ૧૨૪૫૨ કિલોમિટરની લંબાઇમાં આ કામગીરી ચાલે છે. અને તેના માટે ૨૧૫૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ૬ હજાર કરોડની આ યોજનામાં ૪૭૦૦૦ કરોડનો ખર્ચ થઇ ચૂકયો છે. તો એમાંથી શાખા નહેર, વિશાખા નહેર અને પ્ર શાખા નહેરમાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : અત્યાર સુધી જે ખર્ચ કર્યો છે એમાં શાખા, વિશાખા, પ્ર શાખા અને પ્ર પ્ર શાખામાં ૧૬૯૬૦ કરોડનો ખર્ચ થયો છે. અને ૨૦૧૪–૧૫ અને ૧૫–૧૬માં જે આયોજન છે એમાં શાખા વિશાખા પ્ર શાખામાં ૨૧૯૮.૧ કરોડનું આયોજન છે. પ્રપ્ર શાખા માં ૨૧૫૧ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે.

**વડોદરા શહેરમાં ટી.પી. સ્કીમો**

* ૧૬૪૯૧ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો બનાવવામાં આવી, અને | (૧) ૧૫. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી ટી. પી. સ્કીમો મંજૂર કરવામાં આવી? | (૨) ૬. |

શ્રી જીતેન્દ્ર સુખડીયા : કુલ ૧૫ સ્કીમો બનાવવામાં આવી છે એ પૈકી છ મંજૂર કરવામાં આવી છે, તો બાકીની ૯ સ્કીમોની પરિસ્થિતિ શું છે અને એ કયારે મંજૂર કરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા અને વડોદરા શહેરી વિસ્તાર વુડા દ્વારા ટી.પી. સ્કીમો બનાવવામાં આવી છે. એ ટી.પી. સ્કીમોના જવાબમાં જણાવ્યું એ પ્રમાણે કુલ ૧૫ ટી.પી. સ્કીમો બનાવવામાં આવી છે. એમાંથી પાંચ નગર રચના આયોજન અમલીકરણની કાર્યવાહી હેઠળ છે. જયારે બાકીની સરકારમાં ચકાસણી હેઠળ છે. આ ચકાસણી પૂર્ણ થયેથી એના અંગે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.

શ્રી યોગેશ પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા શહેરમાં સન ૨૦૧૫ ની સ્થિતિએ ટી.પી. સ્કીમો બનાવવામાં આવી તે ટી.પી. સ્કીમો કોણે બનાવી, વડોદરા સેવા સદને કે પ્રાઇવેટ એજન્સી દ્વારા કે ખાનગી વ્યક્તિ દ્વારા કે ગવર્નમેન્ટ પી.પી. દ્વારા બનાવવામાં આવી છે? આ ટી.પી. સ્કીમો બની એમાં બધા ખેડૂતોને ૪૦ ટકા જમીન કપાત થઇ નથી એનાથી કોરપોરેશનને નુકસાન થવાનું છે, ત્યારે એમાં સરકાર શું પગલાં લેવા માગે છે? મારો બીજો પ્રશ્ન એ છે કે જે ખેડૂતોની ભૂતકાળમાં ટી.પી. રોડ ઉપર જમીન હોય એને ૩૦ મીટર કે ૪૦ મીટરના રસ્તાનો લાભ મળવો જોઇએ એના બદલે એને સાડા સાત મીટર ઉપર પ્લોટ ફાળવ્યા છે, તો આ ખેડૂતોના પ્લોટ સુધારવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પ્રથમ પ્રશ્નનો જવાબ છે એમાં નગર રચના યોજના અધિકારી જે ટી.પી.ઓ દ્વારા અને જરૂર પડે ડી.એલ.આર. દ્વારા માપણી કરીને સરકારી કર્મચારીઓ અને આઉટ સોર્સીંગથી લીધેલ કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારા ટી.પી. સ્કીમો બનાવીએ છીએ. મંજૂરીની પ્રક્રિયા સરકાર કક્ષાએ થાય છે. સરકારી અધિકારીઓ દ્વારા શહેરી વિકાસ વિભાગના ટાઉન પ્લાનિંગ અધિકારી દ્વારા કરવામાં આવે છે. બીજો એમનો પ્રશ્ન છે એ આમાં લાગુ પડતો નથી.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આપની મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડોદરા શહેરમાં આ ટી.પી સ્કીમોની તાતી જરૂરિયાત હતી એ સ્કીમોની મંજૂરી આપવા બદલ હું અભિનંદન નથી આપતો પરંતુ આભાર વ્યકત કરું છું. ૧૫ ટી.પી. સ્કીમો બનાવી એમાંથી છ ટી.પી. સ્કીમો મંજૂર કરી એમાંથી કેટલાનું અમલીકરણ કર્યું ? મારો બીજો પ્રશ્ન છે કે અમલીકરણથી સુવિધાઓ કઇ કઇ આપવામાં આવશે અને કઇ કઇ સુવિધા આપવામાં આવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ગુજરાતના મહાનગરો અને નગરપાલિકા વિસ્તારોમાં શહેરોનો સુઆયોજીત વિકાસ થાય એ માટે આ પ્લાનિંગ એકટ છે એના અંતર્ગત સમગ્ર રાજયમાં ટી.પી. સ્કીમો બનાવવામાં આવે છે. આ ટી.પી. સ્કીમો બનાવવાનો મુખ્ય હેતુ શહેરોનો સુઆયોજીત વિકાસ થાય, આજુબાજુના નાના નાના ગામો શહેરની બાજુમાં આવ્યા હોય એનો પણ સુઆયોજીત વિકાસ થાય. દરેક માલિકને પોતાના પ્લોટ સુધી રસ્તાનો લાભ મળે, પીવાના પાણીની યોજના કરી શકાય, જયાં રહેવાનું થાય ત્યાં બાગ બગીચા , શાળાના મકાનો, હોસ્પિટલ, પાણીની ટાંકી વગેરે પ્રજા ઉપયોગી ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવી શકાય એ માટે ટી.પી. સ્કીમો બનાવવામાં આવે છે. માનનીય સભ્યશ્રી રાજેન્દ્રભાઇનો પ્રશ્ન છે એ પ્રમાણે જે યોજનાઓ મંજૂર થઇ છે એમાં રોડ, પાકા રસ્તા બનાવવામાં આવે છે, જરૂરિયાત પ્રમાણે વસવાટ થયો હોય તો પીવાના પાણીની પાઇપ લાઇનો નાખવામાં આવે છે. ભૂગર્ભ ગટર બનાવવામાં આવે છે. આ બધા કામો મહાનગપાલિકા અને સ્થાનિક સત્તા મંડળ વડોદરા પૂરતું વુડા અને વડોદરા મહાનગરપાલિકા દ્વારા પ્રજા ઉપયોગી કામો કરવામાં આવે છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. એક તો જયારે કોઇ પણ ટી.પી. સ્કીમ સરકારમાં આવે તેને મંજૂર કે નામંજૂર કરવાની કોઇ ચોક્કસ મર્યાદા છે કે કેમ અને આપ નક્કી કરવા માગો છો કે કેમ? આ પૂછવા પાછળનું કારણ એ છે કે ટી.પી. સ્કીમો બને છે ત્યારે જેની જમીનો હોય છે એ સતત ભયના ઓથાર નીચે, કે તારી અહીં રીઝર્વ થશે, અહીં રીઝર્વ થશે, આ ટી.પી. સ્કીમમાં આમ રસ્તો નીકળશે, તેમ રસ્તો નીકળશે અને ખેડૂતોના તોડતાડ થાય છે. એ પછી જયાં આગળ ટી.પી. સ્કીમ તમે મંજૂર કરવાના હો છો ત્યાં ૧૫ સ્કીમ આવી. આપે છ મંજૂર કરી. અગાઉથી ખબર પડી જાય કે અહીંયા મેઇન રસ્તો નીકળશે, આ સ્કીમ છે. પરિણામે બિલ્ડરો, ભૂમાફિયાઓ એ જમીનો સસ્તામાં પડાવી લે. ટી.પી. સ્કીમ બને અને ભાવ ઉંચા જાય તેનો ફાયદો સાચા ખેડૂતને મળતો નથી. આ સિક્રેટ રાખીને, જેમ નેશનલ હાઇવે નીકળનાર હોય છે, બહુ જ સિક્રેટ રાખીને કરે છે. આ રીતનો એક ટાઇમબાઉન્ડ પ્રોગ્રામ, જે રીતે નેશનલ હાઇવેમાં છે એ રીતે ચોક્કસ સમયમર્યાદા. તો અહીં સરકારમાં ટી.પી. સ્કીમ આવે, મંજૂર કરો કે નામંજૂર કરો અને એ ખાનગી રાખીને ચોક્કસ સમયમર્યાદામાં પૂર્ણ થાય, જેથી ખેડૂતોને નુકસાન ન થાય એવું કંઇ સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર દરેક બાબતમાં અનુભવના આધારે, જરૂરિયાતના આધારે, ધારાસભ્યો, કાર્યકરો, કોરપોરેશનના મેયર વગેરેના તરફથી જે સજેશનો આવે છે, જેમ

અત્યારે આપે સૂચન કર્યું એ પ્રમાણે. એ મુજબ વધુને વધુ સુધારા તરફ જયારે જયારે જરૂર પડી છે ત્યારે આપણે તેનો અમલ કર્યો છે. ટી.પી. સ્કીમ બનાવવી એ કોઇ ખાનગી કામ નથી. કારણ કે ટી.પી. જયાં બનાવવાની છે એ વિસ્તાર નક્કી કરીએ, ૨૫ હેકટર, ૫૦ હેકટર, ૧૦૦ હેકટર. ત્યારે તેનું જાહેરનામું બહાર પડવાનું હોય છે. એ પછી દરેક ખેડૂત અથવા જમીન માલિક જે તેના અંતર્ગત આવતા હોય, ટી.પી. એરિયામાં આવતા હોય તેમની સાથે મિટિંગ કરવાની થાય છે. આપ તો શકિતસિંહ, કાયદાના જાણકાર છો. કાયદા મુજબ આપણે તેમને જાણકારી આપીએ છીએ કે અહીં ટી.પી. પડશે અને મને એ વાતનો આનંદ છે કે ગુજરાત સરકારે જયારે જયારે ટી.પી.ના ડેવલપમેન્ટ કર્યા તેમાં કયાંક બની શકે કે ૨-૫-૨૫ બિલ્ડરો, સ્થાનિક લોકો જે રીયલ એસ્ટેટનો ધંધો કરતા હોય તેમણે જમીનો ખરીદી હોય તેમને લાભ થયો હોય તેની ના કહેતો નથી. પણ મોટા ભાગનો ૯૦ ટકા લાભ જે જમીન માલિક હોય તેને જ મળે છે. એટલા માટે મળે છે કે એક રોડ નીકળતો હોય, પાછળ દસમા ખેતરે કોઇની બે-પાંચ વીઘા જમીન હોય, તેને કદી રોડ મળવાનો ન હોય પણ ટી.પી. બને એટલા માટે એ જમીનની કિંમત અનેકગણી વધી જાય છે અને તેનો સીધો લાભ જમીન માલિક ખેડૂતને મળે છે.

બીજું, આપે સમય મર્યાદાની વાત કરી. સમય મર્યાદા માટે ગયા સત્રમાં જ એક સુધારો શહેરી વિકાસ વિભાગ તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ મૂક્યો હતો એ આપણે મંજૂર કર્યો છે. પહેલાં ટી.પી. સ્કીમો લીંગરીંગ થતી હતી. કોર્ટ કેસ આવી જાય, કોઇ વિવાદ આવી જાય, કોઇ જમીનનો કબજો ન આપે એટલે આખી ટી.પી. ન ખોલી શકાય આ બધા પ્રશ્નો હતા. એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભામાં ગયા વખતે જાહેરાત કરી. તા. ૨૧-૧-૨૦૧૫થી જેનો અમલ થયો છે કે જયારે ટી.પી. સ્કીમમાં સુધારો કરે, પહેલાં એવું હતું કે ૧૦૦-૨૦૦ હેકટરની આખી ટી.પી. આવી હોય. એક-બે ભૂલ હોય નીચેની, તો આખી ટી.પી. પરત કરતા હતા કાયદા પ્રમાણે, આ બધું કાયદા અંતર્ગત થાય છે. આખી ટી.પી. પાછી જાય એટલે મહિનાઓ તેની પાછળ જતા રહેતા હતા. એટલે મુખ્યમંત્રીશ્રીએ એ નિર્ણય કર્યો કે એક નાની કવેરી હોય તો સુધારવા માટે ટી.પી. પાછી મોકલવાની અને સુધારીને ટી.પી. પાછી આવે એટલે તેની મંજૂરીની પ્રક્રિયા આપણે કરીએ છીએ. બીજું, જે અગત્યનો નિર્ણય કર્યો કે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ સરકાર મંજૂર કરે એ પછી ૧૮ મહિનાની અંદર નગર રચના યોજના અધિકારી, ટી.પી.ઓ.એ તેના જે નિર્ણયો હોય, એ વિસ્તારના જે સજેશનો હોય, કયાં રસ્તો આવશે, કયાં બીજી વ્યવસ્થા આવશે એ બધું ૧૮ મહિનામાં ડિકલેર કરવાનું હોય છે. તેથી બને એટલી વધુને વધુ પારદર્શકતા અને ઝડપ થાય અને મધ્યમ વર્ગ, ગરીબો અને જરૂરિયાતવાળાને એમીનિટી સાથેની વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે ગુજરાતમાં ટી.પી. સ્કીમમાં સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છીએ. મને એ પણ આનંદ છે કે આપણાં ટી.પી. એકટને અને કેટલીક જોગવાઇઓને ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કરવામાં આવેલી ત્યારે સુપ્રીમ કોર્ટે કીધેલું કે ગુજરાતનો ટી.પી. એક્ટ સારામાં સારો છે અને આખા દેશે એ પ્રમાણે એનો અમલ કરવો જોઇએ.

**આણંદ જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ /વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૭ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૮૦૭.૬૦ લાખના ખર્ચે કુલ ૨૭૨૬ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | સોજીત્રા | ૩ |
| ૨ | આણંદ | ૨૩૩ |
| ૩ | અંકલાવ | ૧૦૪ |
| ૪ | બોરીયાવી | ૧૨૬ |
| ૫ | બોરસદ | ૩૮૪ |
| ૬ | કરમસદ | ૪ |
| ૭ | ખંભાત | ૧૧૬૫ |
| ૮ | ઓડ | ૨૪૯ |

| | | |
|---|---|---|
| ૯ | પેટલાદ | ૨૮૮ |
| ૧૦ | ઉમરેઠ | ૧૪૨ |
| ૧૧ | વલ્લભ વિદ્યાનગર | ૨૮ |
| | **કુલ** | **૨૭૨૬** |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં સરકાર દ્વારા રૂ.૮૦૭.૬૦ લાખના ખર્ચે કુલ ૨૭૨૬ સાધનો ફાળવવામાં આવેલ છે. આ સરકાર સ્વચ્છતા અભિયાનની જાહેરાત કરી ફોટા નથી પડાવતી પણ એના માટે વ્યવસ્થા ઉભી થાય એના માટે સાધનોની ફાળવણી પણ કરે છે. આ ઘન કચરાના નિકાલ અને વ્યવસ્થાપન માટે બે વર્ષ પહેલાં ૨૦૧૩–૧૪ પહેલાં આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં કોઇ સાધનોની ફાળવણી કરવામાં આવેલ હતી કે કેમ? આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં ડોર ટુ ડોર ઘન કચરાના કલેક્શન અને નિકાલ માટે શું વ્યવસ્થા છે? આ સાધનોની વ્યવસ્થા આપવાથી એનો સ્વચ્છતાનો વ્યાપ કેટલો વધશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે નિર્મળ ગુજરાતની આપણે શરૂઆત કરેલી અને મને આનંદ છે કે, ગુજરાત સરકારે શરૂ કરેલી શહેરી વિસ્તારોની અને ગ્રામ્ય વિસ્તારોની આ સ્વચ્છતા અભિયાનની સફળતા, એની ઉપયોગીતા અને સ્વચ્છતાની પ્યાસ વધતા અગાઉની ભારત સરકારે, કેન્દ્ર સરકારે ગુજરાત મૉડેલ ઉપર ગુજરાતમાંથી શીખી નિર્મળ ભારત યોજના અમલમાં મૂકી હતી. એના ઉપરથી આપણી આ યોજના કેટલી સફળ અને કેટલી લોકોપયોગી છે એ સમજી શકાય છે. માનનીય સંજયભાઇએ ખૂબ સાચું કહ્યું. ફક્ત વાતો કરી, કોઇ રીતે યોજનાઓ બનાવીને, મર્જ કરીને કામ કરતા નથી. અમારી સરકારે દરેક વિભાગમાં જે જે યોજનાઓ જાહેર કરી છે એ બધી યોજનાઓ માટે નાણાકીય જોગવાઇ કરી છે. નાનામાં નાની નગરપાલિકા હોય, અમદાવાદ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર જેવી મહાનગરપાલિકાઓ હોય, ગાંધીનગર જેવું પાટનગર હોય. એમને કરોડો રૂપિયાની ફાળવણી સફાઇના સાધનો માટે, અન્ય વ્યવસ્થાઓ માટે આપણે કરીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે ડોર ટુ ડોર કલેક્શનની વાત કરી. તો પહેલાં બહેનો ઘરમાંથી કચરો વાળી અને આંગણાની આગળ નાંખતી હતી. આ કચરો રોડ ઉપર ફેદાતો જાય, ઉડતો જાય અને ગમે ત્યાં આઘો–પાછો ઉડતો જતો હતો અને ગમે ત્યાં એ કચરો પડી રહેતો હતો. એટલે આ ઘરમાંથી બહાર ભેગો કરેલો કચરો અમારા સફાઇ કામદારો એકત્ર કરે છે અને એકત્ર કરેલો કચરો નક્કી કરેલ ડમ્પીંગ સાઇટ ઉપર પહોંચાડવામાં આવે છે. આ કામ શહેરી વિકાસ વિભાગે ઉપાડ્યું છે અને આણંદ જિલ્લામાં અત્યારે ૮૦થી ૮૫ ટકા જેટલું ડોર ટુ ડોર કલેક્શન ૧૧ નગરપાલિકાઓ છે ત્યાં થાય છે અને એમાં ૬.૫ થી ૭ લાખ નાગરિકોના ઘરોને સ્વચ્છતા અભિયાનનો લાભ મળે છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આ યોજના બહુ સારી છે. કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકારે એના માટે ઘણું ફંડ ફાળવ્યું છે. એનાથી રોગચાળો ફેલાય નહીં અત્યારે જે ચાલુ છે એવો. આ ઘેર ઘેર કચરો ઉઘરાવીને અને એને ડમ્પીંગ સાઇટ ઉપર ડમ્પીંગ કરવામાં આવે છે. પરંતુ નગરપાલિકાઓ પાસે આવી ડમ્પીંગ સાઇટો છે જ નહીં એટલે એ ગમે ત્યાં ખાડામાં, ખુલ્લી જગ્યામાં કચરો નાંખવામાં આવે છે. મે સંકલનમાં પ્રશ્ન પૂછ્યો હતો કે, આણંદ જિલ્લામાં નગરપાલિકાઓ છે એમની કચરો ડમ્પીંગ કરવા માટેની જગ્યાઓ કેટલી છે? તો દરેક નગરપાલિકાએ જવાબ આપ્યો હતો કે, અમારી પાસે આવી કચરો ડમ્પીંગ કરવા માટેની જગ્યાઓ જ નથી. તો આ ધૂળ ઉપરનું લીંપણ છે. આ તો પૈસા ખર્ચાય છે. સરકારે સ્પેશિયલ કોઇ જગ્યા નીમ કરવી જોઇએ અને એ જગ્યાએ જ કચરો નંખાવો જોઇએ. જેથી ગાયો પ્લાસ્ટીક ખાય નહીં અને કચરો પાછો આવે નહીં. તો સરકાર આવી પાકી યોજના બનાવવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પણ નગરપાલિકાનો પ્રમુખ હતો. નિરંજનભાઇ પહેલાં પેટલાદ નગરપાલિકાના પ્રમુખ હતા. ભાજપની સરકાર નહોતી ત્યારે કોંગ્રેસની સરકારમાં નગરપાલિકાની

સ્થિતિ શું હતી એ નિરંજનભાઇ સારી રીતે જાણે છે. આ તો યાદ દેવડાવું છું. એમને જૂના દિવસો યાદ દેવડાવુ છું. માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. કચરો એકત્ર કર્યા પછી મેં કહ્યું એમ એનો કોઇ યોગ્ય જગ્યાએ સાયન્ટીફીકલી, વૈજ્ઞાનિક રીતે એનો નિકાલ કરવો પડે એટલા માટે રાજય સરકારે, મહેસૂલ વિભાગે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ દરેક કલેકટરોને સૂચના પણ આપી છે કે તમારા ગામની, શહેરની નજીક અન્ય કોઇ ગામને તકલીફ ના પડે, એ રીતે તમે ડમ્પીંગ સાઇડ ફાળવી આપો કે જયાં આગળ નગરપાલિકાનો કચરો ડમ્પ કરવામાં આવે, એના ઉપર પછી માટીનું થર ચડાવવામાં આવે, પછી ફરી કચરો આવે પણ મોટા ભાગના કિસ્સાઓમાં અનુભવે એવું જણાયું છે કે કલેકટર જગ્યા ફાળવે પછી આજુબાજુના ખાનગી ખડૂતો જેમની જમીન હોય, આજુબાજુના ગામવાળા એ સરકારમાં, કલેકટર સમક્ષ તરત રજૂઆત કરે છે કે ફલાણા શહેરનો કચરો અમારા ગામની પાસે, મારા ખેતર પાસે અહીંયા મંદિર આવ્યું, આ વસ્તુ આવી છે એટલે અહીં ના કરો એમ કરીને એનો વિરોધ કરે, જેમ શહેરની અંદર કયાંય ટોઇલેટ બનાવવું હોય તો તકલીફ પડે, કોઇ જગ્યા આપવા તૈયાર નથી. બજારવાળા ના કહે, સ્કૂલોવાળા ના પાડે તો આ ડમ્પીંગ સાઇડ માટે પ્રશ્ન આવે છે એ વાત સાચી છે છતાં સરકારે નકકી કર્યુ છે કે વહેલામાં વહેલી તકે શકય હોય એટલું ખરાબાની જમીન અન્ય કોઇ ગામનો વાંધો વિરોધ ના હોય એવી જગ્યાએ ફાળવવી, બીજો એક અગત્યનો નિર્ણય સરકારે કર્યો છે કે ચાર–પાંચ શહેર વચ્ચે બધાની સાથે સંયુકત ડમ્પીંગ સાઇડ જો થાય અને સોલીડ વેસ્ટનો હવે તો અન્ય રીતે પણ ઉપયોગ થાય છે તો એનો પણ ઉકેલ થાય, દા.ત. એમાંથી બળતણ બને, એમાંથી કોલસા બને, એનો ઉપયોગ થાય તો કચરાનો પણ નિકાલ થાય એ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે રીતે આપ્યું છે અમૂક નગરપાલિકામાં ૧૧૬૫ અને ૧૧૦૦ જેટલા સાધનો ફાળવ્યા છે અને અમૂકમાં માત્ર ૩ અને ૪ સાધન ફાળવ્યા છે તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે અમૂક જ નગરપાલિકામા જ સફાઇની ચિંતા કરીએ છીએ કે બધી જગ્યાએ સમાન ધોરણે સફાઇ કરવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે તો તમામ જગ્યાએ સરખી સફાઇ કરવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતમાં એવું છે કે દરેક નગરપાલિકાઓને મેં કહ્યું એમ ૨૦૦૫ પછી ૨૦૦૭ શહેરી વિકાસ વિભાગમાંથી, સ્વર્ણિમ જયંતિ યોજનામાંથી રકમો ફાળવીએ છીએ. પરંતુ નાની નાની નગરપાલિકાઓએ સાધનો કદાચ પોતે ઓછા માગ્યા હોય પણ અમારી રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રી જે શહેરી વિકાસ મંત્રી પણ છે, ગયા વર્ષે સરકારે પોતે જાતે નિર્ણય લીધો કે જે.સી.બી.ની જરૂરિયાત દરેક નગરપાલિકાઓને રહે છે. ચોમાસામાં કોઇ જગ્યાએ પાણી ભરાઇ જાય, ચોમાસામાં કોઇ જગ્યાએ રસ્તો તોડીને પાણીનો નિકાલ કરવો હોય તો, કોઇ જગ્યાએ કચરો ટ્રેકટરમાં કે ટ્રકમાં ઝડપથી મૂકવો હોય તો કોઇની પણ માગણી નહોતી છતાં પણ સરકારે જે.સી.બી. આપણી બોરસદ નગરપાલિકા જો આપના વિસ્તારમાં અમિતભાઇ, આવતી હોય તો બોરસદ નગરપાલિકાને પણ જે.સી.બી. મશીન જે વીસ લાખ રૂપિયાની અંદાજિત કિંમતથી આવતું હશે એવું મશીન, ટ્રેકટરો, ટ્રોલીઓ આ બધું ફાળવી આપ્યું છે. એ સિવાય ઘરે ઘરેથી અને દૂકાને દૂકાનેથી કચરો એકત્ર કરવા માટે જે પ્લાસ્ટિકના ડબા આવે છે એ ડબા પણ નગરપાલિકાઓને આપણે આપ્યા છે કે આમાં લોકો કચરો નાખે અને પછી કચરાપેટીમાં લઇ જાય અને ઘરે ઘરે પહોંચે એ પ્રમાણે પણ આપણે કામ કર્યુ છે, કેટલીયે જગ્યાએ લાયન્સ કલબ હોય, જેસીસ હોય, આવી સેવાભાવી સંસ્થાઓ હોય, દાતાઓ હોય એ પોતે બજારમાં વેપારીઓને પ્લાસ્ટિકની ડોલો આપે છે અને કચરો એકત્ર કરીએ છીએ, ખેડા જિલ્લાની કુલ ૧૧ નગરપાલિકાઓમાં એક પણ એવી બાકી નથી કે જેને જેસીબી, ટ્રેકટર, પીવાના પાણીનું ટેન્કર એ જે માગ્યું હોય અને ના આપ્યું હોય એ બધાને આપણે આપ્યું છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ૮૦૭ લાખના ખર્ચે ૨૭૨૬ સાધનો આપવામાં આવ્યા છે એ કયા પ્રકારના છે? બીજું આણંદ જિલ્લાની અંદર ૧૧ મહાનગરપાલિકા આવેલી છે એમાંથી મારા મતવિસ્તારમાંથી માત્ર એક જ સોજીત્રા નગરપાલિકા આવેલી છે. આ મારા મતવિસ્તારમાં મને એટલો મોટો અન્યાય થયો છે કે દરેક નગરપાલિકામાં ત્રણ આકડામાં સાધનો ફાળવ્યા છે અને મારા સોજીત્રાની અંદર માત્ર ત્રણ જ સાધન ફાળવ્યા છે તો આ અન્યાય કરવાનું કારણ શું છે અને બીજો એક છેલ્લો સવાલ એ છે કે અહીંયાથી અમારો કચરો ગયો છે તો એને ઠેકાણે પાડવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર સૌનો સાથ, સૌનો વિકાસવાળી છે. જે નગરપાલિકા અમારાં ભારતીય જનતા પક્ષની નથી. જોકે ૯૦% બધી અમારી જ છે એને બોલાવી બોલાવીને ગ્રાન્ટો આપી છે. જે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો કે, કયા કયા સાધનો આપ્યા? મેં કીધું એમ પ્લાસ્ટિકની ડોલો અને ડબા, લોખંડની હાથલારીઓ, ટ્રેક્ટર ટ્રોલી, ૫૦ લિટરના મોટા કોમ્યુનિટી બીન્સ લોખંડના આવે એ આપ્યાં છે, સાડા ચાર ટનનું લોખંડનું મોટું કન્ટેનર કહેવાય જેમાં કચરો એકત્ર કરીને બહાર નાખીએ એ કન્ટેનર આપ્યાં છે. પીવાના પાણીના મીની ટ્રક આપ્યાં છે. જુદા જુદા પ્રકારના બચાવના સાધનો, જે.સી.બી., ટ્રેક્ટર આપ્યાં છે અને જરૂરિયાત પ્રમાણે નગરપાલિકાને પીવાના પાણીના ટેન્કરો પણ આપ્યા છે. તમે કીધું એમ તમારી સોજીત્રા નગરપાલિકામાં આપણે જે સાધનો ફાળવ્યાં છે એમાં જે.સી.બી. પણ આપ્યું છે અને એમેને બીજા બે સાધનો આપ્યાં છે. બે મીની ટ્રક અને એક જે.સી.બી. સોજીત્રાને ફાળવી આપ્યું છે એની કુલ રકમ ૩૧ લાખ રૂપિયા અંદાજે છે.

**વડોદરા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરી**

* ૧૬૪૩૦ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી છે, અને | (૨) ૧ (એક) |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) ` ૬.૪૫ લાખ. |

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ટીસ્યુકલ્ચર યુનિટ ઊભા કરવા માટે કોને સહાય મળવાપાત્ર થાય છે અને અરજી કરવાની પ્રક્રિયા શું છે? બીજો પ્રશ્ન એ છે કે, ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના કરવા કઇ કઇ યોજના હેઠળ સહાય પૂરી પાડવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ટીસ્યુકલ્ચર યુનિટ ઊભું કરવા ભારત સરકારની સહાયથી હોર્ટીકલ્ચર યુનિટ મારફત ખેડૂત, ખેડૂત સંગઠન, સહકારી સંસ્થા, સરકાર પોતે, એ.પી.એમ.સી. કે વ્યક્તિગત લાભાર્થી અરજી કરી શકે છે અને આ અરજી કેન્દ્ર પુરસ્કૃત યોજના નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના હેઠળ ટીસ્યુકલ્ચર યુનિટ ઊભું કરવા માટે નિયત નમૂનામાં અરજી કરવાની હોય છે અને તે અરજી જિલ્લા કક્ષાએ મદદનીશ બાગાયત નિયામક કચેરી ખાતે રજૂ કરવાની છે તેમાં ખેડૂત મારફત ઓન લાઇન રજિસ્ટ્રેશન કરવાની, લાભાર્થી તથા પ્રોજેક્ટની વિગતો સહીતની નિયત નમૂનામાં અરજી ફોર્મ, બેંક નોટ સાથેનો બેંક લોનનો મંજૂરી પત્ર, જમીન ઉપર બાંધકામ મંજૂરી, લોકલ ઓથોરિટીની મંજૂરી, મંજૂર થયેલ બિલ્ડીંગ પ્લાન, સ્ટ્રકચર એન્જિનિયરની સર્ટીફાઇડ નકલ, ટીસ્યુકલ્ચર એકમ ઊભું કરવા જરૂરી સિવિલ વર્કની મંજૂરી તથા અન્ય સાધનોની વિગત સાથે અરજી કરવાની રહે છે. બીજો પ્રશ્ન એવો છે કે, બાગાયતીખાતા તરફથી નેશનલ હોર્ટીકલ્ચર મિશન તેમજ રાજ્ય યોજના હેઠળ સહાય પૂરી પાડવામાં આવે છે. કેન્દ્ર સરકાર તો સહાય આપે છે અને રાજ્ય સરકાર પણ તેમાં પૂરક સહાય આપે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આ ટીસ્યુકલ્ચર લેબૉરેટરી શું છે અને એમાં કયા કયા રોપાનું ઉત્પાદન કરવામાં આવે છે અને એના ફાયદા શું?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ટીસ્યુકલ્ચર લેબૉરેટરી એ કેન્દ્ર સરકાર અને નેશનલ હોર્ટીકલ્ચર મિશન દ્વારા ૨૧ જિલ્લાઓમાં સહાય આપવાની જોગવાઇ છે અને રોપા તેમાંથી ઉત્પન્ન કરવા માટે એ લેબૉરેટરીની કાર્યવાહી કરવામાં આવે છે અને ૧૨ જિલ્લા બાકાત હતા એ ૧૨ જિલ્લાનો પણ રાજ્ય સરકારે સ્પેશ્યલ વધારાની સહાય આપીને સમાવેશ કર્યો છે. આમ રાજ્યના તમામે તમામ ૩૩-૩૩ જિલ્લાને આમાં આવરી લીધા છે. બીજું આમાં જે જાહેર ક્ષેત્રની માગણીમાં સરકાર તો પોતે ટીસ્યુકલ્ચર લેબૉરેટરી ઊભી કરી શકે, નિગમ કરી શકે, યુનિવર્સિટી પણ કરી શકે અને તેમાં ૨૫૦ લાખ એટલે અઢી કરોડ રૂપિયા એમાં સો એ સો ટકા

સહાય આ ત્રણેય એકમો કરે તો થઇ શકે અને સામાન્ય લાભાર્થી જ્યારે કોઇ માગણી કરે તો કુલ અઢી કરોડના ૪૦% લેખે લાભ મળે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને પૂરક જે રાજ્ય સરકારની સહાય છે એ ૨૫ ટકા મળે છે. આમ બે પ્રકારની સહાય મળે છે. એક, આ કુલ એકમ ટિસ્યુ કલ્ચર લેબૉરેટરીની વાત થઇ તેમજ બીજુ કે, ટિસ્યુ કલ્ચર લેબૉરેટરીની સ્ટ્રેન્થ અને અપગ્રેડેશન કરવા માટે ૨૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવે છે. તેમાં સરકારી નિગમ અને યુનિવર્સિટીઓમાં ૨૦ લાખ પૂરેપૂરા સો ટકા સહાય મળે છે, બાકીનામાં અપગ્રેડેશનમાં કુલ સામાન્ય લાભાર્થીને ૧૫ ટકા, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને ૨૫ ટકાનો લાભ મળે છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વડોદરા જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ કેટલી ટિસ્યુ કલ્ચર લેબૉરેટરીને સહાય ચૂકવવામાં આવી છે અને કયારે?

શ્રી જશાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, નવી ટિસ્યુ કલ્ચર લેબૉરેટરી ઉભી કરવા કોઇ સહાય સીધે સીધી નથી ચૂકવી પણ જે અપગ્રેડેશન કરવામાં આવ્યું છે, સઘન બનાવવા માટે વડોદરામાં ૨૦૧૩-૧૪માં તા.૨૮-૩-૨૦૧૪ના રોજ એગ્રી જેનેટીંગ વડોદરાને ટિસ્યુ કલ્ચર લેબૉરેટરી સઘન બનાવવા માટે ૬ લાખ, ૪૫ હજારની સહાય ચૂકવવામાં આવી છે.

**સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી બાકી વસૂલાત**

* ૧૪૫૩૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી કુલ કેટલી રકમોની વસુલાત કરવાની થતી હતી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી કુલ રૂ. ૬૦૯.૭૯ કરોડની વસુલાત કરવાની થતી હતી. |
| (૨) તે અન્વયે કુલ કેટલી રકમો ઉક્ત સ્થિતિએ લેવાની નીકળે છે? | (૨) ભાગીદાર રાજ્યો દ્વારા કરવામાં આવતી ચુકવણી વર્ષવારના ખર્ચ સામે કરવામાં આવતી નથી. આમ છતાં, છેલ્લા બે વર્ષમાં ભાગીદારી રાજ્યો પાસેથી રૂ.૩૮૩.૨૯ કરોડની રકમ વસુલ કરવામાં આવેલ છે જેને ધ્યાને લઇએ તો ઉકત સ્થિતિએ તે અન્વયે રૂ.૨૨૬.૫૦ કરોડ લેવાના નીકળે છે. |

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા યોજના હેઠળ આપણે ભાગીદાર રાજ્યો પાસેથી પૈસા લેવાના હતા, એવા કેટલા પૈસા લેવાના બાકી રહે છે એનો પ્રશ્ન મેં કર્યો હતો. મારા જવાબની અંદર મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, ૬૦૯/- કરોડ રૂપિયા લેવાના બાકી રહે છે. પરંતુ પ્રશ્ન નંબર-૯૦ આપ જુઓ, તો એમાં લખવામાં આવ્યું છે કે, ૫,૪૨૬/- કરોડ રૂપિયા લેવાના આપણા બાકી છે અને એમાંથી ફક્ત ને ફક્ત ૩૮૩/- કરોડની જ આપણે ઉઘરાણી કરી શક્યા છીએ, એટલે અત્યારે આપણા ૩,૫૪૭.૯૦/- કરોડ રૂપિયા ભાગીદાર રાજ્યો પાસેથી લેવાના બાકી છે, તો આ બે જવાબોમાં તફાવત શા માટે છે ? સરકાર એવી કઇ માહિતી છુપાવવા માગે છે, મને સમજ નથી પડતી?

અધ્યક્ષશ્રી : અત્યારે જે પ્રશ્ન હોય એની જ ચર્ચા આપણે કરીએ, જે ચર્ચામાં ન હોય એની ના કરીએ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : હું સાહેબ, પ્રશ્નની જ ચર્ચા કરું છું, એ જ પ્રશ્ન છે. બીજું ઉઘરાણી માટે આપણે કેટલી વખત રજૂઆતો કરવામાં આવી, કેન્દ્ર સરકારને સાથે રાખીને કેટલી વખત રજૂઆતો કરી અને એનામાં આપણને શું પ્રતિભાવ મળ્યો ?

બીજું, ભાગીદાર રાજ્યો પાસે આપણે એમને કેટલી વીજળી અને પાણી આપવામાં આવ્યું અને એ પેટે આપણા કેટલા પૈસા એમની પાસેથી લેવાના બાકી છે અને બાકીની રકમ ઉપર પણ કોઇ વ્યાજ લઇએ છીએ કે કેમ અને ના લેતા હોઇએ તો નહીં લેવાના કારણો શા છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ છેલ્લા બે વર્ષનો પ્રશ્ન પૂછ્યો છે (અંતરાય) નહીં, નહીં, તમે ટેકનિકલ સવાલ પૂછયો છે તો ટેકનિકલ જવાબ જ મળે ને? તમે છેલ્લા બે વર્ષનું પુછ્યું છે તો છેલ્લા બે વર્ષનો મેં જવાબ આપ્યો છે. ૯૦ના પ્રશ્નમાં એ સમયમર્યાદા નહીં હોય એટલા માટે આખો જવાબ મળ્યો હશે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીમાં તા.૪-૨-૨૦૧૪, અધિક મુખ્ય સચિવ દ્વારા પત્રો લખાયા છે, બધા રાજ્યોને, તા.૧૨-૩-૧૪, તા. ૪-૪-૨૦૧૪, તા. ૧૪-૪-૨૦૧૪, તા. ૨૪-૬-૨૦૧૪, તા. ૯-૭-૨૦૧૪ એમ સમયાંતરે લગભગ દર મહિને આપણે બાકી નીકળતી રકમ લેવા માટે બધા

રાજ્યોને પત્રો લખીએ છીએ અને છેલ્લે તા. ૧૯-૧-૨૦૧૫ના રોજ નિગમ કક્ષાએથી એન.સી.એ.ની મિટિંગમાં પણ આની આપણે રજૂઆત કરી છે. એક કરતાં વધારે વખત આ અંગેની રજૂઆતો કરી છે. અને વ્યાજ અંગે એ વિવાદ અને બિનવિવાદ એ પ્રકારે અત્યારે પેન્ડીંગ છે. રાજ્યો એમ કહે છે કે, અમે આ વ્યાજ ન આપીએ અને આપણે એમ કહીએ છીએ કે, આ વ્યાજ લેવા પાત્ર છે એટલે આ વિવાદ ચાલે છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ ભાગીદાર રાજ્યો પાસે જે બાકી લ્હેણું છે તેમાં વિવાદિત અને બિનવિવાદિત ખર્ચ શું છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખી યોજના બહુહેતૂક યોજના છે અને ચાર રાજ્યો વચ્ચેની યોજના છે. આ બાબતમાં ત્રણ પ્રકારે આપણા પૈસા બાકી હોય છે. એક વિવાદિત ખર્ચ, એમાં પુન:વસન અને પુન:વસવાટ, એના અત્યાર સુધીમાં ૧,૦૦૧/- કરોડ રૂપિયા બાકી છે. ભાગીદાર રાજય એવું કહે છે કે આ ખર્ચ અમે ન આપીએ અને આપણે એમ કહીએ છીએ કે આ ખર્ચ અમારે લેવા પાત્ર છે. વ્યાજમાં પણ મેં અગાઉ કહ્યું તેમ ભાગીદાર રાજય એમ કહે છે કે બાકી રકમ ઉપરનું વ્યાજ અમારા મતે આપવા પાત્ર નથી, આપણા મતે લેવા પાત્ર છે અને ત્રીજી બાબત એ છે કે ત્યાં વીજળી ઉત્પન્ન કરવા માટે આપણે ૩-૪ પોન્ડ બનાવ્યા છે. એ પોન્ડ વીજળી ઉત્પન્ન કરવા માટે મદદમાં છે. આપણે કહીએ છીએ કે એનો ખર્ચ ભાગીદાર રાજયો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર આપણને આપે અને એ સરકાર કોની હોય એ મતલબ એનો નથી. આ વહીવટી પ્રક્રિયા છે. સરકાર ગમે તેની હોય.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાને લાગેવળગે છે ત્યાં સુધી રાજકીય પક્ષાપક્ષીથી ઉપર રહીને ચાલવું જોઇએ. તેમ છતાં આ જ ગૃહમાં વાત થઇ હતી કે મહારાષ્ટ્રમાં તમારી સરકાર છે અને ગુજરાતના નાણા આવતા નથી. અમારા પક્ષના આગેવાનો સાથે અમે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણ સાથે મિટિંગ કરી હતી અને એની પ્રેસ પણ અમે રીલીઝ કરી હતી અને એ પછી મહારાષ્ટ્રમાંથી આપણી પાસે છેલ્લા બે વર્ષમાં ૨૭૩૦૯ લાખ રૂપિયા આવ્યા. મહારાષ્ટ્રમાંથી લઇ આવ્યા. સૌથી વધારે બાકી છે મધ્યપ્રદેશનાં ૩૫૪૭૯૦ લાખ મધ્યપ્રદેશ પાસેથી બાકી છે. અને છેલ્લા બે વર્ષમાં ત્યાંથી આપણી પાસે માત્ર ૫૬૧૬ લાખ આવ્યા તો હવે જે રીતે આપે અમારા ઉપર પથરો ફેંકયો હતો તો અમે એને સ્વીકારીને, માથે લઇને મહારાષ્ટ્ર સરકાર સાથે મિટિંગ કરીને છેલ્લા બે વર્ષમાં ૨૭૩૦૯લાખ લઇ આવ્યા એ રીતે મધ્યપ્રદેશ સાથે મિટિંગ કરીને ૩૫૪૭૯૦લાખ બાકી છે અને બે વર્ષમાં માત્ર ૫૬કરોડ જ આપ્યા છે તો હવે એ પૈસા ગુજરાતને પરત મળે એના માટે આપ શું કરવા ઇચ્છો છો?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારના મત મુજબ જેમ આપે કહ્યું એ પ્રમાણે આ કોઇ રાજકારણનો પ્રશ્ન નથી. કોંગ્રેસની સરકાર હોય કે ભા.જ.પ. ની સરકાર હોય ગુજરાત માટે તો આ ગુજરાતની પ્રજાનો પ્રાણપ્રશ્ન છે અને જેવી રીતે તમે પ્રયત્ન કર્યો અને પૈસા લાવ્યા એ સારુ કર્યું છે. આપે પ્રયત્ન કર્યો અને પૈસા મળ્યા. અમે પણ ભલે અમારી સરકાર ત્યાં હોય કે ન હોય, અત્યારે અમારી સરકાર છે. અમે એ જ રીતે પ્રયત્નો કર્યા છે એના કારણે જ આટલા પૈસા આવ્યા છે. ભવિષ્યમાં પણ ઇનીશીયેટીવ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએ પણ મિટિંગ કરીને અમે વહેલી તકે પૈસા મળે એના માટે આયોજન કરીશું.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજયો પાસેથી જે વસુલાત બાકી છે એમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બિન વિવાદીત રહેતી રકમ સામે મળેલ રકમની ટકાવારી કેટલી છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે મળેલ રકમ છે. પ્રશ્ન આમ તો બે વર્ષનો છે. પણ મધ્યપ્રદેશ પાસેથી અત્યાર સુધીમાં આપણને ૭૦.૪૭ ટકા પૈસા મળ્યા છે. મહારાષ્ટ્ર પાસેથી ૯૧.૪૩ કરોડ રૂપિયા મળ્યા છે. રાજસ્થાન પાસેથી ૯૫.૫૮ લાખ રૂપિયા આપણને મળ્યા છે અને કુલ ટકાવારી ની દ્રષ્ટિએ જોઇએ તો ૭૯ ટકા કુલ મળીને મળ્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું ભાઇશ્રી દુષ્યંતભાઇએ જે પ્રશ્ન કર્યો છે એમાં વિવાદિત અને બિન વિવાદીતમાં તો ભાગીદાર રાજયો સાથે જયારે ભાગીદારી થઇ ત્યારે કરાર કરવામાં આવ્યા અને એ કરારને આધારે આપણે આ રકમ લેવાની થાય છે તેમ હું માનું છું. તો કરાર આધારે આ રકમ લેવાની થાય છે તો એ રાજયો રકમ આપવાનો ઇનકાર શા માટે કરે છે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એમના મત મુજબ એમનું માનવું છે કે આપવા પાત્ર નથી. એ ડબલ્યુડીટીનો આધાર લે છે. આપણે પણ એ જ ટ્રીબ્યુનલનો આધાર લઈએ છીએ એટલે બન્નેના મત જયારે જુદા પડતા હોય ત્યારે દેશના એટર્ની જનરલ પાસે આ વિવાદ નિર્ણય માટે પેન્ડીંગ છે.

**બનાસકાંઠા જિલ્લામાં સેફસ્ટેજનાં કામ**

* ૧૬૪૪૨ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સેફસ્ટેજના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૫–કામો |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૨૬.૪૦ લાખ |
| (૩) આ કામોથી કેટલા વિસ્તારને વધુ સિંચાઈનો લાભ થયો? | (૩) ૪૫ હેકટર (પરોક્ષ) |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સેફ સ્ટેજના જે કામો પૂર્ણ થયા છે એ કયા કયા છે અને એનાથી કેટલા વિસ્તારને લાભ મળે છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં મંજૂર ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ**

* ૧૫૩૮૮ **શ્રી દિનેશભાઈ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ મંજૂર થયા, અને | (૧) ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) કયા કયા સેકટરવારમાં થયા? | (૨) સેકટરવાર માહિતી **પત્રક–અ** માં સામેલ છે. |

**પત્રક–અ**

**વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ સેકટરવાર ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન**

| અનુ. નં. | સેકટરનું નામ | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ | ૧૫૫૪ |
| ૨ | એનિમલ હસબન્ડરી એન્ડ ફીશરીસ | ૩૪૫ |
| ૩ | બાયોટેકનોલોજી | ૯૨ |
| ૪ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૧૫૩૨ |
| ૫ | સિવીલ એવીએશન | ૭૦ |
| ૬ | કોર્પોરેટ સોસીયલ રીસ્પોન્સીબીલીટી (સીએસઆર) | ૩૪ |
| ૭ | એજ્યુકેશન | ૧૩૪ |
| ૮ | એંજીનીયરીંગ | ૪૭૮૦ |
| ૯ | એન્વારમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૨૭૭ |
| અનુ. નં. | સેકટરનું નામ | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન |
| ૧૦ | ફાયનાશીયલ સેકટર | ૬૮ |
| ૧૧ | જેમ્સ એન્ડ જવેલરી | ૧૧૬ |
| ૧૨ | હેલ્થકેર | ૧૬૦ |
| ૧૩ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૧૩૬ |
| ૧૪ | ઈન્ફોરમેશન ટેકનોલોજી | ૧૨૨ |
| ૧૫ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાટ્રકચર | ૧૦૩ |
| ૧૬ | મિનરલ બેઈઝ (સિમેન્ટ) | ૩૦૮ |
| ૧૭ | મિનરલ બેઈઝ (GMDC પ્રોજેક્ટ) | ૧૦૧ |
| ૧૮ | ઓઈલ ગેસ એન્ડ ફર્ટીલાઈઝર | ૩૧૪ |
| ૧૯ | અધર | ૫૦૮૪ |

એચબી–૮૬૧–૧

| | | |
|---|---|---|
| ૨૦ | પેપર | ૨૭૮ |
| ૨૧ | પીસીપીઆઈઆર એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેક્ટ | ૧૬૭ |
| ૨૨ | ફાર્માસ્યુટીકલ | ૩૭૮ |
| ૨૩ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૯૩ |
| ૨૪ | પાવર | ૭૨ |
| ૨૫ | પાવર-રીન્યુએબલ | ૧૨૬ |
| ૨૬ | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૪૨ |
| ૨૭ | રૂરલ ડેવલોપમેન્ટ | ૩૪૮ |
| ૨૮ | રૂર્બન હાઉસીંગ | ૨૧૩ |
| ૨૯ | સેઝ | ૪ |
| ૩૦ | સ્કીલ ડેવલોપમેન્ટ (સી.ઈ.ડી.) | ૧૪ |
| ૩૧ | સ્કીલ ડેવલોપમેન્ટ (ડી.ઈ.ટી.) | ૮૦ |
| ૩૨ | સ્પેશીયલ ઈન્વેસ્ટમેન્ટ રીલીજન | ૨૭ |
| ૩૩ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ | ૨૭૮૪ |
| ૩૪ | ટુરીઝમ | ૯૦ |
| ૩૫ | ટ્રાયબલ ડેવલોપમેન્ટ | ૨૯ |
| ૩૬ | અર્બન ડેવલોપમેન્ટ | ૧૦૯૧ |
| ૩૭ | વોટર રીસોર્સીસ | ૧૩૮ |
| | કુલ | **૨૧૩૦૪** |

**કચ્છ જિલ્લાની નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ /વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૭૬ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત કચ્છ (ભુજ) જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત કચ્છ (ભુજ) જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૨૫.૧૨ લાખના ખર્ચે કુલ ૪૧૧ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | અંજાર | ૩ |
| ૨ | ભચાઉ | ૧૯૬ |
| ૩ | ભુજ | ૧૦૭ |
| ૪ | ગાંધીધામ | ૭૬ |
| ૫ | માંડવી | ૧૫ |
| ૬ | રાપર | ૧૪ |
| | **કુલ** | **૪૧૧** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ-૨૦૧૧ અને ૨૦૧૩ અન્વયે મહેસાણા જિલ્લામાં ઉદ્યોગોને જમીન**

* ૧૭૫૨૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન -૨૦૧૧ અને ૨૦૧૩ ના વર્ષમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વસ્ટમેન્ટ સમિટમાં થયેલા એમ.ઓ.યુ. થકી મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા ઉદ્યોગોને કયાં ભાવે કયા સ્થળે કેટલી જમીન ફાળવવામાં આવી ?

**જવાબ**

શૂન્ય

**તાપી જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૬૪૫૧ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન તાપી જિલ્લામાં

**જવાબ**

(૧) ૯૧.

કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને — (૨) ૨૦,૩૫૦.

(૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? — (૩) ૧,૨૯,૮૦૩.

**દિલ્હી સ્થિત ગુજરાત ભવનમાં રૂમોની સુવિધા**

* ૧૭૪૧૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દિલ્હીમાં ગુજરાત ભવનમાં કેટલા રૂમોની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમાનોના રાત્રી રોકાણથી કેટલી આવક થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા કેટલી રકમ કયા હેતુસર ખર્ચ કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દિલ્હીમાં ગુજરાત ભવનમાં ૮૩ રૂમોની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં મહેમાનોની રાત્રી રોકાણથી રૂ. ૯૮,૨૦,૩૩૯/–ની આવક થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા નીચે મુજબની વિગતોએ ખર્ચ કરવામાં આવેલ છે.

| **વિગત** | **ખર્ચ** |
|---|---|
| પગાર અને ભથ્થાં | રૂ. ૩,૩૫,૯૯,૮૪૭/- |
| આઉટસોર્સ–મેનપાવર | રૂ. ૧,૬૮,૫૨,૧૫૩/- |
| મરમ્મત અને સુધાર | રૂ. ૪,૬૦,૯૯,૧૪૯/- |
| વીજળી અને પાણી | રૂ. ૨,૧૩,૦૩,૭૨૭/- |
| **કુલ ખર્ચ** | **રૂ.. ૧૧,૭૮,૫૪,૮૭૬/-** |

**ગાંધીનગર જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેસ**

* ૧૬૫૧૪ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે, તે પૈકી એક વર્ષ સુધીના કેટલા અને છ માસ સુધીના કેટલા છે, અને

(૨) બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) બાકી કેસો – ૯૭૧
એક વર્ષ સુધીના – ૨૮૨
છ માસ સુધીના – ૧૮૧

(૨) અર્ધન્યાયીક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ

**ડાંગ જિલ્લામાં પશુ દવાખાના**

* ૧૪૬૭૩ **શ્રી મંગળભાઈ ગં. ગાવિત(ડાંગ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) આહવા તાલુકામાં – ૦૨
વઘઈ તાલુકામાં – ૦૨
સુબિર તાલુકામાં – ૦૨

(૨) પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ની બે જગ્યાઓ પૈકી એક જગ્યા પશુ દવાખાના–વઘઈમાં અને એક જગ્યા પશુદવાખાના–આહવામાં તા. ૨૧–૬–૨૦૧૪થી ખાલી છે. ડ્રેસર, વર્ગ–૪ની એક જગ્યા પશુદવાખાના–આહવામાં તા.૧૮–૦૭–૧૯૯૧ થી ખાલી છે. પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ની એક જગ્યા પશુદવાખાના–આહવામાં તા. ૧૦–૦૨–૨૦૧૧ થી ખાલી છે.

(૩) પશુચિકિત્સા અધિકારીની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ

થયેથી પશુચિકિત્સા આધિકારીની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

ડ્રેસર અને પટાવાળા–એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–જની સેવાઓ જીલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી લેવામાં આવે છે.

**અમીરગઢ અને દાંતા તાલુકામાં પશુપાલન કીટ્સનું વિતરણ**

* ૧૫૩૬૪ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ અને દાંતા તાલુકામાં કૃષિ મહોત્સવ–૨૦૧૩ માં કેટલી પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) જેમાં ઉક્ત તાલુકામાં કેટલાં લાભાર્થીનો સમાવેશ થાય છે, અને

(૩) ઉક્ત કીટમાં કઈ કઈ વસ્તુઓ/સાધનો આપવામાં આવ્યા અને તેની કિંમત કેટલી છે ?

**જવાબ**

(૧) અમીરગઢ તાલુકો – ૩૫૦
દાંતા તાલુકો – ૯૧૫

(૨) અમીરગઢ તાલુકો – ૩૫૦ લાભાર્થી
દાંતા તાલુકો – ૯૧૫ લાભાર્થી

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | કીટની વિગત (ઘાસચારાની કીટ) | કીટની કુલ કિંમત (રૂ..) |
|---|---|---|---|
| ૧ | અમીરગઢ | સ્વીટ સુદાન જુવાર– (૭.૦ કિ. ગ્રા.) ૩૫૦ કીટ્સ | ૮૭,૫૦૦/– |
| ૨. | દાંતા | આફ્રીકન ટોલ મકાઈ – (૭.૦ કિ. ગ્રા.) ૯૧૫ કીટ્સ | ૨,૧૦,૪૫૦/– |
| | **કુલ** | **૧,૨૬૫** | **૨,૯૭,૯૫૦/–** |

**વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫માં વિદેશીઓએ લીધેલ ભાગ**

* ૧૫૩૮૯ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ વર્ષ ૨૦૧૫માં કેટલા વિદેશી દેશોએ ભાગ લીધો,

(૨) તે અન્વયે વિદેશી ડેલીગેટસો કેટલા ઉપસ્થિત હતા, અને

(૩) કેટલા રાજ્યોએ ભાગ લીધો હતો ?

**જવાબ**

(૧) સામેલ *પત્રક મુજબ ૧૧૦ વિદેશી દેશોએ

(૨) ૨,૫૦૦ જેટલા.

(૩) વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ દરમ્યાન યોજાયેલ સેમિનાર અને પ્રદર્શનમાં ૧૬ રાજ્યોએ ભાગ લીધો હતો.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કપરાડા તાલુકાના દમણગંગા યોજના આધારીત ઉદવહન સિંચાઈ યોજના**

* ૧૬૪૪૪ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના દમણગંગા યોજનાની નહેર આધારિત ઉદવહન સિંચાઈ યોજના શરૂ કરવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, કેટલી યોજના પ્રગતિ હેઠળ છે, અને કેટલી યોજના આયોજન હેઠળ છે, અને

(૩) આ યોજના હેઠળ કેટલી જમીન સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવશે ?

**જવાબ**

(૧) હા.

(૨) ઉક્ત સ્થિતિએ ત્રણ ઉદવહન સિંચાઈ યોજના પૂર્ણ થયેલ છે. બે ઉદવહન સિંચાઈ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. એક ઉદવહન સિંચાઇ યોજનાનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે અને બે ઉદવહન સિંચાઈ યોજનાઓ આયોજન હેઠળ છે.

(૩) ૧૭૩૮ હેક્ટર.

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૬૧૬૧ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર વર્ષવાર ખૂન–લૂંટ–અપહરણ–બળાત્કાર, છેડતી, ચીલઝડપ અને મારામારીના કુલ કેટલા બનાવો બન્યા,

**જવાબ**

(૧) તા. ૦૧–૦૨–૨૦૧૩ થી તા. ૩૧–૧–૨૦૧૪

| જિલ્લાનું નામ | ખૂન | લૂંટ | અપહરણ | બળાત્કાર | છેડતી | ચીલઝડપ | મારામારી |
|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૨૧ | ૨૩ | ૫૬ | ૧૭ | ૩૨ | ૦૯ | ૧૯૮ |
| મોરબી | ૨૦ | ૦૯ | ૨૬ | ૧૪ | ૨૨ | ૦૫ | ૧૪૨ |

તા. ૦૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫

| જિલ્લાનું નામ | ખૂન | લૂંટ | અપહરણ | બળાત્કાર | છેડતી | ચીલઝડપ | મારામારી |
|---|---|---|---|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૨૨ | ૨૨ | ૬૫ | ૩૦ | ૩૪ | ૧૪ | ૨૧૪ |
| મોરબી | ૨૯ | ૦૬ | ૨૮ | ૦૮ | ૧૬ | ૦૦ | ૧૩૮ |

(૨) તે પૈકી કેટલા બનાવોમાં ગુન્હેગારોની ધરપકડ કરી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે,

(૨) ૧૨૨૦ બનાવો પૈકી ૧૧૦૨ બનાવોમાં ગુન્હેગારોની ધરપકડ કરી અને ૧૧૮ બનાવોમાં ગુન્હેગારોની ધરપકડ કરવાની બાકી છે.

(૩) બાકી હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં ધરપકડ કરવામાં આવશે, અને

(૩) આરોપીઓ નાસતા ફરતા હોવાથી, તેઓને શોધી કાઢવા સંભવિત સ્થળો તથા આશ્રયસ્થાનોએ ખાનગી રાહે તપાસ કરી હકીકત મેળવી, તેમજ રહેણાંકના સરનામે, મિત્ર વર્તુળ સગાસંબંધીને ત્યાં તપાસ કરી, કોલ ડીટેઈલ મેળવી લોકેશનના આધારે તપાસ કરી ત્વરિત પકડી પાડવાના પ્રયાસો ચાલુ છે.

(૪) સરકાર ગુન્હાખોરી ડામવા શા પગલાં ભરવા માંગે છે ?

(૪) શરીર સંબંધી ગુન્હાઓ ન બને તે માટે સુલેહ ભંગની અરજીઓ ઉપર પુરતુ ધ્યાન આપી સત્વરે ઘટતાં અટકાયતી પગલાં લેવાય છે. મિલ્કત વિરૂધ્ધના ગુના ન બને તે માટે અસરકારક પેટ્રોલીંગ, નાકાબંધી, ફુટ પેટ્રોલીંગ, શકમંદોને ચેક કરી જરૂરી અટકાયતી પગલાં લઈ તથા કાયદાકીય જોગવાઈ મુજબ ગુન્હાઓ બનતા અટકે તે માટે તમામ પ્રયત્નો કરવામાં આવે છે.

## રાજ્યમાં વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩માં ગ્રીન હાઉસ બનાવતી કંપનીઓને એમ્પેનલ કરવા બાબત

* ૧૪૫૧૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટ–૨૦૧૩માં ગ્રીન હાઉસ બનાવી આપનાર કંપનીઓને એમ્પેનલ કરવા અન્વયે કુલ કેટલી દરખાસ્ત કે રજુઆતો આવી, અને

**જવાબ**

(૧) ૦૩ (ત્રણ ) કંપનીઓની

(૨) તે અન્વયે કઈ કંપનીને ક્યારે કેટલી રકમ સાથે મંજૂરી આપવામાં આવી ?

(૨) (૧) આત્રેયશ એગ્રો. ઓર્ગેનીક પ્રા. લી.ને તા. ૨–૫–૨૦૧૩થી ગ્રીન હાઉસ બનાવવા માટે કોઈ રકમ નક્કી કર્યા વગર એડહોક ધોરણે તા. ૩૦–૬–૨૦૧૩ સુધી એમ્પેનલ કરવામાં આવી હતી, ત્યાર બાદ તા. ૧૮–૨–૨૦૧૪ના રોજ (૧) આત્રેયશ એગ્રો ઓર્ગેનીક પ્રા. લી. અને (૨) એથિક્સ એગ્રોટેક પ્રા. લી. કંપનીને ગ્રીન હાઉસ બનાવવા માટેની રક નક્કી કરીને તા. ૨૮–૨–૨૦૧૫ સુધી એમ્પેનલ કરવામાં આવેલ હતી. નીચે મુજબના દરે મંજૂરી આપવામાં આવી.

(રૂપિયા/ચોરસમીટર)

| ફેન એન્ડ પેડ ગ્રીન હાઉસ | | | | |
|---|---|---|---|---|
| | **૫૦૦ ચો.મી. સુધી** | **૧૦૦૦ ચો.મી. સુધી** | **૨૦૦૦ ચો.મી. સુધી** | **૪૦૦ ચો,મી. સુધી** |
| ઝોન–૧ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ઝોન-૨ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| ઝોન-૩ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| ઝોન-૪ | ૧૬૪૫ | ૧૬૪૫ | ૧૫૭૫ | ૧૫૬૫ |
| **નેચરલી વેન્ટીલેટેડ ગ્રીન હાઉસ** | | | | |
| | **૫૦૦ ચો.મી.** | **૧૦૦૦ ચો.મી.** | **૨૦૦૦ ચો.મી.** | **૪૦૦૦ ચો,મી.** |
| ઝોન-૧ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન-૨ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન-૩ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |
| ઝોન-૪ | ૯૨૧ | ૯૧૯ | ૯૧૫ | ૯૧૦ |

## નર્મદા યોજના અન્વયે ભાગીદાર રાજ્યોએ ચૂકવણી લેણી રકમ

* ૧૬૪૦૫ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાના કયા ભાગીદાર રાજ્યોએ તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લેણી રકમ પેટે રાજ્ય સરકારને કેટલી રકમ ચૂકવી, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમ લેવાની થાય છે તથા આ રકમ વસુલ કરવા સરકારે તે અન્વયે રાજ્યોને કે કેન્દ્ર સરકારને કોઈ માંગણી કે દરખાસ્ત કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) ભાગીદાર રાજ્યો દ્વારા ગુજરાત સરકારને લેણી રકમ પેટે ચૂકવાયેલ રકમની વિગતો નીચે મુજબ છેઃ-

(રૂ.. કરોડમાં)

| રાજ્ય | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫(ડિસે-૧૪ સુધી) | ૨૦૧૪-૧૫(જાન્યુ.-૧૫ સુધી) |
|---|---|---|---|
| મધ્યપ્રદેશ | ૫૪.૬૬ | ૧.૫૦ | ૧.૫૦ |
| મહારાષ્ટ્ર | ૪૫.૨૪ | ૨૨૭.૮૫ | ૨૨૭.૮૫ |
| રાજસ્થાન | ૧૧.૦૬ | ૪૨.૯૮ | ૪૨.૯૮ |
| **કુલ રકમ** | **૧૧૦.૯૬** | **૨૭૨.૩૩** | **૨૭૨.૩૩** |

આમ, ભાગીદાર રાજ્યો દ્વારા ગુજરાત સરકાર છેલ્લા બે વર્ષમાં કુલ રૂ. ૩૮૩.૨૯ કરોડ ચૂકવવામાં આવેલ છે.

(૨) ભાગીદાર રાજ્યો દ્વારા કરવામાં આવતી ચૂકવણી વર્ષવારના ખર્ચ સામે કરવામાં આવતી નથી. આમ છતાં, તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી લેણી થયેલ રકમ રૂ. ૬૦૯.૭૯ કરોડ સામે તે સમયગાળા દરમ્યાન મળેલ રકમ રૂ. ૩૮૩.૨૯ કરોડ ધ્યાને લઈએ તો તે અન્વયે રૂ. ૨૨૬.૫૦ કરોડ લેવાના નીકળે છે.

એ જ રીતે તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી લેણી થયેલ રકમ રૂ. ૬૪૩.૭૨ કરોડ સામે તે સમયગાળા દરમ્યાન મળેલ રકમ રૂ. ૩૮૩.૨૯ કરોડ ધ્યાને લઈએ તો તે અન્વયે રૂ. ૨૬૦.૪૩ કરોડ લેવાના નીકળે છે.

હા, જી, નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- તા.૪-૨-૨૦૧૪ના રોજ અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), ગુજરાત રાજ્ય કક્ષાએથી પત્ર પાઠવીને અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), મધ્યપ્રદેશ સરકાર અને અધિક મુખ્યસચિવશ્રી (નાણા), મહારાષ્ટ્ર સરકારને વિનંતી કરેલ છે.
- નિગમ કક્ષાએથી તા.૧૨-૦૩-૨૦૧૪,તા.૦૪-૦૪-૨૦૧૪, તા.૧૪-૦૪-૨૦૧૪, તા.૨૪-૦૬-૨૦૧૪, તા.૦૯-૦૭-૨૦૧૪, તા.૦૬-૦૮-૨૦૧૪, તા.૦૫-૦૯-૨૦૧૪,તા.૧૬-૧૦-૨૦૧૪, તા.૦૧-૧૧-૨૦૧૪, તા.૦૮-૧૨-૨૦૧૪, તા.૦૬-૦૧-૨૦૧૫, તા.૦૨-૦૨-૨૦૧૫ અને ૨૫-૦૨-૨૦૧૫ના પત્રોથી નિગમ

કક્ષાએથી મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ), રાજસ્થાન, મુખ્ય ઈજનેરશ્રી (સિંચાઈ વિભાગ), મહારાષ્ટ્ર અને સભ્યશ્રી (તાંત્રિક), નર્મદા વેલી ડેવલપમેન્ટ ઓથોરીટી, ભોપાલને વિનંતી કરેલ છે.

- તા.૧૯-૦૧-૨૦૧૫ના રોજ નિગમ કક્ષાએથી સચિવશ્રી, નર્મદા કંટ્રોલ ઓથોરીટીને પત્ર પાઠવીને નર્મદા કંટ્રોલ ઓથોરીટીની આગામી બેઠકની કાર્યસૂચિમાં સદર બાબતનો સમાવેશ કરવા એજન્ડા નોંટ મોકલી આપેલ છે.

**પાલનપુર શહેરમાં ભૂગર્ભ ગટરનું કામ પૂર્ણ ન થવા બાબત**

* ૧૭૪૬૧ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પાલનપુર શહેરની ભૂગર્ભ ગટર યોજનાનું કામ પૂર્ણ થયેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો આ યોજના પૂર્ણ થયે નીકળતા ગંદા પાણીની આખરી નિકાલનું સ્થળ તથા સુવેજ ટ્રીટમેન્ટ પ્લાનનું આયોજન કરવામાં આવ્યુ નથી તે હકીકત પણ સાચી છે, | (૨) ના. જી |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪)જો ના, તો તેના આયોજનની શી વિગતો છે? | (૪) મંજૂર થયેલ યોજનામાં ૨૮.૬૭ એમએલડી ની ક્ષમતાનો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે જમીન ફાળવણી માટે કલેકટરશ્રી ને દરખાસ્ત કરેલ છે. |

**ભાવનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજી**

* ૧૬૫૧૮ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની અરજીઓ આવી,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| ભાવનગર સીટી | ૨૬ |
| ભાવનગર ગ્રામ્ય | ૮૭૪ |
| ઘોઘા | ૬૪૧ |
| શિહોર | ૯૦૩ |
| વલ્લભીપુર | ૩૬૧ |
| ઉમરાળા | ૪૬૭ |
| ગારીયાધાર | ૬૩૧ |
| પાલીતાણા | ૬૩૪ |
| તળાજા | ૧૭૯૬ |
| મહુવા | ૧૫૬૦ |
| જેસર | ૧૮૪ |
| **કુલ** | **૮૦૭૭** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| ભાવનગર સીટી | ૨૬ | ૨૫ | ૧ |
| ભાવનગર ગ્રામ્ય | ૮૭૪ | ૭૪૭ | ૬૦ |

| | | | |
|---|---|---|---|
| શિહોર | ૯૦૩ | ૮૫૮ | ૧૭ |
| વલ્લભીપુર | ૩૬૧ | ૩૫૬ | ૩ |
| ઉમરાળા | ૪૬૭ | ૪૬૪ | ૩ |
| ગારીયાધાર | ૬૩૧ | ૬૨૫ | ૬ |
| પાલીતાણા | ૬૩૪ | ૫૮૮ | ૧૫ |
| તળાજા | ૧૭૯૬ | ૧૭૨૨ | ૧૭ |
| મહુવા | ૧૫૬૦ | ૧૪૭૪ | ૪૨ |
| જેસર | ૧૮૪ | ૧૭૯ | ૫ |
| **કુલ** | **૮૦૭૭** | **૭૬૪૧** | **૧૮૯** |

(૩) નામંજૂર કરવાનાં કારણો શા છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી

**વડોદરા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી**

* ૧૬૪૩૬ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૪–૧૫ તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

**જવાબ**

એક પણ નહીં.

**સોનગઢ તાલુકાનાં બોરદા ખાતે ઉદવહન સિંચાઈનો કમાન્ડ વિસ્તાર**

* ૧૫૭૫૫ **શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના બોરદા ખાતે ઉદવહન સિંચાઇનો કમાન્ડ વિસ્તાર કેટલો છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પીયત વિસ્તાર વધારવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૨૮૦ હેકટર

(૨) બોરદા –૧ અને બોરદા–૨ ઉદવહન સિંચાઈ યોજનાઓ સિંચાઈ હેઠળ મુકયાને છ માસ જેટલો જ સમય થયેલ હોય,
ક્રમશઃ પિયત વિસ્તારમાં વધારો થઈ રહેલ છે.

---------

**રાજ્યમાં ફિલ્મોને સબસિડી આપવા મીટીંગ**

* ૧૪૫૦૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ફિલ્મોને સબસિડી આપવા અન્વયે મનોરંજન કર કમિશ્નરશ્રી દ્વારા કયારે કઈ તારીખે કયા સ્થળે મીંટીંગ બોલાવી, અને

(૨) આ મીટીંગમાં કોણ સભ્યો હતા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ગુજરાતી ફિલ્મોને સબસિડી આપવા અન્વયે મનોરંજન કર કમિશ્નર દ્વારા તારીખ ૨૫–૦૨–૨૦૧૪ના રોજ માહિતી કમિશ્નરની ચેમ્બરમાં મીંટીંગ બોલાવી હતી.

(૨) આ મીટીંગમાં નીચે મુજબના સભ્યો હતાઃ–
૧ માહિતી કમિશ્નર
૨ મનોરંજન કર કમિશ્નર
૩ નાયબ સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ.

---------

**સુરેન્દ્રનગર જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૩ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૬૪૪.૯૭ લાખનાં ખર્ચે કુલ ૪૬૧૮ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ચોટીલા | ૧૩ |
| ૨ | પાટડી | ૧૦૨૭ |
| ૩ | ધ્રાંગધ્રા | ૬૫ |
| ૪ | હળવદ | ૧૯૮ |
| ૫ | લીંબડી | ૫૦૬ |
| ૬ | સુરેન્દ્રનગર | ૨૪૮૪ |
| ૭ | થાનગઢ | ૧૧૮ |
| ૮ | વઢવાણ | ૨૦૭ |
| | **કુલ** | **૪૬૧૮** |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો કયાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જુનાગઢ જિલ્લામાં પોલીસખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૧૬૪૮૭ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) કુલ રૂ.. ૧૧૭૭.૪૭ લાખ. |

---------

**નવસારી જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૫૫૬૯ **શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર ખૂન–લૂંટ–ધાડ–ચોરી–બળાત્કાર અને અપહરણના કેટલા કેસો નોધાયા, અને

(૧)

| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **ચોરી** | **બળાત્કાર** | **અપહરણ** |
|---|---|---|---|---|---|---|
| નવસારી | ૯ | ૯ | ૧૧ | ૨૮૯ | ૭ | ૨૧ |
| જલાલપોર | ૬ | ૨ | ૧ | ૮૬ | ૩ | ૧૬ |
| **તાલુકાનું નામ** | **ખૂન** | **લૂંટ** | **ધાડ** | **ચોરી** | **બળાત્કાર** | **અપહરણ** |
| ગણદેવી | ૯ | ૧ | ૧ | ૧૧૬ | ૫ | ૧૫ |
| ચીખલી | ૨ | ૦ | ૨ | ૧૩૯ | ૪ | ૧૨ |
| ખેરગામ | ૦ | ૧ | ૦ | ૯ | ૧ | ૦ |
| વાંસદા | ૮ | ૦ | ૧ | ૩૭ | ૩ | ૯ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી ?

(૨) ૭૧૧ ઈસમોની.

---------

**રાજયની બહારની સંસ્થાઓ દ્વારા, રાજયની એફ. એસ. એલ. ની લીધેલ મદદ**

* ૧૬૪૮૫ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય બહારની તપાસ સંસ્થાઓને ગુજરાત રાજ્યની એફ.એસ.એલ.ની મદદ લીધેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા કેસોમાં આવી મદદ લીધેલ છે ? | (૨) કુલ– ૧૬૬૮. |

---------

**ભાવનગર જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ**

* ૧૬૪૨૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ- ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૬૦૮ ખેડૂતો |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૭.૬૫ લાખ |

---------

**આણંદ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજનાં લાભાર્થી**

* ૧૬૪૩૮ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૪-૧૫ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે આણંદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | શૂન્ય |

---------

**વડોદરા જિલ્લામાં ફૂલપાક વાવેતર સહાય**

* ૧૬૪૬૪ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ફૂલપાકના વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કેટલા ખેડૂતોને કુલ કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે? | (૨) ૫૯ ખેડૂતો<br>રૂ. ૩,૭૭,૯૮૮/- |

---------

**ભરૂચ જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ**

* ૧૬૪૧૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં કૃષિ મહોત્સવ- ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૬૬૦ ખેડૂતો |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫.૨૦ લાખ |

---------

**વલસાડ જિલ્લામાં ફળપાક વાવેતર સહાય**

* ૧૬૪૬૭ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૪ ખેડૂતો |

-------

**રાજકોટ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

* ૧૬૫૩૫ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૩૪૯૪ ખેડૂતોને |
| (૨) તે પેટે કૂલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) રૂ.. ૪૯,૭૫,૦૦૦/- |

---------

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**પંચમહાલ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૬૪૫૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૫૩ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩૩,૦૮૩ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૭૩,૨૨૧ |

---------

**વલસાડ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજનાં લાભાર્થી**

* ૧૬૪૩૫ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૪–૧૫ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | એક પણ નહીં. |

---------

**રાજકોટ અને મોરબી જિલ્લામાં ગુમ થયેલ વ્યક્તિઓ**

* ૧૭૪૪૧ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને મોરબી જિલ્લામાંથી તા.૩૧ જાન્યુઆરી ૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી વ્યક્તિઓ ગુમ થવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાયેલ છે,

(૨) આ ગુમશુદા વ્યક્તિઓને શોધવા શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી વ્યક્તિઓને શોધવામાં સફળતા મળી છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | વ્યક્તિઓ |
|---|---|
| રાજકોટ | ૭૦૩ |
| મોરબી | ૨૧૭ |

(૨) ગુમ થનાર વ્યક્તિઓને શોધવા તેના સગા સંબંધીઓ તેમજ કાર્યક્ષેત્રની વિગતો મેળવી ત્યાં તપાસ કરવામાં આવે છે. ગુમ થનાર વ્યક્તિ અંગે પોલીસ કંટ્રોલરૂમ, વી.એચ.એફ. તથા ટી.પી. મેસેજ દ્વારા તમામ પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવે છે. ઈ–મેઈલ દ્વારા તમામ જિલ્લાઓને મેસેજ મોકલવામાં આવે છે, રેડિયો, ટી.વી. દ્વારા તે અંગેની જાહેરાત કરાય છે, શહેરમાં આવેલ જાહેર સ્થળો જેવા કે, બાગ–બગીચા, હોસ્પિટલ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, મડદાઘર, સિનેમાઘર, રેનબસેરા, અનાથ આશ્રમ વગેરે સ્થળોએ રૂબરૂ જઈ તપાસ કરવામાં આવે છે, તેમજ ગુમ થનાર વ્યક્તિ મળી આવે નહીં ત્યાં સુધી તપાસ ચાલુ રાખવામાં આવે છે.

(૩)

| જિલ્લો | વ્યક્તિઓ |
|---|---|
| રાજકોટ | ૫૯૯ |
| મોરબી | ૧૬૯ |

---------

**ભૂકંપ સંશોધન સંસ્થાનની કામગીરી**

* ૧૪૬૯૧ **શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન ભૂકંપ સંશોધન ક્ષેત્રે કરવામાં |

| | |
|---|---|
| રાજ્ય સરકારે ભૂકંપ સંશોધન માટે સ્થાપેલ સંસ્થા દ્વારા સંશોધન ક્ષેત્રમાં કઈ કામગીરી હાથ ધરેલ છે, અને | આવેલ કામગીરીમાં મુખ્યત્વે ભૂકંપનું કેન્દ્ર અને મેગ્નીટયુડ નક્કી કરવું, ભૂકંપ પ્રતિરોધક બાંધકામમાં મદદ, સુનામી મોડેલીંગ, જી.પી.એસ. નેટવર્કના માધ્યમથી જીઓલોજી, જીઓફીઝીકસ અને પેલિયો સિસ્મોલોજી દ્વારા ફોલ્ટ લાઇનોની હલચલની માહિતી કાઢવી, વગેરેનો સમાવેશ થાય છે. |
| (૨) તેમાં કેવા પરિણામો પ્રાપ્ત થયેલ છે ? | (૨) નીચે મુજબ પરિણામો પ્રાપ્ત થયેલ છેઃ–<br>• ભૂકંપના કેન્દ્રબિંદુ અને મેગ્નેટયુડની ચોક્કસ માહિતી ઉપલબ્ધ કરાવવી.<br>• સરદાર સરોવર ડેમ વિસ્તારમાં સિસ્મોગ્રાફની મદદથી ભૂકંપ નિરીક્ષણ<br>• પેલીયો સિસ્મોલોજી દ્વારા કચ્છમાં નવી સક્રીય ફોલ્ટ લાઇનની જાણકારી.<br>• કેટલાક શહેરોનું માઇક્રોઝોનેશન.<br>• મહત્વના આંતરમાળખાકીય પ્રોજેક્ટનું ભૂકંપ સંબંધી મૂલ્યાંકન.<br>• ક્રિસ્ટલ ડીફોર્મેશન માટે જી.પી.એસ. સીસ્ટમનો ઉપયોગ.<br>• કચ્છમાં ૩ ડી મેગ્નેટેલોરીક સર્વે.<br>• કચ્છની નદીઓનું રીમોટ સેન્સીંગ અને જીઓફીઝીકલ સર્વેક્ષણ.<br>• ભૂકંપનો અનાવશ્યક ડર દૂર કરવો અને ભૂકંપથી બચવા માટેની લોકજાગૃતિ. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૬૪૫૬ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૩,૧૯,૪૦૨ |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૧૪,૯૮,૦૮૨ |

---------

**ગરબાડા તાલુકામાં ઝરી–ગાંગરડા તળાવ દ્વારા સિંચાઈ**

* ૧૪૫૧૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ને સ્થિતિએ દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં આવેલ ઝરી–ગાંગરડા તળાવ સિંચાઈ કામ માટે બનાવેલ અને આ તળાવથી ૫૬૦ એકર જેટલી જમીનમાં સિંચાઈ થતી હતી તે તળાવથી સિંચાઈ કામગીરી બંધ કરી દીધી છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના પુનઃ ચાલુ કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી માંગણી કે દરખાસ્ત મળી, અને | (૨) કોઈ માગણી કે દરખાસ્ત મળેલ નથી. |
| (૩) મળેલ માંગણી કે દરખાસ્ત પછી સરકારે આ તળાવનું પાણી સિંચાઈ માટે મળે તે માટે શાં પગલાં લીધા? | (૩) જિલ્લા પંચાયત હસ્તકના આ તળાવના ઉપરવાસ અને નીચવાસના આંતરિક વિવાદને કારણે સિંચાઈ બંધ થયેલ છે. આ વિવાદ દુર કરવા માટે ગામ લોકોને સમજાવવાના પ્રયત્નો કરવામાં આવેલ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસ**

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૬૫૦૬ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત ભરાયેલ હોય તેવા કેસોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૫૭૭૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી કેસોની સંખ્યા કેટલી છે? | (૨) ૧૨૫ |

---------

**ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી**

* ૧૬૪૩૩ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૧૪૫ લાભાર્થી<br>રૂ. ૩૪,૪૭,૫૦૦/– |

---------

**વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં સેમિનાર**

* ૧૫૩૮૫ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ વર્ષ ૨૦૧૩માં કેટલા સેમિનાર યોજ્યા હતા, અને | (૧) વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૧૩માં કુલ–૩૫ સેમિનાર યોજવામાં આવ્યા. |
| (૨) કયા દેશો આ સમિટમાં પાર્ટનર દેશ તરીકે જોડાયા હતા? | (૨) જાપાન અને કેનેડા |

---------

**અમરેલી જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ**

* ૧૬૫૨૯ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન, ૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧)

| વર્ષ–૨૦૧૩ | |
|---|---|
| ખેડૂતોની સંખ્યા | કિટસની સંખ્યા |
| ૪૪૪૭ | ૪૪૪૭ કૃષિ કિટ્સ |
| ૩૦૯૫ | ૩૦૯૫ પશુપાલન કિટસ |

| વર્ષ–૨૦૧૪ | |
|---|---|
| ખેડૂતોની સંખ્યા | કિટસની સંખ્યા |
| ૪૪૩૭ | ૪૪૩૭ કૃષિ કિટ્સ |
| ૩૮૧૦ | ૩૮૧૦ બાગાયત કિટ્સ |
| ૬૨૧૬ | ૬૨૧૬ પશુપાલન કિટ્સ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | રૂ. ૧,૨૩,૭૧,૮૮૪ |
| ૨૦૧૪ | રૂ. ૯૬,૯૬,૮૬૫ |

---------

**રાજ્યની નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની ભરાયેલ જગ્યાઓ બાબત**

* ૧૭૩૧૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી નગરપાલિકાઓ કાર્યરત છે, | (૧) ૧૫૯ |
| (૨) કેટલી નગરપાલિકાઓમાં રેગ્યુલર ચીફ ઓફિસરની જગ્યાઓ ભરેલ છે, | (૨) ૮૦ |
| (૩) કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની જગ્યા ચાર્જમાં અથવા ખાલી છે, અને | (૩) ૭૯ |
| (૪) નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરની ચાર્જમાં હોય તેવી જગ્યાઓ પર કેટલા સમયમાં રેગ્યુલર ચીફ ઓફિસર મૂકવામાં આવશે? | (૪) ભરતીની પ્રક્રિયા અનુસરી ભરતી કેલેન્ડર મુજબ ભરતી કરવામાં આવશે. |

---------

## કચ્છ જિલ્લામાં ફળઝાડ વાવેતરના લાભાર્થી

* ૧૬૪૪૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં ફળઝાડ વાવેતરમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી? | ૩૭ લાભાર્થી<br>રૂ. ૧૫,૩૬,૯૬૦/- |

---------

## માળીયા હાટીનાં તાલુકામાં ભાખરવડ ડેમના કામ બાબત

* ૧૫૫૧૦ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના ભાખરવડ ડેમનું કામ કઈ સ્થિતિએ છે, | (૧) આશરે ૯૪ ટકા કામ પૂર્ણ થયેલ છે. |
| (૨) કામ પૂરૂ થવાની સમય મર્યાદા શી હતી, | (૨) બે વર્ષ |
| (૩) સમય કરતાં કામ મોડું પૂરૂં થયું હોય તો તેના કારણો શા છે, અને | (૩) જમીન સંપાદન અને પુનઃવસવાટના કારણે મોડુ થયું. |
| (૪) ઉક્ત ડેમના કામ પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૪) રૂ. ૨૨૧૭.૩૦ લાખ. |

---------

## વલસાડ જિલ્લામાં દમણગંગા સિંચાઈ યોજનાની મુખ્ય કેનાલ/ઢાળીયાની મરામત

* ૧૬૩૪૭ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં દમણગંગા સિંચાઈ અન્વયે બનાવવામાં આવેલ મુખ્ય કેનાલ તથા ઢાળીયાની મરામત છેલ્લે ક્યારે કરવામાં આવી, અને | (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આયોજનમાં લીધેલ મુખ્ય નહેરના મરામતના કામો પ્રગતિ હેઠળ છે. ઢાળિયાની મરામત ખેડૂતો દ્વારા હાથ ધરવાની થાય છે. |
| (૨) જો મરામત કામગીરી થઈ ન હોય તો તેના કારણો શા છે અને કેટલા સમયમાં મરામત કામ થશે? | (૨) જરૂરિયાત મુજબનાં મરામતના કામો દર વર્ષે હાથ ધરવામાં આવતા હોય છે. તબક્કાવાર દર વર્ષે મરામતની કામગીરી હાથ ધરીને શક્ય તેટલી વહેલી પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## મુખ્યમંત્રીશ્રી/મંત્રીશ્રીઓના મંજૂર ટી. એ. બીલ

* ૧૫૩૫૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૧૫-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા સાત માસમાં મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓના ટી.એ. બિલ કેટલા ચૂકવવામાં આવ્યા ? | તા. ૧૫-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા સાત માસમાં માન. મુખ્યમંત્રીશ્રીના ૩ (ત્રણ) તથા માન. મંત્રીશ્રીઓના ૧૩૨ (એકસો બત્રીસ) ટી.એ. બિલ ચૂકવવામાં આવ્યા. |

---------

**ગાંધીનગર શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો મંજૂર કરવા બાબત**

* ૧૫૫૯૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેરની કુલ કેટલી ટાઉન પ્લીનીંગ સ્કીમો મંજૂર કરવામાં આવી, અને | (૧) ૬ (છ) |
| (૨) તે અન્વયે ટાઉન પ્લાનીંગ –૫ મંજૂર કરવામાં આવી છે કે નહીં ? | (૨) હા. |

---------

**મહેસાણા જિલ્લામાં સામુહિક બળાત્કાર**

* ૧૭૧૦૯ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં સામુહિક બળાત્કારના કેટલા બનાવો નોંધાયા, અને | (૧) ૧ (એક) |
| (૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ થઈ ? | (૨) ૪ (ચાર) |

---------

**કાંકરેજ ખાતે જી.આઈ.ડી.સી.**

* ૧૫૭૯૭ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ ખાતે કેટલી જીઆઈડીસી કાર્યરત છે, | (૧) ૧ (એક) |
| (૨) તે અન્વયે કેટલી જીઆઈડીસી બંધ છે, અને | (૨) અને (૩) |
| (૩) બંધ પડેલ જીઆઈડીસીને કાર્યરત કરવાનું સરકારનું શું આયોજન છે ? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભરૂચ જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર**

* ૧૬૪૨૪ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી રાયપનીંગ ચેમ્બર છે, અને | (૧) ૨ (બે) |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) શૂન્ય |

---------

**વડોદરા જિલ્લામાં વારસાઈ હકકની અરજી**

* ૧૬૫૧૬ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| **તાલુકો** | **આવેલ અરજીઓ** |
|---|---|
| પાદરા | ૧૯૭૦ |
| વડોદરા (ગ્રામ્ય) | ૧૯૨૨ |
| વાઘોડીયા | ૧૫૮૪ |
| સાવલી | ૨૯૭૩ |

| | |
|---|---|
| શિનોર | ૧૩૮૫ |
| ડભોઈ | ૮૦૦૧ |
| કરજણ | ૧૮૫૧ |
| ડેસર | ૭૫૧ |
| વડોદરા શહેર (ઉત્તર) | ૧૩૬ |
| વડોદરા (શહેર) દક્ષિણ | ૨૨૨ |
| વડોદરા શહેર (પૂર્વ) | ૧૫૪ |
| વડોદરા શહેર (પશ્ચિમ) | ૮૫ |
| કુલ | ૨૧૦૩૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો ના મંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | ના મંજૂર કરેલ નોંધો |
|---|---|---|---|
| પાદરા | ૧૯૭૦ | ૧૬૮૮ | ૩૬ |
| વડોદરા (ગ્રામ્ય) | ૧૭૮૪ | ૧૪૯૭ | ૧૧૫ |
| વાઘોડીયા | ૧૫૮૪ | ૧૨૭૮ | ૫૪ |
| સાવલી | ૨૯૭૩ | ૨૬૭૫ | ૭૧ |
| શિનોર | ૧૩૮૫ | ૧૨૧૨ | ૨૯ |
| ડભોઈ | ૮૦૦૧ | ૮૦૦૧ | ૦૦ |
| કરજણ | ૧૮૫૧ | ૧૫૧૨ | ૩૭ |
| ડેસર | ૭૫૧ | ૬૪૭ | ૧૦૪ |
| વડોદરા શહેર (ઉત્તર) | ૧૩૬ | ૧૦૧ | ૧૦ |
| વડોદરા (શહેર) દક્ષિણ | ૨૨૨ | ૩૨ | ૩૨ |
| વડોદરા શહેર (પૂર્વ) | ૧૫૪ | ૯૯ | ૨૬ |
| વડોદરા શહેર (પશ્ચિમ) | ૮૫ | ૬૨ | ૦૨ |
| કુલ | ૨૦૮૯૬ | ૧૮૮૦૪ | ૫૧૬ |

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી

---------

**અમદાવાદ જિલ્લામાં રાયપર્નીંગ ચેમ્બર**

* ૧૬૪૨૫ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી રાયપર્નીંગ ચેમ્બર છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨ (બે)

(૨) શૂન્ય

---------

**દાહોદ જિલ્લાની નગરપાલિકાઓ માટે મંજૂર પાણી પુરવઠા યોજના**

* ૧૬૫૦૨ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી

**જવાબ**

(૧) સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) દાહોદ નગરપાલિકાની ભાગ–૨ યોજના

પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને

(૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ?

અને (૨) ઝાલોદ નગરપાલિકાની ભાગ–૨ યોજનાની પાણી પુરવઠા યોજનાઓને રૂ.. ૭૦૬ લાખના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) અને (૩)

દાહોદ–ભાગ–૨ યોજનાનું કામ પ્રગતિમાં છે અને ઝાલોદ ભાગ–૨ યોજનાના ભાવપત્રકો ફરી માંગવાના છે.

(૪) કોઈપણ યોજના મંજૂર કરવાની બાકી નથી.

---------

**સાયન્સ સીટીના આઈમેક્સ થ્રી ડી થીયેટરમાં ફિલ્મો**

* ૧૪૬૯૩ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સાયન્સ અને ટેકનોલોજી) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાયન્સ સીટીના આઇમેક્સ થ્રી ડી થીયેટરમાં એક સાથે કેટલી ફિલ્મો દર્શાવવામાં આવે છે, અને | (૧) સાયન્સ સીટીના આઈ મેક્સ થ્રીડી થીયેટરમાં એક સમયે એક જ ફીલ્મ દર્શાવવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ સુધીમાં કઈ કઈ ફિલ્મો દર્શાવેલ છે ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાયન્સ સીટીના આઇમેક્સ થ્રીડી થીયેટરમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૬ ફિલ્મો દર્શાવવામાં આવેલ છે જેમાં (૧) રાથ ઓફ ધી ટાઈટન (૨) વોકીંગ ઓન ધી મૂન (૩) ટાઈટેનીક (૪) અન્ડર ધી સી (૫) ટી–રેક્સ (૬) હબલ |

---------

**સુરત જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી**

* ૧૬૪૩૭ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) :માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| વર્ષ ૨૦૧૪–૧૫ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | એક પણ નહીં. |

---------

**પંચમહાલ જિલ્લામાં રવી કૃષિ મહોત્સવ–૨૦૧૪**

* ૧૬૫૪૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં રવી કૃષિ મહોત્સવ કેટલા સ્થળે યોજવામાં આવ્યો, | (૧) ૮. |
| (૨) તેનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને | (૨) ૧૧૬૪૪. |
| (૩) કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો ? | (૩) ૧૬૯૦. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કપટ પૂર્વક જમીનના બિનખેતી હુકમો મેળવવા બાબત**

* ૧૭૪૧૮ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં પોતે માલિકો કે કબજેદાર ન હોવા છતાં માલિક/કબજેદાર તરીકે અરજીઓ કરીને સક્ષમ અધિકારીશ્રી પાસેથી કપટપૂર્વક બિનખેતી ઉપયોગના હુકમો મેળવવાના કેટલાં કિસ્સા, જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ધ્યાને આવેલ છે, | (૧) કોઇ કિસ્સાઓ ધ્યાને આવેલ નથી. |
| (૨) ધ્યાન પર આવેલ કપટના આવા કિસ્સાઓમાં કપટ આચરનારાઓ સામે કોઇ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો કાયદેસર કાર્યવાહી ન કરવામાં આવી હોય તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ**

* ૧૬૪૨૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૪૩૯. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ..૧૫.૯૬ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં સેફસ્ટેજનાં કામ**

* ૧૬૪૪૧ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સેફસ્ટેજના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૧) ૫ – કામો |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ.. ૨૬.૪૦ લાખ |

---------

**ગાંધીનગર જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૪ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો કયાં સુધીમાં ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.. ૩૧૯.૫૧ લાખનાં ખર્ચે કુલ ૨૮૫૬ સાધનો મંજૂર કરેલ છે,

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | પેથાપુર | ૩૧૯ |
| ૨ | દહેગામ | ૮૦૭ |
| ૩ | કલોલ | ૧૨૮૩ |
| ૪ | માણસા | ૪૪૭ |
| | **કુલઃ–** | **૨૮૫૬** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ધાનેરા તાલુકામાં પશુઓને સારવાર કેમ્પ**

* ૧૬૪૫૮ **ડાૅ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં યોજવામાં આવેલ પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ? | ૩૭૬ |

---------

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**ખેડા અને મહીસાગર જિલ્લાને જવાહરલાલ નહેરૂ અર્બન મિશન પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકારની ગ્રાન્ટ**

* ૧૬૩૭૮ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જવાહરલાલ નહેરૂ અર્બન મિશન પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકારની ખેડા અને મહીસાગર જિલ્લાને કેટલી ગ્રાન્ટ કયા હેડ નીચે મળી, | (૧) જવાહરલાલ નહેરૂ અર્બન મિશન પ્રોજેક્ટ હેઠળ માત્ર મિશન સિટી ને જ ગ્રાન્ટ આપવામાં આવે છે અને બન્ને જિલ્લાનો તેમાં સમાવેશ નથી. |
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) અને (૩) |
| (૩) ઉક્ત સ્થિતિએ ખર્ચ ન કરવામાં આવ્યો હોય તો તેના કારણો કયા? | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પ્રાંતિજ તાલુકામાં તળાવો ઉંડા કરવા અને ચેકડેમ બનાવવા બાબત**

* ૧૬૫૬૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ તાલુકામાં કુલ કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા અને કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાંતિજ તાલુકામાં ૪ તળાવો ઉંડા કરવામાં આવ્યા અને ૧૭ ચેકડેમ બનાવવામાં આવ્યા, |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ.. ૧૨૧.૪૬ લાખ. |

---------

**''સૌની યોજના'' અંતર્ગત જામનગર જિલ્લાના જળાશયો ભરવા કામો માટે ખર્ચ બાબત**

* ૧૭૪૭૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સૌની યોજના અંતર્ગત જામનગર જિલ્લાના ડિસેમ્બર ૨૦૧૪ સ્થિતિએ જળાશયો ભરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય |
| (૨) બાકી જળાશયો કયાં સુધીમાં ભરવામાં આવનાર છે? | (૨) યોજનાના કામો પ્રગતિ હેઠળ નાણાકીય ઉપલબ્ધી અનુસાર કામો પૂર્ણ કરી, તબક્કાવાર જળાશયો ભરવાનું આયોજન છે. |

---------

**સુરત જિલ્લામાં બાયો કન્ટ્રોલ લેબૉરેટરી**

* ૧૬૪૨૬ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી બાયોકન્ટ્રોલ લેબૉરેટરી છે, અને | (૧) ૬ (છ) |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ.. ૭૨.૧૫ લાખ. |

---------

**તાપી જિલ્લામાં જંતુનાશક દવાના નમુના**

* ૧૬૫૩૮ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કૂલ કેટલા નમુનાઓ લેવામાં આવ્યા, | (૧) ૬૬. |
| (૨) આ નમુનાઓ પૈકી કેટલા નમુના પ્રમાણિત થયા અને કેટલા નમુના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૬૬ પ્રમાણિત<br>૪ બિન પ્રમાણિત. |
| (૩) બિન પ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટકેસ કરેલ છે. |

| | | |
|---|---|---|
| ૨ | ૦૨ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં સારવાર કેમ્પ**

* ૧૬૪૫૯ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કેટલા પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૪૮૪૮. |

---------

**કલોલ તાલુકાના સાંતેજ ગામની ધી વૃંદાવન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી.ના વહીવટદારે ગેરકાયદે ફાળવેલ પ્લોટો**

* ૧૭૫૨૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજ ગામની ધી વૃંદાવન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી. ના વહીવટદારશ્રી અને જમીન માફીયા દ્વારા સાંતેજ ગામની એકંદરે ૪૪–૮૪–૬૪ હે.આર.એ.ચો.મી. જમીન મંડળીના ૧૧૦૦ જેટલા સભાસદોને ગેરકાયદેસર રહેણાંક પ્લોટોની ફાળવણી કરી જમીન કૌભાંડના પ્રકરણની તપાસ કયાં તબક્કે છે, | (૧) આ બાબતે કોઇ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તપાસમાં કસુરવાર વહીવટદારશ્રી તથા ભૂ–માફિયા સામે શું પગલાં લીધાં છે, અને | (૨) ફરીયાદ મળેલ ન હોવાથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જમીનના ટાઇટલ્સ શું છે ? | (૩) જમીન હાલ ધી વૃંદાવન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લી.ના નામે ચાલે છે. |

---------

**થાનગઢ ખાતે દલિતો પરનાં ફાયરીંગના, તપાસ પંચના અહેવાલ બાબત**

* ૧૪૪૫૮ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગરના થાનગઢ ખાતે પોલીસ દ્વારા દલિતો પર થયેલા ફાયરીંગની તપાસ કરવા માટે તપાસ પંચે ગૃહ વિભાગને તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અહેવાલ ક્યારે સુપ્રત કર્યો, | (૧) તા.૦૧–૦૫–૨૦૧૩ ના રોજ ગૃહ વિભાગને મળેલ છે. |
| (૨) અહેવાલ સુપ્રત કર્યા બાદ સરકારે છેલ્લા બે વર્ષમાં શું પગલાં લીધા કે શી કાર્યવાહી કરી, અને | (૨) અને (૩) મળેલ તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ છે. |
| (૩) જો કોઇ પગલાં લીધા ના લીધા હોય કે કાર્યવાહી ના કરવામાં આવી હોય તો તેના કારણો શા છે ? | |

**રાજકોટ જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર**

* ૧૬૪૨૩ **શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલા રાયપનીંગ ચેમ્બર છે, અને | (૧) ૧(એક). |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) શૂન્ય. |

---------

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**સુરત જિલ્લામાં ફળઝાડ વાવેતરના લાભાર્થી**

* ૧૬૪૩૯ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સરકાર દ્વારા સુરત જિલ્લામાં ફળઝાડ વાવેતરમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

૬૫ લાભાર્થી રૂ.૬,૩૨,૭૭૭/–.

---------

**મેઘરજ તાલુકામાં પશુઓને સારવાર કેમ્પ**

* ૧૬૪૫૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સાબરકાંઠા જિલ્લાના મેઘરજ તાલુકામાં યોજવામાં આવેલ પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવેલ ?

**જવાબ**

૨૦૯.

---------

**ભાવનગર જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૫ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ભાવનગર જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૨૯૪.૮૭ લાખનાં ખર્ચે કુલ ૧૩૫૭ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | વલ્લભીપુર | ૧૦૭ |
| ૨ | ગારીયાધાર | ૪૯ |
| ૩ | મહુવા | ૫૫૦ |
| ૪ | પાલીતાણા | ૧૨૭ |
| ૫ | શિહોર | ૨૬૫ |
| ૬ | તળાજા | ૨૫૯ |
| | **કુલ** | **૧૩૫૭** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઇ ગયેલ હોઇ, હવે કોઇ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ**

* ૧૬૪૧૮ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૪૬૦ ખેડૂતો.

(૨) રૂ.૧૮.૪૮ લાખ.

---------

**વિસાવદર અને ભેંસાણ તાલુકામાં ''ગતિશીલ ગુજરાત અંતર્ગત લોકસંવાદ સેતુ'' લોકદરબારમાં રજૂ પ્રશ્નો**

* ૧૫૨૬૨ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિસાવદરમાં તા.૧૯–૧૦–૨૦૧૪ અને ભેંસાણ તાલુકામાં તા.૧૬–૧૦–૨૦૧૪ અંતર્ગત યોજવામાં આવેલ

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકો | રજૂ થયેલ પ્રશ્નો | નિકાલ |
|---|---|---|
| વિસાવદર | ૨૨૪ | ૧૫૫ |

ગતિશીલ ગુજરાત અંતર્ગત લોકસંવાદ સેતુ લોકદરબારમાં કેટલા પ્રશ્નો રજૂ થયા, અને

(૨) રજૂ થયેલ પ્રશ્નો અન્વયે કેટલાનો નિકાલ કરવામાં આવ્યો ?

| | | |
|---|---|---|
| ભેંસાણ | ૨૦૭ | ૧૮૩ |

---------

**ખેડા જિલ્લામાં સારવાર કેમ્પ**

* ૧૬૪૬૦ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ખેડા જિલ્લામાં કેટલા પશુ વ્યંધત્વ નિદાન અને સારવાર કેમ્પનુ આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૨૧૧૨. |

---------

**અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન**

* ૧૪૫૦૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર શૈક્ષણિક હેતુ માટે કોને કયારે કેટલી જમીન શા ભાવે ફાળવી? | ‘‘શૂન્ય’’ |

---------

**ઉત્તર ગુજરાતમાં નર્મદા મુખ્ય કેનાલ આધારિત પાઈપલાઈનથી તળાવો જોડવા બાબત**

* ૧૬૪૭૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉત્તર ગુજરાતમાં નર્મદા મુખ્ય કેનાલ આધારિત પાઈપલાઈનથી કેટલા તળાવો જોડવામાં આવેલ છે, | (૧) ૨૬૬ |
| (૨) તે પૈકી કેટલા તળાવો વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન તા.૩૧–૧–૧૫ સુધીમાં ભરવામાં આવેલ છે, અને | (૨) ૨૬૦ |
| (૩) તેનાથી કેટલા વિસ્તારને ફાયદો થવા પામેલ છે? | (૩) ૩૫૮૬ હેકટર. |

---------

**અમરેલી જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૬૫૫૩ **શ્રી વલ્લભભાઈ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૭,૧૫,૯૯૮/-. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૧૨,૧૨,૩૯૪/–. |

---------

**દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ખાનગી એજન્સી હસ્તક બંદરો**

* ૧૪૪૯૧ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કયા બંદરો ખાનગી એજન્સીઓ હસ્તક છે? | કોઈ બંદર ખાનગી એજન્સીઓ હસ્તક નથી. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી**

* ૧૬૪૩૨ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |

અને

| | |
|---|---|
| (૨) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) ૫૨૦ લાભાર્થી<br>રૂ.. ૭૦,૧૩,૩૬૧/– |

---------

**સ્ટેચ્યુ ઓફ યુનીટીના બાંધકામનો ઈજારો**

* ૧૬૪૪૮ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનીટીના બાંધકામ માટેનો ઈજારો ક્યારે આપવામાં આવેલ છે, | (૧) સ્ટેચ્યુ ઓફ યુનીટીના બાંધકામ માટેનો ઈજારો તા. ૨૭–૧૦–૨૦૧૪ના રોજ આપવામાં આવેલ છે. |
| (૨) આ પ્રોજેક્ટ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) આ પ્રોજેક્ટ ૪૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ સરદારશ્રીના સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનિટીની કામગીરી કયા તબક્કે છે? | (૩)<br>• ઈજારાદારશ્રી દ્વારા પ્રથમ તબક્કામાં કરવાની થતી કામગીરી જેવી કે સાઈટ મોબીલાઈઝેશન, લેબર કેમ્પ, કન્સ્ટ્રકશન મટીરીયલ સ્ટોક યાર્ડ, સ્ટેચ્યુની સાઈટનું ટોટલ સ્ટેશનથી સર્વેક્ષણ, ભૂસ્તરીય પરિક્ષણો, મોક અપ સ્ટેચ્યુ, ડીઝાઈન તથા ડીટેઈલ એન્જીનીયરીંગની કામગીરી પ્રગતિમાં છે.<br>• આ અંગે ઈજારાદારશ્રીએ સકીમેટીક ડિઝાઈનના કુલઃ ૯૩ ડ્રોઈંગ સાદર કરેલ છે, જે ચકાસણી હેઠળ છે. |

---------

**કેવડીયા ખાતે સરદાર પટેલ સ્ટેચ્યુ બનાવવા સંપાદિત જમીન**

* ૧૭૫૨૯ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેવડીયા ખાતે સરદાર પટેલ સ્ટેચ્યુ બનાવવા માટે કુલ કેટલી જમીન સંપાદન કરવામાં આવી, | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેવડીયા ખાતે સરદાર પટેલનું સ્ટેચ્યુ બનાવવા માટે કોઈ જ જમીન સંપાદન કરવામાં આવી નથી. |
| (૨) સંપાદિત થયેલ જમીનમાંથી આદિજાતિના કેટલા ખેડૂતોની કેટલી કેટલી જમીન સંપાદિત કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ખેડૂતોને વળતર પેટે કેટલી રકમની ચૂકવણી ઉક્ત સમય સુધીમાં કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજ્યના પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત**

* ૧૫૩૦૩ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી કેમેરા લગાડવાનું આયોજન કર્યુ છે તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દરેક પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા કેટલાં સમયમાં લગાડવામાં આવશે? | (૨) કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**નર્મદા યોજના અન્વયે સાથી રાજ્યો પાસેથી લેણી રકમ**

* ૧૬૧૯૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા યોજના અન્વયે કયા સાથી રાજ્યો પાસેથી કેટલી રકમ લેવાની થાય છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાગીદાર રાજ્યો પાસેથી નીચે મુજબની રકમ લેવાની થાય છે.<br>(રકમ રૂ. કરોડમાં) |

| રાજ્ય | તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ |
|---|---|
| મધ્યપ્રદેશ | ૩૫૪૭.૯૦ |
| મહારાષ્ટ્ર | ૧૩૭૨.૫૭ |
| રાજસ્થાન | ૫૦૫.૭૭ |
| **કુલ રકમ** | **૫૪૨૬.૨૪** |

ઉક્ત રકમમાં વિવાદિત તેમજ બિનવિવાદિત રકમનો સમાવેશ થાય છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વસૂલ કરવામાં આવી અને કેટલી વસૂલ કરવાની બાકી છે?

(૨) ભાગીદાર રાજ્યો દ્ધારા ગુજરાત સરકારને છેલ્લા બે વર્ષમાં ચૂકવાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

(રૂ.કરોડમાં)

| રાજ્ય | મળેલ રકમ | | કુલ રકમ |
|---|---|---|---|
| | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (જાન્યુ-૧૫ સુધી) | |
| મધ્યપ્રદેશ | ૫૪.૬૬ | ૧.૫૦ | ૫૬.૧૬ |
| મહારાષ્ટ્ર | ૪૫.૨૪ | ૨૨૭.૮૫ | ૨૭૩.૦૯ |
| રાજસ્થાન | ૧૧.૦૬ | ૪૨.૯૮ | ૫૪.૦૪ |
| **કુલ રકમ** | **૧૧૦.૯૬** | **૨૭૨.૩૩** | **૩૮૩.૨૯** |

ભાગીદાર રાજ્યો દ્ધારા કરવામાં આવતી ચૂકવણી વર્ષવારના ખર્ચ સામે કરવામાં આવતી નથી. આમ છતાં, તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી લેણી થયેલ રકમ રૂ. ૬૪૩.૭૨ કરોડ સામે તે સમયગાળા દરમ્યાન મળેલ રકમ રૂ. ૩૮૩.૨૯ કરોડ ધ્યાને લઈએ તો તે અન્વયે રૂ. ૨૬૦.૪૩ કરોડ લેવાના નીકળે છે.

---------

**પાટણ જિલ્લામાં વારસાઇ હક્કની અરજી**

* ૧૬૫૨૨ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૧)

| તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઇ હક્ક માટેની મળેલ અરજીઓ |
|---|---|
| પાટણ | ૨૪૩૩ |
| સિધ્ધપુર | ૧૫૬૨ |
| ચાણસ્મા | ૧૮૯૪ |
| હારીજ | ૧૨૮૯ |
| સમી | ૧૩૯૮ |
| રાધનપુર | ૯૭૭ |
| સાંતલપુર | ૯૩૮ |
| સરસ્વતી | ૧૬૭૫ |
| શંખેશ્વર | ૮૬૬ |
| **કુલ** | **૧૩૦૩૨** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| પાટણ | ૨૪૩૩ | ૧૯૯૮ | ૧૪૭ |
| સિધ્ધપુર | ૧૫૬૨ | ૧૪૫૯ | ૫૩ |

| | | | |
|---|---|---|---|
| ચાણસ્મા | ૧૮૯૪ | ૧૭૮૦ | ૨૬ |
| હારીજ | ૧૨૮૯ | ૧૧૬૯ | ૪૭ |
| સમી | ૧૩૯૮ | ૧૨૬૯ | ૪૬ |
| રાધનપુર | ૯૭૭ | ૮૭૯ | ૨૪ |
| સાંતલપુર | ૯૩૮ | ૭૩૦ | ૨૫ |
| સરસ્વતી | ૧૬૭૫ | ૧૩૭૮ | ૫૭ |
| શંખેશ્વર | ૮૬૬ | ૮૦૧ | ૧૭ |
| **કુલ** | **૧૩૦૩૨** | **૧૧૪૬૩** | **૪૪૨** |

(૩) નામંજૂર કરવાના કારણો શાં છે ?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

**પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓ માટે મંજૂર પાણી પુરવઠા યોજના**

* ૧૬૫૦૧ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને

(૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણી પુરવઠાની કોઇ પણ યોજના મંજૂર કરાયેલ નથી. પરંતુ, અગાઉ આ યોજના હેઠળ તેમજ અન્ય યોજના હેઠળ પંચમહાલ જિલ્લાની તમામ નગરપાલિકાઓની (ગોધરા શહેર ભાગ–૨ યોજના સિવાય) પાણી પુરવઠાની યોજનાના કામો મંજૂર થયેલ છે.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી રહેતી ગોધરા શહેરની ભાગ–૨ ની યોજના આયોજન હેઠળ છે.

---------

**જૂનાગઢ અને ખેડા જિલ્લામાં જેટકોને ફાળવેલ જમીન**

* ૧૬૫૨૫ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને ખેડા જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કુલ કેટલી સરકારી પડતર જમીન ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કુલ ૪૯,૦૨૮ ચો.મી.

---------

**નર્મદા જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ**

* ૧૬૪૨૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૭૩૯ ખેડૂતો.

(૨) રૂ.૨૩.૭૪ લાખ.

**બનાસકાંઠા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી**

* ૧૬૪૨૯ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ટીસ્યુકલ્ચર લેબોરેટરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧(એક).

| | |
|---|---|
| બનાસકાંઠા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબોરેટરી છે, અને | |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) શૂન્ય. |

---------

**સુરત જિલ્લામાં ફૂલપાક વાવેતર સહાય**

* ૧૬૪૭૧ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ફૂલપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) રાજ્ય સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૪ (ચાર) ખેડૂતો. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૬૪૫૪ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૯૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧૮,૭૦૫. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૪,૩૦,૩૪૯. |

---------

**રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૫૩૧ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૨૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૬૨. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.. ૧૬૧.૦૦ લાખ. |

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૧માં એમ.ઓ.યુ.**

* ૧૪૪૬૪ **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) . ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સન ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ સમીટમાં કુલ કેટલી રકમના કેટલા એમ.ઓ.યુ. થયા હતા, | (૧) કુલ રૂ.. ૨૦૮૩૧૮૨.૭૨ કરોડના સુચિત મુડીરોકાણ માટે ૮૩૮૦ એમ.ઓ.યુ. કરવામાં આવેલ. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી રકમના ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને | (૨) મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેકટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. ૩૬૭૮ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે ૭૮૫ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે તથા ૮૫૯ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કામાં છે. |
| (૩) થયેલ એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો ખસી ગયા? | (૩) કુલ ૩૦૫૮. |

---------

**દાહોદ જિલ્લામાં મંજૂર તળાવો**

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૫૫૩૪ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર મોટા, મધ્યમ અને નાના કેટલા તળાવો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા તળાવોનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલા તળાવોનું કામ બાકી છે, અને

(૩) બાકી રહેલ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં કુલ ૧૫ નાના તળાવો (બે હેકટર સુધીના) મંજૂર કરવામાં આવ્યા, જેની વિગતો નીચે મુજબ છે.

| તાલુકો | નાના તળાવો |
|---|---|
| ફતેપુરા | ૪ |
| ઝાલોદ | ૬ |
| ધાનપુર | ૫ |
| **કુલ** | **૧૫** |

(૨) અને (૩)
આ તમામ કામો હાથ ધરવાના વિવિધ તબક્કે પ્રક્રિયા હેઠળ છે અને વહેલાસર આ કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવ વર્ગ–૧ની મંજૂર જગ્યાઓ**

* ૧૫૫૫૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મુલ્કી સચિવાલયમાં ઉપ સચિવ વર્ગ–૧ની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે.

(૨) સંવર્ગની ભરાયેલ જગ્યાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની નિયત ટકાવારી મુજબ પ્રતિનિધિત્વ જળવાતું નથી તે હકીકત સાચી છે,

(૩) જો હા, તો કુલ કેટલી જગ્યાઓની વધઘટ છે, અને

(૪) આ વધઘટ સરકાર સરભર કરવા માટે કેટલા સમયમાં વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૮૬.

(૨) હા.

(૩) અનુ. જાતિ–૪ની ઘટ
અનુ. જનજાતિ–૩ની ઘટ

(૪) ભરતી નિયમો મુજબ બઢતી માટે નિયત અનુભવ ધરાવતા અધિકારીઓ ઉપલબ્ધ થયેથી.

---------

**પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજી**

* ૧૬૫૧૭ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|
| મોરવા (હ) | ૧૧૧૩ |
| **તાલુકાનું નામ** | **આવેલ અરજીઓ** |
| શહેરા | ૧૫૪૩ |
| ગોધરા | ૩૪૫૭ |
| કાલોલ | ૨૦૨૫ |
| હાલોલ | ૨૧૯૦ |
| જાંબુઘોડા | ૪૭૯ |
| ઘોઘંબા | ૧૬૫૪ |
| **કુલ :-** | **૧૨૪૬૧** |

(૨)

| તાલુકાનું નામ | પાડેલ નોંધો | મંજૂર | નામંજૂર |
|---|---|---|---|
| મોરવા (હ) | ૧૧૧૩ | ૧૦૭૪ | ૦૪ |
| શહેરા | ૧૫૪૩ | ૧૪૭૪ | ૧૧ |
| ગોધરા | ૩૪૫૭ | ૩૦૦૫ | ૨૧૭ |
| કાલોલ | ૨૦૨૫ | ૧૭૪૯ | ૧૪૫ |

| | | | |
|---|---|---|---|
| હાલોલ | ૨૧૯૦ | ૨૦૦૬ | ૧૮૪ |
| જાંબુઘોડા | ૪૭૯ | ૩૯૮ | ૫૧ |
| ઘોઘંબા | ૧૬૫૪ | ૧૪૬૨ | ૫૮ |
| **કુલ :-** | **૧૨૪૬૧** | ૧૧૧૬૮ | ૬૭૦ |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નિયમાનુસાર ન હોવાથી

---------

**ધરમપુર નગરપાલિકાને મોડલ નગરપાલિકા ઘટક હેઠળ ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૪૫૦૪ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર નાગરપાલિકાને સ્વર્ણીમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મોડલ નગરપાલિકા ઘટક હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) મોડલ નગરપાલિકા ઘટક હેઠળ ફાળવેલ ગ્રાન્ટની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

(રૂ. લાખમાં)

| **તા. ૧-૪-૧૩ થી ૩૧-૩-૧૪** | | **તા. ૧-૪-૧૪ થી ૩૧-૧૨-૧૪** | |
|---|---|---|---|
| **સદર** | **ફાળવેલ રકમ** | **સદર** | **ફાળવેલ રકમ** |
| યુડીપી-૫૬ મોડેલ નગરપાલિકા | ૫૦.૦૦ | - | - |
| **કુલ** | **૫૦.૦૦** | - | - |

(૨) રૂ. ૧૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**અમરેલી તાલુકાની ઠેબી સિંચાઈ યોજના પૂર્ણ કક્ષાએ ભરવા બાબત**

* ૧૫૯૯૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી તાલુકાની ઠેબી સિંચાઈ યોજનામાં પૂર્ણ કક્ષાએ પાણી ભરવાનો નિર્ણય ક્યારે કરવામાં આવેલ છે,

(૨) શું એ વાત સાચી છે કે ઉપરોક્ત ડેમમાં પાણી ભરવામાં આવતા ડેમના બાંધકામને નુકશાન થયેલ કે તુટી ગયેલ હતો,

(૩) જો હા, તો તુટી ગયા કે નુકશાન થયાના મુખ્ય કારણો શા હતા તથા તેના સમારકામ અંગે શા પગલાં ભરવામાં આવ્યા, અને

(૪) આ ડેમમાં ક્યાં સુધીમાં પૂર્ણ ક્ષમતાએ પાણી ભરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) એપ્રિલ-૨૦૧૧ માં.

(૨) હા, જી.

(૩) કામની નબળી ગુણવત્તા મુખ્ય કારણ હતુ તથા બંધના સમારકામ અંગે નિષ્ણાંતોનાં અભિપ્રાય મુજબ પૂન: સ્થાપનના કામો હાથ ધરવામાં આવેલ છે.

(૪) ચોમાસા-૨૦૧૫ માં પૂર્ણ ક્ષમતાએ પાણી ભરવાનું આયોજન છે.

---------

**ગારીયાધાર તાલુકામાં સિંચાઈ યોજના ન હોવા બાબત**

* ૧૫૪૮૫ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ગારીયાધાર તાલુકામાં ખેતીની જમીનમાં સિંચાઈ માટેની એકપણ યોજના નથી તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત તાલુકાને સિંચાઈનું પાણી મળી રહે તે માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો કયા પ્રકારનું આયોજન કરેલ છે અને તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) ના જી. એક નાની સિંચાઈ યોજના આવેલ છે.

(૨) અને (૩) ૮ ચેકડેમો બાંધવાનું, ૫ તળાવો ઉંડા કરવાનું અને ૧૫ ચેકડેમોમાંથી કાંપ કાઢવાનું આયોજન છે.

---------

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઈ યોજનાની ડીસ્ટ્રીબ્યુટરીના રીપેરીંગ પાછળ ખર્ચ**

* ૧૫૪૬૫ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઇ યોજના અંતર્ગત ખુમારવાડ, વરસોલા, વિરોલ અને નેનપુર ડીસ્ટ્રીબ્યુટરીના રીપેરીંગ પાછળ છેલ્લાં બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૧) રૂ. ૧૮૫.૮૨ લાખ. |
| (૨) ઉપરોકત નહેરોમાં ટેઈલ સુધી પાણી પહોંચતું નથી તે હકીકત સરકાર જાણે છે, અને | (૨) ઉપરોક્ત ડીસ્ટ્રીબ્યુટરી નહેરોમાં ટેઈલ સુધી પાણી પહોંચે છે. |
| (૩) જો હા, તો ટેઈલ સુધી પાણી ન પહોંચતુ હોવાથી સરકાર ખેડૂતોને તેમની જમીન મૂળ સ્થિતિએ પરત કરવા માંગે છે અને જો હા તો કેટલા સમયમાં? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેસ**

* ૧૬૫૧૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જમીન મહેસુલ નિયમોના નિયમ–૧૦૮(૬) હેઠળના કેટલા કેસો બાકી છે, તે પૈકી એક વર્ષ સુધીના કેટલા અને છ માસ સુધીના કેટલા છે, અને | (૧) બાકી કેસો : ૭૭.<br>એક વર્ષ સુધીના : શૂન્ય.<br>છ માસ સુધીના : ૭૧. |
| (૨) બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૨) અર્ધન્યાયીક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ. |

---------

**નર્મદા મુખ્ય નહેર આધારિત કરણનગર–ધાંધુસણ પાઈપ લાઈનની કામગીરી**

* ૧૬૪૫૦ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નર્મદા મુખ્ય નહેર આધારિત કરણનગર–ધાંધુસણ પાઇપ લાઇનની કામગીરી કયા તબક્કે છે, | (૧) પાઇપ લાઇન નાખવાની કામગીરી મહદ અંશે પૂર્ણ થયેલ છે. પંપિંગ સ્ટેશનનું બાંધકામ અને રોડ તથા રેલ્વે ક્રોસિંગની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) તા. ૩૦–૯–૨૦૧૫ સુધીમાં. |
| (૩) આ પાઈપ લાઇન સાથે ક્યા જિલ્લાના કેટલા તાલુકાના તળાવો જોડવામાં આવનાર છે? | (૩) |

| જિલ્લો | તાલુકો | તળાવોની સંખ્યા |
|---|---|---|
| મહેસાણા | કડી | ૨૧ |
| | મહેસાણા | ૦૮ |

---------

**અમરેલી જિલ્લામાં વારસાઈ હક્કની અરજી**

* ૧૬૫૧૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, | (૧) |

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| અમરેલી | ૧૧૮૦ |
| લાઠી | ૬૬૮ |
| લીલીયા | ૫૩૧ |
| બાબરા | ૬૩૦ |
| વડીયા | ૫૭૭ |
| બગસરા | ૪૦૮ |

| | |
|---|---|
| સાવરકુંડલા | ૧૨૮૦ |
| ધારી | ૯૧૬ |
| ખાંભા | ૫૦૧ |
| રાજુલા | ૭૪૦ |
| જાફરાબાદ | ૪૮૧ |
| **કુલ** | **૭૯૧૨** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી, અને

(૨)

| તાલુકાનું નામ | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરવામાં આવેલ નોંધો | નામંજૂર કરવામાં આવેલ નોંધો |
|---|---|---|---|
| અમરેલી | ૧૧૮૦ | ૯૮૫ | ૭૦ |
| લાઠી | ૬૬૮ | ૬૫૨ | ૧૬ |
| લીલીયા | ૫૩૧ | ૪૮૧ | ૧૪ |
| બાબરા | ૬૩૦ | ૫૭૪ | ૧૮ |
| વડીયા | ૫૭૭ | ૫૫૪ | ૩ |
| બગસરા | ૪૦૮ | ૩૭૩ | ૯ |
| સાવરકુંડલા | ૧૨૮૦ | ૧૧૪૭ | ૧૩૩ |
| ધારી | ૯૧૬ | ૮૫૭ | ૨૦ |
| ખાંભા | ૫૦૧ | ૪૬૦ | ૨૯ |
| રાજુલા | ૭૪૦ | ૬૭૩ | ૧૮ |
| જાફરાબાદ | ૪૮૧ | ૪૦૩ | ૧૬ |
| **કુલ** | **૭૯૧૨** | **૭૧૫૯** | **૩૪૬** |

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

(૩) નિયમોનુસાર ન હોવાથી.

---------

**દ્વારકા જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧માં એમ.ઓ.યુ.**

* ૧૫૩૧૬ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ દ્વારકા જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧માં કુલ સમિટવાર કેટલી રકમનાં કયા ઉદ્યોગો માટે એમ.ઓ.યુ. કર્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સમિટવાર કેટલા ઉદ્યોગો મૂડી રોકાણ સાથે કાર્યાન્વિત થયા?

**જવાબ**

(૧) અને (૨) સને ૨૦૦૯ અને ૨૦૧૧ વાયબ્રન્ટ ગુજરાત સમીટ વખતે દ્વારકા જિલ્લાની રચના કરવામાં આવેલ ન હતી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં ફળનર્સરીના લાભાર્થી**

* ૧૬૪૨૭ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ફળનર્સરીની સ્થાપના માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

શૂન્ય.

---------

**સાબરકાંઠા જિલ્લામાં તળાવો ઉંડા કરવા મંજૂરી બાબત**

* ૧૫૯૫૦ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પાંચ હેકટરથી વધુ અને પાંચ હેકટરથી ઓછા ક્ષેત્રફળ ધરાવતા કેટલા તળાવો છેલ્લા એક વર્ષમાં ઉંડા કરવા વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) વહીવટી મંજૂરી આપવામાં આવેલ હોય તેવા તળાવોને ઉંડા કરવાની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાંચ હેકટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા ૬ તળાવ.
પાંચ હેકટરથી ઓછા ક્ષેત્રફળ ધરાવતા ૧૬ તળાવ.

(૨) એપ્રિલ ૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫માં સેમિનાર**

* ૧૫૩૯૧ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં કેટલા સેમિનાર યોજ્યા હતા, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટમેન્ટ સમીટ–૨૦૧૫ માં ૧૪ જેટલા કન્ટ્રી સેમિનાર, ૧૦ થીમ આધારિત સેમિનાર તેમજ ગ્લોબલ એસ.એમ.ઈ. લઘુ અને મધ્યમ એકમો માટે વૈશ્વિક કક્ષાનું કન્વેન્શન યોજવામાં આવ્યું હતું. |
| (૨) કયા કયા દેશોએ સેમિનાર યોજ્યા હતા ? | (૨) આ સમિટ દરમિયાન ૧૪ દેશો જેવા કે, જાપાન, સિંગાપોર, નેધરલેન્ડ, યુ.કે., યુ.એસ.એ., ઓસ્ટ્રેલિયા. ડેન્માર્ક, કેનેડા, સ્વીડન, પોલેન્ડ, અસ્ત્રાખાન પોવિન્સ (રશિયા), બહારીન, ઈઝરાઈલ અને અફઘાનિસ્તાન દ્વારા કન્ટ્રી સેમિનાર યોજવામાં આવ્યા હતા. |

---------

**વડોદરા જિલ્લા/શહેરમાં ખેતી જમીનમાં શરતભંગ**

* ૧૫૫૭૭ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લા તેમજ વડોદરા શહેરમાં ખેતી જમીનમાં શરતભંગના કેટલા કેસ થયા, અને કેટલા ખાતેદારોની કેટલી જમીનમાં સરકાર દાખલ થઈ, | (૧) ૨૨ કેસ થયા તથા ૧૧૯ ખાતેદારોની હે. ૪૪–૯૩–૮૦ ચો.મી. જમીનમાં સરકાર દાખલ થયેલ છે. |
| (૨) આ શરતભંગની જમીનો ઉપર પ્રત્યક્ષ કબજો કોનો છે, | (૨) ૧૩ કેસોની જમીનો પર સરકારશ્રીનો ૯ કેસમાં બાંધકામ કરનારનો કબજો છે. |
| (૩) આ જમીનો પૈકી સરકારને કબજો ન મળ્યો હોય તેવા કેટલા કેસ છે, અને | (૩) ૯ કેસો |
| (૪) કબજો સરકારને ન મળવાના કારણો શાં છે ? | (૪) હુકમ થયાથી અપીલની સમય મર્યાદા પૂર્ણ થયેલ ન હોવાથી. |

---------

**દાહોદ નગરપાલિકાઓમાં મંજૂર ભૂગર્ભ ગટર યોજનાઓ**

* ૧૫૬૧૮ **શ્રી વજેસિંગભાઈ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત જિલ્લાની નગરપાલિકાઓની છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરી, અને | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં (૧) દાહોદ અને (૨) ઝાલોદ એમ બે નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ રૂ.. ૧૦૭.૨૧ કરોડના ખર્ચે મંજૂર કરી. |
| (૨) તે અન્વયે કેટલી યોજનાઓ પૂર્ણ થઈ અને કેટલી યોજનાના કામો પ્રગતિમાં છે ? | (૨) બંન્ને યોજનાના કામો પ્રગતિમાં છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૧૬૪૯૦ **શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) ૫ (પાંચ). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ રૂ.. ૧૧૭૭.૪૭ લાખ. |

---------

### જામનગર જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ

* ૧૬૪૮૩ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) જામનગર જિલ્લામાં એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

---------

### કચ્છ જિલ્લામાં કૃષિ કીટસનું વિતરણ

* ૧૬૫૪૩ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મુલ્યે કૃષિ કીટસનું વિતરણ કરવામાં આવ્યુ, અને

(૧)

| વર્ષ–૨૦૧૩ | |
|---|---|
| **ખેડૂતોની સંખ્યા** | **કીટ્સની સંખ્યા** |
| ૬૧૨૪ | ૬૧૨૪ કૃષિ કીટ્સ |
| ૪૪૩૦ | ૪૪૩૦ પશુપાલન કીટ્સ |

| વર્ષ–૨૦૧૪ | |
|---|---|
| **ખેડૂતોની સંખ્યા** | **કીટ્સની સંખ્યા** |
| ૬૧૨૧ | ૬૧૨૧ કૃષિ કીટ્સ |
| ૫૩૨૩ | ૫૩૨૩ બાગાયતી કીટ્સ |
| ૮૫૨૮ | ૮૫૨૮ પશુપાલન કીટ્સ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | રૂ.. ૧,૬૬,૪૯,૧૪૬ |
| ૨૦૧૪ | રૂ.. ૧,૩૪,૫૯,૧૭૭ |

---------

### સુજલામ –સુફલામ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના તળાવો ભરવા બાબત

* ૧૪૫૬૧ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સુજલામ–સુફલામ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તળાવો ભરવામાં આવતાં નથી તે હકીકત સાચી છે, અને

(૧) ના, જી. નીચે મુજબના તળાવો ભરવામાં આવે છે.

| ક્રમ | તાલુકો | ભરવામાં આવતા તળાવો | | કુલ તળાવની સંખ્યા |
|---|---|---|---|---|
| | | ઉદવહન પાઇપ લાઇન દ્વારા | નહેર દ્વારા | |
| ૧ | કાંકરેજ | ૧૨ | ૦૧ | ૧૩ |
| ૨ | ડીસા | ૧૪ | – | ૧૪ |
| **કુલ તળાવો** | | | | **૨૭** |

(૨) જો હા, તો તેના કારણો શાં છે અને આ તળાવો ભરવા સરકારે શાં પગલાં લીધાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### મહિસાગર જિલ્લાની સુજલામ –સુફલામ નહેરમાંથી ઉદવહન સિંચાઈ માટે માંગણી બાબત

* ૧૪૪૬૧ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહિસાગર | (૧) હા, જી. |

જિલ્લાના કડાણા ડેમમાંથી નીકળતી સુજલામ-સુફલામ નહેરમાંથી નહેરના પાણીથી ઉદવહન સિંચાઈ યોજના માટેની છેલ્લા બે વર્ષમાં કોઈ માંગણી આવેલ છે,

(૨) જો હા, તો કેટલી માંગણીઓ મળી અને કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ત્રણ માંગણીઓ મળેલ છે. હાલની સ્થિતિએ કોઈ માંગણી મંજૂર કરવામાં આવી નથી.

(૩) કેટલી માંગણીઓ પડતર છે, પડતર માંગણીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ? | (૩) ત્રણ માંગણીઓ પડતર છે, તાત્રિક/આર્થિક પાસાઓ ચકાસી શક્ય એટલો વહેલો નિર્ણય કરવામાં આવશે.

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૩માં ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ**

* ૧૫૩૮૭ **શ્રી જીતેન્દ્રભાઈ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૩ માં કુલ કેટલા ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેનસન્સ થયા, અને | (૧) ૧૭૭૧૯. |
| (૨) તે પૈકી એમ.એસ.એમ.ઈ. સેકટરમાં કેટલા થયા ? | (૨) ૧૨૮૮૬. |

---------

**ભરૂચ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૬૪૫૩ **શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન ભરૂચ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૨૦. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨૫,૦૫૨. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૫૫,૦૫૨. |

---------

**રાજ્યની એફ.એસ.એલ. દ્વારા તાલીમ**

* ૧૬૪૮૨ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા ન્યાયાધીશો/ સરકારી વકિલો માટે કોઈ પ્રકારના તાલીમ કોર્ષ યોજવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા ન્યાયાધીશો/ સરકારી વકિલોને તાલીમ આપવામાં આવી? | (૨) કુલ-૪૨૧. |

---------

**રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૬૪૮૮ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ૩૨ (બત્રીસ). |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે? | (૨) કુલ રૂ.. ૨૫૯.૧૯ લાખ. |

---------

**પાલીતાણા એ.પી.એમ.સી. ચૂંટણીની મુદત**

* ૧૪૪૯૭ **શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ પાલીતાણા એ.પી.એમ.સી.ની ચુંટણીની મુદત ક્યારે પૂર્ણ થાય છે, | (૧) તા. ૧૨-૪-૨૦૧૪ના રોજ પૂર્ણ થાય છે. |
| (૨) તે અન્વયે સમય મર્યાદામાં ઉક્ત ચૂંટણી પ્રક્રિયા | (૨) મહેસુલ વિભાગના તા.૯-૯-૨૦૧૩ના |

હાથ ધરવા સરકારે શાં પગલાં લીધા, અને

જાહેરનામાંથી (૧) પાલીતાણા તાલુકામાંથી ૧૨ ગામો (૨) ગારીયાધર તાલુકાના ૨ ગામો, (૩) સાવરકુંડલા તાલુકાના ૧૧ ગામો, અને (૪) મહુવા તાલુકાના ૧૮ ગામોને અલગ કરી, નવીન જેસર તાલુકાની રચના કરવામાં આવતાં, જેસર તાલુકાની નવી બજાર સમિતિની રચના કરવાની હોવાથી બજાર સમિતિની રચના કરવાની હોવાથી બજાર સમિતિ પાલીતાણા, ગારીયાધર, સાવરકુંડલા અને મહુવા બજાર સમિતિઓના વિસ્તારમાંથી અલગ પડેલ ગામો રદ કરી, પ્રથમ નવીન જેસર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની રચના કરી, જુદી જુદી બજાર સમિતિઓમાંથી છુટા પડેલ ગામોનો જેસર બજાર સમિતિમાં સમાવેશ કરવાની પ્રક્રિયા હાથ ધરવાની રહેતી હોવાથી પાલીતાણા બજાર સમિતિની ચૂંટણીની પ્રક્રિયા હાથ ધરાઈ નથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચૂંટણીની મુદત લંબાવવા સરકારને કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ?

(૩) નિયામકશ્રી, ખેત બજાર અને ગ્રામ્ય અર્થતંત્રને પાલીતાણા ખેત ઉત્પન્ન બજાર સમિતિની મુદત વધારવા માટેની દરખાસ્ત મળેલ છે.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ કોમ્યુનિટી હોલ

* ૧૬૪૮૬ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનિટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સુરેન્દ્રનગર જિલ્લામાં એક કોમ્યુનિટી હોલ ઉપલબ્ધ છે.

---------

## તાપી જિલ્લામાં ફૂલપાકના લાભાર્થી

* ૧૬૪૬૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ ની ફૂલપાકની ખેતીમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) કેટલી રકમ ચૂકવાયેલ છે?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) શૂન્ય.

---------

## નવસારી જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના

* ૧૬૫૩૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શા પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૯૭૭ નમૂનાઓ.

(૨) તે પૈકી ૯૭૦ નમૂના પ્રમાણિત અને ૭ નમૂના બિનપ્રમાણિત થયા.

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલા લેવામા આવ્યા.

| અ.નં. | બિનપ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૨ | કોર્ટકેસ કરેલ છે |
| ૨ | ૫ | વહીવટી પગલાં |

તા.૧૧મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

---------

| **અ.નં.** | **કેડર** | **ખાલી જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૧૭ |
| ૨ | ડ્રેસર વર્ગ–૪ | ૦૧ |
| ૩ | પટાવાળા / એટેન્ડન્ટ /એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ | ૧૩ |

પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી

કેલેન્ડર મુજબ વહિવટી પ્રક્રિયા પુર્ણ થયેથી તેમજ ગુજરાત જાહેર સેવા આયોગ મારફત ઉમેદવારો ઉપલબ્ધ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

ડ્રેસર અને પટાવાળા /એટેન્ડટ / એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ની સેવાઓ જીલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી લેવામાં આવે છે.

(૩) ખાલી જગ્યાઓ પર વૈકલ્પિક વ્યવસ્થા શું ગોઠવવામાં આવી છે?

(૩) નજીકના પશુદવાખાના ઉપર ફરજ બજાવતા પશુચિકિત્સા અધિકારીને ખાલી પશુદવાખાનાનો ચાર્જ સુપ્રત કરી કામગીરી લેવામાં આવે છે.

---------

**ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં જેટકોને ફાળવેલ જમીન**

* ૧૬૫૨૪ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૩–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૬૬ કે.વી. સબ સ્ટેશન સ્થાપવા માટે જેટકોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો કૂલ કેટલી સરકારી પડતર જમીન ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે?

(૨) કુલ ૮૮,૫૦૦ ચો.મી.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો**

* ૧૫૪૬૬ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર ૦ થી ૧૫ વર્ષના કેટલા બાળકો ગૂમ થયા,

(૧)

**ખેડા જિલ્લો**

| **તાલુકાનું નામ** | **૨૦૧૩** | **૨૦૧૪** |
|---|---|---|
| નડીયાદ | ૦ | ૬ |
| વસો | ૩ | ૦ |
| માતર | ૩ | ૧ |
| ખેડા | ૨ | ૧ |
| મહેમદાવાદ | ૧ | ૦ |
| મહુધા | ૦ | ૧ |
| કઠલાલ | ૫ | ૧ |
| કપડવંજ | ૧ | ૩ |
| ડાકોર | ૦ | ૧ |

**આણંદ જિલ્લો**

| **તાલુકાનું નામ** | **૨૦૧૩** | **૨૦૧૪** |
|---|---|---|
| આણંદ | ૭ | ૧ |
| ઉમરેઠ | ૧ | ૧ |
| આંકલાવ | ૦ | ૦ |
| પેટલાદ | ૧ | ૧ |
| બોરસદ | ૧ | ૧ |
| તારાપુર | ૦ | ૧ |
| સોજીત્રા | ૦ | ૦ |
| ખંભાત | ૨ | ૧ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલાં બાળકો તથા બાળકીઓ મળી આવ્યાં,

(૨) **ખેડા જિલ્લો**

| **તાલુકાનું નામ** | **મળી આવેલ બાળકોની સંખ્યા** | |
|---|---|---|
| | **બાળક** | **બાળકી** |

| | | |
|---|---|---|
| નડીયાદ | ૪ | ૨ |
| વસો | ૧ | ૨ |
| માતર | ૨ | ૧ |
| ખેડા | ૨ | ૧ |
| મહેમદાવાદ | ૦ | ૦ |
| મહુધા | ૦ | ૦ |
| કઠલાલ | ૧ | ૪ |
| કપડવંજ | ૨ | ૧ |
| ડાકોર | ૦ | ૦ |

**આણંદ જિલ્લો**

| **તાલુકાનું નામ** | **મળી આવેલ બાળકોની સંખ્યા** | |
|---|---|---|
| | **બાળક** | **બાળકી** |
| આણંદ | ૪ | ૪ |
| ઉમરેઠ | ૧ | ૧ |
| આંકલાવ | ૦ | ૦ |
| પેટલાદ | ૨ | ૦ |
| બોરસદ | ૧ | ૦ |
| તારાપુર | ૧ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ |
| ખંભાત | ૨ | ૧ |

(૩) જો બાળકો ગૂમ થયા પછી ત્રણ માસમાં બાળક ન મળી આવે તેવા સંજોગોમાં મીસીંગ સેલને તપાસ સોંપવાની હોય છે તે હકીકત સાચી છે,

(૩) ના, જી.

(૪) જો હા તો ઉક્ત બાળકો ગૂમ થયાના ત્રણ માસ પછી કેટલા કિસ્સામાં મીસીંગ સેલને તપાસ તબદીલ કરવામાં આવી, અને

(૪) જો બાળક ગુમ થયાના ત્રણ માસ પછી તપાસ તબદીલ ન થઈ હોય તો તેના કારણો શા છે અને તપાસ તબદીલ ન કરનાર જવાબદાર અધિકારીઓ સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) અને (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મહેસાણા જિલ્લામાં ફળપાક વાવેતર સહાય**

* ૧૬૪૬૬ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે? | (૨) ૧૭ ખેડૂતો. |

---------

**અમરેલી જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૬૫૫૯ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન અમરેલી જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૮૧ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૦૬,૧૦૬ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૩) ૨,૦૯,૯૩૭ |

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેડૂતોનાં આપઘાત**

* ૧૬૧૩૨ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાક નિષ્ફળ જવાથી કે આર્થીક તંગીથી કંટાળીને ખેડુતોના આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પાક નિષ્ફળ જવાથી કે આર્થીક તંગીથી કંટાળીને ખેડૂતોના આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે તે હકીકત સાચી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જીલ્લામાં ખેડુતોના આપઘાતના કેટલા કિસ્સાઓ નોંધાયા, અને | (૨) ૧૮ |
| (૩) આ ખેડૂતોનાં આપઘાત પ્રમાણ ઘટાડવા સરકારે શું કાર્યવાહી કરી છે? | (૩) રાજ્યમાં ખેડુતોના આપઘાત પ્રમાણ ઘટાડવા સરકાર દ્વારા નીચે મુજબની યોજનાઓ અમલમાં મુકેલ છે.<br>(૧) ખેડુત વિકાસલક્ષી વિવિધ સહાય યોજનાઓ<br>(૨) રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના. |

---------

**છોટાઉદેપુર જિલ્લા નગરપાલિકાઓને ઘનકચરા નિકાલ / વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૮ **શ્રી જયંતિભાઈ સ. રાઠવા(જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘનકચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે.<br>(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કેટલા સાધનો ફાળવેલ છે. | (૧) અને (૨) ઘનકચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર એક જ નગરપાલિકાઓ હોય તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાને રૂ. ૧૦૪.૦૧ લાખનાં ખર્ચે કુલ ૩૩૦ સાધનો મંજૂર કરેલ છે. |
| (૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને | (૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી. |
| (૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે. | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નર્મદા જિલ્લામાં ફળપાક વાવેતર સહાય**

* ૧૬૪૬૫ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૧૩૯ ખેડૂતો. |

---------

**નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા અને પાલા ગામના ખેડૂતોને ''શ્રીમંત સરકાર'' નામ રદ કરી ખેડૂતોને સંપૂર્ણ અધિકાર આપવા બાબત**

* ૧૫૫૭૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના ખોડીયા, પોચંબા અને પાલા ગામોના ખેડૂતો જમીન આઝાદી પહેલાથી ખેડે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) ઉકત સ્થિતિએ આ જમીન ૭/૧૨ માં ''શ્રીમંત | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

સરકાર'' નામે ચાલે છે, જે નામ રદ કરીને ખેડૂતોને ખેડૂત તરીકેના સંપૂર્ણ અધિકાર આપવા સરકાર માંગે છે કે કેમ, અને ક્યારે ?

---------

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે દાહોદ શહેર નગર સેવા સદનને ગ્રાન્ટ**

* ૧૫૬૧૯ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ શહેર નગર સેવા સદનને સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ક્યા સદરે ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે ક્યા કામો પૂર્ણ થયા અને બાકી રહેતા કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતર માળખાકીય વિકાસના હેતુ માટે ફાળવેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

(રૂ.કરોડમાં)

| **તા.૧-૪-૧૩ થી ૩૧-૩-૧૪** | | **તા.૧-૪-૧૪ થી ૩૧-૧-૧૫** | |
|---|---|---|---|
| સદર | ફાળવેલ રકમ | સદર | ફાળવેલ રકમ |
| યુડીપી-૫૬ | ૧.૨૫ | યુડીપી-૫૬ યુડીપી-૭૮ માં મર્જ થયેલ છે. | ૬.૦૦ |
| યુડીપી-૭૮ | ૨.૦૦ | | |

(૨) ફાળવેલ ગ્રાન્ટ અન્વયે રસ્તાના બે કામો પૂર્ણ થયા. ચાર કામો (રસ્તાના-૨, બગીચાનું-૧ અને ઓડીટોરીયમનું-૧) પ્રગતિ હેઠળ છે. અને રસ્તાના બીજા ૭ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે, જે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં જંતુનાશક દવાના નમુના**

* ૧૬૫૩૭ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) ૪૧૫ નમૂનાઓ લેવામાં આવ્યાં.

(૨) ૪૦૭ પ્રમાણિત.
૦૮ બિનપ્રમાણિત.

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યાં.

| **અ.નં.** | **નમુનાની સંખ્યા** | **લીધેલ પગલાં** |
|---|---|---|
| ૧ | ૦૨ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૪ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**સ્ટેચ્યુ ઓફ યુનીટીના નિર્માણ માટે જમીનની ખરીદી**

* ૧૪૫૬૨ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા ડેમ આગળ સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનીટીના નિર્માણ માટે કેટલી જમીન શા ભાવે ખરીદી, અને

(૨) ઉકત સ્થિતિએ આ સ્ટેચ્યુ ઓફ યુનીટીની કામગીરી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા ડેમ આગળ સરદાર પટેલ સ્ટેચ્યુ ઓફ યુનીટીના નિર્માણ માટે કોઈ જ જમીન ખરીદવામાં આવેલ નથી.

(૨) ઈજારાદારશ્રી દ્વારા પ્રથમ તબક્કામાં કરવાની થતી કામગીરી જેવી કે સાઈટ મોબીલાઈઝેશન, લેબર કેમ્પ, કન્સ્ટ્રકશન મટીરીયલ સ્ટોક યાર્ડ, સ્ટેચ્યુની સાઈટનું ટોટલ

સ્ટેશનથી સર્વેક્ષણ, ભુસ્તરીય પરીક્ષણો, મોક અપ સ્ટેચ્યુ, ડીઝાઈન તથા ડીટેઈલ એન્જીનીયરીંગની કામગીરી પ્રગતિમાં છે.

આ અંગે ઈજારાદારશ્રીએ સકીમેટીક ડીઝાઈનના કુલ ૯૩ ડ્રોઈંગ સાદર કરેલ છે, જે ચકાસણી હેઠળ છે.

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તળાવ ઉંડા કરવા બાબત**

* ૧૪૪૬૨ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા તળાવો ઉંડા કર્યા,

(૨) ઉકત તળાવો ઉંડા કરવા માટે ઉકત જિલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ, અને

(૩) તળાવો ઉંડા થવાના કારણે જિલ્લાવાર વધુ કેટલી જમીનમાં સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **તળાવો ઉંડા કર્યાની વર્ષવાર વિગત** | |
|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૩–૧૪ | વર્ષ ૨૦૧૪–૧૫ |
| ૧ | મહીસાગર | ખાનપુર | ૩ | ૦ |
| | | લુણાવાડા | ૬ | ૦ |
| | | કડાણા | ૧ | ૦ |
| | | સંતરામપુર | ૧ | ૦ |
| ૨ | પંચમહાલ | શહેરા | ૪ | ૦ |
| | | ગોધરા | ૨ | ૦ |
| | | ઘોઘંબા | ૧ | ૦ |

(૨) મહીસાગર જિલ્લામાં રૂ.૫૬.૦૭ લાખ અને પંચમહાલ જિલ્લામાં રૂ.૩૩.૬૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ.

(૩) તળાવો ઉંડા થવાને કારણે મહીસાગર જિલ્લામાં આશરે ૨૦૦ હેકટર અને પંચમહાલ જિલ્લામાં આશરે ૧૧૩ હેકટર જમીનમાં પ્રત્યક્ષ/પરોક્ષ સિંચાઈની સુવિધા ઉપલબ્ધ થઈ.

---------

**ભાવનગર જિલ્લામાં ફળનર્સરીના લાભાર્થી**

* ૧૬૪૨૮ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

ફળનર્સરીની સ્થાપના માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

શૂન્ય.

-------

**ભરૂચ જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૬ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત ભરૂચ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪૫૩.૦૪ લાખના ખર્ચે કુલ ૩૪૦૮ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **ફાળવેલ સાધનો** |
|---|---|---|
| ૧ | આમોદ | ૬૮ |
| ૨ | અંકલેશ્વર | ૬૮૬ |

| | | |
|---|---|---|
| ૩ | ભરૂચ | ૨૧૦૯ |
| ૪ | જંબુસર | ૫૪૫ |
| | **કુલ** | **૩૪૦૮** |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ**

* ૧૬૫૫૫ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા પશુપાલન કીટનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કેટલા ગામ આવરી લેવામાં આવેલ ?

**જવાબ**

(૧) ૫,૯૭૦.

(૨) ૫૯૭.

---------

**ભાવનગર શહેર/જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.**

* ૧૫૩૧૪ **શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર શહેર/ જિલ્લામાં તાલુકાવાર કેટલી જીઆઈડીસી કાર્યરત છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર શહેર/જિલ્લામાં વસાહતોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ અને સંખ્યા |
|---|---|
| ૧ | ભાવનગર–૩ |
| ૨ | શિહોર–૨ |
| ૩ | મહુવા–૧ |
| ૪ | વલ્લભીપુર–૧ |
| ૫ | પાલીતાણા–૧ |

(૨) તે અન્વયે જે તાલુકાઓમાં જીઆઈડીસી નથી તેવા તાલુકાઓમાં કાર્યરત કરવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) જે તાલુકામાં જીઆઈડીસી નથી તેવા તાલુકાઓમાં વસાહતનું આયોજન કરી જમીન મેળવવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. પરંતુ, યોગ્ય અને અનુકૂળ પ્રમાણમાં જમીન ઉપલબ્ધ ન થવાના કારણે વસાહત સ્થાપી શકાયેલ નથી.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ કીટસનું વિતરણ**

* ૧૬૫૩૦ **શ્રી પુનમભાઈ કા. મકવાણા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કીટસનું વિતરણ કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧)

| **વર્ષ–૨૦૧૩** | |
|---|---|
| **ખેડૂતોની સંખ્યા** | **કીટસની સંખ્યા** |
| ૪૮૨૬ ખેડૂતો | ૪૮૨૬ કૃષિ કીટસ |
| ૩૩૧૦ ખેડૂતો | ૩૩૧૦ પશુપાલન કીટસ |

| **વર્ષ–૨૦૧૪** | |
|---|---|
| **ખેડૂતોની સંખ્યા** | **કીટસની સંખ્યા** |
| ૪૭૬૮ ખેડૂતો | ૪૭૬૮ કૃષિ કીટસ |
| ૪૪૩૯ ખેડૂતો | ૪૪૩૯ બાગાયતી કીટસ |
| ૫૮૭૦ ખેડૂતો | ૫૮૭૦ પશુપાલન કીટસ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો?

(૨)

| વર્ષ | ખર્ચ |
|---|---|
| ૨૦૧૩ | રૂ.. ૧,૩૩,૬૨,૨૯૦ |
| ૨૦૧૪ | રૂ.. ૯૦,૯૧,૨૫૩ |

---------

**રાજ્યમાં નવા શિપ બિલ્ડીંગ/રીપેર યાર્ડ વિકસાવવા દરખાસ્ત**

* ૧૬૪૭૮ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં નવા શિપ બિલ્ડીંગ/રીપેર યાર્ડ વિકસાવવા કેટલી દરખાસ્તો મળેલ છે, | (૧) કુલ ૧૪ દરખાસ્તો મળેલ છે. |
| (૨) તે દરખાસ્ત કયા તબક્કે છે અને | (૨) *૪(ચાર) દરખાસ્ત અમલીકરણના તબક્કા હેઠળ છે. * ૧૦ (દસ) દરખાસ્તો પ્રાથમિક તબક્કે છે. |
| (૩) તેનાથી અંદાજે કેટલું ખાનગી મૂડી રોકાણ થશે? | (૩) રૂ.. ૬૧૨૯ કરોડ. |

---------

**વડોદરા જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮ (૬) હેઠળનો કેસ**

* ૧૬૫૦૯ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮ (૬) હેઠળના કેટલા કેસો બાકી છે, તે પૈકી ૧ વર્ષ સુધીના કેટલા અને ૬ માસ સુધીના કેટલા છે, અને | (૧) બાકી કેસો – ૮૬૦<br>એક વર્ષ સુધીના – ૧૬૬<br>૬ માસ સુધીના – ૨૪૮ |
| (૨) બાકી કેસો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૨) અર્ધ ન્યાયિક પ્રક્રિયા હોવા છતાં બનતી ત્વરાએ. |

---------

**ભાવનગર જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૬૫૫૨ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧૩,૯૪,૨૧૭. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૨૦,૫૯,૬૯૫. |

---------

**વાયબ્રન્ટ સમીટ–૨૦૧૫માં ઉદ્યોગ વિભાગ–પ્રભાગ દ્વારા ખર્ચ**

* ૧૬૪૦૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજ્યમાં યોજાયેલ વાયબ્રન્ટ સમીટ–૨૦૧૫માં ઉદ્યોગ વિભાગ અને તેના પ્રભાગ દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને<br>(૨) તે અન્વયે આ ખર્ચ વિભાગ–પ્રભાગના બજેટના કયા હેડે ઉધારવામાં આવ્યો ? | (૧) અને (૨)<br>તા.૩૧–૧–૧૫ સુધીમાં અંદાજે કુલ રૂ.. ૪૩,૧૭,૩૫,૨૭૭.૦૦ નો ખર્ચ વિભાગ–પ્રભાગના બજેટ સદર આઇ.એન.ડી.–૫ હેઠળ ઉધારવામાં આવ્યો. |

---------

**સુરત જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો**

* ૧૬૪૯૨ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધોનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.. ૨૩૭.૦૬ લાખનાં ખર્ચે કુલ ૨૩૧૧ સાધનો મંજૂર કરેલ છે, |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | માંડવી | ૫૫૩ |
| ૨ | કનકપુર કનસાડ | ૫૦૩ |
| ૩ | તરસાડી | ૬૫૦ |
| ૪ | બારડોલી | ૬૦૫ |
| | **કુલઃ-** | **૨૩૧૧** |

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૩) મંજૂર કરેલ બધાજ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) બાકી રહેતા સાધનો કયાં સુધીમાં ફાળવવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

---------

## જૂનાગઢ જિલ્લામાં દેશી/વિદેશી દારૂનો પકડાયેલ જથ્થો

* ૧૫૫૨૦ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં દેશી/વિદેશી દારૂનો કેટલો જથ્થો અને વાહનો કયાંથી પકડાયા,

(૧)

| તાલુકાનું નામ | દેશી દારૂ (લીટરમાં) | વિદેશી દારૂ (બોટલમાં) |
|---|---|---|
| જૂનાગઢ | ૫૧૬૧૦ | ૫૩૨૬૭ |
| વિસાવદર | ૧૧૯૬ | ૬૮૦ |
| ભેંસાણ | ૫૦૬ | ૩૭ |
| મેંદરડા | ૧૦૩૯ | ૨૨૦૩ |
| કેશોદ | ૩૮૬૭ | ૨૦૬૯ |
| વંથલી | ૩૨૯૩ | ૧૨૩૩ |
| માણાવદર | ૧૪૨૮ | ૧૭૨૧ |
| માંગરોળ | ૧૯૮૧ | ૪૫૫૬ |
| માળીયા હાટીના | ૨૭૮૬ | ૧૩૧૪ |

વાહનો કયાંથી પકડાયા તેની વિગતો સામેલ *પત્રક મુજબ છે.

(૨) ઉક્ત સ્થિતિએ દેશી/વિદેશી દારૂનો મળેલ જથ્થો કેટલી કિંમતનો હતો,

(૨) કુલ રૂ.. ૧,૧૫,૮૩,૯૧૬/-.

(૩) તે અન્વયે કેટલા ઈસમોને ધરપકડ કરી, અને તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૩૮૧૬ ઈસમોની ધરપકડ કરી અને તેની સામે ૩૧૦૩ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૪) આવી ગેરકાનુની પ્રવૃત્તિને કાયમ માટે અટકાવવા સરકાર શાં પગલાં લેવાયા?

(૪) સરકાર દ્વારા પ્રોહીબીશન કાયદાની અમલવારી માટે નિયમિત ડ્રાઈવ ગોઠવવામાં આવે છે તેમજ આવી પ્રવૃત્તિ આચરનાર ઈસમો વિરૂધ્ધ પ્રોહિ. ૯૩, જી.પી.એકટ ૫૫,૫૬, અને પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## વ્યારા તાલુકાના ગામોને પૂર્ણા નદીમાંથી લીફટ ઈરીગેશનથી પાણી

* ૧૬૩૭૪ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા તાલુકાના મીરપુર-ખુરદી-કરંજવેલ-કપડવણ-કાટ્કુઈ-આંબાપાણી અને ચાકધરા ગામોને પૂર્ણા નદીમાંથી લીફટ ઈરીગેશન સ્કીમ અમલમાં મૂકી ખેડૂતોને સિંચાઈની સગવડ આપવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૧) તાપી જિલ્લાના વ્યારા તાલુકાના મીરપુર-ખુરદી-કરંજવેલ-કપડવણ-કાટ્કુઈ ગામો પૂર્ણા નદીથી ૫ થી ૧૦ કી.મી. દૂર હોઈ તેમજ વચ્ચે જંગલ વિસ્તાર આવતો હોઈ, સદર ગામોએ પૂર્ણા નદીમાંથી લીફટ ઈરીગેશન સ્કીમ તાંત્રિક રીતે થઈ શકે તેમ નથી.

ચાકધરા ગામે પૂર્ણા નદીમાંથી ૧૦૯ હેકટર વિસ્તારમાં ૬૧ ખેડૂતોનો સમાવેશ કરતી લીફટ ઈરીગેશન સ્કીમ બનાવવામાં આવેલ છે.

આંબાપાણી ગામે પૂર્ણા નદીમાંથી આશરે ૩૦ હેક્ટર વિસ્તાર માટે ઉદવહન સિંચાઈ યોજનાની શકયતા જણાયેલ છે.

(૨) આ યોજના કેટલા સમયમાં અમલમાં મૂકી પૂર્ણ કરવામાં આવશે?

(૨) ચાકધરા યોજના તા.૧૦-૭-૨૦૧૪ થી અમલમાં મુકવામાં આવેલ છે.

---------

**મહેસાણા જિલ્લામાં વોન્ટેડ આરોપીઓ**

* ૧૭૧૧૧ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષથી કેટલા આરોપીઓ વોન્ટેડ છે, અને

(૧) ૨૦૪

(૨) આ વોન્ટેડ આરોપીઓને પકડવા સરકારે શાં પગલાં લીધા?

(૨) આવા વોન્ટેડ આરોપીઓ પકડવા માટે તેઓ મળી આવે તેવા તમામ સંભવિત સ્થળો ઉપર અને તેમના મિત્ર, સગા-સંબંધીને જાતે મળી તપાસ કરવામાં આવે છે અને જિલ્લા કક્ષાએ અવાર નવાર ડ્રાઈવ રાખી આરોપીઓ પકડવામાં આવે છે. તેમજ આવા વોન્ટેડ આરોપીઓ સામે નામદાર કોર્ટમાંથી સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબના વોરંટ કઢાવી સદરહુ વોરંટ તમામ જિલ્લાઓ તથા પોલીસ સ્ટેશનોમાં મોકલવામાં આવે છે.

---------

**કાંકરેજ અને થરાદ તાલુકામાં સિંચાઈ માટે પાણી**

* ૧૫૭૯૯ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને થરાદ તાલુકામાં કેટલા ગામોને ખેતી માટે સિંચાઈનું કેટલુ પાણી પુરૂ પાડવામાં આવે છે,

(૧) નીચે મુજબ પાણી આપવામાં આવે છે.

| ક્રમ | પાણીનો મૂળ સ્ત્રોત | તાલુકાવાર પાણી આપતા ગામોની સંખ્યા (જથ્થાનું માપ-મિલિયન ઘન ફુટમાં છે) | | | |
|---|---|---|---|---|---|
| | | કાંકરેજ | જથ્થો | થરાદ | જથ્થો |
| ૧ | સુજલામ સુફલામ સ્પ્રે. કેનાલ દ્વારા | ૯ | ૭૫ | - | - |
| ૨ | ઉદ્વહન પાઈપ લાઈન દ્વારા | ૮ | ૧૨૫ | - | - |
| ૩ | નર્મદા મુખ્ય નહેર આધારિત કેનાલો દ્વારા | ૨૪ | ૧૩૭૦ | ૪૨ | ૨૨૨૬ |

(૨) બાકી રહેતા ગામોને આ સિંચાઈનું પાણી મળી રહે તે માટે સરકારે શુ આયોજન કરેલ છે?

(૨) ઉદવહન પાઈપ લાઈનથી બે કિ.મી. ના અંતર સુધીનાં તળાવો ભરવામાં આવે છે, તે માટે બનાસકાંઠા જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારિત (૧) કસરાથી દાંતીવાડા અને (૨) થરાદ થી સીપુ જળાશય સુધીની પાઈપ લાઈનોની કામગીરી પ્રાથમિક સર્વેક્ષણ હેઠળ પ્રગતિમાં છે. તેની પથરેખા આખરી થયેથી તાંત્રિક રીતે શક્ય હોય એવાં પાઈપ લાઈનથી બે કિ.મી. સુધીનાં તળાવો પાણીની ઉપલબ્ધિ અનુસાર જોડવામાં આવશે.

નર્મદા મુખ્ય નહેરના વિસ્તારમાં બાકી રહેતા ૩ ગામોને વહેલી તકે સિંચાઈનું પાણી આપવામાં આવશે.

---------

**ગાંધીનગર જિલ્લાનાં પોલીસ કોન્સ્ટેબલોને પૂરો પગાર આપવા બાબત**

* ૧૬૩૮૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે

(૧) કુલઃ ૭૨.

વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં કેટલા પોલીસ કોન્સ્ટેબલોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થયા બાદ પૂરો પગાર આપવામાં આવ્યો, અને

(૨) કેટલા કોન્સ્ટેબલોને પાંચ વર્ષની મુદત પૂર્ણ થવા છતાં પૂરો પગાર આપવામાં આવ્યો નથી ? — (૨) કુલઃ ૧૧૦.

---------

**''સૌની યોજના'' અંતર્ગત જામનગર જિલ્લાના જળાશયો ભરવા કામો માટે ખર્ચ**

* ૧૭૪૭૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ નર્મદાના પાણીથી જામનગર જિલ્લાના જળાશયો સૌની યોજનાથી પાણી ભરવા અંતર્ગત ક્યાં કામો માટે કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં થયો, | (૧) જામનગર જિલ્લાને લગત લીન્ક-૧ ના કામો અન્વયે છેલ્લા બે વર્ષમાં રૂ.૪૨૭.૭૮ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) પ્રગતિમાં છે. |
| (૩) જળાશયો ભરવાની માળખાગત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) નાણાકીય ઉપલબ્ધી અનુસાર કામો તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે. |

---------

**મહેસાણા જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૬૫૪૬ **શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં બિયારણ ચકાસણી માટે તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૪૦૪ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૩૯૧ પ્રમાણિત<br>૧૩ બિનપ્રમાણિત |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૪ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૯ | વહીવટી પગલાં લીધેલ છે. |

---------

**રાજ્યના પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત**

* ૧૫૪૭૪ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં દરેક પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા લગાડવાનું આયોજન કર્યુ છે તે હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો દરેક પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી. કેમેરા કેટલાં સમયમાં લગાડવામાં આવશે ? | (૨) કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

---------

**રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના**

* ૧૪૪૬૬ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના ક્યારે કરવામાં આવી તથા તેના સભ્યો કોણ છે, અને | (૧) રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૩૦-૧૧-૨૦૧૩ ના ઠરાવથી કરવામાં |

(૨) આ બોર્ડની મીટીંગો છેલ્લા એક વર્ષમાં ક્યારે ક્યારે મળી ?

આવેલ છે. તેના સભ્યો એનેક્ષર–૧ મુજબ છે.

(૨) છેલ્લા એક વર્ષમાં બોર્ડની મીટીંગ મળેલ નથી.

**એનેક્ષર–૧**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | માન. કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી | ચેરમેનશ્રી |
| ૨ | માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પશુપાલન | વાઇસ ચેરમેનશ્રી |
| ૩ | માન. ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૪ | માન. ધારાસભ્યશ્રી | સભ્યશ્રી |
| ૫ | માન. નિયામકશ્રી (પશુપાલન) ગુ.રા. હોદ્દાની રૂએ | સચિવશ્રી |
| ૬ | મુખ્ય વનસંરક્ષકશ્રી (વન્ય પ્રાણીઓ), ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| ૭–૮ | અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, મહાનગરપાલિકા પૈકી કોઇ પણ બે ના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી | સભ્યશ્રી |
| ૯ | પોલીસ મહાનિર્દેશકશ્રી, ગુજરાત રાજ્ય | સભ્યશ્રી |
| ૧૦ | જિલ્લા કલેક્ટરશ્રી પૈકી (કોઇ પણ એક) | સભ્યશ્રી |
| ૧૧ | ભારતીય પ્રાણી કલ્યાણ બોર્ડના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૧૨–૧૯ | પ્રાણી કલ્યાણ સંસ્થાઓના આઠ બિન સરકારી પ્રતિનિધિ | સભ્યશ્રી |
| ૨૦–૩૦ | પ્રમાણિત સંસ્થાઓના ચેરમેનશ્રી જેવી કે ગૌસેવા આયોગ, જીવદયા મંડળી, ગૌશાળા, પાંજરાપોળ વિગેરેમાંથી ૧૧ સભ્યો રહેશે. | સભ્યશ્રી |

---------

**દાહોદ જિલ્લાનાં મહિલા વિરોધી ગુનાઓ**

* ૧૫૫૪૭ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર મહિલા વિરોધી કુલ કેટલા ગુનાઓ નોંધાયા,

(૧)

| તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ |
|---|---|---|
| દાહોદ | ૧૧૩ | ૧૭૯ |
| ગરબાડા | ૧૯ | ૨૬ |
| ધાનપુર | ૧૩ | ૪ |
| દેવગઢ બારીયા | ૩૧ | ૪૧ |
| લીમખેડા | ૨૪ | ૪૧ |
| ઝાલોદ | ૩૦ | ૩૯ |
| સંજેલી | ૨૩ | ૨૪ |
| ફતેપુરા | ૧૬ | ૮ |
| **કુલ** | **૨૬૯** | **૩૬૨** |

(૨) મહિલા વિરોધી ગુનાઓમાં અપહરણ, બળાત્કાર અને ચેન સ્નેચીંગના ગુનાઓ વધ્યા હોય તો તેના કારણો શા છે, અને

(૨) અપહરણ અને બળાત્કારના ગુનાઓમાં લગ્ન કરવાના ઇરાદે લઇ જઇ ગુનાહિત કૃત્ય કરેલાનું જણાઇ આવેલ છે. તથા ગુનાહિત વૃત્તિના કારણે ચેન સ્નેચીંગના ગુનાઓ બનવા પામે છે.

(૩) આવા વધતા ગુનાઓ ડામવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) આવા ગુનાઓ ડામવા માટે મહિલા હેલ્પ લાઇન–૧૦૯૧ તથા કંટ્રોલ રૂમ–૧૦૦, તેમજ મહિલા સંબંધિત કોલ મળતા ત્વરીત કાર્યવાહી કરવામાં આવે છે, તે ઉપરાંત સુરક્ષાસેતુ સોસાયટી અંતર્ગત મહિલાઓમાં જાગૃતિ બાબતે વિવિધ સેમીનારનું આયોજન કરવામાં આવે છે, તેમજ સ્કૂલોમાં બાળાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે છે.

---------

**વલસાડ જિલ્લામાં ખેડૂત શિબિરો**

* ૧૪૫૦૬ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી, અને

(૧)

| અ.નં. | તાલુકો | શિબિરની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨ |
| ૨ | પારડી-વાપી | ૨ |
| ૩ | ઉમરગામ | ૨ |
| ૪ | ધરમપુર | ૨ |
| ૫ | કપરાડા | ૧ |
| | કુલ | ૯ |

(૨) તે અન્વયે આ શિબિરોમાં કુલ કેટલા ખેડૂતોએ ભાગ લીધો અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ૨૭૦ ખેડૂતોએ ભાગ લીધો અને રૂ.૧,૨૬,૦૦૦/- નો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ**

* ૧૬૫૩૩ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વર્ષ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૬૬.

(૨) ૧૧૯.

(૩) રૂ.૧૧૮.૦૦ લાખ.

---------

**એસ.આર.પી. જૂથ-૧૫, ઓ.એન.જી.સી. મહેસાણામાં પોલીસની આરોગ્ય ચકાસણી**

* ૧૬૪૭૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની વાત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ-૧૫, ઓ.એન.જી.સી. મહેસાણામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૩ માં ૧૦૫૮
વર્ષ ૨૦૧૪ માં ૧૧૧૦.

---------

**રાજ્યમાં પોલીસ સ્ટેશનનાં કર્મચારી વિરુધ્ધ ફરીયાદમાં અરજદારોને નિવેદન આપવા રૂબરૂ બોલાવવા બાબત**

* ૧૬૧૩૩ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ સ્ટેશનના કર્મચારીઓ સામેની ફરિયાદ કરતાં અરજદારોને તેની અરજીની તપાસ અર્થે તેઓને રૂબરૂ નિવેદન આપવા બોલાવવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા આવાં અરજદારોને રૂબરૂમાં નિવેદનો આપવા અંગે કોઇ પરિપત્રો/કાયદાઓ થયા, કરેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો આવાં રૂબરૂ નિવેદનો લેવાનું બંધ કરાવવા સરકાર કોઇ પગલાં લેવાં માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અજદારની રજૂઆતની ખરાઇ કરવા અથવા ગુનાના કામે સી.આર.પી.સી. કલમ-૧૬૦(૧) ની જોગવાઇ અનુસાર અરજદારોને નિવેદનો લેવા બોલાવવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## નર્મદા જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન યોજના અંતર્ગત મંજૂર સાધનો

* ૧૬૫૦૦ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)
ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત નર્મદા જિલ્લામાં રાજપીપલા એક જ નગરપાલિકાઓ હોય તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નગરપાલિકાને રૂ.૧૦૧.૭૪ લાખનાં ખર્ચે કુલ ૬૨૫ સાધનો મંજૂર કરેલ છે.

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## બનાસકાંઠા જિલ્લાનાં પશુ દવાખાનામાં ડૉકટરો/સ્ટાફની ઘટ

* ૧૪૫૬૩ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાનાઓ કાર્યરત છે,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાનાઓ |
|---|---|---|
| ૧ | દાંતા | ૧૦ |
| ૨ | ડીસા | ૦૭ |
| ૩ | લાખણી | ૦૨ |
| ૪ | ધાનેરા | ૦૬ |
| ૫ | પાલનપુર | ૦૫ |
| ૬ | વડગામ | ૦૬ |
| ૭ | અમીરગઢ | ૦૫ |
| ૮ | દાંતીવાડા | ૦૧ |
| ૯ | દિયોદર | ૦૩ |
| ૧૦ | ભાભર | ૦૨ |
| ૧૧ | કાંકરેજ | ૦૬ |
| ૧૨ | થરાદ | ૦૫ |
| ૧૩ | વાવ | ૦૪ |
| ૧૪ | સુઇગામ | ૦૦ |
| | કુલઃ– | ૬૨ |

(૨) ઉક્ત સ્થિતિએ વેટરનરી ડૉકટરો અને સ્ટાફની કેટલી ઘટ છે, અને

(૨)

| અ.નં. | સંવર્ગ | ઘટ |
|---|---|---|
| ૧ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૧૨ |
| ૨ | ડ્રેસર વર્ગ–૪ | ૦૫ |
| ૩ | પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ | ૦૧ |

(૩) આ ઘટ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ની જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીએ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર તૈયાર કરેલ છે. આ ભરતી કેલેન્ડર મુજબ વહિવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી પશુચિકિત્સા અધિકારીની ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

ડ્રેસર અને પટાવાળા/એટેન્ડન્ટ/એટેન્ડન્ટ કમ ડ્રેસર વર્ગ–૪ ની સેવાઓ જિલ્લા પંચાયત મારફતે આઉટસોર્સથી

લેવામાં આવે છે.

---------

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ફાળવેલ રકમ**

* ૧૪૪૬૩ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ, કયાં કામો માટે ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૩) ઉક્ત યોજનામાં ભારત સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાન્ટ પૈકી ઉક્ત જિલ્લાઓમાં કેટલી રકમ કયાં કામો માટે વાપરવામાં આવી?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિસ્તાર/વિકાસ સત્તામંડળોને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આવેલ નગરપાલિકાઓને આંતર માળખાકીય વિકાસના કામો તથા પાણી પુરવઠા યોજના માટે ફાળવેલ રકમની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | નગરપાલિકાનું નામ | તા.૧–૪–૧૩ થી ૩૧–૩–૧૪ | તા. ૧–૪–૧૪ થી ૩૧–૧૨–૧૪ |
|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | ફાળવેલ રકમ |
| પંચમહાલ | ગોધરા | ૪.૭૫ | ૭.૭૫ |
| | હાલોલ | ૪.૬૮ | ૩.૦૦ |
| | કાલોલ | ૨.૬૩ | ૧.૫૦ |
| | શહેરા | ૧.૫૦ | ૧.૫૦ |
| | કુલ | ૧૦.૯૦ | ૧૩.૭૫ |
| મહીસાગર | લુણાવાડા | ૨.૬૫ | ૫.૦૦ |
| | બાલાસિનોર | ૨.૬૫ | ૩.૦૦ |
| | સંતરામપુર | ૧.૫૦ | ૧.૫૦ |

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી કુલ રૂ.૫.૨૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના રાજ્ય સરકારશ્રીની યોજના હોઈ, તેમાં ભારત સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવતી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં કાર્યાન્વિત શીપયાર્ડ અને તેની ક્ષમતા**

* ૧૬૪૭૫ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા શીપયાર્ડ કાર્યાન્વિત છે અને તેની કુલ ક્ષમતા કેટલી છે,

(૨) આ ક્ષમતામાં વધારો કરવા કોઈ યોજના હાથ ધરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો યોજનાની વિગતો શી છે ?

**જવાબ**

(૧) કુલ ૯ (નવ)
ક્ષમતા આશરે ૧.૧૧ મીલીયન ટન (DWT).

(૨) હા, જી.

(૩) નવા ૧૪ શીપયાર્ડ વિકસાવવાથી હાલની ક્ષમતામાં આશરે ૧.૫૦ મીલીયન ટન (DWT) નો વધારો થશે. નવા શીપયાર્ડ વિકસાવવા સ્થળોની પસંદગી માટે ટેકનો–ઈકોનોમિક અભ્યાસ હાથ ધરવાની દરખાસ્તને વિભાગના ૧–૭–૨૦૧૪ની યાદી થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે જે અન્વયે ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા તજજ્ઞની નિમણૂંક માટે ટેન્ડરો મંગાવેલ છે.

**ભાવનગર શહેર/જિલ્લામાં ગળા ફાંસો/ઝેરી દવા પીવાના બનાવો**

* ૧૫૩૧૫ **શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર શહેર અને જિલ્લામાં તાલુકાવાર ગળે ફાંસો ખાઈ મોત અને ઝેરી દવા પીવાના કેટલા બનાવો છેલ્લા બે વર્ષમાં નોંધાયા ?

**જવાબ**

| તાલુકાનું નામ | ગળે ફાંસો ખાઈ મોતના બનાવ | ઝેરી દવા પીવાના બનાવ |
|---|---|---|
| ભાવનગર શહેર | ૮૩ | ૧૭૫ |
| ઘોઘા | ૦૪ | ૧૧ |
| પાલીતાણા | ૧૧ | ૨૦ |
| ગારીયાધાર | ૦૧ | ૦૯ |
| શિહોર | ૧૮ | ૧૯ |
| જેસર | ૦૦ | ૦૦ |
| વલ્લભીપુર | ૦૩ | ૦૭ |
| ઉમરાળા | ૦૩ | ૧૪ |
| મહુવા | ૩૩ | ૪૭ |
| તળાજા | ૨૩ | ૧૫ |

પોઈન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્નોત્તરીમાં ભૂલ અંગે

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. ભૂતકાળના માનનીય અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપીને, ગઈકાલે આપે પણ એક નિર્ણય આપ્યો. સ્પષ્ટ કહ્યું છે કે ઍરેટા, એક તો પહેલા સભ્યશ્રીઓ પાસે આ ગૃહમાં વસ્તુ આવતી હોય ત્યારે ભૂલ રહેવી ન જોઈએ અને ભૂલ રહે તો વહેલામાં વહેલી તકે ઍરેટાથી સુધારવી જોઈએ. આજે પ્રશ્નોત્તરીમાં ભૂલ છે અને ઍરેટામાં સુધારો પણ ન થાય અને પ્રશ્નોત્તરી પૂરી થાય. આજે અમને ઍરેટા શુદ્ધિપત્રક ૨૯ મુદ્દાનું અપાયું છે, પરંતુ હું આપનું ધ્યાન પેઈજ નં. ૨૬ પ્રશ્ન ક્રમાંક ૭૩ તરફ દોરવા માગું છું. પ્રશ્ન ક્રમાંક–૭૩ અને મારી પાસે ઍરેટા પણ છે. શુદ્ધિપત્રક પણ છે. શુદ્ધિ પત્રકમાં સુધારો જ નથી. અહીંયા આપ જુઓ. આવી જ્યારે ભૂલો રહી જાય, ત્યારે એનો અર્થ એ થાય કે વિભાગ ગંભીરતાથી જોતું જ નથી અને અમારી પાસે આવી જાય. ભૂલ એમ જ જાય તો અમારા માટે પ્રશ્નોત્તરી બહુ અગત્યનો વિષય છે. પ્રશ્ન ૭૩ જુઓ, પ્રશ્ન પૂછનાર અશ્વિનભાઈ પટેલ (ખેડબ્રહ્મા) પરંતુ એ પટેલ નથી, એ કોટવાલ છે અને મારી પાસે આ શુદ્ધિપત્રક છે.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી આ વિધાનસભા કાર્યક્ષેત્રમાં આવતી બાબત છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ભૂતકાળમાં એન્ટરટેઈન કર્યા છે.

અધ્યક્ષશ્રી : કદાચ અમારા કાર્યાલયની ભૂલ પણ થઈ હોય તો એની ગૃહમાં ચર્ચા થઈ શકતી નથી. આપ મારું ધ્યાન દોરજો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ભૂતકાળમાં આવી ચર્ચા કરી છે.

અધ્યક્ષશ્રી : અમારા કાર્યાલયની ભૂલ હશે તો અમે સ્વીકારીશું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આ છે જ. સ્વીકારવાનો ક્યાં સવાલ છે?

અધ્યક્ષશ્રી : એની ચર્ચા અહીંયા ન કરીએ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ભૂતકાળમાં અહીંયા જ ચર્ચા કરી છે.

અધ્યક્ષશ્રી : હું કહું છું કે અમારી ભૂલ હશે તો અમે સ્વીકારીશું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : આ છે, આ નથી, કાં તો આપ ના પાડો કે નથી. આ બંને સામે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી એવું કહેતા હોય પછી તો આપ છોડો.

અધ્યક્ષશ્રી : આપને શક્તિસિંહજી હું કહું છું આ શુદ્ધિપત્રકનું તૈયાર કરવાનું કામ એ વિધાનસભા સચિવાલયનું છે અને વિધાનસભા સચિવાલયના સ્ટાફ દ્વારા માનો કે ભૂલ થઈ હોય તો તેની ચર્ચા અહીંયા નથી

થતી મારી કેબિનમાં થાય છે. ભૂલ થઇ હશે તો સુધારવાની ખાતરી આપીએ છીએ, એટલે આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. ભૂલ થઇ હશે તો અમે સ્વીકારીશું.

મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)
જળ સંચય અભિયાન અંગે

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં પિયત હેઠળનો વિસ્તાર મર્યાદિત છે. આથી, પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા મહત્તમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને ખેડૂતની આવક વધુ થાય તે દિશામાં રાજયના ખેડૂતોને પ્રેરિત કરવા રાજય સરકારે સમગ્ર રાજ્યમાં જળ સંચય અભિયાન હાથ ધરેલ છે. જેના ભાગરૂપે રાજ્યમાં સિંચાઇના જુદા જુદા સ્ત્રોતમાંથી ઉપલબ્ધ થતા પાણીનો ખૂબ જ કરકસર ભર્યો અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુસર ડ્રીપ/સ્પ્રીંકલર/માઇક્રો સ્પ્રીંકલર જેવી આધુનિક સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિઓની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

સુક્ષ્મ સિંચાઇ યોજનાનું અમલીકરણ ગુજરાતમાં એક સરખના ધોરણે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર વતીથી ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિ. વડોદરા દ્વારા મે–૨૦૦૫ થી કરવામાં આવે છે. આ એક સંકલિત યોજનામાં સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ જેવી કે ટપક/ફુવારા/રેઇન ગન/પોરસ પાઇપ અપનાવતા લાભાર્થી ખેડૂતોને રાજય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન તા. ૯/૫/૨૦૦૫ની જોગવાઇઓ તથા ત્યારબાદ સમયાંતરે સુધારવામાં આવેલ જોગવાઇઓને આધિન હાલમાં સબસિડી નીચે મુજબ આપવામાં આવે છે.

| ખેડૂત વર્ગ | સબસિડી ધોરણ (પ્રતિ હેકટરે બેમાંથી જે ઓછું હોય |
|---|---|
| સામાન્ય ખેડૂતો | એકમ ખર્ચના ૫૦ ટકા સુધી અથવા રૂ. ૬૦,૦૦૦/– |
| અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો | એકમ ખર્ચના ૭૫ ટકા સુધી અથવા રૂ. ૯૦,૦૦૦/– |
| ડાર્ક ઝોન વિસ્તારના ખેડૂતો | એકમ ખર્ચના ૬૦ ટકા સુધી અથવા રૂ. ૬૦,૦૦૦/– |

મે–૨૦૦૫ થી લઇને જાન્યુઆરી ૨૦૧૫ સુધીમાં રાજયના કુલ ૬,૫૧,૯૧૮/– ખેડૂતોએ ૧૦,૫૧,૭૦૦ હેક્ટર વિસ્તાર માટે આ યોજનાનો લાભ લીધેલ છે જેમાં ૨ (બે) હેકટરથી ઓછી જમીન ધરાવતા ૨,૪૫,૫૧૪ ખેડૂતો દ્વારા ૨,૬૬,૧૧૩ હેકટર વિસ્તારમાં સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવેલ છે. જે મુજબ ૨ (બે) હેકટરથી ઓછી જમીન ધરાવતા નાના અને સીમાંત ખેડૂતોની સંખ્યા ૩૭ ટકા તથા તેઓ દ્વારા અપનાવવામાં આવેલ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ હેઠળનો વિસ્તાર કુલ સૂક્ષ્મ સિંચાઇ નીચે આવરેલ વિસ્તારના આશરે ૨૫ ટકા થવા જાય છે.

આ સંજોગોમાં આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ થી સૂક્ષ્મ સિંચાઇ અપનાવવા માગતા ૨(બે) હેક્ટર કરતાં ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના ખેડૂતો આ યોજનામાં વધારે પ્રમાણમાં આકર્ષાય તેમજ સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ વસાવવી આર્થિક રીતે પરવડે તે માટે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ મળવાપાત્ર સહાય ઉપર ૧૦ ટકા વધારાની સહાય આપવાની જાહેરાત માન.નાણા મંત્રીશ્રીએ તેમના બજેટ પ્રવચનમાં કરેલ હતી.

આ યોજનાની અમલવારી તારીખઃ ૧/૪/૨૦૧૫થી કરવાની હતી. પરંતુ ખેડૂતોના હિતમાં જેમણે અગાઉ અરજીઓ કરી દીધેલ હતી અને આજની તારીખે અરજીઓ પડતર હતી તેઓને પણ આ નવી જાહેરાતના કારણે યોજનાનો લાભ મળશે.

આથી સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ અપનાવવા માગતા ૨(બે) હેક્ટર કરતાં ઓછી જમીન ધરાવતા સામાન્ય વર્ગના નાના અને સીમાંત ખેડૂતો આ યોજનાનો લાભ લેવા આગળ આવે તે માટે પ્રવર્તમાન ધારાધોરણ મુજબ મળવાપાત્ર સહાય ઉપર ૧૦ ટકા વધારાની સહાય આજની તારીખથી આપવાનું યોગ્ય જણાય છે. જેના કારણે આજની તારીખે પડતર અરજીઓ તેમજ હવે અરજી કરનાર તમામ ૨(બે) હેક્ટર કરતાં ઓછી જમીન ધરાવતા

સામાન્ય વર્ગના નાના અને સીમાંત ખેડૂતોને લાભ આપવાનો નીતિ વિષયક નિર્ણય રાજય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. જે આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા રજા લઉં છું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ સબસિડીપાત્ર યોજના ચાલુ છે તેમાં આપ વધારો કરો છો. તે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની વડોદરા મારફત ખરીદી થાય તેના ઉપર આપ સબસિડી આપો છો. માર્કેટમાં ખેડૂત જાય અને તેમને આ સાધન સામગ્રી એટલે કે ડ્રીપ, સ્પ્રીંકલર કે માઇક્રો સ્પ્રીંકલર લે અને ત્યાંથી આને વચ્ચે લાવ્યા વગર ખરીદી કરે તો તે સસ્તુ મળે છે. આપની જે ગ્રીન રીવોલ્યુશન કંપની વડોદરા મારફત લે છે તેના ભાવનો જે ડીફરન્સ છે, તેમના હસ્તક લેવાય તે બંને બિલો મારા પાસે છે. આપને જોઇશે તો હું મોકલી આપીશ. એક જ માણસ ઓપન માર્કેટમાં જાય છે ત્યારે ઘણા બધા મળે છે. ખેડૂતને ગમે તે લે છે. જયારે આમાંથી ફાયદો મળે છે, સૌરભભાઇ વડોદરાનું છે સમજાવી દે તે પ્રમાણે. તેમનો વિભાગ છે તે જવાબ આપે તે સાચો આપશે. શું કામ બચાવ કરો છો કોઇ કંપનીઓના. તેમનો વિભાગ છે તે અને તે ખૂબ જ અભ્યાસ કરીને સારા જવાબો આપે છે. સાચા જવાબો આપે છે આપ શું કામ બરોડાનો બચાવ કરો છો. હું એ જાણવા માગું છું કે ખેડૂતોને તે જ વસ્તુ બહાર માર્કેટમાંથી ગમે ત્યાંથી લે અને તે લઇને બીલ આપે આપ ચકાસી લો.તો આ લીધેલા બીલ ઉપર આ સબસિડી મળે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આની અંદર જે કંપનીઓ આ સ્પ્રીંકલર બનાવતી હોય છે તેનું એમ્પાનેલમેન્ટ થયેલ હોય છે. તેની અંદરથી જે કંપની પાસેથી તેના એજન્ટ થ્રુ આ ખેડૂતો આ કામ કરાવે છે. જે રીતે આપે કહ્યું કે જે કંપનીઓ આ કામ કરે છે તેના ભાવ અને બહાર બજારમાંથી લઇએ તો તેના ભાવ અલગ અલગ હોય છે. તેવું કોઇ આપના ધ્યાને આવ્યું હોય તો તે બિલો અમને મોકલજો. આ બાબતે આપણે ગંભીરતાથી વિચારીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મંત્રીશ્રીએ એમના નિવેદનમાં જણાવ્યું કે આજની તારીખની પડતર અરજીઓનો પણ આમાં સમાવેશ કરવામાં આવશે. આજની તારીખે કેટલી અરજીઓ પડતર છે અને માનનીય શક્તિસિંહે કહ્યું તે પ્રમાણે માર્કેટની અંદર ભાવો ખેડૂતોને વધારે આપવા પડે છે એટલે ખેડૂતો પોતાની રીતે ગમે તે કંપની પાસેથી, જે સરકાર માન્ય કંપની નકકી કરી હોય તે કંપની પાસેથી ખેડૂત સીધુ ખરીદી શકે તેવી વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીઓએ કહ્યું કે અત્યારે કેટલી પડતર અરજીઓ છે તેનો મારી પાસે આંકડો નથી. તે સભ્યશ્રીને જોઇતો હશે તો હું જણાવીશ. બીજો પ્રશ્ન એ છે કે જે માનનીય સભ્યશ્રી શક્તિસિંહભાઇએ પૂછયો હતો તે જ પ્રશ્નનું રીપીટિશન કરેલ છે. બજારમાં અત્યારે જે કંપનીઓ આ કામ કરે છે તેના કરતાં સસ્તા ભાવ હશે અને મને તેના બિલો આપવામાં આવશે તો તે બાબત અમે ગંભીરતાપૂર્વક વિચારી ખેડૂતોના ફાયદામાં જે કંઇ નિર્ણય લેવાનો હશે તે લઇશું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૨ હેકટર જમીન ધરાવતા ખેડૂતને જ આ સાધન સહાય ચૂકવવામાં આવશે આવી જે મર્યાદા છે એ મર્યાદા રાખવી જરૂરી નથી એટલા માટે કે કોઇ મોટા ખેડૂત હોય છતાં આર્થિક રીતે સદ્ધર ન હોય, કારણ કે જમીન છે એટલે ખેડૂત સદ્ધર છે એવું માનવાને કોઇ કારણ નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, કોઇ પણ ખેડૂત હોય આપણા રાજયનો એ નાનો હોય કે મોટો હોય અને જો આ સિસ્ટમ અપનાવવા માગતો હોય અને તે આ ખરીદી કરે એને સબસિડી કે આ યોજનાનો લાભ આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા નિવેદનમાં પણ જણાવેલું છે કે, રાજયની અંદર કુલ અત્યારે સીમાંત ખેડૂતો એટલે ૨ હેકટરથી ઓછી જમીન ધરાવનારા ખેડૂતોની ટકાવારી ૩૭ ટકા છે જયારે એમાંથી સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવેલી છે એવા માત્ર ૨૫ ટકા છે એટલે નાના ખેડૂતો કે જેઓ આર્થિક રીતે થોડા નબળા હોય એ બધા આ પધ્ધતિ અપનાવતા થાય જેથી પાણીમાં પણ ફાયદો થાય અને એની આવકમાં વધારો થાય એને ધ્યાનમાં રાખીને આ અત્યારે ૧૦ ટકા આપણે આપેલા છે. બાકી બીજા બધા ખેડૂતોના સહાયના ધોરણો નક્કી જ છે એમાં કોઇ પણ ખેડૂત રાજયનો નાનો મોટો જે કોઇ પણ ખેડૂત હોય એને

આપણે ૫૦ ટકા સબસિડી આપીએ છીએ. અનુસૂચિત જાતિ અને જનજાતિના જે ખેડૂતો છે એને આપણે પર હેકટર ૭૫ ટકા અને વધુમાં વધુ ૯૦ લાખ જેવી માતબર સહાય આપીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કારણ કે, મેં પોતે પણ મારો આખે આખો નંબર ડ્રીપ ઈરિગેશન કર્યો છે. આ ડ્રીપ ઈરિગેશનની આપણી આખી પધ્ધતિ છે, ડ્રીપ સ્પ્રિંકલર, માઇક્રો સ્પ્રિંકલર એમાં આપણે જે કંપનીઓનું સિલેકશન કરીને જે એમ્પાનેલમેન્ટ પેનલ બનાવી છે તેનાથી આ કંપનીઓની મોનોપોલી ઉભી થાય છે અને મોનોપોલીના કારણે જે ખુલ્લી બજારમાં હરિફાઇ થવી જોઇએ એ થતી નથી. હરિફાઇ થાય તો આપોઆપ એ વસ્તુની કિંમત ઘટે એટલે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે, આ ડ્રીપ સ્પ્રિંકલરની જે કોઇ કંપનીઓ છે એમાં ક્વોલિટીના ધોરણો રાજય સરકાર નક્કી કરે અને ખરીદવા માટેનો પસંદગીનો અધિકાર યુઝર્સ જે ખેડૂત છે એને આપવામાં આવે તો એ ખુલ્લી બજારમાં હરિફાઇ ઉભી થશે એમાં રાજય સરકારની સબસિડી પણ ઘટશે કારણ કે મૂળ યુનિટ કોસ્ટ ઘટશે તો આપણે તો ટકાવારીના ધોરણે આપીએ છીએ તો આપણને પણ ફાયદો થશે અને ખેડૂતોને પણ ફાયદો થશે અને કવોલિટી જળવાશે એટલે મારી વિનંતી છે કે એમ્પાનેલમેન્ટ પેનલથી જે આપણે કંપનીઓની મોનોપોલી ઉભી કરીએ છીએ એ પધ્ધતિ બંધ કરીએ. હા, કવોલિટી રાજય સરકાર નક્કી કરે અને કંપનીની પસંદગીનો અધિકાર ખેડૂતને આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર લગભગ ૩૦ કરતા વધારે કંપનીઓ એમ્પાનેલમેન્ટમાં જોડાયેલી છે અને એ ૩૦માંથી કોઇ પણ કંપનીમાંથી જે પણ ખેડૂતને યોગ્ય લાગે તેની પાસેથી લેવાનું હોય છે, અને એનું જે એમ્પાનેલમેન્ટ નવું થતું હોય છે ત્યારે કોઇ આઇ.એસ.આઇ. માર્કો ધરાવતી અન્ય કંપનીઓ પણ આની સાથે જોડાઇ શકે છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ કે મેં પણ ડ્રીપ ઈરિગેશન કર્યું છે. હું માનું છું કે આપણે ગ્રામ્ય વિસ્તાર સાથે જોડાયેલા બધા ધારાસભ્યશ્રીઓ અને જે ખેડૂત પણ છે એ પોત–પોતાના ખેતરમાં થોડું પણ જો ડ્રીપ ઈરિગેશન કરીએ અને આપણે પોતે પ્રચાર કરીએ જ્યારે પણ નીકળીએ ત્યારે કે જુઓ મારા ખેતરમાં તમે આ જોઇ આવો તો હું માનું છું કે વધારે ખેડૂતો આમાં ભાગ લેતા થશે. આ એક એવી વસ્તુ છે કે જેમાં આપણે સૌએ રાજકારણથી બહાર આવવું જોઇએ કારણ કે, આપણે જ્યારે ડાર્કઝોન વિસ્તાર હટાવ્યો અને રાજય સરકારે નિર્ણય કર્યો કે ડાર્કઝોન વિસ્તારમાં અમે ૫૦ ટકા સબસિડી સાથે બધા ખેડૂતોને આપીશું. જયારે ફરિયાદ કરી હતી ત્યારે આપના તરફથી જે વિરોધ આવ્યો હતો એ વિરોધ આપણે આ જાહેર હિતમાં ન કરવો જોઇએ અને બધાએ સાથે મળીને ડ્રીપ ઈરિગેશન તરફ ખેડૂતોને લઇ જવા જોઇએ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૩૩૦૮ અંગે વધારાની માહિતી S B #>**

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તારીખ ૧૦–૧૧–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી બળદેવજી ઠાકોરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૩૦૮, અગ્રતાક્રમ–૧ ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ પર મૂકવામાં આવી.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ૮મો અહેવાલ S B #>**

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો આઠમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી ભરતભાઇ કી. પટેલ(સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના આઠમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

<#D /અન્ય/D #>

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે એના હું ટેકામાં છું કે વિરોધમાં છું એ મારા પ્રવચન બાદ નાણા મંત્રીશ્રી ખુદ નક્કી કરે, સૌના સાથ અને સૌના વિકાસની આ વાત છે, છ કરોડ ગુજરાતીઓના વિશ્વાસની આ વાત છે, અસત્ય સામે સત્યની કસોટીની આ વાત છે, આ સભાગૃહમાં તમામ ધારાસભ્યશ્રીઓ, ખાસ કરીને શાસક પક્ષના ધારાસભ્યશ્રીઓ સરકારને સ્વાભાવિક છે કે અભિનંદન આપે જ છે, ગતિશીલ ગુજરાત અને ગુડ ગવર્નન્સના ગુજરાતના મોડેલના મારે વખાણ કરવા છે આજે, પંચશક્તિના ભક્તોને ગુજરાતના વિકાસના દર્શન કરાવવા છે આજે, સત્તર દિવસમાં નર્મદા ડેમના દરવાજા મૂકનાર, સત્તર વરસના વિકાસના ચોકીદારના દર્શન કરાવવા છે આજે, પંચાવન વરસના રાજ્યના શાસનમાં પાંત્રીસ વરસ શાસન કરનાર કોંગ્રેસના ખાડા પુરનારના વખાણ કરવા છે આજે, વીસ વરસથી શાસન કરનાર ભા.જ.પ. એ જે ખાડા પૂરીને વિકાસનો જે ડુંગર ઉભો કર્યો છે એના વખાણ કરવા છે આજે, સરકારના દરેક વિભાગને વિકાસના એવોર્ડ મળ્યા છે ત્યારે ગિનિસ બુક ઓફ વર્લ્ડમાં સરકારને વધુ એક એવોર્ડ મળે એ વાત મારે કહેવી છે આજે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તે બજેટમાં આ વખતે ૭૯,૨૯૫ કરોડની જોગવાઇ લઇને આવ્યા છે ત્યારે એટલે કે ગયા વરસના પ્રમાણમાં ૪.૨૫ ટકાનો વધારો છે અને રાજ્યના પ્લાન અને નોન પ્લાનમાં ૨૦૦૪-૦૫માં જે પ્લાન અને નોન પ્લાન હતો એના પ્રમાણમાં ૨૦૧૩-૧૪માં એ નોન પ્લાનની અંદર વધારો થયો છે, એટલે કે રાજ્યના પ્લાનના બજેટમાં પાંચગણો વધારો થયો છે અને નોન પ્લાનમાં બમણો જ્યારે વધારો થયો છે ત્યારે ૨૦૧૩-૧૪ના બજેટની અંદર રાજ્યની યુનિવર્સિટીઓ એ અગ્રણી સંસ્થાઓ અને વિશ્વ વિદ્યાલયો સાથે વિદ્યાર્થીઓનું આદાનપ્રદાન કરી શકે એના માટે ગુજરાત રિસર્ચ એન્ડ ઇકોનોમી ફંડની જાહેરાત કરવામાં આવી હતી આ ફંડ અંગે માનનીય નાણામંત્રીશ્રી એમના પ્રવચનમાં ઉલ્લેખ કરશે તો અમને ગમશે. આ રાજ્યમાં યુવાશક્તિ અને રાષ્ટ્રભક્તિના નામે ૨૦૧૨-૧૩ની અંદર સારું ટેકનિકલ શિક્ષણ મળી રહે, આધુનિક ટેકનિક સાથે, માટે વિશ્વકર્મ યોજના અને ટેકનો સેવાની શરૂઆત કરવામાં આવી હતી અને ૨૦૧૩-૧૪માં આ માટે એક કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરવામાં આવી હતી, વરસ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ના બજેટમાં આ વિશ્વકર્મ યોજના માટે એક પણ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી નથી. એટલે મને પોતાને એવું લાગે છે કે આ વિશ્વ કર્મ યોજના એ કુપોષણથી પિડાતી હોય એવું મને દેખાઇ રહ્યું છે રોજગારીની અનેક વાતો થઇ છે. વર્ષ ૨૦૧૪-૧૫ની અંદર Overseas Employment & Career Guidance Centre ની અમદાવાદ, વડોદરા અને રાજકોટની અંદર સ્થાપના કરવાની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. પણ આ બજેટની અંદર આ ગાઇડન્સ સેન્ટરનું શું સ્ટેટસ છે એનુ ગાઇડન્સ માનનીય નાણામંત્રીશ્રી પૂરું પાડે તો અમને આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨૦ વર્ષથી રાજ્યની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને કોંગ્રેસ પાર્ટીના ૩૫ વર્ષના શાસનમાં જે ખાડા પડ્યા હતા એ ખાડા પૂરવાનું જે ૨૦ વર્ષની સરકારે કામ કર્યુ છે તેના થોડા વખાણ પણ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧-૦૨ની અંદર આ રાજ્યનું દેવું ૪૨૭૦૦ કરોડ હતું આજે ૧૪-૧૫માં એ દેવું ૧ લાખ ૬૯ હજાર ૫૩૮ કરોડ ઉપર પહોંચી ગયુ છે. એટલે કે છેલ્લા ચૌદ વર્ષમાં રાજ્ય સરકારે જે ખાડો પૂર્યો છે ૧ લાખ ૨૬ હજાર ૮૩૮ કરોડનું દેવું આ રાજ્ય સરકારે વધાર્યુ છે. આ ચૌદ વર્ષમાં એવરેજ ગણીએ તો દર વર્ષે ૯ હજાર કરતા પણ વધારે દેવું આ રાજ્ય સરકારે વધાર્યુ છે. દર મહિને ૭૫૪.૯૮ કરોડ કરતા પણ વધારે દેવું આ રાજ્ય સરકારે વધાર્યુ છે. અને દરરોજની એવરેજ ગણીએ માનનીય નાણામંત્રીશ્રી તો ૨૬.૯૬ કરોડ રૂપિયા આ રાજ્ય સરકાર રોજ દેવું વધારે છે આ ડુંગરની ખાડાની વ્યવસ્થિત વ્યાખ્યા છે. ૨૦૦૯-૧૦ થી ૨૦૧૪-૧૫ દરમિયાન જે ૧૦-૧૧માં રાજ્યનું દેવું હતુ ૧ લાખ ૧૦ હજાર ૮૭૪ કરોડ તે ૨૦૧૪-૧૫માં ૧ લાખ ૬૯ હજાર ૫૩૮ કરોડ થયું. એટલે કે છેલ્લા પાંચ વર્ષમાં ૫૮૬૬૪ કરોડ ઉપરનું આ રાજ્ય સરકારે દેવું આ રાજ્યની જનતાના માથે ઠોકયુ છે ત્યારે છેલ્લા પાંચ વર્ષની એવરેજ કરીએ તો દર વર્ષે આ રાજ્ય સરકારે ૧૧૭૩૨.૮૦

કરોડ રૂપિયાનુ દેવું દર વર્ષે રાજય સરકારે કર્યુ છે. અને રોજની એવરેજની વાત કરીએ તો ૩૪.૯૧ કરોડ રૂપિયાનું દેવું આ રાજય સરકારે ગુજરાતના માથે દરરોજ ઠોકે છે એ આંકડા ઉપરથી ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની કુલ આવકની વાત કરીએ તો એ મહેસૂલી આવક હોય, મૂડીની આવક હોય રાજય સરકારે ૨૦૦૯–૧૦ની અંદર ૫૬૨૦૪ જે મહેસૂલી આવક હતી તે ૧૩–૧૪ની અંદર ૯૯૪૫૯ ની આસપાસ આવક થઇ છે. એટલે કે ૨૦૦૯–૧૦ના પ્રમાણમાં ૨૦૧૩–૧૪ની આવક ૪૩૨૫૫ કરોડની આવક વધી છે ત્યારે આવકની સામે ટોટલ પાંચ વર્ષમાં ૪ લાખ ૫૮૪.૫૪ કરોડની રાજય સરકારને જયારે કુલ આવક થઇ છે એ કુલ આવકની સામે રાજય સરકારે ૫૮૬૬૪ કરોડ રૂપિયાનું દેવું વધાર્યુ છે. રાજય સરકારની આવકની વાત કરીએ તો દર વર્ષે ૮૦૧૧૬ કરોડ રૂપિયાની કુલ આવક થયેલી છે. અને દરરોજ ગણીએ તો ૨૩૮.૪૪ કરોડની દરરોજ આ રાજય સરકારની આવક થયેલી છે. રાજય સરકારના ગુડ ગવર્નન્સના મારે થોડા વખાણ કરવા છે. રાજય સરકારે દેવું તો વધાર્યુ પણ રાજય સરકારે વ્યાજ પેટે ૨૦૦૯–૧૦ થી ૨૦૧૩–૧૪ સુધીમાં ૪૮૯૭૮ કરોડ રૂપિયાનું વ્યાજનું ચૂકવણું કર્યુ છે. એટલે ૦૯–૧૦ અને ૧૩–૧૪ના પ્રમાણમાં છેલ્લા પાંચ વર્ષમાં જે વ્યાજનું ચૂકવણું કર્યુ છે એ ગણવા જઇએ અને પાંચ વર્ષના વ્યાજનો હિસાબ કરવા જઇએ તો આ રાજય સરકાર દર વર્ષે ૯૭૯૫ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવે છે. અને દરરોજ ગણીએ તો ૨૯.૧૫ કરોડ રૂપિયાનું વ્યાજ સરકાર દરરોજનું ચૂકવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે મુદલની વાત કરીએ તો રાજય સરકારે ૨૦૦૯–૧૦ થી ૧૩–૧૪માં ૨૫ હજાર કરોડ રૂપિયાની મુદલની અત્યાર સુધીમાં ચૂકવણી કરી છે. અને ચૂકવણીના ભાગરૂપે જોઇએ તો દર વર્ષે ૫૦૧૧ કરોડ જેવી ચૂકવણી મુદલમાં કરે છે એનો મતલબ એ થાય  કે, દરરોજ ૧૪.૯૧ કરોડની મુદલ આ રાજય સરકાર ચૂકવે છે. મુદલ કરતા વ્યાજ વધારે ચૂકવ્યું છે. જે આ વહીવટનું ઉત્તમ ઉદાહરણ છે. ૧૧મી અને ૧૨મી પંચવર્ષિય યોજના થઇ છે એ યોજનામાં સરકારને જે ગ્રાન્ટ મળે એ ગ્રાન્ટની હું વાત કરું તો છેલ્લા ૨૦૦૭ થી ૨૦૧૩–૧૪ સુધીમાં રાજય સરકારને જે ગ્રાન્ટ મળી છે એમાંથી ૮૪૮૧ કરોડ રૂપિયા આજે પણ વણ વપરાયા પડયા રહ્યા છે. રાજય સરકાર ગ્રામીણ વિકાસની વાત કરે છે,  રાજય સરકાર વાત કરે છે સમાજ સેવાઓની, એમાં ખેડૂત, દલિત, આદિવાસી અને સામાન્ય મધ્યમ વર્ગ પણ આવી જાય, ૧૧મી અને ૧૨મી પંચવર્ષિય યોજનાની અંદર ગ્રામીણ વિકાસ માટે જે ગ્રાન્ટ આપવામાં આવી હતી એ ગ્રાન્ટની અંદર ૨૩૫૨ કરોડ રૂપિયા આ રાજય સરકાર વાપરી શકી નથી. એવી જ રીતે સામાન્ય સેવાઓમાં ૭૯૦૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આ સરકાર વાપરી શકી નથી. એવી જ રીતે કોંગ્રેસ પાર્ટી ટીકા કરે કે તમે ઉદ્યોગ પતિઓની વાત કરો છો તમે ઉદ્યોગોની વાત કરો છો, ગરીબોની વાતમાં તમે ટેકો નથી આપતા, હું ૧૧મી અને ૧૨મી પંચવર્ષિય યોજનાના આંકડા ઉદ્યોગોની બાબતના થોડા મૂકવા માગું છું. ઉર્જાની અંદર રાજય સરકારે જોગવાઇની સામે ૬૭૪૨ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ કર્યો છે. અને ઉદ્યોગમાં ૮૬૯ કરોડ રૂપિયાનો વધારાનો ખર્ચ કર્યો છે. સરકારની કરવેરાની આવકમાં છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૩–૧૪ના પ્રમાણમાં ૨૨૭૭૬ કરોડ રૂપિયા જેટલો જયારે વધારો થયો હોય ત્યારે આ સરકાર દરરોજ ૯૨.૧૦ કરોડ રૂપિયા ગુજરાતની જનતા પાસેથી લે છે. રાજય સરકાર વીજળીની વાત કરે છે, ખેડૂતોને ૫૦ ટકા સબસિડીની વાત કરે છે, પણ છેલ્લા પાંચ વર્ષમાં આ સરકારે ગુજરાતની પ્રજા પાસેથી ૧૮૬૨૧ કરોડ રૂપિયા વીજળીના વેરા ઉપરની આવક લીધી છે. કેગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજયની ૪ મોટી કંપનીઓ એસ.આર. પાવર, એસ.આર. સ્ટીલ અને જી.એસ.એફ.સી. જેવી કંપનીઓ પાસેથી આજે પણ ૯૦૦.૩૪ કરોડ રૂપિયા લેવાના નીકળે છે જે સરકાર ઉઘરાવી શકતી નથી. આ રાજય સરકારે સ્ટેમ્પ ડયુટી ઉપર છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૦૦૦ કરોડ કરતા પણ વધારે આવક કરી છે. જંત્રીના ભાવ વધારાને કારણે રાજયની પ્રજાને ખૂબ મોટું ભારણ પડયું છે. ત્યારે આ રાજય સરકારે શ્રમ યોગી કલ્યાણ માટે સમાજ સુરક્ષા બોર્ડની વાત કરી છે અને તેના માટે ૪ કરોડની જોગવાઇ કરી છે. મારે સરકારને પૂછવું છે કે આ રાજયમાં જયારે પાંચ લાખ કરતા વધારે શ્રમ યોગીઓ હોય ત્યારે સરકાર એને માટે ફકત ૪ કરોડની જોગવાઇ કરે છે. આ રાજયના કેગના રિપોર્ટમાં કહ્યું છે જાહેર સાહસોએ એના ગેર વહીવટને લીધે ૪૮૯૧.૯૨ કરોડ રૂપિયાની ખોટ કરી છે ત્યારે આની અંદર વધારે પૈસા આપવા જોઇએ તેવી મારી માગણી છે. ગઇકાલે બાપુ બોલતા હતા, મને ખબર પડતી નથી, બાપુ મને આજે ખબર પાડજો આપે જે ખાડા પુરવાની, બુલડોઝરની વાત કરી છે એમાં મને થોડી સમજ પાડજો. ડો. બાબા સાહેબ આંબેડકરની વાત થઇ, ભારતના બંધારણના ઘડવૈયા, જેણે આ દેશનું બંધારણ બનાવ્યું,

દલિતોના મસીહા, જેની ૧૨૫મી જન્મ જયંતિ રાજ્ય સરકારે ઉજવવાનો નિર્ણય લીધો છે. ખૂબ સારું કર્યું તમે, એમાં ૧૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. કોઇની ૧૨૭મી, કોઇની ૯૮મી, કોઇની ૧૩૮મી હોય અને ઉજવવી જોઇએ, પણ જ્યારે ૧૨૫મી જન્મ જયંતિ આવતી હોય ત્યારે ડાયરાઓ કે ભજનો કરવાથી ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી નહીં થાય, સરકાર સાચા અર્થમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી કરવા માગતી હોય તો હું માગણી કરું છું કે ૧૨૫મી વર્ષ ગાંઠ નીમિતે રાજ્ય સરકાર ૧૨૫ કરોડ ફાળવે. અને ડો. બાબા સાહેબ આંબેડકરનું, કે જેઓ ગુજરાતમાં ભણીને આટલી મોટી ડીગ્રી પ્રાપ્ત કરી હતી બરોડામાંથી, એ ડો. બાબા સાહેબ આંબેડકરનું સ્મારક આ ગુજરાતમાં ઉભું થાય તેવી હું માગણી કરું છું. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મેં જે આંકડાઓ કહ્યા છે, અને ખાસ કરીને આ ગૃહની અંદર સોનિયાજીની વાત કરવામાં આવે છે. જેઓ ગૃહમાં હયાત ન હોય તેના નામની ચર્ચા કરવામાં આવે છે. શ્રીમતી સોનિયા ગાંધી એ એવી વ્યકિત છે કે એ ઇટાલીના હોવા છતાં પણ આ દેશના નાગરિક સાથે હિન્દુ વિધિથી લગ્ન કર્યા અને એ કર્યા પછી એના પતિને આ દેશની એકતા અને અખંડીતતા માટે બોમ્બ ધડાકામાં ઉડાડી દેવામાં આવ્યા છતા પણ આજે આ દેશમાં રહે છે. •(xxx) આ હિન્દુસ્તાનની સંસ્કૃતિ હિન્દુ સંસ્કૃતિને સોનિયા ગાંધીએ પાળી છે. અહીંયા રાહુલ બાબાની વાત કરે છે. પહેલા આશારામ બાબાને પૂછી આવો પછી અમારા રાહુલ બાબાની વાત કરો. અમારા રાહુલ બાબા કોઇ તડીપાર થયો નથી, કોઇ જેલમાં ગયો નથી, કોઇ જમ્મુ કાશ્મીરની જેલમાંથી અલગતાવાદીઓ કે ત્રાસવાદીઓને છોડાવવા ગયો નથી. જે લોકો અહીંયા વાત કરી રહ્યા છે એની પાર્ટીએ, ભારતીય જનતા પાર્ટીએ જેની સાથે *(xxx)કર્યું છે. (અંતરાય)

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્રની દરખાસ્તોમાં શહેરી વિકાસ વિષય ઉપર હું મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ગુજરાતના આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળ આ સતત બીજું અંદાજપત્ર રજૂ કરવામાં આવી રહ્યું છે. ગતિશીલ ગુજરાતના સૂત્ર દ્વારા લાંબા ગાળાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ તેમજ સામાજિક ક્ષેત્ર ઉપર ભાર મૂકતા અને એની છાપ ઉપસાવતું આ અંદાજપત્ર છે. આ અંદાજપત્રનું એક મહત્વનું પ્રદાન એ છે કે રાજ્યની કુલ આયોજનની ફાળવણીના ૪૮.૫ ટકા કરતાં વધુ રકમ સામાજિક ક્ષેત્ર માટે ફાળવવામાં આવેલ છે. આ અત્યંત બિરદાવવા લાયક બિના છે. સરકારનો અભિગમ સામાજિક સુધારણા ક્ષેત્રે કેટલો તીવ્ર ગતિથી આગળ વધશે એ આના ઉપરથી પ્રતિતિ થાય છે.

વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ રાજ્યની કુલ વસતિ ૬.૦૪ કરોડ છે. જેમાં શહેરોની વસતિ જોઇએ તો ૨.૫ કરોડ જેટલી છે. એટલે કે રાજ્યની કુલ વસતિના ૪૨.૫૦ ટકા થવા જાય છે. એટલે કે શહેરી વિકાસનું મહત્વ એ ક્ષેત્રમાં જે કંઇ કામગીરી કરવાની છે એનું મહત્વ વધી જાય છે.

ગુજરાત એ દેશમાં સૌથી વધુ અને ઝડપથી શહેરીકરણ તરફ આગળ વધતું એવું અગ્રીમ રાજ્ય છે. આપણા રાજ્યમાં કુલ ૮ મહાનગરપલિકાઓ અને ૧૫૯ નગરપાલિકાઓ આવેલી છે, એમ કુલ મળીને ૧૬૭ શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા શહેરોનો વહીવટ ચલાવવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૧૬નું અંદાજપત્ર ૧,૩૯,૧૩૯ કરોડનું કદ ધરાવે છે. ગુજરાતની ૪૨ ટકા વસતિ શહેરોમાં વસે છે. ગુજરાતના શહેરોમાં માળખાકીય સુવિધાઓ વધે, સ્વાસ્થયની સેવાઓ અને નાગરિકોને વાજબી કિંમતે રહેવાના મકાનો અને યોગ્ય જીવન ધોરણ પૂરું પાડવા માટે શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ માટે કુલ જોગવાઇ રૂપિયા ૧૦,૨૬૯.૧૪ કરોડની કરવામાં આવી છે, એના ઉપરથી એનું મહત્વ સમજાય છે.

હું આ તક્કે એક ખાસ મહત્વની બાબત કહેવા માગું છું. આપણા માનવંતા અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતની શાસન ધુરા સંભાળતા હતા ત્યારથી એમણે છેવાડાના માનવી, ગરીબ અને વંચિત વર્ગનું જીવન ધોરણ ઉંચુ ઉઠાવવાના કાર્યને પ્રાથમિકતા આપી હતી. ઉર્દ્વગામી અસરથી જાણે કે વિકાસ કરવો છે તે રીતે પાયામાં તેમણે અકિંચન વ્યકિતત્વ, એકદમ વંચિત રહ્યો હોય તેવા વિસ્તારને પહેલાં પ્રાથમિકતા આપી અને વનબંધુ કલ્યાણ યોજનાના અમલથી આદિવાસી ક્ષેત્રનો વિકાસ કર્યો. રાજ્યમાં કૃષિ આંદોલન ચલાવ્યું. રાજ્યના કૃષિ ક્ષેત્રમાં જબરજસ્ત પરિવર્તનો આવ્યા. ખેડૂતો સમૃદ્ધ બનવા માંડ્યા. ગરીબ

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

કલ્યાણ મેળાના માધ્યમથી વ્યાપક પ્રમાણમાં રોજગારી પણ ઉભી કરવામાં આવી. વાઇબ્રન્ટ સમિટના માધ્યમથી મોટા પ્રમાણમાં ઉદ્યોગો સ્થાપાયા. સાચા અર્થમાં ગુજરાત વાઇબ્રન્ટ બન્યું. માનનીય શ્રી નરેન્દ્રભાઇએ રાજયના મહાનગરોને વિશ્વ કક્ષાના બનાવવા માટેનો નિર્ધાર વ્યક્ત કર્યો અને એથી આ મહાનગરો વિશ્વ વેપારના અને વાણિજ્યના કેન્દ્રો બની રહે અને તેથી જ આપણાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ શહેરી વિકાસના કાર્યને વિશેષ મહત્વ આપીને સદર કાર્યને ગતિશીલતા આપી રહ્યા છે. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અને ઉમ્મીદ યોજના અન્વયે શહેરી યુવા વર્ગને કૌશલ્યવર્ધક તાલીમ આપીને આર્થિક રીતે આત્મનિર્ભર બને તે માટે ૫૩.૫૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી ગરીબોને વ્યાજબી કિંમતે પોતાનું ઘર મળે તે હેતુથી મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે રુ. ૧૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આગામી વર્ષમાં ૨ લાખ નવા મકાનોનું આ માટેનું આયોજન છે. તે પૈકી સ્લમ રીહેબિલીટેશનના ૫૦ હજાર આવાસોનું આયોજન પણ છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજય સરકાર આગામી પાંચ વર્ષ માટે ગરીબ અને સામાન્ય શહેરીજનને કેન્દ્રમાં રાખીને સામાજીક સુવિધા ઉપર વધારે ભાર મૂકતા એક સંપૂર્ણ શહેરી વિકાસ યોજના રુ. ૨૨,૫૦૦ કરોડની જોગવાઇ સાથે રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો એટલું જ કહીશ કે જે રીતે નીચેથી ઉપર ઉઠાવવાની વાત છે, એકદમ ડાઉન ટ્રોડન પીપલમાંથી, એકદમ રીમોટ એરિયામાંથી લઇને સમાજને ઉપર ઉઠાવ્યો અને વાયબ્રન્ટ સમિટના માધ્યમથી ગુજરાતને વધારે સમૃદ્ધ બનાવ્યું. રોજગારીની વધુ તક પ્રાપ્ત થવા માંડી. ત્યારે શહેરોની સ્થિતિ શું છે? હું વડોદરાનું ઉદાહરણ આપીશ. તો આ બજેટમાં વડોદરા રીવર ફ્રન્ટ માટે થઇને ૫૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. અત્યારે વડોદરામાં જે પ્રકારના કામ ચાલી રહ્યા છે, અસલ ગાયકવાડી સ્વરૂપનું એક નમૂનારૂપ વડોદરા બની રહે તે દિશામાં સરકાર પ્રયત્નશીલ છે. અમે બધા ત્યાંના પ્રતિનિધિઓ પણ પ્રયત્નશીલ છીએ. શહેરના તળાવોને ઉંડા કરવામાં આવ્યા છે. તેની ક્ષમતા વધારવામાં આવી છે. સેંકડોની સંખ્યામાં આખા નગરમાં અમે પરકોલેટીંગ વેલ બનાવ્યા છે કે જેને કારણે વરસાદનું વધારાનું પાણી ડ્રેનેજની કેટલીક સમસ્યા હોવાને કારણે જે રોડ પર ભરાઇ રહેતું હતું એ બધું હવે ધરતીના પેટાળમાં જાય છે. તળાવોને ઉંડા કર્યા, તેની સ્ટૉરેજ ક્ષમતા વધારી. પરકોલેટીંગ વેલ બનાવ્યા તેના માધ્યમથી જમીનના વૉટર ટેબલ સુધર્યા. તેને કારણે વિશાળ પ્રમાણમાં પાણીની ઉપલબ્ધિ થવા માંડી અને આ રીતે અમે પાણીનો પ્રશ્ન પણ વડોદરામાં સોલ્વ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ઉદાહરણ આપું. મને કહેતા ગૌરવ થાય છે. અમારી ૨૯ નંબરની એક ટી.પી.નું કામ હતું. તેની જાહેરાત થતાં અમારા એક વિસ્તારમાં જબરજસ્ત ભડકો થયો, એમ સમજો કે શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના લોકો એમના મકાનો તૂટી જશે તે દહેશતથી મોટા મોટા સરઘસો કાઢવા લાગ્યા. તે સમયે અમે બહેન પાસે રજૂઆત કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે રજૂઆત કરી. તેઓ પોતે પોતાના વિભાગના તમામ અધિકારીઓને લઇને વડોદરા પધાર્યા. લોકલ ઓથોરિટીને સાથે રાખીને અમારી સાથે ચર્ચા કરી. ચર્ચા કર્યા બાદ મને કહેતા ગૌરવ થાય છે. તેમણે અમને કહ્યું કે તમે લોકોએ રજૂઆત કરી છે, અમે સાંભળી છે. અમે એના ઉપર વિચારણા કરીએ છીએ, પણ તમે લોકો બેસજો, જશો નહીં. બે કલાક પછી અમને ફરી બોલાવ્યા, બે કલાકમાં એમણે નિર્ણય આપ્યો. આખી પરિસ્થિતિનો હલ તેમણે બે કલાકમાં ત્યાં આપ્યો.

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આ કામ કરતી સરકાર છે, ત્વરીત ગતિએ કામ કરતી સરકાર છે. આ આપણા અનુભવ છે. સુરતમાં જે રીતે ડેવલપમેન્ટના કામ થયા છે એ કાબીલે તારીફ છે. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ દરમિયાન પેદા થતા ગ્રીન હાઉસીસ ગેસીસનો ઉપયોગ કરીને વીજળી પેદા કરતી સુરત પ્રથમ મહાનગરપાલિકા છે. દર વર્ષે લાખો રૂપિયાનો બચાવ થશે. કેટલી તેજીથી લોકો કામ કરી રહ્યા છે, કેટલી તેજીથી આપણા કાર્યકરો કામ કરી રહ્યા છે, કેટલી તેજીથી સરકાર કામ કરી રહી છે એનું સારામાં સારું ઉદાહરણ છે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા**(**સુરત (પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬ના અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં ભાગ લેવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાયમેટ ચેન્જ ઉપર મારા વિચારો રજૂ કરું છું. આપ જાણો છો કે, પ્રદૂષણને કારણે વાતાવરણની અંદર ગ્રીન હાઉસ ગેસીસ એટલે કે, કાર્બન ડાયોક્સાઇડ, મિથેન જેવા વાયુઓનું ખૂબ મોટા

પાયા ઉપર સર્જન થાય છે. જેના કારણે પૃથ્વીના ઓઝોન લેયરને નુકસાન થતું હોવાના કારણે વિશ્વ ગ્લોબલ વોર્મીંગ અને કલાયમેટ ચેન્જ તરફ આગળ વધી રહ્યું છે. કલાયમેટ ચેન્જની ગંભીર અસરો આપણે સમાચાર પત્રોમાં વાંચીએ છીએ અને ટી.વી. ઉપર જોઇએ છીએ. અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, કોલ્ડ વેવ, હોટ વેવ, બરફ અને સમુદ્રના તોફાનો, વાવાઝોડા, આભ ફાટવું, નદીઓમાં પૂર આવવું વગેરે ઘટનાઓ વધતી જાય છે. જેના કારણે માનવ મરણ, ખાના ખરાબી અને વિનાશે દુનિયાની મહાસત્તાને પણ હચમચાવી દીધી છે. કલાયમેટ ચેન્જ એ કોઇ રાજ્યની સમસ્યા નથી, કલાયમેટ ચેન્જ એ દેશની સમસ્યા નથી, કલાયમેટ ચેન્જ એ સમગ્ર વિશ્વની સમસ્યા છે. વિશ્વની મોટી મોટી એન.જી.ઓ. જેવી કે, રોકફેલર ફાઉન્ડેશન યુ.એસ.એ.માં કલાયમેટ ચેન્જના વિષય ઉપર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ કરી રહી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ કલાયમેટ ચેન્જ સંદર્ભમાં થયેલા બે સેમીનારમાં, કોન્ફરન્સમાં બેંગકોક અને વિયેતનામમાં મારે હાજર રહેવાનું અહોભાગ્ય પ્રાપ્ત થયું હતું. વિયેતનામ દેશના દરાંન શહેરની કોન્ફરન્સમાં સમગ્ર દુનિયાના ઇન્ટરનેશનલ એક્સપર્ટ અને સ્કોલરે પોત પોતાના પેપર્સ રજૂ કર્યા હતા. ત્રણ દિવસ સુધી એના ઉપર ખૂબ ગંભીર ચર્ચાઓ થઇ હતી. વિશ્વ કલાયમેટ ચેન્જની સમસ્યા ઉપર કેટલી ચિંતા કરે છે તેનું હાર્દ મને કોન્ફરન્સમાંથી પ્રાપ્ત થયું હતું. આ આપણને દેખાતું નથી, પણ જે થવાનું છે, એનું થીમ હાર્દ મને અવશ્ય પ્રાપ્ત થયું છે. આપણે આજકાલ સમતોલ વાતાવરણમાં જીવી રહ્યા છે. ખૂબ સારા વાતાવરણમાં જીવી રહ્યા છીએ. આપણા પૂર્વજોએ ખૂબ સારું વાતાવરણ આપેલ છે. We have been living, we have been enjoying our season cycles. શિયાળો, ઉનાળો અને ચોમાસું આ સર્કલ છે એની મજા છે. Now onwards, looking to the Climate Change આપણી પણ ફરજ બને છે કે, આપણે આપણા વંશજો માટે પણ સારું વાતાવરણ મૂકીને જઇએ, એ આપણી ફરજ છે. આપણા પૂર્વજોએ આપ્યું છે એનાથી પણ વધારે સારું વાતાવરણ આપવું જોઇએ અને એટલે જ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કલાયમેટ ચેન્જની સમસ્યાને ગંભીરતાથી લઇને, એમના વીઝનના ભાગરૂપે ગુજરાતની અંદર ૨૦૦૯માં કલાયમેટ ચેંજ વિભાગની શરૂઆત કરી હતી. આજે ૨૦૧૫માં હું આ બોલુ છું આજે છ વર્ષથી એ વિભાગ આપણા રાજયની અંદર ચાલે છે. Gujarat is the first State not only in India but in entire Asian continent to start Climate Change Department. સમગ્ર રાષ્ટ્રની અંદર સોલાર પાવર એનર્જી પોલીસી જાહેર કરનારું પણ આપણું ગુજરાત સૌ પ્રથમ રાજ્ય છે અને renewable energy technology ને પ્રોત્સાહન પૂરું પાડવામાં પણ આપણું રાજ્ય પ્રથમ છે. રાજ્ય સરકારે જાહેર કરેલી નીતિને પગલે કુલ મળીને ૯૦૩ જેટલા મેગાવોટ ક્ષમતાના સોલાર એનર્જી જનરેશન પ્લાન્ટ કાર્યવંત કર્યા છે. સોલાર એનર્જી થકી વીજ ઉત્પાદન અને સાધન ઉત્પાદનની સુવિધા અને ટ્રાન્સમીશન એકટીવીટી થતા ગુજરાત આજે સોલાર એનર્જી હબ બન્યું છે. આ ખૂબ જૂની વાત છે પણ છતાં કહું કે ગુજરાત સરકારે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે બે હજાર હેકટર શુષ્ક જમીન ઉપર એશીયાનો સૌથી મોટો સોલાર પાર્ક કાર્યવંત કર્યો છે. ત્યાં કુલ મળીને ૨૫૪ મેગાવોટ જેટલી રીન્યુઅલ એનર્જી જનરેટ કરવામાં આવી રહી છે. આપણે નસીબદાર છીએ કે આપણા રાજયને ૧૬૦૦ કિલોમિટર જેટલો લાંબો દરિયાકિનારો મળ્યો છે અને તેના કારણે રાજયમાં દસ હજાર મેગાવોટ જેટલી વીજ પાવર જનરેશન ઉત્પાદન કરવાની કેપેસીટી છે અને આ ક્ષેત્રમાં આગળ વધવા માટે રાજય સરકારે વીન્ડ પાવર જનરેશન પોલીસી પણ જાહેર કરેલી છે. આ પોલીસીના અમલીકરણને કારણે અત્યાર સુધીમાં ૩૪૪૭ મેગાવોટ ઉત્પાદન ક્ષમતાના પ્લાન્ટ આપણા રાજયમાં ઉપસ્થિત થયા છે. ૨૦૧૫-૧૬ના વર્ષ દરમિયાન વધુ ૫૦૦ મેગાવોટ ઉમેરો કરવાનું વિચાર્યુ છે, કલાયમેંટ ચેંજ અને ગ્લોબલ વોર્મીંગની અસરોને કાબૂમાં રાખવા માટે આપણા પાટનગર ગાંધીનગરને સોલાર સીટી અને કાર્બન ન્યુટ્રલ સીટી તરીકે વિકસાવવા માટેનો પ્રોજેકટ પણ હાથ ધરવામાં આવ્યો છે. પ્રોજેકટના અમલીકરણના ભાગરૂપે ગાંધીનગરના તમામ સરકારી મકાનો અને જે સંસ્થાઓ સરકારી સહાય મેળવતી હોય ત્યાં સોલાર પાવર પેક, સોલાર વોટર હીટર, સોલાર એરકન્ડીશનર ગોઠવવામાં આવી રહ્યા છે અને બીજી ઘણી પ્રવૃત્તિ જેવી કે આ રાજયની અંદર, શહેરની અંદર એનર્જી ઓડીટ, એનર્જી એફીસીયન્ટ સાધનોને લોકપ્રિય બનાવવા, એનર્જી એફીસીયન્સી લેવલ ઉંચું લાવવા માટેની કામગીરી, ઉદ્યોગોમાં એનર્જી એફીસીયન્સી લેવલ ઉચું લાવવા માટેની કામગીરી, એલ.ઇ.ડી. લાઇટીંગ સીસ્ટમ માટેના ડેમોન્સ્ટ્રેશન ઔદ્યોગિક તાલીમ સંસ્થા, આઇ.ટી.આઇ.ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું, બીજા અનેક કાર્યક્રમો

આપણે કરીએ છીએ. સૌર ઉષ્મા જલતાપણ યોજના હેઠળ ૨૦૧૨-૧૩ની અંદર ઉત્તમ કામગીરી માટે ભારત સરકારે ગુજરાતને પ્રથમ પુરસ્કાર પણ આપ્યો છે. અને સાથે સાથે રાજયના રીન્યુઅલ ઉર્જા ઉત્પાદનમાં વર્ષ ૨૦૧૦ થી ૨૦૧૪ દરમિયાન ૨૫૫૩ મેગાવોટ ઉમેરો કરીને સર્વોત્તમ કામગીરી કરવા માટેનો તાજેતરમાં આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના હસ્તે એવોર્ડ પણ આપવામાં આવ્યો છે. કલાયમેટ ચેંજ વિભાગને અભિનંદન પાઠવું અને હું મારું વકતવ્ય પૂરું કરું તે પહેલા કહું કે સરકાર રાજય કક્ષાએ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ જે કંઇ પ્રયત્નો થતા હોય તે કરે છે પણ આપણે કયાં છીએ? આ પર્યાવરણ અને વાતાવરણ બનાવવા માટે, જાળવી રાખવા માટે આપણે કયાં છીએ? આપણો ફાળો શું છે? કલાયમેટ ચેંજને રોકવા માટેનું આપણું કોન્ટ્રીબ્યુશન શું છે? ઉત્તરાખંડની અંદર જે થયું છે એ આપણે બધાએ જોયું છે, કોઇકના સગાવહાલા આજે પણ મળતા નથી, એમના વારસો આજે પણ ઉત્તરાખંડની અંદર એમના વડીલોને શોધતા હોય છે. આની ઇમ્પેકટ છે. અહીં ખાલી એરકન્ડીશન હોલમાં ચર્ચા કરવાથી આ ઇમ્પેકટ આપણા મગજમાં આવશે નહિ પણ આવવી જોઇએ ત્યાર પછી જ આપણે કાંઇ કરી શકીશું. આપણા વંશજો માટે. પરમ દિવસે સાહેબ જાપાનની અંદર જે સુનામી આવી હતી. આજે એ સુનામીમાં જે લોકો મરણ પામ્યાં હતાં તેને શ્રધ્ધાંજલિ આપવા માટેનો કાર્યક્રમ મેં જોયો ત્યારે આપણને ખરેખર એમ થાય કે જો કદાચ આવું ક્યારેક આપણે ત્યાં રાજયમાં બને તો આપણી પરિસ્થિતિ શું થાય? ભલે બીજે થાય છે પણ થીંક કે આપણે ત્યાં થાય તો શું? એટલે સાહેબ છેલ્લું સૂચન કરીને મારી વાત પૂરી કરીશ. આ વાતાવરણને બચાવવા માટે આ સવા છ કરોડ ગુજરાતી પૈકી ચાર કરોડ ગુજરાતીઓ પોતાના વર્ષગાંઠના દિવસે એક ઝાડ આપણે પાંચ વર્ષ સુધી આપણા રાજયની અંદર ઉગાડીએ તો હું માનું છું કે પોલિટિકલી આપણે શું કરી શકીએ એ અગત્યનું નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સત્તાધારી પાર્ટીના સન્માનનીય સભ્યશ્રીઓ આ રાજ્યનો કૃષિ વિકાસ દર ૧૦% થીય વધુ છે એવો દાવો વારંવાર કરે છે પણ સાહેબ હું આ વાત વિષે કહેવા માગું છું કે મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર ભારત સરકારના સરવેના આધારે વર્ષ ૨૦૦૫-૦૬ થી ૨૦૧૩-૧૪ સુધીનો સરેરાશ કૃષિ વિકાસ દરના આંકડા હું આ સન્માનનીય ગૃહને આપવા માગું છું, મધ્યપ્રદેશનો ૧૦.૩૫%, પોંડીચેરીનો ૯.૯૦%, ઝારખંડનો ૯.૭૪%, મિઝોરમનો ૯.૭૩%, સિક્કીમનો ૮.૬%, છત્તીસગઢનો ૮.૩%, અરૂણાચલનો ૬.૮૦% અને આપણા ગુજરાતનો ૬.૨૦%. સાહેબ, આ સરેરાશ ભારતનો કૃષિ વિકાસ દરનો આ ગુજરાતનો સત્તાવાર આંકડો છે એમાં ગુજરાતનો નંબર આઠમો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સન્માનનીય મિત્રો કાયમ માટે કહે છે, એમાંય ચૂંટણીમાં જાય ત્યારે તો એમ કહે કે અમારો ગુજરાતનો ખેડૂત તો દર વર્ષે મારૂતી મોટર લ્યે છે. અમારા ગુજરાતના ખેડૂતોને ૧૪ કલાકના બદલે ૨૪ કલાક વીજળી આપીએ છીએ. અમારા ગુજરાતનો ખેડૂત અમારા શાસનમાં સુખી અને સમૃદ્ધ થયો છે આવી કાયમ વાતો કરતી ભારતીય જનતા પાર્ટીના મિત્રોને હું કહેવા માગું છું કે કૃષિ વિકાસ દરમાં આપણો નંબર ૮ મો છે અને તેમાં નંબર વન લઇ આવવાની સાચા અર્થમાં મહેનત કરવી જોઇશે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મંત્રીશ્રી વાત કરતા હતા કે કુદરતી આફતો વખતે ખેડૂતોને જે સહાય આપવાની હોય, અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય કે માવઠું હોય ત્યારે આ સરકાર ખેડૂતોને સહાય કરતી નથી. રાજ્ય સરકારને આના માટે કેન્દ્ર સરકાર આપત્તિ ભંડોળ માટે પુરતા પૈસા આપે છે. છેલ્લા પાંચ વર્ષમાં ૧૬૪૩ કરોડ રૂપિયા આપ્યાં પણ આ સરકારે ખર્ચ્યા કેટલા? ૪૫૪ કરોડ રૂપિયા જ વાપર્યા. અહીંયા સન્માનનીય સભ્યશ્રીઓ રજૂઆતો કરે કે અમારા વિસ્તારમાં માવઠાથી કેરી, જીરું, રાયડા અને બીજી અનેક વસ્તુના પાકને નુકસાન થયું અને સરકાર એમાં ઉદાર હાથે ખેડૂતોને સહાય કરે. સાહેબ, સહાય માટેના પૈસા તો કેન્દ્ર સરકાર આપે છે પણ આ સરકાર ખેડૂતો પ્રત્યે કેટલી નિષ્ઠુર છે એનો દાખલો એ છે કે આવી કુદરતી આપત્તિ વખતે આ સરકાર ખેડૂતને ફદિયું પણ સહાય આપતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો હતો કે, કે સૌરાષ્ટ્રના અને ગુજરાતના નર્મદાના કમાન્ડ એરિયામાં એની શાખા, પ્રશાખાના કામો કરવા માટે ઝડપ લાવવા આ સરકારની નેમ છે અને એના માટે પાઇપ લાઇનની યોજના શરૂ કરી. સાહેબ, નવી યોજના છે એટલે હું એના વિશે વધારે ટીકા નથી કરતો પણ ઉકાઇમાં, કરજણમાં, સિપુમાં,

રાજસ્થાનમાં, પંજાબમાં લગભગ ઘણે ઠેકાણે કેનાલોમાં પાઇપ લાઇનો નાખવાની યોજના નિષ્ફળ ગઇ છે. છતાંય આ તો સરકાર છે, અખતરો એને કરવો હોય તો છૂટ છે. પણ નહેરોના કામો એણે મોડા કર્યા એના કારણે ખેડૂતોને પિયતનું પાણી ના મળ્યું અને એનો દંડ ખેડૂતોને શું કામ સાહેબ ? યોજના ૯૦:૧૦ની, ૯૦ સરકારના અને ૧૦ ખેડૂતના. સાહેબ, આ તો *(xxx) જેવું થયું છે. મારી સરકારને વિનંતી છે કે, આમાં ખેડૂતોના દસ ટકાની વાત છે એ તમે નાબૂદ કરો.

ઉપાધ્યક્ષશ્રી : આપના આ શબ્દો અસંસદીય છે અને હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવી જ વાત ઇંદિરા આવાસ યોજનાની છે. બી.પી.એલ. પરિવારોને ઘર બાંધવા માટે કેન્દ્ર સરકાર દર વર્ષે કરોડો રૂપિયા રાજ્યોને ફાળવે છે. ૨૦૧૩-૧૪ના વર્ષ માટે ૨૪૧ કરોડ રૂપિયા ગુજરાત સરકાર પાસે પડયા હતા. એના પ્રથમ ચાર માસમાં સરકારે માત્ર ૩૮ કરોડ રૂપિયા જ વાપર્યા. એમાંય સાહેબ, ૧૧,૨૫૦ રૂપિયાની સબસિડી રાજ્ય સરકાર પોતાના ફાળા પેટે આપતી હતી એ પણ તા. ૧-૪-૨૦૧૦થી બંધ કરી દીધી અને એના કારણે કેન્દ્ર સરકારે આપેલા નાણા વાપર્યા વગરના પડ્યા છે સાહેબ. ચૌદ જિલ્લાનો ૫૬,૦૯૪ લાભાર્થીઓનો લક્ષ્યાંક રાખ્યો હતો એની સામે સરકારે માત્ર ૩૩૨ જેટલા લાભાર્થીના જ આવાસો મંજૂર કર્યા છે. સાહેબ, આના ઉપરથી જ દેખાઇ આવે કે, બી.પી.એલ.ના લાભાર્થીને અને ગરીબ લોકો કે, જેઓ પોતાની મેળે પોતાનું ઘર બનાવી શકતા નથી એવા લોકોને પોતાનું ઘરનું ઘર થાય એના માટે આ સરકારની કેટલી બેદરકારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નારી સશક્તિકરણની અનેકવિધ વાતો થાય છે. આનંદની વાત છે, અત્યારે તો રાજ્યના મુખ્યમંત્રી પણ એક નારી છે. આપણે એના માટે ગૌરવ અનુભવીએ છીએ. પણ સાહેબ, નારીની જે વેદના છે, **"દુનિયા મેં હમ આયે હૈં, તો જીના હી પડેગા, જીવન હૈં અગ ઝહર, તો પીના હી પડેગા"**. સાહેબ, આપણે નારીને નારાયણી કહીએ છીએ, **"યત્ર પૂજ્યંતે નારી, તત્ર રમયન્તે દેવતા"**. આ આપણે વાત કરીએ છીએ સાહેબ કે, જયાં નારીઓની પુજા થાય ત્યાં દેવતાનો વાસ હોય છે. સાહેબ, આવી સ્થિતિ હોય, આપણે મોટી મોટી વાતો કરીએ, આપણે મહિલા સંમેલનો યોજીએ, આપણે બેટી બચાવો અભિયાન કરીએ અને પછી પણ આ રાજ્યની મહિલાઓની સંખ્યા બાબતની શું સ્થિતિ છે? સાહેબ, એ હું આપને કહેવા માગું છું. સાહેબ, ૨૦૦૧માં રાજ્યમાં ૧,૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૨૧ હતી એ ૨૦૧૧માં ઘટીને ૯૧૮ થઇ. દસ વર્ષમાં ત્રણ સ્ત્રીઓનો ઘટાડો થયો. આ શું બતાવે છે? ૨૦૦૧માં ભારત દેશમાં ૧,૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ૯૩૩ હતી. ૨૦૧૧માં એ વધીને ૯૪૦ થઇ. જયારે ભારતમાં ૧,૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની સંખ્યામાં વધારો થયો અને ગુજરાતમાં ઘટાડો થયો છે. હું તમને આંકડા સાથે કહેવા માગું છું કે, ૨૦૦૧માં દિલ્હીમાં ૮૨૧ સ્ત્રીઓની ૧,૦૦૦ પુરુષોએ સંખ્યા હતી, એ ૨૦૧૧માં ૮૬૬ થઇ, ૪૫ નો વધારો થયો. કેરાલામાં ૨૦૦૧માં પુરુષોની સંખ્યા ૧૦૫૧, સ્ત્રીઓની સંખ્યા ૧૦૫૮ હતી, ૨૦૧૧માં ૧૦૮૪ થઇ, ૨૬નો વધારો થયો. મહારાષ્ટ્રમાં ૯૨૨ હતી, ૯૪૬ થઇ, ૨૪નો વધારો થયો છે. આસામમાં ૯૩૨ એમાંથી ૯૫૪ થઇ, ૨૨નો વધારો થયો સાહેબ. (સમયસૂચક ઘંટડી) અરુણાચલ પ્રદેશમાં ૯૦૧ એમાંથી ૯૨૦ થઇ, ૧૯નો વધારો થયો અને ગુજરાતમાં સાહેબ, ૯૨૧, ૨૦૦૧માં ૧,૦૦૦ પુરુષોએ મહિલાની સંખ્યા હતી. એમાંથી ૨૦૧૧માં ૯૧૮ થઇ. ૩ માઇનસ થઇ. હું કહેવા માગું છું કે સરકાર મહિલાઓના નામે અનેકવિધ જાહેરાતો કરે છે. મહિલા ઉત્કર્ષ માટે, નારી સશકિતકરણ માટે, તો મહિલાઓની સંખ્યા કેમ ઘટતી જાય છે? એટલા માટે કહેવા માગું છું કે ઉત્સવો માત્ર દેખાડા કરવા માટે, માત્ર પોતાના પક્ષના પ્રચાર અને પ્રસાર કરવા માટે છે. વાસ્તવિક ધોરણે મહિલાના ઉત્કર્ષ માટે કોઇ કામ થતું નથી એને કારણે સંખ્યા ઘટતી જાય છે. ૨૦૧૪માં બજેટમાં ઘણીબધી યોજનાઓ કરી હતી. માત્ર કાગળ ઉપર રહી ગઇ. એ યોજનાઓની હું નામાવલી વાંચું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ જે અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં ચર્ચા કરવા માટે હું ઉભો થયો છું. ગુજરાત રાજયના આર્થિક અને સામાજિક વિકાસ, પશુપાલન અને ડેરી વિકાસ બાબત અગાઉ અંદાજપત્ર રજૂ થયું છે તેમાં અમારા ફતેપુરા તાલુકામાં

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાં કાઢી નાખવામાં આવ્યા.

આદિવાસી વિસ્તારમાં મહિલા ડેરીઓ આવેલી છે. એમાં ૨૦૧૪-૧૫માં ૪૧ વિકાસશીલ યોજનામાંથી અમારા આદિવાસીભાઇઓ અને બહેનોને ૪૦૦ જેટલી ભેંસો આપવામાં આવી છે. ફતેપુરા તાલુકામાં ૪૧ વિકાસશીલ સખી મહિલા મંડળોને પણ ગીર ગાયો આપવામાં આવેલી છે. રાજયમાં કુલ ૧૦૧ લાખ કુટુંબો પૈકી પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૪૨ લાખ કુટુંબોને પશુપાલન માટે આર્થિક સહાય પૂરી પાડે છે. આગામી પાંચ વર્ષમાં દશ ગામ દીઠ એક પશુ દવાખાના સ્થાપવા માટે આ રાજય સરકારે સૌ પ્રથમ ૨૦૧૫-૧૬માં ૧૫૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. પશુ સારવાર માટે અમારા આદિવાસી વિસ્તારની અંદર પશુ કેન્દ્ર આપવા માટે શીત કેન્દ્ર સ્થાપવા માટે આ સરકારે ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તરફથી મહિલા મંડળીઓને ૫૩૬૭ કિલો પશુ મેળાઓમાં દાણનું કીટ વિતરણ કરવામાં આવેલું છે. પશુ મેળાઓ કરવામાં આવ્યા છે અને અમારા વિસ્તારમાં સૌથી વધુ લાભ મહિલાઓને આપવામાં આવ્યો છે. રાજયમાં મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને દૂધ ઘર બાંધવા માટે આદિવાસી વિસ્તારમાં ૨૫ કરોડની જોગવાઇ આ સરકારે કરેલ છે. રાજયની પોતાની પશુ ઓલાદ અને ઉત્પાદન અને ઉત્પાદકતા ઉત્તરોત્તર વધારવા માટે રાજય સરકારે આધુનિક ઢબે વૈજ્ઞાનિક પદ્ધતિના ઉપયોગથી લાંબા સમય સુધીનું આયોજન અમારા આદિવાસી વિસ્તારમાં કર્યું છે, ફતેપુરા તાલુકામાં જે અમારા આદિવાસી બાળકોને દૂધ સંજીવની યોજનામાં પ્રાથમિક શાળામાં આવતા બાળકોને અને આંગણવાડીમાં અમારા વિસ્તારના બાળકોને મફત દૂધ આપવા માટેની વ્યવસ્થા આ સરકારે કરી છે તેથી બાળકોની સંખ્યા પણ વધી છે. આદિજાતિ લોકોના ઢોર માટે દવાખાનાઓ અને દવાઓ પૂરા માટે મદદરૂપ આ સરકારે અમારા વિસ્તારની લાગણી અને માગણીઓ પૂરી કરી છે. દૂધ મંડળીઓને સાધન સામગ્રી ખરીદવા માટે મદદરૂપ થવા માટે અમારા વિસ્તારની અંદર ગરીબ આદિવાસી બહેનો માટે લાગણી વ્યક્ત કરી છે. આદિવાસી વિસ્તારના લોકોને અને મંડળીઓને બકરા પૂરા પાડવા માટે આદિવાસી બેરોજગારીને દૂર કરવા માટે આ સરકારે લાગણી વ્યક્ત કરી છે. આદિજાતિ મરઘા પાલક અને પશુપાલન તાલીમ કેન્દ્ર શરૂ કરેલ છે. અમારા વિસ્તારની અંદર મહિલાઓ જાતે મહેનત રોજગારી મેળવી અને સરકારના અભિગમ સાથે જોડાયેલી રહે છે. અમારા આદિવાસી વિસ્તારની અંદર જે ગરીબ આદિવાસી પ્રજા અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલ ફતેપુરા તાલુકો અને માનગઢ હરોળમાં આવેલ છે. આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે અમારા આદિવાસી વિસ્તારની ખૂબ લાગણી વ્યક્ત કરી છે. અમારા વિસ્તારના છેવાડાના માનવી સુધી વિકાસ માટે રાત દિવસ ચિંતા કરે છે. અમારા વિસ્તારમાં જેઓ છેવાડાના માનવી સુધી લાભ પહોંચાડવા માટે અને ગરીબ આદિવાસી પ્રજાને પાણીની સુવિધા હોય, રોડની સુવિધા હોય, પશુપાલન માટે અમારા આદિવાસી ભાઇઓને પશુઓની સારવાર માટે તબેલાઓ પણ આપવામાં આવ્યા છે. સ્વચ્છ ગુજરાત એવી રીતે પશુઓ સ્વચ્છ, આદિવાસી ભાઇઓ સ્વચ્છ એવી રીતે સ્વચ્છ તબેલો. અને જેઓ મહેનત કરી આ સરકાર સાથે મળી વિકાસની સાથે હરોળમાં રહ્યા છે. અમારા આ વિસ્તારમાં પશુપાલન માટે બહેનો અને ભાઇઓ પૂરેપૂરો લાભ અને સાથ સહકાર આ સરકારને ધ્યાન કરે છે. આમ આ માગણી ઉપર મારા મંતવ્યો રજૂ કરી હું વિરમું છું.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ઉર્જાવાન ઉર્જામંત્રી અને નાણા મંત્રીશ્રી ૨૦૧૫-૧૬ નું જે બજેટ લઇને આવ્યા છે, તેમજ આ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબેન પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે આ બજેટમાં મારા વિચારો રજૂ કરું છું. હું આ બજેટમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિષે મારા વિચારો રજૂ કરીશ. આ બજેટની અંદર ૨૦૧૫-૧૬ માં સમગ્ર રાજ્યને ગુણવત્તાયુકત અને સુનિશ્ચિત વીજ પુરવઠો મળી રહે એટલા માટે અમારી સરકારે ૬૬૦૦ કરોડ રૂપિયાનું બજેટનું આયોજન કરેલ છે. સરકારે નોંધપાત્ર સફળતા મેળવેલ છે. છેવાડાના માનવી સુધી વીજ પુરવઠો મળી રહે તે માટે ગ્રામ પંચાયતોના વોટર વર્કસના તેમજ ગરીબ પરિવારોને ઘર વપરાશ માટે તેમજ લાખો ખેડૂતોને સિંચાઇમાં વપરાતી વીજળી ઉપર રાહત આપીને અમારી સરકારે આગામી વર્ષમાં ૪૪૭૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલ છે. ઉર્જાની ભાવી માંગને પહોંચી વળવા માટે સિક્કા સ્થિત ૫૦૦ મેગાવોટના કોલસા આધારિત વીજ મથક અને ભાવનગર સ્થિત ૫૦૦ મેગાવોટનું લિગ્નાઇટ આધારિત વીજ મથક આગામી વર્ષમાં કાર્યરત કરવાનું આયોજન છે. તદુપરાંત વણાકબોરી ખાતે યુનિટ નં.૮ ના આધુનીકરણ માટેનું આયોજન કરેલ છે. ગુણવત્તાયુક્ત વીજળી પુરવઠો આપવા માટે રૂપિયા ૨૦૭૩ કરોડનો અંદાજિત ખર્ચ છે. ૨૫૦૦ સર્કિટ કિલોમિટર વીજ પ્રવહન રેસાઓ અને ૧૦૦ જેટલા નવા વીજ પ્રવહન સબ સ્ટેશનો સ્થાપવા અને તે પૈકી ૨૫

વનબંધુ વિસ્તારમાં, ૧૭ સાગરખેડુ વિસ્તારમાં સ્થાપવાનું આયોજન કરેલ છે. ગરીબ પરિવારોને વિવિધ યોજનાઓ હેઠળ રૂપિયા ૨૮.૭૫ કરોડના ખર્ચે ૪૨૭૦૦થી વધુ ઘરગથ્થુ વીજ જોડાણો નિશૂલ્ક પૂરા પાડવાનું આયોજન કરેલ છે. અહીંથી વીજળીની વાતો થાય છે. મારે તેમને યાદ આપવું છે. ખેડૂત જ છું અને ખેડૂતના નાતે બોલું તે સહન નથી થતું તે જ તકલીફ છે. લોકશાહીના ત્રીસ વરસ પછી આપણે ગામડે વીજળી પહોંચાડી ન્હોતા શક્યા તે આપણે છીએ. ૧૯૭૮ સુધી તો ૧૦ ટકા ગામડાંને વીજળી ન્હોતી મળી. આપી ત્યારપછી આપણે શું આપતા હતા. ગામડાંમાં કહેવત હતી. અમને પૂછે કે આ લાઇટ ગઇ કયારે આવશે? અમારો સામાન્ય માણસ એમ બોલતો કે અહીં તો આવે તો આવે નહીંતર ન પણ આવે. ચાર ચાર દિવસ લાઇટ ન આવે. કોઇ સાંભળવાવાળું નહોતું. કોઇ રીપેર કરનારું નહોતું. સહન કરો ભાઇ, બહુ બોલતા તમને આવડે છે. હમણાં બહેને પણ એક કટાક્ષ કાલે કર્યો હતો વીજળી માટે. બહેન છે મારે બોલવું ન્હોતું પણ ડોકટર છે એટલે બોલું છું. એમણે એમ કહ્યું કે ખેડૂતોને એક અઠવાડિયું રાત્રે વીજળી મળે છે અને એક અઠવાડિયુ દિવસે મળે છે. રોટેશન છે. બહેન તમે ડોકટર છો. વીજળીના ગોડાઉન નથી ભરાતા. કોઇક સામાન્ય માણસ વાત કરે તો બરાબર કે સ્ટોરેજ થાય અને આપણે ઇચ્છીએ ત્યારે મળી જાય. આના ગોડાઉન ના હોય. એટલે આપ પણ થોડા ગુજરાતની અંદર રહીએ છીએ તો ગુજરાતનું જરાક હિત ઇચ્છીએ અને સાચું થતું હોય તે સાંભળી શકીએ, જોઇ શકીએ. બીજા રાજયોના અહીં આંકડા આપવાથી પ્રસિદ્ધિ મળતી નથી. આપણે ગુજરાતી છીએ. અત્યારે ગૌરવ લઇ શકાય કે ગુજરાતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી હોય અને ગુજરાતનું વિકાસનું મોડલ આખા દેશે સ્વીકાર્યુ હોય ત્યારે ભલે વિરોધપક્ષે છો તો વખાણ ન કરો, પણ ગુજરાતી તરીકે ગૌરવ તો થાય જ. એક લાખથી વધુ નવા કૃષિ જોડાણો આપવા માટે અમારી સરકારે ૧૧૫૮.૧૩ કરોડનું આયોજન કરેલ છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ૪૨૫ કરોડ રૂપિયાનું આયોજન કરેલ છે. આ લોકોને સાગરખેડુ કહીએ તે સારુ નથી લાગતું. કેમ કે, અત્યાર સુધી મચ્છીમારી જ કહેતા. આ મેળા અને ઉત્સવો તો તેને શું કામ નડે છે તે મને કંઇ સમજાતું જ નથી. આ લોકો તેનાથી ટેવાયેલા નથી. આ લોકો તોફાનોથી ટેવાયેલા માણસો છે. તેને મેળો કે ઉત્સવ ન પોષાય. કારણકે વચ્ચેના લોકો નીકળી જાય, કમિશન બંધ થઇ જાય અને ગરીબ ગરીબ મટી જાય તે આ લોકોને પોષાય તેવી પરિસ્થિતિ જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, ૩૩ જિલ્લાઓ પૈકી ૨૪ જિલ્લાઓમાં સી.એન.જી. તેમજ પી.એન.જી. નેટવર્ક ઉપલબ્ધ છે. હાલમાં રાજય ઉપલબ્ધ ૧૩.૬૧ લાખ ઘરેલું ગેસ કનેકશનમાં વધારો કરી ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં ૧ લાખ ૭૫ હજાર નવા કનેકશન ફાળવવાનું અને ૨૫ નવા સી.એન.જી. સ્ટેશન સ્થાપિત કરવાનું આયોજન કરેલ છે. ગેસ પુરવઠો પણ ગામડાંને આપવાનું આયોજન કરેલ છે. પરેશભાઇ આપણા અમરેલીને પણ દેવાનો છે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજ પત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણેક દિવસથી ઘણાં બધા આંકડાઓની માયાજાળ રચવામાં આવી, ઘણાં બધા રાજકીય અવલોકનો થયા પણ જયાં ગુજરાતની પ્રજાના પરસેવામાંથી આવતો ટેક્સ અને એનો ઉપયોગ ગુજરાતની પ્રજા માટે થાય એની સુખાકારી માટે થાય એની ચિંતા કરવા આપણે બધા અહીંયા ઉપસ્થિત થયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે બજેટમાં રકમ ફળવાય છે અને વાસ્તવિક પરિસ્થિતિ શું હોય છે એની થોડી હકીકતો કહેવા માગું છું. શિક્ષણ પાછળ છેલ્લા કેટલાય વર્ષોથી કરોડો રૂપિયા ફળવાય છે છતાં આજે પણ આ ગૃહમાં ૨૦ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસન પછી પણ ચર્ચા કરીએ કે આજે સેંકડો શાળામાં ઓરડાઓની ઘટ છે, બાળકો એક ઓરડામાં બેસે છે, શાળાઓમાં વીજળી નથી, શૌચાલયો નથી, શિક્ષકોની ઘટ છે એ આપણા સૌના માટે શરમનો વિષય કહેવાય. આજે પ્રાથમિક શાળાઓ કે જે સરકારની જવાબદારી છે એમાં ગુજરાતમાં એવી પરિસ્થિતિનું નિર્માણ થયું કે જે ગરીબો પાસે કોઇ અન્ય શાળામાં જવા માટેની સવલત ન હોય, જેની પરિસ્થિતિ ન હોય કે ભૌગોલિક પરિસ્થિતિ ન હોય એવા પરિવારના બાળકો જ આજે સરકારી શાળામાં જવાનું પસંદ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે પૈસા ખર્ચીએ, બજેટ ફાળવીએ એનો લાભ છેવાડાના માણસ સુધી ન જાય અને આજે પણ ૨૦ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસન પછી પણ એમ ન કહી શકીએ કે અમે ૧૦૦ ટકા સાક્ષર રાજય બનાવ્યું. જો સાક્ષરતમાં નંબર વન બન્યા હોત તો ચોક્કસ આપણને સૌને

આનંદ થાત. પ્રાથમિકથી આગળ વધી જમાનો બદલાયો માધ્યમિક સુધી લોકો શિક્ષણ લેતા થયા પણ આજે ગુજરાતમાં સરકારી માધ્યમિક શાળા હોય કે ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળાઓ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ હોય, આજે ૨૦૦૯માં ભરતી બોર્ડ બનાવ્યા પછી ૬ વર્ષ જેટલો સમય થયો તેમ છતાં પણ ગુજરાતમાં હજારોની સંખ્યામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ છે. અમારા વિસ્તારાની જ વાત કરું તો સરકારે માધ્યમિક શાળાઓ ખોલી, પહેલા ૯મું ધોરણ શરૂ થયું, ૧૦માંનું બોર્ડ આવે, ૧૧ અને ૧૨માં પણ બોર્ડ આવે પણ એક એક શિક્ષકથી ચાલતી સરકારી માધ્યમિક શાળાઓ છે. આજે કેટલીય સરકારી માધ્યમિક શાળાઓ છે કે જેમાં આચાર્ય એકલાની જ ભરતી થઇ છે. આજે બે મહિના કોઇક શાળામાંથી શિક્ષકને મૂકવામાં આવે અને બે મહિના ફરી પાછો ઉઠાવી લેવામાં આવે. ચાર ચાર વર્ગની શાળાઓમાં એક જ ગણિત વિજ્ઞાનનો શિક્ષક હોય, મારી તો સરકારને વિનંતી છે કે જો આપણે શિક્ષકો મૂકી ન શકતા હોઇએ તો આપણે આ શાળાઓ બંધ કરી દેવી જોઇએ. આપણે આ બાળકોના ભવિષ્ય સાથે ચેડા કરી રહ્યા હોઇએ એવું ચોક્કસ મારું માનવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ખાનગી યુનિવર્સિટીઓ ખોલવાનો આપણે યશ લેતા હોઇએ પણ જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે એણે શિક્ષણને પોતાની જવાબદારીમાંથી જાણે હાથ ખંખેરવાની શરૂઆત કરી હોય એવા દિવસો દેખાઇ રહ્યા છે. આજે પણ અહીંયા ધારાસભ્યશ્રીઓએ રજૂઆત કરવી પડે કે અમારા આખા તાલુકામાં એક પણ કોલેજની સગવડ નથી, અમારી બહેન દીકરીઓને ઉચ્ચ શિક્ષણ લેવું હોય તો બીજા તાલુકા સુધી, દૂર સુધી જવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રાઇવેટ યુનિવર્સિટીઓ અને સેલ્ફ ફાઇનાન્સ કોલેજોની છૂટ આપી અને આપણે શિક્ષણનું વ્યાપારીકરણ તો કરી દીધું પણ પછી નીતિનભાઇએ કહેવું પડે કે હા, અમારા રાજયમાં શિક્ષણ મોંઘું થઇ ગયું છે પણ એથી પણ આગળ વધી જે રીતે પોતાના બાળકને ભણાવવા ગણાવવા માટે એના વાલીઓ એના માતા પિતા પેટે પાટા બાંધીને ભણાવતા હોય અને જ્યારે ભણી ગણીને બહાર આવે ત્યારે એને નોકરી ન મળે તો આપણે ચોક્કસ કહેવું પડે કે બેકારીના ગ્રોથ એન્જિનની શરૂઆત ગુજરાતથી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં આજે ૬.૯૫ લાખ કરતા પણ વધારે બેકારો નોંધાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રી, મોંઘું શિક્ષણ મેળવી અને જ્યારે કોઇ વાલીનો પુત્ર કે પુત્રી નોકરી મેળવવા જાય અને રાજ્યમાં નોકરી આપવાનો રેશિયો જ આપણા પ્રશ્નો અને જવાબોમાં આપણે જોઇએ છીએ કે દસ ટકાથી વધારે લોકોને નોકરી મળતી નથી, દર વરસે એક લાખ જેટલા લોકો ભણી ગણીને બહાર આવે ગ્રેજ્યુએટ્સ તો એમાંથી ફક્ત દસ હજારને નોકરી મળે અને એ પણ હંગામી નોકરી, ખાનગી પેઢીઓમાં નોકરી, ખાનગી કંપનીઓમાં નોકરી, સરકારી ક્ષેત્રોમાં લાખ્ખોની સંખ્યામાં નોકરીઓ ખાલી હોવા છતાં પણ આજે આ યુવાનોને આપણે નોકરી આપી શકતા નથી, અહીંયા શંકરભાઇ કહેતા હતા કે ૧૯૬૦થી કેલેન્ડર બનાવ્યું હોત પણ આજે તો એકવીસમી સદી આવી, કમ્પ્યુટર, જ્ઞાનનો યુગ આવ્યો છે આજે સેકન્ડે સેકન્ડે પરિવર્તન થતું હોય, વીસ વરસના વહીવટમાં પણ જો આપણે કેલેન્ડર ના બનાવી શક્યા હોય કે દર વરસે કેટલા રિટાયર્ડ થશે, કેટલા લોકોની જરૂરિયાત ઉભી થશે, કેટલી ભરતી કરવી પડશે એના કારણે જ આજે પણ અનેક તાલુકાઓમાં ટી.ડી.ઓ. થી માંડીને ડી.ડી.ઓ. સુધીની જગ્યાઓમાં ચાર્જ આપવા પડે છે, જે નોકરીઓ આપીએ છીએ એ પણ કાયમી અને પુરા પગારની નોકરી આપવાના બદલે ફિક્સ પગારની સિસ્ટમ લાવ્યા, નામદાર હાઇકોર્ટે કહ્યું કે તમે આ ગુજરાતના યુવાનોનું શોષણ કરો છો, તમે આ લોકોને પૂરો પગાર આપો, એને કાયમી ધોરણે ભરતી કરો, પણ આ સરકારે એના માટેની કોઇ કામગીરી કરવાના બદલે એ ચૂકાદાની સામે પણ સુપ્રિમ કોર્ટમાં ગયા અને થોડોક પગાર વધારો કરીને પોતાની વાહવાહી કરવાની વાત કરે છે. આપણા સૌના માટે ચિંતાનો વિષય છે, કે જે આપણા આવતીકાલનું ભવિષ્ય છે જે આપણા બાળકો છે આજે ગુજરાતમાં સાત લાખ જેટલા બાળકો કુપોષણથી પીડાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આવું કેમ બન્યું તો આપણે આરોગ્યને લગતી જે સુવિધાઓ આપવી જોઇએ એ આપવામાં નિષ્ફળ ગયા છીએ, કેન્દ્ર સરકારે આઇ.સી.ડી.એસ. નો કાર્યક્રમ આપ્યો એમાં જે કરોડો રૂપિયાનું ફંડ ફાળવીએ છીએ, એ છેવાડાના માણસ સુધી, બાળક સુધી પહોંચતું નથી એના કારણે આજે કુપોષણનો સામનો કરી રહ્યા છીએ. મારે એક વાત ચોકકસ કહેવી છે કે આપણે ત્યાં જે આંગણવાડીઓ ચાલે છે એમાં જે બાળકોની સંખ્યા પેપર ઉપર બતાવવામાં આવે છે એમાંથી પચાસ ટકા બાળકો પણ ખરેખર આંગણવાડી કેન્દ્રોમાં હોતા નથી, એના કારણે એની પાછળ આપણે જે બજેટની રકમ ફાળવીએ છીએ એમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે એના કારણે આપણે કુપોષિત રાજ્ય

તરીકેનો દરજ્જો મેળવીએ છીએ. આરોગ્યની વાત કરું તો માનનીય નીતિનભાઇને તો વારંવાર કહ્યું છે, મંત્રીઓ પણ ઘણા બધા બદલાઇ ગયા, આ ગતિશીલ ગુજરાતમાં અમારો આણંદ જિલ્લો ૧૯૯૭થી અસ્તિત્વમાં આવ્યો. આજે આટલા બધા વરસો થયા તેમ છતાં પણ જિલ્લા કક્ષાએ સિવિલ હોસ્પિટલ નથી બનતી. હમણાં સ્વાઇન ફ્લુના દિવસો આવ્યા, એમાં મારા જિલ્લાના પંદર કરતા વધારે લોકો મૃત્યુ પામ્યા છે, આખા જિલ્લામાં એક પણ સરકારી હોસ્પિટલમાં સ્વાઇન ફ્લુ માટેની પૂરી સારવાર લઇ શકાય એવી વ્યવસ્થા નથી, ખાનગી હોસ્પિટલમાં જવું પડે, દરરોજનો દસ હજાર રૂપિયાનો ખર્ચો થાય એવી આ સરકારની વ્યવસ્થા છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આપણે તરત જલ્દીમાં જલ્દી સિવિલ હોસ્પિટલ બનાવવા માટેની કામગીરી કરીએ. અહીંયા સૌનો સાથ સૌનો વિકાસ કરવાની વાત કરવામાં આવે, પણ અમારા આણંદ જિલ્લાનો એકજ દાખલો આપું કે જે ગાંધીના ગુજરાતમાં સરદાર સાહેબની કર્મભૂમિ એવો આણંદ તાલુકો એનું નાપાતળપદ ગામ અહીંયાથી ઉર્જા મંત્રી બહાર ગયા છે, માનનીય પંચાયત મંત્રી એમાં ધ્યાન આપે એવી વિનંતી છે આ ગામમાં દેવીપૂજક સમાજના ૧૦૦ કુટુંબો પોતાની ખાનગી જમીનમાં વસવાટ કરે છે સાહેબ વીસ વરસથી લડત લડે છે, કે અમને લાઇટ આપો, અમને પાણી આપો, અમને રસ્તો આપો, અમને રેશનકાર્ડ આપો, અમને ચુંટણીમાં મત આપવાનો અધિકાર આપો પણ દુઃખ સાથે કહેવું પડે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર સૌનો સાથ સૌનો વિકાસ કરવાની વાત કરવાવાળી સરકાર આજદિન સુધી એ પરિવારોને ન્યાય આપી શકી નથી. એના માટે સંકલનમાં રજૂઆત થઇ, અનેક જગ્યાએ લડત લડ્યા અનેક રેલીઓ કાઢી, તેમ છતાં પણ દુઃખ સાથે કહેવું પડે કે આ સરકારનો •(xxx) આથી દુઃખદ બાબત આ ગુજરાતમાં કઇ હોઇ શકે?

ઉપાધ્યક્ષશ્રી : અમીતભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

**<#D /અન્ય/D #>**

શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ એમ કહે છે કે (xxx) તો એ કાં તો સાબિતી આપે કાં તો એ શબ્દો રેકર્ડ ઉપરથી રદ થાય. કોઇ અધિકારીની વિરુદ્ધમાં તમે આ રીતે કેવી રીતે વાત કરો. તમે તો કાલે એમ કહેશો કે (xxx) એટલે એવું ના માની લેવાયને.

ઉપાધ્યક્ષશ્રી : હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (અંતરાય) અમિતભાઇ આપ બેસો, આપનું પ્રવચન પૂરું થયું છે આપ બેસો. પરેશભાઇ તમે બેસી જાવ પ્લીઝ. યુ સીટ ડાઉન નો, નો. નો પોઇન્ટ ઓફ ઓર્ડર યુ સીટ ડાઉન. (અંતરાય )કોનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે ? તમે બધા બેસી જાવ.(અંતરાય) તમારો પોઇન્ટ ઓફ ઓર્ડર બોલો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે માનનીય સભ્યશ્રીએ જે રજૂઆત કરી છે તેઓ ધારાસભ્ય છે, જવાબદાર વ્યકિત છે, સંકલનમાં આ મુદ્દાની ચર્ચા થઇ છે અને જયારે જાહેરમાં જિલ્લાના વડા વતી કોઇ ચર્ચા કરવામાં આવતી હોય કે તમે હાઇકોર્ટમાં જઇને ચેલેન્જ કરો. નીતિનભાઇ, મૌખિક વાતોનો આધાર ના હોય.

ઉપાધ્યક્ષશ્રી : નીતિનભાઇ સાથે ચર્ચા નહીં કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રૂબરૂમાં વાત થઇ છે એટલે આ શબ્દો રેકર્ડ ઉપર રહેવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : મેં ઓલરેડી ઓર્ડર આપી દીધો છે એટલે વિષય પૂરો થઇ જાય છે. (અંતરાય) મેં આપને સાંભળી લીધા છે હવે આપ બેસી જાવ. શિવાભાઇ બોલો આપ.

ડો. શીવાભાઇ જે.ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય નાણામંત્રીશ્રી ૨૦૧૫-૧૬નું જે સામાન્ય બજેટ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનવીના વિકાસ માટે અને માનવીના સર્વાંગી વિકાસ માટેના તમામ પાસાઓનો વિકાસ થાય અને માનવી પોતાનુ જીવન ધોરણ દિવસે અને દિવસે ઉંચુ લાવવાની તમન્ના સાથે જીવતર જીવે એ

---

•આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

માટેના આ બજેટમાં તમામ પાસાઓની સુસંગત દરખાસ્તો લઇને આવ્યા છે ત્યારે મારે સાહેબ આજે માનવીની સાથે સાથે માનવીને સહકાર આપનારા અબોલ પશુઓમાં ખાસ કરીને ગૌવંશ ઉપર વાત કરવાની છે. માનવીને આ ધરતી માથે જો સૌથી મોટો સહયોગ કરતો આવતો કોઇ અબોલ જીવ આ પૃથ્વી ઉપર હોય તો એ ગૌવંશ છે. ગૌવંશના ઘણા ફાયદાઓ હજારો વર્ષથી આ માનવીને મળતા રહ્યા છે. આપણી અગાઉની જે પુરાતન ખેતી હતી એ આપણે ગૌવંશના બળદો થકી થતી હતી અત્યારે આધુનિક યંત્રોથી પણ થાય છે ત્યારે વર્ષોથી જયારે આ માનવ જીવનને સહયોગ કર્યો છે આ પૃથ્વી ઉપર એવી ગાયોને ભૂલીને એમની આ ગુજરાતની અંદર કેવી હાલત હોય છે. અગાઉના રજવાડાઓના શાસનની અંદર પણ આ અબોલ પશુઓ માટે, ગૌવંશ માટે, ગાયો માટે પીવાના પાણી અને હવાડાઓ પણ રજવાડાઓ બંધાવતા હતા. દરેક ગામને ગૌચર માટે જમીનો રજવાડાઓએ ફાળવી હતી. આ રાજયની ૧૯૬૦માં સ્થાપના થઇ ત્યારે એ પછી ગાયોના ઘાસચારાના સહયોગ માટે, ચરાવવા માટે દરેક ગ્રામ પંચાયતોને પોતાના પશુઓની સંખ્યાના પ્રમાણમાં ગૌચરો ફાળવવામાં આવ્યા. પરંતુ સાહેબ દુઃખ સાથે કહેવું પડે છે ૧૯૭૦ થી ૧૯૯૫ની સાલ સુધીમાં આ સામે બેઠેલાં તમામ મારા વિદ્વાનો મોટાભાગના સત્તા સ્થાને આ રાજયની અંદર હતા આ ગૃહમાં હતા. ગુજરાત રાજયના આ તમામ ગામડાંઓની અંદર આ ગાયો માટે એલોટ કરાયેલુ ગૌચર મોટાભાગના ગામડાંઓમાં દબાણ થઇ ગયુ છે એ વખતના સમયમાં ૧૯૭૦ થી ૧૯૯૫ના સમય સુધીમાં.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શિવાભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે વિરામનો સમય થાય છે.

**( વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી શીવાભાઇ જે. ગોહિલ **: (ક્રમશઃ)** માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટની દરખાસ્ત લઇને માનનીય નાણા મંત્રીશ્રી આવ્યા છે એમાં હું ગૌ સેવા આયોગ વિષેની મારી વાત કરતો હતો. માનવ જીવનને પૂરક ગૌ માતા, વર્ષોથી આ સમાજમાં આપણે જેને ગૌ માતા કહેતા આવીએ છીએ એ ગૌ માતાના રક્ષણ માટે આ બજેટની અંદર ખૂબ સારી જોગવાઇઓ કરવામાં આવી છે. ગૌ સંવર્ધન માટે આ રાજયની અંદર ગૌ સંવર્ધન અને ગૌ રક્ષણ અને ગૌચરના વિકાસ માટેનું એક બોર્ડ કાર્યરત છે. એમાં ચાલુ વર્ષ ૨૦૧૪–૧૫ માં ૫૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી. આ ચાલુ વર્ષના બજેટમાં પશુ પાલન વિભાગમાં ખાસ કરીને એમાં પણ ગાયોના સંવર્ધન, રક્ષણ અને ગૌચરના વિકાસ માટે ૪૧ કરોડ રૂપિયા જેટલી નિગમ માટે, બોર્ડ માટે અને સમગ્ર ગૌ વિકાસ માટે સો કરોડ જેટલી જોગવાઇ કરી છે ત્યારે મારે કહેવું છે કે આ ગૌ વિકાસ બોર્ડ આ ગૌશાળાઓ અને પાંજરાપોળો માટે આંતરમાળખાકીય સગવડો ઉભી કરવા માટેની આ જોગવાઇ છે, સાહેબ આ જરૂરિયાત કયારે ઉભી થઇ, કે અગાઉની સરકારોમાં માનવ જીવનને પૂરક આહાર આપતી અને ગાયોને જોઇએ તો તેના દર્શનથી આપણને એક માતૃત્વ ભાવ ઉભો થાય એવી આ સમાજમાં જે લાગણી હતી એ લાગણી સાથે જોડાયેલી કામગીરી કરવામાં છેલ્લા ૨૫ વર્ષમાં આ કોંગ્રેસની સરકાર નિષ્ફળ રહી છે. દરેક ગામમાં લાખો હેકટર આ ગૌ વંશના નિભાવ માટે જે ગૌચર સરકારે ફાળવેલા હતા તેમાં મોટા ભાગે આ કોંગ્રેસના શાસનમાં દબાણ થઇ ગયું અને ગાયોની આ રાજયમાં જે દશા થઇ છે તેનું પરિણામ આ કોંગ્રેસ ભોગવી રહી છે. ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગૌશાળા અને પાંજરાપોળ માટે આંતરમાળખાકીય સુવિધા માટે આ જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજપત્રની ચર્ચામાં ભાગ લેતા વિકસતી જાતિ કલ્યાણ હેઠળ રાજયના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, આર્થિક રીતે પછાત વર્ગો, લઘુમતિઓ અને વિચરતી અને વિમુકત જાતિઓના સર્વાંગી વિકાસ માટે પ્લાન ક્ષેત્રે જોગવાઇ ૮૭૯.૧૫ કરોડની કરવામાં આવી છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું. પાછલા વર્ષોની વાત કરીએ તો ૧૨૦ કરોડની ફાળવણી લઘુમતિ સમાજ માટે કરવામાં આવી હતી પરંતુ તેમાંથી માત્ર ૧૯.૫૩ કરોડ રૂપિયાનો જ ખર્ચ કરવામાં આવ્યો હતો. આજની દ્રષ્ટીએ ૨૦૧૫–૧૬ના બજેટમાં ૧૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. હવે ગુજરાતની અંદર ૬૫ લાખની આસપાસ લઘુમતિ સમાજની વસતિ થાય છે. એટલે વાર્ષિક ગણીએ તો ૧૯૭ રૂપિયા લઘુમતિ સમાજના વિકાસ માટે આ રાજય સરકાર ખર્ચ કરવાની છે. માથા દીઠ મહિનાના ૧૬ રૂપિયા અને દિવસ દીઠ ગણીએ તો ફકત ૫૫ પૈસા ખર્ચ આ સરકાર કરવા માગે છે. આપણા પ્રધાન મંત્રીશ્રી હમણા બહુ સરસ રીતે પાર્લામેન્ટમાં પણ બોલ્યા હતા અને બહાર પણ બોલ્યા હતા કે મારે મુસ્લિમ સમાજના

એક હાથમાં કુરાન જોઇએ અને એક હાથમાં કોમ્પ્યુટર જોઇએ. કુરાન તો મુસ્લિમ સમાજના દિલમાં છે. રહી વાત કોમ્પ્યુટરની, તો કોમ્પ્યુટરમાં જયારે પ્રી મેટ્રીક સ્કોલરશીપ રોકવા માટે કેન્દ્ર સરકાર સુપ્રિમ કોર્ટ સુધી જતી હોય અને આટલી નાની ફાળવણી ૬૫ લાખ લોકોને માટે કરતા હોઇએ તો કોમ્પ્યુટરની આશા અમે કયાંથી રાખી શકીએ. હું કહેવા માગું છું કે અત્યારે પ્રી મેટ્રીક સ્કોલરશીપના ફોર્મ ભરાયા, એની અંદર સાડા ત્રણ લાખ પ્રી મેટ્રીક સ્કોલરશીપ માટે લોકોએ ફોર્મ ભર્યા, એમાંથી ફકત સવા લાખ લોકોના ફોર્મ મંજૂર કરવામાં આવ્યા છે. સવા બે લાખ લોકો આ વખતે પ્રી મેટ્રીક સ્કોલરશીપથી વંચિત રહેવાના છે. હું જે વાત ખાસ કહેવા માગું છું કે, હમણાં મારા મિત્ર ગૌસેવાની વાત કરતા હતા. ગૌસેવા માટે કોંગ્રેસને નિસાસા લાગ્યા એટલે સામી પાટલી ઉપર બેઠી છે. નિસાસા તમને લાગી રહ્યા છે કમળના નિશાનવાળી ગાડીઓમાં ગાયો ચોરાય છે. અહીંયા ગૌપાલક સમાજના સભ્યશ્રીઓ બેઠા છે એમને પૂછો કે એમની કેટલી ગાયો છેલ્લા બે વર્ષમાં ચોરાઇ છે. *(xxx)

અધ્યક્ષશ્રી : (xxx) એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આપ કરી દો, પરંતુ લોકોના મનમાંથી એ દૂર નહિ થાય. પાકિસ્તાનની વાત જયારે પણ આવે, સિનિયર મંત્રીઓ વાત કરે કે એક જમાનામાં અમદાવાદમાં લતીફ હતો, સુરતમાં સુરતી હતા અને ભૂજમાં ઇભલા શેઠ હતા. પરંતુ તે વખતે તો આખા ગુજરાતમાં ફકત ચાર જ ડોન હતા પરંતુ (xxx) તો અમદાવાદ નહિ પરંતુ ગુજરાતમાં ગલીએ ગલીએ ડોન પેદા થયા છે.

અધ્યક્ષશ્રી : (xxx) આ શબ્દ પણ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સાહેબ, મને રક્ષણ આપો મારી મિનિટ ન કપાય.

અધ્યક્ષશ્રી : આવું બોલવાનું બંધ કરીએ તો મિનિટ ન કપાય.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : વાત થતી હતી કે પાકિસ્તાનની બોર્ડર ઉપરથી આર.ડી.એકસ આવતું હતું. યુવાનો ડ્રગ્સની અંદર સપડાઇ રહ્યા છે. આજે પાકિસ્તાનની બોર્ડર ઉપરથી એક પાકિસ્તાની મહિલા અમદાવાદમાં એમ.ડી. નામની ડ્રગ્સ સપ્લાય કરી રહી છે અને સરકાર ઉંઘી રહી છે. કેટલાક મિડિયાના મિત્રોએ સ્ટીંગ ઓપરેશન કરેલ છે એ જોવા મળશે. આજે પણ એ ડ્રગ્સનું વેચાણ થઇ રહ્યું છે. જેટલા પણ ડોન બને છે એ દારૂ જુગારના અડ્ડાઓ ચલાવી પૈસા કમાઇને ડોન બનતા હોય છે. એટલે દેશનું અને રાજયનું હિત સાચવવા માગતા હોય તો આ બધું બંધ કરાવી દો. બીજી વાત થાય છે આતંકવાદને પોષનારી સરકાર દર વખતે કોંગ્રેસની વાત કરે છે. એન.સી. અને કોંગ્રેસની સરકાર કાશ્મીરમાં હતી આ મશરતને અમે પકડયો હતો. (xxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

## શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા બાબત

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી જે રીતે જમ્મુ અને કાશ્મીરનો આ ગુજરાત વિધાનસભામાં ઉલ્લેખ કરે છે, અને એમના ઉલ્લેખની અંદર એ પ્રમાણેના ઉચ્ચારણો કરે છે જેમાં જમ્મુ અને કાશ્મીરની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા લેવાયેલો નિર્ણય હોય એ પ્રમાણે આ સભાગૃહમાં રજૂઆત કરે છે, આ સત્યથી વેગળી રજૂઆત છે અને એ પ્રમાણેના ઉચ્ચારણો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ત્યાંની સરકારનો આપણી પાસે ઓથેન્ટિક રેકોર્ડ ન હોય ત્યારે એ પ્રમાણેના આક્ષેપો કરવા એ યોગ્ય નથી. આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું. હવે બજેટ ઉપર જ બોલો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, બધા રાજકીય વાતો કરે છે એટલે •(xxx)

અધ્યક્ષશ્રી : (xxx) આ શબ્દો આપના યોગ્ય નથી.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનય અધ્યક્ષશ્રી, એ બદલ હું સોરી કહું છું. સાચુ સાંભળવાની તૈયારી રાખો. એમ.ડી. ડ્રગ્સવાળી (xxx).

અધ્યક્ષશ્રી : નોટિસ દાખલ કરવી ન કરવી એ અધ્યક્ષના કાર્યક્ષેત્રની બાબત છે. એટલે કોઇ સભ્યશ્રીઓ સામે આક્ષેપ કરો એ યોગ્ય નથી. આપ બજેટ ઉપર આવો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : જે રીતે સૌનો સાથ સૌના વિકાસની વાત થઇ, સદભાવનાની વાત થઇ એ રીતની વાત કરું છું. કહેવાનું કંઈ છે, (xxx). પરિસ્થિતિ એવી છે કે કેટલાક સમયથી વિભાજનકારી તત્વો દેશના ભાગલા પડાવનારા તત્વો જે રીતના બેફામ થયા છે. એની અંદર અકબરૂદ્દીન ઓવૈશી હોય, ઇમામ બુખારી હોય એમને ઠપકો આપવાનો કે અમને મુસ્લિમોને ફતવો આપવાની જરૂર નથી. અમે એમનો પણ વિરોધ કરીએ છીએ. કહીએ છીએ કે ધાર્મિક લોકો એમનું કામ કરે એમને રાજકારણમાં વચ્ચે લાવવાની જરૂર નથી. એ રીતે હું વંદન કરું છું સાધ્વી પ્રાચીને, યોગી આદિત્યનાથને સાક્ષી મહારાજને વંદન કરું છું. પરંતુ એમને કમસેકમ અકબરઉદ્દીન અને ઇમામ બુખારી જે રીતની ભાષા વાપરે છે એ રીતની ભાષા આપણા વંદનીય લોકો ન વાપરે, દેશની એકતા અને ભાઇચારો જળવાઇ રહે એ રીતની વાત કરે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, નીડર લીડરશીપ ધરાવતા સંવેદનશીલ અને મહિલા જગતના ગૌરવ સમા આદરણીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સાહેબના નેતૃત્વમાં તૈયાર થયેલ અંદાજપત્ર લઇને અભ્યાસુ અને તજજ્ઞ એવા નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબ આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વિકાસગતિ વધુ તેજ બને તે માટે સરકારના સતત પ્રયત્નો અને પ્રયાસો રહ્યા છે અને તેના જ કારણે ઓછામાં ઓછા કરભારણ સાથેનું મહત્તમ વિકાસલી બજેટ આપણી ગુજરાત સરકારે રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજીમાં એક કહેવત છે. "Plan the work and work the plan" અર્થાત કામનું આયોજન કરો અને આયોજન પ્રમાણે કામ કરો. મારી સરકાર વિકાસના કામોનું સુંદર આયોજન કરે છે અને આખું વર્ષ આયોજન મુજબ કામ કરે છે જેથી આજે ગુજરાતનું નામ વિશ્વમાં ઝડપથી વિકસતા રાજયોની શ્રેણીમાં મોખરે છે જેનો મને ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય સદ્ધરતા એ સુશાસનની અતિ મહત્વની બાબત છે અને ગુજરાતે આ સદ્ધરતા ઉત્તમ આર્થિક આયોજન દ્વારા હાંસલ કરી છે. ૧૯૯૫માં ગુજરાતની શાસનધુરા ભારતીય જનતા પાર્ટીએ સંભાળી ત્યારે અમારા નેતા કહેતા કે વિરાસતમાં મોટા મોટા બાકોરા પડેલી તિજોરી આપણને મળી છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ પણ આપણને કહેતા કે હજુ તો એક દસકામાં ખાડા પૂર્યા છે. વિકાસ કરવાનો બાકી છે. અત્યારે તિજોરીના બાકોરા પણ પૂરાઇ ગયા છે, કાણાં પૂરાઇ ગયા છે અને ખાડા પણ પૂરાઇ ગયા છે અને એટલે હવે ગતિશીલ ગુજરાતના પ્રણેતા જેટ ગતિથી રાજયનો વિકાસ કરશે એવું મને લાગી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સૌથી વિશેષ પ્રાધાન્ય સામાજીક સેવાને આપવામાં આવ્યું છે. એટલે કે કુલ નાણાકીય જોગવાઇના ૪૮.૫૪ ટકા જેટલી ફાળવણી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારી વાતની શરૂઆત જેન્ડર બજેટની વાતથી કરવી છે. એક મહિલા બીજી મહિલાની સંવેદના સહજ રીતે સમજી શકે તેવો ડગલે ને પગલે અમને અહેસાસ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા થયો છે. રાજયની કુલ વસતિ જયારે ૪૮ ટકા મહિલાઓની હોય ત્યારે આ મહિલાઓના શિક્ષણ, પોષણ, આરોગ્ય અને કૌશલ્યવર્ધન તેમજ આર્થિક જેવી વિશેષ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રૂ. ૨૦૭૫ કરોડ જેટલી જોગવાઇ મહિલાઓના વિકાસ અને મહિલાઓના સશક્તિકરણ માટે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં પ્રથમ વખત જેન્ડર બજેટ મહિલાલક્ષી બનાવવાનું કામ ગુજરાતે કર્યું છે તે માટે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ બજેટમાં મારી દષ્ટિએ કોઇ મહત્વની બાબત હોય તો એ રાજ્યને સ્વચ્છ બનાવવાની બાબત છે. પૂ. ગાંધીબાપુની મૂળભૂત વિચારધારાને સાકાર કરવા માટે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સ્વચ્છ ગુજરાત બનાવવા માટે રૂ. ૧૨૦૦ કરોડની ફાળવણી થઇ છે. ગુજરાતની ૪૨ ટકા વસતિ જયારે શહેરમાં વસે છે ત્યારે રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે શહેરી વિકાસનો હવાલો છે

ત્યારે શહેરના વિકાસની નાની– નાની બાબતો જે અવરોધે છે તે તમામ બાબતોનું નિવારણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અલગ પ્રકારની બજેટની ફાળવણી કરીને કર્યું છે. રીસરફેસીંગ રોડ માટે રૂ. ૫૦૦ કરોડ, અલગ ઓળખ માટેના રૂ. ૨૦૦ કરોડ, વીજળીના થાંભલાનું સ્થળાંતર કરવાનું કામ પહેલી વખત બજેટમાં આવ્યું છે. શહેરનો વિસ્તાર હોય કે ખાનગી સોસાયટીમાં પી.પી.પી.ના ધોરણે સુવિધા આપવાની હોય, આ ઉપરાંત ૧૦૦૦ જેટલી બસો પરિવહન માટે અને આ ઉપરાંત ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે આર.ઓ.બી. અને આર.યુ.બી. જેવા કામની પ્રાથમિકતા આ બજેટમાં આપવામાં આવી છે. વિપક્ષના સભ્યશ્રીઓ મોટેથી બોલીને ખોટી વાતો કહેવામાં ભારે માહેર છે. ખેડૂત જગતનો તાત છે એ શું એમને જ ખબર છે? અમને ખબર નથી પડતી? ઉપર •(xxx) વાતો કરવાની. અમારી સરકારે નક્કર કામ કરીને આ ખેડૂતોની જમીનનું પૃથ્થકરણ પહેલી વાર કરાવ્યું. સિંચાઇ માટેની ચિંતા કરી અને..

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રીમતી વર્ષબેન ન. દોશી : ગુજરાતમાં લગભગ ૬૮ ટકા ક્ષારયુક્ત જમીન છે. પાણીની અસુવિધા છે. રેતાળ જમીનના આવા પડકાર હોવા છતાં રાજ્ય સરકારે સિંચાઇને અગ્રિમતા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારું ઝાલાવાડ, આવળ–બાવળનું ઝાલાવાડ, આજે ત્યાં તમે હરિયાળી જોવા આવો તો ખબર પડે કે આ નર્મદાના પાણીએ અમારા ઝાલાવાડને કેવો હરિયાળો બનાવ્યો છે. અને આવતા દિવસોની અંદર સમગ્ર સૌરાષ્ટ્ર બીજી હરિયાળી ક્રાંતિ તરફ જઇ રહ્યું છે. ત્યારે રૂ.૨૧૦૨/– કરોડની જોગવાઇ સૌની યોજના અંતર્ગત કરવામાં આવી છે. ખેડૂતોની જમીન ન બગડે અને માઇનોર પછીની સબ માઇનોર કેનાલ બનાવવાનું કામ પૂરજોશમાં થઇ રહ્યું છે. આ યોજના પૂરજોશમાં ચાલી રહી છે છતાં વિપક્ષના સભ્યો આ કામ ધીમી ગતિએ ચાલે છે એવું કહે છે પરંતુ આ કાંઇ ખાઇ લેવાની વસ્તુ નથી. આ કામ વર્ષો પહેલાં નહોતું થયું એ અત્યારે તેજ ગતિથી થઇ રહ્યું છે અને ૨૦૧૭ સુધીમાં પૂર્ણ થશે. એનો જશ આજે અમને મળ્યો છે અને આવતા દિવસોમાં પણ મળવાનો છે. ખેતીમાં જુની પદ્ધતિને બદલે રવિ કૃષિ મેળાના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રીએ નવી ઓર્ગેનિક ફાર્મિંગ પોલીસી અમલમાં મૂકી અને તેના માટે રૂ.૧૦/– કરોડની જોગવાઇ કરી છે. આજેપણ શાળાના ઓરડાઓ નથી તેમ સામેના મિત્રો કહે છે. ભાઇ, તમે ભણાવ્યા જ નહોતા એટલે તમારે ઓરડા બનાવવાનો પ્રશ્ન જ ઉભો નહોતો થતો. અમે ભણાવીએ છીએ એટલે અમે ઓરડા બનાવ્યે રાખીશું. આજે મને કહેતાં આનંદ થાય છે કે, અનિલભાઇ બે દિવસ પછી પરીક્ષાઓ શરૂ થઇ રહી છે. જેમાં દસમા ધોરણના દસ લાખથી વધારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. બારમા ધોરણમાં ૫.૫ લાખ. પહેલાં તો બે લાખ, અઢી લાખ બાળકો અભ્યાસ કરતા હતા. આ તો હવે ૧૮ લાખે પહોંચ્યા છીએ. આટલા બધા વિદ્યાર્થીઓ ભણશે તો સ્વાભાવિક છે કે અત્યારથી જ આગામી આયોજન કરવું પડશે અને રાજ્યની આ નેમ છે, શિક્ષણ આપીને લોકોને સ્વાવલંબી બનાવવાના છે. આ સિદ્ધ કરવા માટે શિક્ષણ માટે રૂ. ૨૨૭૮૭.૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગરીબ અને મધ્યમવર્ગના તેજસ્વી બાળકો માત્ર નાણાના અભાવે ઉચ્ચ શિક્ષણની તકોથી વંચિત ન રહે તે ઉમદા હેતુથી નાણાની જોગવાઇ કરી છે. શિક્ષકનો જીવ છે, શિક્ષકના નાતે મુખ્યમંત્રી સ્કોલરશીપ યોજના અંતર્ગત રૂ.૧૦૦૦/– કરોડની નીધિ ઉભી કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે શિક્ષણમંત્રી હતા ત્યારે તાલુકે તાલુકે વિજ્ઞાન શાળા શરૂ કરી છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી બીજું બજેટ લઇને આવ્યા છે ત્યારે હું સૌરભભાઇને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫–૧૬માં અંદાજપત્રમાં રૂ.૧,૩૯,૧૩૯/– કરોડનું કદ આકારવામાં આવેલું છે. પશુપાલન અને ડેરીના વિકાસના પ્લાનસર જોગવાઇ રૂ.૪૪૦.૧૫ કરોડ કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી મફત પશુ સારવાર યોજના માટે રૂ.૧૮.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિપક્ષના લોકો બોલે કે, સૌનો સાથ સૌનો વિકાસ. આ વાત કરવા માટે એમની નજર બદલવાની જરૂર છે. મને કહેતાં આનંદ થશે કે, પશુ પાલન ઉપર સમગ્ર ગુજરાતની અંદર જો કોઇ ભાર મૂકાયો હોય તો ભારતીય જનતા પાર્ટીની અંદર મૂકાયેલો

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

છે. એમણે સમજવાની જરૂર છે. રાજ્યના દસ ગામ દીઠ પશુ સારવાર કેન્દ્ર માટે રૂ.૧૫/– કરોડ ફાળવવામાં આવ્યા છે. દસ ગામ વચ્ચે નહીં કે સો ગામ વચ્ચે. એટલે આ સમજવાની જરૂર છે શેઠજી. રાજ્યના ડેરી ઉદ્યોગના માળખાકીય અને સરળ ઓટોમેટીક મિલ્ક કલેક્શન, બલ્ક મિલ્ક કૂલર સ્થાપવા માટે રૂ.૨૫/– કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રીએ આ પહેલાં બીજા બજેટમાં મહિલા દૂધ મંડળી બનાવવી હોય તો દૂધ મંડળી બનાવવા માટે ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. ૩૦૦ ચોરસ મિટર માટે પાંચ લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે. આ વિપક્ષને સમજવાની જરૂર છે. દૂધ સંગ્રહના મશિનો માટે રૂ.૩૩.૪૩ કરોડની જોગવાઇ કરી છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે કરેલી હતી ખરી? તમે ગમે તેટલું બોલો પણ તમારા અચ્છા દિન આવવાના નથી. પશુ આહારની ફેકટરી માટે સરકારે દસ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે, ફ્રોઝન સીમેન સેન્ટર પાટણ ખાતે બુલસેગના ઘાસ ગોડાઉન બનાવવા માટે જોગવાઇ ૮ કરોડ ૩ લાખ રૂપિયાની કરવામાં આવેલી છે. ભૂજ ખાતે કાંકરેજ ગાય તથા બન્ની ભેંસના બુલમધર ફામમાં બાંધકામમાં જોગવાઇ ૧૬ કરોડ ૫૦ લાખ કરવામાં આવેલી છે. મને કહેતા દયા આવે છે કે છેલ્લા ૨૦ વર્ષથી ગમે તેટલી વાતો કરે, જમ્મુ–કાશ્મીરની વાતો કરે પણ તમે જમ્મુ–કાશ્મીરની વાતો ના કરો, ગુજરાતમાં ૨૦ વર્ષમાં તમારું સ્થાન કઇ જગ્યા ઉપર છે અચ્છે દિન આનેવાલા નહીં હૈ, કામધેનુ યુનિવર્સિટી માટે ૧૧ કરોડ ૩૫ લાખ જોગવાઇ કરી છે અને આ ગુજરાતનું ઇકોનોમીક અર્થતંત્ર સમજવા માટે અને તેની વિકાસની વૃદ્ધિ કરવા માટે સમજવાની જરૂર એ છે કે જયારે ખેડૂત ખેતી કરતો હોય, ખેતી ફેઇલ જતી હોય ત્યારે આખી ઇકોનોમી મજબૂત કરવાનું જો કોઇ કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે અને આ પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલે અને સૌરભભાઇએ કરેલું છે. ૨૦૦૦ થી ૨૦૧૫ સુધીમાં ૩૮,૮૦૦ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરેલું છે, પુનમભાઇ સાંભળો, તમે બોલો છો કે પશુમેળાઓ કરવામાં આવે છે, પશુઓની ચિકિત્સા જો કોઇએ કરી હોય તો ગુજરાત સરકારની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલી છે. ભારતીય જનતા પાર્ટીએ પશુનું આંખનું ઓપરેશન પણ કરાવેલું છે. તમારા સમયમાં સત્તા ઉપર હતા ત્યારે કોઇએ કરેલું છે? મને આજે કહેતા આનંદ થશે કે ૩૩૩ ગામ દીઠ તમે ગમે તેટલું કરશો તો પણ તમારા દિવસ આવવાના નથી અને સૌરભભાઇ પટેલની જે દ્રષ્ટિ, ભારતીય જનતા પાર્ટીની જે દ્રષ્ટિ છે કે ખેડૂત સુખી હશે, ખેડૂત જગતનો તાત છે ત્યારે પશુ માટે જે જોગવાઇ કરવામાં આવેલી છે એ ખરેખર ખૂબ આશીર્વાદરૂપ છે. પુનમભાઇ તમે વાત કરજો કંઇ થવાનું નથી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૫–૧૬ના વર્ષનું અંદાજપત્ર લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. એક તુલસીદાસજીની ચોપાઇ છે, ''તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય'' આ અંદાજપત્રમાં ગરીબો, ખેડૂત પ્રજા, મધ્યમવર્ગ માટે બજેટમાં જે નાણાકીય જોગવાઇ કરવાની છે એ કરી નથી. કરી છે તો માત્ર શહેરો માટે, ગામડાંના લોકો માટે તો કરી જ નથી. એ લોકોની ચિંતા આ બજેટમાં કરી હોત તો સારું હોત, પણ કરી નથી. આ અંદાજપત્ર પછાત, લઘુમતિના કલ્યાણ માટેના વિકાસ યોજનાના ખર્ચ ઉપર કરોડો રૂપિયાનો કાપ મૂકયો છે. અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની વાત કરી છે. આ સરકારની માનસિકતા ગરીબોની ઉપેક્ષા છત્તી કરે છે. ગામડાંના ખેડૂતોના છોકરાઓને પોષાતું હશે? બાજુના શહેરમાં ભણવા જવાનું હોય, મોંઘીદાટ ફી ભરવાની હોય અને તેમને રોજગારી મળતી નથી. આ સરકાર ૫૦% લોકોને પણ રોજગારી પૂરી પાડવામાં નિષ્ફળ ગયેલી છે. અંદાજપત્રમાં શિક્ષણ પણ મોંઘું બનાવ્યું છે જેથી આ બાબતે સરકારે વિચારવું જોઇએ. આમ રાજ્ય સરકારે રજૂ કરેલ અંદાજપત્રમાં ખેતી, સામાજિક સેવાના વિભાગોના વિકાસ માટે કોઇ પગલાં લીધાં નથી. ગ્રામીણ વિસ્તાર માટે કોઇ મહત્વના પગલા લીધાં નથી. તમામ પછાતવર્ગની સરકારી યોજનાઓમાં ઘટાડો કરી ચૂંટણી સમયે લોકોને જે સ્વપ્ના બતાવ્યાં હતાં તેમાં સરકાર નિષ્ફળ ગઇ છે. સંત તુલસીદાસે જે કહ્યું છે કે આ સરકારને ગરીબની હાય લાગવાની છે એ યાદ રાખે! આ ગરીબની હાય લાગશે. જુઓ તમે. (અંતરાય) અલ્યાં અમને ના લાગે. (અંતરાય) અલ્યાં તમે જુઓ. આ તમે ઉત્સવો ઉત્સવો કરો છોને તો ઉત્સવો માટે ડિપાર્ટમેન્ટ કરો. આ અધિકારીઓને એમાં ના જોતરો. અધિકારીઓને જોતરવાથી લોકોના કામો બગડે છે માટે ઉત્સવનું જુદું ડિપાર્ટમેન્ટ કરો તો સારું. લોકોને ધકા ખાઇને પાછા આવવું પડે છે. અધિકારીઓ ઓફિસમાં હોતા નથી માટે અધિકારીઓને એમાં ના જોતરો. જુદું ડિપાર્ટમેન્ટ કરો.

બીજું, તમે ખેતી જુઓ, આ ગુજરાત રાજ્ય ખેતી પ્રધાન રાજ્ય છે. ૭૦% લોકો ખેતી કરે છે અને ૩૦% બધા ધંધામાં આવે છે. પૂછી જુઓ એમને વીજળી ના મળે. ખેતીમાં ૮ કલાક વીજળી અને ઉદ્યોગોને ૨૪ કલાક. શંકરસિંહ બાપુ વખતે ૧૬-૧૭ કલાક વીજળી આપતાં હતાં અને ખેતી (અંતરાય) તમે સાંભળો, આ તમે નર્મદા નર્મદા કરો છોને એનો જે પાયો છેને એટલું પણ કામ નથી કર્યું. નર્મદાનો પાયો જે કર્યો છેને એટલું પણ કામ નથી કર્યું માટે તમે વાત ના કરો. નર્મદાનો પાયો અમે નાંખ્યો છે અને એટલો ઊંડો નાંખ્યો છે કે એટલું તમે ઉપર કામ પણ નથી કરી શક્યા. માટે બહુ ગપ્પા ના મારો. તમે જુઓ. ખેતી માટે, ગરીબ ખેડૂતો માટે શું કર્યું છે? સૌરભભાઇને કહી કહીને થાક્યા એ નથી કરતા તો શું કરવાનું? (અંતરાય ) અને જુઓ તમે. સાંભળો તમે મારી વાત અમારા કોંગ્રેસના રાજમાં ત્રિભોવનદાસે અને ડો. કુરિયને ડેરી બનાવી. તમે શાકભાજી તો બનાવો. ડેરી ઉદ્યોગ આખા જિલ્લે જિલ્લે ડેરી થઇ એ કોના લીધે? અલ્યાં અમારાં લીધે. જો તમે શાકભાજી બનાવો ને તો અમે વાહ વાહ કરીએ. એક ડેરી જેવું તો બનાવો.

શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ ૭૯૨૯૫ કરોડનું વાર્ષિક યોજના સહિતનું જે બજેટ લઇને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યાં છે ત્યારે હું તેમને આવકારું છું અને મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરીકરણ અને ઔદ્યોગીકરણના દોરમાં રોજી-રોટીની અપેક્ષાએ ગામડાંનો માનવી, ના માત્ર ગામડાંનો માનવી પણ પરપ્રાંતીય માનવી પણ ગુજરાતના શહેરો તરફ વળ્યો. એને શહેરોમાં રોજી તો મળી પણ રહેઠાણ ના મળ્યું. રોટલો તો મળ્યો પણ ઓટલો ના મળ્યો. પરિણામ શું આવ્યું? આ શ્રમજીવી માનવીએ જ્યાં જગ્યા મળી ત્યાં ઝૂંપડું બાંધીને રહેવા માંડયો. ધીરે ધીરે શહેરોમાં ઠેર ઠેર ઝૂંપડપટ્ટીઓનું સર્જન થયું. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે તત્કાલીન સરકારોએ આ સમસ્યા પ્રત્યે આંખ આડા કાન કર્યા છે. ના માત્ર આંખ આડા કાન કર્યા પણ ગુનાઇત બેદકારી દાખવી. પરિણામ સ્વરૂપ આ શ્રમજીવીને ગંદી ગીચ વસ્તીમાં પ્રાથમિક સુવિધાના અભાવ વચ્ચે, બિનઆરોગ્યપ્રદ વાતાવરણમાં રહેવા માટે મજબૂર બનવું પડ્યું. પરંતુ સાચા અર્થમાં ગરીબોના બેલી, શ્રમિકોના હામી, પ્રેઝન્ટ પી.એમ. એન્ડ ધેન સી.એમ. શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીને આ શ્રમજીવીઓની મજબૂરી મંજૂર નહતી. તેમણે ગુજરાતના શહેરોમાં આ શ્રમજીવીઓને ઘરનું ઘર, માત્ર કાગળ ઉપર ઘરનું ઘર નહીં, સાચા અર્થમાં ઇંટો, સિમેન્ટ અને રેતીનું બનેલું, પ્રાથમિક સુવિધાઓથી સંપન્ન, આરોગ્યપ્રદ વાતાવરણવાળું ઘરનું ઘર મળી રહે એ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગૌરવ સાથે કહેવું છે કે, ગતિશીલ ગુજરાતના પ્રણેતા પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ પણ આ યોજનાઓને મક્કમતાથી આગળ વધારવા માટે કટિબદ્ધ છે. અને આ કટિબદ્ધતાના ભાગરૂપે માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલે રૂપિયા ૧,૧૦૦/- કરોડનું માતબર બજેટ નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માટે ફાળવ્યું છે. આ સરકારે માત્ર માતબર રકમ ફાળવી એટલું નહીં પણ શહેરી ગૃહ નિર્માણ વિભાગે ઉંચા લક્ષ્યાંકો પણ નક્કી કર્યા છે. મુખ્યમંત્રી ગૃહ યોજના અન્વયે બે લાખ મકાનો અને સ્લમ રિહેબિલિટેશન પોલીસી, પી.પી.પી. અંતર્ગત બીજા પચાસ હજાર મકાનો આમ કુલ બે લાખ અને પચાસ હજાર મકાનો બનાવવાનો લક્ષ્યાંક આ વિભાગે નક્કી કર્યો છે, ત્યારે આ વિભાગના મંત્રીશ્રીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારોમાં અંદાજે સાત લાખ કુટુંબો ઝૂંપડાઓમાં રહે છે. આ ઝૂંપડાવાસીઓને તે જ સ્થળે ૨૫ ચોરસ મિટરથી વધુ કોર્પેટ એરિયાનું મકાન મળે, પ્રાથમિક સુવિધાઓ મળે, આરોગ્યપ્રદ વાતાવરણ મળે એ માટે ૨૦૧૩માં ગુજરાત સ્લમ રિહાબિલિટેશન પોલીસી, પી.પી.પી.ની રચના કરવામાં આવી. આ નીતિ અંતર્ગત તા.૧-૧૨-૨૦૧૦ના રોજ જે શ્રમજીવીઓ ઝૂંપડાઓમાં રહેતા હશે તેમને ૨૫ ચોરસ મિટર બિલ્ટ અપ એરિયાવાળું બે રૂમ રસોડું, બાથરૂમ તેમજ જાજરૂની સગવડવાળું પાકું મકાન મફતમાં આપવામાં આવશે. પાણી, ગટર, વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. આ લાભાર્થીઓને પંદર વર્ષ માટે લીઝ હોલ્ડ હક્ક અને ત્યારબાદ માલિકી હક્ક સુપ્રત કરવામાં આવશે અને આવા આવાસોનું રજીસ્ટ્રેશન માત્ર સો રૂપિયાના સ્ટેમ્પ ઉપર કરવામાં આવશે. ખાનગી ડેવલપર આ યોજનામાં જોડાય તે માટે મહત્તમ ત્રણ સુધીની એફ.એસ.આઇ. આપવામાં આવશે અને પુન:વસન બાદ એટલે કે, વર્ટિકલ

ડેવલપમેન્ટ થવાથી જે જગ્યા ખાલી પડશે એનો વિકાસ કરવા માટે ફ્રી હોલ્ડ હક્કો આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદના અમરાઇવાડી વિધાનસભાનું જનપ્રતિનિધત્વ કરું છું. મારા વિસ્તારમાં શ્રમજીવીઓ ખૂબ મોટી સંખ્યામાં રહે છે. મારા મત વિસ્તારમાં તલાવડીના છાપરાના નામે એક ઝૂંપડપટ્ટી હતી. આ ઝૂંપડપટ્ટીનું સ્લમ રિહેબિલિટેશન એન્ડ રિ–ડેવલપમેન્ટ પોલીસી– ૨૦૧૦ અંતર્ગત વિકાસ કરવાનું આયોજન કર્યું. હમણાં બે મહિના પહેલાં માનનીય શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રી શંકરભાઇ ચૌધરી અને માનનીય કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આ ઝૂંપડપટ્ટીની જગ્યાએ બનેલા મકાનોનું લોકાર્પણ કર્યું. આ લોકાર્પણ વખતે આ શ્રમજીવીઓના ચહેરા ઉપરની ખુશી જુઓ, આપણને જરૂર મનમાં આનંદ થાય કે, એક સુંદર કામ આ સરકાર દ્વારા થઇ રહ્યું છે. આ મકાનોમાં રહેવા ગયેલા આ શ્રમજીવીઓની જ્યારે મુલાકાત લીધી ત્યારે એમની આંખોમાં એક અનેરી ચમક જોવા મળતી હતી. એમનું ભવિષ્ય સુંદર બનશે એવા સ્વપ્ન જોવા મળતા હતા, એમનો આત્મ વિશ્વાસ વધેલો હતો. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, કદાચ મારી વોટ બેન્ક લૂંટાઇ જશે એવા ભયને લીધે જે લોકોએ આ ગરીબોને કાયમી ગરીબ રાખ્યા છે એમને ભગવાન પણ માફ નહીં કરે. હમણાં બાપુ કહેતા હતા, તુલસીદાસજીની ચોપાઇ. આ તુલસીદાસજીની ચોપઇ એ લોકોને લાગુ પડે છે કે,

**"તુલસી હાય ગરીબ કી, કભી ન ખાલી જાય,**
**મુએ ઢોર કે ચર્મસે, લોહા ભી ભસ્મ હો જાય".**

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી કરણની રાજ્ય સરકારના સહયોગથી વિવિધ નગરપાલિકાઓ, શહેરી સત્તા મંડળો...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. શ્રી રાકેશભાઇ.

શ્રી રાકેશ જ. શાહ (એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું. આ વિકાસલક્ષી બજેટ માટે જો કોઇને ખરેખર અભિનંદનનો અધિકાર હોય તો એ ગુજરાતની છ કરોડની જનતાને છે કે જેમના દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ભા.જ.પ.ના નાણામંત્રીને બજેટ રજૂ કરવાની તક મળી. ભૂતકાળનું બજેટ, તેમના દ્વારા ફાળવાયેલી રકમ, તેમના દ્વારા અમલીકરણ થયેલ કામોને ગુજરાતની પ્રજાએ છેલ્લા ૧૫ વર્ષોથી જોયા છે અને એના કરતા વધુ સમયથી જોતા આવ્યા છે અને કદાચ સૌનો સાથ સૌનો વિકાસ શબ્દ કોઇને સમસ્યા લાગતી હશે પણ આ ગુજરાતની જનતાએ છેલ્લા ૧૫ વર્ષથી સૌનો સાથ સૌનો વિકાસનો અહેસાસ કર્યો છે. ત્યારે છેલ્લા ૧૫–૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના નાણામંત્રીઓને બજેટ રજૂ કરવાની તક આપી. છેલ્લા ચાર દિવસથી આ બજેટ સત્રની ચર્ચામાં આપ સૌની સાથે ઘણા બધા સાથી સભ્યોએ ઘણીબધી વાતો કરી અને એ પણ કીધું કે જે રીતે ગુજરાતની જનતાએ જે અહેસાસ કર્યો છે અને હવે સ્પષ્ટ દેખાય છે કે આ જનતા અને એના દ્વારા આગામી દિવસોમાં દેશની ૧૨૫ કરોડની જનતા પણ નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સૌનો સાથ, સૌનો વિકાસ કરે છે. કયાંક એવી વાત થઇ કે બજેટ એ નિષ્ફળ દસ્તાવેજ છે. કયાંક એવી વાત થઇ કે સૌનો સાથ, સૌના વિકાસનો કોઇ અર્થ નથી. ખરેખર નિષ્ફળતાનો દસ્તાવેજ છે કે સફળતાનો દસ્તાવેજ છે એ આપણે બાજુમાં મુકી દઇએ. એ આપણી ગુજરાતની જનતાને નકકી કરવા દો. એણે ૨૦ વર્ષ છેલ્લા નકકી કર્યા છે. આગામી કેટલા વર્ષો એ નકકી કરશે એ એમના ઉપર છોડી દઇએ. જેમ હમણા જ હસમુખભાઇએ પણ વાત કરી. અમદાવાદના એલીસબ્રીજ વિસ્તારમાંથી જવાબદારી લઇને આપની સમક્ષ આવ્યા છીએ. ગુજરાતના મહાનગરોનો જે વિકાસ જોયો છે, છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાતની જનતાએ જોયું છે કે શહેરોની માળખાકીય સુવિધા હોય, એની સ્વાસ્થ્યની સેવા હોય કે નાગરિકોની વિવિધ સુવિધા માટે આદરણીય નાણામંત્રીશ્રીએ ૧૦૨૭૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. છેલ્લા ૧૫ વર્ષથી મેં કહ્યું એમ ગુજરાતના બજેટ રજૂ થયા અને જે રીતે ગુજરાતના શહેરોનો વિકાસ થયો, લોકો શહેરો તરફ આવ્યા. માત્ર ગામડાંમાંથી નહીં પણ પરપ્રાંતમાંથી લોકો શહેરો તરફ વિકસ્યા અને જે રીતે દેશનું સર્વાધિક શહેરીકરણ જો કોઇ રાજયમાં થઇ રહ્યું હોય તો ગુજરાત જ એક એવું પહેલું રાજય છે કે જેનું સર્વાધિક શહેરીકરણ થઇ રહ્યું છે. ઘણા બધા મિત્રોએ પણ આંકડા આપ્યા. ૪૨ ટકાથી વધુ લોકો આ શહેરોમાં રહે છે. ગુજરાતના શહેરોમાં લોકો રહેવાનું પસંદ કરે છે એનું બીજું પણ એક કારણ છે શહેરીકરણની સાથેસાથે આ ગુજરાતના શહેરોમાં છેલ્લા ૨૦–૨૫ વર્ષથી શાંતિ છે, સલામતિ છે. કયાંય કરફયુ

નથી એટલે ગુજરાતમાં વિશેષ શહેરીકરણ વધ્યું છે. સાથી સભ્ય હસમુખભાઇએ કહી દીધું હું વિશેષ વાત નથી કરતો પણ ઘરનું ઘર શહેરના ગરીબોની વાત અમારી એકલાની નથી પણ મારી અને મારા સાથી સભ્યોની છે કે સૌનો સાથ સૌનો વિકાસ તો બધા જ આવે છે. એમણે નાના માણસોની વાત કરી. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં મધ્યમવર્ગના પણ ખૂબ લોકો છે. એ મધ્યમ વર્ગની ગુજરાત પ્રાંતની સરકારની યોજનાઓ એનામાં ૮૦–૨૦ ની સ્કીમોનો લાભ હોય કે ૭૦–૨૦–૧૦ની સ્કીમનો લાભ હોય. આદરણીય અધ્યક્ષશ્રી, હું તમને એટલું જ કહેવા માગું છું કે મારા વિસ્તારની ૮૦ ટકા સોસાયટીઓમાં ૮૦–૨૦ ની સ્કીમથી એ સારા રસ્તા, પાણી, લાઇટ, ગટરની સુવિધા પૂરી થઇ ગઇ છે. ખરેખર સાચા અર્થમાં હમણા અમિતભાઇ કહેતા હતાને કે વેરાનું વળતર એ આને કહેવાય કે લોકોના પૈસા એ લોકોના દ્વારે પહોંચે છે. એનું ઉદાહરણ આપણે જોઇ શકીએ છીએ. મેં કીધુંને કે ગુજરાતના મહાનગરો બદલાઇ રહ્યા છે. જે રીતે ગુજરાતના શહેરો એ વિશ્વના વિકસિત દેશોની હરોળમાં પહોંચી ગયા છે ત્યારે ગુજરાતે પોતાની અલગ ઓળખ ઉભી કરવાનું એ મુખ્ય કારણ પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ અને એ જ દિશામાં અને એ જ ગતિથી કામ કરતા આપણા હાલના માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના જે ગતિશીલ ગુજરાતના કામોથી ગુજરાત ફરી એક વાર વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. હું શહેરી વિકાસ તરફ આપની સમક્ષ વાત કરીશ, ત્યારે શહેરી વિકાસની નીતિ અને પ્રોગ્રામો બની રહ્યા છે. સરકારની કટિબદ્ધતા જુઓ તો ૨૦૦૫ થી શહેરી વિકાસ વર્ષ, ૨૦૦૯ અને ૨૦૧૨ માં સ્વર્ણિમ જયંતિ, મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૧૩ માં મુખ્યમંત્રી ગૃહ આવાસ યોજના ૨૦૧૪ માં એફોર્ડેબલ હાઉસિંગ અને એ જ ૨૦૧૪ માં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની પણ વાત છે. સૌથી અગત્યની બજેટમાં વાત હોય સ્માર્ટ સિટી માટેની છે. મને આનંદ થાય છે કે ગુજરાત જ એક એવું રાજય છે કે સ્માર્ટ સિટીનો કન્સેપ્ટ સમગ્ર દેશમાં પહેલીવાર લાવ્યા છે. ભૂતકાળમાં પણ કોઇએ આના તરફ ધ્યાન નહોતું આપ્યું. ત્યારે સ્માર્ટ સિટી માટે પણ ૫૭૫ કરોડની માતબર રકમની જોગવાઇ કરી છે. સિટીઝન્સ સાયન્ટિફિક સર્વિસીસ માટે અદ્યતન ટેકનોલોજી છે. ૧૦૦ ટકા કાર્યક્ષમ પાયાની સવલતો હોય છે. વર્તમાન સમયમાં દુનિયા ટેકનોલોજીના માધ્યમથી જે રીતે શહેરોની એમીનીટીસ વધારવા માટે ઇફેક્ટિવ અને રિયેલાઇઝેશન અર્બન જે ગવર્નન્સ કરે છે, એનો પણ આમાં સમાવેશ થયો છે. મહાનગરોના મુખ્ય પ્રશ્નો તો નળ, ગટર અને રસ્તા હોય છે. પણ કેટલાય વર્ષોથી અમદાવાદમાં નળ, ગટર અને રસ્તા એ સમસ્યા રહી નથી. અમદાવાદ એક એવું શહેર છે આપણે જાણીએ છીએ કે જે ધારે તો ૨૪ કલાક પાણી આપી શકવાની ક્ષમતા અમદાવાદ શહેરમાં રહેલી છે. નળ, ગટર અને રસ્તાનાં કામો પતી ગયા પછી આ કોર્પોરેશનના પ્રતિનિધિઓ એ વિકાસનાં કામમાં નવાં પ્રોજેકટો લઇને આવ્યાં છે. એ સાબરમતી રિવર ફ્રન્ટ હોય, એ બી.આર.ટી.એસ. હોય કે એ કાંકરિયા લેક ડેવલપમેન્ટ ફ્રન્ટ હોય એના માધ્યમથી પણ લોકોને સારી સગવડ મળી રહે છે. હું બજેટને સમર્થન કરીને વિરમું છું.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ(દહેગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું. બજેટની સંપૂર્ણ પરિભાષા, વ્યાખ્યા એ હોય કે એ બજેટ નાનામાં નાની વ્યક્તિને સ્પર્શતુ હોવું જોઇએ. એની જોગવાઇ એવી હોય કે ગરીબ વર્ગ, મધ્યમ વર્ગના વિચારોને વાંચા આપતું હોવું જોઇએ. આ બજેટનો સંપૂર્ણ અભ્યાસ કરતા જણાઇ આવે છે કે આ બજેટ વધારેમાં વધારે ઉદ્યોગપતિઓને ફાયદો આપનારું જણાય છે. રાજ્ય સરકાર જ્યારે વિકાસનાં કામ કરવાં માટે દર વર્ષે જાહેર દેવું કરીને નાણાં ઉભાં કરે છે. દેવું કરીને મૂડી ઉભી કરવાના કારણે રાજ્યના દેવામાં સતત વધારો થતો જોવા મળે છે. અત્યારે જે બાળક જન્મે છે, તે જન્મતાની સાથે ૩૩,૦૦૦ રૂપિયાના દેવા સાથે જન્મે છે. આ અત્યંત શરમજનક વાત જણાઇ આવે છે. એક મહિલા ધારાસભ્ય તરીકે મહિલાઓને લગતી બાબત તરફ મારે ધ્યાન દોરવું છે કે જ્યારે ભાજપની સરકાર એલ.પી.જી. ઉપર વેટ, સિવિલ કોન્ટ્રાકટરને વેટના દાયરામાં લાવી તેમજ મોટર વાહન ટેક્સ વધારી પ્રજા ઉપર કરોડોનો ટેકસ વધારેલ છે તે પાછો ખેંચી લેવો જોઇએ. સરકાર પેટ્રોલમાં ૨ ટકાનો વેટમાં ઘટાડો કરે તો પ્રજાને ૧૨ થી ૧૪ રૂપિયાના ભાવમાં ફાયદો થાય. તેવી જ રીતે ડીઝલમાં ૨ ટકા વેટ ઘટાડે તો પ્રજાનો તેનાથી ૧૦ થી ૧૨ રૂપિયાનો ફાયદો થાય. ભાજપની સરકારે તાકીદે ગોવા, છત્તીસગઢ, કેરાલાની જેમ પેટ્રોલિયમ પેદાશો ઉપર ૨ ટકા વેટનો ઘટાડો કરવો જોઇએ. છેલ્લાં ૫ વર્ષમાં વેટની આવક વધારી ગુજરાતની પ્રજા ઉપર બોજો નાખવાનું કામ ભાજપે કર્યુ છે. એજ રીતે કરોડો રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી અને એવું જણાવવામાં આવ્યું કે શિક્ષણ ઉપર અમારું તદન સાચું લક્ષ્યાંક છે, તો ગ્રામ્ય વિસ્તારનું જોવામાં આવે તો

શિક્ષણ અત્યંત ખાડે ગયું છે. જયારે વાંચે ગુજરાત સૌ ભણે, સૌ આગળ વધે જેવા નારાઓ તો આપવામાં આવે છે, પણ હકીકત જોતા જણાય છે કે માસ્તર મારે નહિ અને માસ્તર ભણાવે પણ નહિ. જે સ્કૂલની અંદર શિક્ષકો ન હોય અને શિક્ષકોના કારણે બાળકોને સારું શિક્ષણ ન મળતું હોય. જ્યાં શિક્ષક જ ન હોય તો માસ્તર કેમનો મારે અને કેમનો ભણાવે. તો સૌ પ્રથમ તો સ્કૂલમાં શિક્ષકોની ઘટ છે, તેને તાત્કાલિક ભરવી જોઇએ. જેથી ગ્રામ્ય વિસ્તારમાં સારામાં સારું શિક્ષણ મળી રહે. જયારે ગુજરાતની અંદર શિક્ષણની વાત થાય ત્યારે ફીક્સ પગારથી શિક્ષકો રાખવામાં આવે છે. જેમાં ગામડાંમાં ભણતા બાળકો ધોરણ પાંચમામાં હોય કે છઠ્ઠામાં હોય તેને નામ લખતાં કે વાંચતાં આવડતું નથી. આવી પરિસ્થિતિ ગુજરાતમાં શિક્ષણ વિભાગની છે. તેના કારણે દિન પ્રતિદિન ડ્રોપ આઉટ રેશીયો વધતો જોવા મળી રહ્યો છે. સારું શિક્ષણ મેળવવા માટે પ્રાઇવેટ કોચીંગ કલાસીસમાં જવું પડે છે. પ્રાઈવેટ કોચીંગ કલાસીસનું ફીનું માધ્યમ એટલું ઉંચું હોય છે કે સામાન્ય ગરીબ વર્ગનો વ્યક્તિ તેની ફી નથી ભરી શકતો, ગમે તે રીતે સમાજમાં આગળ આવવા માટે દુનિયા સાથે કદમ મીલાવવા માટે પ્રાઈવેટ કોચીંગનો સહારો લે છે. પ્રાઈવેટ કોચીંગના માધ્યમથી જયારે તે વ્યક્તિ ભણીગણીને આગળ આવે છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવાનો વારો આવે ત્યારે ૩૦૦ થી ૩૫૦ જેટલી જગ્યાઓની ભરતી કરવાની હોય તો તેમાં લાખોની સંખ્યામાં ફોર્મ ભરાય છે. તે ફોર્મ જોતાં સ્પષ્ટ સાબિત થાય છે કે કેટલા શિક્ષિત બેરોજગારો આપણા ગુજરાતમાં છે. આ બેરોજગારોનો આંકડો જોતાં ખરેખર અત્યંત શરમજનક સ્થિતિ આપણા ગુજરાતની છે. મારે કહેવું છે કે સ્પર્ધાત્મક પરીક્ષાની અંદર જે વિદ્યાર્થી પરીક્ષા આપે અને આગળ વધવા માટેનો પ્રયત્ન કરે ત્યારે *(xxx) તો કયાંથી તે સાર્થક નિવડે. રાઈટ ટુ એજયુકેશન એકટમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે અમૂક સીટો અનામત રાખવાની જોગવાઇ કરવામાં આવી છે. તેનું ચુસ્તતાથી પાલન આ સરકારમાં થતું નથી. જયારે આ ગૃહની અંદર ઘણી એવી ચર્ચાઓ થઇ કે સરદાર વલ્લભભાઇ પટેલ, સરદાર વલ્લભભાઇ પટેલને કોંગ્રેસના શાસને અન્યાય કર્યો છે. આ ગૃહ સમક્ષ હું એ વાત મૂકવા માગું છું કે સરદાર વલ્લભભાઇ પટેલને કોંગ્રેસે અન્યાય નથી કર્યો સાચી શ્રદ્ધાંજલિ આપવાનું કામ કોંગ્રેસે કર્યુ છે.

ઉપાધ્યક્ષશ્રી : કામીનીબેન જે સભ્યો ગૃહમાં હાજર રહીને જવાબ આપી શકે નહીં તેના નામનો ઉલ્લેખ કરવાનું ટાળો. આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) સરદાર વલ્લભભાઇ પટેલના નામે સરદાર સરોવર યોજના એ કોંગ્રેસની દેન છે. સરદાર પટેલ સ્ટેડિયમ બન્યું તે કોંગ્રેસની દેન છે. જે અમદાવાદ એરપોર્ટ સરદાર વલ્લભભાઇ પટેલના નામે બન્યું તેનો વિરોધ ભારતીય જનતા પાર્ટીએ કર્યો હતો. અત્યંત શરમજનક વાત જણાવું તો સરદાર પટેલની જન્મભૂમિ કરમસદની અંદર સરદાર પટેલની પ્રતિમા ઉપર પગ મૂકી અને ભાજપના તોરણ લગાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ કર્યુ હતું. જયારે જગતના તાત ગણાતા ખેડૂતના દિન પ્રતિદિન આત્મહત્યાના બનાવો વધી રહ્યા છે અને આપણે ખેડૂતોને સાચુ વળતર નથી આપી શકતા તે તદન સાચી વાત છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે ૨૦૧૫-૧૬નું બજેટ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે બજેટ રજૂ થવાનું હોય ત્યારે રાજયની પ્રજા નાણા મંત્રી પાસે અપેક્ષા રાખે અને એમનું એક સ્લોગન છે અચ્છે દિન આયેંગે અને આ અચ્છે દિન જોવા માટે રાજયની પ્રજા જયારે રાહ જોઇને બેઠી હોય ત્યારે આ પ્રજાને પ્રેસ અને બીજા માધ્યમોથી ખબર પડે કે આ બજેટ જાહેર થયું તે રાજયના ખેડૂતો હોય, શિક્ષિત બેકારો હોય કે રાજયના ગરીબો હોય તેમના માટે કયારેય પણ આ ભાજપની સરકારે તેમના લક્ષી બજેટ રજૂ કર્યુ નથી. ૨૦૧૫-૧૬નું બજેટ લગભગ મૂડીપતિઓ અને ઉદ્યોગપતિઓને ફાયદાકારક થાય એવું આ ગૃહમાં રજૂ થયું છે. આ રાજયની છ કરોડની જનતા માટે હાલ ૧ લાખ ૬૯ હજાર ૫૩૮ કરોડનું દેવું છે. માનનીય મંત્રીશ્રી શંકરભાઇ સાહેબ વાત કરતા હતા કે ૧૯૯૮ સુધી જે બજેટ રજૂ થયા તે ખૂબ નાની રકમના હતા. વાત સાચી, તે વખતની આવક અને જાવકના આંકડા પ્રમાણે નાની રકમના આંકડા રજૂ થયા હશે. છેલ્લા ૨૦ વર્ષમાં

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આપે જે બજેટ રજૂ કર્યા તે મોટા રજૂ કર્યા છે. તે વખતે ગુજરાત રાજયનું દેવું ૧૪૦૦૦ કરોડ હતું. તે દેવું આજે ૧ લાખ ૬૯ હજાર ૫૩૮ કરોડને આંબી ગયું છે. એટલે આ દેવામાં પણ આપણી સરકાર નંબર વન થઇ રહી છે. ગઇકાલે બાબુભાઇ કહેતા હતા કે દેવું તો જેનો વ્યવહાર સાચો હોય તે જ કરી શકે કોંગ્રેસનું કામ નહીં. કોંગ્રેસનું કામ નહીં. વાત સાચી છે તમારું જ કામ કે તમે દેવું કરી શકો કારણ કે, આપણે જાણીએ છીએ કે કોઇ પણ સંસ્થાનું દેવું થાય, કોઇ પણ પેઢીનું દેવું થાય તેને લગભગ બધા મોટા ભાગે એવું કહેતા હોય છે કે આ દેવાળીયો માણસ છે. એટલે આ રાજય સરકારમાં પણ ખેડૂતો દેવાના ડૂંગર નીચે દબાઇ રહ્યા છે, ખેડૂતો આત્મહત્યા કરે છે. માનનીય બાબુભાઇ આજે છે નહીં પણ આ સરકારને હું તો એટલું કહેવા માગું છું કે, ૨૦૧૭માં આ દેવાળીયા સરકારનું કદાચ ઉઠામણું થાય તો નવાઇ નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે રવિ કૃષિ મહોત્સવની, રવિ કૃષિ મહોત્સવમાં જ્યારે ખેડૂતોને સબસિડી વાળા સાધન આપવાની વાત થાય છે ત્યારે હમણા જ સવારે પ્રશ્નોતરી દરમ્યાન ડ્રીપ ઇરિગેશનની વાત થતી હતી ત્યારે મારે સૌરભભાઇ સાહેબનું ધ્યાન દોરવું છે કે, રવિ કૃષિ મહોત્સવમાં તમે જે સાધન અને કીટ આપો છો એ કીટ આઇ.એસ.આઇ. કે આઇ.એસ.ઓ. માર્કાવાળી કીટ હોય પણ જે ખુલ્લા માર્કેટમાં વેચાતા સાધનો હોય છે એ સાધન સહાયની કિંમત કરતા આની કિંમત ૨૫ થી ૩૦ ટકા વધારે હોય છે. ઉદાહરણ તરીકે કહેવા માગું છું અને માનનીય કૃષિમંત્રીશ્રીને પણ મેં એની રજૂઆત કરી છે કે, અમારા વિસ્તાર ઉત્તર ગુજરાતમાં તમે ૧૦ એચ.પી.ની મોટરો રવિ કૃષિ મહોત્સવમાં આપી આ રવિ કૃષિ મહોત્સવમાં આપેલી મોટરની કિંમત ૪૨૦૦૦ તમે નક્કી કરેલી છે અને ૭૮૦૦ જેવી તમે સબસિડી આપેલી છે પણ જો એ ખુલ્લા માર્કેટમાં અમે લેવા જઇએ છીએ ત્યારે ૨૮૦૦૦માં આ મોટર મળે છે. ખેડૂતોએ મને પૂરાવા સાથે આપ્યું છે કે ૨૮૦૦૦ની જે મોટર મળે છે એના તમે ૪૨૦૦૦ ચૂકવો છો મતલબ તમે ૭૮૦૦ સબસિડી નહીં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર કરો છો એવો મારો સ્પષ્ટ આક્ષેપ છે અને હું પૂરાવા સાથે આપવા સંમત છું. એટલે આવી રીતે સાધન સહાયમાં ખરેખર ખેડૂતને સહાય નહીં પણ ખેડૂત લૂંટાય છે. ગઇ સાલ ૨૦૧૩-૧૪નું જે બજેટ રજૂ થયેલું એમાં ૯૦ ટકા સબસિડીવાળા ગોડાઉનો બનાવવા માટે ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી પણ આ વખતે તેમાં ઘટાડો કરીને માત્ર ૫૦ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી અહીંયા બેઠા છે ત્યારે જે હવાની ગુણવત્તા બાબતે જે કામ કરવાની વાત થઇ અને એના માટે ૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય મંગુભાઇ સાહેબને વિનંતી કરીને રજૂઆત કરી છે કે, મારા મત વિસ્તારમાં ૧૦ કિલોમિટર એરિયામાં જે ફ્લાવર કોબીઝનો પાક થાય છે ત્યાં તમામ ઉદ્યોગો એના ઉપર ઝેરી પદર્થ નાંખે છે. મેં સતત રજૂઆત કરી છે એ આપણે બધા જ ખાઇએ છીએ, ધારાસભ્યો ખાય છે, આઇ.એ.એસ. અધિકારીઓ ખાય છે અને એની મેં સતત રજૂઆત કરી હોવા છતાં કોઇ પણ અધિકારી ભષ્ટાચારને કારણે અને સરકારની મીલીભગતને કારણે અધિકારીનું એ તરફ ધ્યાન જતું નથી અને સમગ્ર ભષ્ટાચારના કારણે આજે આપણે બધા જ આવા ફલાવર-કોબીઝ ખાઇએ છીએ અને આપણા આરોગ્યને પણ નુકસાન કરીએ છીએ તો આ બાબતમાં તાત્કાલિક તપાસ થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી સૌરભભાઇ સર્વસ્પર્શી બજેટ લઇને આવ્યા છે તેના અનુમોદનમાં હું મારા કેટલાક વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ સમગ્ર ભારત દેશ ૨૧મી સદીના પ્રથમ ચરણમાં પ્રવેશી રહ્યા છીએ. ૨૦૦૧ થી ૨૧મી સદી ચાલુ થઇ અને ૨૧મી સદીની અંદર ભારત હોય, ગુજરાત હોય કે અન્ય કોઇ રાજય હોય એનો વહીવટ વિજ્ઞાન અને ટેકનોલોજીના માધ્યમથી લોકો સુધી, સરકારમાં કોઇ નિર્ણય થાય, નિર્ણયના અમલીકરણ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના સહારાથી બીજા જ દિવસે એનો અમલ થાય અને લોકો સુધી પહોંચી શકીએ એવી જો વ્યવસ્થા થઇ હોય આખા દેશમાં સર્વ પ્રથમ તો એ ગુજરાતમાં થઇ છે. ૨૦૦૧માં આદરણીય નરેન્દ્રભાઇએ જે વ્યવસ્થા ગુજરાતમાં ટેકનોલોજીના માધ્યમથી કરી એના કારણે આજે આપણો વહીવટ લોકો સુધી પહોંચે, ગામડાં સુધી પહોંચે, વેપારી સુધી પહોંચે, કોઇ પણ ઉપભોકતા સુધી પહોંચે અને એ નિર્ણયની પ્રક્રિયાની જાણ એને જે ઝડપથી થાય છે એના કારણે આજે સરકારના બજેટમાં રજૂ થયેલા નાણાં, નક્કી થયેલા નાણાં લોકો સુધી પહોંચાડવા માટેની ખૂબ સુગમતા આપણે ઉભી કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ વિવિધ સંસ્થાઓ કાર્યરત છે. જેમાંની

મુખ્યત્વે જોઇએ તો ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લિમિટેડ ( જી.આઇ.એલ.), ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી,( જી.સી.એફ.સી.), ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સીટી એન્ડ ટેકનોલોજી, (ગુજકોસ્ટ) ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન એન્ડ જીઓ ઇન્ફરમેટીક,બાયસેગ, ગુજરાત સ્ટેટ બાયો ટેકનોલોજી મિશન જી.એસ.બી.ટી.એમ., ધી ઇન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ (આઇ.એસ.આર.) માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી સંસ્થાઓ ગુજરાતની અંદર જ્યારે કામ કરતી હોય ત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર થવો સ્વાભાવિક છે વરસો પહેલાં લગભગ હું ૨૦૦૧ પહેલાંની વાત કરું તો વિજ્ઞાન અને ટેકનોલોજી માટે જે બજેટની ફાળવણી થતી હતી, ભૂતકાળમાં મારા કોંગ્રેસી મિત્રોમાં મહેન્દ્રસિંહજી જો કદાચ તમે ભૂતકાળમાં જશો અને પાછલા વરસોમાં જઇ વિજ્ઞાન અને ટેકનોલોજી માટે જે તે વખતની સરકારોએ ગુજરાતને આગળ વધારવા માટે એમાં એગ્રીકલ્ચર હોય કે અન્ય કોઇપણ વિષય હોય એની અંદર વિજ્ઞાનનો તમે કેટલો ઉપયોગ કર્યો, ટેકનોલોજીનો કેટલો ઉપયોગ કર્યો, એ કદી પણ થતો નહોતો. એ ભૂતકાળની સરકારમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વાળો વિભાગ હતો કે નહિ એ પણ કદાચ કોઇને ખબર નહિ હોય, એવી પરિસ્થિતિ હતી, એકવીસમી સદીમાં જ્યારે આપણે પ્રવેશી રહ્યા છીએ ત્યારે જી.આઇ.એલ. દ્વારા ઇ-ગવર્નન્સ માટે ઉપયોગી સોફટવેર, હાર્ડવેર, નેટવર્ક માટેની સાધનસામગ્રી વિગેરે સેવાઓ ગુણવત્તાવાળી મળી રહે તે માટેની આખી પ્રક્રિયા આ જી.આઇ.એલ. દ્વારા હાથ ધરવામાં આવે છે, ભારતમાં ઇ-ગવર્નન્સ ક્ષેત્રે કોઇપણ પ્રકારની કામગીરી હાથ નહોતી ધરાઇ ત્યારે ગુજરાતમાં જીસ્વાન દ્વારા વરસ ૨૦૦૧ થી આ ક્ષેત્રે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન આપણા નરેન્દ્રભાઇએ શરૂઆત કરી દીધેલી, આપણને જોઇ અને ભારત સરકારે સન ૨૦૦૫માં શરૂઆત કરી કે ટેકનોલોજીનો ઉપયોગ આપણે પણ કરીએ, નરેન્દ્રભાઇ કરતા હોય, ગુજરાત કરતું હોય ગુજરાત આગળ વધી રહ્યું હોય, તો ભારતે પણ કરવી જોઇએ અને પરિણામે જે ગુજરાત મોડેલની વારંવાર વાત થાય છે એ ગુજરાત મોડેલ કેમ? ગુજરાત કરતા ચાર વરસ પછી ૨૦૦૫માં ભારત સરકારે નેશનલ ઇ-ગવર્નન્સ પ્રોજેક્ટ સ્કીમની શરૂઆત કરી, ચાર વરસ પછી ભારત સરકાર જાગી, આપણે એકવીસમી સદીમાં ૨૦૦૧થી જ પગરણ કરી દીધા હતા અને પરિણામે જીસ્વાન દ્વારા વરસ ૨૦૦૧-૦૨ થી ૩૩ જિલ્લા, ૨૪૮ તાલુકાઓ ૪૫૦૦ કચેરીઓ અને ૮૦૦૦૦ વપરાશકર્તાઓને આવરી લેવાયેલા છે. રાજ્ય કક્ષાનું આ પ્રકારનું આઇ.ટી. બેઝ નેટવર્ક ઉભું કરનાર ગુજરાત રાજ્ય ભારતમાં સૌપ્રથમ રાજ્ય છે. જીસ્વાન દ્વારા રાજ્યની પ્રજાના પ્રશ્નો છેવાડાના માણસને કોઇ મુશ્કેલી પડી હોય ક્યાંય અટવાતો હોય, કયાંક એનું દુઃખદર્દ રજૂ કરવું હોય તો જેમ અકબરના જમાનામાં એના ઝરૂખામાં એક ઘંટડી રાખી હતી કે કોઇ ગરીબ, દિન દુખિયારો માણસ કદાચ એને કોઇ નાની મોટી તકલીફ પડે તો આ બેલ વગાડી અને અકબરને બોલાવી અને પોતાની વાત રજૂ કરી શકતો આજે સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ કોઇપણ છેવાડાના માણસને મુખ્યમંત્રી સાથે વાત કરવી હોય, ટેકનોલોજીના માધ્યમથી સીધેસીધો મુખ્યમંત્રીશ્રીને પોતાની વાત કરી શકે પોતાનું દુઃખદર્દ કહી શકે અને તરત જ એકબાજુ એની સાથે વાતચીત થાય બીજીબાજુ અધિકારીઓ સાથે એ પ્રશ્નના નિરાકરણ માટે સરકાર આગળ વધતી હોય, રાજ્યના મુખ્યમંત્રી તરત જ એનો ઓન-ધ સ્પોટ નિકાલ કરતા હોય, આ પ્રકારનું વાતાવરણ જ્યારે આખા રાજ્યમાં રચાયેલું હોય ત્યારે આ રચાવા પાછળ વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી ૨૦૧૫-૧૬ના વરસનું વાર્ષિક વિકાસ બજેટ લઇને આવ્યા છે ૭૯૨૯૫ કરોડનું લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

સૌથી પહેલાં તો મારા મિત્રોને યાદ દેવડાવું કે ભાઇ બાર વરસમાં અમે ૩૫ વરસ સુધી બજેટ લાવ્યા એના કરતા તમે અગિયાર વરસ જે બજેટ લાવ્યા એમાં ઘણો તફાવત છે, એક સામાન્ય દાખલો આપીને યાદ દેવડાવું કે ૧૯૬૦ થી ૧૯૬૪ના દાયકામાં સોનાનો ભાવ ખાલી ૭૦ રૂપિયા હતો અને શિક્ષકનો પગાર પણ ૭૦ રૂપિયા હતો, ૩૫ રૂપિયા બેઝીક હતો અને ૩૫ રૂપિયા એને મોંઘવારી ભથ્થું મળતું હતું. આજે એ શિક્ષકનો પગાર ૨૫ થી ૩૦ હજાર રૂપિયા અને જે સિનિયર હોય તેને તો ૫૦ હજાર રૂપિયા પણ મળે છે. ૧૯૫૦ના દાયકામાં ૩૯ રૂપિયા હતા એટલે એ દિવસોનું બજેટ અને એ દિવસોની જે જરૂરિયાત હતી એ કંઇ એટલો બધો તફાવત નથી. આજે ૭૦ રૂપિયા અને ૩૦ હજાર રૂપિયાનો ડિફરન્સ જુઓ તો આજનું બજેટ કંઇ પણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી મિત્ર ઋષિકેશભાઇ એમ કહેતા હતા કે ટેકનોલોજી. ટેકનોલોજી લાવનાર તો સ્વર્ગસ્થ વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધી હતા. તે દિવસે પણ આ ભાજપની સરકારે ઇન્ફર્મેશન ટેકનોલોજી આવવાની હતી ત્યારે ૯૫માં વિરોધ કરેલો કે ભાઇ, આ લાવવાથી આ ભારતનું યુવાધન બગડી જશે. પણ મારા મિત્રને ખાલી એટલુ જ યાદ દેવડાવું કે, ખાલી સદસ્ય નિવાસમાં મોબાઇલ નથી પકડાતો એટલુ કરાવી આપે તો પણ બસ છે. આપણાં વજુભાઇવાળા સાહેબને તમામ ધારાસભ્યશ્રીઓએ રજૂઆત પણ કરી હતી કે મોબાઇલ ટાવર નથી પકડાતો એટલે એટલી વ્યવસ્થા કરી આપે તો પણ તેમને ધન્યવાદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દક્ષિણ ગુજરાતની ખાસ વાત કરવી છે દક્ષિણ ગુજરાત એટલે ભરૂચ પછી સમગ્ર વિસ્તારની અંદર શેરડી પકવતા મારા ખેડૂત મિત્રો છે. ખાસ કરીને શેરડી અને આંબાના ઝાડનું વાવેતર કરે છે ત્યારે માનનીય મંત્રીશ્રીનું એક બાબતે ધ્યાન દોરવા માગું છું કે, દક્ષિણ ગુજરાતની અંદર શેરડી પકવતા ખેડૂતો માટે મહારાષ્ટ્ર સરકારે પરચેઝ ટેક્સ માફ કરેલો છે. અને ખાંડ એક્સપોર્ટ કરવા માટે ૪ હજાર રૂપિયા જેટલી તેની ઉપર સબસિડી આપવામાં આવે છે. તેમાં મહારાષ્ટ્ર સરકારે એક હજાર રૂપિયાનો ઉમેરો કરી આપી પાંચ હજાર રૂપિયા એક્સપોર્ટ કરવા માટેની સબસિડી વધારી આપી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને હું વિનંતી કરવા માગું છું કે, દક્ષિણ ગુજરાતની જો જીવાદોરી હોય તો એક સુગર અને એક કેરીનો પાક બે જ વસ્તુ જીવાદોરી છે ત્યારે આ મહત્વની દક્ષિણ ગુજરાતની બાબત છે તે બાબતને પણ ધ્યાનમાં લે કે મહારાષ્ટ્રની સરકારે પરચેઝ ટેક્સ માફ કર્યો છે એ રીતે પરચેઝ ટેક્સ માફ કરે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે નાણામંત્રીશ્રી પાસે વીજ ખાતુ પણ છે ત્યારે મારો એક સળગતો પ્રશ્ન દક્ષિણ ગુજરાત અને ખાસ કરીને અધિક્ષક ઇજનેરની કચેરી, વલસાડની અંદર અમારી કચેરીનું વિભાજન કરવામાં આવ્યું. આમ તો જી.ઇ.બી.ની ગાઇડ લાઇન છે કે ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ હજાર ગ્રાહકે એક પેટા કચેરી આપવાની હોય અને શહેરી વિસ્તારમાં ૨૫ હજાર ગ્રાહકે એક કચેરી આપવાની હોય છે. મારા વાપીની અંદર એક કચેરીની અંદર ૬૦ હજાર જેટલા ગ્રાહક અને મારા કપરાડા તાલુકાની અંદર ૫૦ હજાર જેટલા ગ્રાહકો છે ત્યારે માનનીય નાણામંત્રીને વિનંતી કરું કે, લોક સેતુ સંવાદની અંદર પણ આ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવેલો અને પ્રભારી મંત્રીશ્રી હાલના અધ્યક્ષ છે તેમની હાજરીમાં કહેવામાં આવ્યુ પણ આજદિન સુધી ચાર માસ જેટલો સમય થઇ ગયો છતાં નિકાલ આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારનું ધ્યાન દોરવા માગું છું કે, સૂત્ર આપે છે કે ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રજાને મેળા આપ્યા, પરંતુ ગુજરાતના શિક્ષિત યુવાનોને રોજગારી નથી આપી. આ સરકારે પ્રવેશ મહોત્સવ આપ્યા પરંતુ શિક્ષક ના આપ્યો. આ સરકારે ગુણોત્સવ આપ્યો, બાળકોને શિક્ષણ નહીં પરંતુ હાજરીથી પાસ કરવાનું આપ્યું. આ સરકારે ગામડાંમાં સર્વ શિક્ષણ દ્વારા માધ્યમિક સ્કૂલ આપી પરંતુ શિક્ષક ના આપ્યો. આ સરકારે પાણી પુરવઠાની ટાંકી આપી પરંતુ પાણી ના આપ્યુ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના પ્રથમ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વવાળી સરકારના નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે વિકાસલક્ષી બજેટ લઇને આવ્યા છે તેને હું મારા સમર્થન સાથે મારા વિચારો વ્યકત કરું છું અને ખેલ મહાકુંભ પ્રત્યે થોડો પ્રકાશ પાડવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં રમત–ગમત પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે અને રમતનું એક વાતાવરણ ઉભું થાય તે માટે ૧૯૯૫ થી રાજયમાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ગાંધીનગરાની સ્થાપના કરવામાં આવેલ છે. ગુજરાતમાં રમત ગમતનો વિકાસ થાય તેવા હેતુસર રમત ક્ષેત્રે પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલી છે. ગુજરાત રાજયની સ્વર્ણીમ જયંતિની ઉજવણીના ઉપક્રમે રાજય સરકારના જુદા જુદા વિભાગો દ્વારા પ્રજાલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં રમતગમત ક્ષેત્રને પણ સાંકળી અને રાજયના નાનામાં નાના ગામડાંમાં રહેલી પ્રજાને રમત પ્રત્યે સારો અભિગમ દાખવે અને પોતાના સ્વાસ્થયને સારું રાખવા અને તંદુરસ્ત લાંબુ આયુષ્ય ભોગવવા સક્ષમ બને તથા રમત ક્ષેત્રમાં આગળ આવી અને પોતાના ગામ, શહેર, તાલુકા, જિલ્લા અને ગુજરાતને ગૌરવ આપવાની દિશામાં પ્રગતિ કરે તેવા શુભ આશય સાથે ખેલ મહાકુંભ ૨૦૧૦ થી હાથ ધરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૨૦૧૦ ને મળેલ ભવ્ય પ્રતિસાદને ધ્યાનમાં લઇ અને સરકારશ્રી દ્વારા ખેલ મહાકુંભ ૨૦૧૪ ચાલુ વર્ષે હાથ ધરવામાં આવેલ છે. ચાલુ વર્ષે ખેલ

મહાકુંભના આયોજન માટે સરકારશ્રી તરફથી પપ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ખેલ મહાકુંભનો મુખ્ય ઉદેશ છે તે ખેલકૂદનું વાતાવરણ રાજયમાં ઉભું થાય, પ્રતિભાશાળી ખેલાડીઓની રાજયમાં ખોજ થાય, ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થય અંગેની જાગૃતિ આવે, ખેલ મહાકુંભમાં ૧૬ વર્ષથી ૪પ વર્ષ અને ૬૦ વર્ષના સિનિયર સીટીઝન, આમ ખેલ મહાકૂંભ ૨૦૧૪માં કુલ ૨૮૫૫૯૪૭ યુવાન ભાઇ બહેનો અને સિનિયર સીટીઝનોએ ભાગ લીધો હતો. ગુજરાત સરકાર દ્વારા સ્પેશીયલ ખેલ મહાકુંભની શરૂઆત પણ કરવામાં આવેલ છે. જેમાં શારીરિક રીતે સંપૂર્ણ પૂર્ણત: સક્ષમ ન હોય તેવા ખેલાડીઓને અલગ અલગ ૪ જૂથોમાં વહેંચી અને તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની એક તક સરકારે પૂરી પાડી છે. અને ચાલુ વર્ષે આ યોજના માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. બહેરા, મૂંગા અને માનસિક ક્ષતિ વાળા, અંધજન ખેલાડીઓ અને શારીરિક રીતે અશકત ખેલાડીઓએ જૂથ બનાવીને એ ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો અને આવા કુલ ૨૫૩૭૦ લોકોએ ભાગ લીધો હતો. અંધજન ખેલાડીઓ દ્વારા એક ભારતીય ટીમનો આફ્રિકા ખાતે પાકિસ્તાનની ક્રિકેટ ટીમ સામે ભારતીય ટીમનો ભવ્ય વિજય થયો હતો. જેમાં વલસાડના પાંચ અંધ ખેલાડીઓ હતા, જે અંધ ખેલાડીઓને સરકારશ્રી તરફથી પાંચ લાખ રૂપિયાનું ઇનામ આપવામાં આવેલ છે અને પૂર્વ મુખ્ય મંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એ અંધ ખેલાડીઓનું સન્માન કરેલ છે. ખેલ મહાકુંભને પરિણામલક્ષી બનાવી શરુઆતના તબકકાથી પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર આવે તેના આધારે સ્પોર્ટસ સ્કુલ પ્રવેશ વખતે પ્રતિભાશાળી ખેલાડીઓ મળી રહે તેવા શુભ આશયથી ચાલુ વર્ષે ૧૧ વર્ષની વય જૂથના રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં બે રમતો જેવી કે ૫૦ મિટરની દોડ, સ્ટેન્ડીંગ દોડ, જમ્પ તેમજ ચેસ જેવી રમતોનું આયોજન કરવામાં આવેલ છે. અને જિલ્લા કક્ષાએ સ્વીમીંગની રમતોનું આયોજન પણ કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૨૦૧૪નો પ્રકાશ ગુજરાતમાં ગામડે ગામડે પ્રજવલીત થાય અને ''રમશે ગુજરાત, જીતશે ગુજરાત''ના નામ સાથે પંચ ધાતુની મશાલ, બેટન રેલીનું મહા પ્રસ્થાન પણ કરવામાં આવેલ છે અને ભાવનગર ખાતે તેનું ઉદઘાટન પણ કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ રાજય કક્ષાની સ્પર્ધાનું આયોજન કરવાની તક જિલ્લાને પણ ઉપલબ્ધ થાય તે હેતુસર ચાલુ વર્ષે ૩૧ જિલ્લાઓમાં ફાઇનલ સ્પર્ધાઓનું આયોજન પણ કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભ ૨૦૧૪ અંતર્ગત સાગર તટીય વિસ્તાર ધરાવતા ૧૩ જિલ્લાઓમાં બીચ સ્પોર્ટસ રમતોનું આયોજન કરવામાં આવેલ છે. જેનો મુખ્ય હેતુ સમુદ્ર તટ ઉપર રમતો પ્રચલિત થાય, અને રાજયના પ્રવાસન ઉદ્યોગને ઉતેજન મળે તે માટે બીચ વોલીબોલ, બીચ ફૂટબોલ અને બીચ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન પણ કરવામાં આવેલ છે. ખેલ મહાકુંભમાં જિલ્લા કક્ષાથી રાજય કક્ષા સુધીના વિજેતા ખેલાડીઓને પુરસ્કાર સ્વરૂપે ૨૭ કરોડ ૭૩ લાખ જેટલી રકમ આપવામાં આવી છે. રાજય સરકારે ખેલ મહાકૂભના માધ્યમથી નાની ઉંમરના બાળકોથી માંડીને સિનિયર સિટીઝન સુધીના તમામ લોકોને આવરી લઇને સમાજ રમત ગમત પ્રવૃત્તિ તરફ આકર્ષિત થાય એના માટેનો પ્રયાસ કર્યો છે.

અઘ્યક્ષશ્રીની જાહેરાત

## દોષારોપણ યુકત આક્ષેપો ન કરવા અંગે

**અઘ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની કે, આજ રોજ અંદાજપત્ર ઉપરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે તેમના વકતવ્યમાં શ્રીમતી સોનિયા ગાંધીએ હિંદુ સંસ્કૃતિનું પાલન કર્યા અંગેના ઉલ્લેખો કર્યા બાદ અન્ય સ્ત્રીઓની સંબંધમાં દોષારોપણયુકત ઉલ્લેખો કરીને અન્ય સ્ત્રીઓની બદનક્ષી થાય તેવા જે ઉલ્લેખો કર્યા છે તેનાથી આ સભાગૃહની ગરિમાનું હનન થયું છે અને આ પ્રકારે વાત કરીને અન્ય સ્ત્રીઓની શાલીનતાને ગંભીર ઠેસ પહોંચાડી છે. વિધાનસભા ગૃહ જેવી સર્વોચ્ચ સંસ્થામાં આ પ્રકારે ઉલ્લેખો થતા રહેશે તો મને લાગે છે કે, એક નવી પરંપરા ઉભી થશે અને તેનાથી અત્યાર સુધી આ સભાગૃહની જે ગરિમા જળવાઇ રહી છે તે જાળવવી મુશ્કેલ બનશે. સૌમ્ય અને સુસંસ્કૃત ભાષા એ સંસદીય લોકશાહીની સફળતા માટે ખૂબ જ આવશ્યક છે અને તેને ઘ્યાનમાં રાખીને વિધાનસભાના નિયમો હેઠળ સભ્યોની વર્તણૂંક અંગેના નિયમો તેમજ સભ્યોએ ચર્ચામાં ભાગ લેતી વખતે કેવી કેવી બાબતો અંગે પોતાના વકતવ્યોમાં ઉલ્લેખ કરવો નહિ તેવા જે નિયંત્રણો નિયમો હેઠળ લાદવામાં આવ્યા છે તેનું પાલન થવું અત્યંત જરૂરી છે. વિધાનસભાના નિયમોના નિયમ-૩૬ હેઠળ ચર્ચા દરમિયાન કોઇપણ સભ્ય કોઇની પણ બદનક્ષી થાય તેવા અથવા કોઇપણ વ્યકિત ઉપર દોષારોપણયુકત ઉલ્લેખો કરી શકતા નથી. માનનીય

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે આવા જે ઉલ્લેખો તેમના વકતવ્યો દરમિયાન કર્યા છે તેને હું સખત શબ્દોમાં વખોડી નાખીને તેને ગૃહની કાર્યવાહીના રેકર્ડમાંથી દૂર કરું છું અને માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારને તાકીદ કરું છું કે, ભવિષ્યમાં આ પ્રકારના બદનક્ષીકારક કે દોષારોપણયુકત ઉલ્લેખો કરવામાં આવશે તો તેઓની સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

આ તબક્કે મારે ગૃહના સૌ સભ્યોનું ધ્યાન દોરવાનું કે વિધાનસભાના નિયમોના નિયમ–૩૪, ૩૬ અને ૩૭ની જોગવાઇઓ અનુસાર કોઇપણ સભ્ય તેમના વકતવ્ય દરમિયાન નિયમોથી લાદેલ નિયંત્રણોને ધ્યાનમાં રાખીને પોતાનુ વકતવ્ય કરે.

**શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫–૧૬ના નાણાં બજેટ ઉપરની આજે ચોથા દિવસની ચર્ચા હતી. ઘણા બધા સભ્યશ્રીઓએ આજે અને છેલ્લા ત્રણ દિવસમાં ભાગ લીધો, ઘણા સભ્યશ્રીઓએ અભિનંદન આપ્યા, ઘણા સભ્યશ્રીઓએ સૂચનો કર્યા, ઘણા સભ્યશ્રીઓએ ટીકા પણ કરી. આ વિધાનસભાના સભ્યશ્રીઓને અને ખાસ કરીને જે સભ્યશ્રીઓએ ટીકા કરી છે એમને આ બજેટની અંદર શું કર્યું છે શેના માટે કર્યું છે કોના માટે કર્યું છે એ માહિતી આપવી જરૂરી લાગે છે.

બીજું કે ગુજરાત આજે જુદું જ ગુજરાત છે એ આપણે સૌએ સમજવાની જરૂર છે. સન ૧૯૬૧નું ગુજરાત અને આજે સન ૨૦૧૫નું ગુજરાત એમાં ઘણો બધો ફરક છે. અને બીજું, છેલ્લા દસકામાં આ ગુજરાતે જે કંઇ પ્રગતિ કરી છે તેની સાઇઝ, તેનું કદ બીજાં રાજયોની સાથે સરખામણી કરીએ, આપણી ફાયનાન્સિયલ સ્ટેબિલીટી, આપણે ઘણાં ઘણાં આગળ નીકળી ગયા છીએ. બે–ત્રણ દાખલા આપું તો તમને કલ્પના આવશે કે પહેલાં ૧૯૬૧થી ૨૦૦૨. આ ૫૦ વર્ષમાં બધું ભેગું કરો તો પ્લાન સાઇઝ ૫૫,૦૦૦ કરોડ થતી હતી. ત્યારે આ વર્ષે એકલા ૭૯,૦૦૦ કરોડ છે. આપને ખાલી કમ્પેરીઝન આપું છું અને આવતા પાંચ વર્ષ ગણો. ૨૦૦૨થી ૨૦૦૭. તો ૪૯,૦૦૦ કરોડ હતી. ૨૦૦૭થી ૨૦૧૨ તો ૧,૨૫,૦૦૦ હજાર કરોડ હતી. ૨૦૧૨થી ૨૦૧૭માં આપણને ૨,૮૩,૦૦૦ કરોડનો ટાર્ગેટ આપ્યો હતો એ પહેલાં ચાર વર્ષમાં ૨,૬૦,૦૦૦ કરોડ પહોંચી ગયા છે. એટલે આપ વિચાર કરો. આપણે જે વિચાર કરીએ એ નાનું નાનું વિચારવા કરતા આપણી કેપેસિટીના પ્રમાણમાં વિચારવું જોઇએ અને એટલે આ બજેટની અંદર પ્લાન સાઇઝ લાવ્યા એ પ્લાન સાઇઝ ૭૯,૨૯૫ કરોડ. ખાલી ૧૯૯૭–૯૮ની કમ્પેરીઝન કરું, તો ૧૯૯૭–૯૮માં જયારે અમે આવ્યા ત્યારે ૪૫૦૦ હતું. તેનાથી આટલું અત્યારે વધ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા સભ્યોએ કહ્યું કે રૂપિયો કયાં વપરાયો ખબર નથી. રૂપિયો ક્યાં વાપર્યો એ હું આપને જાણ કરું છું. સોશિયલ સેક્ટર એટલે ગરીબો, છ કરોડની જનતાને શિક્ષણનો કેવી રીતે લાભ મળે આ બધું ધ્યાનમાં રાખીને આપણે આ બજેટમાં સોસીયલ સેક્ટરમાં ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત આટલું મોટું જો આયોજન કર્યું હોય તો એ ૪૮.૫૪ ટકા માત્ર સોશિયલ સેકટરમાં. ઈરીગેશનમાં ૧૭.૫૮ ટકા. એગ્રીકલ્ચરમાં ૫.૮૮ ટકા. એટલે માત્ર ૭૨ ટકા રૂપિયા ખાલી સોશિયલ સેકટર અને ખેડૂતોની વચ્ચે વપરાયા છે. હવે ખ્યાલ આવ્યો, કયાં વપરાયા? અને અહીંયા મને દુઃખ થાય કે તમે લોકો ટીકા કરો. ટીકા કેવી કરો? ઉદ્યોગો માટે રૂપિયા વપરાય છે. ઉદ્યોગો લઇ જાય છે. મારા કમનસીબ છે કે સભ્યશ્રીઓએ જાણવું જોઇતું હતું કે ૧૯૭૯–૮૦ થી ૧૯૯૫ સુધીમાં ૩૮,૪૮૪ જે સોશિયલ સેકટરમાં ગયા. તેમાં શિક્ષણમાં ૬૭૦૦ કરોડ, તમે શિક્ષણમાં વાત કરી કે અમારા વખતમાં આવું થતું હતું, અમારા વખતમાં આવું થતું હતું. તમારા વખતનું હું સોશિયલ સેકટરનું બજેટ નહીં કહું, પણ અમે જયારે ૧૯૯૭–૯૮માં આવ્યા ત્યારે ૧૯૬૧થી ૧૯૯૬ સુધીમાં સોશિયલ સેકટર કરતા વધારે આપ્યું હશે. એ વખતે ૧૫૧૭ કરોડ હતા. ૧૫૧૭ કરોડ એટલે ૩૩ ટકા હતા. ૧૯૯૭–૯૮માં. એ ૩૩ ટકાના આ વર્ષે ૪૮.૫૩ અને તમે જયારે હતા ત્યારે શિક્ષણમાં ૨૪૨ કરોડ હતા. હેલ્થમાં ૨૨૦ કરોડ હતા. જે આ વર્ષે ૬,૫૯૩ કરોડ છે. પીવાનું પાણી, રૂરલ સેનીટેશન, અર્બન સેનીટેશન, હાઉસીંગ. આ ઘરના ઘરમાં તમે ૧૦૦ કરોડ પણ નહોતા વાપરતા. અત્યારે ૩,૮૭૦ કરોડ રૂપિયા અમે વાપરીએ છીએ. કોઇ પણ વિષય પકડો. આ સરકાર છ કરોડની જનતાના ભવિષ્યની ચિંતા કરે છે, એમની સુવિધાની ચિંતા કરે છે, એમની સગવડની ચિંતા કરે છે, આરોગ્યની ચિંતા કરે છે અને એટલે આટલું મોટું બજેટ આ સોશિયલ સેકટરમાં ફાળવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગોની વાત કરી તમે લોકોએ. મારે આપને કહેવું છે, તમે આંકડા જોયા હોત તો ઉદ્યોગને ૩.૪૯ ટકા છે. ૩.૪૯ ટકામાં ૩,૬૨૩ કરોડ. ૩,૬૨૩ કરોડમાં ટુરિઝમ કાઢી નાખો. તો

રૂ.૮૫૦/– કરોડ નીકળી જાય, કોટન ઇન્ડસ્ટ્રીઝ કાઢી નાંખો તો રૂ.૨૯૦/– કરોડ નીકળી જાય. એસ.એસ.આઇ. નાના ઉદ્યોગો એના માટે જે સ્પેસિફિક સ્કીમ કરી છે એના રૂ.૫૬૨/– કરોડ છે. કપાસના ખેડૂતો માટે જે વેલ્યૂ એડિશન થાય અને જે ટેક્સાઇઝ પોલીસી કરી છે એનાથી ખેડૂતોને લાભ થાય એના માટે રૂ.૩૨૦/– કરોડ રાખ્યા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે રાખ્યા. તો આમાં મોટા ઉદ્યોગ માટે શું આપ્યું? કાંઇ વધ્યું હોય તો આપીએ ને. આપ ખાલી આંકડો જો જો. બરાબર ચોપડો જો જો તો કાંઇ દેખાશે. એકલું મોટા ઉદ્યોગો, મોટા ઉદ્યોગો એ કાઢી નાંખો. આ સરકાર ગરીબોની સરકાર છે, આ સરકાર ખેડૂતોની સરકાર છે, નાના ઉદ્યોગો માટેની સરકાર છે અને હું આપને ચેલેન્જ આપું છું. ઉદ્યોગોનું આવવાનું છે. (અંતરાય) અચ્છા, હું આપને કહેવા માગું છું કે, ઉદ્યોગોની માંગણીમાં તમે બધા ઉદ્યોગોનું બેલેન્સ શીટ શોધી કાઢજો અને આપણે ખુલ્લી ચર્ચા કરીશું કે, કેટલું આપ્યું? રૂ.૮૦,૦૦૦/– કરોડમાં મોટા ઉદ્યોગ માટે રૂ.૧૦૦/– કરોડ પણ નથી મળતા. આ બજેટ છે એ આ ખેડૂતોનું બજેટ છે, ગરીબોનું બજેટ છે. અહીંયાં સભ્યશ્રીઓ કહેતા હતા કે, વપરાતા નથી, વપરાતા નથી. આ ગઇ સાલની આ જ ભાષા, એની આગળની સાલની આ જ ભાષા. મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, સાંભળી લેજો, એટલે આવતી સાલ આ મગજમાંથી નીકળી જાય. વર્ષ ૨૦૦૭–૦૮માં ૯૮ ટકા ખર્ચ થયો છે, ૨૦૦૮–૦૯માં ૧૦૩.૬૪ ટકા ખર્ચ થયો છે, ૨૦૦૯–૧૦માં ૯૮.૫૬ ટકા ખર્ચ થયો છે, ૨૦૧૦–૧૧માં ૧૦૦.૩૨ ટકા ખર્ચ થયો છે. છેલ્લા દસ વર્ષમાં કોઇપણ વર્ષ એવું નથી કે, ૯૫ ટકા ખર્ચ ન થયો હોય. વર્ષ ૨૦૧૨–૧૩ માં ૯૫.૧૩ ટકા ખર્ચ થયો છે. એટલે મારે કહેવું છે કે, આ સરકાર છે એ સ્ટેબલ સરકાર છે. બજેટની સાઇઝ રૂ.૧.૩૯ લાખ કરોડ છે. પહેલાં ૨૦૦૫–૦૬માં રૂ.૩૪,૦૦૦/– કરોડ હતી. એટલે આટલો તફાવત થાય છે. સૌથી અગત્યનું શું છે? આ રૂપિયો ક્યાં વાપરીએ છીએ અને મને કહેતાં આનંદ થાય છે કે, આ રૂપિયો વાપરીએ છીએ એ ડેવલપમેન્ટ ખર્ચમાં ૭૦.૮૦ ટકા છે, નોન ડેવલપમેન્ટ ખર્ચ ૨૯.૨૦ ટકા છે. એટલે રૂ.૯૬,૯૯૩/– કરોડ ડેવલપમેન્ટનો ખર્ચ છે અને રૂ.૩૯,૯૭૫/– કરોડ નોન ડેવલપમેન્ટનો ખર્ચ છે. આ બધા સભ્યશ્રીઓ અહીંયાં અને ખાસ કરીને અમારા મિત્ર હાજર નથી. પણ એમણે પ્રવચનમાં શું કહ્યું? મંત્રીશ્રીનું પૂરાંતવાળું બજેટ અને ખરેખર હિસાબો આવે ત્યારે શું થાય? ૨૦૦૮–૦૯માં ફિસ્કલ ડેફિસીટ એટલે નાણાકીય ખાધ રૂ.૧૦૪૧૮/– કરોડ, ૨૦૦૯–૧૦માં ફિસ્કલ ડેફિસીટ આટલી, ૨૦૧૦–૧૧માં રૂ.૧૫,૦૦૦/– કરોડ અને છેલ્લે લખ્યું છે કે, ૨૦૧૨–૧૩માં રૂ.૧૬,૪૯૨/– કરોડની ફિસ્કલ ડેફિસિટ એટલે કે ખાધ રહી છે. આપને છેલ્લા પાંચ વર્ષના આંકડા આપ્યા. ૨૦૦૮થી ૨૦૧૩ સુધીનું એકપણ વર્ષ એવું નથી કે જેમાં ફિસ્કલ ડેફિસિટ ન હોય. પહેલાં ખાધ એટલે શું ખબર છે? મારે પૂછવું છે કે ફિસ્કલ ડેફિસીટ એટલે શું? આજે આ બન્ને સમજાવી દઉં. મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચ. આ બે સૌથી અગત્યનો પાયો હોય છે. મહેસૂલી આવકની અંદર રાજ્ય સરકારની સંપૂર્ણપણે આવક, એ ઉપરાંત કેન્દ્ર સરકાર આપણને પૈસા મોકલે એ આવક અને ટેક્સ રેવન્યુ, નોન ટેક્સ રેવન્યુ, કેપિટલ, જે કેન્દ્ર સરકાર આપે છે, એ મહેસૂલી આવકમાં આવે. મહેસૂલી ખર્ચમાં પગાર આવે અને પેન્શન આવે, મેઇન્ટેનન્સ આવે અને સબસિડી આવે, છેલ્લા ૫ વર્ષથી આ સરકારની મહેસુલી આવક મહેસુલી ખર્ચ કરતા વધારે છે. ૨૦૧૧–૧૨માં ૩૨૧૪ કરોડ, ૨૦૧૨–૧૩માં ૫૫૭૦ કરોડ, ૨૦૧૩–૧૪માં ૪૪૧૭ કરોડ, ૨૦૧૪–૧૫ની અંદર ૬૩૮૭ કરોડ અને ૨૦૧૫–૧૬માં ૭૩૦૮ કરોડ રૂપિયાની અહીંયા રેવન્યુ છે. આને કહેવાય રેવન્યુ સરપ્લસ. રેવન્યુ સરપ્લસવાળું બજેટ છે અને બીજું કહુ છું કે જે ખર્ચ છે એ ખર્ચની અંદર સૌથી અગત્યના જે ખર્ચ દેખાય તે પગાર છે એ ૨૧૧૦૪ કરોડનો છે. ૨૦૦૪–૦૫માં ૬૩૯૩ હતો એ અત્યારે વધીને ૨૧હજાર કરોડ થયો છે. પેન્શન ૧૮૯૨ છે જે રીટાયર્ડ થઇને આપણે આપીએ છીએ એ ૭૬૨૩ થયો છે. સૌથી અગત્યનો ખર્ચ છે એ સબસિડી છે જે અમે મહેસુલી ખર્ચમાં ગણીએ છીએ. એ સબસિડી ૨૦૦૫માં ૨૭૬૧ કરોડ હતી, આજે વધીને ૬૨૭૩ છે અને એની અંદર આ આપણા ખેડૂતોનાં ૫ હજાર કરોડ આવી ગયા, એગ્રીકલ્ચરના આવી ગયા, પોર્ટસ આવી ગયું બધું આવી ગયું. આ ખર્ચો પણ અમે મહેસૂલી ખર્ચમાં કરીએ છીએ અને એ કાઢ્યા પછી અમે રેવન્યુ સરપ્લસ આવીએ છીએ, આ ગુજરાતની તાકાત છે, આ ગુજરાતની સ્ટેબીલીટી છે. બીજું, અગત્યનું શું છે કે આ રેવન્યુ સરપ્લસ કયારે વધે કે તમારી આવકની ટકાવારી ખર્ચની ટકાવારી કરતા વધારે હોવી જોઇએ એટલે એન્યુઅલ વાઇઝ જોવા જઇએ કે દસ વર્ષનું એન્યુઅલ શું થયું તો એન્યુઅલની અંદર ૨૦૦૪–૦૫ થી ૨૦૧૪–૧૫માં ૧૭.૧૯ ટકા આવકની એવરેજમાં વધારો થયો છે અને ખર્ચનો કેટલો તો ૧૪.૩૧ ટકા એટલે આજે ૩ ટકા આવ્યું એ ૩ ટકાના કારણે રેવન્યુ સરપ્લસ ૬૩૮૭ નું ૭૩૦૮ થયું. હવે મને

એમ કહો કે કયા રાજયમાં આટલી સ્થિરતા છે? આ આપણી તાકાત છે એટલે મારે સભ્યશ્રીઓને કહેવું છે કે આપણી જે જીદ છે એ એ છે કે ૭૫ ટકા આપણી આવક છે એ પોતાની આવકમાંથી છે. આપણે બીજા ઉપર ડીપેન્ડન્ટ નથી થતા. ત્યારે આ બધા મોટા રાજયો જોઇ આવો, ઉત્તર પ્રદેશ કે બિહારથી માંડીને બધા એ લોકો ૩૦ થી ૪૦ ટકા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ ઉપર જીવે છે જયારે આપણે એના ઉપર નથી, આપણે પોતાની આવક ઉપર છીએ એ આપણી તાકાત છે અને બીજી અગત્યની વાત કરું, ફીસ્કલ ડેફિસિટ કોને કહેવાય? બે વસ્તુ છે, એક રેવન્યુ સરપ્લસ મેં આપને સમજાવ્યું અને બીજું એક કેપિટલ એકસપેન્ડીચર છે એટલે કોઇપણ ખર્ચ તમે એસેટ પાછળ કરો, રોડ, રસ્તા, બ્રીજ જે કંઇ માટે કરવાનો હોય એ કેપીટલ એકસપેન્ડીચર અને રેવન્યુ સરપ્લસનો જે તફાવત હોય એને ફીસ્કલ ડેફિસિટ કહેવાય અને આજે કોઇપણ રાજય એવું બતાવો, ફીસ્કલ ડેફિસિટ દરેક રાજયના બજેટમાં હોય, કોઇપણ રાજયની અંદર કેન્દ્રનું બજેટ હોય, દુનિયાનું કોઇપણ બજેટ હોય તો ફીસ્કલ ડેફિસિટ હોય હોય અને હોય જ. કયારેય પણ તમે ફીસ્કલ સરપ્લસ જેવો શબ્દ સાંભળ્યો છે? ફીસ્કલ સરપ્લસ જેવો કયારેય કોઇ શબ્દ નથી હોતો કારણ કે ફીસ્કલ ડેફિસિટ કેપીટલ એકસપેન્ડીચર એટલે વિકાસ અને કોઇપણ રાજય એનું ગવર્મેન્ટ સ્પેન્ડીંગ વધારવું હોય અને એ સ્પેન્ડીંગ એમણે ડેવલપમેન્ટમાં કરવું હોય તો એ એમણે બોરોઇંગથી કરવું પડે, અને એ એની જે સરપ્લસ આવક છે એનાથી જે આંકડો વધારે કરે એને ફીસ્કલ ડેફિસિટ કહેવાય. ફીસ્કલ ડેફિસિટનું પ્રમાણ હોય છે. ગમે તેટલું ફીસ્કલ ડેફિસિટ તમે ના કરી શકો, એનું પ્રમાણ હોય છે. એ પ્રમાણ થ્રી પર્સન્ટ ઓફ ધ જીએસડીપી હોવું જોઇએ. એટલે રાજય સરકારનું જીએસડીપી ૯.૮૨ લાખ કરોડ હોય તો ૨૯૪૬૦ કરોડ સુધી આપણને ફીસ્કલ ડેફિસિટની મંજૂરી આ વિધાનસભાએ આપી જ દેવાની. આપ સમજયા? આપણે જ આપી છે. એને ફીસ્કલ ડેફિસિટ કહેવાય. અને એ fiscal deficit ના norm પ્રમાણે આપણે જઇ રહ્યાં છીએ અને આજે એ fiscal deficit આપણી ૨.૨૪% છે. એટલે આ જે fiscal deficit નો જે મારો વિષય હતો એ મેં આપને ધ્યાન પર મૂકી દીધો.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના લોકો એની આવક પર એની પરીક્ષા લેવાય છે. ૧૯૯૭-૯૮માં per capita income એટલે માથાદીઠ આવક ૧૬,૫૮૫ હતી. આ રાજ્ય સરકારે ૧૫ વર્ષમાં જે કામગીરી કરી, લોકોને નોકરી આપી એના કારણે માથાદીઠ આવક ૨૦૧૩-૧૪ની વાત કરું છું. ૧,૦૬,૮૩૧ કરોડ છે. ૨૦૧૪-૧૫ના આંકડા આવ્યાં નથી પણ ૧,૦૬,૦૦૦ કરોડ, હવે મને સમજાવો કે આ લોકોની પ્રગતિ કહેવાય કે ના કહેવાય? બીજું, તમે જુઓ. પહેલા GSDP ૨૦૦૪-૦૫ની વાત કરું છું. આપણે ભૂકંપમાં હતા ત્યારે કઇ પરિસ્થિતિ હતી? આપણને બધાને મનમાં હશે કે ગુજરાત ગયું કાયમ માટે, ગુજરાત ડૂબી જશે એમાંથી બહાર નીકળ્યાં. ૨૦૦૪-૦૫ માં GSDP ૨,૦૩,૩૭૩ હતું. જે આજે વધીને ૨૦૧૪-૧૫માં આ ૮,૯૮,૧૮૯ અને આ વર્ષે ૨૦૧૫-૧૬નું જે borrowing થશે એનો જે આંકડો મેં કીધો. ૯ લાખને some thing તો માનનીય અધ્યક્ષશ્રી, આ આપણું GSDP છે. અરે, માનનીય અધ્યક્ષશ્રી, GSDP, હમણાં કોઇ કહેતું હતું ખેડૂતોમાં GSDP નું કાંઇ નથી થયું, ઘટાડો થયો. GSDP ના ૧૦૦% ચાર ભાગલામાં આવે, એગ્રીકલ્ચર આવે, પ્રાયમરી આવે, સેકન્ડરી આવે, મેન્યુફેકચરીંગ આવે, tertiary આવે. મારે બીજા બધામાં નથી જાવું. ખાલી એગ્રીકલ્ચરમાં જવું છે. ૧૦૦%માં એગ્રીકલ્ચરનો હિસ્સો ૨૦૦૪-૦૫માં ૧૩.૨૦% અત્યારે ૨૦૧૩-૧૪ માં ૧૮.૫૭% આવ્યો છે. હવે ૧૮% એટલે GSDP ના નવ લાખ કરોડ રૂપિયા હોય એનો ૧૮% હિસ્સો એગ્રીકલ્ચરનો થયો, આ ખેડૂતો માટે મહેનત ના કરી હોત, આ છેલ્લા દસ વર્ષમાં આ વિકાસમાં ખેડૂતોનું કામ ના કર્યું હોત તો ખેડૂતોની આવક આવી રીતે થાત? આ બધું ખેતી માટેની એગ્રીકલ્ચર વિષયની વાત કરી . અમારાં બધા મિત્રો દેવા માટે બહુ બોલ્યાં. રામસિંહભાઇ દેવા માટે બોલ્યાં, જોવા જઇએ તો કોઇ બાકી જ નથી રહ્યું કે ભાઇ કેટલું દેવું છે? મારે પૂછવું છે કે કોઇ પણ વ્યક્તિ આજે એમ કહે કે હું દેવું લેતો નથી. કોઇને ૫૦ રૂપિયાનું દેવું હોય તો કોઇને ૫૦ લાખનું હોય.

માનનીય અધ્યક્ષશ્રી, દેવું લેવાનો કોઇ ગુનો નથી. દેવું શેના માટે લ્યો છો નંબર વન અને બીજું, દેવું લઇએ એ આપવાની તાકાત છે કે કેમ, પાછું ભરવાની તાકાત છે? અને ત્રીજું, તમારે આ રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એણે જે ગાઇડ લાઇન્સ આપી છે એ ગાઇડ લાઇન્સની અંદર તમે દેવું લો છો કે નહિ એ અગત્યનું છે. એ મારે ખાસ આ પેરામિટર કહેવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલું GSDP ને ટકામાં જોવાય. આપણે ત્યાં GSDP ના આ વિધાનસભાએ ૨૭.૧% નક્કી કર્યું છે. GSDP નું ૨૭.૧% હોવું જોઇએ. ૨૦૦૪–૦૫માં ૨૮.૪૮ હતું આજે ઘટાડીને ૧૯.૩૧ લાવ્યાં છીએ. એટલે ૨૭.૧ની જગ્યાએ ૧૯.૩૧ લાવ્યાં છીએ. બીજું બધા રાજ્યોમાં છે. આંધ્રપ્રદેશ ૨૧.૧૩ છે, કર્ણાટકા ૨૨.૧૮ છે અને વેસ્ટ બેંગાલ ૩૪.૩૨ છે એટલે એવું નથી કે નથી કરતા, બધા રાજ્યો કરે છે. એટલે દેવું એવી રીતથી જોવાય છે. બીજું, average percentage of debt દેવાની ટકાવારી શું છે? આપણે કેટલા રૂપિયા આપીએ છીએ? આપણી આબરૂ ગામમાં છે અને આબરૂના કારણે આજે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે બીજા રાજ્યો કરતા ગુજરાત રાજ્ય પોતાનું જે borrowing કરે છે એ બીજા રાજ્યો કરતાં સસ્તુ કરે છે. જ્યારે ઉભા રહે ને, બોન્ડ કાઢે ને તો ૦.૨૫ થી ૦.૪૦ આપણને ઓછા ભાવે મળે છે. ૨૦૦૧–૦૨માં ૧૩.૫૦ ટકા એવરેજ હતું ૧૩.૫૦, આજે ઘટીને ૮.૮૯ થયું છે અને ૮.૮૯ એટલે છે, આનાથી નીચે આવે પણ એન.એસ.એસ.ના જે ડિપોઝિટ થાય છે એ ગુજરાત સરકારે ફરજીયાત દેવા તરીકે લેવું પડે છે અને એની ટકાવારી આપણી ઉંચી છે એટલે આ એવરેજ બેસે છે અને એના કારણે આપણા દેવું પર્સન્ટેજ કમ્પેરેટીવલી વધારે છે.

ત્રીજું કે, આપણી આવક જે છે એ આવકનો કેટલા ટકા હિસ્સો વ્યાજમાં જાય છે? આ એક અગત્યનો મુદ્દો છે. આપણે કમાઇએ અને વ્યાજમાં આપી દઇએ ? માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર પણ ૨૦૦૪–૦૫માં ૨૬.૮૨ ટકા એટલે સો રૂપિયા આપણી થાય તો ૨૬.૮૨ ટકા આપણે આપી દેતા હતા. આજની તારીખમાં એ ૧૩.૪૩ ટકા છે. એટલે આપણી આવક વધે એ સ્વાભાવિક છે. તો પણ આપણા દેવાની વ્યાજની ટકાવારી ઓછી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, પબ્લિક ડેટ ટુ રેવન્યુ રિસિપ્ટ છે એ ૨.૮૬ હતું. અત્યારે આપણે ૧.૬૭ સુધી આવી ગયા છીએ. એટલે બધા પેરામિટર્સ બહુ કમ્ફર્ટેબલ છે. અને આ ઉપરાંત આ સરકારે કોન્સોલીડેટેટ સિંકિંગ ફંડ ઉભું કર્યું છે. દર સાલ આપણે એની અંદર રૂપિયા મુકીએ છીએ. આ સાલ પણ પાંચસો કરોડ મૂક્યા છે. અને એ પાંચસો કરોડ એટલે મૂક્યા છે, અત્યારે ૮,૦૪૨/– કરોડનું ફંડ થયું છે.એના માટે કે, કાલ ઉઠીને કોઇ તકલીફ પડે તો આ ફંડમાંથી આપણે આપી શકીએ. એવી રીતે આપણે જે ગેરંટી આપીએ છીએ એ ગેરંટીમાં પણ આપણે ફંડ ઉભું કર્યું છે અને એ ૬,૫૮૩/– કરોડનું થયું છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલે કહેવું છે કે, આ સરકાર ખૂબ ચિંતિત છે, બહુ જવાબદારીપૂર્વક કરે છે. દેવાથી માંડીને કોઇ પણ વિષય હોય, બહુ જ સમજી વિચારી અને આગળ પગલાં લે છે અને તિજોરી એકદમ સલામત છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ એક ચિંતા વ્યકત કરી હતી. એમણે ચિંતા વ્યકત કરી હતી કે, ફાયનાન્સ કમિશનના કેટલા રૂપિયા આપણને મળશે ? એમને ભ્રમ લાગે છે એવી એમણે વાત કરી. એમણે ચિંતા વ્યક્ત કરી તો હું જરા ખુલાસો કરી નાખું કે, આ વખતે જે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ કેબિનેટમાં પસાર કર્યો અને હમણાં જે પાર્લામેન્ટમાં ફાઇનાન્સ કમિશનનો જે અહેવાલ મૂક્યો, એની અંદર ગુજરાતનો શેર જે પહેલાં ૩.૦૪૧ હતો એની જગ્યાએ ૩.૦૮૪ થશે. એટલે ૦.૦૪ પર્સન્ટેજ વધશે. બીજું, આનંદની વાત એ છે કે, ગુજરાતની ચિંતા કરી છે અને ગુજરાત માટે ધ્યાન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩મું ફાઇનાન્સ કમિશનમાં એટલે ૨૦૧૦–૧૧ થી માંડી ૨૦૧૪–૧૫માં કુલ આપણને ૪૪,૧૦૭/– કરોડ મળ્યા હતા, કેટલા ? ૪૪,૧૦૭/– કરોડ. આ ૧૪મું ફાઇનાન્સ કમિશન એટલે ૨૦૧૫–૧૬થી ૨૦૧૯–૨૦ની અંદર કુલ ૧,૨૨,૪૫૩/– કરોડ મળવાના છે, બોલો. એટલે ૭૮,૩૪૬/– કરોડ રૂપિયા પાંચ વર્ષમાં ગુજરાતને દિલ્હી સરકાર તરફથી આગલા પાંચ વર્ષ કરતાં વધારે મળશે. અને આ ૧૭,૦૦૦/– હું ખાલી કહું કે, આ વર્ષે એટલે ગયા વર્ષે ૧૧,૯૩૬/– કરોડ હતા. એ ૧૧,૯૩૬/– કરોડમાં આ વર્ષે ૧૭,૯૬૦/– કરોડ મળવાના છે. એટલે ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬નો તફાવત જોઇએ ને તો ૫,૯૨૪/– કરોડ થયો, આપ સમજ્યા. એટલે આ ૩૨ ટકાનો ૪૨ ટકાની ઈફેક્ટ, રાજ્યો પર ભરોસો રાખ્યો છે અને કેન્દ્ર સરકારે કીધું છે , આ રાજ્યો પૈસા લો અને તમને યોગ્ય લાગે, તમે પૈસા વાપરો, અમારે દલ્હીથી તમારી સરકાર નથી ચલાવવી અને એ પ્રમાણેનું આ કામ કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, ટેકસીસ, દુઃખ થાય છે એક પણ વિરોધ પક્ષના સભ્યશ્રીઓને આ બહેનોની ચિંતા યાદ જ ના આવી. આ ઇમીટેશન જવેલરીના પાંચથી એક ટકા, કોણ કામ કરવા જાય છે? બધી બહેનો કામ કરે છે. આ ઇસબગુલ અને ભૂસી, પાંચ ટકાની માફી, આ

કામ કોણ કરે છે? ખેડૂતોને લાભ થવાનો છે તો થોડા તો અભિનંદન આપવા જોઇતા હતા? અને આ કોટન ગ્રોવિંગ્સ જે ગ્રામઉદ્યોગમાં અને પાંચ ટકા સંપૂર્ણપણે રીફંડ એ કોના હાથમાં જવાનો છે? ડિઝલ પેટ્રોલની વાત કરી. થોડા મિત્રોએ ચિંતા વ્યકત કરી. ડિઝલ, પેટ્રોલમાં કેન્દ્ર સરકારે જે ભાવ ઘટાડયા એમાં ભાવ ઘટયા. ભાવ ઘટવાને કારણે ગુજરાતની ટેકસની ૧૨૦૦ કરોડની આવક ઓછી થઇ. આ એક રાજય છે કે જેણે ટેકસ વધાર્યો નથી. કેરેલા, હરીયાણા, રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, હિમાચલ પ્રદેશ, બિહાર, વેસ્ટ બેંગાલ આ બધાએ કોઇએ સવા ટકો વધાર્યો છે, કોઇએ અઢી ટકા વધાર્યા છે, કોઇએ ચાર ટકા વધાર્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં આ બધા રાજયોએ ટેકસ વધાર્યો છે અને આપણે કીધું ૧૨૦૦ કરોડની આવક જાય એનો વાંધો નથી પણ ગુજરાતની પ્રજાને લાભ મળે એ જરૂરી છે. કુલ આખા વર્ષનો લોસ જોઇશું તો ૧૭૬૧ કરોડનો છે. અમે મોંઘા ભાવે વીજળી ખરીદી, જી.ઇ.બી.ને નુકસાન કર્યું, કાયદો શું કહે છે? સસ્તી જેની વીજળી હોય એ ખરીદો. આ કાયદો તમારા ઈપીએમ હતા ત્યારે બનાવ્યો હતો અને આપણે સંમત છીએ અને એ જેની સસ્તી વીજળી હોય એની પાસેથી ખરીદવાની. નજીકથી કોલસો મળ્યો હોત તો આપણી વીજળી સસ્તી હોત. (અંતરાય) હું આંકડા કહું છું તમને માહિતી મળે એ માટે આંકડા કહું છું તો શાંતિથી સાંભળો. આજની તારીખમાં મેરિટ ઓર્ડર જેનો હોય, જી.ઇ.આર.સી. મેરિટ ઓર્ડર કહે, એની ફરજીયાત વીજળી ખરીદવી પડે અને એ રોજેરોજ બનતો હોય કે આજે આની વીજળી ખરીદવાની એટલે જેની સસ્તી વીજળી હોય એની સોએ સો ટકા ખરીદવી પડે અને પછી બીજા નંબર ઉપર જવું પડે, પછી ત્રીજા ઉપર જવું પડે. એમ કરીને જવું પડે. આપણી સરકારી કંપનીઓની વીજળીની પરચેઝ પ્રાઇઝ ૪.૧૧ છે એટલે એનું ઉત્પાદન ખર્ચ ૪.૧૧ છે. આપણી સરકારની કંપનીઓ જે વીજળી ઉત્પાદન કરે છે તે ૩.૫૬ છે. કેન્દ્ર સરકાર જે આપે છે એ બે રૂપિયા અને ૯૨ પૈસાએ આપે છે અને પ્રાઈવેટ સેકટર આપણે જે આઇ.પી.પી. કર્યા છે લોંગ ટર્મ કરાર કર્યા છે એની વીજળીનો ભાવ બે રૂપિયા અને પંચોતેર પૈસા છે. હવે બે પંચોતેરની લઇએ કે ચાર અગિયારની ચાલુ કરીએ? ચાર અગિયારની ચાલુ કરી જ ના શકાય કેમ કે કાયદો કહે છે કે સસ્તી લેવી પડે અને ચિંતા ના કરતા આપણી ઉત્પાદનની વીજળી પણ સસ્તી થાય એના માટે અમે મહેનત કરીએ છીએ. આવતા દિવસોની અંદર અમે એનું પણ પરિણામ લાવીશું. પણ આક્ષેપ કરો છો એ ખોટા છે મારો મુદ્દો આ છે. આ સસ્તી વીજળી ખરીદીએ છીએ એટલે આપણે ઘરાકને સસ્તુ આપી શકીએ છીએ. આજે દોઢ રૂપિયો સસ્તુ હોય તો સ્વાભાવિક છે ફાયદો થાય અને આજની તારીખમાં કહું છું બોમ્બે જુઓ, દિલ્હી જુઓ. દિલ્હીના ૫૦ ટકા કાપ્યાને એ કાપ્યા પછીના ભાવ લાવજો અને સરખામણી કરીએ તો ખબર પડશે કે કોની વીજળીમાં કેટલો ફરક છે? અમારા સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી શિક્ષણની અંદર ભરતીની. પ્રાયમરીની અંદર જે માહિતી આવી એમાં ૨૧૦૯૪૫ જગ્યાઓ સેંકશન છે. એમાંથી ભરેલી ૧૯૯૪૩૨ એટલે ૯૪.૫ ટકા છે. બીજું, આમાંથી ૧૯૯૪૩૨માંથી ૧૪૭૦૦૦ એ ૧૯૯૮ પછી ભરતી થઇ છે. એટલે શું થયું? તમારા સમયના પચાસ હજાર જ છે. (અંતરાય) રીટાયર્ડ નહીં ખાલી હતી જગ્યાઓ. મારે વધારે વિગતમાં નથી જવું પણ ૨૬૨૩૧૨ વ્યકિતઓની ભરતી છેલ્લા ૮-૧૦ વર્ષમાં થઇ છે. અમારા સભ્યશ્રીઓને ખેડૂતોની લાગણી કેટલી છે. કહું સરદાર સરોવર કોના માટે? ખેડૂતો માટે ૯૦૦૦ કરોડ, ડ્રીપ ઈરિગેશન માટે ૪૬૫ કરોડ કોના માટે? ખેડૂતો માટે. સૌની યોજના ૨૧૦૦ કરોડ કોના માટે? ખેડૂતો માટે. સુજલામ સુફલામ કોના માટે? ખેડૂતો માટે. શિડ્યુલ ટ્રાઇબની અંદર ૫૩૧ કરોડ કોના માટે? ખેડૂતો માટે, પછી ઈરિગેશનમાં લિફ્ટ ઈરિગેશન ગણો. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના ૬૦૧ કરોડ, નવા ટ્રેકટરો કોણ લઈ જવાનું છે? ખેડૂતો. એગ્રીકલ્ચર યુનિવર્સિટી ૩૪૬ કરોડ. કોઇ ઉદ્યોગોને લાભ નથી થવાનો. માનનીય સભ્યશ્રી મને દેખાય છે. સત્ય આવે છે, ત્યારે સહન નથી થતું. આપની જાણ માટે. ૧૧૦૦ કરોડનું પેકેજ ૨ ટકા લાભ અને કમનસીબી કેવી કે તમે એની માગણીઓ ઉપર વિરોધ કર્યો છે. આ કમનસીબ છે અને ખેડૂતોની વાત કરો છો? તમે એવું કહ્યું હોત કે ૧૧૦૦ નું ૨૦૦૦ કરો તો વિષય જુદો હતો, પણ ૧૧૦૦ નો વિરોધ કર્યો. આ શરમજનક છે. ગૌચર વિકાસ ફંડ આ પહેલી વખત આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેને નક્કી કર્યુ કે મારે ગૌચર વિકાસ ફંડ માટે કરવું છે. અને ૧૦૦ કરોડ રૂપિયા ગૌચર વિકાસ ફંડ માટે કર્યા છે અને સૌથી અગત્યનું ગાયો, ભેંસોની ચિંતા કરી છે. એનીમલની ચિંતા કરી છે. તો એના માટે પી.પી.પી. બોર્ડ ઉપર લોકોને ભેગા રાખીને સરકાર વિચારે કે ૧૦ ગામે એક ડોકટર કેમ ન થાય? આ ઉપરાંત ( અંતરાય) કરીશું. ૧ લાખ નવા કનેકશન ઉપરાંત સાડા ચાર થી પાંચ હજાર કરોડની સબસિડી કોના માટે? ખેડૂતો માટે. આ સરકારનું થોડું વિઝન પણ કહું. સ્ટેચ્યુ ઓફ યુનિટી. આપને નહિ ખ્યાલ આવે. આજથી

૧૦ વર્ષ પછી આપ કહેશો કે આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ જે સ્ટેચ્યુ ઓફ યુનિટીનો નિર્ણય લીધો છે તે ગુજરાતના લાભમાં છે. સરદાર પટેલ માટેનું છે. યુનિટી માટેનો છે. રિજ્યોનલ રેલ્વે. આ પહેલો પાયો નાખ્યો રિજ્યોનલ રેલ્વેનો. અને આજુબાજુના કડી, કલોલ, સાણંદ, વીરમગામ, આ બધાને આપણે કનેકટ કરવા માગીએ છીએ. આ બજેટમાં નાખ્યું. આ વિઝન છે. અને મેટ્રો ચાલુ થઇ જશે. ખાતમુહૂર્ત ટૂંક સમયમાં કરીએ છીએ. આઇલેન્ડ ઓથોરિટી. આઇલેન્ડ ઓથોરિટી એટલે કરી કે સુરક્ષા પણ મળે અને કાલે આ આઇલેન્ડોનું કેવી રીતે ડેવલપમેન્ટ થાય તેના માટે કરી. આ સુરતનું ડ્રીમ સિટી એમાં હજારો લોકોને નોકરી મળશે. આ આખું ડાયમંડ હબ બનશે. આખું એક્ષપોર્ટ ઝોન ઉભું થશે. અત્યારે પાયો નાખ્યો તે પ વર્ષે ઉભું થાય આ અમારું વિઝન છે. આ વડોદરાનું નોલેજ હબ. આજે અત્યારે ઇન્ફ્રાસ્ટ્રકચર માટે, રોડ, રસ્તા માટે અને ડિવિઝન માટે ૮૦૦ એકરમાં નોલેજ હબ થાય. આખું વડોદરા શહેરને કેટલો લાભ થાય એનો વિચાર કે કલ્પના કરી છે? ધોલેરા ૩૦ કરોડ આપી અને જમીન આપી. કેન્દ્ર સરકારે ૧૨૦૦ કરોડ આપ્યા અને અઢી હજાર કરોડની ઇક્વિટી થઇ. અઢી હજાર કરોડનું બોરોઇંગ કેટલું થાય એ તમને ખ્યાલ છે? ધોલેરાનું શું થાય? પાંચ–પાંચ, આઠ–આઠ હજાર કરોડ રૂપિયા ધોલેરાના ઇન્ફ્રાસ્ટ્રકચરમાં વપરાવવાના છે, એટલે ધમધમતું શહેર થાય તે અમારું વિઝન છે. અમે અહીંયા ગિફ્ટ સિટી માટે મહેનત કરતા હતા. વર્ષોથી કહેતા હતા. કે ગિફ્ટ સિટીના રૂલ્સ એન્ડ રેગ્યુલેશન બદલો. આદરણીય મનમોહનસિંહજીને કહ્યું, આદરણીય ચિદમ્બરમજીને કહ્યું. વ્યક્તિગત જઇને કહ્યું. આજે આ નાણામંત્રી આદરણીય જેટલીજીએ જાહેર કર્યું. આ મહિનામાં રૂલ્સ એન્ડ રેગ્યુલેશન બહાર પાડું છું. અને ગિફ્ટ સિટી દેશનું સૌથી પહેલું ઇન્ટરનેશનલ ફાયનાન્સ સિટી બનશે. આજે કહું છું. આ ચાર દિવસ પહેલા નેશનલ સ્ટોક એક્ષચેન્જ વાળા આવ્યા. બી.એસ.ઇ. વાળા આવ્યા. તમે ક્યારેય નહિ જોયું હોય તેટલી મલ્ટીનેશનલ ફાઇનાન્સિયલ કંપનીઓ આ ગિફ્ટ સિટીમાં કામ કરતી હશે. કોને રોજગારી મળવાની છે? ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આઇ.ટી. સ્ટ્રકચર કઇ વિચાર્યુ છે? મારો એકપણ વિષય રીપીટિશન નથી આવતો.

અધ્યક્ષશ્રી : આપની છેલ્લી પાંચ મિનિટ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે આરોગ્ય માટે આદરણીય નીતિનભાઇ, આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન છેવાડાના વ્યક્તિઓ સુધી પહોંચાય અને તેને લાભ મળે તે માટે એક નવો જ વિચાર લાવ્યા છે. અમે હેલ્થ પોલીસી નવી લાવવાનું વિચારીએ છીએ. તેની અંદર ડાયોગ્નેસ્ટીક લેબ તાલુકા લેવલ સુધી પહોંચાડવી છે. સરકારના પ્રતિનિધિ ફીકસ રેટ કરીએ ત્યાં ડાયોગ્નેસ્ટીક કરાવે તેવો પણ વિચાર છે. આ હેલ્થ પોલીસીની અંદર આ વખતે આપણે લાવવાના છીએ. વોલન્ટરી ઓર્ગેનાઇઝેશનની સંસ્થાઓ છે તે સંસ્થાઓ સારું કાર્ય કરતી હોય તેને મેડિકલ ઇકવીપમેન્ટ લાવવા હોય તો કેવી રીતે સહાય અપાય. મારે પૂછવું છે કે આપણે ઉદ્યોગને સહાય આપી શકીએ તો હોસ્પિટલને કેમ ન આપી શકીએ? ઇન્ડસ્ટ્રીઝથી વધારે હોસ્પિટલને સહાય આપવી જોઇએ. એ પ્રમાણેની સહાય આપવી જોઇએ કે હોસ્પિટલો તાલુકે તાલુકે ઉભી થાય અને તેની અંદર જયારે પણ સપ્લાય વધે એટલે સ્વાભાવિક છે કે સપ્લાય વધે તો લોકોને ફાયદો થાય અને તેમને અમદાવાદ શહેર સુધી, મોટા મોટા શહેર સુધી આવવું ન પડે. તે ધ્યાનમાં રાખીને આ વખતે હેલ્થ પોલીસી પહેલી વખત બજેટની અંદર જાહેર કરી છે. તમે વિચાર કરો ૧૦૩૫ સબ હેલ્થ સેન્ટર, ૧૩૦ પ્રાઇમરી હેલ્થ સેન્ટર અને ૩૨ કોમ્યુનિટી હેલ્થ સેન્ટર, આ કોને લાભ થવાના છે?

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચાર દિવસ સુધી હું એક શબ્દ બોલ્યો ન હતો. શાંતિથી સાંભળતો હતો. હવે મારી સાચી વાતો આપને ન ગમે તો તેમાં મારો શું વાંક?

અધ્યક્ષશ્રી :માનનીય મંત્રીશ્રી આપની પાસે ત્રણ મિનિટ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ કહો કે તમે, તમે શાંતિ રાખો માનનીય શક્તિસિંહ તમે સિનિયર આગેવાન છો. બાજુમાંથી સાહેબ પાસેથી કંઇક શીખો. એક શબ્દ બોલ્યા નથી. મેં ખાલી આટલું કર્યુ તો શાંત થઇ ગયા. એટલે આપ બેસો અને મેચ્યોર રહો થોડા મેચ્યોર. તમને ફીસ્કલ ડેફિસિટ અને ખાધમાં ખબર ન પડી તેમાં મારો શું વાંક?

અધ્યક્ષશ્રી :સૌરભભાઇ પ્લીઝ આપ બજેટ ઉપર આવી જાઓ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ કહો કે નેશનલ સ્વાવલંબન સ્કીમ કેન્દ્ર સરકાર લાવી કે એક હજાર રૂપિયા ભરો, વ્યક્તિ એક હજાર રૂપિયા ભરે તેને ૬૦ વર્ષે પેન્શન મળે. આનો કોને લાભ થવાનો છે. રાજય સરકારે કહ્યું કે તમે એક હજાર ભરો તો અમે બીજા ૫૦૦ ભરીએ. એટલે તેનો અર્થ શું થયો કે વ્યક્તિ બે હજાર રૂપિયા ભરે તો તેને ૧૫૦૦ મળે એટલે ૩૫૦૦ રૂપિયા તેના ખાતામાં જમા થાય અને ૬૦મા વર્ષે તેને પેન્શન મળવાનું ચાલુ થાય. આ લાભ સારો છે કે નથી સારો. ગરીબો માટે છે કે નહીં. આ પ્રમાણે તમે જુઓ સ્વચ્છ અભિયાન. સ્વચ્છ મિશન શું છે? સ્વચ્છતા મિશનની અંદર આ વખતે ૧૨૦૦ કરોડ રૂપિયા અર્બન એરીયાઝને આપ્યા છે. ૭૭૨ કરોડ રૂરલ એરીયાઝને આપ્યા છે. ૧૩૪ કરોડ રૂરલ અર્બનને આપ્યા છે. આ પ્રમાણેનું સ્વચ્છતા મિશન અભિયાન ઉપાડયું છે. ઓછામાં ઓછા તમે બધું કહેશો તો બે-બે, અઢી-અઢી હજાર કરોડ તો માત્ર સ્વચ્છતા મિશનના છે. અર્બન એરીયા શહેરોની વસ્તી માટે ૧૦૧૫૦ કરોડ પહેલી વખત આપ્યા છે. ૫૦૦ કરોડ રૂપિયા કોર્પોરેશન, નગરપાલિકાના રીસરફેર્શીંગ માટે આપણે જુદા ફાળવ્યા છે. હવે રોડ ઉપરના થાંભલાની વાતો કરો છો ને, શહેરોમાં કોઇ ખસેડતું નથી તો તેના માટે ૧૦૦ કરોડ જુદા ફાળવ્યા છે. તમારી કોઇ ભલામણ હોય તો કરી દેજો કરી દઇશું. આ પ્રમાણેનું બજેટ જોવા જઇએ તો સ્પેસિફિક સોસીયલ સેકટર, સ્પેસિફિક ગરીબો માટે, ખેડૂતો માટે અને ઓવર ઓલ ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરી ડેવલપેમ્ટ ઉભું કરી લોકોની આવક કેવી રીતે વધે, લોકોની રોજગારી કેવી રીતે વધે અને આદરણીય મુખ્યમંત્રીશ્રીના ગતિશીલ ગુજરાતમાં ગતિ કેવી રીતે આવે તે માટેનું આ બજેટ હતું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળવા માટે ઇચ્છુક હતો. જવાબમાં છોકરાઓને સમજાવતા હોય એમ તમે લોકો, તમે લોકો આઇ ડોન્ટ થીન્ક કે લોકોના પ્રતિનિધિઓ છીએ, તમે લોકો નથી. એટલે જે ગ્રોથની વાત કરી કે તમે કે હું જન્મ્યા હોઇએ ત્યારે ત્રણ સાડા ત્રણ કિલોના હોય, દસ વર્ષે દસ કિલોના, વીસ કિલોના આખરે તમે સો કિલોના હશો એ ગ્રોથ નેચરલ ગ્રોથ છે. ખાવા પીવામાં ધ્યાન ન હોય તો વધેય ખરું. ગુજરાત ચાર કરોડનું હતું ત્યારે એ પ્રમાણે એનું બજેટ, પાંચ કરોડની વસતિ હોય તો એ પ્રમાણે એનું બજેટ બને અને એની આવક એની જાવક, છ કરોડનું ગુજરાત છે તો એની આવક એની જાવક આ નેચરલ છે બધું એટલે બજેટમાં એમની પાસે અપેક્ષા એ હોય કે જે માનનીય સભ્યશ્રી અહીંયા અને ત્યાં જે કાંઇ અપેક્ષા રાખે છે સરકાર પાસેથી એમાં કાંઇ પોલિટીક્સ તો હોય નહીં, એના ખુલાસા વધારે સારા થયા હોત તો સારું હતું કેટલુંક સ્વીકારી લેવાય, સરકાર સ્વીકારે તો સારા માટે સ્વીકારે. બજેટની આખી વાતમાં જેમ એમણે કહ્યું કે ડેફિસિટ ફાઇનાન્સ પુરાંત મૂકો છો અને ડીફીસીટ થયા છે એ સાચું છે. બાકી આઇ ડોન્ટ થીન્ક કે અર્થશાસ્ત્રમાં તમે કેટલું કઇ યુનિવર્સિટીમાંથી ડીગ્રી લઇને આવ્યા છો એ ખબર નથી. હું અર્થશાસ્ત્રમાં એમ.એ. થયો છું પણ મને આજે અર્થશાસ્ત્રનો એ ખબર ન હોય જે ડે બાય ડે ડેવલપમેન્ટ થતું હોય. એટલે એ શક્તિસિંહભાઇ કદાચ ટેકનીકલી આ શબ્દ કે પેલો શબ્દ, હકીકતમાં પુરાંત મૂક્યા પછી ડેફિસિટ થાય છે, ડેફિસિટ વિકાસ માટે હોય હું સંમત છું એ વાત સાથે, ડેફિસિટ હોય તો જ આગળ વધાય. ફાયનાન્સ કમિશનમાં એમણે જે આવક અને ખર્ચની વાત કરી એનો ડિફરન્સ મેં ૫ હજાર કરોડ કહેલો, ૩૧ હજાર કરોડ મેં બાકીના ખર્ચનો ડિફરન્સ કહેલો, ટોટલ ૨૭ હજાર કરોડનો ફર્ક રહેતો હતો એ પણ મેં કહેલો. રીઝર્વ બેન્કની ગાઇડલાઇન પ્રમાણે ૩ ટકાથી વધારે દેવું નહીં થવું જોઇએ એ પણ એમાં મેં એ વખતે ઉલ્લેખ કરેલો એટલે આ બધું જે છે એ ટેકનિકલ વસ્તુ છે. હકીકતમાં ગુજરાતના નાગરિકની માથાદીઠ આવક ૫ લાખ થઇ આજે એ સુખી હોય તો વેલ એન્ડ ગુડ, બેકારોને નોકરી આપો છો વેલ એન્ડ ગુડ, આજે બેકાર ન હોય તો વધારે સારું. ઉદ્યોગો માટે વાપરવાની વાત કરેલી કે તમે ટાટાને વગર વ્યાજે આપો છો અને આપણે ૮-૯ ટકે વ્યાજે લઇને લોકોને ભરીએ છીએ સારી વાત છે આપણા રાજયની આબરૂ છે તો લોકો કદાચ ઓછા વ્યાજે પણ આપતા હશે પણ વ્યાજ આપણે આપીએ છીએ એ વ્યાજ ટાટામાં મફતમાં જાય છે એટલે આ બધા મુદ્દાનો વિચાર કરીને એને કોના માટે, કોના માટે? તો ગુજરાતની પબ્લિક માટે તમારા માટે કે અમારા માટે છે નહીં આ તો રાજયના નાગરિકો માટે છે, એટલે બેલેન્સ જવાબની અપેક્ષા હોય મંત્રીશ્રી પાસે આજે એ બજેટમાં જે કાંઇ કહેવું છે એ કહી દીધું છે અને તમારે જે કહેવું છે એ તમે કહી દીધું છે. ગૌચરની વાત કરી તો ગૌચર ઓછા થયા, ગાયો કપાવા માંડી, એમાં પણ પીપીપી મોડેલ, આઇ ડોન્ટ થીન્ક પીપીપી મોડેલમાં કોને ક્યાં શું મળશે? એટલે અનેક મુદ્દાઓ છે જે મુદ્દાનો અત્યારે ચર્ચાનો અવસર નથી પરંતુ સરકાર પાસે અપેક્ષા હોય કે પોઇન્ટવાઇઝ જાય જે મુદ્દો કહ્યો હોય એનો હાર્દ

સમજવાની કોશીશ કરે, કદાચ હોઇ શકે કે પોલિટિકલ પંચ ક્યાંક આવ્યું હશે એ પોલિટીકલ પંચને તમે એવી રીતે જવાબ આપો કે એ માણસની હવા નીકળી જ જાય અને એમ લાગે કે ખોટો માણસ છે આ. તમારા જવાબથી તમે જ સાચા ને બાકીના બધા જ ખોટા, સરકાર સાચી ને બસ વાહ વાહ એ સાચું ને બાકીનું બધું જ ખોટું એવું ન હોવું જોઇએ વાસ્તવિકતા સ્વીકારીને જવાબ આવ્યો હોત તો વધારે સારું થાત. એટલે હવે હું એમની પાસે અપેક્ષા રાખું કે વળી જવાબ આપો, વળી જવાબ આપો એ નહીં સારું પણ ભવિષ્યમાં આવી આપેક્ષા જરૂર રાખીએ તમે તો અર્થશાસ્ત્રી છો અને ઇન્ડ્સ્ટીયાલિસ્ટ છો અને સીઝન્ડ જૂના માણસ છો, વજનદાર છો એટલે સારી આપેક્ષા રાખીએ છીએ.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું. માનનીય મંત્રીશ્રી જે રીતે વાત કરતા હતા એમાં માત્ર સીધો જ દાખલો જેનાથી સત્ય હકીકત આ ગૃહ સામે આવે. આપના આ વખતના બજેટના પ્રવચનના પાના નં.૨૭ ઉપર આપે કહ્યું છે કે, ૨૦૧૩–૧૪નું બજેટ રજૂ કર્યું ત્યારે ૫૧૪.૦૪ કરોડની સરપ્લસવાળું બજેટ મેં રજૂ કર્યું છે પુરાંતવાળું, અને આ બજેટમાં આપે ૨૦૧૩–૧૪ના હિસાબો આપ્યા છે અને હિસાબમાં આપે કહ્યું હતું કે પુરાંત અમે ધારી હતી પણ પુરાંત ન રહી અને ૧૪૪૯.૦૬ કરોડ રૂપિયાની ખાધ રહેશે આપના આ વખતના આ બજેટના આંકડા છે એ સત્ય છે કે કેમ? અને બીજું હું જાણવા માગું છું કે, જે જગ્યાઓ ખાલી છે એમાં મેં કહ્યું હતું કે આપ ૫૮ વર્ષના બદલે સરકારી કર્મચારીને ૬૦ વર્ષ કરો. આપનું કેલેન્ડર જે કહેતું હોય એ ૧.૫૦ લાખ આપ દસ વર્ષે ભરવાના હોય અને દર વર્ષે ૧૮૦૦૦ નિવૃત્ત થવાના હોય તો આ ખાધ વધતી જ ચાલશે માટે આમાં કાંઇ સરકાર નિર્ણય કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ વાત કરી, સ્વાભાવિક છે કે બાળક મોટું થાય એમ વજન વધે, ગુજરાતમાં પણ બાળક જન્મે છે અને બીજા રાજ્યોમાં પણ જન્મે છે, પરંતુ ગુજરાતનું બાળક વધારે શકિતશાળી થાય છે કારણકે આપણી ફાઇનાન્સિયલ પોલિસી, આજ તારીખમાં શકિતસિંહ આપ બહુ ઇમ્પેશન્ટ છો, પહેલાં સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, વિષય એ છે કે, ગુજરાત હોય, મહારાષ્ટ્ર હોય, મધ્યપ્રદેશ હોય, બધે ઇમ્ફલેશન સરખું હોય છે એ ભાગ કાઢી નાંખો, અને એ ઉપરાંત આપણો ગ્રોથ આવે છે આજે બીજા કેટલા રાજ્યોમાં રેવન્યુ સરપ્લસ છે એ જોવું જોઇએ બીજા રાજ્યો કેટલા ટકાવારીમાં ૩ ટકાની ઉપર છે અને આપણે ૩ ટકાથી નીચે છીએ એ જોવું જોઇએ, એ આપણી સ્ટેબિલિટી છે, અને એ હું આપને આ હાઉસની અંદર સમજાવતો હતો કે આપણો પહેલાંનો જમાનો અને અત્યારનો જમાનો જુદો છે અને માનનીય સભ્યશ્રી શકિતસિંહે જે વાત કરી એમાં મારે સ્પષ્ટપણે કહેવું છે કે કોઇપણ દિવસ બજેટ હાઉસની અંદર રજૂ થાય તો એ પોઝિટીવ જ થાય, નેગેટીવ થઇ ના શકે અને આ જે તમે વિષય જે કહો છો એ રેવન્યુ સરપ્લસ કે રેવન્યુ ડેફિસિટનો વિષય નથી. આ ટોટલ ફાઇનાન્સિયલ ટ્રાન્ઝેકશનનો વિષય છે અને એ ટ્રાન્ઝેક્શન બીજે વરસે કેરીફોરવર્ડ થાય, આપ સમજ્યા? એટલે એકાદવાર તમે મારી પાસે આવજો હું તમને ડિટેઇલમાં સમજાવી દઇશ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૬ વાગ્યે પુરું થતાં, સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું .**

# ગુજરાત વિધાનસભા
## ગુરૂવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
## ફાલ્ગુન ૨૧, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું
## અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને
## તારાંકિત પ્રશ્નો

### સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ની જગ્યાઓ ભરવા બાબત

* ૧૭૬૦૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહિલા અને બાળ વિકાસ ખાતામાં સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ ની રાજ્યમાં કેટલી જગ્યાઓ તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ ખાલી છે. | (૧) ૧૩૭ જગ્યાઓ ખાલી છે. |
| (૨) તે પૈકી બઢતીથી ભરવાની કેટલી અને સીધી ભરતીથી ભરવાની કેટલી જગ્યાઓ ખાલી છે. | (૨) ૧૩૭ ખાલી જગ્યાઓ પૈકી બઢતીથી ભરવાની ૧૦૩ અને સીધી ભરતીથી ભરવાની ૩૪ જગ્યાઓ છે. |
| (૩) બઢતીથી ભરવાની જગ્યાઓ માટેની કાર્યવાહી ક્યારે શરૂ કરવામાં આવી અને તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૩) બઢતીથી ભરવાની જગ્યાઓ માટેની કાર્યવાહી તા.૧૭-૨-૧૪ થી શરૂ કરવામાં આવી અને તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ બઢતી અંગેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠક બોલાવવાની કાર્યવાહી ચાલુમાં છે. |
| (૪) કેટલા સમયમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ પ્રશ્ન એટલા માટે પૂછ્યો છે કે, બાળ વિકાસ અધિકારીઓની જગ્યાઓ છેલ્લા ત્રણેક વર્ષથી ખાલી છે ત્યારે એ બધા માટે એક •(xxx) બાબત છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પૂછવું છે કે આ જે બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ માટે ૧૭.૨.૨૦૧૪થી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે જેને એક વર્ષ જેવો સમય થઇ ગયો છે. એમને આ જે પ્રમોશન આપવાના છે એ કેટલા સમયમાં મળી જશે એની ચોક્કસ તારીખ મને જાણવા મળે તો સારું.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, (xxx) શબ્દો વાપર્યા છે એટલે હું કહું છું.(અંતરાય)

અધ્યક્ષશ્રી : (xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ઘટના તો એ છે કે, આ રાજયને મહારાષ્ટ્રથી જુદુ પડ્યાને કેટલા વર્ષ થયા આંગણવાડી અને આઇ.સી.ડી.એસ. વિભાગો જરૂર હતા આ સંદર્ભમાં એક પણ કામ ત્યારેય થયું નથી અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેને પહેલી વખત આ રાજયને મહિલા અને બાળ કલ્યાણ વિભાગનો દરજ્જો આપ્યો અને દરજ્જો આપ્યા પછીથી આઇ.સી.ડી.એસ. વિભાગની અને મહિલા બાળ કલ્યાણ વિભાગની ઓળખ સમગ્ર ગુજરાત રાજયની જનતાને થઇ. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, બઢતી આપવાની પ્રક્રિયા માટે શું થઇ રહ્યું છે? તો મારે જરાક એની વાત કરવી છે. બઢતી અને ભરતી એ ૩/૧ના સંદર્ભમાં રાજયમાં થતી હોય છે. સી.ડી.પી.ઓ.વર્ગ ૨ ના સંવર્ગમાં બઢતી અંગેની પ્રક્રિયા પૂર્ણતાના આરે છે અને પૂર્ણ થયે તાત્કાલિક બઢતી આપવામાં આવશે. તાજેતરમાં બઢતી માટેની ખાતાકીય બઢતી સમિતિની બેઠક મળી અને ૧.૮.૨૦૦૯ની આખરી પ્રવર્તા યાદી મુજબ ૧૩૨ મુખ્ય સેવિકાની યાદી કરી હતી એમાંથી ૮૨ મુખ્ય સેવિકાઓ એ ચકાસતા પાત્રતા ધરાવતી હતી એને વર્ગ ૨ માં બઢતી આપવા માટે ગૌણ સેવા સમિતિને ભલામણ કરવામાં આવી છે. અને ભરતીના નિયમો સુધારવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે અને આખરી થયે ગુજરાત જાહેર સેવા આયોગના પરામર્શમાં રહી અને કાર્યવાહી કરવામાં આવશે. અમને ચિંતા છે અને એ બહુ ઝડપથી કાર્યવાહી પૂરી કરવાની અમારી પોતાની પણ કટિબધ્ધતા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ભરતી નિયમો મુજબ સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી માટે શૈક્ષણિક લાયકાત શું છે?

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવર્તમાન ભરતીના નિયમો મુજબ મુખ્ય સેવિકા વર્ગ–૩માંથી સી.ડી.પી.ઓ. વર્ગ–૨માં બઢતી આપવા માટે એનો અનુભવ, એની સ્નાતકની પદવીને ધ્યાને લઇએ છીએ. સી.ડી.પી.ઓ.ની સીધી ભરતી માટે ગુજરાતની કોઇ પણ માન્ય યુનિવર્સિટીમાંથી ગૃહ વિજ્ઞાન, સમાજ શાસ્ત્ર અથવા બાળ વિકાસ અને પોષણ અથવા ગુજરાત સરકારે માન્ય કરેલ કોઇ પણ સમકક્ષ લાયકાત ધરાવતા હોય એવા લોકોની આપણે ભરતી કરીએ છીએ અને ત્રણ વર્ષનો અનુભવ સરકારમાં અથવા કેન્દ્ર સરકાર કે રાજય સરકારે માન્ય કરેલ બીજી કોઇ સંસ્થામાં સંકલિત બાળ વિકાસ યાજના સામાજિક કાર્યકર, સમાજ કલ્યાણ કે સમાજ સેવામાં ત્રણ વર્ષનો અનુભવ હોય તો આપણે એને લઇ શકીએ છીએ.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં કૂપોષણની પરિસ્થિતિ ખૂબ ખરાબ છે અને આપણે બધા એની ચિંતા કરીએ છીએ. આપણે દર વખતે મહિલા અને બાળ કલ્યાણની ચિંતા કરીએ છીએ અને વાતો પણ થાય છે તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, આ સંકલિત બાળ વિકાસ અધિકારી વર્ગ–૨ની જે ૧૩૭ જગ્યાઓ છે એ કેટલા સમયથી ખાલી છે, અને એમાં જે ૩૪ જગ્યાઓ જે ડાયરેકટ સીધી ભરતીથી ભરવાની છે એની કાર્યવાહી તમે ક્યારે કરવાના છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૭માંથી ૮૨ની ભરતી આપણે તાત્કાલિક કરવાના છીએ અને ભરતીના નિયમો સુધારવાની પ્રક્રિયા ચાલુ છે. બહુ ઝડપથી પૂરી કરી લઇશું.

ડો. નિર્મલાબેન સુ. વાઘવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, જે રાજયમાં મહિલાઓની એટલી બધી ચિંતા થાય છે એમાં સી.ડી.પી.ઓ.ની જે ફરજો છે એ શું છે? એના માટે મને જાણકારી આપવામાં આવે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્યતઃ સી.ડી.પી.ઓ. એ આઇ.સી.ડી.એસ. વિભાગમાં કામ કરતી બહેનો છે. ઘટક કક્ષાએ એકસો આંગણવાડીનું એક ઘટક હોય છે. વિભાગની સૂચનાઓનું અમલીકરણ અને દિનપ્રતિદિન ચાલતી વહીવટી કામગીરી હોય એ જોવાની એમની જવાબદારી છે, એમના ઘટક હેઠળની દરેક આંગણવાડીની માસિક અને વાર્ષિક નાણાકીય જે જોગવાઇઓ છે એના અનુસાર ફાળવણી કરવાની પણ તેમની જવાબદારી છે, મુખ્ય સેવિકા, આંગણવાડી કાર્યકરની કામગીરી પર દેખરેખ રાખવાની, સમયાંતરે એની મુલાકાત લેવાની અને મુલાકાતની ડાયરી રાખવાની હોય છે, સમયાંતરે એ લોકોની મિટિંગ કરી અને આ આંગણવાડીઓ ખૂબ સુંદર રીતે ચાલે એની કામગીરીની દેખરેખ રાખે છે અને અમલ કરવા માટેના સૂચનો પણ કરે છે અને રાજ્ય સરકાર જે આદેશ, નિર્દેશ કરે એ પ્રમાણે રિપોર્ટ માહિતી, વિગેરે તૈયાર કરે છે અને ભારત સરકારની સૂચના અનુસાર આંગણવાડી કક્ષાએ જરૂરી રેકર્ડ, એની જાળવણી અને માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

શ્રી સી. કે. રાઉલજી : મારે એ જાણવું છે કે પસંદગી સમિતિની બેઠક વર્ષમાં કેટલીવાર મળે છે અને બનતી ત્વરાએ જે જગ્યાઓ ભરવાની છે તો ફિક્સ ટાઇમ, એક માસ, બે માસ કે ત્રણ માસમાં આ જગ્યાઓ ભરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : સી.ડી.પી.ઓ. વર્ગ –૨ માં આપણી પાસે ભરતી અને બઢતીના નિયમો પ્રમાણે જે નામો આવે એ અનુસાર એની બેઠકો થતી હોય છે અને તારીખ ૨–૯–૧૧ના રોજ છેલ્લી બેઠક મળી હતી અને એમાં ૮૭ બહેનોની આપણે ભરતી પણ કરી લીધી છે, અને ૩ જેમ ૧ ના મુજબ જ આપણે એમાંથી ભરતી કરી છે અને અત્યારે મેં કહ્યું તેમ વર્ગ–૨ ની પ્રક્રિયા પૂરી થઇ ગઇ છે અને પૂરી થયે તરત જ આપણે જાહેર કરીશું અને હમણાં જ ૧૫ દિવસ પહેલાં એની મિટીંગ કરવાનો પણ વિચાર કરેલ છે.

**ભુજ ખાતેની મેડિકલ કોલેજમાં પ્રવેશમાં અનામતનો અમલ કરવા બાબત**

* ૧૭૪૭૭ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભુજ ખાતેની અદાણી ગ્રુપને સોંપવામાં આવેલી મેડિકલ કોલેજમાં રાજ્ય સરકારની જોગવાઇ અનુસાર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા બક્ષી પંચના વિદ્યાર્થિઓને અનામત સીટનો લાભ તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૧૪ ની સ્થિતિએ પ્રવેશમાં આપવામાં આવતો નથી, તે | (૧) ના જી. આવી કોઇ ફરીયાદ મળેલ નથી. |

ગંભિર ફરીયાદથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ,

| | |
|---|---|
| (૨) જો હા, તો ગંભિર ગેરરીતિ થવાના તથા અનામતની બંધારણિય જોગવાઇના ઉલ્લંઘન થવાના શા કારણો છે. | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જવાબદારો સામે શાં પગલા લેવાયા છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કોલેજમાં ઉપરોકત જોગવાઇઓના તત્કાલ પાલનની શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે, આવી કોઇ ફરિયાદ ઉપસ્થિત થયેલ નથી, જે સમાજની અમે ચિંતા કરી છે એ ઓ.બી.સી., બક્ષીપંચ, એસ.સી. એસ.ટી. આ બધાય સમાજો સામાન્ય રીતે એમને થતાં અન્યાયો સામે અવાજ ઉઠાવવા માટે સક્ષમ નથી, મુંગા મોઢે આ બધું જ સહન કરે છે, એવા સંજોગોમાં મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કારણકે આ ભુજની અદાણી કોલેજ એ અદાણી ગૃપના સંચાલનમાં છે, એની કેટલી રાજ્યમાં અને કેન્દ્રમાં વગ છે એ આખું ગુજરાત જાણે છે ત્યારે આની સામે કોઇ ફરિયાદ ના કરી શકે, એટલા માટે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ભુજ ખાતેની આ અદાણી ગૃપને સોંપાયેલ મેડિકલ કોલેજમાં કુલ મંજૂર થયેલી કેટલી સીટો છે, બીજો પ્રશ્ન કે આ મંજૂર થયેલી બેઠકો પૈકી કેટલી એસ.સી., એસ.ટી. એસ.ઇ.બી.સી. ઓ.બી.સી. માટે અનામત રાખેલી છે અને મારો ત્રીજો પ્રશ્ન સન ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વરસમાં વર્ષવાર કેટલી એસ.સી., એસ.ટી. અને કેટલા ઓ.બી.સી. ના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે અને આ અનામત બેઠકોને બિન અનામતમાં ફેરવવા માટેની કોઇ કાર્યવાહી અત્યારસુધીમાં થઇ છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, તેમનો પહેલો પ્રશ્ન હતો કે કુલ કેટલી બેઠકો છે તો કુલ બેઠકો ૧૨૭ છે, જેમાંથી આ વરસે એમાં ફાળવણી કોના કોના ક્વોટાની કેટલી કરી છે તો ઓપનમાં ૬૫, એસ.સી.ની ૯, એસ.ટી.ની ૧૯ અને એસ.ઇ.બી.સી. અને ઓ.બી.સી. ની ૩૪ સીટો અને આ વખતે જે એડમિશન આપવામાં આવ્યા તેમાં ઓપન સીટોમાં ૩૪, એસ.સી.માં ૯, એસ.ટી.માં ૧૦ અને એસ.ઇ.બી.સી.માં ૩૪ સીટોની ફાળવણી કરવામાં આવી. એક પ્રશ્ન એમણે વાત કરી અનામતની સીટ હોય તેમાંથી ઓપનમાં કન્વર્ટ કરવા માટેની કોઇ જોગવાઇ છે કે કેમ? તો ભરતીની અંદર જે નિયમો છે સામાન્ય જે વિદ્યાર્થી હોય છે ઓપન કેટેગરીના એના માટે ૫૦ ટકા એટલે ૧૨ સાયન્સ અને ગુજસેટના આ બન્નેની અંદર મિનિમમ ૫૦ ટકા જોઇએ અને બાકીની જે અનામત સીટો છે એમાં ૪૦ ટકા ગુણ એસ.સી. એસ.ટી. અને ઓ.બી.સી.ની અંદર અને ગુજસેટની અંદર પણ એટલા ૪૦ પ્રમાણે મિનિમમ માર્કસ જોઇએ એ પ્રમાણે ભરતી થતી હોય છે. પરંતુ આવા ઉમેદવારો ત્યાં આગળ ના મળે તો એવા સમયે ભરતી સમિતિ એને એ સીટને ઓપનની અંદર કન્વર્ટ કરવાની જોગવાઇઓ ભારત સરકારના જે જૂના નિયમો છે તે અંતર્ગત છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અહીંયા જે સ્પેસિફિકલી રાઘવજીભાઇએ અદાણી મેડિકલ કોલેજની વાત કરી છે અને મારો આ મત વિસ્તાર છે એટલે હું આ ખાસ પૂછવા માગુ છું કે, જે રીતે અમને કચ્છને મેડિકલ કોલેજ આપી સાહેબ અમને સ્વપ્નું પણ નહોતું આવ્યુ કે કચ્છની અંદર મેડિકલ કોલેજ થાય. આપણા અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીએ એમણે અદાણીને સોશ્યલ જવાબદારી સોંપી કે આ સામાજીક જવાબદારી તરીકે તમે આ હોસ્પિટલ સંભાળો અને અહીંયા મેડિકલ કોલેજ કરો.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે જાણવું છે કે, અહીંયા જે આક્ષેપો થાય છે આ મેડિકલ કોલેજમાં ભરતી કઇ રીતે કરવામાં આવે છે ? કોણ ભરતી કરે છે ? અને કેટલી સીટો આપણે ૨૦૧૪–૧૫માં મેડિકલ સીટો ભરી એ હું જાણવા માગુ છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી માટેના જે નિયમો બનેલા છે તેની અંદર ૭૫ ટકા જેટલી સીટો એટલે ૧૫ ટકા એક એન.આર.આઇ.નો કવોટા રાખ્યો છે તેની અંદર ૧૫ ટકા જેટલી સંસ્થા ભરતી હોય છે. તે સિવાયની બાકીની જે સીટો છે તે ૧૦ ટકાની મેનેજમેન્ટ ક્વોટાની હોય છે બાકીની ૭૫ ટકા

અદાણીની અંદર મેનેજમેન્ટ ક્વોટા અને જે યુનિવર્સિટીએ ભરવાનો છે તે તમામ તેમણે પરત સોંપ્યો છે એટલે બધુ ભરતી બોર્ડ દ્વારા મેનેજમેન્ટ ક્વોટા સહિત થાય છે. માત્ર એન.આર.આઇ.ની જે સીટો છે તે ત્યાંથી ભરવામાં આવે છે. મેં હમણાં જે જણાવ્યુ તે પ્રમાણે અનામતની જે જોગવાઇઓ છે તે અનામતની જોગવાઇઓ પ્રમાણે તેની ભરતી ત્યાં આગળ થતી હોય છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ પ્રશ્ન પૂછીને માનનીય રાઘવજીભાઇએ આદિવાસીઓ, દલિતો અને બક્ષીપંચની જે ચિંતા કરી છે એટલે તેમને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવુ છે કે, આદિવાસીઓની ટોટલ ૧૯ સીટો ભરવાની હતી તેમાંથી ૯ સીટો બાકી રહી ગઇ. તો ભવિષ્યમાં આવું ના થાય અને આદિવાસીઓ, બક્ષીપંચ અને એસ.સી.ની પૂરેપૂરી સીટો ભરાય તેના માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા છે એ સમગ્ર ગૃહની ચિંતા હોય પરિણામ સારુ આવ્યું છે તેનુ પણ હું આપના માધ્યમથી ધ્યાન દોરું. આપણે જો સૌ સાથે મળીને કામ કરીએ તો તેનું પરિણામ સારુ મળે. અગાઉના સમયમાં ખાસ કરીને ટ્રાયબલ સીટો જે હતી અનામતની એ આ ગુણવત્તાની અંદર ન આવતા જે ગુજસેટની અંદર અને ખાસ કરીને જે બાર સાયન્સના પરિણામના કારણે. અને બીજુ જાગૃતતા નહોતી તેના કારણે થોડા પ્રશ્નો થતાં હતા. મારે અભિનંદન આપવા પડે પૂર્વ આદિજાતિ મંત્રીશ્રી આપ એ જગ્યા ઉપર આજે બિરાજમાન છો અગાઉ આપની પાસે ડિપાર્ટમેન્ટ હતું. આપે પર્સનલી તેની ચિંતા કરીને તેની જાગૃતિ લાવવાનું કામ કર્યુ અને જેના કારણે જે અગાઉ એક કે બે સીટો ભરાતી હતી તેની જગ્યાએ રાજયમાં આ વખતે સૌથી વધારે સીટો ટ્રાયબલ એરિયા જે છે તેની આ વખતે ભરાઇ છે. આ જાગૃતતા આવી છે પરંતુ હજુ પૂરતું નથી એક પણ સીટ આ અનામતની ખાલી રહે તે આપણા બધા માટે ચિંતાનો વિષય છે. એટલે એ કેટેગરીની અંદર તમામ સીટો પૂરેપૂરી ભરાઇ જાય એના માટે આપણે જાગૃતતાનું કામ પણ કરીએ અને વિશેષ ત્યાં આગળ જાણકારી આપવાની હોય એમાં આપણે બધા સાથે મળીને સહયોગી બનીશું તો આવનારા સમયમાં એક પણ સીટ તેની ખાલી નહીં રહે.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સરહદી એવા શૈક્ષણિક રીતે પછાત જિલ્લાની અંદર અદાણી પાસેથી જે મેડિકલ કોલેજ શરૂ કરાવડાવી છે. આ મેડિકલ કોલેજની અંદર બેઠકોની ફાળવણી કઇ રીતે કરવામાં આવે છે અને તેમાં અનામતના ધોરણો શું છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અનામતના ધોરણો આખા રાજયમાં એક સરખા છે એ માહિતી પણ આપું. ૭ ટકા સીટો તે અનુસૂચિત જાતિ માટે રાખવામાં આવી છે. ૧૫ ટકા જગ્યાઓ અનુસૂચિત જનજાતિ માટે અને ૨૭ ટકા ઓ.બી.સી. માટે આ સીટોની જોગવાઇ કરવામાં આવી છે.

**રાજયમાં સરકારી મેડિકલ કોલેજોમાં પી.જી.ની ઉપલબ્ધ બેઠકો**

* ૧૬૨૫૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં સરકારી મેડિકલ કોલેજોમાં ઉપલબ્ધ પી.જી. કોર્ષ ચાલે છે. | (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ૭ સરકારી મેડિકલ કોલેજોમાં પી.જી.કોર્ષ ચાલે છે. |
| (૨) ક્યા વિષયોમાં પી.જી.કોર્ષ ચાલે છે, અને | (૨) નીચેના ૨૩ વિષયોમાં પી.જી.કોર્ષ ચાલુ છે.<br>મેડીસીન, પીડીયાટ્રીક્સ, ટી.બી. એન્ડ ચેસ્ટ (પલ્મોનરી મેડીસીન), સ્કીન એન્ડ વી.ડી., સાયકીયાટ્રી, સર્જરી, ઓર્થોપેડીક, ઓપ્થેલોમોલોજી, ઇ. એન્ડ ટી., ઓબ્સ એન્ડ ગાયનેક, એનેસ્થેસીયા, રેડીયોલોજી, પેથોલોજી, માઇક્રોબાયોલોજી, બાયોકેમીસ્ટ્રી, રેડીયોથેરાપી, આઇ.એચ.બી.ટી., એનાટોમી, ફીઝીયોલોજી, ફાર્મેકોલોજી, પી.એસ.એમ., ફોરેન્સીક મેડીસીન, ઇમર્જન્સી મેડીસીન. |
| (૩) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ? | (૩) પી.જી. ડીગ્રી કોર્ષ - ૭૪૧ બેઠકો અને<br>પી.જી. ડિપ્લોમાં કોર્ષ - ૧૭૧ મળીને કુલ ૯૧૨ બેઠકો |

ઉપલબ્ધ છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તરફથી સરસ જવાબ મળ્યો છે. રાજયમાં હાલમાં કુલ કેટલી મેડિકલ કોલેજો ઉપલબ્ધ છે. છેલ્લા દસ વર્ષમાં યુ.જી. અને પી.જી. માં કેટલી સીટો વધારવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : યુ.જી. અને પી.જી. ની સીટોમાં ઘટ પડતી હતી એ ઘટ મેડિકલની સીટો ઓછી હોવાને કારણે હતી, આમાં છેલ્લા દસ વર્ષમાં રાજય સરકારે પ્રયત્નો કર્યા છે એના કારણે વધારો થયો છે. રાજય સરકારની અને ખાનગી બંને મેડિકલ સીટોમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો કરવામાં આવ્યો છે. રાજયમાં કુલ ૧૯ મેડિકલ કોલેજો આવેલી છે. એમાં છ સરકારી અને ૧૨ સ્વનિર્ભર મેડિકલ કોલેજ અને એક ડીમ્ડ યુનિવર્સિટી અંતર્ગત છે. છેલ્લા દસ વર્ષમાં આઠ નવી મેડિકલ કોલેજોનો વધારો થયો છે. એ જ રીતે સીટોની વાત કરીએ તો યુ.જી.માં ૧૪૦૫ અને પી.જી.માં ૬૩૧ બેઠકોનો વધારો થયો છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : રાજયની મેડિકલ કોલેજોમાં પી.જી. કોર્સ કરતાં વિદ્યાર્થીઓને કોઇ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ, તેમજ ડોકટરોને કોઇ સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : એક વખત એમ.બી.બી.એસ. થયા પછી પી.જી. પોસ્ટ ગ્રેજયુએશન કરવાનું હોય છે. એટલે કે કામ કરતા કરતા પેશન્ટોની તપાસણી કરવાની હોય છે ત્યારે પ્રથમ વર્ષમાં પી.જી.માં ૨૮ હજાર રૂપિયા પ્રતિ માસ જયારે બીજા વર્ષે ૨૮૭૦૦ રૂપિયા તથા ત્રીજા વર્ષે ૨૯૪૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે. જે ટ્રેનિંગ હોય છે તેવા ડોકટરો હોય છે, એમ.બી.બી.એસ.માં એને ૭૨૮૪ રૂપિયા દર મહિને સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું કે, આપણા ગ્રેજયુએશન કે પી.જી. ના કોર્સમાં મેડિકલમાં આપણે કોલેજો વાઇઝ બેઠકો આપીએ છીએ. આપણી સૌની ચિંતાનો વિષય એ હોવો જોઇએ કે ભણનારા આપણા વિદ્યાર્થીઓ છે પણ એને ભણાવનારા પ્રોફેસરો પૂરા હોતા નથી. એમ.સી.આઇ.નું ચેકિંગ આવે ત્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાંથી ઇન્સ્પેકશન પૂરતા પ્રોફેસરોને મૂકીએ અને પછી જેવું ચેકિંગ પૂરું થઇ જાય એટલે પાછા લઇ લઇએ છીએ, એના કારણે વિદ્યાર્થીઓને ખૂબ જ મુશ્કેલી થાય છે. કોલેજોની સીટો ન ઘટે અને સારા શિક્ષકો મળે એના માટે કરાર આધારિત ન મૂકે પૂરા પગારવાળા મૂકે, પૂરા પે સ્કેલ સાથેના ડોકટરોની ભરતી થાય તો કોલેજોમાં પ્રોફેસરો અને ડેમોન્સ્ટ્રેટની પી.જી. અને ગ્રેજયુએશન બંનેમાં આ જગ્યાઓ ભરાય એના માટે સરકાર કોઇ પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સમગ્ર રાજયમાં ભૂતકાળ કરતાં ખૂબ મોટા પ્રમાણમાં મેડિકલ કોલેજો વધારી છે. રાજયના જુદા જુદા જિલ્લાઓમાં પહેલા મેડિકલ કોલેજો હતી જેમ કે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર જેવા શહેરોમાં હતી. પરંતુ આપણે અન્ય વિસ્તારોમાં પણ ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર કહેવાય એવા વિસ્તારોમાં પણ મેડિકલ કોલેજો કરી છે. એમાં મુખ્ય કામગીરી મેડિકલ કોલેજો વધારવી એટલું નથી પણ સાથે સાથે મેડિકલની સીટો પણ ગુજરાતમાં સતત ઉમેરતા ગયા છીએ. ભૂતકાળમાં જયાં ૫૦ સીટો હતી ત્યાં ૧૦૦ કરવામાં આવી છે. જયાં ૧૦૦ હતી ત્યાં ૧૫૦ કરવામાં આવી છે, જયાં ૧૫૦ હતી ત્યાં ૨૦૦ કરવામાં આવી છે. આ રીતે સીટોમાં સતત વધારો કરવામાં આવ્યો છે. એમ.બી.બી.એસ. થયા પછી પી.જી. કરવા માટે ગુજરાતમાં વધારાની તકો ઉપલબ્ધ કરાવવા માટે પી.જી. સીટો ઉપલબ્ધ કરાવી છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન કર્યો એમાં જેમ જેમ મેડિકલ કોલેજો ઉભી કરીએ એમ આસિસ્ટન્ટ પ્રોફેસરો અને ડીન એ એમ.સી.આઇ. ના ધોરણો પ્રમાણે એની જે લાયકાત હોય એ પ્રમાણે મૂકવાના હોય છે. આસિસ્ટન્ટ પ્રોફેસરો કે જે નોકરી કરે અનુભવ કરે એના ૩–૪ વર્ષ પછી જ પ્રમોશન આપી શકીએ છીએ. એ પછી ચાર–પાંચ વર્ષે પ્રમોશન આપીએ છીએ. પણ એકદમ આપણે જે વધારો કર્યો, માનનીય નરેન્દ્રભાઇ જયારે હતા ત્યારે તેમણે સતત કાળજી રાખીને આપણને નવી કોલેજો રાજયના બજેટમાંથી ઉભી કરાવી. સ્વનિર્ભર કોલેજોને પણ મંજૂરી આપી. તેના કારણે આસિસ્ટન્ટ પ્રોફેસરથી માંડીને પ્રોફેસર સુધીની મોટી ડિમાન્ડ ઉભી થઇ છે. જયારે એમ.સી.આઇ.નું ઇન્સપેકશન આવે ત્યારે આપણે તેને મેનેજમેન્ટથી કોઇ બીજા વિદ્યાર્થીઓને અન્યાય ન થાય, બીજી જગ્યાએ ટીચીંગ ન બગડે, પી.જી.ની સીટો ઓછી ન થાય તે રીતે

આંતરિક ફેરબદલી જરૂરિયાત પ્રમાણે આપણે કરીએ છીએ, પણ મને વિશ્વાસ છે કે જે પ્રમાણે મેડિકલ કોલેજો વધી છે. એમ.બી.બી.એસ. મળશે, આસિસ્ટન્ટ પ્રોફેસર મળશે, ભવિષ્યમાં પ્રોફેસર પણ મળશે, તેના કારણે આવનારા સમયમાં આ પ્રશ્ન આપણે બિલકુલ દૂર કરીશું અને ગુજરાતમાં ડોકટરો માટે પૂરેપૂરી ટીચીંગની વ્યવસ્થા આપણે પ્રાપ્ત કરાવીશું.

**પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૬૨૪૪ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઇ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી. જિલ્લાની તમામ ૧૯૩૧ આંગણવાડી કેન્દ્રોમાં અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પુર્ણ કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ૧૯૩૧ આંગણવાડી કેન્દ્રોને અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી સરકારશ્રીએ પૂર્ણ કરેલ છે. આ સુંદર કામગીરી સરકારની એક નમૂનારૂપ કામગીરી છે. મારો માનનીય મંત્રીશ્રીને એ પ્રશ્ન છે કે પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં ગેસની સુવિધા આપવામાં આવેલી છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ કનેકશનની વાત છે ત્યારે મારે કહેવું જોઇએ કે આ રાજયમાં સૌથી પહેલાં સરકારની યોજના બને તે પહેલાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા જિલ્લા પંચાયતે પ્રાયોગિક ધોરણે પોતાના પંચાયતના ફંડમાંથી આ સુવિધા શરૂ કરી હતી. તેનું મહત્વ અને હેતુ સમજાતાં પંચમહાલમાં કુલ મળીને ૧૯૩૧ આંગણવાડીની સંખ્યા છે. બધી આંગણવાડીમાં આપણે ગેસ કનેકશન આપી દીધા છે. માનનીય સભ્યશ્રીએ તાલુકાવાર માગ્યું છે. ગોધરામાં ૪૫૮ આંગણવાડીમાં, શહેરામાં ૨૮૫ આંગણવાડીમાં, મોરવામાં ૨૯૬ આંગણવાડીમાં, કાલોલમાં ૨૧૪ આંગણવાડીમાં, ઘોઘંબામાં ૩૭૦ આંગણવાડીમાં, હાલોલમાં ૨૫૧ આંગણવાડીમાં, જાંબુઘોડામાં ૫૭ આંગણવાડીમાં આમ બધી મળીને કુલ ૧૯૩૧ આંગણવાડીમાં ગેસની સુવિધા પૂર્ણ કરી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશનની સુવિધા પૂરી પાડવા માટે શું દર હોય છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ગેસની સુવિધાના દર આ પ્રમાણે હોય છે. ગેસના સિલિન્ડર માટે પ્રતિ સિલિન્ડર ૧૨૫૦ જેટલી ડિપોઝીટ મૂકવામાં આવે છે. તેના રેગ્યુલેટર ચાર્જ ૧૫૦ રૂપિયા, રબરની ટ્યૂબના ૧૮૦ રૂપિયા, તેની પાસબુક બનાવવી પડતી હોય છે તેના ૪૫ રૂપિયા, વહીવટી ખર્ચ માટે ૧૦૦ રૂપિયા, હોટ પ્લેટ, વેરીફીકેશન ચાર્જીસ અને મિકેનિકલ ચાર્જીસ ૨૫૦ રૂપિયા, ઇન્સ્ટોલેશન ચાર્જીસ ૪૫ રૂપિયા, સ્ટેન્ડ ચાર્જ ૧૦૦ રૂપિયા, આઇ.એસ.આઇ. માર્કાવાળો ગેસ સ્ટવ ૨૮૦૦ રૂપિયા. કુલ મળીને ૪૯૨૦ રૂપિયા ખર્ચ થાય છે અને ગેસ સિલિન્ડર ખાલી થાય ત્યારે ૪૬૦ પ્રમાણે બજેટની જોગવાઇ કરેલી છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે આંગણવાડીની વાત હોય, જયારે નાના બાળકોની વાત હોય, આપે ગેસ કનેકશન આપ્યા, બહુ સારી બાબત છે, પણ તેની ગંભીરતા વિચારીને ફાયર સેફ્ટી માટેની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, અલગથી નોટિસ આપશે તો આપીશું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આંગણવાડી કેન્દ્રોમાં ગેસની સુવિધા પૂરી પાડવાની યોજના કયારથી શરૂ કરવામાં આવી છે? આ સુવિધા પૂરી પાડવા પાછળનો આ યોજનાનો હેતુ શો છે?

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : આ સુવિધા ૩–૧૨–૦૯થી શરૂ કરવામાં આવી. આપણે સૌ જાણીએ છીએ કે આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ગરમ નાસ્તો મળી શકે એટલા માટે ગેસની આવશ્યકતા આપણે સમજતા હતા, સરકાર સમજતી હતી. આંગણવાડીના કાર્યકર, હેલ્પર તેના બાળકો આંગણવાડીમાં નાસ્તો બને, કયાંક ચૂલાથી બનતો હતો. તેનો ધૂમાડો થાય, ચોમાસામાં વરસાદ પડે, લાકડા મળે નહીં, સગડીમાં ખાવાનું ન થઇ શકે. આ બધી સમસ્યાઓના કારણે આંગણવાડીઓમાં ગેસ આપવાનો વિચાર મારા પૂર્વ મંત્રી અને અત્યારના મુખ્યમંત્રીશ્રીને આવતાં તેમણે તેને અમલમાં મૂકી આંગણવાડીઓમાં ગેસ આપવાનું શરૂ કર્યું હતું. એનાથી પર્યાવરણનું રક્ષણ થાય, ગ્લોબલ વોર્મીંગથી સમગ્ર વિશ્વ પિડાઇ રહ્યું છે ત્યારે પર્યાવરણનું રક્ષણ, આગની હોનારતને અટકાવી શકાય, ખોરાક ઝડપથી અને સ્વાદિષ્ટ બને તે માટે આ વ્યવસ્થા કરી છે.

**સાબરકાંઠા જિલ્લામાં શહેરી વિસ્તારોમાં વિકાસપથના કામો**

* ૧૫૯૪૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ક્યા શહેરી વિસ્તારોમાં વિકાસપથ બનાવવામાં આવેલ છે. | (૧) હિંમતનગર, ઇડર, ખેડબ્રહ્મા, વડાલી, પ્રાંતિજ, વિજયનગર અને તલોદ |
| (૨) પ્રાંતિજ શહેરમાં વિકાસપથ ન બનાવવાના કારણો શા છે, અને<br>(૩) પ્રાંતિજ શહેરનો ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા વિકાસપથ અથવા બાયપાસ રોડ બનાવવા સરકારનું આયોજન છે કે કેમ ? | (૨) અને (૩) પ્રાંતિજ શહેરમાં વર્ષ ૨૦૦૫–૦૬ માં વિકાસપથ બનાવવામાં આવેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન પૂછવા પાછળનો ઉદ્દેશ માનવીય સંવેદના હતો એટલે આ પ્રશ્ન દાખલ કરાવ્યો. મારા મત વિસ્તાર પ્રાંતિજમાંથી એક રસ્તો પસાર થાય છે. એમાં ઘણી બધી શાળાઓ આવેલી છે. આ રસ્તા ઉપર દરરોજ સાતથી આઠ હજાર બાળકો શાળામાં અભ્યાસ અર્થે આવ–જા કરતા હોય છે. આ રસ્તા ઉપર હેવી ટ્રાફિક હોવાના કારણે અકસ્માત થતા હોય છે અને બાળક મૃત્યુ પામે છે.•(xxx).

અધ્યક્ષશ્રી : એનો ઉલ્લેખ આપણે નથી કરી શકતા. ગૃહમાં કોણ આવ્યું છે અને કોણ નથી આવ્યું તેનો ઉલ્લેખ ન કરી શકાય.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, સાબરકાંઠા જિલ્લામાં તમામ શહેરોમાં વિકાસ પથ બનાવેલ છે. મારા મત વિસ્તારમાં વિકાસ પથ બનાવવામાં આવેલ છે એ ફોર લેન બનાવવામાં આવ્યો નથી, એના કારણે અકસ્માતો બહુ થાય છે. ૨૦૦૫–૦૬માં આ વિકાસ પથ ૧૦ મિટર પહોળો બનાવેલ છે. આ વિકાસપથને ફોર લેન બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ અને ન કરેલ હોય તો આ ટ્રાફિકનો પ્રશ્ન હલ કરવા માટે બાયપાસની સુવિધા આપવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપણી રાજ્ય સરકારે ૨૦૦૫–૦૬ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ અને એ જ વર્ષમાં વિકાસ પથ યોજનાની જાહેરાત કરી અને આવા રસ્તાઓ બનાવવાની શરૂઆત કરેલ. વિકાસ પથ શહેરી વિસ્તારોમાંથી પસાર થતા રાજ્ય રસ્તાઓને જરૂરિયાત મુજબ ચાર માર્ગીય, ૧૦ મિટર, ૭ મિટર પહોળા બનાવવા, એની સાથે ફૂટપાથ, ડ્રેનેજની સુવિધા આપવી, લોકલ ટ્રાફિક, થ્રૂ ટ્રાફિકના કારણે શહેરીજનોને રાહત મળે તે માટે સુવિધા આપવાનો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે. શરૂઆતના ૨૦૦૫–૦૬ના વર્ષમાં રાજ્ય સરકારે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર અને પ્રાંતિજમાં વિકાસ પથની યોજનામાં ૭.૦૩ કિ.મી.ની લંબાઇના રસ્તા માટે રૂ.૨૯૮.૮૭ લાખનો ખર્ચ કરવાની રાજ્ય સરકારે મંજૂરી આપી છે અને ત્યાર પછીના વર્ષમાં પણ સાબરકાંઠા જિલ્લામાં વિવિધ શહેરી વિસ્તારોમાં વિકાસ પથ યોજના હેઠળ મંજૂરી આપવામાં આવેલ છે અને શહેરી વિસ્તારમાં જે રાજ્યના રસ્તા પસાર થાય છે એને પહોળા કરવા માટે વિકાસ પથ યોજના આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ, ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કરી છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ભારતીય જનતા પાર્ટીની સરકારે જે ચિંતા કરી છે અને એ ચિંતા કરીને આ યોજના હેઠળ રસ્તાઓ પહોળા કર્યા છે. પ્રાંતિજને ૧૦ મિટરનો પહોળો રસ્તો આપ્યો છે તે ફોર લેન કરવાનું કોઇ આયોજન નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી મહેન્દ્રસિંહે વાત કરી એ શાળાનો હું પણ વિદ્યાર્થી હતો. વિકાસ પથની યોજના ૨૦૦૫–૦૬માં શરૂ થઇ. સાબરકાંઠામાં ૨૦૦૬–૦૭માં પ્રાંતિજમાં પર્ટિક્યુલર કેટલા મિટરના રસ્તાઓ હતા અને કેટલા મિટર પહોળા કર્યા અને આ કામગીરીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ વાત કરી, ૨૦૦૫–૦૬માં વિકાસ પથ યોજનામાં સરકારે આ રસ્તાઓ કર્યા. માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આશરે ૫૫૦ કિ.મી.ની લંબાઇના રસ્તાઓ શહેરી વિસ્તારમાંથી પસાર થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિસ્તારના વિકાસને ધ્યાનમાં રાખીને આવા માર્ગોની સુધારણાની કામગીરી કરવાનું સરકારે નકકી કર્યુ, આવા માર્ગોને જરૂરિયાત મુજબ પહોળા કરી અને મેં અગાઉ વાત એ રીતે વિકાસપથ યોજના હેઠળ ૨૦૦૫–૦૬માં પ્રથમ તબકકામાં પ્રાંતિજ શહેરમાંથી પસાર થતા પ્રાંતિજ હરસોલ રસ્તો જેની ૨.૬ કિલોમિટરની લંબાઇ જે અગાઉ સાડા પાંચ અને સાત મીટર હતા એની જગ્યાએ દસ મીટર પહોળો કરવા માટેની મંજૂરી આપવામાં આવેલી છે અને આ કામ પાછળ કુલ રૂ. ૧૦૮ .૩૭ લાખનો ખર્ચ થયેલ છે અને આ કામ પૂર્ણ થયેલ છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા બહુ વ્યાજબી છે. પ્રાંતિજ શહેરમાં હેવી ટ્રાફિક છે અને હાઇવેને ટચ આ ગામ છે એના લીધે પરિસ્થિતિ એ થાય છે કે ત્યાં વારંવાર એકસીડન્ટ થાય છે, ત્યાં સ્કૂલો ઘણી આવેલી છે તો મારે પૂછવું છે કે છેલ્લા બે વર્ષમાં આ વિકાસપથને પહોળો કરવા માટે અથવા બાયપાસ કોઇક વ્યવસ્થા કરવા તમને રજૂઆત છેલ્લા બે વર્ષમાં કેટલી મળી અને છેલ્લા બે વર્ષમાં શું આયોજન કર્યુ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ વાત કરી એમ આ રસ્તો સાંકડો હતો એમાંથી દસ મીટર પહોળો આપણી રાજય સરકારે કર્યો છે, એમનો પ્રશ્ન છે કે આ જે રસ્તો થયો છે એ રસ્તામાં બાયપાસની કોઇ રજૂઆત આવી છે કે કેમ? પ્રાંતિજ નેશનલ હાઇવે નંબર–૮ને અડીને આવેલી ચંચબળા નગરથી અમીનપુરા થઇ હરસોલ સ્ટેટ હાઇવેને જોડતો રસ્તો હયાત રસ્તો નથી અને એ રસ્તો બાયપાસ કરવા માટે માનનીય સભ્યશ્રીની રજૂઆત આવી હતી. અમારા આદરણીય મુખ્યમંત્રીશ્રીએ લોકસંવાદ સેતુ ચાલુ કર્યા છે અને એ પ્રશ્નનો સ્થળ ઉપર જ નિકાલ થાય અને એનો લાભ આ સભ્યશ્રીએ પણ લીધો અને લોકસંવાદ સેતુમાં પણ આ પ્રશ્ન આવ્યો પણ હું આ સન્માનનીય ગૃહના ધ્યાને એ વાત મૂકવા માગુ છું કે આ પ્રાંતિજ પૂર્ણાવર્તીત વિકાસ યોજના હેઠળ સૂચવેલ પ્રાંતિજ બાયપાસ રસ્તો છે. આ રસ્તાને શહેરી વિકાસ વિભાગની અધિસૂચના તાઃ૩–૧૧–૧૦થી સૂચિત બાયપાસ તરીકે દર્શાવેલ છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે બાયપાસ તરીકે સૂચવેલ રસ્તો છે આ બાબત શહેરી વિકાસ વિભાગને લગતી છે, માટે આ રસ્તાનો સમાવેશ વિકાસપથ યોજના હેઠળ કરી શકાય એમ નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૫૫૮૨ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૦૫૮ આંગણવાડીઓ કાર્યરત છે. જે નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યાન્વિત આંગણવાડી કેન્દ્ર | કાર્યાન્વિત મીની આંગણવાડી કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | ૨૧૧ | ૧૦૩ |
| ૨ | કવાંટ | ૧૭૮ | ૧૦ |
| ૩ | નસવાડી | ૨૦૨ | ૧૧ |
| ૪ | પાવીજેતપુર–૧–૨ | ૧૪૨ | ૦ |
| ૫ | સંખેડા | ૬૨ | ૭ |

| | | | |
|---|---|---|---|
| ૬ | બોડેલી | ૧૨૯ | ૩ |

(૨) કાર્યરત આંગણવાડીઓમાં પીવાના પાણી માટે કેટલો ખર્ચ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યો ?

(૨) કાર્યરત આંગણવાડીઓમાં પીવાના પાણી માટેનો ખર્ચ નીચે પ્રમાણે છે.

**વર્ષ ૨૦૧૩-૧૪**

| | | |
|---|---|---|
| ન્યુ ગુજરાત પેટર્ન | રૂ. | ૧૭૨૦૦૦૦૦ |
| એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટમાંથી | રૂ. | ૨૩૦૦૦૦૦ |
| **કુલ ખર્ચ** | **રૂ.** | **૧૯૫૦૦૦૦૦** |

**વર્ષ ૨૦૧૪-૧૫માં** પીવાના પાણી માટે કોઈ ખર્ચ થયેલ નથી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે આ પ્રશ્ન પૂછવા પાછળનો મૂળ હેતુ એટલો હતો કે છોટાઉદેપુર જિલ્લામાં ૨૬હજાર બાળકો કુપોષણથી પીડાય છે એટલા માટે મારો પ્રશ્ન એ છે મારા મતવિસ્તારમાં સંખેડા તાલુકામાં કાર્યરત આંગણવાડી ફક્ત ૬૨ અને મીની ૬૦ આંગણવાડીઓ ચાલે છે. સંખેડા તાલુકામાં કુલ ૧૫૦ ગામ છે, તો બીજા ગામડાંમાં આંગણવાડી કાર્યરત નથી તો એને માટે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી કે ત્યાં નર્મદાના અસરગ્રસ્તોની વસાહતો પણ ૩૨ જેટલી આવેલી છે. એક વસાહતોની સંખ્યા ૫૦૦ કરતા ઉપર છે. ઘણા વર્ષોથી આ પ્રશ્ન ચાલ્યા કરે છે તો આની મંજૂરી માટે કોઇ સરકારમાં દરખાસ્ત મોકલી છે કે કેમ અને જો મોકલી હોય તો આવી જે આંગણવાડી જયાં કાર્યરત નથી એને કેટલા સમયમાં ચાલુ કરવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે સંખેડા તાલુકામાં ૬૩ આંગણવાડી છે, સામાન્યતઃ આંગણવાડીઓ ઘટકવાર નક્કી થતી હોય છે. સંખેડા તાલુકામાં ૧૨૩ આંગણવાડીઓ છે અને બીજો પ્રશ્ન તમારો એ હતો કે વધારાની મંજૂર કરવા માગો છો કે કેમ? અત્યાર સુધી ભારત સરકારની ગાઇડલાઇન મુજબ આપણે આંગણવાડીઓના કેન્દ્રો મંજૂર કરતા હતા. જયારે અમારા ધ્યાનમાં આવતું હતું કે અહીં આવશ્યકતા છે, અત્યાર સુધી અમે વખતોવખત રજૂઆત કરી જ છે, આંગણવાડીની મંજૂરી મળી નથી હવે મળી જવાની છે એ મને ખબર છે, ગ્રામ્ય અને શહેરી વિસ્તાર હોય તો ૪૦૦ થી ૮૦૦ની વસ્તી દીઠ એક આંગણવાડીનું કેન્દ્ર મંજૂર કરવાની ગાઇડલાઇન છે આપણી પાસે, ૮૦૦ થી ૧૬૦૦ની વસ્તી હોય તો બે આંગણવાડીના કેન્દ્ર મંજૂર થાય, અને ૧૫૦ થી ૪૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી આપણે મંજૂર કરી શકીએ છીએ. મારે એ ખાસ કહેવું જોઇએ કે ગુજરાત સરકારમાં આદિજાતિ વિસ્તાર, કોતર, ખીણ, રણ પ્રદેશ અને પર્વતીય વિસ્તારમાં ૩૦૦ થી ૮૦૦ની વસતિએ એક કેન્દ્ર મંજૂર કરવાની અને ૧૫૦ થી ૩૦૦ની વસતિએ એક મીની આંગણવાડી કેન્દ્ર મંજૂર કરવાની પરમિશન છે અને એ પ્રમાણે આપણે કાર્ય કરી રહ્યા છીએ.

**શ્રી જયંતિભાઇ સ. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં ઘટકવાર, તાલુકાવાર પોતાનું મકાન ધરાવતા કેટલા આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધાઓ છે અને જ્યાં શૌચાલયની સુવિધા નથી ત્યાં સરકારશ્રીનું શું આયોજન છે?

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** છોટા ઉદેપુર તાલુકામાં છોટા ઉદેપુરમાં ૩૧૪ આંગણવાડીઓ છે અને બધી જ કાર્યરત છે. કવાંટ, નસવાડી, પાવી જેતપુર-૧ અને પાવી જેતપુર-૨, સંખેડા એમ કુલ મળીને ૧૦૫૮ આંગણવાડીઓ છે એમાં ૯૦૧ પોતાના મકાનમાં છે અને પોતાના મકાન સિવાયમાં કેટલીક અન્ય મકાનોમાં બેસે છે. સભ્યશ્રીનો પ્રશ્ન છે કે શૌચાલયની વ્યવસ્થા શું છે? જૂની આંગણવાડીઓ છે એમાં શૌચાલયની વ્યવસ્થા નથી. આપણે લોકભાગીદારીથી કરાવી રહ્યા છીએ. જ્યાં ભાડાના મકાનો છે ત્યાં મકાન શૌચાલય વાળું હોય એવું શોધવાની વાત ચાલે છે. આની કોઇ ગ્રાન્ટ ઉપર આધારિત નહીં રહેતા તાલુકા વિકાસ અધિકારીને શૌચાલય માટેની ગ્રાન્ટ ફાળવી દીધી છે. અપગ્રેડેશન ગ્રાન્ટમાંથી પણ વધારાનો ખર્ચ કરી શકે એવો પરિપત્ર તા. ૨-૧-૨૦૧૫ના રોજ પાઠવી દીધો છે. મને કહેતા ખુશી થાય છે કે આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને તમામ મંત્રીશ્રીઓ જ્યારે કોઇ જાહેર કાર્યક્રમમાં જતા હોય, લગ્ન સમારંભોમાં જતા હોય તો દીકરીના લગ્ન વખતે દિકરીને ત્યાં શૌચાલય હોવું જોઇએ આ રીતની વાત કરીને કમીટમેન્ટથી કામ કરે છે. શૌચાલયની વ્યવસ્થા માટે કરોડોની ગ્રાન્ટ લોકભાગીદારીથી માનનીય મુખ્યમંત્રીશ્રીને મળી છે. એ પ્રક્રિયા ચાલુ છે. એક પણ આંગણવાડી શૌચાલય વગરની ન રહે એવી અમારી પ્રતિબદ્ધતા છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, આજે મારો ૧૧૦મો પ્રશ્ન આ જ પ્રકારનો છે. તમે છોટા ઉદેપુર જિલ્લામાં ૬ તાલુકામાં ૯૨૪ આંગણવાડી અને ૧૩૪ મીની આંગણવાડી કેન્દ્રો એમ કુલ ૧૦૫૮ આંગણવાડી હાલ ચાલુ છે એમ કહ્યું છે પણ ખરેખર છોટા ઉદેપુર જિલ્લાના તાલુકાવાર કેટલા નવા આંગણવાડી કેન્દ્રો માટે માગણી કરી? મને ૧૧૦માં જણાવ્યું છે કે છોટા ઉદેપુરમાં ૩૫, કવાંટમાં ૭૭, નસવાડીમાં ૪૦, પાવી જેતપુરમાં ૭૭ અને સંખેડામાં ૧૨૭ એમ કુલ ૪૪૩ આંગણવાડી કેન્દ્રોની માગણી આવી એમાંથી ૩૯૭ ની દરખાસ્ત તા. ૧૬–૬–૨૦૧૪ અને તા. ૧૨–૨–૨૦૧૪ના રોજ ભારત સરકારને ગુજરાત સરકારે મોકલી આપી છે. મારે એટલી લાગણી છે કે ૩૯૭ આંગણવાડીની દરખાસ્ત ગુજરાત સરકારે મોકલી આપી હોય તો વહેલી તકે આંગણવાડી શરૂ થાય તો કુપોષિત બાળકોની સંખ્યા અટકે એટલી મારી લાગણી છે.

**પ્રો વસુબેન ન. ત્રિવેદી :** સભ્યશ્રીની વાત સાચી છે. આંગણવાડી આપણને મળી ગયા પછીથી એની જગ્યા મળે એ માટે આપણે કામ શરૂ કરી દીધું છે.

**શ્રી ધીરુભાઇ ચુ. ભીલ :** મારા પ્રશ્નનો જવાબ નથી આવ્યો.

**અધ્યક્ષશ્રી :** માગણીમાં ચર્ચા કરી લેજો.

**વડોદરા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૪૬ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. | (૧) વડોદરા જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં **૨૭૭૨૩** લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ઉકત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને | (૨) આ યોજના હેઠળ ઉકત સમયગાળામાં **૫૯૪** લોકોને તાલીમ આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) વડોદરા જિલ્લામાં કિશોરીઓની તાલીમ આઇ.ટી.આઇ. મારફત કરવામાં આવેલ હોવાથી આ વિભાગ હેઠળ આ યોજના હેઠળ તાલીમ પાછળ ખર્ચ થયેલ નથી. |

**શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા બે કે ત્રણ પ્રશ્નો હતા એનો સંતોષકારક જવાબ આપ્યો છે એ બદલ અભિનંદન પાઠવું છું. પણ આપના મારફત (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આપ અભિનંદન આપવાના બદલે પ્રશ્ન પૂછો.

**શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ :** મારા જિલ્લાના પ્રશ્નના સારા જવાબ આપ્યા છે એટલે અભિનંદન આપવા જ જોઇએ ને? ન આપ્યા હોત તો કાંઇ બોલવાની જરૂર ન હતી.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાવ પ્લીઝ.

શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ : વર્ષ ૨૦૧૩–૧૪ ની સ્થિતિએ વડોદરા જિલ્લાની કિશોરી શકિત યોજનાને પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવશે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કુલ મળીને ૧૦ ઘટકોમાં ૨૯૯૦૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે, એનાથી વધુ લાભાર્થીઓ મળે એના માટે મારો વિભાગ અને અમે પ્રતિબદ્ધ છીએ. આજની કિશોરી એ ભવિષ્યની મા બનાવાની છે. સમર્થ મા સમર્થ ભારતનું નિર્માણ કરી શકે એ હેતુથી કિશોરી શકિત યોજનાની અમલવારી આ રાજ્યમાં થતી હતી. ભારત સરકાર દ્વારા સબલા યોજના ૯ જિલ્લાની અંદર શરૂ કરવામાં આવી હતી. સબલા ભારત સરકારની યોજના હતી એનું ફંડ વધારે હતું. પરંતુ ફંડ જાહેર કરીને ના વાપરી શકીએ એ પરિસ્થિતિ આપણે ત્યાં હતી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ કિશોરી યોજનાનું પણ ફંડ વધારીને સબલા જેટલું કરીને આખા રાજ્યમાં આ યોજના પ્રમાણે કામ થાય એની કાર્યવાહી અમે શરૂ કરી દીધી છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી જોડે જાણવું છે કે પૂરક પોષણ માટે દૈનિક ખર્ચ મર્યાદા અને કેલેરી પ્રોટીનની માત્રા કેટલી નક્કી કરવામાં આવી છે? આ યોજનામાં

આઇ.ટી.આઇ.ને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી છે? કિશોરીને કયા પ્રકારની તાલીમ આપવામાં આવે છે? બીજો મહત્વનો પ્રશ્ન મારો એ છે કે, કુપોષિત બાળકોને આ સરકાર •(xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરું છું. બીજા કોઇ પ્રશ્નનો જવાબ આપવાની જરૂર નથી.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જો વાંચીને પૂછે તો હું જવાબ આપું. પોષણના પ્રશ્નને કાંઇ લાગે વળગતું નથી એમણે પૂછ્યું કે આ યોજનામાં પોષણ સિવાય (અંતરાય) શું કરવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : કિશોરી શક્તિ યોજનાનો પ્રશ્ન છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : હા, સાહેબ. કિશોરી શક્તિ યોજનામાં પૂરક પોષણ સિવાય શું કરવામાં આવે છે તો પૂરક પોષણ સિવાય શાળાએ જે બહેનો નથી જતી તેવી ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓને દર બુધવારે આંગણવાડી કેન્દ્રમાંથી આર્યન ફોલિક એસિડની ટેબ્લેટ આપવામાં આવે છે. ૧૧ થી ૧૮ વર્ષની નોંધાયેલી તમામ કિશોરીઓને બી.પી.એલ. નહિ સાહેબ, સમાજની તમામ કિશોરીઓને આરોગ્ય પોષણ વિષે વ્યવસ્થા કરવાની, સંકલિત બાળ વિકાસ યોજના તેમજ આરોગ્યના અધિકારી/કર્મચારી મારફત સંયુક્ત જવાબદારીથી આ કામ અમે કરી રહ્યાં છીએ. પોષણનું સ્તર ઊંચું લાવી શકાય એટલા માટે માનસિક વિકાસની આવશ્યકતા હોય છે. એની નિર્ણય શક્તિમાં વધારો કરવો, ઔપચારિક શિક્ષણ દ્વારા ગૃહ સંભાળ, બાળ સંભાળ, આરોગ્ય, સ્વચ્છતા આ બાબતે જાગૃતિ લાવવાનું કામ કિશોરી શક્તિ યોજના દરમ્યાન તાલીમ આપીને કરાવવામાં આવે છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કિશોરી શક્તિ યોજનાના મુખ્ય ઉદ્દેશો કયા કયા છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એમ આજની કિશોરી એ ભવિષ્યની મા બનવાની હોઇ તેની ચિંતા આજથી જ કરવી જોઇએ. માનનીય વડાપ્રધાનશ્રીએ પણ કહ્યું છે કે સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત. સ્વસ્થ ભારત માટે એનું આરોગ્ય હોવું જરૂરી છે અને એટલા માટે કિશોરી શક્તિ યોજનાના ઉદ્દેશો આ કિશોરીને પોષણ, આરોગ્યનો દરજ્જો પ્રાપ્ત થાય તે તો ખરું જ પણ પોષણયુક્ત કઇ રીતે બનાવવું એમાં સફાઇનું જ્ઞાન કઇ રીતે જાળવવું એ જ્ઞાન આપવામાં આવે છે. એ એનો હેતુ છે. આર્થિક ઉપાર્જન માટે એની કુશળતા કઇ રીતે વધે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બહેનોને કૌશલ્ય વર્ધન કેન્દ્ર ઉમીદ યોજનાના કેન્દ્રો સાથે જોડીને એને તાલીમ આપવાનું કામ સરકારે કર્યું છે. પોષણ આરોગ્યના શિક્ષણમાં પણ એને જાગૃતિ આપીએ છીએ કે દરેક કિશોરીને એના પોષણની ડેઇલી રિક્વાયરમેન્ટ કેટલી છે એનું પણ જ્ઞાન આપીએ છીએ અને એ પોષણ શેમાંથી મળે? કાર્બોહાઇડ્રેટ, વિટામીન, મિનરલ્સ શેમાંથી મળે એનું જ્ઞાન પણ આ કિશોરીઓને આપવામાં આવે છે.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, નોન ન્યટ્રીશન કમ્પોનન્ટ માટેની નાણાકીય જોગવાઇ શું છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કિશોરી યોજના માટે બે પ્રકારની ગ્રાન્ટની જોગવાઇ હોય છે. એક તો પોષણયુક્ત આહાર માટેની એણે શું કરવાનું છે, બીજું એને તાલીમ આપવાની. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે નોન ન્યટ્રીશન કમ્પોનન્ટ માટે વર્ષ દીઠ ૧.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને કુલ વાર્ષિક જોગવાઇ ૨૦૨ ઘટકો માટે ૨,૨૨,૨૦,૦૦૦/- ની કરવામાં આવે છે.

**આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૦૧ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળે છે.

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮,૯૨૦ |
| આંકલાવ | ૮,૦૧૬ |
| બોરસદ | ૧૬,૮૭૨ |
| ખંભાત | ૧૦,૨૯૯ |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યાં.

| | |
|---|---|
| પેટલાદ | ૯,૭૬૫ |
| સોજીત્રા | ૩,૫૯૭ |
| તારાપુર | ૪,૩૮૩ |
| ઉમરેઠ | ૬,૦૦૭ |
| કુલઃ | ૬૭,૮૫૯ |

(૨) તાલુકાવાર નોંધાયેલ બી.પી.એલ કુટુંબો પૈકી ૫૦% જેટલા કુટુંબોને આ યોજનાનો લાભ મળતો નથી, તે હકીકત સાચી છે,

(૨) ના, જી

(૩) જો હા, તો તેના કારણો શા છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તમામ બી.પી.એલ. કુટુંબોને લાભ આપવા શું આયોજન છે, અને

(૪) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોએ સ્માર્ટ કાર્ડ, નોંધણી કરાવીને મેળવવાના રહે છે. નોંધણીની કામગીરી દરમ્યાન જે બી.પી.એલ. કુટુંબો નોંધણી કરાવે તે તમામ બી.પી.એલ. કુટુંબોને સ્માર્ટકાર્ડ આપવામાં આવશે.

(૫) કેટલા સમયમાં યોજનાનો લાભ મળશે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી રોહિતભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જણાવાની ઇચ્છા ધરાવું છું કે, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના શું છે ? આ યોજના હેઠળ જે શું લાભ મળવા પાત્ર છે અને તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળે છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે ગરીબોના સર્વાંગી હેલ્થની દ્રષ્ટિથી જે વિચાર કર્યો એમાં એક આ પૂરક કહી શકાય એવું રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના, જે ભારત સરકારના શ્રમ મંત્રાલય એના ૭૫ ટકા નાણા અને ૨૫ ટકા નાણા આમા રાજ્ય સરકાર ભોગવે છે. આ યોજના અંતર્ગત બી.પી.એલ.ના લાભાર્થી હોય અને ખાસ કરીને અનઓર્ગેનાઇઝ તેવા સેકટરના જે ખાસ કરીને કુલી હોય રેલવે સ્ટેશનન ઉપર, નરેગાના લાભાર્થીઓ હોય, બાંધકામના ક્ષેત્રમાં કામ કરતા ગરીબ લોકો હોય એવા પરિવારોને તાત્કાલિક સારવારની જ્યાં જરૂર પડે, તો સરકારી પીએચસી, સીએચસી, સરકારી હોસ્પિટલ તો ખરી જ, પણ તે સિવાય ખાનગી હોસ્પિટલોમાં પણ નક્કી કરેલી જે યાદી છે તાલુકાકક્ષાએ પણ એની અંદર જો એ સારવાર લે તો એને કેશ લેસ ૩૦,૦૦૦ રૂપિયા સુધીની એક વ્યક્તિ, પરિવારનો વડો તે સિવાયના પાંચ લોકો અને તાજુ જન્મેલું કોઇ બાળક હોય તો પાંચ સિવાય, પાંચ વત્તા એક એમ કરીને છ લોકોને ૩૦,૦૦૦ રૂપિયા સુધીની આમાં કેશ લેસ સારવાર આપવાની જે યોજના છે એને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના કહેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દવાખાને જો આવે ત્યારે એને આવવા-જવામાં સો રૂપિયા એના અંતર્ગત આપણે ભાડામાં પણ એને આપીએ છીએ. બીજું આણંદ જિલ્લાની એમણે વાત કરી, કેટલા લાભાર્થીઓને, ટોટલી તો ૬૭,૮૫૯ લોકોએ આણંદ જિલ્લામાં આ યોજના અંતર્ગત લાભ લીધો છે.

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એ પૂછવું છે કે, કુલ ૬૭,૮૫૯ આણંદ જિલ્લામાં આર.એસ.બી.વાય. કાર્ડ ધરાવે છે. મારે મંત્રીશ્રીને ખાસ કે જે એનો રિન્યુઅલ ટાઇમ જે હોય છે એમાં તાલુકાવાર અમુક વખત નથી હોતા અને આપણે પીએચસીમાં અથવા તો સીએચસીમાં કોમ્પ્યુટર ઓપરેટર આપણો જો મૂકવામાં આવે સમયસર, જે પ્રાયવેટ એજન્સીને તમે આપો છો, એને દરેક તાલુકવાર મૂકી અને જો એને સમયસર રિન્યુઅલ થાય તો આનો લાભ તમામ સામાન્ય કુટુંબના લોકોને મળે એવું કરવા માગો છો કે કેમ ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરી એમાં એક ચિંતા અમને પણ દેખાઇ કે, જે લાભાર્થીને જેટલા પ્રમાણમાં કાર્ડ આપવા પણ ન આપી શકવાનું એક કારણ એ આવ્યું કે, ભારત સરકારે જે ગાઇડ લાઇન આપી હતી એમાં માત્ર બે મહિના માટે જ આનું અભિયાન ચલાવીને તમે બધાને કાર્ડ આપી દો. અને એ પછી વર્ષ દરમિયાન જે પ્રમાણે મા યોજના અને મા વાત્સલ્ય યોજનામાં આખું વર્ષ જે આપીએ છીએ, એ પ્રમાણે જો કાર્ડ આપવામાં આવે તો ગમે ત્યારે દર્દીને દવાખાને જવું હોય અને પોતાની પાસે કાર્ડ ન હોય તો પણ ત્યાંથી કાર્ડ કાઢાવીને તાલુકા કક્ષાએથી અથવા હોસ્પિટલમાંથી એ કાર્ડ મેળવી શકે છે.

પરંતુ આની અંદર એવી જોગવાઇ નહતી ત્યારે અમે રાજ્ય સરકાર દ્વારા પણ ભારત સરકારમાં આની રજૂઆત કરી, હવે એવું લાગી રહ્યું છે કે, આ દિશામાં જે ગુજરાતનું પેર્ટન આપણે મા અને મા વાતસલ્ય યોજના અંતર્ગત જે છે એ પ્રમાણે આવાનારા સમયમાં વિચારમાં આવી રહ્યું છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું જાણવા માગુ છું કે, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના બી.પી.એલ. કુટુંબના લાભાર્થીઓ જે આણંદ જિલ્લામાં લાભ લીધો છે, તો આણંદ જિલ્લામાં કેટલી ખાનગી અને કેટલી સરકારી હોસ્પિટલો નોંધાયેલી છે અને એમાં હોસ્પિટલોમાં તા.૩૧-૧૨-૧૫ સુધીમાં કેટલી રકમ ચૂકવાયેલી છે ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ થોડો વિસ્તૃત છે. આણંદ જિલ્લાની અંદર ૨૨ જેટલી સરકારી અને ૩૬ જેટલી ખાનગી હોસ્પિટલો એની અંદર નોંધાયેલી છે એટલે કુલ મળીને ૫૮ હોસ્પિટલો છે. અત્યાર સુધીમાં જે દાવાઓ આવ્યા છે દર્દીઓના ૧૨૨૦૧ અને ૫કરોડ ૯૧ લાખ જેટલી સહાય આણંદ જિલ્લામાં ચૂકવવામાં આવી છે. મારે એ બાબત ગૃહના ધ્યાન ઉપર મૂકવી છે કે આ એક રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના ગરીબ, બી.પી.એલ.ના અસંગઠીત લોકો માટે છે એને ૩૦ હજાર સુધીની સહાય મળે છે પરંતુ એ સિવાય કોઇ ગંભીર બીમારી હોય કીડની, કેન્સર, હાર્ટનો પ્રોબ્લેમ હોય અને મોટો ખર્ચ થતો હોય તો મા વાત્સલ્ય યોજના અને મા યોજના, મા યોજનામાં બે લાખ સુધીનો ખર્ચ બી.પી.એલ.ના લાભાર્થીઓને અને માતૃ હ્યદય મુખ્યમંત્રીશ્રીએ હમણા મા વાત્સલ્ય યોજના મૂકીને જે બી.પી.એલ.માં ના હોય પરંતુ ૧૨૦,૦૦૦/- કરતા ઓછી આવક હોય તો તેવા દર્દી પણ સારવારના અભાવે મૃત્યુ ના પામે તે માટે બે લાખ સુધીની સહાયની તેની અંદર પણ જોગવાઇ કરી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના યુ.પી.એ. ગવર્મેન્ટ વખતે શરૂ કરવામાં આવી હતી. અમે છેલ્લા ચાર વર્ષથી લડીએ છીએ કે જે ઓરીએન્ટલ ઇન્સ્યુરન્સ કંપનીને ત્યાંનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે તેનું પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર અને માણસોને નહીં મૂકવાને કારણે જે બી.પી.એલ. યાદી છે એમાંથી ૫૦ ટકા કરતા ઓછા લોકોને આ કાર્ડ મળે છે. રાજુભાઇએ કીધુ એમ તમારે પી.એચ.સી. અને સી.એચ.સી.માં આનું કાર્ડ મળી રહે એ માટેની મા અમૃતમ યોજના અને બંને યોજનાને કલબ કરીને ત્યાં જ કાર્ડ મળે એવું કંઇ કરવા માંગો છો કે કેમ? અને આ એજન્સીની બેદરકારીને કારણે ૫૦ ટકા કરતા વધારે કુટુંબોને આજે પણ કાર્ડ નથી. અમારા જિલ્લામાં ઓગષ્ટ-૨૦૧૪ આનું ડયુ થઇ ગયું છે. આજે ઉપર છ મહિના થયા તેમ છતાં પણ રીએનરોલમેન્ટ કરવામાં આવ્યું નથી તો આ એજન્સીની બેદરકારી સામે કોઇ પગલાં લેવા માગો છો કે કેમ? કાયમી ધોરણે તમામ ગરીબ લોકોને લાભ મળે એવું કંઇક કરો અને સાથેસાથે જે ડી.આર.ડી.એ.ની બી.પી.એલ. યાદી છે અને આપણી બી.પી.એલ. યાદી છે એમાં ખૂબ વિસંગતતા છે એટલે આપણે ડી.આર.ડી.એ. ની બી.પી.એલ. યાદી જે ઓન લાઇન છે એને જ બેઇઝ આમાં ગણવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ.ની લાભાર્થી યાદી બન્ને છે એ અલગ અલગ છે. એક રેશનકાર્ડથી આપવાની અને એક ડી.આર.ડી.એ. ઓન લાઇન માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ પ્રમાણે. એક પ્રશ્ન એમણે જે મહત્વનો કહ્યો એ મને લાગે છે કે વીમા કંપનીને પ્રિમિયમ ભારત સરકાર આપે અને એ વીમા કંપનીની અંદર એની પેનલ બનેલી હોય પાંચ કંપનીઓની. એમાંથી એક કંપની એના દાવા ચુકવે. આ પ્રમાણેની આ યોજનાની અંદર જોગવાઇ છે. કેટલીક જગ્યાએ આ વીમા કંપનીના કારણે પ્રશ્ન રહેતો પરંતુ ગુજરાત પેટન્ટમાં જે પ્રમાણે ઇન્સ્યુરન્સ કંપની નહીં, ડાયરેકટ રાજય સરકાર જ પોતાનું એક ઇન્સ્ટીટયુટ બનાવીને એના દાવા ચૂકવે. એટલે વચ્ચે આવું આવે જ નહીં કાંઇ એટલે આપણે જે પ્રમાણે દિશા પકડી છે એ પ્રમાણે ભારત સરકાર પણ આ નવી દિશામાં વિચારવા જઇ રહી છે. એટલે આનો કાયમી ઉકેલ માનનીય સભ્યશ્રીને આવશે અને જે લાભાર્થીઓને આનો લાભ મળે છે એને મા વાત્સલ્ય અને મા યોજનાની અંતર્ગત જ એવી સિસ્ટમ બનાવીને લાભ આપવાનું રાજય સરકાર વિચારી રહી છે.

**ખંભાળીયા સરકારી હોસ્પિટલનું મંજૂર મહેકમ**

* ૧૭૭૩૦ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડામથક ખંભાળીયા ખાતે સરકારી હોસ્પિટલનું મંજુર સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળીયા ખાતે સરકારી હોસ્પિટલનું મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૨૪ |
| વર્ગ-૨ | ૧૨ |
| વર્ગ-૩ | ૧૨૯ |
| વર્ગ-૪ | ૫૫ |
| કુલ | ૨૨૦ |

વિગતવાર *પત્રક-૧ સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે અને કેટલી જગ્યા ભરેલી છે,

(૨)

| સંવર્ગ | ભરેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| વર્ગ-૧ | ૭ | ૧૭ |
| વર્ગ-૨ | ૭ | ૫ |
| વર્ગ-૩ | ૬૪ | ૬૫ |
| વર્ગ-૪ | ૫૫ | ૦ |
| કુલ | ૧૩૩ | ૮૭ |

વિગતવાર *પત્રક-૧ સામેલ છે.

(૩) ખાલી રહેલ જગ્યા ભરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) વર્ગ-૧, ૨ ના ડૉકટરોની જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.
વર્ગ-૩ માં જુદા જુદા કેડરોમાં સીધી ભરતી/બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે. વર્ગ-૪માં આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

(૪) ઉક્ત સ્થિતિએ લાંબા સમયથી ખાલી જગ્યાઓના શાં કારણો છે ?

(૪) વર્ગ-૧, ૨ ના ડૉકટરોની જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થવાથી.
વર્ગ-૩ માં જુદાજુદા કેડરોમાં સીધી ભરતી/બઢતીથી જગ્યાઓ ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.
વર્ગ-૪ માં આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દેવભૂમિ દ્વારકાનું વડુ મથક જામખંભાળીયા જે રેફરલ હોસ્પિટલ તરીકે દેવભૂમિનું મોટામાં મોટું મથક છે. સરકારી હોસ્પિટલ છે એમાં આજે વર્ગ-૧માં કુલ ૨૪ ડોકટરો આપેલા છે. એમાં ૧૭ જણા ગેરહાજર છે એની ભરતી પણ નથી થઇ તો નિષ્ણાત ડોકટરોની સેવા દર્દીઓને કેવી રીતે પૂરી પાડી શકે? અને વર્ગ-૧ના કુલ ૨૪માંથી ૧૭ નથી અને વર્ગ-૨ની કુલ ૧૨ જગ્યા છે એમાં કુલ ત્રણ ડોકટર છે તો પબ્લીકને કેટલી બધી તકલીફ છે. ત્યાંથી જામનગર ૬૦કિલોમીટર થાય. નાના માણસો કેવી રીતે સહન કરી શકે? તો વહેલામાં વહેલી ડોકટરોની ભરતી કરે અને કરવા માગે છે કે નહીં એ મને જણાવજો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મહત્વનો પ્રશ્ન માનનીય ધારાસભ્યશ્રીએ પુછયો છે પરંતુ કેટલીક બાબત એમણે સુધારવી પડે કે આ રેફરલ હોસ્પિટલ નથી આ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ એમાંથી હવે એને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ તરીકે આપણે કન્વર્ટ કરવા માટે રાજ્ય સરકાર જઇ રહી છે. દેવભૂમિ આખો અલગ ડિસ્ટ્રિકટ બનાવ્યો છે. અને રાજ્ય સરકારે એમાં એ પ્રમાણેની સુવિધા ઉભી થાય તે માટે આગોતરું આયોજન કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા ૩૦ કરોડના ખર્ચે નવી અદ્યતન હોસ્પિટલનું પણ કામ આપણે કાર્યરત કરવા માટે જઇ રહ્યા છીએ. એક વાત માનનીય સભ્યશ્રીએ કરી ડોક્ટરોની તો કેટલાક ડોક્ટરોની ઘટ છે. એ બાબતને પૂરી કરવા માટે પૂરા પ્રયત્નો કરી રહ્યા છીએ. પરંતુ આજની તારીખમાં પણ કુલ ટાઇમ સર્જન, ઓર્થોપેડિક સર્જન, ઓપ્થેલોમોલોજી સર્જન એટલે આંખ માટે, બાળરોગ નિષ્ણાત, ગાયનેકોલોજીસ્ટ સ્ત્રી રોગ નિષ્ણાત, પેથોલોજીસ્ટ, માઇક્રો બાયોલોજીસ્ટ, ડેન્ટલ સર્જન અને બાળકોના રોગો માટે સી.એમ. સેતુ અંતર્ગત

આમ કરીને ૯ જેટલા સ્પેશ્યલ નિષ્ણાતોની વાત કરું છું, એની સેવાઓ આજે પણ આપણને મળી રહી છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામખંભાળિયા સરકારી હોસ્પિટલ ખાતે તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આજુબાજુના વિસ્તારમાંથી ખૂબ લોકો ત્યાં આવતા હોય છે. પુરતા પ્રમાણમાં દવાઓ, બાકીના બધાં સાધનો અને ડોક્ટરો પણ ઉપલબ્ધિ છે. છેલ્લાં ગત વર્ષમાં ૪૫ જેટલી નર્સીંગ બહેનોની પણ નિમણૂક કરી છે, એના કારણે ઓ.પી.ડી. ગઇ વખતની અંદર ૧,૧૫,૭૨૫ જેટલા દર્દીઓએ ત્યાં આગળ સારવાર લીધી અને ઇન્ડોરની અંદર ૨૯,૯૪૦ જેટલા લોકોએ લીધી. પ્રસૂતિ ૧૨૩૩, માઇનોર ઓપરેશન ૪૯૦, મેજર ઓપરેશન ૧૦૩૯, લેબ ટેસ્ટ ૭૫,૧૩૪, એક્સ-રે ૬,૨૨૫ જેટલા લોકોએ આનો ગત વર્ષમાં લાભ લીધો છે. આ વર્ષનો આંકડો અડધા વર્ષનો એના કરતા પણ વધારે છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કહે છે એના શબ્દો ઉપરથી લાગે છે કે ખૂબ વર્કલોડ વાળી હોસ્પિટલ છે અને ખૂબ જરૂરિયાત છે. હું જાણવા માગું છું કે વાસ્તવિકતા એ છે કે આપણે શબ્દો ગમે તે વાપરીએ. ભરેલી વર્ગ-૧ ની માત્ર ૭ જગ્યાઓ અને ખાલી જગ્યાઓ કલાસ-૧ ની ૧૭ અને વર્ગ-૩ માં ભરેલી માત્ર ૬૪, ખાલી જગ્યાઓ ૬૫, પેરા મેડિકલ અને બીજો સ્ટાફ વર્ગ-૩ માં આવતો હોય છે. ત્યાં કોઇ અછત નથી અને પુષ્કળ બેરોજગાર લોકો જરૂરિયાતમંદ બેઠા છે. વર્ગ-૩ ની શા માટે ખાલી રહે. ૬૫ ખાલી છે. વર્ગ-૧ માં માત્ર ૭ ભરેલી અને ૧૭ ખાલી છે. એનો અર્થ એ કે આપે કહ્યું તે પ્રમાણે ખૂબ લોકોનો ધસારો છે. ખૂબ જરૂરિયાતવાળી હોસ્પિટલ છે. તો કોઇ ટાઇમબાઉન્ડ મર્યાદામાં આ જગ્યાઓ ભરાય તે માટે પ્રયત્ન કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ડોક્ટરની વાત કરવામાં આવી તો ડોકટર માટે સતત પ્રયત્ન કરી રહ્યા છીએ. ડોક્ટરના કારણે ત્યાં સારવાર ન મળે તેવી એક પણ ઘટના થતી નથી. બીજું જે બંનેનો સમાવેશ એમાં ફિગર બોલ્યા. સી.એમ. સેતુ અંતર્ગત જે ડોક્ટરો છે, એનો ફિગર એની અંદર નથી. સી.એમ. સેતુ અંતર્ગત ત્યાં સારવાર અપાઇ રહી છે, ડોક્ટરો છે ત્યાં, બીજું બાકીનો ફિગર કહ્યો તે વર્ગ-૩ અને ૪ ની વાત કરી રહ્યા છો, તો આઉટ સોર્સથી એના સ્ટાફ ભરવામાં આવે છે, એના કારણે ફિગર આપ જે બોલ્યા તે નથી. આવનાર સમયમાં ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બને છે, ત્યારે સત્વરે જેટલું બને એટલું ડોક્ટરો અને બાકીની જગ્યા ભરી તે માટે વધુ સારી સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરીશું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું પુછવા માગું છું કે ટોટલ મહેકમ ૨૨૦ નું છે. ૮૭ જગ્યાઓ ખાલી છે. ટોટલ ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. આ જગ્યા કયારથી ખાલી છે. વર્ગ-૩ માં બઢતીથી કેટલી જગ્યા ભરવામાં આવી છે. આઉટ સોર્સથી ભરવા માટે વાર્ષિક કેટલો ખર્ચ થાય છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આમાં બઢતીનો પ્રશ્ન ત્યાં લોકલ કક્ષાએ નથી હોતો. ખાસ કરીને વર્ગ-૩ ની વાત કરી છે. આઉટ સોર્સનો હોસ્પિટલવાઇઝ ખર્ચ મારી પાસે નથી. માગશે તો હું આપીશ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

અતારાંકિત પ્રશ્નો

તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૧૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના ક્યારથી અમલમાં છે. અને | (૧) સુરત જિલ્લામાં કિશોરી શક્તિ યોજના સને ૨૦૦૭-૦૮ થી અમલમાં છે. |
| (૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં કિશોરી શક્તિ યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં કિશોરી શક્તિ યોજના હેઠળ સુરત ગ્રામ્ય વિસ્તારમાં સરેરાશ **૨૨૧૧૯** લાભાર્થીઓ તેમજ સુરત મહાનગર પાલિકામાં સરેરાશ **૨૪૬૫૯** લાભાર્થીઓ આમ એકંદરે **૪૬૭૭૮** લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

**ઠાસરા તાલુકામાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત**

* ૧૫૯૭૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ઠાસરા તાલુકામાં પ્લાન, નોન પ્લાન અને આર.આર. તથા ૭ વર્ષ પૂરા થયા હોય તે રસ્તાઓને રીકાર્પેટ કરવા માટે છેલ્લા એક વર્ષમાં કેટલા જોબ નંબરો આપવામાં આવ્યા ? | ૧૧ જોબ નંબરો આપવામાં આવ્યા. |

**કાંકરેજ તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં જગ્યાઓ ભરવા બાબત**

* ૧૫૭૯૦ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે, | (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – ૯<br>સામુહિક આરોગ્ય કેન્દ્રો – ૨ |
| (૨) તેમાં સંવર્ગવાર મંજૂર જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**રાજકોટ જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૧૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) રાજકોટ જિલ્લામાં કિશોરી શકિત યોજનાની તા.૭–૧૨–૨૦૦૫ થી અમલવારી કરવામાં આવેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં કિશોરી શકિત યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં કિશોરી શકિત યોજના હેઠળ જિલ્લામાં ૩,૫૨,૮૨૫ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

**વાસદથી વટામણ માર્ગની કામગીરી**

* ૧૫૩૪૦ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ વાસદથી બગોદરા–વટામણ માર્ગની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) બી.ઓ.ટી. ધોરણે કન્સેશનર દ્વારા કરવામાં આવતું આ કામ તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૨) કન્સેશનરને વધારી આપેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરાવવા સરકાર પ્રયત્નશીલ છે. |

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદિક કોલેજો**

* ૧૬૨૮૨ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ માટે ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૧ |
| (૩) કઇ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે ? | (૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે કુલ–૨૧ બેઠકો મંજુર થયેલ છે. |

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં હડકવાની રસીનો જથ્થો ફાળવવા બાબત**

* ૧૬૧૬૪ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હડકવાની રસીનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો હતો,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હડકવાની રસીનો જથ્થો ફાળવવામાં આવ્યો તે નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તા.૧–૪–૨૦૧૩ થી તા.૩૧–૩–૨૦૧૪** | **તા.૧–૪–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫** |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૧૭૧૦ | ૧૫૬૯૦ |
| ૨ | વાંકાનેર | ૨૯૨૦ | ૨૫૨૦ |
| ૩ | ટંકારા | ૭૭૦ | ૭૯૦ |
| ૪ | મોરબી | ૩૪૬૦ | ૫૦૭૦ |
| ૫ | માળીયા | ૮૨૦ | ૭૪૦ |
| ૬ | પડધરી | ૧૭૨૦ | ૧૩૮૦ |
| ૭ | લોધીકા | ૧૧૪૦ | ૮૨૦ |
| ૮ | ગોંડલ | ૨૨૨૦ | ૪૪૯૦ |
| ૯ | જેતપુર | ૩૦૯૪ | ૫૮૮૦ |
| ૧૦ | કોટડા | ૫૧૦ | ૬૮૦ |
| ૧૧ | ધોરાજી | ૧૪૭૦ | ૨૫૦૦ |
| ૧૨ | જામ કંદોરના | ૯૫૦ | ૫૬૦ |
| ૧૩ | ઉપલેટા | ૧૨૯૦ | ૧૩૮૦ |
| ૧૪ | જસદણ | ૫૧૭૦ | ૪૨૬૦ |

(૨) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરકારી હોસ્પિટલ, સી.એચ.સી. કે પી.એચ.સી.માં હડકવાની રસીનો કેટલો જથ્થો ઉપલબ્ધ છે,

(૨) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર હડકવાની રસીનો જથ્થો નીચે મુજબ ઉપલબ્ધ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **બચત તા.૩૧–૧–૨૦૧૫** |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૩૦૪૫ |
| ૨ | વાંકાનેર | ૩૩૧ |
| ૩ | ટંકારા | ૧૩૭ |
| ૪ | મોરબી | ૧૯૦૬ |
| ૫ | માલીયા | ૧૫૯ |
| ૬ | પડધરી | ૧૪૨ |
| ૭ | લોધીકા | ૧૫૨ |
| ૮ | ગોંડલ | ૫૫૨ |
| ૯ | જેતપુર | ૯૪૪ |
| ૧૦ | કોટડા | ૭૧ |
| ૧૧ | ધોરાજી | ૧૯૯ |
| ૧૨ | જામ કંદોરના | ૧૬૬ |
| ૧૩ | ઉપલેટા | ૩૪૯ |
| ૧૪ | જસદણ | ૪૮૦ |

તમામ પી.એચ.સી. અને સી.એચ.સી. કક્ષાએ હડકવા રસીના જથ્થા અંગેનું *પત્રક સામેલ છે.

(૩) ઉકત સ્થિતિએ હડકવાની રસીનો જથ્થો ઉપલબ્ધ નથી તેવી કોઇ ફરિયાદ સરકારને મળી છે, અને

(૩) નાજી

(૪) જો હા, તો ક્યારે કોના તરફથી મળી છે ?

(૪) લાગુ પડતુ નથી.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે અપાતી તબીબી સેવાઓ**

* ૧૬૨૭૨ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને

(૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

**જવાબ**

(૧) ૬,૫૫,૧૫૪ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી.

(૨) આ પૈકી ૬,૧૦,૧૦૧ ને આઉટડોર દર્દીઓ તરીકે અને ૪૫,૦૫૩ ને ઈન્ડોર દર્દીઓ તરીકે તેમજ ઈન્ડોર પૈકી ૩૧,૩૪૧ ને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી.

### વાંકાનેર તાલુકા મથકે અતિથિગૃહ ન હોવા બાબત

* ૧૫૩૪૩ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિમાં મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં તાલુકા મથકે પંચાયત કે સરકારનું અતિથિગૃહ નથી એ સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકાર આ સુવિધા ક્યાં સુધીમાં આપવા માંગે છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨) કામની જરૂરિયાત, નાણાંકીય ઉપલબ્ધતા, કામનો આંતરિક અગ્રતાક્રમ ધ્યાને લઇ ભવિષ્યમાં વિચારવામાં આવશે.

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુ, એઇડ્સ, સ્વાઇન ફ્લુ અને કેન્સરના નોંધાયેલ કેસો

* ૧૭૭૩૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં ડેન્ગ્યુ, એઇડ્સ, સ્વાઇન ફ્લુ અને કેન્સરના કેટલા કેસો નોંધાયા, અને

(૨) ઉકત ગંભીર રોગોનો ભોગ નાગરીકોને ન બનવું પડે અને રોગો ઘટે કે નાબુદ થાય તે માટે રાજ્ય સરકારે ક્યા રોગને કાબુમાં કરવા શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં નોંધાયેલ ડેન્ગ્યુ, એઇડ્સ, સ્વાઇન ફ્લુ અને કેન્સરના કેસોની વિગત નીચે મુજબ છે.

| રોગ | વર્ષ ૨૦૧૩ | | વર્ષ ૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | શહેર | જિલ્લો | શહેર | જિલ્લો |
| ડેન્ગ્યુ | ૭૨૦ | ૧૨૩ | ૬૩૮ | ૪૭ |
| એઇડ્સ | ૧૭૧૬ | ૩૬૨ | ૧૫૧૬ | ૪૧૭ |
| સ્વાઇન ફ્લુ | ૧૭૨ | ૧૩ | ૦૯ | ૦૨ |

(૨) **ડેન્ગ્યુ નિયંત્રણઃ**

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રિય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ, ડેન્ગ્યુના નિદાન માટે લેબોરેટરી પરીક્ષણ અને યોગ્ય સારવાર.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી

**એઇડ્સ નિયંત્રણઃ**

- ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (GCERT) નાં માધ્યમથી ''હેલ્થ એજ્યુકેશન એન્ડ લાઇફસ્કીલ પ્રોગ્રામ''(HELP) અમલમાં મુકવામાં આવેલ છે.
- HIV/AIDS નું જોખમ વધારે છે. તેવા જુથો સાથે લક્ષીત દરમ્યાનગીરી (Targeted Intervention) પ્રોજેકટ હેઠળ નિઃશુલ્ક કોન્ડોમ અને લ્યુબ્રીકેટ્સનું વિતરણ જાતીય રોગ તથા HIV ની તપાસ માર્ગદર્શન વગેરે આપવામાં આવે છે તથા વ્યક્તિગત માર્ગદર્શન, જુથ ચર્ચા નાટક, વિડિયો

શો, વગેરે દ્વારા જન–જાગૃતી લાવવામાં આવે છે.

- વાત્સાયન કેન્દ્રો (ICTC સેન્ટરો) ખાતે HIV નું પરીક્ષણ કરવામાં આવે છે. તથા જો રીપોર્ટ પોઝીટીવ આવે તો દર્દીને ART (Anti-retroviral therapy) સેન્ટર ખાતે ટ્રાન્સફર કરવામાં આવે છે. તથા જરૂર મુજબ દવા શરૂ કરવામાં આવે છે.

**સ્વાઈન ફ્લુ નિયંત્રણઃ**

- રાજ્યની દરેક સિવિલ હોસ્પિટલોમાં ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઇન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં પાંચ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામુલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઇટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ મેન્યુઅલને વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
- આઇ.એમ.એ.ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતા ઇન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરવામાં આવે છે.
- તથા રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડૉકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઇન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઇ.ઇ.સી., ટ્રીટમેન્ટ ગાઇડ લાઇન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરવામાં છે.
- માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઇન ફ્લુની પ્રવર્તમાન

પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યું.

**કેન્સર નિયંત્રણઃ**

- કેન્સર જનજાગૃતિ કાર્યક્મ અન્વયે વાસણા ખાતે કોમ્યુનિટી ઓંકોલોજી સેન્ટર સ્થાપવામાં આવેલ છે. જેમાં કેન્સરનાં પુર્વ નિવારણ ભય સુચક લક્ષણો વહેલા નિદાન અને સારવાર વિષયક એક સ્થાયી પ્રદર્શનની વ્યવસ્થા કરેલ છે. તેનો લાભ સ્કુલ, કોલેજ, વ્યવસાયિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓની માંગણીઓને ધ્યાનમાં રાખીને તેમના સંકુલમાં પણ કેન્સર અને તમાકુ વિરોધી જનજાગૃતિ કાર્યક્રમો પ્રદર્શન તથા ઓડિયો વિડિયો દ્વારા – પ્રવચન નું આયોજન કરવામાં આવે છે.
- સામાન્ય પણે જોવા મળતા મો સ્તન અને ગર્ભાશયના કેન્સરના વહેલા નિદાન માટે સંસ્થા દ્વારા સમગ્ર  રાજ્યમાં નિયમિત કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં સંજીવની રથનો ઉપયોગ કરવામાં આવે છે. સંજીવની રથમાં મોબાઇલ મેમોગ્રાફી (સ્તન એક્ષરે) મશીન આવેલ, તથા જુદી જુદી કેન્સરની તપાસ માટે સગવડ છે. જેથી શહેર સિવાય છેવાડાના ગામમાં પણ આ કેમ્પ થાય છે. ગત વર્ષ કુલ ૨૩૨ કેમ્પ થયેલ છે. અને જેમાં ૯૨૭૨ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે.
- સંસ્થાએ લોક જાણકારી અને જાગૃતિ અર્થે ૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ દિન ૭ નવેમ્બર રાષ્ટ્રીય કેન્સર જનજાગૃતિ દિવસ અને ૪ ફેબ્રુઆરી વિશ્વ કેન્સર દિવસની ઉજવણી દરમ્યાન જુદા–જુદા કાર્યક્રમો કરેલ છે.
- કેન્સરના દર્દીઓ તથા તેમના સગા–સંબંધીને કેન્સર અંગેની માહિતી મળી રહે તે માટે ઇન્સ્ટીટ્યુટમાં જ
- ‘‘કેન્સર માહિતી કેન્દ્ર’’ શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં કેન્સરને લગતુ સાહીત્ય, પોસ્ટરોનું પ્રદર્શન કરવામાં આવે છે. તથા ટેલીવીઝન દ્વારા સતત કેન્સરને લગતા વિડિયો બતાવવામાં આવે છે.
- ઇન્સ્ટીટ્યુટ દ્વારા વિવિધ જગ્યાઓ એ કેન્સર જાગૃતિ કેમ્પ કરવામાં આવે છે. જેમાં પોસ્ટર પ્રદર્શન તથા તમાકુ મુક્તિ કાઉન્સીલર દ્વારા કાઉન્સીલીંગ કરવામાં આવે છે.

**જુનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૬૨૪૦ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન આપેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |
| ૨ | માણાવદર | ૧૩૬ |

| | | |
|---|---|---|
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૩૬ |
| ૫ | ભેંસાણ | ૭૯ |
| ૬ | જુનાગઢ | ૩૧૪ |
| ૭ | માળીયા | ૧૬૩ |
| ૮ | મેંદરડા | ૮૧ |
| ૯ | વિસાવદર | ૧૪૬ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) એકપણ નહી

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્ય સરકારે ખેલાડીઓને પ્રોત્સાહન માટે અમલમાં મૂકેલ યોજના**

* ૧૬૩૦૯ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સરકારે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે કોઈ યોજના અમલમાં મૂકી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

(૨) નેશનલ ગેમ્સ, નેશનલ ચેમ્પીયનશીપ તથા બહુરાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓલમ્પિક ગેમ્સ, એશીયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ તથા ચેમ્પીયનશીપ જેવી સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓ તેમજ ટીમ મેડલ વિજેતા બને તો તેઓની સિધ્ધિને અનુરૂપ રૂ. દસ લાખથી માંડીને પાંચ કરોડ સુધી પુરસ્કૃત કરી બિરદાવવા ખેલ પ્રતિભા પુરસ્કાર યોજના ચાલુ વર્ષે અમલી કરાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને ખરેખર ખર્ચ જ અથવા ૭૫,૦૦૦/- ની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. તદ્‌ઉપરાંત ક્ષમતા ધરાવતાં ખેલાડીઓને શકિતદૂત યોજના હેઠળ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જરૂરીયાત અનુસાર સહાય કરવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં રોડના જોબ નંબર આપવા બાબત**

* ૧૭૭૬૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કયા રોડ બનાવવા માટેના જોબ નંબર આપવામાં આવ્યાં,

(૧) ***પરિશિષ્ટ–અ** મુજબ

(૨) તે પૈકી કેટલાં રોડ બનાવવામાં આવ્યા અને કેટલાં બનાવવાનાં બાકી છે, અને

(૩) બાકી રોડ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૨) અને (૩) ૧૬ રસ્તાનાં કામો પૂર્ણ. ૧૮ રસ્તાનાં કામો પ્રગતિ હેઠળ છે. તથા વહીવટી પ્રક્રિયા હેઠળના ૧૦ કામો વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કચ્છ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૧૭ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં અમલી સબલા યોજના શું છે, અને

(૧) ૧૧ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી કિશોરીઓને આરોગ્ય પોષણ, જીવન કૌશલ્ય,

સ્વશકિતકરણ, રોજગારલક્ષી સ્વાસ્થ્ય, સફાઈ, કિશોરી પ્રજનન તંદુરસ્તી, કુટુંબ અને બાળકોની દેખરેખ માહિતી તેમજ કાનુની અધિકારો વિશે જાણકારી આપવી તેમજ કિશોરીઓને પુરક પોષણ આપવું તેવો ઉદ્ધેશ છે.

(૨) વર્ષ ૨૦૧૩–૧૪માં સબલા યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે?

(૨) વર્ષ ૨૦૧૩–૧૪ માં સબલા યોજના હેઠળ જિલ્લામાં ૬૨૩૩૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની માન્યતા ધરાવતી હોસ્પિટલો**

* ૧૬૨૭૬ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની માન્યતા ધરાવતી કેટલી હોસ્પિટલો છે, અને

(૧) ૧૦ હોસ્પિટલ.

(૨) ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મંજુરીઓ અપાઈ?

(૨) ૧૪૨૯.

**દાહોદ જિલ્લામાં પી.આઈ.યુ. યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ**

* ૧૫૬૧૧ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રોજેક્ટ ઇમ્પ્લીમેન્ટે યુનિટ (પી.આઈ.યુ.) યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૧) રૂ. ૨૦૯૪.૫૪ લાખ

(૨) તે અન્વયે કયા કામો હાથ ધરવામાં આવ્યા, અને

(૨) સામેલ *પત્રક મુજબ

(૩) કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા બાકી છે?

(૩) ૮૪ કામ પૂર્ણ થયા, ૧૦૪ કામ બાકી. (બાકી કામ પૈકી ૪૭ પ્રગતિમાં, ૪૬ અંદાજ લેવલે અને ૧૧ ડ્રોપ થયેલ છે.)

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**દાહોદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૬૨૩૮ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન અપાયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૫૨ |
| ૨ | ગરબાડા | ૧૩૪ |
| ૩ | ઝાલોદ | ૩૧૬ |
| ૪ | લીમખેડા | ૨૪૭ |
| ૫ | દે. બારીયા | ૧૫૬ |
| ૬ | ધાનપુર | ૧૨૧ |
| ૭ | ફતેપુર | ૧૨૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) એકપણ નહિ.

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**ગીર સોમનાથ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૬૧૮૮ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં વસ્તીના ધોરણે તાલુકાવાર કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તાલુકાની વસ્તી | તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આંગણવાડીઓની જરૂરીયાત |
|---|---|---|---|
| ૧ | ઉના | ૩૬૬૯૫૧ | ૩૭૫ |
| ૨ | કોડીનાર | ૨૦૨૭૦૮ | ૨૪૯ |
| ૩ | સુત્રાપાડા | ૧૩૨૩૪૭ | ૧૩૫ |
| ૪ | તલાલા (ગીર) | ૧૨૯૨૦૦ | ૧૩૯ |
| ૫ | વેરાવળ | ૨૯૧૬૬૫ | ૩૩૬ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ઉના | ૩૬૩ |
| ૨ | કોડીનાર | ૨૨૫ |
| ૩ | સુત્રાપાડા | ૧૨૯ |
| ૪ | તલાલા (ગીર) | ૧૩૫ |
| ૫ | વેરાવળ | ૩૨૪ |

(૩) કેટલી આંગણવાડીઓની તાલુકાવાર ઘટ છે, અને

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડીઓની ઘટ |
|---|---|---|
| ૧ | ઉના | ૧૨ |
| ૨ | કોડીનાર | ૨૪ |
| ૩ | સુત્રાપાડા | ૬ |
| ૪ | તલાલા (ગીર) | ૪ |
| ૫ | વેરાવળ | ૧૨ |

(૪) આ ઘટતી આંગણવાડીઓ કયાં સુધીમાં બનાવવામાં આવશે અને આવી આંગણવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી ?

(૪) જુનાગઢ જિલ્લામાંથી તા.૧૫–૮–૨૦૧૩ થી વિભાજીત થઈ ‘‘ગીર સોમનાથ’’ ની નવા જિલ્લા તરીકે રચના થઈ આ સમયે ૧૧૭૬ આંગણવાડી કેન્દ્રો નવરચિત જિલ્લામાં તબદીલ થઈને આવેલ છે, આ નવરચિત જિલ્લા માટે ઉક્ત ૫૮ આંગણવાડી માટે ઘટક કક્ષાએથી દરખાસ્તો મેળવવાની કામગીરી ચાલુ છે.

**જંબુસર–કાવી રસ્તાને પહોળા કરવા બાબત**

* ૧૬૨૬૯ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભરૂચ જિલ્લાનાં જંબુસર–સારોદ–કાવી રસ્તાને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) ડામર કામ પ્રગતિમાં.

(૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ અંદાજેલ છે?

(૨) રૂ. ૨૧૫૨.૦૦ લાખ.

**મૂળી–સરા રોડને પહોળો કરવા બાબત**

* ૧૬૨૫૩ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી–સરા રોડને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૧) વર્ક ઓર્ડર આપેલ છે.
કામગીરી પ્રગતિમાં છે.

(૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થશે?

(૨) અંદાજે રૂ. ૨૭૨૦ લાખ.

**રાજ્યમાં મડિકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટીની ઉપલબ્ધ બેઠકો**

* ૧૬૨૪૯ **શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કઈ સરકારી તેમજ સ્વનિર્ભર મેડિકલ કોલેજો ખાતે સુપર

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબ સરકારી તેમજ સ્વનિર્ભર મેડિકલ કોલેજો ખાતે સુપર

| | |
|---|---|
| સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે, અને | સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે.<br>**સરકારી મેડિકલ કોલેજ.**<br>૧. બી. જે. મેડિકલ કોલેજ, અમદાવાદ.<br>૨. સરકારી મેડિકલ કોલેજ, વડોદરા.<br>૩. એમ. પી. શાહ સરકારી મેડિકલ કોલેજ, જામનગર<br>૪. સરકારી મેડિકલ કોલેજ, સુરત<br>**સ્વનિર્ભર મેડિકલ કોલેજ**<br>૧. શ્રીમતિ એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કોલેજ, અમદાવાદ.<br>૨. શ્રીમતિ બી.કે.શાહ મેડિકલ કોલેજ, વાઘોડિયા, વડોદરા |
| (૨) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે? | (૨) કુલ ૭૭ બેઠકો ઉપલબ્ધ છે. |

## વલસાડ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની નિમણૂક

* ૧૬૩૫૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની નીમણુંકો આપવામાં આવી, અને

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ડોકટરોને આપેલ નિમણુંકની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | એમ.બી.બી.એસ. તબીબી અધિકારી વર્ગ–૨ | આયુર્વેદીક ડોકટર (વનબંધુ વિસ્તાર) |
|---|---|---|
| વલસાડ | ૩ | ૬ |
| પારડી | ૫ | ૩ |
| ઉમરગામ | ૩ | ૩ |
| ધરમપુર | ૧ | ૦ |
| કપરાડા | ૪ | ૦ |
| **કુલ** | **૧૬** | **૧૨** |

(૨) ઉકત સ્થિતિએ કેટલા ડોકટરોની જગ્યાઓ તે અન્વયે ખાલી છે?

(૨) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ વલસાડ જીલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | એમ.બી.બી.એસ. તબીબી અધિકારી વર્ગ–૨ | આયુર્વેદીક ડોકટર (વનબંધુ વિસ્તાર) |
|---|---|---|
| વલસાડ | ૫ | ૨ |
| પારડી | ૬ | ૨ |
| ઉમરગામ | ૧૦ | ૩ |
| ધરમપુર | ૬ | ૦ |
| કપરાડા | ૯ | ૦ |
| **કુલ** | **૩૬** | **૭** |

## વલસાડ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ

* ૧૫૩૫૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ વાન કાર્યરત છે.

(૧)

| ક્રમ | તાલુકો | કાર્યરત એમ્બ્યુલન્સોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૪ |
| ૨ | કપરાડા | ૫ |
| ૩ | પારડી | ૧ |
| ૪ | ઉમરગામ | ૨ |

| | | |
|---|---|---|
| ૫ | વલસાડ | ૪ |
| ૬ | વાપી | ૧ |
| | **કુલ** | **૧૭** |

(૨) તે અન્વયે દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે આ સેવા સરકાર આપવા માંગે છે કે કેમ, અને

(૨) રાજ્યમાં અકસ્માત કે આપત્તિના સમયે ઈજાગ્રસ્ત/ બિમાર દર્દીઓને તાત્કાલિક ધોરણે સારવાર માટે નજીકની અથવા સુવિધા ધરાવતી હોસ્પિટલ ખાતે સારવાર માટે પહોંચાડવાનો આ યોજનાનો હેતુ છે.
તે અનુસાર તાલુકાની વિવિધ વ્યુહાત્મક જગ્યાએ એમ્બ્યુલન્સ મુકવામાં આવે છે. ૧૦૮ ના મુખ્ય મથકે કોલ મળેથી બનાવ ના સ્થળની નજીકના સ્થળની વાન મોકલવામાં આવતી હોય છે. જેથી ઓછા સમયમાં ઝડપથી દર્દીને સારવાર માટે હોસ્પિટલ/ આરોગ્ય કેન્દ્રમાં પહોંચાડી શકાય.
દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો/ સામુહિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૦૮ એમ્બ્યુલન્સ મુકવાનો પ્રશ્ન નથી.

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા દર્દીઓએ તેનો લાભ લીધો ?

(૩)

| ક્રમ | તાલુકો | ૧૦૮ સેવાના લાભાર્થી દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધરમપુર | ૮૩૫૦ |
| ૨ | કપરાડા | ૭૯૭૩ |
| ૩ | પારડી | ૨૧૨૧ |
| ૪ | ઉમરગામ | ૨૪૧૭ |
| ૫ | વલસાડ | ૫૭૧૪ |
| ૬ | વાપી | ૧૦૫૫ |
| | **કુલ** | **૨૭૬૩૦** |

## તુંબ ટોકરખાડી નદી ઉપર બ્રીજ બનાવવા બાબત

* ૧૫૩૮૩ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉમરગામ તાલુકાના જિલ્લા પંચાયતનો તુંબથી ખત્તલવાડાના રસ્તા ઉપર તુંબ ટોકરખાડી નદી ઉપર બ્રીજ બનાવવાની દરખાસ્ત સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો આ બ્રીજ કેટલા સમયમાં મંજુર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) તાંત્રિક જરૂરીયાત, નાણાંકીય ઉપલબ્ધતા અને આંતરીક અગ્રતાના ધોરણે વિચારણા કરવામાં આવશે.

## કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે અપાતી તબીબી સેવાઓ

* ૧૬૨૭૦ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ અમદાવાદમાં કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે કયા કયા પ્રકારની તબીબી સેવાઓ આપવામાં આવે છે,અને

(૨) આ સુવિધાનો લાભ રાહત દરે તેમજ વિના મૂલ્યે કોને કોને આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટયુટ ખાતે કેન્સરનાં રોગો માટે નિદાન સારવાર વિગેરે દરેક પ્રકારની સેવાઓ જેવીકે સર્જરી, કીમીયોથેરાપી, રેડીયોથેરાપી તથા અન્ય અનુસંગિક તબીબી સેવાઓ આપવામાં આવે છે.

(૨) વિના મૂલ્યે આ સુવિધાનો લાભ.
(૧) ૧૮ વર્ષથી નીચેની ઉમરના બાળકો
(૨) અનુસુચીત જનજાતિ
(૩) બી.પી.એલ.
(૪) વાર્ષિક રૂ.૧.૨૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની મહિલાઓ અને પરિવારના ૨૧ વર્ષ સુધીના બાળકો
(૫) વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/– સુધીની આવક ધરાવતા અનુસુચિત જાતિના દર્દીઓને આપવામાં આવે છે.
તેમજ આ સુવિધાનો લાભ ૫૦ ટકાના રાહત દરે વાર્ષિક રૂ. ૨

લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના દર્દીઓ અને વાર્ષિક રૂ. ૫૦,૦૦૦/–થી વધારે આવક ધરાવતા અનુસુચિત જાતિના દર્દીઓને આપવામાં આવે છે.

**તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૧૯ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજના કયારથી અમલમાં છે. અને | (૧) તાપી જિલ્લામાં કિશોરી શકિત યોજના ૨૦૦૨–૨૦૦૩થી અમલમાં છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં કિશોરી શકિત યોજનામાં ૯૨૦૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

**ખેડા અને મહીસાગર જિલ્લામાં ખાદ્યતેલોમાં ભેળસેળ અટકાવવા પાડેલ દરોડા**

* ૧૬૩૯૩ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખાદ્યતેલોમાં ભેળસેળ કરનાર કેટલા ઇસમો પકડાયા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખાદ્યતેલમાં ભેળસેળ કરનાર ઇસમો પકડાયા જે નીચે દર્શાવ્યા પ્રમાણે છે.

| વર્ષ | મહીસાગરજિલ્લાના તાલુકાનું નામ તા.૧૫–૦૮–૧૩થી) | ઇસમની સંખ્યા | વર્ષ | ખેડા જિલ્લાના તાલુકાનું નામ | ઇસમની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩ | બાલાસિનોર | ૦૦ | ૨૦૧૩ | ખેડા | ૦૦ |
| | | | | નડિયાદ | ૦૦ |
| | વિરપુર | ૦૦ | | કપડવંજ | ૦૬ |
| | | | | કઠલાલ | ૦૦ |
| | લુણાવાડા | ૦૦ | | મહેમદાવાદ | ૦૦ |
| | | | | મહુધા | ૦૦ |
| | ખાનપુર | ૦૦ | | માતર | ૦૦ |
| | | | | ગલતેશ્વર | ૦૦ |
| | કડાણા | ૦૦ | | ઠાસરા | ૦૦ |
| | સંતરામપુર | ૦૦ | | વસો | ૦૦ |
| | | | | બાલાસિનોર(તા.૧૪–૦૮–૧૩ સુધી ) | ૦૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૪ | બાલાસિનોર | ૦૪ | ૨૦૧૪ | ખેડા | ૦૦ |
| | | | | નડિયાદ | ૦૮ |
| | વિરપુર | ૦૦ | | કપડવંજ | ૦૦ |
| | | | | કઠલાલ | ૦૦ |
| | લુણાવાડા | ૦૦ | | મહેમદાવાદ | ૦૦ |
| | | | | મહુધા | ૦૦ |
| | ખાનપુર | ૦૦ | | માતર | ૦૦ |
| | | | | ગલતેશ્વર | ૦૦ |
| | કડાણા | ૦૦ | | ઠાસરા | ૦૦ |

(૨) તે અન્વયે આ ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) આવા ઇસમો સામે એડજયુડિકેટીંગ ઓફિસર, ખેડા (નડિયાદ) સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે. તથા એડજયુડિકેટીંગ ઓફિસર, મહીસાગર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલે છે.

(૩) ઉકત સ્થિતિએ ખાદ્યતેલોમાં ભેળસેળ અટકાવવા વર્ષવાર કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા ?

(૩)

| વર્ષ | મહીસાગરજિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા | વર્ષ | ખેડા જિલ્લાના તાલુકાનું નામ | દરોડાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩ | બાલાસિનોર | ૦૦ | ૨૦૧૩ | ખેડા | ૦૧ |
| | | | | નડિયાદ | ૧૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | વિરપુર | ૦૧ | | કપડવંજ | ૦૯ |
| | | | | કઠલાલ | ૦૧ |
| | લુણાવાડા | ૦૨ | | મહેમદાવાદ | ૦૬ |
| | | | | મહુધા | ૦૦ |
| | ખાનપુર | ૦૦ | | માતર | ૦૦ |
| | | | | ગલતેશ્વર | ૦૦ |
| | કડાણા | ૦૦ | | ઠાસરા | ૦૫ |
| | સંતરામપુર | ૦૦ | | વસો | ૦૦ |
| | | | | બાલાસિનોર | ૦૫ |
| ૨૦૧૪ | બાલાસિનોર | ૦૮ | ૨૦૧૪ | ખેડા | ૦૨ |
| | | | | નડિયાદ | ૧૫ |
| | વિરપુર | ૦૦ | | કપડવંજ | ૦૧ |
| | | | | કઠલાલ | ૦૨ |
| | લુણાવાડા | ૦૦ | | મહેમદાવાદ | ૦૪ |
| | | | | મહુધા | ૦૦ |
| | ખાનપુર | ૦૧ | | માતર | ૦૧ |
| | | | | ગલતેશ્વર | ૦૧ |
| | કડાણા | ૦૦ | | ઠાસરા | ૦૪ |
| | સંતરામપુર | ૦૨ | | વસો | ૦૨ |

### મોદજ અને માકવા ગામ પાસે વાત્રક નદી ઉપર કોઝ વે બનાવવાની દરખાસ્ત

* ૧૫૪૬૮ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં મોદજ અને માકવા ગામ વચ્ચે પસાર થતી વાત્રક નદી પર કોઝ વે (લો લેવલનો પુલ ) બનાવવાની દરખાસ્ત સરકારને મળી છે,

(૨) જો દરખાસ્ત મળેલ હોય તો કયારે મળેલ છે અને કેટલો અંદાજિત ખર્ચ થવાનો છે, અને

(૩) જો દરખાસ્ત ના થઈ હોય તો સરકાર આ માટે વ્યવસ્થા કરવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા. ૨૪–૬–૧૪ ના રોજ મેજર બ્રીજ માટેનો અંદાજિત ખર્ચ રૂ. ૧૧૦૦.૦૦ લાખ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### અખિલ ગુજરાત ગીરનાર આરોહણ સ્પર્ધા પાછળ ખર્ચ

* ૧૬૩૦૮ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય રમતગમત મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ગુજરાત ગીરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધામાં કેટલા યુવક–યુવતીઓએ ભાગ લીધો અને

(૨) તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| વર્ષ | ભાઇઓ બહેનો કુલ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૮૪૨+ ૧૯૧= ૧૦૩૩ |
| ૨૦૧૩–૧૪ | ૭૯૦+ ૨૦૪= ૯૯૪ |

(૨) કુલ ખર્ચ રૂ. ૧૬,૨૨,૨૩૮/–

### પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૬૨૪૫ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં,

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી.

જિલ્લામાં તમામ ૧૯૩૧ આંગણવાડી કેન્દ્રોમાં અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પુર્ણ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

**મહેસાણા જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૬૨૯૦ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ? | ૩૭,૩૨૨ દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે. |

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં મેલેરીયાના એકત્ર કરેલ નમૂના**

* ૧૬૩૦૩ **ડાં. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા અને સાબરકાંઠા જીલ્લામાં મેલેરીયા નિયંત્રણ માટે સર્વેલન્સ કામગીરી અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લોહીના જિલ્લાવાર કેટલા નમૂના એકત્ર કરવામાં આવેલ,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાવાર નીચે મુજબના લોહીના નમૂના એકત્ર કરવામાં આવેલ છે.

| એકત્ર કરેલ લોહીના નમૂનાની | સાબરકાંઠા જિલ્લો | બનાસકાંઠા જિલ્લો |
|---|---|---|
| | ૧૦૩૪૩૪૯ | ૧૧૮૧૨૩૮ |

(૨) તે પૈકી કેટલા કેસમાં મેલેરીયા અને કેટલા કેસમાં ફાલસીફિરમ જણાઈ આવ્યું, અને

(૨) તે પૈકી જણાઈ આવેલ મેલેરીયા અને ફાલસીફિરમ કેસોની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લાઓ | મેલેરિયા | ફાલસીફિરમ |
|---|---|---|
| સાબરકાંઠા | ૧૮૪૧ | ૧૯૬ |
| બનાસકાંઠા | ૨૧૮૯ | ૪૨ |

(૩) તે પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયાં ?

(૩) તે પૈકી એક પણ દર્દીનું મૃત્યુ નોધાયેલ નથી.

**ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૫૨૯૮ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વિધવા સહાય અંતર્ગત કેટલી અરજીઓ મળી છે,

**જવાબ**

(૧)

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૩માં મળેલ અરજીઓ | વર્ષ–૨૦૧૪માં મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪૭ | ૧૭૫ |
| ૨ | દહેગામ | ૧૭૮ | ૨૩૧ |
| ૩ | માણસા | ૯૫ | ૧૫૮ |
| ૪ | કલોલ | ૧૩૨ | ૧૯૪ |

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ વર્ષવાર મંજુર કરી વિધવા સહાયના લાભ આપવામાં આવ્યા, અને

(૨)

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૩માં અરજીઓ મંજુર કરી વિધવા સહાયનો લાભ આપવામાં આવ્યા. | વર્ષ–૨૦૧૪માં અરજીઓ મંજૂર કરી વિધવા સહાયનો લાભ આપવામાં આવ્યા. |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૪૨ | ૧૬૨ |
| ૨ | દહેગામ | ૧૬૭ | ૨૧૧ |
| ૩ | માણસા | ૯૪ | ૧૪૮ |
| ૪ | કલોલ | ૧૨૬ | ૧૮૭ |

(૩) બાકી રહેતી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરી લાભો આપવામાં આવશે ?

(૩) તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જુનાગઢ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૫૮૪૧ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** | **અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** | **કુલ** |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા | અતિ ઓછા | કુલ |
| ૧ | કેશોદ | ૬૦૪ | ૭૭ | ૬૮૧ |
| ૨ | માણાવદર | ૨૧૪ | ૨૯ | ૨૪૩ |
| ૩ | વંથલી | ૧૮૫ | ૪૪ | ૨૨૯ |
| ૪ | માંગરોળ | ૪૯૯ | ૬૦ | ૫૫૯ |
| ૫ | ભેંસાણ | ૨૦૭ | ૩૬ | ૨૪૩ |
| ૬ | જૂનાગઢ | ૧૧૩૭ | ૧૫૧ | ૧૨૮૮ |
| ૭ | માળીયા | ૨૬૮ | ૫૪ | ૩૨૨ |
| ૮ | મેંદરડા | ૨૩૦ | ૫૩ | ૨૮૩ |
| ૯ | વિસાવદર | ૧૮૩ | ૨૬ | ૨૦૯ |

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં શાં પગલાં લીધા?

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીયર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ / બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ઘનિષ્ઠ પોષણ અભિયાન અન્વયે ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોને સારવાર આપવામાં આવે છે.
- જિલ્લાના અધિકારીશ્રી ઓને કુલ ૩૯૪ આંગણવાડી કેન્દ્રો દત્તક આપી આંગણવાડી મિત્ર તરીકેની નિમણૂંક આપી કુપોષણવાળા કુલ ૨૧૬૬ બાળકોને દત્તક આપવામાં આવેલ છે.

## સુરત જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ

* ૧૬૨૮૭ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા તા.૩૧-

**જવાબ**

૧,૨૦,૩૭૬ દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે.

૧–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ?

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

*૧૫૪૭૮ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ આવેલી છે,

**જવાબ**

(૧) અમદાવાદ

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાવળા | ૧૭૩ |
| ૨ | દશક્રોઈ–સીટી | ૨૮૬ |
| ૩ | દેત્રોજ | ૧૧૭ |
| ૪ | ધંધુકા | ૧૫૯ |
| ૫ | ધોળકા | ૨૭૬ |
| ૬ | માંડલ | ૯૮ |
| ૭ | સાણંદ | ૨૦૪ |
| ૮ | વિરમગામ | ૧૮૫ |
| | કુલ | ૧૪૯૮ |

ગાંધીનગર

| અ.નં. | તાલુકાનું નામ | આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨૭ |
| ૨ | દહેગામ | ૨૫૬ |
| ૩ | કલોલ | ૩૦૫ |
| ૪ | માણસા | ૧૭૩ |
| | કુલ | ૧૦૬૧ |

**પ્રશ્ન** (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તેમાં કેટલા બાળકો લાભાર્થીઓ છે, અને

**જવાબ** (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકો લાભાર્થીઓની સંખ્યાઃ–

| વર્ષઃ– | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|
| અમદાવાદ | ૧,૨૫,૭૨૫ | ૧,૨૨,૦૧૬ |
| ગાંધીનગર | ૭૬૦૪૨૮ | ૮૪૪૫૧૨ |

**પ્રશ્ન** (૩) આ આંગણવાડીઓમાં કેટલા રૂપિયાના ખર્ચ દૈનિક પોષણયુક્ત આહાર પૂરો પાડવામાં આવે છે ?

**જવાબ** (૩) આ આંગણવાડીઓના બાળકોને દૈનિક રૂ. ૬/–ના ખર્ચે પુરક પોષણ આહાર પુરો પાડવામાં આવે છે. અતિ ઓછા વજનવાળા બાળકોને દૈનિક રૂ. ૯/–ના ખર્ચે પુરક પોષણ પુરુ પાડવામાં આવે છે.

**પંચમહાલ જિલ્લામાં રમતગમતના મેદાનોના વિકાસ માટે ખર્ચ**

* ૧૬૩૪૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા રમતગમતના મેદાનો આવેલા છે, અને

**જવાબ**

(૧)

(અ) પંચમહાલ જિલ્લામાં રમતગમત સંકુલનું નિર્માણ કરવામાં આવેલ છે.

(બ) તાલુકાવાર રમતગમતના મેદાનો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | સંખ્યા | ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ઘોઘંબા | ૦૭ | ૭ | ગોધરા | ૧૩ |
| ૨ | હાલોલ | ૦૬ | ૮ | લુણાવાડા | ૧૦ |
| ૩ | જાંબુઘોડા | ૦૨ | ૯ | મોરવાહડફ | ૦૯ |
| ૪ | કડાણા | ૦૭ | ૧૦ | સંતરામપુર | ૧૦ |
| ૫ | કાલોલ | ૦૮ | ૧૧ | શહેરા | ૦૮ |
| ૬ | ખાનપુર | ૦૬ | | | |

**પ્રશ્ન** (૨) આ રમતગમતના મેદાનોમાં કયા પ્રકારની સુવિધા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ** (૨) રમતગમતના મેદાનમાં સીન્થેટીક ટ્રેકના નિર્માણ માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૧૨૪.૨૦ |
| ૨ | ૨૦૧૪–૧૫ (તા. ૧–૦૪–૨૦૧૪થી તા. ૩૧–૦૧–૨૦૧૫ સુધી) | ૦.૬૯ |
| | કુલ | ૧૨૪.૮૯ |

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેલાડીઓને ઈનામ આપવા બાબત**

* ૧૫૬૩૬ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય રમત–ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાંથી કોઇ ખેલાડી/સ્પર્ધકે નેશનલ કે ઈન્ટરનેશનલ લેવલે છેલ્લા બે વર્ષમાં ભાગ લીધો છે,

(૨) જો હા, તો કઈ રમતમાં ભાગ લીધેલ અને નંબર પ્રાપ્ત કરેલ છે કે કેમ, નંબર મેળવેલ હોય તો રાજ્ય સરકારે પ્રોત્સાહનરૂપે કોઈ ઈનામ આપેલ છે તો તેની વિગતો શી છે, અને

(૩) જો કોઈ ખેલાડીએ ભાગ ન લીધેલ હોય તો ખેલાડીઓ તૈયાર થાય તે માટે રાજ્ય સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧) હા, જી.

પંચમહાલ જિલ્લામાંથી ખેલાડીઓએ નેશનલ લેવલે ભાગ લીધેલ છે.

(૨) પંચમહાલ જિલ્લામાંથી ખેલાડીઓએ નેશનલ લેવલે રોલબોલ, આર્ચરી, એથ્લેટીક્સ, ખો–ખો ની રમતમાં ભાગ લીધેલ છે.

નેશનલકક્ષાએ આર્ચરીમાં ૨ ગોલ્ડ માટે રૂ. ૫૦,૦૦૦/– એક સીલ્વર માટે રૂ. ૧૫,૦૦૦/–નો રોકડ પુરસ્કાર આપવામાં આવેલ છે. ખો–ખો ની રમતમાં બ્રોન્ઝ મેડલ વર્ષ ૨૦૧૪–૧૫માં મળ્યો હોઈ મળવાપાત્ર રૂ. ૧૦,૦૦૦/– નો રોકડ પુરસ્કાર હવે પછી આપવામાં આવશે.

(૩)

- રાજ્ય સરકારશ્રી દ્વારા ખેલાડીઓ તૈયાર કરવા અંગે રાજ્યમાં સ્પોર્ટસ સ્કુલોની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે જે અંતર્ગત રાજ્યના પ્રતિભાશાળી ખેલાડીઓને વિવિધ રમતો માટે તાલીમ આપવામાં આવી રહી છે, તેમજ ટ્રાયબલ ઈનસ્કુલ પ્રોગ્રામ અંતર્ગત શાળાઓમાં ખેલાડીઓ તૈયાર કરવા માટે સાધનો સાથે ટ્રેનર મૂકવાની યોજના છે. અને સંબંધિત શાળાઓમાં મેદાન નિભાવ અંગે પણ ખર્ચ કરવામાં આવે છે.
- સ્વામી વિવેકાનંદ બિન–નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્ર વિવિધ જિલ્લાઓમાં જુદી જુદી રમત માટે શરૂ કરવામાં આવેલ છે. જેમાં હાલમાં કુલ ૧૩૦૬ ખેલાડીઓ તાલીમ મેળવી રહ્યા છે. દરેક તાલીમાર્થીને સ્ટાઈપેન્ડ, પૌષ્ટીક આહાર, મુસાફરી, તાલીમ, કીટ વિગેરે માટે માસિક રૂ. ૫૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.

**માલપુર અને બાયડ તાલુકાના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓના રીસરફેશીંગના કામો**

*૧૭૭૫૧ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ માલપુર અને બાયડ તાલુકાઓમાં પંચાયત, માર્ગ અને મકાન વિભાગ હસ્તકના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ તાલુકાવાર કેટલાં અને કયા છે,

(૨) તે પૈકી રી–સરફેશના કામો છેલ્લા દશ વર્ષ કરતાં પણ વધુ સમયથી બાકી હોય તેવા કેટલા રસ્તાઓ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ માલપુર અને બાયડ તાલુકામાં પંચાયત, માર્ગ અને મકાન વિભાગ હસ્તકના પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ તાલુકાવાર નીચે પ્રમાણે છે. યાદી આ સાથે *પરિશિષ્ટ–૧ મુજબ સામેલ છે.

| તાલુકો | પ્લાન | નોન પ્લાન | કુલ |
|---|---|---|---|
| બાયડ | ૧૦૩ | ૯૭ | ૨૦૦ |
| માલપુર | ૬૪ | ૧૩૫ | ૧૯૯ |
| કુલ | ૧૬૭ | ૨૩૨ | ૩૯૯ |

(૨) તે પૈકી રીસરફેસના કામો છેલ્લા દશ વર્ષ કરતાં પણ વધુ સમયથી બાકી હોય તેવા બાયડ અને માલપુર તાલુકાના

રસ્તાઓ નીચે પ્રમાણે છે.

| તાલુકો | પ્લાન | નોન પ્લાન | કુલ |
|---|---|---|---|
| બાયડ | ૬ | ૫ | ૧૧ |
| માલપુર | ૨ | ૭ | ૯ |
| કુલ | ૮ | ૧૨ | ૨૦ |

(૩) આ રસ્તાઓના કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) તાંત્રિક જરૂરિયાત,આંતરિક અગ્રતાક્રમ ધ્યાને લઈ વિચારવામાં આવશે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**વડોદરા જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૬૨૮૯ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧–૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ ધ્વારા કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ?

**જવાબ**

૧,૧૪,૭૩૮ દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે.

**મોડાસા તાલુકાની સાર્વજનિક હોસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ**

*૧૫૯૩૬ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોડાસા તાલુકાની સાર્વજનિક હોસ્પિટલમાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) આ રકમમાંથી ગરીબોને કયા પ્રકારની સુવિધા પૂરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મોડાસા તાલુકાની સાર્વજનિક હોસ્પિટલ, મોડાસાને છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા) | નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ફાળવેલ ગ્રાન્ટ (રૂપિયા) તા. ૩૧–૧–૧૫ સુધી |
|---|---|
| ૧,૯૧,૦૭,૧૫૮ | ૧,૨૪,૮૬,૦૦૦ |

(૨) આ રકમમાંથી ગરીબી રેખા હેઠળ આવતા દર્દીઓને તજજ્ઞ સેવાઓ સાથે ઉપલબ્ધ દવાઓ, પથારીની સુવિધા, એક્સ–રે, લેબૉરેટરી સોનોગ્રાફી, પ્રસૃતિ, સર્જીકલ ઓપરેશનો તથા મોતીયાના ઓપરેશન નેત્રમણી સાથેની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

**કોલવડા આયુર્વેદિક હોસ્પિટલના બાંધકામની કામગીરી**

* ૧૬૨૮૧ **શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગરના કોલવડા ખાતેની મૉડેલ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) આ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલ ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પૂર્ણતાને આરે છે.

(૨) રૂ.૧૫૫.૬૨ કરોડ.

(૩) આગામી નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં વહેલામાં વહેલી તકે ચાલુ કરવાનું આયોજન છે.

**નર્મદા જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૫૬ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં સબલા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

વર્ષ ૨૦૧૩–૧૪ માં સબલા યોજના હેઠળ જિલ્લામાં ૧૮૨૯૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

## જામનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો

* ૧૫૯૧૨ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેટલા કેસો છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

(૨) તે પૈકી કોઈ વ્યકિતઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યકિતઓના મૃત્યુ થયા, અને

(૩) ઉકત સ્થિતિએ સ્વાઈન ફ્લુને અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસ | કેસ ૨૦૧૩ | | કેસ ૨૦૧૪ | | કેસ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા |
| ૧ | જાન્યુઆરી | ૧ | ૧ | ૦ | ૦ | ૧૪ | ૨ |
| ૨ | ફેબ્રુઆરી | ૨૪ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૩૬ | ૨૬ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૨ | ૦ | ૪ | ૫ | ૦ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૮ | ઓગસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |

(૨) તે પૈકી થયેલ મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસ | મૃત્યુ ૨૦૧૩ | | મૃત્યુ ૨૦૧૪ | | મૃત્યુ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા |
| ૧ | જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૨ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૨ | ૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૦ | ૦ | ૪ | ૧ | ૦ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૬ | જુન | ૦ | ૦ | ૧ | ૨ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઓગસ્ટ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઓકટોબર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સિવિલ હોસ્પીટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડીયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | માહિતી વેબસાઈટ પર મુકેલ છે.<br>• તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાને કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.<br>• ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.<br>• આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લાકક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.<br>• અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરી.<br>• રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પીટલના ક્રીટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધ તેમજ અન્ય સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા દ્વારા આઈ.ઈ.સી., ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.<br>માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઈન ફ્લુની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી, જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યું. |

## ભાવનગર જિલ્લામાં સ્પોર્ટ હોસ્ટેલ બનાવવા બાબત

* ૧૫૩૪૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સ્પોર્ટ હોસ્ટેલ છે, | (૧) સરકારશ્રી દ્વારા ભાવનગર જિલ્લામાં ભાવનગર તાલુકાના સીદસર ખાતે સ્પોર્ટસ હોસ્ટેલનું નિર્માણ કરવામાં આવેલ છે. |
| (૨) જો એક પણ સ્પોર્ટ હોસ્ટેલ ન હોય તો તેના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં હોસ્ટેલો બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## આણંદ શહેર અને જિલ્લામાં રજીસ્ટર થયેલ હોસ્પિટલો

* ૧૬૪૦૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આણંદ શહેર અને જિલ્લામાં કેટલી | (૧) આણંદ શહેર ૨૦   આણંદ જિલ્લો ૩૮ |

હોસ્પિટલો રજીસ્ટર થયેલ છે,

(૨) તે અન્વયે ખાનગી અને સરકારી હોસ્પિટલો કેટલી છે, અને

(૨) ૬ સરકારી ૧૬ સરકારી
૧૪ ખાનગી ૨૨ ખાનગી

(૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજના હેઠળ કેટલી રકમનો ખર્ચ થયો ?

(૩) રૂ.૪,૮૦,૯૦,૮૯૯/- નો પ્રિમિયમ પેટે ખર્ચ થયેલ છે.

**વડોદરા અને નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૯૮ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અન્વયે વડોદરા અને નર્મદા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને યોજનાનો લાભ મળેલ છે,

(૧) વડોદરા જિલ્લામાં ૧,૫૧,૧૦૪
નર્મદા જિલ્લામાં ૫૫, ૪૩૭

(૨) તે અન્વયે તાલુકાવાર વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને

(૨) સામેલ પત્રક-અ મુજબ.

**પત્રક - અ**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ખર્ચ ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | ખર્ચ ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | છોટાઉદેપુર | ૧,૮૫,૬૧,૫૧૦ | ૪૯,૪૬,૭૫૮ |
| | | ડભોઈ | ૧,૦૧,૮૦,૧૭૦ | ૨૯,૮૭,૯૫૧ |
| | | જેતપુરપાવી | ૧,૮૧,૮૬,૩૦૦ | ૪૭,૬૩,૩૬૮ |
| | | કરજણ | ૭૬,૬૮,૫૪૦ | ૨૧,૬૦,૬૩૧ |
| | | કવાંટ | ૧,૩૧,૩૬,૩૧૦ | ૪૬,૮૭,૭૨૪ |
| | | નસવાડી | ૭૭,૧૪,૦૮૦ | ૩૪,૭૯,૩૨૨ |
| | | પાદરા | ૧,૧૮,૦૭,૭૩૦ | ૩૬,૪૪,૫૯૫ |
| | | સંખેડા | ૧,૦૪,૫૯,૩૫૦ | ૩૨,૪૦,૬૨૯ |
| | | સાવલી | ૨,૦૦,૦૮,૮૯૦ | ૫૧,૨૯,૧૯૪ |
| | | શિનોર | ૨૮,૦૬,૬૫૦ | ૧૧,૦૩,૨૦૦ |
| | | વડોદરા | ૨,૪૭,૩૯,૧૧૦ | ૯૮,૦૮,૯૭૨ |
| | | વાઘોડીયા | ૮૧,૩૩,૮૪૦ | ૨૦,૭૩,૫૪૫ |
| | | **કુલ ખર્ચ રૂ.** | **૧૫,૩૪,૦૨,૪૮૦/-** | **૪,૮૦,૨૫,૮૮૮/-** |
| ૨ | નર્મદા | ડેડીયાપાડા | ૬૨,૩૧,૨૦૬ | ૫૧,૯૬,૮૯૩ |
| | | નાંદોદ | ૮૧,૭૭,૬૩૭ | ૭૦,૬૯,૮૮૫ |
| | | રાજપીપળા | ૮૭,૭૪૦ | ૭૮,૮૨૩ |
| | | સાગબારા | ૩૬,૭૮,૯૨૦ | ૩૨,૬૨,૨૪૧ |
| | | તીલકવાડા | ૨૩,૫૨,૮૭૬ | ૨૦,૧૧,૮૮૫ |

(૩) સદરહુ યોજનામાં રાજ્ય અને કેન્દ્રનો કેટલો ફાળો છે?

(૩) રાજ્યનો ફાળો ૨૫ ટકા અને કેન્દ્રનો ફાળો ૭૫ ટકા છે.

**કચ્છ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૩૧૬ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં અમલી સબલા યોજના શું છે, અને

(૧) ૧૧ થી ૧૮ વર્ષની શાળાએ જતી તેમજ ન જતી કિશોરીઓને આરોગ્ય પોષણ, જીવન કૌશલ્ય, સ્વશકિત કરણ, રોજગારલક્ષી, સ્વાસ્થ્ય, સફાઈ, કિશોરી પ્રજનન તંદુરસ્તી, કુટુંબ અને બાળકોની દેખરેખ માહિતી તેમજ કાનુની અધિકારો વિશે જાણકારી આપવી તેમજ કિશોરીઓને પુરક પોષણ આપવું તેવો ઉદ્દેશ છે.

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં સબલા યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૩-૧૪ માં સબલા યોજના હેઠળ જિલ્લામાં ૬૨૩૩૭ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

**આણંદ જિલ્લામાં પ્લાન-નોન પ્લાન રસ્તાઓની લંબાઈ**

* ૧૭૪૧૪ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્લાન-નોનપ્લાન રસ્તાઓની લંબાઈ

(૧)

| **તાલુકો** | **રસ્તાની લંબાઈ (કી.મી.)** |
|---|---|

કેટલી છે,

| | પ્લાન | નોન પ્લાન |
|---|---|---|
| આણંદ | ૩૭૦.૦૮ | ૨૦૩.૯૫ |
| ઉમરેઠ | ૨૭૮.૧૦ | ૧૩૪.૫૦ |
| બોરસદ | ૪૪૭.૪૫ | ૧૮૮.૬૩ |
| આંકલાવ | ૧૬૬.૧૧ | ૧૪૦.૯૪ |
| પેટલાદ | ૩૦૫.૬૪ | ૨૮૨.૯૩ |
| તારાપુર | ૨૦૮.૯૬ | ૬૦.૨૫ |
| સોજીત્રા | ૧૫૭.૪૫ | ૧૪૧.૫૦ |
| ખંભાત | ૩૭૨.૧૨ | ૧૦૭.૦૦ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્લાન અને નોન પ્લાન રસ્તાઓ માટે કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, અને

(૨) પ્લાન –રૂ.૨૬૧૬૦.૬૩ લાખ.
નોન પ્લાન– રૂ.૩૩૨૩.૫૧ લાખ.

(૩) નોન પ્લાનના રસ્તાઓ માટે પ્લાન રસ્તાઓની સરખામણીમાં ઓછી રકમ ફાળવવાના કારણો શા છે ?

(૩) પ્લાન રસ્તાના નેટવર્કને પ્રાધાન્ય આપવું જરૂરી હોઈ.

**છોટાઉદેપુર જિલ્લામાં પાયકા યોજના હેઠળ ફાળવેલ રકમ**

* ૧૫૫૨૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પાયકા યોજના હેઠળ વર્ષવાર કેટલી રકમ આપવામાં આવી, અને

(૧) છોટાઉદેપુર જિલ્લો નવરચિત છે. છેલ્લા બે વર્ષમાં પાયકા યોજના હેઠળ કોઈ રકમ આપવામાં આવી નથી.

(૨) આ યોજના અન્વયે તાલુકાવાર કેટલી હાઈસ્કુલોને કેટલી રકમ ક્યા હેતુ માટે આપવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી. ની ઉપલબ્ધ બેઠકો**

* ૧૬૨૫૧ **શ્રી સતીષભાઈ મો. પટેલ(કરજણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સરકારી મેડીકલ કોલેજોમાં ઉપલબ્ધ પી.જી. કોર્ષ ચાલે છે,

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છ સરકારી મેડીકલ કોલેજોમાં પી.જી. કોર્ષ ચાલે છે.

(૨) ક્યા વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે, અને

(૨) નીચેના ૨૩ વિષયોમાં પી.જી. કોર્ષ ચાલુ છે. મેડીસીન, પીડીયાટ્રીક્સ. ટી.બી. એન્ડ ચેસ્ટ (પલ્મોનરી મેડીસીન), સ્કીન એન્ડ વી.ડી., સાયકીયાટ્રી, સર્જરી, ઓર્થોપેડીક, ઓપ્થેલોમોલોજી, ઈ. એન્ડ ટી., ઓબ્સ એન્ડ ગાયનેક, એનેસ્થેસીયા, રેડીયોલોજી, પેથોલોજી, માઈક્રોબાયોલોજી, બાયોકેમીસ્ટ્રી, રેડીયોથેરાપી, આઈ.એચ. બી.ટી., એનાટોમી, ફીઝીયોલોજી, ફાર્મેકોલોજી, પી.એસ.એમ., ફોરેન્સીક મેડીસીન, ઈમર્જન્સી મેડીસીન.

(૩) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ?

(૩) પી.જી. ડીગ્રી કોર્ષ–૭૪૧ બેઠકો અને પી.જી. ડિપ્લોમાં કોર્ષ–૧૭૧ મળીને કુલ ૯૧૨ બેઠકો ઉપલબ્ધ છે.

**સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૪૨ **શ્રી મુકેશભાઈ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

(૧) સુરત ગ્રામ્ય વિસ્તારમાં સરેરાશ **૨૧૩૨૩** લાભાર્થીઓ

સુરત મહાનગરપાલિકામાં સરેરાશ **૧૪૪૭૨** લાભાર્થીઓ

આમ એકંદરે **૩૫૭૯૫** લાભાર્થીઓ આવરી લેવામાં આવેલ છે.

(૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને

(૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં **૧૯૯** લોકોને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) સુરત જિલ્લામાં કિશોરીઓની તાલીમ આઈ.ટી.આઈ. મારફત કરવામાં આવેલ હોવાથી આ વિભાગ હેઠળ આ યોજના હેઠળ તાલીમ પાછળ ખર્ચ થયેલ નથી.

**બનાસકાંઠા જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રના નવીન મકાનો**

* ૧૭૪૨૦ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના નવીન મકાનો બાંધવાનાં છે તે વાત ખરી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) તે કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| અનુ. નં. | તાલુકા | સબ સેન્ટર | મંજુરીનું વર્ષ | મંજુર રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કાંકરેજ | ઝાલમોર | ૨૦૧૨–૧૩ | ૨૪.૬૪ |
| | | ખોડલા | ૨૦૧૨–૧૩ | ૨૪.૬૪ |
| ૨ | વાવ | ભરડવા | ૨૦૧૨–૧૩ | ૨૫.૦૦ |
| | | ટડાવ | ૨૦૧૨–૧૩ | ૨૫.૦૦ |
| | | બુકણા | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |
| | | જેલાણા | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |
| | | મોરવાડા | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |
| | | બલોત્રી | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |
| ૩ | પાલનપુર | વેડંચા | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |
| ૪ | સુઇગામ | ઉચોસણ | ૨૦૧૪–૧૫ | ૧૫.૦૦ |

(૩) (૧) કાંકરેજ તાલુકાના ઝાલમોર અને ખોડલા ખાતે કામગીરી પુર્ણ કરેલ છે.
(૨) વાવ તાલુકાના ભરડવા અને ટડાવ ખાતે કામગીરી પ્રગતિમાં છે જે કામગીરી મે–૨૦૧૫માં પુર્ણ કરવાનુ આયોજન છે. તેમજ બુકણા, જેલાણા, મોરવાડા અને બલોત્રી ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. જે વર્કઓર્ડર આપ્યા બાદ ૦૬ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનુ આયોજન છે.
(૩) પાલનપુર તાલુકાના વેડંચા ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. જે વર્ક ઓર્ડર આપ્યા બાદ ૦૬ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.
(૪) સુઇગામ તાલુકાના ઉચોસણ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. જે વર્ક ઓર્ડર આપ્યા બાદ ૦૬ મહિનામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે.

**શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતનની કામગીરી**

* ૧૬૩૦૬ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યના અમૂલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી?

**જવાબ**

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા રાજ્યના અમૂલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ તેમજ ઉત્તેજન માટે તા. ૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની પ્રવૃત્તિઓની કામગીરી કરવામાં આવેલ છે.

શાસ્ત્રીય સંગીત મહોત્સવ, આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ,

પં. ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પં. ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ, બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ, મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩, પં. ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩.

**ગાંધીનગરમાં રસ્તાઓને એસ.આર. હેઠળ જોબ નંબર આપવા બાબત**

* ૧૬૨૬૮ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગ હસ્તકના કેટલા રસ્તાને એસ.આર. હેઠળ જોબ નંબર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ–૧૨ કામોના રસ્તાઓ. |
| (૨) કેટલી રકમના જોબ નંબર આપેલ છે? | (૨) રૂ. ૨૬૨૦.૦૦ લાખ. |

**અમદાવાદ–મહેસાણા ટોલ રોડનો ટેક્ષ વધારવાના કારણો**

* ૧૬૨૨૯ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા–અમદાવાદ ટોલ રોડ બનાવનાર એજન્સી સાથે થયેલ એગ્રીમેન્ટ મુજબ કેટલા વર્ષ માટે ટોલ ટેક્ષ વસુલ કરવાનું નક્કી થયેલ હતુ, અને | (૧) ૩૦ વર્ષ |
| (૨) આ ટોલ ટેક્ષ પ્રતિ વર્ષ વધારવાના કારણો શાં છે? | (૨) કન્સેશન એગ્રીમેન્ટમાંની જોગવાઈ અનુસાર દર વર્ષે યુઝર ફી (ટોલ ટેક્ષ) જે તે વર્ષના હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્ષ તેમજ કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્ષના આંકડાઓને ધ્યાને લઈ નિયત ફોર્મ્યુલા મુજબ ગણવામાં આવે છે. |

**દાહોદ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૬૨૩૭ **શ્રી વીછીયાભાઈ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન અપાયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૫૨ |
| ૨ | ગરબાડા | ૧૩૪ |
| ૩ | ઝાલોદ | ૩૧૬ |
| ૪ | લીમખેડા | ૨૪૭ |
| ૫ | દે. બારીયા | ૧૫૬ |
| ૬ | ધાનપુર | ૧૨૧ |
| ૭ | ફતેપુર | ૧૨૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) એકપણ નહિ. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી. |

**બોરદા મુખ્ય રસ્તાથી બુધવાડા સુધીના રસ્તાની સુવિધા**

* ૧૫૭૬૪ **શ્રી આંનદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ તાપી જિલ્લાના | (૧) મેટલ સપાટીના રસ્તાની સુવિધા છે. |

સોનગઢ–સેરૂલા–બોરદા મુખ્ય રસ્તાથી મોજે બુધવાડા સુધી રસ્તાની કોઈ સુવિધાઓ નથી તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ રસ્તાની સુવિધા નહી આપવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ રસ્તાઓની મંજૂરી અપાશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જામનગર જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૬૨૯૨ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે?

**જવાબ**

૫૨,૮૧૫ દર્દીઓએ સેવાનો લાભ લીધો છે.

**રાજકોટ અને ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૬૨૯૯ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ રાજકોટ અને ભાવનગર જિલ્લામાં કેટલા બાળકોનું હ્રદય–પોલીયો, કિડની અને કેન્સરના દર્દી તરીકે નિદાન થયું, અને

(૨) તેવા બાળકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) નીચેના પત્રક મુજબ

| વર્ષ | જિલ્લો | હ્રદય | પોલીયો | કિડની | કેન્સર |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | રાજકોટ | ૨૪૮ | ૦ | ૫૬ | ૬૮ |
| | ભાવનગર | ૧૮૮ | ૦ | ૩૭ | ૫૪ |
| ૨૦૧૪–૧૫ | રાજકોટ | ૨૦૨ | ૦ | ૪૯ | ૫૩ |

(૨) તેવા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિના મૂલ્યે સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

**આણંદ અને બાવળા તાલુકામાં ડામર સપાટીના રસ્તા બનાવવા બાબત**

* ૧૫૨૫૦ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ પાકી સપાટીના છે અને કેટલા રસ્તાઓ કાચી સપાટીના છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા તાલુકાના કયા રસ્તાને કાચી સપાટીમાંથી પાકી સપાટીના બનાવવામાં આવ્યા, અને

(૩) આ બાકી રહેતા કાચી સપાટીના રસ્તાઓને ક્યાં સુધીમાં પાકી સપાટીના કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકો | પાકી સપાટી | કાચી સપાટી |
|---|---|---|
| સાણંદ | ૧૮૪ | ૧૮ |
| બાવળા | ૧૧૭ | ૮ |

(૨) તા. ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ સુધીમાં
(૧) સાણંદ તાલુકાનો ગરોડીયા થી કલોડીયા રોડ
તા. ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ સુધીમાં
૧. સાણંદ તાલુકાનો મણીપુર ટુ મણીપુર ડેન્ટલ કોલેજ રોડ
૨. બાવળા તાલુકાનો કાવીઠા ચલોડા રોડ

(૩) તાંત્રિક જરૂરીયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે.

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુ,કમળા અને ડેન્ગ્યુના નોંધાયેલ કેસો**

* ૧૫૩૬૦ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વાઈન ફ્લુ, કમળા અને ડેન્ગ્યુના કુલ કેટલા કેસો નોંધાયા હતા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં બે વર્ષમાં સ્વાઈન ફ્લુ, કમળા અને ડેન્ગ્યુના કેસોની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | | ૨૦૧૩ | | ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રોગનું નામ | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા |
| ૧ | સ્વાઈન ફ્લુ | ૧૬૫ | ૧૩ | ૦૯ | ૨ |
| ૨ | કમળો | ૩૬૫૬ | ૦ | ૩૫૩૫ | ૦ |
| ૩ | ડેન્ગ્યુ | ૭૨૦ | ૦ | ૬૩૮ | ૦ |

(૨) આ પૈકી કેટલા દર્દીઓના મૃત્યુ થયા ?

(૨) તે પૈકી થયેલ મૃત્યુની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | | ૨૦૧૩ | | ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રોગનું નામ | શહેર | જિલ્લા | શહેર | જિલ્લા |
| ૧ | સ્વાઈન ફ્લુ | ૩૩ | ૦૨ | ૦૩ | ૦૧ |
| ૨ | કમળો | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૩ | ડેન્ગ્યુ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૦ |

## અમરેલી જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ

* ૧૬૨૮૮ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ દ્વારા તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ?

**જવાબ**

૪૮,૩૬૩ દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે.

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં ગામ ફળીયાઓને પાકા રસ્તાઓની સુવિધા

* ૧૭૫૩૮ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૨૫૦ થી ૫૦૦ અને ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ક્યાં ગામ ફળીયાઓ બાર–માસી પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે, અને

**જવાબ**

(૧) ૨૫૦ થી ૫૦૦ ની વસ્તીવાળા

| તાલુકો | ગામ ફળીયા |
|---|---|
| ભિલોડા | ૨ |
| મેઘરજ | ૦ |

૨૫૦ થી ઓછી વસ્તીવાળા

| તાલુકો | ગામ ફળીયા |
|---|---|
| ભિલોડા | ૮ |
| મેઘરજ | ૧૨ |
| કુલ | ૨૦ |
| એકંદરે કુલ | ૨૨ |

**પરિશિષ્ટ–૧ મુજબ**

**પરિશિષ્ટ–૧ ભિલોડા અને મેઘરજ તાલુકાના ૨૫૦થી૫૦૦ વસ્તીવાળા ગામ ફળીયા**

| અ.નં. | તાલુકો | સુવિધાથી વંચિત ગામ ફળીયાનું નામ | મંજૂર રકમ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભિલોડા | ફાંટા તળાવ | ૧૦૮.૧૨ | જંગલ જમીનનો પ્રશ્ન |
| ૨ | ભિલોડા | સરાણી | ૯૩.૨૯ | જંગલ જમીનનો પ્રશ્ન |
| | મેઘરજ | શૂન્ય | ૦.૦૦ | |
| | | **એકંદરે કુલ–૨** | **૨૦૧.૪૧** | |

**ભિલોડા અને મેઘરજ તાલુકાના ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ગામ ફળીયા**

| અ. નં. | તાલુકો | સુવિધાથી વંચિત ગામ ફળીયાનું નામ | મંજૂર રકમ | હાલની પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભિલોડા | બેડાફળીયા | ૫૦.૦૦ | પ્રગતિમાં |
| ૨ | ભિલોડા | દામાફળીયા | ૩૫.૦૦ | પ્રગતિમાં |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ભિલોડા | તલાવફળીયા | ૧૦૦.૦૦ | પ્રગતિમાં |
| ૪ | ભિલોડા | ભવાનપુર | ૫૦.૦૦ | પ્રગતિમાં |
| ૫ | ભિલોડા | ડાભીફળીયા | ૧૦૫.૦૦ | ખાનગી જમીનનો પ્રશ્ન |
| ૬ | ભિલોડા | મઠટીબા | ૫૫.૦૦ | ખાનગી જમીનનો પ્રશ્ન |
| ૭ | ભિલોડા | શણગાલ | ૯૦.૦૦ | ખાનગી જમીનનો પ્રશ્ન |
| ૮ | ભિલોડા | આંગણવાડી ફળીયા | ૧૬૦.૦૦ | ખાનગી જમીનનો પ્રશ્ન |
| ૯ | મેઘરજ | નારસોલી | ૮૦.૦૦ | ખાનગી જમીનનો પ્રશ્ન |
| ૧૦ | મેઘરજ | નવાઘરા | ૨૦૦.૦૦ | પ્રગતિમાં |
| ૧૧ | મેઘરજ | હુંજેલી | ૧૦૦.૦૦ | પ્રગતિમાં |
| ૧૨ | મેઘરજ | ભગોરાફળી(ગૌ) | ૭૫.૦૦ | પ્રગતિમાં |
| ૧૩ | મેઘરજ | કટારાફળી | ૫૧.૦૦ | પ્રગતિમાં |
| ૧૪ | મેઘરજ | ખરાડીફળી | ૧૦૦.૦૦ | પ્રગતિમાં |
| ૧૫ | મેઘરજ | અસારીફળી | ૭૦.૦૦ | પ્રગતિમાં |
| ૧૬ | મેઘરજ | ડામોરફળી | ૬૩.૭૧ | પ્રગતિમાં |
| ૧૭ | મેઘરજ | ધુલેટા | ૭૫.૦૦ | પ્રગતિમાં |
| ૧૮ | મેઘરજ | રાંતફળી | ૭૦.૦૦ | પ્રગતિમાં |
| ૧૯ | મેઘરજ | ખરાડીફળી | ૧૨૦.૦૦ | જંગલ જમીનનો પ્રશ્ન |
| ૨૦ | મેઘરજ | પીપલીયા | ૧૨૦.૦૦ | જંગલ જમીનનો પ્રશ્ન |
| | | **એકંદર કુલ-૨૦** | **૧૭૬૯.૭૧** | |

(૨) આ ગામ ફળીયાઓને ક્યાં સુધીમાં પાકા બારમાસી રસ્તાઓની સુવિધાઓ આપવામાં આવશે ?

(૨) ૧૩ ગામોને જોડતા રસ્તાનું કામ પ્રગતિમાં છે. જ્યારે બાકીના ૯ ગામોના રસ્તામાં વન વિભાગની મંજૂરી તેમજ જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

## રાજ્યમાં મેડીકલ કોલેજોમાં મંજૂર થયેલ બેઠકો

* ૧૬૭૨૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી તેમજ સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ કોલેજોમાં કેટલા વિદ્યાર્થીઓની બેઠકો મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી તેમજ સરકારી મેડીકલ કોલેજોમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ વિદ્યાર્થીઓની બેઠક મંજૂર થયેલ છે.

| ક્રમ | મેડીકલ કોલેજનું નામ | મંજૂર થયેલ બેઠક | |
|---|---|---|---|
| | **સરકારી મેડીકલ કોલેજો** | | |
| | | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ |
| ૧ | બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ | ૨૫૦ | ૨૫૦ |
| ૨ | સરકારી મેડીકલ કોલેજ, વડોદરા | ૧૮૦ | ૧૮૦ |
| ૩ | એમ.પી.શાહ, સરકારી મેડીકલ કોલેજ, જામનગર | ૨૦૦ | ૨૦૦ |
| ૪ | સરકારી મેડીકલ કોલેજ, સુરત | ૧૫૦ | ૧૫૦ |
| ૫ | પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ | ૧૫૦ | ૧૫૦ |
| ૬ | સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર | ૧૫૦ | ૧૫૦ |

**ખાનગી/સ્વનિર્ભર મેડીકલ કોલેજો**

| | | | |
|---|---|---|---|
| ૧ | એન.એચ.એલ. મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ | ૧૫૦ |
| ૨ | સુરત મ્યુ.ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, સુરત | ૧૫૦ | ૧૫૦ |
| ૩ | પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | ૧૦૦ | ૧૦૦ |
| ૪ | સી.યુ.શાહ, મેડીકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૧૦૦ | ૧૦૦ |
| ૫ | એ.એમ.સી.મેટ મેડીકલ કોલેજ, અમદાવાદ | ૧૫૦ | ૧૫૦ |
| ૬ | ગુજરાત અદાણી ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભુજ | ૧૫૦ | ૧૫૦ |

| | | | |
|---|---|---|---|
| ૭ | જી.એમ.ઈ.આર.એસ., મેડીકલ કોલેજ, સોલા, અમદાવાદ | ૧૫૦ | ૧૫૦ |
| ૮ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગોત્રી, વડોદરા | ૧૫૦ | ૧૫૦ |
| ૯ | જી.સી.એસ. મેડીકલ કોલેજ, અમદાદવાદ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૦ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, ગાંધીનગર | ૧૫૦ | ૧૫૦ |
| ૧૧ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, પાટણ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૨ | જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, વલસાડ | ૧૫૦ | ૧૫૦ |
| ૧૩ | બી.કે.શાહ મેડીકલ કોલેજ, વાઘોડીયા (વડોદરા) (ડીમ્ડ યુનિ.) | ૧૫૦ | ૧૫૦ |
| | **કુલ બેઠકો** | **૨૯૩૦** | **૨૯૩૦** |

(૨) આ પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨) આ પૈકી સરકારી તેમજ સ્વનિર્ભર મેડીકલ કોલેજ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪માં ૨૭૮૦ અને ૨૦૧૪-૧૫ ૨૭૮૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો.

(૩) કેટલી બેઠકો અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવી અને તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો ?

(૩) અનામત કક્ષાના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલ બેઠકો અને તે પૈકી યોગ્ય લાયકાત ધરાવતા પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની માહિતી નીચે મુજબ છે.

| **વર્ષ** | **અનામત બેઠકોની સંખ્યા** | **આપેલ પ્રવેશની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૧૭૮ | ૧૦૩૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૧૭૮ | ૧૧૩૮ |

### ભાવનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૬૨૫૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલી તાલુકાવાર આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન સુવિધા આપવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **ગેસ કનેકશન આપેલ આંગણવાડીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગારીયાધાર | ૯ |
| ૨ | શિહોર | ૫ |
| ૩ | વલ્લભીપુર | ૧૦ |
| ૪ | પાલીતાણા | ૨૬ |
| ૫ | ઘોઘા | ૧૧ |
| ૬ | તળાજા | ૩ |
| ૭ | મહુવા | ૧ |

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી ૭ આંગણવાડીઓ છે.

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

(૩) બાકી રહેતી ૭ આંગણવાડીઓ માટે ગેસ એજન્સીને ડીપોઝીટની રકમ ભરપાઈ કરવામાં આવેલ છે, તેથી ટૂંક સમયમાં તે આંગણવાડીઓમાં ગેસ કનેકશન મળી જશે.

### ધાનપુર ગરબાડા અને દાહોદ તાલુકાના રોડને સ્ટેટ હાઈવેમાં રૂપાંતર કરવા બાબત

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

* ૧૫૫૯૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુર, ગરબાડા અને દાહોદ તાલુકાના કેટલા અને ક્યા રોડને છેલ્લા એક વર્ષમાં સ્ટેટ હાઈવેમાં રૂપાંતર કરવામાં આવ્યા ? | કોઈ રસ્તાને રાજ્ય ધોરી માર્ગમાં રૂપાંતર કરેલ નથી. |

**પાલનપુર શહેરમાં નેશનલ હાઈવે નં.૧૪ અને સ્ટેટ હાઈવેને જોડતો બાયપાસ બનાવવા બાબત**

* ૧૭૪૬૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેરમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં.૧૪ના કારણે શહેરીજનો ગંભીર ટ્રાફિક સમસ્યા તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ ભોગવી રહ્યાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,<br>(૨) જો હા, તો નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવેને જોડતા બાયપાસ બનાવી સરકાર આ સમસ્યા દૂર કરવા માંગે છે કે કેમ, અને<br>(૩) જો હા, તો તેના આયોજનની શી વિગતો છે ? | (૧), (૨) અને (૩) : નેશનલ હાઈવે નં.૧૪, ભારત સરકારના નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયા હસ્તકનો રસ્તો છે, તેઓનાં આયોજનને ધ્યાને લઈ, આગળની કાર્યવાહી વિચારવામાં આવશે. |

**વાસદ–બગોદરા હાઈવે રોડનું કામ**

* ૧૫૯૬૦ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વાસદ–બગોદરા હાઈવે રોડનું કામ કેટલા સમયથી બંધ છે અને તેના કારણો શાં છે, અને<br>(૨) સદર રોડનું બજેટ કેટલું છે અને ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૧) બી.ઓ.ટી. ધોરણે કન્સેશનર દ્વારા કરવામાં આવતું આ કામ તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પ્રગતિ હેઠળ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.<br>(૨) આ માર્ગનું બાંધકામ બી.ઓ.ટી. ધોરણે હાથ ધરેલ હોઈ બાંધકામ માટે બજેટ ફાળવણી કરવાની થતી નથી. કન્સેશનર દ્વારા રૂ.૯૫૫ કરોડના પ્રોજેકટની સામે અંદાજે રૂ.૩૧૨ કરોડનો ખર્ચ કરેલ છે. સરકારશ્રી દ્વારા જમીન સંપાદન, યુટીલીટી શીફ્ટીંગ વગેરે માટે તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રૂ.૪૫,૬૬,૩૩,૧૪૬.૦૦ નો ખર્ચ થયેલ છે. |

**જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

* ૧૬૨૩૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન આપેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |
| ૨ | માણાવદર | ૧૩૬ |
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૩૬ |
| ૫ | ભેંસાણ | ૭૯ |
| ૬ | જૂનાગઢ | ૩૧૪ |
| ૭ | માળીયા | ૧૬૩ |
| ૮ | મેંદરડા | ૮૧ |
| ૯ | વિસાવદર | ૧૪૬ |

(૨) ઉકત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) એકપણ નહીં.

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમરેલી અને કુકાવાવ વડીયા તાલુકાના રોડના પેવરકામ**

* ૧૫૯૮૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ અમરેલી અને કુકાવાવ–વડીયા તાલુકામાં છેલ્લા સાત વર્ષથી પેવર ન થયા હોય તેવા ક્યા રોડ છે, | (૧), (૨) અને (૩) : *પરિશિષ્ટ–૧ મુજબ. |
| (૨) ઉકત સ્થિતિએ આ રસ્તાઓનું છેલ્લે ક્યારે પેવરકામ થયું હતું, | |
| (૩) ઉપરોકત રસ્તાઓના પેવરકામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | |
| (૪) ઉપરોકત રસ્તાઓ પૈકી ક્યા રસ્તાને નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં કઈ તારીખે કેટલી રકમની સૈધાંતિક, તાંત્રિક અને વહીવટી મંજૂરી આપવામાં આવી, અને આ મંજૂર થયેલ કામોને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) *પરિશિષ્ટ–૨ મુજબ. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૫૫ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલમાં છે, અને | (૧) આણંદ જિલ્લામાં કિશોરી શકિત યોજના ૨૦૦૬થી અમલમાં છે. |
| (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં કિશોરી શકિત યોજના હેઠળ આણંદ જિલ્લામાં ૩૬૮૦૮ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

**મહેસાણા જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના રસ્તાઓને મંજૂરી**

* ૧૭૧૦૬ **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર રાજ્ય સરકાર હસ્તકના કયા રસ્તાઓ કેટલી રકમ સાથેના છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) અને (૨) *પરિશિષ્ટ–અ મુજબ, ૬૧ રસ્તાના કામો મંજૂર થયા છે. તે પૈકી ૪૫ રસ્તાના કામો પુર્ણ થયા. |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાઓના કામો પૂર્ણ થયા? | |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ખાતે અપાતી તબીબી સેવાઓ**

* ૧૬૨૭૩ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી, અને | (૧) ૬,૫૫,૧૫૪ દર્દીઓને તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી. |
| (૨) આ પૈકી કેટલાને આઉટડોર, ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી? | (૨) આ પૈકી ૬,૧૦,૧૦૧ ને આઉટડોર દર્દીઓ તરીકે અને ૪૫,૦૫૩ ને ઈન્ડોર દર્દીઓ તરીકે તેમજ ઈન્ડોર પૈકી ૩૧,૩૪૧ ને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી. |

### રાજ્યમાં મેડિકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટીની ઉપલબ્ધ બેઠકો

* ૧૬૨૪૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કઈ સરકારી તેમજ સ્વનિર્ભર મેડિકલ કોલેજો ખાતે સુપર સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે, અને

(૨) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબની સરકારી તેમજ સ્વનિર્ભર મેડિકલ કોલેજો ખાતે સુપર સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે.

**સરકારી મેડિકલ કોલેજ.**

૧. બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ
૨. સરકારી મેડિકલ કોલેજ, વડોદરા.
૩. એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ,જામનગર
૪. સરકારી મેડિકલ કોલેજ, સુરત.

**સ્વનિર્ભર મેડિકલ કોલેજ.**

૧. શ્રીમતી એન.એચ.એલ.મ્યુ. મેડિકલ કોલેજ, અમદાવાદ
૨. શ્રીમતી બી.કે.શાહ મેડિકલ કોલેજ, વાઘોડિયા, વડોદરા

(૨) કુલ ૭૭ બેઠકો ઉપલબ્ધ છે.

### ભરૂચ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૬૨૩૬ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યાં છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન અપાયેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલીયા | ૯ |
| ૨ | અંકલેશ્વર | ૬ |
| ૩ | જંબુસર | ૧૪ |
| ૪ | ઝગડીયા | ૧૧ |
| ૫ | આમોદ | ૦ |
| ૬ | હાસોટ | ૦ |
| ૭ | વાગરા | ૬ |
| ૮ | ભરૂચ | ૧૦ |

(૨) એકપણ નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

### રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૬૨૪૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગેસ કનેકશન આપેલ આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | લોધિકા | ૮ |
| ૨ | જસદણ | ૨ |
| ૩ | રાજકોટ (૩) | ૧૫ |

| | | |
|---|---|---|
| ૪ | જામકંડોરણા | ૫ |
| ૫ | પડધરી | ૫ |
| ૬ | ઉપલેટા | ૭ |
| ૭ | ગોંડલ | ૧૧ |
| ૮ | જેતપુર | ૮ |
| ૯ | ધોરાજી | ૩ |
| ૧૦ | કોટડા | ૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યાં ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ ૨૭ આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ નથી.

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

(૩) બાકી રહેતી કુલ ૨૭ આંગણવાડીઓ માટે આઈ.ઓ.સી. એજન્સી દ્વારા ભાવ પત્રક મેળવીને ગેસ કનેકશન આપવામાં આવશે.

**દાહોદ અને મહિસાગર જિલ્લામાં સરકારી મેડિકલ કોલેજ શરૂ કરવા બાબત**

* ૧૬૩૨૦ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ અને મહિસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી મેડિકલ કોલેજ આવેલી છે,

(૨) જો સરકારી મેડિકલ કોલેજ ના હોય તો ઉક્ત જિલ્લાઓમાં સરકાર મેડિકલ કોલેજ શરૂ કરવા માંગે છે, અને

(૩) જો હા, તો ક્યારે કામ શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ અને મહિસાગર જિલ્લામાં કોઈપણ સરકારી અથવા ખાનગી મેડિકલ કોલેજ આવેલી નથી.

(૨) આ બાબતે કોઈ આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની મંજુરી**

* ૧૬૨૭૭ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઓથોરાઈઝેશન કમીટી દ્વારા કુલ કેટલી લીવર પ્રત્યારોપણની મંજુરીઓ અપાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ મંજુરી માંગતી લીવર પ્રત્યારોપણની કેટલી અરજીઓ પડતર છે?

**જવાબ**

(૧) ૩૭

(૨) શુન્ય

**સુરત જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૬૨૪૧ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે,

(૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) સુરત ગ્રામ્ય વિસ્તારમાં **૨૧૩૨૩** લાભાર્થીઓ સુરત મહાનગર પાલિકામાં **૧૪૪૭૨** લાભાર્થીઓ આમ એકંદરે **૩૫૭૯૫** લાભાર્થીઓ આવરી લેવામાં આવેલ છે.

(૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં **૧૯૯** લોકોને તાલીમ આપવામાં આવેલ છે.

(૩) સુરત જિલ્લામાં કિશોરીઓની તાલીમ આઈ.ટી.આઈ. મારફત કરવામાં આવેલ હોવાથી આ વિભાગ હેઠળ આ યોજના હેઠળ તાલીમ પાછળ કોઈ ખર્ચ થયેલ નથી.

**અમરેલી જિલ્લા પંચાયત હેઠળ કાર્યરત પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

* ૧૬૩૦૦ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લા પંચાયત હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે,

(૨) પ્રત્યેક આરોગ્ય કેન્દ્રનો પ્રતિ માસ સરેરાશ

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – ૩૯
સામુહિક આરોગ્ય કેન્દ્રો – ૧૨

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત * પત્રક–૧ અને

કેટલા દર્દીઓ લાભ લે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રનો પ્રતિ માસ સરેરાશ દવાઓનો ખર્ચ, વહીવટી ખર્ચ અને પગાર ખર્ચ કેટલો છે?

સામૂહિક આરોગ્ય કેન્દ્રોની વિગત * પત્રક–૨ મુજબ છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ખર્ચની વિગત *પત્રક–૩ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના ખર્ચની વિગત *પત્રક–૪ મુજબ છે

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ગુંથલી માતાજીના મંદિર અને હાજીપીર દરગાહ વચ્ચેનો રસ્તો ડબલ ટ્રેકનો કરવા બાબત**

* ૧૭૪૦૩ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગુંથલી માતાજી મંદિર અને પવિત્ર હાજીપીર દરગાહ વચ્ચેનો કચ્છ જિલ્લામાં આવેલો અત્યંત મહત્વનો દેશલપર (ગુ.) થી હાજીપીર દરગાહ સુધીનો રસ્તો અત્યંત સાંકડો હોવાથી યાત્રિકોને પડતી મુશ્કેલી દૂર કરવા ડબલ ટ્રેક ક્યારે બનાવાશે ? | હાલ કોઈ આયોજન નથી. |

**ભુજ ખાતેની મેડીકલ કોલેજમાં ફીનું માળખું**

* ૧૭૪૭૮ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભૂજ સ્થિત અદાણી ગૃપને સોંપાયેલ મેડીકલ કોલેજનાં વિદ્યાર્થીઓની ફીનું માળખું ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ શું નક્કી કરવામાં આવ્યું છે, | (૧) ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત અદાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સીસ, ભુજને ધી ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુટન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીકસેશન ઓફ ફીસ) એક્ટ ૨૦૦૭ મુજબ ફી રેગ્યુલેટરી કમિટી (મેડીકલ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૧૪–૧૫ સુધી વાર્ષિક ૩.૨૫ લાખની ફીનું માળખું સરકારી ક્વોટાની ૭૫ ટકા અને મેનેજમેનેટ ક્વોટાની ૧૦ ટકા બેઠકો માટે નક્કી કરવામાં આવેલ છે. |
| (૨) આ કોલેજમાં વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ૨૫ લાખ જેટલી ખૂબ ઉંચી રકમની ફી ગેરકાયદે વસુલવામાં આવી રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૨) આવી કોઈ રજુઆત મળેલ નથી. |
| (૩) જો હા, તો ઉંચી ફી વસુલવાના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ કોલેજમાં સરકારી જોગવાઈ અનુસાર ફી વસુલ લેવાના શા આદેશો કરવામાં આવ્યા છે ? | (૪) ધી ગુજરાત પ્રોફેશનલ મેડીકલ એજ્યુકેશનલ કોલેજીસ ઓર ઈન્સ્ટીટ્યુટન્સ (રેગ્યુલેશન ઓફ એડમીશન એન્ડ ફીકેસેશન ઓફ ફીસ) એક્ટ ૨૦૦૭ ના સેકશન–૯ અનુસાર રચવામાં આવેલ ફી રેગ્યુલેટરી કમિટી (મેડીકલ) દ્વારા તેઓના ઓર્ડર ક્રમાંકઃ એફઆરસી–૩૯૭–૫૦૫–૨૦૧૨ તા.૧૨–૭–૨૦૧૨થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૧૪–૧૫ સુધી વાર્ષિક ૩.૨૫ લાખ નક્કી કરવામાં આવેલ છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**પ્રાંતિજ શહેરમાં વિશ્રામગૃહ બનાવવા બાબત**

* ૧૫૯૪૩ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પ્રાતિજ શહેરમાં કોઈ વિશ્રામગૃહ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) નવીન વિશ્રામગૃહ બનાવવા માટે કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) નવીન વિશ્રામગૃહ બનાવવા અંગે કોઈ આયોજન છે કે કેમ ? | (૩) કામની જરૂરિયાત, નાણાંકીય ઉપલબ્ધતા, કામોનો આંતરિક અગ્રતાક્રમ ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારવામાં |

આવશે.

**ઠાસરા તાલુકામાં રસ્તાઓને રીસરફેસીંગ કરવા બાબત**

*૧૫૯૭૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના દસ વર્ષ કરતાં વધારે સમયના રસ્તાઓને રીસરફેસીંગ નહીં કરવાના કારણો શાં છે, અને | (૧) અને (૨) રસ્તાઓ વાહનવ્યવહાર યોગ્ય છે, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તબક્કાવાર રસ્તાઓ જરૂરિયાત પ્રમાણે રીસરફેસ કરવામાં આવે છે. |
| (૨) કેટલા સમયમાં આ રસ્તાઓના કામની મંજૂરી આપવામાં આવશે ? | |

**કાંકરેજ તાલુકામાં રમતગમતના મેદાનોની સુવિધા**

* ૧૫૭૯૨ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં રમતગમતના કેટલા મેદાનો છે, અને | (૧) સાત. |
| (૨) આ મેદાનોમાં કયા પ્રકારની સુવિધાઓ આપવા છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ફાળવવામાં આવી ? | (૨) રકમ ફાળવવામાં આવી નથી. |

**ખેડા જિલ્લામાં બોગસ ડોકટરો પકડવા બાબત**

* ૧૫૩૪૨ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા બોગસ ડોકટરો અને બોગસ લેબોરેટરીઓ છેલ્લા બે વર્ષમાં પકડવામાં આવી, અને

(૨) આ બોગસ ડોકટરો અને બોગસ લેબોરેટરીઓ પકડવા માટે સરકારે અસરકારક શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ છેલ્લા બે વર્ષમાં બોગસ ડોકટર અને બોગસ લેબોરેટરી પકડવામાં આવી.

| **તાલુકો** | **પકડાયેલ બોગસ ડોકટરો** | **પકડાયેલ બોગસ લેબોરેટરીઓ** |
|---|---|---|
| મહુધા | ૨ | શુન્ય |
| અન્ય તાલુકા | શૂન્ય | શૂન્ય |

(૨) બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરો દ્વારા અપાતી સારવાર અટકાવવા રાજ્યના તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ અને જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવેલ છે.

તેમના દ્વારા તેઓના જિલ્લાની ફેરણી દરમ્યાન ધ્યાને આવ્યેથી અથવા કોઈ ફરીયાદ અરજી મળેથી બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરો સામે તપાસ કરી નિયમોનુસાર પગલાં ભરવામાં આવે છે તથા જરૂરી જણાયે પોલીસ ફરીયાદ કરવામાં આવે છે.

સરકારશ્રી દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને જીલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી પાસેથી સમયાંતરે પ્રગતિ અહેવાલ મંગાવવામાં આવે છે.

**રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા**

* ૧૬૧૬૫ **શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી કેન્દ્રની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **તાલુકાવાર મંજુર આંગણવાડી કેન્દ્રોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | લોધિકા | ૫૩ |
| ૨ | જસદણ | ૨૧૪ |

| | | |
|---|---|---|
| ૩ | રાજકોટ ગ્રામ્ય | ૧૭૩ |
| ૪ | જામકંડોરણા | ૯૨ |
| ૫ | પડધરી | ૮૯ |
| ૬ | ઉપલેટા | ૧૫૭ |
| ૭ | ગોંડલ | ૨૦૮ |
| ૮ | જેતપુર | ૧૪૩ |
| ૯ | ધોરાજી | ૧૨૩ |
| ૧૦ | કોટડા | ૮૭ |
| | **કુલ** | **૧૩૩૯** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૨) તે પૈકી ૧૨૩ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી.

(૩) ઉક્ત આંગણવાડી કેન્દ્રોમાં સરકાર કેટલા સમયમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવા માગે છે ?

(૩) બનતી ત્વરાએ

**દાહોદ તાલુકામાં નવીન રસ્તાઓ માટે મળેલ દરખાસ્તો**

* ૧૫૬૨૪ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ તાલુકામાં પંચાયત તથા રાજ્ય હસ્તકના નવીન રસ્તાઓ માટે કેટલી દરખાસ્તો સરકારમાં આવી, અને

(૨) તે અન્વયે કેટલી દરખાસ્તો મંજુર કરી, અને કેટલાના કામો હાથ ધરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧૩.

(૨) પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે, આથી ઉક્ત ૧૩ દરખાસ્તો નોન પ્લાન રસ્તાની હોઈ તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતાના ધોરણે વિચારવામાં આવશે.

**સીમર સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ બનાવવા બાબત**

* ૧૬૧૮૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સીમર સામુહિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગ બનાવવા કેટલી રકમ કયા વર્ષમાં મંજૂર કરવામાં આવી, અને

(૨) આ બિલ્ડીંગનું કામ કયા સ્થળે ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર–સોમનાથ જિલ્લાના ઉના તાલુકામાં સીમર સામુહિક આરોગ્ય કેન્દ્રનું બિલ્ડીંગ બનાવવા માટે રૂ. ૨૬૦.૦૦ લાખની રકમ વર્ષ–૨૦૧૧–૧૨ માં મંજૂર કરવામાં આવી છે.

(૨) સ્થળ બાબતે નિર્ણય થયેલ ન હોઈ જરૂરી નિર્ણય થયેથી બિલ્ડીંગનું કામ હાથ પર લઈ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**વલસાડ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૫૩૫૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રો કેટલા છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા | સામુહિક આરોગ્ય કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૭ | ૧ |
| ૨ | કપરાડા | ૯ | ૨ |
| ૩ | પારડી | ૫ | ૨ |
| ૪ | ઉમરગામ | ૯ | ૨ |
| ૫ | વલસાડ | ૯ | ૨ |
| ૬ | વાપી | ૨ | ૧ |
| | **કુલ** | **૪૧** | **૧૦** |

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–અ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ

છે.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરિયાત મુજબ આઉસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**ખેડા અને મહીસાગર જિલ્લામાં કિશોરી શક્તિ યોજના લાભાર્થીઓ**

* ૧૬૩૯૫ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કિશોરી શક્તિ યોજના હેઠળ કુલ કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે, અને

(૨) આ યોજના પાછળ જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શક્તિ યોજના હેઠળ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **પૂરક પોષણ આપવામાં આવેલ કિશોરીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૩૧–૧૨–૨૦૧૩ અંતિત** | **તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત** |
| ૧ | માતર | ૭૦૨૫ | ૭૩૯૭ |
| ૨ | ઠાસરા | ૪૨૧૩ | ૬૫૪૭ |
| ૩ | મહેમદાવાદ | ૫૦૨૦ | ૫૦૨૦ |
| ૪ | કપડવંજ | ૬૭૩૮ | ૭૧૨૫ |
| ૫ | કઠલાલ | ૩૩૩૬ | ૩૪૮૩ |
| ૬ | નડિયાદ | ૮૬૦૦ | ૮૬૦૦ |
| ૭ | મહુદા | ૨૫૬૬ | ૩૨૭૭ |
| ૮ | ખેડા | ૨૩૪૯ | ૨૩૯૦ |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કિશોરી શક્તિ યોજના હેઠળ કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવેલ છે, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **પૂરક પોષણ આપવામાં આવેલ કિશોરીઓની સંખ્યા** | |
|---|---|---|---|
| | | **તા. ૩૧–૧૨–૨૦૧૩ અંતિત** | **તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત** |
| ૧ | લુણાવાડા | ૦ | ૦ |
| ૨ | ખાનપુર | ૦ | ૦ |
| ૩ | કડાણા | ૦ | ૦ |
| ૪ | સંતરામપુર | ૦ | ૦ |
| ૫ | બાલાશિનોર | ૩૩૫૨૫ | ૩૪૯૫૨ |
| ૬ | વિરપુર | ૨૬૦૯૩ | ૨૬૨૧૬ |

(૨) (૧) આ યોજના પાછળ **ખેડા જિલ્લામાં** વર્ષ **૨૦૧૩–૧૪માં કુલ રૂ. ૧૦૩.૩૬** અને વર્ષ **૨૦૧૪–૧૫માં કુલ રૂ. ૧૦૯.૦૦ નો** ખર્ચ કરવામાં આવ્યો.

(૨) આ યોજના પાછળ **મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં કુલ રૂ. ૪૧૭.૩૨૬** અને **વર્ષ ૨૦૧૪–૧૫માં કુલ રૂ. ૪૨૮૧૭૬** નો ખર્ચ કરવામાં આવ્યો.

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

**નડિયાદ જનરલ હોસ્પિટલમાં મંજુર મહેકમ**

* ૧૫૪૬૯ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાની નડીયાદ જનરલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલુ મહેકમ મંજુર થયેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાની નડીયાદ જનરલ હોસ્પિટલોમાં સંવર્ગવાર નીચે મુજબ મહેકમ મંજુર થયેલ છે.

| સંવર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| વર્ગ-૧ | ૧૮ |
| વર્ગ-૨ | ૨૦ |
| વર્ગ-૩ | ૭૮ |
| વર્ગ-૪ | ૪૫ |
| **કુલ** | **૧૬૧** |

વિગતવાર *પત્રક-૧ સામેલ છે.

**પ્રશ્ન**

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

**જવાબ**

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૨ |
| વર્ગ-૨ | ૧૧ |
| વર્ગ-૩ | ૫૮ |
| વર્ગ-૪ | ૪૫ |
| **કુલ** | **૧૨૬** |

વિગતવાર *પત્રક-૧ સામેલ છે.

**પ્રશ્ન**

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૩) વિગતવાર *પત્રક-૧ સામેલ છે.
વર્ગ-૧, ૨ના ડૉક્ટરોની જગ્યાઓ યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.
વર્ગ-૩માં જુદાજુદા કેડરોમાં સીધી ભરતી / બઢતીથી ભરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.
વર્ગ-૪માં આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**પંચમહાલ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ પેટર્ન**

* ૧૭૭૬૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ પેટર્ન શુ છે, અને

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે?

**જવાબ**

(૧) અને (૨) સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે ***પત્રક-અ** અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે ***પત્રક-બ** સામેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**જૂનાગઢ જિલ્લામાં મંજૂર થયેલ નવા સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો**

*૧૫૮૪૩ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કઈ જગ્યાએ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલાં છે,

**જવાબ**

(૧) ***પત્રક-અ** મુજબ.

**પત્રક-અ**

**તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જીલ્લામાં તાલુકાવાર આવેલ સામુહીક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની વિગત દર્શાવતું પત્રક**

| તાલુકાનું નામ | ક્રમ | સા.આ. કેન્દ્રનું નામ | ક્રમ | પ્રા.આ. કેન્દ્રનું નામ |
|---|---|---|---|---|
| ભેસાણ | ૧ | ભેસાણ | ૧ | ચુડા |
| | | | ૨ | રાણપુર |
| જુનાગઢ | ૨ | બિલખા | ૩ | બગડુ |
| | | | ૪ | ડુંગરપુર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ૫ | ખાડીયા |
| | | | ૬ | મજેવડી |
| | | | ૭ | વડાલ |
| કેશોદ | ૩ | કેશોદ | ૮ | અગતરાઈ |
| | | | ૯ | અજાબ |
| | | | ૧૦ | બાલાગામ |
| | | | ૧૧ | કેવાદ્રા |
| | | | ૧૨ | મેસવાણ |
| માળીયા હાટીના | ૪ | ચોરવાડ | ૧૩ | અમરાપુર ગીર |
| | | | ૧૪ | ભાંડુરી |
| | | | ૧૫ | ગડુ |
| | ૫ | માળીયા હાટીના | ૧૬ | જુથાલ |
| | | | ૧૭ | ખોરાસા ગીર |
| | | | ૧૮ | કુકસવાડા |
| માણાવદર | ૬ | માણાવદર | ૧૯ | બાંટવા |
| | | | ૨૦ | લીંબુડા |
| | | | ૨૧ | નાકરા |
| | | | ૨૨ | સરદારગઢ |
| માંગરોલ | ૭ | માંગરોલ | ૨૩ | બગસરા (ઘેડ) |
| | | | ૨૪ | મેખડી |
| | | | ૨૫ | શીલ |
| મેંદરડા | ૮ | મેંદરડા | ૨૬ | દત્રાણા |
| | | | ૨૭ | ડેડાકીયાલ |
| | | | ૨૮ | સાસણ |
| વંથલી | ૯ | વંથલી | ૨૯ | કણઝા |
| | | | ૩૦ | શાપુર |
| | | | ૩૧ | થાણાપીપલી |
| વિસાવદર | ૧૦ | વિસાવદર | ૩૨ | બરડીયા |
| | | | ૩૩ | ભાલગામ |
| | | | ૩૪ | કાલસરી |
| | | | ૩૫ | કોટડા મોટા |
| | | | ૩૬ | મોનપરી મોટી |

(૨) તે અન્વયે છેલ્લાં બે વર્ષમાં કઈ જગ્યાએ નવા સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયાં, અને

(૨) એક પણ નવા સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયેલ નથી. નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વિગત નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** |
|---|---|
| કેશોદ | અગતરાઈ |
| માળીયા હાટીના | ગડુ |
| વિસાવદર | બરડીયા |

(૩) મંજુર થયેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ ક્યાં સુધીમાં ચાલુ થશે અને કેટલાં સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) વર્ષ ૨૦૧૫-૧૬ માં જોગવાઈ મુકવામાં આવેલ છે જે મંજુર થયેથી કાર્યવાહી ચાલુ થશે અને વર્ક ઓર્ડર આપ્યા પછી ૧૨ માસમાં કામ પૂર્ણ કરવામાં આવશે.

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓના મકાનો બનાવવા બાબત**

* ૧૫૪૭૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર જે આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. તેની માહિતી નીચે મુજબ છે.

**અમદાવાદ જિલ્લો :-**

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી** |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૪૬ |

| | | |
|---|---|---|
| ૨ | બાવળા | ૫૯ |
| ૩ | ધોળકા | ૮૨ |
| ૪ | ધંધુકા | ૩૨ |
| ૫ | બરવાળા | ૨ |
| ૬ | રાણપુર | ૨૪ |
| ૭ | વિરમગામ | ૫૦ |
| ૮ | માંડલ | ૧૧ |
| ૯ | દેત્રોજ | ૨ |
| ૧૦ | સાણંદ | ૬૪ |

**ગાંધીનગર જિલ્લો :-**

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ૧૬૪ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. જેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ભાડાના મકાન ધરાવતી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૨ |
| ૨ | દહેગામ | ૨૧ |
| ૩ | કલોલ | ૧૦૦ |
| ૪ | માણસા | ૨૧ |

(૨) આ આંગણવાડીઓના મકાનો સરકાર ક્યાં સુધીમાં બનાવવા માંગે છે?

(૨) બનતી ત્વરાએ.

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અટકાવવા લીધેલ પગલાં**

* ૧૫૬૩૭ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અટકાવવા માટે કેટલા દરોડાઓ પાડ્યા,

(૨) તે પૈકી કેટલા નમુનાઓમાં ભેળસેળ જણાઈ આવેલ, અને

(૩) તે અન્વયે શાં પગલાઓ લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અટકાવવા માટે પાડેલ દરોડાઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મહીસાગર જિલ્લામાં પાડેલ દરોડાની સંખ્યા (તા. ૧૫–૦૮–૨૦૧૩ થી) | વર્ષ | પંચમહાલ જિલ્લામાં પાડેલ દરોડાની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૩ | ૨૦ | ૨૦૧૩ | ૨૦૫ |
| ૨૦૧૪ | ૭૨ | ૨૦૧૪ | ૧૪૪ |

(૨) તે પૈકી ભેળસેળ જણાઈ આવેલ તેવા નમુનાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મહીસાગર જિલ્લો | વર્ષ | પંચમહાલ જિલ્લો |
|---|---|---|---|
| ૨૦૧૩ | ૦૦ | ૨૦૧૩ | ૭ |
| ૨૦૧૪ | ૦૪ | ૨૦૧૪ | ૯ |

(૩) (૧) મહીસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં ૧ કિસ્સામાં કસુરવારો સામે એડજ્યુડિકેટીંગ ઓફિસર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૩ કિસ્સામાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલે છે.

(૨) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૩માં ૬ કિસ્સામાં કસુરવારો સામે એડજ્યુડિકેટીંગ ઓફિસર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે. અને ૧ કિસ્સામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કોર્ટ કેસ દાખલ કરવા પર સ્ટે આપેલ છે.

(૩) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં ૨ કિસ્સામાં

કસુરવારો સામે એડજ્યુડિકેટીંગ ઓફિસર સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૬ કિસ્સામાં કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલે છે. અને ૧ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવેલ છે.

### અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત

* ૧૫૯૩૭ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવરચીત અરવલ્લી જિલ્લામાં કયા સ્થળે સિવિલ હોસ્પિટલ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે?

**જવાબ**

નવરચીત અરવલ્લી જિલ્લામાં મુખ્ય મથક મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલ બનાવવા સ્થળ નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ છે.

### એમ. પી.શાહ મેડિકલ કોલેજોમાંથી પુસ્તકો ગુમ થવા બાબત

* ૧૫૯૧૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગરમાં આવેલ એમ. પી. શાહ મેડિકલ કોલેજમાંથી અંદાજે ૧૮૫૯ પુસ્તકો ગુમ થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પુસ્તકો ગુમ થવા અંગે તપાસ અર્થે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે બેદરકારી દાખવનાર કેટલા દોષિત સામે શાં પગલા લીધા?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### ભાવનગર જિલ્લામાં આયુર્વેદની દવાઓ માટે રોપા ઉગાડવા બાબત

* ૧૬૪૧૭ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ભાવનગર જિલ્લામાં આયુર્વેદની દવાઓ ઉત્પન્ન કરવા માટે કઈ નર્સરીમાં કેટલાં રોપાઓ ઉગાડવામાં આવેલ છે,

(૨) ઉક્ત વર્ષવાર કઈ આયુર્વેદની દવાઓનું વિતરણ કયા સ્થળેથી કરવામાં આવ્યુ, અને

(૩) દવાઓના વિતરણ અન્વયે કેટલી આવક થઈ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫માં નાયબ વન સંરક્ષકશ્રી, ભાવનગર વનવિભાગ ભાવનગર દ્વારા વિક્ટોરીયા પાર્કમાં ૫૦,૦૦૦ ઔષધીય વનસ્પતિઓના રોપાઓ નર્સરીઓમાં ઉગાડવામાં આવેલ છે.

(૨) ભાવનગર જિલ્લામાં આવેલ (૧) તાપીબાઈ સરકારી આયુર્વેદ હોસ્પિટલ–ભાવનગર (૨) સરકારી આયુર્વેદ હોસ્પિટલ–તળાજા અને (૩) જિલ્લામાં આવેલ નીચેના સરકારી આયુર્વેદ દવાખાનાઓમાંથી આયુર્વેદ દવાઓનું વિતરણ નીચેના સ્થળોએથી કરવામાં આવે છે :-

(૧) બુધેલ (૨) સનેસ (૩) રૂવા (૪) ભાઈચંદ મોતીચંદ દવાખાનું, ભાવનગર (૫) વેળાવદર (૬) કદરેજ (૭) અવાણીયા (૮) સાતપડા (૯) ઈંટીયા (૧૦) ઉંચાકોટડા (૧૧) ભાદ્રોડ (૧૨) કોટામુઈ (૧૩) વરલ (૧૪) દિહોર (૧૫) પસવી (૧૬) સરતાનપર (૧૭) લીમડા (૧૮) હડમતિયા (૧૯) ચોગઠ (૨૦) પચ્છેગામ (૨૧) કાનપર (૨૨) નવાગામ ઢાળ (૨૩) ઠાડચ.

(૩) સમગ્ર રાજ્યમાં આવેલ આયુર્વેદ હોસ્પિટલો તેમજ આયુર્વેદ દવાખાનાઓમાં સારવાર માટે આવતા દર્દીઓને દવાઓ વિનામુલ્યે પુરી પાડવામાં આવે છે.

### છોટાઉદેપુર જિલ્લામાં નવી આંગણવાડીઓ માટેની દરખાસ્તો

* ૧૫૫૨૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર નવી આંગણવાડી માટે કેટલી દરખાસ્તો સરકારને મળી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વસ્તીના ધોરણે દરખાસ્ત કરેલ આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૫ |
| ૨ | કવાંટ | ૭૭ |
| ૩ | નસવાડી | ૪૦ |
| ૪ | પાવી જેતપુર | ૭૭ |
| ૫ | સંખેડા | ૧૨૭ |
| ૬ | બોડેલી | ૮૭ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી અને કેટલી બાકી છે, અને

(૨) ઉક્ત ૪૪૩ આંગણવાડી કેન્દ્રોની આવેલી દરખાસ્તોની ભારત સરકારશ્રીના વસ્તીના માપદંડો અનુસાર ચકાસણી કરીને અત્રેથી તા.૧૨-૨-૨૦૧૪ અને તા.૧૬-૬-૨૦૧૪ થી કુલ ૩૯૭ આંગણવાડી કેન્દ્રોની દરખાસ્તો ભારત સરકારશ્રીને મંજુરી અર્થે મોકલવામાં આવેલી છે.

(૩) આ મંજુર થયેલ દરખાસ્તો મુજબ આંગણવાડીઓ ક્યારે શરૂ કરવામાં આવે છે?

(૩) ઉક્ત દરખાસ્ત કરેલાં આંગણવાડી કેન્દ્રોની ભારત સરકારશ્રી દ્વારા મંજુરી મળ્યેથી.

**બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૭૪૨૨ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તાલુકા દીઠ મંજૂર અને કાર્યરત આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર આંગણવાડી કેન્દ્રો | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | દાંતા | ૨૮૫ | ૨૮૫ |
| ૨ | વાવ | ૨૮૭ | ૨૮૭ |
| ૩ | થરાદ | ૩૫૨ | ૩૫૧ |
| ૪ | દિયોદર | ૨૦૯ | ૨૦૭ |
| ૫ | શિહોરી | ૨૯૨ | ૨૯૨ |
| ૬ | ધાનેરા | ૧૯૫ | ૧૯૫ |
| ૭ | ડીસા | ૫૫૬ | ૫૫૦ |
| ૮ | પાલનપુર | ૪૨૦ | ૪૧૬ |
| ૯ | વડગામ | ૩૦૨ | ૩૦૨ |
| ૧૦ | અમીરગઢ | ૨૦૩ | ૨૦૧ |
| ૧૧ | ભાભર | ૧૩૫ | ૧૩૫ |
| ૧૨ | દાંતીવાડા | ૧૨૯ | ૧૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ વસ્તીનાં ધોરણે વધુ આંગણવાડીઓની જરૂરીયાત સામે સરકાર નવી આંગણવાડીઓ શરૂ કરવા માંગે છે કે કેમ ?

(૨) વસ્તીનાં ધોરણે મળવાપાત્ર (૩૩૬૫) આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ધારપુર મેડીકલ કોલેજ ખાતે કાર્યરત હોસ્પિટલમાં મંજૂર મહેકમ**

* ૧૬૨૦૨ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ધારપુર મેડીકલ કોલેજ ખાતે કાર્યરત હોસ્પિટલમાં કેટલા તબીબી સ્ટાફનું મંજૂર મહેકમ છે અને ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) મંજૂર મહેકમ ૩૪૫ છે અને ખાલી જગ્યાઓ ૯૮ છે.

(૨) સરકારે ખાલી જગ્યાઓ ભરવા શું આયોજન કરેલ છે?

(૨) નિયમીત ધોરણે વોક-ઈન-ઈન્ટરવ્યું યોજીને ખાલી જગ્યાઓ ભરવા આયોજન કરેલ છે.

**આંબા-વાંકલ રોડ પર લો લેવલનો બ્રિજ બનાવવા બાબત**

* ૧૫૭૬૫ **શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના આંબા–વાંકલ રોડ પર લો લેવલ બ્રિજ બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) હાલ કોઈ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો બાબત**

* ૧૫૨૫૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર ૧૬૪૧ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ આં.વા.કે |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૮૬ |
| ૨ | બાવળા | ૧૭૩ |
| ૩ | ધોળકા | ૨૭૬ |
| ૪ | વિરમગામ | ૧૮૫ |
| ૫ | માંડલ | ૯૮ |
| ૬ | દેત્રોજ | ૧૧૭ |
| ૭ | સાણંદ | ૨૦૪ |
| ૮ | ધંધુકા | ૧૫૯ |
| ૯ | બરવાળા | ૬૫ |
| ૧૦ | રાણપુર | ૭૮ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે, અને

**જવાબ**

(૨) તે પૈકી શૌચાલયની સુવિધા હોય તેવા આંગણવાડી કેન્દ્રો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તે પૈકી ટોયલેટ વાળા આં.વા.કે |
|---|---|---|
| ૧ | દશક્રોઈ | ૨૦૯ |
| ૨ | બાવળા | ૯૮ |
| ૩ | ધોળકા | ૧૬૮ |
| ૪ | વિરમગામ | ૧૧૯ |
| ૫ | માંડલ | ૭૨ |
| ૬ | દેત્રોજ | ૯૭ |
| ૭ | સાણંદ | ૧૦૯ |
| ૮ | ધંધુકા | ૮૦ |
| ૯ | બરવાળા | ૪૭ |
| ૧૦ | રાણપુર | ૪૬ |

**પ્રશ્ન**

(૩) કેટલા કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ નથી તથા આ કેન્દ્રોમાં શૌચાલય ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

**જવાબ**

(૩) ૬૩ આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા નથી તથા આ કેન્દ્રોમાં શૌચાલય બનતી ત્વરાએ બનાવવામાં આવશે.

**ભિલોડા તાલુકામાં હાથમતી પર સ્લીપ રીપેર કરવા બાબત**

* ૧૭૫૩૯ **ડાૅ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ઉપલા કમઠાડીયા થી કમઠાડીયા થઈ મઠ તરફના રસ્તા પર અને બોલુન્દ્રા વસાહતથી બોલુન્દ્રા તરફના રસ્તા

**જવાબ**

(૧), (૨) અને (૩) : તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ હાથમતી નદી પરનો ડીપ મરામત કરી વાહન વ્યવહાર લાયક રાખેલ છે.

પર હાથમતી નદી પરની સ્લીપ કેટલા સમયથી તૂટેલી હાલતમાં છે,

(૨) આ બંને જગ્યાએ સ્લીપ રીપેર કરવા છેલ્લાં બે વર્ષમાં વિભાગ દ્વારા શાં પ્રયત્ન કરવામાં આવ્યાં, અને

(૩) આ બંને જગ્યાએ ક્યાં સુધીમાં સ્લીપ કરી વાહન વ્યવહાર શરૂ કરવામાં આવશે ?

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં આવેલ નારી સંરક્ષણ ગૃહો**

* ૧૬૭૨૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કઈ જગ્યાએ નારી સંરક્ષણ ગૃહ આવેલા છે, | (૧) ગાંધીનગર જિલ્લામાં નારી સંરક્ષણ ગૃહ આવેલ નથી. અમદાવાદ જિલ્લામાં નારી સંરક્ષણ ગૃહ, જી.આઈ.ડી.સી. પાણીની ટાંકી પાસે, ઓઢવ, અમદાવાદમાં આવેલું છે. |
| (૨) આ નારી સંરક્ષણ ગૃહમાં કેટલી મહિલાઓને રાખી શકાય તેમ છે, અને | (૨) નારી સંરક્ષણ ગૃહ, ઓઢવ, અમદાવાદમાં ૧૦૦ મહિલાઓને રાખી શકાય તેમ છે. |
| (૩) નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય લેતી મહિલાને પ્રતિદિન ભોજન તથા રહેઠાણનો ખર્ચ કોના દ્વારા કરવામાં આવે છે ? | (૩) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવે છે. |

**દાહોદ જિલ્લામાં સ્વાઈન ફલુના નોંધાયેલ કેસો**

* ૧૫૬૦૧ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા સ્વાઈન ફલુના કેસો છેલ્લા એક વર્ષમાં નોંધાયા, | (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામાં સ્વાઈન ફલુના કુલ-૨ (બે) કેસો નોંધાયેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને | (૨) તે અન્વયે ૧ (એક) દર્દીનું મૃત્યુ થયું. |
| (૩) ઉકત સ્થિતિએ દાહોદ જિલ્લામાં દર્દીઓના સ્વાઈન ફલુ અંગેના બ્લડ રીપોર્ટ માટે લેબોરેટરીમાં શી સુવિધા છે ? | (૩) સ્વાઈન ફલુના દર્દીઓના સેમ્પલ પરીક્ષણ માટે દાહોદ જિલ્લા કક્ષાએ કોઈ વ્યવસ્થા નથી, પરંતુ સેમ્પલનું પરીક્ષણ ડીપાર્ટમેન્ટ ઓફ માઈક્રોબાયોલોજી બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ ખાતે વિના મૂલ્યે કરવામાં આવે છે. |

**ગઢ થી દેદરા માર્ગના નાળા પુલીયાના કામ**

* ૧૭૪૬૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર તાલુકાના ગઢ થી સામઢી દેદરા હનુમાન કોપનો શેર માર્ગ ચોમાસામાં નાળા પુલીયા તથા મેટલ કામના અભાવે બંધ થઈ છે તે સમસ્યાથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧), (૨) અને (૩) : ગઢ અને સામઢી ગામો રાજ્ય ધોરીમાર્ગ પર આવેલ ગામો હોઈ આ ગાડા માર્ગમાં રસ્તો કરવાનું કોઈ આયોજન નથી. |
| (૨) જો હા, ચોમાસામાં દર્દીઓ, સર્પદંશ કેસો તથા વિદ્યાર્થીઓને પડતી હાલાકી દૂર કરવા તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ શી કાર્યવાહી હાથ ધરી છે, અને | |
| (૩) આ સમસ્યાનો કાયમી ઉકેલ ક્યાં સુધીમાં કરવા માંગે છે ? | |

**શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતનની કામગીરી**

* ૧૫૯૬૧ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દાંડીકૂચ યાત્રા નીતિ ૨૦૦૫ મુજબ આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના કંકાપુરા ગામે ગાંધીસ્મારક તૈયાર હોવા છતાં આમ જનતા માટે આ સ્મારક ક્યારે ખુલ્લું મુકવામાં આવશે, અને | (૧) લાગુ પડતું નથી. |
| (૨) આ સ્મારકની જાળવણી માટે કેટલું મહેકમ મંજૂર થયેલ છે | (૨) લાગુ પડતું નથી. |

?

## મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાના લાભાર્થીઓ

* ૧૫૯૮૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મુખ્યમંત્રી અમૃત્તમ યોજના અને મુખ્યમંત્રી અમૃત્તમ વાત્સલ્ય યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા લોકોને હેલ્થકાર્ડનું વિતરણ કરવામાં આવેલ છે અને કેટલા લોકો બાકી છે,

(૨) ઉપરોકત યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા લોકોને હેલ્થકાર્ડ આપવામાં વિલંબ થવાના શાં મુખ્ય કારણો છે, અને

(૩) ઉપરોકત વિલંબના કારણોનું નિવારણ કરવા શું પગલાં ભરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **મુખ્યમંત્રી અમૃત્તમ યોજના** | | **મા વાત્સલ્ય યોજના** |
|---|---|---|---|
| નામ | વિતરણ કરેલ કાર્ડ | બાકી કાર્ડ | વિતરણ કરેલ કાર્ડ |
| અમરેલી | ૫૮૨૭ | ૪૩૮૯ | ૭૦૨ |
| બાબરા | ૬૪૬૪ | ૩૨૦૧ | ૯૪ |
| બગસરા | ૨૨૨૬ | ૨૧૫૩ | ૪૧૦ |
| ધારી | ૫૨૫૬ | ૨૦૩૨ | ૭૭૪ |
| જાફરાબાદ | ૫૩૩૧ | ૪૪૪૭ | ૩૨૩ |
| ખાંભા | ૫૧૮૦ | ૪૧૮૭ | ૧૫ |
| કુંકાવાવ વાડીયા | ૩૨૬૪ | ૧૧૨૧ | ૩૫૧ |
| લાઠી | ૪૩૯૭ | ૪૬૭૯ | ૧૭૦ |
| લીલીયા | ૨૪૪૫ | ૬૦૭ | ૧૪૩૩ |
| રાજુલા | ૭૧૧૯ | ૯૬૧૪ | ૯૦ |
| સાવરકુંડલા | ૫૯૫૯ | ૪૩૧૮ | ૭૨૧ |
| **કુલ** | **૫૩,૪૬૮** | **૪૦,૭૪૮** | **૫,૦૮૩** |

(૨) વિલંબ થતો નથી. પાત્રતા ધરાવતા લાભાર્થીઓ શહેરી વિસ્તારમાં સીવીક સેન્ટર અને તાલુકા કક્ષાએ કિયોસ્ક પરથી નોંધણી કરાવીને કાર્ડ મેળવી શકે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બોરીયાથી નખત્રાણાનો રસ્તો ડબલ ટ્રેકનો કરવા બાબત

* ૧૭૪૦૪ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દેશની સરહદને જોડતો સુરક્ષા માટે અત્યંત મહત્વનો કચ્છ જિલ્લાનો બોરીયાથી નખત્રાણાનો રસ્તો સિંગલ ટ્રેક છે તે સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો આ રસ્તો ડબલ ટ્રેક કયારે થશે ?

**જવાબ**

(૧) અને (૨) હા જી,

તબક્કાવાર કામગીરી હાથ ધરવાનું આયોજન છે તે અન્વયે બોરીયા થી નીરોણા રસ્તાને પહોળો કરવાની રૂ. ૨૦ કરોડની મંજુરી આપેલ છે.

## કાંકરેજ તાલુકામાં કાર્યરત આંગણવાડીઓ

* ૧૫૭૯૫ **શ્રી ધારશીભાઇ ઇ. ખાનપુરા(કાંકરેજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને

(૩) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમના માટે મકાનો આપવા સરકારે શું આયોજન કર્યું છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કાંકરેજ તાલુકામાં ૨૯૨ આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે ૨૪૨ આંગણવાડીઓને પોતાના મકાનો છે.

(૩) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેવી આંગણવાડી કેન્દ્રોનાં બાંધકામ માટે ચાલુ વર્ષે ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરી બાંધકામની કાર્યવાહી ઝડપથી થાય તેવું આયોજન છે.

**દાહોદ વણભોરી અને ચાકલીયા રસ્તાઓને સ્ટેટ હાઈવેમાં સમાવવા બાબત**

* ૧૫૬૨૫ **શ્રી વજેસિંગભાઈ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ વણભોરી કઠલા–રાછરડા–ઉચવાણીયા અને દાહોદ ચાકલીયા રસ્તાઓને સ્ટેટ હાઈવેમાં સમાવિષ્ટ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં તેનો સમાવેશ કરી કામો હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં ખાદ્યતેલમાં ભેળસેળ અટકાવવા લીધેલ પગલાં**

* ૧૭૭૬૫ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખાદ્યતેલમાં ભેળસેળ કરનાર કેટલા ઈસમો પકડાયા.

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખાદ્યતેલમાં ભેળસેળ કરનારા પાંચ ઈસમો પકડાયા જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ઈસમની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૫ |
| ૨ | હાલોલ | – |
| ૩ | કાલોલ | – |
| ૪ | જામ્બુઘોડા | – |
| ૫ | શહેરા | – |
| ૬ | ઘોઘમ્બા | – |
| ૭ | મોરવા હડફ | – |

(૨) તે પૈકી આવા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) આવા ઈસમો સામે એડજ્યુડિકેટીંગ ઓફીસર, ગોધરા (પંચમહાલ) સમક્ષ દંડની કાર્યવાહી સારૂ કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૩) ઉકત સ્થિતિએ સિંગતેલમાં ભેળસેળ અટકાવવા સરકારે શાં પગલા લીધાં, અને

(૩) ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા સિંગતેલ નું વેચાણ થતા સ્થળો એ નમુના લેવાની કાર્યવાહી કરવામાં આવી

(૪) સિંગતેલમાં ભેળસેળ અટકાવવા કેટલી વખત દરોડા પાડી ચેકીંગ કરવામાં આવ્યું.

(૪)

| અ.નં. | તાલુકાનું નામ | દરોડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ગોધરા | ૯ |
| ૨ | હાલોલ | ૧ |
| ૩ | કાલોલ | ૩ |
| ૪ | જામ્બુઘોડા | – |
| ૫ | શહેરા | – |
| ૬ | ઘોઘમ્બા | – |
| ૭ | મોરવા હડફ | – |

**મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં હોસ્પિટલોમાં ઉપલબ્ધ એમ્બ્યુલન્સો**

* ૧૫૬૩૮ **શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકા કક્ષાએ હોસ્પીટલવાર કેટલી એમ્બ્યુલન્સ ઉપલબ્ધ છે,

**જવાબ**

(૧) નીચેની હોસ્પીટલો ખાતે એમ્બ્યુલન્સ ઉપલબ્ધ છે.

**મહિસાગર જિલ્લોઃ–**

| અ.નં. | હોસ્પીટલનું નામ | ઉપલબ્ધ એમ્બ્યુલન્સ |
|---|---|---|
| ૧ | કોટેજ હોસ્પીટલ, લુણાવાડા | ૦૨ |
| ૨ | સ્ટેટ હોસ્પીટલ, સંતરામપુર | ૦૪ |

| | | |
|---|---|---|
| | **કુલ** | **૦૬** |

**પંચમહાલ જિલ્લોઃ–**

| **અ.નં.** | **હોસ્પીટલનું નામ** | **ઉપલબ્ધ એમ્બ્યુલન્સ** |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પીટલ, ગોધરા | ૦૪ |
| | **કુલ** | **૦૪** |

(૨) તે પૈકી કેટલી એમ્બ્યુલન્સ કાર્યરત છે અને કેટલી એમ્બ્યુલન્સ બંધ હાલતમાં છે, અને

(૨) **મહિસાગર જિલ્લોઃ–**

| **અ.નં.** | **હોસ્પીટલનું નામ** | **કાર્યરત એમ્બ્યુલન્સ** | **બંધ એમ્બ્યુલન્સ** |
|---|---|---|---|
| ૧ | કોટેજ હોસ્પીટલ, લુણાવાડા | ૦૨ | ૦ |
| ૨ | સ્ટેટ હોસ્પીટલ, સંતરામપુર | ૦૨ | ૦૨ |
| | **કુલ** | **૦૪** | **૦૨** |

**પંચમહાલ જિલ્લોઃ–**

| **અ.નં.** | **હોસ્પીટલનું નામ** | **કાર્યરત એમ્બ્યુલન્સ** | **બંધ એમ્બ્યુલન્સ** |
|---|---|---|---|
| ૧ | જનરલ હોસ્પીટલ, ગોધરા | ૦૪ | ૦ |
| | **કુલ** | **૦૪** | **૦** |

(૩) બંધ હાલતમાં તે કયાં સુધીમાં ચાલુ કરાવવામાં આવશે અને કોઈ તાલુકામાં એમ્બ્યુલન્સ ન હોય ત્યાં નવી કયાં સુધીમાં ફાળવવામાં આવશે ?

(૩) સ્ટેટ હોસ્પીટલ, સંતરામપુર ખાતે ૦૨ એમ્બ્યુલન્સ બંધ હાલતમાં છે જે કંડમપાત્ર હોઈ રીપેરીંગ કરાવી ચાલુ કરી શકાય તેમ ન હોઈ કંડમની કાર્યવાહી ચાલુ છે તેની સામે નવી એમ્બ્યુલન્સ વાહન ખરીદીની પ્રક્રિયા હાથ ધરાયેલ છે. ટૂંક સમયમાં ફાળવવામાં આવશે.

## અરવલ્લી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૫૯૩૮ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ભીલોડા | ૧૦૩૦ | ૩૯ | ૧૦૬૯ |
| ૨ | મેઘરજ | ૧૬૬૯ | ૧૬૦ | ૧૮૨૯ |
| ૩ | બાયડ | ૪૧૩ | ૬૪ | ૪૭૭ |
| ૪ | મોડાસા | ૨૨૬૦ | ૬૨ | ૨૩૨૨ |
| ૫ | માલપુર | ૫૫૯ | ૨૩ | ૫૮૨ |
| ૬ | ધનસુરા | ૩૦૭ | ૧૦ | ૩૧૭ |

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો ?

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ રૂ.૧,૨૧,૯૫,૦૦૦/– ખર્ચ કરેલ છે.

## છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મળેલ દરખાસ્તો

* ૧૫૫૨૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની રોજ છોટાઉદેપુર જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં કયા કયા રસ્તાઓની દરખાસ્ત સરકારને મળી છે,

(૨) આ રસ્તાઓ પૈકી કયા કયા રસ્તાઓ મંજૂર થયા,

(૩) કયા કયા રસ્તાઓ બાકી છે, અને

**જવાબ**

(૧) (૨) અને (૩)
પરિશિષ્ટ મુજબ

**પરિશિષ્ટ**

| **ક્રમ** | **તાલુકો** | **દરખાસ્ત થયેલ રસ્તાનું નામ** | **મંજૂર–નામંજૂર** |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | સીધલજા ટુ રીંછવેલ રોડ | મંજૂર |
| ૨ | ,, | દેહવંત જોજ રોડ ટુ ડુંગર | ,, |

| | | | |
|---|---|---|---|
| | | ફળીયા રોડ | |
| ૩ | જેતપુરપાવી | કાલીકુઈ એ. રોડ | મંજૂર |
| ૪ | કવાંટ | એસ.એચ.૬૨ થી ખાપેડીયા ફળીયા રોડ | ,, |
| ૫ | નસવાડી | રાયસીંગપુરા રોડ | ,, |
| ૬ | ,, | જેમલગઢ ટુ કુંડા રોડ | ,, |
| ૭ | ,, | ગટાસા સમરપુર ભુતખાન રોડ | ,, |
| ૮ | ,, | ઘોડા ટુ લાવાકુઈ રોડ | ,, |
| ૯ | સંખેડા | જંડ ટુ લુણાદરા રોડ | ,, |
| ૧૦ | ,, | તારગોલ ટુ ભરાલી રોડ | ,, |
| ૧૧ | ડભોઈ–સંખેડા | ડભોઈ બહાદુરપુરા રોડ | ,, |
| ૧૨ | જેતપુરપાવી | ગોડધા અંબાજાટી ઝાબ કવારા રોડ | ,, |
| ૧૩ | કવાંટ | તાવરા પનવડ સીહાડા રાયછા રોડ | મંજૂર |
| ૧૪ | ,, | દુગ્ધા ધારસીમેલ તળાવ રોડ | મંજૂર |
| ૧૫ | ,, | લાવાકુઈ દમાનીયાઅંબા કેવડી રોડ | ,, |
| ૧૬ | ,, | રતનપુર મોટી આમરોલ રોડ | નામંજૂર |
| ૧૭ | નસવાડી | ચોરામલ ટુ રતનપુર (કંપા) રોડ | નામંજૂર |

(૪) બાકી રસ્તાઓ કયારે મંજૂર થશે ?

(૪) હાલ કોઈ આયોજન નથી.

**સ્ટાફ નર્સ વર્ગ–૩ની નિમણૂંક આપવા બાબત**

* ૧૫૭૬૬ **શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સી.ઓ.એચ–૨૦૧૩/૧૪/૧ મુજબ સ્ટાફ નર્સ વર્ગ–૩ની ભરતી અંગેની જાહેરાતમાં કેટલા આદિવાસી ઉમેદવારોની પસંદગી કરી નિમણૂક આપવામાં આવી ?

**જવાબ**

૧૭૫ આદિવાસી ઉમેદવારોની પસંદગી કરી નિમણૂક આપવામાં આવેલ છે.

**ભિલોડા અને મેઘરજ તાલુકામાં ફૉરેસ્ટ વિભાગની હદના રસ્તાઓને ડામરના કરવાની મંજૂર**

* ૧૭૫૪૦ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ભિલોડા અને મેઘરજ તાલુકાના કયાં રસ્તાઓ ફૉરેસ્ટની હદમાં આવતા હોઈ, ડામર કામ થઈ શકેલ નથી, અને

(૨) આ રસ્તાઓ માટે ફૉરેસ્ટ વિભાગની મંજૂરી કયાં સુધીમાં મળશે અને મંજૂરી મેળવવા વિભાગે છેલ્લે બે વર્ષમાં શાં પ્રયત્નો કર્યા ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ–૧ મુજબ

(૨) વન વિભાગને દરખાસ્ત રજુ કરેલ છે. જે વન વિભાગ હેઠળ પ્રક્રિયામાં છે.

**પરિશિષ્ટ–૧**

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ | | કામની છેલ્લી પરિસ્થિતિ |
|---|---|---|---|---|
| ૧ | ભીલોડા | ઓડબોરનાલા ખાખલઘરો રોડ | પી. એમ જી. એસ વાયમાં ૫૦૦ થી વધારે વસ્તીવાળા ફળીયા | એફ. સી. એ. માં દરખાસ્ત કરેલ છે. |
| ૨ | ભીલોડા | ઘંઘાસણ તબીયાર ફળી રોડ | પી. એમ જી. એસ વાયમાં ૫૦૦ થી વધારે વસ્તીવાળા ફળીયા | એફ. સી. એ. માં દરખાસ્ત કરેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ભીલોડા | ધનસોર ભેસદરી ફાટા તળાવ રોડ | પી. એમ જી. એસ વાયમાં ૨૫૦ થી ૫૦૦ થી વધારે વસ્તીવાળા ફળીયા | એફ. સી. એ. માં દરખાસ્ત કરેલ છે. |
| ૪ | ભીલોડા | સરાણી ઈન્દ્રપુરા રોડ | પી. એમ જી. એસ વાયમાં ૨૫૦ થી ૫૦૦ થી વધારે વસ્તીવાળા ફળીયા | એફ.આર.સી. માં દરખાસ્ત કરેલ છે. |
| ૫ | ભીલોડા | બામણા ફતેપુર શણગાલ રોડ | પી. એમ જી. એસ વાયમાં ૨૫૦ થી ૫૦૦ થી વધારે વસ્તીવાળા ફળીયા | એફ.આર.સી. માં દરખાસ્ત કરેલ છે. |
| | | કુલ ૫ રસ્તા | | |
| ૧ | મેઘરજ | પંચાલ કદવાડી જામગઢ થી ખરાડીફળી (ફોરેસ્ટ) | ટ્રાયબલ કનેકટીવીટી ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ફળીયા | એફ.આર.સી. માં દરખાસ્ત કરેલ છે. |
| ૨ | મેઘરજ | પંચાલ કદવાડી જામગઢ રોડ થી પીપલીયા (ફોરેસ્ટ) | ટ્રાયબલ કનેકટીવીટી ૨૫૦ થી ઓછી વસ્તીવાળા ફળીયા | એફ.આર.સી. માં દરખાસ્ત કરેલ છે. |
| | | કુલ ૨ રસ્તા | | |
| | | કુલ એકંદર ૭ રસ્તા | | |

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં નવા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવા બાબત**

* ૧૭૪૪૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલાં આંગણવાડી કેન્દ્રો તાલુકાવારના મકાનો બનાવવાનાં બાકી છે ?

**જવાબ**

(૧) **ગાંધીનગર જિલ્લોઃ**

તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઈ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી.

**મહેસાણા જિલ્લોઃ**

મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ તાલુકાવાર નવા આંગણવાડી કેન્દ્રો મંજુર કરેલ છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો** | |
|---|---|---|---|
| | | **વર્ષ–૨૦૧૩–૧૪** | **વર્ષ–૨૦૧૩–૧૪** |
| ૧ | કડી | ૦ | ૦ |
| ૨ | ખેરાલુ | ૩ | ૦ |
| ૩ | વિસનગર | ૦ | ૦ |
| ૪ | મહેસાણા | ૦ | ૦ |
| ૫ | જોટાણા | ૬ | ૦ |
| ૬ | વડનગર | ૦ | ૦ |
| ૭ | વિજાપુર | ૦ | ૦ |
| ૮ | સતલાસણા | ૬ | ૦ |
| ૯ | ઉંઝા | ૦ | ૦ |

(૨) ઉક્ત સ્થિતિએ આંગણવાડી કેન્દ્રોનાં મકાનો બનાવવાના બાકી છે તે વિગતો નીચે મુજબ છે.

ગાંધીનગર જિલ્લોઃ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મહેસાણા જિલ્લોઃ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રોના બાકી મકાનોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | કડી | ૦ |
| ૨ | ખેરાલુ | ૦ |
| ૩ | વિસનગર | ૦ |
| ૪ | મહેસાણા | ૦ |
| ૫ | જોટાણા | ૧ |
| ૬ | વડનગર | ૦ |
| ૭ | વિજાપુર | ૦ |

| | | |
|---|---|---|
| ૮ | સતલાસણા | ૧ |
| ૯ | ઉંઝા | ૦ |
| ૧૦ | બેચરાજી | ૦ |

**પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સુપર સ્પેશીયાલીસ્ટની સુવિધા**

* ૧૭૪૬૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે આવેલા ક્યાં ક્યાં રોગના કેટલા દર્દીઓને સુપર સ્પેશીયાલીસ્ટની અથવા સુવિધાના અભાવે સારવાર માટે અન્ય હોસ્પીટલમાં રીફર કરવામાં આવ્યાં,

(૨) દર્દીઓને અન્ય જગ્યાએ સારવાર માટે રીફર ન કરવા પડે તે માટે સુપર સ્પેશીયાલીસ્ટ ડૉકટરોની તથા અન્ય માળખાગત સુવિધાઓ ક્યાં સુધીમાં કરવા માંગે છે, અને

(૩) રાજ્ય કક્ષાએ આ જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

**જવાબ**

(૧)

| વર્ષ (જાન્યુઆરી થી ડીસેમ્બર) | હેડ ઈન્જરી/ઓર્થો-સ્પાઈન ઈન્જરી | કેન્સર રોગ | કીડની રોગ | હાર્ટની બિમારી |
|---|---|---|---|---|
| ૨૦૧૩ | ૧૯૯ | ૩૨ | ૨૫ | ૨૧ |
| ૨૦૧૪ | ૧૬૨ | ૧૨ | ૨૩ | ૧૭ |
| જાન્યુઆરી-૧૫ | ૧૪ | ૦૪ | ૦૬ | ૦૧ |
| **કુલ** | **૩૭૫** | **૪૮** | **૫૪** | **૩૯** |

(૨) હાલ કોઈ આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૫૯૬૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુપોષણ દૂર કરવા સરકારે કેટલો ખર્ચ કર્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ખંભાત | ૧૬૧૯ | ૧૪૩ | ૧૭૬૨ |
| ૨ | પેટલાદ | ૨૧૦૭ | ૧૬૦ | ૨૨૬૭ |
| ૩ | બોરસદ | ૩૦૦૦ | ૨૭૨ | ૩૨૭૨ |
| ૪ | સોજીત્રા | ૫૪૪ | ૭૧ | ૬૧૫ |
| ૫ | આંકલાવ | ૪૦૦ | ૪૦ | ૪૪૦ |
| ૬ | આણંદ | ૨૩૪૮ | ૨૩૯ | ૨૫૮૭ |
| ૭ | ઉમરેઠ | ૧૯૩૨ | ૧૧૪ | ૨૦૪૬ |
| ૮ | તારાપુર | ૫૫૯ | ૯૮ | ૬૫૭ |

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ રૂ.૨,૫૫,૮૬,૧૦૦/- નો ખર્ચ કરેલ છે.

**અમરેલી જિલ્લામાં ગામ અને પરાઓને ડામર સપાટીથી જોડવા બાબત**

* ૧૫૯૯૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો અને પરા ડામર સપાટીથી જોડાયેલ નથી, અને

**જવાબ**

(૧)

| તાલુકો | ગામોની સંખ્યા | પરાની સંખ્યા |
|---|---|---|
| અમરેલી | ૦ | ૦ |
| લાઠી | ૦ | ૦ |
| લીલીયા | ૦ | ૦ |
| બાબરા | ૦ | ૦ |
| બગસરા | ૦ | ૦ |
| કુંકાવાવ | ૦ | ૦ |

| | | |
|---|---|---|
| ધારી | ૦ | ૨ |
| ખાંભા | ૧ | ૦ |
| રાજુલા | ૦ | ૦ |
| જાફરાબાદ | ૧ | ૦ |
| સાવરકુંડલા | ૦ | ૦ |

(૨) ઉપરોકત ગામ અને પરાને ડામર સપાટીથી જોડવા સરકારે કોઈ આયોજન કર્યુ છે ?

(૨) ખાંભા તાલુકાનું ભાણીયા ગામ જંગલ ખાતાની હદમાં આવતું હોવાથી તેમજ જાફરાબાદ તાલુકાનું શીયાળ બેટ ગામ બેટ હોવાથી જોડી શકાય તેમ નથી. ધારી તાલુકાનાં બે પરાઓને વસ્તીના ધોરણો અનુસાર તબક્કાવાર હાથ ઉપર લેવામાં આવશે.

**લુડબાય અને વજીરાવાંક ગામને ડામરના રોડથી જોડવા બાબત**

* ૧૭૪૦૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દેશની કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાનું લુડબાય અને વજીરાવાંક ૩ કિ.મી. નો રસ્તો માત્ર હોવા છતાં કોઈપણ ડામર રોડથી જોડાયેલ નથી તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો આ કામ ક્યારે થશે ?

**જવાબ**

(૧) લુડબાય ડામર રસ્તાથી જોડાયેલ છે. જ્યારે વજીરાવાંક પરૂ પાકા રસ્તાથી જોડાયેલ નથી.

(૨) વસ્તીના ધોરણોઅનુસાર તેમજ આંતરિક અગ્રતાક્રમ તથા તાંત્રિક જરૂરીયાતના આધારે વિચારણા કરવામાં આવશે.

પોઈન્ટ ઓફ ઓર્ડર

**<#D /અન્ય/D #>**

**પ્રશ્નોત્તરીના જવાબમાં વિસંગતતા બાબત**

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : શું પોઈન્ટ ઓફ ઓર્ડર છે તે વિષય બોલો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, મારા મુદાના સમર્થનમાં અનેક જજમેન્ટસ, અનેક ડીસીઝન્સ માનનય અધ્યક્ષશ્રીઓના છે. હું બધા જ ક્વોટ કરીને આપનો અને આ ગૃહનો સમય લેવા માગતો નથી. પરંતુ એક સીમાચિહ્નરૂપ જે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે, જે આપણી ગુજરાત વિધાનસભાની ચર્ચાઓ શ્રેણી–૨, પુસ્તક–૪૦માં કોલમ ૮૦૪, આ સીમાચિહ્નરૂપ એટલા માટે કહું છું કે અહીં તાત્કાલિક મીનીસ્ટરે જવાબ આપવાનો હતો. ઝીરો અવર્સની એક ઉત્તમ પ્રથા આ ગૃહમાં હતી. ઝીરો અવર્સમાં જવાબ આપ્યો. ઝીરો અવર્સમાં જવાબ આપ્યો તેમાં થોડીક ક્ષતિઓ હતી તો પણ માનનીય અધ્યક્ષશ્રીએ જે શબ્દો કહ્યા તે મંત્રીશ્રીઓએ બિનજરૂરી ઉતાવળ ન જ કરવી જોઇએ. પૂરતી ચોકસાઇ કરીને જો માહિતી આપવામાં આવે તો પાછળથી આવો કોઇ પ્રશ્ન ઉપસ્થિત ન થાય. મંત્રીઓ આ બાબતમાં જરૂર સમજ દાખવે.

અધ્યક્ષશ્રી : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે એટલું કહો?

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, આના સંદર્ભનો મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કયા વિષયનો છે એ કહો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય નીતિનભાઇ એ તમારે નકકી કરવાનું છે કે સ્પીકર સાહેબે નકકી કરવાનું છે? સ્પીકર સાહેબ કહેશે. મંત્રીઓએ સ્પીકરને ડીકટેટ નથી કરવાના નીતિનભાઇ. મંત્રીશ્રીઓ ડીકટેટ ન કરી શકે.

અધ્યક્ષશ્રી : આપ કયા પ્રશ્નના સંદર્ભમાં કહો છો એટલું કહો.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું આજની પ્રશ્નોત્તરીના સંદર્ભમાં અને મેં આપને બે નકલો મોકલી છે આ બંનેના સંદર્ભમાં. કારણકે અમારા માટે આપ જ એક રક્ષક છો. મંત્રીશ્રીઓ ભૂતકાળમાં સ્પીકર સાહેબે કહ્યું, મેં કોપી આપી છે. મેં સચિવશ્રીને કોપી આપી છે અને ત્યાં પણ બે કોપી આપી છે. જે મેં આપને સાહિત્ય પૂરું પાડયું છે ત્રીજી માર્ચનું. તેમાં પ્રશ્ન–૪ ઉપર આપનું ધ્યાન આકર્ષિત કરું છું. આપ પ્રશ્ન ચાર જુઓ. માનનીય સતીષભાઇ પટેલનો પ્રશ્ન છે. ટીસ્યુકલ્ચર લેબોરેટરીની સ્થાપના માટે રાજય સરકાર દ્વારા કોઇ

સહાય આપવામાં આવી છે કે કેમ? તેનો જવાબ છે હાજી. બીજું, જો હા તો ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી સ્થપાઇ? તો એક પણ નહીં. ત્રીજા પ્રશ્નમાં કહે છે કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મેં આપને બીજું એક સાહિત્ય આપેલ છે તેમાં ૭ નંબર કોર્નર ઉપર મોટા અક્ષરે લખેલ છે તેમાં પ્રશ્ન સાત તરફ આપનું ધ્યાન આકર્ષિત કરું છું. આપ જુઓ, ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના માટે આ આઇડિન્ટીકલ પ્રશ્ન છે. એક જ સભ્યનો આઇડિન્ટીકલ ન આવે પણ એ આપનો પ્રશ્ન છે એટલે હું અહીં નહીં આપની ચેમ્બરમાં વાત કરીશ. આઇડિન્ટીકલ પ્રશ્ન એક જ સભ્યનો. ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સહાય આપવામાં આવી? તો હાજી. ૩૧–૧૨–૨૦૧૪ તારીખ પણ સેઇમ છે સાહેબ. સ્થિતિ બદલાતી નથી. એ જ સ્થિતિએ કેટલી ટીસ્યુ કલ્ચર લેબૉરેટરી સ્થપાઇ? જવાબ શું છે સાહેબ–૧ (એક). કેટલી રકમ ખર્ચાઇ તો ૬.૪૫ લાખ. બંને આઇડિન્ટીકલ કવેશ્ચન એક જ સભ્યના , એક જ તારીખની માહિતી અને એક જ જિલ્લાના. જવાબ બંનેના ભિન્ન ભિન્ન થાય છે. આજની પ્રશ્નોત્તરીમાં આપ જોશો તો પ્રશ્ન નં.૧૯ શૈલેષભાઇ પરમારનો છે. આઇડિન્ટીકલ કવેશ્ચન બીજા સભ્યશ્રીનો એ પ્રશ્ન ક્રમાંક–૭૧ ગ્યાસુદીનભાઇનો છે. એક જ જિલ્લાની વાત છે. એક જ શહેરની વાત છે. ડેન્ગ્યુના કેસીસ પેઇજ નં. ૮ ઓફ ટુડેઝ કવેશ્ચનબુક. ડેન્ગ્યુના કેસીસ ૭૨૦, સ્વાઇન ફ્લુના કેસીસ આપ જુઓ વર્ષ ૨૦૧૩– ૧૭૨. એક જ તારીખ છે. તારીખ પણ બદલાતી નથી. સ્વાઇન ફ્લુના કેસીસ–૨૦૧૩ તો તેમાં ૧૬૫. સાત કેસીસનો આંકડો બદલાઇ ગયો છે. મેં ઍરેટા જોઇ લીધો. માત્ર આજનું નહીં મેં અગાઉનો મુદો ઉપસ્થિત કર્યો તેમાં પણ મેં ઍરેટા જોઇ લીધો. ભૂતકાળમાં ઝીરો અવર્સમાં આમતેમ થયું હતું એટલે અધ્યક્ષશ્રીઓ કડક રીતે મંત્રીશ્રીને સૂચના આપતા હોય. આવું અમારે વારંવાર, અને ભાઇ અશ્વિનભાઇ કોટવાલ આના પર બોલવા માગતા હતા. તે મૂંઝાયા હતા. એમણે મને આ બતાવ્યું કે આ જુઓ તો એક જ સભ્યના એક જ સરખા બે સવાલના જવાબોની વિચિત્રતા આપના રક્ષણની અને યોગ્ય આદેશની અપેક્ષા સાથે વિરમું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પાછલો પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે ૧૯ નંબરનો પ્રશ્ન એ શૈલેષભાઇનો અને ૭૧ નંબરનો પ્રશ્ન છે એ ગ્યાસુદિનભાઇનો, આ બંને પ્રશ્નમાં ક્યા ક્યા રોગ એ બંનેનો આપ ઉલ્લેખ જુઓ તો ૭૧ નંબરના પ્રશ્નમાં સ્વાઇન ફ્લુ, કમળો, ડેંગ્યુ. ૧૯ નંબરનો જે પ્રશ્ન છે એમાં ડેંગ્યુ, એઇડ્સ, સ્વાઇન ફ્લુ અને કેન્સર આમાં કમળાના રોગ અંગેની માહિતી માગી નથી એટલે ટોટલ સરવાળો જુદો થઇ શકે છે. પહેલા તો બે પ્રશ્નો સરખા ગણાય જ નહીં, એક પ્રશ્નમાં કમળાનો ઉલ્લેખ કર્યો છે, એક પ્રશ્નમાં કમળાનો ઉલ્લેખ નથી કર્યો એટલે કમળા પૂરતો જવાબ જુદો હોઇ શકે છે.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજીનો જે પોઇન્ટ ઓફ ઓર્ડર છે એમાં ત્રણ, ચાર પ્રશ્નોનું ભેગું કર્યું છે અને હું જોતો હતો આપ અડધો કલાકથી અભ્યાસ કરતા હતા અને નીતિનભાઇએ પણ એમના પ્રશ્નની વાત કરી છે એટલે હું અભ્યાસ કરીને પછી નિર્ણય આપીશ, નિર્ણય મુલતવી રાખુ છું. (અંતરાય) ત્રણ, ચાર પ્રશ્નો ભેગા છે, ટેકનીકલી છે, અધ્યક્ષનો નિર્ણય કાયમ અસર કરતો હોય છે તો જરા અભ્યાસ કરીને આપવામાં આવે એ જરૂરી છે કેમ કે, ભવિષ્યમાં તકલીફ ન પડે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારા પ્રશ્ન નંબર ૬ ના જવાબમાં માનનીય મંત્રીશ્રી હમણા જવાબ આપતા હતા, એમણે એવું જણાવ્યું કે માનનીય સભ્યશ્રીએ સંવાદ સેતુમાં રજુઆત કરી છે અને સંવાદ સેતુમાં પ્રશ્ન પૂછ્યો છે. તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મેં ક્યારે, કઇ તારીખે સંવાદ સેતુમાં રજૂઆત કરી? કારણ કે, રાજય લેવલે જ્યારે સંવાદ સેતુના કાર્યક્રમો થાય છે ત્યારે વિપક્ષના ધારાસભ્યોને બોલાવવામાં આવતા નથી. તો આ સંવાદ સેતુ ક્યારે યોજાયો એની પણ મને જાણ નથી તેમ છતાં માનનીય મંત્રીશ્રીએ એવું જણાવ્યું કે, મેં સંવાદ સેતુમાં રજૂઆત કરેલી. પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, કયારે મેં રજૂઆત કરી? અને મને જે હકીકત મળી હતી કે આ રસ્તા માટે ભારતીય જનતા પાર્ટીના કોરપોરેટરે રજૂઆત સંવાદ સેતુમાં કરી હતી અને એના પ્રોસિડિંગ્સની નકલ મને મોકલવામાં આવી હતી, પણ હું એમાં હાજર ન હતો તો આ બાબતમાં માનનીય મંત્રીશ્રી ખુલાસો કરે અને ખરેખર સત્ય હકીકત શું છે એ જણાવે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબથી આપને કોઇ સંતોષ ન હોય અથવા કોઇ ક્ષતિ હોય તો આપ મને અલગથી નોટિસ આપજો એમની પાસેથી હું વિગત મંગાવી લઇશ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ ઉપર રહે એટલા માટે મારે એક બાબત જણાવવી છે. બધા જ ધારાસભ્યો, પબ્લિકને બધાને જાહેર આમંત્રણ આપવામાં આવે છે, છાપા મારફત જાહેર ખબર આપવામાં આવે છે અને નટવરસિંહજી મારી સાથે એમને ત્યાં એમના તાલુકામાં લોક સંવાદ સેતુના કાર્યક્રમમાં હાજર હતા. એટલે ધારાસભ્યોને બોલાવતા નથી એ આક્ષેપ સાચો નથી એ રેકર્ડ ઉપર રાખવા માટે હું જણાવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીની વિગતો મંગાવીને જોઇ લઇશ. નેક્સ્ટ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ – ૧૧૬)

અબોલ પશુઓના મૃત્યુ થવા અંગે

**<#D /(** પશુપાલન મંત્રીશ્રી )/**D #>**

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પશુ પાલન મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

તાજેતરમાં વડોદરા શહેર નજીક આવેલા દરજીપુરા પાંજરાપોળમાં અંદાજે ૪૩ જેટલા અબોલ પશુઓના તથા વડોદરા શહેરની સયાજીગંજ પાંજરાપોળમાં અંદાજે ૫૮ જેટલા અબોલ પશુઓના થયેલ મૃત્યુને કારણે રાજયના જીવદયા પ્રેમીઓમાં વ્યાપેલ રોષ અને ધિક્કારની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૬–૩–૨૦૧૫ના રોજ દરજીપુરા, પાંજરાપોળ તા. વડોદરા દ્વારા પશુ દવાખાના વડોદરાને પશુઓના મરણની જાણ સવારે ૮–૩૦ કલાકે કરવામાં આવી, તે અનુસંધાને પશુ ચિકિત્સા અધિકારી દ્વારા સવારે ૧૦–૦૦ કલાકે સ્થળ પર જઇ તપાસ કરી. મુલાકાત સમયે ગાય વર્ગના–૧૪ અને ભેંસ વર્ગના–૨૭ મળી કુલ ૪૧ પશુઓ મરણ પામેલ હતા. મુલાકાત સમયે બે પશુઓને બાદ કરતા બાકીના પશુ સ્વસ્થ જણાયેલ હતા. બે પશુઓ ગંભીર રીતે અસરગ્રસ્ત હોઇ સારવાર હેઠળ રખાયેલ હતા. સ્થળ તપાસણી કરતા દરજીપુરા પાંજરાપોળના પશુઓને તારીખ ૫–૩–૨૦૧૫ના રોજ સાંજે લીલી મકાઇનું નિરણ કરવામાં આવેલ હતું. સવારે ૬–૦૦ કલાકે કુલ ૪૧ પશુઓ એકાએક મરણ પામેલ જોવા મળેલ હતા, તેમ સંસ્થાના સંચાલકો દ્વારા જણાવેલ છે. મરણ પામેલ ૪૧ પશુઓની મરણોત્તર તપાસ કરવામાં આવી તેમજ મૃત પશુમાંથી જરૂરી નમૂના/ વિસેરા લેવામાં આવેલ. તદ્ ઉપરાંત પશુઓને ખવડાવેલ ઘાસચારા તથા પીવાના પાણીના નમૂના મેળવેલ જેની આગળની તપાસ અર્થે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ. ) ને મોકલી આપવામાં આવેલ છે. આ કામગીરી નાયબ પશુપાલન નિયામકશ્રી, જીલ્લા પંચાયત – વડોદરાના માર્ગદર્શન હેઠળ મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુરોગ અન્વેષણ એકમ, વડોદરા તથા પશુ ચિકિત્સા અધિકારી પશુ દવાખાના પાદરા, વડોદરા રારોદ અને પાંડુની સંયુક્ત ટીમ મારફતે કરવામાં આવી. પશુ મરણ અંગેનું પ્રાથમિક નિદાન સ્થળ પરની ચકાસણી હિસ્ટ્રી તથા મરણોત્તર તપાસના તારણો ઉપરથી પ્રાથમિક ખોરાકી ઝેર (ફુડ પોઇઝનીંગ) ની અસરને કારણે પશુઓનું મરણ હોય તેમ જણાય છે. પશુ મરણનું ચોકકસ કારણ જાણવા માટે એફ.એસ.એલ. સુરત ખાતે નમૂના મોકલવામાં આવેલ છે. પાંજરાપોળના વહીવટકર્તાઓને પશુઓને ઘાસચારા તથા માવજત અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી. સ્થાનિક પશુ ચિકિત્સા અધિકારી દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહેલ છે. તારીખ ૭–૩–૨૦૧૫ના રોજ સારવાર હેઠળના બે પશુઓના સવારે ૮–૦૦ કલાકે મૃત્યુ થયેલ હતા. હાલમાં પશુઓમાં કોઇ ચેપીરોગચાળો નથી. હાલમાં બાકીના તમામ પશુઓ સ્વસ્થ જણાયેલ છે અને કોઇ પશુ સારવાર હેઠળ નથી. પાંજરાપોળ ખાતે હાલમાં ૬૫ ગાય, ૨૮ બળદ, ૮૩ વાછરડા–વાછરડી, ૨૯ ભેંસ, ૨૩ મોટા પાડા, ૬૦ નાના પાડા અને ૭ આખલા મળી કુલ ૨૯૫ હયાત પશુઓ છે.

તારીખ ૭–૩–૨૦૧૫ના રોજ સયાજીપુરા પાંજરાપોળ, તાલુકા વડોદરા દ્વારા અચાનક જ પશુઓ બિમાર પડીને મરવાનું ચાલુ છે તેવા રાત્રે ૮–૪૫ કલાકે ટેલિફોનિક મેસેજ પશુ ચિકિત્સક અધિકારી, પશુ દવાખાના, વડોદરાને મળતા જ તાત્કાલિક રાત્રે ૯–૧૫ કલાકે પશુપાલન વિભાગના અધિકારીઓ દ્વારા ઇમરજન્સી સારવારની કામગીરી શરૂ કરવામાં આવી. સ્થળ પર પહોંચતા પહેલાં જ કુલ ૩૦ પશુઓના મરણ થયેલ હતા. સંસ્થા દ્વારા મળેલ માહિતી મુજબ મકાઇના લીલા ચારાનું નિરણ સાંજે ૫–૩૦ કલાકે કરવામાં આવેલ હતું. જિલ્લા

પંચાયત, વડોદરાની ટીમ, વેટરનરી પોલિક્લિનિક, વડોદરા, વડોદરા કોરપોરેશનના પશુ ચિકિત્સા અધિકારી, વેટરનરી કોલેજ આણંદ, વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકની કચેરી, વડોદરાના પશુ ચિકિત્સા અધિકારી, પાંજરાપોળ સંસ્થા સયાજી પુરા મળીને ૧૨ પશુ ચિકિત્સકોની ટીમ બનાવીને પુરી રાત્રી દરમિયાન ઘનિષ્ઠ સારવારની કામગીરી ચાલુ રાખીને સારવાર આપવામાં આવી છે.

પશુચિકિત્સા અધિકારીઓની ટીમ દ્વારા ગાય વર્ગના–૮૩ પશુઓ અને ભેંસ વર્ગના ૧૮ પશુઓ મળીને ૧૦૧ પશુઓને પુરી રાત્રી દરમ્યાન ઘનિષ્ઠ સારવાર આપવામાં આવી જે પૈકી અતિગંભીર રીતે અસરગ્રસ્ત ૨૬ પશુઓના સારવાર દરમિયાન મરણ થયા હતા તથા ૭૫ પશુઓ પૈકી ૭૧ પશુઓ સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થયેલ જ્યારે ૪ પશુઓ તારીખ ૭–૩–૧૫ની સ્થિતિએ સારવાર હેઠળ હતા. તારીખ ૮–૩–૧૫ના રોજ સવારના ૮–૦૦ કલાક સુધી સારવારની કામગીરી કરવામાં આવી, જેમાં મરણ પામેલ ૫૬ પશુઓ (ગાય વર્ગ–૪૬, ભેંસ–વર્ગ–૮, બકરા–૨ મળીને કુલ ૫૬) નું મરણોત્તર તપાસ માટે જિલ્લા પંચાયત, વડોદરાના વેટરનરી પોલીક્લિનિક વડોદરા, મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુરોગ અન્વેષણ એકમ, વડોદરા પાંજરાપોળ સંસ્થા સયાજીપુરા પશુ ડોકટરો મળી કુલ ૧૭ની ટીમ બનાવી મરણોત્તર તપાસની કામગીરી કરવામાં આવેલી હતી સારવાર હેઠળના ૪ પશુઓ પૈકી ૨ પશુઓના તારીખ ૮–૩–૧૫ના રોજ મૃત્યુ થયેલ હતા. બાકીના ૨ પશુઓ સારવાર હેઠળ હતા. પશુ મરણ અંગેનું પ્રાથમિક નિદાન, સ્થળ પરની ચકાસણી, હિસ્ટ્રી, રોગના લક્ષણો (ક્લીનિકિલ ચિન્હો) તથા મરણોત્તર તપાસ વિગેરે તપાસના તારણો પરથી પ્રાથમિક રીતે ખોરાકી ઝેર (ફૂડ પોઇઝનિંગ) ની આકસ્મિક અસરને કારણે પશુઓનું મરણ થયેલ હોય તેવું જણાય છે. પશુમરણનું ચોક્કસ કારણ જાણવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ. ) સુરત ખાતે નમૂના મોકલવામાં આવેલ છે. જેમાં પાણીના નમૂના/ઘાસના નમૂના/વિસેરા (મૃત પશુના અવયવો જેવા કે લીવર, કિડની અને આંતરડા તથા રૂમીનલ કન્ટેન્ટ હૃદય અને ફેફસાં) નો સમાવેશ થાય છે. A.D.I.O વડોદરાની સૂચના મુજબ જરૂરી નમૂનાઓ લેવામાં આવેલ, જેનું પરિક્ષણ કરવા સારું કિસનવાડી પોલીસ સ્ટેશન મારફતે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી(એફ.એસ.એલ. ) ખાતે મોકલવાની કામગીરી કરવામાં આવેલ છે. વધુમાં ફોરેન્સિક સાયસન્સ લેબોરેટરી(એફ.એસ.એલ.) ના અધિકારી દ્વારા ઘાસચારાના નમૂના સ્થળ ઉપર લીધેલ હતા. માનનીય કલેકટરશ્રી, વડોદરાની સૂચના અનુસાર પાંજરાપોળ ખાતે પૂરું પાડવામાં આવતા લીલા ઘાસચારાના વેપારીની સ્થળ મુલાકાત પશુ ચિકિત્સા અધિકારી, પશુ દવાખાના કરજણ, મદદનીશ પશુપાલન નિયામક, જિલ્લા પંચાયત, વડોદરા, મદદનીશ ખેતી નિયામક, જીલ્લા પંચાયત ,વડોદરાની ટીમ દ્વારા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, કરજણ તથા મામલતદારશ્રી, કરજણના માર્ગદર્શન હેઠળ ગામ કરમડી, તાલુકા કરજણના સ્થળ ઉપરના લીલા ઘાસચારાના કુલ ૭ નમૂનાઓ મેળવીને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ.) સુરત ખાતે ચકાસણી સારું કિસનવાડી પોલીસ સ્ટેશન, વડોદરાને સુપ્રત કરવામાં આવેલ છે. પાંજરાપોળના વહીવટકર્તાઓને પશુઓને ઘાસચારા તથા માવજત અંગે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવેલ. સ્થાનિક પશુ ચિકિત્સા અધિકારીશ્રી દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહેલ છે. હાલમાં પશુઓમાં કોઇ ચેપી રોગચાળો નથી. સારવાર હેઠળના બે પશુઓ તારીખ ૯–૩–૨૦૧૫ના રોજ સ્વસ્થ જણાયેલ છે અને હાલમાં કોઇ પશુ સારવાર હેઠળ નથી. હાલમાં બાકીના તમામ પશુઓ સ્વસ્થ જણાયેલ છે. પાંજરાપોળ ખાતે હાલમાં કુલ ૩૦૦ હયાત પશુઓ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના નિવેદનમાં ઘણી બધી વિગતવાર વાત કરી છે. બન્ને પાંજરાપોળની અંદર જે બનાવ બન્યો છે એના અનુસંધાને. માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં દરજીપુરા, પાંજરાપોળ ખાતે જે બનાવ બન્યો તેની સ્થળ તપાસણી કરતા પાંજરાપોળના પશુઓને તારીખ ૫–૩–૨૦૧૫ના રોજ લીલી મકાઇનું નિરણ કરવામાં આવેલ હતું અને સવારે ૬–૦૦ કલાકે કુલ ૪૧ પશુઓ એકાએક મરણ પામેલ જોવા મળેલ હતા તેમ સંસ્થાના સંચાલકો દ્વારા જણાવેલ છે, નિવેદનના બીજા પાનાની અંદર તારીખ ૭–૩–૧૫ના રોજ સયાજીપુરા, વડોદરા ખાતેના પાંજરાપોળમાં જે બનાવ બન્યો એ બનાવની અંદર સંસ્થા દ્વારા મળેલ માહિતી મુજબ મકાઇના લીલા ચારાનું નિરણ સાંજે ૫–૩૦ કલાકે કરવામાં આવેલ હતું અને એમાં ૩૦ પશુઓના મૃત્યુ થયા હતા, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, તમારી પાસે પાંચ તારીખે બનાવ બને છે લીલું નિરણ નાંખવાથી પશુઓના મૃત્યુ થયા છે, એ રેકર્ડ પર આવ્યું છે વચ્ચે ૬ તારીખ ગઇ

સાતમી તારીખે લીલું નિરણ નાંખવાથી પાછાં અબોલ પશુઓના મૃત્યુ થાય છે, તો અડતાળીસ કલાક સુધી આપના વહીવટીતંત્રએ શું કર્યુ? બહુ સ્પષ્ટપણે કહેવા માગું છું કે જો તમે અસરકારક વહીવટી પગલાં લીધા હોત તો સાતમી તારીખે જે પશુઓના મૃત્યુ થયા તો એ મૃત્યુને તમે અટકાવી શક્યા હોત. એ સંવેદનશીલતા ન હોવાના કારણે આમાં જે અધિકારી અથવા વહીવટીતંત્ર જવાબદાર હોય એની તપાસ કરી અને એની સામે તમે કડક હાથે પગલાં લેવા માગો છો કે કેમ આ ગતિશીલ ગુજરાતની વાતમાં?

શ્રી બાબુભાઇ બોખીરીયા:માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મેં મારા નિવેદનમાં જણાવ્યું છે કે સંસ્થા એક છે પણ બન્ને જગ્યાઓ અલગ અલગ છે, પહેલો જે બનાવ બન્યો હતો એ દરજીપુરામાં બન્યો હતો અને દરજીપુરામાં જે બનાવ બન્યો એની જાણ અમારે ત્યાં વડોદરા પશુ દવાખાનામાં કરવામાં આવી અને અમારા અધિકારીઓ ત્યાં તાત્કાલિક પહોંચી ગયા હતા. એ પહોંચતા એમને ખબર પડી કે ત્યાં કુલ ૪૧ પશુઓ સ્થળ ઉપર મૃત્યુ પામેલ હતા, એમાં ૧૪ છે એ ગાય વર્ગના અને ૨૬ ભેંસ વર્ગના હતા, બે પશુઓ ગંભીર રીતે બિમાર હતા, એટલે ૪૧ પશુઓ જે મૃત્યુ પામ્યા હતા, એને માટેના વિસેરા, પછી ત્યાં જે પાણી હતું એ પાણી, જે ઘાસચારો અલગ અલગ પડ્યો હતો એ બધાયના નમૂનાઓ લીધા અને એફ.એસ.એલ. વડોદરા ખાતે મોકલી આપવામાં આવ્યા અને બે પશુઓ સારવાર બાદ બીજા દિવસે એટલે ૭ તારીખે મૃત્યુ પામેલ હતા. એટલે આ સંસ્થાઓ જે છે એ દરજીપુરા અને સયાજીપુરા એમ બન્ને અલગ અલગ જગ્યાએ આવેલી છે. અહીંયા તો અમે એમને બધું બંધ કરાવ્યું હતું લીલો ચારો નાંખવાનું અને જે કંઇ ખોરાક હોય એ આપવાનું બંધ કરાવેલ હતું, પણ જે સંસ્થાના સંચાલકો છે એમની બીજી જે જગ્યા છે ત્યાં કદાચ ધ્યાન ના રાખ્યું હોય અને જ્યાંથી એ લોકો ચારો મંગાવતા હતા એનો ચારો બીજે દિવસે પણ, એ લોકો જે ચારો નિરવે છે એ સયાજીપુરામાંથી લેતા. અમને રાત્રે ૮–૪૫ કલાકે જાણ કરવામાં આવી કે અહીંયા સયાજીપુરા ખાતે પણ અમારા પશુઓ બિમાર થવાના ચાલુ થયા છે અને તરત જ અમારી રાજ્ય સરકારની પશુ ચિકિત્સકો સાથેની ટીમ પહોંચી ગઇ ત્યાં ૩૦ પશુઓના મરણ થયેલ હતા અને બાકી ૧૦૧ પશુઓ ત્યાં બિમાર હતા એમાં ડોકટરોની બાર ટીમ રાખીને આખી રાત સારવાર કરાવેલી, એ ૧૦૧માંથી ફરીથી પાછા ૨૬ પશુઓ મૃત્યુ પામ્યા. ૭૫ હતા એમાંથી ૭૧ સાજા થઇ ગયા હતા, એને કોઇ તકલીફ નહોતી. ચાર પશુઓ જે થોડાક બિમાર હતા એની પણ સારવાર કરવામાં આવી એમાંથી બે પશુઓ બચી ગયા અને બે પશુઓ મૃત્યુ પામ્યા એટલે કુલ ૫૮ પશુઓ ત્યાં મૃત્યુ પામ્યા. એકજ સંસ્થામાં બીજી વખત બનાવ નથી બન્યો. બન્ને જગ્યાઓ છે એ અલગ અલગ છે. પહેલાં દિવસે જે બનાવ બન્યો હતો ત્યાં જે પગલાંઓ લીધેલા હતા અને બીજો બનાવ બન્યો એ સંસ્થા અલગ જગ્યાએ હતી અને એને લીધે ત્યાંની સંસ્થાના સંચાલકોએ જે ભૂલ કરી એના લીધે આ બીજો બનાવ બન્યો છે, ભવિષ્યમાં આવી વસ્તુઓ ના થાય એના માટે જે કોઇ જવાબદાર હશે, સંસ્થાના સંચાલકો હોય, ચારો નિરનાર હોય કે કોઇપણ અધિકારી હોય એમના ઉપર નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ બહુ સ્પષ્ટ હતો માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યુ કે બન્ને સંસ્થાઓ અલગ અલગ છે. સંમત છીએ કે બન્ને સંસ્થાઓ અલગ અલગ છે પણ એક સંસ્થાની અંદર જે બનાવ બન્યો અને આપના વિભાગના ડોકટરોએ તેની ચકાસણી કરી અને તેમાં સ્પષ્ટ થયુ છે કે લીલુ નીરણ નાંખવાથી આ મૃત્યુ થયા છે. તો એ ડોકટરોએ જે ચકાસ્યુ અને જયાંથી ચારો આવતો હતો એ જોવાની જવાબદારી હતી કે નહોતી ? જો એ જવાબદારી નિભાવી હોત તો આ સાતમી તારીખે જે બનાવ બન્યો છે તેને તમે નિવારી શકયા હોત. મારો બહુ સ્પષ્ટ સવાલ છે માનનીય અધ્યક્ષશ્રી, તો એ અંગે આપના વહીવટી તંત્રએ શું કાર્યવાહી કરી હું એ જાણવા માગુ છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ રીતે કે બન્ને સંસ્થાઓ અલગ અલગ હતી. એ સંસ્થામાં બનાવ બન્યો ત્યાં અમે લીલો ચારો છે એ નીરવા માટેની ના પાડી દીધી. આખા રાજયમાં કુલ ૨૬૯ આવી પાંજરાપોળો અને ગૌશાળાઓ છે. એટલે એક જગ્યાએ બનાવ બને એટલે તમે બધામાં પગલા ના ભરી શકો. કારણ કે એમાં ભૂલ થઇ છે તેમા મારું માનવું એવુ છે કે, એના જે સંચાલકો છે તેને ખબર હશે કે અમે કયાંથી ચારો લઇએ છીએ અને કઇ ગૌશાળામાં મોકલીએ છીએ. એટલે સંચાલકોએ જે ભૂલ કરી છે અમારા

અધિકારીઓને ખબર નહોતી કે આ બીજી જગ્યાએ પણ આ જગ્યાએ ચારો આનો નીરણ કરે છે. અમે જે કોઇ ચારો આવતો હોય એ ચારો તેને નીરવા માટેની ત્યાં ના પાડેલી અને છતાં પણ બનાવ બનેલો છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એમના નિવેદનમાં કહ્યું છે કે, લીલો ઘાસચારો ખાવાથી ઢોર મૃત્યુ પામ્યાં છે. કોઇ પણ પશુ લીલો ઘાસચારો ખાવાથી મૃત્યુ પામતાં નથી અને મકાઇના ઘાસચારાથી મૃત્યુ પામતાં નથી હજુ જુવાર હોય અને નેઘલી પહેલો ચારો હોય તો એમાં કદાચ પોઇઝન હોઇ શકે પરંતુ જુવારમાં ના હોઇ શકે. પરંતુ લીલો ઘાસચારો એને એક દિવસ કે બે દિવસ પડયો રાખ્યો હોય ખડકીને અને ખુલ્લો કર્યા વગર એમને એમ ચારી દીધો હોય તો પશુ મરી જાય. એટલે તેને આફરો ચડે અને બે થી ત્રણ કલાકની અંદર તેની સારવાર થાય તો એ બચી જાય. એટલે તેની અંદર કોઇ સારવાર થઇ નથી ચોક્કસ આ ઘાસચારો એણે ખડકેલો હશે એમાંથી આપેલો છે. અથવા તેના જે કર્મચારીઓને થોડા સમય પહેલાં છૂટ્ટા કરેલા છે તે પણ કદાચ એના ઉપર એવી દવા છાંટે અને દવા છાંટવાથી પણ એ મરી જાય પણ એમાં આપણી સારવાર અને નિવેદન છે તેમાં સુસંગતા નથી લાગતી. માનનીય મંત્રીશ્રી મારી વાત એ છે કે, અવા કેટલાય પશુ મરી જાય છે. આવા બે પાંજરાપોળમાં ૧૦૩ મરી ગયા એવું નથી. બાજુમાં છોટા ઉદેપુરના ક્વાટ ગામની અંદર આજે પણ ત્યાં પશુઓનો કાયદેસર હાટ ભરાય છે. અને હજારો ગાયો ત્યાં વેંચાય છે જે આપણે પશુ માર્કેટ કાયદાની જોગવાઇમાં તમે રદ કરેલા છે. છતાં પણ આજે હાટ ભરાયને પશુ ત્યાં મરે છે અને કસાઇવાડે જાય છે આ પશુની વાત થઇ એટલે કહુ છું આ આમાં નથી. પરંતુ આજે બન્ને પાંજરાપોળની અંદર પાંજરાપોળો છે, ગૌશાળાઓ છે એની નજીકમાં આપનો કોઇ ડોકટર નથી. આપણા જિલ્લા પંચાયતમાં કહ્યું અને કહ્યા પછી ત્રણ–ચાર કલાકે એ ત્યાં પહોંચ્યા છે અને એ દરમિયાન પશુઓ મરી ગયા છે. એને ત્રણ કલાક સુધીમાં જો સારવાર મળી હોત તો આ પશુઓ બચી જાત. જેણે ઘાસચારો આપ્યો છે એને ખડકેલો એમાં ગેસ થઇ જાય આ તમામ ઘાસચારાવાળા જાણતાં જ હોય છે છતાં પણ આ રિપોર્ટમાં નથી આપ્યું અને ઇરાદાપૂર્વક આ મૂંગા પશુઓને મારી નાંખવામાં આવ્યા છે એના માટે આપ શું પગલા લેવા માગો છો ? ઘાસચારો બંધ કરીને એની શું તપાસ કરવા માગો છો ? પાંચ દિવસમાં પણ એફ.એસ.એલ.રિપોર્ટ નથી આવતો. આમાં સાદો ડોકટર પણ કહે છે કે આમાં શું તકલીફ છે આમાં કોઇ એફ.એસ.એલ.ની જરૂર નથી ચોખ્ખુ જ દેખાય છે. (અંતરાય) મંત્રી સાહેબ આપને ખબર ના હોય નાણામંત્રી સાહેબ, આ પશુઓનો પ્રશ્ન છે એમાં વગર ડોકટરે પણ ખબર પડી જાય. લીલા ઘાસચારાથી તે મરે નહીં લીલો ઘાસચારો એ તો તેનો ખોરાક છે તેમાં તકલીફ થઇ છે, કંઇક ઇરાદાપૂર્વક થયુ છે શું થયુ છે તે તમારો વિષય છે અને આમાં સરકારને તપાસ કરવાની છે. તમારી તપાસ વગર આ પશુ મરી ગયા છે એ ચોક્કસ છે હજુ આજુબાજુમાં નજીકમાં ૧૦ કિલોમીટરમાં ડોકટર હોત અને એક કલાકમાં પહોંચ્યો હોત તો પશુ બચી શકયા હોત. પણ નથી. આજુબાજુમાં કોઇ ડોકટર નથી એટલે સારવાર જલદી ન મળવાથી આ પશુઓના મૃત્યુ થયા છે તો એના માટે આપ શું કરવા માગો છો?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : મેં મારા નિવેદનમાં જણાવ્યું છે કે આ પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે એ મૂકયું છે. નિવેદન એ ફાઇનલ રિપોર્ટ નથી. ફાઇનલ રિપોર્ટ તો અમે વીસેરાના નમૂના લીધેલા છે એનું પરિણામ અને ચારાના નમૂના લીધેલા છે, પાણીના નમૂના લીધેલા છે એ બધા એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે. એનો રિપોર્ટ આવે પછી ચોક્કસ કહી શકાશે કે આ કારણોથી ઘટના ઘટી છે.

બીજી સભ્યશ્રીએ વાત કરી કે મકાઇ ખાવાથી આવું ઝેર નથી ચાડતું પરંતુ જુવાર ખાવાથી ચડે છે. મારે જણાવવાનું કે જુવારનું ઝેર કયારે ચડે કે જુવાર વાવી હોય એમાં એક બે પિયત કર્યા હોય અને પછી જુવાર આપવામાં આવે તો ઝેર નથી ચડતું. જુવાર વાવી હોય એ ઉગી ગઇ હોય પિયતનું પાણી ન મળ્યું હોય અને એ ખવડાવીએ તો પશુને મેણો ચડે છે, આફરો ચડે છે અને એ મૃત્યુ પામે છે. મકાઇના કારણે ઝેર ન ચડે એ માનનીય સભ્યશ્રીની વાત સાચી છે. મકાઇની લીધે ઝેર ન ચડે પણ મકાઇ તમે વાવી હોય એમાં યુરીયા દીધું હોય અને તરત પાણી દીધું હોય ને બીજા દિવસે મકાઇ વાઢો એમાં નાઇટ્રોજનનું પ્રમાણ વધી જાય છે એ પશુ ખાય તો ઓફરો ચડે છે, ગેસ થાય છે અને નાઇટ્રેઇટ પોઇજનના લીધે મકાઇ ખાવાથી પણ મૃત્યુ થાય છે. અમે વીસેરા લીધેલા છે, ઘાસના નમૂના લીધા છે, પાણીના નમૂના લીધા છે એનો ફાઇનલ રિપોર્ટ આવી જાય પછી સાચી ખબર પડશે.

બીજી માનનીય સભ્યશ્રીએ વાત કરી છે. આવું જો કયાંય પણ બનતું હોય તો એ અમારા ધ્યાને મૂકશો તો રાજય સરકારની એના માટે પગલાં લેવાની પૂરેપૂરી તૈયારી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ગાયોની રક્ષા રોડ ઉપર નથી કરી શકતા એ સીધી કતલ ખાને જતી રહે છે. પરંતુ પાંજરાપોળોમાં પણ રક્ષા નથી કરી શકતા એનું ઉત્તમ ઉદાહરણ આ બે પાંજરાપોળોમાંથી જોવા મળે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કુલ ૧૦૦ પશુઓ આ બંને પાંજરાપોળમાં મૃત્યુ પામ્યા એમાં ૬૨ ગાય, ૩૬ ભેંસો અને બે બકરી હતી. મારે જાણવું છે કે જે લીલી મકાઇ ખાવાથી આ બંને પાંજરાપોળમાં પશુઓના મૃત્યુ થયા તો આ લીલી મકાઇ કયા સ્થળેથી આવી હતી, એ અધિકારી દ્વારા કોઇ તપાસ કરવામાં આવી કે કેમ, બીજું આ સંચાલકની ભૂલ હતી કે ઘાસચારો મોકલનારની ભૂલ હતી એ માટે જે તપાસના ભાગરૂપે એની સામે પગલાં લેવામાં આવ્યા છે કે કેમ, બીજું રાજય સરકારે રાજય એનિમલ વેલ્ફેર બોર્ડ બનાવેલ છે. તો આ રાજય એનિમલ વેલ્ફેર બોર્ડમાં મંત્રીશ્રી છે, અધિકારીઓ છે, અને ત્યાંના લોકલ ધારાસભ્યો છે. જયારે ગૌ હત્યાની વાત થતી હોય, ગૌ વંશની વાત થતી હોય, ગૌ રક્ષણની વાત થતી હોય ત્યારે આ બોર્ડના કોઇ પણ સભ્યે આ બંને પાંજરાપોળની મુલાકાત લીધી હતી કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : પહેલી વાત તો જયાં સુધી ફાઇનલ રિપોર્ટ ન આવે, આ પ્રાથમિક રિપોર્ટ છે. વીસેરાના નમૂના લીધા છે એનો રિપોર્ટ નહિ આવે ત્યાં સુધી આપણે ફાઇનલ નિર્ણય નહિ લઇ શકીએ. અત્યારે જાણવા જોગ ફરિયાદ થઇ ગઇ છે. કલેકટરે પ્રાંત ઓફિસરને તપાસ અધિકારી તરીકે નિમણૂક આપી દીધી છે. બીજું માનનીય સભયશ્રીએ પૂછયું કે જયાંથી આ લીલો ચારો આવ્યો એની તપાસ કરી કે નહિ અને એ કોના દ્વારા મોકલવામાં આવ્યો આ ચારો કરજણ તાલુકાના કરમડી ગામના રમેશભાઇ ઠાકોર દ્વારા મોકલવામાં આવેલ હતો. સ્થળ ઉપર અમારા અધિકારીઓએ જઇને એના સાત નમૂના લઇને એ નમૂનાને પણ એફ.એસ.એલ. સુરતમાં મોકલી અપેલ છે. આ ચારો પાંજરાપોળમાં આવેલ એના પણ નમૂના લીધેલા છે અને બંને જગ્યાના નમૂનાઓ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : મારા છેલ્લા પ્રશ્નનો જવાબ ન આપ્યો. મેં પર્ટીક્યુલર પૂછ્યું કે રાજયમાં આપણે એનિમલ વેલ્ફેર બોર્ડની રચના કરી છે...

અધ્યક્ષશ્રી : કોઇ સભ્યશ્રીએ સ્થળ મુલાકાત લીધી છે કે નહીં એ એમનો છેલ્લો પ્રશ્ન હતો.

શ્રી શૈલેષ મ. પરમાર : કારણ કે આની અંદર માનનીય મંત્રીશ્રીથી માંડીને બીજા ૩૦ સભ્યો હોય છે એટલે કોઇ પણ એક સભ્યએ આ ગાયોના જયારે મૃત્યુ થયા તો ત્યાં મુલાકાત લીધી કે કેમ? આપ તો નહીં ગયા હો પણ લોકલ ધારાસભ્ય, કલેકટરશ્રી, નિયામકશ્રી, વનસંરક્ષકશ્રી કોઇએ મુલાકાત લીધી છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કલેકટર પોતે અને ત્યાંના જે પ્રાંત અધિકારી છે, મેં મારા જવાબમાં જ જણાવ્યું છે કે પ્રાંત અધિકારી પોતે પણ ત્યાં ગયેલા, તપાસ સોંપેલી છે અને તેની તપાસમાં ત્યાં ગયેલા.

શ્રી સતિષભાઇ મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં આવેલી પાંજરાપોળો અને ગૌશાળાઓમાં ભવિષ્યમાં આવા બનાવો ન બને તેના માટે રાજય સરકારે શું આયોજન કરેલ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીના પશુપાલન ખાતા દ્વારા આ બાબતે અગમચેતીના પગલાં રૂપે તમામ ગૌશાળાઓ/પાંજરાપોળમાં રાખવામાં આવેલ પશુઓનું વૈજ્ઞાનિક રીતે વ્યવસ્થાપન અને સંવર્ધન કરવા તથા પશુઓનું આરોગ્ય જળવાઇ રહે તે માટે ગૌસેવા વિકાસ બોર્ડ ગુજરાતની સ્થાપના કરેલ છે. બોર્ડ દ્વારા જુદા જુદા પ્રકારની નાણાકીય સહાયની યોજનાઓ છેલ્લા ૧૫ વર્ષથી અમલમાં છે. રાજયની તમામ જિલ્લાઓની પાંજરાપોળો/ગૌશાળાઓને આમાં આવરી લીધેલી છે. પાંજરાપોળોમાં આ બાબતે જાગૃતિ કેળવાય તે સારું દૂરદર્શન તેમજ પ્રિન્ટ મિડિયા દ્વારા તેમજ બોર્ડ દ્વારા જુદી જુદી શિબિરો અને પશુઓના પોષણ તેમજ યોગ્ય જાળવણી અંગે ઘનિષ્ઠ સારવાર પણ કરવામાં આવે છે. આવી એક બુકલેટ પણ તૈયાર કરીને એ માર્ગદર્શક બુકલેટ પણ દરેક પાંજરાપોળ અને ગૌશાળાને આપવામાં આવે છે. પશુઓનું કઇ રીતે સંચાલન કરવું, તેની જાળવણી કરવી. આના સિવાય આખા રાજયની બધી પાંજરાપોળોમાં જેટલા પણ પશુઓ છે તેનું

રસીકરણ પણ કરવામાં આવે છે. એ પશુઓ જો બિમાર પડે અને અમારા પશુ દવાખાનાને જાણ કરવામાં આવે તો ત્યાંના ડોકટરો જઇને તેની તાત્કાલિક સારવાર પણ આપે છે.

અધ્યક્ષશ્રીની જાહેરાત

પ્રશ્નો અને તેના જવાબો લંબાણપૂર્વક આપવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. છેલ્લા કેટલાક દિવસથી એવું જોવામાં આવ્યું છે કે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન સભ્યો પૂરક પ્રશ્નો પૂછતી વખતે લાંબી પૂર્વભૂમિકા બાંધીને પૂરક પ્રશ્નો પૂછે છે અને મંત્રીશ્રીઓ પણ પૂરક પ્રશ્નનો ટૂંકો અને સીધો પ્રત્યુત્તર આપવાને બદલે બિનજરૂરી વિશેષણો, ટીકાત્મક ઉલ્લેખો કર્યા બાદ લંબાણપૂર્વક પ્રત્યુત્તર આપે છે, જે કોઇ પણ રીતે યોગ્ય નથી. મારા પુરોગામી અધ્યક્ષોના નિર્ણયો અનુસાર પૂરક પ્રશ્ન પૂછતી વખતે અભિનંદન, આવકાર, વિશેષણો, વ્યંગાત્મક વગેરે શબ્દોના ઉલ્લેખો કરી શકાતા નથી. આપણે સૌ જાણીએ છીએ કે સંસદીય કાર્યરીતિમાં પ્રશ્નકાળ એ ખૂબ જ જીવંતકાળ છે અને તે દરમ્યાન સભ્યો પોતાના મત વિસ્તારના પ્રશ્નોને વાચા આપીને પ્રજાને પડતી મુશ્કેલીઓ દૂર કરવાની સાથે સાથે સરકારની કામગીરીથી પ્રજાને વાકેફ કરવાની ફરજો પણ બજાવે છે. ગૃહના દરેક સભ્યનો આ સંસદીય ધર્મ છે અને તેથી જ પ્રશ્નકાળ આપણાં સૌના માટે અત્યંત અગત્યનો છે. પ્રશ્નકાળની અગત્યતાને ધ્યાનમાં રાખીને જ મારા પૂર્વ અધ્યક્ષોએ આ કાળ દરમ્યાન પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો નહીં તેવા ધોરણો પણ પ્રસ્થાપિત કર્યા છે. જેથી આ કાળનો મહત્તમ સદઉપયોગ થઇ શકે, વિધાનસભાના નિયમ-૭૮(૪)થી પણ ઠરાવ્યું છે કે પ્રશ્નોમાં દલીલો, અનુમાનો, આળ, વ્યંગાત્મક, વિશેષણો અને બદનક્ષીભર્યા વિધાનોવાળા પ્રશ્નો પૂછી શકતા નથી. છેલ્લા કેટલાક સમયથી પ્રશ્નોત્તરી કાળમાં અભિનંદન, આવકાર, વિશેષણો, ટીકાઓ વગેરે પૂરક પ્રશ્ન પૂછતી વખતે પૂર્વભૂમિકામાં વપરાય છે અને તેના પરિણામે એવી અભિવ્યક્તિ બન્ને પક્ષોના સભ્યો તરફથી થાય છે. પ્રશ્નોત્તરીના એક કલાકના સમયગાળામાં આવા વિશેષણો અને વ્યંગાત્મક ઉલ્લેખ કરીને સમય ન વેડફાય તો મને લાગે છે કે આ કાળનો આપણે મહત્તમ સદ્ઉપયોગ કરીને પ્રજાના પ્રશ્નોને વાચા આપી શકીશું. મારા પૂર્વ અધ્યક્ષે પણ તા. ૨૫-૨-૨૦૧૦ના રોજ આ બાબતે આપેલ માર્ગદર્શનને આપણે સૌ ગંભીરતાથી ધ્યાનમાં લઇશું તો પ્રશ્નકાળ એ પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ પાડનારો કલાક બની રહેશે. આથી ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ પૂરક પ્રશ્નો પૂછતી વખતે લાંબી પૂર્વભૂમિકા, અભિનંદન, આવકાર કે વ્યંગાત્મક, વિશેષણો જેવા શબ્દપ્રયોગો કર્યા વગર ટૂંકમાં સીધો જ પૂરકપ્રશ્ન પૂછે અને માનનીય મંત્રીશ્રીઓ પણ પૂછેલ પૂરક પ્રશ્નને સુસંગત એવો ટૂંકમાં પ્રત્યુત્તર આપે. નેકસ્ટ.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**<#D /(** નાણા મંત્રીશ્રી )/**D #>**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ હું સન ૨૦૧૫-૧૬ના વર્ષના અનુદાન માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની માનનીય રાજ્યપાલશ્રીની *સિફારીશ વાંચી સંભળાવીશ.

**સામાન્ય વહીવટ વિભાગ**

**મંત્રી પરિષદ**

**માગણી નં.૩૦**

શ્રી રમણલાલ વોરા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪,૦૦,૯૪,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૩૧**

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૮૧,૮૯,૦૮,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૧ રજુ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૩૩**

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાનય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧,૪૮,૫૩,૭૭,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૩ રજુ કરું છું.

**માગણી ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી ક્રમાંક–૫૪**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૯૧,૬૧,૪૬,૦૦૦/-ની માગણી ક્રમાંક-૫૪ રજુ કરું છું.

**માગણી ક્રમાંક : ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૭૫**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( બંદરો અને વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહારની સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૮૨,૩૯,૪૮,૦૦૦ અને મૂડી ખર્ચ રૂ. ૧૫,૭૬,૫૨,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૭૫ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંકઃ ૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૫-૨૦૧૬**ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી **ગુરૂવાર, તા. ૧૨-૩-૨૦૧૫ ૮પહેલા દિવસ)** ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | સામાન્ય વહીવટ વિભાગ<br>માગણી નં ૩૦ | | |
| ૧ | ૨૦૧૩૬ મંત્રી પરિષદ<br>૧૦૧૬ મંત્રીઓ૬૬૬ પગાર<br>૦૧૬ મંત્રીઓ૬૬૬ સચિવો<br>રૂ૬ ૨૯૮૭૯૪૪૯૦૦૦<br>અં૬પ્ર૬નં૬ ૯<br>પાના નં૬ ૨૦ | ૧૦૦ | મુખ્યમંત્રીશ્રી ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રજૂ થતા પ્રજાના પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેશકુમાર પટેલ<br>૮ચંદ્રિકાબેન બારીયા૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | !! | ૧૦૦ | સદભાવના મિશન હેઠળ દરેક જિલ્લામાં ફાળવાયેલ પેકેજ અંતર્ગત વિકાસ કામો પાછળ થયેલ ખર્ચની વિગતો આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સીઈકેઈરાઉલજી ૮રાજેન્દ્રસિંહ પરમાર૯ |
| ૩ | !! | ૧૦૦ | મંત્રીઓ ધ્વારા તેમની મિલકતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા ૮વજેસિંગભાઈ પણદા૯ |
| ૪ | !! | ૧૦૦ | રાજ્ય મંત્રી પરિષદ દ્વારા ચૂંટણીમાં મહિલા અનામત તથા ફરજિયાત મતદાનનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજી પટેલ ૮બળદેવજી ઠાકોર૯ |
| ૫ | !! | ૧૦૦ | સરકારી ઉત્સવો અને મેળાઓ જેવા કાર્યક્રમોમાં વિરોધપક્ષના ધારાસભ્યોની થતી ઉપેક્ષા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત ૮અમીત ચૌધરી૯ |
| ૬ | !! | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા યોજનાઓની જાહેરાતો કર્યા બાદ તેને ચાલુ રાખી પ્રજાના નાણાંનો સદપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભોળાભાઇ ગોહેલ ૮પ્રવિણભાઈ રાઠોડ૯ |
| ૭ | !! | ૧૦૦ | મંત્રીશ્રીઓના કાર્યાલયમાં મંત્રીશ્રીઓની અપૂરતી હાજરી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઇ પટેલ (નટવરસિંહ ઠાકોર) |
| ૮ | !! | ૧૦૦ | કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે નિમાયેલ પેટા કમિટીઓ ધ્વારા સત્વરે નિર્ણય લઈ લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૯ | !! | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓ દ્વારા થયેલ પત્ર વ્યવહારનો અસરકારક અને ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઇ પટેલ |
| | | **માગણી નં ૩૧** | | |
| ૧૦ | ૨૦૧૫૬ચૂંટણી<br>૧૦૧૬ ચૂંટણી પંચ<br>૦૧૬રાજ્ય ચૂંટણી પંચ<br>રૂઈ૧૫લ૦૪લ૮૮લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૯<br>પાના નંઈ ૨૬૬૨૭ | ૧૦૦ | ચૂંટણી પંચ સમક્ષ થયેલ ફરિયાદોનો સત્વરે નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધારશીભાઈ ખાનપુરા |
| ૧૧ | ૨૦૧૫૬ચૂંટણી<br>૧૦૩૬મતદારઈઈઈ છપાવવી<br>૦૩૬મતદારઈઈઈ સુધારણા<br>રૂઈ૩૫લ૦૦લ૦૦લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૯<br>પાના નંઈ ૩૦૬૩૧ | ૧૦૦ | મતદાર યાદીઓમાં રહેલી ભૂલો સુધારી અને તેમાં વિસ્તારોના નામોનો સમાવેશ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ વાજા |
| ૧૨ | ૨૦૧૫૬ચુંટણી<br>૧૦૩૬મતદારઈઈઈ છપાવવી<br>૦૪૬મતદારઈઈઈ છપાવવી<br>રૂઈ૫૦લ૦૦લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૯<br>પાના નંઈ૩૧ | ૧૦૦ | મતદાર યાદીઓ અને ઓળખપત્રોમાં રંગીન ફોટાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશ ધાનાણી |
| | | **માગણી નં ૩૩** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩ | ૨૦૫૨ઃસચિવાલયઈઈસેવાઓ<br>૦૯૦ઃસચિવાલય<br>૦૨ઃ સામાન્ય વહિવટ વિભાગ<br>રૂઈ૨૮લ૩૪લ૮૧લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૯<br>પાના નંઈ ૪૩ થી ૪૫ | ૧૦૦ | વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ રકમનો સમયસર ઉપયોગ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર ૮ઈશ્વરભાઈ પટેલ૯ |
| ૧૪ | !! | ૧૦૦ | જાહેર કરેલ ભરતી કેલેન્ડર મુજબ સરકારી કચેરીઓમાં દર વર્ષે નિવૃત થતા કર્મચારીઓ સામે સપ્રમાણ કર્મચારીઓની ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉઈ તેજશ્રીબેન પટેલ |
| ૧૫ | !! | ૧૦૦ | પ્રસિધ્ધ થતા પરિપત્રોનું અન્ય વિભાગો પાસેથી યોગ્ય પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મેરામણભાઈ આહીર |
| ૧૬ | !! | ૧૦૦ | કોમ્પ્યુટરની સી.સી.સી.ની પરીક્ષા સમયસર લઈ નિવૃત થતા કર્મચારીઓને પેન્શન મેળવવામાં પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૭ | ૨૦૫૨ઃસચિવાલયઈઈસેવાઓ<br>૦૯૧ઃસંલગ્ન કચેરીઓ<br>૦૧ઃ નિવાસી આયુક્તઈઈઈ દિલ્હી<br>રૂઈ૯લ૫૫લ૩૦લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૯<br>પાના નંઈ ૪૯ઃ૫૦ | ૧૦૦ | દિલ્હી ખાતે નિવાસી આયુક્તની કચેરીમાં ધારાસભ્યો સાથે સારો વર્તાવ કરવામાં અને કથળેલી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ ૮ધીરૂભાઈ ભીલ૯ |
| **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં. ૫૪** | | | | |
| ૧૮ | ૨૨૦૫ઃકલા અને સંસ્કૃતિ<br>૧૦૨ઃ કલાઈઈઈ ઉત્તેજન<br>૦૧ઃ ચલચિત્રોઈઈઈ પુરસ્કાર<br>રૂઈ ૫લ૦૦લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૧૪<br>પાના નંઈ ૧૫ | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને યોગ્ય સમયે એવોર્ડ આપી ગુજરાતની કલા સંસ્કૃતિને ઉત્તેજન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ (ડૉ.મિતેષ ગરાસિયા) |
| ૧૯ | ૨૨૨૦ઃ માહિતી અને પ્રચાર<br>૦૧ઃ ચલચિત્રો<br>૦૦૧ઃ નિર્દેશ અને વહીવટ<br>૦૧ઃ માહિતીઈઈઈ કચેરી<br>રૂઈ ૧૨લ૮૦લ૪૫લ૦૦૦<br>અંઈપ્રઈનંઈ ૧૪<br>પાના નંઈ ૧૮ઃ૧૯ | ૧૦૦ | અધિકારીજકર્મચારીઓને સમયસર હાજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ ((મહંમદજાવીદ પીરઝાદા) |
| ૨૦ | ૨૨૨૦ઃ માહિતી અને પ્રચાર<br>૦૧ઃ ચલચિત્રો<br>૦૦૧ઃ નિર્દેશ અને વહીવટ<br>૦૧ઃ માહિતીઈઈઈ કચેરી | ૧૦૦ | સરકારી પ્રશંસાઓ પાછળ થતા ખર્ચ ઉપર અંકુશ રાખી પ્રજાના નાણાનો દુરૂપયોગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઇ ચૌધરી (અશ્વિન કોટવાલ) |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ઼ ૧૨ૡ૮૦ૡ૪૫ૡ૦૦૦<br>અં઼પ્ર઼નં ઼૧૪<br>પાના નં઼ ૧૮઼૧૯ | | | |
| ૨૧ | !! | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર ૮મણીલાલ વાઘેલા૯ |
| ૨૨ | !! | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને એવોર્ડ આપવા માટે રચાયેલ સમિતિમાં બિન ગુજરાતી સભ્યોની નિમણૂંક ટાળી સમયસર બેઠકોનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા ૮ગોવાભાઈ રબારી૯ |
| ૨૩ | ૨૨૨૦઼ માહિતી અને પ્રચાર<br>૬૦઼ અન્ય<br>૧૧૦઼ પ્રકાશનો<br>૦૧઼ મુદ્રિત઼઼઼ પ્રચાર<br>રૂ઼ ૫૩ૡ૭૭ૡ૦૦૦<br>અં઼પ્ર઼નં઼ ૧૪<br>પાના નં઼ ૨૨ થી ૨૬ | ૧૦૦ | 'ગુજરાત' મેગેઝીનને લોકો સુધી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર ૮કામિનીબા રાઠોડ૯ |
| ૨૪ | !! | ૧૦૦ | ખર્ચાળ દિપોત્સવી અંકનું ઓછું વેચાણ થતું હોઇ આવા અંકો બંધ કરી નાણા બચાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજન પટેલ ૮ગેંદાલભાઈ ડામોર૯ |
| ૨૫ | !! | ૧૦૦ | 'ગુજરાત' મેગેઝીન ખાનગી પ્રેસમાં છપાવવાને બદલે સરકારી પ્રેસમાં છપાવી નાણાનો દુરૂપયોગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઇ ચૌધરી ૮જોઈતાભાઈ પટેલ૯ |
| **બંદરો અને વાહન વ્યવહાર વિભાગ<br>માગણી નં઼ ૭૫** | | | | |
| ૨૬ | ૩૪૫૧઼ સચિવાલય઼઼઼ સેવાઓ<br>૦૯૦઼ સચિવાલય<br>૦૧઼ બંદરો઼઼઼ વિભાગ<br>રૂ઼ ૨ૡ૩૯ૡ૪૮ૡ૦૦૦<br>અં઼પ્ર઼નં઼ ૨૦<br>પાના નં઼ ૧૯ | ૧૦૦ | મેરીટાઇમ બોર્ડના કર્મીઓની તરફેણમાં આવેલ ચુકાદાઓનું સત્વરે પાલન કરી કર્મચારીઓને મળવાપાત્ર લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા ૮ગૌતમભાઈ ચૌહાણ૯ |
| ૨૭ | !! | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓ દ્વારા મંત્રીશ્રીઓને લખેલ પત્રો વિભાગમાં મોકલાવ્યા બાદ તેનો પ્રત્યુત્તર સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત ૮આનંદભાઈ ચૌધરી૯ |
| ૨૮ | ૫૦૫૧઼ બંદરો઼઼઼ જોગવાઇ<br>૦૨઼ નાના બંદરો<br>૮૦૦઼ અન્ય ખર્ચ<br>૦૧઼ બંદરોના઼઼઼ ફાળો<br>રૂ઼ ૧૫ૡ૭૬ૡ૫૦ૡ૦૦૦<br>અં઼પ્ર઼નં઼ ૨૦<br>પાના નં઼ ૨૨ | ૧૦૦ | નાના બંદરો ખાતે જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનમભાઇ પરમાર (કાંતિભાઈ ખરાડી) |
| ૨૯ | !! | ૧૦૦ | બંદરો ઉપર નવી જેટીઓ બાંધવા તેમજ કાદવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા |

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સામાન્ય વહીવટ વિભાગ એટલે સરકારનું હ્રદય. હ્રદય બરાબર ચાલે તો શરીર બરાબર ચાલે એવી રીતે આ જીએડી બરાબર ચાલે તો સરકારનો વહીવટ બરાબર ચાલે પણ દુઃખ સાથે કહેવું પડે કે આ હ્રદયની કેટલીક નસો બ્લોક થઇ ગઇ હોય એવું છેલ્લા કેટલાક સમયથી લાગે છે. સર્જરી કરવાની જરૂરિયાત છે. આ સરકારમાં લાખો કર્મચારીઓ– અધિકારીઓ જે આ સરકારના હાથપગ કહેવાય. વિધાનસભામાં બજેટ લાવીએ, યોજનાઓ લાવીએ એને લોકો સુધી પહોંચાડવાનું, ઝડપી અમલીકરણ કરવાનું કામ આ કર્મચારીઓ–અધિકારીઓ દ્વારા થાય પણ આજે ગુજરાતમાં એક લાખ પચાસ હજાર કરતા પણ વધારે સરકારી જગ્યાઓ ખાલી છે. આજે લગભગ તમામ શાખાઓ, તમામ વિભાગો, મોટેભાગે ચાર્જમાં ચાલતા હોય એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આજે અધિકારીઓ–કર્મચારીઓ એક કરતા વધારે વિભાગની જવાબદારી હોવાને કારણે, પૂરતો સ્ટાફ નહીં હોવાને કારણે ટેન્શન હેઠળ કામ કરતા હોય એવું પ્રતિત થાય છે. એક બાજુ દર વર્ષે હજારોની સંખ્યામાં કર્મચારીઓ અને અધિકારીઓ નિવૃત્ત થાય. ચાલુ વર્ષની જ વાત કરીએ તો ચાલુ નાણાકીય વર્ષમાં અઢાર હજાર કરતા પણ વધારે કર્મચારીઓ અને અધિકારીઓ નિવૃત્ત થવાના છે એની સામે આપણે જે ભરતી કેલેન્ડર બનાવ્યું એમાં આપણે ગમે તેટલું કરીએ તો પણ પંદર હજારથી વધારે ભરતી કરી શકતા નથી ત્યારે જે ઘટ પડવાની, જે તફાવત પડવાનો છે એ આવનારા વર્ષોમાં ગુજરાતની પ્રગતિને રુંધનારો ના બને એ દિશામાં આપણે સૌએ ચિંતા કરવાની જરૂર છે. ભરતી કરીએ અને એમાં પણ ફીક્સ પગારથી કરીએ જે ગુજરાતનો યુવાન ખૂબ આશા સાથે સરકારી નોકરીની રાહ જોઇ રહ્યો હોય અને જ્યારે એની ભરતી ફીક્સ પગારથી કરવામાં આવે ત્યારે એની કાર્યક્ષમતા પર ચોકકસ અસર થતી હોય છે. એક બાજુ અનુભવી કર્મચારીઓ નિવૃત્ત થાય અને બીજી બાજુ પૂરતી કાર્યક્ષમતા કે ખુશ થઇને જે કામગીરી કરવી જોઇએ એના અભાવને કારણે યુવાન કર્મચારીઓ ઉપર અસર થઇ રહી છે ત્યારે એ બે વચ્ચેની જે ખાઇ ઉભી થઇ રહી છે એ આજે આપણા બજેટને લોકો સુધી પહોંચતું અટકાવે છે. મારી તો સરકારને વિનંતી છે કે આ રાજયની સ્થાપના ૧૯૬૦માં થઇ ત્યારથી કર્મચારીઓની વયનિવૃત્તિ ૫૮ વર્ષ નકકી કરવામાં આવી છે. અનેક વર્ષોથી માગણી છે, આખા દેશમાં એ યુ.પી. હોય, બિહાર હોય, મહારાષ્ટ્ર હોય, રાજસ્થાન હોય આવા અનેક રાજયોએ આ વયમર્યાદા વધારીને ૬૦ વર્ષ કરી છે. આપણે આઇ.એ.એસ., આઇ.પી.એસ.ની વયમર્યાદા વધારી છે ત્યારે આપણે આ રાજયના જે અનુભવી કર્મચારીઓ – અધિકારીઓ છે એનો લાભ લેવા માટે આ વયમર્યાદા વધારવી જોઇએ જેથી કરીને એક બાજુ અનુભવી કર્મચારી–અધિકારી હોય અને એમની સાથે જે નવા આવનારા યુવાન હોય એ ટ્રેઇન થાય અને આપણી ગુજરાતની ગાડી બરાબર પાટા ઉપર ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ બજેટમાં મુખ્યમંત્રી હોય, મંત્રીમંડળ હોય એના માટે કરોડો રૂપિયાની ફાળવણી કરીએ છીએ. મુખ્યમંત્રી હોય કે મંત્રીમંડળના કોઇ સભ્ય હોય કે કોઇ અધિકારી હોય એ કોઇપણ સરકારી કાર્યક્રમમાં જાય, કોઇપણ વિસ્તારમાં જાય ત્યારે કોઇ પક્ષનો સભ્યો હોવાના બદલે આ સરકારના અને પ્રજાના પ્રતિનિધિ છે એવી પ્રતિબદ્ધતા સાથે કામ કરે તો આપણે ફાળવેલ બજેટ યથાયોગ્ય કહેવાશે. છેલ્લા કેટલાય વર્ષોનો અનુભવ છે કે કોઇપણ મંત્રી હોય કે કોઇપણ સરકારી અધિકારી હોય એ સરકારની વાહ વાહ કરવાની અને સરકારી પક્ષીય કાર્યક્રમો અને સરકારી પ્લેટફોર્મનો ઉપયોગ કરતા હોવાની પ્રતિતિ થાય છે. માનનીય ધારાસભ્ય આ પક્ષનો હોય કે વિપક્ષનો હોય પણ એ પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છે. સરકારે પ્રોટોકોલના નિયમો નક્કી કર્યા છે. કોઇપણ સરકારી કાર્યક્રમ હોય, એનું માન અને સન્માન જળવાવું જોઇએ. એને યોગ્ય વ્યવસ્થા થવી જોઇએ. જેમ અહીંયા કહ્યું એમ આમંત્રણ મળવું જોઇએ અને યોગ્ય રીતે એનું નામ આમંત્રણ કાર્ડમાં છપાવું જોઇએ. છેલ્લા કેટલાક વર્ષોથી પ્રથા એવી થઇ કે જિલ્લાના ઉચ્ચ અધિકારી હોય કે કોઇ મંત્રી આવવાના હોય, પ્રભારી મંત્રી આવવાના હોય કે મુખ્યમંત્રી આવવાના હોય, એની સરભરા કરવામાં, એની વ્યવસ્થા કરવામાં, એ કયા કપમાં ચા પીશે અને કયા ગ્લાસમાં પાણી પીશે એટલે સુધીની ચિંતા કરે. પણ આ જિલ્લાનો પ્રજાનો ચૂંટાયેલો પ્રતિનિધિ છે એને આમંત્રણ મળ્યું છે કે કેમ? એને સ્ટેજ પર બેસવાની વ્યવસ્થા થઇ છે કે કેમ? એની ચિંતા નથી કરતા. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવાની કે, આપણી સરકારના જી.એ.ડી.ના પ્રોટોકોલના પરિપત્રો છે એનો પૂરેપૂરો અમલ કરાવે તો આ બજેટ આપણે ખરેખર લોકો સુધી પહોંચાડ્યું કહેવાશે. ભૂતકાળની સરકારોએ ચિંતા કરેલી કે શાસક પક્ષનો હોય કે વિપક્ષનો ધારાસભ્ય હોય, કોઇપણ ચૂંટાયેલ

પ્રતિનિધિ હોય, એ પ્રજાની વેદના અને પ્રજાના પ્રશ્નો અને પોતાના વિસ્તારની જે તકલીફો છે એના નિરાકરણ માટે, એને વાચા આપવા માટે કલેકટરથી માંડીને મુખ્ય સચિવ સુધી અને મંત્રીથી માંડીને મુખ્યમંત્રી સુધી કાગળો લખતા હોય છે. ભૂતકાળના નિયમોથી એની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે કે પત્ર મળ્યાને આટલા દિવસમાં એને પ્રત્યુતર મળવો જોઇએ અને સમયમર્યાદામાં એના નિકાલ સાથે એને જાણ કરવી જોઇએ. મારે દુઃખ સાથે કહેવું પડે કે જ્યારથી રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે, આ પરિપત્રો અને નિયમોનું છડેચોક ઉલ્લંઘન થાય છે. કલેકટરથી માંડીને સચિવ હોય કે મંત્રીથી માંડીને મુખ્યમંત્રી હોય, એકપણ જગ્યાએથી સમયસર પત્રોના પ્રત્યુતર મળતાં નથી. ખાલી એકનોલેજમેન્ટનો પ્રત્યુતર પાઠવીને કદાચ આપણે આનંદ લેતા હોઇએ, પણ એનો નિકાલ થયો કે કેમ એ દિશામાં કોઇપણ જાતની ચિંતા કરવામાં આવતી નથી. ત્યારે મારી સરકારને વિનંતી છે કે આપણા જ પરિપત્રો છે એનું મોનિટરીંગ બરાબર થાય કે આપણા નિયમો મુજબ કામગીરી થાય છે કે કેમ એ દિશામાં કામ કરવાની જરૂરિયાત છે.

આપણે નાગરિક અધિકાર પત્રની વાત કરી છે. નાગરિક અધિકાર પત્ર આજે તાલુકાની કચેરી હોય કે જિલ્લાની કચેરી હોય, ખાલી બોર્ડ પર રહી ગયો છે. નાગરિક સુવિધા કેન્દ્રો આજે સુવિધાને બદલે દુવિધા કેન્દ્ર બન્યું છે. એની પાછળનું એક માત્ર કારણ એ છે કે આપણે સરકારી સ્ટાફ મૂકતાં નથી. આઉટ સોર્સિંગ એજન્સીઓને હવાલે મૂકી દીધા છે. એના કારણે નફો કરવા આવતી એ એજન્સીઓ આ પ્રજાની તકલીફમાં એને મદદ કરવાને બદલે એ કઇ રીતે ઓછા માણસો મૂકે, કઇ રીતે ઓછા સાધનો મૂકે અને એને વધારે નફો થાય એ દિશામાં કામ કરે છે. એટલે એ બાબતમાં આપણે પુનઃ વિચાર કરવાની જરૂર છે. ગુજરાતમાં સારા વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓ મળે એની ચિંતા અને પ્રક્રિયા કરવાની જવાબદારી ગુજરાત જાહેર સેવા આયોગને સોંપવામાં આવી છે. આ જાહેર સેવા આયોગને આપણે પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર આપીએ છીએ ખરા? પૂરતો સ્ટાફ છે ખરો? એમાં જે નિમણૂંક થાય છે એ ચોક્કસ વિચારસરણીના હોવાના કારણે આજે પણ એમની નીતિમત્તા અને એમની તટસ્થતા ઉપર લોકોને શંકા છે. આજે ગુજરાતમાં ૨૦૧૪માં પ્રિલિમની પરીક્ષા લેવાય અને ૨૦૧૫નું વર્ષ આવે ત્યાં સુધી એનું રિઝલ્ટ આપવામાં ન આવે. એના કારણે આપણી આ બેદરકારીથી ગુજરાતના યુવાનોને ખૂબ મોટું નુકસાન થાય છે. જી.પી.એસ.સી.ની પ્રક્રિયામાં વિલંબ થાય, એમાં છબરડા થાય, એમાં ભ્રષ્ટાચાર અને એની તટસ્થતાની શંકાઓ ઉભી થાય ત્યારે આપણે એને મજબૂત કરવાની દિશામાં પણ ચોક્કસ વિચારવાનો સમય આવી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર પાસે IWDMS SOFT WARE હોવા છતાં એ SOFT WARE ને અપગ્રેડ કરવાને બદલે HRMS જેવી યોજનાઓના નામે પોતાની વાહ વાહ કરવાના પ્રયત્નો કરે છે.

શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યાં છે એના પર હું તમામ સભ્યો વતી જે સુખી છે, સંપન્ન છે એના વગર જે જરૂરિયાતમંદ છે, જે પ્રજાના સેવક છે અને જરૂરિયાતમંદ છે એના વિષે હું ચર્ચા કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ ના ગુજરાત વિધાનસભાના સભ્યોના પગાર તથા ભથ્થા બાબતના અધિનિયમ ૨૦૦૫માં જે બનાવ્યું ત્યાર પછી ૧૦ વર્ષથી અત્યાર સુધી એમાં કોઇ ફેરફાર થયો નથી. હું પગાર વધારો માગવા ઊભો નથી થયો પણ આપણને જે અન્યાય થયો છે એ અન્યાયની ચર્ચા કરવા માટે ઊભો થયો છું. આપણે બધા એનાથી ડરીએ છીએ. કારણ કે આપણે લેવાનું છે એટલે આપણે ડરીએ છીએ એનું કારણ એ હોઇ શકે કે, મતદારો ઉપર અવળી અસર થશે એવી માનસિકતાથી આપણે પિડાઇએ છીએ, ફરી નહિ ચૂંટાઇએ એવું વિચારીએ છીએ. આપણે ટી.વી., મિડિયા, ન્યૂઝ પેપરોથી ગભરાઇએ છીએ કે પેપરમાં છાપશે, પબ્લિક જાણશે, આપણને વોટ નહિ આલે આપણે બધા આનાથી ડરપોક થઇ ગયા છીએ. આપણે પોતાની અંદર એક એ હોવું જોઇએ કે ભાઇ, અત્યારે રાજકારણમાં જે પરિવર્તન થઇ રહ્યું છે, એની જરૂરિયાતો છે એ જરૂરિયાતોને પહોંચીવળવા માટે આપણે કંઇક વિચારવું પડશે. નવું લિમિટેશન થયું, વિસ્તારો લાંબા થયા, વિસ્તારો વધ્યાં. મારે ૧,૪૦,૦૦૦ મતદારો હતા નવા ૨,૦૦,૦૦૦ થયા. ૪૦ ગામ હતા એના ૬૦ ગામ થયા. ફરવાનું વધારે થયું, મેળાવડામાં આપણે જવું પડે. લગ્નોમાં જવું પડે, બાધામાં જવું પડે, લોકોની મુલાકાતમાં જવું પડે, ધારાસભ્ય ફંડ ફાળવ્યું હતું એટલે ઉદ્ઘાટનમાં જવું પડે. ખાતમુહૂર્તમાં જવું પડે, બર્થ ડેમાં જવું પડે, બાધામાં જવું

પડે, લોક સંપર્કમાં જવું પડે, સરકારી મેળાવડામાં જવું પડે, પાર્ટીની મિટિંગમાં જવું પડે, લોકોને મળવા માટે જવું પડે આ બધા જવાની અંદર આપણને જે ભથ્થું મળવું જોઇએ એ મળતું નથી. ડિઝલના ખર્ચા થાય છે, ગાડીઓના ટાયર ઘસાય છે તો શું આપણે લોકો પાસે આશા રાખવાની? જે નવા સંનિષ્ઠ ધારાસભ્યો છે જેને ખોટું કરવું નથી અને પ્રજાની સેવા કરવી હોય તો પ્રજાએ એનો ભાર ઉઠાવવો પડશે એ આપણે પ્રજાને જણાવવું પડશે. કારણ કે, પ્રતિનિધિ પ્રજાના કાર્યો માટે છે. હવે બાર કલાકનું રાજકારણ થઇ ગયું છે. તમારે સતત રાજકારણમાં રચ્યાં પચ્યા રહેવાનું, ધંધો–નોકરી કરવી હોય તો થતી નથી અને કરવા જાવ તો લોકો કરવા ના દે, લોકો ધંધા પર જ આવીને બેસી જાય અને કહે કે વોટ નથી આલ્યા? ટી.વી. આલોને ૫૦૦ ઓછા લઇને. બેસાય તેવી પરિસ્થિતિ નથી રહી તો ખાવું શું? કુટુંબ ચલાવવું કેવી રીતે? આ બધા પ્રશ્નોની ચર્ચા કરવા માટે સાહેબ મારે આખો દહાડો જોઇએ એવો છે.

અધ્યક્ષશ્રી : આ બધાને એડ્રેસ ના આપતા, નહિ તો પછી આપની પાસે ટી.વી. માંગવા આવશે.

શ્રી નિરંજન પટેલ : સાહેબ, બહુ અગત્યની ચર્ચા છે. આપણી પાસે આટલો બધો સમય છે તો થોડો સમય કાઢોને? એમાં શું ફેર પડે છે? માનનીય અધ્યક્ષશ્રી, આ ટી.વી. , મિડિયા, પેપરોવાળાને મોંઘવારી નહિ નડતી? એમણે એમના સાથીદારોને અને કર્મચારીઓના પગાર વધારવા આપવા માટે એનો ભાવ વધારે જ છે. આપણે એનો વિરોધ કરીએ છીએ? કારણ કે જરૂરિયાત છે એવું આપણે સમજીએ છીએ. એવું એમણે પણ સમજીને આપણો વિરોધ કરવા માટેની ખેવના રાખવી જોઇએ. ઓન ધ કોન્ટરરી એમણે સંમતિ આપવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા પ્રવચનની અંદર એક બહુ રચનાત્મક ધ્યાન દોરવા માગુ છું કે એની અંદર દૈનિક ભથ્થું આપણને ૨૦૦ રૂપિયા મળે છે. હવે ૨૦૦ રૂપિયા સવારે ૮–૩૦ વાગ્યે જ ખલાઇ થઇ જાય છે. આપણે ટૂથપેસ્ટ વાપરીએ, બ્રશ વાપરીએ, ૨૨ રૂપિયાની દૂધની કોથળી લાવીએ, જોડે સાથીદાર હોય, ડ્રાઇવર હોય, ચા–ખાંડ, ગેસ પછી આપણાં બૈરા તો હોય નહિ. એટલે આપણે બે જોડી કપડાને ઇસ્ત્રી કરે ૪૦ રૂપિયા એના એમાં થાય છે. આ બધો ખર્ચો ચ્હા–નાસ્તાની અંદર જ ૨૦૦/–રૂપિયા વપરાઇ જાય છે, બાકીના સમયમાં સમજી જાવ. અને મુલાકાતીઓ આવતા હોય છે. એટલે રાજકારણને ભ્રષ્ટાચારથી જો બચાવવું હોય અને ખોટા ખર્ચાથી. આપણે ગૌરવ લઇએ છીએ. (સમયસૂચક ઘંટડી ) પણ ખરેખર લોકપ્રતિનિધિ તમારે જો સાચા અને સારા જોઇતા હશે.

અધ્યક્ષશ્રી : ભાઇ હવે, બે મિનિટનો સમય છે.

શ્રી નિરંજન પટેલ : બે મિનિટમાં નથી પતે એવું બહુ છે આ તો, હજુ માજી ધારાસભ્યોનું પેન્શનનું આખું બાકી છે. સાહેબ, ટેલિફોન ચાર્જની અત્યારે લેટેસ્ટ ટેકનોલોજી આવી ગઇ, ટવિટર છે, ફેસબૂક છે, ઓન લાઇન છે, ઇ મેલ છે, મોબાઇલના વપરાશ વધી ગયા, ઓફિસના વપરાશ વધી ગયા અને ૨૦૦૫ની અંદર આપણો જે ચાર્જ છે એ જ રાખ્યો છે. લેટેસ્ટ ટેકનોલોજીથી ઇલેકશન લડવાનું હવે થઇ ગયું છે. ઓફિસો ચલાવવા માટે લેટેસ્ટ ટેકનોલોજી જોઇએ છે, કોમ્પ્યુટર જોઇએ, લેપટોપ જોઇએ, કોમ્પ્યુટર ચલાવનાર માણસો એ ટેકનિકલ જોઇએ. હવે આપણે સાથીદારનો પગાર અહીં ૩,૦૦૦/– મૂક્યો છે ૨૦૦૫માં. ૩,૦૦૦/– રૂપિયામાં કોણ આવે કોમ્પ્યુટરવાળો આવે ? કોઇ આવે એવું નથી. આ બધી વસ્તુઓનો વિચાર કરીને આપણે બધા એ ભેગા થઇને એક કમિટી બનાવો અને એ કમિટી દર પાંચ વર્ષે એનું રિવ્યુ કરે. જે વારંવાર પછી આપણે આવવું ના પડે, ઓટોમેટિક. જેમ આપણે કમિટીઓ નથી બનાવતા? શંકરભાઇ આપે કહ્યું હતું કે, પ્રાઇવેટ કોલેજને ફી વધારવા માટે કમિટી બનાવી અને કમિટી નિર્ણય કરે એને આપણે ગ્રાહ્ય રાખીએ છીએ. જી.ઇ.બી. બોર્ડના ભાવ વધારવા માટે આપણે કમિટી રાખીએ છીએ. બીજી બધી મિટિંગોની કમિટીઓ, બધાની કમિટીઓ રાખીએ છીએ તો આપણે ધારાસભ્યોની કમિટી કેમ નહીં ? બંગડીઓવાળાઓનું યુનિયન, વાળંદોનું યુનિયન, નગરપાલિકાઓની પાથરણાવાળાઓનું પણ યુનિયન. આ બધા યુનિયનો રજૂઆત કરે, ઉદ્યોગવાળાઓનું યુનિયન એ રજૂઆત કરે એ આપણે સાંભળીએ, એમના પ્રશ્નોનો આપણે ઉકેલીએ. તો આપણું જ યુનિયન નહીં ? આપણે જ આપણા પ્રશ્નો નહીં ઉકેલવાના ? મોસાળમાં માં બેઠી હોય અને ભાણિયો ભૂખે મરે એવા દિવસો આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે અંગત મદદનીશ છે, એવું રેલવેનું છે, મુસાફરી ભથ્થું છે, એમ આપણે સાથીદારને બદલે સહઅધ્યાયી લઇ જઇએ, વિમાન ભાડામાં ત્રણ વખત જઇએ અને ભાડું રેલવેનું મળે. હવે દિલ્હીમાં આપણા વડાપ્રધાન બેઠા હોય, ગુજરાતના પ્રશ્નો માટે બધા ધારાસભ્યો જાય અને ત્રણ વખતમાં શું મેળ

પડે ? તો માનનીય અધ્યક્ષશ્રી, દસેક વખત કરો અને ઓરિજીનલ ભાડું આપવનું ગોઠવો તો બધા ત્યાં જાય અને આપણા પ્રશ્નો ઉકેલે. મત વિસ્તારના ભથ્થાની વાત કરી મેં.

સાહેબ, મને અનુભવ છે કે, સત્તાધારી પાંચ વર્ષમાં રહ્યો તો માખો કેટલી બણબણતી હતી એ મને ખબર હતી. પછી હું ૨૨ હજાર વોટથી હાર્યો, હું માજી ધારાસભ્ય એનોય મને અનુભવ થયો, એ ૨૨ હજારની સાઇઝ કાપવા માટે, ફરી જીતવા માટે મારે આ બધા ચાલુ ધારાસભ્યો આ બધાએ જેટલી મહેનત કરી હતી એટલી જ કરી હતી. એક તો હું રિટાર્યડ હતો, મને કશું મળતું નહતું. ભથ્થું મળે, પેન્શન મળે તો સારા રાજકારણીઓ પછી આપણને સાંપડશે, રાજકારણ છોડીને જતા રહેશે, થાકી જશે. કારણ કે, એમને કુટુંબ ચલાવવાનું છે, પરિવાર ચલાવવાનું છે, બાળકોને ભણાવવાના છે..

અધ્યક્ષશ્રી : નિરંજનભાઇ આપનો સમય પૂરો થાય છે. આપણા ત્રણે-ત્રણ મંત્રીશ્રીઓને માત્ર દસ મિનિટ આપવામાં આવે છે. માનનીય પ્રદિપસિંહજી. આપણે ૧૧૬ અને પોઇન્ટ ઓફ ઓર્ડરમાં ટાઇમ જવાના કારણે બન્ને પક્ષનો સમય કપાયો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની માગણીઓ હું આ સન્નમાનીય સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું ત્યારે આ માહિતી અને પ્રસારણ વિભાગ એ ગુજરાતની શક્તિ અને સામર્થ્યને વિશ્વમાં ઉજાગર કરવાવાળો વિભાગ તરીકે હું ગણું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે ગણું છું કે, સેવા એજ સાધના અને શબ્દોની આરાધના, એના માધ્યમથી ગુજરાતની શકિત અને સામર્થ્ય આજે વિશ્વભરની અંદર પહોંચાડવામાં આપણે સફળ રહ્યા છીએ. માહિતી અને પ્રસારણ વિભાગે ટેકનોલોજીના સથવારે હકારાત્મક કોમ્યુનિકેશનથી પ્રચાર અને પ્રસારના ક્ષેત્રે એક નવી કેડી કંડારી છે. એ વિવિધ માધ્યમોના સમન્વયથી અસરકારક પ્રચાર, પ્રસિદ્ધિ દ્વારા માહિતી વિભાગ એ રાજ્ય સરકાર અને પ્રજા વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ માહિતી વિભાગ એની વિભાવનાના પાયામાં પ્રચાર-પ્રસાર પદ્ધતિમાં એમણે કરેલો બદલાવ અને ખાસ કરીને સોશ્યલ મિડિયા, ઇન્ટરનેટ, મોબાઇલ એપ્લીકેશન, આધુનિક નવતર પરિણામો આ બધાનો સમન્વય કરીને કોઓ ગ્લોબલ એનો ધ્યેય સિદ્ધ કર્યો છે. ૬૫ ટકા યુવાનો આજે સમગ્ર ભારત ભરમાં છે અને ઇન્ટરનેટ અને સોશ્યલ મિડિયાનો સમુચિત ઉપયોગ કરીને એમના સુધી વાત પહોંચાડવી એ માહિતી વિભાગે પોતાના યોજના કાર્યની અંદર હાથ ઉપર લીધું છે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ત્રણેય ભાષની અંદર એની પ્રેસનોટ નિયમિતરૂપે આપણે પહોંચાડીએ છીએ. ધ ગુજરાત નામનું અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ કરીએ છીએ. સતત અપડેટ થતી વેબસાઇટ અને મેઇલીંગ વ્યવસ્થા ઉપરાંત મિડિયા પર્સનના માધ્યમથી આપણે આ વિભાગ દ્વારા કરીએ છીએ. વિકાસની રાજનીતિનો એક અનોખો ગુજરાત મોડેલ દેશને વિકાસનો નવો રાજમાર્ગ એ ગુજરાત દ્વારા ચીંધવામાં આવ્યો છે. નરેન્દ્રભાઇ મોદીના વિકાસ દર્શનથી આજે આખું વિશ્વ પ્રભાવિત થયું છે ત્યારે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આદરણીય આનંદીબેન પટેલના કર્મઠ નેતૃત્વમાં ગુજરાતે વિકાસની હકારાત્મક રાજનીતિના સહારે ગતિશિલ ગુજરાતનું સર્જન કર્યું છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી પોતાના ૯ મહિનાના ૨૭૦ દિવસના ગાળાની અંદર ૩૨૦ જેટલા કાર્યક્રમો કરે અને ૩૨૦ કાર્યક્રમો લોકો સુધી પહોંચાડવાનું કામ એ રાજયના સમર્થ માહિતી વિભાગ દ્વારા કરવામાં આવ્યું છે. પ્રજા સાથે સીધો સંવાદ છે એના કારણે પ્રજાની અંદર આ સરકારની ભારતીય જનતા પાર્ટીની મુખ્યમંત્રીની અને નેતાઓની લોકોની અંદર સ્વીકૃતિ છે. કયારેય ભારતીય જનતા પાર્ટીના નેતાઓને કે મુખ્યમંત્રીઓને પ્રજા સાથે સંવાદ હોવાને કારણે રજા ઉપર ઉતરી જવાનો સમય નથી આવ્યો. એની અસરકારક પ્રચાર પ્રસિદ્ધિના કારણે સરકાર નીતિ નકકી કરે, સરકાર યોજના નકકી કરે અને એ યોજના લોકો સુધી પહોંચાડવાનું કામ માહિતી વિભાગ કરે અને માહિતી વિભાગે આ કામ અસરકારક કરવાને કારણે ૧૯૯૫, ૧૯૯૮, ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ લાગલગાટ પાંચ પાંચ ટર્મ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકાર બનાવાવાનો શ્રેય કોઇને આપવાનો હોય તો માહિતી વિભાગની કામગીરીને આપવાનો થાય છે. શાળા પ્રવેશોત્સવ હોય, કૃષિ મેળો હોય, વનબંધુ વંચિતોનો વિકાસ હોય આ બધી જ યોજના એ માહિતી વિભાગ દ્વારા એને સફળ બનાવવામાં આવે છે. ઝડપી કોમ્યુનિકેશન એ માહિતી ખાતાનું મિશન છે અને કોઇપણ ઘટના બને અને બનેલી ઘટના સોશ્યલ મિડિયાના માધ્યમથી તરત જ લોકો સુધી પહોંચાડે. આ શાળા પ્રવેશોત્સવના માધ્યમથી આપણે ડબલ ડિઝિટની અંદર ડ્રોપ આઉટર રેશીયો હતો એ આજે ઘટીને માત્ર બે ટકા થયો છે. બેટી

બચાવો, હજાર પુરુષે મહિલાનો દર આપણે ૯૧૯ સુધી લાવી શકયા છીએ. આ રીતે અનેક રાજય સરકારની મહત્વાંકાંક્ષી યોજનાઓ માહિતી ખાતાની સતર્કતા અને એની સક્રિયતાને કારણે આપણે સફળ બનાવી છે. ૨૦૦૧–૦૨ માં કૃષિ પેદાશોનું ઉત્પાદન ૧૬૦૦૦ કરોડ હતું. એ ૨૦૧૨–૧૩માં આપણે એક લાખ આઠ હજાર એટલે એક લાખ કરોડ કરતા પણ વધારે સુધી પહોંચાડવામાં માહિતી વિભાગ અત્યંત સફળતાથી કામ કરી રહ્યું છે. ગો ગ્લોબલ. આપણે સુત્ર આપ્યું સૌનો સાથ સૌનો વિકાસ, આજે અમેરિકાના વિદેશ મંત્રી પણ પોતાના સબકા સાથ અને સબકા વિકાસના સુત્રના આધારે આપણે ત્યાં સુધી સમગ્ર વિશ્વમાં આપણે આ સુત્રને ઉજાગર કરી શકયા છીએ. હમણા વાઇબ્રન્ટ ગ્લોબલ સમીટ થઇ. અને પ્રવાસી ભારતીય દિવસ થયો, જેની અંદર ૧૧૦ દેશોના ૨૫૦૦ ડેલિગેટસો ૪૦૦ જેટલી બી ટુ બી મીટિંગ અને ૨૫ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા. આપણે વિચાર કરીએ કે સ્થાનિક પત્રકારો, દેશભરના પત્રકારો, આંતરરાષ્ટ્રીય પત્રકારો અને બધાની સાથે રહીને આ માહિતી વિભાગે ગુજરાતની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં પહોંચાડવામાં સફળ રહ્યું છે. એ પ્રમાણે આપણને આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પ્રવાસી ભારતીય દિવસ ગુજરાતમાં ઉજવવાનો મોકો આપ્યો અને એના માધ્યમથી વિશ્વભરના પ્રવાસી ભારતીયો ગુજરાતની ધરતી ઉપર આવ્યા. એમણે ગુજરાતને જોયું અને ગુજરાતની મુલાકાત લીધી અને ગુજરાતને જાણ્યું, પણ આખે આખી ઘટના ગુજરાતની પ્રાણ ઇમેજ વિશ્વભરમાં પ્રસ્થાપિત કરવા માટે માહિતી વિભાગે અનન્ય કામગીરી કરી છે. ઇન્ટરનેટ, વેબસાઇટ, વોટસએપ એ બધાના માધ્યમથી આપણે અનેકવિધ પ્રયાસો કર્યા છે. હકારાત્મક ઉપયોગ કર્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે સ્વાઇન ફ્લુ એર બોન્ડ ડિસિઝ છે. અને એર બોન્ડ ડિસિઝમાં લોકજાગૃતિ એ સૌથી અગત્યનું માધ્યમ છે. અને આ લોકજાગૃતિને ઉભી કરવા માટે વોટસએપ, ફેસબુક અને ઇન્ટરનેટના માધ્યમથી લોકોને માહિતી વિભાગ દ્વારા કઇ કઇ સલામતિઓ લેવી જોઇએ તે લેવા માટે લોકોને જાગૃત કર્યા છે. એના કારણે આવડી મોટી આવનાર આફત હતી, એમાં આપણે શાંતિથી નીકળી ચૂક્યા છીએ અને મીડિયા રિન્સ્પોન્સ સિસ્ટમ છે. આવડી મોટી સરકાર છે. આટલા મોટા વિભાગો છે. કયાંક ચૂક થતી હોય, કોઇક અખબારો દ્વારા હકારાત્મક કે નકારાત્મક સમાચારને વિન્ડિક્ટિવ પણે નહિ જોઇને રાજય પ્રત્યેની વેદના, સંવેદના વ્યક્ત કરી છે, એટલા માટે તરત જ મીડિયા રિસ્પોન્સ સિસ્ટમ દ્વારા એનો આપણે નિરાકરણ લાવવા માટે અને જો આવશ્યકતા હોય તો એના ખુલાસાની સાથે સાચી વાતો લોકો સુધી પહોંચાડી છે. આપણું ગુજરાત પાક્ષિક ૩ લાખ ૫૦ હજાર જેટલા ગ્રાહકો છે. માત્ર ૫૦ રૂપિયાના નજીવા દરે ગુજરાત ભરની અંદર લોકો સુધી ગુજરાત સરકારની વાત પહોંચાડવાનું આપણે આયોજન કર્યુ છે. ધોરણ ૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓ પોતાના ભણતર પછી કઇ કારકીર્દિમાં જવું તેના માટે કારકીર્દિ વિશેષાંક અને ભણ્યા બાદ એને રોજગાર સમાચાર પાક્ષિકના માધ્યમથી ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની સાથે આગામી દિવસોમાં અનેકવિધ નોકરીઓ ઉપલબ્ધ થવાની છે. રોજગાર સમાચાર સાપ્તાહિકના માધ્યમથી આપણે પૂરી પાડીએ છીએ. પત્રકારોને માટે પ્રેસ એક્રેડિટેશન અને એના માધ્યમથી એમને સલામતિ અને સુરક્ષાના વીમા કવચ હેઠળ આવરી લેવા માટે રાજય સરકાર દ્વારા આ સન્માનનીય સભાગૃહનું કામ આપણે રોજ લોકશાહીના ધબકારાના માધ્યમથી જોઇએ છીએ. ગુજરાતના ઘેર ઘેર સુધી પ્રશ્નોત્તરીની વાતને પહોંચાડીએ છીએ. એનું પણ કયા પ્રશ્નો અગત્યના છે એ લોકો સુધી પહોંચાડવા માટેનું સબળ અને અસરકારક કામ જો કોઇએ કર્યુ હોય તો માહિતી વિભાગે કર્યુ છે. જે કાપ દરખાસ્તો લઇને માનનીય સભ્યશ્રીઓ આવ્યા છે એ પાછી ખેંચી લેવા હું વિનંતી કરું છું. હું માનું છું કે આ વિભાગે ગુજરાતની શક્તિને, સામર્થ્યતાને વિશ્વભરમાં ઉજાગર કરવાનું ઉત્તમ કામ કર્યુ છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ભારતના પશ્ચિમ દિશામાં આવેલું આપણું રાજય ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયા કિનારો ધરાવે છે. આનો પૂરો લાભ અને ઉપયોગિતા સમજીને રાજય સરકારે ખૂબ વ્યુહાત્મક રીતે આયોજન કર્યુ છે. જીવન જરૂરિયાતની વસ્તુઓ અને અન્ય ઉત્પાદિત માલની આયાત નિકાસ માટે સલામતિપૂર્વક હેરફેર થાય એટલા માટે આ દરિયા કિનારાનો સંપૂર્ણ ઉપયોગ કેવી રીતે થાય તે માટે ૧૯૯૫થી માંડીને આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ દિશામાં ખૂબ અગત્યના પગલાં ભર્યા છે. ગુજરાતમાં અત્યારે ૪૧ નાના અને મધ્યમ કક્ષાના બંદરો છે. બંદર નીતિના સફળ અમલીકરણને કારણે ૨૯ કેપ્ટીવ જેટીઓ, ૯ ખાનગી જેટીઓ અને ૪ ખાનગી બંદરોનો વિકાસ

થઇ રહ્યો છે. રાજ્ય હસ્તકના બંદરો છે તેમાં ૨૦૧૧–૧૨માં ૩૯ મિલિયન મે. ટન અને ૨૦૧૩–૧૪માં ૪૩ મિલિયન મે. ટનની હેરફેર  થઇ છે. ૨૦૦૧–૦૨ માં આની સ્થાપિત ક્ષમતા ૧૩૫ મિલિયન મે.ટન હતી. ૨૦૧૪માં ૧૩૫ની સરખામણીમાં ૩૮૭ મિલિયન મે.ટન પહોંચાવડાનો રાજ્ય સરકારનો પ્રયત્ન રહ્યો છે. ૨૦૧૪–૧૫માં આ ૪૨૨ મિલિયન મે.ટન ક્ષમતા હાંસલ કરે તેવા રાજ્ય સરકારના પ્રયત્નો છે. ૧૯૯૫માં રાજયના બંદરો ઉપરથી ૧૭ મિલિયન મે.ટન ટ્રાફિકની હેરફેર થતી હતી તે વધીને આજે ૨૦૧૪–૧૫માં ૩૩૫ મિલિયન મે.ટન થઇ છે. ગુજરાતનું મેરીટાઇમ બોર્ડ, હિન્દુસ્તાનના નકશા ઉપર ગુજરાતનું જે મહત્વ છે. મેરીટાઇમ બોર્ડનો હિસ્સો આંતરરાષ્ટ્રીય લેવલે અને રાષ્ટ્રીય લેવલે ૩૨ ટકા અને નાના અને મધ્યમ કક્ષાના બંદરોનો ટ્રાફિકનો હિસ્સો ૭૪ ટકાનો છે. આધુનિક સુવિધા ધરાવતા બંદરોમાં મુન્દ્રા, દહેજ, સિક્કા, હજીરા અને પીપાવાવનો સમાવેશ થાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતના બંદરો ઉપરથી કન્ટેનર કાર્ગો દ્વારા થતી આયાત નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ અને સુધારો થયો છે. આને ધ્યાનમાં રાખીને માનનીય નરેન્દ્રભાઇની દીર્ઘદ્રષ્ટિ કે કોઇપણ વિષયમાં સફળ થવું હોય તો તે વિષયની જાણકારી જોઇએ. દા.ત. ટીચર્સ યુનિવર્સિટી કરી, યોગા યુનિવર્સિટી કરી, સંસ્કૃત યુનિવર્સિટી કરી. રાજ્ય સરકાર આવતા દિવસોની અંદર મેરીટાઇમ યુનિવર્સિટી કરવા જઇ રહી છે. તેના કારણે વિષયને અનુરૂપ શિક્ષણ મેળવીને આ ધંધામાં માણસ  આવે તો સફળ જ થાય. ભૂતકાળની અંદર અશિક્ષિત લોકો આ ધંધાની અંદર સફળ થયા હતા. આ હિન્દુસ્તાનનો ઇતિહાસ અને વારસો છે તેને  આગળ વધારવા માટે અને દેશ વિદેશમાંથી હૂંડિયામણ વધારે મળે તે ધ્યાનમાં રાખીને આ યુનિવર્સિટીની સૈદ્ધાંતિક મંજૂરી રાજ્ય સરકારે આપી છે. જેમાં યુ.કે.ની કલાઇમાઉટ યુનિવર્સિટી કોરીયા મેરીટાઇમ અને ઓશીયન યુનિવર્સિટીનો આ કરારમાં સમાવેશ થાય છે. મેરીટાઇમ કલસ્ટરની સ્થાપના કરવા રાજ્ય સરકાર જઇ રહી છે.  આ અન્વયે શીપીંગ અને દરિયાઇ ક્ષેત્રે તમામ લોકોને એક છત્ર નીચે લાવવાનું આયોજન છે. આ યોજનાને આંતરરાષ્ટ્રીય લેવલે વિકસાવવા રાજ્ય સરકારનો પ્રયત્ન છે. હાલમાં ત્રણ નવા બંદરોની કામગીરી પ્રગતિમાં છે. છારા ગીર સોમનાથ જિલ્લામાં, દહેજ ભરૂચ તથા નારગોલ વલસાડ જિલ્લામાં પ્રગતિ હેઠળ છે. આમાં રાજ્ય સરકાર ઉપરાંત ખાનગી મૂડી રોકાણને કારણે વિકાસ થયો છે. મને કહેતા આનંદ થાય છે કે, અત્યાર સુધીમાં ૩૦ હજાર કરોડ રૂપિયાનું મૂડી રોકાણ આ ખાનગી બંદરોના વિકાસ માટે કરવામાં આવ્યું છે અને એના કારણે માલની હેરફેર ખૂબ મોટા પ્રમાણમાં વધી છે અને આપણા રાજયનો અને આપણા દેશનો ઉત્પાદિત માલ બહાર જાય અને જરૂર પ્રમાણે આપણે ત્યાં બહારનું ઉત્પાદન સલામતીપૂર્વક લાવી શકીએ એના માટેની વ્યવસ્થા એ સરકારી પોર્ટ હોય કે ખાનગી પોર્ટ હોય, અને ખાનગી પોર્ટને વિક્સાવવા માટે પણ રાજ્ય સરકારે તમામ પ્રકારની સહાય પણ કરી છે. પોર્ટ ગમે તેટલા સારા હોય પણ એ પોર્ટ પર ઉતરેલો માલ એ જે તે જિલ્લા સુધી લઇ જવા માટેની ઇન્ફ્રાસ્ટ્રકચરની વ્યવસ્થા જો બરાબર ન હોય તો આ આખી વ્યવસ્થા અપુરતી ગણાય. એને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર પોર્ટને જોડતા રસ્તાઓનું સો ટકા કામ સૂચિત બંદરો હોય કે હયાત બંદરો હોય એને સિંગલ રસ્તા હતા ત્યાં ડબલ કર્યા, ડબલ રસ્તા હતા ત્યાં ફોરલેન કર્યા. આજે આપણે મિત્રો કંડલા જઇએ, મુંદ્રા જઇએ  કે પીપાવાવ જઇએ તો આપણને ફોરલેન રસ્તાની સુવિધા પ્રાપ્ત થાય છે. રાજ્ય સરકારે ભૂતકાળમાં અને અત્યારે પણ કેન્દ્ર સાથે પત્ર વ્યવહાર કરીને આ બંદરો સાથે ટ્રેનથી પણ એને જોડવામાં આવે એની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. રાજયમાં અત્યારે કાર્યાન્વિત શીપયાર્ડ ૯ છે. ભાવનગર, હજીરા, પીપાવાવ, મગદલ્લા, દહેજ, ભાવનગર જૂના બંદર અને નવા સૂચિત એ પણ ૮ જગ્યાએ છે અને અંદાજીત એમાં પણ મૂડી રોકાણ ૧૨૪૨ કરોડ રૂપિયાનું થવા જઇ રહ્યું છે. યાંત્રિક અને ડ્રેજીંગની વ્યવસ્થા પણ જો પૂરતા પ્રમાણમાં ન હોય તો મોટા જહાજ વધારે વજનવાળા એ કિનારા સુધી નથી આવી શકતા આ વાતને ધ્યાનમાં રાખીને વિશ્વના ગમે તેટલા મોટા વજનવાળા શીપ કિનારા સુધી પહોંચે એના માટે નિયમિત રીતે ડ્રેજીંગ થવું જોઇએ એ ડ્રેજીંગની વ્યવસ્થા પણ દરેક પોર્ટ ઉપર થાય એના માટે પણ રાજ્ય સરકારે પૂરતી કાળજી લીધી છે. પોર્ટ એ વિકાસમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. પોર્ટના વિકાસમાં રાજ્ય સરકાર પૂરતી કાળજી લે છે અને આગામી દિવસોમાં પણ જ્યાં અત્યારે ક્ષમતા છે, વાયેબલ છે એવા પોર્ટને કાં તો રાજ્ય સરકાર પોતાના હસ્તક અથવા તો ખાનગી મૂડી રોકાણ મારફતે નવા બંદરો પણ વિકાસ પામે અને રાજયના અર્થતંત્રને વેગ મળે, અને ઇશ્વર કૃપાથી આપણને આખા દેશની અંદર સૌથી વધારે ૧૬૦૦ કિ.મિ.નો જ્યારે દરિયા કિનારો મળ્યો છે ત્યારે આપણે એનો પૂરેપૂરો ઉપયોગ કરીને આખા રાજયને લાભ થાય એ પ્રમાણે રાજ્ય સરકાર કામ કરી રહી છે ત્યારે કાપ દરખાસ્ત

મૂકનાર મારા સાથીઓને મારી વિનંતી છે કે, પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને આ વિભાગની માગણીઓનો સર્વાનુમતે સ્વીકાર કરે.

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ એ રાજય સરકારનું કેન્દ્રબિંદુ છે અને એ વાત સાથે આપણે બધા સંમત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારમાં કામ કરનારા કર્મયોગી મિત્રો માટે અત્યાર સુધીના સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં, ગુજરાતના ઇતિહાસમાં પહેલી વખત સામાન્ય વહીવટ વિભાગે સમયસર કર્મચારીઓની ભરતી થાય, એની નિમણૂક થાય, એને પ્રમોશન મળે એના માટેનું દસ વર્ષનું કેલેન્ડર અમલમાં મૂક્યું છે. પહેલી વખત અમલમાં મૂક્યું છે ત્યારે દર વર્ષે કેટલા લોકોની ભરતી થશે એ ભરતીની પણ સંખ્યા આપી છે. અમારા પરમ મિત્ર અમિતભાઇ કહેતા હતા કે ૧૮૦૦૦ લોકો તો આજ વર્ષે નિવૃત્ત થવાના છે. પહેલા વર્ષે પહેલા વર્ષના કેલેન્ડરમાં આ રાજય સરકાર ૩૮,૮૯૫ ની ભરતી કરવાની છે. જ્યારે અમે કેલેન્ડરની વાત કરીએ છીએ ત્યારે દસ વરસની અંદર કયા વરસે કેટલા કર્મચારીઓ નિવૃત્ત થવાના છે એ પણ રાજય સરકારે ધ્યાનમાં લેવું પડે, અમુક ઉમર થશે, એની ક્ષમતામાં વધારો ઘટાડો શું થશે, એ વિષય પણ ધ્યાનમાં લેવો પડે અને એ સાથે સાથે આ જમાનો કમ્પ્યુટરનો જમાનો છે, પહેલાં ૩ માણસો જે કામ કરતા હતા એ કામ આજે એક કમ્પ્યુટર કરી રહ્યું છે, આઇ.ટી.નો ઉપયોગ વધી રહ્યો છે, મેનપાવર ઘટતો જાય છે અને આઇ.ટી.નો ઉપયોગ વધી ગયો છે, એવા સંજોગોમાં પણ આ દસ વરસના કેલેન્ડર દરમિયાન ૧,૫૪,૦૦૦ સરકારી કર્મચારીઓની ભરતી આ રાજય સરકાર કરવા માગે છે, માત્ર ભરતી થાય એટલું પૂરતું નથી, અમારી અપેક્ષા છે કે સારા લોકો, સારા નવ યુવાન મિત્રો આમાં જોડાય, એટલા માટે આના માટે પ્રિ–રિક્રુટમેન્ટ એલિજીબિલિટીની વ્યવસ્થા આ રાજય સરકારે કરી છે, કોઇપણ જગ્યાએ તમે ભરતી કરો એના પહેલાં તમારે આ ટેસ્ટમાંથી પસાર થવું પડે. અહીંયા વાત એ પણ થઇ કે ૫૮ વરસના અનુભવી લોકો છે એમના અનુભવનો પણ લાભ લેવો જોઇએ. એમના અનુભવ સામે કોઇ વાંધો હોઇ શકે નહિ. પરંતુ મિત્રો આપણે આગામી પેઢીને પણ ધ્યાને લેવી પડશે. વધારેમાં વધારે જો તમારે નવયુવાન મિત્રોને રોજગારી આપવી હશે તો સરકારે જે નીતિ નિયમો નક્કી કર્યા છે, જ્યારે હું નોકરીમાં જોડાયેલ છું ત્યારે મને ખબર છે કે મારી વય નિવૃત્તિ આ છે અને એ વયનિવૃત્તિ પ્રમાણે જ્યારે વયનિવૃત્ત થવાના હશે તો જ નવયુવાન મિત્રોની ભરતી આપણે કરી શકીશું. આ ને આ મિત્રોને જો આપણે ચાલુ રાખીશું તો નવી પેઢીનો પણ વિચાર કરવો પડશે. આ રાજય સરકારે અનેકવિધ પગલાં લીધા છે, પહેલાં કહ્યું એ પ્રમાણે ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન, ગૌણ સેવા પસંદગી સમિતિ, અન્ય સમિતિઓના મારફતે વર્ગ–૩ અને વર્ગ–૪ના કર્મચારીઓની ભરતી પણ સમય મર્યાદામાં આ રાજય સરકાર કરે છે અને એટલા માટે અત્યાર સુધીમાં જેટલી પણ ભરતી થઇ છે, એ સમય મર્યાદામાં કરવાનો રાજય સરકારે પ્રયાસ કર્યો છે, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની વાત કરી છે ત્યારે પહેલાં માત્ર પાંચ સભ્યો હતા, એમાં પણ વધારો કરવામાં આવ્યો છે, એમને ખૂટતી જરૂરિયાતો એ પણ પુરી કરવામાં આવી છે, અપેક્ષા જે આપણી બધાની છે, સમયસર જાહેરાત થાય. સમયસર એની લેખિત પરીક્ષા લેવાની હોય તો એ લેવાય, એના ઇન્ટરવ્યુ થાય અને આ બધાનો સમયગાળો સચવાય તો જ આપણે નવી પેઢીને ન્યાય આપી શકીએ અને એની સાથે સાથે જે કર્મચારી નિવૃત્ત થયો છે એ જગ્યા પણ આપણે સમયસર ભરી શકીએ એ રાજય સરકારનો અભિગમ છે, ભરતીની જ્યારે વાત કરતા હોઇએ છીએ ત્યારે રાજય સરકાર એક ડગલું આગળ વધીને માત્ર ગુજરાત સરકારની અંદર વર્ગ–૩, વર્ગ–૪, વર્ગ–૧ અને ૨ ની જ નહિ, પણ ગુજરાતનો નવ યુવાન આઇ.એ.એસ., આઇ.પી.એસ. આઇ.એફ.એસ. થાય એના માટેની પણ વ્યવસ્થા સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા જેને આપણે સ્પીપાના નામથી જાણીએ છીએ, આ રાજય સરકારની અપેક્ષા છે કે અન્ય રાજ્યોની જેમ ગુજરાતના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં આઇ.એ.એસ., આઇ.પી.એસ. આઇ.એફ.એસ. થાય અને એના માટેની તમામ વ્યવસ્થા આ રાજય સરકાર કરે છે. જે કર્મચારીઓ છે એ કર્મચારીઓ અને રાજય સરકાર માટે સમયાંતરે અનેકવિધ તજજ્ઞોને બોલાવવામાં આવે છે અને આ તજજ્ઞોના માર્ગદર્શન પ્રમાણે સમગ્ર કર્મયોગી ભાઇઓ કામ કરે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે, ચિંતન શિબિરની વ્યવસ્થા કરવામાં આવી છે અને જ્યારે ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શ્રીમતી આનંદીબહેન પટેલ બિરાજમાન છે ત્યારે એમણે નવતર પ્રયોગ ગતિશીલ ગુજરાતના નામે કરીને એકસો દિવસની અંદર અગિયાર મુદ્દા અને ૫૧ જેટલા પેટા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ સમયમર્યાદામાં કામ કરવાનું એમણે કામ કર્યું છે ત્યારે

પહેલાં ફેઝની ગતિશીલ ગુજરાતની વાત કરું તો એની સિદ્ધિ ૧૩૮ ટકા છે અને આ સિદ્ધિને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં અઢાર જેટલા વિષયોની સાથે ૧૧૪ મુદ્દાઓને સાથે રાખીને જેમાં મહિલા સશક્તિકરણ હોય, કુપોષણની વાત હોય, સ્વસ્થ ગુજરાતની વાત હોય, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની વાત હોય, આ બધાજ વિષયોને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં ગતિશીલ ગુજરાત સમયમર્યાદાની અંદર કામ કરે એવી રાજ્ય સરકારની અપેક્ષા છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા માનનીય ધારાસભ્યશ્રીઓ માટે જે કહેવામાં આવ્યુ, અમારા વિભાગે આના પરિપત્રો કર્યા છે અને વ્યકિતગતપણે પણ અમે ઇચ્છીએ છીએ કે કોઇ પણ સરકારી કાર્યક્રમ હોય તો જે તે મત વિસ્તારના ધારાસભ્ય હોય, સંસદસભ્ય હોય તેને સન્માનપૂર્વક, આદરપૂર્વક બોલાવવામાં આવે, તેને આમંત્રણ આપવામાં આવે અને એમને પૂછવામાં આવે કે તમે આ કાર્યક્રમમાં હાજર રહેવાના છો કે કેમ ? હાજર રહેવાના હોય તો નામ પણ લખાય અને સન્માનપૂર્વક બેસાડાય આના માટેના પરિપત્રો થયા છે. કયાંક મિત્રો જો ચૂક થઇ હશે તો એ ફરીથી પુનઃસ્થાપિત કરીને બધાજ ધારાસભ્યોની ગરિમા આમ જાહેર જીવનમાં પણ જળવાય એના માટેના અમે પ્રયાસો કરીશું. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, રાઓલજીને લોકો બોલવા દેતાં નથી, દંડકશ્રી આપતા નથી એટલે તેમને ફરજ પડે છે કે મારે કંઇક તો બોલવું. હજુ સુધી તેમને બોલવા જ દીધા નથી તેમનો કયારેય વારો જ નથી આવ્યો પછી શું કરે. માનનીય ધારાસભ્યના પત્રની તેમણે વાત કરી અને વાત સાથે આ રાજય સરકારની અપેક્ષા છે કે અઠવાડિયા દસ દિવસમાં તમારો એકનોલોજમેન્ટ થાય કે તમારો પત્ર મળ્યો છે અને આ વિભાગના ફલાણા ફલાણા અધિકારીનું તેમા ધ્યાન દોર્યુ છે અને મોડામાં મોડા બે મહિના સુધી એ પત્રનો હકારાત્મક જવાબ જાય એવી રાજય સરકારને અપેક્ષા છે. બાકી જે પણ નિર્ણય થયા છે તે સરકારના નીતિ-નિયમો પ્રમાણે એનો ખુલાસો સમય મર્યાદામાં થાય એના માટેની આ રાજય સરકાર વ્યવસ્થા કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, નિરંજનભાઇએ ઘણી બધી વાતો કરી છે. વ્યકિતગત પણે નિરંજનભાઇને એટલા માટે અભિનંદન આપુ કે કદાચ જાહેર જીવનનો કોઇ ધારાસભ્ય કદાચ આવી વાત ગૃહમાં ના કરે તે વાત તેમણે કરી છે અને તેમની વાતમાં ઘણા બધા લોકોને સ્પર્શતી વાત હશે, લાગુ પડતી વાત હશે આ બધુ હોવા છતાંય માનનીય નિરંજનભાઇને મારી એટલી વિનંતી છે કે, આપણે બધા આ સન્માનીય ગૃહમાં આવીએ છીએ તે સેવા કાર્યને ધ્યાનમાં રાખીને આવીએ છીએ. તમે જે પણ પાર્ટીમાંથી હો પછી તમે હો કે હું હોઉં. જયારે આપણે આવીએ છીએ ત્યારે આ સામેથી સ્વીકારેલી બાબત છે અને એટલા માટે તેને નાણાં સાથે, કમાણીના માધ્યમ સાથે ના જોડતાં આપણે ગુજરાતની પ્રજાની સેવા કરવા માટે સેવાભાવથી જયારે અહીંયા આવ્યા છીએ ત્યારે આપણી અનેક વિટંબણાઓ હોય તો એ વિટંબણાઓને બાજુ ઉપર મૂકીને પણ આપણે મિત્રો સારી રીતે આ સ્વીકારેલ કાર્યને આપણે સન્માન કરીએ એવી માનનીય નિરંજનભાઇને પણ વિનંતી કરું છું. ફિકસ પગારવાળા મિત્રોની વાત કરી છે ૪૫૦૦/-માંથી ૭૧૦૦/-રૂપિયા સુધીનો પગાર વધારો એમાં કરવામાં આવ્યો છે. એ સિવાય બાકીના બન્ને ધારાસભ્યશ્રીઓ ભાઇશ્રી અમિતભાઇ અને નિરંજનભાઇએ કહ્યું છે તે વાતનો સકારાત્મક જવાબ આપ્યો છે. તમામ મિત્રોને મારી વિનંતી છે કે, તેમણે મૂકેલી કાપ દરખાસ્તો પાછી ખેંચે અને સર્વાનુમત્તે મારા વિભાગની માગણીઓ મંજૂર કરે એટલી વિનંતી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જયારે ગુજરાતના યુવાનોની નોકરીની ચિંતા કરી છે ત્યારે મારે સ્પષ્ટ પૂછવું છે કે આગામી કેલેન્ડર વર્ષમાં જે ભરતી થવાની છે તે ફિકસ પગાર યોજના બંધ કરીને પૂરા પગારની યોજનાથી કરવા માગો છો કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે દસ વર્ષનું કેલેન્ડર બનાવ્યું છે. મેં કહ્યું એ પ્રમાણે ૧ લાખ ૫૪ હજાર કરતા વધારે લોકોની ભરતી થવાની છે. આ ભરતી ગુજરાત પબ્લિક સર્વિસીઝ કમિશનમાંથી થાય, ગૌણ સેવા પસંદગી સમિતિમાંથી થાય, પંચાયત સેવા પસંદગીમાંથી થાય અને આ બધાજ કર્મચારીઓ પૂરા પગાર સાથે તેમની નિમણૂક કરવામાં આવે છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા પ્રવચનમાં પગાર વધારવા વિશેનુ નહોતું કહ્યું પણ આપણે જે પગાર કમિટી બનાવી છે તેની ભલામણો જે આવી છે દસ વર્ષથી આપણે તેનું અમલીકરણ નથી કર્યું, તો પછી પગાર કમિટી વિખેરી નાખો ખાલી ભાડા ભથ્થા આપવાની જરૂર નથી એ બધા પક્ષોની કમિટી બનેલી છે તો એની ભલામણો સ્વીકારવા માગો છો કે કેમ ? બીજું કે મારી રજૂઆત એ છે કે, વિસંગતતાઓ દૂર કરો જેમ કે

આપણે ધારાસભ્ય બે લાખના પ્રતિનિધિ ચૂંટાયેલા છીએ આપણને નીચલી કક્ષામાં ગણ્યાં છે. તો આપણે ઉપલી કક્ષાના નહિ? જયારે માનનીય મંત્રીશ્રીએ અમારા વિરોધપક્ષના નેતાને નાયબ કહ્યું તો એમને મનદુઃખ થયું, એમની વાત સાચી છે, હોદ્દાની કિંમત છે, એની વેલ્યુ છે. ધારાસભ્ય લોક પ્રતિનિધિ છે એને સન્માનથી એને ઉચ્ચ કક્ષાનો ગ્રેડ આપવાની વાત છે એમાં લોકશાહીના પ્રતિનિધિ હોદ્દાને સન્માનભેર ઇજ્જતભેર મને *(xxx)નહિ તો તમે બધું સ્વીકારત કારણ કે બધાને •(xxx) મર્દ હોય.

અધ્યક્ષશ્રી : *(xxx) એ રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી નિરંજન પટેલ : ઉપલી શ્રેણીમાં મૂકો, એની પ્રતિષ્ઠા સચવાય એવું કરવા માગો છો કે કેમ, બીજું આપણને ૧૨ દિવસે આવવા જવાનું ભથ્થું મળે છે. બધા શનિ– રવિ જાય છે. એક પણ શનિ –રવિ રોકાતો નથી, મારા સિવાય એક પણ ધારાસભ્ય રોકાતો નથી. તમે દસ વખત આવો છો અને જાવ છો અને આખી વિધાનસભા દરમિયાન બે વખત આવવા જવાનું ભથ્થું મળે છે. ઇટ ઇઝ પ્રોપ્રર થીંક એટલે વિસંગતતા આની અંદર છે એ દૂર કરવા માગો છો કે કેમ, પહેલા પાંચ રૂપિયામાં ટપાલ હતી લોકોના પ્રશ્નો આવે એનો જવાબ લખવો પડે છે. આજે ટપાલો મળતી નથી કુરિયરના ૨૦ રૂપિયા થઇ ગયા છે તો આ બધી વિસંગતતા આપણે દૂર કરવા માગીએ છીએ કે કેમ**?**

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય ધારાસભ્યની વાતની મેં સરાહના પણ કરી છે એ આપ સૌ જાણો છો. કોઇ ટીકા નથી કરી, કોઇ ધારાસભ્ય ન કહે એના માટે પણ મેં એમને અભિનંદન આપ્યા છે. માનનીય ધારાસભ્યશ્રીની પોતાની લાગણી છે, તમામ ધારાસભ્યશ્રીઓનું પોતાનું સન્માન જળવાય, પગાર કમિટી અને બાકીની વાતો જે વિસંગતતા અંગેની છે, મારા વિભાગ થકી ફરીથી હું એનો જરૂર અભ્યાસ કરીશ અને એના માટે રાજય સરકારનું મન ખુલ્લુ છે.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૧, ૧૩ થી ૧૮, ૨૦ થી ૨૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૩૦,૩૧,૩૩, ૫૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**(વિરામ બપોરના ૨–૨૮ થી ૩–૧૫)**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

## બિન સરકારી વિધેયક

## સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩

## ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક, ૨૦૧૩.

## ઘરેલુ કામદારોની કામની શરતો અને આવી વ્યક્તિઓના કલ્યાણ અને તેને સંબંધી બાબતો અંગે જોગવાઇ કરવા બાબત વિધેયક.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું ઘરેલુ કામદાર કલ્યાણનું બિલ લઇને આવ્યો છું. આજે ૧૨મી માર્ચ, દાંડી યાત્રાની ૮૫મી જયંતિનો દિવસ છે. ગાંધીજીએ સૌથી મોટું સુત્ર આપ્યું છે કે જીવનમાં દિલની વાત અને સાચી વાત કરવી જોઇએ. હું જે આ બિલ લઇને આવ્યો છું ત્યારે ઘણા મિત્રોને એમ થાય કે એક ઉદ્યોગપતિ ઘરેલુ કામદાર અંગેનું બિલ લઇને આવે. આ બિલના માધ્યમથી મારા દિલની વાત કરું તો હું પણ નીચેથી ગરીબીમાંથી કામ કરતાં કરતાં આજે આ સ્ટેજે પહોંચ્યો છું, માટે મારું હ્રદય આ બિલ સાથે જોડાયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારો આ બિલ લાવવા પાછળનો હેતુ છે, કલમ–૩,૪,૮. કામદારોનું રજીસ્ટ્રેશન. કામદારોને દર અઠવાડિયે રજા અને બીજી સવલતો પ્રાપ્ત થાય તેના માટેનો મારો હેતુ છે. ખાસ કરીને જેણે

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

નાનપણથી આ બધું પ્રત્યક્ષપણે જોયું હોય તેને ચોક્કસપણે મનમાં એમ થાય કે બીજા બધા સુખી સંપન્ન માણસોને, ભણેલા-ગણેલા લોકોને કેટલી બધી અદભૂત સગવડો મળતી હોય છે. એ સગવડોમાં ખાસ કરીને મેં જોયું છે કે ઘરેલુ કામદાર છોકરો હોય તેને ઘણી વખત એવું થાય કે સ્કૂલે પણ જતો હોય અને નોકરી પણ કરતો હોય. જેણે આ બે ભાગ જોયા હોય તેને ચોક્કસપણે તેના દિલમાં થતું હોય છે. ખાસ કરીને મેં જે જોયું છે કે જે માણસો ઘરેલુ કામ કરતા હોય, બગીચાનું કામ કરતા હોય, ઘરકામ કરતા હોય, નાના- મોટા સ્ટોરમાં કામ કરતા હોય, હોટલ કે રેસ્ટોરન્ટમાં કામ કરતા હોય. એ લોકોની જે સ્થિતિ છે, આપણને મનમાં ઘણી વખત થાય કે જેણે ભોગવી હોય તેને ખબર પડે કે આ સ્થિતિની વાસ્તવિકતા શું છે. બીજાં લોકોની નજરે જૂએ, ત્યારે બીજાં બધાં લોકો નોકરી કરતા હોય તેમને દરેક પ્રકારની સુવિધા અને સવલતો મળતી હોય છે અને ઘરેલુ કામદાર કામ કરતા હોય તેની શરૂઆત સામાન્ય પૈસાથી થતી હોય છે. મેં બે રૂપિયાથી શરૂઆત કરેલી છે અને મહિને ૬૦ રૂપિયા જે કમાણી થાય તે ૬૦ રૂપિયામાં શું સ્થિતિ થતી હોય છે તે માણસ રૂબરૂ જૂએ ત્યારે ખ્યાલ આવે. અમે ભણવા જતા ત્યારે બે સ્થિતિ વચ્ચે તફાવત જોતો. હું ગુજરાતી સ્કૂલમાં ભણતો. સામાન્ય બીજી સ્કૂલમાં નાનકડી ફી લઇને ભણવા જવાનું થાય, ત્યારે સ્કૂલ આગળથી અમે નીકળીએ ત્યારે મનમાં એમ થાય કે કાશ, ભગવાને આપણને આમાં ભણવાની તક આપી હોત તો બહુ સારું થાત એવું ચોક્કસપણે આપણાં દિલમાં ઘણી વખત થતું હોય છે. મારી રજૂઆત છે તેમાં મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે એ બધા સ્ટેજમાંથી પસાર થઇને મેં આજે એક ઉદ્યોગપતિ તરીકે કેટલા કોન્ટ્રાકટર, કારખાનાઓમાં, નાનામાં નાના કામોમાં નજીકથી જોયું છે. એમાં એવો સુધારો થાય એમનું રજિસ્ટ્રેશન કરવામાં આવે. નાની ઉંમરે કામ કરવું પડતું હોય છે. ત્યારે એના દિલમાં વિતતું હોય છે. એના કારણે ઘણી બધી મુશ્કેલીઓ થતી હોય છે. માટે મારી વિનંતી છે કે, આ સભાગૃહના બધા જ સભ્યો આ બિલને સમર્થન આપે. આપણે બધા જોતા હોઇએ છીએ કે, આજુબાજુમાં કામ કરવા માટે આવતા નાના માણસોની શું સ્થિતિ થતી હોય છે. એટલા માટે આ બિલ લાવ્યો છું. એમનું રજિસ્ટ્રેશન થાય, એમને બીજી સવલતો મળે એના માટે સરકાર કોઇ ચોક્કસ આયોજન કરે. આજે આવા નાના માણસોને બગીચામાં કામ કરતા જોઇએ છીએ, નાના કારખાનામાં કામ કરતા જોઇએ છીએ, કોન્ટ્રાક્ટરો કામે રાખતા હોય છે, આવા નાના માણસો બીજા જિલ્લામાં રોજગારી પ્રાપ્ત કરવા આવતા હોય છે, એમને આપણે જોતા હોઇએ છીએ. આખા ફેમીલી સાથે કામ કરતા હોય છે. એમાં એમની સાથે ૧૨ વર્ષ, ૧૪ વર્ષના છોકરાં હોય છે એ પણ કામ કરતા હોય છે. એમના દિલમાં શું થતું હશે? આવા બધા માણસોનું રજિસ્ટ્રેશન થાય, એમને બધી સવલતો પ્રાપ્ત થાય, એ આ બિલનું હાર્દ છે. સભાગૃહના સૌ સભ્યોને વિનંતી કરું છું કે, આ બિલને આપ સૌ પોઝિટિવ લઇ પસાર કરો એવી મારી વિનંતી છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ**(**થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય આદરણીય બલવંતસિંહ રાજપુત જે વિધેયક લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક, ૨૦૧૩. ઘરેલુ કામદારોની કામની શરતો અને આવી વ્યક્તિઓના કલ્યાણ અને તેને સંબંધી બાબતો અંગે જોગવાઇ કરવા બાબત વિધેયક લઇને આવ્યા છે. શ્રી બલવંતસિંહ આ બિલના ઉદ્દેશો અને કારણો બતાવી રહ્યા હતા. એમાં એમણે એવું કહ્યું કે, હું ઉદ્યોગપતિ નહોતો ત્યારે આ પરિસ્થિત ભોગવી છે. ઘરેલુ કામદારની સાથે ફેકટરીની વાત કરી એ બીજા જ કામદારો છે, એ અસંગઠીત કામદારો છે. ઘરેલુ કામદારો માટે વેતન, સમય અને રજા આ બધું નક્કી કરવાની વાત છે. એ નક્કી કરવામાં જે જે રજૂઆત કરી છે, જે કલમો આપી છે એના ઉપર ધ્યાન દોરવા માગું છું. ઘરેલુ કામદારની વ્યાખ્યા આપી છે. કલમ-૨(૧)માં ઘરેલુ કામદાર એટલે રાંધવા, ઘરની સાફસફાઇ કરવા, કપડા ધોવા, રહેણાંક મકાનની ફરતેના બગીચાની જાળવણી કરવા જેવા ઘરકામ માટે અને ઘરકામને આનુષંગિક અને તેની સાથે સંકળાયેલા તમામ કામો માટે ઘરેલુ કામદાર તરીકે કામે રાખેલ કોઇ વ્યક્તિ. ઘરેલુ કામદારની વ્યાખ્યા આપી છે એ જોતાં આવા ઘરેલુ કામદાર મહદઅંશે સ્વરોજગારી પ્રકારે પોતાનું કામ કરે છે. આ કામદાર એક જ જગ્યાએ કામ કરતા હોય એવું નથી. આવા કામદાર ત્રણ-ચાર જગ્યાએ કામ કરતા હોય છે. ત્યારે એમના કામના કલાકો કેવી રીતે ગણવા? રજા આપવી હોય તો કઇ રીતે આપવી અને આવા કામદારોની રોજગારીનું નિયમન કાયદાકીય રીતે કઇ રીતે શક્ય બનશે? એની વાત કરું છું. ક્યાંક વિવાદ થાય તો એનો કોણ માલિક ગણાશે? ક્યા માલિક સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે? એનો ઉલ્લેખ આ બિલમાં નથી.

વ્યકિતગત રીતે હું માનું છું કે, ઘરેલુ કામદારની વ્યાખ્યા આપી છે અને કામ કરવાની રીત આપી છે અને કોના ઉપર કામ કરવાનું તે સ્પષ્ટ થતું નથી. તેથી વિધેયક અપ્રસ્તુત ગણાય. કલમ–૩માં સક્ષમ સત્તાધિકારીએ, રાજ્ય સરકાર ઠરાવે તેવી રીતે ઘરેલુ કામદારોનું ફરજિયાત રજિસ્ટ્રેશન કરવું જોઇશે અને જેનું નામ રિજસ્ટરમાં સામેલ ન હોય તેવા કોઇ ઘરેલુ કામદારને કોઇપણ વ્યક્તિએ કામે રાખવો જોઇશે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, રજીસ્ટરમાં જેનું નામ રજીસ્ટરમાં સામેલ ના હોય એવા કોઇપણ ઘરેલુ કામદારને કોઇપણ વ્યકિતએ કામે રાખવાનો નહીં. રજીસ્ટરમાં જેનું નામ ના હોય એને કોઇએ રાખવાનો નથી. હું એવું કહુ છું કે ઘરેલુ કામદારને પાડોશમાં કામ કરતી વિધવા બહેન હોય એ પણ પાડોશમાં કામ કરે પણ આ રજીસ્ટરમાં નામ ના હોય તો એની રોજગારીમાં પણ અવળી અસર પડશે. કારણ કે ઘરેલુ કામદારને કોઇપણ વ્યકિતએ કામે રાખવી નહીં. આવું એમણે સ્પષ્ટ કહ્યું છે કે જે નોંધાયેલો ના હોય, આનાથી સમરસતાથી સમજૂતીથી જે કામ થાય છે તે પાડોશમાં રહેતી ગરીબઘરની બહેન કે ભાઇને જે કામ મળે છે તે પણ બંધ થશે. ગામડાંમાં તો કયાંક ભાઇચારાની ભાવના હોય છે, આડોશી પાડોશી પણ જયારે ઘરેલુ કામદાર હોય અને ખાવા માટે જ નહીં માત્ર વેતનને એ ગણતા નથી એક પરિવારનો સભ્ય ગણીને જયારે એની પાસેથી કામ લેતા હોય ત્યારે કયાંક આવી સમરસતા ઓછી થશે. એના ઘરના નાનામોટા પ્રસંગોમાં પણ માલિક એનો પોતાનો પ્રસંગ એના ઘરનો પ્રસંગ છે એ રીતે ભેગો રહીને એને પૂરો કરાવે છે. જો આવું બધું કાયદાનું બંધન કરીશું તો કયાંક ઓટ આવશે અને આપણે જ બધા કહીએ છીએ કે જે રાજયમાં કાયદાનું શાસન ઓછું ત્યાં પ્રજા સુખી હોય, જેટલા કાયદા વધારે એટલી કયાંક પ્રજાને મુશ્કેલી વધારે પડે આવું હું અને તમે બધા જાહેર જીવનમાં કહીએ છીએ. ત્યારે આવો વધારાનો કાયદો લાવવો મને યોગ્ય લાગતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, જયારે કલમ–૪(૨)માં કહ્યું છે કે ઘરેલુ કામદારોને કામનો વર્ગ, કામનું સ્થળ, અઠવાડિક રજા સહિતના કામના કલાકો અને ઠરાવવામાં આવેલી બીજી સવલતો પ્રમાણે જાહેરનામું બહાર પાડી રાજય સરકારે નકકી કર્યા પ્રમાણેનું વેતન મળે તે જોવાની સક્ષમ સત્તાધિકારીની ફરજ રહેશે. જયાં કામદારને કલાક કયાંક કામ હશે ત્યાં કોઇક ઘરમાં બે કલાકનું હશે, કયાંક ચાર કલાકનું હશે, જયાં આઠ કલાકની ફરજ હોય ત્યાં તો ચોકકસ નિયમન કરવું જોઇએ એની ચિંતા આપણે કરવી જોઇએ, પણ જયારે બે કે ચાર ઘર વચ્ચે પણ આ કામ કરતો હોય હોય ત્યારે જે કલમ–૪(૨)માં જોગવાઇ સૂચવી છે એને લગભગ કયાંય આપણે લાગુ પાડી શકીએ એમ નથી અને એટલા માટે પણ હું આ વિધેયકને અપ્રસ્તુત ગણુ છું. કલમ–૫માં એક એવી વાત કરી છે કે જેની ઉંમર ૧૪ વર્ષની ના થઇ હોય તેવા કોઇપણ બાળકને ઘરેલુ કામદાર તરીકે રાખવો જોઇશે નહીં અથવા તેની પરવાનગી આપવી જોઇશે નહીં અને તેનો ભંગ થયેથી સક્ષમ સત્તાધિકારીએ સખતાઇપૂર્વક તેની તજવીજ કરવી. આજે ઘરેલુ કામદાર છે એ પણ બાળમજૂરીના કાયદામાં આવી જાય જયારે આ બાળમજૂરીનો કાયદો !! he Chi l d Labour Prohi bi t i on Act , 1986 ની કલમ–૩ની જોગવાઇ મુજબ ૧૪ વર્ષની વયથી ઓછી વયની વ્યકિતને ઘરેલુ કામદાર તરીકે કામે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે અને બાળમજૂરી અટકાવવા માટેનો કાયદો જયારે બાળમજૂર ધારો શ્રમ અને રોજગાર વિભાગ મારફત અસ્તિત્વમાં છે જ. મારે કહેવું છે કે સમગ્ર હિન્દુસ્તાનમાં કયાંય ના બન્યું હોય એવું ૨૫–૧૨–૨૦૧૪ના દિવસે અસંગઠિત કામદારો માટે શ્રમયોગી કલ્યાણ મેળા આ રાજયના મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે કરીને સમગ્ર રાજયમાં દોઢ લાખ કરતા વધારે શ્રમજીવીઓને એક જગ્યાએ એકત્રિત કર્યા એ વખતે હું પણ પાલનપુર ખાતે ઉપસ્થિત હતો. એ લોકોને આજદિન સુધી કોઇએ બોલાવ્યા નથી, કોઇએ જેનો ભાવ પૂછયો નથી અને આ શ્રમયોગીઓ માટે, અસંગઠિત કામદારો માટેનો જે ભારત સરકારે પણ કાયદો પસાર કર્યો છે અને એના અમલીકરણ માટે ગુજરાત સરકારે બોર્ડની રચના પણ કરી નાખી છે અને આ અસંગઠિત કામદારોના ભલા માટે શ્રમયોગી કલ્યાણ મેળા કર્યા છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમારા દંડકશ્રી સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંકઃ૧૩, ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ ) વિધેયક લઇને આવ્યા છે એમને સમર્થન કરુ છું અને મારા વિચારો રજૂ કરુ છું. સુખી સંપન્ન અને મધ્યમ વર્ગના પરિવારોને ઘરેલુ કામકાજ માટે જે મહિલાઓને અને પુરુષોને બોલાવવામાં આવે છે એમાં વધુ કામ લેવામાં આવે છે. ઘણી જગ્યાએ બાર કલાકને બદલે ચોવીસ કલાક કામ કરાવવામાં આવે છે ,પણ એમને વેતન મળતું નથી. દુઃખ સાથે કહેવું પડે છે કે ઘરેલું કામદારો પાસેથી ઘરનું કામ ઉપરાંત બાગ બગીચા, નાના બાળકોની સંભાળ, વૃદ્ધોની સંભાળ વગેરે કામો

વધારે સમય માટે લઇને એમનું શોષણ થાય છે. આવા ઘરેલું કામદારો જ્યારે બિમાર પડે અને ફરજ પર ન આવે તો એમનો પગાર કાપી લેવામાં આવે છે. એમની બિમારીના કારણે જે પગાર કાપી લેવામાં આવે છે એ ન થાય અને પૂરતો પગાર મળે એ આ સરકારે જોવું જોઇએ. આજે પણ ઘરેલું કામકાજ માટે કામદારના ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી મજબૂરીથી એમને આવું કામ કરવું પડતું હોય છે ત્યારે એમાં મહિલાઓનું શોષણ થતું જોવા મળે છે. તેમને યોગ્ય રક્ષણ મળે તે માટે આ બિલ લાવવામાં આવ્યું છે. ઘણા બધા કિસ્સામાં મેં પણ જોયું છે અને સાંભળ્યું છે. ૧૦ વર્ષમાં એવા કિસ્સાઓ મેં સાંભળ્યાં છે કે અમારે ત્યાં એક મહિલા કામદાર હતી અને જ્યાં કામ કરવા જતી હતી ત્યાં એ મહિલાને ઘરમાલિકની મહિલાએ ડામ દીધા હતા એ દુઃખની વાત છે. મહિલાઓને અને વિધવાઓને રક્ષણ મળે એ માટે હું ધ્યાન દોરવા માગું છું. સુખી લોકો મહિલાઓને તેમના ઘરે કામ કરવા બોલાવે ત્યારે એમને પૂરતો પગાર મળતો નથી અને ઘણી મહિલાઓ સુખી લોકોના શોષણનો ભોગ બનતી હોય છે. એમના ઉપર બળાત્કાર જેવા કિસ્સાઓ પણ બનતા હોય છે. દુઃખ સાથે કહેવું પડે છે કે આ રાજ્યમાં અમારી મહિલાઓ અને બાળકો જે આજુબાજુના શહેરોમાં જતી હોય છે ત્યારે એમને પણ રક્ષણ મળવું જોઇએ અને એમને પૂરો પગાર મળવો જોઇએ. ઘણી બધી બાબતોમાં કામદાર મહિલાઓનું શોષણ થતું હોય છે. કામદારને માલિકો દ્વારા જમવાનું પણ અશુદ્ધ આપવામાં આવે છે. આભડછેટ જેવો વહેવાર પણ માલિકો રાખતા હોય છે. માંદગીમાં પણ કામ કરવા માટે ફરજિયાત હાજર રહેવા જણાવે છે તેથી તેમના આ હક્કોનું રક્ષણ થવું જોઇએ. કામના કલાકો નક્કી કરવાની નીતિ, આરોગ્ય તપાસ અને સેવામાંથી છૂટા કરે ત્યારે વળતર પૂરું પાડવા માટે માનવીય પરિસ્થિતિ માટે કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. મહિલા કામદાર હોવા છતાં, માનવ હોવા છતાં માનવ તરીકે એમને જોવામાં આવતી નથી. આથી આ રાજ્યમાં સમાન તક, સમાન અધિકાર હેઠળ રાજ્ય સરકાર દ્વારા સામાજિક અધિકારો અપનાવીને આ વિધેયકને મંજૂર કરવામાં આવે એ માટે મારા મુદ્દા રજૂ કરું છું. ઘર કામ અને નોકરીએ રાખતા પહેલાં નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરવી જોઇએ અને તેનું પાલન થવું જોઇએ. આવી વ્યક્તિના દિવસના કામના કલાકો નક્કી કરવા સરકારે જોગવાઇ કરવી જોઇએ. લઘુતમ વેતનના કાયદાનો અમલ કરવો જોઇએ. આવું બિલ લાવવા માટે અને મહિલાઓને અને પુરુષોને જે વેતન મળે છે એ વધુમાં વધુ મળે અને એમનું રક્ષણ થાય એના માટે આપણે આ કરવું જોઇએ. સરકારે આવા ઘણા બધા કામો કરવાના છે. મહિલાઓ અને વિધવાઓનું શોષણ થાય છે એ દુઃખ સાથે ફરીવાર કહું છું ત્યારે એમને રક્ષણ મળવું જોઇએ. આ સન્માનનીય ગૃહમાં તમામ સભ્યશ્રીઓને આ બિલ સાથે સંમત થવા અને આ બિલમાં ટેકો આપે એવી મારી અપેક્ષા છે.

**શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) :** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ઘરેલું કામદાર વિધેયક, બિન સરકારી વિધેયક ૨૦૧૩ પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રોએ હમણાં ઘરેલું કામદારોની સ્થિતિ અંગે વાત કરી. આ વિધેયકમાં પ્રથમ જોતાં એવું લાગે છે કે, કામદારોને નોકરીએ રાખવા માટે એમના વેતન, કલ્યાણની વાત, એમના આરોગ્ય માટે, એમના શિક્ષણ માટે વગેરેની ચિંતા એમણે વ્યક્ત કરી છે. બીન સરકારી વિધેયકમાં કામદારોના રજિસ્ટ્રેશન માટે, એમના સામાજિક ન્યાય માટે, એમના વેતન માટે વગેરેની પણ ચિંતા કરવામાં આવી છે. દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીએ **શ્રમ મેવ જય તે**. એમણે આ દેશ માટે જે શ્રેષ્ઠ મૂલ્યાંકન કરવું હોય તો શ્રમ કરનારા લોકોનું પણ હોવું જોઇએ માટે એને **શ્રમ મેવ જય તે** કહેવામાં આવ્યું છે. આ રાજ્ય સરકારે અસંગઠિત કામદારો માટે ખૂબ વિચાર્યું છે અને એની ઘણી યોજનાઓ અમલીકરણમાં મૂકવામાં આવી છે. માનનીય અધ્યક્ષ મહોદય, બેન હમણાં વાત કરતા હતા કે બહેનોનું શોષણ, કામદારોને કામ માટે હક્ક, એમને માનસિક યાતનાઓનો સામનો કરવો પડે છે. પરંતુ આ સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવવા માટે નારી સશક્તિકરણની નવી યોજનાઓ લાવી આપણાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ઘણી યોજનાઓ આપી હતી. એમને ક્યાંય જવું ના પડે. એ પોતાના ઘરે જ યોગક્ષેમ કમાઇ શકે, પોતાની રોજી કમાઇ શકે એવી દૂધ મંડળીઓ ચલાવનાર બહનો માટે ૩૦૦ વારનો પ્લોટ આપવા માટે એમણે પ્લાનિંગ કર્યું છે. ૧ લાખથી વધારીને ૫ લાખ સુધીની આવકને ડ્યુટીમાં પણ એમણે રાહત આપી છે અને ગામની અંદર નાના નાના પરાઓની અંદર આ કામ કરતા શ્રમયોગીઓની સ્થિતિ સુધારવા માટે આજે આઝાદીના ૬૮ વર્ષ પછી પણ આ સરકારે ટોયલેટ બનાવવા માટેનું પ્લાનિંગ કર્યું છે. ગુજરાત રાજ્યમાં પણ સામાજિક સુરક્ષા બોર્ડની રચના કરવામાં આવી છે અને વિધેયક લાવનાર

બલવંતસિંહભાઇ જ્યારે કલમ–૩, ૪ અને ૮ ની વાત કરતા હોય ત્યારે ચોક્કસ પ્રકારે આ રાજ્ય સરકાર એ બાબતની ખૂબ સારી કામગીરી કરી રહી છે. provident fund, employment injury benefits, housing, education schemes for children and old age housing વગેરેની યોજનાઓ માટેનું પણ રાજ્ય સરકારે સામાજિક સુરક્ષા બોર્ડની રચના કરી એમાં આવરી લેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષ મહોદય, કામદારનો આમ તો ગુજરાતની અંદર ચોક્કસ આંકડો નથી પણ અંદાજે કહી શકાય એવા અંદાજે એક કરોડની આસપાસ અસંગઠિત શ્રમયોગીઓની આજ સુધી નોંધણી કરવામાં નથી આવી અને એની ચિંતા ભારતની અંદર જો પ્રથમવાર કરવામાં આવી હોય તો ગુજરાત સરકારે કરી છે. શ્રમ અને રોજગારના આદરણીય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી એક વર્ષ પહેલા મેં ટી.વી. ડિબેટ પર જોયેલા અને ભારતમાં નંબર વનની કામગીરી ગુજરાત સરકાર જ કરશે અને આવનારા દિવસોમાં કરી રહી છે એવા એમના કાંઇક શબ્દો હતાં. પરંતુ આ જે એમના એ બોલ ઇશ્વર એમની પાસે બોલાવતા હોય અને શ્રમ માટે એમણે એ જ જવાબદારી સંભાળી અને આ ગૃહની અંદર વિધેયક ઉપર બોલશે. રાજ્યના વીસેક જેવા અનેક સ્થળોએ અસંગઠિત કામદારો માટે એક પ્લાનિંગ કર્યુ. એમનું પણ એક રજિસ્ટ્રેશન થાય. આમ તો રાજ્ય સરકારની ઘણી યોજનાઓ ડાયરેકટ પરોક્ષરીતે એમને સ્પર્શે છે – મા અમૃતમ્ વાત્સલ્ય યોજના હોય કે વીમા યોજના હોય એ ઘરેલું કામદારો માટે ડાયરેકટ એમને સ્પર્શે છે.

માનનીય અધ્યક્ષ મહોદય, જ્યારે ૨૦૦–૩૦૦ રોજનું કમાનાર વ્યક્તિ ઉપર આવી પડેલ આફત કે માંદગી માટે કે કયાંક ઘવાયા હોય તો આવા સંજોગોમાં પણ સરકાર એમને એકલા નથી છોડી દેતી. સરકાર અસંગઠિત કામદારોની યાદી પૂરેપૂરી ના હોય તો પણ રાજ્ય સરકાર આવી યોજનાઓનું અમલીકરણ કરે છે અને અંત્યોદય સુધી ન્યાય આપવાનો પ્રયત્ન કરે છે. શ્રી નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા અને હાલના વડાપ્રધાન છે, એમણે અસંગઠિત કામદારો માટે માત્ર ને માત્ર મજૂરી કરે, આવનારા દિવસોમાં એનો બાળક એ પણ મજૂર બને એવું ન ઇચ્છતા સ્કીલ ડેવલપમેન્ટ માટે ગુજરાત સરકારે ખૂબ મોટો ભાર મૂકયો હતો અને આજે એક કડિયા કામ કરનાર વ્યક્તિ હોય ને, એ પર્ફેક્ટ પ્લાનીંગ સાથે સરસ રીતે કામ કરી શકે. આવી સ્કીલ એનામાં ડેવલપ થાય અને દુનિયા અને સમાજની સામે સક્ષમ રીતે ઉભા રહી શકે, એમની આવડત પ્રમાણે એમને શ્રેષ્ઠ વેતન મળી શકે એવું આ રાજ્ય સરકારનું પ્લાનીંગ છે. આ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓમાં લગભગ ૨૬,૨૨૮ સ્કીલ ડેવલપમેન્ટ માટે, આવા શ્રમયોગીઓને બહાર લાવી અને એને કલા, હુન્નર શીખડાવી અને પોતાનો યોગક્ષેમ શ્રેષ્ઠ રીતે કમાઇ શકે એ માટે એના સ્કીલ માટે પણ રાજ્ય સરકારે પોઝિટિવ પ્રયત્ન કર્યા છે.

માનનીય અધ્યશ્રી, આ કોન્ટ્રાકટર પ્રથા નાબૂદ થાય, ડાયરેકટર એમને વેતન મળી રહે એને યુ–વીન કાર્ડ આપવામાં આવ્યું છે અને આ કાર્ડ દ્વારા એ રાજ્યની અંદર એને તમામ સવલતો મળી રહે એ માટે પણ ભારતની અંદર, ગુજરાત સરકારે પ્રથમ પહેલ કરી છે જે શ્રમયોગીઓ માટે હર્ષની વાત છે. માનનીય અધ્યક્ષ મહોદય, મારા વિચારો રજૂ કરી હું વિરમું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી બલવંતસિંહજીએ ખૂબ જ સંવેદનશીલ, ગરીબો અને છેવાડાના માનવીની વ્યથાની વ્યવસ્થા કરવા માટે આ બિલ લઇને આવ્યા છે. એમણે શરૂઆત કરી કે, અમે વ્યવસ્થા કરવા માગીએ છીએ વ્યથામાંથી. એમણે જે વાત કરી કે, હું પણ એ ગરીબીમાંથી આ કામ કરતાં કરતાં ઉદ્યોગપતિ બન્યો છું. સ્વાભાવિક છે કે, એમને ઘણી બધી વસ્તુ ધરાતલ ઉપર જોવા મળી હોય અને એના કારણે એમની સંવેદના આ ઘરેલું કામદારો, કે જે લોકો ઘરમાં કામ કરે છે, જે લોકો નોકર તરીકે શબ્દ કે, ઘરકામ પછી રસોઇ કામ, ડ્રાઇવર, માળી કામ, બગીચાનું કામ એ કરતા લોકો, એમના માટેની એમની વ્યથા આજે આ બિલમાં લાવ્યા છે. પરંતુ હું એ વાત ચોક્કસ કરીશ કે, બાપુ આપ મોડા પડ્યા છો. એટલા માટે કે, સરકારે આ દિશામાં કામગીરીનો આરંભ કરી દીધો છે અને એટલા માટે કે સરકારનું પણ ધ્યાન આ અનઓર્ગેનાઇઝ લેબર કે, જે લેબર આજે ક્યાંય રજીસ્ટર્ડ નથી. જયાં કોઇ એનું યુનિયન નથી, કોઇ એની માગણીઓ માટે લડનારી વ્યવસ્થા નથી, જ્યાં કાયદામાં કોઇ એને રક્ષણ નથી. આ પ્રકારના લેબર માટે સરકારે કાયદાઓ પણ બનાવ્યા છે, એના બોર્ડ પણ બનાવ્યા, એની વ્યવસ્થાઓ પણ કરી છે. એમના દુ:ખની વાતોને, એમને ન્યાય મળે એ પ્રકારની બધી વ્યવસ્થાઓ સરકાર અલગ અલગ સ્તરે કરી રહી છે.

અને એટલા માટે હું એમ માનું છું કે, આ બધું કામ શરૂ થઇ ગયું છે. સ્વાભાવિક રીતે રાજ્ય સરકાર આ નબળાવર્ગોના લોકો માટે, સામાજીક સુરક્ષા પુરી કરવા શરૂઆતથી જ ચિંતિત છે અને સંવેદનશીલ પણ છે. એટલા માટે અમારા ડિપાર્ટમેન્ટે અસંગઠીત કામદારોની યાદી બનાવી છે. એની વ્યાખ્યા બનાવી છે એમાં ઘરેલુ કામદારોનો, બધાનો સમાવેશ થઇ જાય છે પછી બીડી વણતો વણકર, ઘરમાં કામ કરતો કામવાળો, ગાડી ચલાવનાર ડ્રાઇવર, ટ્રક ચલાવનાર અને કામ કરનારો કલીનર અને ભર ઉનાળે જયારે ડામરના કામ થતા હોય એ ડામરના કામ કરતા ભાઇઓ, બહેનો એ પ્રકારે બધા કામદારોને યાદ કરી, કરીને અમે લોકોએ આ અસંગઠીત કામદારોની વ્યાખ્યામાં એમનો સમાવેશ કર્યો છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે સરકારે આ પ્રકારના કામદારો જો રજીસ્ટ્રેશન કરે, આપે પણ બિલમાં રજીસ્ટ્રેશનનો ઉલ્લેખ કર્યો છે. એમની નોંધણી થાય છે. એ નોંધણી કરે તો એ નોંધણી થયેલા કામદારોને બધી સુરક્ષા આ સરકાર પૂરી પાડે અને એટલા માટે આજ દિવસ સુધી લોકોને ખબર નહોતી કે ઝૂંબેશ ન થઇ એને કારણે નોંધણી ઓછી થતી હતી. ઓછા લોકોને લાભ મળતો હતો પરંતુ સરકારે ૨૫ મી ડિસેમ્બરે, આપણે જે વારંવાર કહીએ છીએ ને કે આ સરકાર મેળાઓ ખૂબ કરે છે, ઉત્સવો ખૂબ કરે છે. આ બધું કરવાને કારણે લોકોમાં આ બધી ખબર પડે એટલા માટે પહેલી વખત શ્રમયોગી કલ્યાણ મેળાનો, અટલજીના જન્મ દિવસે ગુજરાતમાં ૨૦ જગ્યાએ કાર્યક્રમ કરવામાં આવ્યો. અમને એમ હતું કે લાખ લોકોનું રજીસ્ટ્રેશન થશે પરંતુ મને આનંદ છે કે સાડા ચાર લાખ લોકોનું રજીસ્ટ્રેશન થયું, લગભગ દોઢ લાખ લોકો સ્થળ ઉપર આવ્યા અને અત્યારે દસ લાખ લોકોના રજીસ્ટ્રેશનના ફોર્મ અમારી પાસે આવી ગયા છે અને સરકાર ઝડપથી આ બધાને રજીસ્ટર્ડ કરીને એમને યુવીન કાર્ડ પણ સમાજમાં સ્વાભિમાન મળે, એમને પણ સમાજમાં ગૌરવ મળે, એમનું પણ એક આઇડેન્ટીફીકેશન નકકી થાય, એમને પણ આઇકાર્ડ મળે એના આધાર ઉપર સરકારની અલગ અલગ સુવિધાઓ મળે અને એટલા માટે યુવીન કાર્ડ અમે આપી રહ્યા છીએ. આશરે ૨૫૦૦૦ લોકોને યુવીન કાર્ડ અમે આપી દીધા છે અને એ કાર્ડ અંતર્ગત એમને આ બધી સુરક્ષાના કવચ મળે. હમણા જ આ સત્રમાં નવો મજૂર કાયદો આપણી વચ્ચે બધા લોકોએ પસાર કર્યો. એ કાયદામાં પણ આ જોગવાઇઓ કરવામાં આવી છે. આજ દિવસ સુધી જે લોકો આઉટ સોર્સીંગમાં આવતા હતા એને કોઇ લાભ મળતા નહોતા. આ કાયદામાં એ બધાને લાભ મળતા થઇ ગયા છે.આઉટ સોર્સીંગનો જ આ બધો પ્રકાર છે અને કોઇપણ કામદાર અકસ્માતે ગુજરી જાય, સરકારે આ બધા કામદારનું વીમાનું પ્રિમિયમ ભર્યું છે. ગુજરાતના તમામ કામદારોને એનો વીમો મળે એક લાખ રૂપિયાનો એની વ્યવસ્થા પણ આ સરકારે કરી છે. અત્યાર સુધીમાં આ કામદારોને કીટ પણ આપવામાં આવી છે. આ કામદારોને નોંધણી કર્યા પછી ચેકો પણ આપવામાં આવ્યા છે અને એમના દુઃખમાં સરકાર ભાગીદાર રહી છે. ધ અનઓર્ગેનાઇઝ વર્ક સોશ્યલ સિકયોરીટી એકટ મુજબ નોંધણી કરી અને સામાજિક સુરક્ષાનો લાભ આપવામાં આવે છે. ગુજરાત રાજય સામાજિક સુરક્ષા બોર્ડ અંતર્ગત આ કામગીરી કરવામાં આવે છે. એ બોર્ડનું પણ ગઠન થઇ ગયું છે. એનો ચેરમેન હું છું. બોર્ડમાં બીજા ૨૮ સભ્યો પણ છે. અને આ બોર્ડ વખતોવખત પ્રોવિડન્ડ ફંડ, એમ્પ્લોયમેન્ટ ઇન્જરી બેનીફીટ, હાઉસીંગ, એજયુકેશન સ્કીમ ફોર ચિલ્ડ્રન, સ્કિલ અપગ્રેડેશન ઓફ વર્કર્સ, ફયુચર એન્ડ ઓલ્ડ એઇજ ફોર્મે હેઠળ પણ બધા લાભ સરકાર આપી રહી છે. મારે ચોકકસ કહેવું છે કે આ યુવીનકાર્ડ દ્વારા આવનારા દિવસોમાં કોઇપણ કામદાર એના અધિકાર અને લાભથી વંચિત ન રહે એના માટે સરકાર ખૂબ પ્રયત્ન કરે છે. મારી વિનંતી છે. આ વખતના બજેટમાં પણ સૌરભભાઇએ પેન્સન પોલીસી લાગુ કરી છે. માનનીય સભ્યોને પણ હું જણાવતા આનંદ વ્યકત કરું છું કે માની લો કે ઘરે કોઇ કામવાળી બહેન કામ કરે છે તો એના વતી પણ કોઇ કરી શકે અને એ પોતે પણ ૫૦૦ રૂપિયા જમા કરાવે. તો એની સામે સરકાર એટલા પૈસા આપશે. કેન્દ્ર સરકાર એટલા પૈસા આપશે. ૬૦ વર્ષની ઉંમરે બધા પૈસા વ્યાજ સાથે પાછા મળે અને પેન્શન મળે એની વ્યવસ્થા પણ આ સરકારે કરી છે. માટે મારી વિનંતી છે કે આદરણીય બલવંતસિંહજી આ બધુ આપ ઇચ્છો છો એ સરકાર કરી રહી છે. મને લાગે છે કે આ બિલ આપ પાછું ખેંચો અને આપણે બધા સાથે મળીને આ કામદારો માટે આપણે સૌ સભ્યો એમના અધિકારો, હિત માટે કામ કરીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને બધાએ બહુ સારી વાત કરી. જે મારી માગણીઓ હતી, તે પૂર્ણ થતી નથી, એટલા માટે હું મારું આ બિલ પાછું નથી ખેંચતો.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

તા.૧૨મી માર્ચ, ૨૦૧૫
બિન સરકારી વિધેયક

## સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક : ૧૧
## ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪
## ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રેગિંગ અટકાવવા અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેનું વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૪નું ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણા જ જે પ્રમાણે કહ્યું આજે ૧૨મી માર્ચ દાંડી યાત્રા અને ગાંધીજી માટેનો આજનો મહત્વનો સંદેશો. એ જ રીતે હું પણ શિક્ષણ સંસ્થાઓ સાથે ઘણી બધી રીતે જોડાયેલ છું. માટે મેં ગુજરાતની અંદર ખાસ કરીને જે સ્થિતિ આ રેગિંગ બાબતની એ આપણી ભારતની પણ નહિ, પણ યુરોપની અને એ બાજુના બીજા દેશોની હતી, પણ ધીમે ધીમે આ રેગિંગ ભારતમાં પ્રસર્યુ અને ધીમે ધીમે કરતા કરતા આપણે ગુજરાતમાં ઘણા બધા ક્ષેત્રે આજે આવ્યું છે, એટલે આ બિલમાં જે હું કલમ–૧, ૨, ૩ અને ૪ જે લઇને આવ્યો છું, એમાં માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવાની છે કે જે સ્થિતિ આજે દિનપ્રતિદિન થઇ રહી છે અને એના કારણે જુનિયર અને સિનિયર કોલેજમાં અને બીજી સિસ્ટમમાં ઘણા બધા છોકરાઓ ઉપર જે સ્થિતિ થાય છે તેમના ઉપર માનસિક અસર થાય છે, તે મોટી અસર હોય છે. અને એના અનેક દાખલાઓ છે. મારા એક પરમ મિત્ર મેં નજીકથી જોયેલો. એનો એક સન જ્યારે પુનામાં ભણતો હતો. છોકરાના નાતે પુના ગયેલ એના ઉપર જે પરિસ્થિતિ થઇ, એના ઉપર માનસિક અસર થઇ, એના કારણે આત્મહત્યા કરવા માટેની કોશિશ કરી, એટલી હદે આ સ્થિતિનું નિર્માણ થતું હોય છે. અને ધીમે ધીમે બીજા રાજ્યોમાંથી આજે ગુજરાતમાં આ સ્થિતિ આજે આવી ગઇ છે. આપણે અમદાવાદમાં જોઇએ, સુરતમાં જોઇએ. અવાર–નવાર અનેક પેપરોમાં વાંચતા હોઇએ, સમજતા હોઇએ છીએ. આ પરિસ્થિત ચાલુ થઇ છે, ત્યારે ખાસ કરીને જ્યાં એમ કહી શકાય. સુપ્રિમ કોર્ટે પણ આને અટકાવવા માટે ૨૦૦૬ થી ૨૦૦૮ વર્ષમાં આ દૂષણ અટકાવવા કાયદો આવે તેના માટે કમિટી રચના કરવા માટેની ટકોર સુપ્રિમ કોર્ટે કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મહારાષ્ટ્ર, કેરલ, કર્ણાટક જેવા રાજ્યોમાં પણ આ કાયદો બનાવીને વ્યવસ્થા કરવામાં આવી છે. માત્ર પોલીસ અટકાવવા માટે સક્ષમતા બતાવે પણ કાયદાનું જ્યાં સુધી તેને રક્ષણ ન મળે ત્યાં સુધી આ અટકે નહીં માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારી જે લાગણી છે તે માનનીય મંત્રીશ્રી બહુ સારી રીતે સમજી શકે છે. માનનીય મંત્રીશ્રીનો જે સ્વભાવ અને પરિસ્થિતિ જોઇ રહ્યો છું તે જોતાં મને એમ લાગે કે ચોકકસ મારી લાગણી સમજશે. ગુજરાતમાં જે સ્થિતિ છે તેનું વર્ણન આજુબાજુમાં ફેલાય નહીં અને આપણા વિદ્યાર્થીઓ નિર્ભય રીતે ભણી શકે, એક જુનિયર આવે ત્યારે સિનિયરો દ્વારા આપણે કોલેજોમાં અને બીજે બધે જોયું છે કે જે અત્યાચાર થતો હોય છે તે અટકે, ટી.વી. અને સીરીયલોમાં પણ જોયું છે તો અહીં આવા કાયદાનું રક્ષણ મળે તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહભાઇ ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગ અટકાવવા બાબતે બિનસરકારી વિધેયક ૨૦૧૪ લઇને આ સભાગૃહમાં આવ્યા છે ત્યારે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે રેગીંગની વાત કરી. તે રેગીંગની જયારે વાત કરતા હતા ત્યારે રેગીંગની વાત સાથે અને એક બાબત સાથે સંમત થવાય કે રેગીંગ એક સામાજિક દૂષણ છે. શૈક્ષણિક સંસ્થાઓ હોય, યુનિવર્સિટીઓ હોય, હોસ્ટેલો હોય આ બધી જ જગ્યાએ જયારે જુનિયર પ્રવેશ મેળવે ત્યારે તેના સિનિયર તેમના ઉપર રેગીંગ કરતા હતા. કયાંક મુરઘા બનાવે, કયાંક ગીતો ગવડાવે, અપકૃત્ય કરતા હતા. ભવ્ય ભૂતકાળની વાત છે. આ એટલા માટે વાત થાય કે પહેલાં જયારે રેગીંગ થતું અને તે રેગીંગ થયા પછી આત્મહત્યા કરવા સુધીના દાખલા પણ ગુજરાતની અંદર બન્યા છે. એટલા માટે થાય કે સિનિયર છે તે જુનિયર દાખલ થાય તેના ઉપર માનસિક દબાણ લાવે અને માનસિક દબાણ લાવવા માટે આ બધા કૃત્યો થતા હતા. આ માનસિકતામાં લાવીને, તેને દબાણ હેઠળ લાવીને તેનું કામ કરાવે, કયાંક એવું સાંભળવા પણ મળે કે તેના કપડાં ધોવડાવે, કયાંક એવું સાંભળવા મળે કે રેગીંગની અંદર આવ્યા પછી પેલાની પાસે રૂમ સફાઇ કરાવડાવે, જાજરૂ બાથરૂમ સાફ કરાવડાવે. થ્રી ઇડીયટ જેવી બધી જ બાબતો તેની અંદર લગભગ આવી જાય. મેં કહ્યું તેમ તે ભવ્ય ભૂતકાળ

બની ગયો. આજે કહેતાં આનંદ થાય કે છેલ્લા ઘણા વર્ષોથી આ દુષ્કૃત્ય તે કાયદાથી નહીં, કલમથી નહીં પણ હવે કોઇ જુનિયર દાખલ થાય ત્યારે કોલેજ હોય કે હોસ્ટેલ હોય તેની અંદર સિનિયર ગુલાબથી સ્વાગત કરે, ફ્રેશર્સ પાર્ટી રાખે, એ જુનિયરો માટે મનોરંજન મ્યુઝિકલ નાઇટ થાય આવા અનેક પ્રકારના કાર્યક્રમો યોજાવવાનું શરૂ થયું છે. રેગીંગ મેં કહ્યું તેમ ભવ્ય ભૂતકાળ બન્યો છે ત્યારે અને માનનીય સભ્યશ્રીએ વાત કરી કે ભૂતકાળમાં નામદાર સર્વોચ્ચ અદાલતે નવી દિલ્હીની સિવિલ પીટીશન નં.૮૮૭/૨૦૦૯માં તા.૮–૫–૨૦૦૯ના ચૂકાદાને સમગ્ર દેશે કે સમગ્ર રાજય એ અનુસરીને એન્ટી રેગીંગ કમિટીની સ્થાપના, યુનિવર્સિટી, શૈક્ષણિક કોલેજ, હોસ્ટેલો આ બધાની અંદર કરવામાં આવી છે. રાજય સ્તરે અને જિલ્લા સ્તરે આ પ્રકારનું દૂષણ અટકાવવા માટે વિવિધ સમિતિઓની રચના પણ આ રાજયમાં થઇ છે. માત્ર મેં કહ્યું તેમ કાયદા અને કલમથી આ અટકે એવું નથી આ સામાજિક કામ છે અને એના માટે એન્ટી રેગીંગ કમિટી, એન્ટી રેગીંગ સ્કવોડ અને ઇમરજન્સી હેલ્પ લાઇન કમિટ, સ્ટુડન્ટ કાઉન્સિલ કમિટી, ડિસીપ્લીન કમિટી, એન્ટી રેગીંગ લેડીઝ કમિટી યુનિવર્સિટી યુ.જી.સી.ની ગાઇડલાઇન પ્રમાણે તમામ કોલોજો, યુનિવર્સિટીઓ, શૈક્ષણિક સંસ્થાઓની અંદર આના પરિપત્રો થયા અને પરિપત્રોના આધારે આજે રાજય, જિલ્લા કે શહેર કક્ષાએ છેલ્લા ઘણાં વર્ષોથી આ બધું બંધ થઇ ગયું છે. અને એ બંધ થઇ ગયું છે ત્યારે યુનિવર્સિટી, શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્ટેલમાં આ પ્રકારની ઘટનાઓ ન બને તેના માટેના જે પરિપત્રો થયા હતા એને કારણે આ બધું બંધ થયું છે. માનનીય બલવંતસિંહભાઇ જે ચિંતા કરતા હતા અને એ ચિંતા કરતા એમણે કહ્યું કે, દરેક જગ્યાએ કાયદો અને કલમથી જ બધું અટકે છે એવું જરૂરી નથી હોતું. માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે કહેવું પડે છે કે, આ પરિપત્રને આધારે આજે એવું બન્યું કે એમણે જે વાત કરી કે પુનામાં આમ બન્યું, પુના એ મહારાષ્ટ્રમાં આવેલ છે ગુજરાતમાં આવું ક્યાંય બન્યું નથી. આ પરિપત્રની અંદર રાજયમાં ઉંચ્ચ કક્ષાએથી થયેલા પરિપત્રને આધારે બનવા એવું માંડ્યું કે એ પરિપત્રને આધારે જે નિયમો બનાવ્યા એને પરિક્ષામાંથી ડીબાર્ડ કરવો, એને કોલેજમાંથી સસ્પેન્ડ કરવો એ ફરિયાદ કરનારને જ સાંભળીને બંને પક્ષે સાંભળીને લવાદ જેવી વાત કરીને આખી વાતને સામૂહિક રીતે રેગીંગની સામે એક જબરજસ્ત ઝૂંબેશની છેલ્લા ઘણાં વર્ષથી ગુજરાતની અંદર શરૂઆત થઇ અને એને કારણે જે આ બિલ લઇને આવ્યા છે એની સાથે હું અસંમત નથી થતો અને એમને પણ વિનંતી કરું છું અને આ સભાગૃહના બધા સભ્યોને અને એમના સાથી મિત્રોને પણ વિનંતી કરું છું કે આવો આપણા ઉપર લોકોએ વિશ્વાસ મૂક્યો છે, લોકોએ આપણા ઉપર ભરોસો રાખ્યો છે અને આપણને જયારે અહીંયા મોકલ્યા છે ત્યારે એ વિશ્વાસના વાતાવરણની અંદર આપણે આ એક નવું કામ કરીએ, રચનાત્મક કામ કરીએ અને અહીંયા કરેલું કામ આવનારી પેઢી માટે ખૂબ ઉપયોગી થાય અને ફળદાયી નિવડે એ જરૂરી છે. પક્ષાપક્ષીથી દૂર રહીને માત્ર કાયદો બનાવવાથી કે માત્ર કાયદામાં સુધારો કરવાથી જ નહીં પણ પક્ષાપક્ષીથી દૂર રહીને આવા કાયદાઓ નહીં લાવીને પણ કેટલીક વખત જનજાગૃતિથી આની અંદર આપણે સૌ જોડાઇએ અને હું માનનીય સભ્યશ્રી બળવંતસિંહભાઇને વિનંતી કરું છું કે તેઓ એમનું બિલ પાછું ખેંચી લે. આ સાથે હું મારી વાત અહીં પૂરી કરું છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહભાઇ જે સન્માનીય ગૃહમાં ગુજરાત રેગીંગ અટકાવવા માટેનુ વિધેયક ૨૦૧૪ લાવ્યા છે એની તરફેણમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રેગીંગ એટલે શું? એક જાતનો માનસીક બળાત્કાર એટલે રેગીંગ. માનનીય અધ્યક્ષશ્રી, રેગીંગ અને બળાત્કાર વચ્ચે ખૂબ પાતળી ભેદરેખા હોય છે. રેગીંગ થાય, આત્મહત્યા થાય, અપહરણ થાય, બળાત્કાર થાય, ખૂન થાય પણ ચર્ચા ન થાય? કાલે હું એક ડોકટર તરીકે, એક ધારાસભ્ય તરીકે માનવતાના ધોરણે હું અને અમારા સાથી મિત્રો સાત ધારાસભ્યો કાલે સિવિલ હોસ્પિટલમાં, જે ૬ વર્ષની આદિવાસી બાળકી ઉપર બળાત્કાર થયેલો એની ખબર પૂછવા ગયેલા ત્યાર પછી આખી રાત મને ઉંઘ નથી આવી અને ત્યારે આ ગૃહમાં જો એવું કરવામાં આવે કે એની ચર્ચા અટકાવવા માટે થોડાઘણા પ્રયત્ન થાય તો બહુ દુઃખ થાય છે. વિકાસના નામે પશ્ચિમીકરણ થાય છે અને આધુનિકરણ જેમ જેમ થાય છે તેમ તેમ આ રેગીંગ જેવા દૂષણો વધતા જાય છે, રામાયણની સીતા હોય કે મહાભારતની દ્રોપદી હોય, દરેક યુગમાં દાવ પર લાગે છે આ બેટીઓ, રામાયણમાં સીતા માતા પર અત્યાચાર થયેલા, મહાભારતમાં દ્રોપદી પર અત્યાચાર થયેલો, ત્યારે

ધૃતરાષ્ટ્રની આંખ ઉપર તો પટ્ટી હતી પણ જ્યારે ભીષ્મ પિતામહ કંઇ બોલ્યા નહોતા ત્યારે એમણે સારા કર્મો કર્યા હોવા છતાં પણ એમને નરક મળ્યું હતું.,

ઉપાધ્યક્ષશ્રી :મને વાંધો નથી પણ વિધેયક પર જ રહીએ બહેન, મને વાંધો નથી પછી ક્યારેક આ બાજુથી પણ વાત કરવામાં આવી શકે છે,

ડો. તેજશ્રીબેન દિ. પટેલ :અત્યારચાર કરનાર ગુનેગાર છે એટલો જ અત્યાચાર થતો જૂએ એ પણ ગુનેગાર છે, હું માનનીય સ્વ. રાજીવ ગાંધીનો આભાર માનું છું કે એમણે ૩૩ ટકા મહિલા અનામત આપ્યું અને આનંદીબહેને પચાસ ટકા આપ્યું.

ઉપાધ્યક્ષશ્રી :તેજશ્રીબહેન આપને કહુ છું કે આપ બિલ પર જ બોલો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : આ મહિલાઓ મહિલાઓની વાત ના કરે તો ક્યારે કરે? મહિલાઓ, મહિલાઓ પર પણ રેગીંગ કરતી હોય છે અને છોકરાઓ છોકરાઓ પર પણ રેગીંગ કરતા હોય છે અને છોકરાઓ છોકરીઓ પર પણ રેગીંગ કરતા હોય છે, એટલે જો મહિલાઓ આ જે જનભાગીદારી, જે અહીંયા પ્રતિનિધિત્વ કરતી હોય છે એ મહિલાઓ જો સાચા અર્થમાં એ મહિલાઓને ન્યાય ના આપી શકે તો આ ગુજરાતની ત્રણ કરોડ મહિલાઓને શરમ આવે છે, મહિલાઓની વાતો મહિલાઓ જ સારી રીતે કરી શકે અને સમજી શકે એવી વાતો તો બહુ સાંભળી પણ જો તે મહિલા હોય અને દીકરીઓની મા હોય તો મારા સાથી મિત્ર બહેનોએ ત્રણ દિવસ સુધી સતત ઘણી ટકોર કરી,

ઉપાધ્યક્ષશ્રી :તેજશ્રીબહેન એ ત્રણ દિવસની વાત જવા દો આજની વાત કરો,

ડો. તેજશ્રીબેન દિ. પટેલ :હું એ વાતનો સ્વીકાર કરતી નથી અને એમના શબ્દો એમને સપ્રેમ પાછાં આપવા માગું છું, હું જવાહરલાલ નહેરૂનો આભાર માનું છું કે એમણે આ લોકશાહીના પાયા નાંખ્યા હતા એટલે અમે આજે અહીંયા અમારો અવાજ રજૂ કરી શકીએ છીએ, સમાજની સમસ્યા હોય, દુઃખ હોય કે વ્યથા હોય, મહિલાઓની વ્યથાની જો મહિલાઓ ચિંતા ન કરે તો પછી સાચા અર્થમાં એને નેતૃત્વ ન કહેવાય એને અહીં રહેવાનો અર્થ નથી, સામાન્ય મહિલાઓ તો બોલી શકતી નથી આપણને સૌને ખબર છે કે સામાન્ય મહિલાઓ નથી બોલી શકતી, એટલે આ રેગીંગનો અને બળાત્કારનો ભોગ બને છે, પણ જે મહિલાઓએ આપણને મત આપ્યા હોય અને આપણને વિધાનસભામાં મોકલ્યા હોય એ મહિલાઓએ આ ગૃહની અંદર સાચી વાત કરવી જોઇએ. મુંબઇ, દિલ્હી, બેંગ્લોર જેવી જગ્યાઓએ આવેલી મોટી કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં રેગીંગના કિસ્સાઓ બનતા હોય છે, પરંતુ આ દૂષણ અટકાવવું ખૂબ જરૂરી છે અને માનસિક અને શારીરિક ત્રાસના લીધે ઘણીવાર તો સ્કૂલ કે કોલેજ છોડી દેવાના કિસ્સા બને છે અને આત્મહત્યાના કિસ્સાઓ બને છે, એ ખૂબ ચિંતાનો વિષય છે. દેશની સર્વોચ્ચ અદાલતે પણ ૨૦૦૬ અને ૨૦૦૮માં આ કાયદો બનાવવા માટેની ટકોર કરેલી અને મહારાષ્ટ્ર, કેરાલા કે કર્ણાટક જેવા રાજ્યોમાં તો આનો કાયદો છે હમણાં માનનીય સભ્યશ્રીએ ખૂબ સારી વાત કરી અને ભવ્ય ભૂતકાળની વાત કરી તો અત્યારે ચાલુ શાસન છે એના કરતા તરતની થોડા વખતની ભૂતકાળની વાત કરી હોય, કારણ કે અમીતભાઇએ ગયા વખતે દાખલા ટાંકીને કેટલા આવા કિસ્સા બન્યા છે તેની વાત કરી હતી. એટલે અમારા દંડક બળવંતસિંહભાઇ ચિંતા કરીને આ જે વિધેયક લાવ્યા છે એ ચિંતા કરી અને બધા સભ્યશ્રીઓ આ વિધેયકને ટેકો આપે એવી હું વિનંતી કરું છું.

ડો. નીમાબેન બી. આચાર્ય(ભુજ) :માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના દંડકશ્રી બળવંતસિંહજી જે બિનસરકારી વિધેયક લઇને આવ્યા છે એ બાબતમાં હું અમુક વાતો અહીંયા રજૂ કરીને સભ્યશ્રીઓનું અને સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું. આ રાજ્ય સરકાર, અહીંયા ઘણીવાર વાત થતી હોય છે તમે આ કર્યુ, તમે ૨૦ વરસથી છો, સાચી વાત છે. વીસ વરસથી અહીંયા આ બધા બેઠાં છીએ અને અહીંયા સંખ્યા વધતી જ જાય છે અને એટલા માટે કે લોકોની નાની નાની તકલીફોનો અભ્યાસ કરીને તે મુજબના કાયદાઓ, તે મુજબની વ્યવસ્થા, એ મુજબની યોજનાઓ એ રાજય સરકાર અવાર-નવાર મૂકતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહીશ કે જે રીતે ભારતીય જનતા પાર્ટીના પ્રતિનિધિઓ, સરકાર અને આખુ સંગઠન કામ કામ કરી રહ્યું છે તેઓ લોકોની વચ્ચે જઇને બેસે છે. લોકોના પ્રશ્નો સમજી અને તેની અહીંયા રજૂઆત કરીને તે પ્રશ્નો હલ કરવા માટે યોજનાઓ બને અને તેના માટે જરૂર પડે તો કાયદાઓ પણ બને છે. ઘણા કાયદાઓ અહીંયા બન્યા છે, ઘણા કાયદાઓમાં સુધારાઓ પણ કરવામાં આવ્યા છે. એ જ રીતે જે રેગીંગનો પ્રશ્ન

છે, રેગીંગના જે બનાવો બનતા હતા અને તેના માટે જે સુપ્રિમ કોર્ટમાં પિટીશન થઇ અને ૨૦૦૯માં સુપ્રિમ કોર્ટે જે ચૂકાદો આપ્યો તેમાં જે નિર્દેશો કરવામાં આવ્યા તે નિર્દેશો અનુસાર રાજય સરકારે તાત્કાલિક સંસ્થાકીય રીતે, જિલ્લા કક્ષાએ, રાજયકક્ષાએ કમિટીઓ બનાવી અને એ કમિટીઓ બનાવીને રેગીંગ કઇ રીતે અટકે એવી જડબેસલાક વ્યવસ્થાઓ કરી અને એ જાતની વ્યવસ્થા ગોઠવી. હું જણાવીશ કે જે સમિતિઓની રચના કરવામાં આવી, મારા સાથી સભ્યશ્રીએ વાત કરી હું ફરી તેને રિપીટ કરીશ. એન્ટી રેગીંગ કમિટી બનાવી, એન્ટી રેગીંગ સ્કવોડ અને ઇમરજન્સી હેલ્પ લાઇન કમિટી બનાવી, સ્ટુડન્ટ કાઉન્સીલીંગ અને ડિસીપ્લીન કમિટી બનાવી અને એન્ટી રેગીંગ લેડીઝ કમિટી પણ બનાવી. આ બધી કમિટીઓની અંદર જયારે પણ કોઇ બનાવ બને, હું તો એમ કહીશ કે બનાવ ન બને એના માટેના માર્ગદર્શનો આપીને એના માટેની વ્યવસ્થા ગોઠવી. રેગીંગ પ્રિવેન્સનમાં કયાંય કોઇ રેગીંગના દાખલાઓ બને નહીં અને ધારો કે કયાંક કોઇ એવો દાખલો બને તો તાત્કાલિક આપણી આ કમિટીઓ ત્યાં પહોંચી જાય, તેની તપાસ થાય અને તાત્કાલિક એના ઉપર કડકમાં કડક પગલાઓ લેવામાં આવે. એના વાલીઓને બોલાવવામાં આવે, એના ઉપર ડિસીપ્લીનરી એકશન લેવામાં આવે અને જરૂર પડે તો એ લોકોને પરીક્ષામાં પણ ના બેસવા જેવી પનીસમેન્ટ પણ કરવામાં આવે. છેવટે એવું લાગે કે આ વધારે પડતું રેગીંગ થાય છે અને આ લોકો ખૂબ પેલા છે તો એ લોકોને સ્કૂલમાંથી રસ્ટીકેટ કરવા સુધીના પગલાં પણ અહીંયા લેવાની સત્તાઓ એ સમિતિઓને અને એ બધી સંસ્થાઓને આપેલી છે. આપણું જે હાયર એજયુકેશન કમિશ્નર છે એણે પણ તમામ જાતના આવા જી.આર.બહાર પાડયા છે, યુ.જી.સી.રેગ્યુલેશન અને માર્ગદર્શિકા મુજબ પણ યુનિવર્સિટીઓએ આ જાતના જી.આર.બહાર પાડયા છે અને એ મુજબ આનુ કડક પાલન થાય એ જાતની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે આપણે જોઇ રહ્યાં છીએ કે ભૂતકાળમાં રેગીંગના કિસ્સાઓ બનતા હતા અને જે બનાવો બનતા હતા ત્યારે હવે જવલ્લે જ એવું જોવા મળે છે કારણ કે ડર વગર ડિસીપ્લીન આવતી નથી. જે કાયદાઓ થાય એ કાયદાઓનું કડક અમલીકરણ થાય એ મહત્વનો મુદ્દો છે અને આ રાજય સરકાર જે જે કાયદાઓ બનાવે છે એ કાયદાઓના કડક અમલીકરણ માટેની તમામ વ્યવસ્થા કરે છે. દાખલારૂપ પગલા લઇ અને લોકોમાં જાગૃતિ લાવી અને જે સ્ટુડન્ટસ આવી એકટીવીટી કરતા હોય, જેની આવી માનસિક વૃત્તિ ખરાબ હોય એ લોકોને પણ સાઇકોલોજીકલ ટ્રીટમેન્ટ આપીને, સમજાવીને આવી વૃત્તિમાંથી એ લોકો બહાર આવે અને આવા કાયદાઓનું કડક અમલીકરણ કરી અને આવા સ્ટુડન્ટ ફરી કયારેય આવી કોઇ પ્રવૃત્તિ ના કરે એવા દાખલારૂપ પગલાઓ પણ આ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા તેજશ્રીબહેન ઘણી બધી વાતો કરતા હતા મારે તેમનો કોઇ જવાબ નથી આપવો પરંતુ એટલુ ચોક્કસ કહીશ કે ગૃહની અંદર એવી ભાષા વપરાય ખબર બધાને હોય, લાગણી બધાને હોય, જીવ પણ બધાનો બળતો હોય પણ ગૃહની અંદર જે ભાષા હોય તે ભાષા એવી હોવી જોઇએ કે કોઇ સાંભળી શકે. ગૃહની અંદર એવી ભાષા ના હોય કે તેનો ઉચ્ચાર કરતા પણ અમને શરમ આવે. એટલે હું એટલી જ વિનંતી કરીશ એમની રજૂઆતમાં કોઇને વાંધો નથી. રજૂઆત કરવી જોઇએ એના માટે જ અમે અહીંયા આવીએ છીએ જે પ્રશ્નો હોય તે, પરંતુ જે શબ્દો બોલવામાં આવે તેની ભાષા અહીંયા નિયમો બનેલા છે.

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાવ, હાઉસમાં સભ્યોએ એક બીજાનો જવાબ આપવાની સિસ્ટમ નથી.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા નિયમો બનેલા છે કે અમુક શબ્દોનો તમે ઉપયોગ નથી કરી શકતા, અમુક કહેવતો પણ તમે નથી બોલી શકતા. એટલે ભાષા એવી હોવી જોઇએ કે અર્થ પણ નીકળે અને કોઇને સાંભળવી પણ ગમે. એટલા માટે આ વાત અહીંયા કરવામાં આવી છે અને તેજશ્રીબહેને બીજો અર્થ કરવાની જરૂર નથી, એમને કોઇ રોકતુ નથી, એમને બહેનોના સારા માટે જે લડત કરવી હોય તે કરે, બહેનોના પ્રતિનિધિ તરીકે બહેનોના રક્ષણ માટે બહેનોના ન્યાય માટે જે લડત કરવી હોય એ કરી શકે છે, રજૂઆત કરી શકે છે. આપણે બધા ભેગા થઇને કરીએ, તમામ મહિલા ધારાસભ્યો સાથે મળીને કરીએ પરંતુ ભાષાના ઉપયોગની વાત છે એટલા માટે આ વાત થઇ છે. માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇ જે બિલ લઇને આવ્યા છે તેને તેઓ પાછું ખેંચી લે એવી હું વિનંતી કરું છું. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : અમારા ધારાસભ્યશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

ઉપાધ્યક્ષશ્રી : એમના નામ સામે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું વિરોધપક્ષની ધારાસભ્ય છું, મહિલા ધારાસભ્ય છું. મારી વાત હું રજૂ કરતી હોય ત્યારે અસંસદીય શબ્દો હોય તો મારા સામે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવો તો ચાલે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય તેજશ્રીબહેન, માનનીય સભ્યશ્રીઓ અંદરો અંદર ચર્ચા કરતા હોય એમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ન હોય.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તેજશ્રીબહેન, માનનીય સભ્યશ્રી નીમાબહેનનું એટલું જ કહેવાનું હતું કે આપણે ત્યાં પોતાની વાત રજૂ કરવાની પૂરતી વ્યવસ્થા છે અને નિયમો છે. એટલે કોઇપણ વર્ગ, કોઇપણ વ્યકિત પોતાના વિસ્તારની, સમાજની જે કંઇ વાત રજૂ કરવા માગતો હોય એના માટે પૂરતી વ્યવસ્થા છે અને નિયમો છે. માનનીય નીમાબહેનનું એટલુ જ કહેવાનું હતું એમાં તમારે માઠુ લગાડવાની જરૂર નથી. બહેનશ્રી મારા જિલ્લાના છે એટલે મારે માન રાખવું જોઇએ. આજે દાંડીયાત્રાનો દિવસ છે એ દિવસે રાજય સરકાર તરફથી ભાવાંજલિ પ્રસંગને અર્પણ કરું છું. મારા સાથીએ બે વાર ઉલ્લેખ કર્યો જે ગૃહની લાગણી છે.

આ સરકાર પણ માને છે કે આ રેગીંગની પ્રવૃતિ ન જ થવી જોઇએ અને થતી હોય તો એને કડકમાં કડક હાથે દાબી દેવી જોઇએ. અને જેની સામે થયું છે એના પ્રત્યે સહાનુભૂતિ રાખીને ન્યાય મળે, જયારે તહોમતદારને યોગ્ય સજા મળે અને એવી સજા મળે કે ભવિષ્યમાં કોઇ સજા સાંભળીને કે જોઇને ફરી વખત રેગીંગ કરવાની હિંમત ન કરે એ લાગણી સાથે માનનીય બલવંતસિંહભાઇ જે બિલ લઇને આવ્યા છે એના ભાવ સાથે, હાર્દ સાથે હું ચોક્કસ સહમત થાઉં છું. પણ ગુજરાતનો ભવ્ય ભૂતકાળ કે વર્તમાનની વાત નથી કરતો. ગુજરાતનો સ્વભાવ રહ્યો છે આખા દેશમાં ભૂતકાળમાં કે અત્યારે જોઇએ તો કોઇ બહેન દીકરી રાત્રે બાર વાગ્યે સ્કુટી કે મોટર સાઇકલ ઉપર એકલા હાઇવે ઉપર જઇ શકે છે એવું આખા દેશમાં કોઇ એક રાજય જોશો તો એ ફકત ગુજરાત જ છે.

આ કાયદાની, સમાજની માનસિકતા અને સૌની આપણી સંસ્કારિતા છતાં પણ વૈશ્વિકરણમાં જઇ રહ્યા છીએ ત્યારે કયાંકને કયાંક અસર જોવા મળતી હોય છે. અને ઉંમર એવી છે કે હોસ્ટેલમાં રહેતા હોય, કોઇ કોલેજમાં ભણતા હોય અને અન્ય રાજયોમાં અને દેશમાં ફેશન કે સિનિયર વિદ્યાર્થી હોય પછી એ ભાઇ હોય કે બહેન હોય, જુનિયર વિદ્યાર્થી હોય એ ભાઇ હોય કે બહેન હોય. તેને કેવી રીતે હેરાન કરીને તેને માનસિક ત્રાસ આપવો કે ‘ મારાં કપડાં ધોઇ નાખ’ એ રેગીંગ છે. ‘ અમારા વાસણ માંજી લે’ એ રીગીંગ છે. આર્થિક, મેન્ટલ અને કેટલીક વાર શારીરિક પણ, તેજશ્રી બહેનની વાત સાચી છે. ભૂષણભાઇની વાત સાચી છે કે આ પ્રકારના બનાવ બનતા હશે પણ એ બનાવો ન બને તે માટે નામદાર સુપ્રિમ કોર્ટે જે ચિંતા કરી એ ૨૦૦૬ અને ૨૦૦૯ની એસ.એલ.પી. ઉપર જે ચિંતા વ્યકત કરી તેના આધારે યુ.જી.સી.એ બધાને પરિપત્ર પાઠવીને એક રેગ્યુલેશન, રાજયની તમામ યુનિવર્સિટીને, ડિમ્ડ યુનિવર્સિટીને, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને, યુનિવર્સિટીના વિભાગો અને અંગભૂત એકમોને ફરીજીયાતપણે લાગુ કરવા માટેનો આદેશ કર્યો છે. આપણે ત્યાં રાજય સરકાર દ્વારા સુપ્રિમ કોર્ટે તા. ૧૭-૬-૨૦૦૯એ કહ્યું, યુ.જી.સી.એ અને બરાબર એક મહિના પછી જ તા. ૧૪-૭-૨૦૦૯ના દિવસે રાજય સરકારે આની ગંભીરતા લઇને તેનો ઠરાવ કરી અને દરેક સંસ્થાને, જિલ્લા કક્ષાએ કલેકટરને, યુનિવર્સિટી કક્ષાએ અને તમામ સ્તરે, મારા બન્ને સાથીઓ કહી ગયા છે એ રીતે કમિટીઓ બનાવવામાં આવી છે અને એ કમિટીઓમાં પોલીસ છે, જાહેર જીવનમાં કોઇ પણ પ્રસંગ બને તો માધ્યમ દ્વારા આપણને ખબર પડતી હોય છે. તો આ કમિટીમાં આ બધા જ લેવલ ઉપર માધ્યમના પ્રતિનિધિ પણ છે. સ્ટેટ લેવલ હોય તો સ્ટેટ લેવલના માધ્યમના પ્રતિનિધિ હોય એ પ્રિન્ટ મિડિયા હોય કે ઇલેકટ્રોનિક મિડિયા હોય, જિલ્લા કક્ષાએ હોય તો જિલ્લા કક્ષાએ, વાલીના એક પ્રતિનિધિને પણ આપણે રાખીએ છીએ. એક બેલેન્સ પ્રકારની કમિટીની રચના થાય છે એટલે કયાંય કોઇ દોષનો ટોપલો નિર્દોષ ઉપર ન ઢોળે અને તેની પૂરી તપાસ થઇ શકે એટલા માટે એક વાલી પણ હોય છે અને તેનાથી આગળ વધીને વિદ્યાર્થી પ્રતિનિધિ પણ આપણે આમાં રાખીએ છીએ. સાથે સાથે સમાજમાં કોઇ સ્વાર્થ વગર કામ કરતી સંસ્થાઓ પણ હોય છે. તેને આપણે એન.જી.ઓ. તરીકે ઓળખીએ છીએ. તો સમાજમાં જે રેકગ્નાઇઝ એન.જી.ઓ. હોય છે તેના એક પ્રતિનિધિને પણ તે જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષાએ, યુનિવર્સિટી કક્ષાએ, સંસ્થા કક્ષાએ બધી જ કક્ષાઓએ આપણે

રાખીએ છીએ. હોસ્ટેલના એક પ્રતિનિધિ પણ આપણે રાખીએ છીએ અને વહીવટી સ્ટાફમાંથી પણ આપણે આ કમિટીમાં રાખીએ છીએ. અત્યાર સુધી જયાં જયાં પણ રાજય સરકારને સીધી કે આ કમિટી દ્વારા જયારે જયારે ફરિયાદ અમારા સુધી પહોંચી છે અને એ વખતે ફરિયાદમાં વિક્ટીમને પૂરેપૂરો ન્યાય મળે એ પ્રકારના તમામ પગલાં રાજય સરકારે લીધા છે અને ભવિષ્યમાં પણ રાજય સરકાર વતી હું બાંહેધરી આપું છું કે આવા પ્રસંગે તમારા બિલના હાર્દ સાથે સંપૂર્ણ સંમત થઇને કહું છું કે આ લાગણી તમારી એકલાની નથી. અહીં બેઠેલાં તમામ પક્ષના, સમાજની દીકરી એ મારી દીકરી છે આ ભાવ સાથે રાજયનું શિક્ષણ ચાલે છે. માત્રને માત્ર શિક્ષણ નહીં, પરંતુ શિક્ષણ સાથે સંસ્કાર પણ હોય. વૈશ્નવ જન તો તેને રે કહીએ જે પીડ પરાઇ જાણે રે. પર સ્ત્રી માત સમાન. આ ભાવ સાથે રાજયમાં જયારે શિક્ષણ અને સંસ્કાર એ બન્ને કામગીરી ચાલતી હોય એવા સંજોગોમાં હું મારા સાથી મિત્રને વિનંતી કરું છું કે તમારા ભાવ સાથે સંમત થયો છું ત્યારે તમે આ બિલ પરત ખેંચો એવી વિનંતી સાથે મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે વાત કરી, તેમની લાગણી હું સમજી શકું છું. બહુ સારી વાત કરી. પોઝીટીવ વાત કરી. પણ મારું કાયદો બનાવવાનું હાર્દ હતું, એ સરસ વાત કર્યા પછી પણ ન થયું, માટે મારું બિલ પાછું ખેંચતો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શરૂઆતમાં કહ્યું હતું કે મંત્રીશ્રીનો સ્વભાવ એવો છે તો એ સ્વભાવની તો કદર કરો..

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સન ૨૦૧૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧૨**

**<# S B /ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૧૪**

**ગુજરાત રાજયમાં કુશળ અથવા બિન–કુશળ કામ કરવા ઇચ્છતી તમામ વ્યક્તિઓને રોજગારની બાંયધરી આપીને કામ મેળવવાનો હક્ક સુનિશ્ચિત કરવા માટે અસરકારક જોગવાઇ કરવા બાબત વિધેયક**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૨ ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકનું પહેલું વાંચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જે રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આજે બારમી તારીખ છે, આ ગાંધીજીનો દિવસ છે અને મને આશા છે કે, હું જે હેતુ લઇને આવ્યો છું, માનનીય મંત્રીશ્રી મારા હેતુને ચોક્કસ સમજશે અને ગાંધીજીનો વિચાર હતો કે, ગામડાંના માણસ સુધી દરેકને રોજગારી મળે અને રોજગારી ન મળે તો રોજગારી ભથ્થું મળે એવી એ સમયની લાગણી હતી એ ચોક્કસપણે પૂર્ણ કરશે. ખાસ કરીને આ બિલ લાવવાનો મારો હેતુ છે જે બંધારણની કલમ–૪૧માં છે. બેરોજગારો દિન–પ્રતિદિન વધી રહ્યા છે. અહીં બેઠેલા બધા સભ્યશ્રીઓને લાગણી સાથે કહેવું છે કે, ઘણીવાર માનનીય મંત્રીશ્રી એમ કહેતા હોય છે કે, સમગ્ર ભારતની અંદર ગુજરાત રોજગારી આપવામાં નંબર વન છે. મને પણ ચોક્કસ ગૌરવ થશે, આનંદ થશે કે ગુજરાતના લોકોને રોજગારી પ્રાપ્ત થશે. પણ એ વાત ચોક્કસ સ્વીકારવી પડશે. સરકારશ્રીના આપણે આંકડા જોઇએ તો ખ્યાલ આવશે કે, આપણે રોજગારી આપીએ છીએ એના પ્રમાણમાં બેરોજગારીમાં દિન–પ્રતિદિન ત્રણ ગણો વધારો થઇ રહ્યો છે. સમગ્ર વિશ્વની અંદર જોઇએ તો અમેરિકા હોય, યુરોપ હોય એ બધા જ દેશોની અંદર બેકારી ભથ્થું આજેપણ મળે છે. હું સરકારને એ બાબતમાં તરફેણ નથી કરતો કે, હું અમેરિકા અને યુરોપના દેશો સાથે જોડાયેલ છું. મે જોયું છે કે, માત્ર બેકારી ભથ્થું મળે અને એનાથી દિન–પ્રતિદિન બગડે આ સ્થિતિ ન થવી જોઇએ. આજે ગુજરાતમાં નહીં સમગ્ર ભારતમાં સ્વીકારવું પડશે. કેટલા એન્જિનિયર છે, કેટલા એમ.બી.એ. છે, કેટલા ગ્રેજ્યુએટ છે? અહીં બેઠેલા બધા મિત્રો સારી રીતે જાણે છે કે, સૌથી મોટો રોજગારીનો પ્રશ્ન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું શનિવારે મારા કાર્યાલયમાં બેસું છું. ત્યારે ઘણા લોકો મને મળવા આવે છે. તેઓ એમ કહે છે કે, મારો છોકરો એમ.બી.એ. છે. એના ફાધર કહે છે કે, બારમા ધોરણમાં સારા ટકા આવ્યા એટલે એને ચાર વર્ષ સુધી એન્જિનિયરીંગમાં ભણાવ્યો અને એ આજે એન્જિનિયર છે. મેં એની પાછળ ઘણા પૈસા ખર્ચ્યા છે પણ એને નોકરી મળતી નથી. એને આજની તારીખે પંદર–વીસ હજારની નોકરી મળતી નથી એવી સ્થિતિ આજે ગુજરાતમાં છે. આપણે ચોક્કસ વાતો કરીએ છીએ પણ રિયાલીટી સ્વીકારીને ચાલવું પડશે. આજે

રોજગારી ભથ્થું આપવાની વાત એટલા માટે કરું છું. કારણ કે, મેં વાસ્તવિક પરિસ્થિતિ જોઇ છે. ભણ્યા પછી એમ હોય છે કે, હું આમ કરીશ, આ ચોક્કસ થઇ જશે. એસ.એસ.સી., બારમા પછી એમ લાગતું હોય છે કે, નોકરી મળી જશે, ગ્રેજ્યુએટ થઇએ એટલે એમ લાગે કે, નોકરી મળી જશે. એમ.બી.એ. થઇએ, એન્જિનિયર થઇએ એટલે એમ લાગે કે, નોકરી મળી જશે. દિન–પ્રતિદિન યુવાન મિત્રોએ પૈસા ખર્ચ્યા પછી, એમ.બી.એ. થયા પછી આજે રોજગારીનો સૌથી મોટો પ્રશ્ન છે. કોઇ રાજકીય આલોચના કરવા માગતો નથી, જે ગુજરાતના આંકડા છે તે આપને કહે, જે રીયાલીટી છે, જે નીચેના ધોરણની પરિસ્થિતિ છે. આપણું ગુજરાત સમગ્ર ભારતની અંદર સુખી અને સારું રાજય છે. એની પરંપરા પાંચ હજાર વર્ષની જોઇએને તો પણ ગુજરાતનો નંબર હતો અને આજે ગુજરાતનો નંબર રહેવાનો છે, આવનારા સમયમાં પણ રહેવાનો છે પણ રીયાલીટી એ છે કે વાસ્તવિકતા નહીં સ્વીકારીએ તો દિનપ્રતિદિન પરિસ્થિતિ બગડતી જશે. હમણા ૨–૩ દિવસ પહેલા પણ વિધાનસભામાં આપ માનનીય દિલિપભાઇ સાહેબને જયારે જવાબ આપતા હતા ત્યારે રીયાલીટી તમે જોતા હશો, એના આકડા તો હું તમે બોલું કે ૨૦૧૨માં શું સ્થિતિ હતી, ૨૦૧૩માં શું સ્થિતિ હતી, અને એને જે રોજગારી પ્રાપ્ત થાય છે એ આજે વધતા વધતા રીયાલીટીમાં ૩૧ લાખ લોકો બેકાર છે. ચોપડા ઉપર ભલે ૮–૯ લાખ લોકો બેકાર હોય પણ બીજા બધા ક્ષેત્રોની અંદર પણ તમે જુઓ તો આજે સૌથી મોટો આકડો છે. ગુજરાતની અંદર જે સ્થિતિ છે એની અંદર રોજગારીની તકો માટે આપણે મોટા મોટા સાત વાઇબ્રન્ટ કર્યા, આપણે દર વખતે એમ કહેતા કે અમે આટલા લોકોને ચોકકસ રોજગારી આપી દેવાના છીએ, પણ આજે પણ વાઇબ્રંટ થવાથી મોટા મોટા ઉદ્યોગો આવ્યા માત્ર આપણે એક નેનોનો દાખલો આપીએ, રીયલમાં આપણને એમ થતું હતું કે નેનો આવશે, ઘણો મોટો ગુજરાતમાં ફરક પડી જશે, એણે જેટલા કર્મચારીઓ આપણને કીધા હતા એટલા કર્મચારીઓને આપણે રોજગારી આપી શકયા નથી, એ સ્થિતિ છે, હવે નાના ઉદ્યોગો તમે જુઓ આજે બધાએ સ્વીકારવું પડશે કે નાના અને મોટા ઉદ્યોગો જે ૪૦ હજારથી વધુ ઉદ્યોગો દિનપ્રતિદિન બંધ થતા ગયા છે અને બંધ થતા જાય છે એનું જો કોઇ માત્ર અને માત્ર કારણ હોય તો રોજગારી દૂર કરવા માટે જે કરવું જોઇએ એ આપણે કરી શકતા નથી માટે માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે અને વિનંતીસર કહેવું છે કે ગુજરાતની અંદર જે રીતે પશ્ચિમ બંગાળમાં, જે રીતે કેરળમાં બેરોજગારી ભથ્થાના હકકો મેળવવા માટેનો કાયદો કર્યો છે એ રીતે ગુજરાતમાં પણ આપણે બધી વાતે નંબર વન થતા હોઇએ છીએ, મહારાષ્ટ્રની સરકાર પણ આ બાબતે વિચારી રહી છે તો ગુજરાત શા માટે પહેલ ના કરે? અમે બધા અભિનંદન આપીશું કે તમે યુવાન મિત્રોને બેકારી ભથ્થું આપો છો, અમે તમારી વાત સાથે સહમત થઇશું માટે મારા તમામ સાથી મિત્રોને મારી વિનંતી છે કે સારી બાબતમાં આપણે સૌ સંમત થતા હોય તો રોજગારી ભથ્થું આપવામાં પણ ગુજરાત આગળ રહે એવી અપેક્ષા સાથે મારી વિનંતી કરુ છું.

શ્રી પૂર્ણેશકુમાર ઈ. મોદી**(**સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રોજગાર બાંહેધરી વિધેયક ૨૦૧૪ માનનીય ધારાસભ્યશ્રી બલવંતભાઇ રાજપુત બિનસરકારી વિધેયક લઇને આવ્યા છે જેનો હું અસ્વિકાર કરુ છું. માનનીયશ્રી બલવંતસિંહજીને વિનંતી કરુ છું કે આ વિધેયક પાછું ખેંચી લે. હમણા જ આપણે બે વર્ષ ઉપર સ્વામી વિવેકાનંદજીની દોઢસોમી જન્મજયંતિની ઉજવણી કરી, આપ જયાં બિરાજમાન છો એની બરાબર પાછળ સ્વામિ વિવેકાનંદજીની છબી અને ચિત્ર અને સૂત્ર એ દિવાલ ઉપર લખેલું જ છે કે હે યુવાનો, ઉઠો જાગો અને ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડયા રહો, કોઇના ઓશીયાળા ના રહો, કોઇની ઉપર નિર્ભર ના રહો. શકિતશાળી બનો, એનાથી વિપરીત વાત લઇને માનનીય બલવંતસિંહજી આવ્યા છે, આ જે વિધેયક છે એ યુવાનોને નિર્બળ બનાવવા માટે છે, કામદારોને ઓશિયાળા બનાવવા માગે છે, આપણા ગુજરાતમાં તો યુવાનો પરિશ્રમ કરીને આગળ વધવાની વાત કરે છે, તેઓ સ્વપ્નું લઇને ચાલનારા યુવાનો છે. ત્યારે આવું વિધેયક ગુમરાહ કરનારું છે એને કોઇપણ સંજોગોમાં ચલાવી નહીં લેવાય, એમણે એમના યુરોપના પ્રવચનની વાત કરી એમ મારા પણ ત્યાં મિત્રો છે, દર વર્ષે ગુજરાતની અંદર આવે છે, એ આવી રીતે મેડિકલ અનફીટની ટ્રીટમેન્ટ માટે આવે છે અને એ પોતે કહે છે કે આ રીતે મને સરકાર ભથ્થું આપે છે એટલે હું આનો દુરુપયોગ કરું છું. આપણે એક શકિતશાળી સમાજનું નિર્માણ કરવા તરફ આગળ વધી રહ્યા છીએ ત્યારે આપણે પશ્ચિમ બંગાળ અને કેરળની વાત કરીએ છીએ તો ત્યાં માત્ર કાગળ ઉપર છે, સામ્યવાદી કરતા પણ અહીંયા ગુજરાતમાં શ્રમના અનેક પ્રકારના ફેરફાર આદરણીય રૂપાણી સાહેબ લઇને આવ્યા છે એ કાબીલે દાદ છે. કોંગ્રેસની બહુ જૂની આદત છે. એણે ગરીબી હટાવવાનો નારો આપ્યો. ગરીબી ન હટી પણ બિચારા ગરીબો હટી ગયા. કોંગ્રેસની નીતિ–રીતિ એ

રહી છે કે વ્યક્તિ ઓશિયાળો બને, કોંગ્રેસના લોકોની નીતિ એવી રહી કે ઝૂંપડામાં રહેવાવાળાનો વિકાસ ન થાય અને વિકાસ ન થાય તો જ આ કોંગ્રેસની વોટબેન્ક મજબૂત થાય. આ પ્રકારની કોંગ્રેસની આ નીતિ ઘાતક છે અને એ ચલાવી ન લેવાય. બેરોજગારોને માત્ર ૪૫ રૂપિયા ભથ્થું મળે અને એના ઉપર યુવાન કારીગર નિર્ભર રહે એ માટે આ ગુજરાત રોજગાર વિધયેક લઇને આવ્યા છે તે હતાશા તરફ લઇ જાય છે. ભારતીય જનતા પાર્ટીના આદરણીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વમાં શક્તિશાળી, ગતિશીલ, પ્રગતિશીલ અને યુવાનો માટે નઇ શોચ અને નઇ ઉમ્મીદવાળી સરકારમાં આ વિધેયકને કોઇ સ્થાન નથી. એટલા માટે કહું છું કે વેપાર, ઉદ્યોગ, ધંધો કે સર્વિસ કરતાં હજારો યુવાનો અને કામદારો સ્વાવલંબી અને સ્વાભિમાની છે. અમારી સરકાર આંબાના ઝાડને જેમ કલમ આપીએ છીએ, રોપીએ છીએ, વાવીએ છીએ અને પોષણ કરીએ છીએ કે જેથી એના ઉપર કેરી તો આપોઆપ મળે તેવી રીતે વેપાર, ધંધા, ઉદ્યોગ, ખેતીવાડી, આધુનિક સાધનો એવા વિકસાવીએ છીએ કે જેના કારણે રોજગારી તો આપોઆપ મળે. આ નઇ ઉમ્મીદ અને નઇ શોચ આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારની છે. સમગ્ર કૃષિ ક્ષેત્રે, ઉદ્યોગ ક્ષેત્રે, સર્વિસ ક્ષેત્રે સ્કીલ ડેવલપમેન્ટ, મેઇક ઇન ઇન્ડિયા આવી વિપુલ તકના માધ્યમથી રોજગારી મળવાની છે. આ રોજગારી તમામ પ્રકારના ડેવલપમેન્ટના કારણે આપોઆપ ઉત્પન્ન થશે. પાછલા વર્ષોમાં જોઇશું તો આખા હિન્દુસ્તાને ૨૨ ટકા રોજગારી આપી એની સામે એકલા ગુજરાતે ૭૮ ટકા રોજગારી આપી. આ શ્રમ અને રોજગારના કાયદામાં પણ આદરણીય રૂપાણી સાહેબે જે વર્ષો જૂનો કાયદો હતો એમાં ફેરફાર કરીને ૧૬૦૦ રૂપિયામાંથી વધારીને ૨૨૫૦ સુધી કર્યા છે એ એનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ઉદાહરણ છે. અમે ગુજરાતના સ્વભામિમાની અને અમારા ગુજરાતના તમામ લોકો કુશળ અને બીન કુશળ કારીગરો પોતે સ્વાવલંબન ઇચ્છે છે. એના હાથમાં ૪૫ રૂપિયા આપીને પરાવલંબી બનાવવા માગતા નથી. કુશળ અને બીન કુશળ કારીગરોના મનમાં તો રોજ હજારથી દસ હજાર રૂપિયા મળી રહે એવી પ્રબળ લાગણી છે. એટલા માટે જ અમારી સરકાર કુશળ અને બીન કુશળ તમામ યુવાન કારીગરના મનમાં આવી રોજગારીની તકો ઉભી કરી રહી છે અને આગળ પણ ઉભી કરશે એ પ્રમાણે કટિબદ્ધ છે. મારે કહેવું છે કે સમગ્ર દેશની અંદર જ્યારે સેનાની વાત આવી ત્યારે ગુજરાતની અંદર પાંચ વર્ષમાં ભૂમિદળમાં ૨૦, નૌકાદળમાં ૮, એરફોર્સમાં ૮ મળી કુલ ૩૬ ભરતી મેળામાં ૮૯૪૩ લોકોને સંરક્ષણ દળોમાં રોજગારી આપવામાં આવી છે. આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં યુવાનોમાં, કામદારોમાં અને આ દેશપ્રેમી યુવાનો માટે દેશ માટે મરી મિટવાનો અને દેશ માટે કંઇક કરી છૂટવાની ભાવના યુવાનોમાં પ્રગટ થાય એ પ્રકારે કામ કરી રહી છે. આજે ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજ હોય કે ડિપ્લોમા હોય એના કરતાં પણ ઉતરતી કક્ષા નહીં એવી આઇ.ટી.આઇ.માં તમામ વિદ્યાર્થીઓ ભણી ગણીને તૈયાર થાય છે. એનું કૌશલ્યવર્ધન અનેક યુવાનોને રોજીરોટી કેમ્પસમાં મળી રહે તેવી વ્યવસ્થા ગુજરાતે કરી છે. મારે એ કહેવું છે કે પહેલાં કચ્છ શું હતું અને આજે શું છે અને કેટલી રોજગારી મળી? પહેલા દહેજ શું હતું અને આજે શું છે? કેટલી રોજગારી મળી? પહેલા કંડલા શું હતું અને આજે શું છે અને કેટલી રોજગારી મળી? અમદાવાદ મહાનગર હોય, સુરત મહાનગર હોય કે કોઇપણ મહાનગર હોય, પહેલા શું હતું અને આજે શું છે અને કેટલી રોજગારી મળી? એટલે જ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર શ્રી અભિતાભ બચ્ચન કહે છે કે, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા', 'કુછ દિન તો ગુજારીયે ગુજરાત મેં'. આપણા ગુજરાતમાં આવી રીતે આ પ્રકારની જ્યારે વાત હોય ત્યારે આ રોજગારીને આપણે પરાવલંબી નહીં બનાવીએ. આજે રોજગારીના હિતમાં ગુજરાત કામ કરી રહ્યું છે એમાં સૌ સાથ આપે અને આપણો થનગનતો યુવાન સમગ્ર વિશ્વમાં પોતાની નામના કાઢે એ પ્રકારની પ્રેરણા આપશો તો આવનારા દિવસોમાં આ પ્રકારના વિધેયક લાવવાની જરૂર નહીં પડે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, કાલે મારા ધ્યાનમાં આવ્યું કે મારે આ બિન સરકારી બિલ પર બોલવાનું છે. બિનસરકારી વિધેયક માનનીય બલવંતસિંહજી લાવ્યાં છે. એ આખું વાંચી ગયો અને એટલું બધું •(xxx) કે બહાર બાંકડે બે ધારાસભ્યો મારા પડોશી બેઠેલા. એ આવ્યાં કે શું થયું? આટલી રાત્રે તમે (xxx) છો કેમ? મેં કીધું કે, (xxx). એ કહે કે કેમ? મેં કીધું કે આ બિલ છે માનનીય બલવંતસિંહ લાવ્યાં છે અને જો મંજૂર થાય તો એની અમલવારી પહેલી એપ્રિલ ૨૦૧૫થી કરવાની એવું લખ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : રાજેન્દ્રભાઇ, આપના (xxx) શબ્દો છે એ રેકર્ડ પરથી દૂર કરું છું.

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, આ પહેલી એપ્રિલથી અમલવારી કરવાની વાત છે. એટલે મને તો સમજ ના પડી. આ જગતમાં પહેલીવાર સાંભળ્યું કે, કામ ના કરો તોય બેકારી ભથ્થું આપવાનું. બેકાર હોય, બિચારો બેઠો હોય એને ઊભો કરવાની વાત નહિ. બેકારને બેકારી ભથ્થું આપીને કહેવાનું કે ભાઇ સૂઈ જા. એને સૂવડાવી દેવાની વાત સાહેબ, અને મને ખબર છે કે ગંજી પર બેઠેલો શ્વાન હોયને એ પણ ગંજીને સાચવે છે. કર્મ કરે છે, મહેનત કરે છે ત્યારે એને બે રોટલા મળે છે. એ પણ કર્મ કરે છે. આ સંસારને જુઓ કીડી, મકોડા, વંદા, મચ્છર એ પણ કર્મ કરે છે ત્યારે એ કાંઇક પામે છે. આ તો કર્મ વગર આપવાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મનુષ્ય એ ધરતી પરનું એક ખૂબ સૂરત ફૂલ છે અને બલવંતસિંહે એ ગુજરાતી ફૂલને અંગ્રેજી ફૂલ બનાવી દીધું છે. આળસ મૃત્યુ સમાન છે. બલવંતસિંહજીને કહેવા માગુ છું કે આળસ મૃત્યુ સમાન છે અને માગવા કરતા મોત વહાલું કરવું સારું છે. એટલે પણ આવા જે બિનસરકારી વિધેયક લાવ્યાં છે. આ મફતનું ખાવાની ભાવના હવે છોડો. આ ગુજરાતીને ના પોષાય. આ મફતનું ખાવાનું ગુજરાતીને ના પોષાય. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : કશું નથી, રાજેન્દ્રભાઇ ચાલો આગળ.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખુમારીએ ગુજરાતીનું બીજું નામ છે. પર્યાય છે. ગુજરાતીનો પર્યાય ખુમારી છે. એની ખુમારી તોડવાની વાત આવા બિલથી ના લાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં માનનીય વડાપ્રધાનશ્રી અટલજીએ કીધેલું કે, બેટા કાર બનાતા હૈ! માં બેકાર બનાતી હૈ! અને તમે તો એનાથી વધારે કરો છો. કાર પણ નહિ અને બેકાર વધારે કરવાના, આવું બિલ એમણે પાછું ખેંચી લેવાનું એટલું જ નહિ પણ સોરી કહીને પાછું ખેંચે તો મને આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારોએ કર્મચારીઓને કર્મચારી નથી કીધો, એના માટે વ્યાખ્યાં આપીને એને કર્મયોગી કીધો છે. શ્રમ કરનારને શ્રમયોગી કીધો છે. ક્યારેય કલ્પના આવી છે આપને? આનો વિચાર તો કરો? (અંતરાય) સાંભળો તો ખરા. અમે કહીએ છીએ હર હાથ કો કામ ઔર કામ કા સહી દામ. મફતનું ખાવાનું નહિ. આને વર્ણાનુંપ્રાસમાં કહું તો – આવા બેકાર બનાવતા બિલને લાવતાં બલવંતસિંહને બાપુ પણ બોલ્યાં નહિ. આ 'બ'નો વર્ણાનુપ્રાસ. કામ માટે કૌશલ્ય વર્ધનની વાત નથી કરતા. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(બેઠાં બેઠાં) : સાહેબ, વ્યક્તિગત મારું નામ બોલે છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, અશિક્ષિતો માટે શિક્ષણ આપવાની વાત નથી કરતા.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : (અંતરાય) વ્યક્તિગત બોલ્યા છે સાહેબ. (અંતરાય) આ સાંભળવાનું અમારે ? (અંતરાય)

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : અશિક્ષિતો માટે શિક્ષણ આપવાની વાત નથી કરતા. બેકારને વધુ બેકાર બનાવવાની વાત છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નામ નથી બોલતાં આપ બેસોને, (અંતરાય) (સભ્યશ્રી સી. કે. રાઉલજી તેમના સ્થાનેથી ઉભા થતાં ) આપ બેસો સી. કે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : અરે, સાચી વાત સાંભળવી જોઇએ શાંતિથી, સાચી વાત સાંભળવી જોઇએ.(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સંતોની શિખામણ છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : બેસો આપ, ( આ તકે કોંગ્રેસના મોટાભાગના સભ્યશ્રીઓ તેમના સ્થાનેથી ઉભા થતાં ) રાજેન્દ્રભાઇ, આપ પણ જરા સૌજન્યભરી ભાષાનો ઉપયોગ કરો (અંતરાય) ભાઇ, હું કહું છું, આપ બેસો, બલવંતસિંહ આપ બેસોને, સી.કે. , ડો. જોષીયારા આપે બોલવાનું છે આપ ત્યારે બોલજો, સી.કે. બેસી જાઓ પ્લીઝ (અંતરાય) ભાઇ, આ બાજુથી કોઇ બોલશે નહીં (અંતરાય) ચાલો, ભાઇ હું સૂચના આપું છું, આપ બેસોને પણ પ્લીઝ. રાજેન્દ્રભાઇ જરા સૌજન્યભરી ભાષાનો ઉપયોગ કરો. ભાઇ હિરાભાઇ હવે બેસી જાવ બધા, ચાલો કેરી ઓન.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સંતોએ શીખામણ આપી છે. આપણા ગુજરાતના સંતોએ શીખામણ આપી છે કે, વો ઘર કભી ના જાઇએ, જહાં નહીં માન–સન્માન, વો ખીર કભી ના ખાઇએ, મીલે ભી ઝહર સમાન.

ઉપાધ્યક્ષશ્રી :આપની પાસે બે મિનિટ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧ના ભૂકંપ વખતની વાત કરું, ભૂજમાં જવાનું થયું, અંજારમાં જવાનું થયેલું. અમે સાથે ખાંડ, ઘી, ગોળ, અનાજ બધું લઇને ગયા હતા અને ત્યાં આગળ એક ગામની અંદર કોઇ લેવા માટે રાજી નહીં.

ઉપાધ્યક્ષશ્રી : રાજેન્દ્રભાઇ આપ બિલ ઉપર બોલો.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : આ ગુજરાતની ખુમારીની વાત કરું છું. આ ગુજરાતની ખુમારીની વાત કરું છું. (અંતરાય) કોઇ મફતનું માગતું નહતું, કોઇ લેતું નહતું. કારણ ? કારણ, અમને પાછળથી ખબર પડી કે, એ દરબારની ડેલી હતી, કોઇએ હાથ લાંબો ન કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, અને આ દેશને અને આ ગુજરાતને જરૂર શેની છે ? હમણાં જ માનનીય ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું કે, સંસ્કારો અને શિક્ષણની જરૂર છે. રાજા ભોજની વાત કરું માનનીય અધ્યક્ષશ્રી, રાજા ભોજની ધારાનગરી હતી જે રાજધાની હતી (અંતરાય )

ઉપાધ્યક્ષશ્રી : આપ ચાલુ રાખો, આપની પાસે ફકત પચ્ચીસ સેકન્ડ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હજુ મારી એક-દોઢ મિનિટ બાકી છે. એ રાજા ભોજની વાત સાંભળવા જેવી છે. રાજા ભોજે કહ્યું કે, આ રાજ્યની અંદર (અંતરાય) સાહેબ, ગૃહ ઓર્ડરમાં નથી હું શું કરું ? માનનીય અધ્યક્ષશ્રી, ગીતામાં પણ કહ્યું છે કે, ''કર્મણે વાધિકા રસ્તે, મા ફલેષુ કદાચિન'' આ વાત શું ભૂલી ગયા આપણે ? અને માટે હું વિનંતી કરીશ કે,

ઉપાધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય ડો. જોષીયારા.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દંડક અને સભ્યશ્રી માનનીય બલવંતસિંહજી રાજપૂત જે રોજગાર બાંહેધરીનું વિધેયક લઇને આવ્યા છે એમાં સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં રાજુભાઇ વાતો કરતા હતા. આ તો જે શિક્ષિત બેરોજગારો છે એમનું અપમાન છે કોઇ આ ગુજરાતનો કોઇ શિક્ષિત બેરોજગાર એવું નથી ઇચ્છતો, કોઇ એવું મફતનું ખાવા નથી માગતો સાહેબ. દરેકને રોજગારી જોઇએ છે અને સલામતી જોઇએ છે. આજે ૧૮ લાખથી વધુ છોકરાઓ દસમા અને બારમાની પરીક્ષા આપી રહ્યા છે અને આ છોકરાઓ, ત્રણ કે ચાર વર્ષ પછી ગ્રેજ્યુએટ થશે, એમને રોજગારી જોઇએ છે. એમને મફતનું નથી જોઇતું સાહેબ. આ કોઇ જાહેરાતો કરીને કે *(xxx) એવું નથી જોઇતું. આ તો ઇચ્છે છે છોકરાઓ કે એમને ચોક્કસ રોજગારી જોઇએ છે. મારે સરકારને એ કહેવું છે કે, છેલ્લા ઘણા સમયથી (અંતરાય ) મને સાહેબ આપ બોલવા દો, (અંતરાય) નીતિનભાઇ મને બોલવા દો સાહેબ પ્લીઝ

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, નીતિનભાઇ ઉભા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજીએ એમ કહ્યું કે, આ (xxx) એમણે અપમાન કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. ચાલો. જોષીયારા. નીતિનભાઇ બેસી જાઓ.

ડો. અનિલ જોષીયારા : સાહેબ, હું વાત એ કરતો હતો સાહેબ,(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : જોષીયારા આપ ચાલુ રાખો આપનું પ્રવચન (અંતરાય) ભાઇ, જોષીયારાજીને બોલવા દો ને (અંતરાય) જોષીયારા બોલે છે, આપના સભ્ય બોલે છે. માનસિંહભાઇ, નીતિનભાઇ, માનસિંહભાઇ આપ બેસો.

ડો. અનિલ જોષીયારા : (અંતરાય) સાહેબ, આ તો ગુજરાતના શિક્ષિત બેરોજગારો, કુશળ અને બીનકુશળ માણસોની જીંદગીનો સવાલ છે અને એની ચિંતા કરવા માટે આપણે અહીં આવ્યા છીએ નહીં કે કોઇની ટીકા ટીપ્પણ કરવા. મારી તો ચિંતા એ છે કે ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી વર્ગ-૩માં આઉટ સોર્સીંગથી ભરતી કરે છે. વર્ગ-૪માં આઉટ સોર્સીંગથી ભરતી કરે છે. સલામતી નથી, ૧૧ મહિના માટે કરાર આધારિત છે, ૧૧ મહિના પૂરા થાય એટલે એ ઘરભેગો. એમ કરતા કરતા ૨૮ વર્ષ પૂરા થઇ જાય. એ જાય કયાં? આજનો યુવાન કયાં જશે એની ચિંતા કરી છે? આજે પરિસ્થિતિ એ છે કે આ સરકાર ભલે ગમે તે વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ થી ૨૦૦૭, ૨૦૧૫ સુધી કરે અને એમાં કેટલા ઉદ્યોગ આવ્યા સાહેબ? સાત થી આઠ ટકા, સરકાર હમણા એમ કહે છે, ઘણા વખતથી સાંભળુ છું ગૃહમાં એમ કહે છે કે રોજગારી આપવામાં ગુજરાત નંબર-

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વન છે. મારે એમને કહેવું છે કે જે લોકોને, જે શિક્ષિત બેરોજગારો છે એમને તમે ઉદ્યોગોમાં નોકરી આપી છે તપાસ કરી જુઓ. આજે સંખ્યા કેટલી છે? નોંધીને પછી એને કાઢી મુકે છે. કોઇ કાયમી નથી રાખતું. બે કે ત્રણ મહિનાથી વધુ રાખતા નથી અને તમારો આ આંકડો બોલે છે એના લીધે તમે એમ કહો છો કે અમે ગુજરાતમાં નંબર–૧ છીએ.પરિસ્થિતિ આ છે. કેન્દ્ર સરકાર નહીં તમે પોતે તો જુઓ સાહેબ, કે આ બેરોજગારીનો આંકડો કેમ વધતો જાય છે? ૩૧ લાખ કેમ થઇ ગયા? હમણા રૂપાણીસાહેબ એમ કહેતા હતા દસ લાખ શ્રમયોગીઓ જોડાયા, મને દુઃખ થયું. દસ લાખ જોડાતા હોય તો ચિંતા કરવી પડે. દસ લાખ માણસો બેરોજગાર છે? આપણે એની ચિંતા કરવી જોઇએ. (અંતરાય) તમે જવાબમાં કહી દેજો. બાંધકામ ક્ષેત્રોના શ્રમયોગીઓ માટે ૧૯૯૬માં કાયદો આવ્યો. ધ બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ ૧૯૯૬ થી ૨૦૦૬ સુધી અમલ ન કર્યો. સરકાર તમારી હોવા છતાં અને ૨૦૦૬ પછી ૨૦૧૫ એટલે ૯ વર્ષ નીકળી ગયા અને તમને આજે શ્રમયોગીઓને નોંધવાનું યાદ આવ્યું સાહેબ? એના વેલ્ફેર માટેના ૯૦૯ કરોડ પડયા છે. આ શ્રમયોગીઓ એટલે બધા નહીં, એમના બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલા માણસો છે. આ વેલ્ફેર માટેના પૈસા છે એમના માટે તમે વાપરો. તમે મેળાઓ કરી અને આ પૈસાનો ઉપયોગ કરવા માગો છો, ના સાહેબ, એવું નહીં કરતા. આ એમના માટેના પૈસા છે અને આ તમે નહીં કરો તો એમને અન્યાય થયો ગણાશે. બાંધકામ સાથે જોડાયેલા જે માણસો છે એને નોંધવા માટે જિલ્લા લેવલે કે તાલુકા લેવલે કોઇ સરકારી તંત્ર છે, આ તો તમારા માણસો નોંધે. સરકારી તંત્ર તો ઉભું કરો. છેલ્લા ૯ વર્ષથી હું જોઉં છું કોઇ સરકારી તંત્ર નથી અને આ કોન્ટ્રાકટરો નોંધતા નથી, એને નોંધવા પડે, સો દિવસ ઓછામાં ઓછા થાય તો એને આ લાભ મળે છે. બાંધકામ ક્ષેત્રની રાજુભાઇ વાત કરતા હતા અમે બેકારી ભથ્થાની વાત નથી કરતા. આ તો હમણા જે બનાવ બન્યો તેજશ્રીબહેને વાત કરી એ કેમ બને છે? હમણા મનરેગા યોજના આવી ત્યાં રોજગારી મળતી હતી પરંતુ છેલ્લા છ મહિનાથી આ મનરેગા યોજના સદંતર બંધ થઇ ગઇ અને લોકોને રોજગાર માટે ભટકવું પડે છે અને અમદાવાદ સુધી આવવું પડે છે. અમદાવાદમાં એ લોકો ઇંટોના કામ સાથે સંકળાયેલા છે એમાં આવા બનાવો બને છે. તમે ત્યાં ફરી યોજના ચાલુ કરો તો આવા માણસોને ત્યાં સ્થળ પર, પોતાના જિલ્લામાં રોજગારી મળે તો અહીંયા સુધી ન આવવું પડે. કોઇપણ માબાપ પોતાનો છોકરો ભણીને ગ્રેજયુએટ થાય એમ તો ઇચ્છે અને પરણાવવો હોય તો સામેથી લોકો પૂછે કે નોકરી કરે છે કે નથી કરતો? અને નોકરી ન કરતો હોય તો કોઇ છોકરી પણ નથી આપતું. આ પણ એટલી જ હકીકત છે. આ ગુજરાત સમૃદ્ધ હોવા છતાં પણ આપણે આ કામ નથી કરી શકયા. દોઢ લાખ લોકોને નોકરી આપવાની વાત કરી. કેલેન્ડરની વાત કરી પરંતુ તમારી પાસે દર વર્ષે ૧૮૦૦૦ માણસો નિવૃત્ત થવાના છે. તો કેવી રીતે તમે આ સરખું કરી શકશો? નવા હોય એને તમે ભરતી કરતા નથી અને જે હોય એને પણ રાખી શકતા નથી તો મારું એમ કહેવાનું છે તમે સીકયોર જોબ આપો. એને અહેસાસ થવો જોઇએ. અમે સીકયોર છીએ. જોબની સિકયોરીટી જોઇએ છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ બલવંતસિંહજીનો દિવસ હોય તેવું લાગે છે, કારણ કે ત્રણ–ત્રણ બિલ એમણે મૂક્યા છે. એક પાર્લામેન્ટરિયન તરીકે આપ આટલી બધી મહેનત કરો છો, તે માટે અભિનંદન આપું છું. ખાસ કરીને મને એમ હતું કે બંને બાપુ વાત કરી રહ્યા છે. આપનું બિલ પાછું ખેંચાશે. મારા બિલ માટે તો અન્યાય કરવાના છો. પણ આપે ન ખેંચ્યું એટલે મને શાંતિ થઇ, પરંતુ આજના બિલમાં બલવંતસિંહજીનો જે ભાવ છે કે ગુજરાતનો યુવાન બેકાર હોય તો બેકારી ભથ્થું મળે અને એનું જીવન નિર્વાહ ચલાવે, પરંતુ મૂળ વાત એ છે કે જો ખરેખર રાજકીય રીતે અમારે બી.જે.પી.એ વિચારવું હોત તો જેમ ખેડૂતોનું વીજ બિલ સંપૂર્ણ માફ અને ખેડૂતો ખૂશ થાય અને મત મળી જાય. પછી વીજળી મળે કે નહિ એ પછીનો સવાલ આવે છે. એમ આ ચીપ પોપ્યુલર સ્ટંટ છે.(અંતરાય) તો અમે કરત. પરંતુ

ઉપાધ્યક્ષશ્રી : હીરાભાઇ આપ બેસો. આપના નેતા આગળ છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલિફ છે. આજે યુવાનોને ખુશ કરવા અને એમને પૈસા આપવા.(અંતરાય) બિલિફ કહું છું. આ મારો અધિકાર છે. આ કયાં અસંસદીય છે. આ એક પ્રકારનું પોલિટિકલ બિલિફ છે. આ અસંસદીય શબ્દ છે જ નહીં.(અંતરાય) મારો મૂળ ભાવાર્થ જોષીયારાજી એ છે કે રાજકીય લોકપ્રિયતા મેળવવા માટે અમારા માટે સારું કર્યું. ચાલો એ શબ્દ તમને મજૂર છે ને. બેકાર લોકોને

બેકારી ભથ્થું આપવું છે કે બેકારોને બેકારીમાંથી દૂર કરી રોજગારી તરફ લઇ જવાના છે. આ ચર્ચા અતિ આવશ્યક છે. બેકારી ભથ્થું આપીને ખાલી ૪૫ રૂપિયા પર ડે અને ૧૨૦૦ રૂપિયા પર મહિને મળે. ૧૨૦૦ રૂપિયા દર મહિને દેવા છે કે એમને રોજગારી મળે. આપે આપના આગલા બિલમાં કહ્યુ તમે એક મજૂરી કરતા હતા અને આજે ઉદ્યોગપતિ બન્યા છો. જો બેકારી ભથ્થું તે દિવસે અપાતું હોત તો બાપુ આ પ્રગતિ ન થઇ હોત. યુવાનોને આગળ વધવા માટે હું નથી માનતો કે આ વસ્તુ ઉપયોગી બને. આખા રાજ્યમાં ૩ રાજ્યોમાં આપવામાં આવે છે. એક ઉત્તર પ્રદેશ એણે બંધ કરી દીધું. ઉત્તર પ્રદેશે જાહેરાત કરી ત્યારે ૩૫ લાખ રેકર્ડ ઉપર બેકારો નોંધાયા હતા. આજે બેકારી ભથ્થું મેળવવા માટે ૬૫ લાખ થઇ ગયા. યોજના અધવચ્ચેથી સરકારે પડતી મૂકી. બીજું રાજ્ય પશ્ચિમ બંગાળ અને ત્રીજું રાજ્ય કેરળમાં આપવામાં આવે છે. આજે આંકડાની વાત છે. જોષીયારાજીએ કહ્યું આ આંકડા તમે આપ્યા છે. અમે નથી આપતા આ કેન્દ્ર સરકારના સ્ટેટેસ્ટિક વિભાગના ઓફિસિયલ આંકડા છે. એ વખતે છેલ્લા ૨૦૧૩–૧૪ સુધી આપની યુ.પી.એ.ની સરકાર હતી. હવે અમારી સરકાર બેઠી છે. તમારી સરકારે આપેલા આંકડા છે. એ મુજબ કેરળમાં ૩૭.૫૦ લાખ બેકારો છે. પશ્ચિમ બંગાળમાં ૭૪.૮૧ લાખ બેકારો આજની તારીખે છે. ઉત્તર પ્રદેશમાં ૬૩.૮૫ લાખ અને ગુજરાતના ઓફિશિયલ રેકર્ડ મુજબ ૭.૭૮ લાખ બેકારો આપણે ત્યાં નોંધાયેલા છે. જો સરકારે આ રોજગારલક્ષી આ બધી પ્રવૃત્તિઓ કરી છે એ પ્રવૃત્તિમાં વાઇબ્રન્ટ ગુજરાત અને એના કારણે ગુજરાતમાં જે રોજગારી પ્રાપ્ત થઇ એના ફિગર આપને આપું તો નવાઇ લાગશે કે સૂચિત રોકાણ જે ૨૦૦૩–૨૦૧૧ સુધીનું એમાં સૂચિત રોજગારી ૧૦ લાખ ૯૭ હજાર અને પ્રોજેક્ટ શરૂ થયા ૭૩૩૭ અને ઉભી થયેલ રોજગારી ૧૦ લાખ ૧૨ હજાર. આવા બધા જે પગલાં લીધા લેબર ડિપાર્ટમેન્ટે, રૂરલ ડિપાર્ટમેન્ટે, એજયુકેશન ડિપાર્ટમેન્ટે, ઇન્ડસ્ટ્રીઝ ડિપાર્ટમેન્ટે, માઇન્સ, અર્બન, વુમન એન્ડ ચાઇલ્ડ ડિપાર્ટમેન્ટે, ટ્રાયબલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટે, અને સોશ્યલ જસ્ટીસ વિભાગના અલગ અલગ જે કામો થયા, આપને જણાવતાં મને આનંદ થાય છે કે ગુજરાતમાં આજે રોજગારી દેવામાં ૨૦૦૨માં ૭૦ હજારનો આંકડો હતો તે વધતાં વધતાં ૨ લાખ ૯૧ હજાર આ રોજગારીનો આંકડો ભારત સરકારના શ્રમ રોજગાર મંત્રાલય દ્વારા રિપોર્ટ પ્રસિદ્ધ થયો છે. એટલે ૭૭.૯૩ ટકા રોજગારી આપી છે. બેરોજગારોની વાત કરું તો ૨૦૦૪માં ૯ લાખ ૨૬ હજાર બેરોજગારો હતા તે ઘટતાં ઘટતાં ૮.૫૪ લાખ, ૮.૦૦ લાખ પછી ૭.૭૮ અને આજે ૭.૪૦ લાખ છે. એટલે બેકારોની સંખ્યા ઘટી રહી છે. રોજગારોની સંખ્યા વધી રહી છે. એ રીતે સરકાર બેકારી ભથ્થા આપી બેકારોની સંખ્યા વધે તેના બદલે રોજગારી તરફ આગળ વધારવા માગે છે. આખા ભારતમાં સ્કીલ્ડ વર્કર ઉભા કરવા ગુજરાત નંબર વન છે. તમામ તાલુકામાં આઇ.ટી.આઇ. આપવામાં આવી છે. આના દ્વારા અત્યાર સુધીમાં આપણે ૧ લાખ ૭૦ હજાર લોકોને દરવર્ષે ટ્રેઇનીંગ આપીએ છીએ. સરકારને ધન્યવાદ એટલા માટે આપું છું કે સ્કીલ્ડ ડેવલપમેન્ટ અને રોજગારી માટે ૧૦૦૮ કરોડ રૂપિયા આ વખતના બજેટમાં આપણે ફાળવ્યા છે. જેથી કરીને રોજગારમાં સ્કીલ્ડ ડેવલપમેન્ટ થાય, રોજગારમાં તે લોકો કૌશલ્ય પ્રાપ્ત કરે અને ધીરે ધીરે નોકરી પ્રાપ્ત કરે. એટલે મારી માનનીય બલવંતસિંહને વિનંતી છે કે આપણે બધા સાથે મળીને, આ કોઇ રાજકીય વિષય નથી. આ તો ગુજરાતના યુવાનોને નોકરી મળતી રહે, સારી નોકરી મળે, અમારા મિત્રએ જુસ્સામાં વાત કરી કે હર હાથકો કામ ઓર કામ કે લીયે સહી દામ. એટલા માટેની આખી વ્યવસ્થા કરવા માટે સરકાર પ્રયત્ન કરી રહી છે. એટલે મારું માનવું છે કે ગુજરાતીઓની ખમીરી, ગુજરાતી માટે એમ કહેવાય કે ખાલી લોટો લઇને દક્ષિણ આફ્રિકામાં જાય તો ત્યાંથી કરોડપતિ થઇને પાછો આવે. આ ગુજરાતીઓના કાંડામાં તાકાત છે. આ ગુજરાતી પોતાના સામર્થ્યથી ફક્ત કોઇની કૃપા ઉપર નહીં પણ પોતાના સામર્થ્યથી લોકો પોતાનો રોજગાર પ્રાપ્ત કરે, ખેત મજદૂરો, ઇન્ડસ્ટ્રીયલ મજદૂરો, સર્વિસીસમાં, બેન્કીંગથી માંડીને ઇન્સ્યોરન્સ આ બધામાં આપણા ગુજરાતી ખૂબ આગળ વધે એ માટે આપણે સૌ સાથે મળી અને તેમને રોજગારી મળે, ગાંધીજીએ બેકારી ભથ્થાની વાત ન્હોતી કરી. તેમને સ્વાવલંબનની વાત કરી હતી. લોકો પોતે સ્વાવલંબન બને અને સ્વરોજગારી પ્રાપ્ત કરે તે સિદ્ધાંતને ધ્યાનમાં રાખી સરકાર કામ કરી રહી છે. માનનીય બલવંતસિંહને વિનંતી કે આ છેલ્લુ બિલ અમારા બધાની લાગણીથી પાછું ખેંચે એટલી વિનંતી કરું છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી, અમે ખૂબ કહીએ છીએ કે ગુજરાતમાં બધા લોકોને રોજગારી પ્રાપ્ત થાય. મેં પહેલાં મારા ભાષણમાં કહ્યું છે અને અત્યારે પણ કહું છું

કે ગુજરાતના લોકોને સર્વિસ મળે તો ગૌરવ થશે. *(xxx) અને આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તેવું સ્વીકાર્યુ હોત તો આનંદ થાત.

શ્રી પંકજ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહે (xxx) તેવા શબ્દો વાપર્યા છે તે રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, અરે, રેકર્ડ ઉપર છે.

ઉપાધ્યક્ષશ્રી : (xxx) તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. આપને સીધો સવાલ છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આ બિલ પાછું ખેંચતો નથી અને અમે સભાત્યાગ કરીએ છીએ.

**(આ તબકકે વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કર્યો)**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તા.૧૩મી માર્ચ ૨૦૧૫ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## વિષયસૂચિ ચોથી શ્રેણી


| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં સ્વસહાય જૂથોને બેંકો દ્વારા | ૮૯ |
| | તાપી જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મહેકમ | ૧૧૦ |
| | રાજ્યમાં મડિકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટીની ઉપલબ્ધ બેઠકો | ૫૩૨ |
| | સુરત જિલ્લામાં ચેકડેમ અને વન તલાવડી | ૪૮ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | ૪૧ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોને ખેતી માટેના સાધનો | ૮૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૩૭ |
| | અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ | ૩૦૧ |
| | કેવડીયા ખાતે સરદાર પટેલ સ્ટેચ્યુ બનાવવા સંપાદિત જમીન | ૪૨૬ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં ગામ ફળીયાઓને પાકા રસ્તાઓની | ૫૪૯ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં ફોરેસ્ટ વિભાગની હદના રસ્તાઓને | ૫૭૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં મહિલા પશુપાલકોને યોજનાનો | ૧૦૭ |
| | ભિલોડા તાલુકામાં હાથમતી પર સ્લીપ રીપેર કરવા બાબત | ૫૬૫ |
| | મુલ્કી સચિવાલય કક્ષાએ સેકશન અધિકારી/ઉપ સચિવની મંજૂર | ૪૫૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૪૪ |
| | ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪ | ૬૦૯ |
| અમિત અ. ચાવડા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૮૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૫૮૬ |
| અમિત ચૌધરી | ગાંધીનગર જિલ્લામાં નર્સરીઓ/રોપઉછેર કેન્દ્રો | ૫૦ |
| | ગાંધીનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૫૩૭ |
| | રાજ્યના પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત | ૪૨૬ |
| | રાજ્યના પોલીસ સ્ટેશનોમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવા બાબત | ૪૬૯ |
| | રાજ્યમાં પોલીસ સ્ટેશનનાં કર્મચારી વિરૂધ્ધ ફરિયાદમાં અરજદારોને | ૪૫૭ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ ફાળવેલ બેઠકો | ૩૧૦ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓનું | ૩૯ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નવા બી.પી.એલ. નંબર | ૧૦૬ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક | ૮૪ |
| | આણંદ જિલ્લામાં પ્લાન-નોન પ્લાન રસ્તાઓની લંબાઈ | ૫૪૪ |
| | દિલ્હી સ્થિત ગુજરાત ભવનમાં રૂમોની સુવિધા | ૪૦૬ |
| અરૂણસિંહ અ. રણા | આમોદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૩૦૦ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૯૨ |
| | ભરૂચ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૫૫૪ |
| | ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય | ૩૩૬ |
| | ભરૂચ જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ | ૪૫૦ |
| | ભરૂચ જિલ્લામાં રાયપર્નીંગ ચેમ્બર | ૪૧૮ |
| | વાગરા તાલુકામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૩૮ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ આર.ટી.ઓ. કચેરીમાં આવક | ૩૦૩ |
| | ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને | ૨૨૭ |
| | કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ખાતે અપાતી તબીબી સેવાઓ | ૫૨૭ |
| | ખેડા જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મહેકમ | ૮૯ |
| | ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં સ્વસહાય જૂથોને બેંકો દ્વારા | ૪૮ |
| | રાજ્યમાં સરકારી માલિકીના મેદાનો ભાડા પટ્ટે આપવા | ૪૫૩ |

| વિષયસૂચિ | | ચોથી શ્રેણી |
|---|---|---|
| **પુસ્તક ૨૨)** | **વિષય** | **પાના નંબર** |


| | | |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લામાં સારવાર કેમ્પ | **૪૨૩** |
| અરવિંદભાઇ કે. લાડાણી | ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને | **૨૨૨** |
| અરવિંદભાઇ કે. લાડાણી | કેશોદ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | **૫૯** |
| અરવિંદભાઇ કે. લાડાણી | જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | **૫૫૨** |
| અરવિંદભાઇ કે. લાડાણી | જૂનાગઢ જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓ | **૩૨૧** |
| | જૂનાગઢ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | **૪૪૪** |
| | જુનાગઢ જિલ્લામાં પોલીસખાતાનાં બિનરહેણાંક મકાનો | **૪૧૨** |
| અરવિંદસિંહ દા. રાઠોડ | ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને | **૨૧૯** |
| | કાલોલ તાલુકામાં પી.એમ.–૩ બી જૂથ યોજનાની કામગીરી | **૩૧૮** |
| | પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | **૫૧૫** |
| | પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો | **૩૪** |
| | પંચમહાલ જિલ્લામાં પશુઓને સારવાર | **૪૫૧** |
| | પંચમહાલ જિલ્લામાં રવી કૃષિ મહોત્સવ–૨૦૧૪ | **૪૨૦** |
| અશ્વિન કોટવાલ | ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને | **૨૨૫** |
| | કલોલ તાલુકાના સાંતેજ ગામની ધી વૃંદાવન કો.ઓ. હાઉસીંગ | **૪૨૩** |
| | વિજયનગર તાલુકામાં વણજ–બદરખા રસ્તાને મંજૂરી | **૬૫** |
| | સંકલિત બાળ વિકાસ યોજના અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ | **૫૧૦** |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પરિવારોને વ્યક્તિગત શૌચાલય | **૧૦૦** |
| | સાબરકાંઠા જિલ્લામાં મનરેગા યોજનામાં ગેરરીતિની ફરિયાદ | **૭** |
| | સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગ્રાંટની | **૧૫૯** |
| | સાબરકાંઠા જિલ્લામાં શેડ્યુઅલ કાસ્ટ સબ પ્લાન યોજના અંતર્ગત | **૩૧૫** |
| અશોકકુમાર ૨. પટેલ | ગાંધીનગર ખાતે પ્રવાસી ભારતીય દિવસનો કાર્યક્રમ | **૩૫૨** |
| | ગાંધીનગર જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા | **૪૨૧** |
| | ગાંધીનગર જિલ્લામાં ગણોતધારા હેઠળની જમીનની ખરીદ કિંમત | **૪૫૨** |
| | ગાંધીનગર જિલ્લામાં ચાઈલ્ડ લેબર એકટ હેઠળ મુકત થયેલ બાળકો | **૩૨૭** |
| | ગાંધીનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | **૬૧** |
| | ગાંધીનગર જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મહેકમ | **૯૮** |
| | વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦ | **૨૬૯** |
| આંનદભાઇ ચૌધરી | આદિમજૂથના વર્ગો માટે જીવન નિર્વાહ માટે કાર્યરત યોજનાઓ | **૫૬** |
| | આંબા–વાંકલ રોડ પર લો લેવલનો બ્રિજ બનાવવા બાબત | **૫૬૫** |
| | બોરદા મુખ્ય રસ્તાથી બુધવાડા સુધીના રસ્તાની સુવિધા | **૫૪૭** |
| | રાજ્યમાં કાર્યરત સુગર ફેકટરીઓ | **૪૪૩** |
| | સ્ટાફ નર્સ વર્ગ–૩ની નિમણૂંક આપવા બાબત | **૫૭૦** |
| | સોનગઢ તાલુકાનાં બોરદા ખાતે ઉદવહન સિંચાઈનો કમાન્ડ | **૪૧૧** |
| ઈશ્વરભાઇ ઢે. પટેલ | ધરમપુર નગરપાલિકાને મોડલ નગરપાલિકા ઘટક હેઠળ ફાળવેલ | **૪૩૧** |
| | વલસાડ જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ | **૪૫૯** |
| | વલસાડ જિલ્લામાં કાર્યરત ૧૦૮ એમ્બ્યુલન્સ | **૫૩૩** |
| | વલસાડ જિલ્લામાં ખેડૂત શિબિરો | **૪૭૦** |
| | વલસાડ જિલ્લામાં તાલુકાવાર વોટર શેડના પ્રોજેક્ટ | **૪૧** |
| | વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન અંતર્ગત વ્યકિતગત | **૮૪** |
| | વલસાડ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર | **૫૫૮** |
| | વલસાડ જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય | **૩૫૧** |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સહાય | ૩૨૭ |
| | વલસાડ જિલ્લામાં હિંસક પ્રાણીઓની વસ્તી ગણતરી | ૧૦૭ |
| ઈશ્વરભાઇ ર. પરમાર | બારડોલી તાલુકામાં પંડિત દિન દયાળ ગ્રાહક ભંડારો | ૭૧ |
| | તાપી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૩૩૫ |
| | તાપી જિલ્લામાં પશુઓને સારવાર | ૪૪૮ |
| | બારડોલી આર.ટી.ઓ. કચેરીમાં આવક | ૨૯૮ |
| | વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૩માં સેમિનાર | ૪૧૬ |
| | સુરત જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ અને | ૪૬૬ |
| | સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ | ૧૦૨ |
| | સુરત જિલ્લામાં આદિમ જૂથની પાયાની સુવિધાઓનો પ્રોજેક્ટ | ૨૧ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | અંકલેશ્વર તાલુકામાં ગામની આંતરીક પેયજળ યોજનાઓ | ૩૪૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૫૫ |
| | ભરૂચ જિલ્લા ખાતે ફેમીલી કોર્ટની શરૂઆત | ૩૨૧ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો | ૬૯ |
| | ભરૂચ જિલ્લામાં કૃષિ કીટસનું વિતરણ | ૪૪૫ |
| | ભરૂચ જિલ્લામાં ધોરણ–૧ થી ૮ ના આદિજાતિ વિદ્યાર્થીઓને | ૧૯ |
| | ભરૂચ જિલ્લામાં બાગાયત કિટ્સનું વિતરણ | ૪૧૩ |
| | ભરૂચ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૩૫૯ |
| | રાજ્યમાં મેડિકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટીની ઉપલબ્ધ બેઠકો | ૫૫૪ |
| | વલસાડ જિલ્લાની આઇ.ટી.આઇ. માં વ્યાખ્યાતાઓની ખાલી | ૩૬૧ |
| ઋષિકેશ ગ. પટેલ | એસ.આર.પી. જૂથ–૧૫, ઓ.એન.જી.સી. મહેસાણામાં પોલીસની | ૪૭૧ |
| | નર્મદા મુખ્ય નહેર આધારિત કરણનગર–ધાંધુસણ પાઈપ લાઈનની | ૪૩૨ |
| | પોઇન્ટ ઓફ ઓર્ડર | ૪૯૮ |
| | મહેસાણા ખાતે બેરોજગારોને રોજગારી | ૩૨૪ |
| | મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના | ૧૦૧ |
| | મહેસાણા જિલ્લામાં પુરવઠા વિભાગના દરોડા | ૬૯ |
| | મહેસાણા જિલ્લામાં ફળપાક વાવેતર સહાય | ૪૬૧ |
| | મહેસાણા જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૩૪૯ |
| | મહેસાણા જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું | ૧૯ |
| કેતનભાઇ મ. ઇનામદાર | વડોદરા જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ | ૫૪૧ |
| | વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં દાખલ થયેલ | ૩૬ |
| | વડોદરા જિલ્લામાં વારસાઈ હકકની અરજી | ૪૧૮ |
| | વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય | ૩૨૭ |
| કનુભાઇ મો. દેસાઇ | ગૃહમાં પુરાવો આપવા અંગે | ૨૩૦ |
| | તાપી જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ | ૫૩૫ |
| | પારડી તાલુકામાં આવેલ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો | ૮૫ |
| | વલસાડ જિલ્લામાં આદિમજૂથની પાયાની સુવિધાઓનો પ્રોજેક્ટ | ૪૩ |
| | વલસાડ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૪૪૬ |
| | વલસાડ જિલ્લામાં ફળપાક વાવેતર સહાય | ૪૧૩ |
| | વલસાડ જિલ્લામાં બોર હેન્ડપંપનું સારકામ | ૩૫૫ |
| | વલસાડ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ અરજીઓ | ૩૩૭ |
| | વાપી ખાતેના હયાત કોર્ટ બિલ્ડીંગના વિસ્તરણનું કામ | ૩૦૧ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિકના ધોરણ-૧૧ અને ૧૨ | ૨૬ |
| | અમદાવાદ જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો બાબત | ૫૬૫ |
| | અમદાવાદ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે સહાય | ૩૪૩ |
| | અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૩૫૭ |
| | અમદાવાદ જિલ્લામાં લઘુતમ વેતન ધારાનો ભંગ | ૩૧૧ |
| | અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ જમીન | ૪૨૫ |
| | આણંદ અને બાવળા તાલુકામાં ડામર સપાટીના રસ્તા બનાવવા | ૫૪૮ |
| | સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા | ૨૦૩ |
| કેશુભાઇ હી. નાકરાણી | ગારીયાધાર તાલુકામાં સિંચાઈ યોજના ન હોવા બાબત | ૪૩૧ |
| | ભાવનગર અને સુરેન્દ્રનગર જિલ્લામાં જેટકોને ફાળવેલ જમીન | ૪૬૦ |
| | ભાવનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૫૫૧ |
| | ભાવનગર જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી | ૩૮ |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૪૭૧ |
| | ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સમરસ ગ્રામ પંચાયતો | ૮૩ |
| | ભાવનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય | ૩૨૫ |
| કેશાજી શિ. ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અરજીઓ | ૩૦૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના | ૪૩૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિવાસી | ૪૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં સેફસ્ટેજનાં કામ | ૪૦૪ |
| કેસરસિંહ જે. સોલંકી | આણંદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ | ૫૫૩ |
| | ખેડા જિલ્લામાં ઈકોટુરીઝમ વિકાસની યોજના | ૩૦ |
| | ખેડા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય | ૩૨૬ |
| | ખેડા જિલ્લામાં ખેડૂતોને તાલીમ | ૪૫૮ |
| | ખેડા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | ૭૯ |
| | જૂનાગઢ અને ખેડા જિલ્લામાં જેટકોને ફાળવેલ જમીન | ૪૨૮ |
| કાંતિલાલ શી. અમૃતિયા | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૭૮ |
| | મોરબી જિલ્લામાં નવા રેશનકાર્ડ માટેની અરજીઓ | ૩૭ |
| | મોરબી જિલ્લામાં હેન્ડપંપોનું રિપેરીંગ | ૩૦૮ |
| | રાજકોટ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૪૨૯ |
| કાન્તીભાઇ કા. ખરાડી | અમીરગઢ અને દાંતા તાલુકામાં પશુપાલન કીટ્સનું વિતરણ | ૪૦૭ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન યોજના | ૪૮ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં સેન્ચ્યુરી વિસ્તારમાં આવેલ લીઝો | ૮૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સહાય | ૩૫૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં ફળઝાડના વાવેતરના લાભાર્થી | ૪૪૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૮૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં બાળમજુર ધારાનો ભંગ | ૩૩૧ |
| કામીનીબા ભૂ. રાઠોડ | પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૯૬ |
| કિરીટસિંહ જી. રાણા | લીંબડી તાલુકામાં આવેલ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો | ૪૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ અને | ૪૧૧ |
| કિશોરભાઇ શિ. કાનાણી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૭૦ |
| | તાપી જિલ્લામાં ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ | ૧૦૫ |
| | તાપી જિલ્લામાં ફૂલપાકના લાભાર્થી | ૪૩૭ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ સહાયમાં વધારો | ૩૩૫ |
| | રાજ્યમાં નવા શિપ બિલ્ડીંગ/રીપેર યાર્ડ વિકસાવવા દરખાસ્ત | ૪૬૬ |
| | સુરત આર.ટી.ઓ. કચેરીમાં આવક | ૨૯૯ |
| | સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક | ૩૮ |
| | સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર | ૮૨ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં સ્વરોજગાર શિબિરોનું આયોજન | ૩૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું | ૭૩ |
| | દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ખાનગી એજન્સી હસ્તક | ૪૨૫ |
| | નર્મદા બંધની ઉંચાઈ વધારવાની મંજૂરી બાદ કામગીરી | ૪૫૬ |
| | રાજ્ય સરકારે ખેલાડીઓને પ્રોત્સાહન માટે અમલમાં મૂકેલ યોજના | ૫૩૦ |
| | વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦ | ૨૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર | ૨૩ |
| ગેંદાલભાઈ મો. ડામોર | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૮૩ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ટેક્સી પરમીટ અન્વયે | ૩૫૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં મંજૂર જુથ પાણી પુરવઠાની | ૨૯૭ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેલાડીઓને ઈનામ આપવા | ૫૪૦ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં હોસ્પિટલોમાં ઉપલબ્ધ | ૫૬૮ |
| | મહિસાગર જિલ્લાની સુજલામ -સુફલામ નહેરમાંથી ઉદવહન | ૪૩૫ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ | ૫૬૨ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તળાવ ઉંડા કરવા બાબત | ૪૬૪ |
| | મહીસાગર જિલ્લામાં હેન્ડપંપ માટે બોરનું સારકામ | ૩૩૪ |
| | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત | ૪૭૩ |
| ગ્યાસુદ્દીન હ. શેખ | અમદાવાદ જિલ્લામાં ઘરથાળ પ્લોટ મેળવવા બાબતની અરજીઓ | ૪૧ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુ,કમળા અને ડેન્ગ્યુના | ૫૪૮ |
| | અમદાવાદના વટવા કેમિકલ્સ ઝોનમાં ઈન્સપેક્શન | ૩૪૭ |
| | ઘોઘા-દહેજ વચ્ચે રો રો ફેરી સુવિધા | ૪૩૯ |
| | નવી બસો ખરીદવા એસ.ટી. નિગમને ફાળવેલ રકમ | ૩૨૧ |
| | સરદાર સરોવર યોજના અંતર્ગત ભાગીદાર રાજ્યો પાસેથી બાકી | ૪૦૨ |
| | શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા અંગે. | ૪૮૯ |
| ગોવાભાઈ રબારી | ડીસા તાલુકામાં જુથ પાણી પુરવઠા યોજના હેઠળ મળતુ પાણી | ૩૩૮ |
| | ડીસાથી વાવ, થરાદને નર્મદાનું પાણી આપવા બાબત | ૩૦૩ |
| | બનાસકાંઠા જિલ્લાનાં પશુ દવાખાનામાં ડૉકટરો/સ્ટાફની ઘટ | ૪૭૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગૌચરના દબાણો | ૫૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં નેશનલ રોજગાર ગેરંટી યોજના અંતર્ગત | ૧૧૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં નીલગાય અને ભુંડ દ્વારા પાકને નુકશાન | ૯૨ |
| | સુજલામ -સુફલામ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના તળાવો | ૪૩૫ |
| | સ્ટેચ્યુ ઓફ યુનીટીના નિર્માણ માટે જમીનની ખરીદી | ૪૬૩ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૫૭ |
| ગૌતમભાઈ રા. ચૌહાણ | અંબાજી ટ્રસ્ટ દ્વારા આર.ટી.આઈ. અરજીઓનો નિકાલ | ૩૨૧ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં ગુમ થયેલ બાળકો | ૪૬૦ |
| | ખેડા જિલ્લામાં ગ્રામ સેવકોની ખાલી જગ્યા | ૭૯ |
| | ખેડા જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડા/ઝૂંપડપટ્ટીઓની સંખ્યા બાબત | ૩૧ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ખેડા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ સહાય | ૩૪૮ |
| | નડિયાદ જનરલ હોસ્પિટલમાં મંજુર મહેકમ | ૫૬૦ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ | ૩૬૦ |
| | મહેમદાવાદ તાલુકામાં શેઢી સિંચાઈ યોજનાની ડીસ્ટ્રીબ્યુટરીના | ૪૩૨ |
| | મોદજ અને માકવા ગામ પાસે વાત્રક નદી ઉપર કોઝ વે બનાવવાની | ૫૩૬ |
| | વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦ | ૨૭૨ |
| ચંદ્રિકાબેન છ. બારીયા | ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને | ૨૨૯ |
| | ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક, | ૫૯૬ |
| | ગરબાડા તાલુકાના ગામોને જુથ પાણી પુરવઠા યોજના અન્વયે | ૩૪૮ |
| | ગરબાડા તાલુકામાં ઝરી–ગાંગરડા તળાવ દ્વારા સિંચાઈ | ૪૧૫ |
| | દાહોદ ચેકપોસ્ટ પરથી વસૂલ કરેલ દંડની રકમ | ૩૬૦ |
| | દાહોદ જિલ્લાની જેલોનું આઈ.જી.પી. દ્વારા નિરીક્ષણ | ૪૪૭ |
| | દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ફાળવેલ | ૩૪ |
| | દાહોદ જિલ્લામાં વ્યાજબી ભાવની દુકાનોનું નિરીક્ષણ | ૮૧ |
| | દાહોદ જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો | ૫૬૬ |
| | ધાનપુર ગરબાડા અને દાહોદ તાલુકાના રોડને સ્ટેટ હાઈવેમાં | ૫૫૨ |
| | પાટા ડુંગરી જળાશયનું પાણી ગરબાડા તાલુકાના ગામોને આપવા | ૩૨૨ |
| ચીમનભાઈ ધ. શાપરીયા | જામનગર આર. ટી. ઓ. કચેરીમાં ખાલી જગ્યાઓ | ૩૩૫ |
| | જામનગર જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ | ૫૪૮ |
| | જામનગર જિલ્લામાં જંતુનાશક દવાના નમુના | ૪૬૩ |
| | જામનગર જિલ્લામાં પોલીસ કોમ્યુનીટી હોલ | ૪૩૫ |
| | જામનગર જિલ્લામાં સામૂહિક વનનિર્માણ યોજના હેઠળ રોપાઓનું | ૨૨ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ | ૨૯૯ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૭૪ |
| છનાભાઈ કો. ચૌધરી | નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં સાયન્સ કોલેજોમાં શૈક્ષણિક | ૧૦૪ |
| | નવસારી જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૪૧૨ |
| | નવસારી જિલ્લામાં તાલુકાદીઠ રાજીવ ગાંધી ભવન બાંધવાની મંજૂરી | ૩૪ |
| | નવસારી જિલ્લામાં પોલીસનું મંજૂર મહેકમ | ૪૪૪ |
| | નવસારી જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત શૌચાલયો | ૮૨ |
| જગદીશભાઈ ઈ. પંચાલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૨૧૩ |
| | અમદાવાદ જિલ્લામાં સ્વસહાય જૂથોને બેંકો દ્વારા કેશક્રેડિટ આપવા | ૭૨ |
| | ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ લીવર પ્રત્યારોપણની મંજુરી | ૫૫૫ |
| | ખેડા જિલ્લામાં બાલાશિનોર તાલુકામાં સ્વસહાય જૂથની રચના | ૨૨ |
| | ખેડા જિલ્લામાં સારવાર કેમ્પ | ૪૨૫ |
| જગરૂપસિંહ ગી. રાજપૂત | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૮૨ |
| | ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટના કાયદા હેઠળ કીડની પ્રત્યારોપણની | ૫૩૧ |
| | ખેડા જિલ્લામાં કપડવંજ તાલુકામાં સ્વસહાય જૂથની રચના | ૪૨ |
| | રાજ્યની બહારની સંસ્થાઓ દ્વારા, રાજ્યની એફ. એસ. એલ. ની | ૪૧૨ |
| જેઠાભાઈ ઘે. ભરવાડ | પંચમહાલ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૫૩૬ |
| | પંચમહાલ જિલ્લામાં ખાદ્યતેલમાં ભેળસેળ અટકાવવા લીધેલ પગલાં | ૫૬૮ |
| | પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક | ૭૨ |
| | પંચમહાલ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ અરજીઓ | ૩૦૬ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજી | ૪૩૦ |
| | પંચમહાલ જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ | ૫૬૦ |
| | શહેરા તાલુકામાં શ્રીમંતોને અપાયેલ બી.પી.એલ. કાર્ડ | ૨૧ |
| જનકભાઈ કાછડીયા | તાપી જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર | ૧૧ |
| | તાપી જિલ્લામાં જંતુનાશક દવાના નમુના | ૪૨૨ |
| જયંતિભાઈ સ. રાઠવા | છોટાઉદેપુર જિલ્લામાં ઈકોટુરીઝમ વિકાસની યોજના | ૭૮ |
| | છોટાઉદેપુર જિલ્લા નગરપાલિકાઓને ઘનકચરા નિકાલ / | ૪૬૨ |
| | છોટાઉદેપુર જિલ્લામાં નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ અરજીઓ | ૩૧૪ |
| | રાજ્યમાં વનબંધુ યોજના હેઠળ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને | ૩૦ |
| | વડોદરા જિલ્લામાં કુંવરભાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૩૪૪ |
| | વડોદરા જિલ્લામાં ફળનર્સરીના લાભાર્થી | ૪૩૩ |
| જયરાજસિંહ ટે. જાડેજા | રાજકોટ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૫૫૪ |
| | રાજકોટ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર | ૫૬ |
| | રાજકોટ જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ | ૩૦૨ |
| | રાજકોટ જિલ્લામાં પશુપાલન કીટનું વિતરણ | ૪૬૫ |
| | રાજકોટ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૪૩૬ |
| જીતેન્દ્ર ર. સુખડીયા | અન્ય રાજ્યોમાં ગુજરાત સમાજ ભવન | ૩૬૦ |
| | રાજ્યના આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર્સની કાર્યક્ષમતા સુદ્રઢ | ૩૨૨ |
| | વડોદરા જિલ્લાના કવાંટ તાલુકામાં સ્વસહાય જૂથની રચના | ૧૭ |
| | વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન | ૩૪૮ |
| | વડોદરા જિલ્લામાં સરદાર આવાસ યોજના-૨ ની અરજીઓ | ૬૬ |
| | વડોદરા શહેરમાં ટી.પી. સ્કીમો | ૩૯૬ |
| | શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતનની કામગીરી | ૫૪૬ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) | ૪૮૦ |
| જીતેન્દ્રભાઈ સ. વાઘાણી | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૬૭ |
| | ભાવનગર આર.ટી.ઓ. કચેરીમાં આવક | ૩૦૧ |
| | ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને અપાયેલ સુધારેલ સ્મશાન | ૪૯ |
| | ભાવનગર જિલ્લામાં ફળનર્સરીના લાભાર્થી | ૪૬૪ |
| | રાજકોટ અને ભાવનગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ | ૫૪૮ |
| | રાજ્યમાં કાર્યાન્વિત શીપયાર્ડ અને તેની ક્ષમતા | ૪૭૩ |
| | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૩માં | ૪૩૬ |
| જીતુભાઈ હ. ચૌધરી | કપરાડા તાલુકામાં સરકારી સાયન્સ કોલેજ બનાવવાની કાર્યવાહી | ૧૦૪ |
| | પોઈન્ટ ઓફ ઓર્ડર | ૪૯૯ |
| | વલસાડ જિલ્લાના ધરમપુર-કપરાડા તાલુકામાં પ્રાથમિક શાળામાં | ૮૦ |
| | વલસાડ જિલ્લામાં ખેતીની જમીનની માપણી | ૪૪૮ |
| | વલસાડ જિલ્લામાં તાલુકાવાર પ્રા. શિક્ષકોની ઘટ | ૩૩ |
| | વલસાડ જિલ્લામાં દમણગંગા સિંચાઈ યોજનાની મુખ્ય | ૪૧૭ |
| | વલસાડ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની નિમણૂક | ૫૩૩ |
| | વલસાડ જિલ્લામાં બંધ પાણી પુરવઠાની યોજનાઓ | ૩૫૫ |
| | વલસાડ જિલ્લામાં મૃતક શ્રમિકો પાછળ ચૂકવેલ વળતર | ૩૩૨ |
| | વલસાડ જિલ્લામાં વાસમો યોજના પાછળ ખર્ચ | ૨૯૩ |
| | સન ૨૦૧૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા | ૨૦૨ |

**વિષયસૂચિ** **ચોથી શ્રેણી**


| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| જોઇતાભાઇ ક. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૮૦ |
| | ધાનેરા અને દાંતીવાડા તાલુકાના પીવાના પાણીથી વંચિત ગામો | ૩૫૩ |
| | ધાનેરા તથા દાંતીવાડા તાલુકામાં ગ્રામ પંચાયતોને પોતાના મકાનો | ૮૬ |
| | બનાસકાંઠા જિલ્લાના ઔદ્યોગિક એકમોમાં કાયદાઓનો ભંગ | ૩૩૦ |
| | બનાસકાંઠા જિલ્લાની આર.ટી.ઓ. કચેરીની આવક | ૩૬૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં કપટ પૂર્વક જમીનના બિનખેતી હુકમો | ૪૨૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૫૬૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગણિત, વિજ્ઞાન વિષયના શિક્ષકોની ઘટ | ૧૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રના નવીન મકાનો | ૫૪૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથિમક શાળામાં પીવાના પાણી, વીજળી | ૪૫ |
| | બોટાદ જિલ્લાના રાણપુર સીમની જમીનોની હુકમી નોંધો | ૪૫૧ |
| ટી. ડી. માણીયા | બોટાદ ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૨૯૫ |
| | બોટાદ જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન | ૪૪૧ |
| | બોટાદ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારવા ફોરમમાં કેસો | ૨૮ |
| | ભાવનગર જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૩૩૩ |
| | ભાવનગર જિલ્લામાં પશુઓને સારવાર | ૪૬૬ |
| | ભાવનગર જિલ્લામાં મલ્ટીપર્પઝ વર્કરનું મહેકમ | ૭૭ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫માં વિદેશીઓએ લીધેલ ભાગ | ૪૦૭ |
| | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (પ્રથમ દિવસ) | ૩૮૪ |
| તેજશ્રીબેન દિ. પટેલ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓના મકાનો | ૫૬૧ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૫૩૯ |
| | અમદાવાદ જિલ્લામાં અન્ન બ્રહ્મયોજના હેઠળ અપાયેલ રેશનકાર્ડ | ૯૬ |
| | અમદાવાદ શહેરમાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૨૯૬ |
| | કેન્દ્ર સરકાર તરફથી ફાળવાયેલ અનાજનો જથ્થો | ૫૯ |
| | ગુજરાત રેગિંગ અટકાવવા બાબત વિધેયક, ૨૦૧૪ | ૬૦૧ |
| | જળસંપત્તિ પ્રભાગ અને તેની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર | ૧૪૭ |
| | જાહેર વિતરણની વ્યવસ્થા માટે તકેદારી સમિતિની રચના | ૧૧૨ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં નર્મદા કેનાલ કે તેનો ભાગ | ૪૫૮ |
| | મહિલા અને બાળવિકાસ વિભાગ અને તેની તાબાની કચેરીઓમાં | ૧૯૫ |
| | મહિલા સુરક્ષા સમિતિની મળેલ બેઠકો | ૧૩૭ |
| | માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં એટીવીટી અંતર્ગત | ૧૬૧ |
| | રાજ્યના કેબલ ઓપરેટરો પાસેથી મનોરંજન કર પેટેની બાકી | ૧૮૩ |
| | રાજ્યની જેલોમાંથી મળી આવેલ પ્રતિબંધિત વસ્તુઓ | ૧૭૫ |
| | રાજ્યની પ્રાથમિક શાળાઓમાંના મકાનો/ઓરડાઓની ઘટ | ૧૬૪ |
| | રાજ્યની વ્યાજબી ભાવની દુકાનો પરથી વિતરણ કરાતી વસ્તુઓ | ૧૬૮ |
| | રાજ્યમાં આપઘાત અને આપઘાતનાં પ્રયાસોના બનાવો | ૧૩૭ |
| | રાજ્યમાં એનીમલ વેલ્ફેર બોર્ડની રચના | ૪૬૯ |
| | રાજ્યમાં કુપોષણથી પીડાતા બાળકો | ૧૯૨ |
| | રાજ્યમાં કાચા કામના કેદીઓએ મહત્તમ સજા ભોગવ્યા બાદ પણ | ૧૭૯ |
| | રાજ્યમાં ખાનગી કંપનીઓ દ્વારા પવન ચક્કીથી ઉત્પન્ન કરતી ઉર્જા | ૧૫૬ |
| | રાજ્યમાં જિલ્લાવાર ભાગેડુ જાહેર કરેલ વ્યક્તિઓ | ૧૭૪ |
| | રાજ્યમાં ફલોરાઈડગ્રસ્ત ગામો | ૧૫૦ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાના ભોજનની નબળી ગુણવત્તાની | ૧૬૬ |
| | રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનામાં અપૂરતો ખોરાક | ૧૬૭ |
| | રાજ્યમાં રક્ષિત મગરોના ટેગીંગ બાબત | ૧૭૧ |
| | રાજ્યમાં લાઇટની સુવિધા વગરની પ્રાથમિક શાળાઓ | ૧૬૩ |
| | રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો સામે મળેલ ફરિયાદો | ૧૭૦ |
| | રાજ્યમાં વિવિધ પ્રકારનાં અનાજનું ઉત્પાદન | ૧૧૫ |
| | રાજ્યમાં શૌચાલય વગરની પ્રાથમિક શાળાઓ | ૧૬૫ |
| | રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની | ૧૮૫ |
| | રાજ્યમાં સિમેન્ટ કંપનીઓ પાસેથી એક કરોડ કે તેથી વધુ | ૧૧૯ |
| | રાજ્યમાં હોટેલો પાસેથી સુખ સુવિધા કરની બાકી વસુલાત | ૧૮૨ |
| | રોજમદારોના વેતનમાં વધારો કરવા અંગે | ૧૭૨ |
| | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ અને તાબા હેઠળની | ૧૫૮ |
| | વન અને પર્યાવરણ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં | ૧૨૭ |
| | વાયબ્રન્ટ સમીટ–૨૦૧૧માં એમ.ઓ.યુ. | ૪૨૯ |
| | વિરામ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦ | ૨૬૧ |
| | વિશ્વ મહિલા દિન નિમિત્તે શુભેચ્છાઓ | ૨૦૧ |
| | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કોમ્પ્યુટર | ૧૬૭ |
| | સામાન્ય વહીવટ વિભાગ અને તેની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર | ૧૧૪ |
| દુષ્યંતભાઇ ર. પટેલ | અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૪૧ |
| | જંબુસર–કાવી રસ્તાને પહોળા કરવા બાબત | ૫૩૨ |
| | ભરૂચ જિલ્લા ખાતે નવિન ફેમિલી કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ | ૩૧૧ |
| | ભરૂચ જિલ્લા નગરપાલિકાઓને ઘન કચરા નિકાલ/વ્યવસ્થાપન | ૪૬૪ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો | ૯૯ |
| | ભરૂચ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચતર માધ્યમિક | ૬૨ |
| | ભરૂચ જિલ્લામાં ઈકોટુરીઝમ વિકાસની યોજના | ૧૧૩ |
| | ભરૂચ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૪૩૬ |
| | ભરૂચ જિલ્લામાં મંજૂર હેન્ડ પંપો | ૩૪૩ |
| દિનેશભાઇ બા. પટેલ | ઔદ્યોગિક શ્રમયોગીઓને સલામતીની તાલીમ | ૩૦૩ |
| | પાદરા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડ માટેની અરજી | ૪૨ |
| | વડોદરા જિલ્લામાં જમીન મહેસૂલ નિયમોના નિયમ–૧૦૮ (૬) | ૪૬૬ |
| | વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી | ૪૩૮ |
| | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં મંજૂર | ૪૦૪ |
| ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા | એમ. પી.શાહ મેડિકલ કોલેજોમાંથી પુસ્તકો ગુમ થવા બાબત | ૫૬૩ |
| | ખંભાળીયા તાલુકાના પરોડીયા ગામે જેટી બનાવવા બાબત | ૪૫૬ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામોમાં ટેન્કરથી પાણી | ૩૩૯ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના યાત્રાધામોનો વિકાસ | ૩૦૪ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પંચાયતનું સંવર્ગવાર મંજૂર | ૭૨ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સસ્તાભાવની દુકાનોમાં | ૧૦૨ |
| | જામનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો | ૫૪૨ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટાટા કેમિકલ્સની પાઈપ લાઈન તૂટવાથી | ૨૨ |
| ધારશીભાઇ ઇ. ખાનપુરા | કાંકરેજ અને થરાદ તાલુકામાં સિંચાઈ માટે પાણી | ૪૬૮ |
| | કાંકરેજ ખાતે જી.આઈ.ડી.સી. | ૪૧૮ |

| પુસ્તક ૨૨) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | કાંકરેજ તાલુકા અને થરામાં આવેલ છાત્રાલયો | ૩૦૬ |
| | કાંકરેજ તાલુકામાં કાર્યરત આંગણવાડીઓ | ૫૬૭ |
| | કાંકરેજ તાલુકામાં તલાટી–કમ–મંત્રીઓની જગ્યા | ૨૫ |
| | કાંકરેજ તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં | ૫૨૫ |
| | કાંકરેજ તાલુકામાં રમતગમતના મેદાનોની સુવિધા | ૫૫૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૪૫૦ |
